શ્રી વલ્લભાચાર્ય વિરચિત

# સુબોધિની

## તામસ ફલ પ્રકરણ



કૃષ્ણદાસ પુરુષોત્તમ રહિ ગોરેગાંવ

*મહર્ષિ શ્રી વેદ વ્યાસ વિરચિત*

શ્રીમદ્ ભાગવદ્ મહાપુરાણ

ઉપર
શુદ્ધાદ્વૈત સાકાર બ્રહ્મવાદ નિરૂપક
શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત
સુબોધિની વ્યાખ્યા અંતર્ગત દશમસ્કંધ નિરોધ
અંતર્ગત

# તામસ ફલ પ્રકરણ : સુબોધિની

*અનુવાદ : જેઠાલાલ ગો. શાહ*
**અધ્યાય : ૨૬ થી ૩૨**

**શ્રી વલ્લભ ગ્રંથમાળા પુષ્પ ૧૪ મું**

**પ્રકાશક**
શ્રી જયદેવપ્રભુ ચેરીટેબલ ટ્રસ્ટ વતી,
ગો. ૧૦૮ શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી

જે/૩૦૨, સુમેરનગર,
એસ.વ્હી. રોડ,
બોરીવલી (પ) મુમ્બઈ - ૯૨

પ્રિત સ્વાન.

Shri G. K. SHAH
A/101, Bathia Bldg. No. 2,
Shastri Nagar, Borivali (West),
MUMBAI-400 092.

# નિ.લી. ગો. શ્રી મથુરેશજી
# ચંદ્રગોપાલજી
# ને
# (વિરમગામ - કામવન)

# સમર્પણ

શ્રી જયદેવ પ્રભુ ચેરીટેબલ
એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ
સુધારેલી કિંમત ........ ૨૦૦/—
સહિ ....ચંદ્રકાન્ત શાહ.

લી. વ્રજેશકુમારજી ચંદ્રગોપાળજી ગોસ્વામી
કન્હૈયાલાલજી ચંદ્રગોપાળજી ગોસ્વામી
રઘુનાથજી મથુરેશજી ગોસ્વમામી
રસિક પ્રીતમજી વ્રજેશકુમારજી ગોસ્વામી
ગોકુલેશજી કન્હૈયાલાલજી ગોસ્વામી
ગીરધરજી રઘુનાથજી ગોસ્વામી

# તામસ ફલ પ્રકરણ : પ્રસ્તાવના

નિ.લી.ગો. દીક્ષિતજી મહારાજ : (મુંબઈ)

ऋचो अक्षरे परमेव्योमन् यस्मिन् देवा अधिविश्वे निषेदुः।
दस्तन्न वेद स किं ऋचा करिष्यति य इद्वि दुस्त इमे समायते ॥

વગેરે શ્રુતિ-સ્મૃતિથી સિદ્ધ અને બ્રહ્મસૂત્ર સમન્વય અધ્યાય દ્વારા ભગવાન શ્રી વેદવ્યાસ દ્વારા પ્રતિપાદિત સર્વ શ્રુતિ સમન્વિત બ્રહ્મનો સમન્વય બે પ્રકારથી છે.

ભગવાન વેદવ્યાસે સમન્વય અધ્યાયમાં શબ્દાત્મિક શ્રુતિઓનો આધ્યાત્મિક પ્રકારથી બ્રહ્મમાં સમન્વય બતાવ્યો છે. અને એજ ઋચાઓનો અધિદૈવિક મહર્ષિ વ્યાસે રાસ પંચાધ્યાયીમાં બતાવ્યો છે. 'वेदा यथा मूर्तिधरा – स्त्रिपृष्ठे। श्रीमद् ભાગવતના આ વાક્યથી જે પ્રમાણે વેદોનું મન્ત્રાત્મક રૂપ છે. તેજ પ્રમાણે વેદોનું પણ મૂર્તિમાન રૂપ પણ સિદ્ધ થાય છે. તે મુજબ વેદની ઋચાઓનો પણ મૂર્તિમાન રૂપ – 'मनोरथान्तं श्रुतदो यथा ययुः – रास पंचाध्यायी' ના આ વાક્યથી સિદ્ધ થાય છે આનો જ સમન્વય રાસ પંચાધ્યાયીમાં પ્રતિપાદિત છે.

સર્વ પ્રથમ આપણે રાસમાં પ્રવિષ્ટ ગોપીકાઓનું સ્વરૂપ જાણવું જોઈએ.

न स्त्रियो व्रजसुन्दर्यः पुत्र ! ता श्रुतयः किल।
नाहं शिवः शेषश्च मीश्च ताभि : समाः क्वचित्।

षष्टि वर्ष सहस्त्राणि मया तप्तं तपः पुरा।
तथापि न मया प्राप्ताः तासां वै पादरेणवः।

(बृहद्वामन पुराण)

(વ્રજની આ રમણીઓ સામાન્ય સ્ત્રીઓ નથી, આ તો શ્રુતિઓ જ છે, એટલે કે શ્રુતિઓ ગોપીઓનું રૂપ ધારણ કરી બ્રહ્મની સાથે ક્રિડા કરતી હતી.

હું, શિવજી, શેષ ભગવાન અથવા લક્ષ્મીજી પણ એમની કક્ષાના નથી. પૂર્વ સમયમાં સાઈઠ હજાર વર્ષ સુધી મેં તપસ્યા કરી, ત્યારે પણ એમના ચરણકમળની રજ પણ મને પ્રાપ્ત થઈ ના શકી.)

બૃહદવામન પુરાણના વચનોથી આ સ્પષ્ટ પણે સિદ્ધ થાય છે કે ગોપીજનો શ્રુતિરૂપા છે. આ શ્રુતિઓ ભગવાન બાદરાયણના મતથી બ્રહ્મમાં જ સમન્વિત છે. એને જ વેદાનુકુળ તર્કોથી વિદ્વાનોને માટે ભગવાન વેદવ્યાસે સમન્વય અધ્યાયમાં સિદ્ધ કર્યું અને આ આધ્યાત્મિક રૂપા શ્રુતિઓના સમન્વયને વેદાનુકુળ યુક્તિઓથી ઉપપાદિત કરી આજ શ્રુતિઓનાં આધિદૈવિક રૂપક રસાત્મક સમન્વયને પ્રદર્શિત કરવાને માટે ભાવુક ભક્તહૃદય રસિકોને માટે ભગવાન વેદ વ્યાસે દશમસ્કંધમાં પંચધ્યાયીનો આવિર્ભાવ કર્યો છે, પરંતુ આ પંચાધ્યાયીનું વાસ્તવિક તાત્પર્ય શ્રી સુબોધિનીજીના પરિજ્ઞાન વગર પ્રાપ્ત થવું નિતાન્ત અઘરું છે.

એકમાત્ર શ્રી સુબોધિનીજી જ એવી વ્યાખ્યા છે. જેના પરિજ્ઞાનથી રાસમાં પ્રવિષ્ટ શ્રુતિરૂપા અને ઋષિરૂપા (કુમારિકા) ગોપીઓના સ્વરૂપને આપણે સમજી શકીએ છીએ. શ્રી સુબોધિનીજીને જાણ્યા વગર ગોપીજનોના સ્વરૂપને આપણે સમજી શકી છીએ. શ્રી સુબોધિનીજીને જાણ્યા વગર ગોપીજનોના સ્વરૂપ સંબંધી અનેક પ્રકારની ભ્રમણાઓ ઉત્પન્ન થાય છે. મોટા-મોટા વિદ્વાનોને कामाद् - गोप्य ! આ વાક્યનો ભ્રાંત અર્થ કરતા મેં જોયા છે.

પંચાધ્યાયી પ્રકરણમાં ત્રિવિધ ગોપીકાઓનો સંબંધ છે. શ્રુતિરૂપા, ઋષિરૂપા અને અન્તગૃહ ગતા, અન્તર્ગૃહગતાનો જે પ્રકરણ છે. એનું ઉદ્દેશ્ય જ આ છે કે રાસાધિકારિણીની એવી કઈ ગોપાંગનાઓ છે. જેણે ભગવદસ્વરૂપને -

य आत्मनि तिष्ठन् आत्मानमन्तरो यमयति ।
यस्द आत्मा शरीरं स आत्मान्तर्याम्यमृतः ॥

જે આત્મામાં રહેતા આત્માને અંદરથી નિયંત્રિત કરે છે. અને જેનો આત્મા શરીર છે. તે પરમાત્મા અંતર્યામિ અમૃત છે.

આ બૃહદારણ્યક ઉપનિષદ્ વાક્ય પ્રમાણે તેમજ,

अहम आत्मा आत्मवान् धातः प्रेष्ठ सन् प्रेयसामपि ।

હું આત્માનો પણ આત્મા છું અને પ્રિય વસ્તુઓમાં પણ અતિપ્રિય છું.

આ ભગવતવાક્ય પ્રમાણે જેમણે વિશુદ્ધ આત્માત્ય ભાવથી ભગવાનમાં સર્વ રીતે નિષ્કામ સ્નેહ કર્યો છે. તે જ રાસાધિકારિણી અને તે જ શ્રુતિરૂપા અને ઋષિરૂપા છે. અને જેમને કામભાવ સંયુક્ત નીરભાવ શ્રી સ્નેહ થયો, એ અન્તર્ગૃહગતા ગોપીજનોનો રાસમાં પ્રવેશ જ નથી.

આ વાત -

तमेव परमात्मानं बारबुद्ध्यापि संगत ।
जहुर्गुणमयं देहं सद्यः प्रक्षीण बन्धना ॥

(એજ પરમાત્માને નીર સંમજીને પણ મળેલી. (પ્રેમ કરનારી) વ્રજની સ્ત્રિઓને ત્રિગુણાત્મક શરીરનો ત્યાગ કર્યો અને તત્કાલ સંસાર બન્ધનથી મુક્ત થઈ ગઈ. આ શ્લોકોથી ભગવાન શુક રાસમાં પ્રવિષ્ટ ગોપીજનોનો અને રાસમાં અપ્રવિષ્ટ ગોપીજનોનો સ્વરૂપ પૃથક કરીને બતાવે છે. આમની જાર ભાવથી રિત છે જે કે રાસમાં અપ્રવિષ્ટ છે. આ વાતને બતાવવા માટે જ नीर बुद्ध्याऽपि संगता એવું કહ્યું છે. અને જેનો રાસમાં પ્રવેશ છે, એમની આત્મભાવથી રતિ છે. આ વાતને સુવ્યક્ત રીતે બતાવવા प्रेष्ठो भवांस्तनुभृतां क्लि बन्धुरात्मा આ વાક્ય એમના મુખથી કહેવડાવ્યું છેઃ પરંતુ આ બધા ભેદાનો જ્ઞાન સુબોધીનીના જ્ઞાનને અધીન છે.

● ● ●

# ભૂમિકા : -

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય દ્વારા પ્રકાશિત સુબોધીની જેણે વાંચી નથી તેનું જન્મ વ્યર્થ છે એવું શ્રી હરિરાય કહે છે પરંતુ તેને વાંચવી તેમજ સમજવી ખૂબ જ અઘરી છે. જો કે મહાપ્રભુએ સુબોધીની પ્રગટ ન કરી હોત તો દશમ સ્કંધ સમજવો જ અઘરો બની જાત. માટે જ આપશ્રીનું નામ ભાગવત ગુઢાર્થ પ્રકાશન પરાયણ છે.

પરંતુ જેમ કોઈ ગીતના શબ્દો પણ સમજી ના શકીએ તેની બંદીશ પણ સમજી ન શકીએ પણ તેના સંગીતને સાંભળી ગાઈને માણી શકીએ. તેમ મહાપ્રભુનું હૃદયોદ્ગારનું શ્રવણ કીર્તન કરીને જરર સુબોધિનીજીને વાંચી કે સાંભળી શકે. ભૂતલ પર જન્મ સફળ કરીએ. બાકી તો જેના નામરૂપ ગુણ અને લીલાનું તેમાં વર્ણન છે, તે રસેશ્વર તો કૃપા કરીને આપણા નિજ ગૃહમાં પુષ્ટિપ્રભુ રૂપે આવી ગયો છે, તો તેની જ સેવા કરવી એ રાસ છે. અને જાહેર સ્થાનોમાં, મર્યાદામાં કે સર્વોદ્ધારક રૂપે બીરાજતા કૃષ્ણ પાછળ હોય કેમ દોડીએ જો પુષ્ટિમાર્ગીય હોઈએ તો ? ભાવ ભક્તિ વૃદ્ધિ કરવી હોય તો સાત્વિક નિરપેક્ષ ભાગવત વકતા - (ફંડફાળા, વૃત્તિ, ભાગવત કથા હોવાથી ન કરે એવા) ભગવદીયશ્રી કૃષ્ણ કથા સાંભળશો તો જરૂર કૃષ્ણવાસના રૂપી ભક્તિ વ્યસન તન્મયતા આસક્તિ રૂપે પરિણમે છે.

*- ગો. કન્હૈયાલાલજી*

*ચંદ્રગોપાલજી*

।। श्रीकृष्णाय नमः ।।

।। श्री गोपीजनवल्लभाय नमः ।।

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ।।

# શ્રી સુબોધિનીજી

## રાસપંચાધ્યાયી-ફલપ્રકરણ

### અધ્યાય ૧ લો.

[ શ્રી ભા. સ્કંધ ૧૦ અ. ૨૬ ]

### શ્લોક વિભાગ સૂચનિકા

| | |
|---|---|
| ૧. રમણ માટે ભગવાનની ઈચ્છાનો ઉદ્‌ભવ. | શ્લોક ૧ |
| ૨. ભગવન્મનોરૂપ આધિદૈવિક ચંદ્રનો ઉદય. | ૨ |
| ૩. વનશોભા તથા વેણુનિનાદન. | ૩ |
| ૪. વેણુનાદના શ્રવણથી વ્રજકુમારિકાનું પ્રભુની નિકટ આગમન. | ૪ |
| ૫. દશ પ્રકારનાં વ્રજસીમન્તિનીનું આગમન તથા તેમની દશાનું વર્ણન. | ૫-૬-૭-૮ |
| ૬. અન્તર્ગૃહગત ગોપીઓનું ભગવત્સાયુજ્ય | ૯-૧૦-૧૧ |
| ૭. રાજાની શંકા | ૧૨ |
| ૮. શંકાની નિવૃત્તિ, મુક્તિના સાધન તરીકે ભગવત્સંબન્ધની આવશ્યકતા. | ૧૩-૧૪-૧૫-૧૬ |
| ૯. વ્રજયોષિત્‌ની ભગવાનના વાકસૌન્દર્યથી પ્રતારણા. | ૧૭ |
| ૧૦. ભગવાને કરેલો તેમનો આદર, તથા પ્રશ્નો. | ૧૮-૨૭ |
| ૧૧. ભગવાનના ભાષણથી તેમને થયેલી ચિન્તા તથા આકુલતા વગેરે. | ૨૮ |
| ૧૨. ગોપીઓના ઉત્તરો. | ૨૯-૪૦ |
| ૧૩. ગોપીઓએ કરેલી વિજ્ઞપ્તિ. | ૪૧ |
| ૧૪. આત્મારામ ભગવાનનું સામાન્ય રમણ. | ૪૨ |
| ૧૫. ભગવાનનું અન્તર્ધાન થવું. | ૪૩-૪૮ |

## શ્રી સુબોધિનીકારિકા

આ અધ્યાયનો પ્રારંભ થતાં પહેલાં શ્રી શુકદેવજીએ એવું કહ્યું છે કે તે તુ ब्रह्महृदं नीता मग्नाः कृष्णेन चोद्‌धृताः અર્થાત્ ભગવાન્ ગોકુલવાસીઓને બ્રહ્મહ્રદમાં લઈ ગયા અને તેમાં મગ્ન કરીને પછી તેમનો ઉદ્ધાર કર્યો. કારણ કે બ્રહ્માનંદ એ મર્યાદાભકિતનું ફલ છે, અને ભજનાનંદ એ કેવલ પુષ્ટિનું ફલ છે. જો કે સર્વ વ્રજવાસીઓનો બ્રહ્મહ્રદમાંથી ઉદ્ધાર કરવામાં આવ્યો છતાં પણ ભજનાનંદનું ફલ શ્રીવ્રજસીમંતિનીઓને દાન કર્યું છે. કારણ કે ब्रह्मानन्दान्महानन्दो भजने वर्तते स्फुटः । तारतम्यं च विज्ञातुं प्रदश्योदधृतवां स्ततः ।। બ્રહ્માનંદ કરતાં ભજનમાં મહાન્ આનંદ છે તેથી એ બંનેમાં ભેદ જણાવવાને તે દર્શાવીને બ્રહ્મહ્રદમાંથી તેમનો ઉદ્ધાર કર્યો. આ ઉદ્ધાર પ્રભુએ વ્રજસીમન્તિનીઓ સાથે રાસલીલા કરીને કર્યો એ વિષય સમજાવવાને આ પ્રથમની કારિકા યોજી છે.

૧ સર્વ ગોકુલસ્થ ભકતોનો બ્રહ્માનંદમાંથી ઉદ્ધાર કરીને ગોપિકાઓને ભજનાનંદમાં યોજવામાં જે લીલા સંપૂર્ણપણે યોજી છે તે ચોથામાં વિશેષ રીતે નિરૂપાય છે. (ચોથામાં-ફલપ્રકરણમાં)

અહિયાં પ્રભુએ ગોપિકાઓને ભજનાનંદનું દાન કર્યુ એ પ્રકરણનો અર્થ છે, ગોપી વિષેનો નહિ. બ્રહ્માનંદનું દાન સર્વને સાધારણ રીતે કર્યું છે, પણ ભજનાનંદનો અધિકાર તો માત્ર શ્રી ગોપીજનોનો જ છે, માટે તેમને તેનું દાન કર્યું એમ અહિયાં કહ્યું છે. અહિયાં કોઈને શંકા થાય કે શા માટે શ્રી ગોપીજનોને જ ભજનાનંદનાં અધિકારી ગણ્યાં છે તો તેની નિવૃત્તિને માટે પછીની કારિકા યોજે છે એમ શ્રી ટિપ્પણીજી જણાવે છે. વળી કોઈને એવી શંકા થાય કે ભગવાન તો સર્વ કરવાને સમર્થ છે તો જેમ બધાને બ્રહ્માનંદનું દાન કરે છે તેમ ઘરમાં રહ્યાં રહ્યાં સ્વામિનીઓને (ગોપીજનોને) શા માટે ભજનાનંદનું દાન ન કર્યું ? શા માટે તેમને ઘરમાંથી બહાર શ્રી યમુનાજીના તટ ઉપર વનભૂમિમાં આવવાને ખેચ્યાં ? શા માટે લૌકિક અને વૈદિકનો ત્યાગ કરાવીને જ તેમને ભજનાનંદનું દાન કર્યું ? આનો ઉત્તર શ્રીગુંસાઈજી એવો આપે છે કે જો એ પ્રમાણે ભજનાનંદનું દાન કરે તો પછી બ્રહ્માનંદથી એ વિલક્ષણ ગણાશે નહિ કારણકે તે બ્રહ્માનંદની સમાન કોટિનું ગણાશે. અને અહિયાં તો તેમાંથી પણ ઉદ્ધાર કરવાની વાત જણાવી છે. ભજનાનંદનું સ્વરૂપજ એવું છે કે તેને માટે લોક અને વેદનો ત્યાગ થવો જોઈએ. સંસારમાંથી મન ઉઠી જવું જોઈએ. સંસારના વિષયો તુચ્છ લાગવા જોઈએ, તેમ વેદ તથા શાસ્ત્રોની મર્યાદા તરફ પણ અનાદર થવો જોઈએ. જ્યાં સુધી આ પ્રમાણે

વર્તન જણાતું નથી ત્યાં સુધી પ્રભુ માટેનો ઉત્તમ પ્રેમ અને તેથી પ્રાપ્ત થતો ભજનાનંદ પણ મળવો અતિદુર્લભ છે.

૨ તે લૌકિક સ્ત્રીઓમાં બરાબર સિદ્ધ થયેલો છે અને તેમના દ્વારા પુરુષમાં પણ આવે છે. સ્વ આનંદના અનુભવને માટે જ યોગ્યતાનું નિરૂપણ કરવામાં આવે છે.

ભજનાનંદ એ સ્વરૂપાત્મક છે. અને આ સ્વરૂપ रसो वै सः ઈત્યાદિ શ્રુતિમાં જણાવ્યું છે. તે સ્વરૂપ રસશાસ્ત્રથી જેટલું સિદ્ધ થાય તેટલું જ લેવું જોઈએ. આ રસ પોતાની સાથે અવિવાહિત સ્ત્રીઓ સાથે વધારે ઉત્કટ હોય છે. માટે અહિયાં ગોપીજનો વિવાહરૂપી લૌકિક સંબંધવાળાં હતાં. આવાં ગોપીજનમાં તે રસ સંપૂર્ણ સિદ્ધ થાય છે. તેથી આ કથાના શ્રવણથી તે ભાવનો ઉદય થાય ત્યારે પુરુષમાં પણ રસ નિષ્પન્ન થાય છે. બીજી કોઈપણ રીતે એની નિષ્પત્તિ સંભવતી નથી. સ્વઆનંદના અનુભવને માટે તેમાં સ્વનો આનંદ અને અનુભવ એટલે તેમની સાથેનો સંબંધ એમ અર્થ લેવો, અહિયાં આનંદનો અર્થ ભજનાનંદ સમજવો અથવા તો गोप्योन्तरेण भुजययोरपि यत्स्पृहा श्रीः એ વાક્યમાં લક્ષ્મીને પણ જે રસ દુર્લભ છે તેને શ્રી ગોપીજનો પ્રાપ્ત થયાં છે માટે તેમને ધન્ય છે એવું બલદેવજી પ્રતિ ભગવાને કહ્યું છે. આથી જણાય છે કે સ્વાનંદના અનુભવની યોગ્યતા ફકત વ્રજસ્ત્રીઓમાં જ છે. અન્ય સ્ત્રીઓમાં નહિ. એટલે આ કારિકામાં જે સ્ત્રી શબ્દનો પ્રયોગ કર્યો છે તે વ્રજસીમન્તિનીના જ અર્થમાં છે એમ સમજવું.

પ્રભુ જે ભજનાનંદનું દાન કરનાર છે તેનાં અધિકારી માત્ર સ્ત્રીઓ-ગોપીજનો જ છે એમ કહેવાનું તાત્પર્ય છે. ગોપનો અધિકાર નથી. રસશાસ્ત્રની દૃષ્ટિએ પણ રસની સિદ્ધિ સ્ત્રીઓમાં જ થાય છે; તેનો પ્રથમ અનુભવ સ્ત્રીઓને જ થાય છે, અને તેના દ્વારા પુરુષમાં તે આવે છે. સ્ત્રીને જે રસનો અનુભવ થાય છે તે મુખ્ય છે અને પુરુષનો ગૌણ છે માટે જ પ્રભુએ ગોપીજનોને તે ભજનાનંદનો અનુભવ કરાવ્યો. રસશાસ્ત્રમાં નાયિકાના ત્રણ ભેદ ગણાય છે. સ્વીયા, પરકીયા અને સામાન્ય સ્વીયા એટલે પોતાની પરિણીતા સ્ત્રી જે પતિને ચાહે છે, પતિપરાયણા કુલજા સ્ત્રી, પરકીયા નાયિકા એટલે અમુક પુરુષની સાથે લગ્નસંબંધથી જોડાઈ હોય છતાં પણ તેના પ્રતિ તેનો પ્રેમ ન ઢળતો હોય, પણ અન્ય પુરુષ સાથે પ્રણય કરતી હોયતે અને સામાન્યા નાયિકા એટલે વેશ્યા, ગણિકા વગેરે જે સર્વના તરફ સમાન વૃત્તિથી જુએ છે તે. આ ત્રણ પ્રકારની નાયિકામાં પતિ પત્નીનો શુદ્ધ ભાવ તો સ્વીયાની સાથે જ રહી શકે. પણ સ્વીયાના પોતાના પતિ પ્રતિના પ્રેમ કરતાં, પરકીયાના પોતાના ઉપપતિ માટેનો પ્રેમ વધારે પ્રબળ

અને ઉત્કટ હોય છે. કારણકે એ પ્રેમમાં લોકલજ્જાનો ત્યાગ છે, દુનિયામાં માન-અપમાનની તેમાં કાંઈ પણ દરકાર નથી. એમાં અપૂર્વ દુઃખ સહન કરવાની શકિત સમાયેલી છે. તથા મહાન્ સ્વાર્થત્યાગ હોય છે. માટે તે પ્રેમ પ્રથમ કરતાં વધારે જોશવાળો હોય છે. માટે એ દૃષ્ટિએ અહિંયા ગોપીજનને લૌકિક સંબંધવાળાં કહ્યાં છે. તથા પરકીયા તરીકે ભગવાન્ પ્રતિ પ્રેમવાળા છે.

૩. તેથી જ સ્ત્રીઓમાં ભજનાનંદ વિશેષ રીતે ધારણ કરવામાં આવે છે. અને તે દ્વારા જ પુરુષોને તેનો અનુભવ થાય છે, બીજી કોઈપણ રીતે નહિ.

૪. શ્રી ગોપીજનો જ ભગવાનને તે રસનું પાન કરાવવાને સમર્થ હતાં. માટે જ ભગવાન કૃષ્ણે સ્ત્રીઓમાં અહર્નિશ રમણ કર્યુ.

૫. એ રમણ બે પ્રકારનું છે; બાહ્ય અને આંતર. તેમાં આંતર રમણ જ પરમ ફલરૂપ છે. તેથી જ શબ્દાત્મક નિર્દોષ લીલાનું નિરૂપણ કરવામાં આવે છે.

પ્રપંચ -બે પ્રકારનો છે એ नामरूपे व्याकरवाणीश्रुति જણાવે છે. નામાત્મક તથા રૂપાત્મક પ્રપંચ તેજ પ્રમાણે ભગવાનની લીલાના પણ બે ભેદ છે, નામલીલા અને રૂપલીલા. જેમાં પ્રભુનાં ગુણગાન હોય તે નામલીલા કહેવાય છે. અને જેમાં પ્રભુનું રમણ જ માત્ર છે તે રૂપલીલા ગણાય છે. પ્રભુની ઉભય પ્રકારની લીલા કેવળ નિર્દોષ છે તે આગળ ઉપર જણાશે. બાહ્ય રમણમાં રસાત્મક ભગવાન્ ધર્મસહિત છે, અને આંતર રમણમાં તે નાટ્યની માફક કેવલ છે; બાહ્ય રમણ કાલચક્રની માફક ગમનાગમન રૂપ છે અને તે પ્રવાહ જેવું છે. આંતર રમણ નિત્ય છે. આ આંતર લીલા જે પરમ ફલરૂપ વર્ણવી છે તે સાતમાં અધ્યાયમાં અર્થાત્ ૩૨મા અધ્યાયમાં છે. અને શબ્દાત્મિકા લીલાનાં પણ બે ભેદ છે, પ્રવૃતિરૂપ અને નિવૃત્તિરૂપ, નિવૃત્તિરૂપ લીલાનું વર્ણન સાતમા અધ્યાયમાં છે, અને પ્રવૃતિરૂપ દોષયુકત હોવાથી તેની પહેલાના અધ્યાયમાં આપી છે. જ્યાં વેદાત્મક, શેષરૂપ બલદેવજીને રાખીને જ પ્રભુએ પોતાની લીલા કરી છે. વળી તેની સદોષતા માટે જ શંખચૂડના વધનું વર્ણન ત્યાં કર્યુ છે, પણ નિવૃત્તિરૂપ આંતર (શબ્દાત્મિકા) લીલાજે પરમફલ ગણાય છે. અને સાતમા અધ્યાયમાં (૩૨મા અધ્યાયમાં) આપેલી છે; તે તો તદન નિર્દોષ છે. અર્થાત્ ભગવાનની રમણલીલા બે પ્રકારની છે, રૂપલીલા અને શબ્દલીલા, તેમાંથી શબ્દલીલાના પ્રવૃતિ તથા નિવૃત્તિ એ ઉભય ભેદ છે, આ શબ્દલીલાનું નામ આંતરલીલા છે. તે લીલા પરમફલરૂપ મનાય છે.

પંચધ્યાયીમાં રૂપ્રાદિલીલામાં ગોપીજનોને જે માનાદિ દોષ થાય છે તે અહિંયા નથી.

૬-૭ માટે આંતરલીલા નિર્દુષ્ટરૂપ પ્રપંચનુ રમણ પાંચ પ્રકારનું મનાય છે. પ્રથમ લીલા આત્માથી કરી છે. પછી મનથી, પછી વાણી તથા પ્રાણથી, પછી ઈન્દ્રિયોથી, અને પછી શરીરથી - આ પાંચ રીતે રૂપલીલાની પ્રતિષ્ઠા કરી છે.

હવે આ કારિકામાં ભગવાનની રૂપલીલા કેવી રીતે કરવામાં આવી છે, તેનું વર્ણન છે. આ રૂપલીલા રાસપંચાધ્યાયીના પહેલા પાંચ અધ્યાયમાં છે. અર્થાત્ ૨૬-૨૭-૨૮-૨૯-૩૦ માં. પ્રથમ અધ્યાયમાં આત્માથી એ રમણલીલા કરી છે. બીજામાં મનથી, ત્રીજામાં વાણીથી તથા પ્રાણથી, ચોથામાં ઈન્દ્રિયોથી, અને પાંચમામાં ભગવાને પોતાના દેહથી કરી છે એમ કહે છે. અથવા શ્રીપ્રભુચરણ એવો અર્થ પણ લે છે કે દરેક અધ્યાયમાં આ પાંચે પ્રકારથી રૂપલીલા પ્રભુએ કરી છે. જેમકે પ્રિયાઓને ફલનું દાન કરવાને માટે તે રીતે રૂપ પ્રકટ કરીને પ્રભુ ત્યાં સ્થિત થયા. એ ભાવવાળાં વચનોમાં ''ભગવત્'' પદથી પ્રભુએ આત્માથી આ રૂપલીલા કરી એમ સમજાય છે. मनश्चक्रे कृष्णगृहीतमानसावગેરેમાં એકબીજા પ્રતિ ચિત્તની આસક્તિ દર્શાવી છે, અને તે રીતે મનથી લીલા કરી છે એમ સ્પષ્ટ જણાવ્યું છે. વળી स्वागतं व : તમને હું આવકાર આપું છું. એવી જગ્યાએ વચનથી એ લીલા કરી છે. એવાં વચન શ્રવણ કર્યા છતાં પણ પ્રાણને ગોપીજન ટકાવી શક્યાં તેનું કારણકે ભગવાન્ જ વાણીથી તેમના પ્રાણમાં પ્રવેશ પામ્યા, માટે એ લીલા પ્રાણથી પણ કરી. માટે જ મૂળ શ્લોકમાં प्रति भापमाणम्, એવા શબ્દો પ્રયોજયા છે. પ્રાણનો ધર્મ બલ છે. પ્રભુનો પ્રાણ અલૌકિક છે માટે ભગવાનને વશ કરવારૂપી બલ તેમનામાં આવ્યું. એટલે શ્રીસ્વામિની એ વાણી રૂપ છે અને ભગવાન એ પ્રાણરૂપ છે. વળી ભગવાન્ પોતાનું કાયિક તિરોધાન દર્શાવે છે. માટે શરીરથી પણ એ લીલા કરી છે. અર્થાત્ એકજ અધ્યાયમાં બધી પણ લીલા કરી છે. ઉપરના ઉદાહરણ રાસપંચાધ્યાયીના પ્રથમ અધ્યાયનાં છે. તેવી રીતે પછીના ચાર અધ્યાયની બાબતમાં સમજી લેવું. ભગવાન તિરોધાન પામ્યા તે સમયે ગોપીઓનો આત્મા ભગવાન્‌માં પ્રવેશ પામ્યો અને ભગવાન્ પોતે આત્મારૂપ હોવાથી તેમનામાં સ્થિત રહ્યા અને સર્વ કાર્ય કર્યુ. ત્યાં ભગવાને આત્માથી રમણ કર્યુ છે. ''नात्मागाराणि सस्मरुः'' એ વાક્યથી જણાય છે કે ગોપીજનોને દેહનું પણ ભાન રહ્યું નહોતું તો પછી તે જાતે શ્રીયમુનાજીના તટ તરફ કેવી રીતે જઈ શકે ? અહિંયા જણાવવાનું કે પ્રભુએ પોતે શરીરથી લીલા કરી છે, અને તેથીએ તે શ્રીયમુનાજીના તટ તરફ આવી શક્યાં. ત્રીજા અધ્યાયના (ગોપિકાગીતના) પ્રથમ શ્લોકમાં શ્રીગોપીજનો વ્રજભૂમિનો ઉત્કર્ષ વર્ણવે છે. પછીના શ્લોકમાં કહે છે કે ગોકુલસ્થ વ્રજવાસીઓના સર્વ સંકટોમાં પ્રભુએજ તેમનું રક્ષણ કર્યું છે. અને તે

પછીના શ્લોકમાં કૃષ્ણ તે કેવળ ગોપિકાનંદનજ નથી પણ અખિલ દેહીઓના અંતરાત્માના સાક્ષી છે એ રીતે તેમની અલૌકિકતાનું વર્ણન કર્યું છે. અને પ્રભુના પ્રાકટ્ય માટે બ્રહ્મ તરીકે પ્રાર્થના કરી છે. અહિઆં પણ પ્રભુએ પોતાના આત્માથીજ તિરોધાનલીલા કરી છે એમ સૂચવાય છે. ત્યાર પછી આગળ એટલે પાંચમાં શ્લોકમાં ગોપીજનો પ્રભુને નિકટ પધારીને તેમનાં મસ્તક ઉપર પોતાના કરને સ્થાપન કરવાને વિનતિ કરે છે. છઠ્ઠા શ્લોકમાં પોતાના કમલવત્ ચારુ વદનન દર્શન કરાવવાને પ્રાર્થના કરે છે. સાતમામાં હૃદયસ્થિત કામને ચૂર્ણ કરવાનું અને આઠમામાં અધરામૃતનું પાન કરાવવાને વિનંતિ કરે છે. આ ચાર શ્લોકમાં ઉદ્દીપ્ત ભાવોનું વર્ણન છે. પણ ભાવો મનોનિષ્ઠ છે માટે આ ચાર શ્લોકથી મનોલીલા પ્રભુએ કરી છે. નવમા શ્લોકમાં પ્રભુનું કથારૂપ અમૃત સંતપ્તોનું જીવન છે, એજ પ્રાણ ધારણ કરાવવાને સમર્થ છે. એવું કહ્યું છે. માટે ત્યાં પ્રાણથી લીલા કરી છે. ત્યાર પછીથી ઇન્દ્રિલીલા વર્ણવી છે. ઇન્દ્રિયો બે પ્રકારની છે.જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો, માટે દશમાં શ્લોકમાં ભગવાનના હાસ્ય, પ્રેમવીક્ષણ, ધ્યાન, વિહાર, વગેરેનું સ્મરણ કર્યું છે. આ જ્ઞાનેન્દ્રિયનું કાર્ય છે અને અગીઆરમાં શ્લોકમાં પ્રભુનું ગમન વગેરે વર્ણવ્યું છે. પછીથી શરીરલીલા જણાવી છે. બારમા શ્લોકમાં અને પછી કહે છે કે સાયંક પ્રભુ જાતેજ પધારતા અને ગોધનની રજથી ધૂસર મુખનાં દર્શન વારંવાર કરાવતા. આ રીતે તિરોધાનલીલામાં પણ આત્મા, મન, વાક અથવા પ્રાણ, ઇન્દ્રિય, અને દેહથી પ્રભુએ રૂપલીલા કરી છે તે સ્પષ્ટ છે. ચતુર્થ તથા પંચમ અધ્યાયમાં પણ આ રીતે લીલા કરી છે.

૮-૯ છવીસમાં અધ્યાયમાં કહે છે કે હરિએ પ્રથમ જીવોને પોતે આનંદ આપ્યો. આનંદનું દાન ત્યારેજ થાય કે જ્યારે જીવો પોતાના આત્માને પ્રભુમાં સમર્પિત કરે તોજ તો એ શી રીતે સંભવે ? તેનો ઉપાય અહિંઆ કહેવામાં આવે છે.

જ્યારે આત્મા પ્રભુને શરણે જાય તો જ હરિ ભગવાન્ રમણ કરે છે તે અંતઃકરણનાજ સંબંધવાળા છે અને તેથી હરિ તિરોધાન પામે છે.

હરિપદ એ તાત્પર્ય સૂચવે છે કે અન્યથી રક્ષણ થાય એવું નહોતું એમ પ્રભુએ જાણ્યું એટલે પોતે પ્રકટ થઇને ગોપીઓનાં માનથી ઉત્પન્ન થયેલા દુઃખનું હરણ કર્યું. આ રસનું દાન જો ભકત પોતાનું સર્વ પ્રભુને સમર્પિત કરે તોજ મેળવી શકે છે તેવા ભકતોમાં ફકત સર્વાત્મભાવની સિદ્ધિ બસ નથી, પણ તે પ્રભુને સમર્પિત થવું જોઇએ, ગોપીજનમાં આ ભાવ સિદ્ધ થયો હતો. માટે તેમને આ અલૌકિક રસનું દાન થયું છે. અન્તગૃહગતાની કથામાં આ ભેદ સ્પષ્ટ જણાઇ આવે છે તેમનામાં લોકલજ્જા રહેલી હતી. તેઓ સંસારના બંધનોનો ઉચ્છેદ કરવાને

સમર્થ નહોતાં માટે એ સુખ તે પ્રાપ્ત કરી શકયાં નથી. પ્રભુની સાથેનો સંબંધ એ અંતઃકરણનો છે, પતિ તથા પુત્ર સાથેનો સંબંધ શરીરનો છે, પણ હરિ સાથેનો સંબંધ પ્રપત્તિથીજ મેળવાય છે અને પ્રપત્તિ તે અંતઃકરણનો ધર્મ કહ્યો છે. પ્રભુ તિરોધાન પામવા છતાં ભકત પાસે જ છે, પણ તિરોધાનથી ભકતના હૃદયમાં (અંતઃકરણ સંબંધીના બીજા ખુલાસા શ્રીટિપ્પણીજીમાં કર્યા છે) શા ભાવો પ્રકટ થાય છે, તે અંતઃકરણમાં રહ્યાં રહ્યાં નિહાળે છે.

ઘનશ્યામભટ્ટ પોતાની સૂચિકામાં તામસફલપ્રકરણના અધ્યાયનો અર્થ આ પ્રમાણે વ્યકત કરે છે. તામસ ફલપ્રકરણના સાત અધ્યાય છે. આને ફલપ્રકરણ કહેવાનું પ્રયોજન એ છે કે સાધન કર્યા પછી, ભકિતની અતિશયતાની દશામાં ષડ્ગુણયુકત પૂર્ણ ભગવાન્રૂપી ફલ પ્રાપ્ત થાય છે આનું નિરૂપણ આ અધ્યાયોમાં કર્યું છે. અહિંઆ પુષ્ટિમાર્ગની રીતિથી ફલનું વર્ણન કર્યું છે. ભગવાનના રમણરૂપી ફલ તો રૂપ અને નામ એમ બે પ્રકારનું છે. પ્રથમ પાંચ અધ્યાયમાં રૂપથી રમણ કર્યું છે, અને તે આત્મા, મન, પ્રાણ ઇન્દ્રિય, અને શરીરથી કરવામાં આવ્યું છે. નામરમણના બે અધ્યાય છે. શબ્દના પ્રકૃતિ અને વિકૃતિ એમ બે ભેદો છે. વળી આ અધ્યાયોનો પ્રકરણાર્થ બીજી રીતે પણ સમજી શકાય. અને તે આ પ્રમાણે પ્રથમ અધ્યાયમાં ભગવાનના ઐશ્વર્યનું વર્ણન કર્યું છે. ઐશ્વર્ય એટલે સ્વાતંત્ર્ય. એટલે તેનાથી ભગવાન્ સર્વ કરવાને, નહિ કરવાને તથા અન્યથા કરવાને સમર્થ હોય છે. તો પહેલા અધ્યાયમાં પ્રથમ નાદથી ગોપીઓનું આહવાન કરે છે, અને પછી વચનથી તેમને ઘેર પાછા જવાને કહે છે. આ કરવાને સમર્થ ઐશ્વર્ય છે પણ ભગવાન્નાં વાકય શ્રવણ કર્યાં છતાં પણ ઘર તરફ ગોપીજન જતાં નથી તેથી ભગવાન્ નહિ કરવાને પણ સમર્થ છે એમ સુચવ્યું છે. પછીથી તેમણે ગર્વ થવાથી પ્રભુ અંતર્ધાન થાય છે એટલે અન્યથા કરવાને પણ સમર્થ છે એમ નિવેદિત કર્યું છે. આ રીતે ત્રણ પ્રકારનું ઐશ્વર્ય સામર્થ્ય પ્રથમ અધ્યાયમાં પ્રકટ કર્યું છે. બીજા અધ્યાયમાં ''પ્રભુએ પરોક્ષ રહીને પણ રતિ કરી'' એવું કહ્યું છે એટલે ત્યાં વીર્ય જણાવ્યું છે. ભગવાન સાથે સંબંધ પામેલા ભકતોનો અપરાધ (દોષ) થયો હોય તો પણ પ્રભુ તેમનો ત્યાગ કરી શકતા નથી. એજ ભકિતમાર્ગનો ઉત્કર્ષ જણાવે છે એવું સૂચવવાને કાયાથી રમણ કરવું સંભવિત નહોતું, છતાં પણ મન તથા વાણીથી પ્રભુ તે કરી શકે છે માટે પરોક્ષમાં રમણ કર્યું - અહિંઆ ભગવાન્ના 'વીર્ય' નામના ધર્મનું નિરૂપણ કર્યું છે.

અધ્યાય ત્રીજામાં ગોપીજનો વિરહદશામાં પ્રભુની સ્તુતિ કરે છે, માટે ત્યાં પ્રભુના યશઃ ધર્મનું નિરૂપણ કર્યુ છે.

ચોથા અધ્યાયમાં પ્રભુ પ્રકટ થાય છે. એટલે ભકતોનાં અંત:કરણને સંતોષ મળેછે આથી તેમને વિરહાવસ્થાથી જે મરણનો ભય હતો તેનું નિવારણ થાય છે એટલે પ્રભુનો શ્રીરૂપી ધર્મ કહ્યો છે. અધ્યાય પાંચમામાં ધર્મીનું વર્ણન કર્યું છે કારણકે પ્રભુના પ્રાદુર્ભાવરૂપી શ્રીનું નિરૂપણ કર્યા પછી પ્રભુના રમણનું વર્ણન ખાસ થવું જ જોઇએ; અને એ રમણ વખતે જ્ઞાન તથા વૈરાગ્ય હોય તો પછી તે પ્રતિબન્ધક થાય છે, માટેજ આ અધ્યાયમાં જ્ઞાન તથા વૈરાગ્યનું વર્ણન નથી. પુષ્ટિમાર્ગીય વૈરાગ્યમાં ભગવાન્ સિવાય બીજી સર્વ વસ્તુનો ત્યાગ થવો જોઇએ, અને તે જયારે ભગવાન્‌ના સ્વરૂપરૂપી ફલની પ્રાપ્તિ થાય ત્યાર પછીથી ભગવાન્‌જ ઉત્તમ છે એવું જ્ઞાન થાય તોજ બની શકે છે. વળી પુષ્ટિમાર્ગીય જ્ઞાન એટલે પ્રભુના ગુણગાનજ હોઇ શકે, આ જ્ઞાન-ગુણગાન, પ્રાદુર્ભાવસ્થિતિમાં અસંભવિત છે. તેતો વિરહદશામાંજ હોઇ શકે, માટે તેને પ્રથમ વર્ણવ્યું નથી. અહિંઆ છ ગુણથી યુકત સ્વામિનીઓ સાથે રસસ્વરૂપ પ્રભુએ રમણ કર્યું છે એટલે સરૂપ પ્રભુનું ધર્મીનું વર્ણન કર્યું છે.

છઠ્ઠા અધ્યાયમાં વૈરાગ્ય વગેરે વર્ણવ્યા છે. આની સિદ્ધિ માટે અન્યાશ્રયનો ત્યાગ થવો જોઇએ. કારણકે કૌતુકથી પણ કરેલાં અવૈષ્ણવના કર્મો દુ:ખનું કારણ છે. તેથી ભગવાન્ ભકત પ્રતિ ઉદાસીન થાય છે પણ ભકતવત્સલ ભગવાન્ ભકત છે તેવાં કર્મોથી મુકત કરે છે. અહિંઆ મર્યાદારમણમાં શંખચૂડના સંબંધની કથા આપી છે તેથી પણ ભગવાન્‌ના ઔદાસીન્ય ભાવનો બોધ સમજાય છે. તેથી અહિંઆ વૈરાગ્યનું નિરૂપણ કર્યું છે.

સાતમાં અધ્યાયમાં ભગવાન્‌ના જ્ઞાનધર્મનું નિરૂપણ કર્યું છે અને તે વિરહ દશામાંજ હોય છે. જ્ઞાનનો અર્થ પ્રભુના ગુણગાન. ગુણગાન વિરહદશામાં બની શકે છે. આ રીતે આ સાત અધ્યાયોમાં છ ધર્મો તથા ધર્મિસ્વરૂપનું વર્ણન કર્યું છે.

ઉપરની કારિકાઓમાં શ્રીમદાચાર્ય ચરણે સ્પષ્ટ કહેલું છે કે સર્વાત્મભાવથીજ પ્રભુ માટેનો આ રસ પ્રાપ્ત થાય છે. શ્રીગોપીજનોને આ રસાત્મક પ્રભુની પ્રાપ્તિ થઇ તેનું કારણ તે સ્ત્રીઓ હતી તેટલા માટે નહિ, પણ તેમનામાં સર્વાત્મભાવ સિદ્ધ થયો હતો તેથી. નહિ તો ભગવાન્ પોતે તેમની સાથે રમણ કરવાની ઇચ્છા કરે નહિ. યજ્ઞપત્નીઓને એ સર્વાત્મભાવ થયો નહોતો, અને તેથી પરમફળ તે મેળવી શકયાં નહોતાં. સર્વાત્મભાવમાટે પ્રપત્તિની જરૂર છે. આ પ્રપત્તિ કાયાથી, મનથી તથા વાણીથી થઇ શકે છે. અહિંઆ કોઇને શંકા થાય કે સર્વાત્મભાવ સિદ્ધ થયા પછીથીજ જો ફળની પ્રાપ્તિ થવાની હોય તો તે સાધન ગણી શકાય અને પુષ્ટિમાર્ગમાં તો સાધનની અપેક્ષા નથી. પણ આ ભયનું અહિંઆ વાસ્તવિક કારણ નથી; કેમકે સર્વાત્મભાવ એ સાધન ગણી શકાયજ નહિ. તેનો સમાવેશ ફળમાં

થાય છે. માટેજ પ્રભુએ ''મન કર્યું'' એમ કહેલું છે-વળી આ સર્વાત્મભાવ પણ પ્રભુથીજ શકય છે, સાધન બળથી નહિ.

(સાર): (૧) બ્રહ્માનંદ કરતાં પણ ભજનાનંદ અધિક ફલરૂપ છે. બ્રહ્માનંદ એ મર્યાદા ભકિતનું ફળ છે અને ભજનાનંદ પુષ્ટિભકિતનું ફળ છે.

(૨) જો કે પ્રભુએ બ્રહ્મહદમાંથી-બ્રહ્માનંદમાંથી સર્વ ગોકુલવાસીઓનો ઉદ્ધાર કર્યો છે પણ શ્રીવ્રજાંગાનાઓને જ ભજનાનંદના ફળનું દાન મુખ્યત્વે કર્યું છે. ગોપિકાઓના બ્રહ્માનંદનો અનુભવ ગૌણ છે. તેમ ગોપોને ભજનાનંદનો અનુભવ ગૌણ છે.

(૩) કામશાસ્ત્ર પ્રમાણે પરકીયા નાયિકામાં રસની નિષ્પત્તિ શીઘ્ર થાય છે, માટે લૌકિક સંબંધવાળાં શ્રીગોપીજનમાં પરમકાષ્ઠાપન્ન શ્રીકૃષ્ણ માટે રતિ થાય છે.

(૪) સ્ત્રીગુઢભાવ વિના પ્રેમનું અત્યુત્કૃષ્ટ સ્વરૂપ બિલકુલ સમઝાતું નથી- આ સ્વરૂપ તે રસેશ પ્રભુનું છે.

(૫) પ્રભુ જાતે જ જીવોને આનંદનું દાન કરે છે પણ જીવોમાં સર્વાત્મભાવ સિદ્ધ થવો જોઇએ. સર્વાત્મભાવ સિવાય, આનંદની પ્રાપ્તિ નથી.

(૬) સર્વાત્મભાવ સિદ્ધ કરવાની ચાવી પ્રપત્તિ છે. પ્રપત્તિથી જે બાહ્યરમણ સંભવે, પણ જો પ્રપત્તિ ન હોય તો પ્રભુ તિરોધાન પામે.

## કારિકામાં આપેલી ફલપ્રકરણના અર્થની ચાવી


ભગવલ્લીલા
બાહ્યલીલા-(સંયોગાત્મક)
(રૂપલીલા)
આન્તરલીલા
(નામ-શબ્દલીલા)
= ભગવદ્‌ગુણાત્મક
= વિપ્રયોગાત્મક
આત્મલીલા
(અ. ૨૬)
મનોલીલા
(અ. ૨૭)
ઇન્દ્રિયલીલા
(અ. ૨૯)
વાક્‌-પ્રાણલીલા
(અ. ૨૮)
કાયલીલા
(અ. ૩૦)
પ્રવૃત્તિમય
(અ. ૩૦)
સદોષા
નિવૃત્તિમય
(અ. ૩૨)
નિર્દોષા ફળરૂપા

## अध्याय १ लो

પ્રથમ ભજનાનંદનું નિરૂપણ કરવાને સ્ત્રીઓમાં સ્વ આનન્દનું સ્થાપન કરવું જોઇએ એમ ધારીને તેમનામાં (સ્વામિનીમાં) રતિને માટે ઇચ્છા ભગવાને કરી એમ કહે છે.

भगवानपि ताः रात्रीः शरदोत्फुल्लमल्लिकाः । वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ।।१।।

**अन्वयार्थ - શ્રી ભગવાને પણ શરદ ઋતુને લીધે જેમાં મલ્લિકાનાં પુષ્પો ખીલી રહ્યાં છે એવી તે રાત્રિઓને વિશેષ રીતે જોઇને યોગમાયાનો આશ્રય કર્યો અને રમણને માટે મન કર્યું (ઇચ્છા કરી)**

સુબોધિની - ''આ રાત્રિઓમાં મારી સાથે રમણ કરશો'' એ પ્રમાણે જે રાત્રિઓ સ્ત્રીઓના રમણ માટે વરદાન તરીકે આપેલી તેમનો પરિગ્રહ કરીને તેમાંજ તે રાત્રિઓનું આધિદૈવિકપણું આરોપીને તે પૂર્ણ હોવાથી તેમને પૂર્ણિમારૂપ બનાવી, ઋતુને પણ શરદ કરી, અને તેમાં તે ઋતુનું પુષ્પકાર્ય ઉત્પન્ન કર્યું. આ રીતે રસની ઉદ્દીપક સર્વસામગ્રી સિદ્ધ કરી ત્યાર પછી રમણને માટે આનંદપ્રકાશક કામના પિતામહ મનને ઉત્પન્ન કર્યું. ત્યાં સર્વવ્રજસુંદરી માટેનો સંકલ્પ સ્વમાં બોધવો જોઇએ. ત્યાં વેણુ પણ સહાયતા આપશે; આથી પણ કામનું વર્ણન થશે માટે પ્રથમ તેવું મન કર્યું. જો કે આ પ્રણાલિકા વગર પણ સ્વાનંદનું સ્થાપન ત્યાં કરવાને સમર્થ છે તો પણ રસમર્યાદા ભલે રહી માટે ભગવાને પણ મન કર્યું - શંકા જો એમ હોય તો પ્રભુનો જે આનંદ છે તે મૂળસ્થાનના ત્યાગથી જૂદી જાતનો બને એટલે સ્વરૂપમાંથી તે ચ્યુત થશે. આ શંકાના ઉત્તરમાં કહે છે. ભગવાને યોગમાયાનો ઉપાશ્રય કર્યો. યોગમાયા સંકર્ષણની માફક યથાસ્થિત વસ્તુનું અન્યત્ર સ્થાપન કરે છે, લીલાને માટે પણ તેનો પ્રથમ પરિગ્રહ કર્યો, માટે કંઇ અપૂર્વ નથી. જેમ પ્રમાણલીલામાં તથા રક્ષણ કરવાને બલભદ્રનો ઉપયોગ છે તેમ અહિંઆ આ કાર્યમાં યોગમાયાનો ઉપયોગ કર્યો. વળી આ યોગમાયા અંતરંગ છે, અન્યત્ર સ્થિત પ્રમાણને યોજે છે. તેમ અન્યત્ર સ્થિત આનંદને અન્યત્ર સ્થાપિત કરે છે. આથી પ્રમાણથી જુદો માર્ગ અને ભકિત માર્ગ આગળ વિસ્તાર પામશે. જે રાત્રિઓનું નિર્માણ રમણ માટે હતું તેનો જ સ્વીકાર કર્યો. જો એમ ન હોય તો સાધારણ રાત્રિનો સ્વીકાર થતાં સર્વત્ર જ આનંદ થાય. શરદ ઋતુમાં ખીલેલી મલ્લિકાઓ જોઇને રમણ માટે મન કર્યું. યોગમાયાનો નિકટમાં આશ્રય કરીને સ્થિત થયા

(વિવેચન) આ શ્લોકમાં રાસક્રીડાનો આરંભ કરતાં ભગવાને તે માટે મનથી ઇચ્છા કરી એ વિષે કહેવામાં આવે છે. તથા સાથે સાથે તે માટેનો પ્રદેશ તથા

કાલનું પણ વર્ણન કર્યું છે. શરદઋતુની રાત્રિઓમાં યોગમાયાનો આશ્રય કરીને ભગવાને રમણ કરવાની ઇચ્છા કરી એ આ શ્લોકનો ભાવાર્થ છે.

### રમણ કરવાનું પ્રયોજન : શરદઋતુમાં શા માટે ?

રમણ કરવાનું કારણ સ્વામિનીઓમાં (ગોપીઓ-ભકતોમાં) પોતાના આનંદનું સ્થાપન કરવાની ઇચ્છાએજ છે. ઇચ્છાથી પ્રેરાઇને પ્રભુ આ ભકતો સાથે રમણ કરે છે. સ્વઆનંદનું સ્થાપન એટલે કામ નહિ. વિષયની લીલા કરવાને નહિ પણ સર્વોત્કૃષ્ટ ભકિતના ફલરૂપ આનંદનું દાન કરવાને માટે ભગવાન રમણ કરવાને ઇચ્છે છે. કારણ અહિંઆ જેમની સાથે રમણ કરવામાં આવનાર છેતે ગોપીજન, આગળ જણાવવામાં આવશે તે પ્રમાણે ભકતો છે. સાધારણ સ્ત્રીઓ નથી. એટલે એવા પરમભકતને ભજનાનંદનું દાન કરવાને પ્રભુ જાતે અહિંઆ રમણની ઇચ્છા કરે છે. ભકિતમાર્ગનું વેદ માર્ગથી વૈલક્ષણ્ય એમાં છે કે વેદમાર્ગમાં સાધનદ્વારા પ્રભુને મેળવવાનો પ્રયત્ન થાય છે, જયારે અહિંઆ ભગવાન્ જાતે ભકતની સાથે લીલા કરવાને ઇચ્છે છે. રમણને માટે સમય પણ અનુકુળ જોઇએ. જો અનુકૂળ સમય ન હોય તો લીલા શોભે નહિ. આથી રમણને અનુકૂળ શરદઋતુને પસંદ કરી, તેમાં વળી દિવસનો સમય નહિ પણ રાત્રિનો કાલ, તે રાત્રિઓ પણ એવી કે જે વખતે મલ્લિકા વગેરે પુષ્પલતાઓ ખીલેલી હતી. વસન્ત ઋતુ અગર વર્ષાઋતુમાં રમણ નહિ કરતાં "શરદ" ઋતુમાં તેમ કરવાનું કારણ એ છે કે આ ઋતુ પૂર્વોકત ઋતુઓના દોષોથી તદ્દન મુકત છે. વસન્તમાં જો કે કુદરત પૂર બહારથી ખીલે છે, અને જયારે જોઇએ ત્યારે કુદરત આપણને હસતી દેખાય છે, છતાં તે ઋતુનો દોષ એ છે કે એ ઋતુની કુદરત કામને ઉત્તેજિત કરનારી હોવાથી માદક છે. અને લૌકિકવિષયક કામ ભગવત્પ્રાપ્તિમાં પ્રતિબંધક હોવાથી તે ઋતુમાં પ્રભુએ રમણ કરવાની ઇચ્છા કરી નહિ. વર્ષાઋતુની કુદરત આંખને ઠારતી નથી. આકાશ વાદળાંઓથી ઘેરાએલુ હોવાથી વાતાવરણમાં કાલિમા છવાએલી હોય છે. તથા વિદ્યુતનાં પ્રકંપનો કે તથા જલની ધારાઓ હૃદયને કંપિત કરે છે. રસ્તાઓ કાદવ કીચડથી ભરાયલા હોવાથી કોઇપણ સ્થાન શુદ્ધ રહી શકતું નથી. એ કાળ પણ ભજનાનંદના વાતાવરણ માટે કોઇપણ રીતે અનુકૂળ બને જ નહિ. આથી વસન્ત ઋતુમાં તેમજ વર્ષાઋતુમાં બેમાંથી એકમાં પણ ભગવાને રમણ કરવાની ઇચ્છા કરી નહિ. 'વસન્ત' અને 'વર્ષા' એ બે શબ્દોનો બીજો ભાવ પણ છે. વસન્ત એ પુલ્લિંગ છે અને વર્ષા સ્ત્રીલિંગ છે. આથી પુરુષ અને સ્ત્રીના દોષોથી મુકત એવા કાળમાં લીલા થાય તો જ ભગવાન્‌માં પ્રવેશ થઇ શકે વળી શરદ ઋતુનો કાલ શીતલ અને આહ્લાદકારક

છે. ભક્તોના હૃદયના તાપની નિવૃત્તિ તથા તેનાથી પ્રાપ્ત થતો આહ્લાદ આ ઋતુમાંજ સંભવી શકે. વર્ષાઋતુ ઉતરી જતાં, આ ઋતુમાં આકાશ નિર્મળ અને સુંદર લાગે છે. કુદરત નરી સુંદરતાની જ ભરેલી હોય છે. રાત્રે તારામણિઓ તેમના ચાકચકયથી નભોમણ્ડલને ભરી દે છે. લોક-હૈયામાં આનંદના ફુવારા ઉડી રહે .છે, તેમ સર્વ પ્રકૃતિબાળ આનંદમસ્ત હોય છે. શરદ ઋતુ એટલે સૌંદર્યની અને નિર્દોષતાની મૂર્તિ, માટે જ રમણ માટે આ કાળને પસંદ કર્યો. અહિંઆ શરદ ઋતુની તમામ સામગ્રી જેને રસશાસ્ત્રમાં 'ઉદ્દીપનવિભાવ' કહેવામાં આવે છે તે માટે સર્જાયલી છે. રસ શાસ્ત્રમાં આઠ પ્રકારના રસો ગણાયા છે, તેમા શૃંગારરસ એ મુખ્ય છે. તેના બે વિભાગ છે-સંયોગાત્મક અગર પૂર્વદલાત્મક અને વિપ્રયોગાત્મક-ઉત્તરદલાત્મક આ બન્ને પ્રકારથી યુકત શૃંગારરસ જયારે થાય ત્યારે તે પરિપકવ બને છે. માટે અહિંઆ ઉભયાત્મક શૃંગાર રસનું વર્ણન કરવામાં આવશે. પ્રથમ વેણુનાદથી ભકતોને આકર્ષશે અને પછી તેમની સાથે લઘુરાસનું રમણ કરશે, ત્યાર પછી તેમને માન થતાં પ્રભુ અંતર્હિત થશે. આ રીતે તેમને વિપ્રયોગ રસનો અનુભવ કરાવે છે, અને જયારે તે રસ પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે પ્રભુ જાતે પ્રકટ થઇને તેમની સાથે મહારાસ ખેલે છે આ રીતે સંયોગાત્મક તેમજ વિપ્રયોગાત્મક ઉભય પ્રકારનો શૃંગારરસ આ પ્રકરણમાં આવશે. એને તેને ફલરૂપ કહેલ છે. આ રસનો સ્થાયીભાવ રતિ છે. અહિંઆ ભકતોની પ્રભુને માટે રતિ હોવાથી તથા પ્રભુની ભકત માટે હોવાથી ઉભય એક બીજા તરફ આલંબન વિભાવ છે. જેને આધારે સ્થાયીભાવ ટકી રહે તે આલંબન વિભાવ, આલંબન એટલે ટેકો. જો ટેકો ન હોય તો મકાન પડી જાય, તે ટકી શકેજ નહિ તેમ જો આલંબન વિભાવ ન હોય તો સ્થાયીભાવ ટકી શકે નહિ. આલંબન હોય પણ જો તે હૃદયસ્થિત સ્થાયીભાવને બહાર પ્રકટ કરનાર ઉદ્દીપન વિભાવ ન હોય તો તેનું પ્રયોજન નિષ્ફળ થાય છે આટલા માટે ઉદ્દીપન વિભાવની જરૂર છે. ઉદ્દીપન વિભાવ એટલે બાહ્ય સામગ્રી જે હૃદયસ્થ ભાવનું ઉદ્દીપન કરે છે દીવાની જ્યોતની માફક તેને પ્રકટાવીને પ્રકાશમાં લાવે છે. આટલા માટે પ્રારંભમાં શરદઋતુ મલ્લિકાનાં પુષ્પોવાળી રાત્રિ, ચંદ્રપ્રકાશ ઇત્યાદિ સામગ્રીના નિરૂપણથી ઉદ્દીપન વિભાવનું અહિંઆ વર્ણન કર્યું છે.

હવે શ્લોકના શબ્દોમાં રહેલા ગૂઢાર્થ તરફ વળીએ. પ્રથમ કહે છે કે ભગવાને પણ તે રાત્રિઓને જોઇને રમણ માટે મન કર્યું. અહિંઆ કૃષ્ણ શબ્દને બદલે ભગવાન શબ્દ વાપર્યો છે. ''ભગવાન'' એટલે 'ભગ' વાળા. ભગ કહેતા ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મો તે ધર્મો જેનામાં હોય

તે ભગવાન્ આ ગુણો ફકત પરમાત્મામાંજ હોય છે. આથી એ સૂચવે છે કે આ રમણ કરનાર વ્યકિત તે લૌકિક નાયક નથી, પણ સાક્ષાત્ પરમાત્મા છે. માટે તેની ક્રિડામાં કોઇ પણ જાતની શંકા રાખવી નહિ. પછી अपि શબ્દ છે. अपि એટલે 'પણ'.

ભગવાને પણ તે ક્રીડા કરી એમ કહીને ભગવાનનું વિરુદ્ધધર્માશ્રયત્વ જણાવે છે. કારણકે ભગવાન્ તો આપ્તકામ હોવાથી તેમને વળી રમણ કરવાની શી જરૂર ? આ શંકા ન થાય તેટલા માટે 'પણ' શબ્દ મુકયો છે અને એ સૂચવે છે કે ભકતોની ખાતર પ્રભુ રમણની ઇચ્છા કરે છે એ રીતે પ્રભુ એ વિરુદ્ધધર્માશ્રય છે એમ જણાવીને કૃષ્ણનું દિવ્યનાયકત્વ સૂચવ્યું છે. પછી કહે છે કે 'રાત્રિઓ' જોઇને રમણ કરવાનું મન થયું પણ કયી રાત્રિઓ તો કહે છે ताः તે અર્થાત પહેલાંની રાત્રિઓ અર્થાત્ જે રાત્રિઓ વિષે પોતે ભકતોને પહેલેથી કહ્યું હતું કે અમુક રાત્રિઓ તમારી સાથે રમણ કરીશ. પહેલેથીજ જે રાત્રિઓ માટે સંકેત કર્યો હતો તે રાત્રિઓ અર્થાત કુમારિકાવ્રતપ્રસંગે પોતે પ્રતિજ્ઞા આપી હતી તે રાત્રિઓ. તેટલા માટે એ રાત્રિઓનું અહિંઆ પ્રાકટય કર્યું છે અર્થાત જો કે રાત્રિઓ શરદઋતુની હોવાથી લૌકિક છે, છતાં પોતે તેને માટે પહેલેથી સંકેત આપ્યો હોવાથી આધિદૈવિક રાત્રિઓને 'વિશેષ રીતે જોઇને' વિશેષ રીતે એટલા માટે કે એ રાત્રિઓમાં ખાસ એ વિશેષતા હતી કે જે બીજી રાત્રિઓમાં નહોતી. અર્થાત તે અલૌકિક હોવાથી રસભાવનું પોષણ કરનારી હતી. આવી તે રાત્રિઓને જોઈને પોતે રમણ કરવાનું મન કર્યુ. રસની વૃદ્ધિ વસંત ઋતુમાં થતી હોવાથી આ ઋતુમાં તે ઋતુનાં કાર્ય ઉત્પન્ન કરવાને મલ્લિકાદિ પુષ્પોને પ્રકટાવ્યાં. સામાન્ય રીતે રમણ જળ ઉપર થાય અને સ્થળમાં થાય. જળમાં કરવાથી ઠંડી લાગે, એટલે તે રમણને બાધક હોય છે. સ્થળ ઉપર કરવાથી ગરમી લાગે અને તે પણ રમણનું બાધક નીવડે છે.બીજી ઋતુમાં આ દોષો હોય છે પણ શરદઋતુમાં આ દોષો નથી માટે આ ઋતુમાં રમણ કરવાનું પસંદ કર્યું. રાત્રિ નો કાળ પસંદ કરવાનું તાત્પર્ય એ છે કે તે શીતળ અને આહ્લાદક છે. તેમાં દિવસની કઠોરતા નથી. તે ચિત્તની વ્યગ્રતાને શાન્ત કરે છે. નીતિ ઉપર જેટલી રાત્રિની અસર હોય છે તેટલી દિવસની હોતી નથી. તે મનુષ્યને પોતાના આત્માનું જ્ઞાન કરાવે છે. ભગવાન્ સાથેનું રમણ એ પવિત્ર અને શાંત હૃદયથી થવું જોઈએ માટે તેને અનુકુળ કાળ રાત્રિ જ હોઇ શકે. વળી રાત્રિ મનુષ્યના કૃત્યોને ગુપ્ત રાખે છે. પ્રભુનું રમણ, સંસારના વિષયી પુરુષોથી ગુપ્ત રાખવાનું હતું. ખરી રીતે આ બ્રહ્મરાત્રી હતી, ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે સંસારી પુરુષોની રાત્રિ તે સંયમીનો દિવસ હોય

છે. અને સંસારી નો દિવસ સંયમીની રાત્રિ હોય છે. આ રાત્રિ તે બ્રહ્મરાત્રી છે. બ્રહ્મરાત્રીમાં થયેલું ક્રીડન બ્રહ્મમાં લીન થયેલાં હોય તેજ જાણી શકે, અન્ય સમજી શકે  જ નહી. અહિંઆં ભગવાને રમણની ઈચ્છા કરી એમ નહિ કહેતા, 'મન કર્યુ એમ કહેવાનું પ્રયોજન એટલું જણાય છે કે આ સર્વ સામગ્રી પ્રથમથી જ વિલક્ષણ રીતે સંપાદન કરવામાં આવી હતી. વિવિધભાવથી વિશિષ્ટ નાયિકા સાથે પૂર્ણ શૃંગારરસ ભોકતા પ્રભુ યથાર્થ રમણ કરી શકે એ અસંભવિત હોવાથી યોગમાયાને બોલાવી, પ્રભુએ યોગમાયાનો આશ્રય લીધો. આ યોગમાયા પ્રપંચનું વ્યામોહન કરનારી નથી. જો કે ગાઢમાન વાળાં ગોપીજનને પ્રભુ વશ કરવાને સમર્થ છે છતાં પણ રસશાસ્ત્ર પ્રમાણે મર્યાદા જાળવવાને જ યોગમાયાને પોતે બોલાવી. અથવા અહિંઆ પણ પ્રભુનું વિરુદ્ધધર્માશ્રયત્વ જણાય છે. પોતે સર્વ કરવાને સમર્થ છે, છતાં પણ તેમ કરવાને અહિઆં અસમર્થ હોવાથી, યોગમાયાનો આશ્રય કરે છે. શ્રી ગોપેશ્વરજી એવો પણ અર્થ લે છે કે मनश्चक्रे એટલે 'મનના સમૂહમાં', અર્થાત્ રમણકાળે અનેક સ્વામિનીઓ એકઠાં થયેલાં હોવાથી, સર્વનું મન એક પ્રકારનું નહોતું, પણ જુદાં જુદાં હતાં, તેથી દરેકના મનને સંતોષ શી રીતે કરી શકાય એવી પ્રભુને ચિન્તા થઈ અને તેટલા માટે સર્વના મનને સંતોષ કરનાર તથા પોતા તરફ બધાની આસકિત કરી શકે એવી યોગમાયાનો આશ્રય કર્યો. પ્રભુએ યોગમાયાનો આશ્રય કર્યો માટે તે અંતરંગ માયા હતી. અથવા ચક્ર હંમેશા મણ્ડલાકાર હોય છે. તેથી ચક્રપદનો અર્થ અહિયા મંડલ સમજવો. એટલે રાસમણ્ડલ અર્થાત્ રાસમણ્ડલમાં રમવાને માટે યોગમાયાનો આશ્રય કર્યો. પોતે ભગવાન હોવાથી પ્રાદુર્ભાવ સિવાય પણ ભય નિવર્તન કરવાને સમર્થ છે, તથા પોતે વિશ્વાત્મા હોવાથી અખિલ વિશ્વનો ઉદ્ધાર કરી શકે છે, પણ પ્રાકટ્ય સિવાય તેનો સંભવ નથી. માટે ભકતના દુઃખને લીલામૃતના દાનથી દૂર કરવાની ઈચ્છાથી તે સર્વ સિદ્ધ કરવાને વિલંબ સહન નહિ કરવાથી પ્રથમ 'ભગવાનપિ વિશ્વાત્મા' એ શ્લોકમાં યોગમાયાને આજ્ઞા કરી છે ; પણ અહિયા તો રસરીતિને અનુસરીને જ  પ્રભુ લીલા કરે છે, અને તેમાં વિલંબ સહન નહિ કરી શકવાથી ગુપ્ત રીતે તેને ત્યાં લાવે છે. ભગવાનના આશ્રયથી તેની આધીનતા દર્શાવી છે. આ શ્લોકમાં શરદૠતુની મલ્લિકા ઈત્યાદિ પુષ્પોથી રમણીય દીસતી રાત્રિઓને જોઈને પ્રભુએ પણ રમણ કરવાને મન કર્યુ એમ જણાવ્યું છે.

તે નૂતનમનમાં દેવતા નથી તેથી તે અનધિષ્ઠિત કાર્યને સાધી શકે નહિ, માટે તેના અધિષ્ઠાતા દેવ ચંદ્રને સજર્યા એમ કહે છે.

**मूलम्** तदोडुराजः ककुमः कैर्मुखं प्राच्या विलिम्पन्नरुणेन शंतभै : ।
स चर्षणीनामुदगाच्छुचो प्रियः मृजन् प्रियाया इव दीर्घदर्शनः ।। २ ।।

**अन्वयार्थ** - પોતાની પ્રિયાને જેમ ઘણા સમય પછીથી પ્રિય દર્શન આપે તેમ ચંદ્ર પૂર્વ દિશાના મુખને કિરણોથી અરુણ રંગ રંગતો અને શીતલ કિરણોથી ચર્ષણીઓના દુઃખ દૂર કરતો ઉદય પામ્યો.

**श्री सुबोधिनीजी** - જયારે ભગવાને મન કર્યું ત્યારે જ તેના અધિષ્ઠાતા દેવ ચંદ્રનો ઉદય થયો. જો કે સર્વ રાત્રિઓનું દર્શન એક વખતે કરવામાં આવ્યું છતાં પણ તેની સ્થિતિ અહિંયા ક્રમ પ્રમાણે છે. ભગવાનના મનનો અધિષ્ઠાતા ચંદ્ર આધિદૈવિક હોવાથી પૂર્ણ જ છે, અને તે નિષ્કલંક છે. અને મનના આવિર્ભાવમાં પણ તેનો આવિર્ભાવ છે.ક્રીડા શાન્ત થતાં તે પણ શાન્ત થાય છે આકાશના મધ્યભાગ સુધી તેનું ગમન છે, કોઇ સમયે પણ એનો અસ્ત નથી. એ ચંદ્ર પણ સ્ત્રીઓના મન જે અહિંઆ નક્ષત્રના સ્થાનમાં છે, તેનો પણ રક્ષક હોવાથી પ્રથમથી જ ઉત્પન્ન થયો છે. માટે પૂર્વ દિશામાં જ તેનો ઉદય થાય છે. "તે દિશા દેવોની છે" એટલે તે દિશાના ઇન્દ્ર દેવતા અને અધિપતિ છે. હાલમાં ભગવાન જ ઇન્દ્ર છે તેથી તેમના રેતોરૂપ - વીર્યરૂપ (તે આધિદૈવિક ચંદ્ર) પણ તે દિશામાં ઉદય પામ્યો. આથી પૂર્વ દિશાના મુખ કહેતાં મધ્યભાગને પોતાના કર કહેતાં કિરણોથી વિશેષ રીતે લીપતો ઉદય પામ્યો. આ દિશાના મુખ ઉપર રાગ ન હતો. હરિફ પશ્ચિમ દિશામાં સૂર્યના સંબંધથી રાગનો સંભવ હોવાથી આ દિશાનું પણ મુખ કુંકુમસદ્દશ કિરણોથી રકત કરાય છે. જો ચંદ્ર સ્વદિશાના મુખને ન રંગે, તો ભગવાનનું મન પણ સ્ત્રીઓના હૃદયને રંજિત ન કરે. કિરણો કલ્યાણકારી છે. કારણ કે તે શીતલ છે. અને તાપના હારક છે, વળી અરુણ ગુણથી યુકત હોવાથી અત્યંત કલ્યાણરૂપ છે. અરુણરંગ રાગમાં મુખ્ય હોય છે. પુરુષ પણ જો અનુરાગથી સ્પર્શ કરે છે ત્યારે સુખ થાય છે. શંકા-જો આ ચંદ્રનું માત્ર અધિષ્ઠાતૃત્વ જ હોય તો મનમાં જ ઉદય થાય. જો અંધકારની નિવૃત્તિ એ પ્રયોજન હોય તો ભગવાનથી જ અંધકાર દૂર થાય છે. અથવા જો તેને ઉદ્દીપકત્વ હોય તો પણ ભગવાનથી જ તેનો સંભવ છે. માટે આનું અસાધારણ કાર્ય શું છે તે જાણવું જોઇએ. જો એમ ન હોય તો કહેવામાં આવે છે.-આ ચંદ્રે ચર્ષણીઓના શોકનું હરણ કર્યું, ચર્ષણીઓ એટલે સર્વત્ર પરિભ્રમણ કરતી શકિતઓ. તેઓએ સર્વત્ર પરિભ્રમણ કર્યું છતાં પણ કોઇ વખતે પરમાનંદ સાથે તેમને સંબંધ થયો નહિ. અથવા જો કોઇ મુકત થાય તો પણ તેમને પ્રવેશ મળતો નથી. માટે પહેલેથી જ નિવૃત્ત થાય છે

માટે તેમને શોક થાય છેજ. અથવા ચર્ષણીસહિત જીવોનો શોક હમણાં જ દૂર થયો છે. શકિતસહિત જીવોનેજ પરમાનંદનો અનુભવ અવશ્ય થવાનો તેમ હોય તો અહિંઆ ત્રણ પ્રયોજન છે. દિગ્દેવતાનું મુખસમાર્જન, ચર્ષણીના શોકનું નિવર્તન, અને અંધકારનિવૃત્તિ વગેરે સ્પષ્ટ કહેલા બે પણ એકથી સાધ્ય છે, એમ કહેવાને દૃષ્ટાંત આપે છે. લાંબા વખત પછી દેખાતો ઘણા વખત પછી આવેલો પતિ જેમ પ્રિયાને વહાલો હોય છે અને તે પતિવ્રતા પ્રિયાનો શોક દૂર કરીને તેના મુખનું સંમાર્જન કરે છે. (તે રીતે ચંદ્રે કર્યું.) આ કાર્ય અન્યથા સિદ્ધ થતું નથી.

## ચંદ્રનો ઉદય શા માટે ?

**(विवेचन)** પૂર્વશ્લોકમાં એવું કહ્યું કે શરદઋતુને લીધે જેમાં મલ્લિકાનાં પુષ્પો ખીલી રહ્યાં છે, એવી રાત્રિઓને જોઇને ભગવાને સ્વાનંદનું દાન સ્વામિનીઓને આપવાને રમણનું મન કર્યું. ગોપીઓને આનંદ આપવાનો સંકલ્પ પ્રભુના મનમાં થયો. ઇન્દ્રિયાદિનું કાર્ય સિદ્ધ થવાને માટે, તેમના અધિષ્ઠાતા દેવતાઓ જોઇએ. જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર ચક્ષુરિન્દ્રિયમાં અધિષ્ઠિત થાય નહિ ત્યાં સુધી તે ઇન્દ્રિય તેનું કાર્ય કરી શકે નહિ. તેમ ભગવાને રમણ માટે મન કર્યું પણ તે મનનો અધિષ્ઠાતા દેવ ચંદ્ર પણ હોવો જોઇએ, માટે ચંદ્રના ઉદયનું વર્ણન અહિંઆ કર્યું છે. તે ચંદ્રે પોતાના કલ્યાણકારી કિરણોથી પશ્ચિમ દિશાના મુખને અરુણરાગથી વિશેષ લેપ કર્યો; રાગયુકત કર્યું. ચંદ્રના કિરણો દિશામાં વિસ્તર્યા અને તેનો અરુણરાગ પણ તે દિશામાં જણાયો. દિગ્વધૂના મુખનું સમાર્જન ચંદ્રે કર્યું. ભગવાનનું મન ચંદ્ર છે.

## ચંદ્રને માટે 'ઉડુરાજ' શબ્દ શા માટે ?

આ ચંદ્રે સ્વામિનીઓના મુખને રાગથી રંજીત કર્યો. તેમનામાં રહેલા રતિ સ્થાયીભાવને પાતે પ્રદિપ્ત કર્યો એવું સૂચન કર્યું. ચંદ્રને અહિંઆ 'ઉડુરાજ' કહ્યો છે. ઉડુ એટલે નક્ષત્ર તેમનો રાજા. રાજા શબ્દ રાજ્ ધાતુમાંથી ઉત્પન્ન કરાય છે, અને તે ધાતુનો અર્થ 'પ્રકાશવું'.એમ થાય છે. નક્ષત્રોમાં પ્રકાશનાર તેનો પતિ એમ અર્થ થાય છે. ગોપીનાં મન તે નક્ષત્રો છે, અને તે મનને શોભા આપનાર પ્રભુનું મન છે, માટે તે ''ઉડુરાજ'' કહેવાય છે. ઉડુરાજના ઉદયથી દિશામાં પ્રકાશ ફેલાય છે અને ત્યાં રાગ વિસ્તરે છે, એથી નાયક નાયિકાના પ્રથમ સમાગમ વખતે જે ભાવ પ્રકટ થાય છે તેનું સૂચન કર્યું છે, એટલે તેને સમાસોકિત અલંકાર કહી શકાય. ''વિશેષ લેપન કર્યું'' એ શબ્દથી અતિશયરાગયુકત દિશાના મુખને-ગોપીઓનાં મનને બનાવ્યાં, એમ જણાવ્યું છે. शंतम અતિશય કલ્યાણકારી એમ

કિરણોનું વિશેષણ યોજયું છે, તેથી એમ સૂચવાય છે કે તે કિરણો અતિશીતલ તાપહારક, અને આહ્લાદનાં આપનાર હતાં. તેનો સ્પર્શ થતાંજ તાપનિવૃતિ થઇ અને રાગનો ઉદય થયો-રમણ ઇચ્છા ઉદ્ભવી. લાંબા વખત પછીથી પ્રિય પોતાની પ્રિયાને મળે છે ત્યારે જેમ એના તાપની નિવૃત્તિ થાય છે અને તેને આનંદપ્રાપ્તિ થાય છે, તેમ અહિંઆ આ અલૌકિક ચંદ્રના પ્રાકટયથી સર્વ સ્વામિનીઓના તાપની નિવૃત્તિ થઇ, એમ જણાવ્યું છે. આમાં અલંકાર છે. ''ઉડુરાજ'' શબ્દથી નાયક કૃષ્ણની બહુવલ્લભતા જણાવી છે.

આ શ્લોક ઉપર શ્રી હરિરાયજીનો પણ લેખ છે, અને તે શ્રીસુબોધિનીજીના આશયને સમજાવે છે. મૂળ સંસ્કૃતનો નિષ્કર્ષ નીચે પ્રમાણે આપવામાં આવે છે.

અહિંઆ અખિલ સામગ્રી રસાત્મક અને રસલીલાનેજ માત્ર ઉપયોગી છે અને તે આ રસાત્મકરૂપથી જ પ્રકટ કરી છે. સાધારણ જગતના કારણ તરીકે - ઇશ્વરરૂપે ભગવાને પ્રકટ કરી નથી. તેટલા માટે જ મનથી શરૂ કરીને ચંદ્ર સુધીના સર્વ રસોદ્દીપક પદાર્થોનો હમણાંની માફક પહેલાં પ્રાદુર્ભાવ નહોતો તેમ જણાવ્યું છે. ભગવાનનું મન પ્રથમ સર્વ વિષયવાળું હોવા છતાં પણ અપૂર્ણ જ હતું. પણ હમણાં તેને પૂર્ણ પ્રકટ કર્યું છે. કેવળ સ્વામિનીઓનોજ આ વિષય છે તેથી અન્યત્ર તેનો અભાવ છે. પછીથી ચન્દ્ર પણ વીર્યરૂપ છે, તે શકિતનો આધાર છે તેનું અધિષ્ઠાન છે - તેજ ચંદ્ર કેવલ આમાંજ ઉપયોગી છે. લૌકિક ચંદ્ર આધિભૌતિક છે. વિરાટ સ્વરૂપ ભગવાનના મનરૂપ છે તો પણ તે સર્વવિષયક હોવાથી, તે એવો નથી (આધિદૈવિક જેવો નથી) માટે લૌકિક ચંદ્રથી આની વિલક્ષણતા છે. આ વિલક્ષણતાનું બીજુ કારણ કહે છે. આ ચંદ્ર નિષ્કલંક છે. જેમ લૌકિક ચંદ્ર દક્ષના શાપથી અખિલ લોકમાં થતી અપકીર્તીના કારણ રૂપ કલંકથી યુકત છે, તેવી રીતે આ ચંદ્ર રસિક જનથી નિરૂપણીય રસાસકિતના વિરહથી ઉત્પન્ન થતી કીર્તીથી યુકત નથી. વળી આ અલૌકિક ચંદ્ર કાલને આધીન નથી. ગમે ત્યારે તેનો ઉદય થઇ શકે છે. આથી આ ચંદ્રની વ્યવસ્થા રસની લીલા સામગ્રીમાંજ છે. માટે આ ચંદ્ર નિત્ય છે. લીલાસામગ્રી ત્રણ કાલના સત્તારૂપમાં નથી. એમ હોય તો તે અનિત્ય બને, પણ આ તો ભગવાનના સ્વરૂપમાંજ છે. તેથી સ્વરૂપની માફક નિત્ય છે. આથી જેમ ભગવાનનું સ્વરૂપ ભકતોમાં હોય છે. તેમ લીલા તથા તેની સર્વ સામગ્રી ત્યાં હોય છે. આ રીતે ઉત્પત્તિ અને સ્થિતિથી, આ અલૌકિક ચંદ્રની લૌકિકચંદ્રથી વિલક્ષણતા દર્શાવી છે. આ રીતે ઉત્પત્તિ અને સ્થિતિથી તેની વિલક્ષણતા જણાવીને, ઉપરતિથી પણ વૈલક્ષણ્ય જણાવે છે. તેમા આ પૂર્વપક્ષ છે. જેમણે મહાફલનો અનુભવ કર્યો છે એવા વ્રજવાસીઓ પણ ભગવાનની આજ્ઞાથી, ઇચ્છા નહિ છતાં પણ ઘર પાછા વળે તો

ક્રીડાની ઉપરતિ (બંધ) દિવસે જણાય તો શાથી ત્યાં કાલનું અધીનત્વ ન ગણાય ? શી રીતે તેને નિત્ય કહી શકાય ? આ શંકાના ઉત્તરમાં કહે છે કે દિવસે ગુણગાન કરતી વખતે આન્તર રમણ માટે સમીપ અન્તઃપ્રવિષ્ટ લીલાનો તેમની સાથે સંબંધ હોવાથી તેનો પણ તેમાં પ્રવેશ થાય છે, અને ત્યાં ઉપરતિ હોય છે. આથી બાહ્ય પ્રાકટ્યમાં લીલાનો તેની સાથેના સંબંધવાળા પદાર્થોનો પણ બાહ્ય આવિર્ભાવ સૂચવાય છે. અહિંઆ આવિર્ભાવ અને તિરોભાવ જ તેની નિત્યતા સિદ્ધ કરે છે. આથી બાહ્ય ક્રીડાની ઉપરતિમાં શૃંગાર પછી રસનું દાન કરવાની ઇચ્છા કારણ છે એમ સમજવું. આ રીતે ઉપરતિથી પણ તેનું વૈલક્ષણ્ય જણાવ્યું છે. શંકા-જો આમ ચંદ્ર બહારથી અદશ્ય થાય તો પછી તે અસ્ત ન પામે ? ઉત્તર-જેમનાથી તે જોવાય છે, તેમને તો તેની ઇચ્છાથીજ જોવાય છે માટે લૌકિક ચંદ્રની માફક અદશ્ય થવા રૂપ અસ્ત થવાપણું નથી.

ચંદ્ર ભગવાનના મનનો અધિષ્ઠાતા દેવ છે તેથી તે ચર્ષણીઓનો પતિ છે.

આથી ભગવાનનું મન, ઉત્પન્ન થયેલો ભાવ અને વીર્ય એ સઘળું સ્વામિની વિષયેજ છે. માટે તે વ્રજેન્દ્રદિશામાં જ્યાં તે સ્થિત થયેલાં તેમાં પણ આ ચંદ્રનો ઉદય છે. ક્રમ પ્રમાણે તેઓ ભગવાન્ પાસે આવ્યાં એટલે એનું પણ આગમન થયું; ભગવાન સાથે સંયોગ પામીને તે ઉભા એટલે એનું પણ આગમન, મધ્યાકાશમાં તેની સ્થિતિ થઇ. પછી લીલામાં આન્તર રમણ માટે પ્રભુએ તેમનામાં પ્રવેશ કર્યો તે વખતે પણ લીલામાત્ર ઉપયોગી યમુનાજીના લીલાસ્થળમાં તેની સ્થિતિ છે તેવી અન્ય સ્થળમાં નથી. અહિંઆ આકાશ રસાત્મક લીલાના આશ્રયરૂપ છે. તે સ્વામિનીના હૃદય આકાશમાંજ જ્યાં તેમના મનની સ્થિતિ છે.ત્યાં લીલાના બાહ્ય પ્રાદુર્ભાવ ભકિત વખતે પ્રકટ થાય છે, અને તે જયારે અન્તઃસ્થિત થાય છે તે વખેત અન્તર્ભુત થાય છે. તેમના મનરૂપી નક્ષત્રના અધિપતિ ભગવાન્‌ના મનરૂપી ચંદ્રનો પણ આવિર્ભાવ ત્યાંજ થાય છે.

શ્રીદેવકીનંદનજી આ શ્લોક ઉપર નીચે પ્રમાણે ટિપ્પણ યોજે છે.

ઇન્દ્ર પૂર્વદિશાના દેવતા તથા અધિપતિ છે. હવે તે ઇન્દ્રને શ્રીગોવર્ધનના ઉદ્ધારથી જીતીને જાતેજ તેમનાથી અભિષિકત ઇન્દ્ર થયો. ઇન્દ્ર દેવતાઓનો હોય છે, મનુષ્યોનો નહિ, માટે અહિંઆ વ્રજવાસીઓ એ દેવતા છે, અને તેમના ઇન્દ્ર તે ભગવાન્ છે. તેજ તેમના પૂજ્ય અધિપતિ તથા ભોકતા છે. માટે અધિકાર પ્રમાણે કાર્ય કરીને તેમના ભોકતા બન્યા છે. આથી ભગવાને તેમના સંબંધવાળી દિશામાં પણ પોતાના વીર્ય સમાન અલૌકિક ગૂઢ ભાવના ઉત્પાદક ચંદ્રમાં પ્રવેશ

કર્યો, માટે તે દિશાની સાથે સંબંધ ધરાવનાર ગોપીજનો પ્રતિ પણ તે પ્રકારનું ભગવાનનું મન થશે એમ સમજવું. આથી તે (ગોપીઓ) જ્યાં હોય છે, તે દિશા પણ જો ભગવાન્‌ના મનની સાથે સંબંધ ધરાવતી હોય તો ત્યાં પણ તેમનો સંબંધ થાય એમાં શું આશ્ચર્ય છે ? વળી સ્વામિનિઓ શ્રીગોવર્ધન સમીપ આવેલા યમુનાજીના ઉત્તર ભાગ તરફના વૃંદાવનમાં સ્થિત (પ્રભુની) પશ્ચિમમાં ઉભાં હતા તેથી ત્યાંજ ભગવાનનું મન અત્યારે છે માટે તેના પોષક તરીકે ચંદ્ર પણ ત્યાં ઉદય પામ્યો. જ્યારે તે અહિંઆ આવીને અલૌકિક અખિલ સામગ્રી યુકત લીલામાં સ્થિત થાય તોજ ચંદ્ર પણ તેમની ઉપર મધ્યઆકાશમાં સ્થિત રહીને સ્વ કાર્ય સાધશે. પ્રભુનું હૃદયજ આધિદૈવિક રૂપ હોવાથી બહાર નિઃસરણ પામ્યું. માટે પોતાના અધિષ્ઠાનના ઉપરજ સ્થિત થાય છે. અને તે અધિષ્ઠાન જ્યારે જ્યાં હોય છે ત્યારે તેની ઉપરજ સ્થિત હોય છે. બાજ પક્ષીની માફક તે જો ચાલે તો એ પણ ચાલવા માંડે છે, ને જો સ્થિર ઉભુ રહે તો તે પણ સ્થિર બને છે, માટે હમણાં સ્વામિનીઓના આવવાથી ભગવાનનું હૃદય સ્વસ્થાનમાં મધ્યાકાશમાં આવ્યું. માટે ચંદ્ર પણ મધ્યાકાશમાંજ સ્થિત છે. આ આગમગતિ કરતું નથી માટે ચંદ્રની પણ ગતિ બંધ થઇ ગઇ.

## ચર્ષણીનો અર્થ

ચર્ષણી એટલે પરિભ્રમણશકિત. આ શકિતઓ સર્વમાં પ્રવેશ પામી છે. ભગવાનના મનના સામર્થ્યથીજ તેમની પાસે આવવાને સંભવે છે, તો પણ અહિંઆ ઇશ્વર તરીકે પ્રભુ કંઇ પણ કરતા નથી, પણ યોગમાયાનો આશ્રય કરીને રસમર્યાદાથી કરે છે. વળી કેવળ મનના સામર્થ્યથી જ ઉદ્દીપનવિભાવ ચંદ્રનો ઉદય તથા ગાન વગેરે વિના તેનું આવવું બની શકતું નથી. માટે પ્રભુના સંબંધના નિશ્ચયના અભાવથી સ્વકાર્યથી અસિદ્ધિથી શોક થાય છે, અને તે શોકની નિવૃત્તિ ભગવાનના મનના નિયામક ભાવના પોષક ઉદય પામેલા અલૌકિક ચંદ્રના દર્શનથી પ્રભુના મનના આ કારણ વગેરે કાર્યના કર્તૃત્વના નિશ્ચયથી ગાન પહેલાંજ થાય છે. માટે જ આ બંનેની પૂર્વે સઘળા સ્વામિનીઓની મધ્યમાં કોઇ પણ સ્થળે તેઓ (ચર્ષણીઓ) પરમાનંદના સંબંધવાળા અગર ભગવાનના સંબંધ વાળાં ન થયાં. અત્યારે તો તે સ્વામિનીઓમાંજ છે, તેમનો ભગવાન્ સાથે સંગ થવાથી પરમાનંદ સાથે સંબંધ થવામાં તે પણ કાર્ય સિદ્ધિ થતાં ભગવાનની નિકટ આવ્યાં માટે તેમને (ચર્ષણીને) પરમાનંદ સાથેનો સંબંધ થયો. માટેજ ચર્ષણીના શોકનું હરણ કરીને તે ચંદ્ર ઉદય પામ્યા એમ કહ્યું છે.

આ રીતે મનની અને તેના દેવતાની ઉત્પત્તિ કહીને,પછીથી સંકલ્પની ઉત્પત્તિ માટે તેના શબ્દની યોનિનું નિરૂપણ કરતાં, ચંદ્રના દર્શનથી વેણુનાદ ઉત્પન્ન થયો એવું કહે છે.

**मूलम्** दृष्टवा कुमुद्वन्तमखण्डमण्डलं रमाननाभं नवकुंकुमारुणम् ।।
वनञ्च तत्कोमलगोभिरञ्जितं जगौ कलं वामदृशां मनोहरम् ।। ३ ।।

**अन्वयार्थ -** પૃથ્વી ઉપર સર્વને આનંદ આપનાર, પૂર્ણમાણ્ડળવાળો, લક્ષ્મીના મુખની શોભાવાળો, નવા કુંકુમના જેવા અરુણ આવા ચંદ્રને તથા તેનાં કોમળ કિરણોથી વનને રંજિત (રાગ યુકત) થયેલુ જોઇને ભગવાને સુંદર નેત્રોવાળાં ગોપીઓના મનનું હરણ કરે તેવી રીતે મધુર ગાન કર્યું.

**श्रीसुबोधिनीजी-** કુમુદ્વાન-ચંદ્રે પૃથ્વીમાં સર્વ સ્થળે મોદ - આનંદ કર્યો. ચંદ્રનું તેમ કરવાનું સામર્થ્ય તે ચંદ્ર આખણ્ડલ મણ્ડળવાળો છે. માટે (જેના મણ્ડળમાં ખંડ નથી અર્થાત્ સંપૂર્ણ છે.) વળી રસની ઉત્પત્તિમાં તેનું વિભાવત્વ પણ છે એવું જણાવવાને તેને લક્ષ્મીના મુખની શોભાથી વ્યકત કહ્યો છે. લક્ષ્મીનો આ (ચંદ્ર) ભાઇ છે માટે લક્ષ્મીના મુખની માફક આ કાન્તિવાળો કહ્યો. વળી નવા કંકુની માફક અરુણવર્ણવાળો તે છે. આથી વિવાહ સમયે જેમ લક્ષ્મીનું મુખ હોય છે તેવો આ ચંદ્ર અત્યારે છે. માટે તે નવીન કામ ઉત્પન્ન કરનાર છે. વળી વન પણ રસપોષક છે કારણ કે તે (વન) ચંદ્રના કોમલ-અલ્પ કિરણોથી આજુબાજુએ બધે કંઇક રાગયુકતછે, કિરણો રસનું દોહન કરનારાં છે. વનમાં જ તેમનું રક્ષણ કરવાપણું છે. માટે કિરણને બદલે મૂળમાં ''ગો'' શબ્દ વાપર્યો છે. ચંદ્રની કાન્તિ લક્ષ્મીના મુખની કાન્તિની બરાબર છે એમ પૂર્વે નિરૂપણ કરેલું હોવાથી જેમ લક્ષ્મીના નવા કટાક્ષો ભાવના ઉદયમાં હેતુ છે તેમ આ પણ છે એમ જણાવવાને 'પણ' કહ્યું છે. ગોપ શબ્દનો અર્થ ઇન્દ્રિયોનો વાચક પણ છે તેથી હમણાં ભાવની ઉત્પત્તિ જ કહી છે, એને તેનુ પોષણ તો સ્વામિનીના આગમનાદિથી આગળ થશે એમ જણાવવાને તેની પૂર્વે 'કોમલ' વિશેષણ વાપર્યું છે. જો એનાથી વન પણ રાગયુકત થાય છે તો પછી જેને વાસ્તે એ આવ્યો છે તેને તે રાગયુકત કેમ કરે નહિ ? પછીથી સંકલ્પ દ્વારા કામની ઉત્પત્તિમાં સર્વ કાર્ય થશે એમ સૂચવવાને અવ્યકત જેમ થાય તેમ ગાન કર્યું. અને તે ગાન સુંદર દ્દષ્ટિવાળી સ્ત્રીઓને મનોહર બન્યું માટે ''ગાનારાને સ્ત્રીઓ ચાહે છે'' એ શ્રુતિના અર્થથી, ગીતથી સર્વને નોતર્યા એમ કહ્યું છે. જો વ્યકત મધુર ગાન કરે તો ગીતનું શ્રવણ કરતાં ત્યાં જ સ્થિત થાય. જેની દ્દષ્ટિ ઉત્તમ નહોતી તેમને બોલાવ્યાં નહોતાં.

**વિવેચન-** આ રીતે રમણ માટે પ્રથમ પોતે સંકલ્પ કર્યો અને ત્યાર પછીથી તે સંકલ્પની અલૌકિકતા માટે તેના અધિષ્ઠાતા દેવતાને પણ ઉત્પન્ન કર્યા હવે તે સંકલ્પને અમલમાં શી રીતે મૂકી શકાય તેના સાધન તરીકે 'વેણુનાદ' કર્યો એમ કહેવામાં આવે છે. મન, વાણી અને કર્મ, એ ત્રણ ક્રમપ્રમાણે હોય છે. પ્રથમ કોઈપણ કાર્ય માટેનો વિચાર આપણા મનમાં ઉત્પન્ન થાય છે. ત્યાર પછી વાણી દ્વારા આપણે તેને બહાર મૂકીએ છીએ, અને પછી તેને આચારમાં મૂકવામાં આવે છે. વિચારને જો વાણી દ્વારા બહાર પાડવામાં ન આવે તો તે વિચાર અમૂર્ત અને અવ્યકત રહે છે. તેથી તેની શકિત કંઈપણ પ્રયોજન સિદ્ધ કરી શકતી નથી તેટલા માટે ભગવાનને જે સંકલ્પ ઉત્પન્ન થાય છે તેને વાણી દ્વાર બહાર પાડવો જોઈએ. જો એ રીતે વાણીથી બહાર ન પાડે તો જેને માટે તે છે તેને એ બાબતની શી ખબર છે ? વાણી પણ જુદા જુદા પ્રકારની છે પણ તે સર્વમાં સંગીતમય વાણી કોઈપણ કાર્યને સત્વર સિદ્ધ કરે છે. આમ હોવાથી સંગીતમય વાણી દ્વારા પોતાનો શુભ સંકલ્પ જણાવવાને માટે પ્રભુએ વેણુનું કૂજન કર્યું. એવું આ કિરણોથી રકત વનને જોઇને ભગવાને સુંદર દૃષ્ટિવાળી સ્ત્રીઓના મનનું હરણ કરે તેવું ગાન કર્યું એમ આ શ્લોકમાં કહેછે. પ્રથમ શરદની સુંદર રાત્રિઓ જોઇને, રમણ માટે પોતે મન કર્યું. ત્યાર પછી તે મનના અધિષ્ઠાતા ચંદ્રને પ્રકટ કર્યો. હવે આ ચંદ્રદર્શનથી પોતાનો સંકલ્પ વધારે ઉત્તેજીત થયો, અને તેથી અવ્યકત મધુર ગાન પ્રભુએ કર્યું અહિંઆ ચંદ્રને કુમુદ્વાન કહ્યો છે. પૃથ્વી ઉપર સર્વને આનંદ આપનાર છે તેથી એમ સૂચવે છે કે તે ચંદ્રની માફક ભગવાનનું મન પણ રમણ દ્વારા સ્વામિનિઓને આનંદ આપનાર છે. વળી તે અખણ્ડમણ્ડળ છે, તે સમસ્ત કલાઓથી શોભતો હતો. ભગવાનનું મન પણ સમ્યક પ્રકારે રસથી યુકત હતું તેથી તેમને પણ સમ્યક રમણ કરવાની ઇચ્છા છે. રમણ લૌકિક રમણની માફક ખણ્ડિત નથી વિકારીભાવ યુકત નથી એવો અર્થ ફલિત થાય છે. પછીનાં બીજા બે વિશેષણોથી તે રસભાવની નૂતનતા સૂચવે છે (તે તુલ્ય) ભગવાન સ્વામિનીઓને એવા રસનું પ્રદાન કરવા માગે છે કે પૂર્વે બીજા કોઈએ તે રસદાન કર્યું નથી, જેમ વન ચંદ્રનાં કોમળ કિરણોથી રાગયુકત બન્યું છે તેમ ભગવદ્રસના આધેયભૂત સ્વામિનીઓનાં હૃદય પણ રાગયુકત છે. માટે હવે તે રમણ માટે કોઇ પણ વિલમ્બ કરવો નહિ એવું સૂચન ધ્વનિથી સમજાય છે. અહિંઆ ચંદ્રોદય તથા વનદર્શનને રસના ઉદ્દીપન વિભાવ તરીકે વર્ણ્યા છે.

પછી સર્વ સ્ત્રીઓ આવી એમ કહે છે.

**मूलम्** निशम्य गीतं तदनंगवर्धनं व्रजस्त्रियः कृष्णगृहीतमानसाः ।।
आजग्मुरन्योन्यमलक्षितोधमाः स यत्र कान्तो जवलोलकुण्डलाः ।। ४ ।।

**अन्वयार्थ** - કૃષ્ણથી જેમના મનનું ગ્રહણ થયું છે એવી, જેમને એકબીજાના પ્રયત્નો અજ્ઞાત છે અને જેમના કુણ્ડળો વેગથી કમ્પિત છે એવી વ્રજસુંદરીઓ કામની વૃદ્ધિ કરનાર ગીતનું શ્રવણ કરીને જયાં પોતાના કાન્ત હતા ત્યાં આવ્યાં.

**श्रीसुवोधिनीजी** - જો કે ભગવાને તો કુમારિકાઓને જ બોલાવી હતી તો પણ આહ્વાન સર્વને સરખું છે અને નિરોધ પણ કરવો જોઇએ માટે સર્વજ આવ્યાં. વળી જે ભગવાને ગાન કર્યું તે અનંગની વૃદ્ધિ કરે છે, અંગનો નાશ કરે છે, માટે નૂતન ઉત્પન્ન થયેલા કામે તેમને આણ્યા, વળી વ્રજની સ્ત્રીઓ પહેલાં પણ ભગવદીયો હતી, માટે તેમના મન કૃષ્ણથી ગૃહીત થયાં. આથી જલદી જ જયાં તેમના કાન્ત (કૃષ્ણ) હતા ત્યાં આવ્યાં, આથી જેમનું આહ્વાન કર્યું હતું તે જ પ્રથમ આવ્યાં એમ કહ્યું છે તેમને ભગવાન મુખ્ય કાન્ત હતા. આથી જ જેમનો ઉદ્યમ પરસ્પર અલક્ષિત છે એવી તે દરેકે ભગવાનને પતિ તરીકે સ્વીકાર્યા. જેનો પૂર્વે સ્વીકાર કરાયો છે તે કાન્ત છે. તેમને શરીરવિચારમાં પણ દૃષ્ટિ ન થઇ તે જણાવવાને કહેછે કે વેગથી તેમનાં કુણ્ડળો કમ્પિત હતાં. આથી કર્ણપીડાનું પણ અનુસંધાન નહોતું એમ જણાવ્યું. આથી તે ગૌડદેશસ્થ સ્ત્રીઓ જે કુમારિકાઓ હતાં, તે ત્યાં આવ્યાં. પૂર્વે મથુરાદેશમાં સ્થિત કરનાર અનાગરીઓનાં પણ કુંડલ જ હતાં, અથવા કુણ્ડળ એટલે તાટક નામનું કર્ણનું આભૂષણ છે.

### શ્રી ગોપીજનનું ત્વરિત ગતિએ ગમન :

### ગીતન અનંગની વૃદ્ધિ કરનાર શા માટ કહ્યું ?

**विवेचन**- ભગવાનના ગાન પછી વ્રજસુંદરીઓ પ્રભુની પાસે રતિક્રીડાની ઇચ્છાથી આવ્યાં. વેણુનાદદ્વારા પ્રભુના રમણનો સંકલ્પ તેમણે જાણ્યો કે તુર્તજ તેઓ ત્યાં આવ્યાં. કેવા ગોપીજનો ? તો કહે છે જેમનું મન કૃષ્ણથી ગૃહીત થયું હતું. ગીત શ્રવણ કરતાંની સાથે જ તેમની સર્વ ચિત્તવૃત્તિઓનો પરિહાર થયો હતો. ચિત્તના સર્વ લૌકિક વ્યાપારો શમી ગયા હતા; અને તે હવે પ્રભુવિષયક બન્યા. પ્રભુનું જ ચિંતન તેમને સ્ફુરવા લાગ્યું, પ્રભુનીજ લગની તેમને થઇ વળી તે ગોપીઓને એક બીજાના ઉદ્યમ અજ્ઞાત હતા. તેઓ પ્રભુની પાસે જવાને એટલી બધી ત્વરાવાળાં અને ઉત્કટ ઇચ્છાવાળા હતાં, કે જયારે તેમણે ગમન કર્યું ત્યારે તેમના કર્ણ ઉપર જે કુણ્ડળો હતાં તે પણ કંપિત થયાં આથી કર્ણવેદનાનું અનુસંધાન પણ તેમને રહ્યું નહિ. બીજા કોઇપણ વિચાર કર્યા સિવાય ભગવાનનું

ગીત શ્રવણ કરીને વિના વિલંબે તે વનમાં જ્યાં શરદઋતુની રળીઆમણી રાત્રિનો ચંદ્ર ઉદિત થયેલો હતો ત્યાં તેઓ આવ્યાં. લૌકિક સર્વ બન્ધનોને તોડીને તેઓ પ્રભુ પાસે ગયાં. શાથી તેઓ આટલી ઉત્સુકતાથી પ્રભુની પાસે ગયાં ? આનું કારણ જણાવે છે કે પ્રભુનું ગીત અનંગની વૃદ્ધિ કરે એવું હતું. તે ગીતે જ તેમને દેહના સંધાનનું વિસ્મરણ કરાવ્યું. અનંગની વૃદ્ધિ કરનાર ગીત વેણુથી કર્યું એમ કહેવાનું ખાસ પ્રયોજન એ છે કે પ્રભુની આ લીલા ભકતના નિરોધ માટે છે અને નિરોધ એટલે પ્રપંચનો લય. પ્રપંચનો લય થાય તેટલા માટે પ્રભુએ ભકતના હૃદયમાં પધારવું જોઇએ. જેમ અગ્નિનો કાષ્ઠમાં પ્રવેશ થવાથી, કાષ્ઠનો લય થાય છે તેમ પ્રભુનો હૃદયમાં પ્રવેશ થાય તો પ્રપંચનો લય થાય. આ પ્રપંચના લયકર્તા તરીકે વેણુનાદને કહ્યો છે. તે અનંગની વૃદ્ધિ કરે છે, અંગાભાવ એટલે દેહાભાવની, વૃદ્ધિ કરે છે અર્થાત તે એવું અલૌકિક છે કે તે સંસારનો નાશ કરે છે અને તેમ હોવાથી તે જીવને પુનર્દેહ ધારણ કરવો પડતો નથી, તેના અપુનભાવને વધારનારૂ એ ગીત છે. તે ગીત સંસારના સંબંધને છોડાવનારું હતું. પ્રપંચનો લય કરનાર હતું. આ ગીતે સ્વામિનીઓમાં પણ સ્થિત રહેલા કામને ઉદિપ્ત કર્યો. આથી તેઓ પ્રભુ પાસે ગયાં. અહિંઆ ''ગીત'' એ ઉદ્દીપન વિભાવ છે. પ્રભુને મળવાને માટે અંગમાં વિહવળતા દોડવું વગેરે અનુભાવો છે. ચિત્તમાં ઉત્પન્ન થયેલી અત્યન્ત ઉત્કણ્ઠા, સંસાર ઉપરનો કંટાળો, હૃદયની તાલાવેલી તનમનાટ એ આ ઉદ્દીપન વિભાવના વ્યભિચારી (સંચારી) ભાવો, કાર્યો માનસિક વ્યાપારો છે. ''અનંગની વૃદ્ધિ કરનાર'' એ શબ્દથી પરિકર અલંકારનો નિર્દેશ થયેલો છે. નાયિકા અભિસારિકા છે એમ જણાવ્યું છે જે સ્ત્રી કામવશ થઇને સ્વામીને સંકેત સ્થળમાં તેડી જાય અથવા પોતે તે સ્થળમાં તેડી જાય અથવા પોતે તે સ્થળમાં જાય તે અભિસારિકા કહેવાય છે. અહિંઆ ચંદ્રના અજવાળામાં અભિસરણ કરે છે માટે ''જ્યોત્સનાભિસારિકા'' નાયિકા કહેવાય છે.

પ્રસંગથી અન્ય પણ ત્યાં આવ્યાં એમ કહે છે.

**मूलम् दुहन्त्यो भिययुः काश्चिद् दोहं हित्वा समुत्सुकाः ।**
**पयोधिश्रित्य संयावमनुद्वास्यापरा ययुः** ।। ५ ।।

**अन्वयार्थ-** કેટલીક જે દોહતી હતી તેમણે (સમ્યક) ઉત્સુક થઇને દોહવાનું પડતું મૂકયું. કેટલાકે ચૂલા ઉપર દૂધ રહેવા દીધું. અને કેટલાકે ખીરને ચૂલા ઉપર જ રહેવા દીધી અને ત્યાં ગયાં.

**શ્રીસુવોધિનીજી-** અથવા તે ક્રિયાપરાયણ સોળ હઝાર ગોપીઓથી જુદા નવ પ્રકારનાં અગર દશ પ્રકારના આવ્યાં. ગુણો ત્રણ પ્રકારના હોવાથી નવ પ્રકાર છે; અને નિર્ગુણ અને કુલધર્મ પરાયણ એમ ત્રણ પ્રકારના કહ્યા છે. અહિંઆ ગોપજાતિનું કથન છે. તેઓ દુગ્ધપરાયણ હોય છે તેઓ દુગ્ધની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે તે ત્રણ પ્રથમ કહી છે. આ પ્રકારનાં પણ યૂથમાં આવ્યાં એમ કહેવાને બહુવચન વાપર્યું છે. કેટલીક દોહતીહતી તે દોહનરૂપી કર્મનો મધ્યમાં ત્યાગ કરીને ભગવાન તરફ ગઇ. ગાય અને વાછરડાંને જયારે બાંધતા હતાં. દોહવાના વાસણમાં અડધું દૂધ ભર્યું હતું તે સમયે દોહનકર્મનો ત્યાગ અશકય છે, તો પણ તે સમયે (પ્રભુ પાસે) આવ્યાં. સમાગમનો હેતુ કહે છે, તેઓ ઘણાં ઉત્સુક થયાં હતાં. કોણ જાણે ક્ષણ પછી ભગવાન,કયાં જશે એમ માનીને બીજાં વળી દૂધને ચૂલા ઉપર રહેવા દઇને તેમ ને તેમ ગયાં. ભોજનને માટે દૂધમાં રાંધેલા કણને સંયાવ કહે છે. તેમનો જો દાહ થાય તો તે પૂરેપૂરા નાશ પામે. આથી સંયાવ શબ્દથી પકવ દશા કહી છે. માટે તેમને ઉતાર્યા સિવાય કેટલાંક ગોપીઓ આવ્યાં. ''બીજા'' કહીને ગુણથી ભિન્ન સ્વભાવવાળાં આવ્યાં એમ કહે છે.

**વિવેચન---** ગોકુલસ્થ ભકતોએ પ્રભુના વેણુનાદને શ્રવણ કર્યો તે સમયે તે ભકતો સંસારના કાર્યોમાં રોકાયલાં હતાં. પણ તે વેણુદ્વારા કરેલું આહ્‌વાન એટલું બધું પ્રબળ હતું કે તેણે તેમના ચિત્તને સાંસારિક વ્યાપારોમાંથી ખસેડયા તેમને પોતાનો ધર્મ શું છે તેનું ભાન કરાવ્યું. તે શબ્દ સાંભળતાંની સાથે પ્રભુનો સંદેશો શો હતો તે સમજી ગયાં. પ્રભુએ તે શબ્દ તેમને માટે જ કર્યો છે એ તેમણે જાણી લીધું. એટલે હવે તેમને આ સંસારની જરૂર નથી. આ સંસારને માટે તેમનું જીવન નહોતું એમ તે સમજયાં. માટે તે સમયે પોતાનું કામ અધૂરૂ રહેવા દઇને પ્રભુની પાસે જવાની તૈયારી કરવા લાગ્યાં.

## નવ પ્રકારનાં ગોપીજન

આ ગોપીજનો (ભકતો) નવ પ્રકારનાં હતાં. પ્રકૃતિના ત્રણ ગુણો અનુસાર કેટલાક ભકતો રાજસ હોય છે, કેટલાક સાત્વિક અને કેટલાક તામસ. આમાં પણ કેટલાકમાં રજોગુણ મુખ્ય હોય છે, કેટલાકમાં સત્ત્વગુણ હોય છે અને કેટલાકમાં તમઃ ગુણ છે. આથી નવ પ્રકારનાં ગોપીજન થયાં-રાજસ રાજસી, સાત્વિક રાજસી, તામસ રાજસી, રાજસ સાત્વિકી, સાત્વિક સાત્વિકી, તામસ સાત્વિકી, રાજસ તામસી, તામસ તામસ આ ઉપરાંત નિર્ગુણાનો પણ પ્રકાર હતો. રજોગુણનું કાર્ય ઉત્પન્ન કરવાનું, સત્વગુણનું પોષણ કરવાનું અને તમોગુણનું નાશ કરવાનું છે:

અહિંયા જે આ ગુણો પ્રમાણે ભેદો આપ્યા છે તે રસની દૃષ્ટિએ છે. સામાન્ય રીતે જે અર્થે પ્રકૃતિના ગુણો વપરાય છે તે અર્થમાં નહિ. કારણ કે આ તો ભકતો હતાં, એટલે તેઓ પ્રકૃતિના ગુણોની અસર નીચે નહોતાં. માટે અહિંયા જે ગુણોનું વર્ણન છે તે અલૌકિક રીતે છે. ભાવને ઉત્પન્ન કરે તે રજોગુણ, તેનું પોષણ કરે તે સત્ત્વગુણ અને તેનો લય કરે તે તમોગુણ.

### આ શ્લોકમાં રાજસીના ત્રણ પ્રકાર

આ શ્લોકમાં રાજસીના ત્રણ પ્રકાર છે. રાજસરાજસી, સાત્ત્વિક રાજસી અને તામસ રાજસી. આ ભકતો ગોપજાતિનાં છે. ગોપજાતિનું મુખ્ય કામ દોહન કર્મ છે.

ગાયોને દોહીને તેનું નવનીત બનાવવું અર્થાત્ ઈન્દ્રિયોનું મંથન કરીને તેને પ્રભુમાં સ્નેહમય બનાવવી. માટે અહિંયા તેમની દોહન ક્રિયાનું વર્ણન કરે છે. દૂધ દોહીને તેમાંથી નવનીતને ઉત્પન્ન કરનાર અર્થાત્ ઈન્દ્રિયોનો નિગ્રહ કરીને તેમને ભકિતભાવ તરફ વાળનાર હોવાથી ભકિતરસને તે ઉત્પન્ન કરે છે. માટે જ તે રાજસી મુખ્ય રીતે કહી છે. અને તેના અવાન્તર ત્રણ ભેદો પણ આમાં છે. જેઓ વેણુનાદના શ્રવણ વખતે ફકત દોહવાનું જ કામ કરતાં હતા. અર્થાત્ દૂધને ઉત્પન્ન કરવાનું તે રાજસ રાજસી કરતાં હતાં. કેટલાંકે તો દૂધને ચૂલા ઉપર મૂક્યું હતું, અર્થાત્ ઉત્પન્ન થયેલા દુધની સ્થિતિ કરતાં હતાં માટે તે સાત્ત્વિક રાજસી હતાં. અને છેલ્લાં જેમણે બળતા ચૂલા ઉપર દૂધ મૂકેલું તેમણે તેને ત્યાંને ત્યાં રહેવા દીધું અર્થાત્ તે દૂધ બળી જશે તેની પણ દરકાર ન કરી માટે તે લય કરનાર તામસ રાજસી હતાં.

આમને નીચે પ્રમાણે સમજાવી શકાય.

**अवान्तर प्रकार**

**मुख्य प्रकार** **१ राजस** દૂધની ઉત્પત્તિ કરે છે. દોહનક્રિયામાં વ્યાપૃત
**राजसी** **२ सात्विक** ઉત્પન્ન થયેલા દૂધને ચૂલા ઉપર મૂકે છે. (દૂધની સ્થિતિ કરે છે.)
**३ तामस** બળતા ચૂલા ઉપર એમને એમ રહેવા દે છે. દૂધનો લય કરે છે.

આ રીતે ત્રણ રાજસી કહી હવે સાત્ત્વિક કહે છે.

**मूलम् परिवेशयन्त्यस्तद्धित्वा पाययन्त्यः शिशूनथ ।**
**शुश्रूषन्त्यः पतिन्काचिदश्नन्त्योऽपास्य भोजनम् ।। ६ ।।**

**अन्वयार्थ-** જે પીરસતાં હતાં, કે બાળકોને પીવડાવતાં હતાં; (ધવડાવતાં હતાં), પતિની સેવા કરતાં હતાં, ભોજન ખાતાં હતાં તે ભોજનનો ત્યાગ કરીને આવ્યાં.

**શ્રીસુબોધિનીજી-** પતિ અપત્યોની સેવા એ સ્ત્રીનો ધર્મ છે. તેમાં પતિના ભોજન અને શયનમાં સ્વધર્મ છે. અતિ બાલકપુત્રોને સ્તનપાન કરાવવું તે પણ સ્ત્રીઓનો સ્વધર્મ છે અને પીરસવું એ સૃષ્ટિ જ છે. કારણ કે ભોજન બીજનું ઉત્પાદક છે, સ્તનપાન એ પાલન છે. બાકીનું પ્રલય છે. તમામ સ્થળે તે તે કામનો ત્યાગ કરીને ગયાં. અન્ય શબ્દથી તામસ ગોપીઓનું આગમન કહ્યું છે અશન કરતાં કરતાં ભોજનનો ત્યાગ કરીને આવ્યાં.

### સાત્ત્વિકીના ત્રણ પ્રકારનું વર્ણન

**વિવેચન-** અહિંયા સાત્ત્વિકીના ત્રણ પ્રકારો કહે છે. આ ગોપીજન ભોજન પીરસવાનું કાર્ય કરતાં હતાં. જીવનના પોષણનો આધાર ભોજન ઉપર છે.

ભાવનું પોષણ કરનાર આ હોવાથી તેમને સાત્ત્વિકી કહ્યાં છે.

તેમાં જેઓ પીરસતાં હતાં તે રાજસ સાત્ત્વિકી છે. પીરસવું એટલે સૃષ્ટિ ઉત્પન્ન કરવી. કારણ કે ભોજન પીરસવાથી અન્ન દેહમાં જતાં ત્યાં રેતાને ઉત્પન્ન કરે છે માટે આ ક્રિયામાં પરાયણ બનનાર રાજસ સાત્ત્વિકી હતાં. કારણ કે બાળકોને દુધ પાનારાં સાત્ત્વિક સાત્ત્વિકી હતાં. દુધ પીવાથી બાળકોનું પોષણ તથા સ્થિતિ રહે છે. પતિની સેવા કરનારાં તે તામસ છે કારણ કે પોતાના પતિની સેવા કરવાનું મૂકી દઈને અન્ય તરફ તેઓ જવાને દોડે છે. અર્થાત્ તે પતિ તરફના ભાવનો લય કરે છે. અગર પતિની સેવા એ ભોગપ્રધાન હોવાથી તેનાથી પારમાર્થિક બુદ્ધિનો નાશ થાય છે અને નાશ કરવુ તે તમોગુણનું કાર્ય છે. માટે તે તામસ સાત્ત્વિકી કહેલ છે. આ ત્રણે પ્રકારનાં પણ વેણુનો શબ્દ સાંભળતાંની સાથે પોતાના કામને અધૂરૂં રહેવા દઈને જવાને તૈયાર થયાં.

અહિંયા બતાવેલા ભેદ

| મુખ્ય પ્રકાર | અવાન્તર પ્રકાર | |
|---|---|---|
| | ૧ રાજસ | ભોજન પીરસવાના કાર્યમાં પરાયણ ભોજન રેતાને ઉત્પન્ન કરે છે. માટે રજોગુણ કાર્ય |
| સાત્ત્વિકી | ૨ સાત્ત્વિક | બાળકોને દૂધ પાનાર. દૂધ બાળકોનું પોષણ કરે છે. માટે સત્વ ગુણ કાર્ય. |
| (ભાવનું પોષણ કરે છે માટે) | ૩ તામસ | પતિ શુશ્રુષા કરનાર પરમાર્થ બુદ્ધિનો નાશ કરનાર માટે તમોગુણકાર્ય. |

मूलम् लिम्पन्त्यः प्रमृजन्त्योडन्या अञ्जन्त्यः काश्च लोचने ।
व्यत्यस्तवस्त्राभरणाः काश्चित्कृष्णान्तिकं ययुः ।। ૭ ।।

**अन्वयार्थ** - કેટલીક શરીરને લેપન કરતી હતી, કેટલીક સ્નાન કરતી હતી, અને કેટલીક લોચનમાં અંજન આંજતી હતી. તેઓ પણ તે કર્મોનો ત્યાગ કરીને, અવળાં વસ્ત્ર તથા આભૂષણો પહેરીને કૃષ્ણની પાસે ગયાં.

**श्रीसुबोधिनीजी** - શરીરને અનુલેપન કરતી; તથા ઉદ્વર્તનાદિક અભ્યંગ સ્નાન કરતાં અગર ગૃહને લીંપતા તથા આભરણ અને વાસણો માંજતા કેટલાંક ત્યાંથી ગયાં. અહિયાં પણ પહેલાંની માફક ક્રમ છે. શરીરસેવા કરતાં ગોસેવા મુખ્ય છે, અને તેના કરતાં પતિસેવા મુખ્ય છે. કેટલાંક લોચનમાં અંજન આંજતા હતાં એમ કહીને નિર્ગુણ છે એમ કહે છે. કોઈક એમ કહીને તેનો દુર્લભ અધિકાર જણાવ્યો છે. તે ગોપીઓ જ્ઞાનમાર્ગને શુદ્ધ કરનાર છે માટે તે નિર્ગુણ છે. તેમના આગમન વખતે તેમણે દેહનો પણ વિચાર કર્યો નહિ. તો પછી દેહના ધર્મોનો તો ક્યાંથી કરે તે જણાવવાને વસ્ત્રો અને આભૂષણો અવળાં પહેર્યાં એમ કહે છે. કપડાં અને ઘરેણાં અવળાં પહેરાયાં આ પ્રમાણે સર્વેનો સાધારણ ઉદ્યમ નિરૂપાયો. કેટલાકો વ્યત્યાસ એટલે માર્ગગતિ એમ કહે છે. તેની મધ્યમાં પણ તે ગોપીઓમાં તે કૃષ્ણની પાસે ગયાં. વળી જેઓ શબ્દપરાયણ હતા તેઓ ઉદયુકત તથા છતાં પણ આવ્યાં નહિ. પણ જેઓએ શબ્દની અપેક્ષાનો ત્યાગ કરેલો તથા સર્વરીતે નિરપેક્ષ બનેલાં તથા વિપરીત આવશ્યક દેહધર્મોવાળાં હતાં તે ભગવાનની પાસે આવ્યાં.

**(विवेचन)** આ તામસી ગોપીઓનું વર્ણન છે.તે પણ રાજસી તામસી, અને સાત્ત્વિક અને તામસતામસી એમ ત્રણ પ્રકારના છે. આ ગોપીઓએ અંજનાદિક કાર્યનો ત્યાગ કર્યો. દોહનાદિ કાર્ય કરતાં આ કાર્ય મંડનરૂપ છે, કારણકે અંજન એ શરીરનું ભૂષણ છે. તેના સિવાય શરીરની શોભા સંભવતી નથી. શોકજનક આ કાર્ય (અંજન) નો ત્યાગ ગોપીજનો માટે અનુચિત છે અને અશક્ય છે છતાં પણ તેમણે તે ત્યાગ કર્યો. આથી તેમનો અધિકાર દુર્લભ છે એમ જણાવ્યું છે, વળી તે જ્ઞાનમાર્ગમાં શોધક છે. આ ગોપીઓમાંથી જેઓએ પોતાના પતિના શબ્દની ઉપેક્ષા કરી તેઓ જ પ્રભુ પાસે ગયાં, અન્ય નહિ. આ ગોપીજનો પ્રભુ પાસે જવાને એટલી અત્યન્ત ઉત્કંઠાવાળાં હતાં કે તેઓને પોતાનાં વસ્ત્ર અને આભરણની પણ દરકાર કરી નહિ. વસ્ત્રાદી અવળાં પહેર્યાં છતાં તેમને તે વિષેનું ભાન થયું નહિ, પ્રભુ વિષયનું જ અનુસંધાન તેમનામાં હતું; અન્યનું નહિ, આમાં કામની દશ દશાઓમાં અભિલાષ દશાનું નિરૂપણ કર્યું છે.

**શ્લોકમાં જણાવેલી તામસી શા માટે ?**

**વિવેચન -** શરીરની સેવા કરતાં ગોસેવા અધિક છે અને તેના કરતાં પતિની સેવા અધિક છે. આ ગોપીજન શરીરસેવામાં વધારે રોકાયેલાં હોવાથી તામસી છે. કારણ શરીરસેવા તે તમોગુણનો ધર્મ છે. આથી શ્લોકમાં જે ભકતોનું વર્ણન છે. તે તામસ છે. આ ગોસેવાપરાયણ છે. તેઓ રાજસ છે. કારણ ગોસેવા એ રાજસધર્મ છે. શ્લોક ૫ માં તેનું વર્ણન ઉપર આવી ગયું . ગોસેવા કરતાં પતિસેવા મુખ્ય હોવાથી તે સાત્વિક ગણી છે. તેનું વર્ણન શ્લોક ૬માં આપ્યું છે. સર્વના આગમનમાં હેતુ કહે છે.

**मूलम् ता वार्यमाणा : पतिभि : पितृभि : पुत्रवन्धुभि : ।**
**गोविन्दापह्यतात्मानो न न्यवर्तन्त माहिता : ।। ८ ।।**

**अन्वयार्थ -** પતિઓ, પિતૃઓ, પુત્ર તથા સગાંવહાલા બંધુઓએ તેમને અટકાવ્યાં છતાં પણ ગોવિંદ ભગવાનથી જેમના આત્માનું અપહરણ થયું છે અને જે મોહિત થયાં છે એવાં તે પાછા ફર્યા નહિ.

**શ્રીસુબોધિનીજી -** '''સ્ત્રી', કન્યા હોય ત્યારે પિતાએ તેનું રક્ષણ કરવું ને પરણે ત્યારે તેના પતિએ તેનું રક્ષણ કરવું. વૃદ્ધાવસ્થામાં પુત્રે, અને આ બધાના અભાવે જ્ઞાતિજનોએ રક્ષણ કરવું. કદીપણ સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય નથી.'' એમાં કહ્યા પ્રમાણે (સ્ત્રીઓના) ચાર રક્ષકો હોય છે. માટે પતિઓએ કેટલાંકને વાર્યા. કેટલાંકને તેમના પિતૃએ, કેટલાંકને તેમનાં પુત્રોએ તથા બંધુઓએ તેઓ નિરુદ્ધ છતાં પણ ફલરસથી અનભિજ્ઞ છે. તેઓ સાધનનિષ્ઠ છે. સ્વદ્વારા જ સ્ત્રીઓનું ભજન માને છે. સ્વતંત્ર રીતે નહિ તો પણ તો પણ ગોવિંદે જેમના આત્માનું (અંત:કરણનું) હરણ કર્યુ હતું. તે તો રોકાયાં જ નહિ. નિવારણ શ્રાત છે. (જાતિએ અટકે તો વેદધર્મને અનુસરે છે.) કારણ ભગવાન પ્રવર્તક છે. ૩ પુરૂષો અંત:કરણમાં આરૂઢ છે. (અંત:કરણને વશ છે) મન કરતી નૌકા પ્રવાહના વેગથી ''ઉભી રહે ઉભી રહે'' એમ કહેવાથી અટકતી નથી. કારણ તેમને ભય અગર સ્વધર્મ (મર્યાદામાર્ગીય ધર્મ) છે જ નહિ. વળી તે મોહિત હતાં. જો તે કૃષ્ણની પાસે ન જાય તો મૂર્છિતની માફક પ્રાણનો ત્યાગ કરે. સર્વાત્મભાવ જણાવવાને હમણાં વ્રજમાં જે સ્થિત હતાં. તેમના જ આગમનનું જ્ઞાન કરાવ્યું એમ જાણવું. નહિ તો આગળ જેંઓ પોતાની પાસે હતાં એમ માનતા એ વાક્યથી જેમ વનસ્થિતિનું અજ્ઞાન પ્રાપ્ત કર્યુ તે પ્રમાણે પૂર્વે આવાગમનના જ્ઞાનને જ શા માટે સંપાદિત

ન કરે ? કીચડમાં પગ મૂકીને ધોવા કરતાં તેનાથી દૂર રહેવું એ ન્યાય પ્રમાણે ગોપિકાઓનું આહ્વાન સંપાદિત કર્યુ અને તેથી સંભવિત દોષના અભાવ સંપાદન કરવા કરતાં તેનું અસંપાદન વધારે સારૂં છે.

**(विवेचन)** તે ગોપીજનનાં અંતઃકરણનું ગ્રહણ પ્રભુએ કરેલું હોવાથી તેમને તેમના પતિપુત્રાદિએ અટકાવ્યા છતાં અટક્યાં નહિ. તેમનાં અંતઃકરણ પ્રભુએ વશ થયાં હતાં, તેથી જેમ નૌકા પોતાના નિયામકની પ્રેરણા અનુસાર ગમન કરે છે અને બીજાના કહેવાથી ઉભી રહેતી નથી, તેમ આ ગોપીજનો પણ પ્રભુની ઈચ્છાનુસારે તેમને પ્રેરણા પ્રમાણે પ્રભુની નિકટ જવાને ગમન કરતાં હતાં, તેથી તેમને તેમના પતિ વગેરેએ અટકાવ્યાં છતાં પણ તે અટક્યાં નહિ.

આ રીતે દશ પ્રકારની ગોપિકાઓની ભગવાનની સમીપ ગતિ કહીને જેમને કાલ પ્રતિબંધક હતો, અને જેઓ પૂર્વ ભકિતયુકત હતાં તેઓએ ભજનાનંદનો અનુભવ કર્યા વગર જ પ્રતિબદ્ધ સ્થિતિમાં જ સાયુજય પ્રાપ્ત કર્યુ એમ કહે છે.

**मूलम्** अन्तर्गृहगताः काश्चिद्गोप्योऽलब्धविनिर्गमाः ।
कृष्णं तद्भावनायुक्ता दध्युर्मीलितलोचनाः ।। ९ ।।

**अन्वयार्थ** - ઘરમાં રહેલાં કેટલાંક ગોપીજનોને બહાર નીકળવાનો માર્ગ મળ્યો નહિ. તેમણે - ત્યાં રહીને જ, કૃષ્ણ ભગવાનની ભાવનાથી યુકત થઈને પોતાનાં નેત્રો મીંચીને ધ્યાન કર્યુ.

**श्रीसुबोधिनीजी** - દૈવગતિથી કેટલીક ગોપિકાઓ ગૃહમાં સ્થિત થયાં હતાં. ચાતુર્યરહિત, અપ્રૌઢ, પતિસહિત, પતિથી સુરક્ષિત તે ગોપિકાઓને બહાર જવાને માર્ગ મળ્યો નહિ. આથી પ્રતિબંધની નિવૃત્તિ માટે કૃષ્ણનું જ ભાવનાસહ ધ્યાન કર્યુ. ભગવાન જાર છે અને પોતે અભિસારિકા છે એ ભાવનાથી યુકત તે બન્યાં હતાં, નહિ તો પ્રતિબંધ જ ન થાય. પણ તે ગોપિકાઓએ પોતાનાં નેત્રો મીંચ્યા અને ભગવાનનું ધ્યાન કર્યુ., તેથી તે મુકત થયાં.

**विवेचन** - કેટલીક ગોપિકાઓને બહિર્ગમનમાં તેમના પતિ તરફથી પ્રતિબંધ હતો. તેથી તેઓએ પ્રતિબંધને દૂર કરીને પ્રભુની પાસે જઈ શક્યાં નહિ. આથી તેમણે પ્રભુનું જારબુદ્ધિથી ગૃહમાં ધ્યાન કરવા માંડ્યું. આથી તેમને સાયુજય મોક્ષ પ્રાપ્ત થયો.

ત્યાં જ્ઞાનના અભાવે વિહિતભકિતનો અભાવ હતો તથા ભગવાન પણ સન્નિધિમાં નહોતા તો પછી તેમને મોક્ષ શી રીતે મળ્યો એવી શંકા કરીને કહે છે કે કર્મના ક્ષયથી તે મુકત થયાં એવું કહેવાને કર્મના ક્ષયના પ્રકારને કહે છે.

ત્યાંના જ્ઞાનના અભાવે વિહિતભકિતનો અભાવ હતો તથા ભગવાન પણ સન્નિધિમાં નહોતા તો પછી તેમને મોક્ષ શી રીતે મળ્યો એવી શંકા કરીને કહે છે કે કર્મના ક્ષયથી તે મુકત થયાં એવું કહેવાને કર્મના ક્ષયના પ્રકારને કહે છે.

**मूलम्** दुःसहप्रेष्ठविरहतीव्रतापधुताशुभाः ।
ध्यानप्राप्ताच्युताश्लेषनिर्वृत्या क्षीणमङ्गलाः ।। १० ।।

**अन्वयार्थ** - દુ:સહ પ્રિયતમના વિરહના તીવ્ર તાપથી તેમના પાપ દૂર થયાં હતાં અને પ્રભુના ધ્યાનથી અચ્યુત ભગવાનના આશ્લેષના સુખથી તેમનાં પુણ્ય પણ નિવૃત્ત થયા હતાં.

**श्रीसुबोधिनीजी** - દુ:સહ પ્રિયતમનો વિરહ જે મહાઅગ્નિ છે, તેના તીવ્ર તાપથી તેમના પાપકર્મો ભસ્મ થયાં હતાં. ફલભોગથી કર્મનો ક્ષય થાય છે એ નિર્વિવાદ છે. કોટિ બ્રહ્મકલ્પોમાં કુંભીપાકાદિ નરકોમાં જે દુ:ખ થાય છે તેટલું દુ:ખ ભગવદ્વિરહમાં ક્ષણ વારમાં થાય છે. આથી સર્વ પાપના ફલનો ભાગ પૂર્ણ થયો. હવે પુણ્યક્ષયના પ્રકારને કહે છે. સર્વ પાપનો ક્ષય થયાથી ભગવાન્ ધ્યાનમાં પ્રાપ્ત થયાં. આ ભગવાન અચ્યુત પરમાત્મા છે. ભગવાન ધ્યાનમાં પ્રાપ્ત થયાં છતાં તે જાર તરીકે નહિ. અન્યથા તેથી પણ કર્મ શેષ રહે છે. તેના આ આશ્લેષથી જે નિવૃતિ સુખ થયું તેનાથી પુણ્યમંગલ ક્ષીણ થયાં, જેમને કોટિબ્રહ્મકલ્પોમાં સ્વર્ગાદિલોકમાં જેટલા સુખનો અનુભવ થાય છે તેટલું સુખ ભગવાનને આશ્લેષ કરવાથી ક્ષણમાત્રમાં જ તેમણે અનુભવ્યું. આથી પુણ્યનો પણ ક્ષય થયો.

## અન્તર્ગૃહગતાની ધ્યાનપ્રાપ્તિ તથા પરમાત્માની સાથે સંગતિ

**विवेचन** ઉપરના શ્લોકમાં કહ્યું કે કેટલીક ગોપીઓને તેમના પતિઓએ ભગવાન પાસે જતાં અટકાવ્યાં. તેથી તેઓ ત્યાં જઈ શકયાં નહિ, પણ તેમણે ગૃહમાં સ્થિત રહીને પણ ભગવાનનું ધ્યાન ધર્યું. અને તેમ કરવાથી તેમને મોક્ષ પ્રાપ્ત થયો; ત્યાં કોઈને શંકા થાય કે આમ તે ગૃહમાં સ્થિત ગોપિકાઓને મોક્ષ શી રીતે સંભવે ? તો તેનો પ્રત્યુતર આ શ્લોકમાં છે. મોક્ષનો આધાર કર્મના ક્ષય ઉપર છે. જયાં સુધી કર્મ હોય છે ત્યાં સુધી બંધ હોય છે. કર્મનો ક્ષય નથી થયો ત્યાં સુધી મોક્ષ સંભવી શકતો નથી. મુકિતને માટે કર્મની નિવૃત્તિ થવી જોઈએ. કર્મમાં પાપ અને પુણ્ય ઉભયનો ક્ષય થવો જોઈએ, અહિંયા ગોપિકાઓએ પ્રભુનું જારબુદ્ધિથી ધ્યાન કર્યું, તેથી તેમનાં પાપ અને પુણ્ય ઉભયનો ધ્વંસ થયો, અને ધ્યાનમાં અચ્યુત ભગવાન્ આર્વિભૂત થયા અને તેમને મોક્ષ આપ્યો.

ધ્યાનદશામાં તેમણે દુઃસહ વિરહરૂપી મહાઅગ્નિથી પોતાનાં પાપકર્મોને ભસ્મીભૂત કર્યા. જે દુઃખ કોટિબ્રહ્મકલ્પ સુધી કુંભીપાક આદિ નરકમાં અનુભવાય છે તે એમણે એક ક્ષણ સમયના પ્રભુની સાથેના વિરહથી ભોગવ્યું. ક્ષણવારમાં તે દુઃખ ભોગવી લીધું અને તેથી તેમનાં પાપકર્મો ભસ્મીભૂત થયાં. વળી કોટિબ્રહ્મકલ્પ સુધી સ્વર્ગાદિ લોકમાં જે સુખનો અનુભવ કરાય છે, તે તેમણે ધ્યાનદશામાં ભગવાનને આશ્લેષ કરવાથી ક્ષણવારમાં પ્રાપ્ત કર્યો. આથી તેમના પુણ્યનો પણ ક્ષય થયો. પાપ અને પુણ્ય ઉભયનો ક્ષય થવાથી હવે તે મોક્ષનાં અધિકારી બન્યા હતા તેથી પ્રભુએ તેમને મોક્ષ આપ્યો.

**मूलम्** तमेव परमात्मानं जारबुद्‌ध्यापि सङ्गताः ।
जहुर्गुणमयं देहं सद्यः प्रक्षीणबंधनाः ।। ११ ।।

**अन्वयार्थ** - તે ગોપીઓ જારબુદ્ધિથી પણ પરમાત્માને પ્રાપ્ત થયાં. તેમના વાસના રૂપ બંધનો ક્ષીણ થવાથી તુર્ત જ ગુણમય દેહનો તેમણે ત્યાગ કર્યો.

**श्रीसुबोधिनीजी** - સુખભોગને માટે જ ભગવાનનો પ્રથમ આશ્લેષ કર્યો. ભોગ થયો તો પણ વિયોજક પાપના અભાવે તે વિયુકત થયાં નહિ. તેથી સંગતજ થયાં. શરીર તો પ્રારબ્ધ કર્મના નિર્વાણવાળું પડ્યું. જો ભગવાન આશ્લિષ્ટ ન થાય તો ત્યાં પ્રવેશ પામેલાં તે શરીરગત ધર્મ અધર્મના ફલને ભોગવત, ભગવાનમાં પ્રવિષ્ટ હોવાથી મુકત થયાં એમ કહ્યું છે, પ્રથમ સંબન્ધસમયે જો કે જારબુદ્ધિથી તે પ્રાપ્ત થયાંજ અને પછીથી કર્મબંધ ક્ષીણ થવાથી ગુણમય દેહનો ત્યાગ કર્યો. તે સમયે અજ્ઞાન અગર અન્યથા જ્ઞાન ત્રાણ ક્ષણ સુધી સ્થાયી હોવાથી વિયોજક પાપના અભાવને લીધે તેમજ અન્ય શરીરના ઉત્પાદક કર્મના અભાવને લીધે તેમનું પ્રતિબંધકત્વ ન રહ્યું પણ અવિદ્યા રહે છે તે અવિદ્યા ભગવાનની શકિત છે. ભગવાનને જે પ્રાપ્ત થાય છે. તેને તે વ્યામોહ કરતી નથી. તેથી તે પણ નિવૃત થયાં આથી તેઓ મુકત થયાં.

**(विवेचन)** ગોપિકાએ ભગવાનનું ધ્યાન કર્યું કે તુર્તજ તે ભગવાનને પ્રાપ્ત થયાં- મુકત થયાં કારણ તેમનાં વાસનાનાં બંધનો ક્ષીણ થયાં હતાં; આથી તેમણે પોતાના ગુણમય શરીરનો પણ ત્યાગ કર્યો. જો તેમણે ભગવાનને આશ્લેષ ન કર્યો હોત, તો અન્ય શરીરમાં પ્રવિષ્ટ થાત, તેથી તેમને પણ પોતાના ધર્મ તથા અધર્મનાં ફલ ભોગવવા પડત. પણ અહિઆં તો આશ્લેષ કરવાથી ફલનો ભોગ ક્ષણવારમાં થઈ ગયો અને અન્ય શરીરનાં બંધન છૂટી ગયાં પ્રથમ તો તેમણે

ભગવાન અમારા જાર છે અને અમે અભિસારિકાઓ છે એવી ભાવનાથી ધ્યાન કર્યું અને તે દશામાં આશ્લેષ કર્યો, પણ ભગવાને તેમને ધ્યાનમાં જાર તરીકે નહિ પણ અચ્યુત ભગવાન તરીકે દર્શન આપ્યાં. આથી તેમને મુકિત પ્રાપ્ત થઈ. જારબુદ્ધિથી ચિંતન કરવાથી કર્મબંધનનો નાશ થયો, અને ગુણમય દેહનો ત્યાગ કર્યો. તે સમયે તેમનામાં ભગવત્સંગનું અજ્ઞાન તથા અન્યથાજ્ઞાન તેમને પ્રતિબંધક નહોતું કારણ કે આ ગોપીજનો ભગવાનના ધ્યાનમાં મગ્ન હતાં. અજ્ઞાન અને અન્યથાજ્ઞાનનું અસ્તિત્વ ત્રણ ક્ષણ માટે જ છે. પ્રતિ ક્ષણે તે વિલક્ષણ નાશ પામતી અવસ્થાને જ હોય છે. તેથી તે ભગવત્સ્વરૂપમાં પ્રતિબંધક નહોતું. સારાંશ કે તેમની સંસારની સર્વ વાસનાઓનો ક્ષય થયો હતો. તેમની આગળ વસ્તુતઃ સંસાર જ નહોતો. તેમનાં કર્મ ક્ષીણ થયાં હતાં. આથી ધ્યાનમાં તેઓએ ભગવસ્સ્વરૂપની પ્રાપ્તિ કરી અને દેહનાં બંધનોમાંથી મુકત થયાં. જો કે ભગવાનનાં સ્વરૂપનું તેઓને જ્ઞાન નહોતું અને ભગવાનનું જારબુદ્ધિથી તેમણે ધ્યાન કર્યું હતું, તો પણ તેમનાં સર્વ પાપોનો ક્ષય થયેલો હોવાથી અજ્ઞાન અને અન્યથા જ્ઞાન તેમને મુકિતમાં પ્રતિબંધક નીવડ્યાં ન હતાં. કર્મનો ક્ષય-પાપ પુણ્યનો ક્ષય થાય તો જ મુકિત મળે. એ ઉભયનો ક્ષય આ ગોપિકાઓને થયો હતો, [અવિદ્યાને ભગવાનની શકિત કહી છે તે જ શકિત વડે જીવને સંસારનો ઉદ્‌ગમ થાય છે તે ભાગવતમાં દશમા સ્કંધના ૩૯માં અધ્યાયના ૫૫માં શ્લોકમાં અવિદ્યા ઈશ્વરની શકિત છે એમ સ્પષ્ટ કહ્યું છે. विद्ययाऽविद्यया शक्त्या मायया च निपेवितम् વળી तत्त्वदीपनिवंध માં શ્રીમદાચાર્યજીએ કહ્યું છે કે विद्याविद्ये હરેઃ शक्ती माययैव विनिर्मिते વિદ્યા અને અવિદ્યા એ હરિની શકિતઓ છે અને માયાથી તેમનું નિર્માણ કરેલું છે. આ શકિતઓ જીવને જ હોય છે. અવિદ્યા બંધન કરે છે. પણ જે ભગવાનને શરણે ગયેલો હોય તેમને વ્યામોહ કરતી નથી-તેમને બંધનકર્તા નથી. માટે ગોપીઓમાં અવિદ્યા બંધન કરનારી હતી છતાં તે અવિદ્યાએ તેમનો વ્યામોહ કર્યો નહિ.]

અહીઆ રાજા શ્રુતિના વિરોધની આશંકા કરે છે.

**मूलम् कृष्णं विदुः परं कान्तं न तु ब्रह्मतया मुने ।।**
**गुणप्रवाहोपरमस्तासां गुणधियां कथम् ।। १२ ।।**

**अन्वयार्थ** - રાજા કહે છે - હે મુનિ ! તે ગોપિકાઓ કૃષ્ણને તો કાન્ત તરીકે ગણતી હતી, બ્રહ્મસ્વરૂપે નહિ તો ગુણબુદ્ધિવાળી તે ગોપીઓનો ગુણપ્રવાહ શાથી અટકયો ?

**શ્રીસુબોધિનીજી-** તેને જાણીને મૃત્યુની પાર જાય છે (મૃત્યુને ઓળંગે છે) અયનને માટે ત્યાં બીજો પન્થ નથી એ રીતે શ્રુતિમાં જ્ઞાનનેજ સાધન તરીકે કહ્યું છે. ત્યાં કહ્યું છે વળી વિષ્ણુ તો ભકિતથીજ પ્રસન્ન થાય છે અન્ય કશાથી નહિ. તેજ મુકિતના દાતા છે. અને ત્યાં ભકિત તેમાંજ કારણ છે. ઉભયનો નિર્ણય છે. જ્ઞાનયોગવાળા મારામાં નિષ્ઠાં રાખે છે. નિર્ગુણ ભાવવાળો ભકિતવાળો હોય છે. એ બન્નેનો એકજ વિષય છે તે ભગવાન શબ્દથી ઓળખાય છે. ભકિતથી મને તે જાણે છે. એવું પણ ભગવાને કહ્યું છે. તેથી મર્યાદામાં જ્ઞાનથીજ મુકિત હોય છે, પૃષ્ટિમાં ભકિતથી અગર જ્ઞાનથી. આમને તેમ બે નથી. ભકિત પણ સગુણ છે જ્ઞાન પણ સગુણ છે અથવા બન્ને તામસ છે તો પછી તેમની મુકિત શી રીતે થઈ ? તો કહે છે. તે ગોપીઓ કૃષ્ણને પોતાના કાન્ત તરીકે જાણતા હતાં. કાન્ત એટલે પતિ અગર જાર. તે બ્રહ્મ છે એમ જાણતાં નહોતા. અહિયા મુનિ એમ સંબોધન નિર્ણયના પરિજ્ઞાનને માટે છે. અહિયા વિરોધ સ્પષ્ટ છે. તેમની ભગવાનમાં તથા પોતામાં ગુણબુદ્ધિ છે. અને ગુણબુદ્ધિ ગુણપ્રવાહનું મૂલ છે. નહિ તો ગુણબુદ્ધિનાં નિવારક શાસ્ત્રો સર્વ વ્યર્થ થાયજ. વૈદિક પક્ષનો સંભવ જ નથી. માટે ગુણબુદ્ધિથી યુકત તે ગોપિકાનો પ્રવાહ શી રીતે મટી ગયો ?

## રાજાને થયેલી શંકા કે જારબુદ્ધિથી ભગવાનની પ્રાપ્તિ શી રીતે થાય ?

**વિવેચન -** અહિયા રાજા શુકદેવજીને પૂછે છે ''હે મુનિ ! આપ કહો છો તે ગોપિકાને તેમના પતિઓએ બહાર ભગવાન પાસે જવા ન દીધાં તેથી તેમણે ગૃહમાં રહીને પ્રભુનું ધ્યાન કર્યુ. અને તેથી તેમને મોક્ષ મળ્યો. પણ મને અહિયા શંકા થાય છે કે તેઓ પોતાના કાન્ત તરીકે જાર તરીકે જાણતાં હતા. બ્રહ્મ તરીકે નહિ, તેથી એ ભાવે ભગવાનનું ધ્યાન કરવાથી તેમને મોક્ષ શી રીતે સંભવે ? તે કૃપા કરીને સમજાવો. ભગવાનને પ્રાપ્ત કરવાને જ્ઞાન અને ભકિત ઉભય સાધનો શાસ્ત્રમાં કહ્યાં છે. મર્યાદામાર્ગમાં જ્ઞાનજ સાધન છે. પુષ્ટિમાં જ્ઞાન તથા ભકિત છે; પણ તે નિર્ગુણ-ઉપાધિરહિત જોઈએ. અહિયા તે જ્ઞાન અને ભકિત ઉપાધિરહિત નથી. કારણકે ભગવાનનો અખિલ બ્રહ્માંડમાં ભર્તા અગર રક્ષક તરીકે તેમણે સ્વીકાર કર્યો છે. માટે આ જ્ઞાન અને ભકિત ઉભય સગુણ છે. તો તેનાથી મોક્ષ મળે એ અશકય છે. સર્વત્ર એક જ બ્રહ્મ છે, તેવું જ્ઞાન ધરાવનારને મોક્ષ થાય છે. ધારો કે કૃષ્ણને બ્રહ્મ તરીકે આ ગોપીઓએ જાણ્યા નથી, તો એમાં વાંધો નથી, કારણકે ઘણાઓ કૃષ્ણને બ્રહ્મ તરીકે ભજતા નથી, તો પણ વેદ શાસ્ત્રમાં બ્રહ્મજ્ઞાનને માટે જે શ્રવણ વગેરે સાધન કહ્યાં છે, તે અહિયા અવશ્ય હોવા

જોઈએ. તે વગર બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ તથા મોક્ષ સંભવતો નથી. આ ગોપીજનોમાં વેદશાસ્ત્રમાં કહેલું શ્રવણ વગેરે નથી, તેથી એમને એવી બ્રહ્મભાવના નથી. એમ હોવાથી વૈદિક પક્ષની અસંભવનાને લીધે, તેમનો મોક્ષ થવો અશક્ય છે, માટે આ શંકા કૃપા કરીને દૂર કરો. અથવા આ શ્લોકનો આશય શ્રીમદાચાર્યચરણ નીચે પ્રમાણે સ્ફુટ કરે છે.

''બ્રહ્મ તરીકેનું વિજ્ઞાન શાસ્ત્રની રીતિ પ્રમાણે હોય છે. અને તે જ્ઞાન સાત્ત્વિક થવાને લાયક છે. કારણકે સત્ત્વથી જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. આ ગોપિકાઓએ તો ગુણાતિત આનંદમય, પ્રકટ, અનંતગુણપૂર્ણ એવા બ્રહ્મના સૌંદર્યાદિ ગુણોમાં પોતાની બુદ્ધિને પરિનિષ્ઠિત (સ્થાપિત) કરી છે, એવા ભગવાનનું જ ધ્યાન કર્યુ છે. આથી તે નિર્ગુણ હોવાથી ગુણપ્રવાહની શાંતિ શી રીતે બને ? ગુણપ્રવાહની ઉપરતિ-શાંત-નિવારણથી તે પ્રતિયોગીનો સાપેક્ષ હોવાથી અભાવરૂપ છે અને અહિંયા પ્રતિયોગિનો પણ અભાવ છે. ''મુનિ'' એમ શુકદેવજીને સંબોધન કર્યુ છે તેથી એવું સૂચવે છે કે બુદ્ધિમાં સત્ત્વનો જ્યારે અવિર્ભાવ થાય ત્યારે જ જ્ઞાનનો ઉદય થાય છે અને તેથી અનુભવ સિદ્ધ થાય છે. શુકદેવજીએ આ સ્થિતિ પ્રાપ્ત કરી છે. માટે તે વસ્તુસ્થિતિ સંદેહ નિવારણ કરવાને સમર્થ છે એટલે આ પ્રમાણે રાજાની શંકા થાય છે. હે મુનિ, આ ગોપિકાઓએ કૃષ્ણને તો કાન્ત તરીકે ઓળખ્યા હતા. બ્રહ્મ તરીકે નહિ. બ્રહ્મનું સ્વરૂપ વેદના વાક્યોમાં છે, એટલે ગુણાતીત, અને આનંદમાત્રકરપાદમુખોદરાદિ અનંતગુણપૂર્ણ વગેરે તે ''ગોપીઓએ'' પ્રકટ સ્વરૂપનું ધ્યાન કર્યુ છે. ઉપનિષદ્ વાક્યોમાં બ્રહ્મ નિર્ગુણ છે, તો આવી રીતે બ્રહ્મનું ચિંતન કરવાથી, ગુણપ્રવાહની શાંતિ કેવી રીતે સંભવે ?''

તેનો ઉત્તર આપે છે,

**मूलम्** उक्तं पुरस्तादेतत्ते चैद्यः सिद्धि यथा गतः ।
द्विषन्नपि हृषीकेश किमुताधोक्षजप्रिया : ।। १३ ।।

**अन्वयार्थ** -- શ્રી શુકદેવજી બોલ્યા, મેં તમને પ્રથમ જણાવ્યું છે કે જેવી રીતે ભગવાનનો દ્વેષ કરનાર શિશુપાલ સિદ્ધિને પામ્યો તેવી રીતે ભગવાનની પ્રિય ગોપિકાઓને તે પ્રાપ્ત થાય એમાં શું આશ્ચર્ય ?

**श्रीसुबोधिनीजी** --- શિશુપાલની મુકિતના પ્રસંગમાં આ સાતમા સ્કંધમાં કહ્યું છે. જેમ ભકિત અને જ્ઞાનનાં પ્રતિપાદક બે શાસ્ત્ર સાધન છે તેમ ભગવાનનું સ્વરૂપ પણ છે. ભગવાન્ જ મુકિતનું દાન કરવાને અવતર્યા છે. સચ્ચિદાનંદ રૂપથી

પ્રકટ થયા છે. તો, જે કોઈ જે કોઈ ઉપાયથી ભગવાનમાં સંબંધ પ્રાપ્ત કરે છે તે જ મુકત થાય છે. જ્ઞાન અને ભકિતનો ઉપયોગ તો આવિર્ભાવની સિદ્ધિ માટે છે. જો બીજી રીતે આવિર્ભાવ થાય તો જ્ઞાન અને ભકિતનો ઉપયોગ નથી. અહિંયા તો ભગવાન્ જાતે જ આવિર્ભાવ પામ્યા છે. કારણકે સર્વને સાધારણ રીતે મુકિતનું દાન કરવામાં ભગવાનની ઈચ્છાનું નિયમન થઈ શકે તેમ નથી. માટે આવિર્ભાવ સ્વઈચ્છાથી છે અથવા ભકિત અગર જ્ઞાનથી થાય છે. ભગવાનના અવતાર સિવાયના કાલમાં એજ હેતુ છે. અવતારદશામાં તેમનું પ્રયોજક કાર્ય નથી. વર્ષાકાલમાં જલ સર્વત્ર સુલભ હોય છે. તેથી કૂપ અને નદીઓના ઉપયોગની શંકા કરાતી નથી. તે પહેલેથી જ સાતમા સ્કંધમાં કહ્યું છે, જેમ શિશુપાલે ભગવાન સાથે સિદ્ધિ સાયુજય પ્રાપ્ત કરી, દ્વેષ કરતો હતો તોપણ, જો કે દ્વેષકૃત દોષ પ્રતિબંધક થાય છે તો પણ સ્મરણથી તેના પાપનું હરણ કરીને તે સાયુજયને (મોક્ષને) પ્રાપ્ત થયો. વળી તેનો દોષ કોઈ પણ નહોતો, કારણકે દ્વેષાદિ દોષ પણ ભગવાને જ ઉત્પન્ન કર્યા છે. ભગવાન હૃષીકેશ છે. ઈન્દ્રિયના પ્રેરક છે. સુખ થાય તેમ ભાવને ઉત્પન્ન કરે છે. જયાં દ્વેષ પણ મોક્ષનો સાધક છે. ત્યાં વિષ્ણુના પ્રિય મુકિતને પ્રાપ્ત કરે એમાં શું કહેવું ?

## શુકદેવજીએ રાજાની શંકાનું કરેલું સમાધાન

**વિવેચન** રાજાની શંકાનો પરિહાર શુકદેવજી હવેના ચાર શ્લોકથી કરે છે ''હે નૃપ ! તમારી શંકા ઠીક છે. પણ ભગવાનનું સ્વરૂપ સમજવામાં તમારી ભૂલ થઈ છે. મેં તમને પાછળ સાતમા સ્કંધમાં કહ્યું હતું કે શિશુપાલ એ ભગવાનનો વૈરી હતો છતાં પણ ભગવાને તેના વૈરભાવને ધ્યાનમાં લીધો નહિ. પણ ઉલટું તેને મોક્ષ આપ્યો છે. આ ઉપરથી ફલિત થાય છે કે મોક્ષપ્રાપ્તિ એ જીવના જ્ઞાન અગર ભકિતના સાધનથી થઈ શકે તેમ નથી, પણ તે પ્રભુના સ્વરૂપબળથી જ થઈ શકે છે. પ્રભુના અવતાર માટે જ્ઞાન અને ભકિત એ બે સાધનો છે. ભકતો તથા જ્ઞાનીઓના આ સાધનોથી ભગવાનનું પ્રાકટ્ય થાય છે. પણ અવતારની દશામાં તો પ્રભુ પોતાના સ્વરૂપથી સાધનની અપેક્ષા સિવાય જ મોક્ષનું દાન કરે છે. મોક્ષ આપવો તે ભગવાનની ઈચ્છાને આધીન છે. ઈશ્વરની ઈચ્છાનું નિયમન કોઈનાથી થઈ શકે નહિ. પોતે જેને મોક્ષ આપવાની ઈચ્છા કરે છે તેને તે આપી શકે છે, એમાં સાધનોની જરૂર નથી. નહિ તો શિશુપાલ જેવા વૈરીને મોક્ષ શી રીતે આપી શકે ? તેનો તમે જાતે જ વિચાર કરો. ચોમાસામાં જયારે સર્વ જગ્યાઓમાં જલ ભરેલું હોય, ત્યારે કૂપ અગર નદીનો ઉપયોગ લોકો

કરવા જતા નથી. તેજ પ્રમાણે જયારે ભગવાનનું પ્રાકટ્ય હોય તો જ્ઞાન અને ભકિત એ સાધનોની અપેક્ષા રહેતી નથી. અવતારદશામાં સ્વરૂપબળથી જ મુકિતનું દાન પ્રભુ કરે છે. અર્થાત્ આખા શ્લોકનો સાર એટલો જ છે કે જેમ સામાન્ય રીતે જ્ઞાન અને ભકિતને સાધનો ગણવામાં આવે છે : તેમ ભગવાનનું સ્વરૂપ પણ સાધન છે. તે સ્વરૂપથી મોક્ષ સંભવે છે. બ્રહ્મસ્વરૂપે ભગવાનનું ધ્યાન કરે તો પણ આ મોક્ષ સંભવે છે. અહિંયા મુકિતદાનને માટે અવતીર્ણ ભગવાનનું જ સાધન તરીકે નિરૂપણ કર્યુ છે, ઉદાસીન બ્રહ્મનું નહિ. આ કૃષ્ણ સચ્ચિદાનંદરૂપે પ્રકટ થાય છે માટે જે કોઈ એ ભગવાન સાથે સંબંધ કરે છે, તેને સાધનથી (ભગવાનના સ્વરૂપસંબંધના સાધનથી મોક્ષ મળે છે. આ સંબંધ અવિચ્છિન્ન વ્યાપારવાળો હોવો જોઈએ. સતત એ ચાલુ રહેવો જોઈએ. તે બીલકુલ વિચ્છિન્ન થવો જોઈએ નહિ. તમે જે પ્રીતિ વગરનો વિરોધ દર્શાવ્યો તે વિરોધ અહિં સંભવતો નથી. કારણકે તમે ભગવાનના અવતાર પૂર્વેની દશાના સાધનોની વાત કરી, પણ અહિંયા તો ગોપિકાઓના અવતીર્ણ ભગવાનની સાથેના સંબંધની વાત છે. માટે અવતારથી પૂર્વે કાળનાં જ્ઞાન અને ભકિતરૂપી સાધનો તે ગોપિકાઓમાં નહોતાં. પણ અવતારકાલનું ભગવત્સ્વરૂપસંબંધ સાધન હતું તેથી ભગવાને પોતાના સ્વરૂપબળથી તેમને મોક્ષ આપ્યો.

અહિંયા મુખ્ય ઉપપતિ કહે છે.

**मूलम्** नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप ।।
अव्ययस्याप्रमेयस्य निर्गुणस्य गुणात्मन : ।। १४ ।।

**अन्वयार्थ --** હે રાજા ! અવિનાશી, અપ્રમેય, નિર્ગુણ અને સર્વ ગુણના આત્મા સમાન ભગવાનનો અવતાર મનુષ્યોના કલ્યાણને માટે છે.

**श्रीसुबोधिनीजी --** પ્રાણીમાત્રના મોક્ષદાન માટે જ ભગવાનનું પ્રાકટ્ય છે, માટે આ અવતાર કલ્યાણ (મોક્ષ) નેજ માટે છે. નહિં તો અસાધારણ પ્રયોજનના અભાવે તે બને જ નહિ. ભૂમિના ભારનું હરણ વગેરે તો બીજી રીતે પણ થાય છે. માટે મોક્ષનું દાન કરવા જ ભગવાનનું પ્રાકટ્ય છે. કોઈ વખતે રાજા ગમે ત્યાં જાય છે તેમ અહિંયા પણ ભગવાન કરે છે એમ જણાવવાને હે નૃપ એમ સંબોધન કર્યુ છે. અન્ય પ્રકારે તેવા ભગવાનનો અવતાર સંભવતો નથી. એમ કહેવાને ભગવાનના વિશેષણ યોજે છે. પ્રથમ ભગવાન સર્વ ઐશ્વર્યથી સંપન્ન, પરાધીન નહિ તેવા, કાલ અને કર્મના સ્વભાવના નિયામક, તથા સર્વ નિરપેક્ષ

છે તો તેમનો અવતાર શી રીતે થાય ? વળી સ્વને માટે જો કે પોતાનો અવતાર સંભવતો નથી. તો પણ પરને માટે તે હોય છે તે પણ અહિંયા નથી એવું કહે છે. અવિનાશી વગેરે ચાર પદના પ્રયોગનું પ્રયોજન આ છે. અન્યને જે કૃતિ અગર જ્ઞાનથી સાધ્ય બને છે તેનો ઉપયોગ થાય છે. ભગવાન તો અવ્યય (અવિનાશી) છે, વળી તે અવિકારી છે, તેથી કૃતિથી સાધ્ય નથી. અપ્રમેય (જાણી શકાય નહિ તેવા) હોવાથી જ્ઞાનસાધ્ય પણ નથી, વળી ભગવાન નિર્ગુણ હોવાથી દેહાદિ ભજન દ્વારા ભજનીય પણ નથી. ગુણ હોય તો જ અન્યની પ્રતિપત્તિ થાય છે જેમ ભૂખ હોય તોજ અન્નદાન સંભવે છે, કામના અસ્તિત્વમાં સ્ત્રીનો ઉપયોગ છે. ઈન્દ્રિયો હોય તોજ તેમના વિષયનો ઉપયોગ છે. તેમ અહિંયા ભગવાનના સેવકથી પૂર્ણીય અંશ કોઈપણ નથી માટે તે (ભગવાન) ભજનીય પણ નથી. વળી લીલાને માટે જો તેની અપેક્ષા હોય તો તેનું બધું તેવું પણ નથી કારણકે સર્વ ગુણના તેજ આત્મા છે. કારણકે સાધનાના પ્રકારથી અન્યનો પણ ઉપયોગ નથી. કારણકે અહિંયા સ્વ અને પરનું પ્રયોજન નથી. જો સાધનથી નિરપેક્ષ મુકિતનું દાન ન કરે તો ભગવાનનો અવતાર પ્રયોજન વિનાનો થાય.

### ભગવાનનું પ્રાકટ્ય મનુષ્યોના મોક્ષ માટે છે.

**વિવેચન --** આ શ્લોકમાં શુકદેવજી રાજાની શંકાનો વિશેષ રીતે પરિહાર કરવાને કહે છે. સચ્ચિદાનંદ ભગવાનનું પ્રાકટ્ય મોક્ષ આપવાને માટે જ છે. મોક્ષનું દાન ભગવાન જાતે જ કરે છે, ભૂમિ ઉપરનો ભાર ઉતારવાનું વગેરે કાર્ય કરવાને ભગવાનને અવતાર લેવો પડતો નથી. કારણકે તે કામ ભગવાન પોતાના વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ, અને પ્રદ્યુમ્ન વ્યૂહોથી પણ કરે છે. કેટલીક વખતે અંશાવતારથી પણ આ કરે છે, કોઈ વખત આવેશ તથા કલાથી પણ કરે છે. આ કાર્ય માટે સ્વયં પ્રાકટ્યની જરૂર નથી. સ્વયં પ્રાકટ્ય તો મનુષ્યોને મોક્ષનું દાન આપવા માટે જ છે, એમ ચોક્કસ સમજવું જોઈએ. ભગવાનનું પ્રાકટ્ય પોતાને માટે નથી, પણ અન્યને મોક્ષ માટે છે મુકિત અન્યનાં સાધનથી નિરપેક્ષ છે. ભગવાન પોતે જ આપે છે. સાધન વગરના જીવોના ઉદ્ધાર માટે ભગવાને અવતાર લીધો છે. નિઃસાધન જીવોને કલ્યાણ સિવાય બીજું અસાધારણ પ્રયોજન અહિંયા નથી, કર્મ જ્ઞાન અને ભકિત એ ત્રણે સાધનોથી પ્રભુ પ્રાપ્ત થતાં નથી એવું કહે છે માત્ર સ્વ ઈચ્છાથી જે જીવના ઉપર પોતાનો પ્રસાદ-કૃપા કરવાની ઈચ્છા થાય છે તેનું વરણ-અંગીકાર પ્રભુ જાતે જ કરે છે, અને તેટલા માટે ભગવાનનો અવતાર છે. પોતે અવિનાશી છે એટલે કૃતિનો વિષય નથી. અપ્રમેય છે, તેથી જ્ઞાનનો વિષય

નથી, અને નિર્ગુણ છે તેથી ભકિતનો વિષય નથી. આવા ભગવાનને પ્રાપ્ત કરવાને કોઈપણ સાધન નથી, ફકત પોતાની ઈચ્છા એજ સાધન છે. નિજ જીવોનો ઉદ્ધાર કરવાને અવિનાશી, અપ્રમેય અને નિર્ગુણ ભગવાન જે કૃતિ, અને ભકિતથી અપ્રાપ્ય છે, તે આ ભૂતલ પર અવતાર લે છે. જો એવું ન હોય તો ભગવાનના પ્રાકટ્યનું કાંઈ પણ પ્રયોજન રહે જ નહિ.

આમ હોય તો જે કોઈ ઉપાયથી જેનો જ સંબંધ થાય છે તેને જ મોક્ષ મળે છે.

**मूलम् कामं क्रोधं भयं स्नेहमैक्यं सौहृदमेव वा ।।**
**नित्यं हरौ विदधतो यान्ति तन्मयतां हि ते ।। १५ ।।**

**अन्वयार्थ** -- જે કોઇ ભગવાનમાં કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐક્ય અગર સૌહૃદ નિત્ય રાખે છે, તેઓ ભગવન્મય બને છે.

**श्रीसुबोधिनीजी** -- કામાદિ છ સાધનો ભગવાન્‌ના સંબન્ધમાં હોય છે, તેમાં કામ સ્ત્રીઓને હોય છે, ક્રોધ શત્રુઓને જ, ભય વધ્યોને, સ્નેહ સંબન્ધિઓને, ઐક્ય જ્ઞાનિઓનું જ, સૌહૃદ ભકતોને જ, સાખ્ય પણ તેઓમાં જ સિદ્ધ થાય છે. માટે પૂર્વે કહેલાં જ્ઞાન અને ભકિતનો અહિંઆ ઉપયોગ નથી. આમનો સ્વતંત્ર ભાવ મર્યાદાથી નિવૃત કરવામાં આવ્યો છે. એકના પણ ઉભયપણામાં સંયોગ અને પૃથકત્વન્યાયથી નિર્ણય છે. શ્લોકમાં ''वा = અથવા'' અનાદર સૂચવે છે. અગર અન્ય કોઇ પણ ઉપાય હોય, તો પણ સર્વદા તે કરવો જોઇએ. નહિ તો અન્તમાં જે મતિ છે તો જ ગતિ થાય છે. એ પ્રમાણે અન્યશેષતા પ્રાપ્ત થાય. કર્મને આધિન થવાથી અન્ત વખતે ભગવાનનું સ્મરણ થતું નથી. કારણ કે ભગવાન પણ બીજાઓની માફક પ્રપંચના વિરોધી છે. માટે જે નિત્ય ધ્યાન કરે છે તેજ તન્મયતાને પ્રાપ્ત થાય છે.

કોઇ શંકા કરે કે કામાદિ કરવાથી અન્ય દુઃખના અભિભવમાં શી રીતે નિત્ય તે સંભવે ? તો કહે છે હરિમાં (કામાદિ રાખવાના છે) હરિ સર્વ દુઃખના હર્તા છે. હમેશા ભગવાનમાં કામાદિની ભાવનાથી જગત્ ભગવન્મય સ્ફુરે છે. દૃષ્ટિ જા કામથી અનુરકત થાય, તો પછી પોતાના આત્માનું શું કહેવું ? માટે સર્વત્ર ભગવાનના આવેશથી ભગવન્મય જ તેઓ બને છે. ''જીવ, અંતઃકરણ, પ્રાણ, ઈન્દ્રીય દેહ, વિષય, ગૃહ, અર્થ અને પુત્રાદિમાં હરિ છે. માટે કામક્રોધાદિથી તેવી ભાવના કરવી કે જેથી કરીને જ્ઞાનની માફક તેનાથી પૂર્વ પ્રપંચનો વિલય થાય છે.

(૧) મર્યાદાભકિત વિહિત ભકિત (૨) સાખ્ય પણ ભકતોમાંજ હોય છે. સાખ્યમાં પરસ્પર ઉભયની ભાવનાથી હૃદયમાં સ્થિત રહેવાનું પ્રયોજક છે. નહિ તો જેમ એક કરથી તાલી પડતી નથી તેમ સાખ્ય નથી.

जीवेऽन्तःकरणे चैव प्राणेष्विन्द्रियदेहयोः ।
विषयेषु गृहेऽर्थे च पुत्रादिषु हरिर्यतः ।। १ ।।
तादृशीं भावनां कुर्यात् कामक्रोधादिभिर्यथा ।
पूर्वप्रपञ्चविलयो यथा ज्ञाने तथा यतः ।। २ ।।

## કોઇપણ ભાવથી પ્રભુને ભજનારને મોક્ષ મળે છે.

**(विवेचन)** -- આ શ્લોકનું તાત્પર્ય એ છે કે જીવ જે ભાવથી ભગવાન્‌ને ભજે છે તે ભાવથી તે ભગવાન્‌ને પ્રાપ્ત થાય છે. ગમે તો ભગવાનમાં સ્નેહ રાખે, ક્રોધ કરે, દ્વેષ કરે, વૈર દેખાડે, અગર ભય જણાવે-ગમે તેવી રીતની લાગણીઓ ભગવાન્ તરફ દેખાડે, તો પણ લાગણીઓ દર્શાવનારનું ચિત્ત લૌકિક વિષયોથી ખેંચાઈને ભગવાન્‌માં આસકત હોવાથી તેમને પણ મોક્ષ મળે છે. શિશુપાલ વગેરેએ ભગવાન્ ઉપર ક્રોધ કર્યો છતાં પણ તેમનો મોક્ષ થયો તેનું કારણ પણ એજ છે. તો પછી આ ગોપીજનો તેમને ભગવાનમાં કામબુદ્ધિ રાખી હતી તેથી તેમનો મોક્ષ થાય એમાં કંઇપણ શંકા જેવું નથી. અર્થાત્ મોક્ષ મેળવવાને ગમે તે ઉપાયે ભગવાનમાં જ મન રહેવું જોઇએ. આ ઉપરથી સમજવાનું એટલું જ છે કે જો વૈરબુદ્ધિવાળાને ભગવાન મોક્ષ આપે તો પછી સ્નેહ અગર સૌહૃદ વાળાને તો આપે જ. સાથે સાથે એ પણ સૂચવ્યું છે કે કામભાવવાળીઓનો અધિકાર મોક્ષ સુધી જ હોય છે. તેથી અધિક તે જઈ શકતાં નથી. નિર્ગુણ સ્નેહના ફલરૂપ ભજનાનંદનો અનુભવ અગર રાસાદિલીલાના અનુભવનું ફલ તેમને અપ્રાપ્ય છે.

વળી પ્રથમ જ ગોપીઓ મુકત હતાં. તેમાં શુ આશ્ચર્ય છે. આગળ બીજા ઘણાઓને મોક્ષ મળશે, એવું કહે છે.

**मूलम्** **न चैव विस्मयः कार्यो भवता भगवत्यजे ।।**
**योगेश्वरेश्वरे कृष्णे यत एतद्धि मुच्यते ।।** १६ ।।

**अन्वयार्थ --** જે ભગવાન મોક્ષ આપે છે તે અજન્મા યોગેશ્વર કૃષ્ણને વિષે કોઇ વિસ્મય કરવો જોઈએ નહિ.

**શ્રીસુબોધિનીજી** -- આ પ્રમાણે અસંભાવનારૂપ વિસ્મય કરવો ન જોઇએ. અસંભવિત બુદ્ધિવાળાઓને અન્યથી જ સ્ફુરણ થાય છે. કારણ કે જે કંઇ મોક્ષમાં જ્ઞાનાદિકનો ઉપયોગ થાય છે, તે સર્વ ભગવાનમાંજ છે. જો જ્ઞાન સિવાય મોક્ષ ન થાય એમ જાણશે તો, જ્ઞાન સિદ્ધ હોવાથી તેનું પણ દાન કરશે. વળી અન્યસંદેહ ભલે કરે કારણ કે ભગવાનનું માહાત્મ્ય તેણે દીઠું નથી, પણ તમારે કરવો ન જોઇએ કારણ કે તમે તો ગર્ભમાંજ ભગવાનનું માહાત્મ્યનું દર્શન કર્યું છે. વળી ભગવાન નિર્દુષ્ટ છે તેથી તેમનામાં સર્વ સંભવે છે. ત્યાં દોષનું મૂલ જન્મ છે તેના દોષનો અભાવ છે. ભગવાન અજન્મા હોવાથી નિર્દુષ્ટ છે. અન્ય સર્વનો જન્મ થાય છે તેથી તેમનાથી તેમની મુકિત સંભવતી નથી. કારણ કે તેમની તે તુલ્ય છે. વળી જે સાધનપરાયણ છે તે મુકત થાય છે તેનું સાધન સઘળી જગ્યાએથી નિવૃત પામતુ મન છે. તથા યોગથી પણ મોક્ષ થાય તો તે ભગવાનની ઇચ્છાથી જ થાય. યોગાદિ સાધનોનું નિયમન તે જ કરે છે. કારણ કે સદાનંદ ભગવાન્ ફલાત્મા છે. જે કોઇ મોક્ષ પ્રાપ્ત કરે છે. તે એમને (ભગવાનને) પ્રાપ્ત થશે માટે સાધનોથી પણ આજ પ્રાપ્ત છે. વળી તે જ અહિંયા સ્વયં સંબન્ધમાં આવે છે. તો તેમાં કંઇપણ અયોગ્ય નથી. વળી, આ આજુબાજુએ દૃશ્યમાન સર્વ જગત્ તેમાંથી મુકિત મેળવે છે. ભાવનાથી ગોકુલમાં સ્થિત કહે છે કે જ્ઞાનદૃષ્ટિથી અગર સાક્ષાત્પરંપરાથી સર્વની મુકિત કરશે એમ આગળ સ્વભૂર્ત્યા વગેરે બે શ્લોકથી કહેશે.

**(વિવેચન)** - હે રાજા તને ભગવાનની આ અટપટી કળા જોઇને તથા જાણીને વિસ્મય થતો હશે પણ એમ કરવું તે યુકત નથી. બીજાને આશ્ચર્ય થાય એ વાસ્તવિક છે, પણ તું તેમ કરે તો તે મને નવાઈ પમાડે છે, કારણ કે તું જયારે ગર્ભમાં હતો, ત્યારે ભગવાને તારૂં રક્ષણ કર્યું છે. વળી તું એમ ન સમજીશ કે આ ભગવાને ગોકુળમાં દેહ ધારણ કર્યો માટે તેં લૌકિક પુરુષ જેવા છે. ખરી એ અજન્મા છે. સ્વમાયાથીજ દેહધારી તે જણાય છે. માટે ભગવાનની એ કળાથી વિસ્મય પામીશ નહિ, તું જાણે છે કે એ સર્વ શકિતમાન્ છે. જે ધારે તે કરે એમ છે. તેમનામાં અસાધારણ ધર્મ અને શકિતઓ છે, અને તેથી જે સ્થળે જે કરવું હોય તે કરી શકે એમ છે, માટે તેમને યોગેશ્વર કહ્યા છે. એવા ભગવાન્‌ના પ્રભાવથી આ સ્થાવર જંગમાત્મક જગત્ વિમુકિત પામે છે તો તેમાં આશ્ચર્યનો સંભવ નથી. એવી રીતે રાજાની શંકાના નિવારણમાં શુકદેવજી કહે છે.

આ રીતે પ્રાસંગિકનો પરિહાર કરીને પ્રસ્તુત કહે છે.

**मूलम्** ता दष्टान्तिकमायाता भगवान् व्रजयोषितः ।।
अवदद्वदतां श्रेष्टो वाचःपेशैर्विमोहयन् ।। १७ ।।

**(अन्वयार्थ)** -- તે ગોપિકાઓ પોતાની પાસે આવેલા જોઇને વાણી બોલનારામાં શ્રેષ્ઠ ભગવાને વાણીવિલાસથી તેમને મોહ કરતા બોલ્યા.

**श्रीसुबोधिनीजी** -- જે સમાહ્વાનથી આવ્યા હતાં તેમનું નિવારણ થતું નથી પણ જેઓ સગુણ અન્ય સંબન્ધવાળાં શબ્દના શ્રવણથી આવ્યાં હતાં તેમનું નિવારણ શબ્દથી કરવું જોઇએ. કારણકે અન્યના સંબંધનું ભજન અયુકત છે. જે લીલા કરવામાં આવશે તે તો સર્વ ભાવની પ્રપત્તિથી સાધ્ય છે માટે નિવારણનો યત્ન કહે છે. તે દોહન કરતી વગેરે સ્ત્રીઓને નજીક આવેલાં જોઇને પોતાને માટે જ આવ્યાં છે એમ નિશ્ચય કરીને સર્વદા સર્વસમર્થ પણ ભગવાન તે વ્રજસુંદરીઓને અપાવૃત અને સ્વકીય છે તથા સર્વ અનુપપત્તિથી રહિત છે એમ જોઇને બોલ્યા. ધર્મના જ્ઞાપન માટે જે કહેવાનું હતુ તે કહ્યુ. શંકા-પ્રથમ તેમનું નિવારણ કરવામાં આવ્યું હતું, છતાં તે આવ્યાં તો પછી હવે શી રીતે વાક્યથી તેઓ નિવૃત થશે ? માટે આ વાણીનો પ્રયાસ વ્યર્થ છે તો ત્યાં કહે છે. ભગવાન વાણી બોલનારમાં શ્રેષ્ઠ છે. આથીતેમનું વચન હૃદયમાં પ્રવેશ કરનારૂ થાય છે. તેથી જેટલા વચનથી નિવૃતિ થાય તેટલો કૃતિમાં વિનિયોગ ન કરવો. વળી આના નિવર્તનમાં અલૌકિક પણ સામર્થ્ય છે. માટે કહે છે. વાણીના વિલાસથી ભગવાન મોહ પમાડતા હતા. વાણીના સૌન્દર્યથી યુકત શબ્દોથી વિશેષ રીતે મોહ કરતા હતા. અથવા તેમને દ્રઢ કરવાને બરાબર મોહ કરવાને નિષેધ વાકયો બોલ્યા. નહિ તો તે જાય જ. અર્થથી નિવારણ કરતા હતા છતાં પણ છેવટે નિવારણ કરતા નથી.

## પોતાની પાસે આવેલાં ગોપીજન તરફ ભગવાનની ઉકિત.

**विवेचन** -- જેમને તે ભગવાને જ સ્મરણ કરવાને વેણુનાદ દ્વારા બોલાવ્યાં હતાં, તેમનું તો નિવારણ થઈ શકે જ નહિ. તેમને તો ગમે ગમે તેવો ભય દેખાડવામાં આવે અગર લાલચ આપવામાં આવે તો પણ નિવૃત્તિ સંભવી શકે જ નહિ. કારણ કે તે નિર્ગુણત્વને પ્રાપ્ત થયેલાં છે. પણ જેમનામાં યત્કિંચિત્ પણ સગુણત્વ રહેલું છે, અનન્યસંબંધવાળાં છે, તેમનું નિવારણ થઇ શકે એમ છે. રાસલીલાના રમણનો ઉદ્દેશ સર્વાત્મભાવની પ્રાપ્તિ છે. અને માત્ર નિર્ગુણત્વની સ્થિતિ પ્રાપ્ત કરનારમાંજ એ સર્વાત્મભાવ સંભવી શકે છે. પણ સગુણમાં એ ભાવની ન્યૂનતા છે. કુમારિકા તથા અન્તર્ગૃહગતાની નિવૃત્તિ કરી નથી. પણ અન્ય પૂર્વાની કહી છે. કુમારિકાઓને પતિઓ વગેરે હોતા નથી માટે તે નિવૃત્તિનો વિષય બનશે નહિ. તેજ પ્રમાણે અન્તર્ગૃહગતાની બાબતમાં સમજી લેવું. આ ગોપીજનોની

નિવૃત્તિ માટે ભગવાન્ વાકચાતુર્યથી યુકત આકર્ષક અને સુંદર વાણીથી તેમને ઉદ્દેશીને વચન કહે છે કારણ કે ભગવાનની વેણુનો નાદ શ્રવણ કરીને અર્થાત શબ્દના શ્રવણથી તે પ્રભુ પાસે આવ્યાં હતાં તો શબ્દશ્રવણથી તેમની નિવૃત્તિ કરવી જોઇએ. ભગવાન જ્યાં શબ્દના બોલનાર હોય ત્યાં કહેવાનું જ શું બાકી રહે ? તેમની વાણીની મિઠાશથી ભલાં ભલાં પણ મુગ્ધ થાય તેમાં શી નવાઇ ? એમ સમજીને તેમના સર્વાત્મભાવની પરીક્ષા કરવાને ભગવાને તેમના પ્રતિ સુંદર વાણીનો ઉદ્ગાર નીચે પ્રમાણે કાઢયો. ભગવાને વાગ્વિલાસ કર્યો. વાગ્વિલાસ બે પ્રકારનો હોય છે (૧) જેમાં સુલલિત શબ્દરચના, મધુરતા, મન્દહાસ ઇત્યાદિ હોય તે (૨) આર્થિક ભાવયુકત વાગ્વિલાસ જેમાં અંદરનો ભાવ વિશેષ રીતે પ્રકાશિત કરવામાં આવે છે. આર્થિકભાવ પણ ચાર પ્રકારનો છે. ૧ ઉપેક્ષાભંગિમય ૨. પ્રાર્થનાભંગિમય ૩. તદ્યુગલાર્થસંસ્થાપનમય ૪ વાસ્તવાર્થમય. અહિંઆ વાગ્વિલાસના સર્વ પ્રકારથી ભગવાને ગોપીઓ પ્રતિ વાણી ઉચ્ચારી,કારણ કે જો એમ ન કર્યું હોય તો તેમને અભિમાન થવાનો સંભવ રહે છે, અને રસલીલામાં અભિમાનમર્યાદાનો ભંગ સૂચવે છે. માટે તેમનામાં અભિમાનનો અવકાશ ન રહે તેમ કરવું જોઇએ. એટલે લીલાના સુખને માટે તેમનામાં વ્યાકુલતા તત્પરતા ઉત્પન્ન કરવાની જરૂર છે, એમ જાણીને પ્રભુએ એ રીતનો વાગ્વિલાસ કર્યો.

**मूलम् स्वागतं वो महाभागाः प्रियं किं करवाणि वः ।।**
**व्रजस्यानामयं कश्चिद् वूतागमनकारणम् ।। १८ ।।**

**अन्वयार्थ** --- શ્રી ભગવાન બોલ્યા- હે પરમ ભાગ્યશાલી ગોપિકાઓ તમને સ્વાગત કરૂ છું. હું તો તમારું શું પ્રિય કરૂ ? હું આશા રાખું છું કે વ્રજમાં સર્વ કુશળ છે ! તમારા આગમનનું કારણ શું તે કહો.

**श्रीसुबोधिनीजी** -- ''નિવારક વાકયો દશ પ્રકારનાં છે, તમ, રજ અને સત્ત્વના ભેદો સ્વાન્ત પણ પર્યવસાન સુધી હોય છે. માટે તે પ્રમાણે સ્રીઓનું નિરૂપણ કરાય છે. તેમને માટેના વાકયો પણ તે પ્રમાણે છે.''

★ પ્રથમ તામસ સાત્ત્વિકીનું નિવારણ કરે છે. પછી તામસરાજસી પછીથી તામસ તામસી એમ આગળ પણ વિભાગ કરવા જોઇએ. પ્રથમ આવેલાંને લૌકિક ન્યાયથી કહે છે. હું તમારૂ સ્વાગત કરૂ છુ, આ કુશલ પ્રશ્ન છે. હવે તેમની સ્તુતિ કરે છે કે તમે પરમ ભાગ્યશાળી છો. તેથીજ આગમન બરાબર છે. તો પણ તે

---

★ **तमोरजःसत्वभेदाः स्वान्तपर्यावसानतः ।**
**निरुप्यन्ते स्त्रियस्तासु वाक्यानपि यथायथम् ।।**

રીતે પૂછવામાં આવે છે એવી લોકોકિત છે. ખરી રીતે નિર્વિઘ્ને ભગવાનની સમીપ આવી પહોચ્યાં છે એમ કહે છે. આવેલાંનો ઉપચાર કરે છે. હું શું તમારૂ પ્રિય કરૂ ? તમે કંઇ માગવાને આવ્યાં હોય એમ જણાય છે. જો તેમ હોય તો, તમે બોલો, હું શું કરૂ ? અર્થાત તમને હું સ્વભાવથી પ્રિય નથી પણ કામનાથી પ્રિય છું એમ જણાવ્યું. તેનું પ્રયોજન ત્રણ પ્રકારનું હોય છે. ઇષ્ટરૂપ, અનિષ્ઠની નિવૃત્તિરૂપ, દેશ કાલથી વ્યવહિત અને કામિત. અથવા તેમાં પણ ત્રણ પ્રકાર છે. માટે ત્રણ પ્રકારનાં વાકય છે. તમે દોડતાં અહીં આવ્યાં છો તો શું વ્રજમાં કંઇ ઉપદ્રવ છે તે જણાવવાને તમારૂ આગમન છે ? એમ પૂર્વ પૂર્વના અનંગીકારમાં પછી પછીનું વાકય છે. જો કંઇ પ્રિય ન કરવાનું હોય, અને વ્રજમાં કંઇ ઉપદ્રવ ન હોય તો આગમનનું કારણ કહો.

## દશ શ્લોકથી ભગવાન્‌ની ઉકિત

**विवेचन--** પોતાની પાસે આવેલા ભકતોના પ્રેમની કસોટી કરવાને ભગવાન્ તેમને હવે દશ શ્લોકોથી પાછા જવાને કહે છે. દશ શ્લોકોનું પ્રયોજન એ છે કે ભગવાન્‌ના વેણનાદનું શ્રવણ કરીને નવ પ્રકારનાં સગુણ ગોપીજન અને નિર્ગુણાનું વૃન્દ ત્યાં ગયું. એટલે કુલ દશ પ્રકારનાં ગયાં. આ દશ પ્રકારનાં ગોપીજન માટે દશ જુદી જુદી ઉકિતઓ માટે દશ શ્લોકથી ભગવાન્‌નું ભાષણ અહિંઆ છે. ખરી રીતે તો પ્રભુ તેમને પાછા મોકલવા માગતા નથી જ ! પાછા મોકલી શકે જ નહિ કારણ કે તેમને તો ભકતો ઉપર અનુગ્રહ કરવો છે. તેમના પ્રપંચનો લય કરવો છે, અને તે નિમિત્તે પોતે શબ્દગીતથી સાદ કરીને બોલાવ્યાં છે. તો પછી તેમને પાછાં મોકલે એ કેમ સંભવી શકે ? તો પણ પ્રભુ તેમના પ્રેમની અહિંઆ કસોટી કરે છે, જો તે પ્રેમ શુદ્ધ અને નિર્ગુણ હશે તો પ્રભુનાં વાળ્યાં પણ તે પાછાં જશે નહિ, અને જો સહજ પણ સંસારની આસકિત તેમનામાં હશે તો તેઓ રમણનાં અધિકારી રહેશે નહિ. આનો નિશ્ચય કરવા નેજ આ પ્રકારની ઉકિતઓ પોતે ઉચ્ચરે છે.

હવે ભગવાન આ ગોપીઓનું નિવારણ કરવાનાં વાકયો બોલે છે. પ્રથમ તામસ સાત્ત્વિકીને ઉદ્દેશીને કહે છે. ''હે ગોપીઓ, તમે ભલે આવ્યાં હું તમારૂ સન્માન કરૂ છું. તમે મહાભાગ્યશાળી હોવાથી તમને મળવામાં મને ઘણોજ લાભ છે. તમો કુશળ તો છોને ?'' એમ લૌકિક રીતિથી પૂછે છે. ''બોલો તમારી શી ઇચ્છા છે ? તમારૂ જે કંઇ હિત મારે કરવાનું હોય તે મને કહો તો હું તે પ્રમાણે કરૂ. એમ પૂછવાનું કારણ મને એમ જણાય છે કે તમે આ સમયે મારી

પાસે આવ્યાં છો તેથી હું એમ સમજુ છું કે તમારે કાંઇ ઇચ્છા હોવી જોઇએ. શું કંઇ ઇષ્ટ વસ્તુની સિદ્ધિ માટે તમે આવ્યાં છો ? અગર કંઇ કામનાથી આવ્યાં છો ? જે પ્રકારે મારે તમારૂ પ્રિય કરવાનું હોય તે તમે મને કહો. હું તે કરવાને ઉત્સુક છું માટે વિનાસંકોચે તે મને જણાવો. શું કંઇ વ્રજમાં ઉપદ્રવ છે ? એમ હોય તો પણ તમે તે મને જણાવો. હું તે દૂર કરવાને સમર્થ છું. તમારા આગમનનું શું કારણ છે તે મને જણાવો. પ્રભુના આ શબ્દો વસ્તુતઃ ગોપીઓના નિવારક નથી. ભગવાનનો કહેવાનો આશય એવો છે કે જો તમે કોઇ પ્રયોજન નિમિત્તે આવ્યાં હો તો તે પ્રયોજન હું કરવાને તૈયાર છું; તેથી તમે અહિંથી પાછાં ફરો, પણ હું નથી ધારતો કે અત્યારે રાત્રિના સમયે તમે મારી પાસે કોઇ લૌકિક પ્રયોજનથી આવ્યાં હશો. જો એમજ હોય, અને તમે મારે માટેજ આવ્યાં હો. તો હવે તમે અહિંઆં જ રહો; મને પણ તમારો સહવાસ સારો ગમશે. તમારી સાથે મારે પણ રમણ કરવાની ઇચ્છા છે. માટે તમે જશો નહિ.''

### ભગવાને કરેલું સ્વાગત

અહિંઆ પ્રથમ કુશલ સમાચાર પૂછે છે તેનું કારણ એ છે કે લોકમાં એ પ્રમાણેની ગમે તે માણસની સાથે મુલાકાત થાય તો વિવેકથી તેનું સન્માન થવું જોઇએ. તેથી આ ગોપીઓને વિવેકપૂર્વક માન આપે છે તેમાં આ વગર નોતરેલા મહેમાન નહોતાં ભગવાને જ તેમને તેડાવેલાં એટલે તેમને માનતો આપવું જ જોઇએ. અર્થાત્ લોકધર્મથી પણ તેમનું સન્માન થવું જોઇએ તેમ આત્મ ધર્મથી સન્માન થવું જોઇએ એટલું જ નહિ પણ વેદ ધર્મ પણ એમ જ કહે છે કે પોતાને ત્યાં જે મહેમાન આવે તેનો સત્કાર કરવો જોઇએ તે માટે પણ ભગવાન્ તેમને કુશળ સમાચાર પૂછે છે. અર્થાત અહિંઆ લોકધર્મ, વેદધર્મ અને આત્મ ધર્મનું રક્ષણ કરે છે, સત્કાર કરતાં તેમને તમે ઘણાં ભાગ્યશાળી છો એવી રીતનું સંબોધન કરે છે. એમ કરવાનું કારણ માત્ર એટલું જ છે તેઓએ ભગવાનના આહ્વાનને બરાબર સાંભળ્યું, અને કોઇનાથી પણ રોકાયા નહિ અને નિર્વિઘ્ને પ્રભુ પાસે જઇ પહોચ્યાં પ્રભુ પાસે જવાના તેમના માર્ગમાં કોઇ પણ વિઘ્ન નડયાં નહિ માટે એ તેમનું મોટું ભાગ્ય. પછી કહે છે બોલો હું તમારૂ શું પ્રિય કરૂ. એ વાકયથી એમ સૂચવે છે કે આ ગોપીજનને હું સ્વભાવથી જ પ્રિય છું જો તેમ ન હોય તો તે આવા વખતે અહિઆ આવે નહિ ખરેખર તે શુદ્ધ પ્રેમથી જ પ્રેરાઇને મારી પાસે આવ્યાં છે. તેમ હોવાથી મારે તેમને નિરાશ કરવાં જોઇએ નહિ તે હેતુપૂર્વક જ આવ્યાં હશે કાંતો કોઇ ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવાને, અગર અનિષ્ટને દૂર કરાવવાને, અગર દેશકાલની પ્રતિકૂલતા હઠાવવાને અત્યારે હું જોઉં છું કે તે દોડતાં દોડતાં

આવ્યાં છે એટલે જરૂર વ્રજમાં કંઇ પણ ઉપદ્રવ હોવો જોઇએ માટે તેમને પોતે પ્રશ્ન પૂછે છે કે વ્રજમાં સધળુ કુશળતો છે ને ? આ પ્રમાણે પ્રશ્ન પૂછીને તેમની પાસેથી આગમનનું કારણ જાણવા માગે છે.

તે ઉત્તર આપતાં નથી તેથી અન્ય પક્ષની કલ્પના કરે છે. ''જેવી રીતે આપ આવ્યાં તેવી રીતે અમે પણ આવ્યા'' એવી શંકા કરીને કહે છે.

**मूलम्** रजन्येषा धोररुपा धोरसत्वनिषेविता ।
प्रतियात व्रजं नेह स्थेयं स्त्रीभिः सुमध्यमाः ।। १६ ।।

**अन्वयार्थ** હે સુંદર કટિવાળી સ્ત્રીઓ ! આ રજનિ ઘોર અને ભયંકર પ્રાણીઓથી સેવિત છે. માટે તમે વ્રજમાં પાછાં જાવ. સ્ત્રીઓએ અહીં ઉભા રહેવું ન જોઇએ.

**श्रीसुबोधिनीजी** - આ રજનિ છે, દિવસ નથી. દિવસેજ અરણ્યમાં કામ માટે ગમન થાય છે. આ તો ચંદ્ર છે, સૂર્ય નહિ એવો ભાવ છે. કોઇ શંકા કરે કે ભલે રાત્રિ હો, તો પણ પ્રકાશ હોવાથી આગમન કરવું જોઇએ. (આવવામાં ઘણા વાંધા છે) ત્યાં કહે છે, આ રાત્રિ ઘોરરૂપ છે. પ્રકાશ યુકત છે તો પણ વસ્તુતઃ ઘોરરૂપ છે, ભયજનક છે. પ્રકાશયુકત પણ રાત્રિમાં જનાર પુરૂષ બીહે છે. વળી તે ઘોર પ્રાણિઓથી સેવિત છે. ભયાનક પ્રાણિઓ રાત્રિનું સેવન કરે છે. અભયાનક નહિ. આથી જો કોઇ અઘોર પ્રાણિ રાત્રે જાય છે તો ઘોર પ્રાણિ તેનો વધ કરે છે. માટે સ્વભાવ ધર્મ અને સંસર્ગોનું સ્વરૂપ જાણીને વ્રજમાં પાછાં જાવ. શંકા-જો એમ હોય તો આપનાજ સ્થાનમાં અહીંઆ રહીશું, કારણ કે આપ પરિચિત છો. ઉત્તર-સ્ત્રીઓએ અહીંઆ ઉભાં રહેવું જોઇએ નહિ. અમે પુરૂષો છીએ અને આ રાત્રિ છે. માટે સ્ત્રીઓએ અહીંઆં ઉભા ન રહેવું. તેમ હોય તો બંનેને વિક્રિયા થાય. વળી જો તમે વૃદ્ધ અગર બાળકી હો તો અહીંઆ ઉભી રહી શકો. પણ તમે તો સુંદર કટિવાળીઓ રસાત્મક છો. માટે દેહાધ્યાસથી સર્વથા જવું ન જોઇએ. 'રહો' એવા અર્થમાં 'ઘોર' શબ્દ પહેલાં નકારનો અર્થ લેવો તેમજ મૂળ શ્લોકમાં (ન) ને 'પાછા ફરો' ની સાથે જોડો.

## ઘોર રાત્રીનું કારણ આપીને ગોપીજન પાછા ફરવાનો ભગવાને કરેલો ઉપદેશ

**विवेचन** -- હે ગોપીઓ, હું તમને અહિંઆ આગમનનું કારણ પૂછું છું છતાં પણ તમે મને પ્રત્યુત્તર આપતાં નથી તેનું કારણ શું ? તો હું ધારૂ છું કે તમે એમ કહેવા માગો છો કે જેવી રીતે હું આ સ્થળમાં આવ્યો છું તેવી રીતે તમે

આવ્યા છો. જો આમ તમે મારા પ્રશ્નોનો ઉત્તર આપતાં હો તો ખરેખર તમારો ઉત્તરતો બહુ સુંદર અને બુદ્ધિયુકત છે. પણ એ ઉત્તર તમને-સ્ત્રીઓને આપવો ઘટે નહિ. તમે જાણો છો કે હું તો પુરૂષ છું અને તેથી જયાં જવું હોય ત્યાં વિના પ્રતિબન્ધે જઇ શકું, કારણ કે પુરૂષના ઉપર લોકવ્યવહાર કોઇ પ્રતિબંધ નાખતો નથી, પણ તમે તો સ્ત્રીઓ છો, તો તમારે લોકવ્યવહારની મર્યાદામાં રહેવું જોઇએ. તમારાથી વિના કારણે બહાર નીકળાયજ નહિ. વળી તમે જો દિવસે બહાર નીકળ્યાં હોત, અને મારી પાસે આવ્યાં હોત તો કંઇ પણ મારે તમને આટલું બધું કહેવું પડત નહિ. પણ આતો રાત્રિ છે. અને તે વળી ઘોર-ભયંકર રાત્રિ છે. રાત્રિમાં જો કે ચંદ્રનો પ્રકાશ હોય તો પણ તે ઘોર જ ગણાય છે તેવા સયમે બહિર્ગમન કરનારને ભય થાય છે જ. તમે મને રાત્રિ ભયજનક હોવાનું કારણ કદાચ પૂછશો તો હું જણાવીશ કે આ રાત્રિમાં ઘોરસત્ત્વો વસે છે. સર્વ ઘોરસત્ત્વો દિવસે સૂર્યના પ્રકાશમાં બહાર દેખાતાં નથી. પણ તેઓ રાત્રે જ બહાર નીકળે છે. કોઇ ઘોરસત્ત્વો તમને મારી નાખશે એવો ભય રહે છે, તમે સ્ત્રીઓ-અબલા હોવાથી તમારુ રક્ષણ કરવાને અસમર્થ છો, માટે મારુ કહ્યું માનીને તમે વ્રજ તરફ પાછાં જાવ. જો કદાચ તમે એમ કહેવા માગતા હો કે આપ આ સ્થળમાં છો. માટે આ ઘોર રાત્રિમાં ભયથી અમારૂ રક્ષણ કરવા અમે તો આપની પાસે જ રહીશું. કારણકે આપ અમને પરિચિત હોવાથી અમારૂ રક્ષણ કરશો જ ''તો તેના ઉત્તરમાં પણ હું તમને કહીશ, કે તમે સ્ત્રીઓનો ધર્મ એવો છે કે અન્ય પુરુષની પાસે ક્ષણવાર ઉભા રહેવું ન જોઇએ, હું પુરૂષ છું અને આ કાળ રાત્રિનો છે. રાત્રિનો કાળ કામોત્પાદક છે માટે પુરૂષ અને સ્ત્રીઓએ આ કાળે એકઠા ઉભા ન રહેવું. જો તમે વૃદ્ધ સ્ત્રીઓ હોત, અથવા બાળકી હોત તો, કામના અભાવે મારી સાથે ઉભા રહેવામાં કોઇ પણ જાતની વિક્રિયા થાત નહિ. પણ તમારી બાબતમાં એમ નથી તમે તો સુંદર કટિવાળી સ્ત્રીઓ છો-રસાત્મક છો. તો જયાં સુધી તમારામાં દેહાધ્યાસ રહ્યો હોય ત્યાં સુધી તમારે આ સ્થાનમાં સ્થિત રહેવું એ તમારે માટે યુકત નથી. હવે તમે વૃથા કાલક્ષેપ ન કરો અને આ સ્થળમાંથી જાવ.'' આ શબ્દો દ્વારા ભગવાન તો પ્રતીયમાન જે નિષેધાર્થ છે તેનું જ સૂચન કરે છે. એટલે તેમને આ સ્થળમાંથી નહિ જવાને માટે કહે છે, એટલે તો તમે કાંઇ બીજા કામ કાજે આવ્યાં હો તો ખરેખર ચંદ્રના પ્રકાશયુકત, અને સુંદર કુસુમથી સુશોભિત એવી રાત્રિઓ તમને ફરીથી મળવાની નથી, માટે જે આ પ્રસંગ મળ્યો છે તેનો લાભ લઇને તમે અલૌકિક રસ ભોગ પ્રાપ્ત કરો તમારા જેવી સુંદર કટિવાળી સ્ત્રીઓને માટે આજ સ્થાન યોગ્ય છે. માટે તમો તો અહિં

જ રહો, વ્રજમાં જશો નહિ એવી મારી ઇચ્છા છે. અથવા એવો ભાવાર્થ છે કે અત્યારે અઘોર રાત્રિમાં તમે એકલાં પાછાં જાવ એ જોખમરૂપ છે માટે તમે અહિંઆ રહો. અહિંઆ તમારૂ રક્ષણ થશે. આ શ્લોકમાં કેટલાકના મતે સંધિ પ્રમાણે ''रजन्येषा अधोररूपा अधोर सत्वनिषेविता'' એવી શબ્દ રચના બને છે તેથી શ્લેષ દ્વારા એવો અર્થ સમજાય છે કે આ રાત્રિ છે પણ અહિંઆ રાત્રિની ભયંકરતા નથી, તથા ઘોર પ્રાણિઓ અહિંઆ વસતાં નથી, કારણ કે આ વંદ્રાવનની રમણીય ભૂમિ છે. અને સર્વ કોઇ મારી છાયામાં રક્ષણ નીચે રહે છે; તો તમારે કોઇ પણ જાતનો ભય અહિંઆ રાખવો નહિ.

છેલ્લી લીટીમાં જે (न) છે તેને (प्रतियात) ની સાથે લેતાં તેનો અર્થ એવો થાય છે કે તમે ''પાછા વ્રજમાં જશો નહિ'' કારણ કે इह स्थेयं स्त्रीभिः સ્ત્રીઓએ તો અહિંજ રહેવું જોઇએ. ''સુમધ્યમા'' શબ્દથી તેમનું સંબોધન કરીને એમ કહે છે કે તમે સુંદર કટીવાળી સ્ત્રીઓ છો, તો તમારા જેવી સ્ત્રીઓએ તો આવી ચંદ્રથી રળીયામણી લાગતી રાત્રી અને જેમાં અભયાનક પ્રાણીઓ રહે છે તેમાં તો અવશ્ય રહેવું જોઇએ. આવું સુંદર વન અને આવી રળીયામણી રાત્રીઓ તમને ફરીથી મળવાની નથી. તમારૂ આવું સુંદર યૌવન પણ હમેંશા રહેવાનું નથી. માટે જયારે તમે અહિંઆ આવ્યાં છો તો આ સઘળાંનો લાભ લો અને હવે વ્રજમાં પાછા ફરવાનો વિચાર કરશો નહિ. જો પાછા ફરવાનો વિચાર કરશો તો ગયેલો અવસર ફરીથી તમને મળશે નહિ.

અમે અભિસારિકા છીએ, અને આપને માટેજ આવ્યાં છીએ, તો શા માટે પાછાં મોકલો છો એમ જો કહે તો કહે છે -

**मूलम् मातरः पितरः पुत्रा भ्रातर पतयश्च वः ।।**
**विचिन्वन्ति ह्यपश्यन्तो मा कृध्वं बन्धुसाध्वसम् ।। २० ।।**

**अन्वयार्थ** -- તમારી માતાઓ, પિતાઓ, પુત્રો, ભાઇઓ, અને પતિઓ તમને નહિ જોવાથી શોધી રહ્યાં છે, તો તમારા એ બન્ધુઓને તમે ભય કરો નહિ.

**श्रीसुबोधिनीजी** -- તમારી માતાઓ નિયામક છે. તે તો આવ્યાં નથી માટે તે તમને શોધશે. માટે તેમને ભય ના કરો તેમજ કંઇ બોલવું જોઇએ નહિ. તે પણ સ્ત્રીઓ હોવાથી નહિ આવે એમ જો કહે તો કહે છે તમારા પિતાઓ પણ તેમના કુલમાં કલંકની શંકાથી આવશેજ. તો તેમની સાથે અમે જઇશું એમ કહે તો જણાવે છે તમને નહિ જોવાથી શોધશે. ગોકુલમાંથી બહાર જનારને કૃષ્ણના

સ્થાનમાં જવાના રસ્તામાં વચ્ચે ઘણા માર્ગો હોય છે ત્યાં ભગવાનની માયા સ્થિત રહે છે. તેથી કોઇપણ ભગવાનની સમીપ જઇ શકે નહિ તેથી અન્ય માર્ગે થઇનેજ ગયેલાં તેઓ નહિ જોતાં શોધશે જ. આથી એ શબ્દથી સ્થિતિમાં શંકાભાવ કહે છે. બંધુઓને ત્રાસ તથા તેટલા માટે સર્વ આવ્યા નથી, ''માટે તમારે આવવું ન જોઇએ. આથી કુલમાં કલંક થશે. તમે એમ કહેતા હો કે તેઓ પણ સ્ત્રીઓનો સ્વભાવ જાણે છે, તેથી નહિ આવે. અમે ભગવાનને માટે આવ્યાં છીએ એમ કહે તો કહે છે પુત્રોનું સર્વથા રક્ષક છે.તેમનામાં બહુલજ્જા છે. માટે દયાથી ભયના અભાવ માટે જવું જોઇએ. તમે એમ કહેતાં હો કે તે તો બાળકો છે તો કહે છે તમારા ભાઇઓ પણ અન્વેષણમાં સમર્થ છે તથા લજ્જાયુકત હોવાથી તમને નહિ જોઇને કદાચ શરીરનો ત્યાગ કરશે. માટે ભાઇના સ્નેહની ખાતર તમારે જવું જોઇએ. તમે એમ કહેતા હો કે તેઓ તો અપકીર્તિના ભયથી અન્વેષણ માટે નહિ જાય, કારણ કે તેઓ તરૂણ વયના છે અમે પણ તરૂણિઓ છીએ. તો કહે છે તમારા પતિઓની ખાતર પણજાવ. તેમને ભોગની અપેક્ષા છે તેમનોજ આ રસ છે. માટે પારકાનું દ્રવ્ય અન્યને આપવું જોઇએ નહિ. ભોગની તેથી પણ સિદ્ધિ છે. તે સર્વે તમને ઘરમાં ન જોઇને અવશ્ય શોધશે. તેથી બહુ કાલ નહિ જોવાથી નાશની શંકાથી અગર અપહારની શંકાથી તમને ભય પ્રાપ્ત થશે. અમારે તેમની સાથે શો સંબંધ છે ? માટે આપ આમ બોલશો નહિ ત્યાં કહે છે તે તમારા બંધુઓ છે, તો તેમની સાથે તમારે રહેવું જોઇએ માટે અહીંઆ બલિષ્ટ બાધક હોવાથી પાછાં ફરીને જાવ.

## સંબંધીયોના તરફનો સમજાવેલો ધર્મ : શ્લોકનો સ્થિતિ પક્ષના અર્થ

**વિવેચન--** ગોપિકાઓનું નિવારણ કરવાને ભગવાન બીજું કારણ અહિંઆ તેમને કહે છે. તમે મારી પાસે આવ્યાં છો તો ભલે આવ્યાં. હું તો તમારૂ સ્વાગત કરૂ છું. મારે કાંઇ તમને કાઢી મૂકવાં નથી. પણ તમારા અહિ આવવાથી તમારાં માતા પિતા વગેરેની કેવી લાગણીઓ અત્યારે હશે તેનો તમે કંઇ વિચાર પણ કર્યો છે ? જો તમે તે વિચાર કર્યો હોય તો તમે આવી ભયંકર રાત્રિ જેમાં ભયંકર સત્ત્વો રહે છે ત્યાં આવોજ નહિ. તે બિચારાં તમને ઘર આગળ નહિ જોવાથી, તમારે માટે તપાસ કરશે, આજુબાજુ એ સર્વત્ર શોધશે. આથી તેમને કેટલો બધો ત્રાસ થશે ? માટે તમે અહિંથી સત્વર પાછાં જાવ અને તેમને એ ત્રાસમાંથી મુકત કરો. તમારી માતાઓ તમારા નિયામક છે તેમની આજ્ઞાને લોપીને તેમનાથી છૂપી રીતે બહાર જવું એ શું તમારે માટે ઉચિત છે ? તેઓ પણ તમને નહિ

જોવાથી તમારી તપાસ કરશે. તમારા પિતાઓને આથી એમ લાગશે કે અરેરે ! અમારી પુત્રીઓના જવાથી અમારા કુલમાં મોટુ કલંક લાગશે. એટલે તેઓ તો જરૂર અહિંઆ શોધ કરતા આવશે. જો કે સ્થાનમાં હું ઉભો છું. ત્યાં તો તેઓ નહિ જ આવી શકે. કારણકે, મારા માર્ગમાં વચ્ચે મારી માયા સ્થિત થાય છે, તે અન્ય કોઇને મારી સમીપ આવતાં અટકાવશે, પણ તે બિચારા તમારી તપાસમાં આ વનમાં માર્ગે ચઢી જશે, તે સમયે તેમને કેટલો ત્રાસ થશે એનો તમે કંઇ વિચાર કર્યો છે ? તમારા પિતાઓને માટે જો તમને કંઇ પણ લાગણી હોય તો તમે આવી રીતે આ સ્થળમાં ગૃહનો ત્યાગ કરીને આવો નહિ. વળી માતાઓએ તો પુત્રોનું રક્ષણ કરવું જોઇએ. તો તમારામાં જે પુત્ર વતી ગોપીકાઓ છે, તેમણે શું આ રીતે પુત્રોને તરછોડીને અહિંઆ આવવું જોઇએ ? આથી તમને ઘણીજ શરમ આવવી જોઇએ. તમારા પુત્રો ઉપર પણ તમે દયા કરીને તેમને ભય ન થાય તે પ્રમાણે કરો. તે પણ તમને શોધશે. તમે એમ કહેતા હો કે પુત્રો તો બાળકો છે તેથી તેઓ નહિ શોધે. ભલે એ બાળક હોવાથી તમને ન શોધે, પણ તમારા ભાઇઓ તો મોટી ઉમરના હોવાથી તમને શોધવાને સમર્થ છે. તેમને એટલી બધી લજ્જા આથી થશે, કે જો તમને તે નહિ દેખે તો જરૂરથી તેઓ એમના શરીરનો ત્યાગ કરશે જ માટે જો તમારા ભાઇઓને માટે તમને કંઇ અરે હોય તો તમારે સત્વર અહિંથી જવું જોઇએ. જો તમે એમ કહેતાં હો કે તેઓ અપકીર્તિના ભયથી તમને નહિ શોધે, તો ભલે, પણ તમારા પતિઓ તો જરૂરથી તમારી શોધ કરશે જ. તેમને આ રાત્રિના સમયે સંભોગની અપેક્ષા રહે એ વાસ્તવિક છે. તેથી જો તે સમયે તમે ઘર આગળ ન હો તો તેમના મનમાં તમારે વિષે શો વિચાર થશે, તેની કલ્પના તમે કરી છે ? જે રસ તમારામાં અત્યારે જણાય છે, તે તો વસ્તુતઃ તમારા પતિનો હોવાથી તેમના ભોગને માટે જ છે તો તે અન્યને આપી દેવો નહિ જોઇએ. જે વિત્ત પારકાનું છે તે બીજાને આપી નહિ દેવું જોઇએ એ વ્યવહારનો નિયમ શું તમે ભૂલી ગયાં ? તમારા પતિનો રસ તેમને જ જો તમે આપશો તોજ ભોગની સિદ્ધિ થશે. માટે તમે ઘેર હમણાં ને હમણાં જાવ. જો તમે નહિ જાવ તો એ એમ ધારશે કે તમે નષ્ટ થયાં છો અગર કોઇએ તમારૂ અપહરણ કર્યું છે એમ ધારીને તેમને ઘાણો ભય થશે. તમે એમ ના કહેશો કે અમારે અમારા પતિની સાથે શો સંબંધ છે ? અમે તો તેમની સાથેનો સર્વ સંબંધ છોડી દીધો છે, અને આપની પાસે આવ્યાં છીએ. આમ તમારે નહિ બોલવું જોઇએ, તમારા પતિઓ એજ તમારાં નિકટનાં સગાં છે. માટે તમારે તેમની સાથે રહેવું જોઇએ, માટે આ સ્થળેથી એકદમ તમે જાવ. આ રીતે

ગોપિકાઓને આ સ્થળનો ત્યાગ કરાવવાને માટે પ્રભુ પોતાના વચનો કહાડે છે, પણ આ વચનોનો આશય નિષેધાર્થમાં જ છે. તમે આ સ્થળમાંથી જશો જ નહિ એવી મારી તો ઇચ્છા છે, કારણ કે જો તમારી સાથે રમણ કરવાની ઉત્કટ ઇચ્છા ન હોય, તો આ વેણુનાદથી શા માટે હું મારો સંકલ્પ તમને જણાવું, અને તમારૂ આવ્હાન કરૂ. માટે મારી તો ઇચ્છા છે કે તમે અહિંઆ સ્થિત રહો. પણ જો તમને એમ લાગતું હોય કે માતા પિતા વગેરેનો સંબંધ તમે ત્યજી શકો એમ નથી, તો ભલે તમે જાવ; હું તમને અટકાવીશ નહિ. તમને જો મારી-ભગવાનની સાથે રમણ કરવાની ગરજ હોય તો રહો. આમ બીજો અર્થ સ્ફુરિત થાય છે

આમ જયારે ભગવાન બોલ્યા ત્યારે તેઓ આજુબાજુ જુએ છે.

**मूलम् दृष्टं वनं कुसुमितं राकेशकररंजितम् ।।**
**यमुनानिललीलैजत्तरुपल्लवशोभितम् ।। २१ ।।**

**अन्वयार्थ--** શ્રી યમુનાજીના પવનની લીલાથી હાલતાં, તરૂપલ્લવોથી શોભિત પુષ્પોથી યુકત અને ચંદ્રના કિરણોથી રંગાયેલુ વન તો જોયું.

**श्रीसुबोधिनीजी --** આ રાજસ રાજસી છે અને આગળ રાજસ તામસી છે. જો વન દર્શન માટે આવ્યાં હોય તો તમે વનને તો જોયું જ છે. માટે પાછાં જાવ. અર્થાત્ સર્વદા આ વન તમે જોયું છે જ. અહીંયા ભય નથી એમ જણાવ્યું છે. માટે ઘેર જવું નહિ. જો ઘેર જવાની અપેક્ષા હોય તો જ જવું એમ વચન કહ્યું છે. આ વન કુસુમિત છે. એમ વર્ણન કરે છે જેથી તેમને અતિ આસકિત (અન્યાસકિત) થાય છે અથવા હમણાં પુષ્પો જે થયાં છે. ફલ નહિ એમ કહે છે; એટલે કુસુમિત વનમાં રતિ કરવી જોઈએ એવા ભાવ છે. સર્વત્ર મોહ અથવા પ્રેષણ અનુસ્યુત છે. વળી ચંદ્રના કિરણોથી તે રંગાયેલું છે આ રસના ઉદ્દીપકો છે. વન તામસ છે. પુષ્પ રાજસ છે. અને ચંદ્રકિરણો સાત્વિક છે. આ ચંદ્ર પૂર્ણ ચંદ્ર છે. તે પૂર્ણ હોવાથી અહિયાં સ્થિત રહો. પર્વાદિનો વિચાર હોય તો જાવ. એમ કહે છે અહિયા વાયુનું પણ વર્ણન કરે છે. યમુના નદીના પવનની લીલાથી કમ્પિત તરૂપલ્લવોથી આ વન શોભેલું છે, પાણીના સંબંધથી, મન્દ મન્દ ચાલવાથી, વૃક્ષોના સુગંધ સાથેના સંબંધથી, વાયુ પણ ત્રાણ ગુણ યુકત છે એમ કહ્યું છે. રસના ઉદ્બોધકમાં તેનો ઉપયોગ થાય છે.

## વનની શોભાનું કરેલું વર્ણન તેથી પણ સિદ્ધ કરાયેલો સ્થિતિનો અર્થ

**विवेचन--** હે વ્રજસુંદરીઓ, તમે આજુબાજુએ દૃષ્ટિ ફેરવો છો તેથી હું એમ સમજુ છું કે તમે આ વનના સૌન્દર્યથી અતિ મુગ્ધ થઇ ગયાં હો એમ લાગે છે.

ખરેખર આ વન ઘણું રળીઆમણું અને સુન્દર છે. તેમાં કેવાં વિધવિધ પ્રકારનાં કુસુમો ખીલી રહ્યાં છે. ફકત કુસુમો જ અહિંઆ છે, તેથી તેમની સૌરભ તમારી ઘ્રાણેન્દ્રિયને આકર્ષી રહી છે, તેમા જો કે હજુ ફલોદ્‌ગમ વૃક્ષ ઉપર જણાતો નથી. વળી ચંદ્રનાં કિરણો અહિંઆ કેવા વિસ્તર્યા છે અને તેના પ્રકાશથી આખુ વન વ્યાપી ગયું છે. એટલે આ રાત્રિ જાણે પૂર્ણિમાની રાત્રિ ન હોય તેમ દેખાય છે, અહિંઆ શ્રીયમુનાજીનાં જળમાંથી પવનો પણ મન્દ મન્દ વાતા આવે છે, અને એ પવનોથી વૃક્ષોના પલ્લવો કેવા સરસ શોભા આપે છે, પુષ્પ સૌરભ, ચંદ્રનો પ્રકાશ, શ્રીયમુનાજીના જળમાંથી વાતા પવનો અને તરુપલ્લવોથી આ વનની ભૂમિ ઘણી સુંદર ખીલી રહી છે. આવા સ્થળને પણ તમે તમારા નેત્રોથી નિહાળ્યું, તો હવે તમારો એ મનોરથ પૂર્ણ થયો છે, એમ સમજીને આ સ્થળમાંથી તમે વ્રજમાં પાછા જાવ. હવે તમારે અહિંઆ સ્થિત રહેવાનું કંઇ પણ પ્રયોજન જણાતું નતી. અહિંઆ રસના ઉદ્દીપન વિભાવોનું વર્ણન કર્યું છે. આથી તેમને દૃષ્ટિ સમક્ષ જોવાથી સ્વામિનીઓના ભાવની ચ્યુતિને બદલે વૃદ્ધિ થતી જાય છે. ભગવાનની ઇચ્છા તેમની સાથે રમણ કરવાની છે. અને તેટલા માટે તો પોતે નાદ કરીને તેમને અહિં સુધી ખેંચી આણ્યાં છે, એટલે અંતઃકરણથી તેમનું નિવર્તન કરવા ઇચ્છતા નથી. પણ અહિંઆ લૌકિકરીતિને સ્વીકારીને તેમની પરીક્ષા માટે આ પ્રમાણે શબ્દોચ્ચાર પોતે કરે છે, છતાં પણ એ શબ્દોચ્ચારથી તેમનો ભાવ વૃદ્ધિ પામતો જાય છે કારણ કે રતિનું પોષણ કરનારી સર્વ સામગ્રી સ્વામિનીઓ પોતાની દૃષ્ટિ સમક્ષ જોઇ રહ્યાં છે. આલમ્બનવિભાવ નાયક કૃષ્ણચંદ્ર જાતે જ છે. અને કુસુમિત વન, ચંદ્રનો પ્રકાશ, મધુર પવનો, સુંદરસ્થળી, તથા શ્રીયમુનાજીના તટપ્રદેશ આ બધા ઉદ્દીપનવિભાવ છે. એની સમક્ષ અત્યારે સ્વામિનીઓ પ્રત્યક્ષ ઉભાં છે, તો પછી તે રતિભાવને વિશેષ પોષણ મળે તેમાં શું આશ્ચર્ય ? આથી જ ભગવાનના શબ્દોની અસર તેમના ઉપર થઇ નહિ. આની નિકટ ઉભા રહેવાથી તે તાપ કર્યા વગર રહેતો નથી, તેમ સર્વ રસસામગ્રીની પાસે તેઓ સ્થિત હોવાથી, તેમના ભાવનું ઉદ્દીપન થયા વગર રહેતું નથી. માટેજ શ્રી ભગવાનના વચનોએ તેમના હૃદયમાં સ્થિત ભાવની વૃદ્ધિ જ કરી. વન કુસુમિત હોવાથી ત્યાં રતિ કરવાને તે લાયક છે એમ કામશાસ્ત્રમાં કહેલું છે, તો પછી ગોપિકાઓ આવા સ્થળનો ત્યાગ શી રીતે કરે ? અહિંઆ 'અરણ્ય' શબ્દ નહિ વાપરતાં 'વન' શબ્દ વાપર્યો છે; વનનો અર્થ 'જે અન્યથી પસંદ કરાય છે અગર સેવાય છે તેવું સ્થળ' આમ (વન) ધાતુમાંથી વ્યુત્પતિ કરવાથી ફલિત થાય છે. આથી સ્વામિનીજીની કામનાઓની તૃપ્તિને માટે, તથા પ્રભુની સાથે રમણને માટે તે સ્થળ યોગ્ય જ

છે તો પછી તેનો ત્યાગ શી રીતે સંભવે ? તે વન કુસુમિત છે તેથી એમ સૂચન થાય છે કે તેમના રતિભાવરૂપી પુષ્પોનો વિકાસ પણ આ સુંદર સ્થળમાંજ થવાનો છે. જેમ તે વન ચંદ્રના કરથી રંગાયું છે, તેમ તેમનાં હૃદયના રાગ પણ પ્રભુના શ્રીહસ્તના સ્પર્શથી વિકસશે. જેમ આ વન શ્રીયમુનાજીના મન્દ મન્દ પવનથી કમ્પિત તરુપલ્લવોથી સુશોભિત છે, તેમ રતિવિલાસથી તેમના જુદા જુદા મનોભાવથી તેમનું હૃદય ત્યાંજ વિભૂષિત બનશે. આવી રીતે ભગવાનના શબ્દોચ્ચાર શ્રવણ કરીને સ્વામિનીઓને અંતઃકરણથી પ્રતીતિ થઇ. આથી તેમની રતિક્રીડાની ઇચ્છા વધારે ઉત્કટ બનતી ગઇ.

આ રીતે વનનું વર્ણન કરીને તેમનામાં અત્યન્ત આસકિત (અન્યાસકિત) ઉત્પન્ન કરી, પછી 'તમે હવે જાવ' એમ કહે છે.

**मूलम् तद् यात मा चिरं गोष्ठं शुश्रुषध्वं पतीन् सती : ।।**
**क्रन्दन्ति वत्सा बालाश्य तान्पाययत दुह्यत ।। २२ ।।**

**अन्वयार्थ** -- તો તમે વ્રજમાં જાવ. હવે વિલંબ કરો નહિ. હે સતી સ્ત્રીઓ પતિની સેવા કરો. વાછરડાં અને બાળકો રડે છે તેમને દૂધ પીવડાવો. અને ગાયોને દુહો.

**श्रीसुबोधिनीजी**-- તમે વનને જોયું તેથી તમારૂ કાર્ય સિદ્ધ થયું છે માટે તમે જાવ. આ વન આવું છે તેથી ન જશો એવો પણ ધ્વનિ છે. વિલમ્બ કરશો નહિ અગર લાંબા વખત સુધી ન જશો. કોઇ ભગવાનનો ત્યાગ કરીને વ્રજમાં જતું નથી. વળી વ્રજમાં જાવ, કારણ કે ત્યાં ગાયોની શુશ્રુષા હોય છે. વળી ત્યાં ગયેલાઓનો ધર્મ સિદ્ધ થાય છે. માટે કહે છે પતિની સેવા કરો. પતિસેવા સ્ત્રીઓનો ધર્મ છે. તેમાં વળી તમો તો સતીઓ છો. અથવા આ ''સતી'' પતિનું વિશેષણ છે. પૂર્વ જન્મમાં પતિવ્રતા સ્ત્રીઓ હતી, અને પુરુષની ભાવનાથી પુરુષ થયાં, તમે પુરુષ હતાં અને પછીથી સ્ત્રીભાવનાથી સ્ત્રી થયાં, માટે આગળ પણ વિપરીત થશે. તેથી વિચાર કરીને તમારે ત્યાં જવું એવો ભાવ છે. ત્યાં ધર્મ છે અહિંઆ તો રસ છે. પતિશબ્દ બહુવચનમાં વાપરવાથી ધર્માભાવ જણાય છે. અથવા તમારામાં જે પતિવ્રતા છે તેમણે જવું જોઇએ. તમે બધાં તેમ ન હોય તો તમારે જવું નહિ. લૌકિકધર્મપરાયણ પતિવ્રતા આવતાં નથી, માટે ભગવાન રસાલ હોવાથી તેનો અભાવ જ સૂચવે છે વળી વાછરડાં બાંધેલા છે અને બાળકો ભૂખ્યાં છે તેથી તે રડયા કરે છે. માટે તેમનાં રુદનને માટે તેમને ધવડાવો, અને ગાયોને દુહો, તમારુ જીવન પરાર્થ છે, સ્વાર્થ નથી; માટે દુઃખિતના સ્થાનમાં સુખની આશાવાળાએ જવું ન જોઇએ.

## બાળકો અને પતિઓની સેવા કરવાનો ઉપદેશ

**विवेचन** -- તમારી વનદર્શનની ઈચ્છા હવે તૃપ્ત થઇ છે, તો હવે વ્રજમાં પાછા જાવ. ત્યાં જઇને તમારા પતિઓની સેવા કરો, ગાયોનાં વાછરડાં ચીસો પાડીને કલ્પાંત કરે છે તેમને જઇને ધવડાવો. તમારા બાળકો જે રડે છે તેમને પણ ધાવણ આપો અને ગાયોને જઇને દુહો. આ શબ્દોથી પણ ગોપીઓના નિવારણને સૂચવતા નથી. तद्यात मा चिरं गोष्ठम् ''તો વ્રજમાં જાવ, વિલમ્બ ન કરો એવો જેમ અર્થ તેમાંથી થાય છે તેમ તેમાંથી'' લાંબા વખત સુધી વ્રજમાં જશો નહિ'' એવો પણ અર્થ ફલિત થાય છે. એટલે ભગવાન દેખીતી રીતે એમ કહે છે ''તમે વિલમ્બ કર્યા વગર હવે વ્રજમાં જાવ તો સારૂ'' પણ તેમનો હૃદયનો અર્થ એવો છે કે ''તમે હમણાં તો અહિંજ રહો. કેટલાક વખત સુધી તમારે જવાનું નથી. એટલે જ્યાં સુધી તમે જે રમણની ઇચ્છાથી અહિં આવ્યાં છો તે પૂર્ણ થઇ નથી. ત્યાં સુધી તમે જશો નહિ'' વળી ભગવાન કહે છે કે તમે સતી સ્ત્રી છો તેથી તમારા પતિની સેવા તમારે કરવી જોઇએ એ તમારો ધર્મ છે. એનાથી પણ નિવર્તન સૂચવાયું નથી ઉલટું એનો ભાવાર્થ એવો છે કે તમારામાંની જે પતિવ્રતાઓ હોય તેટલાં પાછા જાવ, બધાં નહિ. પતિની સેવા કરવી એ તમારો ધર્મ છે. મારી સાથે રમણ કરવામાં રસ પ્રાપ્ત થશે. માટે જેને ધર્મ કરતાં આ રસપ્રાપ્તિની વધારે અભિલાષા હોય તે અહિં રહો, બાકીનાં જેમને અલૌકિક રસ ઉપર પ્રિતિ નથી, પણ માત્ર લૌકિક ધર્મમાં જ છે; તેઓ ઘણી ખુશીથી જાવ, તેમનું અહિંયા પ્રયોજન નથી, એ આ ઉત્કૃષ્ટ રસનો આસ્વાદ લેવાને હજુ અધિકારી નથી. જેટલાં આ રસનાં અધિકારી છે, તેમણે તો અહિંયા રહેવું જોઇએ. ''બાલકો અને વાછરડાં રડે છે તેમને ધવડાવો'' એ શબ્દો પણ નિવર્તન સૂચવતા નથી; જો કે તમારૂ જીવન પારકાને માટે છે, સ્વાર્થને માટે નથી. પણ તમારૂ ''પર'' કયું અને ''સ્વ'' કયુ તેનો વસ્તુતઃ તમે વિચાર કરો. શું હું તમારો સ્વ નથી ? અને બાળકો તથા વાછરડાં ''પર'' નથી ? વળી તે દુઃખિતોના સ્થળમાં સુખની આકાંક્ષાવાળાં તમારે જવું એ યોગ્ય નથી. તમારા પરમ સુખનું સ્થળ આ છે. માટે તમારે તો-અહિંજ રહેવું.

આમ જો કે ભગવાન દેખીતી રીતે ગોપિકાઓને જવાનું જ કહે છે, છતાં પણ તેમાંથી સૂચન એવું થાય છે કે તમે ન જશો.

આ પ્રમાણે જયારે ભગવાન બોલી રહ્યા ત્યારે જેમની દૃષ્ટિ સ્નિગ્ધ (સ્નેહાળ) થઇ હતી તેમના તરફ બોલ્યા

मूलम् अथवा मदभिस्नेहाद्भवत्यो यन्त्रिताशयाः ।।
आगता ह्युपपन्नं तत्प्रीयन्ते मम जन्तवः ।। २३ ।।

**अन्वयार्थ** -- અથવા તો તમે મારા તરફ સ્નેહથી બંધાઇને અહિં આવ્યાં હો તો તમને યોગ્ય છે. કારણ કે પ્રાણીઓ મારા ઉપરજ પ્રીતિ કરે છે.

**श्रीसुबोधिनीजी** --- મેં નકામાજ ઉપર પ્રમાણે (તમારા આગમનના કારણમાં) પક્ષો કલ્પયા, વસ્તુતઃ તો તમે સ્નેહથી મારા દર્શન કરવાને આવ્યાં છો. આ સિદ્ધાંત પૂર્વપક્ષને માટે ફરીથી કહેવાય છે. નિરુકતાભાવ ગુણાત્મક અગર દોષાત્મક ફલને આપતો નથી. આ લૌકિક છે માટે ફરીથી અહીં કહેવાય છે. મારામાં જે આ સ્નેહ સર્વભાવથી અભિમત છે તેથી તમારા આશયને યંત્રિત કરીને તમે અહીંઆં આવ્યાં છો.જો એમ હોય તો તે તમને ઘટિત છે. ત્યારે તમે કહેશો કે હવે વિલમ્બ શા માટે કરો છો તો ત્યાં જણાવવાનું કે પ્રાણિઓ મારા ઉપર સ્નેહ રાખે છેજ. મારા સંબંધી સર્વ પ્રાણીઓ પોતાની મેળે પ્રીતિ રાખે છે તો મારે કંઇપણ કરવું ન જોઇએ. મારે માટે ફકત સ્નેહ જ છે. તમારામાં કૃતિ નથી માટે આ સાધારણ અર્થને જાણીને, તમે પાછા જાવ, સ્થિતિપક્ષમાં તો અર્થ સ્પષ્ટ છે. તો તમે ન જશો એમ ફલિત થાય છે. સ્નેહથી જે આવે છે તેને પ્રેરણા કરવામાં આવે તો પણ પાછો જતો નથી, કારણ કે તે અન્તઃકરણમાં વશીકૃત હોય છે અને અન્યાધીન થતાં કંઇ બાકી રહેતું નથી. નિષ્કપટા (ભોળી) પ્રીતિ કરવી જોઇએ. ઉભયત્ર ભાવ છે.

## પ્રભુ માટેના પ્રેમની ખાતર પણ પતિ સેવા છોડવી નહિ તેવો ઉપદેશ

**विवेचन** - આમ છતાં ગોપિકાઓ કંઇ પણ પ્રત્યુત્તર આપતાં નથી, તેથી ભગવાન બીજા પક્ષને મન સાથે કલ્પીને કહે છે. હે ગોપીઓ, હું જાણું છું કે તમે ખરેખાત મારા તરફ સ્નેહથી બંધાઇને આવ્યાં હોય તો હવે તમે દર્શન કર્યાં છે, એટલે તમારી અભિલાષા પૂર્ણ થઇ છે. તમે સર્વત્યાગ કરીને અહિં આવ્યાં છો આ વાત ખરી છે, પણ તમારો ભાવ ગુણાત્મક છે. તેમાં કામની તૃપ્તિનો વિચાર રહેલો છે. એટલુંજ નહી પણ તે દોષાત્મક છે; કારણકે તમે મને તમારો જાર ધારીને મારી સાથે તમારા કામની તૃપ્તિ કરવાને આવ્યાં છો તો આવા ભાવથી તમને ફલ કદીપણ મળશે નહિ. ભગવાન્‌ની પ્રાપ્તિ રૂપી ફલ આથી મલશે નહિ. કારણ કે તમે જે ભાવ દેખાડો છો તે તો લૌકિક છે. એવા ભાવથી કંઇપણ તમારી સિદ્ધિ થઇ શકશે નહિ. માટે તમે અહિંથી પાછા જાવ. મારામાં વળી ફકત મારે માટે સ્નેહજ છે, કૃતિ નથી. ફકત મારા ઉપર સ્નેહ રાખવાથી

શું વળ્યું ? એ સ્નેહને તમારે આચરણમાં દેખાડવો જોઇએ. આ વાત હું તમને એકલાંને જ કહું છું એમ તમે સમજતાં નહિ, પણ સર્વને માટે છે. એવા ફકત સ્નેહથી હું વશ થતો નથી. માટે તમે અહિંથી પાછા જાવ. આ શબ્દો પણ ભગવાનના નિવારણને સૂચવતા નથી, તેથી પણ ભગવાન તો એમજ કહે છે કે તમે અહિયાંજ રહો. બીજે કંઈ જતાં નહિ. મેં ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે જે કોઈ મને જે ભાવથી ભજે છે, તેને હું તે ભાવથી ભજું છું. મારા ઉપર નિરુપધિ સ્નેહ રાખનારના મનોરથ હું પૂર્ણ કરૂં છુ. તમારામાં મારે માટે નિરુપાધસ્નેહ છે એમ મારી ખાત્રી થઈ છે. નહિ તો સર્વનો ત્યાગ કરીને આ સ્થાને તમો આવો જ નહિ. તમારી પ્રીતિ નિષ્કપટ છે તો એવી પ્રીતિ ઉપર હું વારી જાઉં છું. માટે તમે અહિંયાં જ રહો. મને તમારો સહવાસ ઘણો પ્રિય છે. અહિઆં પણ અર્થશકિતમૂલાનુરણનરૂપ સ્વતઃસંભવી વસ્તુથી વસ્તુ પ્રતિપાદિત ધ્વનિ છે. શ્લોકમાં સાક્ષાત્ શબ્દોથી તમે અહિંથી જાવ એમ કહે છે પણ વસ્તુતઃ તમે ન જાવ એમ અર્થ ફલિત થાય છે.

અહિંઆ સર્વાત્મભાવ ફલરૂપ છે એમ ભગવાન્ પ્રતિપાદન કરે છે. જો તે અન્ય ફલનું સાધક હોય તો પછી તેજ સાધન છે અને ફલરૂપ નથી. ભગવાન્ ફલરૂપ છે. અલૌકિક ભાવ તે પ્રમાણે (ફલરૂપ) ન હોય તો પછી તેમાં ભગવદ્‌રૂપતા બની આવશે નહિ. તો લૌકિકોનો જેમ પોતાના પતિ વગેરેમાં ભાવ હોય છે તે પ્રમાણે ભગવાનમાં પણ લૌકિક તુલ્ય ભાવનાથી તે લૌકિક બનશે. જેમ અન્તર્ગૃહગત ગોપીજનોની બાબતમાં હતું તે પ્રમાણે આ રીતનો ભાવ સર્વાત્મભાવથી પ્રાપ્ય ભાવાત્મક ફલને સિદ્ધ કરતો નથી. માટે ભગવાને જણાવેલો અભિમત સ્નેહ તેજ સર્વાત્મભાવ છે. તેજ ભગવાન્‌ના વિષેનો છે. પુષ્ટિમાર્ગના વિચાર પ્રમાણે ગુણાત્મક છે. કારણ કે માત્ર સ્વરૂપરૂપી ફલનું એ સાધક છે. અથવા મર્યાદા માર્ગના વિચાર પ્રમાણે એ દોષરૂપ છે, કારણ કે વિહિત ધર્મથી તે વિરુદ્ધ છે. આ પ્રમાણે બન્ને રીતે જોતાં તે ભાવથી જુદા તે ફલનું પ્રદાન કરતો નથી. પોતે લૌકિક ભાવથી રહિત છે તેથી મારી પાસેથી ફલની આકાંક્ષા રાખવી નહિ. સતત સ્નેહજ કરવો જોઈએ. આ સ્નેહ તો ઘરમાંજ રહીને પણ થઈ શકે માટે તમે ઘર તરફ જાવ. માટે ગમનવિષયનું તાત્પર્ય આ પ્રમાણેનું છે.

જો ત્યાં સ્થિત રહેવાનું કહેતા હોય તો પણ સર્વાત્મભાવથી તમે વશ થયેલાં છો માટે જ તમે અહિઆં રહો. તમારૂં આગમન અયોગ્ય નથી. નહિ તો અન્તર્ગૃહગત ગોપીજનોની માફક પ્રતિબંધ થાય. પ્રતિબન્ધ અહિંથી દૂર કરવામાં

આવ્યો છે, તો પછી ઘેર જવાથી તે પ્રતિબંધ ફરીથી કરવાની જરૂર નથી માટે કહે છે કે હું પરમાત્મા નંદરૂપ છું તેથી મારી સાથે સંબંધવાળા પ્રાણીઓ મારા ઉપર પ્રેમજ રાખે છે. બીજા પતિ, સુત વગેરે ઉપર પ્રેમ કરવાથી તેમને દુઃખ થાય છે. માટે જો તમે પ્રીતિની ઈચ્છાવાળા હો તો અહિઆં જ રહો. આ રીતે સ્થિત રહેવામાં તાત્પર્ય સમજવું

**मूलम्** भर्तुं शुश्रूषणं स्त्रीणां परो ह्यमायया ।।
तद्‌बन्धूनाञ्च कल्याण्यः प्रजानां चामुपोषणम् ।। २४ ।।

**अन्वयार्थ** -- હે કલ્યાણી સ્ત્રીઓ ! સ્ત્રીઓએ પોતાના પતિની તથા તેના બંધુઓની સેવા નિષ્કપટભાવથી કરવી તથા પ્રજાને ઉછેરવી જોઈએ એ મુખ્ય ધર્મ છે.

**श्रीसुबोधिनीजी--** આ રીતે રાજસીનું નિરૂપણ કરીને સાત્ત્વિકીનું નિરૂપણ કરે છે. સત્ત્વયુકતનું નિરૂપણ થાય છે, પછી રજોયુકત સ્ત્રીઓનો મુખ્ય ધર્મ પતિની સેવા કરવી તેને માટે કહે છે. સ્વભાવથી ભગવાનજ જીવના ભર્તા છે. તેમાં પણ સ્ત્રી શરીર જેમણે પ્રાપ્ત કર્યું છે તેમના વ્યભિચારના અભાવને માટે ભગવાનજ સેવ્ય છે. લૌકિકમાં તો પરિગ્રહથી ભર્તા તરીકે જે અભિમત છે તેને સેવવો જોઈએ, એજ મુખ્ય ધર્મ છે. તેમાં પણ નિષ્કપટ ભાવથી સેવવો જોઈએ, કાપટયથી સેવા કરવાથી તેનું ફળ થતું નથી. બીજા સર્વ ધર્મો હલકા છે. પતિના બન્ધુ એટલે સસરા વિગેરેની પણ સેવા કરવી જોઈએ. કલ્યાણી એ શબ્દના સંબોધનથી એમ કહે છે કે તમે ગણાં ભાગ્યશાળી છો. કારણ કે તમારે પતિ તથા તેમનાં બંધુઓ તથા પ્રજાએ સર્વ છે. પ્રજા પુત્રાદિનું અન્નદાનથી અને સ્તન્યાદિના દાનથી સ્ત્રીઓ પોષણ કરે છે. અથવા પિતા વગેરેથી પોષણ કરાતાં તું જાતે પણ પોષણ કરે છે.

### પતિસેવાથી સ્ત્રીનું કલ્યાણ

**(विवेचन)** -- હવે પાછા ભગવાન કહે છે. હે સ્ત્રીઓ ! તમને તમારો ધર્મ શો છે તે ખબર હોય એમ મને લાગતું નથી, કારણ કે જો તે તમને વિદિત હોય તો તમે આ સ્થળે આવોજ નહિ. સ્ત્રીઓનો મુખ્ય ધર્મ તેમના પતિ તથા પતિનાં સગાં વહાલાંની સેવા કરવી જોઈએ, તથા સંતતિનું પોષણ કરવું જોઈએ, એ છે. પણ તમે તો તે ધર્મનો ત્યાગ કરીને અહિં આવ્યાં છો, તો શું તે તમને ઘટિત છે ? માટે હવે અહિંથી તમે પાછા જાવ. જો તમે મારી શિખામણનો તિરસ્કાર કરીને અહિઆં રહેશો તો તમારા સ્ત્રીધર્મને બાધ આવશે. ખરેખર, તમારે પતિ, તેમનાં

સગાં વહાલાં, તથા પુત્રાદિ છે તેથી તમે મહાભાગ્યશાળી છો. તમારા જેવું બીજા કોઈને પણ દુનિઆમાં સુખ નથી. આ સુખ અનુભવવાને તમે તમારા કુટુમ્બમાં પાછાં જાવ અને ત્યાં સર્વની સેવા કરો, એ રીતે તમારો ધર્મ પાળો. આ શબ્દોથી પણ હે ગોપીઓ તમે અહિં આવ્યાં છો તે બહુ સારૂં કર્યું છે, માટે તમે અહિંજ રહો પાછાં વ્રજમાં જશો નહિ એવો અર્થ સૂચવાય છે. મૂળ શ્લોકમાં સ્ત્રી શબ્દ બહુવચનમાં વાપર્યો છે અને ભર્તા એક વચનમાં છે તેથી સર્વ સ્ત્રીઓનો એકજ ભર્તા ભગવાન છે. સર્વ સ્ત્રીઓના જ ફકત નહિ પણ સર્વે જીવોના ભર્તા સ્વભાવથી ભગવાન છે. તેમાં સ્ત્રી જીવોએ તો પોતાનામાં જે વ્યભિચારબુદ્ધિ છે તેને દૂર કરવાને ભગવાનનેજ સેવવા જોઈએ. ભગવાનની સેવાથી તેમના મલિન વિચારો દૂર થાય છે અને બુદ્ધિ તથા હૃદય શુદ્ધ અને પવિત્ર બને છે. તમે મને તમારો ખરો પતિ જાણીને આવ્યાં છો તો તમને ધન્ય છે. ભગવાનરૂપી ખરા પતિની સેવા માયા રહિત કપટ ભાવ વગર કરવાની છે. કપટથી કરનારને સેવાનું ફળ મળતું નથી. તમારો ભાવ તદ્ન શુદ્ધ છે, તેમાં કાંઈપણ કાપટ્ય નથી. તમે હવે સર્વનો ત્યાગ કરીને અહિં આવ્યાં છો, તો હવે અહિંઆંજ રહો. એવો પણ અર્થ ફલિત થાય છે.

તમે એમ કહેતાં હો કે પતિ યોગ્ય ન હોય તો કહેવાનું કે :

**मूलम् दुःशीलो दुर्भगो वृद्धोजडो रोग्यधनोपि वा ।**
**पतिः स्त्रीभिर्न हातव्यो लोकेप्सुभिरपातकी ।। २५ ।।**

**अन्वयार्थ** - જો પતિ દુષ્ટ સ્વભાવનો, ભાગ્યહીન, વૃદ્ધ, જડ, રોગી અથવા ગરિબ હોય છતાં અપાપી હોય તો પરલોકની ઈચ્છાવાળી સ્ત્રીઓએ તેનો ત્યાગ ન કરવો.

**श्रीसुबोधिनीजी-** જો પતિમાં દુષ્ટ શીલ હોય, દ્યૂત વગેરે વ્યસનવાળો હોય, દરિદ્ર હોય, વૃદ્ધ (ઈન્દ્રયવિકલ), જડ (મૂર્ખ) રોગી (મહારોગથી ગ્રસ્ત) અથવા નિર્ધન પણ ભાગ્યવાન જો હોય તો તેની સંભાવનાથી સ્ત્રીઓએ તેનો ત્યાગ ન કરવો જોઈએ. આ રીતે છ દોષથી યુકત હોય તો પણ અનન્ય ગતિ પ્રાપ્ત કરનાર સ્ત્રીઓએ તેનો ત્યાગ નજ કરવો. અહીઆં વિરોધ સ્પષ્ટ છે. ભગવાન ષડગુણસંપન્ન છે. લૌકિક પતિ છ દોષથી યુકત છે, પાતકીનો તો ત્યાગ કરવોજ જોઈએ. અપતિત પતિનેજ ભજવો જોઈએ. એ વાકય છે. વળી તેમાં પણ આ લોકમાં તથા પરલોકમાં જેમને કીર્તિની અપેક્ષા છે તેમણે તો ત્યાગ નજ કરવો. નહિ તો અપકીર્તિ થાય.

### ગમે તેવો ખરાબ પતિ હોય તો પણ સ્ત્રીએ તેનો ત્યાગ કરવો નહિ

**(વિવેચન)** આ શ્લોકમાં ભગવાન્ ગોપીઓને, પોતાના પતિ તરફનો કેવો ધર્મ છે તે વિશેષ રીતે કહી બતાવેલ છે. હે ગોપીઓ, સ્ત્રીઓએ તો પોતાનો પતિ ગમે તેવો હોય તો પણ તેની સેવા કરવીજ જોઈએ. તેનો ત્યાગ કદી પણ કરવો નહિ. તે દુઃશીલ હોય, દુર્ભાગી હોય, વૃદ્ધ હોય અગર નિર્ધન હોય, પણ જો તે પાતકી ન હોય તો તેનો ત્યાગ કરવો નહિ. ફકત પાતકીનોજ ત્યાગ સંભવે છે. બાકી જો ઉપરના દોષયુકત હોય તો તેનો ત્યાગ નહિ કરવો જોઈએ. માટે તમારા પતિની તમે અહિંથી જઈને સેવા કરો. પરલોક પ્રાપ્તિની ઈચ્છા કરનાર સ્ત્રીઓનો આજ ધર્મ છે, આ શબ્દોથી પણ અર્થ તો એવો સૂચિત થાય છે કે તમે મારી પાસે અહિંઆં રહો, કારણકે વસ્તુતઃ તો ભગવાન્જ સર્વ જીવોના પતિ છે. ભગવાન્ ષડ્ગુણસંપન્ન છે, જયારે લૌકિક પતિ તો ષડ્દોષથી યુકત છે, એટલે તેનામાં ઐશ્વર્ય, વીર્ય, યશ ઈત્યાદિ ભગવાનના છ ગુણોનો તિરોભાવ છે: માટે આ લોક તથા પરલોકના પરમ સુખને પ્રાપ્ત કરવું હોય તો, તે લૌકિક પતિ ઉપરની આસકિત છોડી દો, અને તમે અહિંઆં સ્થિતિ કરો, આથી તમારૂં કલ્યાણજ થશે.

કદાચ ગોપીકાઓ અહિંઆં એવી શંકા કરે કે કામરસમાં જેમનાં મન નિર્વિષ્ટ છે તેમને ધર્મ બાધક થતો નથી. રસની ઉત્પત્તિ તો બીજામાંજ હોય છે તો ત્યાં કહે છે.

**मूलम् अस्वर्ग्यमयशस्यं च फल्गु कृच्छं भयावहम् ।।**
**जुगुप्सितच्च सर्वत्र ह्यौपपत्यं कुलस्त्रियः ।। २६ ।।**

**अन्वयार्थ-** હે કુલસ્ત્રીઓ ! જારસંબંધ તો સ્વર્ગથી પાડનારો, કીર્તિ હરનાર, તુચ્છ તથા દુઃખરૂપ, ભય કરનાર અને નિંદાગ્રસ્ત સર્વત્ર છે.

**श्रीसुबोधिनीजी-** હે કુલસ્ત્રીઓ ! જાર સંબન્ધ રસાલ હોયતો પણ બહુદોષ યુકત છે. તેમાં છ દોષો છે એમ કહે છે. એ અસ્વર્ગ્ય એટલે પરલોકનો નાશક છે. પૂર્વ ધર્મથી સિદ્ધ સ્વર્ગ પણ તેથી જતું રહે છે. વળી આ લોકમાં યશને દૂર કરે છે. મૂળમાં ચ અને શબ્દ છે તેથી નરક પણ કહ્યું છે. વળી ત્યાં મહાન્ રસભોગ નથી એમ કહેવાને તેને ફલ્ગુ કહ્યો છે. તે સુખ અલ્પ ક્ષણમાત્રથી સાધ્ય છે. તે સુખ સ્વરૂપથી મોટું હોય છતાં કાલથી પણ તે પરિચ્છિન્ન છે એથી તેને કૃચ્છકષ્ટસાધ્ય કહ્યું છે. અલ્પ પ્રયાસથી તે સિદ્ધ થતું નથી માટે તે અતિશય અનિષ્ટનું ઉત્પાદક છે. અનુભવ કાલમાં પણ તે રસને ઉત્પન્ન કરતું નથી. કારણ કે તે ભયજનક છે. ભયાનક રસ શૃંગારનો વિરોધી છે માટે તે વ્યભિચારશબ્દથી

વાચ્ય છે, મુખ્ય રીતે તો એ ભયાનક રસનેજ ઉત્પન્ન કરશે, પ્રથમથીજ ખાસ કરી વળી તે સર્વત્ર જુગુપ્સિત છે. સર્વ દેશમાં સર્વકાલમાં તે વ્યભિચાર કરીને જો કોઈ સત્કર્મ પણ કરે તો પણ તે જુગુપ્સિત થાય છે. ત્યાં ધર્મબુદ્ધિની નિન્દા થાય, માટે તેમાં બહુ દોષ હોવાથી ઉત્તમને માટે તે યુકત નથી.

## ઉપપતિ સાથેના સંબંધનાં દૂષણો

**(વિવેચન)** આ શ્લેકમાં ઉપપતિ જારની સાથે રમણ કરવાથી સ્ત્રીઓને કેટલા દોષ લાગે છે તેનું વર્ણન કરે છે. ઉપપતિની સાથેના રમણથી સદ્ધર્મનો નાશ થાય છે, અને પરલોકનું સુખ પણ ભ્રષ્ટ થાય છે, તેમજ આલોકમાં તે અપકીર્તિ કરનાર છે. તે રમણમાં મહાન્ રસનો અનુભવ થતો નથી, તેમાં જે રસ મળે છે તે અલ્પજ છે અને તે વસ્તુતઃ રસ નથી પણ રસાભાસ છે. તે રસભોગ માત્ર ક્ષણને માટે જ હોય છે, વળી તે કાલ મર્યાદિત છે, અને તેની પ્રાપ્તિ અતિકલેશથી થાય છે. અલ્પ પ્રયાસથી પ્રાપ્તિ થઈ શકતી નથી. વળી તે રસ શૃંગારનો વિરોધી છે. ભયાનક રસ છે; એટલે શૃંગાર રસનું સુખ તેનાથી પ્રાપ્ત થતું નથી. પતિ અને પત્ની વચ્ચેના રતિ સ્થાયી ભાવને વિભાવ અનુભાવ અને વ્યભિચારી ભાવની અભિવ્યકિત થાય તો તે શૃંગાર રસ કહેવાય છે પણ જો તે સિવાય ઉપપતિની સાથે અગર પરકીય નાયિકામાં રતિ હોય તો તે શૃંગાર રસ નથી બનતો, પણ રસાભાસ કહેવાય છે; એમ કાવ્યશાસ્ત્રમાં કહ્યું છે. કાવ્યપ્રકાશના ચતુર્થ ઉલ્લાસમાં तदाभासा अनौचित्यप्रवर्तिताः એ વાક્યમાં રસ અને રસાભાસનો ભેદ મમ્મટે સમજાવ્યો છે. પણ અહીંયા તો ભગવાન કહે છે કે માત્ર તે રસાભાસ નથી. પણ તે ભયાનક રસ છે. ઉપપતિની સાથેના રસમાં મુખ્ય ભયાનક રસ છે, કારણ કે તેથી નાયક અને નાયિકાને સર્વદા અન્યની ભીતિ રહે છે. તે ભય કરે છે. આ ભયાનકરસ તે શૃંગાર રસનો વિરોધી છે. તે શૃંગારને જામવા દેતો નથી. એકદમ તેની પ્રગતિને અટકાવે છે. તો પછી તે રસના ભોગથી શો લાભ છે ? જેમ વૃક્ષના મૂળમાં અગ્નિ હોય અને તે આખા વૃક્ષને ઉભું ને ઉભું નષ્ટ કરી દે, તેમ આ ઉપપતિની સાથેનો રસભોગ શૃંગાર રસને નષ્ટ કરે છે. માટે તેની તો છાયામાં પણ ઉભા રહેવું નહિ. વળી તે રસભોગમાં બીજું પણ દૂષણ છે અને તે એ છે કે લોકોમાં તે જુગુપ્સા ઉત્પન્ન કરે છે. આ રીતે છ દૂષણો ઉપપતિની સાથેની રતિમાં છે, માટે હે વ્રજસુંદરીઓ, એ રસભોગને તમારે વર્જવો જોઈએ. જ્યાં સુધી એનો તમે ત્યાગ નહિ કરો ત્યાં સુધી તમે ખરૂં સુખ ભોગવી શકનારજ નથી. માટે આ મારૂં કહેવું માનીને તમે હવે ઘેર પાછાં જાવ. જે રસભોગ તમારે તમારા

પતિની સંગમાં કરવો જોઈએ, તેને આમ અવિચારિપણાથી અન્યને આપવો નહિ જોઈએ, એથી તમને છેવટ દુઃખજ થશે. તમે સુખી થનારજ નથી, માટે તમે અહિંથી પાછાં જાવ. આ શબ્દો પણ ગોપીઓનું નિવારણ કરી શકતા નથી, કારણ કે તેમાં પણ એવું જ સૂચન ગર્ભિત રીતે છે કે તમારે જો ખરો રસભોગ કરવો હોય તો મારી પાસે સ્થિત રહો, સંસારમાં જશો નહી, કારણ કે ખરી રીતે જો તમને બોધ થયો હોય તો તમે સમજશો કે ભગવાનજ ખરા પતિ છે, અને લૌકિક પતિ તે માત્ર ઉપપતિ જાર છે. તેની સાથેના રમણથી-રસભોગથી ઉપર્યુકત છ દોષો સંભવે છે. માટે તે વર્જ્ય છે, શૃંગાર રસની મૂર્તિ સમાન રસેન્દ્ર માત્ર ભગવાનજ છે, અને તેજ પતિ થવાને લાયક હોવાથી તેમની સાથેનો રસભોગજ પરમ આહ્લાદ આપનાર છે. લૌકિક પતિની સાથેનો રસભોગ વિષયની તૃપ્તિ માટે છે, અને તે ભગવાનની સાથેના ખરા શૃંગારરસનો વિરોધી છે. માટે તમે લૌકિક રસભોગમાં આસકત ન થાવ. તેના પ્રતિ અરુચિ દર્શાવીને જે નિત્ય આનંદપ્રદ કીર્તિ કરનાર એવો ભગવાનનો પરમ રસ છે. તેના ભોગની પ્રાપ્તિ કર્યાથી તમારામાં લૌકિક વિકાર અગર કામ રહેશે નહી. સર્વ મનોરથોનો અન્ત પ્રભુ છે. માટે તે પ્રાપ્ત કરવાનો આવો સુંદર યોગ તમને મળ્યો છે તો શું તમે એનો લાભ નહિ લો ? જો આ તમને મળેલી તકને તમે વૃથા વહી જવા દેશો તો એ સમય તમારાં જીવનમાં તમને ફરીથી પ્રાપ્ત થવાનો નથી. માટે તમે અહિંજ સ્થિત રહો.

આ રીતે સગુણને પ્રબોધી ગુણાતીત ગોપીકાઓને પ્રબોધે છે.

**मूलम् श्रवणाद् दर्शनाद् ध्यानान्मयि भावोऽनुकीर्तनात् ।**
**न तथा सन्निकर्षेण प्रतियात ततो गृहान् ।। २७ ।।**

**अन्वयार्थ --** શ્રવણથી, દર્શનથી, ધ્યાનથી તથા અનુકીર્તનથી મારા જેવો ભાવ રહે છે, તેમ મારી સન્નિધિમાં નથી રહેતો, માટે ગૃહ તરફ તમે પાછાં જાવ.

**श्रीसुबोधिनीजी --** લૌકિક દષ્ટિમાં દોષો છે. ભકિતમાર્ગમાં અથવા પરમાર્થ દષ્ટિમાં નથી. આપ તો પુરુષોત્તમ છો એમ જો શંકા થાય તો કહે છે કે ભાવ શ્રવણથી થાય છે. ભકિત માર્ગમાં સંબન્ધજ કરવો જોઇએ એવું શાસ્ત્ર નથી. ભકિત નવપ્રકારની શ્રવણાદિરૂપ તથા પ્રેમરૂપા છે. સ્વતંત્ર પક્ષમાં તો તે સુતર છે. અને તેને સ્નેહની અપેક્ષા નથી. સ્નેહ તો ભગવાન્‌ના વિષયનો અલૌકિક છે. તેજ સર્વથી અધિક હોય છે. લૌકિક તો કામરૂપને પૂરેપૂરો પ્રાપ્ત હોવાથી તે હીન હોય

છે. તે અલૌકિક સ્નેહનાં ત્રણ કારણો છે-શ્રવણ, દર્શન અને ધ્યાન. પ્રથમ શ્રવણ હોય છે. તે ભગવદ્વિષયક પદવાકયોની ભગવાનના શકિતના તાત્પર્યનો નિશ્ચય ભગવાનને વિષે કરે છે. વિષયની વ્યાવૃત્તિ થાય છે નહિ તો અન્યત્ર પણ સ્નેહ થાય. પછીથી દર્શન એટલે તેના અર્થનો અનુભવ અથવા કૃપાથી નારદાદિની માફક ભગવત્કાર્યાર્થ ભગવત્સાક્ષાત્કાર હોય છે, પછી ધ્યાન હોય છે. એટલે યોગથી ચિન્તન આ સાધનોથીજ મારામાં ભાવ થાય છે આ ઉત્પન્ન થયેલો ભાવ દરરોજ કીર્તન કરવાથી સ્થિર થાય છે. જેમ આ સાધન શાસ્ત્ર પ્રમાણે હોય, તેમ તે વધારે સારૂ હોય છે. નિરંતર સાંનિધ્યથી ઉત્પન્ન થયેલો લૌકિક તે પ્રમાણે હોતો નથી, લૌકિક સ્નેહનો તે કામરૂપ છે એમ અમે કહ્યું છે. માટે ગૃહ તરફ પાછા વળો માટે પરમાર્થના વિચારમાં પણ અહિંઆ ઉભાં રહેવું જોઇએ નહિ. તે રીતે એનાથી અહિંઆ પ્રકારજ નિષિદ્ધ કર્યો છે. સ્વરૂપથી મહત્ત્વનો નિષેધ કર્યો નથી. ગૃહમાં સ્થિત થયેલાઓને એ વિહિત છે માટે ગૃહગમનની આજ્ઞા કરી છે.

## શ્રવણ, દર્શન અને ધ્યાન તથા અનુકીર્તનથી જ ભગવદ્‌ભાવની સિદ્ધિ

**વિવેચન** -- આ શ્લોકમાં ભગવાન કહે છે કે હે ગોપીજનો ! જો તમારે તમારો ભાવ મારામાં દઢ રાખવો હોય તો, તે શી રીતે દઢ થઇ શકે તે તમે સાંભળો. શાસ્ત્રમાં મારા ભાવની પ્રાપ્તિના ત્રણ પ્રકાર મુખ્ય કહ્યા છે-શ્રવણ, દર્શન અને ધ્યાન. મારી ગમે તો નવધા ભકિત કરો કે પ્રેમલક્ષણા કરો. પણ તેમાં અલૌકિક ભગવદ્વિષયક પ્રેમ સર્વથી અધિક છે. તેમાં ત્રણ મુખ્ય કારણો છે-શ્રવણ, દર્શન અને ધ્યાન. આ ત્રણથીજ મારો ભાવ ઉત્પન્ન થાય છે અને આ ઉત્પન્ન થયેલો ભાવ મારા કીર્તનથી બની શકે છે. આ ભાવ શાસ્ત્રની રીતે અનુસરવાથી સારો ખીલે છે. મારી સન્નિધિમાં રહેવાથી લૌકિક કામરૂપ બની જાય છે; માટે તમે ગૃહ તરફ પાછાં જાવ. ત્યાં જઇને જો તમારામાં મારે માટે ભકિતભાવ હોય તો નિરન્તર મારૂ શ્રવણ દર્શન (માનસિક) અને ધ્યાન કરજો, અને મારા ગુણનું કીર્તન કરજો. આ શબ્દોથી પણ સૂચન તો એવુંજ થાય છે કે ભગવાન તે ગોપિકાઓનું નિવર્તન ઈચ્છતા નથી, કારણકે આમાં પણ ભગવાન માટેના ભાવનીજ વાત કરી છે. તેના પ્રકારને નિષિદ્ધ કર્યો છે. કેવી રીતે એ ભાવની વૃદ્ધિ કરવી તેનો નિર્દેશ કરીને અન્ય પ્રકારનો નિષેધ કર્યો છે પણ તે ભાવના સ્વરૂપ કે માહાત્મ્યનો નિષેધ કર્યો નથી. સ્વરૂપે તે ભાવનું માહાત્મ્ય વિશેષ છે એમ તો ભગવાન પણ કબુલે છે. એટલું જ નહિ પણ તેનો સાક્ષાત્કાર કરાવવાને અંત:કરણથી ઈચ્છે પણ છે તો પછી અમને ઘેર જવાને ભગવાન ખરેખરા

અંતઃકરણથી આજ્ઞા કરે એમ માનવું તે અશક્ય છે એમ ગોપિકાઓ મનથી સમજે છે. અહિંઆં પણ સ્થિતિ પક્ષનીજ વાત કરી છે. આ શ્લોક ગુણાતીત અગર નિર્ગુણ ગોપિકાઓને ઉદ્દેશીને છે. આ રીતે ભગવાને તેમને ઘેર જવાને બોધ કર્યો પણ ગૃહનો એક વખત પરિત્યાગ કર્યા પછી ફરીથી તેનું ગ્રહણ કરવું તે ઓકેલું ફરીથી ચાટવા સમાન છે એમ માનીને અને વળી ભગવાનના વાકયનું ઉલ્લંઘન ન કરી શકાય એમ વિચારીને આવા મોટા વિરોધની બાબતમાં બીજા વિચારોને અનુકૂળ થવા શરીરનો ત્યાગ થવો જોઇએ એમ તેમણે નિશ્ચય કર્યો. પણ તેમાંએ ભગવાનના સંબન્ધનો આનંદ તો છે નહિ તેથી વળી વિચાર થતાં તે કર્તવ્યવિમૂઢ બન્યાં એવું કહે છે.

આ પ્રમાણે તેમને ઘેર જવાનો ઉપદેશ આપ્યો ત્યારે એક વખત તેમનો પરિત્યાગ કરીને પછી સ્વીકારે તો એક વખત ઓકેલું ફરીથી ખાવા બરાબર થાય એમ માનીને; તથા ભગવાન્‌ના વાકયનું ઉલ્લંઘન કરવું જોઇએ નહિ એમ વિચારીને અતિશય વિરોધમાં બન્નેને અનુકૂળ શરીરનો પરિત્યાગ કરવો જોઇએ એમ નિશ્ચય કર્યો, પણ ભગવાન્‌ના સંબંધના આનંદથી અભાવથી શું કરવું અને શું નહિ કરવું એ બાબતમાં મૂઢ બની ગયાં માટે કહે છે :-

**श्रीशुक उवाच - इति विप्रियमाकर्ण्य गोप्यो गोविन्दभाषितम् ।**
**विषण्णा भग्नसंकल्पाश्चिन्तामापुर्दुरत्ययाम् ।। २८ ।।**

**अन्वयार्थ--** શ્રીશુક બોલ્યા - આ રીતે ગોવિન્દ ભગવાનનું અપ્રિય ભાષણ સાંભળીને ગોપીઓ ખીજાઇ ગઈ, તેમના સંકલ્પો ભગ્ન થઇ ગયા અને અતિશય ચિંતામાં તે પડી ગયાં.

**श्रीसुबोधिनीजी --** વિપ્રિય એટલે જેમાંથી પ્રિય વિશેષ રીતે જતું રહ્યું છે એવું ભાષણબન્ને રીતે પ્રિયના અભાવવાળું હતું. ભગવાને આ ભાષણ શું પરીક્ષાને માટે કર્યું હશે અગર જાણીજોઇને કોઇ અભિપ્રાયથી હશે એમ ઉભયથા તેમાં પ્રિયનો અભાવ હતો. તે ભાષણને પૂરેપૂરી રીતે શ્રવણ કરીને તેના તાત્પર્યનો નિર્ણય કરીને ખરેખર અમને જવાનું જ કહે છે એમ નિશ્ચય કર્યો. કદાચ ભગવાનનો એવો અભિપ્રાય ન હોય તો પણ શા માટે એમણે એવું કહ્યું હશે તે તેઓ નહિ સમજતા ચાતુર્ય વગરના ગોપીઓ અને ભગવાન ગોવિન્દનું વાકય દેવ વાકય હોવાથી અનૃતની શંકાથી રહિતજ હોય, વળી તે ઇશ્વરનું વાકય હોવાથી નિશ્ચયરહિત છે એમ સાંભળીને મનમાં ઘણા ખિન્ન થયાં. તેમાં હેતુ એ

છે કે તેમના સંકલ્પો બધા ભાગી ગયા. ત્યારે ઘણી ચિન્તા થઇ આથી ''અમારા વિચાર અને ભગવાનના વાકયની એકતા શી રીતે થાય'' એવી ચિન્તા તેમને થઈ. તે ચિન્તા ત્રણ લોકમાં વ્યાપી ગઇ અને આ જન્મ કે જન્માન્તરોમાં અનુલ્લંઘનીય અને નિર્ધારને પ્રાપ્ત નહિ કરતાં પાર વગરની થઇ.

## પ્રભુના શબ્દો સાંભળીને ગોપીઓને થયેલી નિરાશા

**વિવેચન --** ગોપિકાઓએ સદાને માટે પતિ પુત્ર સર્વની મર્યાદા તોડીને ગૃહનો ત્યાગ કર્યો હતો અને પ્રભુની પાસે આવ્યાં હતાં, આથી જયારે ભગવાને તેમને વ્રજમાં પાછાં જવાને માટે કહ્યું ત્યારે તેમને મનથી ઘણુંજ વિરુદ્ધ લાગ્યું. જેમ ઓકેલું પાછું ચાટી જવાનું કહેવામાં આવે તેમ આ વચનોને અનુસરીને એક વખત ત્યાગ કરેલા ગૃહ તરફ પાછું જવું એ યોગ્ય નથી એમ તેમને લાગ્યું. વળી તેમને એમ પણ વિચાર થયો કે આ કૃષ્ણચંદ્ર તો સાક્ષાત ભગવાન છે તો તેમણે જે આપણને ગૃહ તરફ પાછા ફરવાનું કહ્યું તે ખોટુ નહિ કહ્યું હોય. તેમનાં વચનો કદી પણ અસત્ય હોયજ નહિ. જો તે જુઠું બોલે તો પછી દુનિયામાં સત્ય બોલનાર કોઇ રહેશે નહિ. તેથી આપણને ''તમે વ્રજમાં પાછા જાવ'' એમ સ્પષ્ટ શબ્દોમાં કહીને ''તમે વ્રજમાં જશો નહિ અહીં જ રહો'' એવું કહે તે સંભવતું નથી, પોતે ઇશ્વર હોવાથી તેમના અનૃતની શંકા હોતી નથી. વળી ભગવાનનું વચન શી રીતે ઉલ્લંઘી શકાય ? એક બાજુએ પ્રભુની આજ્ઞાનો ભંગ અમારાથી કરી શકાય તેમ નથી, બીજી બાજુએ આ સ્થળમાંથી પગ ઉપાડવાનું મનજ થતું નથી. પ્રભુની સાથે રસભોગની એટલી બધી ઉત્કટ ઇચ્છા અમારામાં થઇ છે કે તેથી સંસાર પણ અમને લૂખો લાગે છે. પતિ પુત્ર વગેરેમાંથી અમારી આસકિત જતી રહી છે. ભગવાન સિવાય ઘર અમને અરણ્યસમ લાગે છે તો હવે શું કરવું ? તેની સમજાણ પડતી નથી. આમ પરસ્પર વિરોધ જોઇને તે ઘણીજ મુઝવણમાં આવી પડયાં. તેમના સર્વ સંકલ્પો જતા રહ્યાં. તેઓ હતાશ થઇ ગયાં. રમણ માટે તેમની મધુરી આશા (તેમણે કરી હતી તે) ચાલી ગઇ અને અપાર ચિન્તામાં આવી પડયાં. આ બધી ચિન્તા જો દેહની ખાતરજ હોય તો શા માટે અમારે તેનો ત્યાગ ન કરવો ? દેહનો ત્યાગ કરવાથી બધી મુઝવણ જતી રહેશે. પણ તેમ કરવાથી ભગવાનનો સંબધ થવો શકય છે ? જો સંબન્ધનો આનંદ તેથી પ્રાપ્ત ન થાય તો પછી શા માટે દેહત્યાગ કરીને આત્મઘાતીનું પાતક વહોરવું જોઇએ ? આવા તર્ક વિતર્કમાં તે પડી ગઇઓ અને તેમની ચિન્તાનું કોકડું વધારે ને વધારે ગુંચવાયું. આ જન્મમાં કે પરજન્મમાં તેમની ચિન્તાનો ઉકેલ કરી શકે એવું કોઇપણ તેમને જાણાયું નહિ. આમાં ચિન્તા, વિષાદ, વિતર્ક, નિર્વેદ, ગ્લાનિ એ વ્યભિચારિભાવો છે.

પછી ચિન્તાથી જે થયું તે કહે છે.

**मूलम्**-कृत्वा मुखान्यवशुचः श्वसनेन शुष्यद्-बिम्बाधराणि चरणेन भुवं लिखन्त्यः ।
अस्त्रैरुपात्तमषिभिः कुचकुंकुमानि तस्थुर्मृजन्त्य उरुदुखभराः स्म तूष्णीम् ।।२६।।

**अन्वयार्थ** -- શોકયુકત શ્વાસથી જેમના રાતા ઓઠ સુકાઇ ગયા છે એવા મુખને નીચે કરીને ચરણથી પૃથ્વીને ખોતરતાં મેંસવાળા આંસુથી કુચકુંકુમને ધોતાં તે ઘણા દુ:ખના ભારથી શાન્ત ઉભાં રહ્યાં.

**श्रीसुबोधिनीजी** -- ચિન્તાથી પ્રથમ મૂર્છિત થયાં. પછીથી મુખને નીચાં કર્યા. કોઇને પણ અમારા મુખ દેખાડીશું નહિ એવો વિચાર કરીને મુખ નીચાં કર્યા. તેઓ શોક વગરનાં અગર શોકના સંબંધવાળાં થયાં. શોકના શ્વાસથી એટલે શોકસંબંધથી શ્વાસવાયુથી તેમના મુખના લાલ હોઠ શુષ્ક બન્યા હતા. તે મુખને નીચાં નમાવીને, ભૂમિને ચરણથી ખોતરવા લાગ્યાં, તે જાણે ભૂમિની પાસે માર્ગ માગતાં, વળી મેસ સહિત આંસુથી કુચનાં કુમકુમને ધોતા શાન્ત ઉભાં રહ્યાં. મુખ નીચું કર્યું એટલે ભકિત તિરોભૂત થઇ. શ્વસનથી પ્રાણને પીડા થઇ. શોકથી અંત:કરણને પીડા થઇ. બિમ્બાધરના શોષથી કામરસ શુષ્ક થયો, ચરણથી માટીને લીધે શરીરને પીડા થઇ. અશ્રુપાતથી ઇંદ્રિયો વિકલ થઇ. કુમકુમના અભાવે કાન્તિ નિસ્તેજ બની.દુ:ખના ભારથી આનંદ તિરોધાન પામ્યો. શાન્ત ઉભા રહેવાથી ચૈતન્ય ઉડી ગયું અને કેવલ થાંભલાની માફક ઉભાં રહ્યાં.

**(विवेचन)** -- ગોપિકાઓને ઘેર ''પાછા જવું કે નહિ'' એ વિચારથી ચિન્તા ઉત્પન્ન થઇ, તેમની બુદ્ધિ આ ચિન્તાનો નિકાલ કરી શકી નહિ; પછીથી તેમની કેવી અવસ્થા થઈ તેનું આ શ્લોકમાં નિરૂપણ કરે છે તે ઘણો શોક કરવા લાગ્યા. તેનાથી તેમના લાલ ઓઠ સૂકાઇ ગયા. હવે અમારૂ મુખ અમે કોઇને દેખાડીશું નહિ એમ વિચારીને તે મુખને નીચા કર્યા. આ દુ:ખભારથી તથા ચિન્તાથી અમારાથી રહી શકાતું નથી, માટે જો પૃથ્વી અમને માર્ગ આપીને, તેની અંદર શમાવી દે તો સારૂ એ વિચારથી તેઓ પોતાનાં ચરણથી ભૂમિને ખોતરવા લાગ્યાં. પછીથી તેમણે અશ્રુપાત કર્યો. એટલો બધો કર્યો કે આંખની મેશ સાથે મિશ્રિત થયેલાં અશ્રુબિન્દુથી સ્તન ઉપર જે કુંકુમ લગાડેલું હતું તે પણ ધોવાઇ ગયું અને કંઇ પણ ઉદ્ગાર કાઢયા સિવાય નિશ્ચેષ્ટ થાંભલાની માફક શાન્ત ઉભાં રહ્યાં. મુખને નીચું કરવાથી ભકિતનું તિરોધાન સૂચવાયું છે. શ્વાસથી તેમના પ્રાણને અત્યન્ત પીડા થઇ એમ જણાવ્યું છે. તે પીડા એટલી બધી હતી કે તેમને જીવિત માટે શંકા થઇ; શોકથી અંતકરણ ભગ્ન થઇ ગયું એમ તેમણે જાણ્યું. અંત:કરણના સર્વ વ્યાપારો શાન્ત થઇ ગયા. બિમ્બાધારના

શોષથી તેમનામાં રહેલો કામ રસ પણ સૂકાઇ ગયો. તેમનું જીવન નીરસ અને લૂખું લાગ્યું, ચરણથી ભૂમિને ખોતરવાથી તેમનું શરીર હવે કષ્ટથી પીડિત થયું હતું. અશ્રુપાતથી ઇન્દ્રિયો કંઇ પણ કાર્ય કરવાને હવે અશકત છે એમ તેમને જણાવ્યું. કંકુના ધોવાઇ જવાથી, તેમની કાન્તિનું તેજ ઉડી ગયું, કારણ કે કુંકુમ એ એમના સૌભાગ્યનું ચિન્હ હતું. ભગવાનને તેમણે કાન્ત તરીકે ઓળખ્યા હતા, તેથી તેમની પાસે જવાને આ સૌભાગ્યચિન્હ ધારણ તેમણે કર્યું, પણ ભગવાને તો તેમને નિરુત્સાહી બનાવ્યાં અને તેમની આશાનો ભંગ કર્યો; આથી તેમને અશ્રુપાત થયો અને તેથી તેમના સૌભાગ્યચિન્હ રૂપ કુંકુમ સ્તન ઉપરથી ધોવાઇ ગયું. જયાં સુધી સ્ત્રીઓ સૌભાગ્યચિન્હ ધારણ કરે છે; ત્યાં સુધી તેમની શોભા છે; જો તે ચિન્હો ન હોય તો તેમની શોભા રહેતી નથી-અત્યારે કુંકુમ ધોવાઇ ગયું તેથી તેમની કાન્તિ-શોભા પણ નિસ્તેજ બની ગઇ. વળી તેમના હૃદયમાં દુઃખનો ભાર જણાયો જો સામાન્ય દુઃખ હોત તો તેની તેઓ દરકાર ન કરત, પણ આ દુઃખ તેમને ઘણુંજ લાગ્યું. તેમના જીવનનો પરમ મનોરથ પ્રભુ સાથે રસભોગ કરવાનો હતો, તેમાંજ તેમનું સુખ હતું તે સિવાય અન્ય કશામાં તે સુખ ન હોતું; કારણ કે લોક ને વેદમાં પરમ સુખ રૂપ પ્રસિદ્ધ થયેલા ભગવાનજ જેમનેજ ભૂમા કહીને ઉપનિષદ્‌ની શ્રુતિઓએ વર્ણન કર્યું છે તેજ આનંદમય છે એમ બ્રહ્મસૂત્રમાં જણાવ્યું છે તો જયારે તે પરમ સુખરૂપ ભગવાન પાસે તેઓ આવ્યાં ત્યારે ભગવાને તેમને પાછા જવાને કહ્યું; આથી તેમના હૃદયને કેટલો આઘાત લાગ્યો હશે ? લૌકિક તુચ્છ સુખને માટે જયારે આપણે પ્રયાસ કરીએ ત્યારે જો તે સુખ આપણને પ્રાપ્ત થતું નથી અને ઉલ્ટી નિરાશા થાય તો આપણને કેટલું દુઃખ થાય છે તો પછી આ ગોપિકાઓ જેમણે પ્રભુનેજ પરમ સુખરૂપ ગણ્યા છે, તેમને જો નિરાશ કરવામાં આવે તો તેમને કેટલું દુઃખ થાય ! તેમણે તો પ્રભુનેજ પોતાના સંબન્ધી ગણ્યા છે, તેથી ભગવાન જયારે આમ તેમને નિરાશ કરે તો તે બિચારાં કોનું શરણ લે ? આવી સ્થિતિમાં તેમને અત્યન્ત દુઃખ થાય એ સ્વાભાવિક છે. તો એ દુઃખના ભારથી તેમના આનન્દનું તિરોધાન થાય જ. આવી અવસ્થામાં તેમનું ચૈતન્ય પણ જાણે ચાલી ગયું. તેથી થાંભલાની માફક શાન્ત ઉભાં રહ્યાં. આમાં નિર્વેદ, ગ્લાનિ, દૈન્ય, ચિન્તા, મોહ, વિષાદ એ સંચારિભાવનું નિરૂપણ કર્યું છે અને તેની શબલતા કરી છે; અને તે સ્વામિનીમાં રહેલાં શોક સ્થાયિભાવની અભિવ્યકિત કરે છે.

આ પ્રમાણેની સ્થિતિમાં પણ ભગવાનને શાન્ત ઉભા રહેલા જોઇને તેમણે કંઇક વિનંતિ કરી એમ કહે છે -

**मूलम्** प्रेष्टं प्रियेतरमिव प्रतिभाषमाणं कृष्णं तदर्थविनिवर्तितसर्वकामाः ।
नेत्रे विमृज्य रुदितोपहते स्म किञ्चित् संरम्भगद्गदगिरोऽब्रुवतानुरक्ताः ।। ३० ।।

**अन्वयार्थ--** શ્રીકૃષ્ણને માટે જેમણે સર્વ કામનો ત્યાગ કર્યો છે એવી અને સ્નેહાળ ગોપિકાઓએ પોતાનાં રુદનથી ઉપહત બે નેત્રોને લુંછી નાંખીને શત્રુની માફક બોલતા પ્રિયતમ કૃષ્ણને ઉદ્દેશીને ક્રોધથી ગદ્ગદ વાણી બોલ્યાં.

**श्रीसुबोधिनीजी--** ભાષણ ઉપર કહેલુંજ છે અથવા તે અવસ્થામાં પણ ભગવાને કહ્યું "શા માટે રડો છો ? સ્વસ્થ થાવ અને ગૃહ પ્રતિ જાવ" આ પ્રમાણે કહેતા ભગવાનનું મુખ હસતું હતું ત્યારે તેમના હૃદયમાં વાકયામૃતનો પ્રવેશ થયો. અને સજાતીય વાકયો ઉત્પન્ન કર્યા. ત્યારે ભગવાનથી ઉદ્બોધન પામેલાં તેમણે ભગવાનનાં વાકયોનો પૂર્વપક્ષ કરીને તેનું ખણ્ડન કરવા માંડયું. પ્રભુ પ્રિયતમ તો છે. પોતેજ સ્વસામગ્રીનું તે માટે સંપાદન કર્યું છે. પણ બોલે છે તો ઉંધું; તો પણ અપ્રિય જેવું ભાષણ તો નથીજ કર્યું. કદી પણ ભગવાન અપ્રિયસમાન થતા નથી પણ તે પ્રિય હોય છે. ઇતર પણ થાય છે. તેમનામાં સર્વ રીતે થવાનું સામર્થ્ય હોવાથી ઇતરસમ થાય છે; તેથી તેમની પ્રિયતમતામાં બાધ આવતો નથી, જેમ પોતે જગત્ છે, જગત્થી જુદા રૂપે છે. તેથી કહે છે. પ્રિયથી ઇતરની માફક ભાષણ કરે છે. ભગવાન તેમનામાં જે પ્રિય અંશ છે તેનું તિરોધાન કરતા નથી. પણ વાકયને તે રૂપે બોલતા નથી પણ અન્ય રૂપથી બોલે છે. ત્યારે તેમની સાથે વાદ કરવો શકય છે. કોઇ પણ ફલ કદી પણ સાધનરૂપ થતું નથી. અથવા "મને પસંદ કર" એમ કહે છે. પણ પરાણે પણ પ્રતિબન્ધનું નિરાકરણ કરીને તેમનું ગ્રહણ કરવું જોઇએજ તેથી કૃષ્ણ સદાનંદ એમ કહે છે. શંકા-આ હઠ શી ? તેજ કામ્ય છે ? તમે કહેશો કે મોટા છે પણ તે તો એમને માનતા નથી. તો પછી અલ્પતર પણ કામ્ય છે. ઉત્તર ભગવાનને માટેજ તેમણે સર્વ કામનાનો ત્યાગ કર્યો. તેજ કામ્ય છે એમ નિશ્ચય કરીને પ્રથમજ સર્વ કામનો ત્યાગ કર્યો. આ પુરુષ કામમય છે. જો ત્યાગ કરાયો હોય તો પણ ગ્રહણ થાય તો ભગવાને કહેલાજ ગૃહનું શા માટે ગ્રહણ કરાતું નથી ? માટે આ કામ જ બાકી કહે છે. તે જો ન થાય તો પછી સ્વરૂપહાનિજ થાય એમ નિશ્ચય કરીને, ફલમાં માન છોડીને દઢ થઇને રુદનથી સુઝી ગએલી આંખોને લૂછી નાખી યોગ્ય સ્થળે બધું ઠીક રાખીને કંઇક ક્રોધથી વાદને માટે ઉદ્યમ કર્યો. ભગવાન્ વાકયથી નિરાકરણ કરે છે, સ્વરૂપથી નહિ. વાકયનું તો નિરાકરણ કરવું જોઇએ. એ રાગ માટે તમામ પ્રયાસ જતા રહે તો પણ પાછા આવે છે પણ વાણી ગદ્ગદ થઇ. ઇશ્વરના

વાકયના નિરાકરણમાં વર્ણો સ્પુટ રીતે બહાર નીકળ્યા નહિ. કારણ કે વાણી પણ બીહે છે. આમને તો ભય નથી, કારણ કે તે અનુરકત હતાં. રાગ ભયનો પ્રતિપક્ષી છે. જયાં સ્વલ્પ પણ રાગ હોય છે, ત્યાં ભય હોતો નથી, માટે તે બોલ્યાં, વાકયોનાં તેટલાંજ બાધ વાકયો હતાં પણ તેમની પ્રાર્થના અધિક હતી, તેથી તેમની અગીઆર પ્રકારની વાણીનો જય થાય છે.

**વિવેચન** -- ઉપરના શ્લોકમાં ભગવાનનાં વચનો શ્રવણ કરીને ગોપિકાઓની કેવી સ્થિતિ થઇ તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ભગવાને તેમની એવી સ્થિતિ જોઇ છતાં પણ પોતે શાન્ત જ ઉભા રહ્યા હતા તેથી તેમને ગોપિકાઓએ તેમનાં વાકયોનો ઉત્તર આપવાને વિનંતિ કરી. જો કે ભગવાન પ્રિયથી વિરુદ્ધ હોય તેમ પોતાનાં વાકયો એમના પ્રતિ બોલતા હતા છતાં આ ગોપિકાઓને તો ભગવાન પ્રિયતમ છે એમ પ્રતીતિ થઇ હતી, કારણ કે તેમણે ભગવાનના સ્વરૂપને ઓળખી લીધું હતું. તેઓ જાણતાં હતાં કે ભગવાન તો ફલાત્મક છે, સાધનરૂપ નથી. શ્રુતિએ પણ ભગવાનનું ફલ તરીકે વર્ણન

**वाक्यानां बाधवाक्यानि तावन्ति प्रार्थनाधिका**
**एकादशविधास्तेन तासां वाचो जयन्ति हि ।। १ ।।**

કર્યું છે काममय श्चायं पुरुषः શુકે પણ कृष्णं सदानन्दम् એમાં ભગવાનનું ફલ તરીકે વર્ણન કર્યું છે તો ફલરૂપ ભગવાન કદી સાધનરૂપ થાયજ નહિ. તે કદી પણ એમ નહિ કહે કે હે ગોપીઓ, તમે મને પ્રસન્ન કરો અને ચાહો. જો એમ કહે તો તેથી તેમના ફલાત્મક સ્વરૂપને બાધ આવે. જેમને એ ફલ પ્રાપ્ત કરવું હોય તેમણે જ તેની પાસે જવું જોઇએ. ફલ કદીપણ એમ નહિ કહે કે ''તમે આવો અને મારૂ ગ્રહણ કરો. માટે ભગવાન પોતાનાં વાકયોથી આપણને વ્રજમાં પાછા મોકલવાને કહે છે, પણ આપણે તો ફલાત્મક ભગવાનના સ્વરૂપને ઓળખ્યું છે. તે કામરૂપ છે એમ જાણીને જ ઐહિક અને પારલૌકિક સર્વ ઇષણાઓનો ત્યાગ કરીને આપણે તેમની પાસે આવ્યાં છીએ. આપણા સર્વત્યાગના અર્થરૂપ ભગવાન જ કામ્ય છે. તે પ્રિય હોવા છતાં પ્રિયથી ઈતર હોય તેની માફક બોલે છે. તેમાં કશી પણ હરકત નથી એથી તો આપણને ભગવાનનાં વાકયોનો ઉત્તર આપવાનું સુગમ થઇ પડશે; કારણકે નિતિશાસ્ત્રમાં એવું કહ્યું છે કે પ્રિયની સાથે વાદ કરવો નહિ, પણ ઉદાસીનની સાથે કરવો. ભગવાન પ્રિયથી ઇતરની માફક બોલે છે માટે તેમની સાથે વાદ કરીશું તો ખોટું નથી. તેમના પૂર્વપક્ષનું ખણ્ડન કરીને, ભગવાનને હરાવીશું અને પછી આપણી ઇચ્છા પ્રાપ્ત કરીશું. ભગવાને પોતાનાં વાકયોથી

આપણું નિરાકરણ કર્યું છે; સ્વરૂપથી નહિ. માટે આપણે પણ વાકયોથીજ તેમનું નિરાકરણ કરીશું. તેમના વાકયોમાં જે પૂર્વપક્ષ કલ્પીને તેમણે દલીલો કરી છે, તે સર્વનું ખણ્ડન કરીશું. સ્વરૂપે તો તે પ્રત્યક્ષ સ્વરૂપ નિરાકરણ કરવાથી તો એ સ્વરૂપની આપણને હાનિ થાય. તે સ્વરૂપ તિરોહિત થાય. માટે વાકયોનું નિરાકરણ કરીને તેમના સ્વરૂપની પ્રાપ્તિ થાય તેમ પ્રયત્ન કરીશું. આમ તેમણે નિશ્ચય કરીને અભિમાન પૂર્વક પ્રયાસ કરવા માંડયો, પણ તુર્તુજ વાણી ભરાઇ આવી અને કણ્ઠ ગદ્ગદ થઇ ગયો. કારણ કે ભગવાનનાં વાકયનું નિરાકરણ કોઇથી થઇ શકે નહિ. વાણી પણ તે નિરાકરણ કરતાં ડરે છે. પણ આ ગોપીઓને ભય નહોતો ! ભય હોય તો પ્રેમ ન સંભવે. માટેજ ભયાનકરસને શૃંગારસનો વિરોધી કહ્યો છે. ભય અને પ્રેમ એકત્ર સંભવી શકે નહિ, તેથી તેઓ ગદ્ગદ કણ્ઠે પણ પોતાની વાણીને ઉચ્ચારી શકયાં. ભગવાને દશ વાકયોથી તેમનું નિવર્તન કરવા માટે ઇચ્છયું હતું, માટે તેમણે દશ વાકયોનો ઉચ્ચાર કર્યો, અને અગીઆરમાં વાકયથી ફલાત્મક પ્રભુની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી. ધન્ય છે આ સ્વામિનીઓના ભાવને કે ભગવાને તેમનું નિર્વતન કરવાને યુકિતઓ કરી છતાં પણ તેમની સાથે વાદમાં હાર્યા અને આખરે તેમને વશ થઇને પોતાના સ્વરૂપનું દાન કર્યું. ભગવાનની ઉપર પણ તેઓ રતિભાવમાં વિજય મેળવે છે. તેઓ તેમને પ્રાપ્ત કરે છે. આવો જયારે ઉત્કટ ભાવ હોય ત્યારે જ सौश्रुते सर्वान कामान्सह ब्रह्मणा विपश्चिता એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પ્રભુ સાથેના રતિક્રીડનનો પરમમોદ ભકતો પ્રાપ્ત કરે છે. આનું નામજ પુષ્ટિમાર્ગ!

ભગવાને પ્રથમ વાકયમાં એવું કહ્યું કે ''હે મહાભાગ્યશાળી ગોપીઓ, હું તમારૂ સ્વાગત કરૂ છું'' (શ્લો. ૧૮) ત્યાં જો કે ભગવાનને દેખીતી રીતે તો આપણી સ્તુતિ કરી છે તો પણ તે વાકય આપણને વ્રજમાં પાછાં મોકલવાના અભિપ્રાયથી ઉચ્ચારાયું છે તેમ હોવાથી આ આપણી સ્તુતિ નથી પણ અતિક્રૂર વચન છે, કારણ કે અનિષ્ટ રૂપમાં પરિણમે છે. તો પછી એમ મનથી સમજીને અશકય બાબતમાં શું કરવું એમ જો કહેવામાં આવે તો કહે છે.

**मूलम् मैवं विभोर्हति भवान्गदितुं नृशंसं संत्यज्य सर्वविषयांस्तव पादमूलम ।**
**प्राप्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान् देवो यथादिपुरुषो भजते मुमुक्षून् ।।३१।।**

**अन्वयार्थ--** ગોપીઓ બોલ્યાં - હે ભગવાન ! આ પ્રમાણે ક્રૂર વચન બોલવાં આપને છાજે નહિ. અમે સર્વ વિષયોનો ત્યાગ કરીનેં આપના ચરણકમળમાં પ્રાપ્ત થયાં છીએ માટે હે દુરાગ્રહી ! અમારો સ્વીકાર કરો. અમને ત્યજશો નહિ. જેમ આદિ પુરુષ મુમુક્ષુને ભજે તેમ તમે પણ અમને ભજો.

**શ્રીસુબોધિનીજી--** આપ સર્વ કરવાને સમર્થ છો. સમર્થ છતાં જો અન્યથા બોલે તો ક્રૂર ગણાય છે. જો દયા હોય તો એ પ્રમાણે બોલોજ નહિ. આપે અમને એમ પૂછ્યું કે વ્રજનું કુશળ છે ? એ પ્રશ્ન અમને ઉદ્દેશીને ન હોવો જોઇએ કારણ કે અમે તો સર્વ વિષયોનો ત્યાગ કરીને આપના ચરણકમલોમાં પ્રાપ્ત થયાં છીએ. આથી ત્યાગ કરેલા અર્થનો પરિગ્રહ (સ્વીકાર) અનુચિત છે, અમારૂ આગમન આપને જાર ધારીને થયું નથી. અમે તો અગીઆરે ઇન્દ્રિયોના વાસના સહ વિષયનો ત્યાગ કર્યો છે. તે જણાવવાને કહે છે. 'આપના ચરણમૂળમાં પ્રાપ્ત થયા છીએ' નહિ તો પાદમૂલની પ્રાપ્તિજ ન થાય, આપે એમ કહ્યું કે અહિં આવવાનું કારણ કહો તો ત્યાં જણાવાનું કે આપ અમનેભજો. તમે પૂછશો કે બીજુ કાંઇ કરવાનું છે ? તો કહે છે કે આપ દુરાગ્રહી છો. અમે તમને ભજીશું નહિ, પણ તમારૂ બીજુ કાંઇ કરીશું એવો જે આપનો અનુગ્રહ છે તે દુષ્ટ છે. જેમ જીવોનો આગ્રહ દુષ્ટ હોય છે તેમ. કારણ કે તે (જીવો) બીજુ સર્વ કરવાને ઇચ્છે છે. પણ ભગવાનનું ભજન કરવાને ઇચ્છતા નથી. જેમ જીવોનો આ આગ્રહ દુષ્ટ છે તેમ આપનો પણ એમ થવાને લાયક છે ''જે મને જેવી રીતે ભજે છે'' એ વાકયમાં જે પ્રતિજ્ઞા કહી તે અત્ર નથી. જો તે અભિપ્રાયથી આપ કહેતા હો તો અમારો ત્યાગ કરશો નહિ. અમે તમારો ત્યાગ કરતાં નથી. આ ભજન વિષયના જેવું નથી. પણ પ્રકારાન્તરથી વિશેષતા કહેવાને અશકત હોવાથી દૃષ્ટાન્તથી કહે છે. દેવ સર્વને ભજે છે, નહિ તો મોક્ષ વ્યર્થ થાય તેમાં પણ આદિપુરુષ તો ભજે છે જ. પૂર્ણકાણ્ડમાં પણ ભજન સાર્થક હોય છે. ઉત્તરકાણ્ડમાં તે સુતર છે. આદિપુરુષ તથા દેવ સેવ્ય જ હોય છે. ખરેખર દેવભજન વ્યભિચારજનક હોતું નથી. અન્યુપુરુષના ભજનમાં પણ પ્રથમ વિવાહિત ભર્તા અભજનીય બને તો અનંગીકાર ઉચિત છે, અભજન નહિ. આથી જેમ તે પોતાથી જુદાનું ભજન નથી સહન કરતા પણ તેની નિવૃત્તિ સહિત પોતાનું ભજન કરાવીને જાતે ભજે છે તેમ આપે પણ કરવું જોઇએ. માટે આપ જે અમને પાછાં મોકલવાનું કહો છો તે અનુચિત છે એમ જણાય છે. વળી જેમ ભગવાન મુમુક્ષુનો સ્વકીય તરીકે અંગીકાર છે, તેમને આત્મતરીકે સ્ફુરે છે, અને તેઓને પોતાના આનંદનું દાન કરે છે, ''આજ આનંદ આપે છે'' એમ શ્રુતિ છે.

**स्वाप्ययसम्पत्योरन्यतरापेक्षमाविष्कृतं** हि એ સૂત્ર પ્રમાણે ભગવાન તેને માટેજ પોતાને પ્રકટ કરે છે એટલે મુમુક્ષુને ભજે છે એમ કહ્યું છે. નહિ તો મુમુક્ષુજ ભગવાનને ભજે છે, ભગવાન નહિ. આથી ફલદ્વારા ભજન થાય છે, જેમ તેમની

પૂર્વ અવસ્થા આપ સંપાદન કરતા નથી પણ આપનામાંજ એમનું સ્થાપન કરો છો. તેજ રીતે અમારે માટે આવિર્ભાવ પામીને સ્વ આનંદમાં અમને યોજવા જોઇએ એ આપને કરવું જોઇએ એવો અર્થ છે. આથી પ્રાર્થના દ્વારા એક વખત અંગીકાર કરીને શાન્ત રહેવાના પક્ષનું નિરાકરણ કર્યું. આગળ ગૃહ-ઘેર જવાની આજ્ઞા તથા ઘેર રહેવાનું કહે છે; પણ તે રસ પોષણને માટે જ, ઘરને માટે નહિ, એમ જાણવું જોઇએ.

**अन्य टिप्पण--** શ્રીગોપીજનો કહે છે કે અમે જે આ ભજન આપનું કરીએ છીએ તે વિષયના જેવું નથી. અમારા ભજનમાં અગર પ્રાર્થનામાં વિષયનો સંબન્ધ નથી. અમે તો સર્વ વિષયનો ત્યાગ કરીને અહિંઆ આવ્યાં છીએ. ભગવાનમાં પણ ઇંદ્રિયોના વિષયનો અભાવ છે. પણ અન્ય પ્રકારથી કામના પ્રકારથી જુદી રીતે કેવલ રસરીતિથી, એમ ખાસ કરીને કહેવાને અસમર્થ છીએ. આનું વિસ્તારથી વિવેચન કરવાથી અમારા આધિકયનું નિરૂપણ કરવું પડે અને તેથી અભિમાનનો સંભવ રહે, આમ થવાથી સર્વાત્મભાવનામાં બાધ થાય. અમારે આધીન રહીને ભજો એમ ભગવાન કહે તો પછી રસત્વનો સંભવ રહે. માટે પરમ બુદ્ધિશાળી રસરીતિને સારી રીતે જાણનાર સ્વામિનીઓ દૃષ્ટાન્તથી પોતે ભગવાનને કેવી રીતે ભજે છે તેનું સ્વરૂપ જણાવે છે. જેમ દેવ ઉપાસકને આધીન થઇને તેની અભિલાષાને પૂર્ણ કરે છે, તથા તેને મહત્તા આપે છે, અથવા તો જેમ આદિપુરુષ પુરુષોત્તમ પોતાના ચરણમાં જ્ઞાનીઓને અને પોતાના ભકતોને પ્રવેશ કરાવે છે અને એ ભજનારને સ્વ આનંદનું દાન કરે છે; તે પ્રમાણે આપે કરવું જોઇએ એમ એમનો કહેવાનો ભાવ છે. ભજનમાં પણ આ બે દૃષ્ટાન્ત છે.

જેમ લૌકિક પતિ વગેરે કરતાં પણ દેવ મુખ્ય પૂજ્ય છે અને તેમના ભજનમાં દોષ નથી, જેમ બીજાઓ જારનું સેવન કરે છે, તે પ્રમાણે અમારે મન નથી. માટે આપ અમને પણ તે પ્રમાણે ભજો. કામીની માફક માત્ર અમારા કામને આપ પૂરશો નહિ. પણ અમે જે આપના સ્વાનન્દની અભિલાષા રાખી એ છીએ તેનું અમને દાન કરો. વળી જેમ આદિપુરુષ પુરુષોત્તમ ફલરૂપ છે તેના સાધનરૂપ નહી, નિષ્કામ મનોરથનો વિષય છે, તે પ્રમાણે, આપ અમારે મન છો તે જેમ સર્વકામરહિત જણાય છે, તથા તેમનાથી સેવાય છે અને ત્યારે સ્વરૂપરૂપી આનંદ રૂપનું દાન કરે છે, બીજી રીતે નહિ, તે પ્રમાણે આપે તેનું દાન કરવું જોઇએ. આ બે દૃષ્ટાન્તથી પોતાના ભજનમાં નિર્દોષતા છે એવું મર્યાદારીતથી પણ જણાવે છે. લૌકિક પતિવ્રતા સ્ત્રીઓ તે દેવનું ભજન કરે તો વ્યભિચારી ગણાતી નથી. દેવનું

ભજન કરનારીઓનો તેમના પતિ ત્યાગ કરતા નથી તેમ તેવી સ્ત્રીનું પતન નરકમાં હોતું નથી ઉલટું પતિઓ તથા બીજા બધા ખાસ કરીને તેમનું સન્માન કરે છે. તો પછી અમે પણ (પ્રભુને) ભજીએ છીએ તો અમને શી રીતે દોષ લાગે ? આપજ અમારે મન આદિપુરુષ છો, કારણ કે આપેજ પ્રથમથી અમારો સ્વીકાર કર્યો છે. આથી કદાપિ દુ:સંગના દોષથી અથવા વૈદિક ધર્મની નિષ્ઠાથી આપ લૌકિક કુલટાઓની માફક (અમારો) અંગીકાર ન કરો તે યોગ્ય છે.

લોકરીતિથી જારને સ્વીકાર કરનાર ભ્રષ્ટ હોય છે માટે તેનો પરિત્યાગ કરવો જોઇએ પણ આદિપુરુષના સ્વીકારમાં એ દોષ નથી. સ્વ ભજન નથી, પણ ઉલટું તે પણ દોષને દૂર કરે છે. પુરૂષોત્તમ તરીકે ન સ્વીકારીએ તો પણ આપ આદિ પુરૂષ છો. તે જેમ અન્યનું ભજન કરતા નથી, અને બીજા તરફ જાય તો પણ તેના ઉપર કોપ કરે છે તો પછી ત્યાં તેને મોકલે તો શી રીતે ? તે પ્રમાણે આપે પણ અમારા તરફ વર્તવું જોઇએ. અમને આપની પાસેથી બીજે મોકલવા ન જોઇએ, વળી કહે છે કે મોક્ષની ઇચ્છાવાળાઓ ઘરમાં આસકત રહેતા નથી પણ સર્વ વસ્તુમાં હેય બુદ્ધિ રાખે છે, તથા નિર્લેપ રહીને વિરકત તથા સર્વ ભોગથી વર્જીત રહે છે, અને નામથી (ભગવાન ના નામથી) સાધનદશામાં ભકિતમાર્ગીય હોવાથી સ્થિત રહે છે, કારણ કે વસ્તુત: તેઓ સંન્યાસી છે, તેમ અમે પણ છીએ તો વિચારીને તેમની માફક અમને પણ આપનાં બનાવો. મુકતને પણ ફરીથી આપ પ્રાપ્ત થાવ છો તે ન્યાય પ્રમાણે (મુકતોસૃપ્યવ્યપદેશાત્ એ સૂત્ર પ્રમાણે) ફરીથી તેમનામાં આપ આત્મા તરીકે સ્ફુરો, તેમની બહિરંતર વેદનાનો નાશ કરો છો, તથા હૃદયમાં સ્થિત રહીને આ વિચાર પામો છો, અને છેવટે તેમને સ્વ આનંદનું દાન કરો છો. તેમને ફરીથી અસલની દશામાં મૂકતા નથી. આપે દાન કરેલા આનંદને જ ઉત્તરોઉત્તર પોષો છો તે પ્રમાણે અમારી બાબતમાં આપે કરવું જોઇએ. એવો આ શ્લોકનો ભાવ છે.

### ભગવાનની પ્રથમ દલીલનો જવાબ પ્રભુની ખાતર ગોપીઓએ સર્વનો ત્યાગ કર્યો છે.

**વિવેચન-** હવે ગોપીઓ ભગવાનના વાકયનું નિરાકરણ કરવાને, તેમને વાદમાં હરાવવાને કહે છે- હે ભગવાન, આપ આ રીતે શબ્દનો ઉચ્ચાર કરો તે આપને છાજે નહિ. આપ સર્વ કરવાને સમર્થ હોવાથી આવી નિર્દય રીતે અમારા તરફ બોલો તે આપને શોભે ? આપે અમારા કુશળ સમાચાર પુછયા તેથી તો જાણે અમને એમ જણાવ્યું કે આપે અમારી સ્તુતિ કરી છે, પણ તે શબ્દો આપે

અમને પાછાં મોકલવાના અભિપ્રાયથી ઉચ્ચાર્યા હતા. આથી અમને ઘણો ખેદ થાય છે કે આપ અમારો ત્યાગ કરવા માગો છો. આપ એમ ન સમજતા કે અમે જારબુદ્ધિથી અત્ર આવ્યાં છીએ. અરે લૌકિક કોઇપણ વિષયની કામના અમારામાં નથી, અને તેથી અંતઃકરણસહિત અગીયારે ઇન્દ્રિયોના વ્યાપારનો એકદમ ત્યાગ કરીને અમે આપના ચરણકમલમાં પ્રાપ્ત થયાં છીએ તે ઉપરથી આપ સમજી શકશો કે અમારો આપની તરફનો ભાવ કેટલો બધો શુદ્ધ અને નિર્મળ છે ! આપ જયારે આવા કઠોર શબ્દો ઉચ્ચારો છો ત્યારે અમને એમજ લાગે છે કે આપ દુરાગ્રહી જ છો. જેમ જીવમાં અન્ય કાંઇ પણ કરવું, પણ ઇશ્વર ભજન નહિ કરવું એમ દુષ્ટ આગ્રહ છે. તેવી રીતે આપનામાં ભકતનો અંગીકાર નહિ કરવાનો દુરાગ્રહ છે ! પણ શું આપે એવી પ્રતિજ્ઞા નથી લીધી કે ''જે કોઇ મને જે રીતે પ્રસન્ન કરે છે તેને હું તે રીતે ભજું છું'' જો એમ હોય તો શા માટે આ પ્રસંગે આપ આ પ્રતિજ્ઞાનું પાલન કરતા નથી ? શું અમારા ભાવમાં કાંઇ ખામી છે ? ના, તેમ તો નથી, એમ આપના શબ્દોથી પણ અમને જણાઇ આવે છે. તો શા માટે આ વૃથા આગ્રહ છોડી દઇને જે ભાવે અમે આપને ભજીએ છીએ, તે ભાવથી આપ અમને ભજતા નથી ? જેમ આદિપુરુષ દેવ મુમુક્ષુને ભજે છે તેમ આપે પણ અમને ભજવાં જોઇએ એ શું આપનો ધર્મ જણાતો નથી ? કદાચ અન્ય પુરુષનું ભજન કર્યું હોય તેથી કોઇ ખરો વિવાહિત ભર્તા કંઇ અભજનીય થશે ? પૂર્વકાણ્ડમાં જોઇએ છીએ તો ત્યાં પણ ભગવાન યજ્ઞસ્વરૂપે પ્રકટ થઇને ભજે છે, ફલદાન આપે છે; ઉત્તરકાણ્ડમાં જ્ઞાન ભકિત કરનારને મોક્ષનું દાન થાય છે તો શા માટે આપ અમને ફલદાન કરતા નથી ? આપ જ અમારૂ ફલ છો; અને એ ફલની પ્રાપ્તિ માટે અમે અહિંઆ આવ્યા છીએ, ત્યારે તમે તો અમને નિરાશ કરીને પાછાં મોકલો છો ! વાહરે શું તમારૂ બુદ્ધિચાતુર્ય ! આપ એમ જાણતા હશો, કે અમે તો શાસ્ત્રાદિ કશું જાણતાં નથી એટલે આપને અમને છેતરવાં હશે ! પણ અમે તેમ છેતરાઇશું ? કદી આપ એમ સમજતા નહિ, તમારે ભલે અમારો ત્યાગ કરવો હોય તો કરો તેમાં અમારો કોઇ ઉપાય નથી, આપે જે વાકયો અમારા આગળ ઉચ્ચાર્યા છે, તેમાં આપે કેટલું બુદ્ધિચાતુર્ય અમને પટાવવાને વાપર્યું છે તે અમે સારી રીતે સમજી શકીએ છીએ અમે તો આપની પાસે પ્રતિજ્ઞાનું પાલન કરાવવા ઇચ્છીએ છીએ. જે રીતે અમે આપને ભજીએ છીએ, તે રીતે આપે પણ અમને ભજવાં જ જોઇએ. જેમ આપે આદિ દેવ તરીકે મુમુક્ષુ જનને ભજીને તેમને સંસાર યોનિમાં ફરીથી નાખ્યા નથી, તેમ આપ અમને ભજીને રસદાન આપીને અમારામાં સ્વ આનંદનું સ્થાપન કરો. નિરાશ કરીને વ્રજમાં પાછા મોકલશો નહિ.

આ અમારી દલીલ ન્યાયપૂર્વક છે, એમાં કશો વિરોધ નથી; માટે આપનો પૂર્વપક્ષ વ્યર્થ છે. જો આપને આપનાં વચનો માન્ય હોય, આપની લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવું હોય તો આપે પણ અમને ભજવાં જ જોઇએ.

**मूलम् यत्पत्यपत्यसुहृदामनुवृत्तिरंग स्त्रीणां स्वधर्म इति धर्मविदा त्वयोक्तम् ।।**
**अस्त्वेवमेतदुपदेशपदे त्वयीशे प्रेष्ठो भवांस्तनुभृतां किल बन्धुरात्मा ।।३२।।**

**अन्वयार्थ --** હે ભગવાન, ધર્મજ્ઞ આપે એવું અમોને કહ્યું કે પતિ, સંતાન મિત્ર વગેરેની સેવા કરવી એ સ્ત્રીઓને સ્વધર્મ છે તો આપજ સર્વ દેહવાળાઓના પ્રિયતમ બંધુ અને આત્મા ખરેખર હોવાથી, આપ ઉપદેશના કરનારા ઇશ પ્રતિ અમારો એ ધર્મ થાવ.

**श्रीसुबोधिनीजी--** ભગવાને જે ઉપર કહ્યું કે સ્ત્રીઓએ પોતાના ધર્મનો પરિત્યાગ કરવો તે અનુચિત છે. આ રાત્રિ ઘોરરૂપ છે તેથી સ્ત્રીઓએ અહિંઆ સ્થિત રહેવું જોઇએ નહિ ! તે બાબતમાં કહે છે. પતિ, સંતાન અને મિત્રો તેમની સેવા કરવી એ, સ્ત્રીઓનો સ્વધર્મ છે એમ ધર્મના જ્ઞાતા આપે કહ્યું છે. ધર્મશાસ્ત્રના જાણનાર બહિર્મુખો છે કારણ કે તેઓએ ફકત શરીરસંબધી ધર્મને સ્વધર્મ કહ્યો છે અને આત્મધર્મ તથા ભગવદ્ધર્મને સ્વધર્મ કહ્યો નથી. તે આત્માને જાણતો નથી. ધર્મજ્ઞ આપે વળી અમને અથવા આત્માને વિચારીને એ પ્રમાણે કહ્યું નથી. તેનો પણ અમે વિષય નિર્ણય કરીએ છીએ, તેને દૂષિત કરતા નથી. તો કહે છે ભલે એ પ્રમાણે હોય તોપણ સ્ત્રીઓએ સ્વધર્મ કરવો જોઇએ એમ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે ભલે થાય. પતિ વગેરે તે ધર્મનું સ્વરૂપ નથી, તેમ આધાર પણ નથી, પણ નિમિત્તજ છે અને તે ધર્મ અનુષ્ઠીયમાન અને પ્રમીયમાણ થાય છે. અનુષ્ઠીયમાન ધર્મ પુત્રાદિ નિમિત્ત છે. પ્રમીયમાણમાં ગુરુ નિમિત્ત છે માટે તે અનુવૃત્તિ (ધર્મ સેવા) પ્રથમ ગુરુમાં હોવી જોઇએ. નહિ તો સ્વધર્મ જાણાયેલો બને નહિ. વળી ભગવદ્વાકય અનુવાદક નથી. કારણ કે પ્રથમ અમારામાં ધર્મ નો અભાવ હતો, તે અન્યથા તે પ્રમાણે કરાય છે. વળી સેવા સિવાય આ ધર્મ સ્ફુરિત થતો નથી. નહિ તો વચનમાત્રથી જ જાત માટે ઉપદેશ વિષયની સિદ્ધિની માટે સેવા કરાવો. 'ઉપદેશનું પદ' આશ્રયકર્તા જ થાય છે. 'અંગ' કોમલતા વાચક સંબોધન છે. અમે પ્રતિકૂલતાથી તેનું નિરૂપણ કરતાં નથી, વળી સ્વધર્મ અનેકવિધ હોય છે, અને સ્વની અપેક્ષાથી ઉત્કૃષ્ટવિષયવાળા સમાનવિષયવાળા અને હીનવિષયવાળા હોય છે, તેમાં પહેલાંના પછીના કરતાં વધારે પ્રબલ હોય છે. જેમ સ્ત્રીઓનો સ્વસમાનપતિ પુત્રાદિની સેવા એ ધર્મ છે. એ પ્રમાણે સ્વના

નિયામક ઇશ્વરની પણ અનુવૃત્તિ એ મુખ્ય ધર્મ છે; નહિ તો તેની પ્રેરણાને અભાવે પતિસેવા વગરેમાં પણ પ્રવૃત્તિ ન થાય, માટે અહિંઆં પણ આપજ ઇશ્વર અન્તર્યામી તે પ્રમાણે થઇને પતિપુત્રાદિને માટે પ્રવૃત્તિ કરાવતા નથી. પણ સ્વને સેવા માટે જ પ્રેરો છો. આથી વાકયથી કહેલા ધર્મની સિદ્ધિને માટે પણ આપજ પ્રથમ સેવ્ય છો. વળી ધર્મ ધર્મીનું મૂલ છે, તે વિરોધ સિવાય કરવો જોઇએ અને ફલને માટે કરવો જોઇએ. જો તે અન્યથા કરાય તો અનિષ્ટમાં પણ પુરુષને પ્રવૃત્ત કરનાર અનાપ્ત ગણાય. માટેજ ધર્મશાસ્ત્રમાં શરીર પ્રિય હોવાથી તેને અનુસરીને ધર્મ કહ્યા છે. દ્રવ્ય અને સંસ્કારનો વિરોધ હોય તો દ્રવ્ય વધારે બલવાન છે એમ ન્યાય છે તો કોઇને દેહ પ્રિય હોય, કોઇને આત્મા, કોઇને પરમાત્મા કોઇને નિર્વાહક. આપ તો સર્વરૂપ થાવ છો; માટે અત્યન્ત પ્રિયતમ પરમપ્રેમના પાત્ર આનંદસ્વરૂપ બન્ધુ અને દેહના નિર્વાહક છો, વળી ફકત અમારાજ નહિ પણ સર્વે દેહધારિયોનાં પણ પ્રિયતમ છો. (માટે જ આપે જે શરીર આપ્યું છે તે આપના વિચારિત પ્રયોજન માટે છે.) જીવ ગ્રહણ કરીને સ્થિત રહે છે એમ જણાવ્યું માટે તે દેહ ભગવદીય છે. ભગવાનેજ તેને સ્થાપિત કર્યો છે તેથી તેમનેજ નિવેદન કરીને તેમને જો ઉપયોગનો ન હોય તો પછીથી અન્યને આપવો જોઇએ. ચેતન પ્રેરવાને યોગ્ય છે આથી જ્યાંસુધી ભગવદ્દુપયોગ જણાશે ત્યાં સુધી અન્યને તો પોતાના દેહને આપશે નહિ. તેને બોધ કરવામાં આવે તોપણ એમ આ અર્થમાં દેહધારીઓમાં તમે પ્રિયતમ છો, અને પ્રિયતમને પ્રિય વસ્તુ સમર્પિત કરવી જોઇએ. અહિંઆ 'કિલ' ની પ્રસિદ્ધિની પ્રમાણતા છે. કારણકે આપ ફકત દેહના દાતા નથી, પણ બન્ધુ છો. જે પ્રયત્નથી શરીર ધારણ કરે, તે બન્ધુ અગર આત્માના ધારક છો. માટે અન્તરંગ અને બહિરંગન્યાયથી અગર નિત્ય અને અનિત્યથી ભગવાનની સેવાજ મુખ્ય છે. જ્યારે વળી તમારો અનુપયોગ હોય ત્યારે પણ જો તે રીતે પ્રેરણા થાય તો અન્યને આપીશું તે સિવાય નહિ. ધર્મીનો વિચાર ધર્મ કરતાં પણ અધિક છે. અને આનો આપ અંગીકાર કરતા નથી. તેથી સર્વ વિરુદ્ધ જણાય છે માટે અમે પ્રાર્થના કરીએ છીએ. અથવા આપ સર્વરૂપ હોવાથી આપજ સેવ્ય છો. અન્યત્ર એક વખત સર્વસેવાપ્રાપ્તિ હોય તો વિનિગમકના અભાવે તે અંશથી પણ બાધિત થાય. આથી કાલાદિથી જે બાધિત થાય તે ધર્મ પણ હોતો નથી. વળી તે અશકય થાય છે. ખરેખર પ્રમાણને વિરુદ્ધ કરી શકતા નથી માટે પતિ આદિની સેવાનાં વિધાયક શાસ્ત્ર આપની સેવાનેજ જણાવે છે, માટે અનુવાદપક્ષમાં અગર સ્વતંત્રવિધાનપક્ષમાં આપની સેવાજ ઉચિત છે એવો ભાવાર્થ છે.

## પ્રભુજ સર્વ સંબંધીને સ્થાને હોવાથી તેજ પ્રીતિનો વિષય હોઈ શકે, એવી ગોપીજને કરેલી દલીલ

**વિવેચન** આપે અમને સ્ત્રીઓનો સ્વધર્મ શો છે તેનો બોધ કર્યો છે. આપ કહો છો કે પતિ સંતાન અને બંધુઓની અનુવૃત્તિ કરવી તેનું નામ સ્ત્રીઓના ધર્મ છે. આપ કહો છો કે આ પ્રમાણે શાસ્ત્રકારો સ્ત્રીઓના ધર્મનો બોધ કરે છે માટે જો તમે તમારો ધર્મ શો છે તે સમજતાં હો તો આ સ્થળથી સત્વર પાછાં જાવ કારણ કે તમારે અહિંઆં રહેવું ઉચિત નથી.આપના આ વાકયના ઉત્તરમાં અમે આપને એવું કહેવા માગીએ છીએ કે આપ અમને જે ધર્મનો બોધ કરો છો, તે તો શરીરધર્મને ઉદ્દેશીને છે, પણ શરીરધર્મ ઉપરાંત આત્મધર્મ તથા ભગવદ્ધર્મ પણ છે તેનો તો બોધ કરતા નથી. જે શાસ્ત્રકારો માત્ર શરીરધર્મનો જ ઉપદેશ આપે છે તે આત્મા શું છે તે બિલકુલ સમજતા નથી પણ આપ તો આત્માને જાણો છો. આપ તો ખરેખર ધર્મના જ્ઞાતા છો જ તો આપ શા માટે આ પ્રમાણે માત્ર શરીરધર્મનો અમને બોધ કરો છો ? ભલે તમે શરીરધર્મનો બોધ કરતા હો, તો પણ અમને તેનો વાંધો નથી, જીવનો શરીરધર્મ પણ કોના તરફ બજાવવો જોઇએ તે પણ અમે સમજીએ છીએ ! એ ધર્મનું અનુષ્ઠાન પણ ભગવાનના પ્રતિ હોવું જોઇએ. ભગવાન જ શરીરધર્મનો વિષય બની શકે. કારણ આપ દેહધારીઓના પ્રિયતમ છો. તેમના બંધુ છો. તેમના આત્મા છો તો પછી એ ધર્મ આપના તરફ જ હોવો જોઇએ. સ્ત્રીઓએ સ્વધર્મનું પાલન કરવું જોઇએ એમ જે વાકય આપે ઉચ્ચાર્યું તેનું અમે યથાર્થ અનુસરણ કરીએ છીએ. આપ પણ અમારી સાથે સંમત થશો કે પતિ વગેરે તે ધર્મનું સ્વરૂપ નથી તેમ તેના આધારભુત નથી; પણ માત્ર નિમિત્ત જ છે. વળી આ ધર્મ અનુષ્ઠાનથી અને પ્રમાણથી બને છે. અનુષ્ઠાનધર્મનું નિમિત્ત પુત્રાદિ છે અને પ્રમાણ ધર્મનું ગુરુ છે. માટે પ્રથમ તો આ અનુવૃત્તિ ગુરુના પ્રતિજ હોવી જોઇએ. વળી આ ધર્મનું સ્ફુરણ કરવાને સેવા અવશ્ય કરવી જોઇએ, પણ આપે સ્વધર્મ કહ્યો તો અમારે આપને પૂછવાનું કે તેમાં 'સ્વ' એટલે શું ? કારણ કે સ્વની અપેક્ષાએ ધર્મો પણ અનેકવિધ હોય છે. ઉત્તમ, સમાન અને હીન એમ જુદા જુદા વિષયો તેના હોય છે. તો શું જેને 'સ્વ' કહેવામાં આવે છે તેના નિયામક આપ નથી ? તો પછી આપની અનુવૃત્તિ તે અમારો મુખ્ય ધર્મ ન કહેવાય ? આપજ સ્વના નિયામક હોવાથી, અમને પ્રેરણા કરો છો અને અમે પતિ વગેરેની સેવામાં પ્રવૃત્ત થઈએ છીએ. માટે વિચાર કરતાં તો અમને એવું જણાય છે કે આપ જ પ્રથમ સેવ્ય છો. વળી ધર્મ તે ધર્મિદેહીનું મૂળ છે અને તે ધર્મીનો વિરોધ ન આવે તે રીતે

કરવો જોઇએ. શાસ્ત્રમાં દેહીના ધર્મ કહ્યા છે, પણ તે સ્વદેહની ઉપાધિથી યુકત નથી, પણ પ્રિયત્વની ઉપાધિથી યુકત છે. દેહને જે પ્રિય હોય તેને ઉદ્દેશીને ધર્મ કરવો, તો અમને પ્રિય આપજ છો. આથી અમારો ધર્મ પણ આપને ઉદ્દેશીને કરવાનો છે. આથી સ્વધર્મની મર્યાદાનો બિલકુલ ભંગ થતો નથી. આપેજ આ દેહને આપ્યો છે. આપજ સર્વ દેહધારીઓના નિર્વાહક છો. અને પરમપ્રેમના પાત્ર છો. માટે આ દેહ આપનો જ છે. આપે તેને સ્થાપિત કર્યો છે, તો પ્રથમ આપનેજ તે નિવેદન અમારે કરવો જોઇએ; અને જો તે આપના ઉપયોગનો ન હોય તો પછી અન્યને આપવો જોઇએ. પણ જયાં સુધી અમે એમ જાણીએ છીએ કે અમારા દેહનો આપને ઉપયોગ છે ત્યાં સુધીનો આપ બોધ કરશો. છતાં પણ અમે તે અન્યને આપવાનાં નથી. વળી આપ ફકત અમારા દેહના દાતા અગર નિયામકજ નથી, પણ આત્માના ધારક પણ છો એટલે અમારા અન્તરંગ અને બહિરંગ ધર્મના વિષય આપજ છો; માટે અમને તો અમારો સ્વધર્મ ભગવાનની સેવા મુખ્ય રીતે કરવી એજ જણાય છે. ધર્મના કરતાં ધર્મીનો વિચાર અધિક હોય છે અને આપ ધર્મી છો; તો અમારા ધર્મની અનુવૃત્તિ આપના પ્રતિજ હોવી જોઇએ. માટે આપના વાકયનું આ રીતે નિરાકરણ થયું છે, તો હવે અમને અમારા સ્વધર્મનો બોધ આપ કરશો નહિ. 'સ્વ' નો અર્થ દેહને લક્ષીને અગર આત્માને લક્ષીને કરતા હો, તો પણ ઉભયથી આપજ એ ધર્મના વિષય-આધાર છો. લૌકિક દેહના સંબંધધારીઓ પ્રતિ એ ધર્મ નિમિત્તરૂપ જ છે. નિમિત્તરૂપ તે અવશ્ય કરવા જેવો હોતો નથી. તે ધર્મના પ્રેરક જ આપ છો. જો આ પ્રમાણે હોય તો આ ઘોર રાત્રિમાં પણ અમે અહિંઆં આપની પાસે આવ્યાં છીએ તે શું ખોટું કર્યું છે ? અત્યાર સુધી અમને અમારા ધર્મનું સ્વરૂપ જણાયું નહોતું અને તેથી અમે લૌકિક પતિ આદિના સંબંધમાં સ્થિત રહ્યાં હતાં; પણ હવે તો આપના વેણુનાદનું શ્રવણ કરીને તદ્દ્વારા આપના સંકલ્પને અમે જાણ્યો, અને આપે અમને સ્વધર્મનું ભાન કરાવ્યું, અને તેથીજ અમે અહિંઆં આવ્યાં છીએ,તો હવે આપ શા માટે આ રીતે અમારૂ નિવર્તન કરો છો ? આપ વાકપતિ છો, તેથી ગમે તે રીતે જીવોને વાણીથી મોહ કરો છો તે અમે જાણીએ છીએ અને તેથી આ પ્રસંગે આવી વિપરીત વાણી ઉચ્ચારીને અમારૂ નિવર્તન કરવા આપે ઇચ્છયું હશે ! પણ અમે આપથી છેતરાઇશું નહિ, માટે આપ આ સર્વ વાક-પ્રલાપ છોડી દઇને જે નિમિત્તે અમને બોલાવ્યા છે, તે કાર્યમાં યોજો તોજ અમારા સ્વધર્મનું પાલન થશે !

આ રીતે રાજસીનું નિરૂપણ કરીને સાત્ત્વિકીના વાકયનું નિરૂપણ કરે છે.

मूलम् कुर्वन्ति हि त्वयिं रतिं कुशलाः स्व आत्मन्
नित्यप्रिये पतिसुतादिभिरार्तिदैः किम् ।
तन्न प्रसीद वरदेश्वर मा स्म छिंद्या :
आशां धृतां त्वयि चिरादरविन्दनेत्र ।। ३३ ।।

**अन्वयार्थ--** આથી કુશલ પુરુષો આપ આત્મસ્વરૂપ અને નિત્ય પ્રિયમાં રતિ કરે છે, કારણ કે દુઃખ આપનાર પતિસુતાદિકનું તેમને શું પ્રયોજન છે ? તો હે વર આપનારમાં શ્રેષ્ઠ, અમારા ઉપર પ્રસન્ન થાવ, અને કમલનેત્ર ! આપનામાં જે ઘણા કાળથી અમે આશા ધારણ કરી રાખી છે, તેનું છેદન ના કરો.

**श्रीसुबोधिनीजी** વળી કહ્યું કે તમારા માતા પિતા વગેરે તમને જોશે નહિ તેથી તમારી શોધ કરશે, માટે તમે તેમને ત્રાસ આપો નહિ તેના ઉત્તરમાં જણાવવાનું કે આ અમે પ્રથમજ કર્યું છે કે અન્યોએ પણ આમ કર્યું છે ? તેમાં પણ શું અધમજ માતા આદિની અનુવૃત્તિ કરે છે કે ઉત્તમો કરે છે ? ઉત્તમો પણ તમારી સેવામાં અશકત હોવાથી અગર શકત હોવાથી ? આ સર્વના વિચાર કરવો જોઇએ. આ અર્થમાં નિર્ણાયક મોટાઓના ચરિત્રને કહે છે. જેઓ આત્મ વિષયમાં કુશલ છે-આત્માનાજ હિતાર્થી છે, દેહ ઇન્દ્રિયોના નહિ. તે તો આપનામાંજ રતિ કરે છે સ્નેહથીજ ક્રિયા થાય છે. ભગવત્કૃતજ જીવગામી બને છે તેમ જણાવ્યું છે અને तज्ञात्मने प्रतिमुखस्य તેમાં જણાવ્યા પ્રમાણે પ્રીતિથી સેવા થાય છે. જો પુત્રાદિની સેવા પણ ધર્મ હોય તો તે પુરુષાર્થ હોવાથી આત્મપર્યન્ત હોય. કુશલશબ્દથી તેમનું કૌશલ આમાંજ છે. પ્રવૃત્તિના કરતાં નિવૃત્તિ ઉત્તમ છે. ઇન્દ્રિયદમનના સામર્થ્યના અભાવમાંજ તેને અન્યગામિ કરવું જોઇએ. માટે यतो यतो निवर्तेत ।। તેમાં નિરૂપણ કર્યું છે નિરુદ્ધ ઇન્દ્રિયો આત્મગામિ બને છે. તેમાં પણ તે જો આપનામાં વિનિયોગ પામે તો આત્મગામી બને છે આથી કેવલ નિગ્રહકર્તા કરતાં જે આપનામાં રતિ કરે છે તે કુશલ છે એમ જણાવવા 'હિ' શબ્દનો અર્થ છે ''આપનામાં ''ત્વયિ'' એ એકવચનથી પહેલાંની માફક એક સ્થળે સર્વ નિરૂપણ કર્યું છે, કારણ આપ સ્વની આત્મા તથા સ્વરૂપ છો. અધ્યાસના ન્યાયથી આપ એવા થયા નથી. વળી પ્રિયની સેવા કરવી જોઇએ પણ તે પ્રિય કાલપરિછેદ્ય ન થાય તોજ, નહિ તો જારસેવા પણ ધર્મજ બને. જન્મની માફક દિવસ પણ પરિછિન્ન છે. વળી પતિસુતાદિ તે ધર્મના હેતું પણ થવાને યોગ્ય નથી. કારણ કે દુઃખ આપનારાં જે છે તે કદી પણ ધર્મનાં નિમિત્ત થતાં

નથી, તે તો દુઃખદજ હોય છે. નહિ તો સંસારજ રહે નહિ. માટે અમારે તેમની શી જરૂર છે ? ભલે તેમનો જય થાવ, અથવા બીજું કંઇ. અમારે તેનું કંઇ પ્રયોજન નથી એમ અર્થ છે. વળી એકજ આપના પ્રસાદની પ્રાર્થના કરવી જોઇએ. જેના અભાવે સર્વશાસ્ત્ર, તથા યુકિત પણ વ્યર્થ થાય છે, તેથી કહે છે ''માટે અમારા ઉપર પ્રસન્ન થાવ,'' આપની જો અપ્રસન્નતા હોય તો લોક ભ્રાન્ત થઇ જાય અને દુઃખના હેતુરૂપ કાર્યમાં પ્રવૃત્તિ કરે. શંકા-તમારા ઉપર હું પ્રસન્નતા દેખાડું તેમાં એવું શું કારણ છે ? તો કહે છે આપ વર આપનારાઓમાં શ્રેષ્ઠ છો. જે વરને આપે છે તે લોકોના કલેશને જાણીને જ, કારણકે તે દયાલુ છે. નહિ તો તપ કરવામાં આવે તો પણ વરનું દાન ન થાય. તેમના પણ આપ ઇશ્વર છો તેથી અતિદયાળું છો. તે દ્વારજ સર્વેના દુઃખની શાન્તિ કરો છો. અમે કિલષ્ટ છીએ. કલેશ એજ તપની માફક સાધન છે.જો અહિંઆ કોઇ નિષિદ્ધ પ્રકાર હોય તો તે કરવો જોઇએ. શંકા-જેવી રીતે અત્યાર સુધી પતિસેવા કરી તેવીજ રીતે આગળ પણ તે કરવી જોઇએ. કારણ કે તે તમને પ્રાપ્ત થઇ છે. ગૌણ પણ કર્મનો જો સમારંભ કર્યો હોય તો તેની સમાપ્તિ કરવી જોઇએ. માટે વિચાર કર્યા વગરજ પતિસેવાને કરો, ઉત્તર-આ શંકાના નિવારણમાં કહે છે. અમે જે આશા ધારણ કરી છે તેનું છેદન કરશો નહિ, અમે પતિસેવા કરી નથી, અથવા તેને માટે સ્થિત થયાં નથી. આપની આશાથીજ સ્થિત રહ્યાં છીએ. મધ્યમાં સ્થિતિના નિર્વાહને માટેજ તેનો અંગીકાર કર્યો છે. જો એમ કહેતા હો કે તમે હમણાં આવ્યાં છો માટે તમારી અભિલાષા સિદ્ધ નહિ થાય. આમ આપ કહો તો તેથી અમારી આશા ભગ્ન થશે. અને આશા જવાથી, પ્રાણ પણ જતા રહેશે, આથીજ કોઇ એક સ્ત્રીહૃદયના જ્ઞાતાએ આનું નિરૂપણ કર્યું છે. ''આશાબન્ધ હૃદયને રુંધે છે'' આનું મૂલ પણ સ્ત્રીશાસ્ત્રમાં હશે. લાંબા કાળથી આપનામાં આ રીતે ધારણ કરેલી આશા જો છિન્ન થાય તો પછી અવલમ્બનના અભાવે અમારૂ અધઃપતન થશે એવો અર્થ પ્રસિદ્ધ છે. ''હે કમલનેત્ર'' એ સંબોધનથી દૃષ્ટિએ કરીને આપ અમને પ્રફુલ્લ કરો છો એમ નિરૂપિત કર્યુ છે. આશાનો હેતુ પણ આનાથી જણાયો છે, કારણ કે દૃષ્ટિ તાપહારક છે. તે ભાવોદ્ગારિણી હોવાથી અત્યાર સુધી આ જીવન રહ્યું છે એમ અહિંઆં ભાવ છે.

## પતિ અને સુત આર્તિ આપનાર છે. નિત્ય પ્રેમનો વિષય પ્રભુ જ હોઇ શકે

**વિવેચન** અહિંઆં શ્લોક ૨૦ મામાં ભગવાને ગોપીઓને જે ઉત્તર કર્યો હતો તેનો પ્રત્યુત્તર આપવામાં આવ્યો છે. હે ભગવાન, આપ અમને માતા, પિતા, વગેરેની સેવા કરવાનું કહો છો, પણ આપજ અમારૂ સર્વસ્વ છો એમ અમે નકકી

કરી દીધું છે, વેદાદિ શાસ્ત્રોથી અમે સારી પેઠે જ્ઞાત થયાં છીએ કે ભગવાન જ નિત્ય પ્રિય છે, અને તેથી જ ચતુર લોકો આપનાં વિષે પ્રીતિ કરે છે, કારણ કે આત્માના હિતને માટે ભગવાન્ માટેની ક્રિયા આવશ્યક છે; અને આ ક્રિયા સ્નેહ વગર બની શકતી નથી. સ્નેહ અને ક્રિયાનો વિષય આપ જ છો. માટે અમારો પણ સ્નેહ આપના વિષે સિદ્ધ થાઓ. વળી જો શાસ્ત્ર પ્રમાણે અમને પુત્રાદિ તરફની અમારી ફરજ બજાવવાને આપ કહેતા હો તો આપને જણાવવાનું કે પ્રમાણશાસ્ત્રો તો પુત્રાદિની સેવા કરવાનું જ કહે છે, પ્રીતિ કરવાનું નહિ, માટે અમારી પ્રીતિનો વિષય તો કેવલ આપ ભગવાન જ છો. ભગવત પ્રીતિમાં આપનાં વિધિવચન નથી, એતો માત્ર રાગથી જ પ્રાપ્ત કરાય છે. નિત્ય પ્રેમ અને સુખના વિષય આપજ છો. સંસારના સંબંધી દુઃખકર્તા છે. તેમને માટે ગમે તેટલી પ્રીતિ દેખાડીએ તો પણ તેઓ શાશ્વત સુખ આપી શકતાં નથી. માટે અમે જે આશાથી આપની પાસે આવ્યાં છીએ, એ આશાનો છેદ કરશો નહિ. અમારી આશાને પૂર્ણ કરવી તે આપનો ધર્મ છે, કારણ કે આપ વરદ કહેવાવ છો. આપ જેને ધારો તેને વરદાન આપી શકો તેમ છો, તો પછી શું અમને અમારી ઇચ્છામાં આપ નિરાશ કરશો ? જો અમને વરનું દાન કર્યા સિવાય પાછાં કાઢશો તો પછી આપને અમે વર આપનારામાં શ્રેષ્ઠ એ નામથી શી રીતે સંબોધીશું ? અમે જે આપનામાં આશા રાખી છે તે, આજકાલની નથી, પણ ઘણા લાંબા વખતની છે. લાંબા વખતની આશા એ સૂચવે છે કે અમારામાં આપને માટે નિર્મળ પ્રીતિ છે. આપ અરવિન્દ (કમળ) નેત્ર કહેવાવ છો. તો શું કમલની માફક આપનાં નેત્રો અમને શાન્તિ આપીને અમારા હૃદયના તાપને નહિ હરે ?

જે ઉપર કહ્યું કે વનદર્શન જોવાને માટે તમો આવ્યાં છો એમ કહીને પછી વન વર્ણન કર્યું છે ત્યાં કહે છે.

**मूलम्** चितं सुखेन भवतापहृतं गृहेषु यन्निर्विशत्युत करावपि गृह्यकृत्ये ।
पादौ पदं न चलतस्तव पादमूलाद्यामः कथं व्रजमयो करवाम किंवा ।। ३४ ।।

**अन्वयार्थ** -- અમારું જે મન ગૃહમાં-ઘરનાં કામમાં લાગ્યું હતું તેનું આપે સ્હેજમાં અપહરણ કર્યું છે. અમારા પાદ પણ આપના ચરણકમળમાંથી એક ડગલું પણ ખસતા નથી તો પછી અમે વ્રજમાં શી રીતે જઇએ તથા અમે શું કરીએ.

**श्रीसुबोधिनीजी--** જ્યારે ચિત્ત અમારા પોતામાં રહે તોજ વનદર્શનની ઇચ્છા થાય. તેનું તો આપે અપહરણ કર્યું છે. ત્યાં અપહરણમાં આપે પ્રયાસ કર્યો નથી. જો તેમ હોય તો આખા ચિત્તનું હરણ ન થાત. તેથી ''સ્હેજમાં'' એમ શબ્દ કહ્યો છે. અથવા સુખરૂપ આનંદ રૂપ આપે તેનું હરણ કર્યું છે. પોતે સાક્ષાત્

પરમાનંદ હોવાથી પરમ્પરાથી પાક્ષિક સાધનનું ગ્રહણ કરતા નથી. તે ચિત્તનો ગૃહમાં પ્રવેશ થતો નથી તો વનદર્શન તો દૂર રહ્યું. આથી જ્ઞાનશકિતનું અપહરણ કર્યું છે એમ કહ્યુ છે. આપે એમ નહિ કહેવું કે વનમાં કોઇ કામને માટે આવ્યાં છીએ. તેથી કહે છે કે ક્રિયાશકિતનું પણ હરણ કર્યું છે. જે કર ગૃહકાર્યમાં હતા તેનું પણ કામથી બલનું હરણ થયેલ હોવાથી વનકૃત્ય તો દૂર રહ્યું છે. આપના સ્પર્શથી જ કર સજીવન થાય છે નહિ તો તે મરી જાત. માટે હસ્તના અભાવે સેવાવિધિ પણ કુણ્ઠિત થઇ જાત. કરરહિતને કોઇ કામમાં નિયુકત કરતું નથી. વળી પાછાં ફરીને જાત એવા અભિપ્રાયથી વનદર્શન થયું છે એમજ કહ્યું છે તે પણ અસંભવિત છે, કારણ કે અમારા બે પદ પણ આપના પાદમૂલથી આ સ્થળેથી એક પણ ડગલું ચાલતા નથી, અન્યત્ર જતા નથી. પ્રગતિયુકત કરપાદના મૂલભુત આપના પાદ છે, તેના પણ મૂલમાં તે પાદ ગયા હોય તો પછી શી રીતે તે અન્યત્ર જાય ? નહિ તો વૃક્ષોની પણ ગતિ થાય. ''મૂલ પાસે ગયેલાંના આ સ્થાનમાંથી'' એમ કહેવું જોઇએ તેને બદલે આપના પાદમૂલથી એમ કહ્યું છે તેથી આપના ગમનથી સર્વત્ર ગમન કરવાનું શકય છે. આપના સિવાય નહિ એમ જણાવ્યું છે, માટે શી રીતે જઇએ ? આપ કહેશો કે ગાડાંથી તમને મોકલવા જોઇએ તો કહે છે ત્યાં જઇને અમે શું કરવાનાં છે. ગાડું વગેરે તો ઘેર જવા માટે સાધન છે. હસ્તના કાર્યકરણમાં કોઇ પણ સાધન લોકોમાં પ્રસિદ્ધ નથી. ગમનનું ફકત પ્રયોજન નથી પણ પિતૃ આદિની સેવા માટે ગમન છે. તેના અભાવમાં ગમન વ્યર્થ છે એવો ભાવ છે. ગમન છે એમ કહ્યું છે. તો ત્યાં કહે છે ''અમે શું કરીશું ?'' હસ્તથી નિરપેક્ષ કૃતિ ભિન્નપ્રક્રમથી ભગવાનના ભાવથી થાય છે માટે તે પ્રમાણે કહે છે. આથી સ્તનપાન પણ અશકય છે એમ તેનું નિરૂપણ કર્યું આશાના અભાવમાં શોષથી સર્વત્ર હોય છે.

---

અહિંઆ પ્રભુજ સર્વ પ્રેમનો વિષય છે એમ જે કહ્યું છે તે વિષે Bishop Henshow નાં નીચેનાં વાકયો કંઈક મળતાં છે તે કહે છે - In God's house and business forget thine own. Let all thy senses have no other other object but God. Let thine ears be open but thine eyes shut. If another's beauty draw the eyes from God, that beauty is become thy deformity, and hath turned God's eyes from thee, Remember that God will not mocked, that it is the heat of the worshipper which He regards. We are never safe till we love Him with our whole heart whom we pretend to worship.

**ભગવાનમાં તેમનું ચિત્ત હોવાથી પ્રભુનો ઉપદેશ છતાં ગોપીજન ગૃહ તરફ પાછાં જઇ શકતાં નથી.**

**વિવેચન** અહિંઆં શ્લોક ૨૧ માનો ઉત્તર આપવામાં આવ્યો છે. ભગવાને ત્યાં કહ્યું હતું કે હે ગોપીઓ, તમે આ વન જોવાની ઇચ્છાથી આવ્યાં હોય તો હવે તે વનને તમે જોયું છે તો પાછાં જાવ. આ ઉત્તરનો પ્રત્યુત્તર ગોપીઓ આપે છે. હે ભગવાન, અમને વન જોવાની ઇચ્છાથી આવ્યાં નથી. અમારૂ મન-ચિત્ત જો અમારી પાસે હોય તોજ અમે વન જોવાનું મન પણ કરીએ, પણ એ ચિત્તને તો આપે કયારનુંએ હરી લીધું છે, એટલે તે જોવાની અમને ઇચ્છા નથી. અમે તો આપનાં દર્શન માટેજ આવ્યાં છીએ. અમારા ચિત્તનું હરણ કરવાને આપે કોઇ સાધનનો ઉપયોગ કર્યો નથી, અગર શ્રમ કર્યો નથી (મૂળમાં કર્મણિપ્રયોગથી આ અર્થ સૂચવાય છે) આપ ખરેખર આનંદસ્વરૂપ છો. જોવાલાયક આપજ છો તો આનંદસ્વરૂપ આપના દર્શનની ઇચ્છા નહિ રાખતાં શા માટે અમે આ વનના દર્શનની ઇચ્છા રાખીએ ? આપ અમને ઘેર પાછાં મોકલશો, તો પછી અમારાથી દર્શન શી રીતે થઇ શકશે ? દર્શનના અભાવમાં જ્ઞાનનો પણ અભાવ અમારામાં દેખાશે. (દર્શન=જ્ઞાન) આથી એમ જણાય છે કે અમારી જ્ઞાનશકિતનું પણ હરણ થયું છે. તેમજ આ વનમાં કોઇ પણ કામ નથી. અર્થાત્ અમારામાં કામનો અભાવ છે, એટલે અમારી ક્રિયાશકિત પણ દૂર થઇ છે. આ રીતે અમે જ્ઞાનરહિત તથા કર્મરહિત છીએ. જ્ઞાન અને કર્મરૂપી સાધનશૂન્ય છીએ. સાધનશૂન્યના શરણરૂપ આપ છો તો પછી અમારા પાદ આપની પાસેથી શી રીતે પાછા ગૃહ તરફ વળે ? અમારા ચરણની ગતિ આપના ચરણમૂલની તરફ છે. તેટલા માટે તો અમે આવા કાલમાં લોકવેદનો ભય છોડીને આપની પાસે આવ્યાં છીએ. ઘર તરફ જવામાં અમારી શકિત ખપી ગઇ છે, અમે જઇ શકીએ એમ નથી, કદાચ આપ અમને ગાડાં મા બેસાડી પાછાં મોકલશો તો પણ ત્યાં જઇને અમે શું કરવાના છીએ; કારણકે અમારા હસ્તપાદ વગેરે સંસારના કાર્ય કરી શકશેજ નહિ.

મૂળશ્લોકમાં 'સુખેન' શબ્દ છે તેના બે રીતે અર્થો થઇ શકે (૧) સહેલાઇથી (૨) સુખરૂપથી-આનંદરૂપથી. પ્રથમનો અર્થ અવ્યય તરીકે છે બીજો અર્થ ભવતાં નાં વિશેષણ તરીકે છે. આ પ્રથમ અર્થ પ્રમાણે આપનાથી અમારૂ અંતઃકરણ બહુ સહેલાઇથી હરાયું છે, અર્થાત આપે પરિશ્રમ કર્યા વગર, અગર અમને તેની ખબર ન પડે તે રીતે અમારા અંતઃકરણને ચોરી લીધું છે. તેથી અમારૂ અંતઃકરણ હવે અમારૂ નથી. આમ હોવાથી ગૃહકાર્યમાં અમારૂ મન લાગશે નહિ. તો પછી ઘરમાં જઇને અમે શું કરીશું ? જે અંતઃકરણ અમે ઘરકાર્યમાં રોકતું

હતું તે તો તમે અમને ખબર ન પડે તેવી રીતે ચોરી લીધુ. જો અમને તે બાબતની ખબર પડવા દીધી હોત તો અમે કદીપણ તેને હરવા દેત નહિ. પણ તમે તે કામ એટલું સહેલાઇથી કર્યું કે અમને તેની કશી પણ ખબર પડી નહિ. આ સ્થિતિમાં હવે અમે ઘેર જઇને શું કરીએ ?

બીજા અર્થ પ્રમાણે સુખેન ને ભવતાં ના વિશેષણ તરીકે લેવું. અર્થાત ભગવાન્‌ના વિશેષણ તરીકે. ભગવાન્ સુખરૂપ છે, આનંદરૂપ છે. તે આનંદરૂપે ભગવાને અમારૂ અંતઃકરણ ચોરી લીધું છે તેનુ પ્રયોજન અમને આનંદનું દાન આપવાને માટે છે. આથી જો આપે આનંદનું દાન આપવાને અમારૂ અંતઃકરણ હર્યું હોય તો ગૃહકાર્ય તરફ તેને શું કરવા ધકકેલો છો ? તેથી શો લાભ થવાનો હતો ?

'આપે અમારૂ અંતઃકરણ હરી લીધું છે' એમ કહીને જ્ઞાનશકિતનો અભાવ સૂચવે છે. જ્ઞાન એ અંતઃકરણનો ધર્મ છે. જ્ઞાનશકિતનો વ્યાપાર અંતઃકરણથી થાય છે, પણ તે તો આપે હરી લીધું છે આમ હોવાથી અમે જ્ઞાનશકિતશૂન્ય બની ગયાં છીએ. તેમજ અમારા હાથ પણ ગૃહકાર્યમાં ચાલતા નથી એમ કહીને ક્રિયાશકિતનો અભાવ સૂચવે છે. સંસારવ્યવહાર જ્ઞાનશકિત અને ક્રિયાશકિત ઉભયની અપેક્ષા રાખે છે. પણ અમારામાં તો બેમાંથી એક પણ નથી. તો અમે ત્યાં જઇને શું કરવાનાં છીએ ? અમે તો જડ જેવાં છીએ. આવાંઓને સંસાર ફરીથી શા માટે આપો છો એવો ગર્ભિત અર્થ આની અંદર સમાયો છે.

ભગવાને કહ્યું કે તમે જલદીથી જાવ તો ત્યાં કહે છે.

**मूलम् सिञ्चाङ्ग नस्त्वदधरामृतपूरकेण हासावलोककलगीतजहृच्छयाग्निम् ।।**
**नो चेद्वयं विरहजाग्न्युपयुक्तदेहा ध्यानेन याम पदयोः पदवीं सखे ते ।। ३५ ।।**

**अन्वयार्थः** -- હે સખા ! આપના હાસ્યયુકત અવલોકનથી, અને મધુર ગીતથી ઉત્પન્ન થયેલા કામઅગ્નિને આપના અધરામૃત વડે સિંચન કરો. નહિ તો અમે વિરહથી ઉત્પન્ન થયેલા અગ્નિથી અમારા દેહને બાળી નાંખીશું અને ધ્યાનથી આપના ચરણની પદવાને (પદને) પ્રાપ્ત થઇશું.

**श्रीसुबोधिनीजी---** જો આપ પ્રતિબંધ ન કરો તો અમે જલદીથી જઇશું. આથી મૌનમાં પણ મરણ જ છે. માટે પાછા ફરવાનું તો કહેવું જ નહિ. હે અંગ ! આપના અધરામૃતના જલપ્રવાહથી અમારા કામાગ્નિને સિંચન કરો; તે અગ્નિને આપે જ ઉત્પન્ન કર્યો છે. તેનું કારણ કહે છે ૧ આપના હાસ્યપૂર્વક અવલોકન અને મધુર ગીતથી જે કામ ઉત્પન્ન થયો છે તે જ અગ્નિ છે. હાસ્ય કામજનક હોય છે અને અવલોકન સંધુક્ષણકર્તા છે.

ગીત વાયુના જેવું છે. તેમાં પણ મધુર ગીત સર્વથા વાયુ જ છે. (વાયુ) તે પણ ઉત્પન્ન થયો છે તથા હૃદયમાં હૃદયગામી આપનું અધરામૃત જ છે. પૂર વસ્તુને પ્રવાહીત કરે છે, તેમાં પણ અહિંઆં સિંચન કરવાનું કહીને અગ્નિની અતિશય મહત્તા દેખાડી છે માટે સિંચનોક્તિ યુક્ત છે. અલૌકિક અગ્નિ અલૌકિકથી જ શાન્ત થાય છે. કંદર્પ નિશ્ચે મૃત થતાં જ્વલિત થાય છે. તે જીવતાં છતાં અગ્નિની અવસ્થાનો ત્યાગ કરે છે, અન્યથા ત્યાગ કરતો નથી. તે અમૃતથી જીવે છે; તેમાં પણ દેવભોગ્યથી નહિ, નહિ તો તેથી જ જીવિત થાય. સૃષ્ટિનું કારણ હોવાથી આનો મોક્ષ નથી, માટે અતિગુપ્ત અધરામૃતથી તેનું જીવન હોય છે માટે સિંચન કહ્યું છે, નહિ તો નિર્વાપણની પ્રાર્થના કરે. કામ જીવે તો અમે જીવીશું નહિ તો તે મોહ જ્વલિત થતાં અન્યને પણ જ્વલિત કરશે. તેથી કહે છે સિંચનથી મંત્રવાદીની માફક આપ અમને જીવતાં કરશો; નહિ તો વિરહથી જ્વલિત અગ્નિ દેહને બાળી નાખીને ધ્યાનથી આપના ચરણની પદવીમાં જઇશું. જાતે સ્વતંત્ર માર્ગનાં અજ્ઞાત હોવાથી આપ સખા જે માર્ગે જશો તે માર્ગે અમે પણ જઇશું. (જેવી રીતે આપ હમણાં અમને આર્તિ આપો છો તેમ અમે પણ આપીશું. તેથી આપને પાછળથી પશ્ચાત્તાપાદિના હેતુ થઇશું એમ ગૂઢ અભિસન્ધિ છે.) આપના પદની પદવીમાં જઇશું એમ કહીને જણાવ્યું છે કે દેહ જવાથી તો અન્તર્યામી કંઇક જવો જોઇએ. દેહાન્તરની ઉત્પત્તિનું બીજ બળી ગયું છે. તેથી તે પ્રાપ્ત થશે નહિ. હવેથી ભસ્મીભૂત કરાયલો કામ ફરીથી અંકુરિત થાય છે ત્યારે તેનું વિપરીતરૂપ હોય છે તેમાં વિશિષ્ટ વિરહ અથવા એકાન્તનો અભાવ છે. આથી આપની સાથે એકાન્તના અભાવમાં વિરહિત્વ છે. જો કે પૂર્વે જણાવેલા અગ્નિથી જ દાહ સંભવે છે. તો પણ ભસ્મ કરવાથી તેમાં સામર્થ્ય નથી કે આ અગ્નિના સંબંધથી સર્વ અંગમાં સૂક્ષ્મ અવયવમાં પણ પ્રવેશ પામીને ઉદ્‌બોધ પામે તો જ તે સમર્થ હોય છે. શુષ્ક કાષ્ઠ બળે છે તેથી ઉપાધિનો અંત આવવાથી આપના ચરણમાં ગમન કરીએ છીએ. આથી ગમન તો દૂર રહ્યું પણ મરણ તો ઉપસ્થિત થયું માટે જલદી પ્રતીકાર કરો.

## પ્રભુનું અધરામૃત એજ જીવનનો હેતુ

**વિવેચન--** ભગવાને શીઘ્ર પાછાં ઘર તરફ વળવાની જે આજ્ઞા પાછળ કરી છે તેના ઉત્તરમાં ગોપીઓ જણાવે છે હે ભગવાન, શા માટે આપ આવાં માર્મિક વચનોથી અમારા હૃદયમાં દાહ ઉત્પન્ન કરો છો ? આપે આપના હાસ, સુંદર, દૃષ્ટિપાત, મધુર ગતિથી અમારા હૃદયમાં કામરૂપ અગ્નિને ઉત્પન્ન કર્યો છે તો તેને આપના અધરમાંથી ઝરતા અમૃતના પૂરથી શાન્ત કરો. આપના અધરામૃતના પૂરની રેલમછેલ કરી દેશો તોજ આ પ્રખર અગ્નિની જ્વાળા શાન્ત થશે. આ અગ્નિને આપેજ પ્રકટાવ્યો છે. તો તેને આપેજ શાન્ત કરવો જોઇએ. તે શાન્ત

કરવાને માટે આપના અધરામૃતની જરૂર છે. દેવોનું અમૃત અમારૂ હૃદયગામિ બની નહિ શકે. તે અમૃત અમારા તાપને શાન્ત નહિ કરી શકે. જો આપ અમારા તાપને શાન્ત નહિ પાડો તો આપના વિરહથી, અમે અમારા દેહનો ત્યાગ કરીશું. આપના સિવાય ઘેર પાછાં નહિ વળતાં અહિંઆ પ્રાણને ટકાવી શકીશું નહિ. માટેજ આપ અહિંઆ અમને એકાન્ત આપો. ઉપર જણાવેલો અગ્નિ જયાં સુધી સૂક્ષ્મ અવયવોમાં બધે પ્રવેશ કરતો નથી ત્યાં સુધી તે ભસ્મ કરવાને સમર્થ થતો નથી. તેટલા માટે અમે ઉપાધિમાંથી મુકત થઇશું (વિરહમાં) આથી છેવટે તો પ્રાણનો ત્યાગ કરીને આપના ચરણકમળમાં જ અમે આવવાનાં છીએ. આથી જેમ અત્યારે અમને આર્તિ આપો છો તેમ અમે પણ આપને પશ્ચાત્તાપનું કારણ બનીશું; માટે એવું પરિણામ ન આવે તેથી અમને પાછા ફરવાની આજ્ઞા ન આપશો; નહિ તો અમે પહેલાં જણાવ્યું તેમ ગમન તો દૂર રહ્યું પણ મરણ થશે, વળી જે એમ કહ્યું કે ''અથવા મારા સ્નેહથી તમે આવ્યાં છો વગેરે'' એમાં જો કે આપે અમારા સ્નેહની સ્તુતિ કરી છે તો પણ તેમાં યથાર્થ વસ્તુ શું છે તે આપ શ્રવણ કરે એમ કહે છે. આમાં ભગવાનને 'અંગ' કરીને સંબોધન કરે છે, એ પદ કોમળતાનું વાચક છે. ભગવાન એટલા બધા કોમળ છે કે જરૂરથી અમારી સ્થિતિને લક્ષ્યમાં લેઇને અમારી પ્રાર્થના સ્વિકારશે. ભગવાન્‌ના અધરામૃતના પ્રવાહથી કામાગ્નિને સિંચન કરવાનું કહ્યું છે. તેનું પ્રયોજન એ છે કે આ કામાગ્નિ લૌકિક નથી પણ અલૌકિક છે. આથી તે અલૌકિક અગ્નિને શાન્ત કરવાને અલૌકિક ઉપાય જોઈએ અમૃત એજ એવી શકિત ધરાવે છે. માટે પ્રભુના અધરઅમૃતની યાચના કરી છે. વળી આ અગ્નિ એવો પ્રબળ છે કે તેની ઉપર એક બે છાંટા રેડવાથી તે શાન્ત થાય એમ નથી માટે કહે છે કે તેની રેલમછેલ કરવી જોઈએ. માટે મૂળમાં પૂરિત શબ્દ વાપર્યો છે. તેનો પ્રવાહ જયારે પડે ત્યારેજ તે શાન્ત થાય નહિ તો નહિ. વળી આ અગ્નિને શાન્ત કરવાની એ ભગવાન્‌ની પોતાની ફરજ છે કારણકે ભગવાને પોતેજ તેને ઉત્પન્ન કર્યો છો. તેમણે પોતેજ પોતાના સુંદર હાસ્ય અવલોકન તથા ગીતથી આ અગ્નિને પ્રકટાવ્યો છે, અને તે ભગવાન્ સિવાય બીજા કોઇનાથી શાન્ત થાય તેમ નથી, માટે તેમની પોતાની ફરજ છે કે કોઇપણ રીતે તે અગ્નિને શાન્ત કરવો જોઇએ. જો ભગવાન્ શાન્ત ન કરે તો પછી તેની પ્રચણ્ડ જવાલાઓમાં જો તેઓ ભસ્મીભૂત થઇ જાય તો તેનો દોષ ભગવાનને લાગશે; અને તે માટે પ્રભુ અપરાધી ના ઠરે માટે ભકતો કહે છે કે તમારે તેમનામાં પ્રકટેલાં કામરૂપી અગ્નિને શાન્ત કરવો જોઇએ. વળી અહિંઆં ભગવાન્‌ને 'સખા' તરીકે સંબોધન કર્યું છે સખા એટલે મિત્ર, ભકતો કહે છે કે તમે અમારા મિત્ર

છો અને મિત્રનું કર્તવ્ય છે કે પોતના મિત્રના દુઃખમાં ભાગ લેવો જોઇએ. તેમના હૃદયનો આશય સમજીને તે પ્રમાણે કરવું જોઇએ. તમે અમારા ખરા મિત્ર છો, અમારા હૃદયના ભાવ સમજી શકો એવા ચતુર પણ છો તો શા માટે અમને આવા શબ્દો બોલીને લલચાવો છો ? શું તમે અમારૂ દુઃખ સમજતા નથી ? જો સમજતા હો તો મિત્ર તરીકે આપનો એ ધર્મ નથી ? જો મૈત્રીનો નાતો નભાવવો હોય તો આપ અમારી ઈચ્છાને અનુકૂળ થાવ.

**मूलम् यर्ह्यम्बुजाक्ष तव पादतलं रमाया दत्तक्षणं क्वचिदरण्यजनप्रियस्य ।।**
**अस्प्राक्ष्म तत्प्रभृति नान्यसमक्षमञ्जः स्थातुं त्वयाभिरमिता बत पारयामः ।। ३६ ।।**

**अन्वयार्थ** -- હે કમલનયન ! વનમાં નિવાસ કરનાર જન ઉપર પ્રીતિ રાખનાર આપનું ચરણ, જેની સેવા લક્ષ્મીને પણ જવલ્લે મળે છે, તેનો જયારથી અમે સ્પર્શ કર્યો છે. અને આનંદ પામ્યા છીએ ત્યારથી અન્યની પાસે અમે જઇ શકીએ એમ નથી.

**श्रीसुबोधिनीजी**-- હે કમલનયન ! દષ્ટિથી આપના નાશક ! જે ક્ષણે આપના પાદતલને અમે સ્પર્શ કર્યો ત્યારથી અન્યની સમક્ષ અમે બરાબર રીતે સ્થિત થવાને શકિતવાળા નથી, સાક્ષાત ચરણસ્પર્શ દુર્લભ છે. જો પાદ પ્રતિફલિત થાય તો પાદતલ કહેવાય છે. રમા પણ તેનાથી જ જીવે છે. તે નાગપત્નીઓએ કહ્યું છે (**तवांघ्रिरेणुस्पर्शधिकारा यद्वांछया**) માટે તે (પાદતલ) રમાને ફલસ્થાનીય છે. રમાને ક્ષણવારનું સુખ તેણે જ આપ્યું છે. કવચિત જો તે હૃદયમાં આવે તે જ તે સુખ થાય છે. ભૂમિ ઉપર સ્થિત એવા આપનો અમને સ્પર્શ થયો છે, પણ રમાની માફક આપનું પાદતલ અમારા હૃદયમાં નથી. રમાએ ચાંચલ્યના ત્યાગથી તપ વડે જ તે પાદને પ્રાપ્ત કર્યું હશે એવું અમે વિચારીએ છીએ. જો એમ હોય તો અમારે પણ ચાંચલ્ય છોડી દઇને પાદમાં નિષ્ઠાથી રહેવું જોઇએ. વળી અરણ્યજનો આપને પ્રિય છે. આથી સર્વ સંગનો ત્યાગ કરીને સ્થિત રહેવું જોઇએ. સંગનો અભાવ તે જ ભગવાનને પ્રસન્ન કરવાનો હેતુ છે. અરણ્ય સાત્ત્વિક તથા વૈષ્ણવ છે. અથવા આથી પુલિંદીનું સ્મરણ કર્યું છે. પાદતલના કુંકુમના સંબંધીજ તે પણ પ્રિય છે. (આથી પાદતલનું ફલપર્યવસાનપણું, પ્રભુપ્રીતિનું સહજ સાધક છે. આથી એમ કહ્યું છે.) માટે આપની પ્રાપ્તિ માટે અન્યની સમક્ષ સ્થિત રહેવાને અમે શકત નથી. સર્વથા જે આપને શરણે આવતો નથી તેનામાં આપની સમક્ષ સ્થિત રહેવાની શકિતઓનો અભાવ છે. કારણ કે તેનાં પ્રવેશ હોય છે. જેનો જે ધાતક હોય છે તે ભાવની પ્રાપ્તિમાં તેની આગળ સ્થિત રહેવાને શકત નથી.

જેમ વાઘની આગળ દેહના અભિમાનવાળો ઉભો રહી શકતો નથી તેમ ભગવદીય પણ કારણ કે ભગવાનથી વ્યતિરિકત પુરુષ તેના ભાવનો નાશ કરે છે, જ્યાં આ પ્રમાણે સૂક્ષ્મ દૃષ્ટિ છે ત્યાં અન્ય સ્થાનમાં ગમન, અને તેમનું દેવતાત્વથી ભાવન દૂર થાય છે. માટે પ્રીતિમાત્રની સ્તુતિ અલ્પ છે. અમે તો લક્ષ્મીના જેવાં અનન્ય ભાવનાવાળાં છીએ. તે જેવી રીતે સર્વત્યાગ કરીને આપને શરણ આવ્યાં ત્યારે આપે તેમને રમણ કરાવ્યું તો અમે પણ તે રીતે પ્રાપ્ત થયાં છીએ. અમે સ્વપ્નામાં હમેંશ આપનો સંબંધ પ્રાપ્ત કરીએ છીએ. જો એમ ન હોય તો અમારૂ જીવન જ ધારણ કરી શકીએ નહિ. આ રીતે અમે પૂર્વ મુકત હોવાથી અન્ય સ્થળે અમને પ્રેરવાને આપ યોગ્ય નથી.

**विवेचन**-- હે કમલનયન પ્રભો ! અરણ્યજન જેમને પ્રિય છે એવા આપની ચરણની સેવા રમાને પણ કવચિત્જ મળે છે. આપ અરણ્યજનને પ્રિય છો તેનું કારણ કે અરણ્ય એ સાત્ત્વિકભાવયુકત છે, અર્થાત સંસારનો ત્યાગ કરીને સાત્ત્વિક ભાવ યુકત થઈને જનો અરણ્યવાસ અંગીકાર કરે છે ત્યારેજ તેઓ પ્રભુના વિચારો કરી શકે છે, અમે પણ આજે અરણ્યમાં આપને પ્રાપ્ત કરવાને આવ્યાં છીએ, તો પછી આપનું ચરણકમળ અમને પણ પ્રિય થવુંજ જોઈએ. જે કોઈને એ ચરણકમળનો સ્પર્શ થાય છે તેના સર્વ બંધનો તૂટી જાય છે, તે મુકત થાય છે. પણ આ ચરણકમળનો સ્પર્શ દરેકને આપ કરવા દેતા નથી. સાક્ષાત્ રમા જે આપની પત્ની ગણાય છે તેને પણ કવચિત્ એ સેવાનો લાભ મળે છે. તે પણ જ્યારે એ પોતે કામભાવત્યાગપૂર્વક ચાંચલ્યનો પરિહાર કરે ત્યારેજ એ સેવા પામી શકે છે. અમે પણ કામભાવ ત્યાગ કર્યો છે, તેથી આપ ભૂમિ ઉપર સ્થિત હોવાથી અમને આ ચરણસ્પર્શનો તો લાભ મળ્યો છે. પણ અમારી કેવલ એટલી ઈચ્છા નથી, રમાને પણ એ રીતે ચરણની સેવા કરવા દીધી છે, પણ આપના એ ચરણને અમારા હૃદયમાં સ્થાપન કરવા દો તોજ અમારાં બન્ધનો તૂટી જાય. વાત ખરી છે કે જેનામાં સર્વ રીતે શરણભાવ ઉત્પન્ન થયો નથી, તે કદી પણ આપની સમક્ષ ઉભો રહી શકે નહિ. પણ અમારે તો આ શંકાથી ડરવાનું નથી. કારણ કે અમને શરણભાવ સિદ્ધ થયો છે. લૌકિકની ગંધ સરખી પણ અમારામાં રહી નથી. એટલે હવે અમે અહિંથી અન્ય સ્થાનમાં જઈશું નહિ. તેમજ પતિ વગરનું દેવા તરીકે ભજન કરવું તે પણ આ સ્થિતિમાં અમારાથી અશકય છે. લક્ષ્મીની માફક અમે અનન્ય ભાવવાળાં થયાં છીએ. આ ભાવ તાત્કાલિક નથી, પણ ઘણા વખતથી છે. સ્વપ્નમાં પણ અમને આ ભાવનું સ્મરણ થાય છે. જો આ પ્રમાણે ન હોય તો પછી અમારા જીવનની સ્થિતિ થવી કઠિન છે. તો અમે કામ ભાવનો ત્યાગ

કર્યો છે તથા અમારામાં શરણભાવની સિદ્ધિ થઇ છે તે જાણીને, અમને આ સ્થળે રમણનું સુખ આપો.

આપના પાદતલનો જ્યારથી અમે સ્પર્શ કર્યો છે ત્યારથી અન્યની સમક્ષ ઉભા રહેવા તે શકત નથી. જો અમે આપના એ ચરણતલ પાસે આવ્યાં ન હોત, આપનું શરણ અમને મળ્યું નહોત તો બીજે જઇ શકત પણ હવે અમે જઇ શકતાં નથી. ભગવાન્‌નું શરણ જેને પ્રાપ્ત થયું છે તેને બીજુ કશું કરવાનું બાકી રહેતું નથી. એટલે આપને છોડીને અમે જીવન ટકાવી શકીએ તેમ નથી. તો જો અમારા જીવનને ટકાવવું હોય તો આપ અમારો ત્યાગ ન કરો. જેમ લક્ષ્મીએ આપના ચરણનો આશ્રય કર્યો તો તેનો ત્યાગ કરતા નથી તેવી રીતે અમારો પણ ત્યાગ ન કરો. અમે લક્ષ્મીના જેવા ભાવવાળાં થઇને આપના ચરણકમળ પાસે આવ્યાં છીએ. અહિંઆં ભગવાન્‌ને કમળના જેવી આંખોવાળા કહે છે; કમળ એ શ્રીગુણ યુકત હોઇને ભગવાન્‌ના તે ગુણનું અહિંઆં સ્મરણ કરાવે છે જે શ્રીગુણયુકત હોય તે શ્રીમાન્ કહેવાય અને શ્રીમાન્‌ની પાસે જે જાય તે તેને કદી નિરાશ ન જ કરે એ ભાવ આમાંથી સૂચિત થાય છે.

શંકા-લક્ષ્મીને તો દેવગતિથી સંબંધ હતો અને સંબન્ધ પ્રથમજ હતો. પણ તમારો તો પ્રથમ અન્યત્ર થયો છે આથી તેમાં વિષમતા પ્રાપ્ત થાય એમ હોય તો કહે છે.

**मूलम** श्रीर्यत्पदाम्बुजरजश्चकमे तुलस्या लब्ध्वापि वक्षसि पदं किल मृत्यजुष्टम् ।।

यस्याः स्ववीक्षणकृतेडन्यसुरप्रयासस्तद्वद्वयं च तव पादरजः प्रपन्नाः ।। ३७ ।।

**अन्वयार्थ--** જે લક્ષ્મીના ઈક્ષણ માટે અન્ય દેવો પ્રયાસ કરે છે, પણ આપના વક્ષઃ સ્થળમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે તો પણ તુલસીની સાથે આપના દાસથી સેવાયેલા ચરણકમલના રજની કામના કરે છે તો અમે પણ આપના ચરણરજને પ્રાપ્ત થયાં છીએ.

**श्रीसुबोधिनीजी--** લક્ષ્મી પણ દૈવગતિથી આપને પ્રાપ્ત થયાં નથી, પણ આપના ચરણા રવિન્દને માટે ઘણું તપ કર્યું હતું, તે આપની સ્ત્રી તરીકે નથી પણ ભક્ત તરીકે છે, નહિ તો છાતી ઉપર સ્વતંત્ર સ્થળ પ્રાપ્ત કરીને તુલસીની સાથે સપત્નીપણું અંગીકાર કરીને ચરણરજની પણ કામના ન કરે. ચરણરજનો સ્પર્શ તુલસીને થાય છે. તેનામાં ભક્તિ છે તેથી તે ભકત છે. આ પ્રથમ સ્કંધમાં જણાવ્યુ છે. તે રજનું માહાત્મ્ય કહે છે. ''ભૃત્યોથી સેવિત તે છે'' તેની રજથીજ તેમના

દેહ પ્રાપ્ત થયા છે. માટે તુલસી ત્યાં ભકતરૂપે પ્રતિષ્ઠિત છે, તેની રજની પ્રાપ્તિ જેમને હોય છે તે આપના સેવકોજ થાય છે. માટે લક્ષ્મી અન્તઃકરણમાં સ્થાન પ્રાપ્ત કરીને પણ બીજો કોઈ સ્પર્શ કરશે એવી ચિન્તાથી રજની ચાહના કરે છે, તેની પ્રાપ્તિમાં શંકા પણ નથી. શંકા-લક્ષ્મીને આટલો ભય શાથી થયો ? તો કહે છે ઉત્તર -લક્ષ્મીની દૃષ્ટિ માટે અન્ય દેવતાઓનો પ્રયાસ છે. અન્ય સર્વ બ્રહ્મા વગેરે દેવો લક્ષ્મી અમને સ્પર્શ કરો એમ વિચારીને તપ કરે છે નહિ તો તેમનો કોઈપણ પુરુષાર્થ સિધ્ધ પામે નહિ. આથી બહુ જણાઓથી પ્રાર્થના કરાતી લક્ષ્મીને ભય થયો. કોઈ અત્યન્ત તપ કરે તેનું શું ફલ હશે તે કોણ જાણે ? રજની કામનામાં તો આ શંકા નથી હોતી. રજની પ્રાપ્તિમાં દેહજ ન સંભવે. આ રીતે ચરણરજની પ્રાપ્તિમાં અનન્યગામિત્વનું નિરૂપણ કરીને પોતાનું તથાત્વ કહ્યું છે, અમને પણ ઘણા પ્રાર્થના કરે છે, તેના ભયથી પૂર્વ ચરણરજનો સ્પર્શ કર્યો તેથી દેહ પણ તે રજથી ઉત્પન્ન થયો. તેથી સર્વથા આપના પાદરજમાં પ્રાપ્ત થયાં છીએ. 'च' - અને શબ્દથી જે નથી આવ્યાં તે પણ (પ્રાપ્ત થયાં) માટે અમારે માટેજ આપ અહીં આવ્યા છો તમારી જાતને સંતાડો નહી, છૂપાવતાં છતાં પણ ગુપ્ત રહેશે નહિ માટે આપે આગ્રહ કરવો જોઈએ નહિ એવો ભાવ છે.

## ભગવાનના ચરણરજને પ્રાપ્ત થનાર લક્ષ્મી જેમ ભગવાન્‌ને છોડી જઈ શકતી નથી. તેમ ગોપીજન કહે છે કે તે પણ ચરણરજને પ્રાપ્ત હોવાથી જઈ શકતાં નથી.

**विवेचन--** ગોપીઓ ભગવાનને આ શ્લોકમાં કહે છે કે જો આપ એમ કહેતા હો કે ''મારા ચરણકમળનું સેવન કરવાનો અધિકાર ફકત લક્ષ્મીનેજ છે, તમારો નથી, કારણ કે તમે અન્યત્ર વિવાહીત થયેલાં છો.'' તો તેના ઉત્તરમાં અમે આપને અહિંઆં જણાવીએ છીએ. જો કે આપે લક્ષ્મીને ઉચ્ચ અધિકાર આપ્યો છે, અને જો કે તેનો નિવાસ આપના વક્ષઃસ્થળમાં છે છતાં તે તો તુલસીની માફક આપના ચરણ કમળની રજમાં ભાગ પડાવનાર થાય છે ; અને અમે પણ તેટલાં માટે આપના ચરણરજની અભિલાષા રાખીએ છીએ. લક્ષ્મીને આપ આપની પત્ની ગણતા હો તો તે પ્રમાણે નથી, તેણે આપને પ્રાપ્ત કરવાને ઘણુંજ તપ કર્યું હતું અને તેથીજ તે ચરણકમળની સેવાનો અધિકાર પ્રાપ્ત કરી શક્યાં. માટે તે આપનાં ભકત છે. તે ભકત ન હોય તો શા માટે તુલસી સાથે તે આપના ચરણકમળના રજની કામના કરે છે ? તેને તો વક્ષઃસ્થળનું ઉચ્ચપદ મળ્યું છે તો ત્યાંજ તે સ્થિત થાય. તુલસી ઉત્તમ ભક્ત છે. તુલસી આપના ચરણ કમળની રજને સ્પર્શ કરે તો તેથી લક્ષ્મીનો તે અધિકાર જતો રહે એમ તેને ચિન્તા થાય છે, માટે છે અંતઃકરણમાં સ્થિત હોવા છતાં પણ આપના

ચરણરજની કામના કરે છે. લક્ષ્મીને આપે ભકત તરીકેજ અધિકાર આપ્યો છે. અમે પણ તે લક્ષ્મીની માફક આપના ચરણકમળનું સેવન કરવા ઈચ્છીએ છીએ. તેમાં અધિકારની કયાં વાત રહી ? તથા તેમાં વિષમતા છે એ પણ આપ શી રીતે કહો છો ? આ તો ફકૃત અમને દૂર કરવાને અગર અમારો ઉપહાસ કરવાનેજ આપે આ વાકચાતુર્યનોજ ઉપયોગ કરવા માંડયો છે તે સિવાય બીજુ શું ? ગોપીઓનો કહેવાનો આશય એ છે કે જેમ લક્ષ્મીજી આપની સ્ત્રી તરીકે આપની સાથે જોડાયા નથી, પણ ભકત તરીકેજ જોડાયાં તેમ અમારો અન્યની સાથે સંબંધ માત્ર સ્ત્રી તરીકેજ છે, પણ ભકત તરીકે નથી. ભકત તરીકેનો સંબંધ તો આપની સાથેજ છે. માટે અમે પણ લક્ષ્મીજીની સમાન છીએ. ભકત તરીકે લક્ષ્મીજીની ઉપર જો આપ કૃપાદ્રષ્ટિ કરો છો તો પછી અમારી ઉપર કૃપા કરો તો તેમાં આપને કોઈ વાંધો આવે છે ? અમે ભકત તરીકેજ આપની સાથે સંબન્ધ રાખીએ છીએ. માટે લક્ષ્મી અને અમારામાં કોઈપણ ભેદ નથી.

આ રીતે પોતાનો દેહ ભગવાનથી ભોગ્ય છે એવું જાણાવીને તેની પ્રાર્થના કરે છે.

**मूलम तन्नः प्रसीद वृजिनार्दन तेंघ्रिमूलं प्राप्ता विसृज्य वसतीस्त्वदुपासनाशाः।।**
**त्वसुन्दरस्मितनिरिक्षणतीव्रकामतप्रात्मनां पुरुषभूषण देहि देहि दास्यम् ।। ३८।।**

**अन्वयार्थ--** હે પાપનિવારક ! અમારા પર આપ કૃપા કરો ! અમે આપની સેવાની આશાએ ગૃહનો ત્યાગ કરીને આપના ચરણકમલમાં પ્રાપ્ત થયા છીએ. તો હે પુરુષભૂષણ: આપના સુંદર સ્મિત અને અવલોકનથી તીવ્ર બનેલા કામથી જેમના આત્મા તપ્ત બનેલા છે તેમને આપ દાસ્ય સેવા આપો.

**શ્રીસુવોધિનીજી--** પ્રથમ શ્લોકથી પતિની સેવાવિધિનું નિરાકરણ કર્યુ તેના અપરિત્યાગનું તેનાથીજ નિરાકરણ થાય છે. આનાથી પણ નિરાકરણની પ્રાર્થના કરે છે. ભગવાનની કૃપાના અભાવમાં તાદશની સાથે જ સંબંધ થાય છે માટે આપની કૃપા સર્વથી અધિક હોય છે, માટે તે કારણથી આપ પ્રસન્ન થાવ. આપ પ્રસન્ન થશો તો સર્વ સિદ્ધ થશે. શંકા-તમને પ્રતિકૂલ અદષ્ટ દુઃખ આપનાર છે. ઉત્તર- આપ દુઃખ ઉત્પન્ન કરનાર પાપનો સ્વભાવથી જ કોઇ પણ રીતે નાશ કરનાર છો. કૃપામાં કારણ કહે છે. અમે આપનાં ચરણકમળને પ્રાપ્ત થયાં છીએ તે કૃપા પશુપુત્રાદિ રૂપે ન થાવ એ કારણથી પોતાના અધિકારનું બીજાથી નિવર્તન કરે છે. અમે જો કે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો છે, પણ ગૃહમાત્રનો ત્યાગ કર્યો નથી માટે મૂળમાં શબ્દ બહુવચનમાં છે. ત્યાગનો હેતુ આપની સેવાની આશા છે માટે તે દાનને યોગ્ય વસ્તુની અમે આપની પાસે પ્રાર્થીએ છીએ. હે ઉત્તમ પુરુષ ! અનંતકોટિકંદર્પલાવણ્ય ! આપજ પુરુષાર્થરૂપ દાસ્યનું દાન કરો. (અધિકારીના ભેદથી દાસ્ય પણ અનેક પ્રકારનું હોય છે, તેથી આપવા લાયક દાસ્ય સ્વતાપની

ઉકિતથી જણાય છે.) ઉપર કહેલા તાપથી વિશિષ્ટ તાપનું નિવર્તક તે છે. વળી પ્રભુની અપેક્ષિત વસ્તુના સમર્પણમાં દાસ્ય હોય છે, અન્યથી નહિ. જો એમ હોય તો જેમ ઉકત તાપથી અમારી આપ માટે અપેક્ષા પ્રચુર છે તેમ અમારે માટેની અપેક્ષા જાતે કરીને અમારો ઉપભોગ આપે કરવો જોઇએ એવો અર્થ નીકળે છે. નહિ તો દાસ્ય કૃતિથી સાધ્ય હોવાથી તેનાં દાનની ઉકિત બંધ બેસતી નથી માટે જ તે પ્રમાણે સંબોધન કર્યું છે. આપ પુરુષ છો તથા તેના પણ ભૂષણરૂપ છો. ભૂષણ કણ્ઠાદિ સર્વે અંગોમાં પહેરાય છે. આપ પણ તે પ્રમાણે થઇને દાસ્યનું દાન કરો. આ રીતે વાકયની એકતાથી પ્રાપ્ય છે-ભૂષણરૂપ કહીને સ્વતંત્ર પુરુષાર્થતા પણ કહી છે. તેના વિભૂષણત્વના સંપાદન માટે મણિથી જડિત તે લાક્ષાયુકત છે આથી મહાન પણ તેનું ધારણ કરવાને તુચ્છ લાક્ષાને ધારણ કરે છે. તેમ અમે પણ કંઠાદિમાં ભગવાનને ધારણ કરવાને કામને ધારણ કરીએ છીએ. વળી વચમાં કામનો ઉપયોગ છે તેથી તે ઉપાધિકૃત દાસ્યનું અંગીકરણ નહિ પણ તેનાથી વિપરીત એમ ભાવ છે, માટે અમે તો દાસ્યનેજ ઇચ્છીએ છીએ, વિવાહ નહિ. માટે ઉપનયનાદિની અપેક્ષા પણ લોકવ્યવહારથી ન કરવી જોઇએ.

## ગોપિજનની દાસ્ય માટે અભિલાષા

**વિવેચન--** ઉપરના શ્લોકમાં ગોપિકાઓએ જણાવ્યું કે અમારા દેહનું પ્રયોજન આપની સેવાજ છે. ભગવાનની સેવા સિવાય અન્ય કાર્યમાં આ દેહનો ઉપયોગ નથી. આપ એમ કહો છો કે તમારૂ કર્તવ્ય તો તમારા પતિની સેવા કરવી એ છે. આપનું કથન સત્ય છે, અને તે આજ્ઞાને અમે માથે ચઢાવવા તૈયાર છીએ. પણ આપ ઉંડો વિચાર કરી જુઓ કે અમારો ભર્તા અગર પતિ કોણ છે ? સર્વ દેહીઓના આત્માને ધારણ કરનાર તથા રક્ષણ કરનાર આપ સિવાય ખરો ભર્તા અન્ય કોણ હોઇ શકે ? જે પતિની સેવા કરવાનું આપ સૂચવો છો તે તો લૌકિક કાલથી પરિછિન્ન છે. આપ કાલાતીત છો. લૌકિક પતિ પ્રકૃતિના ત્રણ ગુણોને વશ છે. આપ ત્રણ ગુણથી અતીત છો. અને તે પ્રકૃતિ આપને વશ છે. લૌકિકપતિ નશ્વર છે. તે કાળ, કર્મ વગેરેથી પીડિત થાય છે. કાળ કર્મ આપની આગળ પોતાનું બળ અજમાવી શકતા નથી. તો વસ્તુતઃ આપજ અમારા પતિ અગર ભર્તા છો, આપની જો કૃપા દૃષ્ટિ પુનઃ થાય તો અમે આપને અમારા પતિ તરીકે પુનઃ પ્રાપ્ત કરીને, અમારૂ સૌભાગ્ય સુખ મેળવીએ. પણ અમે શું કરીએ ? આપની કૃપાના અભાવે, અમારે લૌકિક પતિની સાથે સંસારમાં રહેવું પડે છે. સંસારમાં રહેવા છતાં, આપજ અમારા પતિ છો એવું સ્મરણ અમને ચાલુજ છે. તેથી અમે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો છે, પણ ગૃહમાત્રનો ત્યાગ કર્યો નથી, અહિંઆં અમે

આપની પાસે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને આવ્યાં છીએ. તેનો હેતુ આપની સેવાની આશા છે. માટે અમારા તે આશાતન્તુનો આપ ઉચ્છેદ કરો નહિ, અમે આપના પ્રસાદની યાચના કરીએ છીએ, પણ તેનું પરિણામ પુત્રાદિરૂપ ન થાવ. આપ એમ કહેતા હો કે હજુ તમને તે ફળ પ્રાપ્ત કરવાનો અધિકાર પ્રાપ્ત થયો નથી. કારણ કે તમારૂ અદષ્ટ પ્રતિકૂળ છે, તો અમે આપને જણાવીશું કે આ તો માત્ર અમને નાસીપાસ કરવાનો ઉપાય આપે શોધી કાઢયો છે. એક વખત જે કોઇ આપને શરણે આવે છે તેને અદષ્ટ અગર કર્મનાં બંધનો સતાવી શકતાં નથી એ અમે સારી પેઠે જાણીએ છીએ. કારણકે આપ સ્વભાવ થકીજ પ્રાણીઓના દુ:ખજનક પાપના ધ્વંસક છો. આપને શરણે આવેલા ભકતોના પાપને આપ આપની કૃપાદષ્ટિથી બાળીને ભસ્મ કરી નાંખો છો. માટે આપ અમારાં અદષ્ટ તથા કર્મ વિપાકનો વિચાર નહિ કરતાં આપને શરણે આવેલી આ આપની વિના મૂલ્યની દાસીઓના આપ કૃપા કરીને મનોરથની સિધ્ધિ કરો. અમે આપની પાસે દાસી ભાવે આવ્યાં છે. આપની સેવા કરવી એ અમારી અભિલાષા છે. ભજનાનંદનું સુખ એજ અમારૂ ધ્યેય છે, અને તેનાથી પ્રેરાયલાં આપની પાસે આવ્યાં છીએ. અમારા અહિં આવવામાં વિવાહનું પ્રયોજન નથી. તેથી લૌકિક મર્યાદાનો અગર ગૃહસ્થાશ્રમનો ઉચ્છેદ થશે એવી ભીતિ આપ રાખશો નહિ. પ્રભુની ભકિત કરવાનો સર્વને અધિકાર છે. પછી તે બાળક હો અગર વૃદ્ધ હો-કન્યા હો કે પ્રૌઢા, કે વિવાહિત સ્ત્રી હો-પણ દરેકને ભગવાનની ભકિત કરવાનો અધિકાર છે. અને તે ભકિતની અભિલાષાએ અમે આપની પાસે આવ્યાં છીએ તો આપ અમને નિરાશ કરશો નહિ.

તમે સર્વ દાસ્ય માગો છો તેમાં શો હેતુ છે ? કારણ કે સાલોકયાદિ મુકિત એ ફલ તમને મળે એમ છે એમ જો શંકા થાય તો કહે છે.

**मूलम् वीक्ष्यालकावृतमुखं तवकुण्डलश्रि गण्डस्थलाधरसुधं हसितावलोकम् ।**

**दत्ताभयञ्च भुजदण्डयुगं विलोक्य वक्षःश्रियैकरमणं च भवाम दास्यः ।। ३६ ।।**

**अन्वयार्थ--** આપના અલકથી ઘેરાયેલા, તથા કુણ્ડલથી શોભામાન ગણ્ડ અને અધરસુધાવાળા, હાસ્યપૂર્વક અવલોકન કરતા મુખને, તથા સર્વને અભયદાન આપનાર બે ભુજ દણ્ડને તથા લક્ષ્મીનું જ રમણસ્થાન વક્ષ:સ્થળને નિહાળીને આપની દાસી અમે થઈએ છીએ.

**श्रीसुबोधिनीजी--** આથી લોકની ઈચ્છામાં પતિનો ત્યાગ કરવો નહિ જોઇએ એવો ઉત્તર કહ્યો છે. લોકમાં ત્રણ પુરુષાર્થ છે. ચાર પ્રકારનો મોક્ષ, ઈન્દ્રાદિના ઐશ્વર્ય ભાવથી સ્વર્ગ પ્રાપ્તિ અને આ લોકમાં પુષ્કળ લક્ષ્મી, તે ત્રણ પણ

દાસ્યભાવમાં સર્વોત્કૃષ્ટ છે તેનું સમર્થન કરે છે. પ્રથમ સારૂપ્ય, સાલોકય, સામીપ્ય અને સાયુજય આમ ચાર પ્રકારના મોક્ષના ભેદો છે. તે દાસ્ય આગળ અપ્રયોજક છે. માટે મુખારવિંદમાં તેના કરતાં ઉત્કૃષ્ટતા જણાવી છે. અલંક સારૂપ્યને જાણે પ્રાપ્ત થયા હોય તેમ ભ્રમરરૂપ છે તે વિંટાઇને મુખ પ્રતિ સ્થિતિ કરે છે. તો પછી સારૂપ્યને પ્રાપ્ત થયેલી ભકિત ગૌણ છે. તો પછી સારૂપ્યથી શો અધિક લાભ છે ? સામીપ્યથી સમીપતા મળે છે. અત્યન્ત સામીપ્ય હોય તો પણ કુણ્ડળ કરતાં અધિક નથી. સાંખ્ય અને યોગ રૂપ કુણ્ડળ ભગવાનના પ્રમાણનું અવલંબન કરતાં હોવાથી તેમની ગતિ ભગવાનને આધીન છે તો પણ કુણ્ડલોની શોભાથી વિરાજીત ભગવાનના મુખારવિન્દનું દર્શન કરનારને સામીપ્યમોક્ષથી શો અધિક લાભ પ્રાપ્ત થવાનો હતો ? બન્ને ભગવાનના કપોલસ્થળરૂપ છે. તે વિશાળ છે. સ્થળને વિષે તે રસનું પાન કરવાને શકય છે. તે ગણ્ડસ્થલમાં સ્થિતિ કરીને અધરસુધાપાન કરવાને સાલોકય શકય છે. સાલોકય મોંક્ષમાં અધરામૃતનું પાન માત્ર આનંદરૂપ છે. ચુંબનને માટે ગણ્ડ સ્થલમાં સ્થિતિ અક્ષર કરતાં પણ અધિક છે. અધરરસ તે અક્ષરરસ કરતાં પણ ઉત્તમ છે. કુંડલશોભાયુકત ગણ્ડસ્થળ કહેવામાં આવે તે પક્ષમાં સામીપ્ય થકી ભકિતમાં પરસ્પર ભગવાનના ગુણસંકીર્તન રૂપ શાસ્ત્રીય રસ અધિક છે. અધરરસમાં જ અક્ષરાધિકય છે. તે હાસપૂર્વક મુખમાં અવલોકન છે. બ્રહ્માનંદમાં પ્રવિષ્ટ થયેલાને ભકિતવિલાસ નથી, હાસ સર્વના ઉદ્બોધરૂપ છે. જ્ઞાન આવિર્ભૂત જ્ઞાનરૂપ છે. બ્રહ્માનંદમાં તો બન્ને પણ જલમાં નિમગ્ન બનેલાને જલપાનની માફક અવ્યકત છે. અનુભવરસ તો ભિન્ન સ્થિતિમાં થાય છે, આથી ભકિતરૂપ મુખનાં દર્શન કરેલું હોવાથી તેનું દાસ્ય જ ફલ છે, મોક્ષ નહિ. અને ભુજદણ્ડને અવલોકીને ઇન્દ્રાદિ ભાવથી પણ સ્વર્ગ પ્રયોજક નથી એમ નિરૂપણ કરે છે. સ્વર્ગમાં ઇન્દ્ર પરમ સ્થિતિને પ્રાપ્ત છે તો પણ તે (દેવો) અસુરોથી હમેશાં બીહે છે. તેમને પણ અભયદાન આપનાર ભગવાનના ભુજદણ્ડ છે અને તે અહિંઆ જ છે તો પછી તેનો ત્યાગ કરીને ઇન્દ્રત્વનું શું પ્રયોજન છે ? ચ કારથી ફકત અભયદાન આપે છે એટલું જ નહિ પણ ક્રિયાશકિતથી યજ્ઞાદિથી હવિ પણ આપે છે એમ કહે છે. જેથી આગળ ઇન્દ્ર પોતાનો અધિકાર સમાપ્ત થતાં મુકત થાય. દણ્ડપદથી શાસનનું ઉલ્લંઘન કરાય એમ નથી એવું કહ્યું છે. બન્ને સ્થળે દણ્ડયુગ પદથી નિરૂપિત કર્યો છે. તેથી સર્વથા અસુરનો નાશ થાય છે. વળી વૃક્ષ પણ અવલોકીને લોકનું લક્ષ્મીથી રમણ થાય છે. લક્ષ્મી પણ ત્યાં જ રમણ કરે છે. તેથી ધર્મનું પણ રમણ છે માટે અમે તો દાસી થઇશું એમ જણાવે છે. (અહિંઆ વીક્ષણને દાસી થવામાં હેતુ કહ્યું છે તેથી આ ભાવ ત્યાં નથી. જેમને આ ભાવ નથી તેમને વીક્ષણ પણ નથી. વિધિની પ્રયુકતતાના અભાવથી તેનાથી

વિપરીત વિધિનો અનંગીકાર યુકત છે એમ જણાવ્યું છે. વળી ભગવાને કહ્યું છે કે પતિનું ભજન છોડીને ઉપપતિના ભજનમાં છ દોષો છે તો તેનું પણ છ ગુણોથી નિવારણ કર્યું છે. પરમ પુરુષાર્થનું જે સાધક છે તે પાપ નથી. ફલથી પાપનું નિંદ્યત્વ છે.) ભગવાનને અહિંઆં પ્રથમ પાપનિવારક એમ કહ્યા છે. તેથી ગોપીઓ એમ સૂચવે છે કે જો કે અમારામાં પાપ નથી; અમારો આપના તરફનો ભાવ શુદ્ધ છે. છતાં આપ જો એમ કહેતા હો કે પતિ વિગેરેને છોડીને આવવું એ પાપ છે તો પણ અમે તેથી ડરતાં નથી, કારણ કે આપ સર્વ પ્રકારના પાપનો વિનાશ કરનાર છો, તેથી અમે આપની પાસેથી ખસવાના નથી. જો સંસારીઓની અપેક્ષાએ પ્રભુને ચહાવું એપાપ હોય (તે પાપ છે જ નહિ), તો ભલે તે પાપ હો. એ પાપથી અમે ડરીશું નહિ. કારણ કે અમારો પ્રેમ તે પાપનો નાશ કરનાર તરફ છે. તે પાપમાંથી અમને બચાવનાર આપ છો તેથી અમારે ડરવાની જરૂર નથી. છેલ્લી લીટીમાં ભગવાન માટે ''પુરુષભૂષણ'' શબ્દ છે તેથી એમ સૂચવે છે કે અમે ગમે તેવા પુરુષ પાસે આવ્યાં નથી. પણ તે ઉત્તમોત્તમ પુરુષ પાસે જેને શ્રુતિમાં પુરુષોત્તમ કહે છે તેની પાસે આવ્યાં છીએ. આથી અમને પાપનો સંભવ નથી. તે પુરુષ પુરુષોમાં ભૂષણરૂપ છે. ભૂષણ શરીરને શોભાવે છે તેમ ભગવાન પણ અમારા સંબંધને સુંદર શોભાયુકત કરશે.

## ભગવાનની દાસી થવામાં ગોપીજને દર્શાવેલું કારણ

**વિવેચન---** ભગવાને ગોપીઓને નિવારણ કરવા એવું કહ્યું હતું કે તમે મારૂ દાસ્ય માગો છો, દાસી તરીકે તમે મારા ચરણકમળનું સેવન કરવા માગો છો તેથી તમને વિશેષ શું ફળ છે ? એનાં કરતાં હું તમને સાયુજય મોક્ષનો માર્ગ દર્શાવું છું તે તમે ગ્રહણ કરો અને તમારી જાતને કૃતાર્થ કરો. એ મોક્ષનું ફલ ઉત્તમ છે. આના ઉત્તરમાં ગોપીએ કહે છે કે આપેઅમારૂ નિવારણ કરવાની યુકિત તો સારી વાપરી ? આપ એમ ન સમજતા કે અમે આ વ્રજની અજ્ઞ અને ભોળી ભરવાડણો છીએ ! અમને શાસ્ત્રનું જ્ઞાન છે, અને તેથી અમે સારી રીતે જાણીએ છીએ કે આપ મુકિત સહેલાઇથી આપો છો પણ ભજનાનંદનું દાન ભાગ્યે જ કરો છો. જે કોઇ ભોળો ભકત આપને ભજે છે તેને મોક્ષ આપીને સમજાવી દો છો, પણ તેથી અધિક ભજનાનંદનું દાન કરતા નથી એ આપની યુકિત અન્ય ભકતો આગળ ચાલશે, પણ અમારી આગળ નહિ ચાલે. અમને તમારી મુકિત નથી જોઇતી. અમે તો ભજનાનંદમાંજ અમારી સાર્થકતા પ્રાપ્ત કરી શકીશું અને આ ભજનાનંદનો અનુભવ કરવાને અમે આપનું દાસ્ય સ્વીકારીશું. માટે અમને સાયુજય મોક્ષની લાલચ આપીને આ સ્થળેથી અમને પાછાં ન વાળો ભકિત કરીને પણ

ભકતોને આપના સ્વરૂપનું દર્શન કરવાનું છે તો આજ અમને તે દર્શન થયું છે. આપનું મુખારવિન્દ ભકિતરૂપ છે. આપના સારૂપ્યમોક્ષનું જે ફળ તે આપના અલક વાળ વિષે જણાય છે. સામીપ્ય મોક્ષથી પ્રભુની સમીપ રહેવાય છે. કોઇ પણ ભકત ગમે તેટલો ઉચ્ચકોટિનો હોય તો પણ પ્રભુ પોતાના કુણ્ડલ કરતાં તેને વધારે સમીપ તો નહિ રાખે. તો પછી કુંડળથી વિરાજીત પ્રભુના મુખના દર્શનનો ત્યાગ કરીને એવો કોણ છે કે જે સામીપ્યમોક્ષની અભિલાષા કરશે ? સાલોકય મોક્ષમાં અક્ષરામૃતનું પાન આનંદજનક છે; પણ પ્રભુના ગણ્ડસ્થળની સ્થિતિ અક્ષર કરતાં પણ અધિક છે. પ્રભુના અધરરસમાં, અગર ગણ્ડસ્થળમાં ચુંબનથી જે આનંદ મળે છે તે સાલોકયમાં પણ નથી માટે અમને એની પણ સ્પૃહા નથી. બ્રહ્માનંદમાં મગ્ન બનેલો ભજનાનંદનો આસ્વાદ કરી શકતો નથી. ભજનાનંદ બ્રહ્માનંદ કરતા પણ અધિક છે ભજનાનંદ અવર્ણનીય છે. માત્ર અનુભવથીજ સંવેદ્ય છે માટે અમારે કોઇ પણ પ્રકારનો મોક્ષ જોઇતો નથી ! મોક્ષની જો ઇચ્છા ન હોય તો સ્વર્ગાદિ લોકની શી રીતે હોઇ શકે ? કારણ કે સ્વર્ગ એ નિત્ય સુખનું સ્થાન નથી. ઇન્દ્ર જેવાને પણ સ્વર્ગનું સુખ મળ્યા છતાં પણ અન્યથી ડરવું પડે છે. તેમને ભયમાંથી મુકત કરનાર ભગવાનનું શરણજ છે. તો અમે સ્વર્ગાદિ સુખ, તથા સામીપ્ય, સારૂપ્ય વગેરે ચાર પ્રકારના મોક્ષ, સર્વનો ત્યાગ કરીને આપના ચરણકમળનું શરણજ લેવા ઇચ્છીએ છીએ. આપની દાસી તરીકે ભકિત કરવામાંજ અમે અમારી જાતને ભાગ્યશાળી માનીએ છીએ. માટે આપ આ દાસીઓનો સ્વીકાર કરો.આપજ અમારા સ્વામી છો. લૌકિક પતિઓ તે ઉપપતિ છે. ઉપપતિના ભજનમાં જે દોષ છે તે આપનામાં નથી. આપ પરમ પુરુષાર્થ હોવાથી આપનું સેવન તે દોષરૂપ નથી, માટે આપે અમારો તિરસ્કાર કરવો જોઇએ નહિ.

ભગવાને એમ કહ્યું કે સ્ત્રીઓનું અભિસરણ તે લોકદ્વેષથી યુકત છે માટે સન્માર્ગનું રક્ષણ કરવાને માટે જો કે તે પ્રમાણથી સિદ્ધ હોય તો પણ કરવું જોઇએ નહિ. માટે શ્રવણ દર્શન વગેરેજ કરવુંજ એઇએ તેના ઉત્તરમાં કહે છે.

**मूलम्** का रूयंगं ते कलपदामृतवेणुगीतसंमोहितार्यचरितान्न चलेत्रिलोक्याम् ।।
त्रैलोक्यसौभगमिदज्च निरीक्ष्य रुपं यदगोद्विजद्रुममृगाः पुकान्यविभ्रत् ।। ४० ।।

**अन्वयार्थ--** આ ત્રિલોકમાં એવી કયી સ્ત્રી છે જે આપના મધુર અમૃતમય વેણુગીતથી સંમોહ પામીને તેના આર્યચરિત્રમાંથી ચલિત નહિ થાય ? આપનું ત્રિલોકના સૌભાગ્યરૂપ આ રૂપ જોઇને ગાયો, પક્ષી, વૃક્ષો તથા મૃગોનાં રોમાંચ પણ ખડાં થયાં છે.

**શ્રીસુબોધિનીજી--** આ ધર્મ પુરુષોને કહેવો જોઇએ; સ્ત્રીઓને માટે તે અસંભવિત હોવાથી તેમને કહેવો જોઇએ નહિ. અસંભવિત ધર્મ થતો જ નથી. આ પ્રમાણે ધર્મના નાશમાં ધર્મનું સંસ્થાપક સ્વરૂપજ હેતું છે, કારણ તે અદભૂત કર્મવાળું છે. ખરી રીતે તો સ્વરૂપના સંબન્ધીભકતોમાં ધર્મનું સ્વરૂપથી જ રક્ષણ થાય છે અને તે અન્યભાવથી રક્ષણ તથા આ ભાવનું પોષણ કરે છે. માટે જ આ રીતે સ્વરક્ષણથી પોતાનું અંતરગત્વ જણાવવાને અને અપ્રતારણ માટે અંગ એમ એમ સંબોધન કરે છે. જે સ્ત્રી સ્ત્રીશબ્દથી વાચ્ય છે તે શા માટે આર્યચરિતથી ચલિત ન થાય ? સત્ત્વ, રજ અને તમના કાર્યરૂપ ત્રણ લોકમાં તામસીઓના મૌઢયથી આર્યચરિતમાં સ્થિતિ જ નથી. રાજસીનો ચલાયમાન થવાનો સ્વભાવ જ છે. સાત્ત્વિકીને સત્ત્વ થકી ધર્મબુદ્ધિથી જતા આર્ય ચરિત થકી ચલન જણાય છે. આ આર્યમાર્ગના પરિત્યાગમાં સંમોહ એ હેતુ છે. જે સંમોહ પામે છે તે આર્યચરિતથી ચલિત થાય છે સંમોહ પંચપર્વા અવિદ્યા સ્થાનીય છે. ભગવાનના સંબંધને લીધે અવિદ્યાબાધક નથી. પણ અન્ય બાધક છે. અને તે આપના સંબંધથી હોવાથી તેનું બળ છે. અવ્યકત મધુર પદોનું આવિર્ભુત થયેલું અમૃત જ વેણુદ્વારા ગાન કરેલું છે. આથી સંમોહ થાય છે. ગીત, દેહને મોહ કરે છે. ગાન કરનારાઓની સ્ત્રીઓ કામના કરે છે. આથી સ્ત્રીદેહને ગીત મોહ કરે છે. અમારો દેહ જ સ્ત્રી છે. ઇંદ્રિયોને વેણું રસાત્મક હોવાથી મોહ ઉત્પન્ન કરે છે અને અમૃત પ્રાણનું વ્યામોહક છે. પદો અંતઃકરણના વ્યામોહક છે અને અવ્યકત મધુરતા આત્માને વ્યામોહ કરે છે. આ રીતે પાંચને મોહ હોવાથી ત્રણ લોકમાં કોણ ચલિત ન થાય ? પ્રમાણબળથી વિવેકવાળા આર્યો પણ વિમોહિત છે. પ્રમાણમાં ઇન્દ્ર મહેન્દ્રનો પણ ભેદ સ્વીકારે છે, અને તે પૃથક પૃથક સ્થિતિ કરતા બધા ભિન્ન જ છે. જો એમ ન હોય તો ઇન્દ્ર ભજન કરનારને વરસને અંતે પ્રાયશ્ચિત્તનું શ્રવણ થાય નહિ. શ્રુતિમાં કહેલું છે કે સંવત્સરને અન્તે વ્રતપતિ અગ્નિને અર્થે અષ્ટકપાલ પુરોડાશ કરવો. આ રીતે પ્રાયશ્ચિત્તનું નિરૂપણ છે. આ હેતુથી દેહવ્યતિરિકત સ્વરૂપથી પુરુષ ઉપસ્થિત થાય તો પણ પ્રમાણ બળમાં તે વિરુદ્ધ બને છે. પ્રમેયના આશ્રયથી જ વસ્તુનો વિચાર થાય છે. જો એમ ન હોય તો સર્વ વિધિ અને નિષેધ નકામા થઇ પડે. આ વાત અગીયારમાં સ્કંધમાં આગળ કહેવાશે. માટે અન્ય માર્ગમાં ઉપયોગિ નથી માટે આ સ્થલે મર્યાદાનો ભંગ દૂષણરૂપ નથી. આનો ઉત્તર રાસ થયા પછીથી શુકદેવજી સમક્ષ કહેવાશે. આ કારણથી આ કર્તવ્યમાં ફલસિદ્ધિને લીધે સાધનદષ્ટિએ અમને અપકીર્તિ બાધક નથી. ફકત આપના નામથી જ મર્યાદાનો ભંગ છે. એટલું જ નહિ પણ સ્વરૂપથી પણ છે. જેમ સૂર્યથી

દિવસનું સુભગત્વ છે, ચંદ્રમાંથી રાત્રિનું તેવી રીતે ત્રણ લોકનું સુભગત્વ પણ ભગવાનથી જ હોય છે. ''આ'' એટલે પ્રત્યક્ષસિદ્ધ 'અને' થી અનુભવો કહ્યા છે. ભગવાનનું શ્રવણ કરીને તથા દર્શન કરીને કોણ આર્યચરિતવાળું ચલિત ન થાય ? આ પ્રમાણવાર્તા ભલે દુર્બલ ગણાય. અન્ય પ્રકારથી પણ ચલિત થાય છે. ભગવાનના રૂપથી પ્રમેયની મર્યાદા પણ દૂર થાય છે. શાથી તે અન્યથા નથી થતી તે કહે છે. ગાયો પ્રમાણ વાતથી અનભિજ્ઞ છે. તે પણ તેમની માતાઓ પાસે જાય છે. પક્ષીઓ સર્વભક્ષવાળાં હોય છે. વૃક્ષ સ્થાવર છે. તે કદાચિત બાહ્ય જ્ઞાનથી રહિત છે. કેટલાંક નિરિન્દ્રિય છે. મૃગોને સર્વથી ભય છે તો તે પણ જો ભગવાનના રૂપથી, અથવા ગીતથી અશ્લિષ્ટ રસવાળાં થાય તો તેમના રોમાંચ ખડાં થાય છે, રસિક મનુષ્યોના ધર્મોનો પણ તે આવિર્ભાવ કરે છે, તો જેમને ભગવાને અન્ય રીતે સરજ્યાં છે, તેવી સ્ત્રીઓ સ્વભાવથી અન્યથારૂપ બને તેમાં આશ્ચર્ય શું ?

## પ્રભુનું સ્વરૂપ મોહક હોવાથી ગોપીજનનાં ચિત્ત તેમના તરફ આકર્ષાય છે.

**વિવેચન**-- આ શ્લોકમાં ભગવાનના નીચેના પ્રશ્નોનો ઉત્તર સ્વામિનીઓ આપે છે ભગવાને એવું કહ્યું હતું ''હે ગોપીઓ, તમે તમારા પતિઓ તથા વડિલો વગેરેની સંમતિ લીધા સિવાય આ સ્થળે મારી તરફ આવ્યાં છો તે તમે ઠીક કર્યું નથી ! કારણ કે આ પ્રકારનું અભિસરણ લોકમાં નિન્દાય છે. અરે જો સંમતિ લઇને પણ પર પુરુષ સાથે પરિચય કરવાને આવી રીતે જો અભિસરણ કરવામાં આવે, તો તેથી લોકો દ્વેષ કરે છે જ. તમે અભિસરણ કર્યુ છે માટે તમે અભિસારિકાઓ છો. હું જાણું છું કે તમને મારામાં પ્રીતિ છે અને એ પ્રીતિથી આકર્ષાઇનેજ તમે અહિં આવ્યાં છો પણ હું તમને કહું છું કે ભલે તમારામાં પ્રીતિ હોય તો પણ આ સ્થાનમાં તમારે પુરુષના સમાગમમાં રહેવું તે ઉચિત નથી. જો તમે મને ભગવાન ધારતાં હો તો તમે મારૂ ગુણ કીર્તન તથા મારી કથાઓનું શ્રવણ ઇત્યાદિ કરજો. માટે તમે પાછાં જાવ. તમેજ વિચાર કરો કે તમારાથી અહિંઆં રહી શકાય ? તમારા સ્ત્રીધર્મને બાધ થતો નથી ? આના ઉત્તરમાં ગોપિકાઓ અહિંઆં કહે છે ''હે ભગવાન, આપ જે ધર્મનો બોધ અમને કરો છો તે આપે પુરુષોને કરવો જોઇએ. અમારે માટે આપનો ધર્મ બોધ હોવો જોઇએ નહિ કારણ કે જે દોષનું આરોપણ આપ કરો છો, તે અમારામાં સંભવતુંજ નથી. અમારામાં કોઇ પણ લૌકિક વાસનાઓ નથી. લૌકિક સંબંધીઓ સાથે અમારે કશું લેવા દેવા નથી. અમારો દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્મા વગેરે સર્વ આપનામાંજ છે. આપજ અમારા આત્મા છો. વળી આપનું સ્વરૂપ એટલું બધું

આનંદપ્રચુર તથા મોહક છે, કે દુનિયામાં ભાગ્યેજ કોઇ પણ સ્ત્રી હોય જે આપનાં સ્વરૂપનાં દર્શન કરીને ચલાયમાન ન થાય. રાજસી સાત્ત્વિકી અને તામસી એ ત્રણ પ્રકારની સ્ત્રીઓ જ્યારે આપનાથી મુગ્ધ બને અને તેના આર્યચરિતથી ચલિત થાય, તો પછી અમે તો આપનાંજ છીએ. આપનુંજ નામસ્મરણ તથા ગુણકીર્તન કરીએ છીએ. આપનાજ પ્રેમનું પાન કરવાની અભિલાષાથી અમે અમારા જીવનને ધારણ કર્યું છે તો પછી જ્યારે કોટિકંદર્પલાવણ્ય, મન્મથના પણ મન્મથ અલૌકિક રસમૂર્તિ આપ અમારી સમક્ષ સ્થિત હો, તો તેવે સમયે અમારૂ હૃદય આપના સૌન્દર્યથી મુગ્ધ બને તેમાં નવાઇ શી ? આપજ કહો કે એમાં દોષ કોનો છે ? અમારો કે આપનો ? આપે શા માટે અમારી પ્રેમતન્ત્રીના તારમાં વાદન કર્યું ? આપના સ્વરૂપનું દર્શન જો અમને ન થયું હોત તો કદાચ આટલો બધો મોહ અમને ન થાત. હવે જ્યારે આપે અમને આપના અલૌકિક મુખનું દર્શન કરાવ્યું છે તથા અલૌકિક વાણીમાંથી ઝરતા માધુર્યનું પાન અમારી કર્ણેન્દ્રિયને કરાવ્યું છે તો હવે કૃપા કરીને આપે અમારી સાથે રમણ કરવું જોઇએ. જો તેમ નહિ કરો તો જેમ અત્યન્ત તૃષાથી પીડિત પક્ષીને જળનું ફક્ત બિન્દુ આપીને પછીથી તેને પાન કરતાં અટકાવીએ તો તે તરફડીને મરી જાય છે, એમ અમારી પણ રસના અભાવે મરણપ્રાય દશા થશે; આપે અમારામાં અજબ પ્રકારનું જાદુ કર્યું છે. આ સંમોહ પંચપર્વા અવિદ્યાને સ્થાને છે. અમારા દેહ, ઇન્દ્રિય, મન, પ્રાણ અને આત્મા એ પાંચ ઉપર આપે સંમોહ કર્યો છે તો પછી અમે ચલિત થઇએ તેમાં અમારો શો દોષ ? માટે આપે મર્યાદાનો ભંગ થશે એવો વિચાર નહિ કરવો જોઇએ. અમે અત્યારે અત્યન્ત નિરોધની દશામાં આવી પડયાં છીએ, તો આપ અમારા ઉપર અનુગ્રહ કરો, નિઃસાધન ઉપર અનુગ્રહ કરવામાંજ આપનું પ્રમેયબલ જણાય છે, અને જ્યાં પ્રમેયબળ હોય ત્યાં પુષ્ટિનું કાર્ય છે. મર્યાદા કરતાં પુષ્ટિની સ્થિતિ અધિક છે તો અત્યારે મર્યાદાનો ભંગ થતો હોય તો ભલે થાય. અમને એની દરકાર નથી. અમે આપના સ્વરૂપની પ્રાપ્તિને માટે મર્યાદાનો ત્યાગ કરવાને ખુશી છીએ. તેથીજ અમે આવી રીતે દીન થઇને આપની પાસે યાચના કરીએ છીએ. જેમ સૂર્ય ન હોય તો દિવસ સુભગ અને રમણીય લાગે નહિ તેમ ચંદ્ર વગર રાત્રિ પણ રમણીય લાગે નહિ; તેમ ત્રણ લોકમાં, આપના વગર કશું પણ આનંદજનક છેજ નહી. આપનાથીજ ત્રણ લોક ટકી રહું છે. આપના આનંદથીજ આ સ્થાવર સૃષ્ટિ સ્થિત છે, જો એ આનંદનું સર્વથા તિરોધાન થાય તો સૃષ્ટિની સ્થિતિ રહેજ નહિ. આપનુ આનંદસ્વરૂપ એટલું બધું સર્વ કોઇને મોહજનક છે, અરે મનુષ્ય તો શું પણ મનુષ્ય ધર્મથી રહિત પશુપક્ષીઓ તથા વૃક્ષો પણ આપનું ગીત શ્રવણ કરીને રસભાવને

પ્રકટ કરે છે, તેઓ પણ જાણે પુલકિત થયાં હોય તેમ દેખાય છે. જયારે મનુષ્યેતર સૃષ્ટિ આ રીતે રસભાવને પ્રકટ કરે છે તો પછી અમારા જેવી મનુષ્યધર્મયુકત સ્રીઓ, જેનો મોહ પામવો એ સ્વભાવ છે- તે આપના ગીતથી સૌદર્યથી મોહ પામે તેમાં શું વિશેષ આશ્ચર્ય છે ? આપની સાથે રહેવામાં અમને કોઈપણ જાતની અનુચિતતા લાગતી નથી ! કારણકે આપ સામાન્ય માણસ નથી પણ સાક્ષાત્પર બ્રહ્મ છો; અને વ્રજજનોનાં દુઃખ તથા ભયનું નિવારણ કરવાને માટે તથા તેમને મોક્ષ અગર ભજનાનંદનું દાન કરવાને પ્રકટ થયા છો એ અમે સારી પેઠે જાણીએ છીએ માટેજ અમને લોકભય અથવા વેદનો ભય પણ લાગતો નથી. આપે દર્શાવેલો મર્યાદાનો ભય અમને સ્પર્શ કરતો નથી. આ રીતે ભગવાને કહેલાં વાકયોનું નિવારણ કરવાને આ ફકત ભગવાનની કૃપાથીજ સાધ્ય થઇ શકે એમ છે એવો પુષ્ટિસિદ્ધાંત જણાવીને ગોપીઓ ભગવાનની કૃપાની પ્રાર્થના કરે છે

આ પ્રમાણે ભગવાને કહેલાં વાકયોના નિવારણાર્થે પુષ્ટિસિદ્ધાન્તનું નિરૂપણ કરીને આ ભગવાનની કૃપાથીજ જ સાધ્ય છે એમ માનીને ભગવાનની કૃપાની પ્રાર્થના કરે છે.

**मूलम्** व्यक्तं भवान् व्रजभयार्तिहरोमिजातो देवो यथादिपुरुषः सुरलोकगोप्ता ।
तन्नो निधेहि करपङ्कजमार्तबन्धो तप्तस्तनेषु च शिरस्सु च किङ्करीणाम् । ४१ ।।

**अन्वयार्थ--** એ ખુલ્લું છે કે આપ વ્રજના ભય તથા દુઃખ દૂર કરનાર, સુર લોકનું રક્ષણ કરનાર, આદિપુરુષ દેવની માફક પ્રકટ થયા છો. તો હે ગરિબના બેલી આપના કરકમલને અમો દાસીઓના તપ્ત સ્તન ઉપર તથા શિર ઉપર મૂકો.

**श्रीसुबोधिनीजी --** આપે કહેલું અગર અમારૂં કહેલું સાધક અથવા બાધક નથી. તો પણ આપના અવતારનું પ્રયોજન વિચારીને અમારા ઉપર કૃપા કરવી જોઈએ, તેનું પ્રયોજન કહે છે. આપ વ્રજના ભય તથા આર્તિને દૂર કરનાર જ ખુલ્લી રીતે પ્રકટ થયા છો. વ્રજનો ભય તથા પીડા આપે દૂર કરવા જોઈએ. નહિ તો સાક્ષાત્ ભગવાનના અવતારમાં અમો કાંઈ પ્રયોજન જોતાં નથી. ભૂમિના ભારનું હરણ તો સંકર્ષણ અંશથી કર્યુ છે. વસુદેવ વગેરેનું રક્ષણ પ્રદ્યુમ્નરૂપથી કર્યુ છે. ધર્મની રક્ષા અનિરુદ્ધ અંશથી કરી છે. જો વ્રજના ભય તથા આર્તિનું હરણ ન કરવામાં આવે તો પછી શું અન્ય અવતારથી તે થશે ? માટે આપ ખુલ્લી રીતે વ્રજના ભય અને આર્તિના હરનાર છો. અત્યારે અમને જેટલી આર્તિ છે તેટલી કદાપિ થઈ નહોતી. અમારા પાછા જવામાં આખા વ્રજને મોટી આર્તિ રહેશે. માટે આર્તિનું નિવારણ કરવું જોઈએ. (શંકા) મર્યાદાથી નિવૃતિ કરવી ઉચિત

છે. અમર્યાદાથી નહિ. માટે તમારે કામને શાંત કરવો અથવા જ્ઞાન મેળવવું. એમ જો કહેવામાં આવે તો આના ઉત્તરમાં કહે છે. જેમ - આદિ પુરુષ દેવની માફક, તે વર્ત્યા તેમ આપ વર્તો. બ્રહ્મરૂપે ભગવાન સર્વના તરફ સમાન હોય છે. તો પણ ઈંદ્ર વગેરેના ઉપર કૃપા કરતા અને અસુરોને મારતા ભગવાન વિષમતાનો અંગીકાર કરે છે. દેવોને જ્ઞાનનું પ્રદાન કરતા નથી, સ્વરૂપને અન્યથા કરે છે. તો પછી વાણીને પણ અન્યથા કરે એમાં શું કહેવું ? આથી જેમ આદિપુરુષ પણ દેવ થઈને સુરલોકોના ગોપ્તા (રક્ષક) થયા, તેમ આપ પણ ધર્મમર્યાદાના રક્ષક છો; માટે અમારો સંબંધ કરો એવો ભાવ છે. તેથી રસપોષણ માટેના મિષથી કહે છે. તે કર અમારા પર મૂકો. પ્રથમ અમારા માથા ઉપર કર મૂકો કે જેથી અમને અભયતા થાય, પછી અમારા હૃદયના તાપની નિવૃત્તિને માટે છાતી ઉપર અમૃતસ્રાવ તાપનાશક કરકમલ મૂકો. આમાં અનૌચિત્ય કંઈ નથી. કારણકે અમો દાસીઓ છીએ. અથવા પરીક્ષાને માટે પણ જુઓ એમ રસોકિત છે.

## આદિપુરુષ દેવની માફક ભગવાનનું ગોપીજને ઈચ્છેલું શરણ

**વિવેચન** -- ગોપીઓ કહે છે હે ભગવાન આપ વ્રજના જનોના ભય તથા પીડા દૂર કરવાને પ્રકટ થયા છો એમ અમે જાણ્યું છે. એ વાત અમારાથી અજાણી નથી. એ હવે ઉઘાડી વાત થઈ ગઈ છે, તો પછી આદિપુરુષ દેવની માફક આપ કોઈ પણ વિલંબ સિવાય આપના કરકમલને હે દુઃખીયાના બેલી ! અમારા તપ્ત સ્તન ઉપર તથા માથા ઉપર મૂકો. આપ જાણો છો કે અમે આપની દાસીઓ છીએ. હસ્તકમળના સ્પર્શનું સુખ અમને આપો તો તેમાં કાંઈપણ અયોગ્ય નથી. પ્રથમ આપનો હસ્ત અમારા શિર પર મૂકો. જેથી અમને આપની અભયતાનું ભાન થાય. અમે હવે નિર્ભય છીએ એવું આશ્વાસન અમને મળે. ત્યારપછીથી હૃદયના તાપોને દૂર કરવાને આપનો કોમળ કર છાતી ઉપર મૂકો. સ્તન એ પયઃ (દૂધ) નું આશ્રય છે, દૂધનો વર્ણ શ્વેત છે અર્થાત્ સ્તન એ શ્વેત દૂધ એટલે પવિત્ર રસભાવનો સૂચક છે. પવિત્ર રસભાવનું સ્થાન તે અહિયા સ્તન કહ્યું છે. હે પ્રભો જે સ્થાનમાં પવિત્રરસ વહી રહ્યો છે ત્યાં આપના કરનો સ્પર્શ થવા દો. કારણકે અમારામાં પવિત્ર ભાવ સ્ફુર્યો છે અને તેથી જ આપની પાસે આવ્યા છીએ. ઉપરના શ્લોકમાં પુષ્ટિસિદ્ધાંતની સ્થાપના કરી છે. પુષ્ટિ એટલે અનુગ્રહ કહેવાય છે. **પોષણં તદનુગ્રહ** : માં આ કહ્યું છે. આ માર્ગ ભગવાનની કૃપાથી જ સાધ્ય છે. ભગવાનના પ્રાકટ્યનો હેતુ નિજજનોનું આત્યન્તિક કલ્યાણ કરવાને, તથા તેમને અનુગ્રહ દ્વારા ભજનાનંદના અનુભવ કરાવવાનો છે. આ સિવાય ભગવાનના પૂર્ણ પુરુષોત્તમના અવતારનો હેતુ નથી. ભૂભારહરણ રાક્ષસોનો

સંહાર ઈત્યાદિ અન્ય કાર્યો વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ વ્યૂહથી કરે છે. અહિંયા કૃષ્ણ ભગવાન પૂર્ણ પુરુષોત્તમ છે. અને તેમના પ્રાકટ્યનું પ્રયોજન જીવ ઉપર કૃપા કરીને ભજનાનંદનું દાન કરવામાં છે. તેથી જ નિજજીવોનું આત્યન્તિક કલ્યાણ થઈ શકે છે. ભગવાન તરીકે આપે વ્રજસ્થિત સર્વના ભયને હરવો જોઈએ, તથા તેમના દુઃખનું નિવારણ કરવું જોઈએ, અમે રમણની ઈચ્છાએ સર્વ લૌકિક વિષયનો ત્યાગ કરીને આપની પાસે આવ્યા છીએ, આપે અમારી ઈચ્છાને પૂર્ણ કરવી જોઈએ. જો આપ અમને નિરાશ કરશો તો તેથી અમને ભય તથા દુઃખ થશે. ભય તથા દુઃખના નિવારણ માટે તો આપનું પ્રાકટ્ય છે. આથી આપની કૃપાદૃષ્ટિ અમારા ઉપર કરો. જો આપ અમારો ત્યાગ કરશો તો આખા વ્રજને સંતાપ થશે. જેમ આદિપુરુષ જો કે સર્વના તરફ સમાન છે, છતાં તે ઈંદ્રનું રક્ષણ કરે છે અને અન્ય રાક્ષસોનો સંહાર કરે છે, આમ તેમનામાં વિષમતા છે, તેમ આ આરીતે અમારા ભયને જો આપ દૂર કરશો, તો તેથી ધર્મમર્યાદાનો ઉચ્છેદ થશે નહિ. અમે આપની દાસીઓ છીએ, તો દાસીજનોનું રક્ષણ કરવું તે સ્વામીનો ધર્મ છે, આ રીતે જો આપ અમારૂ રક્ષણ કરશો, તો તેમાં કાંઈ અનૌચિત્ય નહિ સંભવે. ઉલટું દાસીઓનો ત્યાગ કરવાથી ધર્મમર્યાદાનું ઉલ્લંઘન થાય છે. માટે હવે સર્વે વિચારો દૂર કરીને આપ અમારા દુઃખનો હરો. આ દુઃખ અમને કામજન્ય સંતાપનું છે. તેનું શમન કરવાને માટે પ્રથમ આપનો શ્રીહસ્ત અમારા મસ્તક ઉપર મૂકો જેથી કરીને-અમને આશ્વાસન મળે કે આપ હવે આપની વક્રતાનો ત્યાગ કરીને અમારી સાથે રસાનુકૂળ લીલા કરવાના છો. પછીથી અમારા હૃદયના રોગ મટાડવાને આપનાં ચરણકમળને અમારા સ્તન ઉપર મૂકો. અરે અંતઃસંતાપકારી વ્યાધિને શાન્ત કરો. આપના સિવાય અન્ય કોઈ પણ એ તાપને દૂર કરી શકે એમ નથી. કારણ કે આપના મોહક શબ્દોએજ એ કામાગ્નિને પ્રદિપ્ત કર્યો છે. આપજ અમારૂ સર્વસ્વ છો. અમારી સાથે રમણ કરીને અમને રસભોગ કરાવો એજ અમારી ઈચ્છા છે. ભગવાન રસાત્મક સ્વરૂપ હોવાથી. અને તે સ્વરૂપની પ્રતીતિ રસાસ્વાદથીજ કરવાની હોવાથી અહિંઆં રસશાસ્ત્રની રીતિ પ્રમાણે ચરણકમળને સ્તન ઉપર મૂકવાને સ્વામિનીઓ ભગવાનને વિનતિ કરે છે. ઘટ્ટ થયેલો ભકતિરસ ચરણકમળ દ્વારા સ્ત્રવે છે. સ્તન રસનાં આધેય છે. તેથી ચરણકમળમાંથી સ્ત્રવતો ભકિતરસ સ્તનદ્વારા હૃદયમાં અનુભવાય છે. આનંદઘન ભગવાનનું ચરણ પણ આનંદઘન છે. કમળમાંથી સ્ત્રવી જતો મકરન્દરસ જેમ કુંભ વગેરે પાત્રમાં એકત્ર કરાય છે, તેમ અહિંયા ભગવાનના ચરણમાંથી સ્ત્રવતો ભકિતરસ સ્તનરૂપી કુંભમાં એકત્ર કરવાને તેનું ત્યાં નિધાન કહ્યું છે. તે સર્વોત્કૃષ્ટ છે. માટે તેને બિરાજવાને ઉત્તમ અને ઉન્નત સ્થળ જોઈએ. કાયપ્રદેશમાં સ્તન

એ ઉન્નત પ્રદેશ છે. માટે ગોપીઓ આ પ્રમાણે આ ચરણકમલની ત્યાં સ્થાપના થાય એટલા માટે પ્રભુને વિજ્ઞપ્તિ કરે છે.

**षड्गुणैश्चर्य भावेन षोढा रेमे हरिः स्वयम् । स्वरूपेणापि शृंगारो द्विविधोऽपि निरूपितः ।। १ ।।**
**सामान्यं रमणं पूर्वे विशेषे मेलनं पुरः । वाह्येन रमणं पश्चात् आनारं च ततः परम् ।। २ ।।**
**ततो नानाविलासेन जातकेलिविभेदतः । विप्रलंभस्य सिद्धयर्थ तासां मानमुदीर्यते ।। १ ।।**
**तिरोभावस्ततश्चापि नायं लौकिककामुकः ।**

**अर्थ --** ૧ હરિના છ ગુણોમાંથી ઐશ્વર્ય ભાવથી પોતે છ રીતે રમણ કર્યું. સ્વરૂપથી પણ શૃંગાર બે પ્રકારનો નિરૂપાયેલો છે.

(ભાગવતમાં પરમકાષ્ઠાપન્નવસ્તુ ભગવાન્ શબ્દથી ઓળખાય છે તે ભગવાન્ શબ્દનો અર્થ-ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મવાળા એટલો થાય છે. અહિંયા એ ભગવાને રમણ કર્યુ તે કહેવામાં આવે છે. રમણ જુદા જુદા ભાવથી સાધ્ય છે તોપણ જુદા જુદા ભાવ નિર્વિકાર બ્રહ્મમાં સંભવતા નથી. ભગવાન્-હરિ વસ્તુતઃ બ્રહ્મ છે, અને શ્રુતિમાં તે બ્રહ્મને નિર્વિકારી કહ્યા છે, તો અહિંયા શાથી હરિએ જુદા જુદા ભાવથી યુકત રમણ કર્યુ એમ કહેવામાં આવે છે. આથી બ્રહ્મ-હરિમાં વિકાર હોવારૂપી દોષ નહિ જણાય ! માયા અને પ્રકૃતિના ગુણોના સંબંધથી આ વિકાર ઉત્પન્ન થયેલો અહિંયા કેમ માનવો ? એવી કોઈને શંકા થાય તો તેનો નિરાશ કરવાને કહે છે કે અહિંયા પ્રભુએ જે રમણ કર્યુ અને તેમાં વિવિધભાવ રૂપી વિકારો દેખાય તે માયાથી કરવામાં આવ્યું નથી, પણ પ્રભુએ પોતે જ પોતાની ઈચ્છાથી રમણ કર્યુ છે, તેમાં માયાનો લવમાત્ર પણ પ્રવેશ નથી એમ જણાવવાને स्वयं પદ યોજયું છે. ભગવાનના છ ગુણોમાંથી ઐશ્વર્ય ભાવ નામનો ગુણ, સ્વામિભાવનો ગુણ અહિંયા પ્રભુએ ઉપયોગમાં લીધો છે. રમણમાં જયાં જે ગુણનો ઉપયોગ જણાયો ત્યાં તેનું પ્રાકટ્ય કરીને રમણ કર્યુ એવો પ્રથમ કારિકાનો અર્થ છે. છ ગુણથી જ પ્રભુએ રમણ કર્યુ એટલું જ નહિ પણ સ્વરૂપથી પણ કર્યુ છે. પ્રભુનું સ્વરૂપ રસમય શૃંગારરસમય છે. આ શૃંગારરસની બે અવસ્થાઓ છે. સંયોગાત્મક અગર પૂર્વદલાત્મક અને વિપ્રયોગાત્મક અગર ઉત્તરદલાત્મક સ્વરૂપથી પણ આ ઉભય સ્થિતિનું રમણ કર્યુ, પ્રભુ ગોપીઓથી અંતર્ધ્યાન થઈ જાય છે, એટલે તેમને વિપ્રયોગનો અનુભવ થાય છે. જો આ રીતે પ્રભુએ એમને વિપ્રયોગરસનું દાન ન કર્યુ હોત તો તે ગોપિકાઓ પૂર્ણ રસસ્વરૂપને કદી પણ ઓળખી શકત નહિ. ફકત રસાત્મક પ્રભુના પૂર્વદલાત્મક સ્વરૂપને જ ઓળખત, ઉત્તરદલાત્મકને નહિ. માટે રસની પૂર્ણતા માટે આ અત્યંત આવશ્યક હોવાથી પ્રભુ તિરોધાન પામ્યા.)

૨. રમણ બે પ્રકારનું છે. - સામાન્ય અને વિશેષ. વિશેષના પણ બાહ્યરમણ અને પછી આંતરરમણ એવા ભેદ છે. તેથી નાના વિલાસથી ઉત્પન્ન થયેલી કેલિના ભેદથી રમણ કર્યું. સામાન્ય રમણ એટલે સાધારણ. આ રમણમાં પ્રથમ રસસ્વરૂપની માત્ર સાધારણ જ ઝાંખી કરાવે છે; પણ તે સ્વરૂપનો વિશેષ પરિચય તો વિશેષ રમણના બાહ્ય અને આંતર એવા બે ભેદથી છે. બાહ્ય એટલે ગતિકટાક્ષાદિથી કામનો ઉદ્બોધ બહારથી કરવો તેનું નામ બાહ્ય રમણ છે. આંતર એટલે સ્વરૂપનિષ્ઠ બંધાદિ પ્રકારવાળું છે. પહેલામાં સ્મર ઉત્પન્ન થયા પછી કેલિ (રમણ) છે. આ ઉભય પ્રકારના રમણમાં શૃંગારરસના નાનાવિલાસ પ્રકટ કર્યા એ રીતે સામાન્ય રમણથી તથા વિશેષ રમણથી રમણ પણ સંપૂર્ણ કર્યું.

૩. વિપ્રલંભની સિદ્ધિને માટે તેમને માન (થયું એમ) કહેવાય છે; તેથી તિરોભાવ પણ થયો. આ લૌકિક કામુક નથી.

(અહિંયા કોઈને શંકા થાય કે જો પ્રભુ આ પ્રમાણે સ્ત્રીઓનું પ્રેક્ષણ કરીને તેમના તરફ ગતિકટાક્ષ વગેરેથી કામને ઉત્પન્ન કરે, તથા અંગમાં વિકાર દેખાડે તો પછી ભગવાન અને પ્રાકૃત પુરુષમાં ભેદ શો ? જો આ પ્રમાણે તે પ્રાકૃત પુરુષ જેવા થાય તો પછી પ્રાકૃતની માફક તેમનો પણ નાશ સંભવે ? આના ઉત્તરમાં આ કારિકાના અંતિમ ભાગમાં કહે છે કે પ્રભુને લૌકિક કામુક પ્રમાણે ગણવા નહિ. આપણી પ્રાકૃત વાણીથી પ્રભુને લૌકિક કામુક જો આપણે ગણતાં હોઈએ તો તે મોટી ભૂલ છે; પ્રથમ જો પ્રભુનુ સ્વરૂપ શું છે તેનો સંપૂર્ણ વિચાર કરીને આવી શંકા કરવામાં આવે તો તે યથાર્થ છે. પણ આવી રીતની શંકા કરનારાઓ પ્રભુનું સ્વરૂપ બિલકુલ સમજતા નથી. જ્યારે પ્રભુમાં કામુક (કામી) હોવાનો આરોપ કરે છે, ત્યારે તેમના લક્ષ્યમાં એમ આવતું નથી કે પ્રભુ તો નિર્ગુણ અને આનંદસ્વરૂપ છે અને તેમની રસાત્મક લીલામાં આપણે દોષ દૃષ્ટિ નાખીએ છીએ. રસાત્મક સ્વરૂપ હોવાથી રસશાસ્ત્રમાં તે શાસ્ત્રના પ્રણેતાઓએ જેટલા રસના વિભાવ કર્યા છે તે સર્વ પણ રસસ્વરૂપ છે - પ્રભુમય છે તેથી જે ગતિ, કટાક્ષ, કેલિ ઈત્યાદિ નાના વિલાસ અહિંયા દેખાય છે તે શુદ્ધ રસાત્મક બ્રહ્મનું તે તે પ્રકારનું સ્વરૂપ છે. માટે અહિંયા કોઈ પણ જાતના કુતર્કો અગર આશંકાઓ કરવી નહિ. જેમ દૈત્યોની પ્રતિ પોતે વીરસ્વરૂપે પ્રકટ થાય છે - કારણકે તે દૈત્યોનો અધિકાર પ્રભુને વીરરસ તરીકે ઓળખવા પૂરતો જ છે. તે રીતે સ્વામિનીઓનો અધિકાર પ્રભુના શૃંગારરસ સ્વરૂપની પિછાણ કરવાનો છે, માટે પ્રભુએ તેમને તે સ્વરૂપનો પરિચય કરાવડાવ્યો.

આ પ્રમાણે પ્રાર્થના થતાં ભગવાને જે કર્યુ તે કહે છે.

**मूलम्, श्रीशुंक उवाच इति विक्लवितं तासां श्रुत्वा योगेश्वरेश्वरः ।।**
**प्रहस्य सदयं गोपीरात्मारामोप्यरीरमत् ।। ૪૨ ।।**

**अन्वयार्थ** -- શ્રીશુક બોલ્યા - આ પ્રમાણે તેમનાં દૈન્યયુકત વચનો સાંભળીને યોગેશ્વરમાં પણ ઈશ્વર ભગવાન્ હસીને દયાસહ આત્મારામ છતાં પણ ગોપીઓ સાથે રમ્યા.

**श्रीसुबोधिनीजी** -- પ્રથમ તેમના તાપની નિવૃત્તિ માટે સામાન્ય લીલા કહે છે. તેમનાં પરમ વૈકલ્યયુકત વચનો સાંભળીને ભગવાને હાસ્ય કર્યું અને રમણ કર્યું. શંકા-ભગવાન તો નિરિન્દ્રિય છે તો પછી તેમણે રમણ શી રીતે કર્યું ? ત્યાં ઉત્તર કહે છે. ભગવાન યોગેશ્વરના પણ ઈશ્વર છે. યોગાદિમાં સર્વ પદાર્થો અણિમાદિની પણ સ્ફૂર્તિ થાય તેમ તેજ સમયે ભગવાને ઈન્દ્રિયાદિ ભાવ વડે પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યુ. પોતાના કામ વડે એ સ્વરૂપને કર્યુ નથી. જો તેમ હોય તો બીજની નિવૃતિ થતાં કામની પણ નિવૃતિ થાય. તે ગોપીઓનો કદી પણ તે ભાવ જતો ન રહે, તેટલા માટે અતિશય હાસ્ય કરીને, તેમના ઉદ્ધારને માટે તે પ્રમાણે કર્યુ છે. તેમને ભિન્ન ગણીને મર્યાદામાં તેમનું પતન કરીને તેમનો નાશ કરવાને માટે તો નહિ જ. માટે જ દયા સહ હાસ્ય કર્યુ એમ કહ્યું છે. પછી ગોપીઓને રમણ કરાવ્યુ. પોતે તો આત્મારામ છે અથવા ગોપીઓના રસના આધાર થવા માટે દયાસહ હાસ્ય કર્યુ.

## ભગવાને આત્મારામ છતાં કરેલું રમણ

**विवेचन** -- પૂર્વ શ્લોકોમાં જણાવ્યા પ્રમાણે ગોપીઓના દૈન્યભાવથી ભરેલા વચનો સાંભળીને હાસ્ય કર્યુ. પ્રભુપ્રાપ્તિનું પ્રથમ પગથિયું દૈન્ય છે. દૈન્યભાવ સ્ફુરવાથી પોતાનામાં અહંકાર, ગર્વ, માન વગેરે જે હોય તે ગલિત થાય છે. અને આ રીતે હૃદયનું માલિન્ય દૂર થઈને તેને સ્થાને પવિત્રતા ભરે છે. આવી રીતે પવિત્રથયેલા હૃદયમાંજ પ્રભુનું સ્થાન હોય છે, એવા હૃદયમાં જ પ્રભુ માટેના પ્રેમનું પ્રાકટ્ય હોય છે માટે અન્યત્ર શ્રીમહાપ્રભુજીએ જણાવ્યું છે કે દૈન્યજ પ્રભુને સંતોષવાનું પરમસાધન છે. આ રીતે તેમને દૈન્ય જ થયું. પ્રભુ આગળ નિરુપાય તથા મિત્રસમાન બન્યાં. એટલે પ્રભુએ તેમની એ સ્થિતિને ધ્યાનમાં લઈને તેમને પ્રફુલ્લ કરવાને પ્રથમ હાસ્ય કર્યું. અને પછી પોતે નિરિન્દ્રિય હોવા છતાં પણ રમણ કર્યું. પોતાની જાતને માટે અગર આનંદને માટે રમણ કર્યું નહી, પણ આ

ગોપીઓને - ભકતોને આનંદનું દાન કરવા માટે તેમના નિરોધની સિદ્ધિના ફલ તરીકે આનંદનું દાન તેમને કરવું જોઈએ, એટલ  માટે પોતે આત્મારામ હોવા છતાં પણ રમણ કર્યું. પ્રથમ હાસ્ય કર્યું. તે વખતે તેમના ઉપર દયા દેખાડી. ભગવાને દયા દેખાડી તેનું પ્રયોજન એવું છે કે તેમનો સંસારમાંથી ઉદ્ધાર કરવાને માટેજ પ્રભુએ આ રીતે હાસ્ય કર્યું અને પછી રમણ કર્યુ. આ રીતે અહીંઆ માત્ર સામાન્ય લીલા કરી છે. રમણના સર્વ અંગની ચેષ્ટાઓ દર્શાવી નથી, તે તો આગળ ૨૯ માં અધ્યાયમાં વિશેષલીલાના વર્ણનમાં આવશે. જો પ્રાથમિક દશામાં અધિક ક્રિયાશકિતનો ઉપયોગ ભગવાન કરે તો તેથી સ્વામિનીઓનું ઉપમર્દન થાય, તેમનામાં રહેલા પ્રેમ - રસની વિશેષ સ્ફૂર્તિ - વિકાસ બંધ થઈ જાય, અને તેમ થવાથી રસાભાસનો પ્રસંગ બને. ભગવાન જે કાંઈ લીલા કરે છે, તે પોતાને માટે નહી પણ ભકતોને માટે જ છે. પોતે તો આનંદ સ્વરૂપ છે જ, પોતે કંઈ પોતાના આનંદ સ્વરૂપને વિસ્મરી ગયા નથી. તે તો સર્વકામમાં તે સ્વરૂપે છે જ, પણ જીવને તે સ્વરૂપનું વિસ્મરણ થાય છે તેથી જયારે તે જીવોને પ્રભુપ્રતિ પ્રેમ થાય તથા તે સ્વરૂપનો પરિચય થાય છે, ત્યારે તે આનંદ સ્વરૂપનું ભાન તેમને થાય છે. ત્યારે જ તે ભગવાનના તે સ્વરૂપમાં તલ્લીન બને છે. શ્રુતિ પણ કહે છે. सोश्नुते सर्वान्कामान्सह ब्रह्मणा विपश्चिता  પછી તે (જીવ) વિવિધ ક્રીડામાં ચતુર એવા બ્રહ્મની સાથે સર્વ કામને ભોગવે છે. માટે જ અહિંઆ સામાન્ય લીલાથી એ ભજનાનંદનો અનુભવ કરવાને ભગવાને રમણ કર્યુ.

**क्रिया सर्वापि सैवात्र परं कामो न विद्यते । तासां कामस्य सम्पूर्तिर्निष्कामेमेति तास्तथा ।। १ ।।**
**कामेन पूरितः कामः संसारं जनयेत्स्फुटः । कामाभावेन पूर्णस्तु निष्काम : स्यात न संशयः ।।२ ।।**
**अतो न कापि मर्यादा भग्ना मोक्षकलापि च । अत एतच्छृथे तेर्लोको निष्कामः सर्वथा भवेत ।।३ ।।**
**भगवच्चरितं सर्व यतो निष्काममीर्यते । अत : कामस्यनोदबोध : तत : शुकवचः स्फुटम् ।। ४ ।।**

**अर्थ** -- સર્વ ક્રિયાઓ એની એ જ છે પણ કામ નથી. અહિઆં તે ગોપિઓના કામની પૂર્તિ નિષ્કામ (ભગવાન)થી થઈ છે. માટે તે પણ નિષ્કામ છે. જો કામથી કામની પૂર્તિ હોત તો તેથી સંસાર ઉત્પન્ન થાત; પણ કામના અભાવે કરીને પૂર્ણ ભગવાન્ નિષ્કામ થાય એમાં કોઈ પણ જાતનો સંશય નથી. અહિંઆ કોઈ પણ મર્યાદાનો ભંગ થયો નથી, ઉલટું તે મોટું ફલ આપે છે. માટે જ આ લીલાનું શ્રવણ કરનાર લોક નિષ્કામ થાય છે. કારણ કે ભગવાનનું ચરિત્ર પણ સર્વથા નિષ્કામ કહેવાય છે. માટે અહિંઆ કામનો ઉદ્‌બોધ નથી; એથી શુકનુ વચન સ્ફુટ છે.

આ કારિકાઓ ઉપર ★શ્રી ગુસાંઈજીના ટિપ્પણનો મર્મ નીચે પ્રમાણે પ્રસિદ્ધ છે. ભગવાનની ચેષ્ટાઓ પણ કામની સજાતીય હોવાથી આ કામ પણ લૌકિક થશે એવી કોઈ ભ્રાંતને શંકા થાય એ સ્વાભાવિક છે; માટે આવી શંકાઓનું ભગવાનની રમણક્રીડામાં સ્થાન ન મળે તેટલા માટે આ કામલીલાનું રહસ્ય સમજાવાને શ્રીમદાચાર્યચરણે આ કારિકાઓ યોજી છે પ્રથમ લીટીમાં કહે છે. કે જો કે કામલીલાની સર્વ ક્રિયાઓ અહીંઆ છે, લૌકીક કામમાં જેમ કટાક્ષાક્ષેપ તથા બીજા હાવભાવ હોય છે તે સઘળા અહીંઆ છે. છતાં પણ તે 'કામ' નથી. લૌકિક કામુકની માફક ભગવાનનું વર્તન અહિંયા જણાય છે - કામની ચેષ્ટાઓ તથા વિલાસો પ્રકટ કરે છે છતાં પણ લૌકિક કામની ગંધ સરખી આમાં નથી. માત્ર ભગવાનમાં જ કામનો અભાવ છે એવું નથી, પણ તે ગોપીઓમાં પણ કામનો અભાવ છે. કોઈને અહિંઆં એવી શંકા થાય કે ભગવાનને તો કોઈપણ ઈચ્છાઓ અગર કામનાઓ નથી, તો પ્રસ્તુત બાબતમાં આ ક્રીડા નિષ્કામ ભાવથી કરી છે એ ભગવાનની બાબતમાં માની શકાય. પણ તે ગોપીઓની બાબતમાં શી રીતે માની શકાય ? એ તો સંસારી છે. માટે તેઓ કામભાવને વશ થઈને જ આવેલાં છે. એમ સ્વીકારવું જ જોઈએ, આવી શંકાને પણ સ્થાન ન રહે માટે એને સ્પષ્ટીકરણથી કહી બતલાવી છે કે તેમનામાં પણ કામ નથી. જેમ ભગવાનમાં કામ નથી તેમ એ સ્વામીનીમાં પણ નથી. કારણકે જો આ સ્વામિનીઓ-ભકતોમાં લૌકિક કામ હોત, તો તેની પુર્તિ અલૌકિક ભગવત્કામથી થઈ શકે નહીઃ કારણ કે તે ઉભય કામ સમાનજાતીય નથી. લૌકિક કામની પુર્તિ લૌકિક કામથીજ થઈ શકેઃ અલૌકિકથી નહી. ગોપીઓના કામને જો લૌકિક કહીએ તો ભગવાનના અલૌકિક કામથી તેની પુર્તિ સંભવી શકતી નથીઃ તેમના લૌકિક કામની પૂર્તિ પણ ભગવાનના લૌકિક કામથી જ થવી જોઇએ. પણ ભગવાનમાં લૌકિક કામ છે એમ કદી પણ કહી શકાય નહિ. જો ભગવાનમાં લૌકિક કામનું અસ્તિત્વ જોઇએ. તો પછી ભગવાને નિષ્કામ કહેનારી શ્રુતિઓને બાધ આવશે એટલે ભગવાન અલૌકિક કામવાળા છે એ નિર્વિવાદ છે. જો તેમનો કામ અલૌકિક ન હોય તો પછી ભગવાનમાં ભગવત્ત્વ રહેશે નહિ. આવા અલૌકિક કામવાળા ભગવાનનું રમણ લૌકિક કામવાળાની સાથે કદી પણ સંભવી શકે ! જે આપ્ત કામ વીતરાગ

---

★ શ્રીટિપ્પણીમાં સદ્ગત મૂળચંદ તેલીવાળા પૃ.૧૦૯ ની ફુટ નોટમાં આ કારિકાઓના શ્રીગુસાંઈજી કૃત વ્યાખ્યાન ઉપર આ પ્રમાણે શ્રીમત્પુરુષોત્તમજીનો અભિપ્રાય ટાંકે છે - આ કારિકાઓનું વ્યાખ્યાન ટિપ્પણી પુસ્તકમાં જણાય છે, પણ પાણ્ડુલેખનમાં નથી; તેમ તે શ્રગોકુલનાથજીનું હશે એમ જણાય છે. લેખરીતથી પણ એજ જણાય છે.

નિષ્કામ છે તે સંસારપંકમાં મગ્ર બનેલાંની સાથે કદી પણ કામક્રીડા કરે ખરા? એ શંકા જ તદ્દન આપણા મૌર્ખ્યની પરાકાષ્ઠા સૂચવે છે. જો ભગવાન અલૌકિક કામવાલા હોય તો તેમની સાથે કામભાવવાળાનો કામ પણ અલૌકિક હોવો જોઇએ એટલે ગોપિઓમાં લૌકિક કામ છે એવી દલીલ તર્કથી પણ સંભવી શકતી નથી. સજાતીય કામની સજાતીયથી જ પૂર્તિ સંભવી શકે, વિજાતીય કામથી નહિ. માટે પ્રથમ કારિકામાંથી એ સિદ્ધાન્ત ફલિત થાય છે કે જેમ ભગવાન અપ્રાકૃત છે તથા લૌકિક કામરહિત છે, જો એમ ન હોય તો ભગવાનના પૂર્ણ રસનો ઉદ્દબોધ થાય નહિ કારણ કે તેમાં એક કામભાવ ન્યૂન (ગોપીઓનો ભાવ) અને બીજો અધિક ભગવાનનો ભાવ થઇ જશે અર્થાત એ ભાવો સજાતીય નહિ, પણ વિજાતીય થઇ જશે. વળી કોઇને પુનઃ શંકા થાય કે, તમારા કહેવા પ્રમાણે ભગવાનમાં તેમજ ગોપીઓમાં કામ નથી એટલે તેઓ નિષ્કામ છે. તો પછી જે નિષ્કામ છે તે રમણ શી રીતે કરી શકે ? ઉભયને તમે નિષ્કામ કહેશો તો પછી રમણ જ સંભવશે નહિ. બિલકૂલ કામ વગરના લોકો રમણ શું છે તે સમજી શકતા નથી. તમે તો આ લીલામાં રસની પૂર્ણતા થઈ છે. એમ કહો છો. આ શંકાનો પણ ખુલાસો કરે છે. પ્રભુમાં તથા સ્વામિનીઓમાં કામ નથી એમ તો કહી શકાય જ નહીઃ કામનું અસ્તિત્વ તો છે, પણ આપણે આ કામને જે રીતે સમજીએ છીએ તેવા પ્રકારનો નથી. પ્રભુને નિષ્કામ કહેવાનું પ્રયોજન એવું છે કે તેમાં લૌકિક કામ નથી. અર્થાત લૌકિક કામનો નિષેધ કર્યો છે અને તે કામ અલૌકિક છે એમ પ્રતિપાદન કરવામાં આવે છે. એટલે ભગવાનમાં કામ નથી એવું નથી, તે કામ છે પણ અલૌકિક છે. વળી કહ્યું છે કે अत्रैव लोके प्रकटमाधिदैविकमुत्तमम्। कामाख्यं सुखमुत्कृष्टं कृष्णो भुंक्ते न चापरः । આ લોકમાં જે કામ નામનું ઉત્તમ આધિદૈવિક સુખ પ્રકટ થાય છે, તે કૃષ્ણ જ ભોગવે છે, બીજા કોઈપણ નહિ. અર્થાત્ કામના પણ ભેદ છે. જેમ વસ્તુઓમાં ઉત્તમ મધ્યમ તથા અધમ એવી કોટિઓ હોય છે, તેમ કામમાં પણ પ્રકારભેદ છે, જે ઉત્તમ પ્રકારનો કામ છે તે આધિદૈવિક કહેવાય છે. એ આધિદૈવિક કામનું સ્વરૂપ સંસારીઓની કલ્પનાઓમાં બિલકુલ ઉતરી શકે એમ નથી. ખારાકૂવાનો દેડકો સમુદ્રની વિશાળતા તથા ગંભીરતાનું માપ સમજવાને સમર્થ નથી. તેમ લૌકિક કામમાં આસકત રહેલાઓ આધિદૈવિક ઉત્તમ કામને સમજી ન જ શકે. એ આધિદૈવિક કામનો ઉપભોગ આધિદૈવિક સ્વરૂપ જ કરી શકે. કૃષ્ણ જ એ કામનો ઉપભોગ કરે છે એટલે ભગવાનમાં કામ છે; પણ તે કામ લૌકિક કામથી તદ્દન વિલક્ષણ. અલૌકિક અગર આધિદૈવિક કામ છે. સ્વામિનીઓનો પણ કામ અલૌકિક છે. અહિંયા સર્વ પ્રકારની લીલાસામગ્રી આધિદૈવિક હોવાથી લૌકિકતાનો છાંટો સરખો પણ નથી. બીજી

કારિકામાં કામ શબ્દ છે તેનો અર્થ લૌકિક કામ સમજવો. જો લૌકિક કામ અહિંયા હોત તો એ કામથી સંસારની ઉત્પત્તિ થાય છે, એ કામનું પરિણામ પ્રજોપત્તિ વગેરે કરે છે. પણ અહિંયા તો તેનું ફલ સંસારનો નાશ છે અને નિરોધની સિદ્ધિ છે, અર્થાત્ સંસારનો વિરોધી છે; તો પછી આ કામ લૌકિક કામ શી રીતે કહી શકાય ? જે કામ સંસારનો નાશ કરે છે તેને જ આપણે અલૌકિક કામ કહી શકીએ, અહિંયા ભગવાને પોતાના કામથી ગોપીઓના સંસારનો ધ્વંસ કર્યો છે. તેઓ પણ સંસારની સર્વ વાસનાઓનો ત્યાગ કરીને પ્રભુ પાસે આવેલા છે, અને તેમને નિરોધનું દાન કરવાને લીલા કરી છે તો પછી અહિંયા આ કામ લૌકિક છે એમ શી રીતે કહી શકાય ? આ રીતે આ કામ અલૌકિક છે એવું નિરૂપણ કર્યું; આથી અહિંયા કોઈપણ જાતની મર્યાદાનો ભંગ થયો નથી. મર્યાદા માર્ગીય મોક્ષની ઈચ્છાવાળાની પ્રવૃત્તિનો પણ અહિંયા બાધ કરવામાં આવ્યો નથી. મોક્ષ માર્ગમાં કામભાવના અભાવવાળાનો અધિકાર છે. તેથી જો આ ભાવ પ્રાકૃત હોય, તો તે ભાવથી કરાયેલી ક્રીડા પણ પ્રાકૃત થાય અને તેથી તેનું શ્રવણ કરનારને લૌકિક કાવ્યાદિની માફક કામનો ઉદ્બોધ થાય એટલે આ ભગવાનની કામલીલાના શ્રવણનું ફલ વિપરીત આવે; જો આ લીલાનું શ્રવણ વિપરીત ફલ આપનાર નીવડે, તો પછી કયો મોક્ષની ઈચ્છા રાખનાર પુરુષ એના શ્રવણમાં પ્રવૃત્તિ કરશે ? અર્થાત્ કોઇ પણ તેનું શ્રવણ નહિ કરે. પણ અહિંઆં ઉપર જણાવ્યા પ્રમાણે આ કામલીલા લૌકિક ભાવથી સંવલિત નથી એમ સ્પષ્ટ કર્યું છે. એથી જે કોઇ પુરુષ આ કથાનું શ્રવણ કરે છે તે મોક્ષનો અધિકારી થાય છે. એમાં કોઇ પણ સંશય નથી; એટલે મર્યાદામાર્ગીય તેમજ ભકિતમાર્ગીય મર્યાદાનો ભંગ અહિંઆં બિલકૂલ થયો નથી. આ લીલાનું શ્રવણ કરનાર લોક પણ લૌકિક કામથી રહિત થાય છે. લીલાનું શ્રવણ કરીને અલૌકિક કામ એ શું વસ્તુ છે તે જો બરાબર સમજે તો શ્રવણ કરનાર લૌકિક કામના વિષયપંકમાં પોતાના આત્માને કદી પણ ખરડશે નહિ. એટલે સાધારણ લોક પણ લૌકિક કામથી રહિત થશે, કારણ કે ભગવાનના ચરિત્રનો સ્વભાવજ એવો છે કે જે કંઇ લૌકિક હોય તેને તે અલૌકિક બનાવે છે. જે વસ્તુ જેવી હોય, તેવી તેમાં નિષ્ઠ અન્ય વસ્તુને તે કરે છે. આ લીલા લૌકિક કામથી રહિત છે, તેથી તેમાં નિષ્ઠા રાખનાર લૌકિક કામથી રહિત થાય એમાં કોઇ પણ જાતનો સંદહે નથી. આ લીલાનું શ્રવણ કરવાનું એટલે ગમે તેમ સાંભળવાનું નથી, પણ લીલાના તાત્પર્ય ગ્રહણપૂર્વક શ્રવણ કરવું એવો અર્થ સૂચિત થાય છે. લૌકિક કાવ્યોની માફક આ લીલા લૌકિક કામવાળી નથી તેથી તેના શ્રવણણી ઉપર જણાવેલું ફળ થાય છે. માટેજ શ્રી શુકદેવજી પણ આગળ

કહે છે કે ''વિષ્ણુની વ્રજવધુ સાથે કરેલી આ લીલાનું જે કોઇ શ્રવણ કરે છે તેના હૃદયના રોગો એકદમ દૂર થઇ જાય છે'' માટે લૌકિક કામ હોય તો મોક્ષ મળતો નથી એ મર્યાદાનો પણ અહિંઆં ભંગ થયો નથી.

શ્રી પુરુષોતમજીના પ્રકાશનો સાર નીચે પ્રમાણે છે

અહિં પ્રભુના રમણમાં ક્રિયાઓ તેની તેજ છે અર્થાત रसो वै सः એ શ્રુતિમાં જે ભગવાનનું રસાત્મક સ્વરૂપ કહ્યું છે તદનુસાર અહિંઆં રસશાસ્ત્રસિદ્ધ ક્રિયા છે પણ કામ નથી. તેથી યોગી પુરુષ, માફક રમણ નથી. પણ જેમ યોગમાં અણિમાદિ સર્વત્ર સ્ફૂર્તિ થાય છે તેમ અહિંઆં યોગેશ્વર તરીકે રમણોપયોગી સામગ્રી છે. સર્વ અભિધ્યાને ગોચર બનાવીને ઇન્દ્રિયાદિ ભાવથી સ્વરૂપને જ પ્રકટ કર્યું જેમ પુરુષવિધ બ્રાહ્મણમાં તેણે રમણ કર્યુ નહિ એમ રમણનું કથન કરીને सोनुवीक्ष्य नान्यदात्मनो पश्यत् એ શ્રુતિથી ઉપસંહાર કરીને કામનો અભાવ કહ્યો. કારણ કે ભગવાનની રમણેચ્છા તેમના સ્વરૂપથી અનતિરિકત છે તેમ અહિંઆ પણ સમજવાનું છે. તેથી જેમ ત્યાં તે ક્રિયા હોવા છતાં પણ ભગવાનનું આત્મારામત્વ છે તેમ અહિંઆં પણ છે. કોઇને અહિંઆં શંકા થાય કે શ્રુતિમાં કહેલી લીલા તો સ્વાભાવિકી છે અને સ્વને માટે છે અહિંઆં તો પરને માટે છે આગન્તુક છે અને તે જેને માટે હોય તેને અનુરૂપ થાય છે. સર્વત્ર તે પ્રમાણે જોવામાં આવે છે. એમ જો હોય તો જેને માટે આ લીલા છે તે ગોપીજનો તો સકામ છે એમ નિર્ણય થઇ શકે છે. તો તેમની સાથે લીલાનો સંબંધ થવાથી અને તેમના કામનો પૂરક હોવાથી અહિંઆં સોપાધિ કામ થાય છે. તો પછી ભગવાનમાં આત્મારામત્વ શી રીતે સંભવે ? આ શંકાના નિરાસમાં કહે છે. લીલા ભગવદ્ધર્મરૂપ છે. ભગવાન નિષ્કામ શ્રુતિમાં સિદ્ધ છે. તેથી તેમની લીલાથી તેમના (ગોપીઓના) કામની પૂર્તિથી તે (ગોપીઓ) પણ નિષ્કામ છે. શ્રુતિમાં પણ ''अथ काम मान'' એ પ્રતિજ્ઞા કરી છે. यो कामो निष्काम आप्तकामः એમ કહીને આપ્તકામને નિષ્કામની કોટિમાં પ્રવેશ કરાવ્યો છે. અહિંઆં પણसंत्यजय सर्वविपयान् એ વાકયથી આપ્તકામની નિષ્કામતા સ્પુટ છે. એટલે કોઇ એમ કહે કે ભગવાન પુરુષોત્તમ લૌકિક કામના અભાવવાળા ભલે હો પણ ગોપીજનોમાં તે લૌકિક કામ છે જ. તેના ઉત્તરમાં આ રીતે કહ્યું છે. જો ભકતોનો કામ લૌકિક હોય તો પછી અલૌકિક ભગવાનના કામથી તેની પૂર્તિ થાય નહિ કારણકે તેઓ પરસ્પર એકજાતીય નથી. વિજાતીયની જ પૂર્તિ સંભવતી નથી. માટે ભગવાનના કામથી જ તેમના કામની પૂર્તિ થવાથી તેઓ પણ ભગવાનની તુલ્ય બની શકે છે. વળી જેમ ભગવાન અપ્રાકૃત, અને લૌકિક કામથી રહિત છે તેમ આ ગોપીજનો ના

હોય તો ભગવાનના પૂર્ણ રસનો ઉદ્‌બોધ થાય નહિ. કારણ કે ન્યૂન અને અધિક ભાવથી તે ભાવમાં વૈજાત્ય હોય છે. તો ફરીથી અહીં કોઇ શંકા કરે કે જો કામ હોય તો ભગવાનમાં તેનો સંબંધ હોવાથી ભકતોમાં ઉભયવિધ કામનો અભાવ છે. આ શંકાના ઉત્તરમાં કહે છે તેમ પણ નથી. આથી પાંચમા અધ્યાયની (રાસપંચાધ્યાયીના પાંચમાં અધ્યાયની) કારિકાથી તેનો વિરોધ આવે છે. ત્યાં લૌકિકનો નિષેધ કરીનેજ ભગવાનના અલૌકિક કામનું વર્ણન કર્યું છે. વળી અત્રૈવે લોકે प्रकटमाधिदैविकमुत्तमम् । कामाख्यं सुखमुत्कृष्टं कृष्णो भुंक्तेन चापरः । એમાં કામસુખને આધિદૈવિક ગણ્યું છે ને તે ઉત્તમ છે. વળી તેમના ભોકતા છે એમ કહીને લૌકિક કામનો નિષેધ નથી. આથી ભગવદ્‌ભોગ્ય સ્વામિનીઓમાં પણ તે પ્રમાણે છે, નહિ તો ભગવાન ભોકતા બનેજ નહિ. હવે વિપક્ષમાં બાધક કહે છે પ્રાકૃત કામ હોય તો તેથી તે સંસારનો જનક અવશ્ય થાયજ. લૌકિકમાં સર્વત્ર એ પ્રમાણે દેખાય આ ભકતોમાં સંસારનો અભાવ હોવાથી પ્રાકૃતત્વનો (લૌકિકત્વનો) પણ તેમનામાં અભાવ છે એ નિઃસંશય વાત છે. જેમ દ્વારકાલીલામાં મહિષી વગેરેના કામને પ્રદ્યુમ્નરૂપથી ભગવાનને પૂર્ણ કર્યો, અને પુત્રાદિની ઉત્પત્તિ કરી એમ અહિંઆં પણ જો કામને પૂર્ણ કર્યો હોય તો પુત્રોત્પત્તિ કરશે. પણ અહિંઆં રસનો આનંદ સ્વામિનીએ અનુભવ્યા છતાં પણ સંસારની વાસના તેમનામાં રહી નથી. તેથી પુત્રોત્પત્તિ કાર્ય સંભવ્યું નથી. કાષ્ઠમાં વહ્નિનો પ્રવેશ થવાથી જેમ બળીને ભસ્મ થાય છે તેમ અહિંઆં લૌકિક કામમાં અલૌકિક કામના પ્રવેશથી તે પણ ભસ્મીભૂત થાય છે. ભગવાનના કામનું સ્વરૂપ આવા પ્રકારનું છે. આથી લૌકિક કામ અહિંઆં નિવૃત્ત થયો છે. અહિંઆં કોઇને શંકા થાય કે લૌકિક કામોપભોગ હોવા છતાં પણ વાંઝણી સ્ત્રીને જેને ઋતુ ના આવતું હોય તેને, અને જેણે વૈધની દવા ખાધી હોય તેને પુત્રોત્પત્તિ થતી નથી. એટલે તેમના કામનું ફળ સંસાર નથી. આ હેતુ સામાન્ય જણાય છે, તો પછી અહિંઆં ભગવાનના સ્વામિનીઓ સાથેના રમણથી સંસારનો સંભવ ન પણ બને, તેથી કરીને તે કામની લૌકિકતા મટી જતી નથી. અહિંઆં સ્પષ્ટ કહ્યું છે કે ભગવાનની લીલામાં તે સંભવતોજ નથી.પોતે આગળ ભાવિરમણ સમયે કહે છે ''न मय्यावेशितधियां कामः कामाय कल्पते । भर्जिताः क्वथिता धाना मूयो बीजाय नेशते'' જેઓની બુદ્ધિ મારે વિષે પ્રવિષ્ટ છે તેમનો કામ કામનો ઉત્પન્ન કરતો નથી. જેમ સેકેલા અને ઉકાળેલા ધાણા હોય તે ફરીથી બીજને માટે લાયક બનતા નથી. વળી દુગ્ધ પટમાં જેમ પટ માત્ર આકારથીજ પ્રથિત થાય છે. તેમ અહિંઆં ક્રિયાના સામ્યથી ઉભયત્ર પ્રતીતિ છે. ભગવાનમાં કે ભકતમાં કામથી આ ભાવ અલૌકિક હોવાથી મર્યાદામાર્ગીય મોક્ષની ઇચ્છાવાળી પણ પ્રવૃત્તિ બાધિત થતી

નથી. મોક્ષમાર્ગમાં કામના અભાવવાળાનો જ અધિકાર હોય છે. શ્રુતિ પણ છે ''શ્રોત્રિયસ્ય ચાકામહતસ્ય'' વગેરે કહે છે. તેથી જો આ ભાવ અલૌકિક હોય તો તેથી કરાયેલી લીલા પણ તેવી થાય અને તેના શ્રવણથી લૌકિક કાવ્યાદિની માફક કામનો ઉદ્‌બોધ થાય છે. તેમને આ લીલાના શ્રવણથી વિપરીત ફલ થાય; આથી તેમની પ્રવૃત્તિ સદોષ છે. આ શંકાના ઉત્તરમાં કહે છે કે આ ભાવ અલૌકિક છે માટે આ લીલાના શ્રવણથી ફલ મૂલપ્રવૃત્તિ જણાવી છે. આ લીલાના શ્રવણથી સર્વ લોક પણ કામરહિત થાય છે. ભગવાનનું ચરિત એવું છે, કે જે વસ્તુ જેવી હોય તે તેમાં નિવિષ્ટ અન્ય વસ્તુને તે રૂપ બનાવે છે એવો સામાન્ય નિયમ છે. આ લીલા લૌકિક કામથી રહિત છે અને અલૌકિકતાની પ્રતિપાદક છે, માટે આ લીલાપરાયણ, જે હોય તે લૌકિકત્વથી રહિત બને છે. અને અલૌકિક ભગવદ્‌ભાવથી યુકત બને છે. શ્રવણ એટલે ગમે તે રીતે શ્રવણ કરવાનું નથી પણ લીલાના તાત્પર્યને સમકપ્રકારે હૃદયમાં આરૂઢ કરવું જોઇએ. આ કારણથી આ લીલા લૌકિક કામથી રહિત છે; અને તેના શ્રવણથી લૌકિકકાવ્યની માફક લૌકિક ભાવ ઉત્પન્ન થતો નથી, પણ અલૌકિક ભાવ ઉત્પન્ન થાય છે. માટે શુકદેવજીએ આગળ કહ્યું છે कामं हृद्रोगमाश्वपहिनोत्वचिरेण धीरः આના શ્રવણથી ધીર પુરુષ અલ્પ સમયમાં હૃદયના રોગસમાન કામનો નાશકરે છે. આથી મોક્ષ ફલ મર્યાદાનો પણ ભંગ થયો નથી, એટલે કામ હોય તો મોક્ષ ન હોય. કામના અભાવમાંજ મોક્ષ હોય છે એવી મર્યાદાનો ભંગ નથી. અહિંઆં રસશાસ્ત્રીય અને બ્રહ્મધર્મીય મર્યાદાને સ્વીકારી છે. તે ઉભયનો ભંગ નથી.

★ શ્રીહરિરાયજી ઉપરની કારિકામાં નીચે પ્રમાણે ટિપ્પણ કરે છે.

સંશય વિચારમાં ઉપયોગી છે. વિચારમાં સંશય પણ નિર્ણયજનક થઇ પડે તેમ હોવાથી શ્રીહરિરાયચરણ લેખના પ્રકૃત વિચારને અનુકૂલ સંશય વર્ણવે છે. એ સંશય એટલો બધો સ્વાભાવિક છે કે આ લીલાનું શ્રવણ કે પઠન કરતાં ઉત્પન્ન થાય જ.

### સંશય

શ્રીશુકદેવજી આ ફલપ્રકરણમાં ભગવાન્‌ની કામલીલાનું નિરૂપણ કરે છે. તે અહિં ઉપપન્ન બંસબેસતી થઇ પડતી નથી, કારણ કે કામ પ્રાકૃત શરીરના આધારે રહે છે. અર્થાત્ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં પંચમહાભૂતોના શરીરમાં જ તે કામ વસે છે. હવે

---

(વે. શા. સં. શાસ્ત્રીજી વસંતરામે આ કારિકાઓ ઉપરનો લેખ શોધીને પ્રથમ સંસ્કૃતતામસ ફલપ્રકરણમાં છપાવ્યો હતો, અને તેમણેજ તેનો ગુજરાતી અનુવાદ વૈષ્ણવધર્મ પતાકા માસિકમાં છપાવ્યો હતો, આ અનુવાદ ઘણો રસિક, સરળ તથા સુંદર છે. અહિંઆં તે છાપવાને તેમણે અનુમતિ આપવાથી હું તેમનો ખાસ ઉપકૃત થયો છું.)

તેવો કામ ભગવાન્‌માં રહે છે એમ માનશો તો ભગવાનનું શરીર પણ લૌકિક પંચમહાભૂતનું બનેલું જ માનવું પડશે ભગવાનનું શરીર તો લૌકિક મનાય જ નહિ, કેમકે તેમનું શ્રીઅંગ તો માત્ર આનંદમય છે. તેમનું નખશિખાંત સ્વરૂપ માત્ર આનંદમય છે, એમાં સ્થૂલ શરીર અને સૂક્ષ્મ શરીર એવા બે ભેદ નથી, એટલું જ નહિ પરંતુ લોકમાં જેમ જીવ અને શરીર જુદાં જુદાં છે, તેમ ભગવાનનું શરીર અને ભગવાન્ જુદા એવા પણ ભેદ નથી જ, તો પ્રભુના દિવ્ય શ્રીઅંગમાં પંચમહાભૂતનાં પૂતલાંઓમાં રહેનારો કામ કેમ સ્વીકારાય ?

### અલૌકિક શરીરમાં કામ કેમ ન માનવો ?

ઉપર સંશયનો નિરાસ કરતાં કોઇ એકદેશી જણાવે છે - કામ લૌકિક શરીરમાં જ રહે છે, ભગવાન્‌માં જો તે રહે તો ભગવાન્‌નું શરીર લૌકિક બની જાય એમ માનવાને કાંઇ કારણ નથી, કેમ કે ‘કામ લૌકિક શરીરને જ આધારે રહે છે’ એવો નિયમ જ નથી. એવો નિયમ માનીએ તો પ્રભુનું શરીર લૌકિક ઠરે. કામ જેમ લૌકિક શરીરમાં વસે છે, તેમ અલૌકિકમાં પણ તે ઘર કરે તો શું ?

મુખ્ય સંશયનું આ સમાધાન સંતોષકારક નથી, એમ સંશયકર્તા જણાવે છે.

### અલૌકિક શરીરમાં કામ નજ મનાય.

જ્યારે જીવની મોક્ષદશા થાય છે, ત્યારે તેનો દેહ આધિદૈવિક થઇ જાય છે, લૌકિક દેહ નિવૃત્ત થતાં અલૌકિક બની જાય છે તે વેલાએ જીવે પણ કામ રહેતો નથી, એમ શ્રુતિવેદ-કહે છે “यदा सर्वे प्रलीयन्ते” ‘જ્યારે સર્વનો પ્રલય થઇ જાય છે,’ અર્થાત્ મોક્ષદશામાં જીવનો અલૌકિક દેહ થયા પછી લૌકિક દેહ ઇંદ્રિયાદિનો અને તેના આધારથી રહેલા કામાદિનો લય થઇ જાય, ત્યારે જીવના અલૌકિક શરીરમાં કામ નથી રહેતો, તો હવે ભગવાન્‌ના દિવ્ય શ્રીઅંગમાં તેની સ્થિતિ કેમ માની શકાય ?

શંકાકારના ઉત્તર સામે એકેદેશી ફરીને પોતાની યુકિત દર્શાવે છે.

### વેદ અલૌકિક શરીરમાં પણ કામ હોવાનું કબુલે છે.

વેદ કહે છે કે - ‘અલૌકિક દેહ ધરાવનારો જીવ ચતુર પરાત્મા સાથે સર્વે -અનેક-કામોનું અશન કરે છે.’ આ વેદના મંત્રમાં અલૌકિકશરીરવાન્ જીવ રસભોગ કરવામાં ચતુર પ્રભુ સાથે સર્વ કામોને અનુભવે છે એમ જણાવે છે. જો અલૌકિક શરીરમાં કામ જ નહોય તો તેનો ભોગ જીવ કેમ કરી શકે અને શ્રુતિ તેમ કહે પણ કેમ ? માટે અલૌકિક શરીરમાં પણ કામ તો છે જ.

એકદેશીનું આ સમાધાન રુચિકર લાગતું નથી એમ શંકાકાર જણાવે છે.

## એ શ્રુતિમાં કામશબ્દનો અર્થ વિલક્ષણ છે.

અપ્રાકૃત-અલૌકિક-શરીરમાં પણ કામ વસે છે, એમ ઠરાવવા માટે જે શ્રુતિ આપવામાં આવી છે, તે શ્રુતિમાં કામશબ્દનો અર્થ લોકમાં અનુભવાતો 'દુષ્ટ કામ' એવો નથી થતો, પરંતુ કામ એટલે ભગવત્સ્વરૂપાત્મક જે કામ તેનો અનુભવ તે દિવ્યદેહવાન્ ભકતો કરે છે. લૌકિક કામની તો નિવૃત્તિ થઇ જાય છે એમ શ્રુતિ કહે છે. ફરીને તેજ લૌકિક કામનો અનુભવ અલૌકિક દેહ ધર્યા પછી, તે પણ આનંદમય પ્રભુ સાથે, જીવ કરે એમ માનવું તદ્દન અયોગ્ય જ ગણાય. પ્રભુસ્વરૂપથી ભગવાન્થી-ભિન્ન નહિ પણ તદ્દરૂપ આનંદમય જે કામ તેનો ભોગ અલૌકિક મહાન જીવો કરે છે. એ માનવું વેદસમ્મત છે. વળી પ્રભુ સાથે પણ લૌકિક કામનો ભોગ થાય છે, એમ જો માનશો તો એક મહાન્ વિરોધ આવશે,તે વિરોધ આ પ્રકારે ઉદ્દભવશે.

રસલીન રાસરમણે કરેલા મનોહર વેણુનાદનું શ્રવણ કર્યા પછી રજોગુણ સત્ત્વગુણ અને તમોગુણ એવા ત્રણે ગુણોનો મિશ્રભાવથી નવ પ્રકારનાં અને નિર્ગુણ મલીને ૧૦ પ્રકારનાં વ્રજભકતો પ્રભુસન્નિધાનમાં પધાર્યા. તેમાંના કેટલાંક વ્રજસુંદરીઓ કાલના બંધનમાં આવી પડયાં. પૂર્વ તો ભકિતભાવ હતો, છતાં કાલનાં પ્રતિબંધથી બંધાઇને ભજનાનંદનો અનુભવ કર્યા વિના ભગવત્સાયુજયરૂપ મોક્ષને પ્રાપ્ત થયાં, અર્થાત્ ભજનાનંદરૂપ ઉત્તમ ફલ નહિ મલતાં સાયુજયરૂપ મધ્યમ ફલ તેઓને મલ્યું. આ પ્રસંગને અનુસરીને શ્રીશુકજી શું કહે છે, અને તેનું હાર્દ શ્રીવલ્લભાગ્નિએ કેવું પ્રકટ કરેલું છે, તે સમજવા માટે ૧૧ માં શ્લોકનાં શ્રીસુબોધિનીજી અત્ર ઉતારવામાં આવે છે દૈવગતિથી કેટલીક ઘરમાંજ રહેલી, અને સ્વતઃ પ્રૌઢા-પુખ્ત ઉમરની નહિ હોવાથી આતુરતાથી અજ્ઞાતજ રહેલી, પતિ સાથે હોવાથી પતિથીજ રક્ષણ કરાયેલી ગોપભાર્યાઓ અન્ય વ્રજસુંદરીઓની પેઠે પ્રભુનાં દર્શન કરવાની તીવ્ર અભિલાષા છતાં બહાર નિકલી શકી નહિ. ત્યાર પછી પ્રભુમિલનમાં આવી પડેલા પ્રતિબંધને તોડી નાંખવાને શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું. પરંતુ ભાવ તો તેજ હતો તે એ કે ભગવાન્ જાર છે અને અમે અભિસારિકાઓ છીએ, તેથીજ તેમને પ્રભુને મલવામાં પ્રતિબંધ નડયો. નહિ તો પ્રતિબંધ થાતજ નહિ. તેવાં હતાં તો પણ નયનો મીંચીને ભગવાનનું ધ્યાન કર્યું તેથી મોક્ષને પામ્યાં.

ઉપરનાં વચનોનું મનન કરતાં જણાયા વિના નહિ રહે કે લૌકિક કામ તો પ્રતિબંધ નાંખનારો છે. જે ગોપભાર્યાઓની પ્રભુપતિ જારબુદ્ધિ-કામબુદ્ધિ-હતી, તે તો પ્રભુને સાક્ષાત્ મલી શકયાં જ નહિ. હવે અલૌકિક દેહ ધરીને પણ લૌકિક

કામ જો પ્રભુમાં રાખે તો ભજનાનંદના અનુભવથી તો દૂર જ રહે તેમા લેશ પણ સંશય રહેતો નથી. એટલા વાસ્તે જ પ્રભુનાં અલૌકિક શ્રીઅંગમાં લૌકિક કામ માનતાં, અને મોક્ષ પામેલો જીવ પ્રભુ સાથે લૌકિક કામનો ભોગ કરે છે એમ માનતાં, ઉપરનાં સિદ્ધાંત સાથે વિરોધ પ્રાપ્ત થશે, માટે તે માનવું યોગ્ય નથી.

શંકાકારના ઉત્તરનો પ્રત્યુત્તર ફરીને એકદેશી આપે છે.

### અલૌકિક દેહમાં અલૌકિક કામ.

પ્રભુનાં દિવ્ય દેહમાં લોકમાં અનુભવાતો કામ માની લેતાં ઉપરનો વિરોધ આવી પડે છે. તો એક બીજો જ માર્ગ તો વિરોધોને અટકાવવા લઇ શકાય એમ છે. પ્રભુના દિવ્ય દેહમાં પ્રાકૃત કામ છે, એમ ન માનતાં અપ્રાકૃત-અલૌકિક કામ છે એમ માનવું. લૌકિક કામ લૌકિક શરીરને આધારે રહે અને અલૌકિક કામ અલૌકિક શરીરને આધારે રહે એમ માની લેતા કોઇ પણ પ્રકારનાં વિરોધનું બીજ રહેશે નહિ. ગોપભાર્યાઓને લૌકિક કામબુદ્ધિ હતી તેથી તેમનો પ્રતિબંધ થયો, અલૌકિક હોત તો નજ થાત. એટલે આ સ્થલમાં જે સિદ્ધાંત ઉપદેશાયલો છે, તેનો થોડો પણ બાધ નહિ થાય અને પ્રત્યેક સંશય શમી જશે.

એકદેશીનું આ સમાધાન પણ શંકાકારને રૂચ્યું નહિ, તેથી એકદેશીના કથનનો પુનઃ જવાબ આપે છે.

### પ્રભુથી ભિન્ન અલૌકિક કામ છેજ ક્યાં ?

'અલૌકિક કામ' જો હોય તો તે પ્રભુના દિવ્ય વિગ્રહમાં માનવો ઠીક થઇ પડશે, પરંતુ અલૌકિક કામ ક્યાં છે ? પ્રભુનાં દિવ્ય સ્વરૂપથી જુદો કોઇ દિવ્ય કામ પ્રસિદ્ધ ક્યાં છે ? જો તેવો કામ પ્રસિદ્ધ હોત તો સંશયનો કાંઇક પરિહાર થઇ શકે છે, પણ તેવો કામ જ પ્રસિદ્ધ નથી એટલે નિરૂપાય.

એકદેશી હવે કાંઇક કટાક્ષથી કહે છે.

### પ્રભુમાં કામ છેજ નહિ, એમ માનો.

પ્રભુમાં કામ છે એમ માનતાં આટલા બધા તર્કો ઉઠે છે અને તેને તોડવાને અનેક પ્રયાસો કરવા પડે છે. એમજ માની લ્યો કે પ્રભુના દિવ્ય દેહમાં કામજ નથી. લૌકિક કામ માનતાં વિરોધ આવે અને અલૌકિક કામ માનતાં સંતાપ થાય ને તેવો કામ છે એવું ભાસે જ નહિ તો પછી કામ માનવો શા માટે ?

એકદેશીનું છેલ્લું સમાધાન તો અનુભવથી દૂર છે એમ ઠરાવતાં શંકાકાર વદે છે કે

## કામ તો પ્રભુમાં હોવોજ જોઇએ.

ભગવાન્‌માં લેશ પણ કામજ નથી એમ માનવું તદ્દન ભૂલ ભરેલું છે, કેમ કે કામનું ફલ, કામના અસ્તિત્વથી જે કાંઇ થાય છે તે, ક્રિયાઓ તો અહિં જોવામાં આવે છે. કામ હોય તો જ ક્રિયાઓ કામાધીન ક્રિયાઓ, જણાય તે ન હોય તો ક્રિયા પણ ન જ હોય, ક્રિયાઓ-ચેષ્ટાઓ-તો તેવી જણાય છે, કાર્ય તો થાય છે, તો તે ચેષ્ટાઓનું મૂલ કામ પ્રભુમાં કેમ ન હોવો જોઇએ ? જો તે લૌકિક માનીએ છીએ તો પણ વિરોધ ઉભો થાય છે. અને અલૌકિક માનવા જતાં તેવો કામ કોઇ ઠેકાણે વર્ણવેલો સાંભળ્યો નથી. એવી રીતે બન્ને બાજુએથી પાશમાં સપડાયા જેવું થતાં શ્રીવલ્લભાગ્નિ ઉપદેશે છે કે -

श्रीकारिका-क्रिया सर्वापि सैवात्र परं कामो न विद्यते । तासां कामस्य सम्पूर्तिर्निष्कामेनेति तास्तथा ।।

**અક્ષરાર્થ** - 'આ લીલામાં ક્રિયા પણ સર્વ છે, અને તે રસશાસ્ત્રમાં વર્ણવેલી છે તેની તેજ છે, પરંતુ કામ નથી, વ્રજસુંદરીઓના કામની પૂર્તિ પણ નિષ્કામથી જ કરી છે, કેમ કે વ્રજાંગનાઓ અલૌકિક દેહોવાલી જ છે.

**તાત્પર્ય** - કોઇ પણ વિચારનો પ્રારંભ કરતાં પહેલા શ્રુતિ અને યુકિતથી દઢ થયેલો સિદ્ધાંત હૃદયારૂઢ કરવો જોઇએ. વેદ કહે છે કે અક્ષરબ્રહ્મથી પર, પરબ્રહ્મ સદાનંદ, ગુણાતીત, ષડગુણયુકત પૂર્ણ પુરુષોત્તમ રસાત્મક છે, સર્વરસરૂપ તેજ પ્રભુ છે. ભગવાન્, સ્વયં સર્વરસસ્વરૂપ છે, એથી રસશાસ્ત્રમાં રસના આવિર્ભાવમાં કારણરૂપ માનેલી નૃત્યબન્ધાદિ ક્રિયાઓ ભગવાન્‌માં હોય તેમા આશ્ચર્ય શું ? સ્વંયપ્રભુ સર્વ રસાત્મક છે, પોતાની રસરૂપતા પ્રકટ કયારે થાય ? જયારે તે તે રસને પ્રકટ કરનારી ક્રિયાઓ પોતે કરે ત્યારે. જયારે રસ સ્વક્રિયાથી સ્પષ્ટ થાય છે, ત્યારે જ તેનું ખરૂ સ્વરૂપ ખીલી નિકળે છે, અર્થાત્ જયારે ક્રિયાવડે તેનું સ્વરૂપ આલેખાય છે, ત્યારે જ તે પોતાનું સ્વરૂપ આબેહુબ રીતે પ્રકટ કરે છે, એટલા માટે જ ભગવાન્ પોતાનું રસસ્વરૂપ જણાવવા માટે

---

૧. અત્ર સંગીત દષ્ટાંતભૂત છે. સંગીતશાસ્ત્રમાં વર્ણવેલા રાગોનું સ્વરૂપ શબ્દથી જણાવતાં કાંઇ પણ આનંદ થતો નથી, અર્થાત્ ''જેમાં ગાંધાર અને ધૈવત આવે નહિ અને આરોહમાં તીવ્ર નિષાદ અને અવરોહમાં કોમલ નિષાદ આવે તે સારંગ રાગ કહેવાય.'' એમ જાણવાથી તથા એમ બોલવાથી સંગીતમાં રહેલો આનંદ અનુભવાતો નથી. એ તો જયારે ઉષ્ણકાલનો ખરા મધ્યાન્હનો સમય હોય, પ્રભુ સમક્ષ બિરાજેલા હોય, પંખો ચાલી રહ્યો હોય, ફુવારામાંથી ઉડતા જલપર માણુઓ ચોતરફ શીતલતા પ્રસરાવી મુકતાં હોય, ખસના વાળાની તટ્ટીમાંથી સુગંધ મહેકી રહી હોય તે વેલાએ સારંગી તાનપુર (તાંબુર) વગેરે પ્રાચીન વાદ્યોના મધુર સુંદર સ્વર સાથે ''बैठे हरि राधे संग'' વગેરે શ્રી અષ્ટ સખાઓના કીર્તનો જો સારંગ રાગમાં ગવાય તો જ આનંદ અવુભવાય, રાગ પણ પોતાના આધિદૈવિક સ્વરૂપમાં પ્રકટ થાય.

તે તે રસના પ્રકટ થવામાં હેતુરૂપ નૃત્યબંધાદિ ક્રિયાઓ કરે છે, અને પોતાની રસરૂપતા પ્રકટ દર્શાવે છે. એથી જ મૂલમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'કામલીલામાં ક્રિયા તો રસશાસ્ત્રમાં વર્ણવેલી છે તે જ છે.'

ફલપ્રકરણના પાંચમાં અધ્યાયમાં શ્રીવલ્લભાધીશ્વર કારિકામાં ઉપદેશે છે કેઃ-

રસાત્મક કામ (લૌકિક કામથી વિલક્ષણ છે. એટલુંજ નહિ પરંતુ) અત્યંત ગુપ્ત છે. (૧ સ્ત્રીભાવરૂપ હોવાથી ગૂઢ છે.) તેનો ઉદ્‌બોધ થાય એ હેતુથી નૃત્યબંધાદિનું વર્ણન કરનાર તૃતીય-કામશાસ્ત્ર પ્રવૃત્ત થયું છે. એજ હેતુથી રસાત્મક પ્રભુએ પણ આ લીલામાં પોતે નૃત્ય ૨ કર્યું અને ભકતોને નૃત્ય કરાવ્યું. સર્વ ૩ અંગમાં જે ગુપ્ત છે તે જેવી રીતે પ્રકટ થાય, તેવી રીતે આપે નૃત્ય કર્યુ અને ભકતોને નચાવ્યા. શ્રમથી જલ અને શીતથી વાયુરૂપ સામગ્રી થાય છે. આ જ લોકમાં પ્રકટ થયેલું ઉત્તમ અને આધિદૈવિક કામરૂપ સુખ કૃષ્ણ જ ભોગવે છે. અન્ય નહિ.

વલી શ્રીમત્પ્રભુચરણ वृन्दावनं सखीએના વિવરણમાં પણ એમજ આજ્ઞા કરે છે. આપ લખે છે કે, 'પરિચયકરાવનારી તો લીલાજ છે' પ્રભુ સર્વ સ્વરૂપ છે. રસ અનેક પ્રકારના હોવાથી તે તે રસનું સ્વરૂપ ઓળખાવનારી, તે સ્વરૂપનો પરિચય કરાવનારી તેવી તેવી લીલાઓ જ હોઇ શકે. તેવી તેવી લીલાઓથી તે તે રસરૂપ સ્વરૂપનો પરિચય થઇ શકે, માટે શ્રીગુસાંઇજીની લીલાજ પરિચય કરાવનારી છે' એ ઉકિત અતીવ સુંદર છે.

પહેલા આપેલી કારિકામાં શ્રીમહાપ્રભુ એમ ઉપદેશે છે કે આ લીલામાં ક્રિયા પણ સર્વ છે, આ ઠેકાણે સર્વ પદ એક અગત્યનું રહસ્ય દ્યોતન કરે છે, ભગવાન્‌માં બધી ક્રિયાઓ છે, એટલે સર્વ ક્રિયાઓના આધાર એ રાસરમણજ છે. અન્ય કોઇ

---

તેવીજ રાતે રસશાસ્ત્રના શાબ્દિક જ્ઞાનથી તેનો અનુભવ થતો નથી, પરંતુ તેમાં વર્ણવેલી ક્રિયાઓથી જ રસનું સુંદર સ્વરૂપ ખડું થાય છે. ( શાસ્ત્રી વસન્તરામ)

૧ અત્ર ભગવદીયોએ सौंदर्य निजहृदगतं प्रकटितं स्त्रीगुढभावात्मकं એ શ્લોકમાં નિર્દિષ્ટ શ્રીમહાપ્રભુસ્વરૂપનું અનુંસંધાન કરવું. ( શાસ્ત્રી વસન્તરામ )

૨ આ નૃત્ય તે જ રાસ છે. રાસલીલાનું તારતમ્ય શ્રીવલ્લભાગ્નિ પોતેજ ઉપદેશ છે, बहुनर्तकीयुक्तो नृत्यविशेषो रासः, रसस्याभिव्यक्तिर्यस्मादिति । रसप्रादुर्भावार्थमेव नृत्यं, रासे क्रीडा लीला स्वस्य । નાચનારી જેમાં વિશેષ હોય તેનું નામ રાસઃ અર્થાત્ જેથી રસની અભિવ્યકિત થાય તે રાસ. રસના પ્રાદુર્ભાવ માટેજ નૃત્ય છે. રાસમાં જે પ્રભુની ક્રીડા-લીલા-તે રાસલીલા. આ ઉપરથી કેટલાક, રાસલીલા શબ્દ રહસ્યલીલા ઉપરથી થયેલો માને છે, તે તેઓની એક પ્રકારની ભ્રાન્તિ છે, એમ સમજવું

૩ સર્વે અંગોઅંગ રસભર્યા, રસભર્યા લોચન ચારુ, એ શ્રીગોપાલદાસજીનું કથન અત્ર સ્મરવું,

નથી લોકમાં કોઇ પણ સ્થલે સર્વરસને ઉત્પન્ન કરનારી સર્વ ક્રિયા કદાપિ દૃષ્ટિપથ નહિ થાય. કોઇમાં કોઇ એક હશે, તો કોઇમાં કોઇ બીજી હશે, પરંતુ સર્વ ક્રિયાઓના આધાર તો માત્ર મન્મથમન્મથ જ છે. આ તાત્પર્ય જ એ ક્રિયાઓની અને તે ક્રિયાઓ જેમાં છે એવા રસેશ શ્રીગોકુલેન્દુની લોકથી વિલક્ષણતા બતાવે છે. મૂલમાં અપિ શબ્દ પણ યોજાયેલો છે. રસમયતાની સિદ્ધિ માટે, સર્વ ક્રિયા પણ રસમય છે એમ સિદ્ધ થવા માટે, ઉત્કૃષ્ટ અને અપકૃત્ય સર્વ ક્રિયાઓ અત્ર છે, એમ જણાવવા માટે જ અપિ શબ્દ મુલમાં યોજયો છે. તેમજ एव શબ્દ પણ નિગૂઢ તાત્પર્યનું બોધન કરે છે. જે ક્રિયા રસને પ્રકટ ન કરી શકતી હોય, જે લીલા પ્રભુનું રસરૂપ જણાવતી ન હોય તેવી અન્ય ક્રિયાઓ, રસાભાસ કરી નાખનારી ક્રિયાઓ તે પ્રભુમાં નથી જ, એમ एव શબ્દ કહે છે. અર્થાત્ આ ઉપરથી એમ નિશ્ચય કરવો કે પ્રભુની જે કાંઈ લીલા છે તે બધી લીલા તે તે રસાત્મક સ્વરૂપના આવિર્ભાવ માટે જ છે. જેથી રસાત્મક સ્વરૂપ દીપે નહિ તેવી લીલા તો પ્રભુમાં છે જ નહિ. એની થોડીએ થોડી લીલા તો પોતાના અનેક રસથી પરિપૂર્ણ સ્વરૂપને જ પ્રકટ કરનારી હોય છે. જો એમ હોય તો પ્રભુ પૂર્ણપુરષોત્તમ, કોટિબ્રહ્માંડના નાયક પ્રાકૃત જનોનું અનુકરણ શા માટે કંરે? કારણકે તે અનુકરણમાં કંઈક ગૂઢ રસ સમાયેલો હશે, અને લૌકિકનું પણ અનુકરણ કરવાથી કોઈ રસ સ્વરૂપ પ્રકટ થતું હશે માટે જ પ્રભુ લૌકિકને અનુસરનારી લીલાઓ કરે છે. પ્રભુ જે લૌકિકનું અનુકરણ કરે છે, પોતે લોકના જેવી લીલાઓ કરે છે તેથી લોકનુ અનુકરણ પ્રભુએ કર્યુ એમ આપણને ભાસે છે. પણ તે વાસ્તવિક નથી. વાસ્તવિક તો એજ છે કે , ભગવાન કાંઈ લૌકિકનું અનુકરણ કરતાજ નથી પરંતુ તે તે રસને જણાવનારુ સ્વરૂપ પ્રકટ કરનારી તેવી લીલા કરે છે લોકનું અનુકરણ પ્રભુએ કરવાથી પ્રભુમાં લૌકિક બુદ્ધિ પ્રવેશે છે, માટે પ્રભુ લૌકિકને અનુસરતાજ નથી અને તેમની લીલામાં લોકને અનુસરવાની જયાં ભ્રાંન્તિ થાય ત્યાં એમજ સમજવું કે એ વિલ્ક્ષણ રસથી યુકત સ્વરૂપજ તેવું છે, અને પોતાની રસમયતા જણાવવા પ્રકટ થાય છે, નહીં કે લોકનું અનુકરણ કરવા માટે, એ સિદ્ધાન્ત લક્ષમાં રાખવો.

## પુનઃ સંશય

ભગવાન્ સર્વરસાત્મક છે, તેવાં તેવાં રસમય સ્વરૂપો જણાવવા માટે તેવી તેવી રસમય લીલાઓ કરે છે, એ બધું સુયોગ્ય છે અને માન્યજ છે, પણ એવી ક્રીયાઓ ભગવાનમાં છે, એમ માનતાં ભગવાનમાં લૌકિક કામ રહેવાનો નિશ્ચય કરવો પડશે, કેમ કે તેવી નૃત્યબંધાદિ ક્રિયાઓ લોકમાં તો જયાં કામ હોય છે

---

૧. જેમ કોઈ શરીરમાં પ્રેત પેઠેલો હોય અને તે શરીરમાં જેવી વિચિત્ર ક્રિયાઓ જોવામાં આવે છે. તેમ, કામનો પ્રવેશ થવા પછી શરીરનાં ચિહ્નો બદલાઈ જાય છે, અને નવી નવી ક્રિયાઓ ઉત્પન્ન થાય છે. ૨. विनानुवादं न च तन्मनीषित એ શ્લોકમાં.

ત્યાં જ અનુભવાય છે. કામ વિના તેવી ક્રિયાઓનો સંભવજ નથી. તેવી ક્રિયાઓ પ્રભુમાં માનતાં તેવો કામ પણ પ્રભુમાં છે એમ માનો, અને તે માનતા પૂર્વે કહેલા દોષો ફરીને તૈયાર થઈને ઉભા જ રહેશે.

### સમાધાન

ઉપરના સંશયનું સમાધાન પૂર્વ કારિકામાંજ શ્રીમહાપ્રભુજીએ કહેલું છે. આપ આજ્ઞા કરે છે. 'પરંતુ કામ નથી.' લોકમાં જણાતી નૃત્યાદિક ક્રિયા ભલે હો, તો પણ દોષ નથી, કેમ કે તે ક્રિયાઓ ઉત્પન્ન થતી નથી, લોકમાં કામને લઈ ને તે ક્રિયાઓ ઉત્પન્ન થાય છે. પહેલાં શરીરમાં કામ પ્રવેશ કરે ત્યાર પછી તે શરીરમાં તેવી ચેષ્ટાઓ ૧ જણાય. તેવી રીતે પ્રભુમાં ક્રિયા ઉત્પન્નજ થતી નથી. પહેલાં જણાવ્યું છે કે ભગવાન્ તો આનંદરૂપ છે, ભગવાન્ જુદા અને તેમનો દેહ જુદો એવી લોકવત્ વ્યવસ્થા ત્યાં નથી. એ રસેશ પ્રભુનું શ્રીઅંગજ આનંદમય છે, ત્યાં આનંદ સિવાય અન્ય છેજ નહિ. તો પછી ત્યા કામનો પ્રવેશ ક્યાંથી થવાનો ? અને તેવી ક્રિયાઓ જન્મવાની ક્યાંથી ? ૨ અન્યત્ર એવોજ સિદ્ધાન્ત પ્રકટ કરવામાં આવ્યો છે કે ભકતની ભાવના પ્રમાણે પ્રભુ સ્વરૂપ પ્રકટ કરે છે. ભકતના હૃદયમાં જે રસાત્મક સ્વરૂપની ભાવના થઈ રહેલી છે, તેવાજ સ્વરૂપે પ્રભુ પ્રકટ થાય છે. વેદવ્યાસે પણ એમજ કહ્યું છે. જેમ સમુદ્ર અંદર અને બહાર સૈંધવ-લુણથી પરિપૂર્ણ છે તેમ પ્રભુ આનંદથી પૂર્ણ છે. એમના શ્રીહસ્તેન્દ્રિયાદિ સ્વરૂપથી જુદાં નથી, પણ સ્વરુપાત્મક આનંદમય છે. વેદ વગેરે એમના નિશ્વાસ હોવાથી તે નિઃશ્વાસરૂપ ક્રિયાઓ પણ તેજ સ્વરૂપમાંથી થાય છે. સર્વાકારરૂપ પ્રભુ હોવાથી ઈંદ્રિયાદિકલ્પનાથી શ્રુતીનો વિરોધ આવતોજ નથી,' આવો સિદ્ધાંત વેદવ્યાસજીએ કહ્યો છે.

### પુનઃ સંશયોત્પત્તિ

ભગવાનની ક્રિયાઓ અજન્ય છે, એનું કારણ શું ? લોકમાં જીવની ક્રિયા તો ઉત્પન્ન થતી જોવામાં આવે છે. ભગવાનને પણ શરીર હોવાથી તેમની ક્રિયા ઉત્પન્ન થતી નથી, નવી નથી ઉદ્ભવતી એ શું ?

### સમાધાન

એ સંશય ઉત્પન્ન થતાં તેનું ઉત્તર શ્રીમહાપ્રભુ આપે છે. 'પરંતુ કામ નથી' લોકમાં તેવી ક્રિયાઓનું કારણરૂપ કામ છે, અહિં તેવો કામજ નથી. તેવો કામ હોય અને જો ક્રિયા ઉત્પન્ન થાય તો તે ક્રિયા ઉત્પન્ન થયેલી ગણાય. પણ મૂલમાં તેવો કામજ નથી, તો પછી તેવી ક્રિયા ઉત્પન્નથયેલી કેમ ગણાય ? ભગવાનમાં કામ નથી, પરંતુ પ્રભુજ કામ રૂપ છે. કેમ કે 'પ્રભુ સાક્ષાત મન્મથમન્મથ છે' એમ શ્રી શુક દેવજી કહે છે. કામને

પણ પરાસ્ત કરનાર કોટિકંદર્પલાવણ્ય પ્રભુ છે. ત્યારે એમજ નિશ્ચય કરવો કે જેમ જીવના દેહમાં કામ પેસે છે, તેમ ભગવાનના દેહમાં કામ નથી, પરંતુ ભગવ ત્સ્વરૂપજ કામ છે. એમ તો સારી પેઠે કહી શકાય. જીવ જુદો તેનો દેહ જુદો અને તેમા પેસનાર કામ પણ ભિન્ન એટલે તેમાં ક્રિયાં ઉત્પન્ન થવામાં કામ કારણ થઈ પડે, પણ ભગવાન જુદા નહી, ભગવાનનું શરીર પણ ભગવાનથી ભિન્ન નહિ અને કામ પણ પૃથક ન હોઈને ભગવત્સ્વરૂપ જ ઠર્યો, તો હવે ત્યાંકામે તેવી ક્રીયાઓ ઉત્પન્ન કરી કેમ મનાય ? તેમજ ભગવાનને કામી. કામવાન્ કહેવાય ? એથીજ સર્વ અભેદમય હોવાથી, ભેદનો લેશ પણ ન રહેવાથી ક્રિયાઓ પણ બધી અજન્ય છે, નિત્ય છે અલૌકિક છે, વધારે તો શું પણ ભગવદરૂપ છે, એમ સિદ્ધ થયું, તેમજ એવી અનેક પ્રકારની લીલા કરવામાં પણ પ્રભુની નિષ્કામતા અને દિવ્યતા તેવીજ અખંડ પ્રકાશે છે.

ભગવાનમાં તેવો તુચ્છ કામ નહિ હોવાથીજ લૌકિક કામની પેઠે ભગવાનને કોઈની અપેક્ષા પણ નથી, પરંતુ ઉલટું માન છે. લૌકિક કામી સ્ત્રીઓ માટે તલપે છે, જયારે પ્રભુઅલૌકિક કામસ્વરૂપ છતાં રાત્રિના સમયમાં, વનમાં મનોહર શરદઋતુમાં પોતાની પાસે આવેલાં વ્રજસુંદરીઓને ઘેર જ જવાનો ઉપદેશ કરે છે ! અને તેમની થોડી પણ અપેક્ષા દેખાડયા વિના પોતે માનીલીલામાંજ બિરાજે છે !!

ગીત ગોવિંદમાં કહ્યા પ્રમાણે લૌકિક રાત્રિમાં-રમણ કરતાં પ્રભુએ જે અપેક્ષા બતાવેલી છે. તે રસસ્વરૂપ તેવું કાંઈક વિલક્ષણ છે. જેમ કે ગીતગોવિંદના કર્તા જયદેવજી તે સ્વરૂપ કહે છે. -

विकिरति मुहुः श्वासानाशा : पुरो मुहुरीक्षते । प्रविशती मुहुः कुग्झं गुञ्जन्महुर्वहु ताम्यति ।।
रचयति मुहुः शय्यां पर्याकुलं मुहुरोक्षते । मदनकदनकलान्त : कान्ते प्रियस्तव वर्तते ।। क

गीतगोविन्द स । ५

'લૌકિક લૌકિક' એમ કહેવામાં આવે છે. પરંતુ તેનો ભાવાર્થ શો લેવાનો છે એ કોઈ જાણતું નથી. લૌકિક એટલે લોકમાં કહેવાતું હોય તે; નહિ કે લોકમાં જે સિદ્ધ છે તે લૌકિક છે. લોકમાં જ સિદ્ધ હોય તે તો પ્રભુમાં હોયજ નહિ. પરંતુ લોકમાં જે કાંઈ કહેવાતું હોય અને તેથી લૌકિક ઠરી ગયેલું હોય તેવું લૌકિક પ્રભુમાં હોઈ શકે. જેમ કે રસમાત્ર લૌકિક કહેવાય છે. પણ તે લોકમાં સિદ્ધ નથી, કેમકે લોકમાં રસજ નથી. લોકમાં રસ સિદ્ધ હોય તો તે પ્રભુમાં ગણાય નહિ. જેમ લોકમાં શરીર પંચમહાભૂતનુ સિદ્ધ છે.પણ તે પ્રભુમાં મનાય નહિ. પણ આનંદનું શરીર લોકવેદમાં કહેવાય છે, પણ લોકમાં નથી, તો તેવો દેહ પ્રભુમાં મનાય છે. લોકમાં રસ નથી, પણ કહેવાય તો છે- તો એ રસ માત્ર પ્રભુમાં હોય તે સ્વરૂપ હોયજ એમાં આશ્ચર્ય શું ? વ્રજમંડન વદે છે કે -

रेमे तया चात्मरत आत्मारामोऽप्यखण्डितः । कामिनां दर्शयन् दैन्य स्त्रीणां चैव दुरात्मताम् । ।
[फलप्रकरण]

**અક્ષરાર્થ** :- ‘આત્મરમણ કરનાર, અખંડિત, આત્મારામ એવા ભગવાન, કામીઓની દીનતા અને સ્ત્રીઓનું દુરાત્માપણું દર્શાવતા ભગવાન, તેની સાથે અને અન્તઃ પ્રવિષ્ટાઓની સાથે રમ્યા હતા.’ આ શ્લોકની કારિકામાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે -

## લોક જ પ્રભુની લીલાનું અનુકરણ કરે છે.

અર્થાત લૌકિક કામીઓ દીન છે, ગરીબડા છે. એમની દશા દયાજનક છે. કેમ કે કાલિદાસ કહે છે- ‘કામાર્ત’ પ્રકૃતિએ કૃપણ હોય છે. ‘પ્રભુ એટલા માટે જ એનું અનુકરણ કરે છે અને નિરોધ કરે છે. સ્ત્રીઓની પણ તેવીજ દુષ્ટતા બતાવે છે, આ ઉપરથી એટલોજ સાર લેવાનો કે જે કાંઈ લોકમાં રસ કહેવાય છે. તે લોકમાં સિદ્ધ નથી માત્ર રસનો આભાસ દેખાય છે, એટલુંજ રસથી પરિપૂર્ણ તો માત્ર સદાનંદ પ્રભુજ છે, છતાં લોકમાં રસનુ અભિમાન રહેતું હોય તો આટલા પુરતુંજ છે. જેમ સાધારણ બાલકો અંદર અંદર રમતી વેળાએ કોઈ રાજા બને છે,. કોઈ પ્રધાન બને છે, કોઈ સિપાઈનો વેશ ભજવે છે. તેમાં રાજા બનેલો પોતે રાજા હોવાનો ફાંકો રાખે છે અને રાજલીલાનું અનુકરણ - હુકમ કરવા વગેરે - કરે છે. તેમજ લોકો પણ તે ત્રિલોકના નાયક રસેશ પ્રભુની રસમય લીલાનું અનુકરણ કરીને પોતાને રસમાં ડૂબાડૂબ થયાનું માન બેસે છે ! પરંતુ તેમનું તે માનવું બાલકોના દ્રષ્ટાંતની પેઠે ઉપહાસપાત્ર તેમજ એકદષ્ટિએ દયાજનક છે, સર્વ જગત્ તે રસાત્મક મન્મથમન્મથ નંદનંદનની લીલાનું અનુકરણ કરે છે. પ્રભુ કાંઈ લૌકિક ક્રિયાનું અનુકરણ કરતા નથી. પરંતુ રસમય લીલા કરીને લૌકિક કામીઓની દીનતા તેમ તેવી સ્ત્રીઓની દુષ્ટતા જ જણાવે છે, અને તેઓની તેમાંથી આસકિત ઉઠી જાય, તેમજ તેમનું સરસપણાનું અભિમાન કમી થાય માટે જ રસમય સ્વરૂપ પ્રકટ કરે છે, એ જ સિદ્ધાંતનો શિરોમણીરૂપ મહાસિદ્ધાંત છે.

### સંશયોત્થાપન

ભગવાનમાં કામ નથી, એ તો સિદ્ધાંત દ્રઢ થયો. પરંતુ ભકતતોમાં તો કામ હોવાથી ભકતો તો સકામ અને પ્રાકૃત જ રહેવાના. તે માટે કોઈપણ ઉપાય ચાલી શકે તેમ નથી. ભકતોની સકામતા અને પ્રાકૃતતા માટે કાંઈપણ બચાવ થઈ શકે તેમ નથી.. ભકતો સકામ અને લૌકિક રહેશે તો ભગવલ્લીલા પણ સકામ અને લૌકિક થઈ જવાની, કેમ કે તેવા ભકતો સાથે લીલા મુખ્ય સંબંધ ધરાવે છે.

### સંશયનિરાશ

આ શંકાનો પરિહાર શ્રીવૈશ્વાનરાચાર્ય એ જ શ્લોકમાં કરે છે. તે

વ્રજસુંદરીઓનો કામ પણ ભગવત્સ્વરૂપાતત્મક જ છે. સ્વામિનિઓનો કામ લૌકિક નથી. વ્રજભકતોના કામન પૂર્તિ નિષ્કામથી કરી છે. કામના આધાર વિનાના સર્વાત્મભાવથી કરી છે, પોતાનો સર્વભાવ પ્રભુમાં જ થાય તે સર્વાત્મભાવ કહેવાય એ સર્વાત્મભાવમાં કામ નથી રહેતો. તેવા કામથી રહિત સર્વાત્મભાવ વડે કામની પૂર્તિ થઈ ગયેલી છે, તાત્પર્ય કે જેમ કાષ્ઠાદિની પ્રતિમામાં મૂર્તિમાં-ભગવત્સ્વરૂપની સ્થિતિ થવાથી મૂર્તિ ભગવત્સ્વરૂપ થઈ જાય છે, તેમ સ્વરૂપાત્મક કામ, સાક્ષાત્ પ્રભુરૂપ કામ તે વ્રજભકતોમાં રહેલો હોવાથી વ્રજસીમન્તિની પણ ભગવદ્રૂપ થઈ ગયેલાં સમજવાં. એથીજ સ્વામિનીઓ પણ રસનાયકની પેઠે અલૌકિક દેહવાલાં તથા નિષ્કામ થઇ ગયેલા હોવાથી તેમની સાથે રમવાથી લેશ પણ દોષ લીલામાં અને સ્વરૂપમાં આવતો નથી. તેમ જ લીલાની દિવ્યતા અખંડ સચવાઈ રહે છે, માટે સ્વરૂપમાં અને લીલામાં પ્રાકૃતતાની શંકા લાવવી નહિ. એમાં બીજા પણ અનેક કારણો છે, વ્રજભકતો જ્યારે વેણુનાદથી આકર્ષાઇને પ્રભુની સન્નિધિમાં આવ્યાં ત્યારે પહેલાં તો પ્રભુએ તેમને ચાતુરીથી ભરેલાં વચનો વડે ગુંચવાડામાં નાખ્યા પણ એમને લૌકિક કામનો ગંધ સ્વપ્ને પણ નહિ હોવાથી ભકિતબલ ઉપર આધાર રાખી તેઓ પ્રભુને પ્રત્યુત્તર આપે છે. શ્લોક ૩૧માં પોતાના હૃદયનો સર્વ ભાવ પ્રકટ કરે છે.

તાત્પર્ય - ★''હે વિભો ! આવું ક્રૂર ભાષણ આપને યોગ્ય નથી. આપ સમર્થ છો. તેથી જ આવું ક્રુર બોલો છો, દયાલુ હોત તો આવું નિષ્ઠુર ભાષણ કરત નહી. આપ પુછો છો કે 'વ્રજ કુશલ તો છે' ? પણ તેની સાથે અમારો સંબંધ શો ? વ્રજ કુશલ હોય વા ન હોય, તે જાણવાની અમારે જરૂર શી છે ? અમે તો સર્વ વિષયનો ત્યાગ કરીને આપની પાસે આવેલાં છીએ, હવે જે માર્ગે જવાનું છોડી દીધું, જે દિશા ભણી જોવાનું જ આકરૂ થઈ પડ્યું. ત્યાં આપ પાછાં મોકલો એ શું યોગ્ય છે ? જે વિષયો ઉપર પુળો મુક્યો તેનો સ્વીકાર શું ઉચિત છે. અમે આપને જાર માનીને પણ નથી આવ્યા. એકાદશ ઈન્દ્રિયોના વિષયોનો વાસનારૂપ બીજ સાથે-ત્યાગ કર્યો છે. જો તેમ ન કર્યું હોત તો આપના

---

★ કામની સૂગવાલા વિચારકો જો આ શ્લોકનું પૂરેપૂરૂ રહસ્ય સમજતા હોય તો તેમને કદી ખાડામાં પડવાની ધાસ્તી રહેતી નથી, પણ વિચારના વમળમાં વળખાં મારતાં મારતાં શ્રીગુસાંઈજીનાંજ શબ્દોમાં કહું તો નેત્ર વિનાના થઈને બહિર્મુખતા અસત્સંગ નામના મોટા ખાડામાં પડી જાય છે; અને તેનું અંતઃકરણ પરવશ બનીને પરકીય સુજને ઉપદેશેલું પણ તેના સ્મરણમાં રહેતું નથી, એટલે તેમને ખાડામાંથી બહાર ખેંચી કાઢનાર કોઈ મલતું નથી. [શાસ્ત્રી વસન્તરામ.]

ચરણાવિંદને પ્રાપ્ત કેમ કરી શકત ? સર્વ વિષયો લૌકિક વિષયો-જ્યારે છૂટે છે ત્યારેજ આપના ચરણમૂલની પ્રાપ્તિ થાય છે. તે પ્રાપ્તિ અમને થઈ છે. તેથી વિષયોની વાસના હવે અમારા હૃદયમાં નથી એમ અમે માનીએ છીએ, આપે અમને પુછ્યુ કે અહીં આવવાનું કારણ જણાવો. તો અમે જણાવીએ છીએ કે 'તમે અમને ભજો,' નથી ભજતા એ આપનો એક પ્રકારનો દુરાગ્રહ છે. જીવોને બધું કરવું ગમે છે પણ ભગવદ્ ભજન કરવું નથી ગમતું તેમ આપને પણ થયું છે કે શું? જેમ ભગદવદભજન ન કરવાનો આગ્રહ જીવોમાં મહાદોષરૂપી ગણાય છે, તેમ આપ પણ અમને નહિ ભજો તો તેવું જ ગણાશે. અમે આપને ભજતા નથી તો આપ પણ અમને છોડો નહિ. જેમ આદિ પુરુષ દેવ સર્વને ભદે છે તેમ આપ અમને ભજો. દેવનું ભજન કાંઈ વ્યભિચારજનક ન જ કહેવાય. જેમ મુમુક્ષુઓને ભગવાન ભજે છે પોતાના તરીકે તેનો અંગીકાર કરે છે, સ્વાનંદનું દાન કરે છે. તેમ અમારૂ ભજન આપે કરવું જ જોઈએ.'

ઉપરનાં શ્રીવ્રજાંગનાઓનાં વાક્યો વાંચ્યા પછી કામની સુગ જણાય છે ખરી ? સાધારણ વિચાર કરો કે જે કામિની હોય તે આવા વચનો બોલે ? લૌકિક અનુભવ તમને શો પાઠ શીખવે છે ? કામના અનિવાર્ય તાપથી તપેલી સ્ત્રીઓ આવાં જ્ઞાની ભકતોના પણ હૃદયમાં નહિં ઉદ્ભવતા ઉત્તમોત્તમ રસથી છલકાતા ભાવો પ્રકટ કરવા શકિતમતી બને એમ માનવા હૃદય તત્પર બને છે. ? સર્વથા નહિ. એવો આંતર ધ્વનિ થાય છે. જેવી ભાવનાભકતોનીછે, તેવી જ પ્રભુની છે. જેમ વ્રજભકતોમાં કામનો અંશ પણ નથી, તેમજ પ્રભુમાં પણ નથી, તે જ પ્રભુની નિરપેક્ષતા સિદ્ધ કરી આપે છે.

ફલપ્રકરણના દ્વિતિય અધ્યાયમાં ભગવાન્‌ની જે સાપેક્ષતા બતાવાઈ છે તે તો ભિન્ન જ છે. સર્વ ભકતોને સૌભાગ્યમદ પ્રાપ્ત થતાં પ્રભુ તિરોહિત થયા અને તે મદથી રહિત એવાં મુખ્ય શ્રીસ્વામિનીજીને સાથે લઈ ગયા અને તેમણે જે કહ્યું તે પ્રમાણે થોડે સુધી કર્યુ પણ ખરૂં, એ બધી અપેક્ષા ઓર જ ભાવનું સૂચન કરે છે. તે વખતે જેમ ભગવાનમાં અપેક્ષા છે, તેમ સ્વામિનીભાવમાં વિરહરસનું પ્રાકટ્ય થયા પછી તેવી સાપેક્ષતા પ્રકટે, તેમ થવામાં તે ધર્મના આવિર્ભાવરૂપ ભગવાનની અપેક્ષતા છે.

## ઉત્થાનિકા

ભગવાનના અપ્રાકૃતદેહના તો અનેક પ્રમાણો મલે છે, તેમ તે વ્રજાંગનાઓનાં અપ્રાકૃત શરીર અને અલૌકિક કામમાં પ્રમાણ શું ? તેમાં કાંઈ પ્રમાણ હોય તો તેમ માનવું સંશય ભરેલું ન ગણાય, પરંતુ પ્રમાણ વિના તો નિરાધાર ગણાઈને વિશ્વાસપાત્ર ગણાશે નહિ. વલી ભગવાન પરમકૃપાલુ છે,

कर्तुमकर्तुं अन्यथाकर्तु સમર્થ છે, તો ભકતોના પ્રાકૃત દેહ, જેવો પ્રાકૃત દેહ અને લૌકિકનો કામનો સ્વીકાર કરીને પણ ભકતોના લૌકિક કામને કેમ ન પૂરે ? પ્રભુ સર્વ કાર્ય કરવાને સમર્થ છે.

આ શંકાનું નિવારણ કરવા માટે શ્રીમહાપ્રભુ અન્ય કારિકા યોજે છે. -

श्रीकारिका - कामेन पूरितः कामः संसारं जनयेत् स्फुटम् ।। कामाभावेन पूर्णस्तु निष्कामः स्थान्न संशयः ।।२।।

**तात्पर्य** - પ્રાકૃત દેહના આધારથી રહેનાર, ભગવત્સ્વરૂપથી ભિન્ન એવા કામથી જો પ્રાકૃત કામ પૂર્ણ કરવામાં આવે, સ્વભિન્ન એવા લૌકિક કામનો આશ્રયકરે અને તે જ કામથી ભકતોના લૌકિક કામને પૂરે તો તેમ કરવાથી જેમ લોકમાં પરિણામ આવે છે, તેમ અહિં પણ આવે. લોકનું અનુસરણ પ્રભુ કરે તો સંસાર જ ઉદ્ભવે. પુત્રપૌત્રાદિ સંપત્તિ ગળે વળગે, અને તેથી વિશેષ અહંતામમતાત્મક સંસાર જ જન્મ પામે. તે સંસારનો અભાવ તો ન જ રહે. સંસાર વધારે વળગે તો ભયંકર હાનિ થાય. વળી કહ્યું છે કે -

★ न जातु कामः कामानामुपभोगेन शाम्यति । हविपा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ।।

**અર્થ** : જેમ ઘી હોમવાથી અગ્નિ વધતો જ જાય છે, તેમ કામના ઉપભોગથી કામ કદી શાંત થતો નથી જ, બલ્કે વધારે વધે છે.

હવે સમજાશે કે જો પ્રભુને પણ પ્રાકૃત દેહ અને પ્રાકૃત કામ હોત તો અને ભકતોને પણ તેમજ હોત તો પુત્રપૌત્રાદિક સંસાર જ ઉત્પન્ન થાત. તેવું થયેલું કોઈપણ ઠેકાણે શ્રીભાગવતમાં કે અન્ય પુરાણોમાં વર્ણવ્યું નથી, માટે જ ભકતોને કામ અને ભગવાનનો કામ લોકથી વિલક્ષણ છે, એમ સિદ્ધ થયા વિના રહેતું નથી.

ભગવાને આસન્ન ભકતોનો કામ પ્રાકૃત કામથી નથી પૂર્યો, પરંતુ કામના અભાવથી તે કામ પૂર્યો છે. કામનો જેમાં અભાવ છે, એવું જે આપનું મન્મથમન્મથ સ્વરૂપ તત્સ્વરૂપ કામ પૂર્યો છે, તેમ થવાથી કદાચિત્ ભકતોમાં લૌકિક કામ હોય તોપણ તે ભગવત્સ્વરૂપ થઈ જાય. અત્રે સૂક્ષ્મતાથી જોતાં જણાશે કે તેવા સ્વરૂપાત્મક કામવાન સાથે જેમ જેમ ભગવાને વિશેષ લીલાઓ કરી છે, તેમ તેમ અત્યંત નિરપેક્ષતા જ દ્દષ્ટિગોચર થાય છે, વધારે તો શું પણ ભગવાનની આગળ પણ નિરપેક્ષ જ થઈ ગયાં. માત્ર સ્વતંત્ર ભકિતવાળાં થયાં. જો તેમનો કામ લૌકિક જ હોય તો એવી રીતે તેઓ નિરપેક્ષ થાય જ નહિ, માટે સ્વરૂપાત્મક કામ જ વ્રજસુંદરીઓમાં છે, અને તે ભગવત્સ્વરૂપ હોવાથી તેમનો દેહ પંચમહાભૂતનો નથી પણ ભગવદ્રૂપ છે, દિવ્ય છે એ સિદ્ધ થયું.

---

(★ કવિ તુલસીદાસ પણ કહે છે કે - અબ નાથહી અનુરાગ જાગ, જડ ત્યાગ દુરાશા જીતે, બુઝે ન કામ અગ્નિ તુલસી કયહોં, બિષય ભાગ બહુ ધૃત તે.,)

ઉપર પ્રમાણે તો ભગવાન્ પણ નિષ્કામ સિદ્ધ થયા. બન્ને નિષ્કામ થાય તો રસનો આવિર્ભાવ પણ ન થવો જોઈએ. રસશાસ્ત્રની મર્યાદા પણ તુટી જવાની, કેમકે કામ વિના રસની ઉત્પત્તિ કોઈપણ શાસ્ત્રમાં વર્ણવી જ નથી. કામના આધાર સ્ત્રીપુરુષમાં જ રસપ્રાકટ્ય સિદ્ધ છે.

આ શંકાનું નિવારણ તૃતિય કારિકામાં શ્રીવલ્લભાગ્નિ કરે છે -

अतो न कापि मर्यादा भग्ना मोक्षफलापि च । अत एतच्छुतौ लोको निष्कामः सर्वथा भवेत् ।।

**તાત્પર્ય** : રસશાસ્ત્રની મર્યાદા ભગ્ન થતી નથી. ભગવાન્ અને ભકત લૌકિક કામથી રહિત છે, લૌકિક કામનું ફલ સંસાર છે અને અહિં તો ફલ મોક્ષરૂપ છે, છતાં પણ રસશાસ્ત્રની મર્યાદા અખંડિત રહે છે, અને રસની ઉત્પત્તિ પણ અવિરિત થાય છે, અને ભગવાનની રસમયતા-રસાત્મકતા-પ્રત્યક્ષ કરી શકાય છે. એમાં મૂલ કારણ એ છે કે લોકની પેઠે અહિં કામ જુદો નથી, એ તો પહેલા વારંવાર પ્રતિપાદન કરેલું જ છે, માટે કામ ભિન્ન નથી, પણ ભગવાન્ જ કામ છે. પ્રભુ પોતાનું જ સ્વરૂપ કામાત્મક અને અત્યંત સુંદર દેહરૂપ પ્રકટ કરીને ભકતોમાં તે સ્નેહરૂપને સ્થાપીને, તેમાં પોતાનો અનુગ્રહ સ્થાપે છે, તેના પ્રવેશથી ભકતોમાં અલૌકિક સ્ત્રી ભાવ પ્રાપ્ત થાય છે, તેનું-તે પરમફલાત્મક સ્ત્રીભાવનું દાન પણ તે રાસનાયક પ્રભુ જ કરે છે. એ પ્રમાણે સ્ત્રીભાવનું દાન કરીને, ભકતો-શ્રીવ્રજસુંદરીઓને સ્વસ્વરૂપ કરીને તેની સાથે રમે છે. માટે રસની પણ ઉત્પત્તિ, રસનિ:સ્યંદિનીનો સુંદર પ્રવાહ, અવિચ્છિન્ન ચાલુ રહે છે, અને રસશાસ્ત્રની કોઈપણ મર્યાદા ભગ્ન થતી નથી. પુત્રપૌત્રાદિક સંસારરૂપ ફલ નહિ છતાં મોક્ષરૂપ જ ફલ પરિણામ છે, એ પણ વિલક્ષણતા સ્મૃતિમાં રાખવી.

## આ કામલીલા નથી, પણ સ્વરૂપાનંદદાનલીલા છે.

આ લીલા લોકના શબ્દોમાં કામલીલા કહેવાય છે, પરંતુ વસ્તુતઃ કામલીલા નથી. પ્રભુ ભકતોને સ્વરૂપાનંદનું દાન કરે છે, માટે તેનું મુખ્ય નામ સ્વરૂપાનંદ-દાનલીલા છે એમ નિર્ધારવું, એજ કારણથી આ લીલાના શ્રવણથી વેદાંતના શ્રવણની પેઠે સાધારણ લોક પણ સર્વ પ્રકારે નિષ્કામ જ થાય છે.

સંશય ઉઠે છે કે જે લોકો ઉપર પ્રમાણે આ લીલાની દિવ્યતા સમજી શકતા ન હોય તે લોકોને તો કાવ્યો-શૃંગારના કાવ્યો-સાંભળ્યાથી જેમ કામનો ઉદ્‌બોધ થાય, લૌકિક કામ જાગે, તેમ આ લીલાના શ્રવણથી પણ તેજ પરિણામ આવે. આ સંશયનો પરિહાર અંતિમ શ્લોકમાં શ્રીમહાપ્રભુ કરે છે. -

---

૧. આ સ્ત્રીભાવ स्तनकेशवती स्त्री स्यात् એવો સ્ત્રીભાવ નથી, માટે પુરુષરૂપ જણાતા પરમ મહાનુભાવીઓને પણ તેવો અલૌકિક સ્ત્રીભાવ પ્રાપ્ત થયો છે, આ વાત અનુભવથી જ ગમ્ય છે વાગતીત છે, પુરુષ તે ત્રિયભાવ ઉપજ્યો એમ શ્રીસૂર કહે છે

'भगवच्चरितं सर्व यतो निष्काममीर्यते । अतः कामस्य नोद्‌बोधः ततः शुकवचः स्फुटम् ।

તાત્પર્ય : પરમાકાષ્ઠાપન્ન ભગવાનનું સર્વ ચરિત્ર નિષ્કામ જ હોય છે. તે ચરિત અન્યનું હોય તો સકામ કહેવાય, પરંતુ તે અખિલ બ્રહ્માંડના નિયંતાનું છે, માટે જ નિષ્કામ કહેવાય છે. ભગવાન તો આપ્તકામ છે, લૌકિક કામ નથી, એમ પહેલાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે જ, તો તેમના ચરિત્રમાં કામ ક્યાંથી આવવાનો ? ભગવાન્ તો પરમકાષ્ઠાપન્ન પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ છે, તે કાંઈ પ્રાકૃત દેહ પણ ધરતા નથી, નથી સ્વીકારતા કામને અને તેની ચેષ્ટાઓને. કેમકે જ્ઞાની પુરુષો પણ લૌકિક દેહને અને કામની ચેષ્ટાઓને ત્યજે છે તો ભગવાન્ તેને સ્વીકારે એ તો કેમ જ મનાય ? એથી ભગવાનનું ચરિત્ર તો કામના લેશ પણ સ્પર્શથી રહિત હોવું જોઈએ. એમ સાધારણ માણસો પણ જો વિચાર કરે તો તે સમજી શકે એમ છે. હવે તો આ ચરિત્રના શ્રવણથી કામનો ઉદ્‌બોધ થવાનો સંભવ જ કયાં છે ? પરંતુ તેના શ્રવણથી તો ભગવાનની દિવ્યતા અને નિષ્કામતાનું ભાન થાય છે, એટલા માટે જ શુકદેવજી જેવા જીવનમુકત જ્ઞાની પુરુષ પણ જ્ઞાનમાં રહેલી પોતાની નિષ્ઠા ત્યજીને ભગવાનની આ રસાત્મક દિવ્ય લીલાનું વર્ણન કરવા તત્પર થયા અને છેવટે એમ જ ઉપદેશે છે કે-

વ્રજવધૂગણ સાથે ભગવાને કરેલું વિશેષ ક્રીડારૂપ ચરિત્ર જે ભકત શ્રદ્ધાયુકત થઈને સારી પેઠે વર્ણન કરાતું હોય તો તે સાંભળે, અથવા તો તેને પોતે જ વર્ણવે તો ભકિત પ્રાપ્ત કરે. આમાં વર્ણાદિનો પણ નિયમ નથી. બ્રાહ્મણ ક્ષત્રિય ગમે તે હો. તે ભગવાનમાં ભકિત, તે પણ ઉત્કૃષ્ટ ભકિત પ્રાપ્ત કરે છે. મહાભકિત હૃદયમાં થયા પછી હૃદયનો ભયંકર વ્યાધિ, જીગરનું દર્દ, એવો જે કામ, તેને તત્કાલ દૂર કરે છે, જે કામ પહેલા હૃદયમાં પેસીને વારંવાર અડચણો નાખતો, ઉત્તમ વસ્તુનો તત્કાલ બાધ કરતો, તેને તે ભકિત ત્યાંથી દૂર કરે છે, તે માત્ર આ ચરિત્રનાં શ્રવણથી જ. ત્યારપછી પહેલાંની વાસના વડે કોઈ વેળાએ જો કામ ઉત્પન્ન થાય તો તેને દબાવવાને શકિતમાન્ થાય છે. થોડી જ વારમાં તેને દબાવી શકે છે. માટે આ ચારિત્ર અભિપ્રાય સાથે સાંભળવું. તેના ઉંડા રહસ્યની સાથે તે સાંભળવું. શ્રીશુકદેવજીના રાસપંચાધ્યાયીનાં આ છેલ્લા વચનથી સ્પષ્ટ થાય છે કે ભગવચ્ચચિત્ર સાંભળવાથી તેનો અભિપ્રાય જાણવાથી કામનો ઉદ્‌બોધ થવો તો દૂર રહ્યો, પરંતુ હૃદયને કોરી ખાનાર એ જહરી કીડો, મહાભયંકર રોગરૂપ દૂર થઈ જાય છે, કોઈપણ વખતે ત્યાં સ્થાન મેળવી શકતો નથી.

આ પ્રમાણે પ્રકીર્ણ લેખની-સમાપ્તિ વેળાએ શ્રી હરિરાયચરણ આજ્ઞા કરે છે કે

श्रीमदचार्यदासेन हरिदासेन रूपितः।। अर्थः स्वाचार्यवाक्यानां स एवैषः प्रसीदतु।

અર્થ - શ્રીવલ્લભાધીશ્વરના દાસ શ્રીહરિદાસે નિરૂપણ કરેલો શ્રીમદાચાર્યના વાક્યોનો આ અર્થ જ પ્રસન્ન થાઓ. (અનુવાદક વે. શા. સં. શાસ્ત્રી વસંતરામ)

(સાર) ઉપરના વિવેચનથી એટલું સિદ્ધ થાય છે કે ભગવાને જે લીલા કરી તેમાં કામનો બિલકુલ સંબંધ નથી, તેમાં નીચેના મુદ્દાઓ ઉપર વિચાર કર્યો છે.

(૧) આ લીલા કરનાર ભગવાન વસ્તુતઃ અજન્મા, તથા અપ્રાકૃતદેહધારી છે. કેવલ આનંદસ્વરૂપમય છે. કૃષ્ણ નામનો અર્થ પણ સદાનંદ એમ થાય છે, તે રસસ્વરૂપ જ છે. તેથી તેમનામાં કામ નથી.

(૨) ગોપીજનોમાં પણ કામ સંભવતો નથી, કારણકે તે ભકતો છે. તેમણે સંસારના વિષયોનો ત્યાગ કર્યો છે. લૌકિક પતિપુત્રાદિનો ત્યાગ કરીને અલૌકિક સ્વરૂપને પ્રાપ્ત કરીને પ્રભુ પાસે આવ્યા છે.

(૩) રસાત્મક ભગવાનની ક્રિયા પણ રસાત્મક છે. એમાં સહેજ પણ અન્ય ક્રિયાની વિકૃતિ નથી.

(૪) ભગવાનની લીલા તે નિર્ગુણ રસસ્વરૂપના આર્વિભાવ માટે છે.

(૫) ભગવાને લોકમાં પ્રસિદ્ધ કામથી લીલા કરી નથી. માત્ર સ્વરૂપાનંદ દાનલીલા જ કરી છે.

(૬) પ્રભુ સાક્ષાત્ મન્મથના પણ મન્મથ છે એટલે લૌકિક મન્મથ તેમને લલચાવી શકે નહિ.

(૭) જો ખરેખરી રીતે અહિંયા કામ ઉત્પન્ન કર્યો હોય તો પછી અહંતામમતાત્મક સંસાર તથા પુત્રપૌત્રની સંપત્તિ ઉત્પન્ન થાત પણ અહિંયા તેવું નથી. તેમને સંસારની તદ્દન નિરપેક્ષતા છે. ગોપીજનોમાં સ્વતંત્ર ભકિત સિદ્ધ થયેલી છે.

(૮) ભગવાન યોગેશ્વર છે. યોગીયોમાં પણ શ્રેષ્ઠ છે. યોગીઓ જેમ અણિમાદિ સિદ્ધિ યોગશકિતથી ઉત્પન્ન કરે છે તેમ રસસ્વરૂપનો આવિર્ભાવ કરવાને માટે તેને અનુકૂળ સર્વ ક્રિયાઓ પોતે પ્રકટ કરે છે, તેમાં કામનો પ્રવેશ નથી, રસસ્વરૂપ ભગવાનની ક્રિયાઓ પણ રસસ્વરૂપ જ હોઈ શકે.

(૯) જો ભગવત્કામને અલૌકિક અને ભકતોના કામને લૌકિક કહેવામાં આવે તો પછી તો વિજાતીય હોવાથી કામની પૂર્તિ સંભવતી નથી, માટે ભગવત્કામથી પૂર્તિ હોવાથી તે પણ નિષ્કામ બન્યા છે.

(૧૦) ભગવાન જો શુદ્ધ સ્વરૂપ હોય તો ભકતો પણ તે રસરૂપ અને તો જ લીલાનો આવિર્ભાવ થાય છે. માટે અહિંયા કામ બની શકે નહિ. ધારો કે ભકતોમાં લૌકિક

કામ છે. તો પણ જેમ કાષ્ઠમાં અગ્નિ પ્રવેશ કરે તો તે કાષ્ઠ બળીને ભસ્મ થાય છે, તેમ ભગવાનની નિષ્કામતા લૌકિક કામને બાળી દે છે.

(૧૧) ભગવાનનો કામ દગ્ધ પટ જેવો છે, બળેલું વસ્ત્ર એમ આપણે કહીએ પણ તેથી વસ્ત્રનો અભાવ જ સૂચવાય છે તેમ ભગવાનમાં કામ તે નિષ્કામ જ છે.

(૧૨) શુકદેવજી જેવા જ્ઞાની આ લીલાનું વર્ણન કરે છે, તે જ સૂચવે છે કે જેમ વેદાંતના શ્રવણથી મોક્ષ થાય છે. તેમ આ લીલાના શ્રવણથી મોક્ષ મળે છે. અર્થાત્ આ લીલા નિર્દોષ છે. આથી આની નિષ્કામતા સિદ્ધ થાય છે.

માટે સર્વ ભગવચ્ચરિત નિષ્કામ કહેવાય છે. આથી કામનો ઉદ્બોધ નથી. તેથી શુકનું વચન સ્ફુટ છે. આત્મારામના આત્માથી જ રમણની વ્યાવૃત્તિ કરવાને માટે અપિ શબ્દ મૂળમાં છે. રમણ કર્યુ એટલે બહુધા રમણ કર્યું. ઉત્તરોત્તર રસાધિક્યને પ્રકટ કર્યું.

આ રીતે સામાન્ય લીલા કહીને વિશેષ લીલા હવે કહે છે.

**ताभिः समेताभिरुदारचेष्टितः प्रियेक्षणोत्फुल्लमुखीभिरच्युतः ।**
**उदारहासद्विजकुन्ददीधितिर्व्यरोचतैणांक इवोडुभिर्वृतः ।।૪૩।।**

**अन्वयार्थ** -- જેમ નક્ષત્ર વડે ચંદ્ર શોભે છે તેમ ઉદારચેષ્ટિત તથા ઉદારહાસયુક્ત દાંતરૂપ કુન્દપુષ્પોની કાન્તિવાળા અચ્યુત ભગવાન એકત્ર થયેલી તે. પ્રિય ઈક્ષણથી જેમના મુખ પ્રફુલ્લ થયા છે એવી ગોપિકાઓથી શોભવા લાગ્યા.

**श्रीसुबोधिनी** -- પ્રથમ અજાતસ્મર લીલાવાળા ગોપીજનો સહ પ્રભુ મિલિત થયા. પ્રથમ તે ભયને લીધે પૃથક હતાં. ભગવાનનું ચેષ્ટિત ઉદાર છે. અહિંયા ઔદાર્ય રસવિષયક છે. જેથી કરીને તેમને મહાન રસનો આવિર્ભાવ થાય તે રીતે કામશાસ્ત્રોકત સિદ્ધ સર્વ લીલાઓ ભગવાને કરી. તે કારણથી તેમના અંતઃકરણ રસથી પૂર્ણ થયા અને પ્રિય ભગવાનના દર્શનને માટે તેમના મુખને પ્રફુલ્લ કર્યાં. અથવા તો સૂર્યના કિરણથી કમળ પ્રફુલ્લ થાય તેમ તેઓ ભગવાનના ઈક્ષણથી પ્રફુલ્લ થયાં. ખરી રીતે તો ભગવન્મુખનું દર્શન અધરરસને માટે જ છે. તેમ કરવાથી આ રસ નિવૃત થાય છે, માટે તેના અભાવને માટે ભગવાનને અચ્યુત કહ્યા છે. તેમની (ગોપીઓની) પણ રસસમાધિના (સમાપ્તિ) અભાવને માટે ભગવાનનો હાસ ઉદાર છે - પૂર્ણ કામપ્રદ છે. કામ વડે જે મોહ છે તેનાથી સ્નેહની વૃદ્ધિ થાય છે. માટે કહે છે કે હાસસહ જે દાંત છે તેજ કુન્દપુષ્પો છે. કંઈક રકત છતાં પણ હાસથી તે શુભ્ર છે. તેમાં જેમની કાન્તિ છે એવા ભગવાન છે. સ્નેહનું પર્યવસાન જણાવવાને માટે દાંતને કુન્દ કહ્યા છે. પ્રથમ નિરુપાધિ સ્નેહ હતો. પણ ભગવાને રસશાસ્ત્રની રીતિ પ્રમાણે સ્વરૂપાનંદનું દાન કરવાને તેનો

સજાતિય કામની ઉપાધિવાળો સ્નેહ અધુના ઉત્પન્ન થયો છે એવું જણાવવાને સ્નેહરૂપ દાંત દ્વિજ કહ્યા છે. જો તેમ હોય તો ફળભોગથી કાંતિના અભાવની શંકા કરીને ત્યાં દીધિતિપદ કહ્યું છે. જો કે ભગવાને તેમના નિર્બન્ધથી જગતના દોષનું નિરાકરણ કરવાને રમણ કર્યુ. તો પણ પોતે પૂર્ણ મનોરથની માફક રમણ કરે છે. આ વાત દૃષ્ટાંતથી જણાવી છે. ચંદ્ર જેમ નક્ષત્રથી શોભે છે એ રીતે બંધાતિરિકત સર્વ બાહ્ય લીલા કહી.

### પ્રભુના મનનું થયેલું સમાધાન

**વિવેચન** -- ઉપર સામાન્ય લીલાનું નિરૂપણ કર્યુ, હવે વિશેષ લીલાની અજાતસ્મરકેલી લીલાનું વર્ણન કરે છે. અત્યાર સુધી સ્વામિનીઓ ભગવાનથી પૃથક ભયને લીધે સ્થિત હતા. શૃંગાર અને ભયાનક રસ પરસ્પર વિરોધી છે. તેથી જો લેશમાત્ર ભય હોય તો રતિ સ્થાયિભાવની અભિવ્યકિત બને નહિ, ફકત ભગવાનના માહાત્મ્યનું જ જો જ્ઞાન તેમને બને તો તેથી ભય થવાથી રસોચ્છેદ થઈ જાય માટે તેમને નિકટ સંબંધમાં લાવવાની ખાસ જરૂર છે. એટલા માટે ભગવાને તેમનામાં ભયનું નિવારણ કરીને સ્નેહની વૃદ્ધિ કરવાને પોતાના ચેષ્ટિતને ઉદાર બનાવ્યા. રસના આવિર્ભાવમાં ઔદાર્ય આવશ્યક છે. ભગવાનનું ઔદાર્ય જોઈને ગોપીઓના હૃદયમાં પ્રસન્નતા છવાઈ ગઈ. હવે તેમનામાંથી ભય દૂર થયો. અમારા કથનની અસર ભગવાન ઉપર થઈ છે અને તેથી હવે અમને રમણ દ્વારા રસભોગ કરાવશે એમ તેઓ મન સાથે સમજવા લાગ્યાં. પ્રભુ સર્વથી અધિક છે; સર્વત્ર સત્તારૂપે બિરાજે છે અને અસંખ્ય ધર્મથી યુકત છે, અને અમે તો સામાન્ય સ્ત્રીજનો છીએ. તેથી અમારી સાથે શી રીતે રમણ કરશે એમ જે પ્રભુના માહાત્મ્યના જ્ઞાનથી તેમનામાં ભીતિ ઉત્પન્ન થઈ તે ભગવાનનું ઉદાર ચેષ્ટિત જોઈને દૂર થઈ. સૂર્યના કિરણોથી જેમ કમળ પ્રફુલ્લ થાય તેમ તેમના મુખ પ્રફુલ્લ થયાં. ભગવાન તેમનો ત્યાગ કરવા માગતા નથી પણ તુર્ત જ રમણ કરવાના છે એવી એમને પ્રતીતિ કરાવવાને પોતે મંદ મંદ હાસ્ય પણ કર્યુ. તે સમયે હાસ્યયુકત કુન્દપુષ્પ સમાન દાંતમાંથી દ્યુતિનું નિઃસરણ બહાર જણાયું. આથી તે ગોપિકાઓને અધિક આનંદ થયો. પ્રભુના દાંતને કુન્દપુષ્પ સાથે સરખાવ્યા છે. કુન્દપુષ્પ લાલ હોય છે, તેમ દાંત પણ રાતા ઓષ્ઠની કાન્તિ તેમાં ફલિત થવાથી કુન્દપુષ્પ જેવા જણાય છે. કુન્દ રસમાત્રના ઉપયોગી છે. હાસ્ય ભાવોદ્‌ગારિ હૃદયને વિષે ભગવાનની સાથે ઐક્ય કરાવે છે. પરમ પ્રેમાસ્પદની સાથે અભેદ સંપાદન કરવાને માટે હાસ્યની જરૂર છે. હાસ્ય ઉત્સાહ ઉત્પન્ન કરે છે. તેથી રાસરસમાં પ્રભુ વશ થાય છે. નાયક નાયિકાની એક બીજા તરફ હાસ્યયુકત દૃષ્ટિપાત થતાં તેમનામાં જે લજ્જા તથા અતડાપણું હોય છે તે દૂર થઈ જાય છે; અને પરિચય

વધે છે, માટે ભગવાને હાસ્ય કરીને તેમની સાથેનો પોતાનો પરિચય વધાર્યો. આ સમયે ભગવાન જેમ ચંદ્ર તારાઓની મધ્યમાં બિરાજે છે તેમ આ ગોપીઓના મધ્યમાં બિરાજ્યા. ચંદ્રને સ્થાને અહિંયા ભગવાન છે અને તારાઓને સ્થાને ગોપિકાઓ છે. ચંદ્રમાં ચદ્ધાતુ છે, તેનો અર્થ આનંદ આપવો થાય છે. ચંદ્ર જેમ સર્વેને આનંદ આપે છે તેમ ભગવાન પણ સર્વેને આનંદ આપનાર છે. તે જેમ પૂર્ણ હોવા છતાં અપૂર્ણ થાય છે અને પાછો પૂર્ણિમાને દિવસે પૂર્ણ બને છે, તેમ ભગવાન પણ અહિંયા પોતે પૂર્ણ મનોરથની પેઠે નહિ પણ લૌકિકની પેઠે રમણ કરે છે. ઉદાસીનની માફક તેમના સંતોષને માટે રમણ કરનાર છે. અહિંયા બાહ્ય વિશેષ લીલાનું વર્ણન કર્યુ છે. ગોપીઓનો ભય દૂર કરીને લીલા કરવા માટે તેમની સાથેનો પરિચય વધારવાને માટે પોતે તેમની સાથે હાસ્ય કર્યુ તથા ઉદાર ચેષ્ટિત દાખવ્યું એ રીતે વિશેષ બાહ્યલીલા કહી. આ લીલાથી સ્મરકેલીની ઉત્પત્તિ અહિંયા નથી. માટે આ અજાતસ્મરકેલિલીલા છે.

આ વિશેષતઃ પ્રથમલીલા છે અને બાધકકામની નિવારક છે. દ્વિતિય લીલાના ઉદ્બોધને માટે પૂર્વ સામગ્રી કહે છે.

**मूलम्** - **उपगीयमान उद्गायन्वनिताशतयूथपः । मालां विभ्रद्वैजयन्तीं व्यचरन्मण्डयन्वनम् ।। ४४ ।।**

**अन्वयार्थ** -- સ્ત્રીઓથી સમીપમાં ગાન કરાતા તથા પોતે પણ ગાન કરતાં, સ્ત્રીઓનાં સેંકડો યૂથના પાલક ભગવાને વૈજયન્તીમાળા ધારણ કરતી વખતે વનને શોભા આપતા પોતે ગતિ કરી.

**श्रीसुबोधिनीजी** - તે સ્ત્રીઓથી ગાન કરાતા પોતે પણ જાતે ગાન કરવા લાગ્યા. પછીથી અનેકવિધ સ્ત્રીઓના યૂથના પાલક પોતે બન્યા. જેટલાંથી રસહેતુ મિલિત થાય છે તેટલીઓનું એક યૂથ બને છે. આ રીતે અનેક રૂપ કર્યા. તેઓનું અહિયા રક્ષણ દૂરથી આશ્વાસનથી કર્યુ. ત્યારે ગાતાં-ગાતાં ગતિ કરનાર પ્રભુના રૂપને કહે છે. નવરત્નખચિત સ્વાભાવિક ઐશ્વર્યની પ્રબોધક કીર્તિમયી માળાને ધારણ કરતાં અખિલ વનને પણ શોભાવતા લીલાગતિ કરવા લાગ્યા. આ ગતિ તેમના કામની ઉદ્બોધક હતી. ભગવાન પણ તેમના કામપૂરક છે. અથવા એક વનથી અન્ય વનમાં પોતે પધાર્યા.

**(विवेचन)** - પૂર્વોકત લીલા લૌકિક તથા બાધક કામની નિવારક હતી. હવે વિશેષ લીલાનું જાતસ્મરત્વલીલાનું નિરૂપણ કરવાનું હોવાથી, તેને માટે જે જે પૂર્વ સામગ્રીની આવશ્યકતા હોય તેનું કથન અહિયા કરવામાં આવ્યું છે. આ સ્થળે ઉદ્દીપનવિભાવો વર્ણવ્યા છે કે જેથી રસની નિષ્પત્તિ થાય. તે લીલાના પ્રાદુર્ભાવ માટે એટલે રસના પોષણને માટે સ્વામિનીઓએ પ્રથમ ભગવાનનું ગાન કર્યુ અને

પોતે પણ ગાન કર્યું. પછીથી રસના પ્રાદુર્ભાવમાં હેતુરૂપ સ્ત્રીઓના જૂથ એકત્ર થયા હતા તેમના પોતે અધિષ્ઠાતા બન્યા. આવા રસના હેતુરૂપ વ્રજસિમન્તિઓની મધ્યમાં રાસરસિક કૃષ્ણચંદ્ર શોભવા લાગ્યા. પ્રભુએ આ સમયે નવરત્નખચિત વૈજયન્તી માળા ધારણ કરી હતી. આ માળા ઐશ્વર્યની પ્રબોધક હતી. તે ભગવાનના ઐશ્વર્યનું ભાન ગોપીજનોને કરાવતી હતી. ભગવાનની કીર્તિનું સાક્ષાત્ રૂપ તે માળા હતી. આ ગોપિકાઓ રસની ઈચ્છાથી પ્રભુની પાસે આવ્યા હતા. તેમને ભગવાને દૂરથી આશ્વાસન આપ્યુ, અને તેમનું રક્ષણ કર્યુ. માળા ધારણ કરીને તે વનમાં પોતે ગતિ કરવા લાગ્યા. રસના પોષણને માટે સર્વ સામગ્રી અહિંયા સિદ્ધ કરેલી હોવાથી, ગતિ પણ તેટલા માટે જ કરી છે. ગોપિકાઓ વ્રજસ્ત્રીઓ છે. વ્રજનો અર્થ જવું એમ થાય છે. ગમન કરવું તે વ્રજસ્ત્રીઓનો સ્વભાવ હંમેશા ગમન કરવાનો જ હોઈ શકે. માટે તેની સદા એકત્ર સ્થિતિ હોઈ શકે જ નહિ. અહિંયા ગમન કરવાનું તે રસમાં પ્રવેશ કરવો એમ સમજવાનું છે. વ્રજસ્ત્રીઓને એકત્ર સ્થિર થઈ નિરવધિ ભૂમાનો રસાસ્વાદ કરવો તે સ્વભાવથી જ વિરુદ્ધ છે. માટે આનંદપ્રચુર ભગવાને અહિંયા પોતે ગતિ કરીને તેમને પણ રસાસ્વાદ તરફ ગમન કરાવ્યું. નિરવધ્યાત્મક ભૂમાના+રસાસ્વાદ તરફ તેમની ગતિ સિદ્ધ કરી.

આ રીતે કામ જાગૃત થયો એટલે તેમની સાથે બંધાદિથી રમણ કર્યુ એમ કહે છે.

**मूलम् नद्याः पुलिनमाविश्य गोपीभिर्हिमवालुकं । रेमे तत्तरलानन्दिकुमुदामोदवायुना** ।। ४५ ।।

**अन्वयार्थ** - નદીના તરંગથી આનંદયુક્ત કુમુદની સુગંધયુક્ત વાયુ વડે, શીતળ રેતીવાળા તટ ઉપર ગોપીઓ સહ પ્રવેશ કરીને ભગવાને રમણ કર્યુ.

**श्रीसुबोधिनी** - નદીના સ્વચ્છ અને કોમળ તટમાં પ્રવેશ કરીને રમણમાં બંધાદિથી અતિ કોમળ બનાવીને અનેકવિધ ગોપીઓ સહ રમણ કર્યુ. તટની વાલુકા (રેતી) શીતળ હતી એટલે અંદરની ઉષ્માનું નિવારણ કર્યુ અને બહારથી શૈત્ય છે તેમ જણાવ્યું. તે નદીના તરંગોથી તટ આનંદયુક્ત થયો અગર આનંદયુક્ત વાયુ બન્યો અને કુમુદોની આનંદયુક્ત સુગંધ આનંદની જનક હોવાથી તેની મંદતાનું નિરૂપણ કર્યુ અને શૈત્યથી કુમુદોનો જલસંબંધ કરીને તાદૃશવાયુ સહિત પુલિન છે એમ કહ્યું. મહાન બંધોમાં વાયુની પણ અપેક્ષા છે.

### ભગવાને ગોપીજન સાથે કરેલું રમણ

**(विवेचन)** -- રસાત્મક કામ અત્યંત ગૂઢ હોવાથી તે લૌકિક કામથી વિલક્ષણ છે એટલું જ નહિ પણ તે અત્યંત ગૂઢ છે. અન્યત્ર કારિકામાં આ કામને સ્ત્રીભાવરૂપ શ્રીમહાપ્રભુજીએ કહ્યો છે અને તેથી તે ઘણો જ ગૂઢ છે. આ ગૂઢ ભાવના ઉદ્‌બોધને માટે નૃત્ય બંધાદિની જરૂર છે. માટે જ વાત્સ્યાયન તથા ભરતમુનિએ નૃત્ય બંધાદિની આવશ્યકતા જણાવી છે અને તે કામશાસ્ત્રની પ્રણાલિકામાં ભંગ ન થાય તેટલા માટે ભગવાને નૃત્યબંધાદિથી જ કામની ઉત્પત્તિ અહિંયા કરી. આ નૃત્યનું નામ જ રાસ. આગળ ઉપર રાસનો અર્થ સમજાવ્યો છે કે જેમાં બહુ નર્તકી સહ નૃત્ય હોય તેને રાસ કહે છે, અને એવી રીતે જે લીલા કરવામાં આવે તેને રાસ લીલા કહે છે. ભગવાને અહિંયા નૃત્ય કર્યુ અને ભકતોને કરાવ્યુ. સર્વ અંગમાંથી ગુપ્ત રસ બહિ:પ્રકટ થાય તેવી રીતે નૃત્ય કર્યુ. યમુનાજીના કિનારા જેની ઉપર કોમળ વાલુકા પથરાઈ રહી છે. ત્યાં આ નૃત્ય કર્યુ. આ સમયે પવન શીતળ, આહ્‌લાદક અને મંદ મંદ વાતો હતો. રસની અભિવ્યકિત સુંદર સ્થળ અને શરદ ઋતુની પૂર્ણિમા જેવો સુંદર સમય બીજો કોઈપણ હોતો નથી. અહિંયા ભગવાંને રમણ કર્યુ એમ કહ્યું છે. रम् ધાતુનો અર્થ રમણ કરવું-ક્રીડન કરવું, વિનોદ કરવો, અસ્ખલિત રીતે બહુ છૂટથી આનંદનો અનુભવ કરવો એવો જ થાય છે. આ ધાતુ આત્મનેપદી છે એટલે અહિંયા ભગવાને ગોપીઓની સાથે જે આ પ્રમાણે ક્રીડન કર્યુ છે તે આત્માના પોતાના સ્વરૂપનું ભાન કરાવવાને માટે છે. પોતે રસાત્મક અને પૂર્ણાનંદ સ્વરૂપ છે. તેની પ્રતિતિ સ્વામિનીઓને કરાવવાને પોતે વિના નિયંત્રણે તેમની સાથે રમણ કર્યુ છે. આ રમણમાં માત્ર ક્રીડન જ છે, વિનોદ છે, કાંઈ લૌકિકની વિષયતા નથી. તેથી કોઈ ઈંદ્રિયજન્ય સુખ પ્રાપ્ત કરવાનું નથી, પણ આત્માને રસથી પ્રફુલ્લ કરવાનો છે અને લૌકિકના સર્વ મલિન ભાવોનો ત્યાગ કરવાનો છે. આ આશયથી જ ભગવાને તેમની સાથે રમણ કર્યુ છે. રમણ કર્યુ એટલે રસનો પરિપોષ કરીને તેની અભિવ્યકિત કરી. ભજનાનંદ આપ્યો.

આ પ્રકારે સર્વ ભાવથી તેમનામાં કામની ક્રીડાને ઉત્પન્ન કરી આઠ પ્રકારના આલિંગનાદિ સહિત ચેષ્ટિત કામાદિયુકત રસવિલાસ ચરિત્રને કહે છે.

**मूलम्-बाहुप्रसारपरिरम्भकरालकोरुनीवीस्तनालमननर्मनखाग्रपातैः ।**
**क्ष्वेल्यावलोकहसितैर्व्रजसुन्दरीणामुत्तम्भयन् रतिपतिं रमयांचकार ।। ४६ ।।**

**अन्वयार्थ-** ભગવાન હાથ લાંબા કરીને, ભેટીને, હાથ, કેશ, ઉરૂ, નીવી તથા સ્તનમાં સ્પર્શ કરીને હાસ્ય અને નખાગ્રતના પાત કરીને; તેમજ: ક્ષ્વેલી અવલોકપૂર્વક હાસ્યસહિત વ્રજસુંદરીઓના કામને વધારતા રમવા લાગ્યા.

**શ્રીસુબોધિનીજી-** દૂરસ્થિત ગોપિકાઓના અવયવોનો સ્પર્શ કરવાને બાહુને પ્રસાર્યા, પછીથી બળથી પરિરમ્ભ (ભેટવું તે) પછી કર, કેશ, ઉરુ, નીવી અને છાતીનો સ્પર્શ કર્યો. કરસ્પર્શ એટલે હસ્ત ગ્રહણ કરવું, કેશને ઉન્નમન કરવાને કેશનો સ્પર્શ કર્યો. બાહુ બન્ધ માટે ઊરુનો સ્પર્શ અને નીવિ સ્પર્શ પુષ્ટ રસમાં મોચનને માટે કર્યો. છાતીનો સ્પર્શ રસોદ્ગમને માટે કર્યો. આ રીતે પાંચ સ્પર્શ કર્યા. નર્મપરિહાસવચનો કામના સ્તંભનને માટે છે. પછીથી નખાગ્રના પાત-નખક્ષત દન્તક્ષત, તાડન વગેરે-કામમાં યુદ્ધનિરૂપક છે. તે તે સ્થાનમાં સ્થિત કામ તેનાથી ઉદ્બોધ પામે છે. જેમ સેના વધથી રાજા આવે તેમ ક્ષ્વેલિ એટલે પ્રસ્તોભન વગેરે તે સહ અવલોકન પૂર્વક હાસ્યરસનું સ્થાપક છે. આ રીતે બાર પ્રકારનો કામ બાર અંગોમાં સ્થિત થયેલો જાગૃત થાય છે. તેથી કહે છે. સંયુકત કામ રતિપતિ છે અને વિયુકત અગ્નિરૂપ છે. આ રીતે આધિદૈવિક કામને જાગૃત કરતા ભગવાને રમણ કર્યું. ગોપીઓનું સુખ પ્રકટ કર્યું. કામના અંતમાં વિરતિ ઉત્પન્ન કરી નહિ.

## લઘુરાસ

**વિવેચન-** ગોપીઓની સાથે રમણક્રીડામાં ભગવાને જુદા જુદા ભાવ પ્રકટ કર્યા અને તેથી તેમનામાં કામને ઉત્પન્ન કર્યો. તેમના જુદા જુદા અવયવોને સ્પર્શ કર્યો તથા આલિંગન કર્યું. પોતાના હાથ તેમના તરફ પ્રસાર્યા અને પછી તેમને આલિંગન કર્યું તેમના હસ્તને પોતાના હસ્તમાં પકડયા તથા તેમના કેશને સ્પર્શ કરીને તેમને સુંદર શોભે તે રીતે ઉંચા કરવા લાગ્યા. ઊરુ પ્રદેશને પણ સ્પર્શ કર્યો. રસની અધિક વૃદ્ધિ થાય તેટલા માટે નીવિની ગ્રન્થિ પણ છુટી કરી નાખી. એટલે પુષ્ટિમાર્ગમાં રસનો પ્રવાહ સ્વતંત્ર રીતે વિના પ્રતિબંધે વહન થવો જોઈએ તેનું સૂચન કર્યુ. રસોદ્ગમને માટે સ્તનસ્પર્શની ક્રિયા આવશ્યક મનાય છે. સ્તન જેમ પયઃના આધારભૂત છે તેમ તે રસના આધારભૂત છે. માટે તે રસ જ સ્પર્શ દ્વારા બહિરૂત્થાન પામે છે. આ રીતે કર, કેશ, ઉરુ, નીવિ અને સ્તન એ પાંચ રસના મુખ્ય સ્થાનોને સ્પર્શ કરીને તેના વહનના માર્ગને ખુલ્લા કર્યા. રસક્રીડામાં તે રસશ્રાવ સર્વાંગીણ થવો જોઈએ, પ્રત્યેક અવયવમાંથી તેનું પ્રાકટ્ય થવું જોઈએ. માટે જ આ રસની નિષ્પત્તિ માટે તે તે અવયવોનો ભગવાન સ્પર્શ કરે છે અને કામને જાગૃત કરે છે રસને સ્પર્શથી પ્રકટ કરવાથી તેની પૂર્ણતા બની આવતી નથી. તેના અસ્ખલિત બાહ્ય પ્રકટીકરણ માટે નર્મપરિહાસાદિ વાકયોની આવશ્યકતા છે. તેથી કામ સ્તંભન પામે છે. ત્યારપછીથી ભગવાને નખક્ષત,

દન્તક્ષત અને તાડન વગેરે કર્યુ. યુદ્ધમાં જેમ શત્રુઓને તાડન કરવામાં આવે છે તથા પ્રહાર કરવામાં આવે છે તેમ આ રીતે ક્રિયાના યુદ્ધમાં ભગવાને સ્વામિનીઓને નખશસ્ત્રથી પ્રહાર તથા તાડન કરવા માંડ્યું. આ રીતે કામનુ બળ અધિકને અધિક જણાવવા માંડ્યું. એટલે કામ અધિકને અધિક ઉદ્‌બોધ પામ્યો.

નાયક અને નાયિકા સંયોગમાં હોય તો જ તે કામ તેમને આનંદ આપનાર છે. એટલે તે રતિપતિ કહી શકાય. પણ જો તેઓ વિયુકિત હોય, એકબીજાની નિકટ ન હોય તો તે કામ તેમને અગ્નિ સમાન દહે છે. તેમને કંઈ પણ સુખ થવા દેતો નથી. ભગવાને ગોપીઓને જે આ કામનું સુખ આપ્યું તે કામ આધિદૈવિક હતો; કારણકે લૌકિક કામનો ઉચ્છેદ થતાં દુઃખ થાય છે, પણ અહિંયા તેવું કાંઈ નહોતું. અહિં તો ગોપીઓને પરમ સુખ પ્રકટ થયું. આ કામની અંતે વિરતિ (સુખાભાવ) નહોતી.

★ અહિંયા મી. ગ્રીઅર્સનના રાસ લીલાના સાહિત્ય વિષે શા વિચારો છે તે નીચે ઉતારવામાં આવે છે.

Hence the soul's devotion to the Deity is pictured by Radha's self abandonment to her beloved Krishna, and all the hot blood of Oriental passion is encouraged to pour forth one mighty flood of praise and prayer to the Infinite Creator, Who waits with loving, out-streatched arms to receive to the worshipper into his bosom, and to convey him safely to eternal rest across the seemingly shoreless ocean of Existence. Yet I am persuaded that no Indecent thought entered their minds when thry wrote these burning words, and to those who would protest, as I have often heard the protest made, against using, the images of the lupunar in dealing with the most sacred mysteries of the soul, I can only answer :-

"Wer den Dichter will verstehen
Muss in Dichters Lande gehen"

- Mr. Grierson, the author of "The Literature of Hindustan" in his "Introduction to the Satsaiya of Biharilal"

૧.

નૃત્યત હૈ દોઉ શ્યામા શ્યામ,
અંગ મગન પ્રિયતે પ્યારી અતિ નિરખી ચકિત વ્રજ વામ;
તિરપ લેતી ચપલાસી ચમકતી ઝમકતી ભૂષણ અંગ,
યા છબી પર ઉપમા કિહું નાહીં નિરખત વિવશ અનંગ,
શ્રીરાધીકા સકલ ગુરણ પૂરણ જાકે શ્યામ અધીન;
સંગતે હોત નહીં કહું ન્યારી ભએ રહતિ અતિ લીન,
રસસમુદ્ર માનો ઉછલત ભયો સુંદરતાકી ખાનિ;
સૂરદાસ પ્રભુ રીઝિ ચકિત ભએ કહત ન કછૂ બખાની.

આ રીતે સંયોગ શૃંગાર રસને ઉત્પન્ન કરીને વિપ્રયોગ ઉત્પન્ન કરવાને તેમના માનને કહે છે.

**मूलम एवं भगवतः कृष्णाल्लब्धमाना महात्मन : ।**
**आत्मानं मेनिरे स्त्रीणां मानिन्योभ्यधिकं भुवि ।। ४७ ।।**

**अन्वयार्थ -** આ રીતે મહાત્મા ભગવાન કૃષ્ણ પાસેથી માન પ્રાપ્ત કરીને તે ગોપીઓ ભૂતળ ઉપર સર્વ સ્ત્રીઓ કરતાં પોતાની જાતને અધિક માનવા લાગી.

**श्रीसुबोधिनी --** પૂર્વોકત પ્રકારે સર્વ રસનું દાન કરવામાં સમર્થ સદાનંદ, ફલરૂપ ભગવાન કૃષ્ણથી પોતાના સર્વ મનોરથો પ્રાપ્ત કરીને તેમણે પોતાની જાતને પૂર્ણ માની. ભગવાનને પૂર્ણ અગર તેનાથી પોતાની પૂર્ણતા છે એમ માન્યું નહિ. શંકા-ભગવાને શામાટે આમ કર્યુ ? તે ન્યૂનનું શા માટે રક્ષણ કર્યુ તો ત્યાં કહે છે. ભગવાન મહાત્મા છે. અગાધ જલમાં પેઠેલો ડૂબતો નથી એમ નહિ તથા ઘડો ભરાયા વગર રહેતો નથી એમ નહિ અર્થાત્ ભરાય છે. વળી તેમણે પૃથ્વી ઉપરની સ્ત્રીઓમાં પોતાને અધિક માની. આથી તેમને માન થયું, અમારા જેવી બીજી નથી. માટે જો ભગવાન અમારી પ્રાર્થના કરશે તોજ અમે રસનું દાન કરીશું. આ રીતે માનયુકત તે બન્યાં. ભગવાનના ધર્મો તેમાં આવ્યા. તેમ થતાં જેમ પ્રાર્થનાની પહેલા ભગવાન વશ થયા તેમ અમે પણ થઈશું એમ રસને માટે આ ભાવ છે. ભગવદ્રૂપ હોવાથી તે ભાવ દોષરૂપ નથી.

## ગોપીજનને થયેલો માનભાવ

**વિવેચન-** અહિંયા જે વિપ્રલંભ રસનું વર્ણન છે. તેને રસશાસ્ત્રમાં માનવિપ્રલંભ કહે છે. વિપ્રલંભ શૃંગારમાં નાયક નાયિકાનો વિયોગ સામાન્ય રીતે

હોય છે પણ તેથી કંઈ તેઓ બન્ને એકબીજાથી દૂર રહેવાથી જ વિપ્રયોગ થાય છે એવું કંઈ નથી. નાયક તથા નાયિકા જુદાં જુદાં સ્થળમાં હોય ત્યારે જ વિયોગ છે અને પાસે પાસે બેઠેલા હોય ત્યારે સંયોગ હોય છે. એવું કાંઈ રસશાસ્ત્રમાં માનેલું નથી. નિકટમાં સ્થિત હોવા છતાં પણ પરસ્પર સમાગમનો લાભ તે ન મેળવી શકે તો ત્યાં વિયોગ છે એમ સમજવું જોઈએ. જો પાસે રહેલાં સ્ત્રીપુરુષ ગુરૂજનની મર્યાદાને લીધે અથવા ઉભયના કલહને લીધે અગર બીજા કોઈપણ કારણથી વિનોદવાર્તા આદિ વિલાસ કરી શકતાં ન હોય તો તે તેમનો સંયોગ વિપ્રયોગ જ છે. આ પ્રકારના વિપ્રયોગને સામાન્ય રીતે માનવિપ્રયોગ કહે છે. સૌ કોઈ જાણે છે કે દુઃખના અનુભવ સિવાય સુખનો આનંદ યથાર્થ પ્રાપ્ત થઈ શકતો નથી. માટે સંભોગશૃંગાર બરાબર રીતે જમાવવાને વિપ્રલંભ વર્ણન પ્રથમ કરવામાં આવે છે. નાયક નાયિકાની એકબીજા તરફની પ્રિતી બરાબર અનુભવાય માટે કડવા તીખા અનુભવો વચમાં વચમાં જણાવે છે. સામાન્ય ઉકિત પ્રમાણે પ્રેમનો વાંકા જવાનો સ્વભાવ છે, તેથી અહિંયા ગોપીજનોને માન થાય છે અને માન થવાથી ભગવાન તિરોહિત થાય છે. એટલે હવે પછીના અધ્યાયોમાં વિપ્રયોગરસની ઝમાવટ વર્ણવામાં આવશે. ભગવાન કૃષ્ણ જે આનંદરૂપ છે તેમની સાથે સંલાપાદિથી તેમણે પ્રથમ પોતાના મનોરથો પ્રાપ્ત કર્યા. સર્વોત્કૃષ્ટ પરમ તત્ત્વની પ્રાપ્તિથી પોતાના સર્વ મનોરથો સિદ્ધ થાય તો પછી કોને માનનો ભાવ ઉત્પન્ન થાય નહિ ? લોકમાં સામાન્ય રીતે આનંદના આભાસરૂપ કિંચિત્ સુખ પ્રાકૃત જનોને થાય છે, તો તેથી એકદમ તેમને ગર્વ થઈ આવે છે. તો પછી સર્વદા આનંદરૂપ રસાત્મક પ્રભુની સાથે રમણનું સૌભાગ્ય પ્રાપ્ત થાય અને તેથી પોતાના સર્વ મનોરથો પૂર્ણ થાય તો પછી સ્વામિનીઓને માન સામાન્ય રીતે થઈ આવે તેમાં આશ્ચર્ય શું ? અને આ માન ભગવાનની ઈચ્છાથી જ તેમને થયું હતું. કારણકે જો તેમને એ માન થયું ન હોત તો તેમના સંયોગરસની પૂર્ણાહુતિ આટલાથી જ થઈ જાત. પણ ભગવાનની ઈચ્છા તેમને અધિક સુખ આપવાની હતી. તેથી પોતે પોતાની લીલાથી તેમનામાં માન ઉત્પન્ન કર્યું. માન એ સ્ત્રીઓનો સ્વાભાવિક સ્વભાવ છે. પતિની સાથે અધિક સંભોગરસને ખીલવવા માટે માન આવશ્યક છે. જેમ ભગવાનની લીલામાં વૈચિત્ર્ય છે, તેમ રસના પ્રાદુર્ભાવમાં લીલાનું વૈચિત્ર્ય હોવું જોઈએ. વૈચિત્ર્યમાં જ નવીનતા અને રમણીયતા હોય છે. ક્ષણે ક્ષણે જેમાં નૂતનત્વ હોય તેજ રમણીયતાનું સ્વરૂપ છે, રમણીયતા અને આહ્લાદકત્વનો પરસ્પર સંબંધ ઘણો જ સુઘટ છે. આ લોકોત્તર આહ્લાદ અગર આનંદમાં પણ લીલાના વૈચિત્ર્ય દ્વારા જ રમણીયતાની પ્રતિતી થાય છે. માન તે આ લીલાવૈચિત્ર્યનું ખાસ અંગ છે. ભગવાનની સાથે રમણ કરવાથી પોતાના મનોરથો

સિદ્ધ થયા, તેથી તેઓ પોતાની જાતને સર્વોત્કૃષ્ટ માનવા લાગ્યાં. ભૂતળ ઉપરની કોઈપણ અન્ય સ્ત્રીઓ કરતાં તેઓનું ભાગ્ય અધિક છે. એમ તેમને હર્ષ તથા ગર્વ થયો. ભગવાન જ એ ખરા પતિ છે અને લૌકિક પતિઓ તો જાર સમાન છે. આ વસ્તુનું જ્ઞાન અન્ય સ્ત્રીઓને થયું નથી પણ તેમને થયું છે અને તેથી તેઓ ભગવાનની પાસે રમણ દ્વારા રસ ભોગની ઈચ્છાથી આવ્યાં, અને જો કે ભગવાને તેમને પાછા વળવાને ઘણું સમજાવ્યું છતાં પણ તે એકના બે થયાં નહિ, અને પોતે તેમની સમીપ જ સ્થિત રહ્યાં અને છેવટે ભગવાનને તેમની ઈચ્છાને આધીન થવું જ પડ્યું. આ વિચારથી તેમને ગર્વનું સબળ કારણ બન્યું. આથી માનને વશ થઈને પોતાની જાતને જ સર્વ કરતાં અધિક તેમણે માની. તેમના મનોરથોની સિદ્ધિ ભગવાનથી છે, તેથી ભગવાન જ સર્વથી અધિક છે એ વાતનું તેમને વિસ્મરણ થયું. કોઈને અહિંયા શંકા થાય કે શા માટે ભગવાને આ રીતે તેમનામાં માન થવા દીધું ? તેમને માન થયું તેથી નિષ્પન્ન સંયોગરસ એકદમ સંકોચ પામ્યો અને ભગવાન તિરોહિત થઈ ગયા. અને તેથી તેઓ ઘણી જ શોકની દશામાં આવી પડ્યાં. પોતાથી ન્યૂન ગોપીજનોનું રક્ષણ કરવાને બદલે ભગવાને જે આ પ્રમાણે તેમના હૃદયમાં માનોત્પત્તિ કરીને તેમના સંયોગરસનો સંકોચ કર્યો તે વાસ્તવિક નથી. આ શંકાનું સમાધાન એવી રીતે કરવામાં આવે છે કે ભગવાન એ સામાન્ય મનુષ્ય નથી. એ મહાન આત્મા છે. જેમ અગાધ જળમાં ઘડાને મૂકવામાં આવે તો તે ઘડો જળથી છલોછલ ભરાઈ જાય છે એટલું જ નહિ પણ તેમાં ડુબી પણ જાય છે. તેમ ભગવદ્‌ભાવરૂપી મહાન જલધિમાં પ્રવિષ્ટ ગોપીઓ રસપૂર્ણ બનવાથી તેમાં ડુબે એટલે તેમને માન ઉત્પન્ન થાય એમાં આશ્ચર્ય શું ? ભગવાન પ્રાકૃત જનોના જેવા નથી પણ તે મહાન આત્મા છે. એ આત્માને સંકોચ કે મર્યાદા કોઈપણ નથી. ભગવાદ્‌ભાવમાં મગ્ન બનેલાં સ્વામિનીઓમાં પણ ભગવાનના ધર્મો પ્રવિષ્ટ થયા. જેમ જળમાં મૂકેલા ઘટમાં જળ દાખલ થાય છે તેમ. ભગવદ્‌ધર્મો તેમનામાંઆવ્યા એટલે તેઓ પોતે ભગવાનની સમાન છે એવો ભાવ ઉત્પન્ન થયો. આ ભાવ રસાસ્વાદમાં પ્રતિબંધકરૂપ છે. એટલે તેની નિવૃતિ અવશ્ય થવી જ જોઈએ, તેમનામાં માનની ઉત્પતિ, નિવૃત્તિ, અવશ્ય થવી જ જોઈએ. માટે ભગવાને માનની ઉત્પત્તિ નિહાળીને તિરોધાન કર્યુ છે.

ભગવાન્ તો ઐક્યથી જ રસને આપતાં બાહ્ય રીતે તિરોહિત થયા. તે કહે છે.

**तासां तत्सौभगवदं वीक्ष्य मानं च केशवः । प्रशमाय प्रसादाय तत्रैवान्तरधीयत ।। ४८ ।।**

**अन्वयार्थ** -- કેશવ ભગવાને તેમના સૌભાગ્યમદ્ તથા માનને જોઈને તેમના પ્રશમ તથા પ્રસાદ માટે ત્યાં જ અંતર્ધાન પામ્યા.

**श्रीसुबोधिनीजी** -- માન પૂર્ણતાને માટે છે. દોષને માટે નથી. સ્ત્રીઓને જ્યારે એમ જ્ઞાન થાય કે પૃથ્વી ઉપર અમે અધિક મોટા છીએ ત્યારે તે દોષ થાય છે, તે ફરીથી કહીને તે દોષ તેમનો દૂર કરવાને માટે તિરોહિત થયા. સ્ત્રીઓમાં આ માનભાવ જાણીતો છે. પ્રથમ કહેલા પોતાની જાતને સૌથી અધિક ગણવારૂપી સૌભાગ્યમદ ન જોઈને તેની શાંતિ માટે અંતર્ધાન થયા. શંકા-ભગવાનના રમણથી આવો ભાવ થયો છે. તેથી એ ભાવ ભગવત્કૃત છે તો ભગવાને શા માટે તિરોધાન કર્યુ ? ઉત્તર-ભગવાને તેમનું માન જોઈને તેમના ઉપર પ્રસાદ કરવાને તિરોધાન કર્યુ. કોઈ શંકા કરે કે જ્યારે તેમને માન થયું ત્યારે ભગવાને શા માટે તેમની ઉપેક્ષા ન કરી ? તો તેના ઉત્તરમાં કહે છે. ભગવાન કેશવ છે. જેમ બ્રહ્માને ભગવાને તેના રજોગુણને દૂર કરીને મુકિત આપી, અને જેમ શિવના તમોગુણને દૂર કર્યો તેમ આ ગોપીઓના માન અને મદને દૂર કરીને મુકિતનું દાન કરવાને આ પ્રમાણે તિરોહિત થયા. ગોપિકાઓ પ્રથમ અધિકારી હોવાથી આ કાયિક તિરોભાવ છે. (દેહથી અંતર્ધાન થયા)

**टिप्पण** -- (૧) રસની પૂર્ણતા માટે માનભાવ જરૂરનો છે, માટે તે અહિંયા દોષરૂપ નથી. રસશાસ્ત્રની પ્રણાલિકા પ્રમાણે તે આવશ્યક છે. (૨) કોઈપણ સ્ત્રીને હું પૃથ્વી ઉપરની બધી સ્ત્રીઓ કરતાં અધિક છું એવું જ્ઞાન થાય ત્યારે જ તે દોષરૂપ ગણાય છે. તે સિવાયનો રતિક્રીડામાં થતો માનભાવ તે દોષરૂપ નથી. (૩) માનભાવ સ્ત્રીઓમાં પ્રસિદ્ધ છે. નાયક અને નાયિકાની શૃંગારક્રીડામાં માન હોય છે જ. એકબીજાને કોઈપણ કારણથી માન સ્વાભાવિક રીતે થઈ જ આવે છે. (૪) ગોપીજનોમાં અમે સર્વથી ઉત્તમ છીએ. એવો સૌભાગ્યમદરૂપી માનભાવ ઉત્પન્ન થયો, તેનું નિવર્તન કરવાને માટે જ ભગવાન તિરોહિત થયા. (૫) શા માટે ભગવાને તેમનો સર્વથી ત્યાગ ન કર્યો અને ફકત અલ્પ સમય માટે તિરોહિત થયા અને પુનઃ તેમને ઉદ્વેગાદિ થતાં પુનઃ પ્રાદૂર્ભુત થયા અને સંયોગશૃંગારરસનું દાન કર્યુ ? (૬) ભગવાન કેશવ છે. કઃ એટલે સુખમાં શયન કરનાર એવા પોતે

સુખ કહેતાં આનંદાત્મક છે અને નિજ ભકતોને પણ સુખ અગર આનંદ આપનાર છે. ભકતોના કોઈ પણ અપરાધ હોય તો પણ ભગવાન તે લક્ષ્યમાં લેતા નથી. ભકતને સુખ કેમ થાય તેજ ભગવાન તો વિચારે છે. (૭) શરીરથી તિરોધાન પામ્યા, બાહ્ય સ્વરૂપથી તિરોધાન પામ્યા, પણ આંતર સ્વરૂપે ત્યાં બિરાજતા હતા. પોતે કૃષ્ણ હોવાથી, સર્વત્ર સત્તારૂપે છે જ ..... માટે કાયિક તિરોભાવ કહ્યો છે.

**(વિવેચન)** -- સ્વામિનીઓને ઉપરના શ્લોકમાં કહ્યા પ્રમાણે માન થયું. પણ તે માન તો દોષ નથી. આ માન તે રસની પૂર્ણતા માટે છે. સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતે માન છે જ પણ તે માનથી જો સ્ત્રીઓ એમ માને કે આ પૃથ્વી ઉપર અમારા જેવી બીજી કોઈપણ નથી તો તે દોષરૂપ છે. અને દોષરૂપ માનને વર્જ્ય ગણવામાં આવ્યું છે. અહિંયા તેવા પ્રકારનું માન નથી. આ માન તો રસની પૂર્ણતાને માટે થયેલું છે. તેમનામાં સર્વોત્તમ ભાવરૂપ સૌભાગ્યમદ ઉત્પન્ન થયો. એટલે તેનું પ્રશમન કરવાને ભગવાન તિરોહિત થયા. ભગવાન ગોપીજનોના હિતસ્વી છે, તે એમના વિરોધી નથી. તે સારી પેઠે જાણતા હતા કે ગોપીઓને જો સૌભાગ્યમદ અતિશય થશે તો મારી સન્નિધિમાં રસનો ભોગ બરાબર નહિ કરી શકે, માટે ગમે તે રીતે તે માનની નિવૃતિ થવી જોઈએ. આથી તેમનું કલ્યાણ કરવાને ભગવાન તિરોહિત થયા. ભગવાને આ રીતે તેમના ઉપર પોતાની કૃપા કરવાની ખાતર રસલીલામાંથી તેમનું અધઃપતન થતાં અટકાવવાની ખાતર આ પ્રમાણે કર્યું. આથી જ ભગવાને તેમની ઉપેક્ષા કરીને તેમનો સદંતર ત્યાગ કર્યો નહિ; પણ સમયને માટે તેમની મધ્યમાં તિરોહિત રહ્યા. ગોપીજનો પોતાના જન છે. પોતે જ સ્વ આનંદનું તેમને દાન કરીને નાદના વિષે બોલાવ્યા છે. તો પછી તેમનામાં સૌભાગ્યરૂપી માન થાય તેથી ભગવાન્ ઉપેક્ષા ન જ કરે ભગવાને આવી ક્રીડાઓ એકવખત કરી નથી પણ અનેક વખત કરી છે. જે જે પોતાના ભકતોને મુકિતનું દાન કરવું હોય છે, તેમનામાં કોઈપણ મુખ્ય દોષ હોય તો ભગવાન પ્રથમ તેનું નિવર્તન ગમે તે રીતે કરે છે જ. બ્રહ્મામાં જ્યારે રજોગુણ થયો ત્યારે પણ ભગવાને ત્યાગ કર્યો નથી પણ ફકત તે દોષ દૂર કરીને મોક્ષ આપ્યો છે. તેવી જ રીતે શિવનામાં પણ તમોગુણ વ્યાપી ગયો હતો, તેની ભગવાને નિવૃત્તિ કરીને પછીથી મોક્ષ આપ્યો છે. આ રીતે મર્યાદામાર્ગમાં ભગવાને પોતાના અનન્ય ભકતોનો ત્યાગ કર્યો નથી તો પછી પોતાના માટે જ પ્રકટ કરેલાં શ્રુતિરૂપ ગોપીજનોનો ત્યાગ શી રીતે કરે ? જો એ રીતે ભગવાન કરે તો પછી રસ ભંગ થાય જ. ભગવાનના સ્વરૂપની રસાત્મકતા પણ ન રહે. અને પુષ્ટિમાર્ગની પ્રણાલિકાનો પણ ઉચ્છેદ થાય.

પુષ્ટિમાર્ગ તે અનુગ્રહાત્મક માર્ગ છે. તેમાં ભકતોના કોઈ પણ દોષ હોય તેને પ્રભુ લક્ષ્યમાં લેતા નથી. સ્વામિનીઓ પુષ્ટિમાર્ગના ગુરુરૂપ છે. આ જો તેમની ઉપેક્ષા કરવામાં આવે તો પ્રમેયરૂપ આ પુષ્ટિમાર્ગની ઉત્કૃષ્ટતા બને જ નહિ. માટે ભગવાને માત્ર તિરોધાન કર્યુ અને આ તિરોધાન રસશાસ્ત્રની રીતિએ આવશ્યક હતુ. આ તિરોધાન પણ કાયિક હતું. માત્ર શરીરથી હતું. બાહ્ય સ્વરૂપે અંતર્ધાન થયા. જેથી ગોપીજનો તેમને જોઈ શક્યાં નહિ. ભગવાન્ પોતે કૃષ્ણ હોવાથી તેમની સત્તા સર્વત્ર છે, એટલે તે રીતે તો ત્યાં હતા જ. ગોપીજનો પ્રથમ અધિકારી હોવાથી કાયિક તિરોધાન અલ્પ સમય માટે કર્યુ. સર્વાત્મભાવની આરંભદશામાં આ ભાવ છે. પૂર્ણદશામાં નહિ, આ રીતે બ્રાહ્ય તિરોભાવની રસાત્મકસ્વરૂપ અંતઃસ્થિતિ હતી એ મર્યાદાનો બોધ કર્યો.

## શ્લોકવિભાગસૂચનિકા.

૧. ભગવાનના તિરોભાવથી ગોપીઓને પ્રથમ મહાતાપનો આવિર્ભાવ
૨. તાપના અંત:પ્રવેશથી ભગવાનનો અંત:પ્રવેશ
૩. ગોપીઓની ઉન્માદાવસ્થા અને ભગવાનની ચેષ્ટાનું ગ્રહણ
૪. તાપનિવૃત્તિ માટે ભગવાનનું અન્વેષણ
૫. વનસ્પતિ વૈષ્ણવ હોવાથી પ્રથમ સ્થાવર પ્રતિવાચન
૬. પ્રયત્નની નિષ્ફળતા, ભગવલ્લીલાનું અનુકરણ, લીલાના સત્ત્વાદિ ભાવે નવ પ્રકાર,
૭. વૃંદાવનની લતાઓ તથા વૃક્ષપ્રતિ પ્રશ્ન. ભગવચ્ચરણનું દર્શન
૮. દશવિધ ગોપિકાઓનાં વચનો
૯. ભગવાનના રમણમાં બે હેતુઓ તથા નિરોધ દર્શન
૧૦. ભગવાનની સાથે ગમન કરનાર વ્રજસુંદરીઓ દર્પ
૧૧. તેનો દોષ દૂર કરવા માટે ભગવાનનો તિરોભાવ તથા તેને અનુતાપની ઉત્પત્તિ
૧૨. તેની વિકલ દશામાં બાહ્ય આલાપ, તથા સર્વ ગોપીઓનું સંમેલન
૧૩. તે ગોપીએ નિવેદન કરેલો સ્વવૃતાંત તથા ભગવાનની કૃપાના હેતુનો નિયમ
૧૪. ગોપીઓની સર્વાત્મભાવથી ભગવન્મયતા
૧૫. ગોપીઓનું યમુનાના તટ ઉપર જવું અને કૃષ્ણનું ગુણગાન.

## સંક્ષિપ્ત સાર

ભગવાન અંતર્ધાન થયા એટલે પ્રભુના અન્વેષણ માટે ગોપીજનો આમતેમ તે વનમાં ફરવા લાગ્યાં, અને અશ્વત્થ, પ્લક્ષ, ન્યુગ્રોધ, કુરબક, અશોક, ચંપક, તુલસી, માલતી, મલ્લિકા, યૂથિકા, આમ્રવૃક્ષ, રાયણ, જાબૂંડો વગેરે વનસ્પતિને તથા ક્ષિતિ, હરિણી વગેરેને પૂછવા માંડ્યું, પણ કોઈ તરફથી પ્રત્યુત્તર ન મળ્યો એટલે વિશેષ પ્રયત્ન કરવો છોડી દઈને પ્રભુની લીલાનું અનુકરણ કરવા માંડયું પણ તેથીએ પ્રભુ પ્રત્યક્ષ ન થયા, એટલે પુન: વૃંદાવનની લતાઓ તથા વૃક્ષોએ પ્રભુ વિષે પૂછવા માંડ્યુ. આ સમયે તે વનભૂમિમાં તેમણે પ્રભુની પદાકૃતિ જોઈ તેથી તેમને એકદમ આનંદ થયો, પણ તેની સાથે અન્ય ગોપીની પદાકૃતિ જોઈ એટલે તેમના ચિત્તને ક્ષોભ થયો. તે અન્ય પદાકૃતિ એક ગોપીની હતી કે જેની

સાથે પ્રભુ અંતર્ધાન થયા હતા. - તે ગોપીને પોતાના સૌભાગ્યનો ગર્વ થઈ આવ્યો, કારણકે પ્રભુએ અન્ય ગોપીઓનો ત્યાગ કરીને તેની સાથે ગમન કર્યું હતું, તેથી તેણે મદમાં આવીને પ્રભુના સ્કંધ ઉપર પોતાને બેસાડવાને પ્રભુને કહ્યું, આથી તે ગોપીનો ગર્વ જાણીને પ્રભુ એકદમ અંતર્ધાન થયા.

## कारिका

स्वान्नदस्थापनार्थाय लीला भगवता कृता । स बाह्यो जनितः पुष्टो यथान्तर्निविशेत्पुनः ।। १ ।।
तदर्थं भगवांस्तासु लीलया सहितोऽविशत् । चत्वारोऽत्र निरूप्यार्थाः रसासक्तिर्हरेः क्रियाः ।। २ ।।
गर्वाभावश्च तत्रादौ निरूप्यन्ते क्रमात्त्रयः । उद्देशतो लक्षणतः फलतश्च यथायथम् ।। ३ ।।
सप्तविंशे तिरोधानाल्लीलान्वेषणतत्पराः । रसमन्तर्गतं चक्रुर्गोपिका इति रूप्यते ।।

## કારિકાર્થ

૧. સ્વાનંદનું સ્થાપન કરવા માટે ભગવાને લીલા કરી. બાહ્ય ઉત્પન્ન થયેલો તે આનંદાત્મક રસ દૃઢ થઈને અંદર પ્રવેશ કરે માટે ભગવાને લીલાસહ ગોપિકાઓમાં પ્રવેશ કર્યો.

ભગવાને જે લીલા કરી છે તે સ્વાનંદનું સ્થાપન કરવાને માટે છે. સંગમમાં પછી પછીના રસને માટે નવો નવો પ્રયત્ન કરાય છે. આથી પૂર્વે અનુભૂત રસનું પોષણ થતું નથી. સંયોગમાં જેમ રસના અનુભવનું આધિક્ય છે તેમ વિપ્રયોગમાં દુઃખનું આધિક્ય છે. આ વાત અનુભવથી સિદ્ધ છે. ભગવાનનો આનંદાત્મક રસ અત્યાર સુધી બાહ્ય ઉત્પન્ન થયો હતો. તે દૃઢ થઈને અંદર પ્રવેશ કરે એટલા માટે ગોપિકાઓની મધ્યમાં ભગવાન અંતર્ધાન થયા. તેમનામાં પ્રવેશ કર્યો. ગોપિઓના દેહ, ઈન્દ્રિય પ્રાણ અને અંતઃકરણ પૂર્વ અનુભૂત લીલાના સ્વરૂપાત્મક બને તેવી રીતે તે રસ પુષ્ટ અગર દૃઢ થાય માટે અંદર પ્રવેશ કર્યો, આ રસના અનુભવ માટે તેમના દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ વગેરે છૂટી જાય અને ફકત રસેશ પ્રભુ સિવાય અન્ય કંઈપણ ચિંતન અગર ભાવ બને નહિ એવી દૃષ્ટિ બને તેટલા માટે જ પોતે બાહ્ય પ્રકટિત કરેલા આનંદને ભગવાને તિરોભૂત કરીને લીલાસહ તેમની અંદર પ્રવેશ કર્યો. રસ પુષ્ટ થાય તોજ સર્વાત્મભાવ બને છે. તે હું છું. એ રૂપ જ્ઞાન અને ક્રિયા બને છે. આ સ્થિતિ પછી જે સંગમ ઉત્પન્ન થાય છે. તેમાં પૂર્વ સંગમ કરતાં અધિક રસની સ્ફૂર્તિ બને છે. જો કે સંગમના ઉત્તરકાળમાં વિપ્રયોગ અતિવિષમ છે અને ક્ષણમાત્રમાં અન્યથા કરવાથી આ રસનું દાન બનતું નથી. માટે આ સ્વરૂપ રસાત્મક હોવાથી પોતે સ્વયં પ્રવેશ કરે છે એમ કહ્યું છે.

૨. આ સ્થળે ચાર અર્થો નિરૂપણ કરવાને યોગ્ય છે. રસાસકિત, હરિની ક્રિયા અને ગર્વાભાવ એ ત્રણને ક્રમ પ્રમાણે વર્ણવે છે. આ અર્થોનું નિરૂપણ ઉદ્દેશ, લક્ષણ અને ફલથી કરવામાં આવે છે.

રસાસકિત, હરિની ક્રિયા, અને ગર્વાભાવ એ ત્રણ અર્થો છે. ચોથો અર્થ પ્રિયની પ્રાપ્તિના સાધનરૂપી ગુણગાન છે. આ અધ્યાયમાં પ્રથમ ત્રણનું વર્ણન છે. આ ગોપિકાઓ રસાસકિતને લીધે જ ભગવાનનું અન્વેષણ કરે છે. નહિ તો ઘેર જ જાત. આમ હોવાથી જ્યાં સુધી બહાર સંવેદન છે ત્યાં સુધી જ અન્વેષણ થાય છે. આ ચાર અર્થથી રસપોષિકા વિપ્રયોગાવસ્થા કહેવામાં આવે છે. બહારથી ભગવાનને શોધે છે પણ જ્યારે તે જડતા નથી ત્યારે હરિની ક્રિયાઓનું અનુકરણ કરે છે. ભગવાને ગોકુલમાં અને વ્રજમાં જે જે લીલાઓ કરી તે બધાનું અનુકરણ કરે છે. આમ છતાં પણ ભગવાનનો પત્તો લાગતો નથી ત્યારે ગર્વનો માનતોડ ત્યાગ કરે છે. હવે પોતે દીન બને છે અને પછીથી ભગવાનનું ગુણગાન કરે છે. આ અધ્યાયમાં માત્ર પ્રથમ ત્રણ અર્થનું નિરૂપણ કર્યુ છે. ચતુર્થ અર્થ પછીના અધ્યાયમાં કહેવામાં આવશે. આ ત્રણ અર્થના વિશેષ પ્રકારને કહે છે. ઉદ્દેશ, લક્ષણા અને ફલથી આ અર્થનું નિરૂપણ કર્યુ છે, ઉદ્દેશનો અર્થ અહિયા નામમાત્રથી કિર્તન નથી, પણ સંક્ષેપથી કથન છે અથવા એકદેશીય કથન છે. અન્વેષણ રસાસકિતનું અસાધારણ અનુમાપક ધર્મરૂપ છે. જ્યારે અન્વેષણ કરી રહ્યા ત્યારે તેમને જ્ઞાન થયું કે ભગવાન બહાર કોઈપણ સ્થળે નથી, પણ અંતઃસ્થિત હોવા જોઈએ, એટલે તેમણે હરિની ક્રિયાનું અનુકરણ કર્યુ. અન્વેષણનું ફલ પદદર્શન છે. જે સ્થળે થઈને પ્રભુ પધારેલા તે સ્થળે પ્રભુનાં પગલાં જોયાં. આ રીતે ઉદ્દેશ, લક્ષણ અને ફલથી આ અર્થોનું કથન કર્યુ છે.

૩. સત્તાવીશમાં અધ્યાયમાં ભગવાનના તિરોધાન થવાથી ગોપિકાઓ ભગવાનની લીલા અને અન્વેષણમાં તત્પર થયાં અને અંતર્ગત રસનો અનુભવ કરવા લાગ્યા એમ કહ્યું છે.

ભગવાનના તિરોધાન પછીથી ગોપિકાઓએ વ્રજ તરફ ગમન કર્યુ, પણ તે સ્થાનમાં સ્થિત થઈને રસેશ પ્રભુને અન્વેષણથી શોધી કાઢવાને માટે પ્રયત્નશીલ થયા. પ્રથમ વનસ્પતિ-વૃક્ષો તથા લતામાં ક્ષિતિ, મૃગ વગેરેને પ્રભુની ખબર પૂછવા લાગ્યાં. પણ જ્યારે તેમના તરફથી કંઇ પણ જવાબ ન મળ્યો એટલે ભગવાનની લીલાનો અનુભવ કરવા લાગ્યાં. ભગવાને ગોકુળમાં જે જે લીલાઓ કરી હતી તે સર્વનું અનુકરણ કરવા લાગ્યાં. જુદી જુદી લીલા કરવામાં કેટલાક ગોપીજન કૃષ્ણ બનતાં અને કેટલાક અસૂર, પૂતના વગેરે થતાં. આ રીતે કૃષ્ણ જ તેમના મનનો તથા ઇન્દ્રિયોનો વિષય બની રહેવાથી ભગવાનની લીલાનો સાક્ષાત્કાર

કરવા લાગ્યાં. આ રીતે પ્રભુ તરફનો તેમનો પ્રેમ અધિક અને અધિક હૃદયમાં વહેવા લાગ્યો. પ્રેમ-રસ-સ્વરૂપે પ્રભુ તેમના હૃદયમાં છે પણ અત્યાર સુધી તે સ્વરૂપને તે ઓળખી શકયાં નહોતાં, પણ જેમ જેમ વિપ્રયોગરસની સ્ફૂર્તિ વિશેષ અને વિશેષ થવા લાગી તેમ તેમ એ સ્વરૂપને એ ઓળખતાં થયાં.

પૂર્વ અધ્યાયના અંતમાં ભગવાનનું તિરોધાન કહ્યું. ત્યાર પછી પ્રથમ તેમના ચિત્ત રસમાં આસકત બન્યાં અને તેથી મહાન સંતાપ થયો તે કહે છે.

તેમના આંતરતાપનું વર્ણન કરવાને હાથીણીઓનું દૃષ્ટાંત આપે છે. જેમ હાથીણીઓ હાથીને ખૂબ ચહાતી હોય, પણ જો હાથી તેમનાથી જૂદો પડી ગયો હોય ત્યારે તેને નહિ જોવાથી તેઓ કલેશને પામે તેવી રીતે અહિયા ગોપીઓ કલેશને પામવા લાગ્યાં. આ સમયે જો કોઇ સિંહ પાસે ગર્જના કરતો હોય તો, તેમના ત્રાસ અને કલેશની સીમા રહેતી નથી, તેવી રીતે અહિંયા પ્રભુના સાનિધ્યના અભાવે કાલનો ભય તેમને થયો, આથી તેમનું ચિત્ત ઘણું ઉદ્વિગ્ન થયું.

હાથીનું દૃષ્ટાંત એટલા માટે આપ્યું છે કે હાથી રતિરસને જેટલો જાણે છે તેટલો ભાગ્યે જ બીજો કોઇ જાણતો હશે. વાત્સ્યાયન મુનિએ પણ તે વિષે પોતાના કામસૂત્રમાં કહ્યું છે.

પૂર્વ અધ્યાયમાં ભગવાનના અંતર્ધાનનું વર્ણન કરતાં કરતાં બાદરાયણને આર્તિ થઇ આવી અને તેથી તેમની કથાનો ઉચ્છેદ થયો, પણ પછીથી તે કથાનું અનુસંધાન નવા અધ્યાયથી પ્રારંભ્યું.

ગોપીજનને મનને પ્રભુએ તેમના પ્રાણરૂપ હતા. શ્રુતિમાં ભગવાનને ચક્ષુના ચક્ષુ, શ્રોત્રના પણ શ્રોત્ર, પ્રાણના પ્રાણ અને મનના મન કહ્યાં છે. અર્થાત્ પ્રભુ સ્વરુપ છે. તે પ્રભુ વ્રજભકતોનું સર્વરુપ હતા, તેથી તેમના તિરોધાનથી તેમની દશા વિરહથી વિકલ થાય એ સંભવિત છે.

**मूलम् अन्तर्हिते भगवति सहसैव व्रजांगनाः । अतप्यंस्तमचक्षाणाः करिण्य इव यूथपम् ।। १ ।।**

**अन्वयार्थ** જયારે ભગવાન અંતર્હિત થયા ત્યારે એકદમ હાથીણીઓ તેમના યૂથના પાલક હાથીને નહિ જોતાં તપ્ત થાય છે તેમ વ્રજાંગનાઓ પણ તપ્ત બન્યાં.

**श्रीसुबोधिनी** જયારે ભગનાન છ ગુણોસહ અંતઃપ્રવિષ્ટ થયા ત્યારે તેઓ તેમનાં અંતરનું અનુસંધાન કરી શકયાં નહિ, આથી તેમને એકાએક તાપ થયો. અંતર્વિચારના અભાવમાં હેતુ કહે છે. પ્રભુને નહિ જોવાથી તેમને સહજ તાપ થયો. આ તાપ કામાત્મક હોવાથી ભગવાનના દર્શન અને સ્પર્શ વગેરેથી શાંત

થાય છે. જયારે પૂર્વસિદ્ધ બાહ્યદર્શન ન થયું, ત્યારે તે તાપ ઉચિત બન્યો, તેમનો સ્પર્શ મુખ્ય હતો એવું જણાવવાને હાથી અને હાથિણીનું દ્દષ્ટાંત આપે છે. યૂથનો પાલક મહામત્ત ગજ હોય છે. વાત્સ્યાયને પણ કહ્યું છે કે ગજરાજજ રતિને જાણે છે. રતિના વિમર્દમાં ગજ જાણે છે એવું તેનું વિવરણ છે. વળી આ સમયે વનમાં સિંહો વસે છે, તેવી રીતે અહિંયા કાળ છે, આથી અતિ મહામત્ત ગજને નહિ જોવાથી હાથિણીઓને મહાન કલેશ થાય છે.

## સ્વામિનીજીઓનો અંતસ્તાપ

**વિવેચન** ભગવાનના અંતર્ધાન પછીથી રસમાં આસકત બનેલી સ્વામિનીઓને કેવો ઉત્કટ તાપ કલેશ આપવા લાગ્યો તે સ્થિતિનું વર્ણન અહિંયા કરે છે. ભગવાન છ ગુણોથી યુકત છે. એમના અંતર્ધાનથી છ ગુણો પણ અંતર્હિત થયા. તે છ ગુણોના તિરોભાવને લીધે તેમની સ્થિતિ તદ્દન દુર્બળ અને શોચનીય બની. તેમનો હૃદયાગ્નિ એકદમ તપવા લાગ્યો. જેમ સૂકા લાકડામાં અગ્નિ સળગાવાથી તે એકદમ જવાળાઓથી ગ્રસ્ત બનીને દગ્ધ થાય તેમ તેમનું ચિત્ત રસમાં આસકત હોવાથી અને તે રસસ્વરૂપનું અંતર્ધાન થવાથી એકદમ તપવા લાગ્યું. ભગવાન અત્યાર સુધી એમની સાથે વાતો કરતા હતા, ગાન કરતા હતા તથા રમણ પણ કરતા હતા, તે આમ એકાએક શાથી અંતર્હિત થયા હશે ? શું અમારો કંઇ અપરાધ થશે ? આમ તે તર્કવિતર્ક કરવા લાગ્યાં. તેમના હૃદય આ વિરહને સહન ન કરી શકયા. વળી ભગવાન એકદમ અંતર્ધાન થવાથી તેમને સહેજ આશ્ચર્ય થયું. તેમના શોકનો પાર રહ્યો નહિ.

જયારે વળી સંતાપ અંદર પ્રવેશ કરવા લાગ્યો ત્યારે અંદર પ્રવેશ પામેલી ભગવલ્લીલા તાપને દૂર કરીને પોતે આવિર્ભૂત થઇ તે કહે છે.

**मूलम्** - **गत्यानुरागस्मितविभ्रमेक्षितैर्मनोरमालापविहारविभ्रमैः ।**
**आक्षिप्तचित्ताः प्रमदा रमापतेस्तास्ता विचेष्टा जगृहुस्तदात्मिकाः ।। २ ।।**

**अन्वयार्थ** - ગતિ, અનુરાગ, સ્મિત, વિભ્રમયુકત ઈક્ષણ (જોવું તે,) મનોહર આલાપ વિહાર, તથા વિભ્રમોથી જેમનાં ચિત્ત આક્ષિપ્ત થયાં છે (આકર્ષાયાં છે) એવા અને પ્રકૃષ્ટ મદવાળી ગોપીઓએ ભગવાન જ પોતાના આત્મા છે તેમ જાણીને લક્ષ્મીપતિની જુદી જુદી ચેષ્ટાનું ગ્રહણ કર્યું.

**श्रीसुबोधिनी** - ભગવાનના કાય, વાક અને મનથી વશ કરાયલાં તે ગોપિકાઓ તે ભાવને પ્રાપ્ત થયાં. તેથી ભગવાનની તે તે ચેષ્ટાઓનું તેમણે ગ્રહણ કર્યું. પ્રથમ કાયિકી ચેષ્ટા કહે છે. ગતિથી કાયચેષ્ટાથી તેઓ વશ થયાં હતાં, પછી

ઇન્દ્રિયસહિત મનની ચેષ્ટાથી વશ થયા તે કહે છે. અનુરાગ એટલે સ્નેહ તે મનની ચેષ્ટા છે. તે સહિત સ્મિતવિલાસ સ્વનિષ્ઠાના અત્યાજન માટે કર્યો. નહિ તો જો એમ હોય તો જ્ઞાન જ ઉદય પામે. માટે મન્દહાસથી તેઓ કંઇક મોહ પામ્યાં હતાં. આથી તેઓ બહાર ગયાં નહિ તેમ અંદર પણ સ્થિત થયાં નહિ. પણ મધ્યમાં સ્ફૂરિત ભગવાન તથા તેમના ધર્મોને પ્રાપ્ત થયાં. અનુરાગપૂર્વક સ્મિતથી જે વિભ્રમ એટલે અલસવલિતાદિ વિલાસ થાય તે સહિત દૃષ્ટિ એ સર્વે કટાક્ષ કહેવાય છે. વાચિક (વાણીની) ચેષ્ટાથી વિમોહ કહે છે. મનને રમાડે તેવો અગર મનમાં રમનાર આલાપ તેનું નામ મનોરમ, મનોરમ આલાપ એટલે ભગવાનનું ગુહ્ય ભાષણ કર્યું. કેવલવાક્ય ચિત્તને આક્ષેપક થતું નથી, એમ માનીને તેમજ સ્ત્રીઓને અન્ય પ્રકારે પ્રામાણ્યનું જ્ઞાન થતું નથી, માટે પ્રથમ ફલનું નિરૂપણ કર્યું. ભગવાનના વાક્યો સુખને માટે છે તેથી તે સમયે પણ સુખ ઉત્પન્ન કરે છે. તે આલાપો કોઇ વખતે બન્ધ-વગેરેના બોધક હતા, તથા લીલાના ઉપયોગી હતા. તેમાં વિલાસ છે. તેના બીજા ભેદો ઉત્તાનકમાં ગ્રામ્ય વગેરે છે. તે પૂર્વે કરાયેલા તમ: સત્વ અને રજોરૂપથી ત્રણ પ્રકારનું ચિત્ત આક્ષિપ્ત બન્યું. અર્થાત્ આજે વ્યગ્રચિત્તવાળાં તે થયાં આથી તાપને પ્રાપ્ત ન કર્યો એ ભાવ છે. તેઓ પ્રમદા હોવાથી બાહ્ય અને અન્ત: અનુસંધાનના હેતુરુપ ઉત્કટ ભાવ અહિંયા તેમનામાં છે તેથી પ્રભુની લીલાનું પ્રાકટ્ય યોગ્ય છે એવો ભાવ છે. વળી પ્રમદા હોવાથી તેમનામાં અત્યન્ત મદ સ્વાભાવિક હોય છે જ. નહિ તો દાસ્યભાવથી તેઓ પ્રચ્યુત થાય નહિ. તે વખતે કેવલભગવાનની લીલા પોતાને અનુપયોગિની હોવાથી હમણાં અનુભવાઇ નહિ. માટે લક્ષ્મીપતિની લીલાનું ગ્રહણ કર્યું. એક ભગવાનની ઘણી ચેષ્ટાઓ છે માટે જુદી જુદી એમ મૂળમાં કહ્યું છે. શંકા - દાસીઓ ભગવાનના ધર્મને પ્રકટ કરે તેનો નિષેધ કર્યો છે. ઉત્તર - તેઓ તદાત્મક છે, ભગવાન જ તેમના આત્મામાં છે તે રીતે સ્ફુરિત થયા છે. માટે ભગવલ્લીલાનું ગ્રહણ તાપનું નિવારક છે એ ઉદ્દેશથી અહિયા કહ્યું છે આનો વિચાર આગળ કરવામાં આવશે અને ક્રમના હેતુપણાને કહીશું.

### ભગવાનની ચેષ્ટાનું અનુકરણ : ત્રણ પ્રકારની ચેષ્ટા : ભગવદ્ધર્મોના અનુકરણનું કારણ : તેમનામાં ભગવદ્ધર્મોનો આર્વિભાવ

**વિવેચન** પ્રભુને નહિ જોવાથી હૃદયમાં પરિતાપ થયો, અને તેને પરિણામે પ્રભુ માટેનો ભાવ ઉત્પન્ન થયો અને લીલા દ્વારા પ્રભુનું દર્શન કરવાનો નિશ્ચય કર્યો. આ ગોપીઓ ભગવાનની ત્રણ પ્રકારની ચેષ્ટાઓથી વશ થયાં હતાં. આ ત્રણ પ્રકારની ચેષ્ટાઓ તે કાયિક, વાચિક અને માનસિક છે. ભગવાન સંબંધી આ ત્રણ

ચેષ્ટાઓ કરવાથી તેમનામાં ભગવાનનો ભાવ ઉત્પન્ન થયો. કેટલીક ચેષ્ટાઓ શરીરથી કરી, કેટલીક વાણીથી કરી બતલાવી અને કેટલીક મનથી વિચાર દ્વારા અનુભવી. પણ આ દરેક ચેષ્ટામાં પ્રભુના ભાવનું જ અનુસંધાન તેમણે કર્યું. ગતિ એ કાયિક ચેષ્ટા છે, અનુરાગ, હાસ્ય તથા વિભ્રમપૂર્વક ઈક્ષણ (દર્શન) તે ઇન્દ્રિયો સહિત મનની ચેષ્ટાઓ છે. આ ચેષ્ટાઓ ઇન્દ્રિયોદ્વારાજ થાય છે. મનોરમ આલાપ તે વાચિક ચેષ્ટા છે. ગમે તેવા શબ્દો બોલવાથી આ ચેષ્ટા બનતી નથી, પણ મનને પ્રસન્ન કરે તેવા આવા પ્રિય શબ્દો તો પ્રભુ જ બોલી શકે છે, તો પણ પ્રભુની તે ચેષ્ટાનું અહિંયા અનુકરણ આ ગોપીજનો કરે છે. મન તથા ઇન્દ્રિયોથી તેઓ ભગવાનનું તથા તેમનાં ધર્મોનું ચિંતન કરવા લાગ્યાં. મનોહર વાકયોથી વાચિક ચેષ્ટા કરી. આ ચેષ્ટાથી પણ તેમને મોહ થયો કારણકે તે વાક્યો સાધારણ નહોતાં પણ મનને પ્રસન્ન કરે અગર હરણ કરે એવાં હતાં. પ્રિયની સાથે કરેલી ગુપ્ત ગોષ્ઠી અગર વાર્તાલાપ કોના ચિત્તને આકર્ષતા નથી તથા આનંદ આપતા નથી ? ભગવાનના ગુહ્ય ભાષણે તેમના ચિત્તને આકર્ષ્યું હતું. ભગવાનના વાક્યો સુખ આપનાર છે. કારણકે ભગવાનની વાણી પણ ભગવત્સ્વરૂપ છે. તો પછી તેમની વાણી પણ આનંદરૂપ હોય તેમાં શું આશ્ચર્ય ? અને તેથી અન્યને મોહ પમાડીને સુખ આપે જ. આ સિવાય વિહાર તથા વિલાસથી પણ તેમનું ચિત્ત મોહ પામેલું હોવાથી તે સમયે તેમના અંદરના તાપને ભૂલી ગયા અને પ્રભુની ચેષ્ટા જનિત સુખનો અનુભવ કરવા લાગ્યા. આ ગોપિકાઓ પ્રમદા હતી એટલે તેમનામાં મદ ઘણો હોય જ. જો આ પ્રમાણે ન હોય તો અમે ભગવાનની દાસીઓ છીએ તે ભાવનું ખણ્ડન થાય નહિ. ભગવાને તેમની સાથે રમણ કર્યું અને તેથી તેમને જે માન થયું તેનું કારણ એ છે કે તેમનામાં મદ અતિશય હતો. નહિ તો તે રમણથી તેમનો દાસ્યભાવ કાયમ જ રહ્યો હોત. ઈશ્વરના ધર્મો દાસીમાં નિષેધ-કર્યા છે, પણ આ ગોપિકાઓ તો ભગવાનને જ પોતાનો આત્મા સમજતાં હતાં. આથી તે ધર્મો તેમનામાં સ્ફુરિત થયા એમાં કંઇ અયુકત નથી. આ રીતે તેમનામાં ભગવાનના ધર્મોનો આવિર્ભાવ થવાથી તેમણે ભગવાનની લીલાનું ગ્રહણ કર્યું. આ લીલાના ગ્રહણનો ઉદ્દેશ ભગવાનના વિયોગથી અંતઃસ્થિત કામના તાપનું નિવારણ કરવાનો જ છે. આ વાત અહિંયા સંક્ષેપમાં જણાવી છે.

ઉત્તમ પ્રકારના પ્રણયનું દૃષ્ટાંત ગજરાજ અને હાથિણી પુરું પાડે છે. આ ગોપિકાઓ ભગવાનના બાહ્ય પ્રકટ રૂપનેજ મુખ્ય ગણતાં હતાં, આથી પ્રભુ તેમના હૃદયમાં બિરાજ્યા છે એમના અંતરમાં છે એ વિચાર તેમને આવ્યો નહિ. તે જો વિચાર હોય તો પછી આનંદસ્વરૂપ પ્રભુનો અનુભવ કરવાને જે તાપ થવો જોઇએ

તેમાં અંતરાય નિવડે અને તેમ થવાથી તેઓ ફલથી વિમુખ જ બને. આથી જો કે પ્રભુ તેમના હૃદયમાં બિરાજતા હતા તો પણ તેમણે પ્રભુને પોતાની સમક્ષ ન જોયા એટલે તેઓ આકુળવ્યાકુળ થઇ ગયા. પ્રભુ હમણાં અત્યાર સુધી તેમની સાથે વાતો કરતા હતા, પણ હવે તે કેમ એકાએક અંતર્ધાન થઇ ગયા તે વસ્તુ એ સમજી શકયા નહિ. આથી મૂઢની માફક પ્રભુની પ્રાપ્તિ માટે સંતાપ કરવા લાગ્યાં. જેમ હાથિણીઓ ટોળીના પાલક મહામત્ત ગજને ન જોવાથી ખિન્ન થાય છે તેમ આ ગોપીઓ, ખિન્ન થયાં. ગજરાજ હાથિણીઓનો પતિ છે એટલું જ નહિ પણ તેમનો પાલક છે. ભગવાન પણ આમના સ્વામી છે એટલું જ નહિ પણ પાલક છે જે પાલક હોય તે દરેક વિપત્તિના સમયે આશ્રિતનું રક્ષણ કરે જ. આ સ્વામિનીઓ રાત્રિના સમયે વનપ્રદેશમાં ઉભેલા હતાં. તે વખતે કાલ અને સ્થાનના ભયથી તે ડરી ગયા હતાં. તે સમયે પોતાના પાલક પ્રભુ પોતાની પાસે ન હોય તો તેમને અતિશય સંતાપ થાય તે સ્વાભાવિક છે. હાથિણીઓની શોભા ગજરાજથી છે. તેઓ ગમે તેટલી હોય પણ તેમનું રક્ષણ કરનાર ગજરાજ ન હોય તો તે કંઇ પણ કરી શકે એમ નથી, તેવી જ રીતે આ સ્વામિનીઓ ઘણાં હતાં પણ તેમના પાલક પ્રભુ તેમની નિકટ ન દેખાયા તેથી તેઓ એકલાં આ રાત્રિની ભયંકરતાને શી રીતે દૂર કરી શકશે તેવા વિચારથી ડર્યા, અને પ્રભુને નહિ જોવાથી તપ્ત થયાં.

પછીથી ભગવાનના સ્વરૂપનો સ્વીકાર કર્યો.

**मूलम्-** गतिस्मितप्रेक्षणभाषणादिषु प्रियाः प्रियरथप्रतिरूढमूर्तयः
असावहं त्वित्यबलास्तदात्मिका न्यवेदिषुः कृष्णविहारविभ्रमाः ।। ३ ।।

**अन्वयार्थ** - ભગવાનની ગતિ, હાસ, પ્રેક્ષણ અને ભાષણ વગેરેમાં જેમને પ્રિય ભગવાનની મૂર્તિ પ્રતિરૂઢ થઇ છે એવી અને તદાત્મિકા (ભગવાન જ અમારો આત્મા છે એમ માનનાર), કૃષ્ણના વિહાર અને વિલાસયુકત તે ગોપિકાઓ ''હું ભગવાન છું'' એમ જણાવવા લાગ્યાં.

**श्रीसुबोधिनी** - ભગવદ્ધર્મો જો પોતામાં આવે છે તો એક સ્થળે ઉભય ધર્મ વિરુદ્ધ હોવાથી, ભગવાનને વિષે તે ધર્મોનો આરોપ કર્યો. તે શરીર, વાણી, મન અને દ્રષ્ટિ એ ચારના ચાર પ્રધાન ધર્મો હોય છે. તે સર્વ ધર્મોમાં તેમની મૂર્તિ પ્રતિરૂઢ થઇ. ભગવદ્ધર્મોમાં સ્વમૂર્તિનું આરોપણ કર્યું નહિ તો અન્યોઅન્યના ધર્મના અભિનિવેશના અભાવમાં બરાબર વિલાસ ન થાય તે કહે છે. ગતિકાયિકા ચેષ્ટા છે. સ્મિત માનસ છે, પ્રેક્ષણ ઇન્દ્રિયવિષયક છે., ભાષક વાચિક છે તે વગેરે

જેટલા બન્ધાદિ વિભ્રમો છે તે રતિરૂપ જ છે. તે સર્વમાં પ્રિયના સંબંધીના પ્રિય તેઓ ભોગાવસ્થાને પ્રાપ્ત થયાં અને વિપરીત થઇ અને વિપરીત બન્યાં. રસના આધિક્યમાં સ્ત્રીઓ પુરુષભાવને પ્રાપ્ત કરે છે એમ વાત્સ્યાયનનું માનવું છે. આ હેતુથી જ વિપરીતતાથી આરુઢ સ્વરૂપવાળાં થયા. તેમાં જેમને પૂર્વે ભગવાન અલ્પ અવધાનવાળા હતા તેમની સાથે ભગવાનનો પ્રશ્ન કર્યો, અને અંતર્ધાનના અવધાનવાળાં બીજાં ગોપીજનો ઉત્તર આપનારાં બન્યાં. આ કૃષ્ણ છે હું કૃષ્ણ છું વગેરે અથવા જેને તમે શોધો છો તે હું છું વગેરે ઉત્તરો તે આપતાં હતાં. અન્યની પ્રતીતિ માટે નટ કપટવેષ કરીને પણ એમ કહે છે. પણ આ ક્રીડામાં તેમ નથી. આ ગોપીઓ તો જાતે જે કહે છે તે જ કહેવામાં આવે છે. સ્ત્રીઓ અબલા છે તેથી ભગવાનના રૂપના આવિષ્કારમાં તેઓ બલરહિત છે એ સ્ત્રીપુરુષમાં સ્પષ્ટ ભેદ છે. આમ કહેવામાં પ્રતીરકપણાને લક્ષ્યમાં રાખીને કહે છે કે તેઓ તદાત્મક હતાં. ફક્ત ધર્મીની જ પ્રાપ્તિ હેતુ નથી, ધર્મની પણ છે. કૃષ્ણની પેઠે વિહાર એટલે શરીર, વાણી અને મનનો વ્યાપાર તથા વિભ્રમ એટલે વિલાસો તેમને થયાં.

## અનુકરણ માટે ભગવદ્ધર્મોનું સ્ફુરણ

**વિવેચન** - ભગવાનના ધર્મો ગોપીઓમાં સ્ફુર્યા તે વાતનું કથન અહિંયા ફરીથી કરે છે. ભગવાનના મુખ્ય ધર્મો શરીર, વાણી, મન અને દ્રષ્ટિ વિષે રહ્યા છે આ સર્વ ધર્મોમાં તેમના ચિત્તની એકાગ્રતા થઇ. એટલે તે ધર્મો પોતાના જ છે એમ જાણીને તેનું અનુકરણ તેમણે કરવા માડયું. તેઓ વ્રજની ગોપીઓ છે એ વાતનું તેમને વિસ્મરણ થઇ ગયું. પોતે ભગવાન જ છે એવો ભાવ અત્યારે તેમને સ્ફુરિત થયો. જો કોઇ ગોપી કહે કે હે સખીઓ, તમે અમારા પ્રિય ભગવાનને જોયા છે ? ત્યારે બીજી કહેતી કે હા, જે ભગવાનને તમે શોધો છો, તે હું જ છું આ રીતે તેમનામાં બ્રહ્મભાવ સ્ફુર્યો.

પોતે અંશ અને ભગવાન અંશી છે - તે અંશીના ધર્મોનું સ્ફુરણ અંશમાં થયું. ઐશ્વર્યાદિ ભગવાનના છ ગુણો તિરોધાન થવાથી જીવ દીનતા, દુઃખાદિ ભોગવે છે, પણ જયારે ભકિત દ્વારા તાપ અને વિરહનો અનુભવ તે જીવને થાય છે ત્યારે જ તેનામાં તિરોભૂત આનંદ પ્રકટ થાય છે. આનંદ પ્રકટ થતાં તે પોતાના અંશીના ધર્મને પ્રાપ્ત કરે છે, અને તેની સાથે સાયુજય મેળવે છે. ભગવદ્ધર્મનો આવિષ્કાર જો બરાબર સ્ફુરિત થાય તો જ તે મૂળ રસરૂપને પ્રાપ્ત કરી શકે છે, અને ભજનાનંદના પરમ ફળની પ્રાપ્તિને માટે અધિકાર મળે છે. માટે અહિંયા

ભગવાને તેમને તાપ વિરહ અને કલેશનો આનંદ કરાવ્યો. પ્રથમ ધર્મના ધર્મીમાં તેમની આસિકત બની અને તે ધર્મોનો પોતામાં જ સાક્ષાત્કાર કર્યો.

### કામશાસ્ત્રાનુસાર ભાવવૈપરીત્ય

કામશાસ્ત્રનો એવો સિદ્ધાંત છે જયારે રસનું આધિકય થાય છે જયારે રસ બરાબર જામે છે ત્યારે સ્ત્રીઓ તેમાં પુરુષત્વની ભાવના કરે છે. તેઓ સ્ત્રીઓ નથી પણ પુરુષ છે એવો ભાવ તેમને ઉત્પન્ન થાય છે. અહિંયા ગોપિકાઓને તે ભાવ ઉત્પન્ન થયો. પુરુષરૂપ ભગવાનમાં પુરુષ તરીકે અંશો પ્રકટ કરી શકે તે માટે તે ભાવ તેમને થાય છે. માટે ગોપીઓ સ્ત્રીઓ હતી છતાં તેમનામાં ભગવાનની ઈચ્છાથી વિપરીત પુંભાવરૂપી ભગવદ્‌ભાવ ઉત્પન્ન થયો. હવે આ ગોપીઓએ ભગવાનની ચેષ્ટાનું અનુકરણ કરવા માંડયું. કેટલીક પ્રશ્ન પૂછતી હતી, અને તેના ઉત્તર આપતી હતી. સ્ત્રીઓ અબલા હોવાથી ભગવાનના સ્વરૂપનો આવિષ્કાર કરવામાં તેમનું બળ હોતું નથી. તો પછી હું કૃષ્ણ છું એમ જે તેઓ કહે છે તે શી રીતે સંભવે ? આ શંકાના સમાધાનમાં જણાવ્યું છે કે તે ગોપીઓ ભગવાનને પોતાનો આત્મા જાણતી હતી. એટલે સંપૂર્ણ ભગવદ્‌ભાવ તેમનામાં સ્ફુરિત થયો હતો. ધર્મી ભગવાનની પ્રાપ્તિ માટે તેમનો ધર્મોનો સાક્ષાત્કાર પોતે કર્યો અને તે રૂપથી પોતે ચેષ્ટાઓ કરવા લાગ્યાં.

આ રીતે ભગવાનના ઉદ્દેશથી તાપલીલા કરી. તેમનામાં સંબંધ કહીને પ્રથમ તાપની નિવૃત્તિને માટે અન્વેષણ તેમણે કર્યું એમ કહે છે. ગુણોની માફક આ ક્ષણના પણ અન્યોન્ય ઉપમર્દનથી ભગવાનની ઈચ્છાથી આવિર્ભાવ થાય છે, આથી પ્રથમ દૃષ્ટિએ પરસ્પર કાર્યમાં પ્રતિબન્ધકતા નથી માટે જયારે પ્રપંચનું સંવેદન થાય ત્યારે તેમણે પૂછયું તે કહે છે.

**मूलम्-** गायन्त्य उच्चैरमुमेव संहताः विचिक्युरुन्मत्तकवद्वनाद्वनम् ।
पप्रच्छुराकाशवदन्तरं बहिः भूतेषु सन्तं पुरुषं वनस्पतिम् ।। ४ ।।

**अन्वयार्थ** ભગવાનનું ઉંચેથી ગાન કરતાં તે બધા એકઠાં થઈ ગયાં અને ઉન્મત્તની માફક એક વનમાંથી બીજા વનમાં તેમને જ શોધવા લાગ્યાં. આકાશની માફક સર્વ પદાર્થોમાં અંદર અને બહાર રહેલા ભગવાન સંબંધી તેઓ વનસ્પતિને પૂછવા લાગ્યાં.

**श्रीसुबोधिनी** પ્રથમ મિશ્રભાવથી ગાવા લાગ્યાં. ધૂમની પેઠે લોકમાં શબ્દ બાહ્ય અને અભ્યન્તર યોગથી પ્રકાશે છે અને તારતમ્યને પામે છે આ હેતુથી જ અહિંયા ધર્મિધર્મોના આધિકયથી જ્ઞાન ઉત્તમ છે, જેમ ભગવાનના ગાનથી તે બધા જાતે આવ્યાં

અને એકઠાં થયા તે પ્રમાણે ભગવાનના આગમન માટે સ્ફુટ ગાન કરવા લાગ્યા. પોતાથકી તથા અન્યથકી ભાવનું કૃત્રિમત્વ હોવાથી તે એકઠાં મળ્યાં, અને વિશેષ વિજ્ઞાનથી તેમને સ્ફુટ તિરોભાવ સ્ફુરિત થયો. પછીથી ભગવાન કયાં છે તેમ શોધ કરવા લાગ્યાં. તેમા પ્રથમ સર્વાત્મભાવથી તિરોભાવ સ્ફુરિત થયો નહિ, તેથી અન્વેષણમાં પણ અનિયત વૃત્તિવાળા થયા માટે કહે છે. ઉન્મત્તની માફક શોધ કરવા લાગ્યાં. ઉન્મત્ત આ પોતાનું અને આ પારકું એમ વિવેક જાણતો નથી અને વસ્ત્રાદિથી રહિત બને છે. આ અવસ્થાને પ્રાપ્ત થયેલાં તે એક વનથી બીજા વનમાં ગયાં, વળી ફકત અન્વેષણ જ તેમણે કર્યુ એવું નહિ. પણ ઉન્મત્તની માફક પૂછવા લાગ્યાં. શુક ભગવાનના સ્વરુપને જાણનાર હોવાથી આનંદરુપ જેના હાથ પગ મુખ અને ઉદર વગેરે કેવળ આનંદરૂપ છે એવા કૃષ્ણને સર્વત્ર આવેલા જુએ છે. જો ભકિતસહિત જ્ઞાનનો આવિર્ભાવ થાય તો અન્ય પણ જોઇ શકે. કારણકે તેથી સર્વત્ર તિરોધાનનો નાશ થાય છે. તેવા ભગવાનને આ ગોપિકાઓ પરિછિન્ન (મર્યાદિત) માનીને પૂછે છે. આ તેમના અજ્ઞાનનું કથન કરવાને કહ્યું છે. આકાશની માફક અંદર અને બહાર ભૂતોમાં તે સ્થિત છે માટે બાહ્ય અને આભ્યન્તરના વિવેકના હેતુરૂપ આકાશનું પૂર્વ નિરુપણ કર્યું. તેની માફક આ પણ છે માટે જ આકાશ એ બ્રહ્મનું લિંગ છે. તેવા બ્રહ્મ જે સર્વત્ર વ્યાપેલા છે. છતાં ન જોવાથી પોતાનામાં હશે એ વિચારનો ત્યાગ કરીને, ચેતનોને નહિ પૂછતાં સ્થાવરોને પૂછે છે. વનસ્પતિને પૂછ્યું. તે વૈષ્ણવો છે. મૂઢ છતાં પણ વૈષ્ણવો જ વિષ્ણુની ગતિને જાણે છે. અત્યંત નિપુણ હોય પણ અવૈષ્ણવ હોય તે જાણતા નથી.

## ગાનથી લીલાનો આરંભ : ભગવાનને નિરાકાર સમજનાર લીલાનો અધિકારી થતો નથી : ગોપીજનની ઉન્માદાવસ્થા

**વિવેચન** જુદા જુદા ભાવવાળી ગોપીઓએ અંતર્ધાન થયેલા પ્રભુના પ્રાકટયને માટે ગાન કર્યુ. આનંદસ્વરૂપ પ્રભુનું પ્રાકટય પૂર્ણ સાધનવાળાને પણ દૂર્લભ છે. અર્ધજવલિત કાષ્ઠમાંથી જેમ ધુમાડો નીકળે છે તેમ વિરહાગ્નિથી જવલિત થયેલા તે ગોપીજનોએ ગાન કર્યુ અને પછી ભગવાન કયા હશે એમ કહીને શોધ કરવા લાગ્યા. જો કે જેમ શર્કરા અગર સૈન્ધવ જળમાં લીન થાય છે ત્યારે તે મૂળરૂપમાં પ્રત્યક્ષ દેખાતાં નથી, તેમ અહિંયા રસાત્મક ભગવાન તેમની મધ્યમાં લીન થયેલા હોવાથી તે પ્રત્યક્ષ જોઇ શકયા નહિં, તેમણે તો એમ જ ધારી લીધુ કે ભગવાન આપણી મધ્યમાં નથી. કારણકે જો હોય તો આપણને પ્રત્યક્ષ દેખાવા જોઇએ જ. શા માટે આપણે ન જોઇ શકીએ ? આમ વિચાર કરીને બહિ:સંવેદનથી ભગવાનને બહાર શોધવા લાગ્યાં. ભગવાન તો વસ્તુત: આકાશની માફક સર્વ

ભૂતોમાં બહાર અને અંદર વ્યાપી રહેલા છે, પણ અહિંયા તો તેમણે એવું જ માન્યું કે ભગવાન અંદર નથી પણ બહાર જ છે. આથી તેઓ બહાર શોધવા લાગ્યા. અહિંયા ભગવાન સર્વ ભૂતમાં વ્યાપ્ત છે એમ કહ્યું છે. ભૂતશબ્દ ભાષામાં નપુંસક લિંગનો છે. આથી એવો આશય પ્રકટ કર્યો છે કે જેમ કોઇ બાયલાને પુરુષની પાસે હોય તો પણ તેને રસોત્પત્તિ થતી નથી, પણ સ્ત્રીઓને જ થાય છે, તેમ જો કે ભગવાન સર્વ પદાર્થમાં છે છતાં પણ તે તે પદાર્થોને ભગવાનની રસાત્મકતાનું ભાન થતું નથી. આ જ્ઞાન તો ફકત વ્રજસીમન્તિનીઓને જ થયું છે. અથવા તો બહિર્ભૂત એવો એક આખો શબ્દ લેવો તેનો અર્થ ભકિતમાર્ગથી વિમુખ બહિર્ભૂત જીવો થાય છે. બહિર્ભૂત જીવોમાં ભગવાન છે, પણ તેઓ ભગવાનને નિરાકાર સમજે છે, આથી તેમને આ સ્વરૂપ બહાર પ્રકટ થતું નથી, પણ આ ગોપીજનો તો ભકિતમાર્ગિય છે અને તેમને આ સ્વરૂપનાં પ્રત્યક્ષ સાકાર સ્વરૂપે દર્શન કરવાં છે. એ દર્શન તેમને નહિ થવાથી, તેઓ સર્વત્ર વનસ્પતિઓને પ્રથમ પૂછે છે હવેથી ગોપીઓની ઉન્માદઅવસ્થા તેમાં પ્રગતિની સૂચક છે. પ્રેમ વિયોગમાં સામાન્યત: સ્નેહનું રૂપ ધારણ કરે છે, પછીથી આસકિતની સ્થિતિ થાય છે. ત્યાર પછીથી વ્યસન અને છેવટે તન્મયતા બને છે. સ્નેહથી પરસ્પર હૃદયોનું આકર્ષણ થાય છે, જેમ લોહચુંબકની પાસે કોઇ પણ વસ્તુ મૂકી હોય અને તે તેને પોતાના તરફ આકર્ષે છે તેમ સ્નેહથી હૃદયનું આકર્ષણ બને છે. આ સ્નેહની ચાર અવસ્થા હોય છે. દગ્રુચિ, સ્મૃતિ, અભિલાષા અને ઉદ્વેગ. દ્ગરુચિ એટલે નેત્રપાત એક બીજાની દ્રષ્ટિનું મળવું. દ્રષ્ટિ મળવાથી સ્નેહનું બીજ રોપાય છે, પછીથી પ્રેમપાત્ર દૂર થતાં તેનું સ્મરણ થાય છે. પછી તેને મળવાની અભિલાષા હૃદયમાં ઉદ્‌ભવે છે. આ અભિલાષા પૂર્ણ ન થવાથી ઉદ્વેગ થાય છે. આ પછી આસકિતમાં તો હૃદય પોતાના પ્રેમપાત્રને જ વળગી રહે છે તેનાથી દૂર જવું ગમતું જ નથી. આખો દિવસ તેના જ વિચારો થયા કરે છે. જેમ ચાતકની દ્રષ્ટિ ચંદ્ર પ્રતિ જ રહે તેમ અહિંયા પણ તેની સાથે અનન્યતા બની આવે છે. તેના વગર ચાલી શકતું નથી. આસકિતની ત્રણ સ્થિતિઓ અનુભવાય છે. વ્યાધિ, પ્રલાપ અને ઉન્માદ. પ્રિયને મળવાની અત્યંત અભિલાષા થાય છે પણ તે પૂર્ણ નહિ થવાથી હૃદયમાં ઉદ્વેગ બને છે. આથી વ્યાધિ શરુ થાય છે. વ્યાધિમાં ગમે તેમ બોલે છે. બોલવામાં ભાન રહેતું નથી, ઉચ્ચાર પણ સ્પષ્ટ થતા નથી, વાણીમાં વિકૃતિ દેખાય છે. આ સ્થિતિમાં તે એકદમ ગાંડો થઇ જાય છે. અમુક બોલવું કે કેમ, અમુક કરવું કે કેમ તેનું તેને ભાન રહેતું નથી. લૌકિક આચાર વ્યવહાર તથા વિવેકને આ સ્થિતિમાં તે તિલાંજલી આપે છે. આ અવસ્થાને ઉન્માદાવસ્થા કહે છે. ત્યાર પછી તે વ્યસનની

દશામાં પ્રવેશ કરે છે. માછલાને જો જળમાંથી છૂટું કર્યું હોય તો તે અલ્પ સમય માટે પણ જીવ ધારણ કરી શકતું નથી. ઉલટું તરફડી તરફડીને તે મરી જાય છે તેમ પ્રભુના વિયોગથી જીવને જીવન ઉપર પણ રુચિ રહેતી નથી. આ દશાની બે સ્થિતિઓ છે - જડતા અને મૂર્છના. પ્રણયીના વિયોગથી પ્રથમ જડ જેવો બની જાય છે, અને પછીથી તદ્દન ભાન જતું રહે છે એટલે મૂર્છાવસ્થા થાય છે. આ સ્થિતિ પછીથી તન્મયતાની દશા પ્રાપ્ત થાય છે. તેમાં મરણસદૃશ સ્થિતિ થાય છે. આવી સ્થિતિએ જયારે વિપ્રયોગ પહોંચે છે ત્યારે પ્રભુ તે જીવનું કલ્યાણ કરવાને પ્રકટ થાય છે, કારણ કે પ્રભુ તો સંયોગ અને વિપ્રયોગ એમ ઉભયદલાત્મક છે. તે ઉભયનો અનુભવ કરવાને પોતે તિરોભૂત થાય છે. જયારે વિપ્રયોગ આ દશાએ પહોંચે છે, ત્યારે પ્રભુ સાક્ષાત્ પ્રગટ થાય છે અને ભકતના મનોરથને પૂર્ણ કરે છે. હજી અહિંયા વિપ્રયોગ એ સ્થિતિમાં પહોંચ્યો નથી. ફકત સ્નેહની સ્થિતિમાંથી પસાર થઇને આસકિતની ઉન્માદાવસ્થામાં અત્યારે પ્રવેશ કર્યો છે માટે હવે ઉન્મત્તની માફક વનસ્પતિને ભગવાનના સમાચાર પૂછે છે. ડાહ્યો માણસ ચેતન અને તેમાં વળી મનુષ્યોને કંઇ પૂછીને સમાચાર મેળવે છે, કોઇ ઝાડને પૂછવા જતું નથી. ઝાડને પૂછનાર લોકમાં ગાંડો કહેવાય છે. અહિંયા આ ગોપીજનો ઝાડને પ્રશ્ન પૂછે છે તેથી તેમની ઉન્માદાવસ્થા સિદ્ધ થાય છે.

તેમાં પણ પ્રથમ વિષ્ણુ, બ્રહ્મા અને શિવના ભાવને લોકમાં પ્રાપ્ત થયેલા અશ્વત્થ, પ્લક્ષ, વડને પૂછે છે.

**मूलम्-दृष्टो वः कच्चिदश्वत्थ प्लक्ष न्यग्रोध नो मनः । नन्दसूनुर्गतो हृत्वा प्रेमहासावलोकनैः ।**

**अन्वयार्थ--** હે પીંપળ ! પ્લક્ષ ! અને વડ ! ભગવાને પ્રેમપૂર્વક હાસ્યસહિત અવલોકન કરીને અમારા ચિત્તને ચોરી લીધું છે તો તે કયાં ગયા છે તે તેમ જાણો છો ?

**શ્રીસુબોધિનીજી** અશ્વત્થ (પીંપળો) એ વૈષ્ણવ વૃક્ષ છે. વિષ્ણુની માફક લોકમાં સન્માનને યોગ્ય છે. માટે ઘણું કરીને આ જાણશે તો પણ સ્તબ્ધ પોતે ઉત્તમ છે એમ માનતો હોવાથી નહિ જાણે. જાણશે તે માટે તેના કારણરૂપ નામને કહે છે. તેનામાં અશ્વ સ્થિત છે માટે તેનુ નામ અશ્વત્થ છે. લોકો તો અશ્વમાં (અગ્નિમાં) સ્થિત છે પણ આમાં તો અશ્વ સ્થિત થાય છે. अश्वो रुपं कृत्वा यदश्वत्थेतिष्ठत् इति श्रुते : એવી શ્રુતિ પણ છે. તો 'પ્રાજાપત્ય અશ્વત્થ છે.' એમ હોવાથી તેની અપેક્ષાએ પ્રાજાપત્ય વૃક્ષને પૂછવું જોઇએ. પ્લક્ષને પૂછે છે તેમાં પણ તેના અજ્ઞાનને નામથી કહે છે. આ મનુષ્ય અજ્ઞાનને માટે પાવિત્ર્યના ક્ષારણથી ઉત્પન્ન થયો છે, તેથી અપવિત્ર અને લોકના અજ્ઞાનનો હેતુ છે. તો તે શી રીતે

કહેશે ? પશુથી દેવો સ્વર્ગલોકમાં ગયા. તેઓએ માન્યું કે મનુષ્યો અમારી પછવાડે વિશેષતઃ થશે તેટલા માટે પશુનું મસ્તક તેમણે છેદી નાંખ્યું; અને અપવિત્ર વસ્તુને સર્વ રીતે ટપકાવવા લાગ્યું. એવી શ્રુતિ છે (એટલે આ ટીપાંમાંથી પીપળનું ઝાડ થયું છે, તેથી તે અપવિત્ર છે, માટે કર્મબંધનરહિત વૈષ્ણવધર્મના ઉપદેષ્ટા શિવને પૂછવું જોઇએ માટે તે રૂપ ન્યગ્રોધને વટવૃક્ષને પૂછે છે.) તેનામાં પણ દૂષણ છે. તેના અગ્રભાગ અતિશય નીચે છે. આથી આખરે તે હીનભાવને પ્રાપ્ત થાય છે, આગળ ગમનમાં હેતુ થશે. અમારા સંબંધીને તમે જોયા હતા ? 'અમે પહેલા તેમને જોયા છે અગર સર્વદા જોયા છે, પણ તમારે શું છે ? એવું જો તે પૂછે તો કહે છે કે તે અમારા મનને ચોરી ગયા છે, જો એમ કહેવામાં આવે કે તે વિષ્ણુ છે તો ચોરી શી રીતે કરે તે કહે છે. ઉત્તર - તે નન્દના પુત્ર છે. નન્દના પુત્ર થયા હોય તો તે કાર્ય તેમણે કરવું જોઇએ. દહિં દૂધ વગેરેની ચોરી કરે છે તો મનની ચોરી પણ અત્યન્ત વિરોધી નથી. અથવા પોતાના ભર્તાનું નામ ન દેવું જોઇએ અને તેથી અહિંઆં નન્દસુનું કહ્યું છે) માટે મનહરણ કામ સુધી પ્રભુ પુત્ર છે એમ જ્ઞાન થયું નથી. નહિ તો ભોગનો ત્યાગ કરીને શી રીતે જાય ? શંકા-અન્તઃસ્થિત મનનું ગ્રહણ શી રીતે કરે ? ઉત્તર-મન ત્રણ પ્રકારનું છે, ત્રણ ધર્મોથી તેનું ગ્રહણ કર્યું છે, તે પ્રેમ, હાસ અને અવલોકનથી, પ્રેમપૂર્વક હાસ સહિત અવલોકન મનનું હરણ કરે છે. આથી તમસ, રજ; અને સત્ત્વભાવની ઉક્તિ કરી છે. પ્રેમથી અંતઃપ્રવેશ, હાસ્યથી ગ્રહણ, અને અવલોકનથી હરણ કર્યું એમ કહે છે.

સરખાવો નીચેના વિચારો

"The vegetable kingdom in its varied flowers, foliage, slems and graceful and delicate expansions, in its playful branches and gentle movements, and in its multiplied fruits and useful products of numerous sorts, and of the univeral application, displays a peculiar goodness, liberality and kindness in the divine mind towards. His human race, a desire to please, to interest and to amuse us with the most inncoent, continual, accessible and gratifying enjoyments.: **Turners' Sacred History**

## વૃક્ષોને પૃચ્છા

**विवेचन** પ્રભુના અન્વેષણ માટે તે ગોપીઓ પ્રથમ સ્થાવર વનસ્પતિને પૂછે છે. આ વનસ્પતિ વૈષ્ણવ છે. પ્રથમ તેમણે પ્લક્ષ, પીંપળ અને ન્યગ્રોધ (વડ) એ ત્રણં દ્રુમને પૂછે છે. અશ્વત્થની પાસે આવીને તેને કહે છે હે અશ્વત્થ, તે અમારા

અવલોકન કરીને તેને હરીને ચાલ્યા ગયા. આ રીતે અન્તસ્થિતઃ મનને ભગવાન હરી ગયા છે. એમ ગોપીઓ કહે છે. આ રીતે અશ્વત્થ, પ્લક્ષ અને ન્યગ્રોધને ઉન્માદાવસ્થામાં ભગવાનના અન્વેષણમાં પરાયણ બનેલાં તે ગોપિકાઓ પૂછે છે. પણ અશ્વત્થ પોતે મોટો છે એવું એને અભિમાન થયેલુ હોવાથી, પ્લક્ષ એ અપવિત્ર હોવાથી અને ન્યગ્રોધ હીનભાવને પ્રાપ્ત થયેલો હોવાથી, તેમને પ્રભુસંબંધી જ્ઞાન નહિ હોય એમ તેઓ કલ્પના કરે છે. અર્થાત્ જેઓનામાં અહંકાર હોય, જેઓ અપવિત્ર હોય અને જે હીનભાવને પ્રાપ્ત થયા હોય. તેમને ભગવાનનું જ્ઞાન થઇ શકતું નથી એવો અર્થ સૂચવાયો છે.

**मूलम्-**कच्चित्कुरबकाशोकनागपुन्नागचंपकाः । रामानुजो मानिनीनां गतो दर्पहरस्मितः ।। ६ ।।

**अन्वयार्थ-** હે કુરબક ! અશોક ! નાગકેસર ! પુન્નાગ અને ચંપક ! માનિનીઓના દર્પનું હરણ કરનારૂ જેનું હાસ્ય છે એવા રામના નાના ભાઇ (કૃષ્ણ) અહિંથી ગયેલા તમે જાણો છો ?

**श्रीसुबोधिनीजी** તેમણે ઉત્તર ન આપ્યો. તેથી તેમણે માન્યું કે અમુખ્ય ફલવાળાં જે છે તે મહાન્ છતાં પણ કાકને સેવ્ય છે. જે મોટાં પુષ્પોવાળાં તથા સુગન્ધયુકત છે તેમને પુછીશું એમ વિચારીને કુરબક વગેરેને પુછે છે. કુરબક અને અશોક કામના ઉદ્દીપકો છે. આ પુષ્પો કામનાં બાણરૂપ છે. નાગ એટલે નાગકેસર- તે પુન્નાગ અને ચંપક અતિસુગન્ધયુકત પુષ્પોવાળાં છે. તે કામીનું વ્યાવર્તન કરે છે. માટે આ પાંચ પણ જાણશે. રામના નાનાભાઇને તમે જોયા છે. એમ પૂછે છે. પૂર્વની માફક અહિંઆં પણ પ્રયોજનનું કથન કર્યું છે. તેમનું હાસ્ય માનિનીઓના દર્પને હરનાર છે. ભગવાન્ નકામા અહિંથી ચાલી ગયા છે, કારણ કે ફકત એમના હાસ્યથીજ અમારા દર્પનું ખણ્ડન થાય છે તો ગમનથી શું ? તેમને ભય નથી કારણ કે તે રામના નાના ભાઇ છે. બલદેવના ભ્રાતા છે. ભર્તાનું નામ કહેવું ન જોઇએ માટે રામાનુંજ કહ્યું છે. અમે સર્વે માનિનીઓ છીએ, માટે અમારા દર્પનું દમન કરવાનેજ પધારી ગયા છે, પણ આ વૃક્ષોએ કૃષ્ણને જોયા નથી. આ કુરબકનો રવ કુત્સિત હોવાથી તેનું સુખ તેમાં છે. પોતેજ રુદનપ્રિય છે. અશોક શોકનાશક છે. તે પણ કોઇને સુખ આપતો નથી. આ નાગ તો તેના નામથીજ ભયાનક છે. ગજપક્ષમાં પણ પુરુષોમાં પણ તે નાગ છે. ચંપક પણ પરિણામે વિરસ છે. અને આ સર્વે અફળ છે.

## પીંપળો વગેરેને પૂછપરછ ભગવાનને રામાનુજ તરીકે સંબોધવાનું કારણ

**विवेचन --** અશ્વત્થ, પ્લક્ષ અને ન્યગ્રોધને પ્રથમ પ્રશ્ન પૂછયો પણ તેમણે કંઇએ ઉત્તર આપ્યો નહિ ત્યારે ગોપીઓ સમજયાં કે એ મોટાં છે પણ છતાં એ ખોટાં છે. તેમનાં ફળ પુષ્પ વગરનાં છે માટે બીજાં સુગન્ધયુકત પુષ્પ સહ ફુલવાળાં મોટાંને પૂછીશું તો કદાચ ભગવાનની ખબર આપશે. માટે તેઓ ત્યાંથી આગળ ચાલ્યાં અને વનમાં કુરબક, અશોક, નાગ, પુનાંગ તથા ચંપકને જોઇએ તેમને સંબોધન કરીને ભગવાનની ખબર પુછવા લાગ્યાં. આ વૃક્ષોના પુષ્પોને કામશાસ્ત્રમાં કામનાં બાણ કહેલાં છે. તે કામનાં ઉદ્દીપક છે. તેમને ગોપીઓ પુછે છે ''ભલાં વૃક્ષો! તમે અમારા પ્રિય ભગવાન, બલદેવના નાના ભાઇને જોયા છે ? એ ભગવાન કેવા છે તો કહે છે, તેમનું સ્મિત માનિનીઓના દર્પનું હરણ કરનાર છે. આ ઈંગિતજ્ઞાનથી અમે જાણીએ છીએ કે તમે ભગવાનને અહિં થઇને પસાર થતાં ખરેખર જોયા જ હશે. માટે કૃપા કરીને અમને તમે કહો.'' પણ આ વૃક્ષો કંઇ પણ ઉત્તર આપતાં નથી ત્યારે તેમનામાં દૂષણ તેઓ જુએ છે. આ કુરબકે પોતાનું સુખ કુત્સિતરવમાં-રુદન-માંજ માની લીધું છે તો તે અમારા ચિત્તને શી રીતે આશ્વાસન આપે ? પોતે તો રુદનપ્રિય છે. એટલે બીજાને પણ તેવાં જ જોવાને તે ઇચ્છે છે એ સ્વાભાવિક છે એટલે અમારા દુઃખમાં ભાગ લઈને તે અમારાં અશ્રુ શી રીતે લુછશે ? દુઃખી માણસને દુઃખી મળવાથી તેનું દુઃખ ઓછું થતું નથી, પણ તે વૃદ્ધિ પામે છે. અશોક (આસોપાલવ) પણ દૂષણયુકત છે. તેનો સ્વભાવ શોકનો નાશ કરવાનો છે. તે શોકનો નાશ કરે પણ સુખનો દાતા તો બનતો નથી, પણ અમારે સુખ જોઇએ છીએ. ફકત શોકનિવૃત્તિ કશા ખપની નથી. અમારૂ સુખ ભગવાનની પ્રાપ્તિમાં છે. ભગવાન કયાં છે તે અમને ખબર પડે તોજ અમે તેમને પ્રાપ્ત કરી શકીએ પણ એ ખબર તો અમને મળતી નથી તો પછી અમારે તેને પૂછવાનું પ્રયોજન શું ? નાગકેસર તો તેના સ્વભાવથી ભયાનક છે. નાગનો અર્થ સર્પ તથા હસ્તી થાય છે. સર્પ તરીકે તે વિષયુકત હોવાથી ભયાનક છે. હસ્તી અર્થમાં પણ તે ઉગ્ર, પ્રચણ્ડ અને ભયાનક છે. નાગકેસર પણ તેવું છે. તેને જોતાંજ તે ભય ઉત્પન્ન કરે છે. તો પછી તેના તરફથી આશ્વાસનની આશા શા માટે રાખવી ? જે દૂરથી જ ભય ઉત્પન્ન કરે છે તે તેની નિકટ જવામાં શુ અનર્થ નહિ કરે ? માટે તેને પૂછવામાં કંઇ પણ હિત નથી. પુન્નાગ પણ તેવોજ છે; અને આ ચંપક તે તો પરિણામે વિરસ છે. રસિકોજ રસને જાણી શકે છે. વિરસ અગર અરસિક રસમાં શું સમજે ? માટે

આવા વિરસની પાસે રસનું કથન કરવું તે યોગ્ય નથી. તેની આગળ જે કાંઇ રુદનપ્રલાપ વગેરે અમે કરીશું તે વ્યર્થ જશે. આમ સમજીને તે વૃક્ષોનો ત્યાગ કરીને ત્યાંથી એ આગળ ચાલ્યાં.

રામાનુજ શબ્દનો અર્થ ''ત્રિવિધનામાવલી'' પુષ્ઠ ૧૨ માં નીચે પ્રમાણે સમજાવ્યો છે.

**अत्र निरोधेन स्वासक्तिः साध्या । सा स्थायिभावस्य प्रवृद्धौ भवतीति । शृङ्गाररस स्थायीभावो रतिस्तद्वर्धकत्वं स्वरुपधर्मस्तद्धर्मरुपो रामः । अत एव रमयतीति राम इति रतिवर्धकत्वमुक्तं रामस्य । तादृशस्यानुजः अनु पश्चाज्ञायते प्रकटो भवतीत्यर्थ : । रतिवर्धकत्वेन सर्वेषां हृदि रति वर्धयित्वा पूर्वमन्तःप्रकटीभवतीति पश्चाद्बंहिरपीत्याशयेन रामानुजायेत्युक्तम् किंच । रामो वैदात्मकः क्रियाशक्तिरुपस्तमनुलक्षीकृत्य प्रकटो भवतीति यत्र वेदोक्तो धर्म स्तत्र प्रकटीभवतीत्यर्थः । अत एव लीलायां सर्वत्र बलदेवसाहित्यम् ।।**

**भावार्थ --** અહિંઆં નિરોધથી સ્વ આસકિત સાધવી જોઇએ. તે આસકિત સ્થાયી ભાવની પ્રવૃદ્ધિથી થાય છે. શૃંગારનો સ્થાયી ભાવ રતિ છે. તેનો વર્ધક સ્વરૂપધર્મ છે. તેના ધર્મરૂપ રામ છે. માટે જ રમાડે છે તે રામ એ રીતે રામને રતિવર્ધક કહ્યા છે. તેમજ રામના અનુજ એટલે તેમની પાછળ જે જન્મે છે. પ્રકટ થાય છે તે છે. રતિના વર્ધક તરીકે સર્વના હૃદયમાં રતિની વૃદ્ધિ કરીને પ્રથમ અંદર પ્રકટ થાય છે. પાછળથી બહાર પણ પ્રકટ થાય છે. એ આશયથી રામાનુજાય એમ કહ્યું છે. વળી રામ એ વેદાત્મક છે એટલે ક્રિયાશકિતરૂપ છે. તેને ઉદ્દેશીને પ્રકટ થાય છે. જ્યાં વેદોકત ધર્મ હોય છે ત્યાં પ્રકટ થાય છે એવો પણ અર્થ છે, માટે લીલામાં સર્વત્ર બળદેવસહિત હોય છે.

આના પહેલા જણાવેલા વૃક્ષો ફુલ વગરનાં હતાં, આ ફલશૂન્ય છે. ફલ પુષ્પથી જુદા જુદા પ્રકારના વિનિયોગના સંભવથી તેમનું અજ્ઞાન કલ્પીને તુલસીમાં તે ઉભય નથી કારણ કે ભગવદીય છે માટે તેને પૂછે છે

**मूलम् कच्चित्तुलसि कल्याणि गोविन्दचरणप्रिये । सहत्वा लिकुलैर्बिभ्रद्दृष्टस्ते**
**तिप्रियो च्युतः । ७ ।**

**अन्वयार्थ-** હે ગોવિન્દના ચરણની પ્રિય કલ્યાણી તુલસી ! ભ્રમરગણ સહિતતને ધારણ કરનાર, અતિપ્રિય અચ્યુત ભગવાનને તેં જોયા છે ?

**श्रीसुबोधिनीजी** તુલસીને સાખી માનીને, ''તુલસી'' સંબોધન કર્યું છે. તે જો પૂર્વ સંબંધના સ્મરણથી ભકતની પેઠે ભગવાનને ભજે તો રસ પુષ્ટ ન બને એ કારણથી તેને ભગવાનની પત્ની માની છે અને કહે છે હે કલ્યાણિ ! તારામાં

ભકિત મુખ્ય હોવાથી, અમારાથી સરખામણીએ અધિક છે. ભગવાનના ચરણ તને ઘણા પ્રિય છે. ગોવિન્દનાં દર્શન થવામાં તારી પાસે ઉપાય પણ છે. કારણ કે તારા સજાતીય ગોવિંદમાં છે. સજાતીય સજાતીયને માર્ગમાં ઉભેલો જોઇને જાય છે. તે કહે છે. ભ્રમરકુલ સહ, તને ધારણ કરનાર ભગવાનને તે દીઠાં ? વળી ભગવાન તને અત્યન્ત પ્રિય છે. જો આ માર્ગે થઇને ભગવાન પધાર્યા હોય તે જરૂર તે દીઠાંજ હશે.

## તુલસીને પૃચ્છા

**વિવેચન --** ઉપર કહેલા વૃક્ષો કોઇ પણ ઉત્તર આપતાં નથી એટલે તેમનામાં જુદા જુદા દોષો કલ્પીને, ત્યાંથી આગળ જાય છે, અને હવે તુલસીને પાસે આવીને સખી તરીકે તેને સંબોધે છે. તુલસીને અહિંઆં ભગવાનની પત્ની કહી છે. તેને કહે છે હે સખી તુલસી, તું ભગવાનની ભકત છું. તેમના ચરણસરોજમાં તારી અત્યન્ત પ્રીતિ અમે જોઇ છે, તેથી અમને આશ્વાસન મળે છે કે તું કદાચ અમારા દુ:ખમાં ભાગ લઇને અમને આશા આપીશ. હે સખી ! તેં અમારા પ્રિય ભગવાનને જોયા છે ? જો જોયા હોય તો તું અમને કહે અત્યાર સુધી તે અમારી સાથે હતા. અમારી ઇચ્છાને અધીન થઇને તેમણે અમારી સાથે રમણ કર્યું. પણ અમને સ્રીત્વના સ્વભાવથી સ્હેજ માન થયું, એટલે એ પ્રભુ તો અમારી પાસેથી અંતર્ધાન થઇ ગયા ? અમે તેમને શોધીએ છીએ, પણ અમને કંઇ પણ એમના સંબંધી ખબર મળતી નથી. તારી ભગવાનમાં ઘણી પ્રીતિ છે કારણ કે ભગવાન તને ધારણ કરે છે. માટે ખસૂસ તેં એમને જોયા હશે. વળી ભગવાન તને અત્યન્ત પ્રિય છે. તે અચ્યુત હોવાથી ભગવાનનો રસ તારે વિષે ચ્યુત થતો નથી (ઓછો થતો નથી) તારી નિકટ હમેશાં રહે છે. તો તે પ્રભુ અમને કયાં મળશે તે હે સખી તું અમને કહે ?

આ તુલસી અરુચિવાળી થઇને શોકની માફક પોતાનીજ મોટાઇ જણાવે છે તો તે અન્યને શી રીતે કહેશે ? માટે આ સાધારણ સ્રીઓજ અમને તો ઉપકાર કરનાર થશે એમ વિચાર કરીને તેમને પૂછે છે. (અર્થાત્ તુલસી જેવી પોતાની જાતને મોટી સમજનારી ભગવાન્ વિષેની ખબર અમને નહિ આપે, પણ માલતી જેવી લતાઓ જે સામાન્ય સ્રીઓ જેવી છે. જેમને કોઇ પણ મોટાઇ નથી તે જરૂરથી ખબર આપશે) એમ માનીને તેમને પૂછે છે.

**मूलम् मालत्यदर्शिवः कच्चिन्मल्लिके जाति यूथिके । प्रीतिं वो जनयन्यातः करस्पर्शेन माधवः ।। ८ ।।**

**अन्वयार्थ--** હે માલતી ! હે મલ્લિકા ! હે જાઇ ! હે જુઇ ! તમે ભગવાનને દીઠા છે ? કરસ્પર્શથી તમારામાં પ્રીતિ ઉત્પન્ન કરતા ભગવાન અહિંથી પધાર્યા છે ?

**श्रीसुबोधिनीजी** હે માલતી ! જુદા જુદા રૂપવાળાં તમે ભગવાનને જોયા છે ? તેજ પ્રમાણે હે મલ્લિકા, હે જૂઈ વગેરેને પૂછે છે. આ ચાર લતાઓ અતિસુગન્ધયુકત પુષ્પવાળી છે અને તે ભગવાનને પ્રિય છે. માટે જ કરસ્પર્શથી તમારી પ્રીતિ ઉત્પન્ન કરતા પુષ્પોને વીણતા માધવ-લક્ષ્મીસહિત પધાર્યા છે ? ભગવાન માધવ હોવાથી લક્ષ્મીની સાથે રહે છે તેથી તેવા ચૂડાબન્ધન માટે પુષ્પને વીણવાની જરૂર છે.

## માલતી વગેરેને પૂછપરછ

**विवेचन** તુલસીએ પણ તેમને ઉત્તર આપ્યો નહિ, ત્યારે તે સમજ્યાં કે તુલસી ભગવાનની પત્ની છે, અને અમે પણ તેમને તે ભાવથી ભજીએ છીએ, એટલે તુલસીને અમારામાં સપત્નીત્વની આશંકા થઇ હશે-અમે તેની શોકય છીએ એમ તેને જ્ઞાન થયું હશે. આથી તે અમને ભગવાનની ખબર આપતી નથી કારણ કે જો તે ખબર આપે તો જે ભગવદ્રસનું પાન અત્યારે તે કરે છે તેમાં અમે પ્રતિબન્ધક થઇએ; અને તેથી કરીને તેનો જે ઉત્કર્ષ છે તે એકદમ ઓછો થઇ જાય. માટે જ તે કહેવા ઇચ્છતી નથી. જો કે તે જાણે છે જ કે ભગવાન કયા સ્થળમાં છે ? ભલે તે ના કહે, અમારે તેની દરકાર નથી. અહિંઆં નજીકમાં માલતી, મલ્લિકા, યૂથિકા વગેરે સાધારણ લતાઓ છે તે સામાન્ય સ્ત્રી રૂપ છે, તેઓ તુલસી જેટલી ઉત્કર્ષ અગર ગૌરવવાળી નથી, માટે તે જરૂર અમારા દિલની દાઝ જાણશે, અને અમને પ્રભુની ખબર આપશે. આમ સંકલ્પ કરીને તે ગોપિકાઓ આ લતાઓ પાસે આવ્યાં અને તેમને સંબોધીને પૂછવા લાગ્યાં હે માલતી ! હે મલ્લિકા ! હે જાઇ ! હે જુઇ ! તમે અમારા પ્રિય ભગવાનને આ માર્ગે થઇને પસાર થતા જોયા છે ? ભગવાન માધવ હોવાથી હમેશાં લક્ષ્મીની સાથે રહે છે અને તેને પ્રસન્ન કરવાને ઇચ્છે છે. માટે આ સ્થળમાં થઇને પસાર થતી વખતે લક્ષ્મીના ચૂડાબંધન માટે તમારા અતિ સુગન્ધવાળાં પુષ્પોને ભગવાને પોતાના કરથી ચૂટાયાં હશે. કારણ કે તમારાં પુષ્પો ભગવાનને ઘણાં પ્રિય છે. તો તમે ભગવાનને નક્કી જોયા છે. જો જોયા હોય તો તે અમને કયાં પ્રાપ્ત થશે તે તમે અમને કહો, આ રીતે તેમને પૂછે છે.

જો કે આ સ્ત્રીઓ છે તો પણ ફલ વગરનાં છે, તથા અલ્પ છે, સ્વાર્થપર છે, લક્ષ્મીનાં પક્ષપાતી છે તેથી તે બોલશે નહિ એમ જાણીને આમ્ર વગેરે ઉત્તમ વૃક્ષોને પૂછે છે.

**मूलम्** **चूतप्रियालपनसाशनकोबिदार-जम्ब्वर्कबिल्वबकुलाम्रकदम्बनीपाः ।**
**ये न्ये परार्थभवका यमुनोपकूलाः शंसंतु कृष्णपदवीं रहितात्मनां नः ।। ९ ।।**

**अन्वयार्थ** -- હે આંબા ! હે રાયણ ! હે ફણસ ? હે અશર ! હે કોવિદાર ! હે જાંબુ ! હે આકડા ! હે બીલી ! હે બકુલ ! હે આમ્ર (આંબલા) ! હે કંદબ ! હે નીપ ! તથા બીજા યમુનાના કિનારા ઉપર ઉગેલાં પરોપકાર માટે જન્મેલાં વૃક્ષો, ભાન વગરનાં અમને શ્રીકૃષ્ણના માર્ગનો રસ્તો દેખાડશો !

**श्रीसुबोधिनीजी** -- ચૂત અને આમ્ર એ બે મધુર તથા ખાટા રસવાળા છે. તથા જુદા જુદા કાળે ફળ આપનાર છે. રાયણ તો બીજમાં પણ અધિક રસયુકત છે. પનસનાં ફળ મોટા છે. બીજા અસન વગેરે વૃક્ષોમાં પુષ્પ અને ફલ પણ છે. બીજુ શું ? બીજા પણ મધુક વગેરે છે તેમનું જીવન પરાર્થને માટે છે. વળી જો કે સર્વ વૃક્ષોનો જન્મ પરાર્થને માટે છે તોપણ જે યમુનાના તટ નજીક છે તે તપસ્વીની માફક ત્યાં સ્થિત છે. તે અવશ્ય ભગવાનને જુએ છે અને જાણે છે, માટે સદાનંદ પ્રભુનાં પગલાં વિષે તે કહો ! કે જેથી કરીને અમારા હૃદયમાં તે આવે. (આશ્વાસન મળે). દયાને માટે કહે છે અમે ભાન વગરનાં છીએ, કેટલાક ગૃહરહિત, ધનરહિત, દેહરહિત હોય છે, પણ અમે તો આત્મરહિતજ છીએ, માટે સર્વની સરખામણીએ અમે દીન છીએ. માટે કૃષ્ણનાં પગલાંને અમારે માટે તે કહો.

## વૃક્ષોનું પરોપકારી જીવન

**विवेचन--** માલતી વગેરેને પૂછયું તો તેમણે જવાબ ન આપ્યો એટલે તેમણે માન્યું કે તે ફલ વગરની લતામાં છે, વળી તે ન્હાનીઓ છે, અને કેવળ પોતાના સ્વાર્થમાં જ આસકત છે, તેથી તેમને અમારી શું પરવા હોય ? માટે તેમને પૂછવાથી આપણા અર્થની સિદ્ધિ નથી, પૂછવું તો ઉત્તમને જ પૂછવું એમ માનીને આંબા વગેરે વૃક્ષોને હવે પૂછે છે. હવે આંબા, રાયણ, પનસ વગેરે વૃક્ષોને પૂછે છે. ગોપિકાઓ કહે છે હે વૃક્ષો ! તમારૂ જીવન પરોપકારને માટે છે.જે જીવન પરોપકારને માટે છે તે ઉત્તમ છે. જેમાં સ્વાર્થ અને પરાર્થ ઉભય છે તે મધ્યમ છે અને જે ફકત સ્વાર્થરૂપ છે તે અધમ છે. વૃક્ષો પોતાની વૃદ્ધિની ઈચ્છા કરતાં

નથી. આવું જેનું જીવન છે તે જ પરોપકાર કરી શકે. વાયુ, વરસાદ, તાપ અને હિમ તે સહન કરે છે અને આપણું રક્ષણ કરે છે એ પ્રત્યક્ષ છે. આ ઉપકારના બદલામાં કંઇ પણ પ્રત્યુપકારની આશા તેમને નથી. તેમના જીવનમાં સર્વ પ્રાણીઓનું જીવન રહેલું છે. પરોપકારી પુરુષોની માફક આ વૃક્ષોનું જીવન અન્યને ઉપકાર કરવાને માટે છે, માટે ગોપિકાઓ કહે છે કે તેઓ જરૂર અમને ભગવાન સંબંધી ખબર આપીને અમારા ઉપર ઉપકાર કરશે. તેઓ શ્રીયમુનાના તટ નજીક ઉગેલાં હોવાથી, ભગવાનને આ રસ્તે થઇને પસાર થતાં તેમણે જોયા હશે ! તેઓ ખરેખર તપસ્વીઓ છે, અન્યને માટે તાપ-ટાઢ વૃષ્ટિ વગેરે સહન કરે છે. તપસ્વીઓનામાં અદ્‌ભૂત બળ આવી શકે છે, માટે તેઓએ ભગવાનને જરૂરથી જોયા હશે તો હે વૃક્ષો, કૃપા કરીને અમને ભગવાનની ખબર આપો તો જ અમને આશ્વાસન મળશે, અમે ગૃહ, ધન ઈત્યાદિ સર્વનો ત્યાગ કરીને અહિંઆં આવ્યાં છીએ. અત્યારે અમારી સ્થિતિ એવી થઇ (વૃક્ષોનું પરોપકારી જીવન) છે કે અમે અત્યન્ત દીન છીએ. પરોપકારી પુરુષોએ દીનને જોઇને તેમના ઉપર દયા કરવી જોઇએ. માટે હે ભલા વૃક્ષો ! અમને નાશીપાસ કરશો નહિ. અમારા પ્રિય ભગવાનની ખબર અમને કૃપા કરીને આપો.

ભાગવત સ્કધ-૧૦-૧૬-૩૨-૩૪ માં વૃક્ષોના પરોપકારી જીવન સંબંધી શ્રીસુબોધિનીજીમાં સુંદર વિવેચન કરવામાં આવ્યું છે.

આ રીતે અત્યન્ત વિલાપ કર્યો ત્યારે દીનતા તેમને થઇ એટલામાં ભૂમિ ઉપર ભગવાનનાં ચરણારવિન્દને જોયાં. હવે ભૂમિનું સ્તવન કરે છે.

**मूलम्**-किं ते कृतं क्षिति तपो बन केशवांध्रि-स्पर्शोत्सवोत्पुलकिताङ्गैर्विभासि ।
अप्यंध्रिसंभव उरुक्रमविक्रमाद्वा आहो वराहवपुषः परिरम्भणेन ।। १० ।।

**अन्वयार्थ** હે ક્ષતિ ! તે શું તપ કર્યું છે ? કારણ કે કેશવ ભગવાનના ચરણના સ્પર્શના આનંદથી તારાં રોમાંચ ખડાં થાય છે. આ આનંદ ભગવાનના ચરણથી હમણાં થયો છે અગર વામનાવતારમાં ભગવાને પૃથ્વી ઉપર પગ મૂકવાથી અગર વરાહાવતારનાં આલિંગનથી થયો છે કે કેમ ?

**श्रीसुबोधिनीजी** - હે પૃથ્વી ! તે શું તપ કર્યું છે ? અમે પણ તપ તો કર્યું છે છતાં પણ ફળનો અનુભવ કર્યો નથી. સર્વથા પુણ્ય સિવાય ઈષ્ટસિદ્ધિ નથી. ભગવાન સંબંધી તો તે અત્યન્ત પુણ્ય વગર થતી નથી. પોતામાં તેનો અભાવ છે તેની આ શંકા કરીને 'બત' પદથી ખેદ દર્શાવે છે. ફકત આપના પાદનો

સંબંધમાત્ર નથી એટલુંજ નહિ પણ અન્ય ભાવો પણ દેખાય છે. બ્રહ્માદિને મુકિત આપનાર બ્રહ્માએ જેમનાં ચરણારવિન્દની પ્રાર્થના કરી છે તેવા કેશવના ચરણસ્પર્શથી તને ઉત્સવ છે. તને સ્વેદ જણાય છે, નહિ તો પદ સ્પષ્ટ થાત નહિ ! બીજો પણ ઉત્સવ જણાય છે. તારા રોમાંચ ખડા થયાં છે. સર્વત્ર દૂર્વોકુરો પણ ઉગ્યાં છે, તે રોમાંચ થકી વધારે સારાં શોભે છે; અથવા તો ઉત્પુલકિત રોમાચ્ચથી તને અંઘ્રિના સ્પર્શનો ઉત્સવ થયો છે. શંકા-સર્વત્ર રોમાચ્ચ જોવાય છે. જો કે કેશવના ચરણના સ્પર્શથી જણાય તો તે એક દેસમા (સ્થળમાં) જણાવો જોઇએ. ''સ્વેદની માફક'' એમ આશંકા કરીને અન્ય હેતુની ઉત્પ્રેક્ષા કરે છે. અપિ શબ્દથી સંભાવના દેખાડીને આ ચરણસ્પર્શ સર્વત્ર ભૂમિમાં વ્યાપ્યો છે માટે ત્રિવિક્રમ ભગવાનના પાદન્યાસ થકી ચરણસ્પર્શ વડે ઉત્સવનો સંભવ છે, તેમાં નિશ્ચય છે. ચરણસ્પર્શમાત્રથી સાત્ત્વિક ભાવરૂપ ઉત્સવ રોમાંચ થવાને લાયક નથી, તેટલા માટે અન્ય પક્ષની શંકા કરે છે. અથવા તો વરાહાવતાર ભગવાનના દેહના આલિંગનથી થયો છે. આનાથી પોતાની સમાનતા પણ વર્ણવામાં `આવી છે.

### ભૂમિ ઉપર ભગવાનના ચરણનું દર્શન : ભગવાન્‌ના ચરણના સ્પર્શથી ભૂમિને થયેલો રોમાંચ

**વિવેચન--** જુદા જુદાં વૃક્ષોને કૃષ્ણનો માર્ગ પૂછયા પછી આ ગોપિકાઓને કોઇ તરફથી કંઇ પણ ભગવાનના સમાચાર મળ્યા નહિ એટલે તેઓ સર્વ વિલાપ કરવા લાગ્યાં. અને તેમનામાં દીનતા થઇ, પછીથી તેમણે જોયું તો ભૂમિ ઉપર ભગવાનનાં ચરણારવિન્દ જોયાં અને પછીથી ભૂમિનું ભાગ્ય મોટું છે એમ માનવા લાગ્યાં. અને તેની સ્તુતિ કરતાં કહે છે હે પૃથ્વી, ખરેખર તેં ઘણું જ સખ્ત તપ કર્યું હશે, નહિ તો ભગવાનના ચરણારવિન્દનો સ્પર્શ તને કયાંથી થાય ? અમે પણ તપ તો કર્યું છે, પણ ચરણસ્પર્શરૂપી ફળ પ્રાપ્ત થયું નથી. તને ફળ મળ્યું છે તેથી તારા ભાગ્યની અવધિ છે. ખરેખર કાંઇ મોટું પુણ્યકર્મ કર્યું હશે. ફકત ચરણસ્પર્શ તને થયો છે એટલુ જ નહિ પણ તારા દૂર્વાંકુરરૂપી રોમાંચપણ અત્યન્ત આનંદથી ખડાં થયાં છે. કોઇને શંકા થાય કે કેશવ ભગવાનના ચરણસ્પર્શથી જો રોમાંચ ખડાં થાય તો તે એક જ સ્થળે હોવાં જોઇએ પણ આ. તો સર્વત્ર ભૂમિપર જણાય છે. માટે એવા હેતુની કલ્પના કરી છે કે પૂર્વે ભગવાને વામનાવતારમાં પોતાના એક વિસ્તીર્ણ ચરણથી સમસ્ત ભૂમિને વ્યાપી લીધી હતી, તે સમયે ભૂમિને ભગવાનનો ચરણસ્પર્શ થયેલો અને તેથી રોમાંચ ખડાં થયાં હશે. અહિંઆં પણ કદાચ કોઇને શંકા થાય કે રોમાંચ ખડાં થવાં તે તો શૃંગારરસમાં સંભોગ

વગર સંભવતું નથી. તો પછી સંભોગ વગર માત્ર ચરણસ્પર્શથી ભૂમિને શી રીતે રોમાંચ ઉત્પન્ન થાય તો આ શંકાની નિવૃત્તિ માટે અન્ય હેતુને કલ્પે છે. કદાચ વરાહવતારમાં ભગવાને ભૂમિને આલિંગન કર્યું હતું, તેથી કરીને અત્યારે રોમાંચ થયાં હશે. ગમે તે કારણથી હે પૃથ્વી, તને રોમાંચનો અનુભવ થતો હશે, તેની અમને કંઇ પણ પંચાત નથી. અમે તો તારા આ રોમાંચ જોઇને તારા ઉપર પ્રસન્ન થયાં છીએ. ખરેખર તને ધન્યવાદ આપ્યા વગર અમે રહી શકતાં નથી. વિશેષ અમારી પ્રસન્નતાનું કારણ એ છે કે તને ભગવાનના ચરણનો સ્પર્શ થયેલો હોવાથી, ભગવાન્ કયી દિશામાં અહિંથી પધાર્યા તે તું સારી પેઠે જાણતી હોવી જોઇએ એવો નિશ્ચય અમારા મન સાથે અમે કરીએ છીએ. અને અમે ધારીએ છીએ કે આ અમારો નિશ્ચય ખરો હશે. જો એ ખરો હોય તો તું જરૂરથી અમને તે પ્રભુની ખબર આપીને શોકાર્ત અમારા હૃદયને શાન્ત કરીશ જ. બ્રહ્માદિને પણ જે ચરણની પ્રાપ્તિ થવી દુર્લભ છે. તે તને પ્રાપ્ત થયાં છે, એ તારૂ મોટું પુણ્ય સૂચવે છે. અત્યારે તું આવી મોટી છું. બ્રહ્માદિ દેવોના કરતાં પણ તારી સ્થિતિ અધિક છે. તો અમે અત્યારે જે તને પૂછીએ છીએ તે તું જરૂરથી કહીશજ. દુનિયામાં મોટા માણસોની પાસે કોઇ પણ વસ્તુ માટે માંગણી કરવામાં આવે તો તે કદી પણ માગનારને નિરાશ કરતા નથી. એમ કરવાથી તેમની મહત્તા ઘટી જાય છે. બીજાઓને કોઇપણ રીતે મદદ કરવી તે મોટાઓનું કર્તવ્ય મનાય છે તો હે પૃથ્વી, અમે તને મોટી ધારીને તને પ્રભુ વિષેની ખબર અમને કહેવા માટે વિનવીએ છીએ. તો અમારી આટલી બાબત ઉપર જરૂર ધ્યાન આપી પ્રભુ વિષેની ખબર સત્વર કહે.

આ રીતે સ્થાવરોને પૂછીએ જંગમને પૂછે છે.

**मूलम्** अप्येणपत्न्युपगतःप्रिययेह गात्रैस्तन्वन्दशां सखि सुनिर्वुतिमच्युतो वः ।।
कान्ताङ्गसङ्गकुचकुङ्क मरंजितायाः कुन्दस्रजः कुलपतेरिह वाति गन्धः ।।११।।

**अन्वयार्थ** -- હે હરિણી ! હે સખી ! પોતાના ગાત્રોથી તમારા ચક્ષુને આનંદ આપનાર ભગવાન પોતાની પ્રિયા સાથે અહિં આવ્યા હતા ? કારણ કે કાન્તાના અંગસંગથી કુચના કુકુંમથી રંગાયલી ભગવાનની કુન્દપુષ્પોની માળાનો ગન્ધ અહિંઆં વાય છે.

**श्रीसुबोधिनीजी** -- હે હરિણપત્ની ! લક્ષ્મી અગર અન્ય કોઇ પ્રિયાની સાથે, પોતાના અવયવોથી તમારાં નેત્રોને આનંદ આપતા ભગવાનને આ માર્ગે થઈને

તમે જોયા છે ? ભગવાન આ માર્ગે થઈને પધાર્યા છે, કારણકે તેમના ચરણારવિન્દના દર્શનથી તેનો નિશ્ચય થાય છે. જો તમે તેમને જોયા હોય તો અમને પણ તેમના દર્શન થવા શક્ય છે. તું અન્યની પત્ની છું પણ અમારી તો સખી છું. માટે તેને સખી કહીને સંબોધે છે. હે સખી, તું કૃષ્ણની અનુરકત છું. કારણકે તારા નેત્રો અમારી તુલ્ય છે તથા તમારામાં ભીરૂત્વાદિ ધર્મો પણ છે. નહિ તો તમારા નયનો વિકસિત થાય નહિ. જો હરિણીઓ એમ પૂછે કે શા માટે કૃષ્ણ કે જેમણે લીલા કરી છે, તેમની પ્રાર્થના કરો છો ? તો કહે છે કે તે અચ્યુત છે. શંકા - શી રીતે તમે જાણ્યું કે તે પ્રિયાની સાથે ગયા છે ? તો કહે છે ! કાન્તાના અંગસંગથી જે છાતી ઉપર કંકુ છે તેનાથી રંગાયેલી કુંદની માળા ભગવાને પહેરી છે તેની ગંધ આ તરફ વાય છે. તે ગંધ આર્દ્ર છે માટે કંકુમઆર્દ્ર હશે એમ જણાવે છે. સાત્વિક ભાવથી આર્દ્રતા છે માટે પ્રિયાની સાથે પ્રભુ હશે એમ જણાય છે.

**વિવેચન** -- હવે મૃગપત્નીને જોઈને કહે છે, હે વનમાં ફરનારી હરિણી, તે અમારા કૃષ્ણને જોયા છે ? જો જોયા હોય તો કૃપા કરીને કહીશ ! તું હરણની પત્ની છું એટલે પતિ વગરની સ્ત્રીઓની શી દશા થતી હશે તે સારી પેઠે જાણી શકે છે, કૃષ્ણ એ અમારા ખરા પતિ છે, એટલે તેમના સિવાય અમને ઘણું જ દુ:ખ થાય છે. એ દુ:ખ દૂર કરવું તે તારા હાથમાં છે. જો તુ એ કૃષ્ણ કયા માર્ગે થઇને ગયા છે એટલું જ કહીશ તો અમે તારાં ઉપકૃત થઇશું. અમને તારામાં વિશ્વાસ છે કે તું અમને આટલા સમાચાર તો આપીશ જ, કારણ કે તું અમારી સખી છું. સખીત્વનું કારણ એ છે કે તારાં નેત્રો અમારી સમાન છે. અથવા તો તારામાં પણ ભિરુત્વ વગેરે દેખાય છે. વળી જેમ અમે કૃષ્ણ આસકત છીએ તેમ તું પણ કૃષ્ણસાર (હરિણ)માં આસકત છું. આ સ્થળે થઇને કૃષ્ણ પધાર્યા છે એ વાત ચોક્કસ છે, કારણ કે અહિંઆ જે પવન આવે છે તે કોમળ અને આર્દ્ર છે. પવનની કોમળતા અને આર્દ્રતાનું કારણ એ છે કે આ સ્થાનમાં થઇને પ્રભુએ પધારતી વખતે તેમની ગ્રીવામાં જે માળા ધારણ કરી છે, તે માળા પોતાની સાથે ગમન કરનાર ગોપીના અંગ ઉપર કરેલા કુંકુમના લેપના સ્પર્શથી આર્દ્ર બનેલી છે, અને આ વનના પવનોએ પણ વાતાં વાતાં તે માળાનો સ્પર્શ કરેલો હોવાથી, તેમનામાં પણ એ કોમળતા તથા આર્દ્રતાના ગુણો આવ્યા છે. તેથી આ સ્થાનમાં થઇને પ્રભુ પધાર્યા છે એ વાત તો નક્કી જ છે. તો તું અમને એ સમાચાર જલ્દીથી કહે એ વાતને છૂપાવી રાખીશ નહિ. અમારી આશાનો તું ભંગ કરીશ નહિ. તું અમારી સખી છું એમ ધારીનેજ અમે તને પુછીએ છીએ. વળી તું સ્ત્રી

જાતિ છું એટલે પતિના વિયોગથી પત્નીને કેટલું દુઃખ થાય તે પણ તું સ્હેજે સમજી શકે એમ છે, તેથી અમે તારા મૃગને ખબર નથી પૂછતાં અને તને પૂછીએ છીએ તે તું બરાબર સમજી શકીશ.

આ પ્રમાણે હરિણપત્નીને પૂછીને, આ પોતાના પતિની સમીપ હોવાથી બોલવાને અશકત છે. માટે પ્રથમ ભગવાને જેમની સ્તુતિ કરી છે એવા વૃક્ષોને પૂછે છે

**मूलम्** **बाहुं प्रियासं उपधाय गृहीतपद्मो रामानुजस्तुलसिकालिकुलैर्मदान्धः ।**
**अन्वीयमान इह वस्तरवः प्रणामं किं वामिनन्दति चरन्प्रणयाबलोकैः ।। १२ ।।**

**अन्वयार्थ**-- હે વૃક્ષો ! પોતાના એક બાહુને પ્રિયાના સ્કંધ ઉપર રાખીને અને બીજાથી પદ્મનું ગ્રહણ કરીને, મદથી અન્ધ બનેલા તુલસીનાં ભ્રમરકુલો (ટોળા) જેમની પાછળ પાછળ જાય છે એવા બળરામના ન્હાનાભાઇ કૃષ્ણ પ્રણયદષ્ટિથી જતચાં તમારા પ્રણામને સ્વીકારે છે ખરા ?

**श्रीसुबोधिनीजी** -- પ્રિયાના ખભા ઉપર એક બાહુને મૂકીને, બીજાથી પદ્મનું ગ્રહણ કરીને રામના ન્હાના ભાઇ કૃષ્ણની પાછળ તુલસીના ભમરાઓનાં ટોળા પાછળ જાય છે. હે વૃક્ષો ! પ્રથમ ભગવાને ભકતો તરીકે તમારૂ સ્તવન કર્યું છે માટે તમે તેમને પ્રણામ કર્યા હશે, અનેભગવાને તમને અભિનન્દન આપ્યું છે કે કેમ એવો પ્રશ્ન પૂછે છે. ''પ્રિયાના ખભા ઉપર બાહુ ગોઠવીને'' એ સમતાથી ગમન કરવાથી લક્ષિત થાય છે. ઉભયના પદનું પંકિતના આકારે ગમન છે. કદાચિત્ પદોના ચાંચલ્યથી ભ્રમરથી પ્રતિહત ગતિને લીધે તેના નિવારણ માટે યત્ન લક્ષિત થાય છે. વૃક્ષો નીચે નમેલા છે નમસ્કારને માટે ફલની ભેટ આપીને ભૂમિની સાથે પોતાના શિરનો સંબંધ કરે છે. માટે પ્રણામ જણાય છે, તે ઉઠતા નથી માટે સંદેહ થાય છે કે અભિનંદન આપે છે કે નહિ ? અભિનંદનમાં હેતુ એ છે કે તે ફરતા ફરતા જાય છે. જે ગતિ કરે છે તેનામાં અનવધાન પણ હોય છે. શંકા-પ્રભુ નિકટમાં ગમન કરે છે. જો અભિનંદન કર્યું હોય તો તે સંભળાય તો પછી સંદેહ શા માટે થવો જોઇએ ? તો કહે છે ''પોતાની પ્રણયદષ્ટિથી'' પ્રણયપૂર્વક અવલોકનથી અભિનંદન આપ્યું છે, વાણીથી નહિ. માટે જે પાસે છે તેજ જાણે છે બીજા કોઇ નહિ.

**विवेचन**-- હરિણપત્ની પોતાના પતિની નિકટ હોવાથી લજ્જાથી કંઇપણ ઉત્તર આપતી નથી એટલે પ્રભુને શોધતાં શોધતાં ગોપીજનો આગળ ચાલ્યાં. આજુબાજુએ તેમના રસ્તામાં તેમણે અનેક વૃક્ષો જોયાં એટલે તેમને ઉદ્દેશીને પૂછે

છે હે વૃક્ષો, રામના નાના ભાઇ કૃષ્ણ હાથમાં કમળધારણ કરીને આ રસ્તે થઇને પસાર થયા છે, તથા તમારા પ્રણામોને તેમણે અભિનંદન આપ્યું છે ? રામના (બલદેવના) નાનાભાઇ કહેવાનું કારણ બલદેવરામ-એ પૂર્વદલાત્મક છે અને કૃષ્ણ એ ઉત્તરદલાત્મક-વિપ્રયોગરસાત્મક છે. ગોપીઓ અત્યારે વિરહાવસ્થાનો અનુભવ કરતાં હતાં માટે ભગવાનને તે સ્વરૂપે ઓળખે છે. અથવા જેમ કમળ જળમાં છતાં તેથી લેપાતું નથી, તેમ જો કે ગોપીને લઇને પ્રભુ બીજી ગોપીઓથી છુટા પડયા છે છતાં પણ કામભાવથી તેમ કર્યું નથી, તેમ તે ગોપી સાથે પણ આસકત થયા નથી. અથવા કમળની પવિત્રતા તથા દિવ્યતાની માફક પ્રભુનો તેમના પ્રતિનો પ્રેમ પણ પવિત્ર તેમજ દિવ્ય છે એમ સૂચવે છે. પ્રભુ વળી ભ્રમરયુકત તુલસી સાથે તુલસી સૌરભશાલી ગંધવાહી વસ્તુ છે; અને તે પવિત્રતાની સૂચક છે. પ્રિયાના બાહુ ઉપર હાથ મૂકવા છતાં પણ પોતે પવિત્ર છે એ તુલસીધારણથી જણાય છે અને તેમાં પોતે લેપાયા નથી એવું કમળથી વ્યંજીત કર્યું છે. એ ભગવાન જયારે તુળસી સહ પધારે છે ત્યારે તુળસીની ગંધની પાછળ ભ્રમરો ફરે છે. અર્થાત્ એથી એવું સૂચવાય છે કે ભગવાન્ના આવા વિશુદ્ધ પ્રેમને લૌકિક કામુક મદાંધ થઇને અન્યથા કલ્પે છે, અને જેમ એ ભ્રમરો ભગવાનની ગતિને રુંધતા હતા, તેમ કામુકો પણ શુદ્ધ પ્રેમમાં (ભકતોના) અંતરાયભૂત થાય છે.

રામાનુજનો અર્થ રસની દૃષ્ટિએ અહિંઆં લીધો છે. શૃંગાર રસના બે પ્રકાર છે. જયારે નાયક નાયિકા એક બીજાના સંગમમાં હોય ત્યારે ઉત્પન્ન થતા રતિભાવવાળો શૃંગાર, અને જયારે તેઓ એક બીજાનાથી છૂટા પડેલાં હોય ત્યારે તેમનામાં ઉભરાતો રતિ ભાવવાળો શૃંગાર. પ્રથમનું નામ સંભોગ કહેવાય છે, અને બીજાનું નામ વિપ્રયોગ છે. આ બન્ને શબ્દોનાં બીજા નામ પૂર્વદલાત્મક તથા ઉત્તરદલાત્મક પણ છે. અહિંઆં કૃષ્ણશબ્દને બદલે રામાનુજ શબ્દ યોજયો છે, તેમાં નીચેનો અર્થબોધ સમાયો છે. રામ એટલે બલદેવ, પણ રસની પરિભાષામાં તે શૃંગારરસની પૂર્વ સ્થિતિનો સૂચક શબ્દ છે, તેના અનુજ પાછળથી જન્મનાર-ભાઇ કૃષ્ણ છે એટલે શૃંગારની પાછળની સ્થિતિ તે વિપ્રયોગની છે, ગોપીઓ પ્રભુના અંતર્ધાન થવાથી વિપ્રયોગદશાનો અનુભવ કરતાં હતાં, આથી તે કૃષ્ણનો તે સ્થિતિમાં સાક્ષાત્કાર કરવાને ઇચ્છતાં હતાં, આથી અહિંઆં કૃષ્ણ એ ઉત્તરદલાત્મક છે.

વૃક્ષોને પૂછવાનું કારણ એવું છે કે ભગવાને તે વૃક્ષોની આગળ સ્તુતિ કરેલી છે. તેઓ તેમના પરોપકાર માટે પ્રખ્યાત છે, અને તેથી ભગવાને પણ તેમની પ્રશંસા કરી છે. વળી તેઓ ઉચાં હોવાથી, તથા અનંત પર્ણોરૂપી નયનથી, ઘણે દૂરથી કોઇ પણ વસ્તુ જોઇ શકે એમ છે, તેથી જો ભગવાન આ વનમાં હશે

તો આ વૃક્ષોએ જરૂરથી જોયાજ હશે, વળી અન્યના ઉપર પરોપકાર કરવો એ એમનો સ્વભાવ છે તો આપણી આશાઓને માન આપીને જરૂરથી પ્રભુની ખબર આપણને કહેશે, એમ ધારીને વૃક્ષોને આ ગોપીજન પૂછે છે.

આ વૃક્ષો જ્ઞાની છે માટે સ્ત્રીઓ સાથે સંભાષણ નહિ કરે. તેથી તેમની પત્નીઓનેજ પૂછવું જોઇએ, તેમ કહે છે.

**मूलम् पृच्छतेमा लता बाहूनप्याश्लिष्टा वनस्पतेः । नूनं तत्करजस्पृष्टा बिभ्रत्युत्पलकान्यहो ।। १३ ।।**

**अन्वयार्थ--** હે સખીઓ ! આ લતાઓને પૂછો. જો કે તેઓ તેમના પતિ વનસ્પતિના બાહુને (શાખાને) ભેટે છે, તો પણ ભગવાનના નખના સ્પર્શથી તેમનાં રોમાંચ ખડાં થાય છે.

**श्रीसुबोधिनीजी--** વનસ્પતિનાં બાહુને આ લતાઓ ભેટે છે છતાં તેમને પૂછો જો કે તેમને પણ અવસર નથી. તેમણે પતિના ભુજનું આલિંગન કરેલું છે તો પણ ભગવાનના નખના સ્પર્શથી રોમાંચ ધારણ કરે છે. અન્ય રસમાં આવિષ્ટ થયેલાંને અન્યરસ માટે સ્પૃહા થતી નથી. માટે ભગવાન સંબંધીનો રસ સર્વનું ઉપમર્દન કરે છે, એમ જણાય છે. આ રીતે તે બધાએ બોલતા નથી ત્યારે તેમને મૂર્છા થાય છે. અહિં સુધી પ્રશ્નની કથા છે. આ નવ પ્રકારની ગોપીઓનું નિરૂપણ કર્યું દશમીને તો ભગવાન સાથે લઇ ગયા છે. આ રીતે અન્વેષણથી રસની સ્થિરતાને નિરૂપી છે.

**विवेचन --** જ્યારે વૃક્ષો તરફથી પ્રત્યુત્તર ન મળ્યો, ત્યારે વનસ્પતિના બાહુને આલિંગન કરતી લતાઓને પૂછવા લાગ્યાં. તેમણે ધાર્યું કે વૃક્ષો જ્ઞાની હોવાથી, જ્ઞાનીઓ સ્ત્રીઓ સાથે સંભાષણ કરવાનું ઉચિત ધારતા નહિ હોય, તેથી તેમને પૂછવું એ નિરર્થક છે, વળી તે પુરુષરૂપ છે, માટે તેમને પૂછવા કરતાં સ્ત્રીરૂપ લતાઓને પૂછો, આ લતાઓ વનસ્પતિના બાહુને આલિંગન કરે છે, તેથી તે રસ વસ્તુ શું છે તે સારી પેઠે જાણે છે, અને વિરહનું દુઃખ કેટલું તીવ્ર અને અસહ્ય છે તે સારી પેઠે સમજે છે, આથી એ આપણાદુઃખના ભાગીઆં થઇને આપણને સહાયભૂત થશે. વળી તેઓ ભગવાનના આગમનની વાત જાણે છે એ એમનાં રોમાંચ ઉપરથી જણાઇ આવે છે. તો જરૂર તે આપણને પ્રભુની ખબર કહેશે. પણ જ્યારે તેમને ઉત્તર ન મળ્યો ત્યારે એમણે ધાર્યું કે આ લતાઓને પૂછવું તે પણ વ્યર્થ છે. કારણ કે તે રસાવિષ્ટ હોવાથી અત્યારે તેમના પતિઓને (વૃક્ષોને)

આલિંગન કરવામાં એટલાં બધાં ગુંથાઇ ગયાં છે કે તે અમને જવાબ આપવાને માટે સમય લેતાં નથી, માટે હે સખીઓ, શામાટે આપણે તેમને પૂછીને વૃથા સંતાપ કરવો ? એમને આ રીતે પૂછવાથી આપણા દુઃખની નિવૃત્તિ થવાની નથી. જેઓ પોતે અમુક રસમાં મગ્ન થયેલાં છે; તેમનું ચિત્ત જો બીજામાં દોરવામાં આવે, તો તે એ બાબત ઉપર બિલકુલ લક્ષ્ય નહિજ આપે. લતાઓ રિતરસમાં ડુબ્યા છે. વૃક્ષોને આલિંગન કરવામાં, જે રસનો તે અનુભવ કરે છે તેમાંથી તેઓ એમના ધ્યાનને બીજા તરફ ખેંચશે નહિ. આપણે પ્રભુની ખોળ કરવાના કામમાં શોક કરીએ છીએ. આપણે કરુણરસમાં ડુબ્યા છીએ; તો શૃંગાર રસમાં ડુબેલી લતાઓને કરુણરસમાં ડુબેલાં આપણે માટે શી દરકાર હોય ? માટે હવે વૃથા પ્રલાપ કરવાની જરૂર નથી. એમાં કાંઇ પણ આપણી સિદ્ધિ થવાની નથી. કારણકે આપણે જેને જેને પૂછીએ છીએ તેમાંનું કોઇપણ ઉત્તર આપીને આપણને સંતોષતું નથી. આમ બોલતાં બોલતાં તેઓ ગળગળાં થઇ ગયાં, અને મૂર્છામાં પડી ગયાં. તે વિચાર કરવા લાગ્યાં કે હે પ્રભુ ! શું આપે સદાને માટે અમારો ત્યાગ કર્યો ? ખરેખર આપના ત્યાગથી અમારૂ દુઃખ ઘણુંજ અસહનીય બન્યું છે. જેનો આપ ત્યાગ કરો છો તેનું કોઇપણ રક્ષણ કરી શકતું નથી એ અમે અમારા અનુભવ ઉપરથી સારી રીતે જાણ્યું છે. માટે હવે આપ કૃપા કરો. આ વૃક્ષોને અમારામાટે લાગણી નથી એટલુંજ નહિ, પણ માલતી વગેરે જેમને અમે સ્ત્રીઓ ધારીને સજાતીય ગણતાં હતાં તે પણ અમારા દુઃખની મશ્કરી કરવી હોય તેમ અમારા તરફ દુર્લક્ષ રહે છે. આ પ્રકારે નવ પ્રકારનાં ગોપીજનો પ્રલાપ કરવા લાગ્યાં.

આ રીતે તિરોધાનથી ઉત્પન્ન થયેલા તાપના નિવારણ માટે યત્નનું નિરૂપણ કર્યું. આનું ઉપમર્દન કરનાર ભગવાનની લીલાનો પ્રાદુર્ભાવ થયો. તેનો વિલાસ કહેવાને પહેલાનો ઉપસંહાર કરીને તેનો ઉપક્રમ કહે છે.

**मूलम् इत्युन्मत्तयचो गोप्यः कृष्णान्वेषणकातराः । लीला भगवतस्तास्ता ह्यनुचक्रुस्तदात्मिकाः ।। १४ ।।**

**अन्वयार्थ --** શ્રીશુક બોલ્યા-આ રીતે કૃષ્ણની શોધમાં કાતર (ભયભીત) બનીને તે ગોપીઓએ ઉન્મત્તની માફક વચન બોલીને, ભગવાનની જુદી જુદી લીલાઓનું અનુકરણ કર્યું.

**શ્રીસુબોધિનીજી--** ઇતિ શબ્દ પ્રકાર જણાવે છે. આ પ્રકારથી પ્રશ્નની અયોગ્યતા હોય તોપણ પ્રશ્ન કરવાથી ગોપીઓ ઉન્મત્ત વાણીવાળી થઇ. કૃષ્ણની શોધમાં ભીરુ કાતર છતાં પણ તે દીન થયાં. શરીર અને વાણી થાકી ગયાં. મનમાં

તો ત્રણે છે. પ્રથમ દૂર થતાં દ્વિતીયનો આવિર્ભાવ થાય છે. માટે તે તે પહેલાં કહેલી અને કરેલી લીલાઓ તદાત્મક બનીને કરી એમ કહ્યું છે, પછી ગોપીઓ કૃષ્ણની શોધ માટે ભીરુ થયાં. ભગવાનની લીલા છ પ્રકારની સ્વાભાવિક છે. તેમના પણ જુદા જુદા ભેદ છે. આ અર્થ યોગ્ય છે. ભગવાન હૃદયમાં લીલાસહિત આવિષ્ટ થવાથી જયારે જયારે ભગવાનનો આવતાર થાય છે ત્યારે ત્યારે પૂતનાના પયનું પાન વગેરે કરે છે. એ રીતે સંવત્સરલીલામાં પુરુષોત્તમાદિ ક્ષેત્રમાં છે.

ભગવાન્ સાક્ષાત્ પ્રકટ થઇને જે લીલાઓ કરે તે તે આ નજ કરી શકે. તેમને માટે તે અશકય હતું. ભાવનાથી ભગવાન મનમાં આવિર્ભુત થયા છે એમ માનીને તેનું ફકત અનુકરણ જ કર્યું.

**વિવેચન--** જયારે સર્વત્ર ભગવાનનું અન્વેષણ કરવા છતાં પણ તેમને પ્રાપ્ત કરી શકયાં નહિ, એટલે તેઓ મૂઝાયાં કે હવે શું કરવું ? પછીથી વિચાર કરતાં માલમ પડયું કે સ્થાવર જંગમ સત્ત્વોમાં ઢુંઢવા છતાં પણ પ્રભુનાં દર્શન ન થયાં, તો એવી રીતે અન્વેષણ નો પ્રયત્ન કરવો તે નિરર્થક છે એમ સમઝીને બીજો ઉપાય વિચાર્યો, અને તે ઉપાય પ્રભુની લીલાનું અનુકરણ કરવાનો હતો. અત્યાર સુધી આક્રન્દ કરીને તેમનો અવાજ બેસી ગયો હતો, દેહ પણ થાકી ગયો. તેથી લીલા કરવાનો ઉપાય હાથમાં લીધો.

વૃક્ષ વગેરેને અત્યાર સુધી પ્રશ્ન કર્યો, જો કે તેમ કરવામાં તેમની યોગ્યતા નથી તેમ એમને જણાયું તો પણ પૂછતાં પૂછતાં તેમનામાં ઉન્માદાવસ્થાનો અનુભવ જણાયો. જેમ ગાંડા માણસો ગમે તેને પ્રશ્ન પૂછે તેમ વૃક્ષો વગેરેને તે પૂછવા લાગ્યાં, ભગવાનનું અન્વેષણ કરીને તે સંપૂર્ણ થાકી ગયાં; અને વળી તેઓ ભીરુ બન્યાં. તેમનું શરીર થાકી ગયું એટલુંજ નહિ પણ વાણી પણ પ્રશ્ન પૂછી પૂછીને તથા આક્રન્દથી થાકી ગઇ. આથી તેમનામાં કાતરતા તથા દીનતા જણાઇ. દેહ અને વાણીનું તિરોધાન થતાં રસાસકિત પણ તિરોધાન પામી.જેમ જવાલા શાન્ત થતાંની સાથે અગ્નિ પણ શાન્ત થાય છે, તેમ દેહ અને વાણીના તિરોધાનની સાથે રસાસકિત પણ તિરોહિત થાય છે, એનો અનુભવ આ સમયે થયો, પણ તેમના રસસ્વરૂપની સ્ફૂર્તિ કરવાને માટે તેમણે અન્ય ઉપાય શોધી કાઢયો. તેમણે જાણ્યું કે અન્વેષણથી પ્રભુપ્રાપ્તિ ન થઇ તો એ પ્રભુએ કરેલી લીલાઓનું આપણે અનુસંધાન તથા અનુકરણથીજ સારી પેઠે થઇ શકશે માટે પ્રભુએ ગોકુલમાં તથા વ્રજમાં જે કોઇ લીલાઓ કરી છે તેનું અનુસંધાન કરવાને આપણે અંદર અંદર અનુકરણ કરવું જોઇએ. આથી આપણું ચિત્ત પ્રભુમાંજ રહેશે; અર્થાત્ આપણા

ચિન્તનનો વિષય પ્રભુજ બનવા જોઇએ. કોઇપણ ભાવથી પ્રભુમાં મન લગાડવું જોઇએ, જો આપણે આ પ્રમાણે કરીશું તો પ્રભુ જરૂર આપણી સમક્ષ પ્રકટ થશે. શા માટે આપણે અન્વેષણથી પ્રભુને શોધવા જોઇએ ? જો આપણો ખરેખરો ભાવ પ્રભુમાં હશે, તો આપણી આગળ આપોઆપ તે પ્રકટ થશે અને આપણને દર્શન આપશે. અત્યાર સુધી આપણે સાધનપરાયણ બન્યાં એટલે પ્રભુની પ્રાપ્તિ આપણને ન થઇ માટે હવે આપણે અહિં જ થોભો અને પ્રભુની જુદી જુદી લીલાઓનું અનુસંધાન કરવાને તેમની કેટલીક લીલાઓનું અનુકરણ કરો. હે સખીઓ, આપણામાંથી કેટલાંકે કૃષ્ણ બનવું, અને કેટલાંકે પૂતના, યશોદા, વત્સાસુર વગેરે બનવું; અને પછી આપણે પ્રભુએ જે લીલાઓ કરી તે કરવી. આમ નિશ્ચય કરીને તેમણે પ્રમાણપ્રકરણીય તથા ફલપ્રકરણીય સર્વ લીલાઓ કરી. અહિંઆં શંકાનું સ્થાન રહે છે કે જે લીલાઓ ભગવાને આવિર્ભાવદશામાં કરેલી તે અન્ય શી રીતે કરી શકે ? ભગવાનની લીલાઓનું અનુકરણ બીજાઓ કરે તો અશક્ય છે. તો તેનો ખુલાસો એવો છે કે તે ગોપીઓએ આ વખતે ભગવાનનું જ ચિન્તન કર્યું. ભાવનાથી ભગવાનને હૃદયમાં ધારણ કરી લીધા હતા.જેમ કોઇ યોગી ભાવનાથી સર્વ વસ્તુ સિદ્ધ કરી શકે છે તેમ આપણે ભાવનાથી તે તે લીલાઓનું અનુકરણ કર્યું. ભાવનાથી પોતે કૃષ્ણ છે એમ પોતાની મેળે ધાર્યું. આમ થવાથી તેમની ભાવનાની સિદ્ધિ તરીકે પ્રભુનો આવેશ તેમનામાં થયો અને તે બળને લીધે એ લીલાઓ તે કરી શક્યાં.

### कारिकाः

भक्त्यातिमत्तास्तद्भावमीपमत्तास्तु रोपतः । द्वेपभावं समाश्रित्य त्रीडन्त्यो जातमत्सराः ।। १ ।।
सत्त्वादिगुणभावेन नवलीलाः प्रपेदिरे । अतो न न्यूनभावोऽत्र ह्याविष्टाः शकटादिभिः ।। २ ।।
सर्वत्र हरिबुद्ध्या वा पादस्पर्शेच्छया पुनः । उलूखलादिभावोऽपि तत्सम्बन्धप्रसिद्धये ।। ३ ।।

### કારિકાર્થ

૧-૨-૩ ભકિતથી અતિમત્ત બનેલાં, તે ભાવથી કંઇક મત્ત થયેલાં, રોષથી દ્વેષભાવનો આશ્રય કરીને ક્રીડા કરતાં તેમને મત્સરયુકત થયેલાં ગોપીઓ સત્ત્વાદિ ગુણ ભાવથી નવલીલાને પ્રાપ્ત થયાં. માટે અહિંઆં ન્યૂનભાવ નથી. સર્વ ઠેકાણે ભગવદ્બુદ્ધિથી અથવા પાદસ્પર્શની ઇચ્છાએ કરીને શકટાદિથી ગોપીઓ આવિષ્ટ છે અને ઉલૂખલાદિ ભાવ પણ તેમના સંબંધની પ્રસિદ્ધિને માટે જ છે.

અહિંઆં શંકા થાય કે આ ગોપીઓને ભગવાન માટે પ્રેમ-સમાન હતો તો પછી તેઓમાંના કેટલાકમાં ભગવદ્ભાવ તથા કેટલાકમાં પૂતનાદિનો ભાવ શાથી પ્રકટ થયો ? આના ઉત્તરમાં આ કારિકાઓ કહેલી છે. જુદી જુદી નાયિકાઓના

ભેદ પ્રમાણે તેમના ભાવમાં પણ ભેદ હોય છે, એટલું જ નહિ પણ એક નાયિકાના ભાવમાં પણ વિવિધતા પ્રમાણે ભેદ જણાય છે. આથી ભગવાન્ અને તેમની લીલા તથા તેમના સંબંધીઓમાંથી જે ગોપીને જે વખતે જે રૂપની સ્મૃતિ થાય તે વખતે તેની તેમાં તદાત્મ બુદ્ધિ બને છે અને જલાદિનાં સંબંધથી સ્ફટિક મણિના માફક વિશુદ્ધ ભાવ ઉત્પન્ન થાય છે. વળી કેવલ ભગવાન માટેના જ્ઞાનથી અતિપ્રમાદ થાય છે અને તેમના સંબંધીઓનું પણ જ્ઞાન કંઇક પ્રમાદ કરે છે. લીલા સંબંધી જેમને જે ભાવ હોય છે તે તદાત્મકતામાં પણ પ્રકટ આપોઆપ દેખાય છે.

કોઇને અહિંઆં ન્યૂન ભાવની શંકા રહે તો કહે છે, જે ગોપીને ભગવાન સંબંધના ભાવને બદલે પોતે પૂતના વગેરે છે એવો ભાવ હોય તેમાં ભાવની ન્યૂનતા જણાતી નથી. અહિંઆં ગોપીઓમાં લીલાનો આવિર્ભાવ કેવી રીતે થયો તેનું સૂચન કર્યું છે અને તે ભગવત્કૃતિ તથા તેના સબંધવાળી છે તેથી જે અંશ જ્યાં આવિર્ભાવ પામે છે ત્યાં તેજ અંશનું કથન થશે, નહિ તો પૂતનાના મધુર પયના પાન સમયની દશાને પ્રાપ્ત થયેલ ગોપીમાં ભગવાનના સ્વરૂપનો ભાવ મેળવનાર ગોપી પૂતના બનેલી, બીજાના સ્તનનું પાન શી રીતે કરે ? પૂતનાનું અનુકરણ કરનાર તેનામાં પૂતનાની માફક શી રીતે આચરણ કરે ? માટે આમ કરવા છતાં પણ કોઇનામાં કોઇ રીતનાભાવની ન્યૂનતા નથી એવો સાર આમાંથી નીકળે છે. આ પક્ષમાં જ્યાં એક લીલાનો આવિર્ભાવ થાય છે ત્યાં બીજી લીલા સિદ્ધ થતી નથી.જો એમ હોય તો આ વિલાસ લાંબા વખત સુધી ટકે નહિ એમ જાણીને અન્ય પક્ષને કહ્યો છે કે ભગવાનના ભાવને પ્રાપ્ત થનાર ગોપી કરતાં પૂતના તથા ખાંયણીઓ (ઉલૂખલ) વગેરે ભાવ મેળવનાર વધારે ઉત્કૃષ્ટ છે. અતિ ઉત્કટ વિરહભાવથી અતિદીન થવાથી કોઇ પણ રીતે ભગવચ્ચરણારવિન્દના સંબંધની વાંછા રાખનાર તે ગોપીજનોએ જે લીલામાં એ સંબંધ પૂર્વે અનુભવ્યો હતો તે પ્રમાણે અત્યારે આચરણ કરવા લાગ્યાં. તેથી તે ગોપી કહે છે કે જો પ્રભુ મારા ઉપર ચરણ નહિ સ્થાપો તો પૂતના તથા ઉલૂખલ વગેરે બુદ્ધિથી પણ સ્થાપન કરો. (અમે પૂતના છીએ અને તેથી તમને વિષયુકત પયનું પાન કરાવવા આવ્યાં છીએ એમ સમઝીને પણ અમારા ઉપર આપના ચરણને સ્થાપો) આ રીતે અહિંઆં અતિશય આર્તિ જોવામાં આવે છે, અને ભગવદ્‌બુદ્ધિ તેમનામાં સ્પષ્ટ જણાય છે. (શ્રીટિપ્પણી)

## અનુકરણ લીલાના નવ શ્લોકનું કારણ

અનુકરણ લીલાના નવ શ્લોકો આવે છે. આ લીલા ભકિતથી, રોષથી તથા દ્વેષભાવથી કરેલી હોવાથી અને તે સત્ત્વ, રજ અને તમઃ એ ત્રણ ગુણોને

અનુસરતી હોવાથી, એકંદરે લીલાના નવ ભેદ થાય આ દરેક ભેદ પ્રત્યેક શ્લોકમાં વર્ણવ્યો છે. આ રીતે કુલ નવ શ્લોકો (૧૫-૩૩ સુધી) અનુકરણ લીલાના છે. વળી આના બે ભેદો પર્ણ-કાયિક અને વાચિક એમ બને છે. કેટલીક લીલા કાયાથી જ કરી છે, અને કેટલીક માત્ર વાણીથી કરી છે, આ ભેદો લેતા શ્લો-૧૫-૧૯ સુધી કાયિક લીલાના ભેદ છે તેમાં પૂતનાવધ, શકટભંગ, તૃણાવર્તવધ વત્સપાનલીલા તથા બીજી ગોપરૂપે કરેલી વૃન્દાવન લીલા છે. આ લીલાનું અનુકરણ કરનાર ગોપીઓ તામસતામસી, તામસરાજસી વગેરે પ્રમાણે છે. અહિંઆં શ્રીભાગવતનાં જણાવેલા ક્રમ પ્રમાણે લીલા છે. પણ વાચિક લીલાના શ્લોક ૨૦-૨૩ સુધીમાં એ ક્રમ નથી. ત્યાં ગોવર્ધનોદ્ધારણલીલા, નાગદમનલીલા, દાવાગ્નિનિવારણલીલા, તથા ઉલૂખલ લીલા વર્ણવી છે, અને ગુણાતીત, સાત્વિકા, રાજસી તથા તામસી ગોપીઓ છે.

**मूलम् कस्याश्चित्पूतनायंत्याः कृष्णायंत्यपिबचत्स्तनं । तोकयित्वा रुदत्यन्या पदाहन्शकटायतीम ।**

**अन्वयार्थ--** કોઇ એક પૂતના બનેલી ગોપીના સ્તનનું પાન બીજી કૃષ્ણ બનેલીએ કર્યું એક બાળક બનેલીએ રોતાં રોતાં, બીજી શકટ બનેલીને પગથી પ્રહાર કર્યો. ૧૫

**श्रीसुबोधिनीजी--** ભગવાનના ચરિત્રમાં પ્રથમ પૂતનાના પયનું પાન છે, માટે એક ગોપી પૂતના બની, બીજીએ કહ્યું કે હું કૃષ્ણ છું. આથી તેને અંકમાં ભગવાનનીબુદ્ધિથી લીધી, પછીથી પૂતના બનેલીના સ્તનનું પાન કૃષ્ણ બનેલી ગોપી કરવા લાગી.આને મરણભાવના નહોતી તેથી તે મરી ગઇ નહિ. તેમ તેનું અનુકરણ પણ કર્યું નહિ. કૃષ્ણ બનેલીએ ફકત સ્તનનું પાનજ કર્યું. તેનામાં અલૌકિક સામર્થ્ય નહિ હોવાથી સ્તનપાનજ માત્ર કહ્યું છે. અમંગલતાની નિવૃત્તિને માટે શકટભંગની લીલા કહી છે. બાળકની માફક આચરણ કરતી એકે (પોતે બાળક છે એમ માનતી અથવા બાળકસમાન પોતાના આત્માને કરીને) શકટની માફક સ્થિત બનેલીને તાંડન કર્યું.

## ભગવાનની લીલાનું અનુકરણ : પૂતના વધલીલા તથા શકટાસુર ભંગ

**विवेचन--** આમાં એક ગોપી ભગવાન થઇ અને બીજી પૂતના બની, પછીથી તે પૂતના બનેલી ગોપી ઉપર ભગવાન બનેલી ગોપીએ પોતાનો પગ મૂકયો અને તેના સ્તનનું પાન કર્યું; પણ તે ગોપીની ઇચ્છા મરવાની નહિ હોવાથી (પૂતનાની

માફક) તેનો પ્રાણ લીધો નહિ એમ કહ્યું છે આ લીલાઓમાં જેવી જેવી ભાવના તે પ્રમાણે સિદ્ધિ થાય છે. પૂતના બનેલી ગોપિકાની ભાવના કૃષ્ણ બનેલીના હાથે મરવાની નહોતી; કારણ કે જો પોતે એવી ઇચ્છા કરે તો પ્રભુના ગુણાનુવાદ તથા લીલાનું સ્મરણ જે કરે છે તે ન થઇ શકે, આથી રસેશ પ્રભુની પ્રાપ્તિની સર્વ આશા નિષ્ફળ થાય. રસેશ પ્રભુનો સાક્ષાત્કાર કરવાને માટે તો આ લીલાઓ થાય છે, એટલે મરવાની ભાવના અનુચિત ગણાય. વળી કૃષ્ણ બનેલી ગોપી તે માત્ર ગોપીજ હતી એટલે તેનામાં પૂતના બનેલીને મારવાનું અલૌકિક સામર્થ્ય નહોતું એટલે તેણે માત્ર સ્તન્યપાનજ કર્યું. પછી ભગવાને શકટાસુરને જે માર્યો હતો તે લીલા કરે છે. એક ગોપી કૃષ્ણ થઇ અને બીજી શકટ બની, અને કૃષ્ણ બનેલીએ શકટ બનેલી ગોપીને તાડન કર્યું. શ્રીસુબોધિની પ્રમાણે પૂતના પંચપર્વા અવિદ્યાનું રૂપ છે. અવિદ્યા એટલે અજ્ઞાન, તેના પાંચ પર્વો-દેહધ્યાસ, ઈંદ્રિયાધ્યા, પ્રાણાધ્યાસ તથા અંત:કરણાધ્યાસ તેમજ સ્વરૂપવિસ્મૃતિ છે. અવિદ્યા દૂર થાય એટલે નિરોધ સુગમ બને છે, માટે પ્રથમ ભગવાને પૂતનાવધની કરેલી લીલા અહિંઆં કરે છે. પ્રભુનો પ્રેમ થવા માટે પ્રભુનું જ્ઞાન પૂરેપુરૂ હોવું જોઇએ, પણ અજ્ઞાન તે જ્ઞાન થવા દેતું નથી; તે અજ્ઞાન-અવિદ્યાનો કોઇ પણ રીતે નાશ થવો જોઇએ. અનુકરણ લીલામાં આ અજ્ઞાન દૂર કરવાને પૂતનાવધ કરવામાં આવે છે.

હવે તૂણાવર્ત લીલા કહે છે-

**मूलम्-** **दैत्यायित्वा जहारान्यामेका कृष्णार्भभावनाम् ।**
**रिङ्ग्यामास काप्यंध्री कर्षन्ती धोषनिःस्वनैः ।। १६ ।।**

**अन्वयार्थ--** દૈત્યની માફક આચરણ કરતી એક ગોપીએ અન્ય બાલક કૃષ્ણની ભાવના કરતીનું હરણ કર્યું. એક ચરણને ખેંચતી ઘુઘરીઓના અવાજ સહિત ઢીંચણે ચાલવા લાગી.

**श्रीसुबोधिनीजी--** એકે પોતાના શરીરને દૈત્ય જેવું બનાવ્યું, અને બીજીએ કૃષ્ણની બાળભાવના કરી, પછી દૈત્યનું આચરણ કરનારી ગોપીએ તેનું હરણ કર્યું. એક બીજી પગને ખેંચતી ખેંચતી અવાજ સહ ચાલવા લાગી. જેવી રીતે બાળપણમાં ભગવાન મુગ્ધ અને બ્હીનેલાની માફક અવાજ સહિત રુચિર ગતિ કરતા હતા તે પ્રમાણે ચાલવા લાગી. પૂર્વ શ્લોકમાં બે લીલાથી ચાર તામસતામસી ગોપીએ કહી છે. અહિંઆં ત્રણ રાજસતામસીઓ સમજવી. ચરિત્રલીલામાં કહેલા વિશેષો અહિં પણ અનુંસધાન કરવાને લાયક છે. અથવા ત્રણ યુગલોનું નિરૂપણ કર્યું છે. ગુણાતીત તો એકજ છે વળી પ્રકારાન્તરે એક ભાવને પ્રાપ્ત થઇને રજોગુણથી અનેક રીતે વિક્ષિપ્ત થઇને બહુરૂપ થયાં.

**વિવેચન**-- પ્રથમ શ્લોકમાં પૂતનાના પયનું પાન તથા શકટભંગ એ બે લીલાનું અનુકરણ ગોપીઓએ કર્યું એમ વર્ણવ્યું. ત્યાં એ બે લીલામાં જે બે ગોપીઓ ભગવાન્ બની તે તથા જે બે પૂતના તથા શકટ બની તે એમ કુલે ચાર ગોપીઓ હતી. આ ચાર ગોપીઓ તામસતામસી હતાં. અહિંઆં કુલ ત્રણ ગોપીઓ છે. તેમાંની બેમાંથી એકે દૈત્યનું અનુકરણ કર્યું. અને બીજી એકે બાળક કૃષ્ણનું અનુકરણ કરીને તેમને હરી જનાર દૈત્ય બનનાર ગોપીનું દમન કર્યું. ત્રીજી ગોપી કૃષ્ણ થઇ અને ઘુઘરીઓના અવાજ સહિત ઢિંચણ ઉપર ચાલવા લાગી. આ ત્રણ ગોપીઓ રાજસતામસ છે. આ ફલપ્રકરણમાં જે નિરોધનું વર્ણન કરવામાં આવ્યું છે તે તામસ ગોપીજનો માટે છે. તેઓ જ્ઞાનરહિત હોવાથી, તથા કોઇ પણ સાધનવાળાં નહિ હોવાથી તામસ કહ્યાં છે. એ તામસના પણ તામસ, રાજસ અને સાત્ત્વિક એવા ભેદ છે. તેમા શ્લોક -૧૫ માં જે ગોપીઓ છે તે ચાર તામસતામસ છે. અને અહિંઆં ત્રણ ગોપીઓ રાજસતામસ છે. જો આ અર્થમાં આ ત્રણ ગોપીઓનો પ્રકાર ન સમઝીએ તો બીજી રીતે સમઝવો, એ પ્રકાર ત્રણ યુગલોનો છે. અર્થાત્ બબે ગોપીઓનું એક યુગલ એવાં ત્રણ યુગલો અને એક ગુણાતીત ગોપી એમ મળીને સાત છે. જો કે તે બધાં ગોપીજનનું ચિત્ત પ્રભુમાંજ પરોવાયલું હતું. તેથી તે સર્વનો ભાવ સમાન હતો, પણ તેમની પાસે આ અનુકરણલીલા કરાવવાની ખાતર પ્રભુએ તેમના આ ભાવને મુખ્ય તથા ગૌણ કર્યો. પ્રભુની ઇચ્છાથીજ એક ગોપી દૈત્ય થઇ, અને બીજી બાલકૃષ્ણ થઇ. જો કે દૈત્ય બનનારી ગોપી કૃષ્ણનું હરણ કરે છે, છતાં તેની મનોભાવનામાં કૃષ્ણ પ્રતિ દ્વેષ નથી. પ્રભુ તરફના પ્રેમથી પ્રેરાઇનેજ પ્રભુને પ્રાપ્ત કરવા માટેજ આ અનુકરણલીલા કરે છે અને ભગવાનના ચરિત્રો સંભાળી પોતાનું હૃદય ખાલી કરે છે. એ મૂળ પ્રેમ એજ આ લીલાનું બીજ છે, એટલે અહિંઆં ગોપી દૈત્ય બનીને ભગવાનનું હરણ કરે છે તેમાં દ્વેષ નથી. પણ સૂક્ષ્મ પ્રેમજ છે; તેથી અહિંઆં રસ પ્રતીતિની બાબતમાં કોઇ પણ વિરોધી ભાવના નથી એ સત્ય વાત છે.

વૃન્દાવનની ક્રીડામાં વત્સપાલકરૂપ થયાં. તેમા પ્રકાર કહે છે.

**મૂલમ્- कृष्णरामायिते द्वे तु गोपायन्त्यश्च काश्चन ।**
**वत्सायतीं हन्ति चान्या तत्रैका तु बकायतीम् ।। १७ ।।**

**અન્વયાર્થ**-- બે ગોપીઓ કૃષ્ણ અને બળરામ થયાં અને કેટલાંક ગોપી તથા ગોપ થયાં. એક વત્સ બનેલીને મારવા લાગી, અને બીજી બક બનેલીને મારવા લાગી.

**શ્રીસુબોધિનીજી** -- બે ગોપીઓ કૃષ્ણ અને બળરામ થયાં. કેટલીક ગોપ અને ગોપીઓ થયાં. અહિંઆં ગોપો એટલે બાળકો સમજવા. આ શબ્દ જાતિવાચક છે (ચ) કેટલીક વત્સરૂપ થઇઓ. એથી સમુચ્ચય જણાવે છે. વળી બીજી વત્સ બનેલી વત્સાસુરની માફક આચરણ કરવા લાગી. તેનું હનન કરવા માંડયું. કૃષ્ણ બનેલીએ ફલને પાડયું. બીજી વળી એક બનેલીને મારતી હતી. વત્સવધ લોકમાં બળભદ્રે કર્યો છે એમ પણ પ્રસિદ્ધ છે. એમણે પ્રલમ્બનો, વત્સનો, તથા ધેનુકાસુર વગેરેનો વધ કર્યો હતો. માટે તે ઉભયની મધ્યમાં એકે બક બનેલીને અને બીજીએ વત્સ બનેલીને માર્યો.

## વત્સાસુર તથા બકાસુરવધલીલા

**વિવચેન--** વત્સાસુર, બકાસુર, પ્રલમ્બ, ધેનુકાસુરને ભગવાને ગોપોસહ વનમાં ગાયો ચારતી વખે વધ કરેલો તે લીલાનું પણ આ ગોપિકાઓએ અનુકરણ કર્યું તે અહિંઆં જણાવ્યું છે.

એક ગોપી કૃષ્ણ બની અને બીજી બલરામ બની. કેટલાંક ગોપબાળક અને બીજા ગોપીઓ બન્યાં, કેટલાંક વાછરડાં થયાં, તેમાં એક વત્સાસુર બની અને તે એકાએક વત્સ બનેલી ગોપીઓની મધ્યમાં અન્યને પીડવા લાગી. કૃષ્ણ બનેલીએ બળરામ બનેલીના સાહાય્યથી આ વત્સાસુર બનેલી ગોપીનું હનન કર્યું. બળભદ્ર એ સંકર્ષણવ્યુહાત્મક છે. એટલે જયાં જયાં શત્રુઓનો સંહાર કરવાનો હોય ત્યાં ત્યાં એમના થકી જ કાર્ય થાય છે. પછીથી પ્રલમ્બાસુર તથા બકાસુર તેમજ ધેનકાસુરના વધની લીલા કરે છે. અર્થાત્ આ વ્રજસીમન્તિનીઓએ પોતાનામાં જે પશુવત્ આસુરભાવ-મૌઢય, દર્પ, અજ્ઞાન, દ્વેષ ઇત્યાદિ હતા તેનું નિવારણ કર્યું. આસુરી સંપદના જે કંઇ અંશ તેમનામાં હતા તે દૂર કર્યા; કારણ એ જયાં સુધી દૂર ન થાય ત્યાં સુધી ભકતો શુદ્ધભકિતમાર્ગમાં આગળ વધી શકે નહિ, નિરોધસિદ્ધિ માટે આસુરભાવ દૂર થવો જોઇએ.

ત્રિવિધનામાવલીમાં શ્રીગોકુલોત્સવજી વત્સાસુરનો અર્થ શ્રીસુબોધિનીના આધારે નીચે પ્રમાણે આપે છે ''-लौकिका एव लौकिकान्सदोषान्पशूंश्चारयन्ति । भगवानलौकिक इति निर्दोषानेव पालयतीति समस्तानां वत्सानाम् योयमासुरो भावः स एकीभूतो वत्सासुर इति'' લૌકિકોજ લૌકિક દોષવાંલા પશુને ચારે છે. ભગવાન અલૌકિક છે અને તે નિર્દોષોનું રક્ષણ કરે છે, તેથી સઘળાં વાછરડામાં જે આસુર ભાવ હતો તેનું એક સમગ્ર રૂપ વત્સાસુર બન્યું છે. ભગવાને તે વત્સાસુરને મારીને નિરોધસિદ્ધિ માટે આસુરભાવને દૂર કર્યો છે. બકાસુર એ બકપંકિતનો છે. અહિંઆં બક મનુષ્યોમાં અગર પશુઓમાં રહેલા દંભનો સૂચક છે. તેની દૂંટીમાં

લોભ અને અનૃત વસે છે, આથી બકાસુરના વધદ્વારા તેમનામાં રહેલો દંભ તથા લોભ તેમજ અનૃત પણ દૂર કર્યાં. આ ત્રણ દોષ દૂર થાય તોજ ભગવત્પરતા બને છે. આ ગોપીઓએ આ અનુકરણલીલામાં તેમનામાં રહેલા આ ત્રણ દોષોનો પણ ત્યાગ કર્યો, એટલે તેમનામાં ભગવત્પરતા થવા લાગી અને જો થોડી ઘણી પણ સંસારની વાસના હોય તો તેનો પણ ધ્વંસ થયો એટલુંજ નહિ, પણ સંસારના તાપની નિવૃત્તિ થઇ. ''ધેનુકાસુર'' એ દેહાધ્યાસનું રૂપ છે તેનું પણ આ લીલામાં ખણ્ડન કર્યું. ગોપીઓ વ્રજવાસી હતાં, તેમને કુટુંબપરિવાર હતો. સંસારના મધ્યમાં તે રહેલાં હતાં, એટલે એ સંસાર જયાં સુધી વળગેલો હોય ત્યાં સુધી ભકિતમાર્ગમાં પ્રયાણ કરવું તેમને માટે દુષ્કર થાય એ પણ સંભવિત છે, એટલે એ જો કે સંસારની પાછળ પોતાની પીઠ ફેરવીને બહાર નીકળ્યાં હતાં-તેમણે ભકિતમાર્ગીય સંન્યાસ લીધેલો હતો, તોપણ જયાં સુધી દેહ છે ત્યાં સુધી, દેહની સાથે સંબંધ ધરાવનાર અહંતા-મમતા વગેરે અધ્યાસ તો સાથે વળગેલો હોય છે. માટે આ અધ્યાસની નિવૃત્તિ થાય તો જ સંન્યાસનું ફળ મળી શકે, તેથી તે માટે એમણે ધેનુકાસુરના વધદ્વારા દેહાધ્યાસને પણ દૂર કર્યો; એ આ શ્લોકનું રહસ્ય છે. પ્રલંબ અંતઃકરણનો દોષ ગણાય છે. તેને પણ દૂર કર્યો.

ત્યાર પછીથી ગોપરૂપથી વૃન્દાવનની લીલા કરે છે.

**मूलम्- आहूय दूरगा यद्वत्कृष्णस्तमनुकुर्वतीम् ।**
**वेणुं क्वणन्तीं क्रीडन्तीमन्याः शंसंति साध्विति ।। १८ ।।**

**अन्वयार्थ--** કૃષ્ણની માફક એકે દૂર ગયેલી ગોપીને બોલાવીને વેણુ વગાડતા ક્રીડા કરી, અને બીજીઓએ ''બહુ સારૂ'' એમ તેની પ્રશંસા કરી.

**श्रीसुबोधिनीजी --** કેટલીક ગાયો થઇ, અને કેટલીક ગોવાળીઆ બની. જેવી રીતે કૃષ્ણે દૂર ગયેલી ગાયોને બોલાવીને વેણું વગાડી હતી, તેવી રીતે દૂર ગયેલી ગોપીઓને બોલાવીને એકે કૃષ્ણનું અનુકરણ કર્યું. વેણું વગાડતી તથા નાનાવિધ ક્રીડા કરતી તે ગોપીની બીજા ''બહુ સારૂ'' એ પ્રમાણે પ્રશંસા કરવા લાગ્યાં.

## વૃંદાવનલીલાનું અનુકરણ

**विवेचन--** કેટલાંક ગાયો થયાં, અને કેટલાંક તેમની સંભાળ રાખનાર ગોવાળ બન્યાં. પછી જેમ કૃષ્ણ ગાયોને ચારવા જતી વખતે દૂર ગયેલી ગાયોને પાછી બોલાવવાને પોતાની વેણુને વગાડતા હતા અને સુંદર અવાજ કરતા હતા, તેવી રીતે અહિંઆં પણ ગાયો બનેલી તથા તેમના રખવાળ બનેલી ગોપીઓને પાછા બોલાવવાને કૃષ્ણ બનેલી ગોપીએ હાથમાં એક વેણું લીધી અને પછી ખૂબ

સરસ રીતે વગાડી, અને તે સાંભળીને આ ગાયો તથા તેમના ગોવાળ રૂપ ગોપીઓ એકદમ કૃષ્ણ બનેલી ગોપી પાસે જલદીથી દોડતાં પાછાં આવ્યાં: એટલુંજ નહિ પણ તેની પ્રશંસા કરી કે હે સખી, તું વેણું વગાડવામાં તથા ક્રીડન કરવામાં ઘણીજ ચતુર છું. તારી વેણુનો રવ કેટલો સુંદર હતો ? અમે ખરેખર તારાથી દૂર હતાં પણ તે સૂર એવો સુંદર બજાવ્યો, કે તે સાંભળીને અમારુ ચિત્ત ઠેકાણે રહ્યું નહિ. અમને તો તારી પાસેજ આવવાનું મન થઇ ગયું. તારી વેણુ સાંભળીને તો અમને સાક્ષાત્ આપણા કૃષ્ણ પ્રભુની વેણુનું જ ધ્યાન થયું તેથી તને કૃષ્ણરૂપ ધારીને અમે તારી પાસે જલદી આવતા રહ્યાં; આ રીતે તેઓ તે ગોપીની પ્રશંસા કરવા લાગ્યાં. વેણુનાદમાં વિશારદતાની કસોટી સ્વર, તાન તથા મૂર્છનાસહિત ગાન કરવાથી થાય છે. આ રીતે ગાન કરનારમાં સ્ત્રીઓની કામના થાય છે એવું કામશાસ્ત્રનું સૂત્ર છે. આ ગોપીએ કૃષ્ણરૂપ થઇને એવી વિશારદતા દેખાડી એટલે આ ગોપીઓ તેની જાણે કામના કરતાં હોય તેવાં જણાયાં પણ પોતે અત્યારે ગાયરૂપ તથા ગોવાળીઆરૂપ બનેલાં હોવાથી તે કામનાને બદલે તેની ઘણીજ પ્રશંસા કરવા લાગ્યાં.

એકે વળી ક્રીડામાં કરેલી,પણ ભાગવતમાં નહિ વર્ણવેલી લીલા કરીને તેની માફક ભાવના કરતી લીલા કરવા લાગી, તે કહે છે.

**मूलम्- कस्यांचित्स्वमुजं न्यस्य चलंत्याहापराननुं ।**
**कृष्णो हं पश्यत गतिं ललितामिति तन्मनाः ।। १६ ।।**

**अन्वयार्थ --** એક ગોપી જેનું મન ભગવાનમાંહતું તેણે બીજી ગોપીના ખભા ઉપર હાથ મુકીને ચાલતાં ચાલતાં અન્યને કહ્યું ''હું કૃષ્ણ છું. જુઓ મારી ગતિ કેવી સુંદર છે.''

**श्रीसुबोधिनीजी--** અહિંઆં પણ પૂર્વની માફક ત્રણ યુગલ અને ચોથી આ છે. કૃષ્ણ અને બળરામ બનેલીનાં બે યુગલ; ''બહુ સારું છે'' એમ પ્રશંસા કરનાર સહ વેણુનો નાદ કરનાર ત્રીજી અને આ નિર્ગુણ છે. કોઇએક ગોપરૂપ બનેલી ઉપર પોતાના ભુજને સ્થાપન કરીને ચાલતી બીજી ગોપીરૂપને કહે છે ''હે ગોપીઓ, હું કૃષ્ણ છું. મારી લલિત ગતિ જુઓ'' દોષના અભાવ માટે કહે છે કે તેનું મન કૃષ્ણમાં હતું.

**विवेचन --** પછી એક ગોપીએ કૃષ્ણનો સંપૂર્ણ સ્વાંગ ધરીને તથા સુંદર ગતિથી ગમન કરતાં બીજાં ગોપીજનને કહ્યું ''હે ગોપીઓ, મારી સુંદર ગતિ કેવી છે તે અવલોકો '' આ વખતે તે ગોપીનું મન કૃષ્ણમયજ બની ગયું હતું. અત્યાર સુધી કાયાથી જે જે લીલા કરી હતી તે કહી બતલાવી.

પ્રથમ કેવળ કાયિક ચેષ્ટાજ કરી છે. હવે વાણીસહ. ફરીથી અન્ય રીતે તેના ચાર પ્રકારને કહે છે.

**मूलम्- मा भैष्ट वातवर्षाभ्यां तत्त्राणं विहितं मया ।**
**इत्युकत्वैकेन हस्तेन यतंत्युन्निदधेंडबरम् ।। २० ।।**

**अन्वयार्थ--** એકે કહ્યું ''તમે પવન તથા વરસાદથી ભય પામશો નહિ. મેં તમારૂ તેમનાથી રક્ષણ કર્યું છે.'' આ પ્રમાણે કહીને એક હાથથી યત્નસહિત પોતાના વસ્ત્રને ઉંચું કર્યું.

**श्रीसुबोधिनीजी--** આ ગોપી નિર્ગુણ છે. કોઇ ગોપીઓ, ગોપ, ગાય અને ગોપીરૂપ થઇ છે. તેમને વૃષ્ટિથી ભય પામતાં હોય તેવી દશામાં જોઇને ''તમે પવન તથા વરસાદથી ડરશો નહિ. મેં તમારૂ રક્ષણ કર્યું છે'' આ પ્રમાણે કહીને એક હાથથી વસ્ત્રને લઇને પર્વતની માફક સ્થાપન કરતી ઉંચે મૂકવા લાગી. ગોવર્ધનની માફક તેને ધારણ કરવા લાગી. અગર પ્રયત્ન કરવા લાગી.

**विवेचन--** આ શ્લોકમાં ભગવાને વાણીથી વ્રજજનોનાં દુઃખ દૂર કરીને જે જે લીલાઓ કરી હતી; તે બધીનું અનુકરણ હવે કર્યું. આ સમયે અન્ય ગોપીજનોમાંથી કોઇ ગોપ બન્યાં, કોઇ ગોપીઓ થઇ, કોઇ ગાય-વાછરડાં વગેરે બન્યાં. આ બધાં વૃષ્ટિથી જાણે ભય પામતાં હોય એવા દેખાયાં, તેથી કૃષ્ણ બનેલી એક ગોપીએ કહ્યું તમે ડરશો નહિ. હું રક્ષણ કરવાને હાજર છું. મારી આગળ ઇંદ્રનો કશો હિસાબ નથી. એમ કહીને તેમને આશ્વાસન આપ્યું. અને પછીથી ટચલી આંગળીથી ગોવર્ધન પર્વતને ઊંચકતાં હોય તેમ એક વસ્ત્રને ઊંચુ કર્યું આ ચેષ્ટા નિર્ગુણાની છે.

અહિંયા ગોવર્ધનલીલા કરવામાં એ રહસ્ય સમજાય છે કે નિરોધ સિદ્ધિમાં જેમ અવિદ્યાકૃત દોષોને ત્યજવા જોઇએ, તેમ બીજા પણ દોષો દૂર કરવા જોઇએ. પ્રભુને મેળવવાનો ઉપાય ભકિત છે, પણ તે ભકિત સ્નેહમાં કોઇ પણ વ્યભિચાર હોવો ન જોઇએ. તે પ્રભુ તરફ જ ઢળવી જોઇએ. જેમ પત્ની અનન્ય ભાવથી પોતાના પતિને ભજે છે. તેમ ભકતે પણ પ્રભુને ભજવા જોઇએ. પતિ સિવાય જો પત્ની બીજામાં પોતાનું ચિત્ત પરોવે તો તે પુંશ્ચલી ગણાય. તેવી સ્ત્રી પોતાના પતિની સાથે દામ્પત્યજીવન ભોગવી શકતી નથી, તેમ તેની પ્રીતિની મધુરતા પણ ચાખી શકતી નથી, તેમ ભકતોએ પણ પ્રભુને તે ભાવથી ભજવાના છે, પણ તે ભાવ કેવલ પ્રભુ તરફ જ હોવો જોઇએ. તે અન્યગામી બનવો ન જોઇએ. ગોપીજનો નિરોધસિદ્ધિની દશામાં હતાં. આ સ્થિતિમાં થોડો પણ જો તેમનામાં અન્યાશ્રય આવે તો તેમની નિરોધસિદ્ધિને નષ્ટ કરી મૂકે. તેમની ભકિત એક

નિશ્ચલ આશ્રયવાળી થાય માટે આ લીલા કરી છે. ઈંદ્ર ગમે તેવો બળવાન હોય; દેવોનો તે રાજા હોય તો પણ પ્રભુથી તે અધિક નથી જ. માટે દુનિયામાં ગમે તે દુઃખો આવી પડે તો પણ કાયર નહિ થતાં પ્રભુ સિવાય બીજાથી ડરી જવું નહિ. પ્રભુભકતોએ નિર્ભય રહેવું, અને પ્રભુ સર્વ કર્તા હર્તા છે, પ્રભુ જ અમારા રક્ષક છે એમ સમજીને તેમનો જ આશ્રય કરવો. એવો આશ્રય કરનારને પ્રભુ સાહાય્ય કરે છે. ઈંદ્રે વર્ષાવેલી વૃષ્ટિથી ત્રાસ પામેલા ગોપ અને ગોપીઓનું ભગવાને રક્ષણ કર્યું. તેમ ભગવાન દરેક ક્ષણે રક્ષણ કરવાને તૈયાર છે. પણ જો એક આશ્રય અને શ્રધ્ધા રહે તો જ. માટે હે સખીઓ, આપણે કોઈ પણ રીતે ડરવું નહિ. આપણે આપણા રસમાં મસ્ત બનીને પ્રભુનો એક આશ્રય રાખીશું તો જરૂર પ્રભુ પ્રકટ થશે જ અને દર્શનનું સુખ આપશે. આ રીતે તેઓ પ્રભુનાં જ છે, એ વસ્તુ આ લીલાથી તેમણે જણાવી. વળી આથી એવું પણ સૂચન કરાયું છે કે જેમ ઈંદ્રનો દર્પ ભગવાને હર્યો તેવી રીતે જો આપણામાં થોડો પણ દર્પ રહેશે તો પ્રભુ કદી પણ આપની પાસે આવશે નહિ. માટે આપણે ગર્વ અગર દર્પ નહિ કરતાં દૈન્યભાવ રાખીને પ્રભુપ્રતિ આપણે સ્નેહ દર્શાવવો. આ રીતે ગોવર્ધનોદ્ધારણલીલા કરવાથી તેમને પ્રભુના માહાત્મ્યનું સંપૂર્ણ જ્ઞાન થયું, અને તેથી તેમનો સ્નેહ હવે સુદૃઢ બન્યો, એટલું નહિ પણ એ સર્વથી અધિક થયો અર્થાત ભકિતમાર્ગના ધર્મનું પોષણ કર્યું.

સાત્ત્વિકીની ચેષ્ટા કહે છે

**मूलम्- आरुह्यैकां पदाक्रम्य शिरसाहापरां नृप ।**

**दुष्टाहे गच्छ जातो हं खलानां ननु दंडधृक ।। २१ ।।**

**अन्वयार्थ--** એક ગોપી બીજીના ઉપર ચઢીને પગથી તેના મસ્તકને દબાવીને, હે રાજા ! આ પ્રમાણે અન્ય ગોપીઓને કહે છે કે ''હે દુષ્ટ સર્પ, અહિંથી દૂર થા. હું શઠને નક્કી દંડ આપનારો છું.''

**श्रीसुबोधिनीजी --** એકે ઉપર ચઢીને, પગથી આક્રમણ કર્યું અને તેના શિર ઉપર પગથી આઘાત કર્યો. ''નૃપ'' એ સંબોધન વિશ્વાસને માટે છે. આ લીલા કઠિન છે, અથવા ઉપર ઝાડની ડાળીનો ટેકો લેઈને તે પ્રમાણે કર્યું. (વસ્તુતઃ તો જે લીલા પ્રભુએ એ પ્રમાણે કરી છે, તે તે પ્રમાણે આવિર્ભાવ પામતી જાય છે. તેથી અહિંઆં અવલમ્બન નથી તો પણ તેમાં અનુપપત્તિ નથી) હે દુષ્ટ સર્પ ! તું કાલીયનાગ છે, અહિંથી જા ! કારણ કે હું ખલોને દંડ આપનાર જન્મ્યો છું. ''નનુ'' શબ્દથી સંબોધન અમારણ માટે છે.

## કાલીયમર્દન લીલા

**વિવેચન--** અહિંઆં કાલીય નાગના મર્દનની લીલા વર્ણવી છે. આ લીલા કરવાને માટે કૃષ્ણ બનેલી ગોપી કાલીય નાગ બનેલી ગોપીના અંગ ઉપર પગથી આક્રમણ કર્યું. અને પછી તેના પગ ઉપર પ્રહાર કરવા માંડયા. આ પ્રમાણે કરવું બહુકઠિન છે, છતાં તે લીલા આવેશને લીધે તેમણે કરી. આગર તો પાસે ઉગેલા ઝાડની ડાળીને પકડીને કાલીય બનેલી ગોપીના માથા ઉપર પગ મૂકયો અને પછી ઉપર જણાવ્યા પ્રમાણે લીલા કરી. આ લીલા કરતી વખતે કૃષ્ણ બનેલી ગોપી કહે છે કે ''હે દુષ્ટ કાલીય નાગ ! તું આ સ્થાન છોડીને જલદીથી ચાલ્યો જા, તને ખબર નથી કે મારો જન્મ લુચ્ચાઓ અને દુષ્ટોને શિક્ષા કરવા માટે છે ?'' તું ખલહોવાથી હું આજે તને શિક્ષા કરીશ. જો કે તારા વિશ્વાસ માટે મારે કહેવું જોઇએ કે હું તને મારવાનો નથી. માટે તું ગભરાઇશ નહિ. હું તને સુધારવા જ માંગુ છું.

## (કાલીયમર્દન એટલે ઇંદ્રિયનિરોધ)

સુબોધિની પ્રમાણે કાલીય એટલે ઇંદ્રયો ને તેનું મર્દન એટલે ઇંદ્રિયવિનિગ્રહ છે. એ પણ એક અવિદ્યાનો અધ્યાસ હોવાથી, તેને જીતવો જોઇએ. નહિ તો ભકિતમાં તે બાધક નીવડે છે. આમ હોવાથી પ્રભુની પ્રાપ્તિ સુલભ બને માટે તેમણે ઇંદ્રિયનિરોધ માટે કાલીયમર્દનલીલા કરી.

**मूलम्- तत्रैकोवाच हे गोपा दावाग्निं पश्यतोल्बणम् ।**
**चक्षूंष्याश्वपिदध्वं वो विधास्ये क्षेममंजसा ।। २२ ।।**

**अन्वयार्थ--** ત્યાં એકે કહ્યું, હે ગોપો, આ ભયંકર દાવાગ્નિ જુઓ. સત્વર તમારા નેત્રો મીંચી દો, હું તમારૂ કલ્યાણ તરત કરીશ.

**શ્રીસુબોધિનીજી --** એક ગોપી રાજસી થઇ અને (શ્લોકમાં) કહ્યા પ્રમાણે બોલી. કેટલીક ગોરૂપ થઇ તથા કેટલાંક ગોપ બન્યાં. એક જે કૃષ્ણરૂપ હતી તેણે કહ્યું-હે ગોપો, દાવાગ્નિને જુઓ. વિરહથી તેણે દાવાગ્નિને જોયો, અથવા ભાવનાથી તે પ્રમાણે કલ્પયો. આ સર્વ ક્રીડા ભગવદ્રૂપ આવેશ કરે છે. તેથી દાવાગ્નિનું પણ દર્શન થયું છે. અન્યોનો અમુક રૂપને લીધે તેમનામાં ભગવદ્ભાવનો અભાવ હોવાથી તેમણે પ્રાર્થના કરી નથી. એ રીતે વાયુ અને વર્ષાદના સ્થાને પણ સમજવું જ. ભગવદ્ભાવની સ્ફૂર્તિ હોવાથી લીલામાં તેમનો આવેશ છે તેથી તેનું (તે લીલાનું ) દર્શન અતિમસ્ત બનેલાને જ થાય છે.

## દાવાગ્નિલીલા

**વિવેચન--** આ શ્લોકમાં ભગવાને દાવાગ્નિની શાન્તિ ૧૯ મા અધ્યાયમાં વર્ણવ્યા પ્રમાણે કરી હતી તે લીલાનું અનુકરણ પણ તેમણે કર્યુ એમ કહે છે. પણ તે લીલામાં ગોપોએ પ્રથમ દાવાગ્નિને જોઇને તેના નિવારણ માટે પ્રભુની પ્રાર્થના કરી હતી; અહિંઆં તે ક્રમ નથી. તેનું કારણ એટલુંજ છે કે જે ગોપીનામાં પ્રભુ માટેનો અત્યન્ત વિરહ થયેલો છે, તેજ વિરહમાં દાવાગ્નિને જુએ છે, બધાંને દાવાગ્નિનું દર્શન નથી.જેનામાં તે લીલા માટે આવેશ છે તેનેજ તેનું દર્શન થાય છે, અને તેથી તેજ પોતે કૃષ્ણરૂપ બનીને અન્યને કહે છે કે જુઓ આ દાવાગ્નિ કેવો પ્રચણ્ડ સળગી રહ્યો છે ? પણ હું એને હમણાં શાન્ત કરીશ, માટે તમે કોઇ પણ ગભરાશો નહિ. ત્રિવિધનામાવલીની ટીકા પ્રમાણે દાવાગ્નિ એટલે આત્મદોષ છે. પ્રભુ તરફ રતિભાવ સિદ્ધ થાય માટે આત્મદોષ સ્ફુરવો જોઇએ; એ દોષ સ્ફુરતા પોતાનામાં પ્રભુ તરફનું દાસત્વ આવે છે. આ રીતે દાસ્યભાવ થાય તો પ્રભુ પોતાની શરણે આવેલાંની રક્ષા કરે છે, આ સૂચવવાને માટે દાવાગ્નિનું પાન અહિંઆં કરે છે.

તામસીને હવે કહે

**मूलम्-बद्धान्याय स्त्रजा काचित् तन्वी तत्र ह्युलूखले ।**
**भीता सुदृक पिधाय स्वं भेजे भोतिविडम्बनम् ।। २३ ।।**

**अन्वयार्थ --** એક કૃશ છતાં સુન્દર નેત્રવાળી ગોપી બીજીની માળાથી ખાંડણીયે બંધાઇને બ્હીધી અને પોતાનું મુખ ઢાંકીને આડંબર કરવા લાગી.

**श्रीसुबोधिनीजी--** ખાંડણીએ એક ગોપીએ બીજીને માળાથી બાંધી. ખાંડણીયારૂપ પણ એક ગોપી જ થઇ. બીજી પણ યશોદારૂપ થઇ ત્યારે ભયભીત બનીને ઉત્તમ દષ્ટિવાળી તેણે મુખને હાથથી સંપૂર્ણ ઢાંકીને ભીતિનું અનુકરણ કર્યું. અહિંઆં ૧ ક્રમમાં ગુણ જ પ્રયોજકો છે. તે તે અધિકાર અનુસાર તે તે લીલાઓનો પ્રાદુર્ભાવ થયો. લીલા ભગવાનને વશ કરવા સુધી છે. નહિ તો ઉલૂખલ લીલા જ કરે નહિ. આથી વિશેષ કરવાનું નથી. માટે લીલાનો અનંત આવ્યો છે. આ રીતે લીલાભાવ ઉત્પન્ન કરીને વકતવ્ય ભગવદ્ભાવમાં ભગવાનની ભીતિની અનુકરણરૂપ લીલામાં સર્વ લીલા તિરોધાન પામી. પછીથી પહેલાંની માફક ફરીથી પ્રશ્ન જ થયો. પ્રશ્ન સંવેદનપૂર્વક હોય છે. પણ અહિંયાં તો આવેશથી થયો, માટે ત્યાં ઉપસંહાર નથી.

**વિવેચન--** આ શ્લોકમાં ઉલુખલલીલા કેવી રીતે કરી તેનું વર્ણન કર્યું છે. આ બધી લીલાઓમાં શરૂઆતમાં જે ક્રમ જણાતો હતો તે પાછળથી નથી જળવાયો. કારણકે શ્લોક ૧૫ થી શ્લોક ૧૯ સુધીમાં પૂતનાવધ, શકટભંગ, તૃણાવર્તવધ, વત્સપાલન લીલા વગેરે લીલા ભાગવતમાં વર્ણવ્યા પ્રમામે ક્રમપૂર્વક કરી છે. પણ શ્લોક ૨૦ થી વાકલીલામાં ક્રમ જળવાયો નથી કારણકે તેમાં ઉલૂખલલીલા પ્રથમ જોઇએ અને ગોવર્ધનોદ્ધારણ લીલાએ અંતિમ જોઇએ પણ તે ક્રમ અહિંયા જળવાયો નથી. તેનું કારણ એ છે કે આ લીલાઓ જે અહિંયા કરવામાં આવે છે તે બધામાં ચિત્તના ગુણો જ હેતુરૂપ છે. તેને અનુસરીને જ લીલાનો પ્રાદુર્ભાવ થયો છે. આ રીતે પ્રાદુર્ભાવ પામેલી લીલાનું ફળ ભગવાનને વશ કરવાનું છે. વાંચિક લીલાઓ ચિત્તના ગુણ-ભાવના પ્રમાણે કરી છે એટલે પૂર્વના ક્રમનો ત્યાગ અહિંયા થયો છે. આ રીતે ક્રમ પ્રમાણે લીલા નહિ કરતાં ગમે તે ક્રમમાં કરવાનું કારણ તે ગોપીજનના ગુણો છે. તેમના ચિત્તમાં જેવી ભાવનાઓ થાય છે. તે પ્રમાણે અહિંયા લીલા કરે છે, કારણકે આ લીલાઓ કરવાનો હેતુ ભગવાનને વશ કરવાનો છે. ભગવાન પ્રસન્ન કેમ થાય અને અમારા ઉપર કૃપા કેવી રીતે કરે તે જાણવાની ઇચ્છાએ આ લીલાઓ તેમણે ગુણ પ્રમાણે કરી છે. આ લીલા એમણે છેલ્લામાં છેલ્લી કરી. તેમણે જે લીલા અત્યાર સુધી કરી તે આવેશમાં કરી, પણ હવે તેમને જણાયું કે સ્ત્રી ભાવથી ભગવાન વશ થતા નથી પણ માતૃભાવની માફક ઉપાધિ વગરનો પ્રેમ જો હોય તો પ્રભુ વશ થાય, એમ જાણીને ઉલૂખલલીલા છેલ્લામાં છેલ્લી કરી.

પૂર્વ इत्युन्मत्तवचः એ વાક્યનો ઉપસંહાર કર્યો છે. પ્રશ્નનો ઉપસંહાર કર્યોનથી માટે હમણા મધ્યમાં લીલાનું વર્ણન કરીને તેના તે ટકી જતા સમયે ફરીથી વૃદાવનની લતા તથા વૃક્ષોને કૃષ્ણ સંબંધી પૂછવા લાગ્યાં.

**मूलम्- ए कृष्णं पृच्छमाना वृन्दावनलतास्तरून् ।**
**व्यचक्षत वनोद्देशे पदानि परमात्मनः ।। ૨૪ ।।**

**अन्वयार्थ** - આ રીતે વૃન્દાવનની લતાઓ તથા વૃક્ષોને કૃષ્ણસંબંધી પૂછતાં તેમણે વનના પ્રદેશો પરમાત્માનાં પગલાં અવલોક્યાં.

**श्रीसुबोधिनीजी** - ત્યારે ઉત્તર ન મળ્યો. એટલે ભગવાને પોતે પ્રવેશ કરીને તેમનો મોહ દૂર કરીને સર્વ નિવેદન કર્યું એવું કહેવામાં આવે છે. ત્રણ તાપના નિવારણ માટે અન્વેષણલીલાનો આવેશ, તથા ભગવાનનો આવેશ એ ત્રણ હોય છે. તેમાં પ્રશ્ન અન્તરંગ હોવાથી તે જ અહિંયા ફરીથી કહેવાય છે. વૃન્દાવનની

લતાઓ તથા વૃક્ષોને કૃષ્ણસંબંધી પૂછવા લાગ્યાં. પછીથી વનભૂમિમાં ભગવત્પદને પણ નિહાળ્યા. પદોથી પરમ પુરુષાર્થતાનું સૂચન કર્યું છે. ભગવદાવેશમાં સર્વજ્ઞતા થાય છે. અને તેમનું કાર્ય ભગવત્પદનું દર્શન છે. तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः (તે વિષ્ણુના પરમ પદને સર્વજ્ઞો સર્વદા અવલોકે છે. એવી શ્રુતિ છે.

## પ્રભુનાં પદદર્શન

**વિવેચન** -- ઉપર પ્રમાણે ભગવાનની લીલાઓનું અનુકરણ જુદા જુદા ભાવથી ગોપીજનોએ કર્યું. છતાં પણ પ્રભુ તેમની સમક્ષ પ્રકટ થયા નહિ, આથી તેમણે પુનઃ વૃન્દાવનની લતાઓ તથા વૃક્ષોને કૃષ્ણ વિશે પૂછવા માડ્યું. કારણ કે અન્વેષણથી તાપની શાન્તિ થાય છે, લીલાના આવેશથી તથા ભગવદાવેશથી તો એ તાપની અસ્ફૂર્તિ બને છે, માટે પુનઃ પ્રશ્ન કરવાનું તેમણે વાસ્તવિક ધાર્યું. આ રીતે અન્વેષણ કરતાં તેમણે પ્રભુના પદનાં દર્શન કર્યાં. પદદર્શનથી જ તેમના પરમ પુરુષાર્થની સિદ્ધિ થઇ કારણકે જ્યારે તેમનામાં ભગવદાવેશ થયો ત્યારે સર્વજ્ઞતાનો ભાવ તેમનામાં સ્ફુર્યો અને આમ થવાથી તેનું ફલ પ્રદર્શિત થયું. સર્વજ્ઞતાનું ફળ પ્રભુના ચરણની પ્રાપ્તિ છે. એવું શ્રુતિ પણ જણાવે છે. तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः ।। ભકતો તે વિષ્ણુના પરમપદને સદા અવલોકે છે. આ રીતે તે ગોપીઓએ ઉન્મત્ત દશામાં શું કર્યું,. તેનો ઉપસંહાર અહિંયા સુધી કર્યો છે. પણ તેઓએ વૃક્ષો વગેરેને શું પૂછ્યું તેનો ઉપસંહાર કર્યો નથી. માત્ર પ્રથમ ઉન્મત્ત તરીકે શું કર્યું તે ઉપર જણાવ્યું. પ્રથમ વનમાં બધે તેમણે તપાસ કરી વૃક્ષો-લત્તાઓ-પૃથ્વી-હરિણી વગેરેને પુછયું, પણ ત્યાંથી કંઇ પણ સમાચાર મળ્યા નહિ, એટલે તેમણે ભગવાનની લીલાનું અનુકરણ કરવા માંડયુ અને તેથી પણ પ્રભુના દર્શન તેમણે ન કર્યા એટલે પુનઃ પ્રશ્ન કરવામાં રોકાયાં. પુનઃ પ્રશ્ન કરવાનું કારણ એ જ છે કે પ્રશ્ન અંતરંગ છે, તે ભાવની સાથે સંબંધ કરાવનાર છે, પ્રભુ સાથેનું અનુસંધાન એનાથી કાયમ રહી શકે છે. માટે લતા તથા વૃક્ષોને ફરીથી પૂછે છે અને આ રીતે પૂછતાં એમને પ્રભુના પાદના દર્શન થાય છે, પદદર્શન ભકતોને પરમ પુરુષાર્થરૂપ છે. માત્ર સર્વત્ર પુરુષોજ પરમપદનાં દર્શન કરી શકે છે. આ ગોપિકામાં ભગવદાવેશને લીધે સર્વજ્ઞતા આવી હતી, એટલે તેના ફળરૂપ પદનાં દર્શન કરી શકયાં.

આ પણ પહેલાની માફક દશ પ્રકારનાં છે, તેથી તેમનાં વચન પણ તેટલાં છે. પ્રત્યક્ષ યોગ્ય પદો સર્વથી જોવાય છે માટે તેમને યાથાત્મ્યજ્ઞાન વધુ થવું જોઇએ, માટે કહે છે -

पदानिं व्यक्तमेतानी नन्दसूनोर्महात्मनः
लक्ष्यन्ते हि ध्वजांभोजचक्रांकुशयवादिभिः ।। २५ ।।

**अन्वयार्थ** -- આ પદો મહાત્મા નંદપુત્રનાં છે એ નિઃસંશય છે. ધ્વજ, કમળ, ચંદ્ર, અંકુશ તથા યવ વગેરેથી તેનું અનુમાન થાય છે.

**श्रीसुबोधिनीजी** -- આ પગલાં નંદપુત્રના જ ખરેખર છે એમાં સંશય નથી. ચિન્હોથી પદનું વિશેષ જ્ઞાન થાય છે. પણ ચિન્હો જ કેમ હોઈ શકે એમ શંકા કરીને તેનો સંભવ દર્શાવે છે ભગવાન મોટાના પણ આત્મા છે અથવા બ્રહ્મરૂપ છે. તેમના તે તે કાર્ય માટે પદમાં ચિન્હ હોય છે. અહિંયા પણ એ ચિન્હોનો ઉપયોગ છે, માટે તેને દેખાડયા છે. તે ચિન્હોનું અનુમાન અસાધારણ ધર્મથી કરાય છે એમ કહે છે. લોકમાં પણ આ પ્રકારનો અર્થ પ્રસિદ્ધ છે એમ કહીને સંમતિ દેખાડી છે. ધ્વજનું સ્થાપન ભકતોના નિર્ભય વાસને માટે છે. કમળનું સ્થાપન એ સૂચવે છે કે પ્રભુ સરળતાથી સેવી શકાય છે. ચક્રનું સ્થાપન રક્ષાને માટે છે. મનના નિગ્રહને માટે અંકુશનું સ્થાપન છે. યવ કીર્તીની સિદ્ધિ માટે જ છે. વજ્ર વગેરેનો અર્થ આદિ શબ્દથી જણાય છે, અને તે પાપપર્વત વગેરેના નિરાકરણ માટે છે.

## પ્રભુના ચરણકમળનાં ચિન્હોનો અર્થ

**વિવેચન** પ્રભુના પાદના દર્શન કરતાં, તે પાદ પ્રભુના જ છે એવી તેમની ખાત્રી થઇ, અને તે પાદને તેઓ બરાબર રીતે નિહાળવા લાગ્યાં, તેમનાં દરેક ચિન્હને બારિકાઈથી જોવા લાગ્યાં. તો તેમને માલૂમ પડયું કે આ ચિન્હોમાં ધ્વજ, કમળ, ચક્ર, અંકુશ તથા યવ વગેરે હતાં. આથી તેમની ખાત્રી થઇ કે આ પગલાં પ્રભુનાં જ હોઇ શકે અન્ય કોઇનાં નહિ. કારણ કે એ ચિન્હો પ્રભુની કાર્યશકિતના સૂચક હતાં. ધ્વજ એ ભકતોને પ્રભુ નિર્ભયતા આપનાર છે એમ જણાવે છે. કમળ એવું સૂચવે છે કે પ્રભુ સુખથી સેવાય છે. ચક્રનું ચિન્હ ભકતોનું રક્ષણ કરવાને પ્રભુ તૈયાર હોય છે એમ જણાવે છે અને જો કે પ્રભુ અનેક પ્રકારની ક્રીડા તથા લીલાઓ કરે છે, છતાં એમને તો કોઇ પણ મનોવાંછના કે અભિલાષા નથી, તેમના મન ઉપર સર્વદા નિગ્રહ હોય છે એવું જણાવવાને અંકુશ ચિન્હ છે, અને યવ કીર્તિની શુદ્ધિ સૂચવે છે. આ રીતે જુદા જુદા પ્રભુની ક્રિયા શકિતના જ્ઞાપક ચિન્હોથી વિભૂષિત બનેલી પદાકૃતિઓ જોઇને તેમના આનંદનો પાર રહ્યો નહિ.

આ પ્રમાણે અસાધારણ ધર્મોથી પદનો નિશ્ચય કરીને તે માર્ગે થઇને ગયા એવું કહે છે.

मूलम् तैस्तेः पदैस्तत्पदवीमन्विच्छन्त्योऽग्रतोऽबलाः ।

वध्वाः पदैः सुपृक्तानि विलोक्यार्ताः समब्रुवन् ।। २६ ।।

**अन्वार्थ** - તે તે પગલાંથી ભગવાનના માર્ગને શોધતા અબલાઓ આગળ ચાલ્યાં. અને કોઇ ગોપીનાં પગલાં સાથે ભગવાનના પદ મળેલા જોઇને ખેદ પામતાં અંદર અંદર બોલ્યાં.

**श्रीसुबोधिनीजी** - જ્ઞાનનું ક્રિયા સુધી પર્યવસાન હોય છે તેથી ક્રિયાનું નિરૂપણ કરાય છે. ભગવાનના પગલાને શોધતા આગળ અબળા થયાં, અર્થાત્ પદનું અન્વેષણ કરીને માર્ગે ચાલવા લાગ્યાં. મધ્યમાં તેમનો પ્રતિબંધ કહે છે. જો તેમને મત્સરદોષ ન થાય તો નિકટ જાય. પણ દોષને લીધે કુણ્ઠિત થાય છે તેથી કહે છે. કોઇ એક ગોપીકાની પાદપંકિતના આકારમાં મિશ્ર થયેલા ભગવાનના પદને જોઇને આર્ત થયાં ત્યારે અન્યોન્ય આ પ્રમાણે બોલ્યાં. જ્ઞાન અને ક્રિયાનું ઉપસર્જન કરીને વાણીમાં પ્રતિષ્ઠિત થયાં. નહિ તો શીઘ્ર ગતિમાં ભગવાન્ પ્રત્યક્ષ થાય.

## ભગવાન્‌ના પદને અન્ય સાથે મિશ્રિત થયેલાં જોઇને સ્વામિનીઓને થયેલો ખેદ

**विवेचन** -- આ ચિન્હો ઉપરથી ખરેખર જણાય છે કે પદાકૃતિ પ્રભુની છે, એમ નિશ્ચય જ્ઞાન થતાં પ્રભુ આટલામાં જ છે એમાં કાંઇ પણ શંકા નથી, એમ તેમણે ધાર્યું, કારણકે જ્ઞાન હમેશાં ક્રિયામાં મૂકવું જોઇએ, એટલે એમને થયેલા જ્ઞાન ઉપરથી તેમણે આગળ તપાસ કરવા માંડી. એ પદપંકિત જોતા જોતા ચાલ્યાં. પણ એટલામાં તેઓ એકદમ અટકી પડયાં. અટકવાનું કારણ એ હતું કે તેમણે બીજી પદપ્રકૃતિ ત્યાં આગળ પડેલી જોઇ. તે જોતાં જ તેમનામાં મત્સરદોષ જણાયો, આ મત્સરદોષને લીધે તેઓ આગળ જઇ શકયા નહિ,. નીકર તેઓ શીઘ્ર ભગવાનની સમીપ જાત. અન્યનાં પદ જોઇને તેઓ આર્ત થયા અને દીનવાણીથી એક બીજા તરફ કહેવા લાગ્યાં.

તેમનાં અદેખાઇ સહિત વાકયો કહે છે.

कस्याः पदानिचैतानि याताया नन्दसूनुना । अंसन्यस्तप्रकोष्ठायाः करेणोः करिणा यथा ।। २७ ।।

**अन्वयार्थ** - જેમ હાથી હાથણીના ખભા પર પોતાની સૂંઢ પ્રસારે છે તેમ નંદજીના પુત્રે જેના ખભા પર હાથ મૂકયો છે એવી કોક જનારનાં આ પગલાં છે.

**શ્રીસુબોધિનીજી** અહિંયા પુરુષનો સંભવ નથી તેમજ અન્ય ગામની સ્ત્રીઓ પણ હોઇ શકે નહિ માટે અમારામાંથી કોઇ એકનાં પગલા હશે.

પ્રશ્ન અન્યના પરિચ્છેદથી વિશેષ જ્ઞાન માટે છે. શંકા - આ પદમાં લક્ષણો છે. ''च થી'' ભગવાન તથા તેમની ચેષ્ટાના જ્ઞાપક ચિન્હો પણ કહેવાય છે તે તો નંદના પુત્ર સાથે ગઇ છે; નહિ તો ભગવાન ગમન ન કરે તેજ ઘણું કરી ભગવાનને દોરી ગઇ છે, તેનું તેની સરખામણીમાં મોટું ભાગ્ય છે એમ કહે છે. તેણે ખભા પર બાહુનો ભાગ (પ્રકોષ્ઠ) ટેકવ્યો છે. એ પ્રકોષ્ઠ ભગવાનનો છે અને કરતલ પછીનો છે. તેટલા કરથી કવચિત સંબંધનું પણ સૂચન કર્યું છે. તેટલું જ બંનેના ચરણનું નૈકટય છે. વળી મધ્યમાં તે બંનેના રસનો આવિર્ભાવ પણ થાય છે, એ વાત દ્રષ્ટાંતથી કહી છે જેમ હાથી હાથણીના ખભા ઉપર સૂંઢ મૂકે ત્યારે બંનેના પદ મળે છે અને સંમુખ થાય છે અથવા એક બીજાના કંઠને ઘસાય છે તેમ સ્પર્શ સુખ જ પ્રધાન છે તેટલા માટે હાથીનું દ્રષ્ટાંત આપ્યું છે.

**વિવેચન** -- તે પગલા જોઇને તેમણે વિચાર કર્યો કે આ સ્થળે કૃષ્ણ સાથે બીજો કોઇ પણ પુરુષ આવ્યો હોય તે સંભવતું નથી. તેમ કોઇ બીજા ગામની (ગોકુળ સિવાયની) સ્ત્રી હોય તે સંભવતું નથી. માટે અમને માનવાને કારણ મળે છે કે આ કોઇ આપણામાંની સ્ત્રીનાં જ પગલા છે, આ પગલાંનાં ચિન્હો ઉપરથી ભગવાને તેની સાથે શીશી ચેષ્ટાઓ કરી તે જણાઇ આવે છે. આ ગોપી જ ભગવાનને અહિં થઇ દોરી ગયેલી છે. આ બંનેના ચરણ બહુ નજીક નજીક પડેલા છે તે ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે ભગવાને તેમનો પ્રકોષ્ઠ તેના ખભા ઉપર મૂકેલો હોવો જોઇએ. તેમનાં ચરણની વચ્ચે કરેલી ચેષ્ટાઓમાં અનુભવેલો રસ પણ પ્રકટપણે જણાય છે. ખરેખર આ પગલાં હાથિણી ઉપર હાથી પોતાની સૂંઢ મૂકે તે વખતે જેવા હોય તેવા જ છે. હાથીની માફક આ બંનેએ સ્પર્શ સુખનો અનુભવ કરેલો હશે.

આ રીતે ત્રણ પ્રકારનાં ગોપીઓ જણાવ્યાં. ગુણાતીતાના બે વાકયો છે. દોષના અભાવનું પ્રતિવાદન વાકય તથા ગુણનું પ્રતિપાદક વાકય. તામસ - તામસી ભગવાનથી આવેશવાળી નથી થતી.

**अनयाराधितो नूनम् भगवान्हरिरीश्वरः ।**

**यन्नो विहाय गोविंदः प्रीतो यामनयद्रहः ।। २८ ।।**

**અન્વયાર્થ** આ ગોપીઓ ખરેખર ભગવાન હરિ જે ઇશ્વર છે તેમનું આરાધન કર્યું છે કારણકે પ્રસન્ન થયેલા ભગવાન્ આપણો ત્યાગ કરીને તેને એકાંતમાં લઇ ગયા છે.

**श्रीसुबोधिनी** તેમાં પ્રથમ તેની સાથે વિશેષ રમણમાં તે ગોપીનું ભાગ્ય તથા પુણ્ય હેતુરૂપ છે. આણે ખરેખર હરિનું આરાધન કરેલું હોવું જોઇએ. જો કે આપણે પણ આરાધન કર્યું છે પણ નિશ્ચયપૂર્વક કર્યું નથી. જો કે આરાધન નહિ કરનારને પણ ભગવાન ફલરૂપ હોવાથી તેમનો ભગવાનની સાથેના સંબંધનો સંભવ છે. આરાધન કરવાથી ફલ પોતાને વશ થાય છે. તેમાં પણ તારતમ્ય છે. શંકા - સરખાં કર્મવાળાઓને પણ ફળમાં ભેદ શા માટે હશે ? તેનું કારણ કહે છે. તે ભગવાનછે. સામગ્રીના ભેદે કરીને કર્મ વિલક્ષણ બને છે. તેમાં અવાન્તર વૈલક્ષણ્ય પ્રભુ જ જાણે છે. માટે ફલના નિરૂપક ભગવાન છે. શંકા તો પણ તે (ફળનો સાધ્ય) દુઃખસાધક હોવાથી અમોને તે પ્રમાણે જણાવાનું નથી. ઉત્તર - ભગવાન હરિ છે. સર્વ દુઃખના હર્તા છે. આ રીતે વૈલક્ષણ્ય જણાવવાને માટે બોધન કર્યું છે. શંકા x તો શા માટે ભકિત પ્રમાણે તુલ્ય ફલ કરતા નથી ? તુલ્ય ફલ તરીકે શા માટે કર્મનો સ્વીકાર કર્યો છે ? ઉત્તર પ્રભુ ઇશ્વર છે. કદાચિત ભકિતને પ્રધાન માને છે, કોઇ વખતે કર્મને તથા કોઇક વખતે સ્વઇચ્છાને માને છે. ઇશ્વર નિયમન કરવાને શકય નથી. અમને ભકિતમાર્ગમાં યોજે છે, કર્મમાર્ગમાં નહિ. માટે જ અમારો ત્યાગ કરીને * ગોવિંદ પ્રસન્ન થાય છે. એમ કરવામાં પ્રીતિ એ હેતું છે. પ્રીતિમાં ભકિત અગર કર્મ છે.

## હરિની પ્રસન્નતાનું કારણ ભકિત કે કર્મ ? : ભગવાન કર્મના નિયામક

**વિવેચન** હે ગોપીઓ, આ તદન ખરી વાત લાગે છે કે તે ગોપીએ હરિ ભગવાનને પ્રસન્ન કરેલા છે, અને તેથી તેના ઉપર પ્રસન્ન થઇને ભગવાને તેની સાથે ગમન કરેલું છે. જો ભગવાન તેના ઉપર પ્રસન્ન થયેલા ન હોય તો આપણા બધાંનો ત્યાગ કરીને આવી રીતે કદી પણ પ્રભુ એકાએક પધારી જાય પણ ખરા ? પ્રભુની સાથે રસક્રીડનનો અધિકાર મેળવવામાં મુખ્ય જરુરની જે વસ્તુ છે, તે

---

x જેટલું કર્મ તેટલું ફલ હોય છે, માટે કર્મ તુલ્યફળવાળું છે. આથી ગોપીજન કહે છે. અમારામાં કર્મની વિલક્ષણતાથી અમારો ભકિતમાર્ગમાં અંગિકાર કર્યો છે, વળી તે ગોપી જેની સાથે પ્રભુએ ગમન કર્યું છે તે પણ તુલ્ય છે. તેથી તુલ્ય ફળ આપ્યું હોય તો પણ અંગીકાર થાય તો તે અમારી તુલ્ય બને. તેનામાં આરાધનના બલરુપી અધિક કર્મ છે તો તે ગોપીનો તે માર્ગમાં શાથી અંગિકાર કર્યો ?

* गोविन्द આ પદનું તાત્પર્ય એવું છે કે इति गोगोकुलपति गोविन्दमभिपिच्य च એ વાક્યથી સાધારણ રીતે સર્વ ગોકુલના ઇન્દ્ર પ્રભુ છે. અમુકના જ ખાસ કરીને છે એવું નથી. માટે અમારી સરખામણીમાં ફકત એકની સાથે ભોગ એ તદન અનુચિત છે. તો પણ પ્રભુ ઇશ્વર છે તેથી તેમ સંભવી શકે છે.

આરાધન છે જો કે આપણે બધાએ આરાધન કરેલું છે. છતાં આપણને પ્રભુ સાથે વિહરવાનો અધિકાર મળ્યો નથી તેનું કારણ સ્પષ્ટ છે કે આપણા આરાધનમાં કંઇક ખામી છે. તે ખામી એ છે કે આપણે નિશ્ચયતાપૂર્વક આ આરાધન કર્યું નથી, પણ એવું એ બને છે કે જે ભગવાનનું આરાધન પુરું નથી કરતા તેમને પણ પ્રભુ પોતાનો સંબંધ કરાવે છે, પણ જે સંપૂર્ણતાથી બરાબર રીતે આરાધન કરે છે તેમને તો ફલ હથેલીમાં મૂકેલા બદરની માફક આપોઆપ વશ થાય છે. આમ આરાધનમાં પણ ફલનો ભેદ છે. આમ ભેદ પડવાનું કારણ સામગ્રીનો ભેદ છે. અહિંયા મુખ્ય વસ્તુ ભાવ જ છે. પ્રભુ રસસ્વરૂપ હોવાથી તે માત્ર ભાવથી જ પ્રાપ્ય છે. જેટલો આપણો ભાવ ઉંચા પ્રકારનો હોય તેટલી જ સરળતાથી પ્રભુ આપણને પ્રાપ્ત થાય એમાં કોઇ પણ જાતની શંકા નથી. અહિંયા પ્રભુ આપણને સરળતાથી પ્રાપ્ત નથી થયા. આપણને જે આટલો બધો વિલંબ થાય છે તેનું કારણ આપણા ભાવમાં રહેલી ન્યૂનતા જ છે. ભગવાન પોતે દરેક કર્મના ફળ આપનાર છે. દરેક કર્મના સંચાલક પણ પોતે છે અને તેના નિરૂપક પણ પોતે છે. જો કે આપણામાં અને જેની સાથે પોતે ગમન કર્યું છે તે ગોપીની ભકિત એક રીતે તુલ્ય છે, તો આપણને ફળનાં અધિકારી ગણ્યાં નથી અને બીજાઓને ગણ્યાં છે તેનું કારણ છે કે પ્રભુની ઇચ્છાનું નિયમન કોઇનાથી થઇ શકે નહિ. પોતે ઇશ છે, સર્વ કરવાને, નહિ કરવાને, તથા અન્યથા કરવાને સમર્થ છે એવું ઉપનિષદની અનેક શ્રુતિઓમાં જણાવ્યું છે એટલે ઈશ્વરે આપણને અધિકારી ન બનાવ્યા તે આપણે પૂછી શકીએ નહિ. પોતાની ઇચ્છા પ્રમાણે અમુક સમયે પોતે ભકિતને જ મુખ્ય ગણે છે, અને અમુક સમયે કર્મને મુખ્ય ગણે છે. કોઇ વખતે ભકિત તથા કર્મને પણ બાજુએ મૂકીને કેવલ સ્વ ઇચ્છાને જ મુખ્ય ગણે છે. પ્રભુએ જ આપણને ભકિતમાર્ગમાં જ યોજયાં છે, આપણે માટે કર્મમાર્ગ નથી. પ્રભુએ આપણી પ્રભુપ્રાપ્તિની દિશા નકકી કરી છે, તો આપણે શા માટે સંતાપ કરવો ? આપણે હવે કશી પણ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે આપણે એનું શરણ છે એટલે તે આપણો ત્યાગ કરવાના નથી. જો કે અત્યારે આપણને એમ લાગે છે કે આપણો ત્યાગ કર્યો છે, છતાં પણ તેમણે જે ગમન કર્યું છે તે આપણામાંની અન્ય ગોપી જેણે પૂર્ણ આરાધન કર્યું છે, તેમની સાથે જ કર્યું છે, એટલે આપણા ઉપર કૃપા કરશે એમ આશ્વાસન મેળવવાનો પૂર્ણ યોગ અહિંયા જણાય છે. ભગવાન ગોવિંદ છે એટલે સમસ્ત ગોકુલના અધિપ છે, આમ હોવાથી આપણો ત્યાગ તે કરશે નહિ. કામરસ એવી વસ્તુ છે કે તેને માટે એકાંત જોઇએ, અનેક સ્ત્રીઓના સમૂહમાં તે સંભવિત નથી, એ કામશાસ્ત્રના નિયમનું પાલન કરવાને પ્રભુએ તે

ગોપીની સાથે ગમન કર્યું છે. પણ આમાંએ પ્રીતિ એ જ મુખ્ય વસ્તુ છે. પ્રીતિ થવામાં પણ ભકિતજ સાધનભૂત છે. આપણામાં આવી પ્રીતિ થતાં, પ્રભુ આપણને એ ફલનો સાક્ષાત્કાર કરાવશે.

(અહિંયા ભકિતશબ્દ વાપર્યો છે તે નવધા અગર સાધનરૂપા ભકિતના અર્થમાં છે) આ રીતે તેના ભાગ્યના વખાણ કર્યાં. પોતાનામાં માત્સર્યભાવ ગૂઢ છે. છતાં તેથી પોતાના ભાગ્યનું પણ અભિનંદન કરે છે.

**धन्या अहो अमी आल्यो गोविंदाङ्ध्यब्झरेणवः ।**
**यान्ब्रह्मेशो रमा देवी दधूर्मूर्ध्न्यधनुत्तये ।। २६ ।।**

**अन्वयार्थ** હે સખીઓ, આ ગોવિંદ ભગવાનના ચરણાંબુજની રજ કેટલી પવિત્ર છે, કે જેને બ્રહ્મા, શિવ, તથા લક્ષ્મી દેવીએ પણ પોતાના પાપના નિવારણ માટે સ્વમસ્તક ઉપર ધારણ કરી છે.

**શ્રીસુબોધિની** હે સખીઓ, આ ચરણકમળની રજને ધન્ય છે. અથવા માત્સર્યના અભાવથી કહેવાય છે. જેમ રેણુ તેમ આપણે વિષે વિશ્વાસને અને અપ્રતારણને માટે સંબોધન કર્યું છે. આ રેણુથી મોટી હોવાથી તે રેણુ ધારણ કરવા યોગ્ય છે. સ્વદોષની નિવૃત્તિ માટે આમ કહ્યું છે. પ્રથમ તે રેણુ અહિંયા હતી, પણ ત્યારે તે મોટી નહોતી, પણ જયારે પ્રભુના ચરણની સાથે સંબંધ થયો ત્યારે ધનની યોગ્ય થઇ. જેમ ઇન્દ્ર દેવોનું ધન છે તેમ ધન એટલે કૃષ્ણ છે, જેમ ધનથી સર્વ વિષયની પ્રાપ્તિ થાય છે, તે પ્રમાણે પ્રભુએ તેમના ધન્યત્વનું ઉપપાદન કર્યું છે. બ્રહ્મા, શિવ અને લક્ષ્મી જે દેવતારૂપ અને પાલિકા શકિત છે તેમનામાં પોતપોતાના અધિકારમાં દોષનો સંભવ છે, તેથી તેમના તે દોષને દૂર કરવાને રજને માથા ઉપર ધારણ કરી. બ્રહ્માનંદ પણ તેમનામાં નથી એવું જણાવવાને અહિંયા દેવતા શબ્દ યોજયો છે માટે આ કારણથી આને ધારણ કરીને અમે પણ નિર્દુષ્ટ છીએ અને જે ગોપિકાને પ્રભુ લઇ ગયા છે તેની સમાન આપણે થઇશું.

## ચરણકમળની રજનું મહાત્મ્ય

**વિવેચન** - અરે ગોપીઓ, આ ભગવાનના ચરણકમળની આકૃતિ જે સ્થળે પડી છે, તે સ્થળના ભાગ્યની શી વડાઇ કરીએ ? આ રજ પણ અત્યારે પવિત્ર જ થઇ છે એમ માનવું જોઇએ, કારણકે બ્રહ્મા, ઇન્દ્ર તથા લક્ષ્મી જેવા પણ તે રજને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. જો કે રજ તો હતી તેની તેજ છે, પણ પ્રભુના ચરણકમળનો સંબંધ થવાથી જ તે પવિત્ર બની છે. વ્યગ્યાર્થથી એમ સૂચન કરે છે કે રજનો આકસ્મિક સંબંધ થયો તો પણ પ્રભુએ તેને પવિત્ર કરી

તો પછી અમારા હૃદયમાં રાતદિવસ પ્રભુનું જ ચિન્તન થાય છે, તો અમને પ્રભુ ત્યજી દેશે ? અમને આશા છે કે પ્રભુ કદી પણ અમારો ત્યાગ નહિ જ કરે. જે કોઇ આ રજને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે તેના સર્વ પાપ દૂર થાય છે, અમે પણ આજે આ રજને અમારા માથા ઉપર મૂકીને અમારી જાતને પવિત્ર બનાવ્યાં છે, અને તેથી દ્રઢતાપૂર્વક માનીએ છીએ કે જેમ તે ગોપી ઉપર પ્રભુએ કૃપા કરી તેમ અમારા ઉપર પણ કરશે.

### 'આલી' પદનું રહસ્ય : રેણુનો ઉત્કર્ષ શાથી

અહિયા હે સખીઓ એ પ્રમાણે જે સંબોધન કર્યું છે તે વિશ્વાસ માટે છે. લોકના જેના તરફ સખ્ય ભાવ હોય છે. તેનામાં વિના સંકોચે આપણે વિશ્વાસ મૂકીએ છીએ. તેની આગળ હૃદય ઠાલવવામાં આપણે પાછી પાની કરતા નથી. તેની આગળ સર્વ વિતકો આપણે કહીએ છીએ કે જેથી કરીને આપણને તેની પાસેથી આશ્વાસન મળે અને આપણે આપણા દુઃખને વિસારીએ. જે સુખદુઃખમાં સમાન હોય તેના તરફ જ સખ્ય થાય છે. આ સર્વ ગોપીજનો પ્રભુવિયોગરૂપી વ્યસનમાં સર્વ સમાન હતા. તેથી તેમનું દુઃખ પણ સરખું હતું. આ દુઃખમાંથી આશ્વાસન મેળવવાને માટે તેઓ એક બીજાના તરફ વિશ્વાસથી જુએ છે, અને વાર્તાલાપ કરે છે. રેણુનો ઉત્કર્ષ કહેવામાં એવું સૂચવે છે કે જો કે રેણુ તો આ સ્થળમાં છે જ, પણ પ્રભુના ચરણનો તેને સંયોગ થયો નહિ ત્યાં સુધી તે ઉત્કર્ષવાળી નહોતી. સંયોગથી તે ધન્ય - ધનને યોગ્ય ગણાઇ. સર્વમાં શ્રેષ્ઠ ધન પ્રભુ જ છે, પ્રભુની પ્રાપ્તિ કરવામાં પ્રભુનું ચરણારવિન્દ ખાસ સેવવું જોઇએ. તે ચરણકમળ સાથેનો સંબંધ આ રેણુને થયો તો તેથી મહદ્‌ભાગ્ય નહિ તો બીજું શું ગણાય ? આ રેણુને કૃષ્ણરૂપી સર્વથી શ્રેષ્ઠ ધન મળ્યું. પરમાનંદસ્વરુપનું ફળ તેને મળ્યું તેથી બ્રહ્માદિ રેણુને પોતાના મસ્તક ઉપર ધારણ કરવાને આકર્ષાય એમાં શું વિશેષ આશ્ચર્ય છે ? આ રેણુને આપણે જો માથા ઉપર ચઢાવીશું તો તેથી તે ગોપિકાની તુલ્ય અધિકારવાળી આપણે પણ થઇશું એમાં કોઇપણ સંશય નથી. રેણુ ધારણ કરવાથી પાપને દૂર કરે છે. અર્થાત્ તે સર્વને નિર્દોષ બનાવનાર છે. તો આપણામાં જો કોઇ દોષ હશે તો તેને પણ તે દૂર કરશે અને તે રીતે આપણને પ્રભુની સમીપ જવાનું સામર્થ્ય આપશે.

રેણુ દોષનિવર્તક ભાવનું સૂચન કરનાર છે. અનુકરણલીલામાં જે જુદી જુદી લીલાઓ કરી તે દ્વારા તેમના સર્વ દોષ નિવૃત્ત થયા તે જણાવ્યું. એ દોષનિવૃત્તિ પ્રભુના ચરણ સાથેનો સંબંધ કરાવનાર છે તે અહિયા રેણુ ઉપર પ્રભુની ચરણાકૃતિથી ગૂઢાર્થ પ્રતીતિ કરાવે છે.

બીજા રજ:પ્રકૃતિવાળાં બોલ્યા.

**तस्या अमूनि नः क्षोमं कुर्वन्त्युच्चैः पदानि यत् ।**
**यैकापहृत्य गोपीनां रहो भुंक्तेऽच्युताधरम् ।। ३० ।।**

**अन्वयार्थ** જે એક ગોપી ભગવાનને દૂર લઇ જઇને તેમના અધરામૃતનો એકાંતમાં ભોગ કરે છે, તે ગોપીનાં આ પગલાં અમને અત્યંત ક્ષોભ કરે છે.

**श्रीसुबोधिनी** ભગવાનનાં ચરણકમળની રજ તે પ્રમાણે ધન્ય છે, પણ આ સાથે ગમન કરનારનાં પગલાં અમને અત્યંત ક્ષોભ કરે છે. શંકા - ભગવાન્ એકલા ગમન કરે તેની સરખામણીએ બીજાની સાથે ગમન કરે એ તો ભકિતમાર્ગમાં ઉચિત છે (અર્થાત્ ભકિતમાર્ગમાં એક જણ ભકિત કરે તેના કરતાં બે જણ કરે તે ઉચિત છે. ઉત્તર - ભગવાન્ સર્વ ગોપીઓના છે. તે અચ્યુત ભગવાનનું અધરામૃત સર્વના ભાગરૂપ છે. તો તે બધાને છોડી દઇને, અગર તેમના હુકમ સિવાય પણ એકલાં તે ભોગવે તે યોગ્ય નથી. શંકા - બહુ સ્ત્રીઓના સંબંધથી ભગવાન રાગરહિત બને છે, તો તે એકલી કેમ ભોગવે (અધરામૃત) ? ઉત્તર - ભગવાન્ અચ્યુત છે. તે પૂર્ણકામ છે, તેમની કોઇ દિવસે ચ્યુતિ નથી.

## અન્ય ગોપીના ચરણકમળથી અન્ત:ક્ષોભ : ભગવાન્નું અધરામૃત સર્વેને માટે છે

**विवेचन** - રજ:પ્રકૃતિવાળા (રાજસ ગોપીજન) કહેવા લાગ્યાં, હે સખીઓ જો કે પ્રભુના ચરણકમળની રજ તો પવિત્ર છે, છતાં અહિંયા એ પ્રભુની પદાકૃતિ સાથે આપણામાંની એક ગોપી જેણે પ્રભુસાથે ગમન કર્યું છે તેની પદાકૃતિ જોઇને ખરેખર આપણને ક્ષોભ થાય તેમાં કાંઇ પણ નવાઇ નથી ? પ્રભુની સાથે તેણે ગમન કર્યું તેમાં આપણને કશો પણ વાંધો હોય જ નહિ. તેમજ તે અનુચિત છે એમ પણ આપણે કહી શકીએ નહી, પણ આપણો વાંધો માત્ર એટલો જ છે કે પ્રભુ એ સર્વના સમાન છે. દરેક ગોપીનો પ્રભુ ઉપર હકક છે. પ્રભુના અધરામૃતનું પાન કરવાનો સર્વનો સરખો અધિકાર છે, છતાં પણ આ ગોપીએ આપણને કોઇને પૂછ્યા વગર પ્રભુની સાથે ગમન કર્યું અને અધરામૃતનું પાન કર્યું. ખરેખર આ ઘણું જ અનુચિત કાર્ય એ કર્યું ગણાય. અહિંયા ભગવાન માટે અચ્યુતશબ્દનો પ્રયોગ કર્યો છે એટલે તેમનામાં ચ્યુતિ નથી. જો કે અનેક સ્વામિનીઓ તેમના રસમાં ભાગ પડાવનાર છે છતાં પણ તેમના રસમાં કોઇપણ જાતની ચ્યુતિ થતી નથી. તે સર્વદા રસસ્વરુપે અખંડ અને પૂર્ણ છે. તેથી ધ્વનિથી એવો અર્થ પણ લઇ શકાય કે જો કે અન્ય સ્વામિની અત્યારે તે રસાસ્વાદનો

આનંદ અનુભવે છે અને તેથી આપણને તેનો અભાવ હોવાથી ક્ષોભ થાય છે, તો પણ આપણને તેનું દાન જરૂરથી કરશે જ.

બીજી ગોપી તેના કરતાં પણ અધિક ખેદ કરે છે, તે કહે છે.

**न लक्ष्यन्ते पदान्यत्र तस्या नूनं तृणाडकैः ।**
**खिद्यत्सुजाताडिध्रतलामुन्निन्ये प्रेयसी प्रियः ।। ३१ ।।**

**अन्वयार्थ** - અહિંયા તેનાં પગલાં જણાતાં નથી, ખરેખર ઘાસના અંકુરોથી તેનાં કોમળ પગનાં તળીયાં ખેદ પામ્યાં હશે, જેથી પ્રિય પ્રભુએ પ્રિયાને (ખભા અગર) કેડ ઉપર બેસાડી હશે.

**श्रीसुबोधिनी** અરે શા માટે એમ થયું તો તેનો વિચાર કરાય છે. શું તે અધરામૃત પીએ છે ? તેના પગલાં અહિં સુધી જ છે આગળ જણાતા નથી. આ બહુ સારું થયું એમ કહેવું બરાબર નથી. તેનું પાદલત તૃણાંકુરથી કલેશ પામ્યું હશે, ત્યારે તેને ઉપર તેડી લીધી. (કટિ ઉપર અગર ખભા ઉપર) ખરી રીતે તો હસ્તથી જ ઉંચી કરી, માટે અહિંયા ખેદનો હેતુ બરાબર છે. શંકા - શા માટે આમ કર્યું હશે ? ઉત્તર - તે (ગોપી) પ્રભુ અત્યંત પ્રિય છે, તેમ જ પોતે પણ તેને પ્રિય છે. માટે જણાય છે કે તે ખભા ઉપર ચઢી નથી, પણ કેવલ હાથથી તેને ઉંચકી લીધી છે.

## ગોપીને ખભા ઉપર બેસાડવાનું કારણ

**विवेचन** આગળ ચાલતાં ચાલતાં પગલાની પાછળ પાછળ ગોપીઓ એક ઘાસના મેદાનમાં આવી પહોંચ્યાં ત્યાં આગળ જૂએ છે તો તે પગલાં દેખાતાં બંધ થઇ ગયાં. આથી તે બધા વિસ્મયમાં ગરકાવ થઇ ગયાં. તે એક બીજાને પૂછવા લાગ્યાં હે સખીઓ, શા માટે અહિંયા તે ગોપીનાં પગલાં જણાતાં નથી ? આ વિષય ઉપર પરસ્પર ચર્ચા થઇને છેવટે એવા નિર્ણય ઉપર આવ્યાં કે અહિંયા આ ઘાસના અંકુરો બહુ તીવ્ર હોવાથી, તથા તે ગોપીનાં પગલાં પણ સુકોમળ હોવાથી પ્રભુ એમ સમજયા હશે કે આ ગોપીના પગને વ્યથા થશે, માટે આપે તેના ઉપર પ્રેમભાવથી વશ થઇને કૃપા કરીને, પોતાના ખભા ઉપર તથા કેડમાં પોતાના હાથમાં ઉંચકી લીધી હશે, અને તેથી જ આ સ્થળમાં એના પગલાં જણાતાં નથી. એ સિવાય બીજું કોઇપણ કારણ હોઇ શકે નહિ. પ્રભુને તે ગોપી અત્યંત વ્હાલી છે. જો વ્હાલી ન હોય તો આમ એકાએક આપણ બધાનો ત્યાગ કરીને તેની

સાથે ગમન ન કરે, તેમ તે ગોપીને પણ પ્રભુ ઘણા જ પ્રિય છે. માટે તેના પાદતલને ખિન્ન થતાં નિહાળીને પ્રભુએ આમ એકાએક તેને પોતાની કટિ ઉપર બેસાડી હશે. ખરી રીતે તો તેને નિજ હસ્તથી પોતાના સ્કંધપ્રદેશ ઉપર આસન આપ્યું છે, અને તેથી જ આપણને ખેદ થાય છે, કારણકે તેના તરફ પ્રભુનો આટલો બધો પક્ષપાત જણાય છે, અને આપણા તરફ દુર્લક્ષ્યતા જોવાય છે, ભગવાન પ્રિય છે માટે જ, બંને વચ્ચેના ઉચ્ચનીચના ભેદ ભગવાન ભૂલી ગયા છે, અને આપણી સમાન દાસભાવવાળીને પણ પોતાના સ્કંધ ઉપર આસન આપ્યું છે સ્કંધ એ ઉચ્ચ પદ અગર સ્થાનને સૂચવે છે. જે ભકત ઉચ્ચ પ્રકારની પ્રેમ લક્ષણા ભકિતને મેળવે છે તેને પ્રભુ ઉચ્ચ સ્થાન આપે છે. તે પોતાનાની ઉતરતો છે એવો વિચાર પ્રભુ એને વિષે કરતા નથી. અર્થાત્ ભકિતની ઉન્નત શિખરે સ્થિતિ થવાને માટે આવા પ્રકારનો ઉચ્ચ ભાવ મેળવવો જોઇએ વસ્તુનું ભાન અહિંયા થાય છે.

આ પ્રકારે બહુ દૂર સુધી ગયા હોય એ સંભવતું નથી માટે એક સ્થળે વિશ્રામ લઇને તેને માટે ભગવાને પુષ્પ વીણેલા દેખાયાં હશે.

**मूलम्** - अत्र प्रसूनावचयः प्रियार्थे प्रेयसा कृतः ।
प्रपदाक्रमणे एते पश्यता सकले पदे ।। ३२ ।।

**अन्वयार्थ** - અહિંયા પ્રિયાને માટે પ્રિય ભગવાને પુષ્પો વીણેલાં છે. પગના આગલા ભાગ ઉપર ઉભા રહેવાથી તેમનાં પગલાં અધૂરાં જણાય છે તે જુઓ.

**श्रीसुबोधिनी** -- પ્રભુએ ઝાડ ઉપરથી ફુલને જે નીચે ઉતાર્યા છે તે પોતાને માટે છે એમ શંકા ન કરવી. તે થાકી ગઇ છે, માટે પ્રિયાને માટે જ છે. તે વીણવાને અશકત છે. માટે પ્રિય ચુંટયા એમ કહ્યું છે. તે સ્ત્રી ભગવાનની સરખામણીએ અલ્પ છે. પગના આગલા ભાગ ઉપર ઉભા રહેવાને અશકત છે. માટે તેના પગનો પાછલો ભાગ સ્પષ્ટ જણાતો નથી એ પગલાંને જુઓ એમ સંદેહના અભાવ માટે વચન છે.

## તે ગોપી માટે ભગવાને વીણેલાં ફુલો

**विवेचन** આગળ જતાં એક પુષ્પથી અલંકૃત થયેલા વૃક્ષની નજીક તે આવી પહોંચ્યા આ સ્થળે કહેવા લાગ્યાં કે હે સખીઓ, આ સ્થળે જૂઓ તો ખરાં, પગલાં અધૂરાં શાથી દેખાય છે ? ખરેખર પગના આગલા ભાગ ઉપર ઉભા ઉભા રહીને પ્રભુએ પુષ્પ વીણેલાં હશે ! પ્રભુએ એ પુષ્પ વીણેલાં હશે, કારણ કે તે ગોપી

અતિ થાકી ગયેલી હોવાથી પુષ્પ વીણવાના વિશેષ પરિશ્રમ કરવાને અશકત છે. વળી ભગવાનની સરખામણીએ તે અલ્પ છે, એટલે ઝાડના ઉંચા ભાગ ઉપરથી પુષ્પ વીણી શકે એમ નથી. માટેજ પ્રભુએ તેના ઉપર અનુગ્રહ કરવાને પુષ્પ વીણેલાં લાગે છે. પુષ્પની મૃદુતાનું સૂચન કરે છે (જુઓ, અધ્યાયના પ્રારંભમાં આપેલો ઉપસંહાર. ત્યાં પુષ્પ વીણવાનો ભાવાર્થ વ્યકત કર્યો છે.) ભકિતશૃંગ ઉપર સ્થિત થનારને પ્રભુ પોતેજ પુષ્પો અર્થાત્ પ્રેમભાવ આપે છે. શૃંગાર રૂપી કલ્પવૃક્ષનાં ભાવરૂપી અંકુર છે, પ્રેમરૂપી કન્દલ છે, મનોરથરૂપી શાખાઓ છે, લૌલ્યરૂપી પલ્લવ, મુદ્દકુસુમ છે અને પ્રત્યાશારૂપી પુષ્પો છે, અહિંયા ભગવાને પોતાની પ્રિય સ્વામિની માટે પુષ્પો વીણ્યાં એ ઉપરથી ગોપીજનોને એવું જ્ઞાન છે, જો આપણે ભકિતના ઉચ્ચ માર્ગમાં સ્થિત રહીશું તો તો જરૂરથી પ્રભુના પ્રેમની આશા આપણે માટે રહેશે. આ તે ઉપરથી જણાય છે. ★

બીજી ગોપી આથી પણ વિશેષ સૂચવતી કહે છે.

**मूलम्- केशप्रसाधनं त्वत्र कामिन्याः कामिना कृतम् ।**
**तानि चूडयता कान्तामुपविष्टमिह ध्रुवम ।। ३३ ।।**

**अन्वयार्थ** - અહિંયા કામી ભગવાને તે કામિની-ગોપીના વાળને શણગાર્યા એવું જણાય છે અને અહિંયા તો જરૂર પ્રિયાના વાળને ગુંથતા પ્રભુ નીચે બેઠા હશે.

**श्रीसुबोधिनी-** નખથીજ કેશ ગુંથાય છે તે વેણીના આકારે તથા મુકુટના આકારે થાય છે. તુ શબ્દથી એ સિવાયના બીજા પક્ષને દૂર કરેછે. અહિંયા જ્ઞાનનો ઉપદેશ સંભવતો નથી. કારણકે કામી કૃષ્ણેજ કામિનીના કેશને ગુંથ્યા છે. આ કાર્ય ઉભા રહીને પણ થાય. પણ માથાના ભાગ ઉપર પુષ્પ ઉભા રહીને મૂકી શકાય નહિ. ખોળામાં પગ મૂકીને ધીમે ધીમે તે મૂકવા જોઈએ. માટે તે રીતે માથા ઉપર મૂકતાં ભગવાન નીચે બેઠા. કાન્તાની નજીક તથા તેના તરફ ફરીને બેઠા. કારણકે તેવી આકૃતિ દેખાય છે.

**विवेचन** - આગળ ચાલતાં જાણે પ્રભુ નીચે બેઠેલા હોય તેવી ભગવાનની પદાકૃતિ જોઈને, અનુમાન કરતાં તે બોલ્યા- હે ગોપીજનો, આ સ્થળે પ્રભુ નીચે બેઠેલા હોય એવું મને સ્પષ્ટ જણાય છે. તેનું કારણ તમે સમજો છો ? એ કારણ

---

** They (Flower) are emblems and manifestations of God's love to the creation and they are the means and ministrations of man's love to his fellow creatures.* *Journal of a Naturalist*

એવું નહિ હોય કે તે ગોપીઓ પોતે એકલી આપણા બધાથી છુટી પડીને પ્રભુ પાસે ગઈ માટે તેને જ્ઞાનનો ઉપદેશ આપવાને નીચે બેઠા હશે. તેનું કારણ હું સમજું છું તે પ્રમાણે એવું છે કે પ્રભુએ પોતાની પ્રિયાને માટે જે પુષ્પો વીણ્યાં હતાં તેને તે ગોપીના કેશપાશમાં ગૂંથવાને માટેજ એમ કર્યું છે. નહિ તો પુષ્પ વીણેજ શું કરવા ? કેશપાશમાં ફુલ ઉભા રહીને મૂકી ન શકાય માટે નીચે બેસીને તે ફુલ ખોળામાં લઈને પછી ગુંથાયાં છે. જો તમે આ પદાકૃતિ જોશો તો મારી વાતને શ્રદ્ધાથી સ્વિકારશો.

આ રીતે રસને માટે તેને બીજે ઠેકાણે લઈ જઈને તથા સામગ્રીનું સંપાદન શી રીતે કર્યું તથા અલંકરણ શી રીતે કર્યું તે કહે છે.

**मूलम्** **रेमे तया चात्मरतः आत्मारामोऽप्यखण्डितः ।**
**कामिनां दर्शयन् दैन्यं स्त्रीणां चैव दुरात्मताम्** ।। ३४ ।।

**अन्वयार्थ -** આત્મારામ ભગવાને, આત્મમાં રમણ કરવા છતાં ગોપીની સાથે અને લક્ષ્મીની સાથે અખંડિત રહીને રમણ કર્યું. આ રમણ કામીઓની દીનતા તથા સ્ત્રીઓની દુરાત્મતા જણાવવાને કર્યું.

**श्रीसुबोधिनी -** કામ પુષ્ટ હોવાથી આત્મરત ભગવાન તેની સાથે રમ્યા-અને (**च**) થી લક્ષ્મી અગર અન્તઃપ્રવિષ્ટાની સાથે રમ્યા, અગર તે પણ રમી એવો અર્થ સૂચવે છે. પોતાના આત્મામાં રતિવાળા ભગવાને નિષ્કામ રીતે તેની ઈચ્છા પ્રમાણે કામ પૂર્યો. આ દશામાં પણ આત્મરતજ છે. રસના આધારરૂપ હોવાથી તેનામાં પોતાના આત્માનું સ્થાપન કર્યું. ભગવાનની પોતાના આત્મામાંજ રતિ છે. રમણ અને ક્રીડા છે. માટે ઈન્દ્રિયો, અન્તઃકરણ અથવા વિષયોથી અખંડિત રીતે રમણ કર્યું. જો સ્વ આનંદ અન્યત્ર જતો રહે તો તે અન્યત્ર રમણ કરે. શંકા-શા માટે અયોગ્ય સ્થાનમાં આટલા પ્રયાસથી આ રીતે રમણ કર્યું ? ઉત્તર -કામીઓનું દૈન્ય દેખાડવાને, કામીઓ આ પ્રમાણે દીન બને છે. કામથી પીડિત થયેલા સ્વભાવથી કૃપણ હોય છે. માટે તેમનું અનુકરણ કરે છે-નહિ તો તેમને નિરોધ ન થાય. અન્ય પણ પ્રયોજન છે એવું કહે છે. સ્ત્રીઓની દુરાત્મતા દેખાડવાને રમણ કર્યું. અહિયાં સ્ત્રીઓની દુરાત્મતા દેખાડી છે. તેમનામાં કોઈ પણ શક્તિ નથી, તેમજ સુકુમારતા નથી. તો પણ પુરુષ વશ થાય ત્યારે તેઓ દુષ્ટતાજ કરે છે (દેખાડે છે) તેમનાં હૃદયો શાલાવૃક (કુતરાં) જેવાં હોય છે. માટે ઉભય જણાવવાને રમણ કર્યું.

## આત્મારામે કરેલું રમણ

**વિવેચન-** પૂર્વે જણાવ્યું તે પ્રમાણે જેની સાથે પ્રભુએ ગમન કર્યું છે તે ગોપીને પોતે ખભે બેસાડીને ઉંચકી લીધી એટલું જ નહિ, પણ તેને માટે સુંદર પુષ્પ વીણીને તેની વેણીમાં પ્રભુએ ગુંથવા માંડ્યાં અને પછીથી તેની સાથે રમણ કર્યું. અહિંયા કોઈને શંકા થાય કે પ્રભુનું તે વળી રમણ સંભવતું હશે ? પોતે નિષ્કામ છે, આત્મારામ તથા આત્મરત છે તો પછી તેમને રમણ કેવું ? અને જો તે રમણ કરે તો ઈન્દ્રિય, અંતઃકરણ તથા અન્ય વિષયોના ધર્મને વશ થવાથી તે લૌકિક કામુકવત્ ગણાશે ! આ શંકાનો ઉત્તર પ્રથમ અધ્યાયમાં ''અહિંયા ક્રીયાઓ એજ છે પણ કામ તે નથી'' ઈત્યાદિ ★ કારિકામાં શ્રીમદાચાર્યચરણે આપેલો છે, છતાં અહિંયાં પુનઃ એનો ઉત્તર આપવો યુકત છે. અહિંયાં ભગવાનનું સ્વરૂપ આનંદમય છે એમ અનેક શ્રુતિઓએ ડિંડિમ ઘોષણાથી જણાવ્યું છે. વળી ભગવાનનું બીજું વિશેષણ અહિંયા આત્મારામ આપ્યું છે. આત્મામાં પોતે રમણ કરે છે તેથી આત્માજ તેમને પ્રિય છે. આ સ્વામિની પણ તે આત્માની શકિત છે અને તેમની સાથેનું રમણ પણ આત્મા સાથેનું રમણ ગણાય. આ રમણ તદ્દન નિર્દુષ્ટ છે. વળી આ રમણ ઈન્દ્રિયોથી, અંતઃકરણથી કે વિષયથી ખંડિત થયું નથી. ભગવાનમાં ઈન્દ્રિયો અંતઃકરણ કે વિષયો વગેરે છે જ નહિ.

છાન્દોગ્યોપનિષત્ ના સપ્તમા અધ્યાયમાં ૨૫ મા ખંડમાં આત્માના (ભગવાનના) આત્મારામ વિષેની નીચેની શ્રુતિ છે.

**स एवाधस्तात्स उपरिष्टात्स पुरस्तात्स दक्षिणतः स उत्तरतः स एवद सर्वमित्य थातोऽहङ्कारादेश एवाहमेवाधस्तादमुपरिष्टादहं पश्चादहं पुरस्तादहं दक्षिणतोऽहमुत्तरतोऽहमेवेद सर्वमिति ।। अथातो आत्मादेश एवात्मैवाधस्मादात्मोपरिष्टादात्मा पश्चादात्मा पुरस्तादात्मा दक्षिणत आत्मोत्तरत आत्मैवेद सर्वमिति स वा एष एवं पश्यन्नेवं मन्वान एवं विजानन्नात्मरतिरात्मक्रीड आत्ममिथुन आत्मानन्द स स्वराड् भवति तस्य सर्वेषु लोकेषु कामचारो भवति । अथ येन्यथातो विदुरन्ये राजानस्ते क्षय्यलोका भवन्ति तेषा सर्वेषु लोकेष्वेव कामचारो भवति ।। २ ।।**

## ઉપનિષદમાં જણાવેલું ભગવાનનું આત્મરતિત્વ

જે પ્રપાઠકમાં આ શ્રુતિ આવે છે, તે સનત્કુમાર અને નારદના સંવાદરૂપે છે. નારદ અને સનત્કુમાર ઉભય ભકતજનો છે. પણ સનત્કુમારને આત્મા-બ્રહ્મનો

---

★ અહિંયા વાચકોને આ ગ્રંથના અધ્યાય પહેલાની કારિકાઓ પુનઃ સાવધાનતાથી વાંચવાને વિજ્ઞપ્તિ કરીએ છીએ.

સાક્ષાત્કાર થયેલો છે. નારદ તેટલા માટે સનત્કુમારની પાસે આવે છે અને વિનંતિ કરેછે **अधीहि** મને કંઈક ઉપદેશ આપો પ્રથમ સનત્કુમાર નારદના જ્ઞાનની પરીક્ષા કરવા તેને પુછે છે કે તું કાંઈ શીખ્યો છું ? ત્યારે પોતે શું શીખ્યા છે તે કહી બતલાવે છે. તેમણે જણાવ્યું કે તે સર્વ વિદ્યા શીખ્યા છે, ફકત તેમણે આત્માને ઓળખ્યો નથી. કહેવાય છે કે જે આત્માને જાણે છે તે સર્વ શોકને તરી જાય છે, પણ મારા શોકની નિવૃતિ હજું થઈ નથી, માટે મને આત્મવિદ્યા આપો આ પ્રમાણે સનત્કુમારને વિનંતિ કરી.

ઉપદેશ આપતી વખતે સનત્કુમારે પ્રથમ નામરૂપ બ્રહ્મની ઉપાસના કરવી જોઈએ અને તેવા બ્રહ્મની ઉપાસનાનું ફળ શું હોય છે તે સમજાવ્યું છે. સનત્કુમાર પ્રથમથીજ રસરૂપ આનન્દમય પ્રભુના સ્વરૂપનો નિર્દેશ કરે તો તે વસ્તુ નારદના સમજવામાં એકદમ ન આવે તેથી સાક્ષાત્ બ્રહ્મના તે સ્વરૂપનો ઉપદેશ કરવાને બદલે બ્રહ્મની જુદી જુદી વિભૂતિઓ ઉપદેશે છે. જુદી જુદી ઉપાધિઓના ઉપદેશને અંતે પરમ રમણીય ભૂમન્ બ્રહ્મનો ઉપદેશ આપે છે અને કહે છે કે શોકની નિવૃત્તિ માત્ર આ ભૂમન્થી જ થઇ શકે છે. ભૂમન્ એ જ પરમતત્તવ બ્રહ્મ છે. એ અનંતસુખરૂપ બ્રહ્મ છે, ભૂમા એ જ પૂર્ણાનંદરસનિધિસ્વરુપ છે. આ સ્વરૂપને જ ઓળખવામાં જ સર્વ દુઃખની નિવૃત્તિ થાય છે. ભકતને માટે નિઃસીમ પ્રેમનું પાત્ર આ રસાનંદઘનપ્રચુર ભૂમન્ છે એ સ્વરૂપની સાથે જયારે રતિ થાય, અથવા ક્રીડન થાય અથવા મિથુન થાયતો જ પરમાનંદની પ્રાપ્તિ બને છે. આ આનંદનો ઉદય થતાંની સાથે આત્યન્તિક દુઃખનો ધ્વંસ થઇ જાય છે. એવો અર્થ આ શ્રુતિમાંથી ફલિત થાય છે. આ અર્થને સંપૂર્ણ સમજવાને માટે શ્રુતિ ભૂમાના સ્વરૂપનું વર્ણન કરે છે. **यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति भूमैव सुखं भूत्वैव विजिज्ञासितत्व इति भूमानं भगवो विजिज्ञास ।।** ભૂમા જ સુખ છે. અલ્પમાં સુખ નથી. એટલે બ્રહ્મને જાણવું જોઇએ. જ્ઞાનસ્વરૂપ બ્રહ્મને જેઓ કહે છે તેને જણાવવાને શ્રુતિ આજ્ઞા કરતી નથી પણ જે ભકિતથી ગમ્ય થઇ શકે છે એવા આનંદસ્વરૂપ બ્રહ્મને જાણવાનું કહે છે. આમ ભૂમાનું સ્વરૂપનું વર્ણન કર્યા પછીથી ભકત સનતકુમાર આનંદસ્વરૂપ બ્રહ્મનું રહસ્ય જાણવાને અધિકારી થયેલા ભકત નારદને ઉપરના અવતરણમાં લીધેલી શ્રુતિદ્વારા ઉપદેશ આપે છે.

આ શ્રુતિમાં જે આત્મા શબ્દ વપરાયો છે તે પરમાત્માના અર્થમાં લેવાનો છે, જીવાત્માના અર્થમાં નહિ. આ આત્મા સર્વ દિશાઓમાં છે. આત્મા સર્વ સ્થળે છે એમ જે જુએ છે, માને છે, જાણે છે અને જેની એ આત્મા સાથે રતિ થાય

છે, જે આત્મા સાથે ક્રીડા કરે છે, જે આત્મા સાથે આનંદ મેળવે છે તે સ્વરાટ થાય છે અને તેનો સર્વલોકોમાં કામચાર બને છે. આ ભૂમન્‌ની પ્રતિષ્ઠા સ્વસ્વરૂપમાં થાય છે. એટલે જે અનન્યાસકત ભકત સર્વાત્મભાવને પ્રાપ્ત કરે છે. તેમાં જ ભૂમન પ્રતિષ્ઠા મેળવે છે.

ઉત્કટ રતિભાવથી જ આ ભૂમનને ઓળખવાના છે. વિરહાવસ્થામાં રતિભાવનું ઉદ્દીપન થાય છે અને તે સમયે ભકતના હૃદયમાં પ્રભુસ્ફૂર્તિ ઉત્પન્ન થાય છે. આ સમયે પ્રભુ સિવાય અન્ય કશાનું સ્મરણ કે જ્ઞાન તેમને હોતું નથી. સંસારના બંધનો આપોઆપ દૂર થઈ જાય છે. પ્રાણયાત્રાનો વિચાર તેમને થતો નથી. પ્રભુ પ્રત્યે રતિભાવ તે જ તેમનું અન્ન થાય છે. આ પ્રમાણે જયારે તેઓ વિરહાવસ્થામાં ઉત્કટ રતિભાવનો મનોરથ પૂર્ણ કરવા શૃંગારરસની હેલીનો જમાવટ કરે છે ત્યારે આ સ્થિતિમાં ભકત આત્મરતિ, આત્મક્રીડ, આત્મમિથુન અને આત્માનંદ બને છે. વળી આ ભકત એ સ્થિતિમાં સ્વરાટ બને છે કારણકે ભકત પોતે જ એ આનંદનો અનુભવ કરે છે એટલું જ નહિ પણ પ્રભુને પણ તેમ કરાવડાવે છે. આ ભકતનો કામચાર સર્વત્ર હોય છે. પોતાના કામનો ભોગ સર્વત્ર કરી શકે છે. કારણકે પરમાનંદરૂપ અને રસસ્વરૂપ પ્રભુનો સાક્ષાત્કાર થાય તો પછી તે ભકતનો કામચાર પરિચ્છિન્ન કેવી રીતે રહી શકે ? એ સંકુચિત ન જ રહી શકે માટે તે સર્વત્ર કામચાર અનુભવી શકે છે. આ પ્રમાણેનો ઉપદેશ ઉપરની શ્રુતિદ્વારા સનતકુમાર ભકત નારદને આપે છે. આમાં પણ ભકિતની શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી છે. આ શ્રુતિમાં જણાવેલો અનુભવ પ્રભુ સાથે ગમન કરનાર વ્રજસિમન્તિનીને થયો હતો. તેઓએ ભગવત્સ્વરૂપવ્યતિરિકત અન્ય કોઇ પણ પદાર્થની કામના કરી હતી નહિ.

### રમણ કરવાના બે હેતુઓ કામીઓનું દૈન્ય પ્રદર્શન અને સ્ત્રીઓની દુરાત્મતા

ભગવાન પોતાના આત્મામાં રત છતાં રમણ કર્યું તેનું કારણ લૌકિક દૃષ્ટિથી જણાવે છે કે કામીઓ આવી દશામાં કેવા દીનભાવને પ્રાપ્ત થાય છે તે જણાવવાનો અહિંયા મુખ્ય હેતુ છે કાલીદાસે મેઘદૂતમાં કહ્યું છે કે કામથી પીડિત થતા જનો સ્વભાવથી પણ હોય છે પણ પ્રભુ તો આ રીતે રમણ કરતા છતાં પણ અખણ્ડિત છે, માટે ઇન્દ્રિયાદિને વશ થઇને કેવલ કામસ્ફૂર્તિને માટે રમણ ઇષ્ટ નથી, તેથી અનેક પ્રકારના અનર્થો સંભવે છે. વળી મલયુકત સ્ત્રીઓમાં આસકત થનારને સ્ત્રીઓની દુષ્ટતાનું ભાન અહિંયા કરાવ્યું છે. વેદ પણ કહે છે કે લૌકિક

સ્ત્રીઓના હૃદય કુતરાના જેવા હોય છે. આ રીતે કામની લોલુપતા નિન્દનીય તથા અત્યંત વર્જનીય છે, પણ ખરો કામ તો આનંદસ્વરૂપ નિત્ય શુદ્ધ પ્રભુમાં નિરુપધિ સ્નેહ રાખવામાં જ છે.

ભગવાનના આવેશથી સર્વ વસ્તુનું યાથાત્મ્ય સ્ફુરણ થયું તેનું નિરુપણ કરે છે.

**श्रीशुकउवाच**

**इत्येवं दर्शयन्त्यस्ताश्चेरुर्गोप्यो विचेतसः ।**

**अन्वयार्थ** એ પ્રમાણે દેખાડતી ગોપીઓ ભાન વગરની બનીને ફરવા લાગી.

**श्रीसुबोधिनीजी** આ રીતે ભગવાનની લીલા દેખાડતાં રતિ કરવા લાગ્યાં તે અનેકવિધ છે. એ હેતુ જણાવવાને ગોપીઓ એમ કહ્યું છે. તેઓ શાસ્ત્રથી ભગવદીય થયાં નથી, પણ સ્વભાવથી થયાં છે સ્વભાવ અનેકવિધ છે. માટે સર્વ ઉપપન્ન છે. વળી તેઓ કંઇ પણ જાણીને (જ્ઞાનપૂર્વક) બોલતાં નથી, પણ ભાન વગરના થઇને અથવા આમ દેખાડતાં ભાન વગરના થયા. ત્રણ પ્રકારની સમાપ્તિ પણ કરી છે. માટે તેમની આગળ ગતિ નથી તેમ વચનો નથી.

આ રીતે તેમનું સ્વરૂપ નિરૂપીને તે ગોપીનું સ્વરુપ જણાવે છે.

**मूलम यां गोपीमनयत् कृष्णो विहायान्याः स्त्रियो वने ।। ३५ ।।**

**सा च मेने तदात्मानं वरिष्ठं सर्वयोषिताम् ।**

**हित्वा गोपीः कामयाना मामसौ भजते प्रियः ।। ३६ ।।**

**ततो गत्वा वनोद्देशं दप्ता केशवमब्रवीत् ।**

**न पारयेऽहं चलितुं नय मां यत्र ते मनः ।। ३७ ।।**

**एवं उक्तः प्रियामाह स्कन्धमारुह्यतामिति ।**

**ततश्चान्तर्दधे कृष्णः सा वधूरन्वतप्यत ।। ३८ ।।**

**अन्वयार्थ** - જે ગોપીને કૃષ્ણ લઇ ગયા હતા તે વગરની અન્ય સ્ત્રીઓ આ પ્રમાણે ભગવાનની લીલા દેખાડતાં ભાન વગરનાં વનમાં ફરવા લાગ્યા. ૩૫

ત્યારે તેણે તેનાં મનથી સર્વ સ્ત્રીઓ કરતા મોટી છે એમ માન્યું, કારણકે અન્ય આવેલી ગોપીઓને ત્યજીને આ પ્રિય મને ભજે છે. ૩૬

પછીથી વનભૂમિમાં ફકત તે ગોપી ગઇ અને કેશવને કહ્યું મારાથી ચાલી શકાય એમ નથી, તો જયાં આપની ઇચ્છા હોય ત્યાં મને લઇ જાવ. ૩૭

આ રીતે ભગવાને કહ્યું એટલે ભગવાને તે પ્રિયાને કહ્યું અરે મારા ખભા ઉપર ચડો આમ કહીને ત્યાંથી કૃષ્ણ અન્તર્ધાન થયા અને તે વધૂ (ગોપી) સંતાપ કરવા લાગી. ૩૮

**શ્રીસુબોધિની** - દોષ, અભિમાન, વચન તથા ઉત્તર તેમના પૂર્વની માફક તિરોભાવ તથા દોષ દર્શન જ્ઞાન આ શ્લોકમાં કહ્યું છે. કૃષ્ણ સદાનંદ છે. તેથી તે અજાતદોષ પૂર્વોકત ગોપીમાં આનંદનું સ્થાપન કરવાને તેને લઇ ગયા. બીજા સ્ત્રીઓ હતા. પણ તે ગોપી મુગ્ધા જ હતી, માટે તેમનો વનમાં ત્યાગ કરીને તે ગોપીને લઇ ગયા. વનસ્થોમાં વિવેક હોય છે.

પ્રકૃતિ વગેરેના અધિકારવાળીઓ તેમણે અયુકત કરવાથી, તે ગોપીની બુદ્ધિનો નાશ કર્યો અને તેથી તે પણ અન્ય ગોપી સમાન થઇ એમ કહે છે.

ત્યારે તેણે અન્ય સ્ત્રીઓ કરતાં પોતે શ્રેષ્ઠ છે એમ માન્યું. પ્રથમ તેને તે પ્રમાણે ન થયું. આ સમુદાયદોષથી ભગવાન્ ત્યાગ કરતા નથી: પણ પ્રત્યેક દોષથી ત્યાગ કરે છે એમ જણાવ્યું. તેના તે દોષમાં હેતું કહે છે. કામથી આવેલા સર્વ ગોપીઓનો ત્યાગ કરીને આ મને ભજે છે (એવો વિચાર થયો) તેમાં વળી પ્રભુ મારા પ્રિય બન્યા છે, મારામાં એમની પ્રિતી જેવી રીતે થાય તેવી રીતે કરે છે. કોઇપણ રીતે અપ્રિયના વિષય નથી. માટે હું શ્રેષ્ઠ છું. નહિ તો અનુપપત્તિથી તે પ્રમાણે કલ્પે છે. દોષના અભાવથી જ ઉત્તમતા છે. ૩૬

અન્ય ધર્મથી નહિ, માટે તેને ભ્રમ થયો છે. ભ્રાન્તનું આ વાક્ય છે. પછીથી ભોગસ્થાનથી આગળ જઇને અતિરમણીય વનના પ્રદેશમાં સ્વ અર્થને માટે આ જાય છે, મારે માટે નહિ, તો અન્યને માટે શા કારણથી મારે ખેદ મેળવવો જોઇએ ? એ રીતે દપ્ત થઇ. તે રીતે ભગવાનની કૃપામાં અનધિકારિણી બનેલી તથા કૃપા મળવાથી તેને અજીર્ણ થયું તેથી તે ગોપી બ્રહ્મા વગેરેને પણ મોક્ષના આપનાર, દેહ ઈન્દ્રિય વગેરે સર્વ રહિત, પરમાનંદરૂપ કેશવને બોલી હું ચાલવાને સમર્થ નથી, તો પણ જો એમ કહે મરજીમાં આવે ત્યાં જા તો ત્યાં કહે છે. ના જયાં આપનું મન હોય ત્યાં આપ મને લઇ જાવ. ૩૭

ત્યારે અતિચતુર ભગવાન્ તે વાક્યનો ઉત્તર કહે છે. પ્રિયા કહીને ઉત્તર આપે છે. સ્કંધ ઉપર બેસ આ નૃત્યની ઇચ્છા કરે છે, તથા સ્વમાં આવેલા રસનું અભિનયન કરવાને ઇચ્છે છે, તેથી ભૂમિ ઉપર પગ મૂકે તો (જમીનથી ઉંચે તે પગની સ્થાપના નહિ હોવાથી) ઊર્ધ્વ ભાગના અભાવથી રસચ્યુત થાય છે. માટે મારા સ્કંધ ઉપર ચઢ એમ કહ્યું છે. તે અત્યંત નટબાળક છે. જે સ્વસ્કંધ ઉપર

ચઢીને નૃત્ય કરે છે. આ રીતે અશક્ય વસ્તુનો ઉપદેશ કરે છે. ભગવાનનું મન અલૌકિક રસમાં દોરી જનારૂં હોય છે, તે ભૂમિ ઉપર પદસ્થાપનમાં હોતું નથી. જો અશકત હોય તો શી રીતે કહે ? કારણકે મારું ત્યાં જ મન છે. જો તે પ્રમાણે કરે તો હું લઈ જઈશ. અનાધિકારી લઈ જવાને યોગ્ય નથી. ભગવાન તો કદી પણ અન્યથા બોલતા નથી માટે પોતાના સ્કંધમાં સંભાવના હોતી નથી. તે સ્ત્રીએ તો મોહને વશ થઈને તે પ્રમાણે ઈચ્છા કરતી તેને જોઈને પછી અંતર્ધાન થયા. કારણ આ કૃષ્ણ સદાનંદ છે. માટે તે પણ પૂર્વની માફક થઈ. વધૂ એટલે અનન્યપૂર્વા - અને મધ્યસ્થા તેમાં વળી ગુણાતીત તે અનુતાપ કરવા લાગી. પછી કેવલ અંતરનુતાપ થયો એટલું જ નહિ પણ બહિર્વિલાપ પણ થયો.

**मूलम्** हा नाथ रमण प्रेष्ठ कासि महाभुज ।
दास्यास्ते कृपणाया मे सखे दर्शय सन्निधिम् ।। ३६ ।।

**अन्वयार्थ --** હા નાથ, હા રમણ, હા પ્રિયતમ ! હે મહાભુજ ! આપ ક્યાં છો ? આપ ક્યાં છો ? હે સખે આપની આ કૃપણ દાસીને સંનિધિમાં દર્શન આપો.

**श्रीसुबोधिनी --** હા પ્રશ્ચાતાપના અર્થમાં છે. તમે ખરેખર અયુકત કર્યુ છે એમ જણાવે છે, તો પણ હે નાથ, તમે જ સ્વામી છો. માટે દોષ દૂર કરવો જોઈએ. મારો ત્યાગ ન થવો જોઈએ. હું દૂર રહીને તમારૂં રક્ષણ કરીશ એમ પણ આપ કહેશો નહિ, કારણ આપ જ રતિવર્ધક ભોકતા છો અને અમે ભોગ્યરૂપ છીએ. માટે નજીકમાં આપે સ્થિત રહેવું જોઈએ, એવો ભાવ છે. અનુરોધથી કેવલ પાલન કરીશ, ભોકતાની ઈચ્છાના અભાવે; ભોગ્યની ઈચ્છાથી ભોકતા ભોગ કરતો નથી. આમ જો આપ કહેતા હો તો જણાવવાનું કે આપ પ્રિયતમ છો. આપના સિવાય બીજો કોઈપણ પ્રીતિનો વિષય નથી; જેથી કરીને હું જીવન ધારણ કરી શકું. અત્યંત વ્યાકુલા તે ગોપીના વચન કહે છે - આપ મહાભુજ છો ! આપનો ભુજ મહાન છે અર્થાત્ આપની ક્રિયાશકિત મહાન છે. માટે દોષને દૂર કરવો જોઈએ; મને નહિ. કારણકે હું તો દાસી છું. અને તેમાં વળી આપની દાસી છું. અને સ્વભાવથી કૃપણ છું, અનાલોચિત યાચિકા છું. માટે મારા વચનથી અન્યથાભાવ કરવો ન જોઈએ. આ રીતે પ્રાર્થનામાં પરમ કૃપાળુ ભગવાને ઉભા થઈને તેને સ્વસ્થ કરી - અદૃશ્ય રૂપથી. ત્યારે ફરીથી તે કહે છે, હે સખે સ્પર્શથી, સ્વધર્મના આરોપથી સંનિધિમાં આપના દર્શન આપો. નજીકમાં છો, તો પણ જેવી રીતે સંનિધિમાં દેખાવો તેમ કરો. આ રીતે બોલતી તે સ્થિત થઈને ઉભી રહી. ભગવાન પણ ત્યાં જ સ્થિત રહ્યા.

## ભગવાનના અંતર્ધાનથી ગોપીને થયેલો ખેદ

**વિવેચન** -- જ્યારે ભગવાનને પોતાની નજીક ન જોયા એટલે તે ગોપી વિલાપ કરવા લાગી - હે નાથ, હે કાન્ત, હે પ્રિયતમ ! આપ ક્યાં ગયા, આપ ક્યાં ગયા ? આપે શાથી આમ એકાએક મારા ઉપરથી કૃપા ઉતારી નાખી અને અદૃશ્ય થઈ ગયા ! હે મહાભુજ પ્રભો, હવે આપના વિયોગથી હું ઝુરી મરીશ, કારણકે મારું જે સર્વસ્વ છે, તે આપ જ છો, તે તો આમ દૂર રહો છો, તો હવે હું શું કરીશ ? આપ મારા ઉપર એકવાર ફરીથી કૃપા કરો. મારા અપરાધને દૂર કરો અને આપના હસ્તની ક્રિયાશકિતથી આ ઝુરતી આપની દાસીને આશ્વાસન આપો અને તેના કલેશની-તાપની નિવૃત્તિ કરો. એટલું જ નહિ પણ આપ એને પ્રત્યક્ષ થઈને પુનઃદર્શન આપીને સ્પર્શથી સન્નિહિત થાવ. હું ખરેખર આપની દાસી છું. માટે દાસીના ઉપર કૃપા કરવી જોઈએ; તેના અપરાધો આપે ક્ષમા કરવા જોઈએ. મેં આપના તરફ જે ગર્વ દેખાડ્યો તે મારી ભૂલ થઈ ગઈ. આપ સાક્ષાત્ ભગવાન છો અને હું આપની સેવા કરનાર ભકત છું, તે સૌભાગ્યમદમાં ભૂલી ગઈ; પણ હવે એ દોષ મને સમજાયો છે અને તેનો પશ્ચાતાપ મને થાય છે. આપ તો ઉદાર અને ઉદાત્ત સ્વભાવના છો તો મારા અપરાધોની ક્ષમા આપીને એક વખત ફરીથી આપની કૃપાને પાત્ર હે પ્રભુ ! મને બનાવો. હા, નાથ એ શબ્દોથી પ્રભુને ઠપકો દે છે કે આપે ઘણું જ અનુચિત કાર્ય કર્યુ છે. હું એક અબળા તેનો આપે ત્યાગ કર્યો તે ખરેખર ઘણું અયોગ્ય કર્યુ ગણાય. કારણકે આપ તો નાથ છો એટલે રક્ષણ કરવાને સમર્થ છો છતાં પણ આપે રક્ષણ કર્યુ નથી, એ ઠીક ગણાય નહિ. રમણ શબ્દનો ધ્વનિ એવો છે કે ભગવાન એમ કહે કે હું તમારો નાથ છું તે બાબતને સ્વીકારું છું, અને તેથી રક્ષણ દૂર કરીને રહીશ. તો તેના ઉત્તરમાં આ ગોપી કહે છે કે આ રીતે આપનું રક્ષણ મારે જોઈતું નથી. મારે તો આપનું પ્રત્યક્ષ રક્ષણ જોઈએ છીએ; કારણકે આપ જ મારા રમણ છો - રતિના વર્ધક છો. આપ સિવાય બીજું કોઈપણ મારી રતિની વૃદ્ધિ કરી શકે તેમ નથી. અમારી રતિને વૃદ્ધિ કરનાર તથા ભોગવનાર આપ જ છો, અમે તો કેવલ ભોગ્યરૂપ છીએ. વાત સત્ય છે કે ભોગ્યની ઈચ્છા પ્રમાણે ભોકતા ભોગવતો નથી, અને તેથી આપ અમારી ઈચ્છાને માન ન આપો, પણ આપ અમને સર્વથી વહાલા છો, આમ હોવાથી જ આપને કહેવાનો અમારો હક્ક છે એમ સમજીએ છીએ. પ્રેમમાર્ગમાં વિધિ કે નિષેધ હોતા નથી; તેમ કોઈપણ જાતના નિયમ હોતા નથી; માટે ભોગ્યની ઈચ્છા સિવાય ભોકતા ભોગ કરતા નથી તે આપના નિયમને બિલકુલ બાધ આવતો નથી. મહાભુજ શબ્દથી સંબોધન કરવાનું મુખ્ય પ્રયોજન

એ છે કે આપ જો મારા કોઈપણ દોષથી ત્યાગ કરવા ઈચ્છા કરતા હો તો તે ઠીક નથી. કારણકે આપના ભુજ મહાન છે અર્થાત્ આપની ક્રિયાશકિત અધિક છે. તેથી કરીને અમારામાં ગમે તેવા દોષ હોય તો પણ તેને આપ દૂર કરી શકો એમ છો; માટે એ દોષોને પણ દૂર કરીને પુનઃદર્શન આપીને કૃપા કરો. આ ગોપિકાનાં વચન શ્રવણ કરીને પ્રભુએ તેના ઉપર દયા કરવાને અદૃશ્ય રૂપે સ્વસ્થ કર્યા. પણ તેથી તેમને સંતોષ થયો નહિ. તેમને તો સ્પર્શ સુખનો અનુભવ કરવો હતો, તેથી પુનઃ તે માટેની પ્રાર્થના કરે છે.

પછીથી શું થયું તે કહે છે.

**मूलम्** - **अन्विच्छन्त्यो भगवतो मार्गं गोप्या विचेतसः ।**

**ददृशु प्रियविश्लेषमोहितां दुःखितां सखीम्** ।। ४० ।।

**अन्वयार्थ** -- ભાન વગરની, ભગવાનનો માર્ગ શોધતી ગોપીઓએ પ્રિયના વિયોગથી મોહિત થયેલી અને દુઃખિત થયેલી સખીને જોઈ.

**श्रीसुबोधिनीजी** - પૂર્વે જણાવેલી ગોપીઓએ ભગવાનના માર્ગને શોધતાં નજીકમાં તેને જોઈ. તેનામાં ક્રોધ નથી એમ જણાવવાને દુઃખિત એમ કહ્યું છે. દુઃખિત ઉપર ક્રોધ થતો નથી. દુઃખમાં અન્ય હેતુના નિરાકરણ માટે પ્રિયાના વિયોગથી મોહિત થવાય એમ કહ્યું છે. ભગવાનના પરમ વિયોગથી મોહ-મૂર્છાને તે પ્રાપ્ત થઈ. તે પણ તેમની સખી હતી, માટે સખ્યભાવથી તે ઘણાંએ તેને જાગૃત કરી પાંચ જણના સંગમાં દુઃખ રહેતું નથી.

**विवेचन** જ્યારે આ ગોપી આ રીતે આક્રન્દ કરતી હતી, તેવામાં ભગવાનનું અન્વેષણ કરતાં અન્ય ગોપીજનો ત્યાં આવી પહોંચ્યા. તેમણે આ ગોપીને આક્રન્દ કરતાં જોઈને, અનુમાનથી સમજ્યાં કે ખરેખર આ ગોપી દુઃખિત છે. તેને પણ પ્રભુનો વિયોગ થયેલો હોવો જોઈએ, નહિ તો આવી મૂર્છાની દશા તેને પ્રાપ્ત ન થાય. માટે એના ઉપર આપણે ક્રોધ કરવો જોઈએ નહિ. એ પણ આપણી સખી છે. તો સખીને આવા સમયે આપણે બધાએ આશ્વાસન આપવું જોઈએ. **समानगुणशीलव्यसनेषु सख्यम्** એ ન્યાય પ્રમાણે સમાન ગુણ અને સમાનશીલ વ્યસનવાળાં સખ્ય સંભવી શકે છે. આ ગોપીનું દુઃખ તે આપણા દુઃખની સમાન છે, કારણકે અત્યારે તેને ભગવાનના વિયોગનું જ દુઃખ છે તો આવા સમયે આપણે તેને આપણી સખી પુનઃ બનાવવી જોઈએ. આમ કરવાથી તે પોતાનું દુઃખ ભૂલી જશે; વળી જો આપણે તેને આ દુઃખમાં આશ્વાસન આપીશું તો ભગવાનની બધી હકીકત પણ તે આપણને કહી બતાવશે એમ વિચાર કરીને તે બધા તેની પાસે ગયાં. જો કે પ્રથમ તે ગોપી બીજી ગોપીઓનો ત્યાગ કરીને કહ્યા

વગર ભગવાન સાથે જતી રહી હતી. તેથી તેમને ક્રોધ થયો તો હતો, છતાં અત્યારે તે ક્રોધને તેઓ ભૂલી ગયાં. કારણકે પોતાના ગમે તેવા શત્રુએ આપણું ગમે તેટલું અનિષ્ટ કર્યુ હોય તોપણ જો તે દુઃખી અવસ્થામાં હોય તો આપણે તેને સાહાય્ય આપવું જ જોઈએ એ ન્યાયનું તેમને સ્મરણ થયું.

એ બધાં પ્રથમ એમ જાણતાં હતા કે ભગવાન જ આ પ્રમાણે કૌતુકને માટે ગયેલા છે, આપણા દોષથી નહિ. નહિ તો દોષ દૂર કરાવવાને યત્ન કરે. વળી સ્વદોષનું પરિજ્ઞાન ભગવાનની કૃપાથી જ થાય છે. પોતાની મેળે નહિ એવું જણાવવાને તેને લઈ ગયા અને પછીથી તે પ્રમાણે કરવાને તેનો ત્યાગ કર્યો હશે. માટે ભગવાનની ઈચ્છાથી તેણે સર્વ કહ્યું. ત્યાં વકતવ્ય વિષયમાં પ્રયોજન શું છે તે કહે છે.

**मूलम्** **तया कथितमाकर्ण्य मानप्राप्तिं च माधवात् ।**
**अवमानं च दौरात्म्याद्विस्मयं परमं ययुः ।। ४१ ।।**

**अन्वयार्थ** -- માધવથી માન પ્રાપ્તિ તથા દૌરામ્ત્યથી અપમાન વિષેની હકીકત તેણે કહી એટલે તે બધાને વિસ્મય થયું.

**श्रीसुबोधिनीजी** -- તેણે કહ્યું કે માધવે મને માન આપેલું પણ મારા દૌરાત્મ્યથી હું અપમાનને પામી. જો કે તેમણે ઘણી હકીકત તેની પાસેથી સાંભળી પણ આટલા અર્થનો તે નિશ્ચય કરી શક્યાં. જે સન્માન પ્રાપ્ત થયું હતું તે પોતાના ગુણથી નહિ, પણ લક્ષ્મીપતિના ગુણથી. તે લક્ષ્મીનાં અંશ છે. દૌરાત્મ્યથી (સ્વધર્મ) થી જ અપમાન છે. ત્રણ પદથી ખેદભ્રમાદિનુંસૂચન કર્યુ છે. આ રીતે ભગવાનનું અલૌકિક સામર્થ્ય જોઈને પરમવિસ્મયને પામ્યાં. આ રીતે તે વાક્યોથી પદના અર્થનો નિશ્ચય કર્યો કે અન્વેષણ વગેરેથી ભગવાન પ્રાપ્ત થાય એમ નથી.

## ગોપીએ કહેલું આત્મવૃત્તાંત : અન્વેષણથી પ્રભુ પ્રાપ્તિની અશક્યતાનો કરેલો નિશ્ચય

**विवेचन** -- ત્યારપછી તે બધી ગોપીઓ પેલી ગોપીની આજુબાજુ વિંટાઈ વળ્યા અને તેને પૂછવા લાગ્યાં કે તું શા માટે રુદન કરે છે ? અમે પણ તારાં જેવા જ દુઃખી છીએ, માટે તું સંતાપ કરીશ નહિ. તું અમારી સખી છે, તેથી ચાલ અમારી સાથે. આવી રીતે તેને આશ્વાસન આપ્યું એટલે તે ગોપીએ તેમને બધી હકીકત અથથી ઈતિ સુધી કહી બતલાવી. તે આ સઘળી હકીકત શ્રવણ કરીને તેમણે નિશ્ચય કર્યો કે ખરેખર એ ગોપી પોતાના દૌરાત્મ્યથી અપમાનને પામી છે. પ્રથમ માધવે તેને માન આપ્યું, પણ તે માન પોતે જીરવી શકી નહિ, એ પોતાના દોષે કરીને જ એ દશામાં આવી પડી હતી. આ રીતે વિચાર કરતાં

કરતાં તેઓ વિસ્મયમાં ગરકાવ થઈ ગયા. તેમણે મનથી નિશ્ચય કર્યો કેઆપણી સખી જે ઉત્કૃષ્ટ પદને પ્રાપ્ત થઈ હતી, તે સ્વગુણોથી નહિ પણ ભગવાનના ગુણોથી અર્થાત્ ભગવાનની કૃપાથી. પ્રભુએ જ તેનું વરણ કરવાને સ્વતઃ ઈચ્છા કરી અને આપણા બધાથી વિયુકત કરીને તેની સાથે ગમન કર્યું. પણ ભગવાનની આટલી કૃપા છતાં તેની મંદભાગ્યતા તો જુઓ ? ખરેખર એના દૌરાત્મ્યને લીધે જ પ્રભુએ આપેલું સુખ છીનવી લીધું. પ્રભુએ આટલું બધું ઉચ્ચ પદ આપ્યું છતાં તેણે દર્પ કર્યો અને પ્રભુ કરતાં પણ પોતાની જાતને અધિક માનવા લાગી. આ દૌરાત્મ્યનું પરિણામ પ્રાપ્ત સુખના નાશ સિવાય બીજું શું હોય ? ખરેખર જ્યારે આપણી સખી સ્વામિની જે સાક્ષાત્ નિર્ગુણ પ્રેમલક્ષણા ભકિતની મૂર્તિરૂપ છે, તેનામાં પ્રેમભાવથી ઉત્પન્ન થયેલા દર્પથી, આટલું બધું પરિણામ આવ્યું તો પછી સાધારણ કોટિના જીવોનો આ દર્પ કેટલો બધો અધઃપાત નહિ કરે ? તે ખાસ વિચારવા જેવું છે, માટે આપણે પણ જો આપણામાં માન તથા દર્પ વગેરે દોષ હજુ પણ રહી ગયા હોય તો તે ત્યજવા જ જોઈએ; અને જો નહિ ત્યજીએ તો પ્રભુ આપણાથી સો તો શું પણ હજાર ગાઉ દૂર જ રહેશે. પછી આપણે ભલે તેમની શોધ કરવાને વૃથા ફાંફાં આમ તેમ મારીએ. પ્રભુના તરફ શુદ્ધ પ્રેમભાવ ન હોય અને તેની સાથે જો દૈન્ય ન હોય તો અન્વેષણ વગેરે સાધનો શું પ્રભુને પ્રાપ્ત કરાવશે ? દૈન્ય એજ પ્રભુને પ્રસન્ન કરવાનું તેમ તેમને નિરંતર આપણી પાસે રાખવાનું સાધન ગણાય. વસ્તુતઃ તે પણ સાધન નથી; એ પણ પ્રભુની કૃપા હોય તો જ બની આવે. ★ આગળ ભગવાનની કૃપામાં હેતુ શો છે તેનો વિચાર કરીને, સર્વનો પરિત્યાગ કરીને દેહના પરિત્યાગ સુધી સાધન કરવાં જોઈએ એમ નિશ્ચય કર્યો, અને તે પ્રમાણે કર્યું એમ કહે છે.

---

★ ભકિતમાર્ગમાં દૈન્યની ખાસ આવશ્યકતા છે એ સિદ્ધાન્તને મળતો ધ્વનિ નીચેના એક અંગ્રેજના લખાણના અવતરણમાં પણ મળી આવે છે.

+ The sincere believer will be conscious of a deep and heartfelt conviction of the weakness of his own moral powers but he will therefore onl;y the more anxiovesly endeavour, whilst he cries for spiritual assistance to the throne of grace to use those powers to the utmost in the cause of Ho liness. He will aim at the attainment of a degree of spiritual perfection. which at the same time he will know to be in this world, unattainable and will therefore combine, with hopes and aspirations, the most unbounded humility, and self - abasement the most sincere. He will therefore tender the daily offering of the feeble works of imperfect righteousness to his maker not with the proud, self-satisfied spirit of one who is presenting an adequate sacrifice worthy of the Great Being to whom it is presented but with the shrinking, shame and diffidence of the poor widow, who followed in the deposit, her solitary mite. Shuttle Worte.

मूलम् ततोऽविशन् वनं चन्द्रज्योत्स्ना यावद्विभाव्यते ।

तमः प्रविष्टमालक्ष्य ततो निववृतुहरिः ।। ४२ ।।

**अन्वयार्थ** --પછીથી જ્યાં સુધી ચંદ્રની જ્યોત્સનાનો પ્રકાશ દેખાયો ત્યાં સુધી વનમાં દાખલ થયાં, અને જ્યારે અંધકારને વ્યાપેલો જોયો ત્યારે તેઓ હરિની પાસેથી હરિપ્રિયાઓ પાછા ફર્યા.

**શ્રીસુબોધિનીજી** +-પછીથી વનમાં દાખલ થયાં. મોહની નિવૃતિ માટે વનપ્રવેશ કર્યો. વનમાં ગયેલાંને જો મોહ થાય તો પછી વનપ્રવેશથી શું ? જ્યાં સુધી ચંદ્રજ્યોત્સના પ્રકાશતી હતી ત્યાં સુધી દૂર તે ગયા. ઘણા જ ગાઢ વનમાં તે પેઠાં નહિ. વળી જ્યારે ગાઢ વનમાં ચંદ્રકિરણો પ્રવેશ પામ્યા નહિ. તે સમયં ત્યાં અંધકાર જોઇને ત્યાંથી તે પાછાં ફર્યો. શંકા-પ્રથમ જે પ્રયત્નથી વનમાં ગયાં, તે નહિ કરીને પાછાં કેમ ફર્યા ? ઉત્તર-તેઓ હરિની પાસેથી અગર હરિના સંબંધવાળાં હોવાથી અંધકારથી પાછાં ફર્યા. ખરેખર ભગવદીયો અંધકારમાં પ્રવેશ કરતા નથી. ભગવાનેજ તેમને પાછાં વાળ્યાં.

## વનપ્રવેશનું કારણ : અંધકારમાંથી પ્રભુ ભક્તોને પાછા વાળે છે.

**વિવેચન--** ત્યાર પછી પ્રભુને શોધવાને માટે વનમાં તેઓ આમ તેમ ફર્યાં. જ્યાં જ્યાં ચંદ્રનો પ્રકાશ દેખાતો હતો, ત્યાં ત્યાં બધે ફરી વળ્યાં; પણ વનના ગાઢ અંધકારથી વ્યાપ્ત પ્રદેશમાં તેમણે જવાની હિંમત ધરી નહિ. તેથી તેમણે ત્યાંથી પાછા ફરવાનો વિચાર કર્યો. જેઓ ભગવાન સાથે સંબંધવાળાં છે તેમણે તો અંધારામાં કદી પણ આથડવું અગર ફરવું ન જોઇએ. તેમણે તો સર્વદા પ્રકાશવાળા ભાગમાંજ રહેવું જોઇએ એ વિચારથી પણ તેઓ ત્યાંથી નિવૃત્ત થયાં. ભગવાનની ઇચ્છાથી પાછાં ફર્યાં. વનપ્રવેશ કરવાનું કારણ મોહને નિવૃત્ત કરવાને માટે છે.જેમનો સંસાર તથા તેના વિષયો ઉપરથી મોહ દૂર થયો હોય તેજ વનનો અંગીકાર કરે છે. ગોપીજનો પણ પોતાના મોહને દૂર કરવાને વનમાં પ્રવેશ કરે છે. મોહ એ ભક્તિવૃક્ષનો ઝહેરી કીડો છે. જ્યાં સુધી તે હોય છે ત્યાં સુધી તે એ વૃક્ષને વિકસવા દેતો નથી, તેમજ તેના પર્ણોને લીલાં થવા દેતો નથી; તો પછી સુંદર કલિકા, ફુલ તથા ફલોદ્ગમની તો વાતજ શી કરવી ? મોહ એ ભકતનો કટ્ટો શત્રુ છે. આ મોહ શી રીતે નિવૃત્ત થાય ? આને માટે પણ સંસાર તરફથી ચિત્ત વિમુખ થવું જોઇએ. સંસારના પદાર્થોમાં જે કંઇ મારૂ તારૂ થાય છે અગર મમતા હોય છે તથા આપણી ઇન્દ્રિયોનું આકર્ષણ થાય છે તે ન થવા દેવું જોઇએ. સંસાર એ ઇન્દ્રવર્ણો જેવો છે, માત્ર તે તેના બાહ્ય રંગથીજ

લલચાવનાર છે. એ સમજ જ્યારે આવે ત્યારેજ મોહ દૂર થાય. આ સમજ એકાન્ત સ્થળમાં ભોગવેલી અનહદ શાન્તિ તથા નિવૃત્તિમય જીવનથીજ મળી શકે છે. વન તે એવું છે, કે ત્યાં અનહદ શાન્તિ પથરાયલી હોય છે. તેમાં પ્રવેશ કરનારના મનના વિકારો દૂર થાય છે, અને પ્રભુસંબંધીનાજ શુદ્ધ અને પવિત્ર વિચારો તેમાં પ્રકટે છે. તેવા જીવનનો અનુભવ કરવાનો વ્રજસીમન્તિનીઓએ વનપ્રવેશ કર્યો. વનમાં પ્રવેશ કરવો એટલું જ બસ નથી પણ તેના પ્રકાશવાળાજ ભાગમાં ફરવું જોઇએ, અંધકારવાળા નહિ. જોકે વન એ નિવૃત્તિ તથા શાન્તિનું અનુકૂળ સ્થાન છે છતાં પણ જો તેના કોઇપણ સ્થાનમાં નિબિડ અંધકાર હોય તો તે વર્જ્ય ગણવો જોઇએ. મોહનો ત્યાગ કરવાને નિવૃત્તિ અને શાન્તિના પ્રદેશમાં પ્રભુજ્ઞાનના પ્રકાશમાંજ વિચરવું જોઇએ. પ્રભુજ્ઞાનના પ્રકાશ વગરની નિવૃત્તિ અગર શાન્તિ તે ખરી રીતે નિવૃત્તિ અને શાન્તિ નથી તે સૂચવવાને અહિંઆં ગોપીઓએ તે વનના ગાઢ અંધકારવાલા ભાગમાં ગતિ કરી નહિ એવું કહ્યું છે.

જો પાછા ફર્યા તો હવે ઘર તરફ પાછા ફરશે એમ કોઇને શંકા થાય તો કહે છે

**મૂલમ્** **તત્મનસ્કાસ્તદાલાપાસ્તદ્વિચેષ્ટાસ્તદાત્મિકાઃ ।**
**તદ્ગુણાનેવ ગાયન્ત્યો નાત્માગારાણિ સસ્મરુઃ ।। ૪૩ ।।**

**અન્વયાર્થ--** ભગવાનમાં મન પરોવીને, ભગવાનની વાતો કરીને, ભગવાનની વિચેષ્ટા કરીને, કૃષ્ણનેજ પોતાના આત્મા બનાવીને (અથવા કૃષ્ણમાંજ પોતાના આત્માને રાખીને તેમનાજ ગુણોને ગાતાં, પોતાના આત્મા તથા આગારનું સ્મરણ તેમને થયું નહિ.

**શ્રીસુબોધિનીજી--** તેમને પોતાનું તથા આગરનું સ્મરણ રહ્યું નહિ. પોતાનું એટલે અહિંઆં દેહ અને આગાર એટલે ગૃહ, તેમજ તેના સાથે સંબંધવાલી વસ્તુઓનું સ્મરણ થયું નહિ. નહિ સ્મરણ થવામાં હેતુ કહે છે. તે હેતુ પાંચ છે અને પાંચ પદથી કહેવાય છે. તેમનું મન ભગવાનમાં હતું. સ્મરણ મનમાં થાય છે, અને મન તો ભગવાનમાંજ ફકત હતું, આથી તેમને ગૃહાદિનું સ્મરણ રહ્યું નહિ. બીજી રીતે પણ સ્મરણ નહોતું તે કહે છે. તેઓ ભગવાન વિષેનીજ વાતો કરવા લાગ્યાં. જો બીજી કોઇ વાર્તા કરે તો તે પ્રસંગથી ગૃહાદિનું સ્મરણ થાય. તે બધાની વાતો ભગવાન્ વિષે હતી, આથી અન્યથી પણ સ્મરણ નથી. શંકા-ભૂખ અને તરસથી કરાયલી દૈહિક ક્રિયા તો આવશ્યક હોવી જોઇએ; તેથી દેહાદિનુ સ્મરણ થાય છે. તેના ઉત્તરમાં કહે છે. તેમની ચેષ્ટાઓ પણ ભગવન્મય હતી. તે ભગવાનની ચેષ્ટામાં પૂર્વવત્ આવિષ્ટ હતાં. શંકા-તોપણ સર્વ જ્ઞાનમાં

આત્માનો અંશ સ્ફુરે છે જેમકે હું ઘટને જાણું છું વગેરે. તો કેવી રીતે પોતાનું ભાન તેમને અહિંઆં રહ્યું નહિ ? આના ઉત્તરમાં કહે છે. તેમના આત્મા પણ ભગવાન્મા હતા. પ્રભુજ તેમનો આત્મા હતો. સર્વદા કૃષ્ણાત્મભાવનાજ ચિત્તમાં સહજ હતી. માટે આત્મા તરીકે ભગવાન્જ સ્ફુરતા હતા. માટે દૈહાદિનું સ્ફુરણ નથી.શંકા-સદશ વસ્તુ, અદષ્ટ અને ચિન્તાદિ આ સ્મરણબીજને જણાવે છે માટે અદષ્ટને લીધે સ્મરણ કેમ ન થયું ? તો કહે છે તે ભગવાન્નાજ ગુણ ગાતાં હતાં. જો તે શાન્ત ઉભાં રહે તો સ્મરણ પણ થાય; અન્યમાં આસકત થયેલ અન્ય કાર્યમાં હોય છે. પરાયણ તેઓ ભગવાનનાજ ગુણનું ગાન કરે છે. ગુણથી કરીને દુષ્ટ અદષ્ટનો નાશ થાય છે. માટે અદષ્ટદ્વારા પણ સ્મરણનો બોધ થયો નહિ.

## તેમને દેહ તથા ઘરનું સ્મરણ કેમ રહ્યું નહિ ?

**વિવેચન--** કોઇને અહિંઆં શંકા થાય કે જો તેઓએ બધાએ અન્વેષણ કર્યું છતાં પણ ભગવાનનો પત્તો ન મળ્યો, તો પછી પાછાં ફરીને તેઓ કયાં ગયાં ? ઘર તરફ ગયાં ? તેના ઉત્તરમાં કહે છે-ના, ઘર તરફ ન ગયાં, કારણ કે આ સમયે તેમને પોતાના દેહનું અગર ઘરનું સ્મરણ નહોતું. એટલે સંસાર તેમને સાંભળતોજ નહોતો. તેમનું મન, તેમની વાણી તેમની વિવિધ ચેષ્ટાઓ તેમનો આત્મા તથા તેમની ભાવના સઘળું પ્રભુમયજ હતું. મન પ્રભુનોજ વિચાર કરતું હતું, વાણી પ્રભુનીજ વાત કરતી હતી, હસ્તાદિ પણ પ્રભુની ચેષ્ટાઓ કરતાં હતાં, પ્રભુજ તેમના આત્મા હતા-પ્રભુનીજ ભાવના એમને થયા કરતી હતી. અને પ્રભુનાંજ તે ગુણગાન કરતાં હતાં-તો પછી તેમને સંસાર શી રીતે સાંભળે ? ઘર તરફ પાછાં ફરવાનો પણ વિચાર સરખોએ શા માટે કરે ? યત્કિંચિત્ પણ લૌકિક માટેની ઇચ્છા રહી હોય તો ગૃહ તરફ ગમન કરે, પણ તેટલી ઇચ્છાને પણ અહિંઆં સ્થાન નથી. તેમની ઇન્દ્રિયાદિનું સંપૂર્ણ રીતે લૌકિક વિષયોમાંથી પરાવર્તન થયું હતું, અને પ્રભુમાં જોડાઇ હતી. સ્મરણના હેતુઓ પાંચ છે, મન, આલાપ, ચેષ્ટા, આત્મા, અને ગુણ; આમાંનું એક પણ જો પરાયણ ન હોય તો ઘર વગેરે તેમને સાંભળે, પણ અહિંઆં કહે છે કે તેઓ સર્વ રીતે પ્રભુપરાયણ હતાં.

પછી શું બન્યું એ આકાંક્ષા થાય તો કહે છે -

**पुनः पुलिनमागत्य च्कालिन्धाः कृष्णभावनाः ।**
**समवेता जगुः कृष्णं तदागमनकांक्षिताः ।। ४४ ।।**

**अन्वयार्थ --** ફરીથી કાલિન્દીના કિનારા ઉપર આવીને કૃષ્ણમાં ભાવનાવાળાં તેમણે એકઠાં થઇને કૃષ્ણના આગમનની ઇચ્છાથી ગાન કર્યું.

**શ્રીસુબોધિનીજી** -- પ્રથમ જે કિનાર ઉપર ઉભાં હતાં, ત્યાંજ ફરીથી આવ્યાં. શંકા-વિવેકરહિત હતાં તો શી રીતે આવ્યાં ? ત્યાં કહે છે કે તેમનામાં કૃષ્ણનીજ ભાવના હતી.તેથી ભગવાનની ઇચ્છાથી ભગવાનની પ્રેરણાએ કરીને ત્યાં આવ્યાં. જે સ્થાનમાં ભગવાન્ રતિ કરે છે, તે સ્થાન એમને હિતકર છે, માટે ત્યાંજ આવ્યાં. ત્યાં કોઇ એકના ભાગ્યથી સ્નેહ અગર કૃષ્ણનું ગાન કર્યું. દોષના નિવારણમાં હરિના ગુણગાન એજ સાધન છે. પણ જો દોષ નિવૃત્ત થાય તો તે પ્રભુ જાતેજ પધારશે એમ વિચારી તેમના આગમનની આકાંક્ષાથી ગાન કર્યું.

## પ્રભુનાં દર્શનની ઇચ્છાએ કરેલું ગાન

**વિવેચન** -- છેવટે તેઓ ફરતાં ફરતાં રસ્તામાં પ્રભુના ગુણગાન કરતાં કરતાં કાલિન્દીના તટ ઉપર પુનઃ આવ્યાં અને ત્યાં બેસીને અન્ય કોઇ પણ સાધન નહિ જોવાથી પ્રભુ વિષે ગાન કરવા લાગ્યાં. આ વખતે તેમની ભાવના કૃષ્ણમાં હતી. ચિત્ત પ્રભુમાંજ હતું. ફકત એકજ જણે ગાન કર્યું એમ નહિ પણ તે બધાએ ગાન કર્યું. તેમણે એવું ધાર્યું કે એમ કરવાથી સદાનંદ કૃષ્ણ એકાદના ઉપર પણ કૃપા કરવાને પધારે. અહિંઆં કૃષ્ણપદનો પ્રયોગ છે-તે ''સદાનંદ'' ના અર્થમાં છે. આનંદસ્વરૂપ પ્રભુને પ્રત્યક્ષ કરવામાં ગાન ઉપયુકત છે. વળી મનુષ્યના દુઃખમાં ''ગીત'' જેટલો આનંદ આપે છે, તેટલું ભાગ્યેજ બીજું કંઇ આપી શકે. ★

## ફલ પ્રકરણ અધ્યાય બીજો સમાપ્ત

★ સરખાવો.

One of the most pure and innocent pleasure which we can enjoy, we owe to music. It possesses the art of charming our ears, soothes our passions, affecting our hearts, and influences our propensisties. How often has music disspiated. Our gloom, quickned the vital spirits, and ennobled our sentiments ! An art so pleasing and useful well deserves our attention; and calls upon us to employ it to the Glory of our beneficient Creator.

**Sturm.**

## શ્રીસુબોધિનીજીનું ફળ-વિરહ અને દીનતા છે

ઉડું વિચારીએ તો શ્રીમહાપ્રભુજીએ સૂત્રરૂપે શ્રીભાગવતમાં આપેલી ભકિતમાર્ગીય પરમકાષ્ઠાપન્ન દશા મેળવતાં છેલ્લી દશાનું સ્પષ્ટ વર્ણન આ ફલપ્રકરણ શ્રીસુબોધિનીજીમાં આપ્યું છે. એ દશાની સિદ્ધિ વગર સાક્ષાત્ ભગવત્પ્રાપ્તિ નથીજ, એ ડગલે ને ડગલે આ ફલપ્રકરણ શ્રીસુબોધિનીજીમાં માલમ પડે છે. ભકિતમાર્ગમાં મનુષ્યની પ્રેમલક્ષણા ભકિતની છેલ્લી દશા વિરહ અને

દીનતા છે તેના તો સ્થાને સ્થાને આમાં ભંડારજ છે. પ્રભુમાં તદ્દનજ સર્વેન્દ્રિયનિરોધ વગર આવી દશા પ્રાપ્ત કરવી મુશ્કેલ છે. શ્રીહરિરાયજી પણ વિરહ અને દીનતાને સાક્ષાત પ્રભુપ્રાપ્તિમાં મુખ્યજ માને છે, અને તે આપશ્રીના શિક્ષાપત્રમાં ડગલે ડગલે જણાય છે.

જે મનુષ્ય આ સુબોધિનીજી સૂક્ષ્મ અવલોકન કરે તેનો તો સર્વ પ્રકારનો સાધનમદ હણાઇજ જાય છે, કારણ કે પ્રભુની સેવા એ પણ પ્રભુપ્રાપ્તિના સાધનમાંજ પેસી જાય છે. વિદ્યા પણ સાધન માંજ પેસી જાય છે. વ્યવહારદશામાં ભક્તિમય વ્યવહાર પણ સાધનદશામાંજ સ્થાન લે છે. કારણકે આ ભક્તિમય વ્યવહારની છેલ્લી દશા વિરહ અને દીનતા છે. જેમાં યજ્ઞ, દાન વિદ્યા તેમજ સંસાર સુદ્ધા છુટી જાય છે, ને પ્રભુમયજ દેહ, પ્રાણ ઇંદ્રિયો અને આત્મા બની રહે છે, એટલે જેમ લૌકિક અને વૈદિક એ ભક્તિમાર્ગીય બગીચાના રક્ષણ માટે ઉપયોગી છે, કર્મમાર્ગ પણ ભક્તિમાર્ગીય બગીચાના રક્ષણરૂપ છે, તેમ વિરહ અને દીનતાની પ્રાપ્તિ માટે સેવા વગેરે સાથે ભક્તિમય વ્યવહાર સાધનરૂપ છે. જો કે સેવાનેજ ફળાત્મક બતાવવામાં આવે છે, પણ તે વિરહ અને દીનતા પ્રકટ કરી પ્રભુની સાક્ષાત્પ્રાપ્તિ કરાવે છે માટેજ.

શ્રીસુબોધિનીજીનું વારંવાર વાંચન અને મનન આ પ્રમાણે વિરહ અને દીનતા પ્રકટ કરવાના કારણરૂપ છે માટે ફલાત્મવસ્તુ શ્રીસુબોધિનીજી છે, એ કહેવું અતિશયોક્તિ ભરેલું નથી. વારંવાર વાંચવાથી ને મનન કરવાથી તેમાં નિરોધ થઇ જાય છે. અને નિરોધથી ફલપ્રાપ્તિ થાય છે. જેમ સ્વરૂપ સેવા કરતાં જો આનંદજ પ્રાપ્ત થાય, પણ વિરહ અને દીનતા ન પ્રકટ થાય તો તે સેવા હમેશાં સાધનરૂપજ બની રહે છે. તેમ જો શ્રીસુબોધિનીજીનું મનન કરતાં હૃદય દ્રવી ન જાય વા અશ્રુપાત ન થાય તો તે પણ સાધનરૂપ જ ગણાય.

આપણે સેવા કરીએ છીએ, પ્રભુ આપણને સ્વાનુભાવ જણાવતા નથી. છતાં કદી આપણાં હૃદય દ્રવી જતાં નથી, તેથી અનુભવ સુધી નથી જવાતું. એક લૌકિક પતિને પરણેલા સ્વામીના સુખના જ્ઞાનવાળી સતી પોતાની પતિની ખૂબ પરિચર્યા કરે, પણ તે બુદ્ધાવતાર ધારણ કરી તેની સાથે બોલે નહિ, વા આનંદનું દાન ન કરે, વિભાવો ન આપે પોતાના ઓરતા પૂરા ન કરે તો તે છ માસમાં માથું ફુટીને મરી જાય, તેના અંતરમાં પતિ પાસે છતાં સુખ ન મળવાથી અગ્નિના ભભુકા ઉઠે, તેને રૂવે રૂવે અગ્નિ પ્રજ્વલિત થાય. પણ આપણે તો પ્રભુની સેવા કરીએ છીએ; આપણા મોંઢા આગળ આપણે સર્વ પ્રકારનાં લાડ તેમને લડાવીએ

પણ તે કોઇ રીતે ન બોલે કે ન ચાલે, ન રસનું સુખ આપે, છતાં લગારે અશ્રુપાત સરખોયે ન થાય, પણ ઉલટો આનંદ થાય તો એ આપણી સેવા કેવા પ્રકારની કહેવાય ? પછી પ્રભુ આપણને આ સાધનદશામાંજ આનંદ આપવાના ! આપણી આર્તિના પ્રમાણમાંજ તે દાન કરવાના.

વિદ્યા પણ વિરહને માટે છે, વિદ્યા એ સાધન છે, ફલપ્રાપ્તિમાં સાધન છુટી જાય છે. શ્રી ગોપીજનો પ્રભુની સમીપ ઉભાં છે, ત્યારે જ્ઞાન પણ નાશ પામે છે. રાસ રમવાની આશામાં જ્યારે પ્રભુને કરગરે છે ત્યારે સર્વસ્વ ભૂલી જાય છે અને તેથીજ કહે છે કે **-संत्यज्य सर्वविषयां-स्तव पादमूलम्** ।। ''સંસાર, સેવા, ભકિત, જ્ઞાન, દેહનું ભાન સુદ્ધા ત્યજીને અમે આપના ચરણના મૂળની પ્રાપ્તિ કરી છે.'' મતલબ કે સર્વ વિષયો ત્યજીને અમે આપને હવે અમારા વિષય કીધા છે. સર્વેન્દ્રિયનાં સર્વ સાધન વસ્તુ આપજ થઇ પડયા છો. અહિં વિદ્યાની નિવૃત્તિ બતાવવા માટે કહે છે કે ''**ज्ञानमपित निवृत्तम**'' શ્રીગોપીજનોનું જ્ઞાન પણ રાસરમણમાં તદ્દનજ જતું રહ્યું છે; કારણ કે જ્ઞાન પણ સગુણ છે. કોઇ પણ પ્રકારનું જ્ઞાન એ સગુણ વસ્તુ છે, તો જ્યાં સુધી સગુણજ્ઞાન રહે ત્યાં સુધી નિર્ગુણ પૂર્ણ પુરુષોત્તમનો અનુભવ શી રીતે થાય ? ''**ज्ञानमपि सगुणम्**'' સાક્ષાત્ પ્રભુપ્રાપ્તિમાં તે રહીજ ન શકે. અરે વિપ્રયોગદશામાં પણ તે ન રહી શકે. આ દશાનું નામ પુષ્ટિદશા કહેવાય અને આવી દશામાંજ સર્વ લૌકિક, વૈદિક, સેવા એ વિદ્યા સુદ્ધા છુટી જાય. આ દશા મહાકઠણ હોવાથી માત્ર ગોપીજનોજ તે મેળવી શકયાં છે, તેથી તેઓ પ્રેમની ધ્વજા કહેવાય છે. આપણો પુષ્ટિમાર્ગ પણ આ દશા પ્રાપ્ત કરવી એનેજ પુષ્ટિભકિતનું ફળ માને છે; એ દશાની પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાધનદશાજ કહેવાય; પણ સાધનની ઉત્કૃષ્ટતા અને શ્રીમહાપ્રભુજીની કે શ્રીગુરુદેવની કે કોઇ તેવી દશાના સંતપુરુષની કૃપાજ આ દશાની પ્રાપ્તિ કરાવી આપે. આ ઉપરથી આપણને ખાત્રી થાય છે, કે પરમકાષ્ઠાપન્ન વસ્તુ વિદ્યાથી પણ પર છે. જ્ઞાનથી સાધનના જ હું પદમાં રમનારને આ દશા ભાગ્યેજ મળી શકે, કારણ કે દીનતા વગર પ્રભુની કૃપા કે શ્રીગુરુની વા કોઇ તાદશીય ભગવદીયની કૃપા થાય નહિ, કૃપા વગર તો પુષ્ટિફલની પ્રાપ્તિ કયાંએ નજ હોઇ શકે. જ્ઞાન વડે કે ભાન વડે માન, પ્રતિષ્ઠા કે આવકાર મળી શકે, પણ એ તો અન્યાશ્રય થઇ ગયો કહેવાય. એવા જ્ઞાન અને વિદ્યાના ઘમંડમાં પ્રભુ કયાંએ ન જડી શકે. આથીજ વિદ્યા, જ્ઞાન કે શાસ્ત્રો ભકિતમાર્ગીય બગીચાનાં રક્ષકરૂપ વાડ છે. પણ તે ખાસ બગીચાનું ફળ નથી. આ વસ્તુ ખૂબ વિચારવા જેવી છે.

વળી આગળ ચાલતાં રાસ રમાડતાં શ્રીગોપીજનોને લગાર પણ માન થાય છે, તો પ્રભુ અંતર્ધાન થઇ જાય છે. જો સાક્ષાત્ દશામાં આવું છે, તો સાધનદશાના સેવા વિદ્યા જ્ઞાન કે બીજા પ્રકારના ઘમંડમાં પ્રભુ અંતર્ધાન થઇ જાય એ તો સ્પષ્ટજ છે. શ્રીગોપીજનો પોતે દરેક વૃક્ષને અને વેલીઓને અને જંગલનાં અન્ય પ્રાણીઓને પણ પોતાના પ્રભુનો પત્તો મેળવવા પુછે છે; આ વસ્તુઓને પણ જયા સુધી સાધનમાં ગણે છે, ત્યાં સુધી પ્રભુ દર્શન નથી દેતા. વૃક્ષોને પૂછવાનું કારણ એ છે કે, પોતાને જ્ઞાન છે કે વનસ્પતિ એ વૈષ્ણવ છે, વેદમાં લખેલું છે કે **वैष्णवा वै वनस्पतयः** ।। આ પ્રમાણે વનસ્પતિ વૈષ્ણવ હોવાથી પ્રભુની વૈષ્ણવને ખબર હોય તેથી પૂછે છે. **मूढा अपि वैष्णवा एव हि विष्णुगतिं जानन्तिः नत्वत्यंतनिपुणा अवैष्णवाः** ।। વિષ્ણુની ગતિ અજ્ઞાન છતાં વૈષ્ણવોજ પ્રભુની ગતિ જાણે પણ અત્યન્ત જ્ઞાની અવૈષ્ણવ નહિ. આવાં વાકયો જ્ઞાનમાર્ગને નિર્મૂલ કરે છે.

માન અગર અહંકાર થવાથી જ આ દશા પ્રાપ્ત થઇ છે. આમ સર્વ સાધન છૂટી જાય છે, ત્યારે નિઃસાધન બની અનર્ગલ અશ્રુ ખેરે છે, ત્યારે પ્રભુની પ્રાપ્તિ થાય છે. પ્રભુ રડવાથી જ પ્રસન્ન થાય છે. દીનતાનું ખરૂ સ્વરૂપ એ છે કે, પ્રભુનું નામ સાંભળતાં તેની પ્રાપ્તિ ન હોવાથી ગરગર અશ્રુઓ સાથે રડી પડવું.

એકવાર એક શ્રીસુબોધિનીજીના સાર જ્ઞાતા અને તેના વિલાસી તથા સાંપ્રદાયિક વિદ્વાન સાથે એવી દીનતાના સંબંધમાં વાતચીત થઇ. મેં જણાવ્યું કે પ્રભુનું નામ સાંભળતાં નિઃસાધનતાની દશામાં ગરગર અશ્રુ ગરી પડે એ ભકિતનું ફળ છે; અને એ વિરહ કે નિઃસાધનતાનું ફળ પ્રભુની સાક્ષાત પ્રાપ્તિ છે, આ સંબંધમાં તેમણે જણાવ્યું કે વાતમાં ને વાતમાં રડી પડવું એ તો હૃદયની નબળાઇ છે ! શું શ્રીગોપીજનો આમ નિઃસાધન બની તદ્દન બળહીન બની ગયાં ? તે હૃદયની નબળાઇ છે ! લગાર પણ નહિ. એ વસ્તુના સ્વાદની આપણને ખબર નથી વા એ વસ્તુ સુધી આપણાથી પહોંચાવું મુશ્કેલ છે માટે આપણે આવું બોલીએ છીએ. એકાંતમાં બેસી પ્રભુના વિચારે પ્રાણવલ્લભના સંયોગ સુખની આશાએ રડી લેવું એની મજા તો કંઇ ઓર છે, તો જેઓ પ્રભુના વિપ્રયોગમાં સદાજ રોયા કરે છે તેમના સુખનો તો પાર જ ન હોય. એ રડવું લૌકિક દુઃખના જેવું નથી. અલૌકિક દુઃખના આનંદનો પારજ નથી. શ્રીહરિરાયજી જેવા વિરલજ આ વસ્તુ સમજી શકે. પોતે એકસો વીસ વર્ષ ભૂતળ પર લગભગ બિરાજ્યા હશે; પણ દશ વર્ષની ઉમરથી પોતે વિપ્રયોગની રડવાની દશા પ્રાપ્ત કરેલી તે

ઠેઠ સુધી એની એજ દશા રહી. આ બાબતના અનેક પ્રસંગ શ્રીહરિરાયજીના છે, પણ અહીં આપતાં વિસ્તાર થઇ જાય માટે તે ભયથી અટકાય છે

જયાં સુધી શ્રીગોપીજનોના મનમાં એમ છે કે આ પીપળો, આ પીપર, આ વડ, આ વેલીઓ વગેરે અમને પ્રભુ બતાવશે, ત્યાં સુધી અન્યાશ્રય હોવાથી પ્રભુ દૂરજ છે. પછી જયારે અનન્યાશ્રયનું ખરૂ સ્વરૂપ વિરહ અને દીનતા તે પ્રકટ થાય છે, ત્યારેજ પ્રભુ કૃપા કરીને ત્યાં પધારી સ્વાનંદનું દાન કરે છે. આમ જયાં સુધી આપણને આ સેવા કે વિદ્યા કે આ ભકિતમય સંસારજ પ્રભુ બતાવશે, એવું સાધનબળ રહેશે, ત્યાં સુધી પ્રભુની સાક્ષાત પ્રાપ્તિ નથી થતી. તે પોતાનો સ્વાનુભવ નથીજ આપતા પણ જયારે તે બધાં સાધન સ્વાભાવિક રીતે છુટી જાય અને વિરહ ને દીનતા આવે ત્યારેજ સાક્ષાત પ્રાપ્તિ થઇ શકે. પણ અહીં વિચારવાનું એ છે કે સેવા કે બીજાં એવાં સાધન વગર દીનતા અને વિરહની પ્રાપ્તિ હોઇ શકે જ નહિ. ગોપીજનોને જયારે કોઇએ પ્રભુ ન બતાવ્યા ત્યારે દીનતાને વિરહ થયો, તેમ આપણે સાધન કરતાં કરતાં નિઃસાધન બની જઇએ, સ્વાભાવિક રીતે સર્વ છુટી વિરહમાં ને દીનતામાં જીવ પ્રવેશી જાય તોજ ફલરૂપ છે,

અહીં આ વસ્તુના એટલે શ્રીસુબોધિનીજીના વાચનમાં જયાં જયાં શૃંગારરસ હોય ત્યાં યત્કિંચિત પણ લૌકિક ભાવ આપણને ન આવવો જોઇએ. જો લૌકિક ભાવ આવે તો તે મહાઅનર્થકારી છે. અને તેને માટે **क्रिया सर्वापि सैवात्र परं कामो न विद्यते ।।** કારિકામાં શ્રીવલ્લભાચાર્યે જે શબ્દો કહ્યા છે તે પર ધ્યાન રાખવું જોઇએ.

## બીજો અધ્યાય સંપૂર્ણ

# રાસ પંચાધ્યાયી ફલપ્રકરણ અધ્યાય - 3

## શ્રીગોપીગીત (શ્રી ભા.સ્કં. ૧૦ અ. ૨૮)

૧. સાત્ત્વિકરાજસી - શ્રુતિરૂપા તથા અન્યપૂર્વા ગોપીનાં દૈન્યપૂર્ણ વચનો

૨. કોઇક સાત્ત્વિકતામસી અન્યપૂર્વાનો કૌર્યભાવથી ઉપાલમ્ભ

૩. સાત્ત્વિકસાત્ત્વિકી અન્યપૂર્વા ગોપીના ઉપકારનું સ્મરણ અને સ્વરક્ષણની પ્રાર્થના

૪. અન્યપૂર્વા નિર્ગુણ ગોપીની મોક્ષપ્રાપ્તિ માટે સ્તુતિ

૫. સાત્ત્વિકસાત્ત્વિકી અનન્યપૂર્વા કુમારિકાની ભગવાનના કરથી પોતાના શિર સાથે સંબંધ માટે પ્રાર્થના

૬. સાત્ત્વિકતામસી કોઇક કુમારીની ધૃષ્ટતાથી પ્રાર્થના

૭. સાત્ત્વિક રાજસી કુમારિકાઓની કામની નિવૃત્તિ માટે પ્રાર્થના

૮. ગુણાતીત કુમારિકાની ભગવાનની અધરસુધા માટે પ્રાર્થના

૯. રાજસ સાત્ત્વિકી અનન્યપૂર્વા ગોપીની ભગવાનના કથામૃત માટે સ્તુતિ

૧૦. રાજસતામસી કુમારિકાના મનનો ક્ષોભ.

૧૧. ભગવાનના પાદને તૃણના સ્પર્શના જ્ઞાનથી રાજસરાજસી અનન્યપૂર્વાનો ખેદ

૧૨. શ્રુતિરૂપા રાજસતામસીના સ્મરદાનનું પ્રાકટ્ય

૧૩. સપૂર્વા રાજસરાજસીની પ્રભુના ચરણને છાતી ઉપર સ્થાપન કરવા માટે પ્રાર્થના

૧૪. અન્યપૂર્વા રાજસ રાજસીની અધરસુધાના દાન માટેની પ્રાર્થના

૧૫. તામસસાત્ત્વિકી - શ્રુતિરૂપાની બ્રહ્માદિ દેવોની નિંદા

૧૬. સપૂર્વા તામસતામસી ગોપીને ભગવાન માટેનો તિરસ્કાર

૧૭. તામસરાજસી - શ્રુતિરૂપ ગોપીજનનો સ્વઆત્મા માટે ધિક્કાર

૧૮. અનન્યપૂર્વા તામસસાત્ત્વિકીની વિનતિ

૧૯. તામસીરાજસી કુમારિકાના ખેદનું આવેદન

## संक्षिप्त सार

પૂર્વ અધ્યાયમાં જણાવ્યું કે પ્રભુનું અન્વેષણ કરતાંપણ જ્યારે શ્રીગોપીજનો પ્રભુને મેળવી શકયાંનહિ ત્યારે સર્વ સાધનનો ત્યાગ કરીને પ્રભુનું ગાન કરવા લાગ્યાં. કોઇ ગાય છે કે હે પ્રિય, અમોએ આપને માટે જ પ્રાણ ધારણ કર્યા છે, તો અમને દર્શન આપો. બીજી ગાય છે હે સુરતનાથ ! અમે આપની વગરમૂલની દાસીઓ છીએ તેને આ પ્રમાણે હણો નહિ. ત્રીજી ગાય છે હે ઋષભ, વ્રજવાસીઓનું સર્વ દુઃખમાંથી રક્ષણ કર્યું તો શા માટે અમારું રક્ષણ કરતાં નથી ? ચોથી ગાય છે હે સખે, આપ યશોદાના પુત્ર નથી, પણ અખિલ દેહીઓના અંતરમાં બિરાજમાન પરબ્રહ્મ છો. પાંચમીએ ગાયુ હે કાન્ત, આપના કરકમળને અમારા શિર ઉપર મૂકો. છઠીએ ગાયુ હે સખે, અમે આપની કિંકરી છીએ, તો આપના મુખકમળનું દર્શન અમને કરાવો. સાતમીએ પણ તેજ રીતે ગાયું. તેણે ચરણકમળની ઇચ્છા કરી. આઠમી પ્રભુના અધરામૃતની માગણી કરે છે. નવમી તેમના કથામૃતની પ્રશંસા કરી રહી છે. દશમી પ્રભુને કપટી કહીને ઉપાલંભ આપે છે. અગીયારમી કાંત સંબોધનથી કહે છે. હે પ્રભુ, વનમાં પશુઓને ચારતાં આપના નલિનસુંદર પદને વ્યથા થતી હશે એમ જાણીને અમને દુઃખ થાય છે. બારમી અને તેરમી પ્રભુને તેમની ઉપર ચરણ સ્થાપન કરીને સ્મરને શાંત કરવાને વિનવે છે. ચૌદમી અધરામૃતપાનની ઇચ્છા પ્રકટ કરે છે. પંદરમી નયનની પાંપણો બનાવનાર બ્રહ્માને જડ કહીને નિંદે છે, સોળમી પ્રભુને ઠગ કહી ઠપકો આપે છે. અને સત્તરમી તો ખુદ પોતાના આત્માને વખોડે છે. અઢારમી પોતાના હૃદયના રોગ દૂર કરવા પ્રભુને ખાસ વિનવે છે. ઓગણીસમી પ્રભુના ચરણકમળને ખેદ થતો હશે એમ વિચારીને તે માટે શોક દર્શાવે છે.

## कारिका

अष्टाविशे हरेर्गानं स्वभावादपराधतः । कृतावज्ञा गोपिका हि स्तोत्रं चकुरितीर्यते ।। १ ।।
एकोनविशतिविधा गोप्यः स्वस्याधिकारतः । एकोनविशतिविधां स्तुति चक्रुर्हरेः प्रियाम् ।। २ ।।
राजसी तामसी चैव सात्त्विकी निर्गुणा तथा । एवं चतुर्विधा गोप्यः पतिमत्यो निरुपिताः ।। ३ ।।
तथैवानन्यपूर्वाश्र्च प्रार्थनामाहुरुत्तमाम् । गुणातीताः सात्त्विकीश्च तामसी राजसीस्तथा ।। ४ ।।
कृष्णभावनया सिद्धा विशेषेणाह ताः शुकः । अनन्यपूर्विका एव पुनस्तिस्त्रो मुदा जगुः ।। ५ ।।
सात्त्विकी तामसी चैव राजसी चेति विश्रुताः । सपूर्वाश्च ततस्तिस्त्रः तामसी राजसी पराः ।। ६ ।।
पुनस्ता एव त्रिविधा अटतीत्यादिभिस्त्रिभिः । राजसी तामसी चैव सात्त्विकीति विभेदतः ।। ७ ।।

अनन्यपूर्वा द्विविधा राजसी सात्त्विकी तथा ।। तमसा तामसी तत्र नास्तीत्येकोनविंशतिः ।। ८ ।।
अथवा प्रार्थनाद्यायाः सप्तान्ते द्विविधाः पुनः । चतुर्थ्यस्तु समास्तत्र तत एकोनविशतिः ।। ९ ।।
तत्तद्वाक्यानुसारेण तासां भावो निरुपयते । अन्यथाडनेकता स्तोत्रे प्रकारैर्नोपयुज्यते ।। १० ।।

૧ અઠ્ઠાવીસમાં અધ્યાયમાં પોતાના સ્વભાવ અને અપરાધથી અવજ્ઞા કરનાર સ્વામિનીઓએ પ્રભુના ગુણગાનવાળું સ્રોત કર્યું તે કહેવાય છે. પોતાના અધિકાર પ્રમાણે ૧૯ પ્રકારનાં ગોપીઓ છે. તેથી તેમણે હરિને પ્રિય ઓગણીશ પ્રકારની સ્તુતિ કરી છે. પતિવાળાં ગોપીઓના ચાર ભેદ છે - રાજસી, તામસી સાત્વિકી તથા નિર્ગુણા, તેજ પ્રમાણે અનન્યપૂર્વા (કુમારિકા) એ ઉત્તમ પ્રાર્થના કરી. તે નિર્ગુણ, સાત્વિકી, તામસી અને રાજસી છે. કૃષ્ણની ભાવનાથી સિદ્ધ થયેલાં તેમને વિશેષ રીતે શુકદેવજી વર્ણવે છે. આ અનન્યપૂર્વાના ત્રણ પ્રકાર છે. અને તેમણે આનંદથી ગાન કર્યું. આ ત્રણ પ્રકાર સાત્વિકી તામસી અને રાજસી છે. સપૂર્વાના ત્રણ ભેદ છે. તામસી, રાજસી તથા સાત્વિકી, વળી તેમના ત્રણ પ્રકાર છે અને **अटति** વગેરે ત્રણ શ્લોકથી આ રાજસી, તામસી તથા સાત્વિકીના ભેદો જણાવ્યા છે. અનન્યપૂર્વા બે પ્રકારનાં છે. રાજસી તથા સાત્વિકી. તમસથી તામસી ત્યાં નથી. એ રીતે ૧૯ ભેદ થયા. અથવા પ્રાર્થના વગેરેના સપ્તના અંતમાં બે પ્રકાર. પછીના ચાર સમાન આ રીતે ૧૯ ભેદ તે તે વાકય પ્રમાણે તેમનો ભાવ જણાવાય છે. નહિ તો સ્તોત્રમાં જુદા જુદા પ્રકારથી અનેકતા યોજાય નહિ.

### ગાનનો હેતુ

આ કારિકાઓમાં આ ગોપીગીતમાં કયો વિષય આવે છે, તથા તેમાંના શ્લોકની સંખ્યા ૧૯ શા માટે છે. તેનું કારણ સ્પષ્ટ રીતે આપવામાં આવ્યું છે. આ અધ્યાયમાં ગોપીઓએ ભગવાનનું અન્વેષણ તથા લીલાનું અનુકરણ વગેરે કર્યું તો પણ તેમને પ્રભુના દર્શન ન થયા. ત્યાં તેને માટે પ્રભુનુ ગુણગાન કર્યું. તેમણે જાણ્યું કે એમના પોતાના અપરાધથી પ્રભુ અંતર્ધાન થયા છે. જો તેમ ન હોય તો શા માટે આવી રીતે દૂર જતા રહે ? પ્રભુના અંતર્ધાનનું કારણ તેઓ પોતે જ છે એમ હવે તેઓ માનવા લાગ્યાં, વળી તે અવસ્થાવાળાઓ સ્વભાવથી જ ગુણગાન જ કરે છે, માટે તે સ્વભાવથી તેમણે ગાન કર્યું. તેમનામાં અપરાધ એ હતો કે એમણે એમ માન્યું હતું કે જો પ્રભુ જાતે અમારી પ્રાર્થના કરશે તો જ અમે તેમને રસદાન કરીશું એમ તેમને માન ઉત્પન્ન થયું. આ કંઇ જેવો તેવો અપરાધ નહોતો. પ્રભુની આગળ તો દીન જ બનવું જોઇએ. પણં તે દીનતાનો તેમણે ત્યાગ કર્યો ત્યારથી જ તેમના અપરાધની શરૂઆત થઇ. સ્વભાવનો બીજો અર્થ રસસ્વભાવ એમ પણ થઇ શકે.

સ્તુતિ પણ અધિકાર પ્રમાણે કરાય છે. જેનો જેટલો અધિકાર તથા યોગ્યતા તે તે પ્રમાણે સ્તુતિ કરે છે, તેથી જો કે કેટલાક આ સ્તુતિ દરમ્યાન ભગવાન માટે કુહક, કિતવ વગેરે અપશબ્દો વાપરે છે છતાં પણ તે શબ્દો સ્તુતિવાચક જ છે એમ માનવું જોઈએ, કારણકે પ્રભુના આગમનની આકાંક્ષાથી જ તે સ્તુતિ કરવામાં આવી છે.

## શ્લોકની સંખ્યા ૧૯ કેમ ?

આ ગોપીગીતમાં એકંદરે ૧૯ શ્લોક છે, તેનું કારણ એ કે તેમાં ગીતના શ્લોક બોલનાર ગોપીજન ૧૯ પ્રકારના હતા. તેમના મુખ્ય બે ભેદ છે. અન્યપૂર્વા અને અનન્યપૂર્વા એટલે શ્રુતિરૂપા અને અનન્યપૂર્વા એટલે અગ્નિકુમારિકા. શ્રુતિરૂપાની આખ્યાયિકા બૃહદ્‌વામનપુરાણમાં આપી છે અને ઋષિરૂપા અગ્નિકુમારિકાની આખ્યાયિકા પદ્મપુરાણમાં છે, તે કથાનુસાર પૂર્વ જન્મમાં તે ૧૬ હજાર ઋષિઓ હતા. તેમને ભગવાન રામચંદ્રમાં રતિ થઈ, તેથી તેમણે સ્ત્રીત્વની ઇચ્છા કરી, આથી શ્રીરામચંદ્રજીએ તેમને કહ્યું કે આ જન્મમાં હું એકપત્નીવ્રતધારી છું, પણ હું કૃષ્ણાવતારમાં તમારો મનોરથ પૂર્ણ કરીશ. આ મનોરથની પૂર્તિ માટે આ સોળ હજાર ઋષિઓ ગોપીઓ તરીકે અવતર્યા તે અનન્યપૂર્વા અહિંયા કહેવાય છે. આદિ વારાહ તથા મહાકૌર્મપુરાણામાં પણ આ કથાપ્રસંગ જોવામાં આવે છે. આ બે મુખ્ય ગાન કરનાર ગોપીજનનાં જૂથ અહિંયા છે. તેમાં પાછા દરેકના સાત્ત્વિક, રાજસ અને તામસ એ ગુણ પ્રમાણે ત્રણ ભેદો છે. અને દરેકના પાછા તે તે ગુણોને લીધા પેટાભેદો એટલે કુલે નવ. જેમકે, સાત્ત્વિક સાત્ત્વિકી, રાજસ સાત્ત્વિકી, તામસ સાત્ત્વિકી, સાત્ત્વિક રાજસી, રાજસ રાજસી, તામસ રાજસી, સાત્ત્વિક તામસી, રાજસ તામસી અને તામસ તામસી એમ અનન્યપૂર્વાના ૯ પ્રકાર, તેટલા જ અનન્યપૂર્વાના અને એક નિર્ગુણાનો, મળી કુલ ૧૯ પ્રકાર.

આ રીતે અહિંયા એકંદરે ૧૯ ગોપીજન જુદી જુદી રીતે ગાન કરનાર છે. તે પ્રત્યેક શ્લોકમાં તે તે ગાનકર્ત્રીના ગુણ તથા સ્વભાવ જોવામાં આવે છે. આ ગોપીજનના પ્રકારનો કોઠો પ્રો. મગનલાલ શાસ્ત્રીએ પોતાના ગોપીગીતના ભાષાંતરમાં આપ્યો છે તે નીચે પ્રમાણે છે.

## પ્રસ્તરદ્વયમ્

### પ્રથમ પ્રસ્તર


અન્યપૂર્વા
અનન્યપૂર્વા
તામસપર્યાય
સાત્ત્વિક રાજસ
૧૮ ૧૯
તામસપર્યાય
રાજસ તામસ સાત્ત્વિક
૧૭ ૧૬ ૧૫
રાજસપર્યાય
તામસ રાજસ સાત્ત્વિક
૧૧
૧૦
૯
૮ ૭ ૬ ૫
નિર્ગુણ રાજસ તામસ સાત્ત્વિક
સાત્ત્વિકપર્યાય
૧૪
૧૩
૧૨
સાત્ત્વિક રાજસ તામસ
રાજસપર્યાય
૧ ૨ ૩ ૪
રાજસ તામસ સાત્ત્વિક નિર્ગુણ
સાત્ત્વિકપર્યાય

### દ્વિતીય પ્રસ્તર


૧૯ ૧૪
૧૮ ૧૩
૧૭ ૮
૭
૧૬ ૬
૧૫ ૫
૧૨ ૪
૧૧ ૩
૧૦ ૨
૯ ૧

**અનન્યપૂર્વા** અથવા શ્રી ગોપીગીતમાં ગાન કરનાર ગોપીઓની **અન્યપૂર્વા** સંખ્યાના પ્રકારની સમજ નીચે પ્રમાણે લેવી.


गोपिकाः
अनन्यपूर्वा
(कुमारिका)
अन्यपूर्वा
(प्रौढा)
गुणातीता
सात्त्विकी
राजसी
तामसी
राजस सात्त्विकी
रा० राजसी
रा० तामसी
सात्त्विक सात्त्विकी
सा. राजसी
सा. तामसी
तामस सात्त्विकी
ता. राजसी
ता. तामसी
सात्त्विकी
राजसी
तामसी
सा. सा.
सा. रा.
सा. ता.
रा. सा.
रा. रा.
रा. ता.
ता. सा.
ता. रा.
ता. ता.

અથવા શ્લોક ૧-૨-૩-૫-૬-૭-૮-૧૩-૧૪ માં અનન્યપૂર્વા-કુમારિકાના ૯ પ્રકાર

શ્લોક ૪-૯-૧૦-૧૧-૧૨-૧૩ ૧૫-૧૬-૧૭ માં અનન્ય પૂર્વા-પ્રૌઢાના ૯ પ્રકાર

શ્લોક ૧૯ માં નિર્ગુણા. કુલ ૧૯ પ્રકાર

---

પ્રથમ રાજસી કેટલીક ગોપીઓએ કહ્યું.

**जयति तेडधिकं जन्मना व्रजः श्रयत ईंदिरा शश्वदत्र हि ।**
**दयित दृश्यतां दिक्षु तावका स्त्वयि धृतासवस्त्वां विचिन्वते ।। १ ।।**

**अन्वयार्थ -** શ્રી ગોપીજનોએ કહ્યું. હે પ્રિય કૃષ્ણ ! આપના જન્મથી વ્રજ અધિક જય પામે છે. લક્ષ્મીજી પણ અહિંયા નિત્ય નિવાસ (આશ્રય) કરીને રહે છે, હે દયિત ! દિશાઓમાં આપની અને આપને માટે જ જે પ્રાણ ધારણ કરે છે એવી અમે ગોપીઓ આપને શોધીએ છીએ તો આપ દર્શન આપો !

**श्रीसुबोधीनीजी-** અહિંયા જય શબ્દ મંગલાર્થનું સૂચન કરે છે. અહિંઆ આ સ્તોત્ર ફલને સાધે છે, તેથી તે નિર્વિધ્નતા માટે છે. જો એ અર્થ ન હોય તો **जयति** (જય માપે છે.) એ ક્રિયાપદનો શ્લોકમાં પ્રથમ પ્રયોગ કર્યો ન હોત. આપના અવતારથી વ્રજ સર્વ કૃતાર્થ છે. અમે પણ પરમ કૃતાર્થ જ થયા છીએ. જેવી રીતે અમે કૃતાર્થ થઈએ તે પ્રમાણે યત્ન કરવો જોઈએ એવું કહેવાને કહ્યું છે. આપના અવતારથી વ્રજનો સર્વોત્કર્ષ થયો એમ કહે છે. તમારા જન્મથી વ્રજનો અધિક જય થાય છે. જય એટલે સર્વોત્કર્ષથી સ્થિતિ, અધિક જય એટલે વૈકુન્ઠથી પણ ઉત્કર્ષ. ભગવાન વૈકુંઠમાં આવી લીલા કરતા નથી. જો કે મથુરામાં જન્મ થયો છે તો પણ તે જન્મથી મથુરા સર્વથી ઉત્કૃષ્ટનથી. ઉત્કૃષ્ટ તો વ્રજભૂમિજ છે. આથી કોઈને શંકા થાય કે ભગવાનનો જન્મ એ સર્વોત્કર્ષના હેતુ તરીકે લોકમાં જાણીતો

નથી, આ હેતુ બીજે નથી અને એકજ સ્થળે છે માટે તેવો ઉત્કર્ષનો હેતુ કહો કે જે લોકમાં પ્રસિદ્ધ હોય. આ શંકાના ઉત્તરમાં કહે છે કે અહિયા ઈંદિરા સર્વદા આશ્રય કરીને રહે છે. દીનભાવથી આશ્રય કરે છે. વૈકુંઠમાં તો તેજ પ્રભુની નિયત ભાર્યા છે તેથી તેમને(લક્ષ્મીને) સર્વદા આશ્રય કરવો પડતો નથી. અહિયા તો લક્ષ્મી જેવી અનેક અમે છીએ તેથી ક્યારે તેના સ્વાસ્થ્યના અભાવને લીધે અથવા મારો વારો (પ્રભુ સાથે ક્રીડાના આનંદના અનુભવનો) આવશે એવા વિચારથી નિરંતર સેવા કરે છે. લક્ષ્મીની સ્થિતિથી તો ઉત્કર્ષ છે એમ લોકો માને છે. વળી લક્ષ્મી ગોકુળનો આશ્રય કરે છે. કારણ કે તે પતિવ્રતા છે. આ અર્થ બરાબર છે એમ જણાવવાને હિ પદ છે. જયાં પતિ પોતે ભકતોને કૃપા જણાવવાને અન્યને આધીન થઈને સ્થિત રહે છે (આ ઉલુખલ પ્રકરણમાં કહ્યું છે.) તેની ભાર્યા પણ સારી રીતે આશ્રય કરીને રહે છે એમાં આશ્ચર્ય શું ? તમારા જન્મથી વ્રજનો સર્વોત્કર્ષ છે તે સર્વજનો જાણે છે, આથી તમારા રમણમાં કોઈપણ ન્યૂનતા નથી. વળી લક્ષ્મીનો અંગીકાર કરેલો હોવાથી તેમના મનમાં પણ કોઈપણ વિષાદ (શોક) થશે નહિ. આ કારણથી અમારે માટે આપ અહિયા પધાર્યા છો તો આ ગોકુલ તરફ દૃષ્ટિપાત કરો. અમે આપનાં છીએ અને આપને માટેજ પ્રાણ ધારણ કરી રહ્યાં છીએ અને આપનેજ દિશાઓમાં શોધીએ છીએ માટે દર્શન દો. આ રીતનો અર્થ અનુચિત છે એમ ધારીને તેની અનુચિતતા દર્શાવવાને બોધ કરે છે. બ્રહ્મા વગેરે લોકો આપે સાક્ષાત્ અવતાર લીધો છે એમ નિશ્ચય કરીને આવે છે. પણ વ્રજસ્થ અમારા જેવાં દિશાઓમાં આપને શોધે છે. આ મોટું અનૌચિત્ય છે. અહિંયા કોઈ શંકા કરે કે વ્રજસ્થોમાં ભકિત નહિ હોય; નહિ તો પ્રભુનો વિરહ થતાં તેમના પ્રાણનો ત્યાગ થાય, માટે અભકતો હોય તે પ્રભુને ન જોઈ શકે તે યોગ્ય છે. આના ઉત્તરમાં કહે છે કે પ્રભુના માટે જ અમે અમારો પ્રાણ ધારણ કરીએ છીએ. જયારે -તેનો ઉપયોગ પ્રભુને માટે નથી એમ જાણશે-પ્રભુ નહિ પ્રાપ્ત થવા સંબંધિનો-ત્યારે જરૂરથી તે પ્રાણને ત્યજશે એમ કહેવાનો ભાવાર્થ છે. માટેજ પ્રાણને આશ્વાસન આપવાને આપને શોધે છે. જો તેમાં અલ્પ સરખો પણ વિલમ્બ થશે તો પ્રાણ જશેજ. નહિ તો વ્રજમાંજ પાછાં જાય અને આપ પ્રાત:કાલે પાછા આવો તો અન્વેષણ વ્યર્થ જાય, ''આપ છતાં પણ શોધીએ છીએ'' એમ કહીને મહત્ દૈન્ય સૂચવ્યું છે. તો એક વખત આપની ગોપીઓ તરફ દૃષ્ટિ કરો એવી પ્રાર્થના છે, આ પ્રમાણે એકે દર્શનની પ્રાર્થના કરી. 'દયિત' સંબોધનથી પતિના દર્શનથીજ

---

क પુસ્તકમાં भर्त्रदर्शनेन स्त्रोणां जीवनं न युक्तं એવો પાઠ છે, તેનો અર્થ એ થાય છે કે પતિનું દર્શન ન થાય તો સ્ત્રીનું જીવનયુકત નથી.

સ્ત્રીઓનું જીવન યુકત છે એમ જણાવ્યું. જો કે કદી ભગવાન જુએ તેથી કોઇ પણ પુરુષાર્થની સિદ્ધિ નહિ થાય તો પણ દૈન્ય જોઇને પોતાનાં દર્શન આપશે એમ માનીને પ્રાર્થના છે.

## વ્રજભૂમિનું આધિક્ય

**વિવેચન--** અહિંઆં પ્રભુના દર્શનના ઉત્સુક સ્વામિનીઓમાંનાં કેટલાંક પ્રભુને વિનંતિ કરે છે-હે પ્રભો, આ વ્રજની ભૂમિ આપના પ્રાકટ્યથી ખરેખર ભાગ્યશાળી થઇ છે-તો શું અમારાં ભાગ્ય એટલાં બધાં મન્દ રહેશે કે અમને આપનાં દર્શનનો લાભ નહિ મળે ? શું વ્રજ કરતાં અમારી યોગ્યતા આપે ઓછી જોઇ છે ? જો ઓછી હોય તો આપે અત્યાર સુધી જે અમારી સાથે લીલા કરીને આનંદનું દાન કર્યું તેવું આપ કરતજ નહિ. આપે આપની મુરલિકાના નાદથી અમારા હૃદયને ગૃહમાંથી બહાર આકર્ષ્યું, આ શું અમારી ઓછી યોગ્યતા દેખાડે છે ? ના કદી નહિ. એ સિદ્ધ કરે છે કે અમારી યોગ્યતાની પિછાન આપને થઇ છે. તો શા માટે આપ અમને કૃતાર્થ કરવામાં વિલંબ કરો છો ? આપ એમ કહેતા હો કે અહિંઆં ઇન્દિરા-લક્ષ્મી મારી સેવા કરવાને આ સ્થળમાં આશ્રય લઇને વસે છે. તો અમે કહીએ છીએ કે અમે એક નહિ પણ અસંખ્ય સંખ્યામાં આપની સેવાનાં ઉત્સુક, અત્ર વિચરીએ છીએ. હે પ્રિય, અમે તો આપીને આશામાં, દિશામાં આપને શોધતી આ સ્થાનમાં ફરીએ છીએ, તો આપ અમને દર્શન આપીને કૃતાર્થ કરો. પ્રથમ શ્લોકમા વકત્રી રાજસી ગોપી છે. એ ગોપીજનમાં દૈન્ય ભાવ સ્ફુર્યો છે. પ્રભુને માટેજ તેમણે પ્રાણધારણ કર્યો છે અને અન્ય સર્વે વિચારનો ત્યાગ કરીને પ્રભુનું જ ચિન્તન તેઓ કરે છે. પ્રભુ પ્રતિ દૈન્ય અને પ્રભુ સર્વવ્યાપક હોવા છતાં તેમને દિશામાં શોધવાને તત્પર થવું એવો અનૌચિત્યવાળો ભાવ પ્રેમમાર્ગના પ્રવાસીઓને માટે આવશ્યક છે તેથી અહિંઆં એ ભાવોને વર્ણવામાં આવ્યા છે.

અહિંઆં નાયિકા-સ્વામિની તથા નાયક-કૃષ્ણ પ્રતિનો રતિ સ્થાયીભાવ છે. કૃષ્ણ આલંબન વિભાવ છે. કૃષ્ણનું અંતર્ધાન થવું, વ્રજની ભૂમિ-યમુનાજીના કિનારા વગેરે ઉદ્દીપન વિભાવ છે. અને પ્રભુની પ્રાપ્તિ માટે પ્રભુને શોધવા તથા તદર્થ ગાત્ર સંચલન થવાં એ અનુભાવ છે. વ્રજની ભૂમિને પ્રભુએ કૃતાર્થ કરી પણ અમને કરી નથી, તેવા પ્રકારના નિર્વેદ તથા ગ્લાનિ ઇત્યાદિ સંચારિભાવો છે. એ સર્વ વિપ્રલંભ શૃંગારનું પોષણ કરે છે. આખા ગોપગીતમાં વિપ્રલંભ શૃંગારરસ છે.

## મંગલાર્થે જય શબ્દ : વ્રજભૂમિની નિત્યતા

''જશ પામે છે'' એ શબ્દથી મંગલાચરણનું સૂચન કર્યું છે. અહિંઆં આ ગીતમાં પ્રભુનું ગુણગાન કરવાનું છે અને તે ગુણગાનનો પ્રારંભ ''જય'' શબ્દથી

કર્યો છે. કોઇ પણ કાર્યની સિદ્ધિ થાય તેટલા માટે મંગલાચરણ ખાસ પ્રયોજાય છે. અહિં પ્રભુના પ્રકટ દર્શન કરવાને ગુણગાન ગોપિકાઓને કરવાનું છે, તે કાર્યમાં કોઇપણ જાતિનું વિઘ્ન નડે નહિ માટે આ રીતનું મંગલાચરણ શરૂ કર્યું છે. વલી આ શબ્દનો પ્રયોગ વર્તમાનકાલમાં કર્યો છે તેથી વ્રજભૂમિની નિત્યતા સૂચવાય છે; વ્રજભૂમિ નિત્ય છે એટલુંજ નહિ પણ તેનો અધિક અને અધિક વિજય થાય છે. વિજય થવાનું કારણ કે સાક્ષાત્ પ્રભુનું પ્રાકટય ત્યાં થયેલું છે માટે જ્યાં કોટિકંદર્પલાવણ્ય રસેશ શ્રીપ્રભુ બિરાજતા હોય તે સ્થાનની શોભા દિવસે દિવસે અધિક ખીલે તેમાં આશ્ચર્ય શું હોઇ શકે ? **क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रुपं रमणीयतायाः** જે ક્ષણે ક્ષણે નવીનતાને પ્રાપ્ત કરે છે તેજ ખરેખરૂ રમણીયતાનું રૂપ છે. જો કે પ્રભુનો જન્મ મથુરામાં મનાય છે તો પણ મથુરાનું આધિકય કહ્યું નથી. પણ અહિંઆં તો વ્રજભૂમિનુંજ કહ્યું છે-અરે મથુરા તો શું પણ ખુદ વૈકુણ્ઠ કરતાં પણ વ્રજ ભૂમિ અધિક મનાય છે, કારણ કે ત્યાં ભગવાન આ પ્રમાણેની લીલા કરતા નથી. ખરેખર આ વ્રજભૂમિનું અહોભાગ્ય છે. એના ભાગ્યનું બીજું કારણ એ છે કે અહિંઆં ખુદ લક્ષ્મી પોતાનો નિવાસ અંગીકાર કરે છે, અને તેના જેવી અમે અનેક પ્રભુની દાસીઓ છીએ એમ જાણીને તેના ગર્વ ઉતરી જાય છે, અને પોતાની જાતને હીન માનીને આ સ્થાનનો આશ્રય કરે છે. ગોપીઓને પ્રભુ માટે એટલો પ્રેમ થયેલો છે કે તે તેમને 'દયિત' સંબોધનથી બોલાવે છે. દયિતશબ્દનો પ્રયોગ પતિના વિષે હોય છે. આ સ્વામિનીઓ પ્રભુને પતિ તરીકે જ ચ્હાય છે. **त्वयि सति** ''આપ છતાં'' પણ અર્થ લઇ શકાય; આ ઉપરથી પ્રભુ તરફનું તેમનું દૈન્ય સૂચવાયું છે.

## હરિનું ગુણગાન દુઃખ દુર કરવાનું સાધન

પ્રભુને શોધવા બની શકે તેટલા ઉપાયો ગોપીઓએ યોજ્યા પણ તેમાં તેમને સફળતા મળી નહિ, એટલે તેમણે પ્રભુનું ગુણગાન કર્યું એ આ અધ્યાયનો વિષય છે. ભકતોને પ્રભુના ગુણગાનમાં જે સુખ મળે છે તે બીજા કશાથી મળતું નથી. નિરોધલક્ષણ ગ્રંથમાં પણ શ્રીમહાપ્રભુજી એ આ વાત સમજાવી છે. ત્યાં કહે છે કે **गुणगाने सुखावाप्ति र्गोविंदस्य प्रजायते । यथा तथा शुकादीनां नैवात्मनि कुतोन्यतः ।।** ગોવિંદ ભગવાનના ગુણગાનમાં સુખ જેવું મળે છે, તેવું શુકદેવજીને પણ આત્માથી સુખ મળ્યું નથી, તો બીજાની તો વાતજ શી કરવી ? માટે અહિંઆં ગોવિંદભગવાનનું ગુણગાન તેમણે કર્યું. ગુણગાન એટલે પ્રભુનું કીર્તન. તે નવધા ભકિતનું એક અંગ મનાય છે પ્રથમ શ્લોકમાં ધ્વનિથી એવો અર્થ સમજાય છે કે જ્યાં એક લક્ષ્મી નિરન્તર વાસ કરે છે એવા વ્રજનું સ્થાન જેમાં

પ્રભુનો જન્મ થયેલો છે તેથી જો તેનો અધિક જય થતો હોય તો પછી જ્યાં સહસ્ર લીલારૂપી ક્ષીરાબ્ધિમાં પોઢેલા શ્રીરસેશ પ્રભુનું હૃદયમાં પ્રાકટય થાય ત્યારે આધિકયનું કહેવુંજ શું ? વળી આ શ્લોકમાં ગોપીજનો પ્રભુને ''આપની'' એમ કહીને પોતાની જાતને પણ તેઓ પ્રભુની તરીકે ઓળખાવે છે; એટલે તેમને દાસીભાવ સિદ્ધ થયો છે, અર્થાત્ આમાં પોતાની દાસ્યભકિતની પણ પ્રતીતિ કરાવે છે; અને પ્રભુને માટે પ્રાર્થના કરે છે. હરિનું ગુણગાનજ સર્વ પ્રકારના દુઃખો દૂર કરવાનું સાધન છે. કલ્પવૃક્ષની માફક તે ભકતના સર્વ મનોરથો સિદ્ધ કરે છે. શ્રીકૃષ્ણના ગુણમાં આવેશવાળાના ચિત્તમાં સંસાર માટે વિરહ હોવાને લીધે કલેશ થતો નથી, એટલું જ નહિ પણ હરિની માફક તેને સુખ પણ થાય છે. આમ થાય ત્યારેજ પ્રભુની દયા થાય છે. બધી ઈન્દ્રિયો અંતઃકરણને આધીન છે, માટે કોઇ પણ ઉપાયે સંસાર ઉપરની મમતા છુટીજ જવી જોઇએ. આ અહંતા મમતા છુટી જવાનો ઉપાય હરિના ગુણગાનમાં છે. હરિનું ગુણગાન કરવાથી પોતાની હીનતા તથા લઘુતાનું એકદમ ભાન થયા વગર રહેતું નથી. પોતાની હીનતા જોવી તથા લઘુતાનો અનુભવ કરવો તે જેમ આધ્યાત્મિક દૃષ્ટિએ આત્મશુદ્ધિનું પરમ લક્ષણ મનાય છે, તેમ ભકિતમાર્ગમાં તે એક પ્રકારની આત્મશુદ્ધિ છે. પ્રભુધામમાં પ્રવેશ કરાવનાર સીડીનું તે પગથીઉં છે. ગુણગાનથી હૃદયની મલિનતા દૂર થાય છે, અને પવિત્ર અને નિર્મળ ભાવો ખીલે છે. જેમ ચંદ્રિકાના પ્રકાશથી તમઃપુંજ દિશાઓમાંથી દૂર થાય છે અને શાન્તિનું અમીમય વર્ષણ વર્ષે છે તેમ પ્રભુના ગુણગાનથી સર્વ કોઇ મલિન વાસનાઓ એકાએક નિવૃત્ત થાય છે, અને અનુપમ શાન્તિ હૃદયપ્રદેશના શુચિ ભાવોને રમણીય બનાવે છે. આ ગુણગાનથી ગોપીઓને બીજું કોઇ પણ ફળ જોઇતું નથી પણ માત્ર દર્શનનું સુખ જોઇએ છે. ગુણગાન એ હેતુ છે, અને દર્શન એ તેનું ફલ છે. પ્રભુ ગોપીઓના દયિત છે; માટે દર્શનનું સુખ જરૂરથી આપશે એમ જાણીને તેમનું તે રીતે સંબોધન કરે છે. આમાં પ્રભુના ગુણગાનનું કથન છે માટે કીર્તનભકિત, પ્રભુના દર્શનની અપેક્ષા છે માટે દર્શનભકિત વર્ણવી છે. પ્રભુને માટે તેમણે પ્રાણ ધારેલો હોવાથી આત્માનિવેદન પણ છે. 'દયિત' થી સખ્ય, 'આપની' શબ્દથી દાસ્ય, વગેરે સાધનરૂપા ભકિતના ભેદો સૂચવ્યા છે.

આ પ્રમાણે પોતાના દૈન્ય અને અનૌચિત્યનું નિરૂપણ કરીને તેના રાજસત્વનું પણ નિરૂપણ કર્યું. તામસી તો વધના અભાવની પ્રાર્થના કરવાને અદર્શન તે વધનું સાધક છે એમ કહે છે.

**मूलम्** शरदुदाशये साधुजातसत्सरसिजोदरश्रीमुषा दृशा ।
सुरतनाथ ते शुल्कदासिकाः वरद ! निघ्नतो नेह किं वधः ।। २ ।।

**अन्वयार्थ --** હે સંભોગના પતિ અને વર આપનાર ! શરદ ઋતુના સરોવરમાં સારી રીતે ઉત્પન્ન થયેલા, કમળના ગર્ભની શોભાને હરણ કરનાર આપની દૃષ્ટિથી, આ આપની અણમોલ દાસીઓને મારો છો, તો શું તે વધ નથી ?

**શ્રીસુબોધિનીજી--** શરત્કાલનું જે સરોવર છે ત્યાં બરાબર રીતે-સંપૂર્ણ રીતે ઉત્પન્ન થયેલા કમલની જે શોભા તેને પણ હરણ કરે એવી દૃષ્ટિથી હે વર આપનાર પ્રભુ, આપ જે હણો છો તે શું વધ કહેવાય નહિ ? તેવી વધદોષ થાય છે જ.. જો કોઇ જે સાધનથી બીજાના પ્રાણ જાય તો તે સાધનનો બનાવનાર પણ ઘાતકજ ગણાય; તે પણ દોષનો ભાગી થાય છે. આ કથનથી ભગવાનની દૃષ્ટિ સર્વનો ઘાત કરનારી છે એમ નિરૂપણ કર્યું.

આયુષ, મન, અને ઓજસ દૃષ્ટિથી એક સાથ ગ્રહણ કર્યો એ વાકય પ્રમાણે અમારી તરફ પણ તમે ક્રૂર દૃષ્ટિથી જુઓ છો. નહિ તો શી રીતે પ્રાણને બાધા (પીડા) થાય ? રૂપ તો આનન્દમય છે. તેથી તેને જોતાં તેજ જીવાડે પણ અહિંઆં તેમ નથી માટે તમે વધ કરો છો. વળી અમે વધને લાયક નથી, કારણ કે અમે તો અધમ દાસીઓ છીએ. અપ્રયોજક તથા સ્ત્રીઓનો કોઇ ઘાત કરતું નથી. અમે અધમ દાસીઓ છીએ અને તમે સુરતનાથ છો. સર્વ પુરુષના સાધક છો તેથી તમારાં સંબોધનો પણ અધિકાર પ્રમાણે નક્કી કર્યાં છે. જેમ ધર્મમાર્ગમાં ધર્મપાલક, બ્રહ્મણ્ય યજ્ઞેશ્વર વગેરે, અર્થની બાબતમાં હે લક્ષ્મીપતિ, સર્વસિદ્ધિદ એ પ્રમાણે સંબોધન જોઇએ. મોક્ષવિષયમાં હે મુકુન્દ, હે યોગેશ્વર, હે જ્ઞાનનિધિ એ રીતે સંબોધનો થવાં જોઇએ, ઉપર પ્રમાણે ધર્મ અર્થ અને મોક્ષના અર્થીઓ સંબોધન વાપરે છે, અમે પણ તે પ્રમાણે 'સુરતનાથ' સંબોધન આપને કરીએ છીએ.

જગત્માં જેટલો સુરત એટલે સંભોગ છે તે સર્વના આપ નાથ છો. આપની આજ્ઞા સિવાય જગત્માં સુરત-સંભોગની પ્રવૃત્તિ થતી નથી, આથી બ્રહ્માએ તથા કામે લોકમાં સુરતની પ્રવૃત્તિને માટે અમને-તુચ્છ દાસીઓને આપી. (સર્જી.) શુલ્ક એટલે માર્ગમાં ઉપયોગી દ્રવ્ય, તે પ્રતિબંધને દૂર કરનારૂ છે. જો સુરતનો નિરોધ ભગવાન્માં થયેલો હોય તો પછી લોકમાં રસનું અસ્તિત્વ જ રહે નહિ, માટે અમારા દ્વારા આપના થકી તે (સુરત) લોકમાં ફેલાવી દો, એટલા માટે અમે અહિંઆં આવ્યાં છીએ. સુરતનું કાર્ય તો દૂર રહ્યું, પણ ઉલટું તમે અમને મારો છો. જો એમ હોય તો સર્વ કામશાસ્ત્ર વ્યર્થ થઇ જશે. કામરૂપી ત્રીજા પુરુષાર્થની સિદ્ધિજ નહિ સંભવે માટે

જે કાર્ય માટે અમને અહિંઆં મોકલ્યાં છે તે અવશ્ય કરવું જોઇએ. અથવા જો કદાચિત્ બીજે પ્રસંગે તે (સુરતદાન) કરવાનું હોય તો અત્યારે આપનું રૂપ પ્રકટ કરીને અમને જીવાડવા જોઇએ. શ્રીનું હરણ કરે છે એમ કહીને દૃષ્ટિ મારક છે એમ અહિંઆં જણાવ્યું છે. જે ચોર હોય છે તે ઘાતક હોય છે. જેમ જેમ ચોરનામાં નિપુણતા વધારે તેમ તેમ તેમાં ઘાતકપણું વિશેષ હોય છે. તે અર્થ કહે છે. જેનો જન્મ કિલ્લામાં થયો હોય તે બહુ નિપુણ હોય છે, તેમાં વળી જલમાં આવેલા કિલ્લામાં જન્મેલા છો. જળમાં જન્મેલું કમળ છે અને તે ત્યાંજ સ્થિત થાય છે. તેમાં વળી તે સારી રીતે ઉત્પન્ન થયેલાં છે. વિશેષ કરીને તેમાં પણ પ્રકાશવાળા શીતાદિ ઉપદ્રવરહિત કાલમાં તે ઉત્પન્ન થયેલાં છે. આ રીતે દેશ કાલ તથા સ્વરૂપ વગેરેથી જેની ચોરી થઇ શકે નહિ તે પુરુષથી પણ તેના ઉદરમાં આવેલી લક્ષ્મીને આપ ગ્રહણ કરો છો તો પછી સાધારણ ગોપિકા વગેરેના અન્તઃસ્થિત પ્રાણને હરી જાઓ તો તેમાં શું આશ્ચર્ય ? બલિષ્ઠ અપકીર્તિના અભાવ માટે ચોરી કરે છે. તે તો અહિં થશે નહિ. તો શામાટે અમારા પ્રાણને હણવો જોઇએ ?

**किं वध न इति** અથવા આપના અદર્શનથી આપ જે હણો છો તે શું વધ નથી ? સુરતને માટે અમે અહિં આવ્યાં, પણ તે તો દૂર રહ્યું પણ ઉલટું વચ્ચે મરણ આવીને ઉભું રહ્યું. આમ હોવાથી સુરતનું પ્રાકટ્ય સંભવતું નથી અને તેથી આપ પણ સુરતના નાથ છો એમ કહી શકાય એમ નથી. યોગી અશ્વનિર્માણમાં સમર્થ હોય તો પણ તેને કોઇ અશ્વપતિ કહેતું નથી. જ્યારે તે અશ્વને પ્રકટ કરે છે ત્યારે જ તેને તેનો પતિ કહેવાય છે. વળી અમારા વધમાં આશ્ચર્ય શું છે ? તમારા અદર્શનથી લક્ષ્મી પણ સ્થિત રહી શકતાં નથી. કમળના ગર્ભમાં રહેલી શ્રીને જો બહાર લાવવામાં આવે તો તે મરી જાય, (ટકી શકતી નથી) કારણ કે તેને જલની બહાર કાઢવાથી પોષણ મળતું નથી. જો કે તેના (શ્રીના) જીવનમાં કાલ, દ્રવ્ય, દેશ તથા બીજી ઘણી વસ્તુઓ હોય છે તો પણ આપના અદર્શનથી લક્ષ્મી જીવશે નહિ, તે પ્રમાણે અમે પણ જીવી શકીશું નહિ, વળી તમે સર્વેને વર આપો છો પણ અમને તો મારો છો એ મોટું આશ્ચાર્ય છે ! વર આપનાર તો પ્રત્યક્ષ થાય છે. અમે અમૂલ્ય દાસીઓ ધર્મદાસીઓ છીએ માટે અમને હણવા ન જોઇએ.

### પ્રભુની સુંદર દ્રષ્ટિનું મારકત્વ

**विवेचन** -- આ શ્લોકમાં વક્ત્રી ગોપી તામસી છે. ભગવન્નિંદક તામસ કહેવાય છે. અહિંઆં તે ભગવાનને કહે છે કે હે ભગવાન, આપની દૃષ્ટિ કે જેનાથી આપ કમળની શ્રીને (શોભાને) હરો છો, તેનાથી આપ અમારો પણ વધ

કરો છો. જે દૃષ્ટિ કમળની શોભા હરે છે તે અમારાં હૃદયને પણ હરે છે. અને જે કોઇ બીજાનું હરે છે-ચોરે છે-તે ઘાતક-મારક-પણ લોકમાં ગણાય છે. એ ન્યાયે આપ પણ મારક છો-જો એમ ન હોય તો જરૂરથી આપે અત્યાર સુધી અમારા ઉપર દયા કરી હોત અને આપનાં દર્શન આપ્યાં હોત, આપના દર્શનનો અભાવ તેજ અમારો વધ છે. જો આપ અમને જીવતાં જોવાની ઇચ્છા રાખતા હો તો જરૂરથી અમને આપનાં દર્શન વેગે કરાવો. જો આપ નહિ કરાવો તો આપ પણ લૌકિક હારકની માફક મારક તથા નિર્દય છો એમ માનવામાં કશું પણ ખોટું નથી.

''શરત્કાલના જલાશય'' તથા ''સારી રીતે ઉત્પન્ન થયેલા'' એ શબ્દોથી કમલની સર્વ રીતે સ્દ્ગુણતા તથા સૌંદર્યની પરાકાષ્ઠા સૂચવી છે. નેત્રો કમળની શોભાને હરી લે છે અર્થાત કમળ કરતાં પણ વધારે સુંદર છે. આમાં કાવ્યશાસ્ત્રમાં વર્ણવેલો પ્રતીપ નામનો અલંકાર છે. ઉપમેય-પ્રભુનાં નેત્રો, તે ઉપમાન-કમળનો તિરસ્કાર કરે છે.

**દૃશા** -- એક નેત્રથી આ એક વચનના પ્રયોગથી એવો ધ્વનિનો અર્થ નીકળી શકે છે, કે જો એકજ દૃષ્ટિથી આ પ્રમાણે વધ કરવાને આપ સમર્થ થયા છો. તો પછી જો આપનાં ઉભય નેત્રોનો વ્યાપાર શરૂ થાય તો તેથી શું આપ ન કરી શકો તે સમજી શકાતું નથી. ''કમળની શોભા હરનાર નેત્ર'' તેમા શ્લેષથી એવો પણ અર્થ છે કે પ્રભુના નેત્રે ચોરની માફ ચૌર્યાભિનિવેશ કાર્ય કર્યું છે. અહિંઆં ત્રણે પ્રકારના ચૌર્યાભિનિવેશ કહ્યા છે (૧) સાધુજનની સંપત્તિનું હરણ કરવામાં દોષ ન ગણવો (૨) અતિગુપ્ત રૂપથી રાખેલી બીજાની વસ્તુનું જ્ઞાન થવું તે. (૩) અતિદુર્લભ સ્થાનનું ઉલ્લંઘન. અહિંઆં કમળનું જન્મદાતા સ્વચ્છ ગુણવાળું સરોવર છે. એટલે પોતે સત્કુળમાં ઉત્પન્ન થયેલું છે અને પોતે પણ સત્-સાધુ છે. એવા કમળની સંપત્તિને હરવામાં પ્રભુનું નેત્ર ચોરની માફક દોષ ગણતું નથી. વળી તે કમળના ઉદરમાં ગુપ્ત રીતે શ્રીને રાખી મૂકી હતી પણ ત્યાંથી એ ભગવાનના નેત્રે એનું હરણ કર્યું. તેમજ વર્ષા ઉપરાંત શરત્કાલમાં જલાશય બધું જલથી છલોછલ ભરાઇ જાય છે કે એના મધ્ય ભાગમાં કોઇનાથી જઇ શકાતું નથી. પણ પ્રભુના નેત્રે તો આ જલાશયના મધ્ય ભાગનું પણ ઉલ્લંઘન કર્યું, અને ત્યાં જે કમળ હતું. તેની શોભાને હરી લીધી. આ રીતે ત્રણ પ્રકારના ચૌર્યાભિનિવેશનો આરોપ પ્રભુના નેત્રમાં કરવામાં આવ્યો છે. આથી આ ગોપીનું એવું કહેવું છે કે એવા સ્થાનમાં રહેલી શ્રીનું જો આપે હરણ કર્યું તો અમારૂ તો શુંએ કરી નાખશો ? અમને આપના તરફથી મોટો ભય રહે છે. ખરેખર આપ અમારો વધ કરશો એમ અમને શંકા રહે છે. **વરદ** વરને આપનાર આમાં

શ્લેષથી વરનું છેદન કરનાર એમ અર્થ પણ થાય છે. **वरान्धति खण्डयति यः ।।** પ્રથમ શ્લોકમાં આ ગુણગાનમાં નવધા ભકિતમાંના સખ્ત તથા આત્મનિવેદનનો પ્રકાર પ્રધાનપણે જણાતો હતો, પણ અહિંઆં તેથી પણ ઉચ્ચતર ભકિતના પ્રદેશમાં સ્વામિનીઓ સ્થિત થયાં છે. અહિંઆં તેઓ એકદમ પ્રેમભાવમાં આવીને ''સુરતનાથ'' કહીને સંબોધે છે. સુરતઃ એ પ્રેમલક્ષણા-ફલાત્મક ભકિતનું સૂચક છે. આ રીતે તેમનું ગુણગાન અતિઉચ્ચ પ્રકારનું બન્યું છે. પોતાની જાતને શુલ્કદાસિકા કહીને અત્યન્ત તિરસ્કાર કરે છે; એમાં પણ તેમનું દૈન્યજ મુખ્યત્વે જણાય છે. ગુણગાનથી એમનું હૃદય પ્રેમથી એટલું બધું આર્દ્ર બની ગયું છે કે તેથી તેઓ પોતાની દૃષ્ટિ સમક્ષ જાણે પ્રભુનાં દર્શન કરતાં હોય, તેમ તેમના સુંદર નયનની શોભાથી હત થયેલાં પ્રભુને ઉપાલમ્ભ આપે છે. સાક્ષાત્ પ્રાકટયના દર્શનનું સુખ આ સમયે મળ્યું નથી, તો પણ તેમનું માનસ (મન) પ્રભુના દર્શન કરી રહ્યું છે. અહીંઆ આપેલો જે અનુભવ થાય છે. તે માનસી ભાવનાને લીધે થાય છે. આમ તેમનું સંકીર્તન ઉત્તમ પ્રકારનું બન્યું છે.

આ પ્રમાણે અનેક પ્રકારની ક્રૌર્યભાવનાથી કેટલીક ભગવાનને મહેણું આપે છે. અંદર સ્થિત રહેલ પુષ્ટિરસનું જો બહાર નિર્ગમન ન થાય તો પૂર્ણ થાય નહિ. તેટલા માટે વાણીનું નિર્ગમન છે. બીજી કોમળ ગોપીઓએ ''આપે બહુ વખત અમારૂ રક્ષણ કર્યું છે માટે હમણાં પણ રક્ષણ કરો'' એમ કહ્યું

**मूलम्** **विषजलाप्यव्यायाद्लराक्षसाद् वर्षमारुताद्वैद्युतानलात् ।**
**वृषमयात्मजाद्विश्वतोभयाद्दषभ ते वयं रक्षिता मुहुः ।। ३ ।।**

**अन्वयार्थ--** હે શ્રેષ્ઠનાથ ! વિષજલના ભયથી, વ્યાલ-રાક્ષસથી, વંટોળીઆ વાયુથી, વિજળીથી, અગ્નિથી, અરિષ્ટાસુરથી, તથા બીજા સર્વથી તમે વારંવાર અમારૂ રક્ષણ કર્યું છે.

**श्रीसुबोधिनीजी--** વિષજલ એટલે કાલીય સર્પ જે યમુનાજીના ઘરમાં રહેતો હતો તેનું જલ પણ તે પીને સર્વ બાળકો તથા ગાયો મરી ગયાં હતા. તેમને ફરીથી જીવતાં કર્યાં. વ્યાલ કહેતાં કાલીય તથા સુદર્શન વગેરે સર્પો, રાક્ષસ એટલે તૃણાવર્ત વગેરે, તે બધાથી પ્રભુએ રક્ષણ કર્યું હતું. ઈંદ્રે મોકલેલા વર્ષાદ અને પવનથી, મયાસુરના પુત્રથી વિજળીના અગ્નિથી (દાવાગ્નિથી) પણ રક્ષણ કર્યું હતું. વૃષ એટલે વ્યોમાસુર તેનાથી પણ આપે રક્ષણ કર્યું હતું. પ્રભુ પોતે સર્વજ્ઞ હોવાથી ભૂત ત્થા ભવિષ્ય વિષયના પદાર્થના જ્ઞાનમાં કોઇ પણ જાતનો નિબંધ

નથી. વિશેષ શું ? સર્વ ભયમાંથી પ્રભુએ રક્ષણ કર્યું છે, પાલનમાં હેતુ કહે છે. પ્રભુ ઋષભ છે, જે ભર્તા છે તે હમેશાં રક્ષણ કરે છેજ. આથી સર્વદા પાલક છો તો હાલમાં પણ અમારૂ રક્ષણ કરો. તે મારનારા બહારના છે. હમણાંનો પાલક (પ્રભુ) અંદરના સંબંધવાળો છે, માટે સર્વથા અમારૂ રક્ષણ થવું જોઇએ.

**વિવેચન** -- કાલિયનાગના નિવાસથી આ યમુનાજીનાં જળ વિષયુકત થઇ ગયા હતાં તે સમયે અઘાસુર આદિ રાક્ષસોએ જયારે ગોપબાળકોને દુઃખ આપ્યું તે સમયે આપે સર્વ વ્રજવાસીઓને સંકટમાંથી મુકત કર્યા છે. તો શા માટે આપ આ સમયે અમારી ઉપેક્ષા કરો છો ? આપે અત્યાર અગાઉ ઘણી વખત અમારૂ રક્ષણ કર્યું છે તો અત્યારે આપે અમારૂ રક્ષણ કરવું જોઇએ. આપ ઋષભ છો એટલે સર્વના રક્ષણ કરનાર છો. અત્યારનું અમારૂ સંકટ પૂર્વના કરતાં અધિક ઉગ્ર અને ભયંકર છે અને આ સંકટમાંથી આપ સિવાય બીજું કોઇ પણ અમારૂ રક્ષણ કરી શકે એમ નથી, માટે આપ અમારૂ રક્ષણ કરો. અત્યારેઆપના વિરહનું દુઃખ વિષજળ કરતાં વધારે પ્રાણઘાતક છે, વ્યાલ તથા રાક્ષસો કરતાં વધારે પીડા કરનાર છે, અને અગ્નિ કરતાં વધારે તાપ આપનાર છે, તો આવા અસહ્ય દુઃખમાંથી જો આપ અમારા પ્રાણનું રક્ષણ કરી શકો તોજ આપ ખરેખરા ઋષભ છો એમ અમે માનીશું, એ રીતે અહિંઆં ધ્વનિ અર્થથી ગોપિકાઓ ભગવાનને ઉપાલંભ આપે છે. આપે જો કે ભૂતકાળમાં અમારા ઉપર ઘણા ઉપકાર કર્યા છે કારણ કે ઉપર જણાવેલાં તેમ બીજાં અનેક દુઃખોથી અમને મુકત કર્યા છે, છતાં પણ આ દુઃખ વધારે તીવ્ર અને અસહ્ય છે. અન્ય દુઃખમાંથી અમે આપનું રક્ષણ મેળવી શકતાં હતાં પણ આ દુઃખથી તો અવધિજ. આપજ જયાં અમારાથી રીસાયા હો ત્યાં અમે શું કરી શકીએ ? ખરેખર અમારી લાચારીની અહિંઆં અવધિજ આવી રહી છે. અમારી દુઃખદ સ્થિતિનું વર્ણન કોની આગળ અમે હવે કરીએ ?

બીજી ગોપીઓ ભગવાનના મહાનુભાવનેજાણીને તેમના સ્વરૂપનું કીર્તન કરે છે અને તેથીજેવી રીતે જ્ઞાનીઓને મોક્ષ આપે છે તેવી રીતે અમને પણ અમારે યોગ્ય મોક્ષ આપશે તેમ જાણીને તેની સ્તુતિ કરે છે.

**मूलम्** **न खलु गोपिकानंदनो भवानखिलदेहिमंतरात्मद्दक ।**
**विखनसार्थितो विश्वगुप्तये सख उदेयिवान्सात्त्वतां कुले ।। ४ ।।**

**अन्वयार्थ** -- હે સખે ! આપ કંઇ ગોપિકાના (યશોદાના) પુત્રજ છો એમ નથી; પણ સર્વ દેહીઓના અંતર આત્માના દ્રષ્ટા પણ છો. બ્રહ્માની પ્રાર્થનાથી વિશ્વના રક્ષણ માટે યાદવોના કુલમાં આપ પ્રકટ થયા છો.

**શ્રીસુવોધિનીજી**-- ભગવાન નંદના પુત્ર હોય તો સર્વ ઉપાલંભો બરાબર ગણાય પણ તે પ્રમાણે નથી માટે ઉપાલંભો પણ અયુકત છે. **ખલુ** શબ્દ નિશ્ચિતતા

જણાવે છે. નક્કી, ખરેખર તમે ગોપિકા એટલે યશોદાના પુત્ર છો એમ જણાતું નથી. એમ જો હોય તો જેવી રીતે યશોદાએ આપને સ્વાધીન કર્યા છે અથવા આપને જાણી ગયા છે તે પ્રમાણે ગોપીઓએ પણ કર્યુ હોત. કારણકે આપ ગોકુલ સ્વામીના પુત્ર છો. તુલ્યતામાંજ વિદ્યાયોનિનો સંબંધ હોય છે. વળી આપ ફક્ત વૈકુંઠના અધિપતિ પુરુષોત્તમ નથી, પણ સર્વ દેહિઓના-અમારા જેવાંના અંતરાત્માને જુઓ છો. જો અમારા હૃદયમાં એવો તાપ જો તો પ્રસન્નજ થાવ માટે આ વિષયમાં કંઇ કહેવા જેવું નથી કારણ અમારા જેવાના પાલન માટેજ આવ્યા છો. અમે નાશ પામીએ છીએ એવું જ્યારે જાણશો ત્યારેજ પાલન કરશો. રક્ષણને માટેજ આપની પ્રાર્થના કરવામાં આવી છે, આપ આપની મરજીથી અહિંઆં પધાર્યા નથી.

વિખનસ કહેતાં બ્રહ્મા, એ સર્વથા વેદાર્થના વિચારક છે.આથીજ વૈખાનસ મત બ્રહ્માએ પ્રકટ કરેલો છે અને તે ભગવદ્‌ભજનનો પ્રતિપાદક છે. એ માર્ગથીજ પૂજાને ભગવાન સ્વીકારે છે તેથી વેંકટાદિમાં તે પ્રમાણે પૂજા થાય છે. આથી સર્વની પૂજાને પણ સ્વીકારવાને બ્રહ્માએ પ્રાર્થના કરી. એમા મુખ્ય પ્રયોજન વિશ્વનું રક્ષણ છે. આપ અંતરાત્મા રૂપ હોવાથી સર્વ જીવોના સખા છો. અને લોકમાં આપના સખ્યભાવને પ્રકટ કરવાને યાદવોના અગર વૈષ્ણવોના કુલમાં આપ પ્રકટ થયા છો; અને એટલામાટેજ આવ્યા છો. પ્રથમ પણ સખા ઇચ્છા પ્રમાણે પ્રેરણા કરે છે તો પછી આવીને ખાસ શું કર્યું તે કહેવું જોઇએ. અને તે આત્મનિવેદનરૂપ છે (સખ્યભાવ આત્મનિવેદનરૂપ જણાવવાને છે, આથી શું વિનતિ કરીએ ? આપને જે ઉચિત લાગે તે પ્રમાણે કરો એ પ્રમાણે ભાવ છે.

## કૃષ્ણના પરબ્રહ્મત્વનું ગોપીઓને થયેલુ જ્ઞાન : 'સખા' સંબોધનનું તાત્પર્ય

**વિવેચન** -- આ શ્લોકમાં તેઓ આગળ જણાવે છે કે હે પ્રભુ ! અત્યાર સુધી અમે આપને શ્રીયશોદાજીના પુત્રજ સમજતાં હતાં, અન તે રીતે આપને કંઇક ઉપાલમ્ભ વચનો પણ કહેલાં, પણ તે સંબંધીની અમારી અજ્ઞાનતા હવે દૂર થઇ ગઇ છે કારણ કે આપ અખિલ દેહધારીઓના અન્તરાત્મામાં બિરાજી રહેલા વિભુ છો. એ અમે સારી પેઠે જાણીએ છીએ, અને આપ બ્રહ્માની પ્રાર્થનાથી આખા જગતનું રક્ષણ કરવાને માટે આ ભૂતળ ઉપર પ્રગટ થયા છો. સર્વ દેહીઓના અંતરાત્માના દ્દષ્ટા આપ છો. એટલે અમારાં હૃદયને પણ આપ સારી રીતે જોઇ શકો છો. અમારા હૃદયમાં આપને માટે ખરેખરો પ્રેમ છે કે નહિ તે આપ સારી પેઠે જાણો છો જ. કદાચ અમારી પરીક્ષા કરવાને માટે આપ તિરોભૂત થયા હશો, પણ હે ભગવાન્ ! આપે અમારી પરીક્ષા

સંપૂર્ણ લીધી છે,તો હવે આપ અમને પ્રકટ દર્શન આપો. આપના વિયોગથી દુ:ખી થયેલાં અમને વધારે દુ:ખિત કરશો નહિ. આપનું પ્રાકટય અખિલ વિશ્વના રક્ષણ માટે છે. એ વાત તદ્દન સત્ય છે. કારણકે જયારે જયારે ધર્મની ગ્લાનિ થાય છે, અધર્મ હડહડતો વ્યાપી રહેલો હોય છે, ધાર્મિક વૃત્તિના પુણ્યાત્મા અને સાધુ પુરુષોને પાશવ વૃત્તિવાળા શયતાનો સતાવતા હોય ત્યારે પૃથ્વી પણ કંપી ઉઠે છે. પૃથ્વી પણ અસહ્ય પાપના ભારમાંથી મુકત થવાને ઇચ્છે છે, તે વખતે સૃષ્ટિના સર્જન કરતા બ્રહ્મા જેવા પણ પૃથ્વીને તથા તેમાં વસનાર ભૂતપ્રાણીઓનું રક્ષણ કરી શકે એ સ્થિતિમાં હોતા નથી, તેથી તે પણ સાક્ષાત્ પ્રભુને આની પ્રાર્થના કરે છે, અને તે બ્રહ્માદિ દેવતાઓની વિજ્ઞપ્તિથી પૃથ્વીનો ભાર ઓછો કરવા, સાધુ પુરુષોનું રક્ષણ કરવા, દુષ્ટોનું નિકંદન કરવા, ધર્મનું સ્થાપન કરવા અને અધર્મને સંહારવા આપ પ્રકટ થાવ છો. એ બાબતની સાક્ષી સર્વ શાસ્ત્રો પુરે છે. જો આ રીતે આપ સર્વનું રક્ષણ કરતા હો-અખિલ વિશ્વને પણ આપ રક્ષણ આપી રહ્યા હો તો શું અમે આપના રક્ષણનાં લાયક નથી, અમે એવો શો અપરાધ કર્યો છે કે જેથી આપ અમારૂ રક્ષણ આ કાળે કરતા નથી ? અમારૂ રક્ષણ આપનાં પ્રકટ દર્શન થવામાં છે, તે સિવાય અન્યથા નથી. શું હજુ આપને એવી કસોટી કરવાની છે કે અમને આપના વિપ્રયોગની સંપૂર્ણ અસર થઇ નહિ ? હજુ પ્રાણત્યાગ કરાવવાની આપની ઇચ્છા છે ? અને એ અવસ્થામાં અમે મૂકાઇએ તોજ અમે આપનું રક્ષણ મેળવી શકવાને અધિકારી ગણાઇશું ? આ રીતે ગોપીકાઓ પ્રભુને 'સખા' એ શબ્દથી સંબોધીને તેમને વિજ્ઞપ્તિ કરે છે. અહિંઆં દર્શાવેલો સખ્યભાવ તે આત્મનિવેદનના સ્વરૂપનો છે. 'સખા' શબ્દ કહેવાનો એવો ભાવાર્થ છે કે અમે આપને ઘણુંએ કહ્યું છે. આથી કોઇ પણ રીતે વિશેષ કહેવાનું અમારી પાસે નથી. આપ અમારા સખા છો, એટલે વગર કહ્યે અમારા હૃદયની વાત આપ સહેલાઇથી સમજી જાવ એમ છે. સખાને તો કંઇપણ કહેવાનીએ જરૂર હોતી નથી. માટે આથી વધુ કંઇપણ અમે કહીશું નહિ.

આ શ્લોકમાં ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન શ્રીગોપીજનને દઢતાથી થયેલું છે, અને એવા જ્ઞાનથી જે એમના હૃદયમાં ભગવાન માટે બળવત્તર પ્રેમ ઉપસ્થિત થયો છે. ભગવાન તરફ આવા પ્રકારની સર્વથી અધિક રતિ થવામાં માહાત્મ્યજ્ઞાન એ આવક છે એમ નારદમુનિના ભકિતસૂત્રમાં પ્રતિપાદન કરેલું છે. **तत्रापि न माहात्म्यज्ञान विस्मृत्यपवादः** આમાં કહે છે કે શ્રી ગોપીજનને અતિશય પ્રેમમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણચંદ્રના માહાત્મ્યનું વિસ્મરણ થયું નથી. જો ભગવાનનું માહાત્મ્યજ્ઞાન તેમની સ્મૃતિમાં ન હોત તો આ પ્રેમ જરૂર લૌકિક જાર પુરુષોના જેવો લૂખો થઈ જાત. નારદસૂત્રમાં ભકિતના ૧૧ પ્રકાર જણાવ્યા છે.

૧. ગુણમાહાત્મ્યાશકિત, ૨. રૂપાશકિત, ૩. પૂજાશકિત, ૪. સ્મરણાશકિત ૫. દાસાશકિત ૬.સંખ્યાશકિત ૭. વાત્સલ્યાશકિત, ૮. કાન્તાશકિત, ૯. આત્મનિવેદના શકિત, ૧૦. માહાત્મ્યાશકિત, ૧૧. પરમવિરહાશકિત. તેમાંથી અહિંયા સખે એ સંબોધનથી સંખ્યાશકિતપ્રકારક ભકિત છે, વિશ્વના રક્ષણ માટે એ શબ્દનો સાંકેતિક અર્થ આ પ્રમાણે છે. ભગવાન કદાચ આ ગોપીઓને કહે કે હે ગોપીઓ, તમે મારૂં રક્ષણ મેળવવાને લાયક નથી, કારણકે તમે મારા ભકતો નથી; તો તેના ઉત્તરમાં ગોપીઓ કહે છે, ભલે આપ કહેતા હો તે પ્રમાણે અમે ભકતો નથી, છતાં આપની પ્રતિજ્ઞા અખિલ વિશ્વનું રક્ષણ કરવાની છે, અને તેટલા માટે આપનું પ્રાકટ્ય છે, તો અમે પણ અખિલ વિશ્વમાં આવી જઈએ છીએ. જો વિશ્વની અંદર ન આવતાં હોઈએ તો આપ અમારૂં પણ રક્ષણ ન કરો તે યોગ્ય ગણાય. પણ વિશ્વમાં અમારૂં સ્થાન તો છે. તો પછી અમે ભકત છીએ કે નથી તેનો પણ વિચાર આપે કરવાનો રહ્યો નહિ. અખિલ વિશ્વના રક્ષણમાં અમારૂં પણ રક્ષણ કરવું જોઈએ. રક્ષણ કરવાને માટે તો આપ સાત્ત્વિક-વિષ્ણુકુળના ક્ષત્રિય યાદવોમાં પ્રકટ થયા છો; અને તે બળને દેખાડ્યું પણ છે, તો પછી હે પ્રભુ ! આપ જે અમારા સખા છો તે અમારૂં રક્ષણ નહિ કરો ? અર્થાત્ આ વિરહદુ:ખમાંથી અમને બચાવો.

બીજી ગોપિકાઓ સાત્ત્વિકસાત્ત્વિકી હોવાથી રાજસ ગોપી કરતાં વધારે શ્રેષ્ઠ છે. ભગવાન પ્રાર્થના કર્યા વગર કંઈ આપશે નહિ એમ જાણીને ભગવાનના કરના પોતાના શિર સાથેના સંબંધની પ્રાર્થના કરે છે.

**मूलम् - विरचिताभयं वृष्णिधुर्य ते शरणमीयुषां संसृतेर्भयात् ।**
**करसरोरुहं कांत कामदं शिरसि धेहि नः श्रीकरग्रहम् ।। ५ ।।**

**अन्वयार्थ --** હે વૃષ્ણિકુલમાં શ્રેષ્ઠ પ્રભુ ! હે કાંત ! સંસારની ભયથી તમારે શરણ આવેલાંને આપનો હસ્તકમળ અભય આપનાર છે તથા કામનાઓ પૂર્ણ કરનાર છે; તથા લક્ષ્મીના કરનું ગ્રહણ કરનાર છે તો તે અમારા માથા ઉપર આપ મૂકો.

**श्रीसुबोधिनीजी --** હે સ્વામી, હૃદય ચીરાઈ જાય છે. આથી જેવી રીતે સર્વ અંગમાં શાંતિ થાય તે પ્રમાણે માથા ઉપર આપના હસ્તકમળને મૂકો. કમળ શીતલ હોય છે. તેમાં વળી જે સરોવરમાં ઉત્પન્ન થાય છે તે વધારે શીતલ હોય છે. પ્રથમ શિર ઉપર હસ્ત મૂકીને સ્વાધીનત્વનું દ્યોતન કરે છે. વળી હસ્ત ફકત તાપને જ દૂર કરે છે એવું નથી પણ કામનાઓ આપનાર પણ છે. અહિંયા શંકા થાય

કે ભગવાન પુરુષોત્તમનું તો યોગીઓ જ ધ્યાન કરી શકે, તો કેવી રીતે સ્ત્રીઓને સ્પર્શ કરશે ? એમ જો કોઈ પૂછે છે તો કોઈ કહે છે. ભગવાન શ્રીના કરનું ગ્રહણ કરે છે એટલે પોતે ગૃહસ્થ છે. જો પ્રભુ લક્ષ્મીનો હસ્ત ગ્રહણ કરે છે તો અમારા શિરને સ્પર્શ કરવામાં શું થશે ? એમ ભાવ છે. ત્યારે વળી કોઈ કહે છે કે લક્ષ્મી તો પ્રભુની સાથે વિધિપૂર્વક વિવાહિત છે તો તેમના સંબંધમાં પ્રભુ હોઈ શકે પણ તમારી સાથે એટલે ગોપીઓની સાથે શી રીતે એમનો સંબંધ થાય ? તો કહે છે ગોપીઓ સંસારના ભયથી ભગવાનને શરણે ગયા છે. જે વિધિ વિવાહમાં છે તે શરણાગતના પાલનમાં છે. શરણાગતનું પાલન પ્રભુ કરે છે જ. વિવાહની અપેક્ષાથી શરણાગતની રક્ષા મોટી હોય છે. તે (જેની સાથે વિવાહ કર્યો હોય તેનું રક્ષણ કરવું) સાધારણ ધર્મ છે, પણ શરણાગતનું પાલન કરવું તે ઈશ્વરનો ધર્મ છે. વળી શંકા થાય છે કે આ પ્રકાર તો નિષિદ્ધ છે. (તમારા મસ્તક ઉપર પ્રભુ કર મૂકે તે) તો એ રીતે પાલન કેમ સંભવી શકે ? તો કહે છે કે પ્રભુ વૃષ્ણિકુલમાં શ્રેષ્ઠ છે. વૃષ્ણિ યદુવંશમાં ઉત્પન્ન થયેલા છે. વળી તેમને બહુ સ્ત્રીઓ હતી. બહુ વંશના કર્તા હતા. તે વંશમાં આપ શ્રેષ્ઠ છો. આ કારણથી તથા અમે સ્ત્રીઓ સંસારના ભયથી આપની પાસે આવ્યા છે. માટે અમારૂં પાલન (ઉકત પ્રકારે) કરો. સંસાર કંઈ સ્વભાવે કરી દુષ્ટ નથી. પણ તેનું દુઃખ અસહ્ય હોય છે અને તેથી તે દુષ્ટ છે. તેથી અમે પણ મહાદુઃખ પામીએ છીએ, માટે દુષ્ટ અદૃષ્ટ દ્વારા આપ જ તે દુઃખના નિવર્તક છો. આનાથી નિર્ભયતાનું સૂચન થાય છે. કાન્ત સંબોધનથી આપ જ ભર્તા છો, માટે સ્ત્રીઓના વ્રતનું સ્મરણ કરીને વાંછિત પૂર્ણ કરો.

### શ્રીહસ્તને મસ્તક ઉપર મૂકવાની કરેલી માગણી : કાન્તનો ધર્મ : કરની કમળ સાથે સરખામણી

**વિવેચન** -- આ શ્લોકમાં ગોપીઓ પ્રભુને હસ્તકમળ તેમના માથા ઉપર મૂકવાને માટે વિનંતિ કરે છે; તેઓ કહે છે કે હે પ્રભુ, અત્યારે અમારી દશા એટલી બધી વિહવળ થઈ છે કે તેથી અમારૂં હૃદય ચીરાઈ જાય છે. અને સર્વ અંગમાં દાહ પ્રકટ થયો છે, તો તેને શાંત કરવાને આપના શ્રીહસ્તને અમારા મસ્તક ઉપર મૂકો; તે સિવાય બીજો કોઈ પણ આ દાહને શાંત કરી શકે તેમ નથી. કારણકે આપના શ્રીહસ્તે શરણે આવેલાંને અભય આપ્યું છે. તેમને સર્વ પ્રકારના સંકટોમાં અભયદાન આપીને નિર્ભય બનાવ્યાં છે. જેઓને આપના શ્રીહસ્તનો સ્પર્શ થયો છે, તેમને મૃત્યુ સરખાનો ભય પણ ડરાવી શકે એમ નથી. દુનિયામાં અનેક પ્રકારના ભય હોય છે, તે સર્વમાં મરણનો દંડ તે અધિક ભયાનક છે. પણ જે ભકતોને પ્રભુનું શરણ સિદ્ધ થયું છે તેમને મરણભય સતાવી શકતો નથી-તેવા

ભકતો તો ઉલટું મરણ ઉપર પગ મૂકે છે અને તેને ભયભીત બનાવે છે. સંસારના દરેક ભયમાંથી શરણે આવનારને આપ ભયમુકત કરો છો તો હે પ્રભુ આપ અમને પણ સંસારના ભયથી મુકત નહિ કરો ? અમને મરણના ડરની દરકાર નથી. પણ સંસારના ભયથી બેબાકળાં થઈ ગયાં છીએ; આ સંસારનો ભય તે કંઈ સંસારના વિષયનો નથી. કારણકે વસ્તુતઃ અમારી પાસે સંસાર જ નથી. અમારી સંસારની વાસનાઓ ક્ષીણ થઈ ગઈ છે એટલે અમે સંસારને જ દૃષ્ટિ આગળ જોતાં નથી; પણ અમને જીવનમાં જે દુઃખ છે તે આપના મેળાપ સંબંધીનું છે. સંસાર જાતે દુષ્ટ નથી, પણ તેનું દુઃખ અસહ્ય હોવાથી તે દુષ્ટ તથા હોય છે. જો કે સંસારનો ત્યાગ કરીને અમે અહિંઆં આવ્યા છીએ, એટલે સંસારનું દુઃખ અમને બંધનકર્તા અગર પીડાકારક ન જ હોય, તો પણ અમને પ્રભુનો મેળાપ થતો નથી, એ દુઃખ ઘણું જ અસહ્ય છે, એથી જ અમને અમારૂં જીવન શુષ્ક અને નિરસ લાગે છે. આવા મહાદુઃખમાંથી અમને અભયદાન આપીને અમારા ઉપર આપની કૃપા વર્ષાવવી જોઇએ. જો આ કૃપા આપ નહિ દેખાડો તો બીજુ કોણ દેખાડશે ? દુનિયામાં આપ સિવાય અન્ય કોણ અમારૂ શરણ છે ? વળી આપ તો અમારા કાન્ત છો ! જો કાન્ત શરણે આવેલાંને નિર્ભય નહિ બનાવે તો બીજું કોણ તેમ કરશે ? આપનો શ્રીહસ્ત સર્વ કામનાઓનો આપનાર છે (કામનાઓનો છેદનાર છે એવો પણ અર્થ છે.) તો એ શ્રીહસ્તના સ્પર્શથી અમારી સર્વ કામનાઓ પૂર્ણ થશે. અમારી એ સિવાય બીજી કોઇ પણ કામનાઓ નથી. અમે કોઇ વિષયવાસનાથી આપના દર્શનનું સુખ ઇચ્છતાં નથી; અમારે તો આપની પ્રપત્તિ કરવી છે-શરણભાવના સિદ્ધ કરવી છે. પ્રભુના કરને કમળની સાથે સરખાવ્યો છે. કમળ શીતોપચાર ગણાય છે. સંતપ્ત જનને શીતળતા અર્પનાર તે છે. અહિંઆં કોઇને શંકા થાય કે ગોપીજન ભગવાનને નિજ હસ્ત તેમના શિરઃપ્રદેશ ઉપર મૂકવાને પ્રાર્થના કરે છે તે શું અયુકત ગણાય નહિ ? તેના ઉત્તરમાં જણાવે છે કે અહિંઆં એવી શંકા કરવી નહિ, ભગવાન કૃષ્ણ પણ ગૃહસ્થાશ્રમી છે. તે શ્રી (લક્ષ્મી)ના કરનું ગ્રહણ કરે છે; તેમ છતાં જો કોઇ એમ કહે કે ભગવાન તો લક્ષ્મીના પતિ ગણાય છે એટલે પોતાના કરથી તેનું ગ્રહણ કરે એમાં કંઇ પણ અનુચિતતા જણાતી નથી, પણ સ્વામિનીઓની બાબતમાં તો તે અનુચિતજ ગણાય. આવી શંકા થાય ત્યાં કહે છે કે પ્રભુના કરનું સ્થાપન શરણાગત ઉપર પણ હોઇ શકે છે. કરસ્થાપન એ શરણાગત પરિપાલનની પ્રતિજ્ઞાનું સૂચક છે. વિવાહિતનું જેમ રક્ષણ કરવું જોઇએ તેમ શરણાગતનું પણ રક્ષણ કરવું જોઇએ એ શાસ્ત્રવિહિત ધર્મ છે. પ્રભુ પણ એ ધર્મનું પાલન કરે છે. તેમાંજ ઇશ્વરનું ઇશ્વરત્વ છે (જુઓ બાકીના ભાગ માટે શ્રીસુબોધિનીજી)

આ આખા શ્લોકનું તારતમ્ય શરણભકિતમાં છે. આની પહેલાંના શ્લોકમાં ભગવાનના માહાત્મયનું જ્ઞાન તેમને સ્ફુર્યું હતું. ભગવાન મહાન્ છે, તેમની શકિત અકુણ્ઠિત છે, તે સર્વ કરવાને સમર્થ છે. અને તેમનો પ્રભાવ અપ્રતિમ છે, એવી પ્રતીતિ થતાં હૃદય પ્રભુનું શરણ યાચે તે સ્વાભાવિક છે, શરણ ભાવથી-પ્રપત્તિથી એ પ્રભુને વધારે ઓળખતો થાય છે, કારણ કે ત્યાર વિના સેવાદિ બની શકતાં નથી. પ્રથમ કરતાં પ્રભુપ્રેમના માર્ગમાં એક પગથીયું ઉંચાં ગોપીજન ચઢે છે; તેઓ સર્વ ભયમાંથી મુકત થવાને શરણ એજ રામબાણ ઔષધ જાણતાં થાય છે, અને તેથી શરણની અહિંઆં યાચના કરે છે.

પછી તામસી ગોપી જુદી રીતે ધૃષ્ટતાથી તે અર્થમાં પ્રાર્થના કરે છે.

**मूलम् - व्रजजनार्तिहन् वीरयोषितां निजजनस्मयध्वंसनस्मित ।**
**भज सखे भवत्किंकरीः स्म नो जलरुहाननं चारु दर्शय ।। ३ ।।**

**अन्वयार्थ--** હે વ્રજજનોની આર્તિને દૂર કરનાર, વીર પુરુષ ! હે નિજભકતોના ગર્વને સ્મિતથી નાશ કરનાર ! હે સખા, અમે જે આપની દાસીઓ છીએ તેમને ભજો. આપના સુંદર કમલવત્ મુખનાં દર્શન કરાવો

**श्रीसुबोधिनीजी--** હે ભગવાન્ ! ગોપીઓને બોલતાં આવડતું નથી. તો બરાબર વિચારીને કહું છું, હે સખા, એ પ્રમાણે અહિંઆં સંબોધન અપ્રતારણ માટે છે ''અમને ભજો'' એ હિતોપદેશ છે.

શંકા - અરે કેમ આવી ધૃષ્ટતા કરો છો તથા શા માટે નિષિદ્ધનો બોધ કરો છો! તો કહે છે. અમે આપની દાસીઓ છીએ. જે કોઇ જેવી રીતે મારી શરણે આવે છે તેને તે રીતે હું ભજુ છું. આ પ્રમાણે આપની પ્રતિજ્ઞા છે તેથી જેવી રીતે અમે દાસીઓ આપને ભજીએ છીએ, તે પ્રમાણે આપ પણ અમને ભજો. અમારૂ દાસી હોવાપણું અને આપની પ્રતિજ્ઞા એ પ્રસિદ્ધ છે. અમારા ભજનમાં જ આપની એ પ્રતિજ્ઞા એકલી હેતુ છે, એવું ફકત નથી. બીજા પણ હેતુ તેમાં છે. પ્રથમ તો અવતાર એક હેતુ છે. આપ વ્રજજનોની આર્તિને હરનાર છો, (અને અમારે) આના સિવાય બીજી કોઇ આર્તિ નથી. આ પ્રયોજન સામાન્ય છે. હવે વિશેષ પ્રયોજન કહે છે, કૃષ્ણ ભગવાન્ છે. જે વીરપુરુષો છે તેમણે શૂરોને હરાવવા જોઇએ. બીજામાં આવેલા કામ વગેરે તે આ શૂરો છે, આમાં કામ મુખ્ય છે તે બહુ પ્રકારનો છે. પૂણ અંતર અને પૂર્ણબહિઃ પદાર્થથી તેને સંતોષીને આશ્રયના અભાવે તેનું નિવારણ કરવું જોઇએ, આથીજ લોકોમાં દાતાઓ વીર પુરુષો કરતાં કીર્તિમાન હોય છે. આપ મહાવીર છો અને અંતઃસ્થિત આનંદથી

અતિદરિદ્ર અને બ્રહ્મા પણ જેમની ઈચ્છાઓને પૂર્ણ ન કરી શકે તેવાઓની ઈચ્છાના પૂરક છો. અને આ અર્થ સર્વ જન જાણે છે આથી જ યોષિત્ સ્ત્રીઓના વીર એમ સંબોધન કર્યું. કૃષ્ણ સિવાય બીજુ કોઇ અન્ય જગત્‌માં આ સંબોધનને લાયક નથી. કારણકે અન્યની કામનાઓ અપૂર્ણ હોય છે. માટે અવતાર સામાન્ય પ્રયોજનથી તથા આ વિશેષ પ્રયોજનથી પણ અમને ભજો, શંકા-કબુલ, પણ તમારા અભિમાનરૂપી દોષની નિવૃત્તિને માટે હું નહિં ભજું, ઉત્તર-નિજ સેવકોનો સમય કહેતાં ગર્વ તેના ધ્વંસને માટે પ્રભુનું સ્મિત છે. નિજજનોના ગર્વ દૂર કરવાને પરિત્યાગ તે ઉપાય નથી પણ તેને માટે સ્મિત કરવું જોઇએ. સ્મિત એટલે મંદહાસ, ''હાસ જનોને ઉન્માદ કરનારી માયા છે,'' તેની અમંદતા ભકતોમાં ન હોવી જોઇએ. મોહ સિવાય કોઇને ગર્વ થતો નથી. માટેજ હાસ્યનો સંકોચ એ સાધન છે. નિજજનોનો પણ ધર્મજ દુષ્ટ છે, ધર્મી નહિ. નહિ તો નિજજનત્વ થતું નથી તેથી અલૌકિક ઉપાય છે. લૌકિકમાં પણ આપના હાસ્યથી તેઓ પોતાની તુલ્ય માને છે. જ્યારે વળી હાસ્યમાં સંકોચ થાય ત્યારે તેમનો ગર્વ પાછો થાય છે. વળી અભિમાન એ દોષ છે. જ્યાં સુધી તમારૂ સ્મિતયુકત મુખ તેમણે જોયુ નથી ત્યાં સુધી જ તે દોષ (અભિમાન દોષ) રહે છે. કોઇ પણ એવા (સ્મિતયુકત) મુખનાં દર્શન કરીને પોતાના અભિમાનનું પાલન કરવાને શકત નથી. શંકા-આ સાધન લોકમાં પ્રસિદ્ધ નથી, (મંદહાસથી ગર્વનું ખણ્ડન થવું એ સાધન) તો તે શી રીતે જાણી શકાય ? આ શંકાના ઉત્તરમાં કહે છે. ''કમળ જેવા સુંદર મુખનાં દર્શન કરાવો.'' અહિંઆં કમળ માટે જલરુહ શબ્દ વાપર્યો છે. તેના જેવું મુખ પણ અમૃતનો સ્ત્રાવ કરે છે. અમૃતનું પાન કરનારનો કદી કોઇ પણ દોષ રહેતો નથી. જો સાધનમાં કોઇ સંદેહ હોય તો એક વખત દેખાડીને જુઓ. (મંદહાસ્યથી ગર્વ ખણ્ડિત થતો ન હોય તો હાસ્ય દેખાડીને ખાત્રી કરો.) વળી અભિમાન એ મનનો ધર્મ છે. તમારું મુખ તો સુંદર અને મનોહર છે. ધર્મિનું હરણ થતાં ધર્મ રહેતો નથી. મિત્ર મિત્રને ભજે તે યોગ્યજ છે.

### પ્રભુના ભજનના હેતુ

**વિવેચન** -- અહિંઆં ગોપીજનો ભગવાનને કહે છે કે અમે આપની દાસીઓ છીએ તેને આપ ભજો ભજવામાં મુખ્ય બે હેતુ કહ્યા. એક અવતાર હેતુ, આ હેતુ સામાન્ય છે. ''જે કોઇ મને જે ભાવથી ભજે છે તેને તેભાવથી હું ભજું છું'' એમ પ્રભુએ પાર્થપ્રતિ ભગવદગીતામાં શ્રીમુખે આજ્ઞા આપી છે, એ પ્રતિજ્ઞા પણ એક પ્રભુએ ગોપીઓ ભજવામાં હેતુ છે. પોતે વ્રજજનની આર્તિને હરનારા છે. વળી વિશેષ પ્રયોજન કહે છે કે આપ યોષિત્‌ના વીર છો. વીર હમેશાં અન્યની

ઇચ્છાઓને પૂરે છે, બ્રહ્મા પણ જેમની ઇચ્છાઓ ન પૂરી શકે તેમની ઇચ્છા પ્રભુ પૂરે છે. કૃષ્ણ સિવાય બીજો કોઇપણ ઇચ્છાનો પૂરક નથી. અમારી એટલે સ્ત્રીઓની પણ ઇચ્છા આપ સિવાય કોઇપણ બીજુ પૂરી શકે એમ નથી. માટે આ વિશેષ હેતુથી પણ આપ અમને ભજો. અભિમાન મનનો ધર્મ છે. પ્રભુનું મુખ મનને હરણ કરે એવું છે. અભિમાન ધર્મ અને મન ધર્મી છે. આપના મુખના દર્શનથી મનનું હરણ થાય છે એટલે ધર્મીનું હરણ થાય છે. તો પછી ધર્મ એટલે અહંકાર શી રીતે રહે ? માટે પ્રભુને એવું સંબોધન કર્યું છે કે આપના હાસ્યથી નિજજનના ગર્વનો ધ્વંસ કરનાર આપ છો.

રાજસી તેના (તામસી) કરતાં ઉત્તમ છે. તે એજ અર્થને અન્ય પ્રકારે પ્રાર્થે છે.

**मूलम् प्रणतदेहिनां पापकर्षणं तृणचरानुगं श्रीनिकेतनम् ।**
**फणफणार्पितं ते पदांबुजं कृणुकुचेषु नः कृन्धि हृच्छयम्** ।। ७ ।।

**अन्वयार्थ --** આપને પ્રણામ કરનાર દેહિઓના પાપને દૂર કરનાર, પશુઓની પાછળ જનાર, લક્ષ્મીના નિવાસરૂપ, સર્પની ફણા ઉપર અર્પિત આપના ચરણકમળને અમારા ઉપર મૂકો અને અમારા કામજવરને દૂર કરો.

**શ્રીસુબોધિનીજી --** આપના ચરણકમળને અમારા છાતી ઉપર મૂકો-સ્થાપન કરો. તેનું પ્રયોજન શું તે કહે છે તેનાથી કામને દૂર કરો. હૃદયમાં ચોરની માફક સ્થિત રહેલા કામને દૂર કરો. અહિંઆં ''કૂચો ઉપર'' એમ બહુવચનનો પ્રયોગ કર્યો છે તેનું કારણ સમુદાયના અભિપ્રાયથી છે. અગર વિરહથી ભિન્ન માને છે. પ્રથમ શિર ઉપર હસ્તદાનથી પ્રભુની નિકટમાં જવાનો ભાવ સૂચવ્યો છે. પછીથી ભજનનો સંબંધ કહ્યો છે. અહિંઆં (કૂચ ઉપર પદાંબુજને મૂકવામાં) વિપરીત રસની ઉકિત કરી છે. અગર બંધવિશેષ ભેદ છે. તેથી હૃદયસ્થિત કામ થાય છે અગર લીલાશયનમાં આજુબાજુએ સ્થિત સ્ત્રીઓના સમૂહમાં તેનો તે પ્રમાણે સંબંધ થાય છે. શંકા-કર્કશ છાતી ઉપર કેવી રીતે પ્રભુનાં કોમલ ચરણ મૂકી શકાય ? ઉત્તર-કાલીય સર્પની ફણા કરતાં અમારી છાતી વધારે કઠોર નથી. ત્યાં જેવી રીતે ચરણનું સ્થાપન કરીને તેના (કાલીયના) અંતર્ગત દોષનું નિવારણ કર્યું છે તે પ્રમાણે અહિં પણ કરવું જોઇએ. પ્રભુના પાદને અંબુજ કહેતાં કમળની સાથે સરખાવ્યું છે. અંબુજ (પાણીમાં જન્મે છે) પ્રત્યક્ષ રીતે તાપને હરે છે એમ સૂચવ્યું છે. શંકા-તેમ હોય તો પણ સ્ત્રીઓના વક્ષ:સ્થળ ઉપર ચરણસ્થાપન અયોગ્ય છે. ઉત્તર-વાત ખરી છે પણ પ્રભુનું ચરણ તો લક્ષ્મીનો નિવાસ છે. લક્ષ્મી ત્યાં સ્પર્શને યોગ્ય

છે. તો પછી અન્યમાં સંદેહ શો ? સંકા-પણ તમે તો મૂઢ છો, તો તમારૂ હિત શી રીતે કરાય ? ઉત્તર-પ્રભુનું પાદામ્બુજ તૃણચર કહેતાં ગાયો, તેના પાછળ જાય છે. તેમના હિતને માટે શું ભગવાનથી પ્રેરાયલાં તૃણનો ત્યાગ કરીને અમૃતનું ભક્ષણ કરશે. તેમને તો તૃણજ અમૃતસમાન છે. તેજ પ્રમાણે અમારે મન તો કામ એજ અમૃત છે. આથી પરમ કૃપાલુ પ્રભુના કોઇપણ અર્થની ક્ષતિ થતી નથી. શંકા-તમે તો જીતેંદ્રિય છો. અને તેથી જો તે પ્રમાણે કરે (ઉપર સ્થાપન કરે) તો તેમાં પાપ લાગે, માટે તેનો (પાપનો) અપગમ થાય ત્યારે જ પછી પદ સ્થાપન કરીશ એ પ્રમાણે પ્રભુ કહે. તો કહે છે કે આપનું ચરણકમળ આપને પ્રણામ કરતાં દેહીઓનાં પાપને દૂર કરનાર છે. અમે પણ આપને નમેલા છીએ. અન્ય પ્રકારે અમારાથી પાપનું નિવારણ થઇ શકે તેમ નથી. પણ તમારા ચરણપ્રસાદથીજ નમ્રનાં પાપ જાય છે. પ્રભુને પ્રણામ કરતા દેહીને માટે ધર્મમાર્ગાદિનો પરિત્યાગ કહ્યો છે. અમારામાં દેહાભિમાન હોવાથી જ્ઞાન નથી. પ્રણતની કદી પણ અધોગતિ થતી નથી. માટે આપનું ચરમકમળજ તેમના પાપનું નાશક છે, એમ જાણીને તેનું ધ્યાન કર્યું છે, જોયું છે, સ્પર્શ કર્યો છે અને આલિંગન કર્યું છે.

**વિવેચન** -- અહિંઆં પ્રભુનાં ચરણકમળને ઉપર સ્થાપન કરવાને ગોપીઓ વિનવે છે. શાથી ? તો કહે છે કે તેથી તેમના હૃદયમાં સ્થિત રહેલો જે કામ તે નિવૃત્ત થાય. પ્રભુના ચરણકમળનાં ચાર વિશેષણો અહિંઆં યોજયા છે. પદ અંબુજની સાથે સરખાવ્યું છે. પદ એટલે ચરણ અને તે અંબુજ એટલે કમળ. અંબુ=પાણી, તેમાં જે જન્મે તે. જલનો ગુણ શીતલતા આપી તાપને દૂર કરવાનો છે, અંબુજનામાં પણ એ ગુણ છે. પ્રભુનું ચરણકમળ પણ પ્રત્યક્ષતાપનું હારક છે એમ આથી સૂચવાયું છે. આ ચરણકમળને વળી શ્રીનું નિકેતન કહ્યું છે તેમ કહેવાનું પ્રયોજન એ છે કે કોઇને જો એમ શંકા થાય કે પ્રભુના ચરણકમળનું વક્ષઃસ્થલ ઉપર સ્થાપન કરવું તે અયોગ્ય છે. તો તેના સમાધાનમાં કહે છે કે પ્રભુના ચરણકમળમાં તો લક્ષ્મીનો વાસો છે તો તે પ્રદેશમાં તેના સ્પર્શમાં અગર સ્થાનમાં કોઇપણ અયોગ્યતા થતી નથી. બીજુ વિશેષણ ''પશુઓની પાછળ જનાર'' એમ છે. પશુઓ મૂઢ છે, તેમને કશું જ્ઞાન નથી છતાં તેમની પાછળ પ્રભુનું ચરણકમળ જાય છે. તેમ અમે પણ મૂઢ છીએ, અમારામાં કશુંએ જ્ઞાન નથી છતાં તેમની પાછળ પ્રભુનું ચરણકમળ જાય છે. તેમ અમે પણ મુઢ છીએ. અમારામાં કશુએ જ્ઞાન નથી છતાં પ્રભુના ચરણકમળનું અમારા કુચ ઉપર સ્થાપન થાય એવું ઇચ્છીએ છીએ. પ્રભુનાં પ્રેરિત પશુઓ તૃણનો ત્યાગ કરીને અમૃતનું ભક્ષણ નહિ

કરે કારણકે તેમને મન તો તૃણજ અમૃત છે, તેજ પ્રમાણે અમે પ્રભુની સાથે કામની તૃપ્તિનો ત્યાગ કરીને અમૃતનું ભક્ષણ નહિ કરીએ કારણ કે અમારૂ અમૃત કામજ છે. ચરણકમળનું ત્રીજું વિશેષણ ''પ્રણત દેહીઓના પાપને દૂર કરનારૂ'' એમ છે. આ વિશેષણ પ્રયોગનું પ્રયોજન એ છે કે ગોપીઓ જીતેંદ્રિય નથી તો પછી તેના કુચ ઉપર ચરણકમલનું સ્થાપન કરવાથી પાપ થાય એવી કોઇને શંકા થાય તેના ઉત્તરમાં આ કહ્યું છે. પ્રભુનું ચરણકમળ એવું છે કે જે કોઇ તેને શરણ જાય છે - તેને પ્રણામ કરે છે, તેમના પાપને દૂર કરે છે. ગોપીઓએ પણ તે ચરણકમળને પ્રણામ કરેલા છે તો પછી તેમને પાપની ભીતિ નથી. વળી ચોથું વિશેષણ એવું છે કે ''કાલીય સર્પની ફણા ઉપર પ્રભુનું ચરણ અર્પિત થયેલું છે.'' આનું પ્રયોજન એ છે કે કોઇ કહે કે પ્રભુનું ચરણકમળ ઘણું કોમળ છે અને ગોપીઓના કુચ તો કર્કશ છે તો તે શી રીતે ત્યાં સ્થાપિત થાય ? તેના ઉત્તરમાં આ વિશેષણ છે. ગોપીઓના સ્તન કાલીય સર્પની ફણા જેટલા ક્રૂર અગર કર્કશ નથી. જ્યારે પ્રભુએ તે સર્પની ફણા ઉપર પોતાનું ચરણકમળ સ્થાપિત કર્યું તો પછી ગોપીઓના સ્તન ઉપર મૂકવામાં શી હરકત છે. કારણ કે તે કાલીયની ફણા જેટલા કર્કશ નથી એમ તેમનો કહેવાનો ભાવાર્થ છે.

તેનાથી (રાજસીથી) પણ ઉત્તમ આના આજ અર્થની અન્ય પ્રકારે પ્રાર્થના કરે છે.

**मूलम् मधुरया गिरा वल्गुवाक्यया बुधमनोज्ञया पुष्करेक्षण ।**
**विधिकरीरिमा वीर मुह्यतीरधरसीधुनाप्याययस्व नः ।। ८ ।।**

**अन्वयार्थ** --હે કમલનયન ! હે વીર ! સુંદર વાકયોવાળી વિદ્વાનોના મનને રૂચે એવી મધુરગિરાથી, મોહવશ થયેલી આ અમો દાસીઓને અધરામૃતથી સજીવન કરો.

**श्रीसुबोधिनीजी--** હસ્તથી, સ્વરૂપથી તથા ''પાદ'' થી ઉપકાર મનાય છે. મુખથી પણ ઉપકાર કરવો જોઇએ એમ માનીને તેમણે ગાન કર્યું. જ્યાં સુધી પૂર્વે કહેલું સ્પષ્ટ બોલતાં નથી, ત્યાં સુધી કદી પણ રસની સ્થિતિને પ્રાપ્ત થતાં નથી.

હે સ્વામી, મધુર વાણીથી મોહ પામતી આ દાસીઓને જીવાડો. મોહ તે મરણની પૂર્વ અવસ્થા છે. શા માટે તેમને જીવાડવા જોઇએ તેનો હેતુ કહે છે. અમે તમારી આજ્ઞાંકિત દાસીઓ છીએ. આજ્ઞાકારિણી અગર સેવાકારિણી દાસીઓ છીએ. (અમને સજીવન કરવામાં) તમે અસમર્થ નથી (એટલે તમે સમર્થજ છો.) કારણ તમે વીર છો. આર્તની આર્તિના નિવારણ માટે શૌર્ય હોય છે ''આ આપની દાસીઓ'' એમ કહેવાનો ભાવાર્થ એ છે કે જો ક્ષણમાત્રનો વિલંબ કરશો તો

અમે મરી જઇશું. શંકા-વાણીમાત્રથી શી રીતે મોહ નિવૃત્તિ થઇ શકે ? ઉત્તર- મોહ એ માયારૂપ છે, તે આપના સચ્ચિદાનંદરૂપ સ્વરૂપથી નિવૃત્તિ પામે છે. આપના સ્વરૂપમાં આપની વાણી રસ છે તેનાથીજે યુકત તે મધુર. તે વાણી વલ્ગુવાકયા છે.વલ્ગુ એટલે મનોહર, વાકયને કહ્યું છે એટલે તે સત્ય પણ છે અને પ્રિય પણ છે. આથી તે સદ્રૂપ છે એમ નિરૂપણ કર્યું. વિદ્વાનોને મનોજ્ઞ-આનંદ આપનારી પણ તે છે. એટલે તે જ્ઞાનરૂપ છે એમ નિરૂપણ કર્યું છે. વિદ્વાનો જ્ઞાનમાંજ રત થાય છે (રમે છે). મુખમાં નયનો પણ છે માટે તેના વ્યાપારનું પણ કથન થવું જોઇએ., માટે પુષ્કરેક્ષણ કહ્યું છે. કમલની માફક પારકાના તાપનું હરણ કરનાર નયન જેમનાં છે એવા પ્રભુ એમ કહ્યું. અધરામૃતના પાનથી અમને સજીવન કરો. મૂર્છિતની મૂર્છાના નિવારણ માટે મહામંત્રનું પાન કરવામાં આવે છે. કમલાદિ શીતલ દ્રવ્યનું સ્થાપન કરવામાં આવે છે, અને સર્વથા અસાધ્ય બાબતમાં અમૃતનું પણ પાન કરાવવામાં આવે છે. અથવા અતિગોપ્ય રસોને પણ સારો વેદ પાય છે. આ મૂર્છાનું સામાન્ય-જેવા તેવાથી નિવારણ થઇ શકે એમ નથી માટે વીર એવું સંબોધન કર્યું છે, આથી અન્તિમાવસ્થાનું સૂચન થાય છે. પ્રથમ જે વસ્તુની પ્રાર્થના કરી હતી તે અધિક મૂર્છાના હેતુના સૂચન-સ્મારક તરીકે હતી.

## વાકયામૃતના પાન માટે ગોપીઓની અભિલાષા

**વિવેચન--** આ શ્લોકમાં ગોપી કહે છે આપની વાણીથી અમૃતરસનું પાન કરાવી અમને સજીવ કરો. અહિંઆં ગોપીની મૂર્છિત દશાનું વર્ણન છે. આ અવસ્થા તે મરણની પૂર્વાવસ્થા છે. પ્રભુના અત્યન્ત વિરહથી અંદરનો તાપ ગોપીથી સહન થઇ શકયો નહિ અને તેથી મૂર્છાવસ્થાઆં પડી જાય છે, આ અવસ્થામાં તેમને મુકત કરી સજીવન કરનાર પ્રભુની વાણી સિવાય બીજુ શું હોઇ શકે ? કારણકે ગોપીને થયેલો મોહ તે માયાનું સ્વરૂપ છે. માયાનું નિવારણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. પ્રભુની વાણી પણ સચ્ચિદાનંદ રૂપ છે. તે મધુર છે એટલે આનંદરૂપ છે. તે મનોહર છે એટલે સત્ય અને પ્રિય છે એટલે સદ્રુપ છે, તથા વિદ્વાનોને મનોજ્ઞ છે એટલે ચિદ્રુપ છે. આ પ્રમાણે તે વાણીની સચ્ચિદાનંદતા જણાવી આ વાણીથી જ મોહ અગર મૂર્છાનું નિવારણ થઇ શકે. વળી તે નિવારણ ગમે તેનાથી નાજ થઇ શકે. એતો વીરજ કરી શકે. વીરનું શૌર્ય આર્તની આર્તિના નિવારણ માટે હોય છે. માટે હે પ્રભુ, તમે પણ વીર છો તો અમારી આર્તિ દૂર કરો. અને આપની વાણીના અમૃતનું પાન કરાવી અમારી મૂર્છા દૂર કરો-અમને સજીવન કરો.

આ પ્રમાણે ચાર પદાર્થ માટે (હસ્તકમળનું શિર ઉપર સ્થાપન, મુખકમળનું દર્શન, પદાંબુજનું કુચ ઉપર સ્થાપન, મધુર ગિરાથી સંજીવન) પ્રાર્થના કરીને, તે પ્રભુ શાથી આપતા નથી તેમાં હેતુની શંકા જાતેજ કરીને તેનો પરિહાર કરે છે.

**मूलम्** तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहं ।
श्रवणमंगलं श्रीमदाततं भुवि गृणन्ति ते भूरिदा जनाः ।। ६ ।।

**अन्वयार्थ--** હે નાથ ! આપનું કથારૂપ અમૃત સંતાપ પામેલાનું જીવન છે. કવિઓ પણ તેનાં વખાણ કરે છે અને પાપને તે દૂર કરે છે, તે શ્રવણને કલ્યાણ કરે છે. તે શ્રીથી યુકત છે અને સર્વત્ર વ્યાપક છે, પ્રાજ્ઞ પુરૂષો તેનું ગાન (સ્તવન) પૃથ્વી ઉપર કરે છે.

**श्रीसुबोधिनीजी--** શંકા-તમે જે વસ્તુપ્રાપ્તિને માટે પ્રાર્થના કરી તે તો ભકતને જ આપી શકાય. અભકતને નહિ. તમે તો વિરહ છતાં પણ પ્રાણધારણ કરી રહ્યાં છો તેથી અભકત છો (ભકત નથી) એમ નિર્ણય કરી શકાય છે. વળી ભગવાન્ તો સર્વનિરપેક્ષ છે. તેમને તમારા જીવનની જરૂર નથી. (તમે એમ કહેતાં હો કે અમે તો ભગવાન્‌ને માટેજ જીવીએ છીએ, કારણકે ભગવાન્‌ને અમારી જરૂર છે, પણ ના, ભગવાનને તમારી કંઇ જરૂર નથી, કારણ કે પોતે નિરપેક્ષ છે, એમને કોઇની અપેક્ષા નથી.) લક્ષ્મી જેવી ભગવાનની કરોડો દાસીઓ છે. માટે તમારે માટેજ અમે અમારા પ્રાણધારણ કરીએ છીએ એમ કહેવું અસંગત છે. માટે તમારી પ્રાર્થના વ્યર્થ છે. ઉત્તર-ગોપીઓ આ શંકાનો પરિહાર કરે છે આ જીવન અમારી કૃતિથી સાધ્ય નથી પણ તમારી કથા વિરહને લીધે પ્રાણને જતાં અટકાવે છે. (અર્થાત્ અમને જીવવાનો લોભ નથી. તમારી કથા તે પ્રાણને મરવા દેતી નથી.) જેવું તમારું સામર્થ્ય છે તેવી તમારી કથા પણ છે. તે (કથા) પણ છ ગુણોથી યુકત છે, મોક્ષને આપનારી છે. પરમાનંદરૂપ છે. તમારી કથા અમૃત જેવી છે. અમૃત ભગવદ્રસાત્મક છે. સર્વના મરણાદિને જે દૂર કરે તેનું નામ અમૃત કહેવાય છે. આથી મોક્ષ આપવાપણું તથા પરમાનંદરૂપતા સિદ્ધ થઇ. હવે છ ગુણોનું નિરૂપણ કરે છે. 'તપેલાનું જીવન' વગેરે છ પદોથી છ ગુણો જણાવ્યા છે. પ્રથમ વિશેષણ તપ્તજીવન છે. જે સંસારમાં તપ્ત છે તેમનું જીવન જેનાથી છે તેવું અમૃતજ તાપના નિવર્તક તરીકે પ્રસિદ્ધ છે, અને વૈરાગ્ય અથવા ભગવાનનું જ્ઞાન તાપનું નિવર્તક છે. જે સંસ્કારને યોગ્ય છે તેનો જ્ઞાનથી નાશ થાય છે. જે અયોગ્ય હોય છે. તેનો પરિત્યાગથી નાશ થાય છે. માટે જ સંસારમાં આસકત થયેલા સ્માર્તો પરિત્યાગનો બોધ કરે છે. માટે જ્ઞાન તથા વૈરાગ્ય એ તાપના નાશક છે.

તાપના નાશક હોવાપણું તો જલ વગેરેમાં પણ છે, માટે તે અર્થને પણ કહે છે. 'કવિથી વખાણાયલું' કવિથી એટલે સર્વ શબ્દાર્થરસિક જ્ઞાનીઓએ જ્ઞાન અને વૈરાગ્યને વખાણ્યું છે. વળી સ્ત્રીઓમાં પણ તેમ હોય છે. એવું કોઇ કહે તો તેની વ્યાવૃત્તિ કરવાને પ્રસંગવશાત્ કહે છે. 'પાપને દૂર કરે છે.' અલૌકિક સાધક વીર્ય મોટું હોય છે અને તે ધર્મરૂપ છે. અને ધર્મ્ય તે પાપનો નિવર્તક છે. અગર પૂર્વે કહેલા ધર્મથી યુકત છે. કથા પણ તેવી રીતે સર્વત્ર પ્રસિદ્ધ છે. પ્રાયશ્ચિત પણ તેવા હોય છે એમ વિચારીને પ્રસંગવશાત્ તેની વ્યાવૃત્તિને માટે કહે છે કે તે (કથામૃત) કાનને કલ્યાણકારક છે. પ્રાયશ્ચિત તે છાણ વગેરેના લેપનરૂપ છે તથા તેમાં ઉપવાસ કરવો પડે છે. વળી સ્વરૂપે કરીને તે અમંગલ છે. ઘોર હોવાથી તેનું શરણ પણ અમંગલ છે પણ કથામૃત તો શ્રવણ કરતાંની સાથે જ આનંદ ઉત્પન્ન કરે છે. એવું અનુભવ ઉપરથી સિદ્ધ હોવાથી તે કાનને પ્રિય-કલ્યાણકારક છે. આ રીતે તેનું કીર્તિની સાથેનું સામ્ય જણાવ્યું. અહિંઆં વળી પુત્રજન્માદિના શ્રવણમાં પણ કંઇક આ ધર્મનું કાનને પ્રિય હોવાપણું સામ્ય હોવાથી તે પણ શ્રવણમંગલ છે એમ શંકા કરીને તેની વ્યાવૃત્તિમાં કહે છે ''તે લક્ષ્મીથી યુકત છે.'' પુત્રજન્માદિકથા તે તો ધનના વ્યયથી સાધક હોય છે, તે કંઇ ધનની સાધક નથી. કથામૃતની તો લક્ષ્મી પણ અપેક્ષા કરે છે, તેથી તેનાથી તે યુકત બને છે, આથી શ્રોતાની તેમ વકતાની પણ તેની સિદ્ધિ થાય છે. રાજયપ્રાપ્તિના શ્રવણથી પણ તેમ થાય છે એમ શંકા જો થાય તો એની વ્યાવૃત્તિ માટે કહે છે. 'તે સર્વ પ્રાપ્ત છે' રાજયાદિક તો પરિછિન્ન છે. ભગવાનનું ઐશ્વર્ય તે પ્રમાણે (પરિછિન્ન) નથી. સર્વના અંતરમાં બહાર સર્વત્ર તે વ્યાપે છે. કથામૃત તો વળી સર્વ લોકોને વ્યાપે છે, અને સ્વ સામર્થ્યનું સર્વત્ર સંપાદન કરે છે. માટે સ્વરૂપથી તથા ધર્મથી આપના જેવી આપની કથા છે માટે તેનાથી (કથા કરવાથીજ) જીવન રહે છે. પોતાની મેળે નહિ. આનાથી એનો કથામૃતનો ઉત્કર્ષ પણ વર્ણવ્યો છે. તમે કદાચ તિરોભુત થશો, પણ તે વખતે કથામૃતજ જીવાડે છે. ફેર એટલોજ કે ભગવાન સ્વતંત્ર છે અને કથામૃત પરતંત્ર છે. બ્રહ્મા વગેરેની પ્રાર્થનાની તમે અવતાર ધારણ કરો છો અને અવતાર ધારણ કર્યા પછી તેનું તિરોધાન કરો છો. પણ કથા તો એક વખત થઇ આવી હોય તો તેનું તિરોધાન થતું નથી, માટેજ એવું કથામૃત જે પૃથ્વી ઉપર સ્તવન કરે છે, તેજ બહુ અર્થદાતા થાય છે. એટલે પ્રસિદ્ધ વ્યાસાદિ સ્તવન કરે છે. તે પુણ્યશાલીઓ (જે કથાનું સ્તવન કરે છે તેઓ) જન્માદિ દોષથી રહિત થાય છે. અમૃત પરમ વિરલ છે. મરણ નજીક હોય તે સમયે અમૃત તેને દૂર કરે છે. તે એકઠું થઇને રસ ઉત્પન્ન કરતું નથી. રસ અને પિંડની માફક તમારી

અને તમારી કથા વચ્ચે વિશેષ (ભેદ) છે. નહિ તો કથાને માટે જ યત્ન કરવામાં આવત, પણ વિરહમાં મરણના નિવર્તક તરીકે જ તેનો ઉપયોગ છે માટે ભગવાનની કથા કહેનાર તેઓએ આ (કથામૃત) ઘણું આપ્યું છે માટે તેને લીધે તે સાત્ત્વિકીનું જીવન છે.

**ટિપ્પણ--** ઉપરના શ્લોકમાં તપ્તજીવન શબ્દનો અર્થ વૈષ્ણવતોષિણીકાર એવી કરે છે કે જેવી રીતે તપેલા લોઢાના ગોળામાં અગર તેલ વગેરેમાં જેવી રીતે જીવન કહેતાં જલ પડે તો તે અધિક તાપ કરે છે. પણ પ્રકાશકાર કહે છે તે અર્થ અવિચારિત અને અરમણીય છે. તપેલા લોઢાના ગોળામાં સ્વલ્પ જો જલ પડ્યું હોય તો જ્યાં તે જલબિન્દુ હોય ત્યાં પોતાને અનુરૂપ ઉષ્ણતાનો નાશ તે કરે છે એ પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે. નહિ તો બહુ જલનો સંયોગ અધિક તાપનો હેતુ ગણાય. તપેલા તેલમાં જો જલબિન્દુ પડ્યું હોય તો તે તેને ઉત્તેજીત કરે છતાં પણ તીવ્ર વહ્નિથી તેનો નાશ થાય છે.

**શંકા-** જો કથા સર્વ તાપની નાસક હોય તો ભગવાન્‌ના સંયોગની પણ આવશ્યકતા રહેશે નહિ. ઉત્તર-એમ કહેવુ યોગ્ય નથી. કારણ કે અહિંઆં કથાનીજ વાત કરી છે પણ ભગવાનની સાથે તેને સરખાવીએ તો કથા અલ્પ છે અને તેથી સાંસારિક સકલ તાપ દૂર કરવામાંજ તેનું સામર્થ્ય છે. તે વિરહના મહાતાપના નિવારણમાં અસમર્થ છે. આથી ભગવાન્‌ના સંયોગની આવશ્યકતા બની આવે છે. આથીજ મૂળ શ્લોકમાં કથામૃતને જીવનસંપાદક કહ્યું છે. વિરહતાપનું નિવર્તક નહિ. વૈષ્ણવતૌષિણીકારના કહેવા પ્રમાણે જો અર્થ લઇએ તો અમૃતપદ સાથે વિરોધ આવે છે. કારણકે તેનો ગુણ તાપ કરવાનો નથી, વળી ભૂરિદશબ્દની સાથે પણ તેનો વિરોધ આવે માટે તાપનો નાશ કરે છે એમ અર્થ છે.

## કથામૃત સાથી ? : કથામૃતના છ ગુણો : ભગવાન્ અને કથામૃતનું સામ્ય : ભગવાન્ કરતાં પણ કથામૃતની અધિકતા

**વિવેચન--** ઉપરના શ્લોક ૫-૬-૭ અને ૮ માં ચાર વસ્તુઓની પ્રાર્થના કરી. શ્લોક પાંચમામાં સાત્ત્વિસાત્ત્વિકી ગોપીઓએ જાણ્યુ કે ભગવાન્ કંઇ પણ પ્રાર્થ્યા વગર (વગર માગે) આપશે નહિ માટે ભગવાનના કરથી પોતાના મસ્તકની સાથે સંબંધની પ્રાર્થના કરી છે. શ્લોક છઠ્ઠામાં તામસીએ તેના તેજ અર્થની જુદી રીતે પ્રાર્થના કરી છે. તેણે પ્રભુના સુંદર વદનકમળના દર્શન માટે પ્રાર્થના કરી છે. શ્લોક ૭ મામાં તેનાથી ઉત્તમ રાજસીએ પણ એની એ વસ્તુ અન્ય પ્રકારે માગી છે.તેની છાતી ઉપર પ્રભુના ચરણકમળને સ્થાપન કરવાને તેણે એની એ વસ્તુ અન્ય પ્રકારે માગી છે તેની છાતી ઉપર પ્રભુના ચરણકમળને સ્થાપન કરવાને તેણે એની એ

વસ્તુ અન્ય પ્રકારે માગી છે. તેની છાતી ઉપર પ્રભુના ચરણકમળને સ્થાપન કરવાને તેણે વિનતિ કરી શ્લોક ૮ માં તેનાથી પણ ઉત્તમ ગોપીએ અન્ય પ્રકારે તેની માગણી કરી. એણે મધુરગિરાના પાનની માગણી કરી. આ શ્લોકમાં પ્રભુના કથામૃતનું સંકીર્તન કરે છે. ગોપીજનોને પ્રભુનો એટલો બધો વિરહ સંતાપ થયો કે તે તેમનો પ્રાણ ધારણ કરી શકે જ નહિ, પણ પ્રભુનું કથારૂપી અમૃત તે વિરહદશામાં પ્રાણને જતાં અટકાવે છે. ભગવાનની કથા પણ ભગવાનની માફક છ ગુણથી યુકત છે. તે મોક્ષની આપનારી છે, અને પરમાનંદરૂપ છે, તે અમૃત જ છે. અમૃત ભગવદ્રસાત્મક છે. તો કથા પણ તે પ્રમાણે છે. તે તપેલાંનું જીવન છે. સંસારના તાપથી પીડિત થયેલાંના દુઃખનું નિવારણ જ્ઞાન અને વૈરાગ્ય કરે છે. વળી શબ્દાર્થરસિક જ્ઞાનીઓ કથામૃતની સ્તુતિ કરે છે. તે પાપને દૂર કનાર છે; આથી વીર્યધર્મનું સૂચન થાય છે. શ્રવણને કલ્યાણકારક છે, આથી કથામૃતમાં યશઃ ધર્મ છે તે સમજાય છે. તે લક્ષ્મીયુકત છે. અને તે સર્વત્ર વ્યાપે છે; આમાં ઐશ્વર્ય ગુણ છે. આ રીતે જેમ ભગવાનમાં ઐશ્વર્ય, વીર્ય, યશ. જ્ઞાન, વૈરાગ્ય અને શ્રી એ છ ગુણો છે (**एश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भगितीरितः ।। आग्नेय पु**) તેજ પ્રમાણે પ્રભુની કથા પણ ષડગુણસંપન્ન છે. સ્વરૂપે કરીને તેમ ધર્મે કરીને કથામૃત અને ભગવાનનું સાદશ્ય દર્શાવ્યું. આથી તે કથા કરવાથી જ જીવન ટકી રહ્યું છે. ભગવાન્ સ્વતંત્ર છે, પણ તેમનું કથામૃત પરતંત્ર છે. પણ ભગવાન્ તો કદાચિત્ વિરહે કરીને મરણની સ્થિતિમાં મૂકે છે પણ કથામૃત તો તપેલાને જીવન અર્પે છે, માટે પ્રભુના કરતાં તેમના કથામૃતનો ઉત્કર્ષ પણ સૂચવે છે. વળી ભગવાન્ તો બ્રહ્માદિની પ્રાર્થનાથી જ અવતાર લે છે, અને પાછા તિરોધાન પામે છે, પણ કથામૃત તો એક વખત જો હાથમાં આવ્યું તો તે પછી તિરોધાન પામતું નથી. આવા કથામૃતનું જે કોઇ ભૂમિ ઉપર સ્તવન કરે છે તેઓ જન્માદિ દોષથી મુકત થાય છે. પણ જેમ રસમાં અને પિંડમાં વિશેષ છે તેમ ભગવાન્ અને ભગવાનની કથામાં પણ ફેર છે.

તામસીનું કથન કહે છે

**मूलम्- प्रहसितं प्रिय प्रेमवीक्षणं विहरणं च ते ध्यानमंगलम् ।**
**रहसि संविदो या हृदिस्पृशः कुहक नो मनः क्षोभयंति हि ।। १० ।।**

**अन्वयार्थ--** હે પ્રિય ! હે કપટી ! આપનું હાસ્ય, પ્રેમસહિત જોવું, ધ્યાનમાં મંગળકારક વિહાર, અને હૃદયને સ્પર્શ કરનાર ઐકાન્તિક સંકેત વાર્તાઓ આ સર્વ અમારા મનને ક્ષોભ પમાડે છે.

**શ્રીસુબોધિનીજી--** જો આપના ધર્મથી ક્ષોભ ઉત્પન્ન ન થતા હોત તો કથાથી સ્થિતિ શકય બને, જેવી રીતે ભગવાનમાં છ ગુણો છે તે પ્રમાણે છ વ્યામોહ કરનાર ગુણો પણ છે, નહિ તો કથાથી જ અર્થસરત. તે માટે ભગવાન્ માયાથી કપટલીલા પણ કરે છે. પોતાના સ્વભાવદોષથી (માયાના દોષથી) ભગવાન્મા પણ તે પ્રમાણે સ્ફુર્તિ થાય છે. જેવી રીતે જવરથી પીડિતને અન્ન વિરસ લાગે છે તેમ (અહિંઆં માયાએ કરીને પ્રભુની લીલામાં કાપટય છે.) આથી કહે છે તમારૂ હાસ્ય વગેરે અમારા મનનો ક્ષોભ કરે છે. સ્વભાવથી જે ખિન્ન થયેલી તેનો ત્યાગ કરીને અન્યની સાથે જાવ છો માટે અત્યન્ત હાસ્ય પછીથી જો આવીને ખૂબ હસે છે ત્યારે ઘણો ક્ષોભ થાય છે. ''પ્રિય'' સંબોધનથી એમ સૂચવ્યું છે કે પ્રભુના સંબંધથી તેને ક્ષોભ થતો નથી. વળી આપનું જે પ્રેમથી અવલોકન છે તે પણ ક્ષોભ કરે છે. નહિ તો કાર્યમાં વિસંવાદ ન થાય. અથવા મનનું ઉત્તોલક ન રહે. આશાનું જનક ન થાય. આશાથી શ્રમ પણ ન થાય. આપનો વિહાર તે પણ ક્ષોભ ઉત્પન્ન કરે છે. વિહરણ એટલે વેણુવાદનાદિથી ભગવાનનો જે રસ તેને મૂળ રસાકર સ્વરૂપમાંથી બહાર સ્થાપિત કરવો એટલે વિશેષ હરણ (આકર્ષણ) જેનાથી ત્રિભંગલલિત વગેરે થાય છે તે તેનું પ્રથમ અમે ધ્યાન કર્યું છે, તેથી ધ્યાનજ મંગલરૂપ છે. એ તમારૂ લક્ષણ છે અને શુભફલ આપનાર છે. તે પણ અત્યારે ક્ષોભ ઉત્પન્ન કરે છે. કારણ કે આપ તિરોહિત છો તેથી બીજું માયાથી પણ કરે છે એમ મુખ્ય તરીકે ઉકિત છે. આ રીતે રૂપના સંબંધમાં ચાર વસ્તુઓ ક્ષોભ કરનાર છે એમ કહી. હવે નામસંબંધી બે કહે છે. એકાન્તની સાંકેતિક કથાઓ 'તથા હૃદયને સ્પર્શ કરનાર કથાઓ.' એકાન્તમાં જ્ઞાનરૂપ ભગવાનની વાચા છે, અગર શાસ્ત્રજનિત બંધાધિ અભિજ્ઞારૂપ જ્ઞાન જ છે. તેમાં જે વાચા હૃદયને સ્પર્શ કરે છે તે હૃદયમાં પ્રવેશ પામનાર હોય છે, અગર બંધ તથા જ્ઞાન અમારે યોગ્ય જ છે. ફકત નાયકને અનુગુણ હોતાં નથી. તો આ સુખના હેતુ છે અને જો આપ અમને છેતરશો તો તે ક્ષોભ ઉત્પન્ન કરશે. આ અર્થ સર્વ અનુભવથી સિદ્ધ છે. એવું 'હિ' પદથી જણાયું છે.

**વિવેચન--** આ શ્લોકમાં તામસી ગોપીની ઉકિત છે. અહિંઆં ગોપીના હૃદયમાં પ્રભુના દર્શનની અત્યન્ત ઉત્કણ્ઠા થઇ છે અને તેથી કહે છે હે પ્રભુ, તમારૂ હસવું, પ્રેમ સાથે જોવું, ધ્યાનમાં મંગળકારક વિહરણ, એકાંતમાં હૃદયમાં સ્પર્શ કરે એવી તથા જ્ઞાનમય ગોષ્ઠીઓ અમને સંતોષ આપી શકતાં નથી. તેથી તો અમારા મનમાં ક્ષોભ થાય છે માટે હવે અમારે તેની અપેક્ષા નથી. ફકત જો આપનાં દર્શન આપશો તો અમે ઘણાંજ સુખી થઇશું. અહિંઆં પ્રભુના છ વ્યામોહક

ગુણનું વર્ણન કર્યું છે. નામરૂપાત્મક પ્રભુના રૂપ સંબંધી ચાર મોહક ગુણો છે અને નામસંબંધી બે છે. એમ શ્રીસુબોધિનીજીમાં જણાવ્યું છે. આ છ મોહકગુણો પ્રહસિત, પ્રેમવીક્ષણ, વિહરણ, ધ્યાનમંગલ, એકાન્તની જ્ઞાનમય કથાઓ, તથા હૃદયને સ્પર્શ કરનારી કથાઓ-આ છ પણ હવે અમને રુચતાં નથી, અને તેના ઉપર અમારો વિશ્વાસ નથી. માટે જો આપને અમને સુખી કરવાની ઇચ્છા હોય તો આપના મોહક ગુણોથી કપટલીલાનું તિરોધાન કરી સત્વર વિના વિલંબે અમને આપનાં દર્શન આપો. પ્રભુભકિતમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ ગુણો ઉપરની આસકિત પણ જતી રહે છે. પ્રભુના પણ ગુણમાં જયાં સુધી હોય ત્યાં સુધી સગુણત્વ છે. આ ગોપીજનને સગુણત્વની અપેક્ષા નથી. તેમની ભકિતમાં સગુણત્વ નથી. તેઓ સગુણત્વની ભૂમિને હવે વટાવી ગયાં છે, અને નિર્ગુણ ભકિતના પ્રદેશમાં પહોંચી ગયાં છે. આવી સ્થિતિમાં તેમને પ્રભુના ગુણ ઉપર પણ આસકિત ન બને એ સ્વાભાવિક છે. તેઓ પ્રભુને કહે છે કે હવે અમારે આપના ગુણો જોઇતા નથી, પણ અમારે તો આપની જરૂર છે. અમારે તો ધર્મ કરતાં ધર્મી પ્રાપ્ત કરવાની ઇચ્છા છે, તેને આપ કૃપા કરીને પૂર્ણ કરો. આપના હાસ્યાદિ મોહક ગુણો જે ક્ષોભ કરે છે તેને શાન્ત કરો, અને લલિતત્રિભંગી આપના સ્વરૂપનું દર્શન આપો.

રાજસી વચન કહે છે

**मूलम्** चलसि यद्व्रजाच्चारयन्पशून् नलिनसुन्दरं नाथ ते पदम् य

शिलतृणांकुरैः सीदतीति नः कलिलतां मनः कान्त गच्छति ।। ११ ।।

**अन्वयार्थ--** હે નાથ ! હે કાન્ત ! જયારે પશુઓને ચારવા માટે આપ વ્રજમાંથી પધારો છો ત્યારે આપના કમલ જેવા સુંદર ચરણ પત્થર તથા તૃણ અને અંકુરોથી પીડા પામતા હશે એમ વિચારીને અમારૂ મન અત્યન્ત ખિન્ન થાય છે.

**श्रीसुबोधिनीजी--** અમને તો આપના તરફ સ્નેહને લીધે આપને વિષે અયોગ્ય પણ ખેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે; અમારામાં જો કે ખેદ અત્યારે થયો છે છતાં પણ આપને ખેદ થતો નથી, માટે તે ખરેખર ન્યાયવિરુદ્ધ છે. વ્રજમાંથી પશુઓને ચારવાને જયારે આપ પધારો છો ત્યારે પધારતી વખતે નલિન કહેતાં કમળ કરતાં પણ સુંદર-કોમળ જે આપના ચરણ છે તે માર્ગમાં આવેલાં શિલા, શ્વાસ, અને દર્ભોના અંકુર (તામસ, સાત્ત્વિક અને રાજસ) અગર શિલારૂપ જે તૃણ-કઠિન તૃણ તેના અતિપુરુષ અને તીક્ષણ અંકુરથી, કલેશ પામે છે, એ

વિચારથી (વસ્તુતઃ જો કે કલેશ પામતાં નથી, છતાં પણ) હે કાન્ત, અમારાં મન કકળી ઉઠે છે. વ્રજમાંથી એમ કહીને સવારથી શરૂ કરીને ખેદનું સૂચન કર્યું છે. ચલનથીજ ખેદ છે. માટે પ્રથમ તેને કહ્યું, ખરી રીતે તો આપનાં ચરણ અમારાં સ્થાન છોડીને જતાં નથી તોપણ આપજ તે પ્રમાણે પધારો છો. વળી વ્રજની ગાયો અરણ્યમાં લઇ જાવ છો, તેમને માર્ગ ઉપર જવાથીજ ચારણ થતું નથી, માટે અમાર્ગે પણ જવુંજ પડે. ભૂમિ વગેરેને અનુગ્રહ કરવાને માટે પાદુકા પણ આપ ચરણમાં પહેરતા નથી, તેમ પાલ્ય પશુનાં રક્ષણને માટે ચર્મ ચરણમાં પહેરતાં નથી (મોજડીઓ તથા પાદુકા સિવાયના આપના ચરણ ખુલ્લા હોય છે) આથીજ કમલવત્ કોમલ ચરણ શિલા તથા તૃણ તથા અંકુરથી કલેશ પામે છે, જલમાં સ્થિત રહેવું તે યોગ્ય છે, અગર જલપૂર્ણ સ્થળમાં કમળથી પણ સુંદર જો ચરણ હોય તો લક્ષ્મીમાં અગર અમારામાં જ સ્થિત થવાને યોગ્ય છે. 'નાથ' એ સંબોધનથી એમ સૂચવે છે કે પશુના ચારણ માટે ઘણાએ બીજા ગોપોને મોકલી શકાય એમ છે છતાં આપ જાતેજ પધારો છો. વનમાં ત્રણ પ્રકારની ભૂમિ હોય છે. પર્વતરૂપ, અરણ્યરૂપ, અને કચ્છરૂપ, આ ત્રણ પ્રકારની ભૂમિ એક એક સ્થળે એમ ક્રમમાં હોય અગર સર્વ પ્રકારની એક સ્થળમાં પણ હોય. એક સ્થળે સ્થિતિ હોવાથી, અશક્તિથી અવસાદ થાય છે. પછી ચિન્તા થાય છે.જાતે જઇને સ્વહૃદયમાં તેનું સ્થાપન થવું જોઇએ. (ગોપીઓને પ્રભુના ચરણકમલ કલેશ પામે છે એમ વિચારીને ખેદ થાય છે; અને ચિન્તા થાય છે. માટે વનમાં જઇને પ્રભુનાં ચરણકમળને હૃદય ઉપર સ્થાપિત કરવા એમ ચિન્તા થાય છે.)

આ પ્રમાણે સાત પ્રકારની અનન્યપૂર્વાનું નિરૂપણ કર્યું. અને બીજા ચાર છે. ક્રમ પ્રમાણે પ્રથમ છનું નિરૂપણ કરે છે. પ્રથમ રાજસતામસીનાં વચન કહે છે, તેઓ બહાર જઇને પ્રભુનાં દર્શન કરવાને અશક્ત છે. આથી જ્યારે સાયંકાળે ભગવાન આવે છે ત્યારે ભગવાનનાં દર્શન કરે છે અને તેથી તેમના મનમાં કામ થાય છે. પછી બન્ધપ્રાર્થના તથા અધરામૃતપ્રાર્થના રજસ તથા સત્ત્વથી થશે.

અનન્યપૂર્વાઓને તો નિત્ય કામ હોય છે

**मूलम् दिनपरिक्षये नीलकुंतलैर्वनरुहाननं बिभ्रदावृतम् ।**
**धनरजस्वलं दर्शयन्मुहुर्मनसि नः स्मरं वीर यच्छसि ।। १२ ।।**

**अन्वयार्थ--** હે વીર ! સાયંકાળે, કાળા વાળથી વિંટાયલું, અને ગાયોની રજવાળું (રજથી ધુંસરૂ થયેલું) આપનું કમળજેવું. મુખ દેખાડીને અમારા મનમાં વારંવાર કામ ઉત્પન્ન કરો છો. (વશ કરો છો.)

**શ્રીસુબોધિનીજી** -- દિવસના અન્ત વખતે એટલે સંધ્યાકાળે ક્ષય કહેવાથી દિવસમાં દ્વેષ્યત્વનું જ્ઞાન થાય છે. આ રજોગુણનો સમય છે અને કામનો કાળ છે. કાળા વાળ ભ્રમરની માફક રસના બોધક છે. જે મુખકમલના લાવણ્યરૂપી અમૃતને પીએ છે તે ઉદ્દબોધક થાય છે. (રસના જ્ઞાતા થાય છે.) આથી તેમનાથી ઘેરાયલું કમળ જેવું આનન ધારણ કરતા એવા હે વીર પ્રભો, તમે અમારા મનમાં કામને ઉત્પન્ન કરો છો. (કામને આપો છો.) સંધ્યાસમયે નીલ વર્ણના ઘેરાવામાં તેની (સંધ્યાની) પ્રભાની વ્યાપ્તિ થાય છે આથી એમ કહીને અને વનરુહ (કમળ) ની ઉકિત કરીને કુવલય (કમળ) ના જેવી પ્રભુના વદનની શોભો છે એમ જણાવ્યું છે અને વળી પ્રિયાના મુખચંદ્રના દર્શનથી ઉત્તરોત્તર અધિક વિકાસ પામે છે, અને તેથી અત્યાર પહેલાં તેના સદશ કંઇ નહોતું તેમ જણાય છે. આથી પ્રિયની સર્વમાં આસકિત છે એમ સૂચન થાય છે. આથીજ જલપદનો ત્યાગ કરીને વનપદ અહિંઆં વાપર્યું છે (મૂળ શ્લોકમાં વનરુહશબ્દ છે તેમાં ''વન'' પદ) આથી વનમાં જે અવસ્થા તેનું જ્ઞાન કરાવવાને તે ધર્મોને ધારણ કરતું મુખ દર્શાવે છે એમ ધ્વનિથી સમજાય છે. વળી ધનથી-ગાયોથી તે મુખ રજસ્વલ છે. (રજથી ધૂસર દેખાય છે.) અને તેને વારંવાર દેખાડે છે. મધ્યે માર્ગમાં જાય છે તે વખતે મુખનું દર્શન કરાવે છે. બન્ને બાજુએ સ્થિત ગોપીઓ એક પછી એક જુએ છે. આથી વારંવાર મુખનું દર્શન થાય છે એમ કહ્યું. અથવા આગળ જતાં વારંવાર પાછળ ફરીને જુએ છે એ અર્થમાં પણ એ સમજાય છે. એવી જાતનું દર્શન સ્વ અપેક્ષાનું જ્ઞાપક છે એથી તે સ્મરને ઉત્પન્ન કરે છે. સતત દર્શનથી ત્યાંજ રસાસ્વાદન થાય છે તેથી સ્મરોત્પત્તિનો અવસર થતો નથી. આથી વારંવાર દર્શન કરવાથી કામનો અગ્નિ ભસ્મ થાય છે. એ પ્રમાણે કરવાથી તેના સંતોષને માટે અથવા તેના નિરાકરણ માટે યુદ્ધ અવશ્ય કરવું જોઇએ. માટે અહિંઆં વીર એમ સંબોધન કર્યું છે. ''ધનરજસ્વલ'' પદ શ્રમનો સૂચક થાય છે. શ્રમની નિવૃત્તિ તો અમારાથીજ થાય.

વનમાંજ આ સર્વથા ભોગ્ય છે. માટે જ અહિંઆં આવ્યાં છે. 'આથી ગૃહમાં રતિનું દાન કરીશ.' એવા પક્ષની વ્યાવૃત્તિ કરી છે. બલાત્કારે તે અવસ્થાનું સ્થાપન કરે છે. જો મુખનું સંમાર્જન કરીને આવે તો પ્રસન્ન મુખના દર્શનથી જ્ઞાન થાય. ધનસંબંધિ રજ એ કામ છે, ક્રોધ નહિ. જેમ પાત્ર પકડી રાખીને તેમાંનું અન્ન ભોગને માટે (ખાવાંને માટે) આપવામાં આવે છે તે પ્રમાણે મુખને પકડી રાખીને ત્યાં આવેલો કામાત્મક રસ મનમાં સ્થાપિત કરાય છે એવો મુખધારણનો હેતુ છે. ભોગને માટે આપવામાં આવ્યો છે માટે ભોગ કરતો જોઇએ. આ કામ આગન્તુક છે, માટે અન્યથી આનો સંતોષ થઇ શકે નાહ.

## 'વીર' સંબોધનનું તાત્પર્ય

**વિવેચન--** અનન્યપૂર્વાને તો નિત્ય કામ હોય છે. પણ તે સિવાય એટલે રાજસ તામસી વગેરેનો નિત્ય કામ હોતો નથી. તેઓ ગૃહ બહાર નીકળીને પ્રભુનાં દર્શન કરવાને અશકત હોવાથી જ્યારે પ્રભુ સાયંકાળે વૃંદાવનમાંથી ગાયો સહ વ્રજમાં પાછા પધારે છે. ત્યારે મુખકમળનું દર્શન કરે છે. આ સમયે દર્શન કરીને તેમના મનમાં કામ ઉત્પન્ન થાય છે. આ ગોપી અહિંઆં પ્રભુને ઉપાલંબ (મહેણું) આપે છે. હે પ્રભો ! આપ વારંવાર આપના મુખકમળનાં દર્શન કરાવીને અમારા હૃદયમાં કામને ઉત્પન્ન કરો છો પણ તે કામને સંતોષવા અંગસંગનું સુખ આપતા નથી, તો શું તે આપને ઉચિત કહેવાય ? આપ ખરેખર કપટી દેખાવ છો. આ શ્લોકમાં 'સાયંકાળ' માટે 'દિનપરિક્ષય' એવો શબ્દ વાપર્યો છે એટલે જ્યારે દિવસનો ક્ષય (નાશ) થાય ત્યારે. ક્ષયશબ્દથી દિવસ પ્રતિ તિરસ્કાર સૂચવ્યો છે; કારણ કે દિવસે પ્રભુ વ્રજની બહાર વૃન્દાવનમાં ગાયો લઇને પધાર્યા તેથી ગોપીજનોને રુચતું નથી; તેઓ સાયંકાળનુજ સ્મરણ કર્યા કરે છે. તેમનું હૃદય પ્રભુ તરફ છે. પણ તેમનાથી ગૃહની મર્યાદાનું ઉલ્લંઘન થતું નથી, એટલે જ્યાં પ્રભુ પધાર્યા છે ત્યાં પોતે જવાને અશકત છે પણ મન સાથે ઉત્સુકતાથી સાયંકાલના સમયનું ચિંતન કરી રહ્યાં છે. સંધ્યાકાળનો સમય થશે કે તુર્તજ પ્રભુ ગાયોને લઇને વ્રજની ભૂમિમાં પાછા પધારશે અને તેથી જરૂર અમને દર્શન થશે, એવી આશામાં પોતાના દિવસનો સમય વ્યતીત કરે છે. સંધ્યાકાળનો સમય તે કામનો કાળ છે. દિવસે કામની સત્તા ચાલતી નથી. પણ સંધ્યાકાળનો આરંભ થતાં કામની સત્તા શરૂ થવા લાગે છે; આથી જ્યારે તે સમયે પ્રભુના મુખકમળનું દર્શન થાય છે ત્યારે તેમના હૃદયમાં કામ ઉત્પન્ન થાય છે. સાયંકાળે પ્રભુ પાછા પધારે તે વખતે તેમનું મુખ જેવું હોય છે તેવું દર્શન કરવાની અત્યારે ઇચ્છા થવાથી આ પ્રમાણે કહે છે. પ્રભુના મુખનું અહિંઆં વનરુહ-કમળની સાથે સાદશ્ય કર્યું છે. ચંદ્રદર્શનથી કમળનો અધિક અધિક વિકાસ થાય છે, તેમ પ્રભુનું મુખકમળ પણ પ્રિયાના મુખરૂપી ચંદ્રના દર્શનથી વધારેને વધારે વિકાસ પામે છે. આ ભાવાર્થ લાવવાને માટે 'વનરુહ' શબ્દ વાપર્યો છે. સાયંકાળે પ્રભુભકતને એકજ વખત્ મુખકમળનું દર્શન આપે છે એવું નથી પણ વારંવાર દર્શન કરાવવાથી ગોપીજનોના હૃદયમાં કામ ઉત્પન્ન થાય છે. પણ જો તે દર્શન નિરન્તર થતું હોય તો કામ ઉત્પન્ન ન થાત, કારણકે તેથી રસનો આસ્વાદ કરી શકાય. અહિંઆં પ્રભુને માટે 'વીર' એ પદથી સંબોધન કરવામાં આવ્યું છે. તેથી એમ સૂચવ્યું છે કે ગોપીહૃદયમાં જે કામ ઉત્પન્ન થયો છે તેને શાન્ત કરવાને કોટિકંદર્પલાવણ્ય પ્રભુ સિવાય બીજું કોઇ

પણ સમર્થ નથી. મોટા મોટા ઋષિઓ તથા મુનિઓ પણ કામ પર સંપૂર્ણ વિજય મેળવી શકયા નથી. તેમના અથાગ તપશ્ચર્યા, યમનિયમાદ સાધનો તથા સંયમ વગેરેનું પાલન હોવા છતાં પણ આ કામ ઉપર વિજય મેળવી શકયા નથી; આથી કામ અજેય છે અને તેની કળા આગળ-તેના શસ્ત્ર આગળ-સર્વ ઉપાયો નિષ્ફળ થાય છે, માટે તેના પર વિજય મેળવનાર તેજ ખરેખર 'વીર' સંબોધનને લાયક છે. ભગવાને એક તે શું પણ કરોડો કામની કળાઓને નિર્મૂળ કરી શકે એવું સામર્થ્ય ધરાવે છે. તેમનામાં કરોડો કામનું લાવણ્ય છે, આથી દુનિયામાં જાણાતો કામ બિચારો તેમની આગળ કંઇ પણ કરી શકે એમ નથી આ ભાવાર્થ જણાવવાને અહિંઆં પ્રભુને માટે 'વીર' શબ્દથી સંબોધન કર્યું છે. મુખકમળને અહિંઆં શ્યામ કેશથી વિંટાયેલું એમ કહ્યું છે; આથી શ્યામકેશનું ભ્રમરની સાથે સાદશ્ય દર્શાવ્યું છે. અને મુખલાવણ્યને કમળની અંદર રહેલા રસની સાથે સરખાવ્યું છે. જેમ કમળમાં રહેલા રસનું ભમરાઓ પાન કરે છે, તેમ પ્રભુના શ્રીમુખની શોભાએ નિકટ આવેલા શ્યામકેશ પણ શ્રીમુખના લાવણ્યમૃતનું પાન કરે છે. અહો પ્રભુનું મુખ કેવું સુંદર છે ! જેમ ભમરાઓ કમળના રસનું પાન કરે છે તેમ કેશ પણ જાણે શ્રીમુખ ઉપર છવાયેલા સૌંદર્ય-રૂપનું પાન કરતા હોય તેવી રીતે આવી રહેલા છે. આથી એવો પણ વ્યંગ્યાર્થ સમજી શકાય કે કેશ શ્યામ છે તો પણ પ્રભુના રસનું પાન કરે છે તો પછી આપણે વિષય-વાસનાથી રહિત શુદ્ધ અંત:કરણવાળાં તે રસનું પાન કરવાને ભાગ્યશાળી નહિ થઇએ ? આ કેશ શ્રીમુખની નિકટ હોવાથી પ્રભુના સૌન્દર્યનું પાન કરી રહ્યા છે, હે સખીઓ ! આપણે જો પ્રભુની નિકટ સ્થિત થઇશું તો તે આપણને પણ રસનું પાન કરાવશે. મુખને અહિંઆં કમળ કહ્યું છે, તેમ સરખાવવામાં કમળની શોભા વગેરે ગુણો મુખમાં છે એમ જણાવે છે, પણ કમળપદ નહિ મૂકતા વનરુહ-વનમાં ઉગનાર તે,એવો શબ્દપ્રયોગ કરવામાં પણ ગૂઢાર્થ રહેલો છે. વન એટલે એકાન્તવાસ નિવૃત્તિની ઇચ્છાવાળા તાથા એકાન્ત તેમજ શાન્તિને ચ્હાનારા વનમાં પ્રવેશ કરે છે, તેમ રતિરસનો ભોગ વનમાંજ વિના સંકોચથી થઇ શકે છે. આ પદ્યમાં વનમાંથી સાયંકાળે પાછા ફરતી વખતે સ્વામિનીઓને પ્રભુનાં કેવી રીતનાં દર્શન થતાં તેનું સૂચન કરાવ્યું છે, પણ અહિંઆં તેનો મર્મ એ છે કે પ્રભુ અત્યારે વનમાંથી પાછા ફરે છે છતાં પણ આસકિતથી પુન: રમણને માટે અત્ર પ્રવેશ કરશે. વનમા ઉગનાર કમળની માફક અમારા હૃદયના તાપને શાન્ત કરનાર પ્રભુનું મુખજ છે. વનરુહ-કમળ, વનમાં એકાન્ત સ્થળમાં ઉગે છે, ભરવસ્તીમાં નહિ. તેમ પ્રભુના શ્રીમુખના દર્શન પણ. એકાન્તમાં-સગના અભાવમાં સંસાર પ્રત્યેની

અનાસકિતથી જ થઇ શકે છે. હે સખીઓ! આપણે આ સ્થળમાંજ રહેવું જોઇએ, જો કે આપણને એમ જણાવવામાં આવે કે આપણે અહંથી પાછા ફરવું, કારણકે આ રતિદાન આવા સ્થાનમાં નહિ કરવામાં આવે તો પણ આપણે તેમાં વિશ્વાસ રાખવો નહિ. આ સ્થાન તે રસને માટેજ યોગ્ય છે. જો તે રસસ્વરૂપનો સાક્ષાત્કાર થવાનો હોય તો તે આ સ્થળમાં જ થવો જોઇએ. અહિંથી સંસાર તથા તેના બંધનો લાખો ગાઉ દૂર છે.

અહિંઆં ગોપી રાજસતામસી છે. તે એ સમયે દોહનાદિકાર્યમાં વ્યગ્ર હોય એ ભાવ પ્રદર્શિત કરે છે. કાલ પણ રાજસતામસ છે. સંધ્યાકાલ સમયની તમોવ્યાપ્તિ તથા રજઃપ્રસરણ આ રાજસતામસત્વનું સૂચન કરે છે. સાયંકાળની લીલાના સ્મરણથી 'કામ' ની ઉત્પત્તિ થતી વર્ણવી છે. સ્તવન કરનાર ગોપીને પણ તે ભાવથી કામ ઉત્પન્ન થાય છે. પ્રભુને તે કામનું શમન કરવા પ્રાર્થના કરે છે. આની પૂર્વના ગીતમાં ગોચરણલીલાની સ્ફૂર્તિ કરીને પ્રભુનું ગાન કર્યું છે. અહિંઆં ત્યાર પછી લીલા દર્શાવી છે.

એનાથી ઉત્તમ ગોપી અનન્યપૂર્વાની માફક ચરણના ધારણની પ્રાર્થના કરે છે

**मूलम्** **प्रणतकामदं पद्मजार्चितं धरणिमण्डनं ध्येयमापदि ।**
**चरणङ्कजं शंतमं च ते रमण नः स्तनेष्वर्पयाधिहन् ।। १३ ।।**

**अन्वयार्थ--** હે રમણ ! હે આધિ (મનની પીડા) ને હણનાર પ્રભો ! આપને પ્રણામ કરનારાઓની કામના પૂરનાર, લક્ષ્મીથી પૂજાએલું, (અગર **पद्मज** એટલે બ્રહ્મા અને તેનાથી આર્ચિત એમ બીજો અર્થ પણ થઇ શકે), પૃથ્વીનું ભૂષણ, આપત્સમયે ચિન્તન કરવા યોગ્ય તથા સુખકારી આપના ચરણકમળને અમારા ઉપર મૂકો.

**श्रीसुबोधिनीजी--** આથીજ (અનન્યપૂર્વા સિવાય અન્ય ગોપીની આ ઉકિત હોવાથી) અહિંઆં પુનરુકિત નથી (શ્લોક ૭ માં પણ ચરણકમળને કુચ ઉપર સ્થાપન કરવાને પ્રાર્થના કરવામાં આવી છે) પણ પહેલાંની સરખામણીએ અહિંઆં ચરણનું માહાત્મ્ય અધિક ગુણનું આધાયક છે. પ્રથમ તો (શ્લોક ૭ માં) તે દોષના નિવર્તક ચરણકમળની પ્રાર્થના નથી.) હે રમણ કહેતાં રતિનાં કરનાર ! અમારા ઉપર ચરણ પંકજને મૂકો. તેનું પ્રયોજન કહે છે. આપ આધિના હણનાર છો અગર આર્તિના હણનાર છો. હૃદયતાપ અને ચિંતાનું નિવારણ થવું જોઇએ. દષ્ટ ઉપકારથીજ તાપ જતો રહેશે. અમારા હૃદયમાં સ્થાપિત બહાર નીકળી જતાં નથી, માટે આપે તેને (ચરણ પંકજને)

બહાર સ્થાપિત કરવું જોઇએ. ચરણ કમળના પણ ભગવાનની માફક છ ગુણો છે. અત્યન્ત પ્રભુને જે નમેલા છે અર્થાત્ જેમને અનન્ય શરણ છે, તેમની કામનાઓ પૂર્ણ કરનાર ચરણકમળજ છે. અભિલર્ષિત અર્થના આપનાર તે છે ઈશ્વરજ એવા (કામના પૂરનાર) હોઇ શકે. ત્યાં રહેલા કામને સ્તબ્ધો ગ્રહણ કરી શકતા નથી, માટે 'પ્રણામ કરનાર' એમ કહ્યું છે. તે વળી બ્રહ્માથી પૂજાયલું છે. આથી ચરણકમળના ધર્મગુણનું નિરૂપણ કર્યું. બ્રહ્મપ્રાર્થનાથીજ અહિંઆં આવેલા છે. 'પૃથ્વીનું ભૂષણ' એમ કહીને તેનો કીર્તિગુણ કહ્યો. 'આપત્સમયે ચિન્તન કરવા જેવું' એમ કહીને શ્રી અગર કીર્તિ ગુણ વર્ણવ્યો. કમળની સાથે તેનું સામ્ય કરીને તેની સર્વોત્કૃષ્ટતા પણ કહી. 'સુખકારી' એટલે ઘણું કલ્યાણકારક છે, આર્તિના હણનાર એ સંબોધનથી જ્ઞાનરૂપનું વર્ણન કર્યું. તમારૂ ચરણકમળ એમ સંબંધના નિરૂપણથી તે વૈરાગ્યયુકત છે એમ જણાવ્યું છે. રમણ એટલે ઈષ્ટ (વાંછિત) ના આપનાર, અને આર્તિના હણનાર એટલે અનિષ્ટના નિવારક એમ કહ્યું છે, અથવા લોકમાં જે પાંચ પ્રકારનો ઉપકાર કરે છે તે અમારા ઉપર એક ઉપકાર કરો એમ પ્રાર્થના કરી છે. પ્રણામ કરનારાઓને ચરણકમળ કામનાઓ આપે છે (પૂર્ણ કરે છે) તે પહેલાં કહ્યું છે 'હે વીર, અમારા મનમાં કામને આપો છો (ઉત્પન્ન કરો છો)' અથવા અત્યન્ત નમ્ર બનેલાના કામનું ખણ્ડન કરો છો એમ પણ અર્થ થઇ શકે. ચરણકમળ બ્રહ્માથી અગર લક્ષ્મીથી પૂજાયેલું છે. ઐશ્વર્યને માટે અથવા કામને માટે નખચંદ્રથી તે અર્ચિત છે એમ અર્થ છે. અથવા તો તેની તુલ્ય છે. નહિ તો તેઓ ચરણકમળમાં જન્મ શી રીતે પ્રાપ્ત કરે ? પૃથ્વી પણ સ્ત્રી છે, અને જ્યાં સુધી તેણે અલંકાર ન પહેર્યો હોય ત્યાં સુધી તેનો ભોગ કરાતો નથી, માટે તેમાં પણ પદનું સ્થાપન કહ્યું છે. ભગવાનની સરખામણીમાં ચરણ મહાન છે કારણકે આપત્કાળે ધ્યાન કરતાંની સાથે જ આપતને દૂર કરે છે. જેવી રીતે એમને સર્વ ઉપકાર કરનાર છે તેવી રીતે અમારા ઉપર પણ કરો એવી પ્રાર્થના છે. આથી સર્વજ સુરતનિબંધોનું સૂચન કર્યું છે.

### ચરણકમળનું ષડ્ધર્મયુકતત્વ

**વિવેચન--** પાછલા શ્લોકમાં, સાયંકાલે પ્રભુ જ્યારે ગાયોને ચરાવીને વ્રજભૂમિમાં પાછા પધારે છે ત્યારે બહાર જવાને અશકત ગોપી પ્રભુનાં દર્શન માટે ઘણી ઉત્સુક હોય છે; એમ જણાવ્યું છે, પ્રભુનું મુખકમળ તેના હૃદયમાં કામ ઉત્પન્ન કરે છે, પણ તે કામને સંતોષવાને માટે પ્રભુ અંગસંગનું સુખ આપતા નથી માટે પ્રભુને કપટી જાણીને ઉપાલંભ આપે છે એમ ત્યાં કહ્યું. અહિંઆં પણ એમ કહે છે કે હે પ્રભુ હવે તમારી કપટ વિદ્યાને દૂર કરો, અને અમારા ઉપર કૃપા કરીને અમારી ઈચ્છા તૃપ્ત કરો. અહિંઆં ગોપી ફકત મુખદર્શન માટે પ્રાર્થના કરતાં નથી. એમના હૃદયમાં પ્રભુનાં

દર્શન કરતાંની સાથે કામ ઉત્પન્ન થયો છે માટે તેને શાન્ત કરવા, પ્રભુના ચરણારવિંદને સ્તન પ્રદેશ ઉપર સ્થાપન કરવા પ્રાર્થના કરે છે. શા માટે ત્યાં સ્થાપન કરવા માટે કહે છે ? તો જણાવે છે કે પ્રભુનું ચરણકમળ પ્રણામ કરનારના કામને ખણ્ડન-શાન્ત-કરનારૂ છે. માટે ગોપીઓના સ્તનપ્રદેશ ઉપર જો એનું સ્થાપન કરવામાં આવે તો જરૂરથી તેમનો કામ શાન્ત થશે. પ્રણામ કરનારની કામનાઓ શાન્ત કરનાર, બ્રહ્મા-અગર લક્ષ્મી અગર નખથી (કારણકે પદ્મના આ ત્રણે અર્થ થાય છે) અર્ચિત, પૃથ્વીના ભૂષણરૂપ, આપત્કાળમાં ધ્યાન કરવા લાયક, અને સુખકારી આમ પાંચ વિશેષણો ચરણપંકજને માટે અહિંઆં શ્લોકમાં વાપર્યાં છે. એથી પ્રભુનું ચરણકમળ પાંચ પ્રકારના ઉપકાર કરે છે. લૌકિક કામનું ખંડન, ઐશ્વર્ય, સ્વ કામનાનું દાન, પૃથ્વીને અલંકાર, અને આપત્તિનો ત્યાગ, આ પાંચ પ્રકારના ઉપકાર પ્રભુ કરે છે, પણ ગોપીઓ તો એવું કહે છે, હે પ્રભુ, અમારા ઉપર ભલે એ પાંચ ઉપકાર આપ ન કરો, એની અમને દરકાર નથી,પણ અમારા તાપને તે અવશ્ય દૂર કરોજ. અમારા હૃદયનો તાપ તથા ચિંતા દૂર કરો. પ્રભુમાં જેમ છ પ્રકારના ગુણો છે તેમ ચરણ કમળમાં પણ છ ગુણો છે અને તેથી પ્રભુ જરૂર તેમની પ્રાર્થનાને પૂર્ણ કરશે; પ્રભુને અહિંઆં 'રમણ' તરીકે સંબોધ્યા છે, તેનું કારણ એ છે કે જે કોઇ રમણ હોય છે, તે રતિ કરે છે, અને શૃંગારરસનું સુખ આપે છે. પ્રભુ પણ 'રમણ' હોવાથી તેમને રસનું સુખ આપશે. તેમના હૃદયમાં તાપ દૂર કરનાર પણ પ્રભુજ છે, માટે 'આર્તિના હણનાર' એમ કહ્યું છે. આગળ શ્લોક ૭ માં પણ પ્રભુના ચરણકમળને કુચ ઉપર સ્થાપન કરવાને માટે પ્રાર્થના કરી છે, અહિંઆં પણ તેજ પ્રમાણે કહ્યું છે, તો કોઇ કહેશે કે અહિંઆં પુનરુકિતનો દોષ નથી. આ શંકાના સમાધાનમાં જણાવવાનું કે અહિંઆં પુનરુકિત દોષ નથી. તેનું કારણ એ છે કે પૂર્વે અનન્યપૂર્વા ગોપીની ઉકિત હતી. અહિંઆં તે સિવાયની છે. વળી પૂર્વે ચરણકમળનું દોષના નિવારક તરીકે નિરૂપણ કર્યું છે, પણ અહિંઆં તેવી રીતનું નથી. અહિંઆં તો ચરણ ઉપકારક છે, એમ કહ્યું છે. એટલે તે ગુણાધાયક છે-ગુણનું આશ્રય છે. માટે પુનરુકિતદોષ સંભવતો નથી.

પછીથી તેનાથી ઉત્તમ પ્રાર્થના કરે છે.

**मूलम् सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुंबितम् ।**
**इतररागविस्मारणं नृणां वितर वीर नस्तेडधरामृतम् ।। १४ ।।**

**अन्वयार्थ--** હે વીર ! સુરતને વધારનાર, શોકનો નાશ કરનાર, સ્વરયુકત વેણુથી બરાબર ચુંબન કરાયલું, મનુષ્યોના બીજા રાગને ભુલાવનાર-એવું જે આપનું અધરામૃત છે તે અમને આપો.

**શ્રીસુબોધિનીજી--** અધરામૃત આપો, અહિંયાં પણ અધરામૃત ગુણના આશ્રયરૂપ છે. એમાં ચાર ગુણ છે એમ કહ્યું. અહિંઆં જ્ઞાન અને વૈરાગ્ય ઉપયોગમાં નથી. પ્રથમ તેના ઐશ્વર્યને જણાવે છે. અધરામૃત સુરતને વધારનાર છે. ગોપિકાઓમાં મર્યાદિત કામ તે મર્યાદિતની સાથેના સંયોગમાં કલેશયુકત થાય છે. જેવી રીતે રસો (વૈદ્યો જે રસ આપે છે તે) ભૂખને જગાડે છે. તેવી રીતે આ રસ કામને જગાડે છે. વળી આ ફકત કામનુંજ પોષણ કરે છે એવું નથી, પણ સર્વ અંત:કરણના દોષનું પણ નિવારણ કરે છે, માટે ''શોકનું નાશક હોવાપણું તથા જ્ઞાનવૈરાગ્યનું નિરૂપણ કર્યું, વળી ઐશ્વર્ય ધર્મને પણ જણાવ્યો, હવે યશોરૂપને કહે છે. ''સ્વરયુકત નાદથી બરાબર ચુંબન કરાયેલું'' નાદના જાણનાર યશનું કીર્તન કરે છે અને વેણું પરમભકત છે તેથી તેણે પણ અધરામૃતને ચુંબન કર્યું એમ કહ્યું છે, પાન કર્યું એમ નહિ. ''પુરુષોના બીજા રાગ ભૂલાવનાર'' આ વિશેષણ શ્રીરૂપ છે, તે શ્રી સર્વનું વિસ્મરણ કરાવે છે. પોતે જ પુરુષાર્થરૂપ હોવાથી પ્રમેયબલ કહ્યું છે. પ્રથમ પ્રમાણ બળની વાત કરી. ''શોકનો નાશ કરનાર'' એનાથી ફલનું બલ જણાવ્યું. ''સુરતની વૃદ્ધિ કરનાર'' એમ કહીને સાધનબળ જણાવ્યું. આ પ્રમાણે ચાર પ્રકારના પુરુષાર્થનું આપનાર હોવાથી જાતે જ (અધરામૃત) પુરુષાર્થરૂપ છે. જો કે અમારા માણસોજ એના અધિકારી છે, જેને પુરુષાર્થ દુર્લભ છે તેને આ અધરામૃત ન આપી શકાય એવું હોય તો પણ તેનું વિતરણ ગુણથી આપવાને શકય છે માટે તેનું અમને દાન કરો. 'વીર' શબ્દના સંબોધનથી એમ જણાવે છે કે તે સિવાય આપનામાં શૌર્ય બીજી રીતે સંભવતું નથી.

## અધરામૃતનું ગુણાધાયકત્વ

**વિવેચન--** અહિંઆં અધરામૃતની પ્રાર્થના કરવામાં આવી છે. અધરામૃત પણ ગુણાધાયક છે. તેના ચાર વિશેષણો શ્લોકમાં વાપર્યા છે. પ્રથમ ''સુરતને વધારનાર'' વિશેષણ વાપર્યું છે તેનાથી અધરામૃતનું સાધનબળ જણાવ્યું છે; વળી તે શોકનું નાશક છે, આથી તેના ફળબળનું નિરૂપણ કર્યું. વળી તે વેણુથી ચુંબિત છે. ''આમાં પ્રમાણબલ છે અને 'મનુષ્યોના બીજા રાગને ભૂલાવનાર.' એ વિશેષણથી પ્રમેયબળ જણાવ્યું છે. આ પ્રમાણે અધરામૃતમાં ચારે પુરુષાર્થ છે-પુરુષાર્થ આપનાર છે. વળી અહિંઆં આ ચાર વિશેષણોથી ઐશ્વર્ય, જ્ઞાન, વૈરાગ્ય, યશ અને શ્રી એ ચાર ગુણોનું નિરૂપણ કર્યું. એટલે પ્રભુના અધરામૃતમાં આ ચાર ગુણો છે. સુરતનું વધારનારૂ અધરામૃત કહ્યું છે તેનું કારણ એ છે કે જેમ કોઇપણ રસનું સેવન કરવામાં

આવે તો તેથી ક્ષુધા સતેજ થાય છે તેમ અધરામૃતનો આસ્વાદ કામનેજ જાગૃત કરે છે એટલુંજ નહિ પણ અંતઃકરણના દોષો પણ દૂર કરે છે. આમાં ઐશ્વર્ય ગુણ જણાવ્યો છે, ''શોકનાશક'' કહીને તેના જ્ઞાનરૂપતા વર્ણવી છે. 'વેણુનાદથી ચુંબિત' એથી યશ ગુણગાનનું નિરૂપણ કર્યું છે, કારણકે નાદને જાણનારા યશને વખાણે છે. 'માણસોના ઈતર રાગને ભૂલાવનાર' આ વિશેષણથી શ્રીધર્મને જણાવ્યો છે. શ્રી જ ગર્વ ભૂલાવી દે છે. ગોપીઓ કહે છે કે હે પ્રભુ, જો કે અમે આપના અધરામૃતને લાયક નથી, કારણકે આપનું અધરામૃત સાધન-પ્રમાણ-પ્રમેય અને ફલ એમ ચાર બલથીયુકત છે. સર્વ પુરુષાર્થ યુકત છે; જયારે પુરુષાર્થ અમને તો દુર્લભ છે. આ રીતે અમે અધરામૃતનો આસ્વાદ લેવાને અધિકારી નથી પણ આપ વીર છો. વીરનું પરાક્રમ અનધિકારીને અધિકાર આપવામાં છે. આપ જો અમને એ રસનું દાન નહિ કરો તો અન્ય કોણ કરશે ? આપના જેવો બીજો કોણ વીર છે ? અમે તો બીજા કોઇને વીર જોતા નથી. માટે ગમે તેમ થાય તો પણ આપ અમારા ઉપર કૃપા કરો અને અધરામૃતનું પાન અમને કરાવો.

આ પ્રમાણે ત્રણ પ્રકારની ગોપીઓને જણાવી હવે તામસી પણ ત્રણ પ્રકારની અહિંઆં જણાવે છે. સાત્ત્વિકતામસી ગોપીઓ દેવને નિંદે છે. તામસતામસી ભગવાન્‌ને નિંદે છે અને રાજસતામસી પોતાને નિંદે છે.

**मूलम्** अटति यद्भवानह्नि काननं त्रुटिर्युगायते त्वामपश्यता ।
कुटिलकुंतलं श्रीमुखं च ते जड उदीक्षतां पक्षकृद् दशाम् ।। १५ ।।

**अन्वयार्थ**--જ્યારે આપ દિવસે વનમાં ફરો છો તે વખતે આપને નહિ જોવાથી એક ક્ષણ અમને યુગ સમાન લાગે છે. આપના ખીટળીયાલા કેશવાળા શ્રીમુખને (સાયંકાળે) અમે જોઇએ છીએ ત્યારે આંખની પાંપણ કરનાર બ્રહ્મા જડ છે એમ અમે કહીએ છીએ.

**श्रीसुबोधिनीजी**-- આપ દિવસે જંગલમાં ફરો છો ત્યારે દિવસે અમને પળ યુગ બરાબર લાગે છે. તેનું કારણ આપને અમે જોતાં નથી તે છે. જયારે ફરીથી જોઇએ છીએ ત્યારે ખીટળીયાળા કેશવાળા આપના શ્રીમુખનાં દર્શન કરનાર અમારી આંખોની પાંપણ કરનાર બ્રહ્મા જડ છે, એમ અમે કહીએ છીએ. જેમ દેવો અલૌકિક દ્રષ્ટા હોય છે માટે બ્રહ્મા તેમની (આંખમાં) પાંપણ કરતા નથી. તેમ અહિંઆં તેમની સરખામણીએ એમના કરતાં અમે પણ વધારે અલૌલિક દ્રષ્ટા છીએ માટે અમારી આંખમાં પાંપણો કરવી તે બ્રહ્માને માટે અનુચિત છે. આ પ્રમાણે બ્રહ્માએ અનુચિત કર્મ કર્યું છે. માટે તે જડ છે. દેવો ઘણો કાળ જીવે છે તેમ અમે પણ જીવીએ છીએ.જો ગમન સાર્થક થાય તો

પણ કાંઈ ચિંતા નથી, પણ દિવસે જંગલમાં ફરે છે. જંગલમાં કોઇ પણ પુરુષાર્થ નથી અમારે બહાર જવું સંભવતું નથી.

## પ્રભુનો ક્ષણવારના વિયોગની યુગસમાન અસહ્યતા

**विवेचन--** અહિંઆં ગોપી (સાત્ત્વિકતામસી) કહે છે ''હે પ્રભુ ! આપ જ્યારે વનમાં ફરો છો ત્યારે અમને એટલું બધું વિરહનું દુઃખ થાય છે કે એક પળ પણ અમને યુગ જેટલી લાગે છે. કારણકે આપના દર્શન સિવાય અમારાથી રહી શકાતું નથી. પણ જ્યારે આપના મુખનું દર્શન કરીએ છીએ, ત્યારે અમને એ મુખ એટલું બધું સુંદર લાગે છે, અને તેના દર્શનમાં એટલી બધી આસક્તિ અમને થાય છે, કે દર્શન કરતી વખતે આંખની પાંપણનું જો સ્હેજ મટકું થાય તો અમને તે પાંપણના બનાવનાર બ્રહ્મા તરફ ક્રોધ થઇ આવે છે, કારણ કે તેણે પાંપણ બનાવી તોજ અમારા દર્શનમાં મટકા જેટલો પણ અન્તરાય પડયો. બ્રહ્માએ અમારી આંખમાં પાંપણ કરી, તે ઘણું અનુચિત કામ એણે કર્યું છે. માટે અમે એમને જડ કહીએ છીએ. ભલે બ્રહ્મા પોતાના મનમાં પાંપણ કરવાથી હર્ષ પામે, અને પોતાની બુદ્ધિની પ્રશંસા કરે પણ અમે તો એને જડજ કહીએ. છીએ. અને ખરેખર તે એ જડનામને જ અધિકારી છે. જો દેવલોકને બ્રહ્માએ પાંપણો નથી આપી તો શા માટે એણે અમને આપી છે ? અમે પણ દેવના જેવાં અલૌકિક દ્રષ્ટા છીએ. આવું અનુચિત કામ કરવા માટે અમે એ બ્રહ્માની કેમ નિંદા ન કરીએ ? આટલા માટે જ અમે એને જડ કહીએ છીએ.

આ પ્રમાણે ભગવાને તેમનું (ગોપીઓનું) દેવત્વ સંપાદિત કર્યું છે (ભગવાને તેમને દેવ-દેવની માફક અલૌકિક દ્રષ્ટા બનાવ્યાં છે) પણ બ્રહ્મા મૂર્ખ છે, કારણકે તેમની આંખમાં પાંપણ કરી છે. હવે તેમનાથી પણ હીન ગોપીઓ કહે છે.

**मूलम्** पतिसुतान्वयभ्रातृबांधवा-नतिविलंध्य तैंत्यच्युतागताः ।।
गतिविदस्तवोद्गीतमोहिताः कितव योषितः कस्त्यजेन्निशि ।। १६ ।।

**अन्वयार्थ--** હે અચ્યુત ! અમે પતિ, પુત્ર, કુટંબ, ભાઇઓ, સગાંઓનું ઉલ્લંઘન કરીને આપની નજીક આવ્યાં છીએ. આપના ગીતથી અમે મોહિત થયાં છીએ. આપ પણ અમારા આગમનનું કારણ જાણો છો. હે કપટી ! રાત્રિના વખતે આપના વિના બીજો કયો પુરુષ સ્ત્રીઓનો ત્યાગ કરે ?

**श्रीसुबोधिनीजी--** હે અચ્યુત, કહેતાં પોતે કામની નિવૃત્તિથી ભયરહિત ! પતિ, પુત્રો, વંશજ, ભાઇ, સંબંધીઓએ બધાનું ઉલ્લંઘન ન કરવું જોઇએ, છતાં

પણ હમે ઉલ્લંધન કરીને આપની નજીક આવ્યાં છીએ. આપ સર્વની ગતિ જાણો છો માટે ગતિવિદ્ છો.સર્વથી જેટલી ગતિ થાય છે તેને આપ આપો છો. અથવા અમે ગતિને જાણનારાં છીએ, એટલે ભજનમાં-ભગવદ્ભજનનું તારતમ્ય જાણીએ છીએ. વળી આપના ગીતથી પણ અમે મોહિત થયાં છીએ. માટે મોહ ઉત્પન્ન કરીને અમને અહિંઆં આણ્યાં, અને પછીથી ઉભયના ભ્રંશ માટે અરણ્યમાં રાત્રે સ્ત્રીઓનો કોણ ત્યાગ કરે ? કોઇ વખતે પણ સ્ત્રીઓનો ત્યાગ કરવો જોઇએ નહિ. ખાસ કરીને અરણ્યમાં તો નહિજ. તેમાં વળી રાતના સમયે સ્ત્રીઓનો ત્યાગ ન કરવો જોઇએ. 'કિતવ' (કપટી) કહેવાનું પ્રયોજન એ છે કે જે કામ માટે અમને અહિંયાં બોલાવ્યાં, તે તો સિદ્ધ કર્યુ નહિ, માટે આપ કપટી છો. કપટીનાં અમે સંબંધી છીએ, માટે અમારો તેમનામાં પ્રવેશ નથી.

## પ્રભુને કપટી કહેવાનું કારણ : સ્ત્રીના અત્યાગનો ઉપદેશ

**વિવેચન--** પૂર્વ શ્લોકમાં ગોપીએ બ્રહ્માની નિન્દા કરી. અહિંઆં ભગવાનની નિન્દા કરે છે. આ તામસતામસી ગોપીઓ છે. તે ભગવાનને પ્રથમ અચ્યુત કહીને સંબોધે છે. 'અચ્યુત' એટલે કામની નિવૃત્તિથી ભયરહિત-પણ પછી ભગવાનની નિન્દા કરવાને 'કપટી' કહે છે. કપટી કહેવાનું કારણ એ છે કે ગોપીઓ ભગવાનની સાથે સંભોગ સુખની અભિલાષાએ પતિ-પુત્ર કુટુંબ, ભાઇ સગાંવહાલાંઓ એ સર્વનો ત્યાગ કરીને પ્રભુની નિકટ અરણ્યમાં ગયાં, છતાં પણ પ્રભુ તો તેમના તરફ દૃષ્ટિ પણ કરતા નથી,પોતાના ગીતથી તેમને મોહિત કરીને તેમને પોતાના તરફ આકર્ષણ કર્યું, પણ જયારે તેઓ પ્રભુની સન્મુખ ગયાં, ત્યારે પ્રભુએ કપટલીલા કરીને તેમનો ત્યાગ કર્યો, આમ કરવું શું ભગવાનને શોભે ? જેમ અમારી આંખમાં પાંપણ બનાવનાર બ્રહ્માને અમે જડ કહીએ છીએ તો પછી, આપને અમે કપટી કહીએ તેમાં શું ખોટું ? શું આપ અમારી સાથે આ કપટલીલા કરતા નથી ? જો આપ એમ કહેતા હો કે આ કપટલીલા નથી તો શા માટે આપ અમારો ત્યાગ કરો છો ? શાસ્ત્રકારોએ પણ કહ્યું છે કે સ્ત્રીઓનો તો ત્યાગ નજ કરવો જોઇએ. તેમાં અરણ્યની અંદર અને ખાસ કરીને રાત્રિના કાળે તો તેમનું રક્ષણ કરવું જોઇએ. પણ આ શાસ્ત્રની આજ્ઞાનું પણ આપ ઉલ્લંધન કરો છો. જો અમારામાં સંસારની આસકિત રહી હોય, તો આપ અમારો ત્યાગ કરો તે વાસ્તવિક છે પણ આપ જાણો છો કે અમે તો સંસારનાં સર્વ બંધનોનો ત્યાગ કરીને અહિં આવ્યાં છીએ; એટલે, સંસાર ઉપર અમારી રુચિજ નથી. સંસાર અમને ખારો લાગે છે. તમે પણ અમારા આગમનનું કારણ જાણો છો. તમે ભલે આ ઘોર રાત્રિને વિષે આવા અરણ્યની અંદર અમારો ત્યાગ કરો અને જે સંસારનો

બંધન છોડીને અહિં આવ્યાં છીએ ત્યાં આપ અમને પાછા મોકલો, પણ હવે અમે તો પાછાં જવાનાંજ નથી. માટે હવે આપની કપટલીલાનો ત્યાગ કરીને અમે જે સુખની અભિલાષાએ અહિંઆં આવ્યાં છીએ, તે સુખનું દાન અમને કરો તો ઘણું સારૂ. આપે અમારી બહુ પરીક્ષા કરી. હવે અમારૂ ધૈર્ય રહેતું નથી.

અહિંઆં ભગવાનને 'કિતવ' કપટી કહ્યા છે, માટે ત્યાં વ્યાજસ્તુતિ નામનો અલંકાર છે. વ્યાજસ્તુતિમાં દેખીતી નિન્દા અગર સ્તુતિ હોય પણ કવિનો હેતુ સ્તુતિ અગર નિન્દા કરવાનો હોય છે. અહિંઆં દેખીતી રીતે પ્રભુની નિંદા કરી છે. પણ ખરી રીતે તો સ્તુતિજ છે. માટે વ્યાજસ્તુતિ નામનો અલંકાર છે.

પછીથી ઉત્તમ ગોપી પોતાની જાતને નિંદે છે.

**મૂલમ् रहसि संविदं हृच्छयोदयं प्रहसिताननं प्रेमवीक्षणम् ।**
**बृहदुरः श्रियो वीक्ष्य धाम ते मुहुरतिस्पृहं मुह्यते मनः ।। १७ ।।**

**अन्वयार्थ--** એકાંતમાં આપની સાથે થયેલી વાતચીત, તેથી થયેલો કામનો ઉદય, આપનું હસ્તુ મુખ, પ્રેમપૂર્વક જોવું, લક્ષ્મીના ધામરૂપ આપનું વિશાળ ઉર:સ્થળ (છાતી) આ બધું વિચારીને અમારૂ મન વારંવાર મોહ પામે છે.

**श्रीसुबोधिनीजी--** અમારૂ મન ઘણી ઇચ્છાવાળું હોવાથી મોહ પામે છે, ત્યાં ત્રણ ગુણ યુકત ત્રણ કારણો છે. વાકય, હાસ્ય અને ઉર:સ્થળ કામના આનંદના અધિકારી છે. એકાન્તમાં કરેલી વાતો અગર જ્ઞાન, અને તેને લીધે ઉત્પન્ન થયેલો કામ, વળી હાસ્ય કરતું મુખ, અને પ્રેમથી જોવું તે, લક્ષ્મીના સ્થાનરૂપ વિશાળ છાતી આ છ અમારા મનને મોહિત કરે છે. અથવા તો આ છ ભગવદ્રુપના ગુણો લઇ શકાય. જેનાથી એકાન્તમાં ગોષ્ઠી થાય છે. એવા આપને જોઇને મન વારંવાર મોહ પામે છે. વળી જેનાથી કામનો જે ઉદય થાય છે, હાસ્યયુકત જેમનું મુખ છે. જેમનું પ્રેમસહિત અવલોકન છે, એવા આપને (જોઇને અમારૂ મન મોહ પામે છે). વળી લક્ષ્મીના ધામરૂપ આપની વિશાળ છાતી જોઇને પણ અમારૂ મન મોહ પામે છે. એમ કહીને ભગવદ્રુપમાં પ્રમાણાદિનું બલરૂપ કહ્યું. વક્ષ:સ્થળમાં પોતાની સ્થિતિ માટે યશ અને શ્રીનું નિરૂપણ કર્યું. મુખદર્શનથીજ પ્રહસિત હોવાથી પૂર્વ સ્થિતિનો અભાવ છે. પછી કામ થાય છે. પ્રેમસહ અવલોકનથી તે સ્થિર થાય છે, પછીથી સ્વની યોગ્યતા બને છે, પછી પ્રથમ વિશેષણથી ભોગચાતુર્ય થાય છે. આ પ્રમાણે સર્વ થશે એવી સ્પૃહાવાળું મન વારંવાર મોહ પામે છે, પદાર્થ ન મળવાથી તો ફકત મોહજ પામે, પણ અહિંઆં તો વારંવાર મૂર્ચ્છા થાય છે તેથી જીવન અને મરણ બેમાંથી એક પણ અહિંઆં નથી માટે આ જીવને ધિક્કાર છે એવો અર્થ છે.

## ગોપીના મનને મોહ થવાનાં કારણો

**વિવેચન-** આ શ્લોકમાં રાજસ તામસી ગોપીનાં વચન છે. તે દેવની નિંદા, અગર ભગવાનની નિન્દા કરતાં નથી, પણ પોતાની જાતનીજ નિંદા કરે છે. તે કહે છે હે પ્રભુ અમારૂ મન અત્યન્ત ઇચ્છાવાળું હોવાથી તે આપની એકાન્તની વાર્તાઓ, અને તેથી કામનો ઉદય, હાસ્યયુકત મુખ અને પ્રેમ સહ જોવું તે, લક્ષ્મીના ધામરૂપ ઉર:પ્રદેશ, તેને જોઇને અમારૂ મન મોહ પામે છે. મોહ પામવાના ત્રણ કારણો છે. વાકય, હાસ્ય અને ઉર: એ દરેક કારણ ત્રણ ગુણથી યુકત છે. માધુર્ય, સુંદરતા અને વિદ્વાનોના મનને રંજન કરે એવી આહ્‌લાદકતા, એ ત્રણ ગુણોથી યુકત એ ત્રણ કારણો છે. પ્રથમ કારણ વાકય છે.પ્રભુની સાથે એકાન્તમાં કરેલી વાર્તાઓથી કામ ઉદય પામે છે. બીજા કારણ પ્રભુનું મુખ હાસ્ય યુકત છે, અને તેથી પોતે પ્રેમસહ અવલોકે છે. ત્રીજુ કારણ ઉરસ્ છે.પ્રભુનું' ઉર:સ્થળ વિશાળ છે તથા તે શ્રીના ધામરૂપ છે. આ ત્રણ કારણોથી અમારૂ મન વારંવાર મોહ પામે છે. વારંવાર મૂર્છા પામતું હોવાથી જીવન પણ અમને નીરસ લાગે છે આથી મરણ હોય તો વધારે સારૂ. આ મોહથી જે દુ:ખ અમે ઉત્પન્ન થાય છે તે અમારાથી સહન થતું નથી. માટે હે પ્રભુ, જો આપ અમને સુખી કરવા માગતા હો તો અમારા મનને મોહજાળમાંથી મુકત કરીને, હૃદયને જેમ સંતોષ થાય તેમ કરો અને જો એમ ન કરો તો અમને પ્રાણ ત્યાગ કરવા દો. પણ આપ વિલંબ કરો છો તેથી અમારાથી હવે વધુ વખત જીવી શકાતું નથી. અમારૂ ધૈર્ય રહી શકતું નથી. અરેરે, અમારા જીવનને ધિક્કાર છે કે આપ અમારી આવી દયાજનક સ્થિતિ જુઓ છો. છતાં પણ કૃપા કરતા નથી.

વળી અનન્યપૂર્વા અત્યાર સુધી મનોરથમાં અભિનિવિષ્ટ હતી તે હવે પ્રાર્થના કરે છે.

**मूलम्-** व्रजवनौकसां व्यक्तिरंग ते वृजिनहंत्र्यलं विश्वमंगलं ।
त्यज मनाक च नस्त्वत्स्पृहात्मनां स्वजनहृद्रुजां यन्निषूदनम् ।। १८ ।।

**अन्वयार्थ--** હે ભગવાન ! આપનું પ્રાકટય વ્રજવાસીઓના પાપને હણનારૂ છે. તથા જગતને કલ્યાણ કરનાર છે, માટે જે આપની ઇચ્છાવાળી ગોપીઓના હૃદયના રોગનો નાશ કરે તેવું કંઇક (ઔષધ) અમને આપો.

**श्रीसुबोधिनीजी--** આપનું આ પ્રાકટય વ્રજવાસીઓના પાપને હણનાર છે. વિશ્વનું પણ ઘણુંજ મંગલરૂપ અને દોષનિવર્તક છે. ખાસ કરીને અમને તો કલ્યાણકારક છે જ. સર્વના ગુણના આશ્રયરૂપ છે, માટે અમને થોડું ઘણું તે આપો. આપવાનું આવશ્યક કારણ કહે છે. આપનામાંજ સ્પૃહાયુકત જેનો આત્મા અગર

અંતઃકરણ છે એવી અમે ગોપીઓ છીએ. શું આપવું જોઇએ તો કહે છે જેનાથી આપની ગોપીઓના હૃદયના રોગ નાશ થાય એવું કંઇક આપો. પૂરેપુરી રીતે રોગનો નાશ કરે એવું આપો. કેટલાકનાં પાપનો નાશ કરો છો, કેટલાંકને ફલનું દાન કરો છો તો અમારા પણ રોગના નિવર્તક થાવ એમ કહે છે.

## હૃદયરોગની નિવૃત્તિ માટે ગોપીઓની પ્રાર્થના

**विवेचन--** આ ઉકિત અનન્યપૂર્વાની છે કે કહે છે હે પ્રભુ, આપના અવતારનો હેતુ વિશ્વનું કલ્યાણ કરવું તથા વ્રજવાસીઓનાં દુઃખનું નિવારણ કરવું એ છે. આ પ્રમાણે બીજાના ઉપર ઉપકાર કરવાનોજ આપના પ્રાકટયનોજ હેતુ છે. જો એ પ્રમાણે હોય તો શા માટે અમારા ઉપર આપ ઉપકાર કરતા નથી ? શું અમે તેને લાયક નથી ! આખા વિશ્વનું અને વ્રજવાસીઓનું કલ્યાણ કરો છો તો અમારા ઉપર કલ્યાણ કરતાં શા માટે આપ અચકાવ છો ? અમે તો આપની જ છીએ. આપના તરફ અમારા હૃદય ખેંચાયા છે. એટલે અમારૂ અંતઃકરણ તથા હૃદય આપમયજ બની ગયું છે. આપની સાથે સુખની અત્યન્ત તીવ્ર ઉત્કણ્ઠા અમારા હૃદયમાં પ્રકટ થઇ છે, અમે હૃદયના વ્યાધિથી પીડિત થયાં છીએ.જો આપ એ વ્યાધિને દૂર કરે એવું કોઇપણ ઔષધ આપશો નહિ તો જરૂર એ વ્યાધિ અમને ઘણીજ પીડા કરશે, અને પછી અમારી શી અવસ્થા થશે ? તે અમે કહી શકતાં નથી. માટે હે પ્રભુ, હવે આપ અમારી આ સ્થિતિને જોઇને, અમારા હૃદયના રોગને દૂર કરવાને જે જે ઉપાય આપને કરવો યોગ્ય લાગે તે સત્વર કરો. આપ સિવાય બીજુ કોઇપણ એ રોગને દૂર કરી શકે તેમ નથી. માટે આપનું મૌન હવે છોડી દો, અને અમારી ઉપર કૃપા કરો.

કોઇ એક રાજસ તામસી ખેદ સહ કહે છે.

**मूलम्** यत्ते सुजातचरणांबुरुहं स्तनेषु भीता शनैः प्रिय दधीमहि कर्कशेषु ।।
तेनाटवीमटसि तद् व्यथते न किंस्वित् कूर्पादिमिर्भ्रमति धीर्भवदायुषां नः ।। १६ ।।

**अन्वयार्थ--** હે પ્રિય ! આપનાં સુંદર ચરણકમળને અમારા કર્કશ વૃક્ષ ઉપર ભીતિથી ધીમે ધીમે મૂકીએ છીએ, તો પછી આપ જ્યારે વનમાં પધારો છો તે સમયે ઝીણી ઝીણી કાંકરીઓથી આપના ચરણકમળ પીડા પામતા હશે એમ વિચારીને, આપ જેનું જીવન છો એવાં અમને શામાટે દુઃખ થાય નહિ ? એવા વિચારથી અમારી બુદ્ધિ ભ્રમમાં પડે છે.

**શ્રીસુબોધિનીજી--** સુંદર ચરણકમળને ડરતાં ડરતાં ધીમે ઉપર મૂકીએ છીએ. ધીમે મૂકવાનું કારણ શું તો કહે છે એ કર્કશ છે. ''પ્રિય'' સંબોધનથી સ્નેહથી ધારણ કરીએ છીએ એમ કહ્યું છે. સુજાત-સુંદર એમ કહીને એવું જણાવ્યું છે કે તે મહાન્ બરાબર પ્રકારે ઉત્પન્ન થયેલું શીતલ સુગન્ધિ અને તાપનાશક થાય છે, માટેજ ઉપર સ્થાપન છે. પ્રિય હોવાથી હિંમતથી સ્થાપન, તે અતિ કોમલતાથી. અમારો ત્યાગ કરીને અમારા દોષથી હાલમાં વનમાં ફરો છો. પોતે સુખે રહીને બીજાને દુઃખ આપવાને સમર્થ હોય તો આપે જાતે દુઃખની પ્રાપ્તિ કરીને બીજાને દુઃખી કરવાં નહિ. ત્યાં સંદેહ છે આપને દુઃખ થાય છે કે નહિ ? શું વ્યથા થતી નથી ? થાય છે જ. કૂર્પાદિથી એટલે કાંકરી વગેરેથી તે વ્યથા પામે છે. કેવી રીતે ઉત્પ્રેક્ષા કરવામાં આવે છે તો કહે છે.

બુદ્ધિ કેવલ ભ્રાન્ત થાય છે. જો વ્યથા થાય છે એમ નિશ્ચય થાય તો બુદ્ધિ શાંત જ થાય. (અમારી બુદ્ધિ મૂર્છિત થાય) જ્યારે ફરીથી વનમાંથી આવે છે ત્યારે સંદેહ થાય છે. તેમાં હેતુ એ છે કે આપજ અમારૂ આયુષ્ય છે. આપની લીલાને માટેજ આયુષ્ય છે. પ્રથમ ખેદથી મનની પીડાનું નિરૂપણ કર્યું. હવે મૂર્છાનું નિરૂપણ કરે છે. આ પ્રમાણે સર્વની મૂર્છા પર્યંત સ્થિતિ જાણવી જોઇએ, વળી લીલા પ્રવેશમાં પ્રલાપ પછી સ્વરૂપસ્થિતિમાં ગાન એ પ્રમાણે હોય છે. આ રીતે જ્યાં સુધી સાધનનો પરિક્ષય થાય ત્યાં સુધી તેમના તાપનું નિરૂપણ કર્યું.

### ખેદનું કારણ : ચરણકમળ માટે સુજાત વિશેષણ શાથી ?

**વિવેચન--** આ શ્લોકમાં રાજસતામસીની ખેદયુકત ઉકિત છે. અહિંઆં ગોપીને પ્રભુ માટે ઘણો પ્રેમ થાય છે માટે કહે છે કે હે પ્રિય, આપનું ચરણકમળ એટલું સુંદર અને કોમળ છે કે તેને અમારા કર્કશ ઉર ઉપર પણ મૂકતાં અમે ડરીએ છીએ. શા માટે ડર થાય છે ? તો તેનું કારણ કહે છે કે અમારા ઉર કર્કશ છે અને તેથી આપના કોમળ ચરણને તેની કર્કશતાથી વ્યથા થાય, તો પછી હે પ્રભુ, આપના ચરણ જ્યારે વનમાં કાંટા, કાંકરીવાળી જગ્યાએ ફરતાં હશે તે સમયે આપના ચરણને શી વ્યથા થતી નહિ હોય ? અને તે વ્યથાના વિચારથી અમને કેટલો ખેદ તથા પરિતાપ થતો હશે તેનો પણ આપ વિચાર કરો. માટે હે પ્રભુ આપ વનમાં હવે ન પધારો-તેથી આપને અત્યન્ત શ્રમ પહોંચશે. આપને શ્રમ પહોંચે તેથી અમને પણ ખેદ થાય છે. અહિંઆં પ્રભુના ચરણને કમળની સાથે 'સુજાત' વિશેષણ વાપર્યું છે. તેથી ચરણની મહત્તા દર્શાવી છે. તેને કમળની સાથે સરખાવામાં કમળમાં રહેતા ગુણો-શીતલત્વ,

સુંદરત્વ, તાપનાશકત્વ, અને સુગન્ધયુકત્વ-પ્રભુના ચરણકમળમાં છે એમ ગોપીઓ કહે છે, એ ચરણમાં એ બધા ગુણો છે તેથીજ તેમને તે પ્રિય છે. અને પ્રિય હોવાથી હે પ્રભુ, અમે સ્નેહથી અમારા કોમળ ઉર:પ્રદેશમાં તેને સ્થાપન કરવા પ્રાર્થીએ છીએ. આવા નાજુક અને સુંદર ચરણે કાંટાવાળા વનના પ્રદેશમાં ફરવું ન જોઇએ. કમળની સ્થિતિ તો જળયુકત સરોવરમાં હોય તેમ આપના ચરણની સ્થિતિ રસયુકત પ્રદેશમાં હોવી જોઇએ. ઉર 'પ્રદેશ' અહિંઆં રસયુકત પ્રદેશનું સૂચન કરે છે. પ્રભુના ચરણની સ્થિતિ ઉન્નત પ્રદેશમાં હોવી જોઇએ ઉર:પ્રદેશ તે ઉન્નત પ્રદેશના અર્થનો બોધ કરે છે. અર્થાત્ પુષ્ટિભકિતના ઉન્નત શિખર પ્રદેશમાં જયારે ભકતનું હૃદય આરૂઢ થાય છે ત્યારે તે હૃદય રસસરોવરના તટને અવલોકે છે અને તેમાં મજ્જન કરવાને ભાગ્યશાળી થાય છે.

રસસરોવરના શીળા તટ ઉપર શાન્તિની કુંજો આંવેલી છે, જયાં તે સુંદરતાના ઓઘ અને રસિકતારૂપી મેઘની ઘટાની છાયાઓ પથરાયલી જુએ છે: અને આ ઘટામાં રસેશ પ્રભુની સાક્ષાત્ મૂર્તિ પોતાના હાસ્યથી તેજના અંબારને પાથરીને નૃત્ય કરી રહેલી હોય છે. એ ભગવન્મૂર્તિનાં દર્શન કરવાને ઉત્તમ કોટિના ભગવદીયોને ઇચ્છા થાય એ સ્વાભાવિક છે તેને માટે તેમને તાપ, વિરહ કલેશ ઇત્યાદિ પણ થાય એ સ્વાભાવિક છે. પણ ભગવાન તેમના કોમળ ચરણકમળને કણ્ટકથી પૂર્ણ નીચલી ભૂમિમાં મૂકે તો તેથી તે ભકતહૃદયને અત્યન્ત ગ્લાનિ થાયજ. માટે ગોપીજન પ્રભુને પ્રાર્થના કરે છે કે હે પ્રભો ! આપનાં ચરણકમળ અમારા ઉર:પ્રદેશ ઉપર સ્થાપન કરવા દો.

## રાસપંચાધ્યાયી ફલપ્રકરણ) અધ્યાય ૪

## (શ્રી. ભા. સ્ક. ૧૦ આ ૨૮)

### શ્લોકાર્થવિભાગસૂચનિકા.

૧. ભગવાનની પ્રસન્નતામાં નિઃસાધનતાની સ્ફૂર્તિ અને તેથી રૂદનરૂપ દૈન્યનો આવિર્ભાવ
૨. ગાન અને પ્રલાપની પણ સાધન તરીકે નિરૂપયોગિતા, અને તેથી શ્રીગોપીજને કરેલું રૂદન.
૩. માયાજવનિકાને દૂર કરીને પ્રભુનો આવિર્ભાવ, તેનું આધિદૈવિક કંદર્પનું રૂપ.
૪. પ્રિયતમના દર્શનથી તેમને પ્રાપ્ત થયેલું સજીવનત્વ.
૫. ભગવાનની સાથે, આનંદ પ્રદર્શિત કરવા દર્શાયેલા ભાવ તથા સ્પર્શાદિ કરેલી ક્રિયા.
૬. શ્રીગોપીજનથી ઘેરાયેલા ભગવાનનો કાલિન્દીના તટ ઉપર પ્રવેશ
૭. ત્યાં તેમના મનોરથોની પ્રાપ્તિ; પ્રભુને માટે ગોપીજનના ઉત્તરીય વસ્ત્રથી બનાવેલું આસન
૮. યોગેશ્વરના હૃદયમાં પણ જે આસન કરે છે તે પ્રભુએ તેમના કુંકુમથી આર્દ્ર બનેલા વસ્ત્ર ઉપર લીધેલી બેઠક.
૯. ભજનારને ભજવું, નહિ ભજનારને ભજવું, ભજનાર અને નહિ ભજનાર ઉભયને નહિ ભજવું - એ ત્રણ પ્રકારના સંશય માટેનો શ્રીગોપીજને કરેલો પ્રશ્ન
૧૦. ભજનારના ભજનમાં સ્વાર્થપરાયણતા છે એવો આપેલો પ્રથમ પ્રશ્નનો ઉત્તર
૧૧. નહિ ભજનારના ભજનમાં ધર્મ અગર સૌહૃદ છે એવો બીજા પ્રશ્નનો કરેલો ખુલાસો
૧૨. ભજનાર અને નહિ ભજનારના પ્રતિ અભજનવાળાઓના ચાર પ્રકાર
૧૩. ભજનારના પ્રતિ ભગવાનના અભજનમાં અન્ય હેતુ. ભગવાનમાં જીવતુલ્યતાનો અભાવ
૧૪. શ્રીગોપીજનના તરફ ભગવાનનું પરોક્ષ ભજન
૧૫. ભક્તિમાર્ગના વિરોધપરિહારમાં ભગવાને તેમનું કરેલું સ્તવન.

### સંક્ષિપ્ત સાર

પ્રભુના તિરોધાન પછીથી ગત અધ્યાયોમાં જણાવ્યા પ્રમાણે શ્રીગોપીજનોએ અન્વેષણ તથા અનુકરણલીલા કરી તેથી પણ પ્રભુનાં પ્રકટ દર્શન ન થયાં એટલે છેવટે હતાશ થઇને શ્રીયમુનાજીના તટની વાલુકામાં બેસીને મુક્તકણ્ઠે અત્યન્ત દીનતા અને પ્રેમભક્તિથી પ્રભુનું ગીત ગાવા માંડયું. ઉંચેથી ગીત ગાતાં ગાતાં, તેમનાં હૈયા ભરાઇ ગયાં. ''અરેરે હે પ્રભુ, શું આપે અમારો ત્યાગ જ કર્યો ? હવે આપને અમે પ્રાપ્ત કરી શકીએ એવું કોઇ સાધન અમને નહિ જડે ? હવે અમે શું

કરીશું ? હે પ્રભુ ! આપે અમારામાં એટલો બધો શો અપરાધ જોયો કે જેથી આપ આમ રિસાઇ ગયા,'' વગેરે પરસ્પર વાતો કરતાં કરતાં, હૈયું હાથમાં ન રહ્યું એટલે રુદન કરવા લાગ્યાં. પ્રભુએ જ્યારે જાણ્યું કે હવે આ ગોપીજનો તન્મયતાની છેવટની દશામાં છે; તેથી જો હું એમને પ્રકટ દર્શન નહિ આપું તો જરૂરથી તેઓ એમનો પ્રાણ ત્યાગ કરશે, આથી પોતે હવે પ્રકટ થયા. પ્રભુને પ્રકટ થયેલા જોઇને તેઓ અતિશય આનંદમાં આવી ગયાં. તેમના વિરહનો તાપ શાન્ત થયો. પછી પ્રભુ તેમને ગોષ્ઠીવિનોદનું સુખ આપવાને માટે તે બધાને લઇને કાલિન્દીના તટ ઉપર ઉભા અને પછીથી કુંદ અને મંદાર પુષ્પોને ખીલેલા જોઇને તથા ભ્રમરોને ગુંજારવ કરતા નિહાળીને, તેમજ શરદ ઋતુના ચંદ્રનો રમણીય પ્રકાશ વાલુકામાં પથરાયલો જોઇને પોતે ત્યાં બેસવાને સર્વને જણાવ્યું. પછી ત્યાં ગોપીજનના ઉત્તરીય વસ્ત્રનું આસન નાખવામાં આવ્યું; એટલે ભગવાન કૃષ્ણ પછીથી ત્યાં બિરાજ્યા, અને અન્ય ગોપીજન તેમની આંજુબાજુએ બિરાજ્યા. આ વખતે ગોપીજનોએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે ''અમે સર્વ લોકવેદની મર્યાદા ભેદીને તથા સર્વનો ત્યાગ કરીને, કેવલ આપના ભજનની ખાતરજ (ભકિતમાર્ગીય) સન્યાસ લીધો છતાં આપે અમારી અવગણના શાથી કરેલી ?'' ભગવાને હાસ્યપૂર્વક તેમના સંશયનું નિવારણ કર્યું, અને નિર્ણયમાં જણાવ્યું કે ''હે ગોપીજન, તમારા સમજવામાં ભૂલ છે. મેં કદીપણ તમારો ત્યાગ કર્યો નથી. અરે તમારી શુદ્ધ પ્રેમભકિતથી હું એટલો બધો વશ થઇ ગયો છું કે ક્ષણવાર માટે પણ તમારો ત્યાગ કરવાની મારી તાકાત નથી.હું જો કે પ્રત્યક્ષ તમારી પાસે સ્થિત નહોતો છતાં પરોક્ષ તો તમારૂ ભજન કરતો હતો જ. તમે મારા નિર્દોષ ભજનથી મારી સાથે જોડાયાં છો. તમારા ઉપકારનો બદલો હું બ્રહ્માના આયુષથી પણ વાળી શકું તેમ નથી. ગૃહસંસારની દુર્જર શૃંખલાને ભેદી નાખીને તમે મારૂ ભજન જ કર્યું છે. આ તમારા સત્કાર્યનો પ્રત્યુપકાર તમારા સંતોષથી થાઓ'' આ રીતે તેમનાં સંતપ્ત હૃદયને આશ્વાસન આપ્યું.

## कारिका

**एकोनत्रिंशके ध्याये प्रसादं भगवत्कृतम् रोदनात्प्राप्य तुष्टास्ता निर्णयज्ञा इतीर्यते** । । १ । ।
**नहि साधनसम्पत्त्या हरिस्तुष्यति कस्यचित्** । **भक्तानां दैन्यमैवैकं हरितोषणसाधनम्** । । २ । ।
**सन्तुष्टः सर्वदुःखानि नाशयत्येव सर्वतः** । **अतो निर्णयवाक्यानि भजनार्थं न्यरुपयत्** । । ३ । ।

**भावार्थ-** આ ૨૯ માં અધ્યાયમાં ભગવાને કરેલી કૃપા ગોપીજને રુદનથી પ્રાપ્ત કરી, આથી તેમને સંતોષ થયો, અને પછી નિર્ણયને જાણ્યો, માટે તે અહિંઆં કહેવાય છે. કારણકે કોઇના સાધનની સંપત્તિથી ભગવાન્ સંતુષ્ટ થતા

નથી, પણ ભક્તોની દીનતા એજ હરિને સંતોષવાનું સાધન છે. જો હરિ સંતુષ્ટ થાય તો સર્વ દુઃખોને સર્વ રીતે નાશ કરે છે જ માટે ભજન માટે નિર્ણય વાકયોનું નિરૂપણ કર્યું.

હવે ૨૯ માં અધ્યાયનો આરંભ થાય છે. આ અધ્યાયમાં વ્રજભક્તોની વિકલ દશા જોઇને પ્રભુએ તેમના ઉપર કેવી રીતે કૃપા કરી તે હકિકત કહેવાય છે. કેવલ કૃપા કરી એટલું જ નહિ પણ પ્રભુએ તેમના ઉપર પ્રસાદ કર્યો, આ પ્રસાદ પોતે આવિર્ભાવ પામીને કરસ્પર્શ વગેરે દ્વારા કર્યો છે. આમ એકાએક પ્રભુએ પ્રસાદ કર્યો તેનું કારણ શું એમ કોઇને પ્રશ્ન થાય તો તેના ઉત્તરમાં આ કારિકામાં જણાવ્યું છે કે તેનું કારણ માત્ર વ્રજભક્તોનું રુદન છે. જયારે તેમનાં સર્વ સાધનોનું બળ ખૂટી ગયું, ત્યારે તેમની પાસે કોઇપણ સાધન રહ્યું નહિ અર્થાત્ પોતે હવે નિ:સાધનદશામાં આવી પડયાં છે એવું તેમને ભાન થયું. એમ ભાન થતાં તેમનું હૃદય સ્વાભાવિક રીતે દ્રવીભૂત થયું અને નેત્રમાંથી અશ્રુપાત થવા લાગ્યો. ''અરેરે અમે આટઆટલો ઉપાયો કર્યા છતાં પણ પ્રભુ પુનઃ અમને દર્શન આપતા નથી. તેનું શું કારણ છે? હે પ્રભુ, શું અમારો કંઇ અપરાધ થયો છે ? જો અપરાધ હોય તો પણ હે પ્રભુ અમે તો જીવ છીએ, અને તેથીદોષના ભરેલા હોય જ, માટે અમારા દોષને ધ્યાન ઉપર લેવા એ ઠીક નથી, આમ કંઠ ગદગદ થઇ ગયો. દેહ તથા ગાત્રો શિથિલ થયાં, અને સર્વત્ર કંપ તેમને દમવા લાગ્યો. આ સ્થિતિમાં તેમનાથી રહી શકાયું નહિ, તેથી તે તેઓ એકદમ રુદન કરવા લાગ્યાં. પોતે સ્ત્રીઓ હોવાથી આવી સ્થિતિમાં હૃદયમાં ધૈર્ય ધારણ નજ કરી શકે એ સ્વાભાવિક છે. પ્રેમનો પ્રભાવ એવો છે કે પ્રણયી વિના વિયોગનું દુઃખ એટલું બધું અકારૂ થઇ પડે છે કે તેથી પથરાઓ પણ રુદન કરવા મંડી જાય છે એવું ભાષાકવિઓ લૌકિક પ્રેમને ઉદ્દેશીને વર્ણન કરે છે, તો પછી આ તો અલૌકિક પ્રેમનો સંબંધ હતો. વળી અહિંઆં સ્ત્રીઓનાં હૃદય એ પ્રેમનું પાત્ર હતું. સ્ત્રીઓ સ્વભાવે કુમળા હૃદયનાં હોય છે. સાધારણ બનાવોથી પણ તેના હૃદયની લાગણીઓને ધોકો પહોચે છે તો પછી જે પ્રભુને માટે તેમણે પોતાના પતિ, પિતા, માતા, સંતતિ, ગૃહજ તથા અન્ય પ્રકારનું લૌકિક સુખ તેમજ તેની ઇષણાઓ તેમજ વેદનાં બંધનોની શૃંખલાઓ તોડીને આટલે સુધી આવ્યાં હતાં, તથા તેની શોધ કરવાને આટલું બધું કષ્ટ જેમણે સહન કર્યું, તેમને જયારે સર્વ સાધનો નિષ્ફળ થયેલાનું ભાન થયું અને હવે તેમની પાસે પ્રભુને પ્રાપ્ત કરવાનું કોઇપણ સાધન બાકી રહ્યું નથી તે સ્થિતિમાં પોતે મૂકાયાં તેવે વખતે તેમને કેટલું બધું દુઃખ થયું હશે ! તેમના હૃદયને કેટલો બધા આઘાત થયો હશે ! તેમની લાગણીઓ કેટલી

બધી ભિન્ન થઇ હશે ? તેનું વર્ણન કોણ આપી શકે ? ખુદ વ્યાસજી જેવા પરમજ્ઞાની અને ભકત જે આ વિષયનું વર્ણન કરે છે તેમની વાણી પણ આ વિષયનું વર્ણન કરતાં થાકી ગઇ, એટલે તેમણે કેવલ ‘‘રુદન’’ કર્યું એટલા શબ્દોથી વસ્તુસ્થિતિ સમજાવાનો પ્રયત્ન કર્યો; તો આથી આ નિઃસાધન દશામાં તેમને કેટલું દુઃખ થયું તેનો કંઇક પણ ખ્યાલ આપણે કલ્પી શકીશું. જ્યારે પોતાનું પ્રેમપાત્ર જે પોતાના માટે સર્વસ્વનો ત્યાગ કરે છે, જે સર્વ પ્રકારનાં દેહ-ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ વગેરેના અધ્યાસો તથા વાસનાઓ વગેરેનો ત્યાગ કરીને પોતાની શોધમાં સુખ શોધે છે તેમના ઉપર શું પ્રભુ કૃપા ન કરે ? કરે જ. માટે જ અહિંઆં કહ્યું છે કે તે ગોપીજનના રુદનથી પ્રભુએ તેમના ઉપર પ્રસાદ કર્યો, એટલે તેમને જે વસ્તુની વાંછા હતી તે મળી ગઇ, આથી તેઓ અત્યન્ત આનંદમાં આવી ગયાં. તેમના સર્વ મનોરથોની સિદ્ધિ થઇ ગઇ એ વિચારે તેમના હ્રદયમાં પર આહ્લાદ ફેલાવ્યો. એમના સંતોષનો પાર રહ્યો નહિ. ત્યાર પછીથી તેઓ નિર્ણયના જાણનારાં થયાં. તે વાત કારિકામાં કહિ છે. આ અધ્યાયમાં આગલ ‘‘**भजतोनुभजंति**’’ એ વાકયથી પ્રશ્ન પૂછીને ‘‘**मिथो भजन्ति ये सख्यः**’’ એ વાકયનું શ્રવણ કરીને જે નિર્ણય જાણવાતો હતો તે તેમણે જાણ્યો. અર્થાત્ પ્રભુના પ્રકટ થયા પછી તેમણે વ્રજભકતોની પ્રસન્નતા માટે કૃપા કરી અને પછીથી જ્યારે આ ગોપીજનોએ પ્રભુને અત્યાર સુધી તેના ઉપર કેમ કૃપા ન કરી તેનું કારણ પુછયું ત્યારે તેનો ઉત્તર પણ તેમને સંતોષ આપે તે રીતે આપ્યો. ગોપીજનને જે નિર્ણય જાણવો હતો તે તેમણે નીચેના પ્રશ્નોદ્વારા પૂછયો. તે પ્રશ્ન આ હતા. કેટલાક ભજનારાને ભજે છે, કેટલાક તેમને નહિ ભજનારાને ભજે છે, અને કેટલાક ભજનાર તેમજ નહિ ભજનાર એ બન્નેમાંથી એકને ભજતા નથી, તેનું શું કારણ છે તે હે કૃષ્ણ સમજાવો. આ પ્રશ્નનો નિર્ણય શ્લો. ૧૭ થી ૨૨ સુધી ભગવાને કહ્યો. શ્લો. ૧૭ માં જણાવ્યું કે જેઓ પરસ્પર ભજે છે તેઓ કેવલ સ્વાર્થને માટેજ તેમ કરે છે. તેમનું આ ભજન સ્વાર્થથી પ્રેરાયલું છે, આથી તેમા સૌહૃદ તથા ધર્મનો અભાવ છે. શ્લો. ૧૮ માં નહિ ભજનારાને ભજનાર વિષેનો નિર્ણય એવો આપ્યો છે કે માતા, પિતા તથા તેમના જેવાં દયાળુ પુરુષો તેમને નહિ ભજનારને પણ ભજે છે. આનું કારણ કે તેમના કૃત્યમાં ધર્મ તથા સૌહૃદ છે. આમ કરવું તે તેમનો ધર્મ છે એમ સમજીને તેઓ તે પ્રમાણે વર્તે છે. પણ જેઓ આત્મારામ, આપ્તકામ, અકૃતજ્ઞ તથા ગુરુના દ્રોહીઓ છે તેઓ ભજનારાને પણ ભજતા નથી તેમ નહિ ભજનારાને પણ ભજતા નથી. આ નિર્ણય શ્લો. ૧૯ માં કહ્યો છે. આથી પોતે એમ જણાવ્યું કે જો કે ‘‘હે ગોપીઓ, તમે મને ભજતાં હતાં, પણ હું તમને

ભજતો નહોતો. આથી તમને મારે માટે શંકા થાય એ સ્વાભાવિક છે, પણ હવે તેનું ખરૂ કારણ તમે સમજ્યા હશો; તે કારણ એટલું છે કે મારે કોઇ પણ જાતની કામના તથા ઇચ્છા પૂર્ણ કરવાની નથીઃ તો હું શા માટે બીજાનું ભજન કરું. હું ભજન કરનાર જીવને તેની સેવા સિદ્ધ કરવા ભજતો નથી.'' આમ કહીને તેમને ઉદ્દેશીને કહ્યું કે આમ છતાં પણ તમારો મારા તરફનો નિરુપધિ પ્રેમ જોઇને, તથા સંસાર પ્રતિની તમારી અનાસકિત તિરોહિત થવા છતાં પણ હું પરોક્ષ રીતે તમારૂ ભજન કરતો જ હતો. આ રીતે ભગવાને સ્વમુખે નિર્ણય કહી બતલાવ્યો એટલે તેઓને સંતોષ થયો.

આટલું જણાવ્યા પછી આ અધ્યાયનો સાર શો છે તેને માટે બીજી કારિકા યોજી છે. તેમાં સ્પષ્ટ કહ્યું છે કે પ્રભુની પ્રાપ્તિ માટે જો કોઇ ભકત સાધનનો ઉપયોગ કરવા ઇચ્છે તો તેથી તે પ્રાપ્ત કરી શકતો નથી. વેદની શ્રુતિઓ પણ આ વાત જણાવે છે, યજ્ઞ, તપ, વ્રત, દાન પુણ્ય વગેરે તેમજ જ્ઞાન, કર્મ ઉપાસના વગેરે સાધનો પ્રભુની પ્રાપ્તિ કરવામાં નિષ્ફળ નીવડે છે; કારણ કે જેનામાં સાધનનું જોર છે, તેને એક પ્રકારનો ગર્વ થઇ આવે છે, અને તે ગર્વ ભકિતમાર્ગમાં મહાન્ વિઘ્નરૂપ છે.આથી ભકિતમાર્ગનું સ્વારસ્ય દૈન્ય છે. પ્રભુને પ્રાપ્ત કરવાનાં સર્વ સાધનોમાં દૈન્ય એજ સાધનશિરોમણિ છે. વસ્તુતઃ દીનતા એ સાધન નથી. કારણ કે ભકતને તે નિઃસાધનદશામાં મુકે છે. દીનતાથી પ્રાપ્ત થયેલી નિઃસાધનતાની દશા તેજ પ્રભુને પ્રાપ્ત કરાવી શકે છે. તેમાં જ ભકતજીવનની રમણીયતા છે. દીનતા એજ ભકિતની વિજયપતાકા છે. ભકતની દીનતા જોઇને પ્રભુ ભકતમાં સર્વ પ્રકારનાં દુઃખનો નાશ કરે છે. ભકતનું દુઃખ તે લૌકિક દુઃખ નથી. દુનિયામાં જે આધિ વ્યાધિ અને ઉપાધિ નામનાં દુઃખો હોય છે, તે ભકતજીવનને પીડા આપી શકતાં નથી. ભકિતમાર્ગમાં પ્રયાણ કરનાર શૂરવીર ભકતને મૃત્યુ ડરાવી શકતું નથી, ઉલટું મૃત્યુ તેનાથી ડરે છે, તો પછી આધિભૌતિક દુઃખોનો નાશ થાય એવી પ્રભુભકતની કદીપણ વાંછા હોય નહિ, છતાં પ્રભુભકતને દુઃખ તો હોય છે, તે દુઃખ પ્રભુ માટેનો વિયોગ છે. પ્રભુના વિયોગનું દુઃખ તેને અકારૂ લાગે છે, માટે તેમાંથી મુકત થવાને માટે તે ઇચ્છે છે. એ દુઃખ પ્રભુ સિવાય બીજો કોઇ પણ ટાળી શકે તેમ નથી. તેથી પ્રભુમાં અચલ શ્રધ્ધા રાખીને, અન્ય સાધનોનો ત્યાગ કરીને અવ્યભિચારિણી ભકિતનો ઝરો વહેવડાવે તો પ્રભુ તે ભકતના સર્વ મનોરથો સિદ્ધ કરે છે.

અહિંઆં રુદન થવાથી પ્રભુ પ્રકટ થયા એમ કહેવામાં આવ્યું છે તે ઉપરથી રુદનને સાધન ગણવાનું નથી, કારણકે જયારે તે નિઃસાધનદશામાં હતાં ત્યારેજ રુદન આપોઆપ તેમને થઇ આવ્યું, માટે તે સાધન તરીકે નથી,

(સાર) (૧) પ્રભુ કોઇ પણ સાધનથી પ્રસન્ન થતા નથી. (૨) હરિને સંતોષવાનું સાધન દીનતા છે. (૩) એ દીનતાનો આવિર્ભાવ રુદનમાં પર્યવસાન પામે છે. (૪) અન્ય સાધનોમાં ગર્વ હોય છે, પણ દીનતામાં એ નથી, માટે તે સાધારણ સાધન જેવું નથી. (૫) અન્ય સાધનો બહિરંગ સાધન છે, જ્યારે દીનતા અંતરંગ છે, આથી તે નિઃસાધનની દસા સત્વર સિદ્ધ કરાવે છે.

## અધ્યાયસારસંચય

(૧) પ્રભુના દર્શનની લાલસાવાળાઓ માટે કીર્તન ભકિત પણ જરૂરની છે, પણ તે ફકત ગાન માટેજ નહિ. આ ભકિતમાં ભકતે મસ્ત બનવું જોઇએ. કીર્તન ભકિતની પરાકાષ્ઠા રુદનમાં છે. કીર્તન ગાતી વખતે, પ્રભુમાં પ્રેમમય બની જઇને, એઠલી બધી તન્મયતા દર્શાવવી જોઇએ કે પ્રભુના વિપ્રયોગનો પરિતાપ સહન નહિ થવાથી હૃદય દ્રવીભૂત થઇને અશ્રુધારાઓ જ નેત્રમાંથી વહે. આનું નામજ ખરી કીર્તન ભકિત છે. (શ્લો. ૧)

(૨) પ્રભુ સાક્ષાત્ મન્મથના પણ મન્મથ છે. મન્મથ એટલે કંદર્પ, કામદેવ. કામદેવ ભલા ભલા ઋષિમુનિઓના પણ સંયમને ડોલાવે છે, તથા તેમના ઉપર તેની મોહની જાળ પાથરી શકે છે, પણ સદાનંદ પ્રભુ ઉપર તેનું કંઇ પણ બળ ચાલતું નથી. ઉલટો તેજ પ્રભુથી મુગ્ધ થાય છે. એટલે ભગવાનના ગોપીઓની સાથેના રમણમાં લૌકિક કામ નથી. (શ્લો. ૨)

(૩) પ્રભુ તરફ ગોપિકાઓની પ્રેમલક્ષણા ભકિત કેટલી ઉત્તમ કોટિની હતી, તે શ્લો. ૩ માંથી જાણાશે. જેમ દેહ અને પ્રાણનો સંબંધ છે તેવો સંબંધ તેમની અને કૃષ્ણની વચ્ચે હતો. દેહમાં જ્યાં સુધી પ્રાણ હોય ત્યાં સુધી જ તેની સર્વ ક્રિયાઓ બને છે, પણ જ્યાં પ્રાણ જતો રહ્યો કે તુર્તજ તે નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય થઇ જાય છે. આ રીતે જ્યાં સુધી પ્રભુએ પોતાના તિરોધાનથી તેમને વિપ્રયોગની દશામાં મૂકયાં ત્યારે તેમની સ્થિતિ અત્યન્ત દયાજનક થઇ ગઇ હતી. તેઓ મૃતપ્રાયજ હતાં, પણ જ્યારે પ્રભુ પુનઃ પ્રકટ થયા ત્યારે જેમ પ્રાણના પાછા આવવાથી દેહમાં ચૈતન્ય આવે છે તેમ તેમનામાં ઉલ્લાસ પ્રકટયો.

(૪) પ્રભુને પાછા પધારેલા જોઇને તેઓ ઘણાં જ આનંદમાં મગ્ન બની ગયાં, તે આનંદનો બહિરાવિર્ભાવ સ્પર્શાદિ ભાવોથી પ્રકટ કરે છે. આમ કરવા છતાં સંત પુરુષોની માફક તેમને રસની તૃપ્તિ થઇ જ નહિ; શી રીતે થાય ? આનંદઘન પ્રભુ એ સાક્ષાત્ આનંદના સંદોહરૂપ છે. પ્રભુ અખંડ આનંદના દરિયા છે. તેમાં આનંદનાં જળ સતત વહેજ જાય છે. તેમાંથી ગમે તેટલો આનંદ લૂટવામાં આવે

તોપણ તેમાં કોઇ ન્યૂનના થતી નથી. એવા પ્રભુની સાથે આનંદનો ભોગ કરવાની મઝા ભકતોને પડેજ. પણ તેથી તે આનંદના ભોગથી શી રીતે ધરાય?- રસતૃપ્તિ નજ થાય.

(૫) વિરહી જનની આર્તિનો નાશ કેવલ પ્રભુદર્શનથીજ નથી. દુઃખ એટલે આનંદનો અભાવ છે, તો આ દુઃખનો નાશ કરવામાં આનંદ એજ તેનો પ્રતિયોગી છે, માટે પ્રભુના દર્શનથી પરમોત્સવના આનંદમાં મગ્ન બની જવાય તોજ વિરહના તાપનો નાશ બને છે.

(૬) પ્રભુના પ્રેમની ખાતર જેમણે વિપ્રયોગાવસ્થામાં સુખની દરકાર કર્યા વગર પોતાના દેહને જર્જરિત કર્યો છે તેવા ભકતોને જોઇને પ્રભુને અત્યન્ત પ્રસન્નતા થાય છે. પ્રભુ સમજે છે કે એ ભકતો મારી શોભારૂપ છે. પ્રભુ પોતે સૌંદર્યથી પૂર્ણ છે. તેમની શ્રીમાં કરોડો શ્રીની (લક્ષ્મીની) શોભા સમાયેલી છે, તેમની પાસે કૌસ્તુભ મણિ જેવા અલંકારો છે. છતાં પણ ઉપર જણાવેલા ભકતોથી જે પ્રભુને શોભા મળે છે તેવી અન્યથી નથી. આથી આવા ભકતોને જોઇને પ્રભુને પણ પરમ આનંદની સ્ફુર્તિ થાય છે. એવા ભકતોને પોતે આનંદ આપે છે અને પોતે પણ તે આનંદ તેમની પાસેથી મેળવે છે. (શ્લોક ૧૦)

(૭) જે લોકો પોતાના ભજનારને ભજે છે. તેઓ સ્વાર્થી છે. એમાં ધાર્મિકતાની ભાવના નથી. પોતાના ઉપર ઉપકાર કરનાર ઉપર જે પુરુષ, ઉપકાર કરે છે તેનામાં ધર્મ છે એમ શી રીતે કહેવાય ? તેઓ તો પોતાના સ્વાર્થથી ઉપકાર કરે છે. (શ્લો. ૧૭)

(૮) જે લોકો પોતાને નહિ ભજનારને ભજે છે, તેઓ સૌહૃદની લાગણી તથા ધર્મની લાગણીથી તેમ કરે છે. તેઓ ખરેખર દયાવાળા છે. આનું દૃષ્ટાંત પિતા માતા છે. મા-બાપો છોકરાંઓનું હિત કરવામાં પ્રેરાય છે, પણ તેથી તે છોકરાંઓ પણ તેમનું હિત કરશે એવા બદલાની તે આશા રાખતા નથી, કારણકે તેમ કરવું તે તેમનો ધર્મ છે એમ તે સારી પેઠે જાણે છે. આવા પુરુષો મધ્ય પ્રકારના ગણાય છે.

(૯) પણ કેટલાક એવા છે કે જેઓ પોતાના તરફ બીજાઓ કંઇ પણ હિતકારક કરે (તેમનું સેવન કરે) તો પણ તેમના તરફ તેઓ ઉદાસીન તથા નિરપેક્ષ રહે છે આવા પુરુષો તે આત્મારામ, આપ્તકામ, અકૃતજ્ઞ તથા ગુરુનો દ્રોહ કરનાર છે. તેમાં પ્રથમના બે પ્રશંસનીય છે અને બીજા નિન્દનીય છે.

પણ ભજનારને ભજતા નથી. કારણ કે પોતે આત્મારામ આપ્તકામ છે. છતાં પણ તેમનો આ નિયમ શુદ્ધ અને ઉત્તમ ભકતો આગળ ન શકતો નથી. જેઓ પ્રભુને માટે સર્વનો ત્યાગ કરે છે, અને દુનિયામાં પ્રભુ એ તેમનું સર્વસ્વ છે એમ જેઓ સમજે છે તેમને માટે પ્રભુ પોતાની (વિધિ નિષેધ શૃંખલાઓ ભેદી નાખે છે અને તેમનું ભજન (સેવન) કદાચ પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ રીતે પણ કરે છે જ. તેવા ભકતોને પ્રભુ કદી ત્યજી દેતા તો નથી જ.

નિર્ણયવાકયના ત્રણ પ્રશ્નો છે. તે પ્રશ્નો તથા તેમના ઉત્તર નીચે પ્રમાણે છે.

**પ્રશ્ન-૧ પોતાને ભજનારાને જે લોકો ભજતા નથી તેઓ કેવા પ્રકારના ગણાય ?**

ઉત્તર-જે સ્વાર્થી પુરુષો છે તથા જેમને ધર્મ શું છે તેનું ભાન નથી, તે લોકો પોતાનું ભલું કરનારનું કદી પણ ફરી ભલું કરતાં નથી. તેમના ઉપર ઉપકાર કરનારનો બદલો કોઇ પણ રીતે તે વાળી શકતો નથી. ઉપકાર કરનારના ઉપકારને કદી પણ ભૂલી જવો જોઇએ નહિ એ નીતિ સિદ્ધાન્તને તેઓ ભૂલી જાય છે.

**પ્રશ્ન-૨ કેટલાક એવા હોય છે કે જે તેમને નહિ ભજનારાને પણ ભજે છે ? જો આવા ભજન કરનારા હોય તો તેમને કયી કોટિના ભજનાર ગણવા ?**

ઉત્તર-નહિ ભજનારને ભજનારા પણ છે. માબાપો છોકરાઓની બરદાસ્ત રાખે છે, તેમને પાળી પોષીને ઉછેરીને મોટા કરે છે. આ પ્રમાણે એ સેવા કરે છે તો પણ કોઇ બદલાની તે આશા રાખતા નથી; કારણ કે તેઓ જે કંઇ કરે છે તે સૌહૃદ તથા ધર્મની લાગણીથી પ્રેરાઇને કરે છે.

**પ્રશ્ન-૩ કેટલાક એવા પણ છે કે જે એમને ભજનારને ભજતા નથી તેમ તેમને નહિ. ભજનારને પણ ભજતા નથી. આમનો વર્ગ કેવો ગણાય ?**

ઉત્તર-આ પ્રકારના પુરુષોમાં નીચેના હોય છે.

શુભ : આત્મારામ, આપ્તકામ

અશુભ : અકૃતજ્ઞ, ગુરુદ્રોહી

પ્રથમના બેને કોઇ પણ રીતે વાંછનાઓ અગર ઇચ્છાઓ હોતી નથી. તે દુનિઆ પ્રતિ નિરપેક્ષ છે, તેથી તેઓ તેમના ભજનારાને નજ ભજે એમાં કોઇપણ આશ્ચર્ય નથી. યોગી પુરુષો એનો દાખલો પુરો પાડે છે, પણ છેલ્લા બે અશુભ કોટિના છે. તે પણ એવી રીતના છે.

(૧૦) ભગવાન પોતે પણ ભજનારને ભજતા નથી. કારણ કે પોતે આત્મારામ અને આપ્તકામ છે. છતાં પણ તેમનો આ નિયમ શુદ્ધ અને ઉત્તમ ભકતો આગળ નભી શકતો નથી. જેઓ પ્રભુને માટે સર્વનો ત્યાગ કરે છે, અને દુનિયામાં પ્રભુ એ જ તેમનું સર્વસ્વ છે એમ જેઓ સમજે છે તેમને માટે પ્રભુ પોતાની વિધિ નિષેધની શૃંખલાઓ ભેદી નાખે છે અને તેમનું ભજન (સેવન) કદાચ પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ રીતે પણ કરે છે જ. તેવા ભકતોને પ્રભુ કદી ત્યજી દેતા તો નથી જ.

નિર્ણયવાકયના ત્રાણ પ્રશ્નો છે. તે પ્રશ્નો તથા તેમના ઉત્તર નીચે પ્રમાણે છે.

**પ્રશ્ન-૧ પોતાને ભજનારાને જે લોકો ભજતા નથી તેઓ કેવા પ્રકારના ગણાય ?**

ઉત્તર-જે સ્વાર્થી પુરુષો છે તથા જેમને ધર્મ શું છે તેનું ભાન નથી, તે લોકો પોતાનું ભલું કરનારનું કદી પણ ફરી ભલું કરતાં નથી. તેમના ઉપર ઉપકાર કરનારનો બદલો કોઇ પણ રીતે તે વાળી શકતો નથી. ઉપકાર કરનારના ઉપકારને કદી પણ ભૂલી જવો જોઇએ નહિ એ નીતિ સિદ્ધાન્તને તેઓ ભૂલી જાય છે.

**પ્રશ્ન-૨ કેટલાક એવા હોય છે કે જે તેમને નહિ ભજનારાને પણ ભજે છે ? જો આવા ભજન કરનારા હોય તો તેમને કયી કોટિના ભજનાર ગણવા ?**

ઉત્તર-નહિ ભજનારને ભજનારા પણ છે. માબાપો છોકરાઓની બરદાસ્ત રાખે છે, તેમને પાળી પોષીને ઉછેરીને મોટા કરે છે. આ પ્રમાણે એ સેવા કરે છે તો પણ કોઇ બદલાની તે આશા રાખતા નથી; કારણ કે તેઓ જે કંઇ કરે છે તે સૌહૃદ તથા ધર્મની લાગણીથી પ્રેરાઇને કરે છે.

**પ્રશ્ન-૩ કેટલાક એવા પણ છે કે જે એમને ભજનારને ભજતા નથી તેમ તેમને નહિ. ભજનારને પણ ભજતા નથી. આમનો વર્ગ કેવો ગણાય ?**

ઉત્તર-આ પ્રકારના પુરુષોમાં નીચેના હોય છે.

શુભ : આત્મારામ, આપ્તકામ

અશુભ : અકૃતજ્ઞ, ગુરુદ્રોહી

પ્રથમના બેને કોઇ પણ રીતે વાંછનાઓ અગર ઇચ્છાઓ હોતી નથી. તે દુનિઆ પ્રતિ નિરપેક્ષ છે, તેથી તેઓ તેમના ભજનારાને નજ ભજે એમાં કોઇપણ આશ્ચર્ય નથી. યોગી પુરુષો એનો દાખલો પુરો પાડે છે, પણ છેલ્લા બે અશુભ કોટિના છે. તે પણ એવી રીતના છે.

આ પ્રમાણે પૂર્વ, અધ્યાયના અન્તમાં તેમની (ગોપીઓની) સ્તુતિને કહીને, તેની પૂર્વના અધ્યાયમાં તેમના પ્રલાપ જણાવીને, ઉભયનો ઉપસંહાર કરતાં, તેમની અસાધનતામાં તેણે રુદન કર્યું એમ કહે છે.

**मूलम्-** इति गोप्यः प्रगायन्त्यः प्रलपन्त्यश्च चित्रधा ।

रुरुदुः सुस्वरं राजन् कृष्णदर्शनलालसाः ।। १।।

**अन्वयार्थ--** એ પ્રમાણે હે રાજન ! કૃષ્ણના દર્શનનાં લાલસાવાળાં ગોપીઓ ગાન કરતાં તથા જુદી જુદી રીતે પ્રલાપ કરતાં સુસ્વરથી રડવા લાગ્યાં.

**श्रीसुबोधिनीजी--** પૂર્વે કહ્યા પ્રમાણે સર્વ ગોપીઓ બહુ ગાવા લાગ્યાં તથા પ્રલાપ કરવા લાગ્યાં. અહિંઆં તો એકજ પ્રકાર કહ્યો. પણ તે તો જુદી જુદી રીતે વિલાપ કરવા લાગ્યાં. જયારે તેઓ અસાધન થઇ ગયા ત્યારે તે બધાં એકઠાં થઇને પુષ્કળ રુદન કરવા લાગ્યાં. રુદનમાં કારણ કહે છે. કૃષ્ણના દર્શનની લાલસા તેમનામાં હતી તેથી તે રડવા લાગ્યાં. પોતાના દેહના રક્ષણ માટે નહિ.

**विवेचन--** પાછલા અધ્યાયમાં આપણે જોયું કે ભગવાન અંતર્ધાન થયા તેથી ગોપીઓને શું કરવું તે સૂઝયું નહિ. તેઓ તદન વિહ્વલ થઇ ગયાં. અને જુદી જુદી રીતે ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યાં. કોઇ ભગવાનને કપટી કહીને મહેણાં મારવા લાગ્યાં કોઇ તેમને 'રમણ' કહીને સંબોધવા લાગી. જેને જેમ યોગ્ય લાગ્યું તે પ્રમાણે જુદા જુદા સંબોધનથી પ્રભુની પ્રાર્થના કરવા માંડી. આ પ્રમાણે પ્રાર્થના કરી કરીને થાકયાં તોપણ પ્રભુના મુખકમળનાં દર્શન તેમને ન થયાં. તેમની સર્વ આશાઓ નિષ્ફળ થઇ. સર્વ સાધનો તેમને નિરુપાય લાગ્યાં. તેમના મનથી હવે નિશ્ચય થયો કે અમે સર્વ સાધન કરી ચૂકયાં. પ્રાર્થના પણ કરી છતાં પણ પ્રભુની કૃપા અમારા ઉપર થતી નથી. તો તેનું કારણ શું ? ખરેખર પ્રભુ સાધનથી દર્શન નહિ જ આપે એમ એમના મનની પ્રતીતિ થઇ, ત્યારે તેમનામાં દૈન્યભાવ સ્ફુર્યો, અને પોતે નિઃસાધન થઇ ગયાં. આખરે રુદન કર્યું. પ્રભુના દર્શનની લાલસા એટલી બધી તીવ્ર એમના હૃદયમાં હતી કે અન્ય સાધનોની વિરુપયોગિતાનું ભાન થતાં તેઓ રુદન કરવા લાગ્યાં.

## દીનતા એજ પ્રભુ પ્રાપ્તિનું મુખ્ય સાધન

હરિને પ્રાપ્ત કરવાને કોઇ પણ સાધન નથી તે શ્રુતિ પણ જણાવે છે. **नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ।।** આ આત્મા પ્રવચનથી, બુદ્ધિથી તથા જ્ઞાનથી મેળવાતો

નથી. પણ જેનું તે વરણ કરે છે-જેના ઉપર તે કૃપા કરે છે તેને જ આત્મા પોતાના સ્વરૂપનું દાન કરે છે. વરણ કરાવે છે. ભગવદગીતામાં પણ અર્જુન પ્રતિ કહ્યું છે. **नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया । शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ।।** હે અર્જુન ! તું જેવી રીતે મને જોઇ શકયો તે રીતે વેદથી, તપથી, દાનથી તથા યજ્ઞોથી હું કદી પણ જોઇ શકતો નથી. તો શી રીતે જોઇ શકાય ? આ પ્રશ્નનો ઉત્તર **भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधो र्जुन । ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ।।** આ શ્લોકમાં આપેલો છે. કેવલ અનન્ય ભકિતથી (નિર્ગુણ પ્રેમલક્ષણા ભકિતથી જ ) પ્રભુ ઓળખી શકાય છે, તથા તેમનાં દર્શન પણ કરી શકાય છે. માટે નિર્ગુણ પ્રેમલક્ષણા ભકિત મેળવવી જોઇએ. આને માટે અન્ય સાધનોની નિષ્ફળતા જણાય તો જ પછી ભકિતમાં ચઢવાનું પગથીયું દીનતા છે. દીનતાથી ભકતનો ગર્વ જતો રહે છે, એટલુંજ નહિ પણ એનું હૃદય નિર્મળ બને છે. ભકત દયારામે પણ નીચેના પદ્યમાં દીનતાની આવશ્યકતા જણાવી છે

શિરમણિ સાધન દીનતા સાચી, દીનતા સાચી એક દીનતા

સહુ સાધન બળ મનથકી નાસે, આપણની યોગ્યતા સાચી નવ ભાસે

નિજના દોષ સ્ફુરે ગુણ ગોવિંદ મન ક્રમ વચ અભિમાન

એક આશા કરુણાદગ પ્રભુપદ મતિ રાચી. ૧

એક નહીં નહીં ઉપાય કોઇ બીજે, રાધિકાહૃદયરમણથકી રીજે,

બોહોતેર કોટિના દામ સર્યું કામ શામ બંધાયા દીન ભાવ,

પ્રાપ્ત સદા વાત એહ વ્યાસનંદન વાંચી ૨

સકળ પદાર્થ કૃષ્ણસદન શોભે, નથી કોઇ નવલ ભેટ જેથી નાથ લોભે

નૂતન એક એજ દીનતામાં પ્રભુ પાસ માટે પ્રસન્ન હોએ દ્રુત,

પ્રપન્ન દીનભાવ પરિવૃઢ છે અવર વાત કાચી. ૩

દીનદયાળ હરિ વેદ વખાણે, સાધને સાધ્યથી સરવ જાણે;

નિજનાં બળ ઉપર જળનિધિ તરે નહિ તદપિ કરવું સર્વાર્પણ અગર,

રહેવું દયારામ સદા હરિરચિ સમ નાચી. ૪

પોતાને અન્ય સાધનોની નિષ્ફળતા જણાતાં તેઓ સાધન પ્રતિ ઉપેક્ષાવાળાં થયાં, આ સ્થિતિમાં તેમને દીનતાની સ્ફુર્તિ થઇ. આમ થતાં તેઓએ ગાવા માંડયું, તથા પ્રલાપ કરવા માંડયો. આ ગાન તથા પ્રલાપ અનેક પ્રકારે થયાં, માટે

'ચિત્રધા' શબ્દ છે. ગદ્ગદ કંઠે આ ગાન કરતાં કરતાં તેમના હૃદયની લાગણીઓ એટલી બધી ઉછાળા મારવા લાગી, કે તેઓ તે લાગણીઓને વશ કરી શકયાં નહિ. હૃદય હાથમાં રહ્યું નહિ. પોતે ઘણી જ હિંમત આપવા માંડી છતાં કેમે કર્યું હૃદય શાન્ત થયું નહિ. આથી તેઓ એકદમ મુકતકંઠે રુદન કરવા લાગ્યાં. શા માટે આમ રુદન કર્યું ? તેના ઉત્તરમાં કહ્યું છે કે કૃષ્ણના દર્શનની લાલસાથી તેમને કૃષ્ણનાં-સદાનંદ પ્રભુનાં દર્શન કરવાં હતાં, તેટલા માટે સર્વ સાધન કરી જોયા પણ કંઇ વળ્યું નહિ એટલે રુદન કર્યું. રાજાને આ વૃત્તાન્ત સાંભળતા અસર ન થાય તેટલા માટે શુકદેવજી એકદમ સંક્ષેપમાં વર્ણન કરી દે છે, નહિ તો ગોપીજનના દુઃખની કથની સાંભળતા રાજાનું હૃદય ખિન્ન થવાથી તે અશ્રુપાત કરવા માંડે તો કથાની અંદર વિક્ષેપ પડી જાય. માટે શુકદેવજીએ આ વૃત્તાન્ત સંક્ષેપમાં જણાવી દીધો.

પછી ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રરૂપ થયા, પછી ફરીથી કૃષ્ણરૂપ થયા.

**मूलम्--** **तासामाविरभूत् शौरिः स्मयमानमुखाम्बुजः ।**
**पीताम्बरधरः स्रग्वी साक्षान्मन्मथमन्मथः ।। २ ।।**

**अन्वयार्थ--** તે ગોપીઓની સમક્ષ પીતાંબર પહેરેલા, તથા માળા ધારણ કરનાર, મન્મથના પણ મન્મથ ભગવાન શ્રીકૃષ્ણ સાક્ષાત પોતાના હાસ્ય કરતાં મુખકમળથી પ્રકટ થયા.

**श्रीसुबोधिनीजी--** ભગવાન તેમની મધ્યમાં પ્રકટ થયા. માયાના પડદાને દૂર કરી ભગવાનનું પ્રાકટય થયું. કારણ કે ભગવાન 'શૌરિ' છે. શૂરના પૌત્ર છે. શૌર્ય અહિંઆં પ્રકટ કરવું જોઇએ એમ વિચારીને સર્વના દુઃખના નિવારણ માટે યદુવંશમાં અવતર્યા. ત્યારે તેમના દોષની નિવૃત્તિ માટે જેનું મુખકમળ કંઇક હાસ્ય કરી રહ્યું છે એવા એ થયા. તેમના (ગોપિકાના) વૈકલ્યથી તેમને સંતોષ થયો. સ્મયમાન મુખ એટલે સ્મિતયુકત અગર સ્મય અને માન સહિત જેનું મુખકમળ છે એવા ભકતનો દોષ ભકતમાંથી નીકળીને ભકિતમાં આવે છે એવું જણાવવાને કહ્યું છે. તે સમયના રૂપને વર્ણવે છે. 'પીતાંબરધર' પણ ભગવાનને કહ્યા છે. પીતાંબરને હાસ્યસંકોચને માટે હાથમાં ધારણ કરીને સ્થિત થાય છે. અથવા વ્યાપિવૈકુણ્ઠરૂપથી અત્યાર સુધી લક્ષ્મીની સાથે રમણ કરીને તેજ રૂપથી પ્રકટ થયા સ્રગ્વી એટલે વનમાલાથી યુકત. મધ્યે બ્રહ્માદિની પૂજા ગ્રહણ કરી એમ જણાવે છે. અથવા લક્ષ્મીની પૂજા ગ્રહણ કરી. આથી વિલમ્બનું સૂચન થયું. માટેજ ગયા અધ્યાયના પ્રથમ શ્લોકમાં 'લક્ષ્મી જયાં વાસ કરે છે' એમ કહ્યું છે. હવે ઉપેક્ષા

કરવી યોગ્ય નથી એમ ધારીને પ્રકટ થયા. માટેજ આગળ આગમનની વાત કરી. અથવા બે વિશેષણથી ત્યાં હેતુ કહે છે. હવે જો પ્રકટ ન થાય તો રસ અગર કીર્તિ નહિ મળે. પોતે જ આચ્છાદનથી રસત્વના સાધક પીતાંબરને ધારણ કરનાર કીર્તિમય તથા માળાથી વિભૂષિત છે આથીજ પોતે પ્રકટ થયા છે, એમ અર્થ છે. નહિ તો ભકતોના સ્વરૂપ તિરોધાન મુકત ઉભય ભાવનો અભાવ સ્ફુટ થાય છે એમ ભાવ છે. શંકા-શા માટે કંદર્પે પ્રભુને વશ ન કર્યા ? તેનું લશ્કર ભિન્ન થયું હતું. પ્રભુ જાતે કામના પણ કામ છે. આધિભૌતિક કામ દેવાતરૂપ છે. આધ્યાત્મિક સર્વ હૃદયોમાં સાક્ષાત કામ કામરૂપ છે. તેમના પણ પ્રભુ કામ છે. તે આધિદૈવિક સ્વરૂપ છે. સર્વના પોતે સર્વરૂપ છે. આથી કામ પણ પ્રભુથી મુગ્ધ છે. કામનો પણ અશકય મોહ છે; પોતે કંદર્પરૂપ હોવાથી તેમને દૈન્ય થયું ત્યારે તેનું નિવારણ કરવાને કામરૂપનેજ પ્રકટ કર્યા. આથી પહેલાંની માફક કામસંપન્ન તેઓ થયાં.

**શ્રીમતી ટિપ્પણી-** આ શ્લોકના ઉપોદ્‌ઘાતમાં કહ્યું કે પ્રભુ પ્રથમ બ્રહ્મા, વિષ્ણુ રુદ્ર થઇને કૃષ્ણરૂપ થયા, તો એ શી રીતે સંભવી શકે ? તો કહે છે. આ ગર્ભિત અર્થમાં કહ્યું છે. પ્રથમ બ્રહ્મકલ્પમાં ભગવાનજ ચતુર્મુખ બ્રહ્મા હતા, અને પૂર્વે તપ કર્યું. ''ભગવાન બ્રહ્માનું રૂપ ધારણ કરીને નામરૂપ ક્રિયા કરે છે.'' ''જેને શબ્દ બ્રહ્મા તરીકે જાણે છે.'' એવા વાકયોથી જણાવે છે કે શબ્દ સૃષ્ટિ અને અર્થસૃષ્ટિ બ્રહ્મ તરીકે ઉત્પન્ન કરીને તેમાં પોતે પ્રવેશ કર્યો. અને સર્વ કાર્ય કર્યું. બ્રહ્મા રજોરૂપ છે. અહિંઆં પણ પ્રથમ રજોરૂપ માનરૂપથી પ્રકટ થયા, પછીથી તાપરૂપે, પછી વિવિધગાન પ્રલાપ રૂપે, ત્યાર પછી વિવિધરૂપે પ્રકટ થયા. આ રીતે પ્રભુ પોતે બ્રહ્મા થયા. વળી તે વિષ્ણુ પણ થયા. વિષ્ણુ વિક્ષેપરહિત છે, શુદ્ધસત્વાત્મક છે, અને તેથી જેમ અન્યનું પાલન થાય તે પ્રમાણે કરે છે. અહિંઆં પણ સખીઓનાં વચનો સાંભળીને પછી (ગોપીઓના) પોતાનાજ અપરાધને લીધે પ્રિય ભગવાને ગમન કર્યું છે એમ જાણીને, ચિત્તવિક્ષેપનો ત્યાગ કરીને ફરીથી સ્વસ્થાનમાં સ્થિત રહીને સ્વજીવનને માટે પોતપોતાના ભાવનું પ્રાકટય કર્યું એટલે એ રૂપે ભગવાન પ્રકટ થયા. હવે ભગવાન રુદ્રરૂપ કેવી રીતે થયા તે કહે છે. ''એમણે રુદન કર્યું માટે તો રુદ્ર કહેવાયા'' એમ રુદ્રને માટે શ્રુતિનું વચન છે. વળી રુદ્રને માટે શ્રુતિમાં એવી આખ્યાયિકા છે કે પ્રથમ દેવોની પાસેધન હતું. તે ધનને તેમણે અગ્નિમાં મૂકયું અને પછી સંગ્રામ કરવાને માટે ગયા. જયારે તે સંગ્રામ માટે ગયા છે એમ અગ્નિએ જાણ્યું એટલે તે એ ધનને લઇને પલાયન કરી ગયા. દેવોએ આ હકીકત જાણી, તેથી તેમણે પરાણે પોતાનું ધન હતું તે

અગ્નિ પાસેથી પાછું લઇ લીધું. અગ્નિને તે વખતે બહુજ દુઃખ થયું. એ દુઃખને લીધે તેમને અત્યન્ત રુદન થયું. અહિંઆં પણ જે રસ અન્યને ન આપી શકાય તે પ્રભુએ પોતાના ભોગને માટે સ્વામિનીઓને આપ્યો. પણ સ્વામિનીઓને માન થયું, અને તેથી તે રસનો પોતામાં નિરોધ કર્યો, પણ જયારે પછીથી માનનો ત્યાગ તેમણે (ગોપીકાઓએ) કર્યો અને દૈન્યભાવ દેખાડવા લાગ્યાં એટલે અત્યન્ત રુદન કરવા લાગ્યાં. આથી ભગવાન્ રુદ્રરૂપે પ્રકટ થયા હતા. જેમ તે (રુદ્ર) સર્વના નિરાસક છે તેમ આ ભાવ સર્વ શાસ્ત્રોકત સાધનબલની સ્ફૂર્તિમાં ઉદય થતો નહોતો, અને પ્રભુનું પ્રાકટય પણ થતું નહોતું. અને જયારે આ ભાવ ઉદય પામે છે ત્યારે તેની (સાધનબળની) સ્ફુર્તિનો નાશ થાય છે, અને પ્રભુનો આવિર્ભાવ થાય છે. હવે પ્રભુ કૃષ્ણરૂપે પ્રગટ થયા તે કહે છે. કૃષ્ણ શબ્દમાં કૃષ ધાતુ છે. તેનો અર્થ સત્તાવાચક થાય છે અને 'ણ' નો અર્થ નિવૃત્તિવાચક છે. એટલે કૃષ્ણનો અર્થ સત્ અને આનંદરૂપ સદાનંદરૂપ એમ છે. કૃષ્ણ તો સદ્‌રૂપ પણ હોવાથી સર્વદા હોય છે જ, તો પણ જયારે આવો 'દૈન્યભાવ ઉત્પન્ન થાય' ત્યારે જો પ્રભુ ફરીથી પ્રકટ ન થાય તો, ભકતોની દેહાદિસત્તા પણ ન રહે કારણ કે દૈન્ય ભાવ ઘણો ઉપમર્દ ભાવવાળો હોવાથી તેનો નાશ કરે છે. માટેજ જાતે જ પ્રકટ થઇને સદ્‌રૂપ તથા આંનંદરૂપ પોતે ગોપી મધ્યમાં પોતાનું સાધન કરે છે.

**"स्मयमानमुखाम्बुजः"** પ્રભુના જેવા બીજા કોઇ છે નહિ કે જેના આવા ભકતો હોય એવો ભાવ તે સ્મય. પ્રભુને, પોતાના ભકતોનો તેમને માટે આટલો બધો પ્રેમ છે એમ જયારે જાણે છે ત્યારે પોતાને ગર્વ કરવાનું કારણ મળે છે કે અહો ! મારા જેવો બીજો કોઇ નથી, કારણ કે આ ભકતો-ગોપીજન મારે માટે આટલો બધો પ્રેમ જાણાવે છે. માટે આ રીતે સ્મય પ્રભુને થયો એમ કહ્યું. વળી 'માન' એ શબ્દથી જો અમારી પ્રાર્થના કરશે, તો અન્ય પણ જો મારો ભકત હોય તો તેને આ રસ હું આપીશ, નહિ તો 'મુકિત' એમ સૂચવે છે. એટલે સ્મય અને માન બન્નેથી યુકત જેનું મુખકમળ છે એવો અર્થ થાય છે. બીજો સામાન્ય અર્થ જેનું મુખકમળ હાસ્ય કરતું હતું એવા પ્રભુ અહિંઆં મુખને કમળની સાથે સરખાવ્યું છે. કમળ રવિનાં કિરણના સંબંધથી વિકાસ પામે છે અને જે રસ હોય તેને પ્રકટ કરે છે,તેમ અહિંઆં પણ પ્રભુનું મુખદર્શન રસને પ્રકટ કરે છે.

'અથવા તો ભગવાન્ વ્યાપિવૈકુંઠ સુધી હતા.' એમ જે શ્રી સુબોધિનીજીમાં કહ્યુ છે, ત્યાં એવું સમજવાનું છે કે, શ્રીકૃષ્ણ તો તેમની નિકટ સ્થિત હતા. (ઉભા હતા) પછીથી પ્રભુના આગમનની વાત કરી છે. જે સ્વરૂપથી પૂર્વે ઉભા ન હોય તે સ્વરૂપથી આગમન થયું એમ કહેવું જોઇએ. જે સ્થિત છે તેમનું આગમન

સંભવતું નથી, માટે જે રૂપથી આગમન થયું છે તે રૂપ કહ્યું છે. વ્યાપિવૈકુંઠમાં પુરુષોત્તમ છે, અંશ નહિ. વ્રજમાં તો લક્ષ્મી પોતાનો આશ્રય કરે છે એ વાકયથી લક્ષ્મીને કદાચિત પણ અવસર નથી. હવે આ માનને દૂર કરવા પણ માનનું ખંડન તથા તેની આર્તિનો નાશ કરવાની લક્ષ્મીની સાથે રમણ જે રૂપથી કરે છે, તો રૂપથી જ પાછાં પ્રકટ થયા એ આશયથી આગમન કહ્યું છે.

પૂતનાથી પરપક્ષનો નિરાસ કરાય છે. દુઃખિત હોય તો તેમ કરવાને સમર્થ નથી. સુખી જ કરી શકે. સ્વામિનીઓએ પણ સર્વાત્મભાવથી વિરુદ્ધ જે જે ભાવો છે તે બધાને દૂર કર્યા. આમ થતાં સર્વાત્મભાવ પામેલા ભકતોમાં દુઃખનો સંભવ હોય તો મર્યાદામાર્ગીય ભકતોથી પણ આ પુષ્ટિમાર્ગમાં દુઃખસંભાવનારહિત મોક્ષથી પણ આધિકય છે એવું જ્ઞાન નહિ થવાથી આ માર્ગની પ્રવૃત્તિ બનશે નહિ, એમ જાણીને અતિરોધાન ન કર્યું. વળી કંદર્પશબ્દ સર્વાત્મભાવનો સૂચક છે; એમના કામનો ભાવ પણ સર્વાત્મભાવરૂપ છે, એવું જણાવવાને કંદર્પશબ્દનો પ્રયોગ કર્યો છે.

ઉપરના શ્લોક ઉપર શ્રી ગુસાંઇજીનો સ્વતંત્ર લેખ પણ છે તે વેણુનાદ માસિકના પ્રથમ વર્ષના તૃતીય અંકમાં પ્રકટ થયો હતો; તેને અનુસરીને અહિંઆં પણ આનો અર્થ નીચે પ્રમાણે કરવામાં આવે છે. અર્થભાવ તો સરખો છે પણ એમાં વધુ વિસ્તાર છે. શ્રીગુસાંઇજીની સ્વતંત્ર શૈલીથી એને સ્ફુટ કરવામાં આવ્યો છે.

**तासामाविः** એટલે તત્સંબન્ધિ પ્રાકટય. એટલે તેમના સજાતીય સ્ત્રીવેશથી પ્રકટ થયા તે વેશથી પૂર્વ અન્તર્હિત થયેલા અને તેઓની મધ્યમાં સ્થિત થયા. હાલમાં પણ તે પ્રમાણે પ્રકટ થયા. અત્યાર સુધી હું તમારી વચમાં આજ સ્વરૂપથી સ્થિત હતો છતાં તમે મને ન જોયો તે જણાવવાને આ પ્રમાણે કહ્યું છે આથી 'આ કોઇનાં પગલાં છે' એવી ઉત્પ્રેક્ષા કરીને, અન્યના સંબંધનો દોષ થયો નથી. એમ તે સમયે જણાવ્યું. નહિ તો ખણ્ડિત ગોપીકાની અધિક ખેદનથી એવી ઉકિત ન બને, અને ચક્ષુની પ્રીતિથી ઉત્ફુલ્લતા ન બને. 'શૌરિ' શબ્દ ભગવાનને માટે વાપર્યો છે તેનો આશય આ છે. જેવી રીતે શ્રીવસુદેવ સ્વઅપેક્ષિત પ્રભુપ્રાકટય સાધવાને માટે તેના આધારરૂપ દેવકીની અપેક્ષાથી શૂરના પૂત્ર તરીકે સ્વધર્મ જે યુદ્ધ તેનો પરિત્યાગ કરીને, કંસની આગળ દૈન્ય દેખાડયું. નહિ તો ભકતના દુઃખના અભાવે પોતાની અપેક્ષતા સિદ્ધ થતી નથી. તે રીતે 'તે રસ છે' એ શ્રુતિથી ઇશ્વર પણ પોતાના અપેક્ષિત રસના પ્રાકટય માટે તેના આધારની (ગોપીની) અપેક્ષાથી, પોતાનો ધર્મ ઐશ્વર્ય તેનો ત્યાગ કરીને. તેમની ઇચ્છા પ્રમાણે અંગીકાર કરે છે. નહિ તો રસને જે મેળવીને આનંદી થાય છે એ સંભવે નહિ. 'રસને

જ' તેમાં 'જે' થી એમ સૂચવ્યું છે કે પ્રભુરસરૂપ છે છતાં પણ અન્ય તરફથી લાભના અભાવે (એટલે જો રસનો લાભ લેનાર બીજો ન હોય તો) રસત્વની સિદ્ધિ થતી નથી, આથી જે પ્રમાણે તેમનામાં રસ પ્રકટ થાય છે તે કરવામાં ઐશ્વર્યની હાનિ નથી, ઉલટું રસના ભોકતા તરીકે તેની સિદ્ધિ જ થાય છે. માટે એમાં કાંઇપણ અયોગ્ય થતું નથી. વળી જેવી રીતે ભકતોમાં લીલારસ પ્રકટ કરવાને વસુદેવ ચતુર્ભુજરૂપથી પ્રકટ થયા. તથા તેમના દર્શનથી, લીલાના વિરોધિ માહાત્મ્યજ્ઞાનથી, લીલારસ અસંભવિત છે એમ વિચારીને ભકતનો સજાતીય પ્રાકૃત ભાવ અંગીકાર કરીને, લીલારસને પ્રકટ કર્યો. તે પ્રમાણે અહિંઆં પણ પ્રથમ નાયિકામાં લીલારસ પ્રકટ કરવાને તેનાથી જુદા નાયકરૂપે પ્રકટ થયા તેના દર્શનથી ઉત્પન્ન થતા લીલાના વિરોધી મદ તથા માનરૂપ દોષથી રસ અસંભવિત છે એમ માનીને તેના સજાતીય નાયિકાભાવનો અંગીકાર કરીને લીલારસને પ્રકટ કર્યો એવું જણાવવાને શૌરિપદ વાપર્યું છે. અથવા સ્ત્રીવેશથી રસશાસ્ત્રના જાણનાર ક્ષત્રિયનું જેવું સ્થિતિકૌશલ્ય જણાય છે તેવું અન્યનું નથી, એમ જણાવવાને શૌરિપદ છે; આથી ભગવદ્ભાવની સ્ફુર્તિ જેમનામાં થઇ છે એવી ગોપીઓની બાબતમાં પણ દુષ્ટોના મારણની લીલા સંભવે છે; પણ રસસંબંધિ લીલાનું અનુકરણ તો નાયિકાનો ભાવ જેમનામાં પ્રકટ થયો છે એવી પ્રભુમાં જ સંભવે. અને ત્યાં બીજાને જણાવ્યા સિવાય અવર્ણીનીય રસાનુભવ જેવી રીતે થાય તેમ કર્યું તે અવર્ણનીય હોવાથી તે લીલાનું અનુકરણ સ્પષ્ટ રીતે ન કહ્યું. શંકા - જે વેશથી પ્રથમ અંતર્ધાન પામ્યા તેજ વેશથી શી રીતે પ્રકટ થયા ? ઉત્તર - આ શંકાના નિવારણમાં **स्मयमानमुखाम्बुज** વાપર્યું છે. કપટવેશ હાસ્યસંકોચથી છે. જેટલીમુખ ઉપર રુક્ષતા (ફિક્કાસ) હોય તેટલી તે જણાતી નથી એવો ભાવ છે. પછી સ્મિતથી તે લક્ષિત થયો એમ કહ્યું છે. જેવી રીતે સહસ્રપત્રવાળું કમળ દરેક દળમાં (દરેક પાંખડીમાં) બેઠેલા ભ્રમરના રસને પૂરે છે, તે પ્રમાણે દરેક યુગલને-પ્રત્યેક શ્રીમુખને પ્રકટ કરીને તેમના રસને પૂરે છે, એમ જણાવવાને મુખામ્બુજ એમ કહ્યું છે. અથવા સ્મય એટલે ગોપીઓનો ગર્વ, તેનું પણ માન અહંકાર જેમાંથી હોય તેવું જેનું મુખ જ છે એવા પ્રભુ, એમ સમજવું. શાસ્ત્રમર્યાદાથી કોઇપણ સમયે અહંકાર ભગવાનની પ્રાપ્તિ કરાવનાર થયો નથી, હમણાં તો અહંકારવાળી ગોપીઓની સમક્ષ પ્રભુ પ્રકટ થયા એમ કહ્યું છે. એટલ તે અહંકારને-ગોપીઓના અહંકારને, પણ અભિમાન થયું. માટે તે પણ ભકિતમાં જ ગણાવો જોઇએ. અહિંઆં પણ રસરીતિથી છે એમ જણાવવાને મુખાંબુજમાં તેની ઉકિત કરેલી છે. અગર તો ગોપીઓનાં સ્મય (ગર્વ) અને માન જેમના મુખકમળમાં છે એવા પ્રભુ

એવો અર્થ પણ થઇ શકે. જેવી રીતે સંગમદશામાં ગોપીઓના હૃદયમાં સ્મય અને માન થયાં, તેવી રીતે વિપ્રયોગમાં પણ મારા હૃદયમાં નહોતાં પણ મુખમાં જ હતાં. એવું તે બે આપમાંથી બહિર નીકળીને મારા સંબંધિ હોવાથી, અન્યત્ર જવાને તે અશકત છે, અને તે આપના દોષરૂપ હોવાથી મારા હૃદયમાં સ્થિતિ કોઇપણ પ્રાપ્ત નહિ થવાથી, કારણ કે ભકિત સ્વસંબન્ધિના દોષને સહન કરતી હોવાથી મુખ ઉપર અત્યારે છે એ પ્રમાણેનો ભાવ છે. અગર હાસ્ય કરતી લક્ષ્મી (અમ્બુજા) જેના મુખ ઉપર છે એવા પ્રભુ એમ અર્થ કરી શકાય.જોકે લક્ષ્મીનું સ્થાન છાતી છે (વક્ષ:સ્થળ છે) તો પણ ત્યાં મને સ્થિત થયેલી જોઇને ગોપિકાના સંગમમાં પોતે પ્રતિબંધ હોવાથી આજે પ્રભુ મને કહાડી મૂકશે, પણ જો મુખ ઉપર સ્થિત થવું તો દર્પણ પાસે નહિ હોવાથી (મુખ ઉપર કઇ વસ્તુ હોય તો આપણને દર્પણથી જ તેને જોઇ શકીએ છીએ) મને જાણશે નહિ, એમ વિચારીને ત્યાં (મુખ ઉપર) લક્ષ્મી સ્થિત થયાં. મેં કેટલાંએ સાધન કર્યાં તો પણ પ્રભુના ચરણરજની પ્રાપ્તિ મને ન થઇ, પણ આજે આ ગોપીઓની કૃપાથી ભગવાન્ કંઇક કૃપા કરે છે એમ ભયથી તે જણાવવાને હાસમાં કંઇક મન્દતા છે એમ કહે છે (**स्मयमाना** મંદમંદ હસતા) અગર તો સ્હેજ સ્હેજ અંબુજ એટલે શ્રમજલકણ જેના મુખ ઉપર છે એવા પ્રભુ. ગોપિકાઓની માફક પ્રભુને પણ તેમને શોધવાનો પરિશ્રમ થયો હતો, એ શ્રમજલકણ ઉપરથી સૂચવાય છે. અથવા તો જેનું મુખાંબુજ-મુખચંદ્ર પ્રકટ થાય છે એવા પ્રભુ. જેવી રીતે વર્ષાઋતુમાં ઘનથી પીડિત થયેલો ચંદ્ર શરદઋતુમાં ઘન ન હોવાથી પ્રકટ દેખાય છે, તેજ પ્રમાણે પ્રભુનું શ્રીમુખ ગોપીઓના કરતાં પણ અધિક ખેદથી જ નીલ નિચોલથી પીડિત હતું, આવિર્ભાવ વખતે તે લઇ લેવાથી પ્રકટ થયું. નહિ તો શ્રીમુખનો વર્ણ સ્ફુટ થાય ત્યારે, અસાદશ્યથી તથા વિશેષ કાન્તિ હોવાથી, વેશના પરિવર્તન કરતાંની સાથે તિરોધાનનો અસંભવ છે એવો ભાવ એમાં છે. અથવા તો સ્મયમાનમુખ ભુમિ જેનાથી છે એવા ભગવાન (અંબુજનો અર્થ અહિંઆં ભૂમિ લીધો છે.) શ્રુતિમાં પણ ''પાણીમાંથી પૃથ્વી ઉત્પન્ન થઇ એમ કહ્યું છે.'' આમાં રહસ્ય આ છે. ગોપિકાઓએ જયારે રમણ કર્યુ તે દશામાં જ, ભૂમિને સમગ્ર તેમના પ્રિય સ્વરૂપનો સંબંધ થાય છે, બાકીના વખતે તો માત્ર ચરણોનો જ સંબંધ થાય છે. આથી પ્રભુના વિરહમાં તે પણ વિરહિત પ્રથમ થયાં. પણ પછી જયારે પ્રભુ પ્રકટ થયા ત્યારે ગોપીઓની માફક ભૂમિ પણ હસવા લાગી. અથવા તો સ્મયમાન મુખ અંબુજ એટલે યમુનાનો પવન જેનાથી છે એવા ભગવાન્. વિપ્રયોગમાં રતિશ્રમના અભાવથી પોતાનો (પવનનો) ઉપયોગ રહેતો નથી અને અધિક ખેદનો હેતુ હોવાથી, તે (પવન) પ્રથમ ખિન્ન

થાય છે, પણ પાછળથી જ્યારે પ્રભુ પ્રકટ થયા ત્યારે તેમને હર્ષ થયો કારણ કે તેમને લાગ્યું કે હવે પ્રભુ અમારો અંગીકાર કરશે. અથવા જેનાથી કમળ વિકસિત થાય છે એવા પ્રભુ. વિપ્રયોગ સમયે શય્યા માટે તેમનો ઉપયોગ થયો નહિ તેથી તેમને ખેદ થયો, પ્રભુ જ્યારે પ્રકટ થયા, ત્યારે હવે જરૂર અમારો અંગીકાર થશે, એમ વિચારીને તેમને હર્ષ થયો, એટલે તે ખીલ્યાં અથવા જેનાથી ચંદ્ર પણ વિશેષ પ્રકાશ વાળો છે એવા પ્રભુ. (અંબુજ-ચંદ્ર) ચંદ્ર ભગવાન તથા તેમનાં પ્રિય ગોપીઓના રસનું ઉદ્દીપન કરવાને પ્રકટ થયો, પણ પ્રભુના વિરહમાં, રસસંબંધિ સર્વ સામગ્રી નિરર્થક થઇ છે એમ જાણીને તેને પ્રથમ ખેદ થયો પણ પાછળથી તેને (પ્રભુ પ્રકટ થતાં) હર્ષ થયો-વિશેષ પ્રકાશિત થયો.

શંકા-પછીથી પ્રભુ તેજ વેશથી (સ્ત્રીવેશથી) પ્રકટ થયા, અગર સ્વવેશથી ?-અહિંઆં કહે છે કે પ્રભુએ પીતાંબર ધારણ કર્યું હતું. સ્ત્રીવેશસમયે જે પીતાંબરનો ત્યાગ કર્યો હતો તેને પાછું ગ્રહણ કર્યું એવું ધરપદથી સૂચવાયું છે; નહિ તો ફકત પીતામ્બર એટલે બહુવીહિ સમાસ પ્રમાણે 'જેની પાસે પીળું વસ્ત્ર છે એવા' એ અર્થ નીકળે,પણ અહિંઆં પીતામ્બરની સાથે મૂળમાં 'ધર' શબ્દ મૂકયો છે. એટલે પ્રથમ એ પીતાંમ્બરનો ત્યાગ કર્યો હતો, પણ પાછળથી પ્રભુએ તેને ધારણ કર્યું અથવા ઉકતવેશ સમયે પીતામ્બરનું શું કર્યું ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે એકાન્ત નિકુંજમાં તથા વૃક્ષની બાજુએ પીતામ્બર ધારણ કર્યું. અથવા આપના પરિરંભના સંભ્રમના સમારંભથી શોભિત આ વૃક્ષને અન્ય કોઇ જુએ નહિ માટે તેને ગુપ્ત રાખવાને આ પ્રમાણે કહ્યું છે. અથવા તો પીતામ્બર, સ્વરૂપને ઢાંકનાર હોવાથી તે માયારૂપ છે અને બહાર ધારણ કરવામાં અંદરથી કાપટય નથી એમ જણાય છે. આથી ભગવાનનો તેમના તરફ નિરુપધિ પ્રેમ છે એમ સૂચવ્યું છે. અથવા પીત એટલે ગ્રસ્ત, અગર વ્યાપત અને અંબર હૃદયાકાશ; તેના ધારણ કરનાર પરબ્રહ્મ એક રસરૂપ છે અને ધર્મ તથા ધર્મી વચ્ચે અભિન્નતા છે. અને તેથી પ્રભુના સ્વરૂપની માફક હૃદય પણ વ્યાપક છે, એવું જણાવવાને અંબરપદ મૂકયું છે. નહિ તો એક વિષયમાં ગુંથાયલો અન્ય વિષયમાં જતો નથી. એમ મનની અનેક નાયિકામાં વ્યાપ્તતા ન બની આવે. ફરીથી એકત્ર થવાની ઇચ્છાથી ભગવાનને સ્રગ્વી કહ્યા છે તેનો અર્થ સમજાવે છે. કોઇ ગોપીની સાથે સ્થિતિ કરવામાં, તેના સંગમાં પ્રતિબંધકને લીધે હાર પણ રહી શકે નહિ, અને રહે તોપણ વિલક્ષણ થાય છે પણ અહિંઆં તે પ્રમાણે નથી એમ ભાવ છે. વળી હાર કીર્તિરૂપ છે. તે પહેરવાથી ગોપિકા સાથે રમણ વખતે ગોપિકાઓએ આપેલા હારથી તત્સંબંધી કીર્તિ થાય છે. અગર તો જેવી રીતે સ્વયંવરમાં સુંદર શરીરવાળી વધુ

વરના કણ્ઠમાં હાર પહેરાવે છે તે પ્રમાણે આ ગોપીઓએ પણ પ્રેમલક્ષણા હારને આપ્યો. એ હારવાળા પ્રભુ પોતે હવે કંઇક અન્યથા કરશે નહિ.

**साक्षान्मन्मथमन्मथः** કામદેવ સર્વને વિષયદ્વારા મોહિત કરે છે, જાતે નહિ. કારણ કે પોતે તો અનંગ છે. ભગવાન્ તો પ્રકટ રસરૂપ હોવાથી સાક્ષાત્ જાતે જે તેને મોહ પમાડે છે. તો પછી કામદેવથી પ્રભુ ઉપર મોહ શી રીતે કરાય ?

**शंका--** ભગવાન અલૌકિક રીતથી ગોપીના માનનું ખંડન કરવાને બહારથી તિરોભૂત થયા, અને અંદરથી પ્રકટ રહ્યા આ પ્રમાણે શ્રીઆચાર્યચરણે કહ્યું છે તે તો કંઇ વિરુદ્ધ લાગે છે. ઉત્તર - જે કંઇ તાત્પર્ય સમજતો નથી તેને એ પ્રમાણે વિરોધ દેખાય પણ કંઇ વિરોધ છે જ નહિ. ભગવાન બાહ્યથી તિરોહિત રહ્યા એમ કહો તો પણ એ ઉપરથી એમ ન કહેવાય કે ભગવા હતા જ નહિ. ત્યાં પણ (બાહ્યમાં) પ્રભુ હતા, કારણ કે તે વ્યાપક છે. વળી શુકદેવજીએ પણ કહ્યું છે. 'આકાશની માફક ભૂતોની બહાર તથા અંદર જે છે એવા પ્રભુ તેમનું અદર્શન જ તિરોધાન છે. (એટલે પ્રભુ તો ત્યાં છે પણ ગોપીઓ દેખતાં નથી. માટે તિરોહિત થાય છે) એમ કહ્યું છે. આમ થવાનું કારણ પ્રભુની માયા છે. અન્ય વેશથી પણ પ્રભુ છે. ફલપ્રકરણમાં જેવી રીતે પૂર્વે અલૌકિક રાત્રિઓમાં રમણને અલૌકિક રીતિથી કહેવામાં આવ્યું છે, તેજ પ્રમાણે આગળ લૌકિક રાત્રિમાં લૌકિક રીતિથી રમણ કહેવામાં આવશે. તેથી અલૌકિક રાત્રિને તેમની આધિભૌતિક લૌકિક રાત્રિમાં સ્થાપન થવાથી, તથા તે લીલા નિત્ય હોવાથી એક સાથે બંને લીલા સંભવે છે એ પ્રમાણે એક વખતે બન્ને પ્રકાર કહ્યા તો તેમાં કોઇ પણ વિરોધ નથી.

આ શ્લોકના આરંભમાં પ્રભુ બ્રહ્મા વિષ્ણુ અને શિવરૂપ બનીને હવે પાછા કૃષ્ણરૂપ થયા એવું જે કહ્યું છે તેનો આશય નીચે પ્રમાણે છે

ભગવાનનું રૂપ ત્રણ પ્રકારનું છે-નામ, રૂપ, અને રસ, ભગવાનનું નામાત્મકરૂપ વેદ છે, અને તેનું બીજું નામ શબ્દબ્રહ્મ છે. રૂપાત્મક સ્વરૂપ તે અવતાર છે અને રસવાળું રૂપ તે ભાવરૂપે છે. આ ત્રણ પ્રકારનાં રૂપમાં પણ બ્રહ્મ અનન્ત સ્વરૂપવાળા છે, તેથી તેમાં પણ અસંખ્ય ભેદો છે. જેમ વિશ્વાત્મક વૈકુણ્ઠવાસી પોતે અવતાર લે છે. ત્યારે અવતારના ભેદે કરીને તે અનન્તરૂપો ધારણ કરે છે તેજ પ્રમાણે એક વેદની અસંખ્ય શાખાના ભેદથી અસંખ્ય રૂપ હોય છે અને મૂલનું સામ્ય પણ હોય છે. પ્રકારના ભેદમાં પણ વેદજ છે. જેવી રીતે રૂપાત્મક અને અવતારનું સામ્ય છે તે પ્રમાણે સ્થાયી ભાવરૂપ ભગવાન ભકતના

હૃદયના ભાવ પ્રમાણે આનંદરૂપ શું નથી ? તથા તેમાં સામ્ય નથી? અહિંઆં ભગવાનના સ્વરૂપમાં જે ભેદ દેખાય છે તે માત્ર પ્રકારનો જ છે. જેમ અવતારના રૂપમાં મત્સ્યાવતાર, વરાહ અવતાર વગેરે ભેદો છે. માટે સ્વામિનીમાં જે જે ભાવો છે, તે તે બધા રૂપે રસાત્મક ભગવાનજ બિરાજે છે. આથી પ્રથમ જયારે તેમને માન થયું તે વખતે પોતે બ્રહ્માનું રૂપ પ્રકટ કર્યું. સૃષ્ટિ કરવી એ બ્રહ્માનો સ્વભાવ છે, માટે અહિંઆં રસક્રિયામાં પણ સ્વામિનીઓને જયારે માન થાય છે એટલે ભાવની ઉત્પત્તિ થાય છે તે વખતે બ્રહ્માનું સ્વરૂપ પ્રકટ થાય છે. પછીથી પોતાના રક્ષણ માટે જયારે સ્વામિનીઓએ (ગોપીજને) ગુણગાન વગેરે કરવા માંડયું ત્યારે આ રસાત્મક પ્રભુએ વિષ્ણુનું સ્વરૂપ ધારણ કર્યું. વિષ્ણુનું કર્તવ્ય રક્ષણ કરવાનું છે.ગોપીજનને માન થયું તેથી પ્રભુ અંતર્ધાન થએલા એટલે હવે પોતાના રક્ષણ માટે તેમણે ગાનાદિ કર્યું. પણ આ ગાનાદિનો ભાવ તેજ વિષ્ણુરૂપ છે. કારણ કે પ્રભુ ભાવરૂપે તેમના હૃદયમાં બિરાજે છે પણ જેમ આ ભાવ બદલાય છે તેમ ભગવાન પણ જુદા જુદા સ્વરૂપ ધારણ કરે છે. પ્રથમ માન ભાવ થતાં તેમના હૃદયમાં સ્થિત રસરૂપ ભગવાન બ્રહ્મા થયા. પણ હવે ગાન વગેરેથી તે ઉત્પન્ન થએલા ભાવનું રક્ષણ તેમણે કર્યું. એટલે તે ભાવરૂપ ભગવાન બ્રહ્મા મટીને વિષ્ણુ થયા. ત્યાર પછી તેમણે રુદન કરવા માંડયું એટલે અંતઃસ્થિત ભાવરૂપ ભગવાને રુદ્રરૂપ ધારણ કર્યું. પ્રલય કરવો એ રુદ્રનું કાર્ય છે. સ્વામિનીઓનો જે સાધન માટેનો ગર્વ હતો, તેને રુદન દ્વારા નાશ કરાવ્યો. સાધનોનું બળ પ્રભુપ્રાપ્તિ કરાવતું નથી તે વાતની તેમને ખાત્રી કરાવી. આ રીતે સાધનોના બળનું નિકંદન કર્યું માટે પ્રભુ રુદ્રરૂપે કહેવાય છે. ત્યારપછીથી જયારે તેમને અતિશય દૈન્ય થયું એટલે અત્યંત પ્રભુ સંતોષ પામ્યા, એટલ પોતે પોતાના અસ્તિત્વ તથા સ્વ આનંદનું પ્રાકટય ભકતો સમક્ષ કર્યું અને તેથી પાછા પોતે પુનઃ કૃષ્ણ થયા.

બ્રહ્મારૂપથી તેમનામાં માનભાવને ઉત્પન્ન કર્યો, વિષ્ણુરૂપથી ગાનાદિથી તેમનું રક્ષણ કર્યું. અને શિવરૂપથી (રુદ્રરૂપથી) રુદનદ્વારા તેમના સાધનોના બળનો નાશ કર્યો. અને હવે જયારે તેમને દૈન્યભાવ સ્ફુર્યો એટલે પોતે ફરીથી કૃષ્ણરૂપ થયા. કૃષ્ણ એટલે સદાનંદરૂપ. કૃષ્ ધાતુનો અર્થ સત્તા છે અને 'ણ' શબ્દનો અર્થ આનંદ છે, અર્થાત્ કૃષ્ણશબ્દનો અર્થ સદાનંદ છે. ગોપીજનને હવે આનંદનું દાન કરવાને પોતે સદાનંદ રૂપનો આવિર્ભાવ કર્યો. માટે ફરીથી પોતે કૃષ્ણરૂપ થયા એમ કહ્યું છે. જયારે પોતે નિજભકતો આગળ પ્રકટ થયા તે સમયે તેમણે પોતાની સત્તાને પણ પ્રકટ કરી. આ સત્તા બે પ્રકારની છેઃ- જીવસત્તા અથવા ભગવત્સત્તા

તેમા જીવસત્તા પરિછિન્ન છે; અને ભગવત્સત્તા અપરિછિન્ન છે. આથી જીવમાં એક જગ્યાએ આવેલી તે સત્તાથી પ્રભુ ત્યાં હોવાથી બીજે સ્થલે નથી એમ કહેવાય છે. ભગવાનની બાબતમાં તેમ કહેવાતું નથી. આમ હોવાથી પ્રથમ તેમનામાં આવિર્ભાવ વગેરે માટે સર્વસામર્થ્ય નથી. (જીવમાં જો કે તે સત્તા છે પણ એ સત્તા મર્યાદિત હોવાથી ગોપીજનમાં તે સત્તાનો આવિર્ભાવ કરવાનું સામર્થ્ય નહોતું.) હવે તેના પણ અતિદુઃખથી તિરોધાન થવાથી રસયુકત યશસ્વી ભગવાન જ કૃપાથી આવિર્ભાવ પામ્યા અને સ્વસત્તા તથા આનંદનું તેમનામાં સ્થાપન કર્યું. માટે સદાનંદના પ્રાકટયથી પોતે કૃષ્ણ જ થયા. 'જ' શબ્દથી કૃષ્ણરૂપ થવાથી હવે પ્રથમનાં બ્રહ્મા વિષ્ણુ તથા શિવ તરીકેનાં જે રૂપો હતાં તેનું તિરોધાન થયું છે એમ સમજવાનું છે; કારણ કે હવે માન, ગાન, તથા રુદન એ સર્વ તિરોધાન પામ્યાં છે, એટલે તેની સાથે જે ભાવાત્મક રૂપે પ્રભુ બિરાજતા હતા તે રૂપો પણ તિરોહિત થયાં છે. હવે તો ફકત સદાનંદરૂપે-કૃષ્ણરૂપે જ પ્રભુ તેમની સમક્ષ પ્રકટ થયા છે. તથા અગ્નિ જેમ કાષ્ઠને પોતાના રૂપવાળો કરે છે (અગ્નિથી ભસ્મસાત કરીને કાષ્ઠના સ્વરૂપને પલટાવી નાખે છે) તેજ પ્રમાણે ભગવાન તેમના હૃદયમાં સ્થિત હતા, પણ હવે કૃપાથી તેમના આધારરૂપ માયાના પડદાને દૂર કરીને તે ગોપીજનમાં પોતે પ્રકટ થયાં. આથી તેઓ આવિર્ભાવ પામેલા ભગવાનના સ્વરૂપમય બન્યાં એમ નિરૂપણ કર્યુ છે. આથી તેમની જ સેવાથી ભગવાનની સેવા થાય છે.

**टिप्पण** - (૧) ભગવાન પોતે દાનવીર છે માટે અહિયા શૌરિપદનો પ્રયોગ કર્યો છે. શૌરિ એટલે શૂરના પુત્ર. ભાષામાં શૂર એટલે વીર પુરૂષ કહેવાય છે. ભગવાન ભકતોને દાન આપવામાં વીર છે. તે અર્થમાં અહિયા તેમને શૌરિ કહ્યા છે. ગોપીજનનાં દુઃખનું નિવારણ કરવાને માટે પોતે શૌર્યનું પ્રાકટ્ય કરે છે તે કારણથી દાનવીર તરીકે શૌરિ કહ્યા છે. (૨) આ દોષ ભકિતનો ધર્મ છે. (૩) પીતાંબર વિશેષણ નહીં વાપરતાં પીતાંબર ધારણ શા માટે કહ્યું તેનું તાત્પર્ય અહિંયા પ્રકટ કર્યુ છે. વસ્ત્રથી મુખનું કંઈક આચ્છાદાન થવાથી હાસ્યનો સંકોચ થાય છે; આથી અહિયા રસિકોનું અનુકરણ કરવું છે એટલા માટે તે પીતાંબરને પોતે હાથમાં ધારણ કર્યુ અને ત્યાં ઉભા રહ્યા. (૪) અથવા તો એવું કહેવાનું છે કે પ્રથમ પક્ષમાં માયાના પડદાને દૂર કરીને પોતે પ્રકટ થયા એમ જણાવ્યું છે; માટે અથવા થી બીજો પક્ષ જણાવ્યો છે. પ્રભુને આવેલા જોઈને તેઓ એકાએક ઉભા થયા એમ હવે પછીના શ્લોકમાં કહ્યું છે. તે ઉપરથી પ્રભુનું પ્રથમ આગમન જણાવવાની જરૂર છે. આગમન જણાવ્યા સિવાય તેઓ એકદમ ઉભા થયાં એમ

કહેવું નિરર્થક છે. આગમન જણાવવાને માટે પ્રભુના ગમનની વાત પણ કરવી જોઈએ, તો અહિંયા કોઈને પ્રશ્ન થાય કે અત્યાર સુધી પ્રભુએ ક્યાં ગમન કર્યુ હતું ? તેના ઉત્તરમાં ગમનસ્થલ કહેવાને માટે, અમુક સ્થળ કહેવાને બદલે સામાન્ય સ્થળનું કથન કરવાને વૈકુંઠ સ્થળનો ઉલ્લેખ કર્યો છે. કારણકે વ્યાપિ વૈકુંઠ એ ભગવાનના નિત્ય નિવાસનું સ્થાન છે. (૫) વ્યાપિ વૈકુંઠમાંથી પાછા ફરતી વખતે બ્રહ્માએ પ્રભુની પૂજા કરેલી અને તે વખતે તેમને માળા સમર્પણ કરેલી. આથી પ્રભુએ આ વખતે પોતે માળા ધારણ કરી હતી એવું જણાવવા સ્રગ્વી-માળાવાળા એવો શબ્દપ્રયોગ મૂળ શ્લોકમાં છે. જયાં જયાં પ્રભુનો અવતાર હોય છે. ત્યાં ત્યાં બ્રહ્મા પ્રભુના દર્શન કરવાને જાય છે અને દર્શન કરવા જતી વખતે ભગવાનની પૂજા કરે છે. અત્યારે ભગવાન વ્યાપિવૈકુંઠમાંથી અવતરણ કરીને ગોપિકાઓની તરફ આવતા હતા, તે સમયે પોતાના નિયમ પ્રમાણે બ્રહ્માએ તેની પૂજા કરી તથા માલા સમર્પી (૬) આ ભાગ શ્રી ગુસાંઈજીનો છે એવો મત છે. (૭) જો પ્રભુનો આવિર્ભાવ ન થાય તો વ્રજસુંદરીનો તિરોભાવ થાય, એમ કરવાથી રસનું અસ્તિત્વ જ ન રહે, એટલું જ નહિ પણ પ્રભુની કીર્તિને પણ ઝાંખ આવે. ભગવાન પોતે રસસ્વરૂપ હોવાથી તેમને રસની અપેક્ષા છેજ. માટે તેમણે અત્યારે પ્રાદુર્ભાવ કર્યો, પણ તે રસને ગુપ્ત રાખવાને માટે પોતે પીતાંબર ધારણ કર્યું, કારણકે રસશાસ્ત્રનો નિયમ છે કે રસને ગુપ્ત રાખવો જોઈએ. ગુપ્ત રસ જ રસત્વ પ્રાપ્ત કરે છે. વસ્તુનું આચ્છાદાન વસ્ત્રથી થાય છે. માટે પોતે પીતાંબર ધારણ કર્યુ એમ અહિંયા કહ્યું છે. વનમાલાના ધારણ કરવાથી પ્રભુને કીર્તિની અપેક્ષા છે એ વસ્તુ પણ જણાવી છે. આ રીતે રસ અને કીર્તિ ઉભયની અપેક્ષાથી પોતે પ્રકટ થયા. (૮) કામનાં ત્રણ સ્વરૂપ છે. આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક ....

**વિવેચન --** આ શ્લોકમાં પ્રભુ ગોપીઓનો દૈન્યભાવ જોઈને પ્રકટ થયા એવું વર્ણન કર્યુ છે. ગોપીઓએ પ્રભુપ્રાપ્તિને માટે પોતા પાસે જેટલાં સાધનો હતાં તે બધાનો પ્રથમ ઉપયોગ કરી દીધો, પણ જયારે કોઈપણ ઉપાય ચાલ્યો નહિ, ત્યારે નિ:સાધનદશામાં રૂદન કરવા લાગ્યાં. તેમની નિ:સાધનતા જોઈ પ્રભુ પ્રસન્ન થયા અને તેમની સમક્ષ પ્રકટ થયા.

(આ શ્લોકનું તાત્પર્ય આ શ્લોકના ટિપ્પણમાં, શ્રીગુંસાઈજીની ટિપ્પણીમાં તથા તેમના તેમજ અન્ય સ્વતંત્ર લેખોમાં બહુ વિસ્તારથી આપ્યું છે, માટે વાચકોએ તે ખાસ અવલોકવાં. પિષ્ટપેષણ નહિ કરવા માટે અહિંયા વિવેચન વિભાગ લંબાવ્યો નથી)

(સાર પ્રદીપ) ૧ આ શ્લોકના સુબોધિનીમાં પ્રભુને બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપે પ્રકટ થયા એવું કહ્યું છે, તેની સમજણ નીચે પ્રમાણે સંક્ષેપમાં આપી છે.

**ભગવાનના રૂપના પ્રકાર.**

| **नामात्मक** | **रूपात्मक** | **रसात्मक** |
|---|---|---|
| **वेदरूप** | **अवताररूप** | **रसरूप** |
| | વરાહ વગેરે અવતાર | |

અહિયા રસાત્મક સ્વરૂપની વાત કહેલી છે. માટે તેની સમજ આ રીતે છે.

**રસાત્મક સ્વરૂપે પ્રાકટ્ય**

| બ્રહ્મા | વિષ્ણુ | રુદ્રરૂપ |
|---|---|---|
| રજોરૂપ | સત્ત્વરૂપ | તમોરૂપ |
| સૃજનકર્તા | રક્ષણ કર્તા | પ્રલય કર્તા |
| માનભાવનું સૃજન | વિક્ષેપરહિત થઈને ભાવનું રક્ષણ કરવું | દૈન્યભાવની સ્ફૂર્તિથી સાધન બળનો નાશ કર્યો. |
| તાપ, વિવિધગાન પ્રલાપાદિથી લીલાનું પ્રાકટ્ય) | (પોતાના જ અપરાધને લીધે ભગવાને તેમનો નાશ કર્યો છે એમ ખાત્રી થતાં ચિત્ત વિક્ષેપનો ત્યાગ કર્યો અને સ્વજીવન માટે પોતપોતાનાભાવનું પ્રાકટ્ય કર્યું. | |

૨. શૌરિ=શૂરના પુત્ર. ગોપીજનનાં દુઃખનું નિવારણ કરવાને પોતે વીર પુરૂષની માફક શૌર્યનું પ્રાકટ્ય કરે છે. આ રીતે તેમની ધર્મવીરતા જણાવી છે.

પીતાંબરધર : પીતાંબરને ધારણ કરનાર. પીતાંબર, માયાના આચ્છાદન માટે છે. અહિંયા માયાન ઢાંકીને પોતે પ્રકટ થાય છે માટે અગર હાસ્યનો સંકોચ કરવાને પીતાંબર હાથમાં ધારણ કર્યુ છે.

૩. સ્રગ્વી-માળાવાળા-પ્રભુએ માળા ધારણ કરેલી હતી. વ્યાપિવૈકુંઠ સ્થાનમાંથી ગોપીઓ પાસે આવતી વખતે બ્રહ્માએ તેમનું પૂજન કર્યુ અને માળા સમર્પિત કરી.

| | આધિભૌતિક | આધ્યાત્મિક | અને આધિદૈવિક |
|---|---|---|---|
| ૩ કામનાં ત્રણ સ્વરૂપ છે | કામ પોતે (દેવતારૂપે) | સર્વના હૃદયમાં સ્થિત રહેલા રૂપે | ભગવાન જાતે |

**स्मयमानमुखांबुजः-** એના અનેક અર્થ શ્રીગુસાંઇજીના સ્વતંત્ર લેખમાં કરવામાં આવ્યા છે, તે નીચે પ્રમાણે છે.

૧ **स्मयः गोपिकानां गर्वः, तस्यापि मनो यस्मात् तादृशं मुखाबुजम्** સ્મય એટલે ગોપિકાનો ગર્વ તેનું પણ માન જેનાથી છે તેવું મુખકમળ. ૨ **गोपिकानां स्मयमानौ मुखांबुजे यस्य** । ગોપિકાના સ્મય અને માન જેમના મુખકમળમાં છે તેવા ૩ **स्मयमाना मुखे अम्बुजाः श्रमजलकणाः यस्य** । હાસ્ય કરતાં શ્રમ જલકણો જેમના મુખ ઉપર છે તેવા. ૪ **स्मयमाना मुखे अम्बुजा लक्ष्मी यस्य** । જેમના મુખ ઉપર હાસ્ય કરતી અંબુજા લક્ષ્મી છે તેવા. ૫ **स्मयमानः प्रकटायमानो मुखांबुजो मुखचंद्रो यस्य** । જેમનું મુખાંબુજ-મુખચંદ્ર પ્રકટ થાય છે. ૬ **स्मयमानमुखाः अम्बुजा भूमिः यस्मात् इति** ।જેમનાથી ભૂમિ પ્રફુલ થયેલી છે એવા. ૭ **स्मयमानमुखः अम्बुजो यमुना नीलो यस्मात्** । જેમનાથી અંબુજ યમુનાનો પવન સ્ફુરાયમાન થાય છે તેવા ૮ **स्मयमानमुखाः कुल्लकुसुमाः अम्बुजा वृन्दावनभूमिजाता वृक्षलतादयो यस्मात्** । જેમનાથી વૃન્દાવનની ભૂમિનાં વૃક્ષ તથા લતાઓ પ્રફુલ કુસુમવાળાં થાય છે તેવા. ૯ **स्मयमानमुखः प्रकाशविशेषवानमबुजः चंद्र यस्मात्** । જેમનાથી ચંદ્ર વિશેષ પ્રકાશવાળો બને છે તેવા. ૧૦ **स्मयमानमुखानि विकसितानि कुमुदानि यस्मात्** । જેમનાથી કુમુદો વિકાસ પામે છે તેવા.

આ બધા અર્થનું ગુજરાતી ભાષાન્તર ઉપર આપવામાં આવ્યું છે.

પછીથી જે બન્યું તે કહે છે.

**मूलम्- तं विलोक्यागतं प्रेष्ठं प्रीत्युत्फुल्लदृशोऽ बलाः ।**
**उत्तस्थुर्युगपत्सार्वास्तन्वः प्राणमिवागतम् ।। ३ ।।**

**अन्वयार्थ--** પોતાના પ્રિય ભગવાનને પધારેલા જોઇને પ્રીતિથી વિકસિત ચક્ષુઓવાળી તે સ્ત્રીઓ એકદમ ઉઠયાં જેમ પ્રાણને આવેલા જોઇ બધી ઇન્દ્રિયો સચેત થાય તેમ.

**श्रीसुबोधिनी--** પ્રભુને આવેલા જોઇ એકદમ બધાં ઉભાં થયાં. પ્રથમ આવિર્ભાવની વાત કરી અને પછી અહિંઆં પ્રભુના આગમનની વાત કહી. તે

વિલોકન સમય સ્વામિનીભાવથી તે અરૂપ છે અથવા પૂર્વ અન્તઃસ્થિત હતા. હમણાં બહારથી પધાર્યા એવું જણાવવાને તે ઉકિત છે, શંકા-ભગવાન પધાર્યા ત્યારે તે ઉભાં થયાં તેમાં શું આશ્ચર્ય છે ? ઉત્તર- આ ગોપીઓ ઉભી નહોતી પણ નિર્જીવ હતી એમ જણાવવાને દષ્ટાંત કહે છે. **तन्वः** એટલે હાથ, પગ વગેરે અવયવો. તે જેમ પ્રાણ આવેલો જોઇને સચેત થાય તેમ. પ્રયત્નમાં તો એકજ અંગ વ્યાપાર કરે છે. પ્રાણમાં તો સર્વ એકઠાં થઇને (પ્રાણ આવેલો જાણીને બધી ઇન્દ્રિયો વ્યાપાર કરે છે) એકદમ ઉઠવાના અર્થમાં બહુ વચન વાપર્યું છે. દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ અને જીવ એ પાંચનું ઉત્થાન છે. જીવનું ઉત્થાન અન્યને અધીન હોય છે, પણ જયારે તે આવે છે ત્યારે સર્વ ઉઠે છે (સચેત થાય છે) તે તો (પ્રાણ) ભગવાનમાં આવિષ્ટ છે. ભગવાનની સંગમાં જોડાયેલો છે. ભગવાનનો છે. ભગવાન્ ઉઠે છે ત્યારે તે સચેત થાય છે. અંતઃકરણ સચેત થયું તેનું કારણ અહિંઆં કહે છે. ભગવાન્ અત્યંત પ્રિય છે માટે તેમને જોઇને તે સચેત થયું. પ્રીતિથી તેમનાં ચક્ષુ ઉત્ફુલ્લ થયાં. આ દ્વારા ઇન્દ્રિયો સચેત થઇ તેમ કહ્યું. એમના વિલોકનને માટે જ આગમન થયું છે.માટે આગમનમાત્રથીજ પ્રથમ વિલોકન બને છે. ઉત્ફુલ્લતાતો તેથી ભિન્ન છે, તેનો ધર્મ પુષ્પનો છે, તેની ઉકિતથી ચક્ષુઓનું કમલત્વ વ્યંજીત થાય છે.ત્યાં પ્રીતિ હેતુ છે એમ કહ્યું, અત્યાર સુધી સૂર્યની માફક તેના કાર્યનો અભાવ છે છતાં પણ પ્રાકટય છે એમ જાણાય છે. વિરહમાં સર્વનું તિરોધાન હોવાથી, આ તેનું તિરોધાન પણ હતું. માટે જ તમને (ગોપીઓને) અબળા કહી છે. કાર્યમાત્રમાં પોતાના સામર્થ્યનો અભાવ છે એમ જણાવવાને જ દષ્ટાંતથી પ્રાણનું સચેતનત્વ કહ્યું છે. પ્રાણના પણ પ્રાણ ભગવાન છે. શરીરનું પૂર્વ કહેલા અભિલષિત પદાર્થ તરીકે નિરૂપણ કર્યું છે. અને તેથી ઉત્થાનમાં તે હેતુ છે.

**विवेचन--** ભગવાનનું આગમન જોઇને ગોપિકાઓનાં નેત્રો પ્રેમથી પ્રફુલ્લિત થયાં અને એકદમ બધી ગોપિકાઓ ઉભાં થયાં. અત્યાર સુધીમાં વિરહની વિવ્હલ દશામાં સર્વ રસના તિરોધાનને લીધે, તેમનુંબલ અદશ્ય થયું હતું, તેઓ તદ્દન અશકત બની ગયાં હતા. એટલાં બધા અશકત બની ગયાં હતાં કે ઉઠવાને માટે પણ શકિત નહોતી; પણ પ્રભુને હવે એકાએક આવેલા જોઇને, તેમના ગાત્રોમાં નવીન ચૈતન્ય સ્ફુરવા લાગ્યું. પ્રભુ તરફની પ્રીતિએ તેમનામાં નવીન બળ મૂકયું, અને અત્યન્ત હર્ષમાં આવીને તેઓ સાથે લાગાં ઉભાં થયાં. જેમ શરીરના અવયવો પ્રાણને લીધે ચૈતન્ય પામે છે. પણ તે નથી હોતો ત્યારે શિથિલ અને નિશ્ચેષ્ટ થાય છે, તેજ પ્રમાણે પ્રભુ જ ગોપીઓના પ્રાણ હતા. તેમના દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ,

પ્રાણ અને સર્વ ચેષ્ટાઓના નિયામક પ્રભુ જ હતા. પ્રભુની સન્નિધિમાં જ તેમના દેહાદિ સ્વવ્યાપારો કરી શકતાં, પણ પ્રભુ જ્યારે તિરોહિત થયા ત્યારે તેમના વ્યાપારનું ચક્ર એકદમ બંધ થઇ ગયું; પણ હવે તેમણે જોયું કે પ્રભુ આખરે અમો અબલાને ભૂલી ગયા નથી. તેમના હૃદયમાં અમારી માફક અમારા તરફ પ્રીતિ છે, અને તેથી અમને રસદાન આપવાને માટે પાછા પધાર્યા છે. એમ તેઓએ જોયું, એટલે તેમનામાં નૂતનબળ-સજીવન પ્રસર્યું, તેઓ એકદમ પુષ્પની માફક પ્રફુલ્લ થયાં. તેમની મુખમુદ્રાઓ ઉપર પ્રભુ માટેનો પ્રેમ દેખાવા લાગ્યો. કારણ કે પ્રભુ તેમના પ્રાણ સમાન હતા. તેમને અત્યંત પ્રિય હતા. જ્યારે દુનિયામાં પોતાને સર્વથી અધિક વ્હાલું મળી આવે તો તેમના આગમનથી કોને આનંદનો અનુભવ ન થાય ? વ્રજસીમન્તિનીઓને તેવો આનંદ પ્રાપ્ત થયો.

અહિંઆં જીવનું ઉત્થાન ભગવાનને અધીન છે; કારણ કે તે લીલાસહિત હૃદયમાં સ્થિત થયેલા ભગવાનમાં તેની સ્થિતિ છે. અંતઃકરણના ઉત્થાનનું કારણ ભગવાનની પ્રેષ્ઠતા છે. ભગવાન પ્રિયતમ હોવાથી, તેમના આગમનથી અંતઃકરણ ઉત્થાન પામે છે. ઇન્દ્રિયોની ઉત્થાનમાં પ્રીતિ કારણ છે, માટે મૂળ શ્લોકમાં ''પ્રીતિથી ઉત્પન્ન થયેલાં નયનોવાળાં'' એ પ્રમાણે કહ્યું છે. પ્રાણનું ઉત્થાન દષ્ટાંતથી જણાવ્યું છે. પૂર્વે જણાવેલા અભિલષિત પદાર્થને લીધે શરીરનું ઉત્થાન છે. તે અર્થ સૂચવવાને મૂળ શ્લોકમાં ''તો'' એવું વિશેષણ મૂક્યું છે. આ બધાનો સંક્ષિપ્ત અર્થ એટલો જ છે કે પ્રભુને પોતાની પાસે સ્થિત થયેલા જોઇને, દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને મન એ પાંચમાં ચૈતન્ય આવ્યું અને તેથી તે પણ ઉઠયા, ઉત્થાન પામ્યાં.

આ પ્રમાણે ઉભી થયેલી ગોપીઓ ભગવાનની સાથે શું કાર્ય કરવા લાગ્યાં તે કહે છે.

**मूलम्-** काचित्कराम्बुजं शौरेर्जगृहे ञ्जलिना मुदा ।
काचिद् दधार तद्‌वाहुमंसे चन्दनरुषितम् ।। ४ ।।

**अन्वयार्थ--** એક ગોપીએ ભગવાનના હસ્તકમળને આનંદથી પોતાની અંજલી વડે ગ્રહણ કર્યો. કોઇએ ચંદન વડે શોભિત ભગવાનના બાહુને પોતાના ખભા ઉપર મૂકયો.

**श्रीसुबोधिनीः-** પ્રથમ અનેક પ્રકારની ગોપીઓ હતી; પણ જ્યારે આવિર્ભાવ થયો ત્યારે સાત પ્રકારનાં થયાં. ભગવાન એકલા સર્વને માટે પ્રકટ થયા. તેમાં

જે આગળ ઉભા હતા, તે ઘણીજ નજીક ઉભાં એમ પ્રથમ કહેવાય છે. શુદ્ધસાત્ત્વિકી, શુદ્ધરાજસી, રાજતામસી, અને બાકીના નિર્ગુણા એમ સાત પ્રકારનાં ગણવામાં આવે છે. એકે એ ભગવાનના હસ્તકમળને આનંદથી અંજલિ વડે પકડયો. ભગવાને એક જ હસ્તને આગળ ધર્યો. પૂર્વ શ્લોકમાં ભગવાનને પીતાંબરધર કહ્યા છે. તો બીજા હસ્તથી હાસ્યના નિવારણ માટે પીતાંબરનું ગ્રહણ કર્યુ. બહુમાન દેખાડવું હોય તે અંજલીથી હાથને પકડવામાં આવે છે. ભગવાનને 'શૌરિ' કહેવાનું પ્રયોજન વીરત્વ જણાવવાને છે. 'આનંદથી' પદ એવું સૂચવે છે કે પ્રથમ કહેલા કલેશની વ્યાવૃત્તિને માટે ગ્રહણ કર્યુ.

બીજી ગોપીએ ઇચ્છયું કે હું પ્રથમ કરતાં વધારે અંતરંગ બનીશ એટલા માટે પ્રભુના હસ્તને ખભા ઉપર મૂકયો. એટલે ભગવાન સાથે આલિંગન થયું. આનો વિનિયોગ આગળ કહેવામાં આવશે. પ્રભુના બાહુને ચંદનનો લેપ કર્યો છે. કારણ કે 'મારો અંતઃસ્થિત ધર્મ તે ગોપીઓના નિરોધને સાધશે' એમ જણાવવાને તેમ કર્યું છે. ચંદનમાં હેતુ પૂજા અગર પૂર્વોકત લક્ષ્મી છે-તથા તાંબૂલ આપવામાં પણ તે હેતુ છે.

**શ્રીમતી ટિપ્પણી-** પૂર્વે અમુક પ્રકારની ગોપીઓ હતી. એ પ્રમાણે શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે. ભગવાનનો જયારે આવિર્ભાવ નહોતો થયો ત્યારે (વિરહદશામાં) ગોપીઓનું ચિત્ત વિક્ષેપ પામ્યું હતું, અને તેથી તે અનેકવિધ ગોપીઓ હતી એમ કહ્યું. પણ હવે તો પ્રભુ પોતે પ્રકટ થયા એમ જાણીને તેઓ (ગોપીઓ) પણ આવિર્ભૂત સ્વરૂપમાં એક નિષ્ઠ હોવાથી પ્રભુમય જ થયાં. આ રીતે પ્રભુનું રસાત્મક સ્વરૂપ હોવાથી તેમના ધર્મો પણ રસાત્મક જ છે. માટે ભ્રુકુટિબંધનાદિ ભાવ પણ બની આવે છે.

**વિવેચન--** હવે સંયોગશૃંગારરસની લીલા પ્રભુ ગોપીઓ સાથે કરે છે. પ્રભુનાં દર્શન થતાં ગોપીઓ અત્યંત પ્રેમને વશ થયાં અને લજ્જાનો ત્યાગ કર્યો. પ્રેમરસમાં લજ્જાનો ત્યાગ જયાં સુધી ન થાય ત્યાં સુધી તે રસ બરાબર જામતો નથી. લજ્જાથી પ્રેમમાં અન્તરાય થાય છે. માટે પ્રથમ તેનો ત્યાગ કરવો જોઇએ. અહિંઆં કાવ્યશાસ્ત્રમાં જેને હેલા હાવ કહે છે તે છે. હેલાહાવનું લક્ષણ એ છે કે પૂર્ણપ્રેમથી સંભોગરસમાં લજજા છુટી જાય. એક ગોપીએ અંજલીથી પ્રભુના હસ્તકમળને આનંદમાં આવીને ગ્રહણ કર્યો, બીજીએ પ્રભુના ચંદનથી ભૂષિત બાહુને પોતાના ખભા ઉપર મૂકયો. હસ્તને કમળની સાથે સરખાવ્યો છે. એનું પ્રયોજન એ છે કે જેમ કમળ તાપનું નિવર્તક છે તેમ પ્રભુનો હસ્ત પણ વિરહથી

પીડિત ગોપીઓના તાપને શાન્ત કરનાર છે. વળી તે બાહુ ચંદનથી ભૂષિત છે એમ પણ બીજી પંક્તિમાં કહ્યું છે. એટલે ચંદનમાં રહેલો શીતલતાનો ગુણ પ્રભુના બાહુમાં છે. પ્રભુ રસાત્મક છે, અને તેથી તેમનો બાહુ પણ રસાત્મક છે. અને તેથી તે ગોપીઓમાં રહેલા વિરહાગ્નિરૂપી તાપને બૂઝાવી નાખવાને સમર્થ છે.

આ પ્રમાણે સામગ્રી પ્રકટ કરીને તેમનું-દેવોત્તમનું કૃત્ય દેખાડયું.

**मूलम्- काचिदज्चलिनागृह्णात् तन्वी ताम्बूलचर्वितम् ।**
**एका तदंध्रिकमलं सन्तप्ता स्तनयोरधात् ।। ५ ।।**

**अन्वयार्थ -** કોઈ એક ગોપીએ અંજલીથી ચાવેલા તાંબૂલને લીધું. કોઈ એક બીજીએ કામથી સંતપ્ત થઈને સ્તન ઉપર ચરણકમળને મૂક્યું.

**श्रीसुबोधिनी-** પછી એકે ચાવેલા તાંબૂલને હાથમાં લીધું. તેની તાંબૂલ લેવાની યોગ્યતા કહે છે. તે કોમળ અંગવાળી હતી. એક વળી બહાર ઉભેલી સાક્ષાત્ સંબંધ નહીં થવાથી, ઉઠવાને અશકત હતી, તેથી તેણે બેઠાં બેઠાં જ પ્રભુના ચરણ કમળને પોતાના છાતી ઉપર મૂક્યું. નહિ ઉઠવામાં અને ચરણ કમળને ધારણ કરવામાં (છાતી ઉપર મૂકવામાં) હેતુ કહે છે. તે કામથી સંતપ્ત હતી. ઘણી જ વિરહથી આતુર હતી.

**मूलम्- एका भ्रूकुटिमाबध्य प्रेमसंरभ्भविह्वला ।**
**घ्रन्तीवैक्षत् कटाक्षेपैः संदष्टदशनच्छदा ।। ६ ।।**

**अन्वयार्थ--** એક પ્રણયકોપને વશ થયેલી દાંત હોઠ પીસીને તથા ભવાં ચઢાવીને, કટાક્ષોથી જાણે પ્રહાર કરતી હોય તેમ શ્રીકૃષ્ણને જોવા લાગી.

**श्रीसुबोधिनीजी--** બીજી એક દૂર ઉભેલી તામસી ગોપી તમોગુણથી (ક્રોધથી) ભવાં ચઢાવીને કટાક્ષ ફેંકીને જાણે પ્રભુ તરફ પ્રહાર કરતી હોય તેમ જોવા લાગી. પ્રેમસહ જે ક્રોધ તેનાથી તે વ્યાકુલ થઇ હતી. તે દાંત પણ બરાબર પીસવા લાગી. ભવાં ચઢાવવાથી તેના ચિત્તની કુટિલતા જણાઇ. પ્રેમસહ ક્રોધથી ઇન્દ્રિયનું વૈકલ્ય દેખાડયું. સંદંશથી (હોઠ પીસવાથી) દેહનો ક્ષોભ કહ્યો. ''જાણે પ્રહાર કરતી હોય તેમ'' એ શબ્દથી પ્રાણથી બલની સ્ફુર્તિ થઇ એમ કહ્યું. તેના જ્ઞાનનું સાધન પણ વિકૃત થયું.કટાક્ષ એટલે પ્રાન્ત ષ્ટિ. (પ્રાન્ત=આંખનો ખૂણો, છેડો) તેના પણ આક્ષેપો થયા એમ કહ્યું (આક્ષેપ=ફેંકવું તે), કટાક્ષને ફેંકયા એમ કહ્યું. જેવી રીતે વાણીથી પ્રહાર થાય તે પ્રમાણે કટાક્ષથી પણ પ્રહાર નિરંતર પ્રવૃત્ત થયા. તેવા ભાવથી પૂર્ણતા માટે, અથવા કાલના નિયમને માટે ભ્રૂકુટિ ભંગ કર્યો. સ્વભાવના નિયમન માટે ક્રોધ લોભનો નાશ કરવાને હોઠ પીસ્યા. મોક્ષાભાવ માટે

જ્ઞાનવક્રતા કરી. પ્રમાણને દૂર કરવાને પ્રહાર કરતાં એમ કહ્યું. માટે લૌકિક ભકિત પુષ્ટ થઇ. એટલા માટે આનું નિરૂપણ થયું.

'આથી જ અહિંઆં લૌકિક ભકિત કહી છે' -આનો અર્થ લોકરીતને અનુસરીને સ્નેહ કર્યો એમ થાય છે.

**विवेचन--** અહિંઆં તામસી ગોપીની સંભોગશૃંગારમાં પણ કોપની ચેષ્ટાઓ વર્ણવી છે. આ ગોપીને હવે પુષ્કળ માન થયું છે. પ્રભુને જ્યારે અમે શોધતાં હતાં ત્યારે અમને દર્શન આપ્યાં નહિ અને અમારાથી અંતર્ધાન થઇ ગયા, અને અમને વિહવલ દશામાં મૂકયાં. શું પ્રભુને આમ કરવું છાજે ? તેમને અમારી દુઃખદ સ્થિતિ ઉપર દયા ના આવી ? 'શું પ્રભુ એટલા બધા નિર્દય હશે ?' આમ પ્રણયથી પ્રભુના તરફ કોપ દેખાડતી ગોપીએ પોતે પણ હવે પ્રભુ પાછા અમારી સમક્ષ પધાર્યા છે તો હું તેમની સાથે મીઠી નજરે જોઇશ નહિ, એવો માનભાવ દેખાડયો. કારણ કે તે પ્રભુ માટે અત્યન્ત પ્રેમભાવથી વિહ્વલ બની ગઇ હતી. એટલે ક્રોધમાં આવીને દાંત-ઓઠ પીસીને પોતાના કટાક્ષથી ભવાં ચઢાવીને પ્રભુના ઉપર જાણે પ્રહાર કરતી હોય તેમ જોઇ રહી. આ સમયે તેનામાં પ્રણયનો રૌદ્રરસ એટલો બધો વ્યાપી ગયો હતો કે તેથી તેનું ચિત્ત વિકલ થઇ ગયું. ઇન્દ્રિયો પણ વિકલ થઇ. દેહ ક્ષોભને અનુભવવા લાગ્યો. ચિત્તની વિકલતા તેની ભ્રુકુટિબંધનમાં જણાઇ. ઇન્દ્રિયવૈકલ્ય, પ્રેમસહ કોપમાં જણાવ્યું, અને દેહક્ષોભ ઓષ્ઠ પીસવામાં દેખાયો. આ પ્રણયકોપથી તેનામાં એકદમ નવીન બળ આવ્યું અને પોતાની પાસે જે દષ્ટિના કટાક્ષરૂપી હથિઆર હતું તેનાથી પ્રભુને મારતી હોય- તેમની ઉપર વૈર લેતી હોય તેમ તે જોવા લાગી. પ્રેમની અવસ્થામાં પ્રભુને ભકત માટે કોપ કવચિત્ થાય છે આ કોપ તે પ્રેમભાવનો બાધક નથી, પણ ઉલટો તેનો પોષાક છે.

આ પ્રમાણે અતિપુષ્ટ ભકિતનું નિરૂપણ કરીને અતિ ઉત્તમનું નિરૂપણ કરે છે. **मूलम्-** **अपरा निमिषद्दग्भ्यां जुषाणा तन्मुखांबुजम् ।**

**आपीतमपि नातृप्यत्सन्तस्तच्चरणं यथा ।। ७ ।।**

**अन्वयार्थ--** બીજી ગોપી મટકું માર્યા વગરની પોતાની બે આંખોથી ભગવાના મુખકમળને સારી પેઠે નિહાળતી હતી, છતાં પણ જેમ સત્પુરુષો ભગવાન્‌ના ચરણને સેવવાથી તૃપ્તિ પામતા નથી તેમ તેમને પણ તૃપ્તિ થઇ નહિ.

**श्रीसुवोधिनीजी--** ભગવાનના દર્શનથી આ ગોપીના દોષ દૂર થયા હતા. તેથી ધ્યાનથી હૃદયમાં ભગવાનનું સ્થાપન કરવાની ઇચ્છાથી નેત્રોદ્વારા તે પ્રમાણે

કરે છે. અહિંઆં પ્રભુના મુખને કમળની સાથે સરખાવ્યું છે, માટે લાવણ્યામૃતને પ્રેમ કહ્યું છે. તેનું પાનપણ મટકું માંડયા વગરનાં બે નેત્રોથી કરવાનું છે. લાવણ્યામૃત વિરલ હોવાથી,નેત્રમાં અંજલીત્વનો આરોપ છે. અર્થાત્ લાવણ્યમૃતને નેત્રરૂપી અંજલીથી પીએ છે એટલે પ્રિતીથી સેવન અહિંયા અભિપ્રેત છે. જો કે સર્વત્ર ધર્મસહિત સર્વજ અભિનિવિષ્ટ સ્વાધીન છે. જ્યારે તેને (ગોપીને) ઇચ્છા થાય ત્યારે હૃદયમાં જોઇ શકે છે, તો પણ તેને (ગોપીને) સંતોષ થયો નહિ. ત્યાં હેતું વિષય સૌંદર્ય છે. પ્રયોજનનો અભાવ પ્રતિબંધક નથી. આટલા માટે સત્પુરુષનું દૃષ્ટાન્ત આપ્યું. સત્પુરુષો જાતકાર્ય છે, તો પણ ચરણાવિંદમાં સહજ રસ છે. તેથી કોઇ પણ પ્રાપ્ત કરવાનું અથવા દૂર કરવાનું નથી.

**વિવેચન--** બીજી ગોપી પ્રણયકોપ દર્શાવ્યા સિવાય મુખદર્શનનું સુખ મેળવવાને માટે સત્પુરુષોની માફક પોતાના નેત્રથી ધ્યાન કરી રહી, અને પ્રભુને હૃદયમાં સ્થાપિત કરવા લાગી. પ્રભુના મુખકમળ ઉપર જે લાવણ્યરૂપી અમૃત વિલસી રહ્યું હતું તેનું પોતાના નેત્રોદ્વારા પાન કરવા લાગી. નેત્રરૂપી અંજલીમાં તે રસને ઝીલતી હતી, અને હૃદયમાં ધારણ કરતી હતી. એટલે રસાત્મક પ્રભુના રસસ્વરૂપનું ધ્યાન અનિમિષ દૃષ્ટિથી કરીને પોતાના આનંદ પ્રાપ્ત કરતી હતી, પણ જેમ સત્પુરુષોને પ્રભુના ચરણનું ધ્યાન કરતાં સંતોષ થતો નથી, તેમ આ ગોપીને વારંવાર પ્રભુના મુખકમળ ઉપરના લાવણ્યામૃતનું દૃષ્ટિદ્વારા આસ્વાદન કર્યા છતાં તેને સંતોષ થતો નથી. ખરેખર સંતોષ ન જ થાય ! કારણ કે તે વિષય લૌકિક નથી. લૌકિક વિષયનું સૌન્દર્ય પરિચ્છિન્ન હોય છે અને તે કાલાદિથી નિયમિત હોય છે પણ અલૌકિક સૌંદર્ય તો અપરિચ્છિન્ન છે,એટલે આ રસાત્મક સ્વરૂપનું વારંવાર ધ્યાન કર્યા છતાં પણ સંતોષ ન જ થાય. ઉલટું તેને માટે વધારેને વધારે ઉત્કણ્ઠા થાયજ. આ પરમાત્માના રસનું વર્ણન વેદાદિ પણ કરવાને સમર્થ નથી. ''જ્યાંથી વાણી પણ પાછી ફરે છે'' એમ શ્રુતિ કહે છે, તો એવા રસસ્વરૂપના ધ્યાનથી અહિંઆં ગોપીને સંતોષ શી રીતે થાય ? પ્રભુનું લાવણ્યામૃત પીતાં કોઇ ધરાતો નથી, માટે જ તેનું વારંવાર પાન કર્યા છતાં પણ તૃપ્તિ નથી.

મૂળ શ્લોકમાં પ્રભુનાં મુખકમળને અનિમિષ દૃષ્ટિથી પીએ છે એમ કહ્યું. દૃષ્ટિમાં પાન ક્રિયાનો જે આરોપ કર્યો છે તેમાં ધ્વનિ અર્થ રહ્યો છે. 'પાન' અહિંઆં તેના મૂળ અર્થમાં વપરાયો નથી. તેનો અર્થ અહિંઆં 'વારંવાર ધ્યાન કર્યું' એમ છે. એટલે તેનો મૂળ અર્થ અન્ય અર્થમાં સંક્રમણ પામ્યો છે, માટે અર્થાન્તર સંક્રમિતવાચ્ય ધ્વનિ ત્યાં છે. મુખ્ય રસ શૃંગાર છે. **આપીત**માં શાન્ત

રસની ઝાંખી થાય છે. નાયિકા મુદિતા નાયિકા છે. પ્રભુના મુખકમળ ઉપરના લાવણ્યામૃતથી પૂર્વ દોષનું (દુ:ખનું) વિસ્મરણ થયું છે. અને તેને અત્યન્ત મોદ એટલે આનંદનો અનુભવ થાય છે, માટે નાયિકાને મુદિતા નાયિકા કહી છે.

એક વળી દૂર ઉભી રહી હતી, તે આના (ઉપર જે ગોપીનું વર્ણન કર્યું તેના) જેવી હોવાથી તે પણ યોગની દૃષ્ટિથી ભગવાનનું ગ્રહણ કરવા લાગી, તે હવે કહે છે.

**मूलम्- तं काचिन्नेत्ररन्ध्रेण हृदिकृत्य निमील्य च ।**
**पुलकाङ्ग्युपगुह्यास्ते योगीवानन्दसम्प्लुता ।। ८ ।।**

**अन्वयार्थ**--શ્રીકૃષ્ણને નેત્રરંધ્રથી પોતાના હૃદયમાં સ્થાપન કરીને રોમાંચિત થયેલી કોઇ ગોપીએ શ્રીકૃષ્ણને આલિંગન કર્યું, અને નેત્રો મીંચીને યોગીની પેઠે આનંદમાં ડૂબી ગઇ.

**શ્રીસુબોધિનીજી**-પ્રથમ લૌકિકી ભકિત (સ્નેહ)નું કથન કર્યું. પછીથી ભકિતમાર્ગની અનુસાર તેનું નિરૂપણ કર્યું. હવે યોગને અનુસાર તેનું નિરૂપણ કરે છે. આથી આ ગોપી પ્રભુનાં સર્વ અવયવ ઉપર દૃષ્ટિ રાખે છે. બન્નેનું સ્વરૂપ અને ભાવનું એકીકરણ થવું જોઇએ નહિ તો દૃષ્ટિભેદ બને. આની પહેલાની ગોપીનું પ્રયોજન દર્શન હતું. આ કોઇક વિરલ છે એમ કહ્યું. 'આપ ફકત યશોદાનંદન જ નથી, પણ સર્વ દેહિઓના અન્તરાત્માના દ્રષ્ટા પણ છો' એમ જે પૂર્વે કહ્યું છે તેવા સ્વરૂપવાળા શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું એમ મૂળ શ્લોકમાં **च** છે તેનો અર્થ સમજવો. અહિંઆં **नेत्ररन्ध्रेण** એમ એક વચનથી જે કહ્યું છે, તે રૂપપ્રવેશ માટે છે, હૃદયમાં સ્થાપન કરીને,' એનો હેતુ એ છે કે હૃદયમાં સ્થાપન કર્યા અને નેત્રો મીચી દીધાં. તે ગોપીની બુદ્ધિમાં ભગવાન્ બહાર છે એવું નથી. **च**પદથી પોતાનો ભાગ તેણે લઇ લીધો એટલે સર્વ ઇન્દ્રિયોનું નિવર્તન થયું, આથી હૃદયનો આનંદ પૂર્ણ થવાથી તેના રોમાંચ ખડાં થયાં. ફકત આનંદના અનુભવમાં ગોપીનું ગોપીત્વ રહેશે નહિ એમ ધારીને અહિંઆં વિશેષમાં કહે છે કે 'તેમને આલિંગન કર્યું'. રોમાંચ એ સાત્ત્વિક ભાવ ગણાય છે. આની આજ સ્થિતિમાં પ્રભુને ધારણ કરવા લાગી. આથી અન્ય અવસ્થાનો અભાવ સૂચવ્યો છે.ત્યારે અહિંઆં કોઇને શંકા થાય કે 'તે ગોપી પછીથી ભગવાન્‌ની સાથે સંભોગ કરે છે, તેમના આલાપ પણ કરે છે, અને પછી પોતે ઘેર પણ જાય છે, તો પછી તમે એમ શા માટે કહો છો કે તેની તે સ્થિતિ ધારણ કરી રહી ?' ઉત્તર-યોગી જેમ તે સ્થિતિથી (ધ્યાનની સ્થિતિથી)

પોતાની આગળ સર્વ કાર્યને સાધે છે, તેમ આ પણ તે અવસ્થાથી સાધે છે અને તેથી તે સ્થિતિમાં તે સ્થિત રહી. વળી કહે છે કે તે આનંદમાં ડુબી ગઇ. એટલે બહારથી જ્ઞાનરહિત થઇ. જ્ઞાન હોય તો કાર્યનું અનુંસધાન બને, પણ આનંદપૂર્ણ હોય તો તેમાં કોઇ પણ કામ રહેતો નથી.

**શ્રીમતી ટિપ્પણી--** શ્લોક ૬માં લૌકિક સ્નેહયુકત ગોપીનું નિરૂપણ કર્યું. ભકિતમાર્ગમાં સ્નેહને લીધે બાહ્ય મુખારવિંદના દર્શનથી પોતાના સર્વ દુ:ખનું વિસ્મરણ થાય છે. તેથી ગોપોને અન્ય કંઇ અપેક્ષા નથી. તેથી તે ભાવનું નિરૂપણ શ્લોક ૭ માં કર્યું. હવે યોગદષ્ટિથી તેને વર્ણવે છે. યોગદષ્ટિએ ધ્યાનમાં પ્રત્યેક અવયવનું પૃથક ચિંતન થાય છે. ધારણમાં તે સર્વના સમુદાયરૂપ એક સ્વરૂપનું ચિંતન થાય છે. પરસ્પર પૃથક્ અવયવોના સંબંધના સ્મરણ સિવાય જો એકાંગનું સ્મરણ થાય તો તે અનુચિત છે. અને તેથી અપરાધ થાય છે. અહિંઆં પ્રભુનું અખિલ અંગસ્વરૂપ રસાત્મક છે અને તેમજ ભાવાત્મક છે. માટે પ્રત્યેક અવયવને સ્વામિનીભાવનો વિષય કરવામાં આવે તોપછી તેમા પરસ્પર (એક અવયવથી બીજા અવયવનો) ભેદ જોવાય. પણ પ્રભુનું અખિલ સ્વરૂપ રસાત્મક છે તો પછી પ્રત્યેક અંગનું પૃથક્,પરસ્પરના સંબંધના સ્મરણ વગર કરવામાં આવે તો તેમાં ભેદદષ્ટિ થાય છે. પણ તે ભેદાપત્તિનું આ ભાવથી ઉપાસન થાય છે. એટલા માટે 'નહિ તો દષ્ટિભેદ થાય' એમ શ્રી સુબોધિનીજીમાં કહ્યું છે. દષ્ટિથી કરાયલો ભેદ સ્વરૂપમાં થાય. વિષય તરીકે સ્વરૂપ અને ભાવમાં ભેદ નથી. 'સર્વજ્ઞાન પ્રમેય છે' ઇત્યાદિમાં વ્યભિચાર આવે.ઇશ્વરનું જ્ઞાન સર્વવિષયક હોવાથી, સ્વવિષયકત્વ પણ સર્વ વાદીને સંમત થાય છે. અને અહિંઆં પોતે સ્વયંપ્રકાશ ચિદ્રુપ હોવાથી સ્વરૂપમાં કોઇ પણ પ્રકારની અનુપપત્તિ થતી નથી. (અનુચિતપણું બનતું નથી.) પણ ભાવ વ્યભિચારી હોય તો પણ તે સ્વરૂપના ભેદક થતા નથી. સ્થાયિભાવ તરીકે તેમનો ભેદ આવશ્યક છે. માટે તેનું સમાધાન પણ આવશ્યક છે. પ્રભુનું શ્રીઅંગ તથા પ્રત્યેક અવયવ રસાત્મક છે. તેથી પ્રત્યેક અવયવના પરસ્પર સંબંધપૂર્વક સ્મરણથી ભેદદષ્ટિ થતી નથી. કારણ કે સ્વરૂપે સર્વ રસાત્મક જ છે. એટલે દષ્ટિકૃત ભેદ સ્વરૂપમાં નથી તેમ વિષય તરીકે પણ સ્વરૂપ અને ભાવમાં ભેદ નથી. જેમ ઇશ્વરનું જ્ઞાન સર્વ વિષયક હોય છે. અને તેથી સ્વવિષયક જ્ઞાન તે સર્વવાદીને સંમત બને છે. તે પ્રમાણે પ્રભુનું સ્વરૂપ સ્વયંપ્રકાશ ચિદ્રુપ હોવાથી તેમાં કોઇ ભેદ હોતો નથી. એટલે વિષય અને વિષયી એક જ છે તથા દષ્ટિભેદથી કરેલો અપરાધ અયોગ્ય છે, એમ બરાબર છે.

'પોતાનો ભાગ લીધો' - પોતાનો ભાગ કહેવાનું પ્રયોજન એવું છે કે પ્રભુ સર્વ ગોપીઓને રસનું પ્રદાન કરવાને માટે પ્રત્યેકની આગળ પ્રકટ થયા. આથી તે દરેકના ભાગરૂપને જુદા જુદા રૂપમાં પ્રકટ કર્યું તેથી તે જુદુ જુદુ સ્વરૂપ જુદી જુદી ગોપીઓ દરેક પોતાના ભાગ તરીકે ગ્રહણ કરવા લાગી. એટલે જે ગોપીના કાર્ય માટે તે સ્વરૂપનો આવિર્ભાવ થયો તેજ તેના ભાગરૂપ બન્યું આથી જેમ પુત્રો પિતાના ધનને વ્હેંચી લે છે, અને તેમાં પોતાના ભાગમાં સ્વત્વની ભાવના તેમને થાય છે. તેમ સ્વામિનીઓએ દરેકે પોતાના ભાગને ગ્રહણ કર્યો અને તેમાં તેમની સ્વત્વની ભાવના થઇ.

**વિવેચન--** આ શ્લોકમાં ગોપી યોગદષ્ટિથી પ્રભુના સર્વ અવયવોનું ચિંતન કરે છે. તેનાં રોમાંચ ખડાં થાય છે. પ્રભુને આલિંગન કરે છે. નેત્રો મીંચી દે છે. આ રીતે ચિન્તન દ્વારા પ્રભુને હૃદયમાં ધારણ કરે છે. આ સમયે આ ગોપીના મનમાં એવી બુદ્ધિ થાય છે કે પ્રભુ તે ફકત શ્રીયશોદાનંદન નથી, પણ તે સર્વે દેહીઓના અંતરમાં પણ વસે છે. એટલે તે પકત નંદાલયને જ અલંકૃત કરતા નથી, તથા શ્રીયશોદાજીના હૃદયને આનંદ આપતા નથી; પણ તે તો સર્વત્ર છે, સર્વના હૃદયમાં છે. જો સર્વના હૃદયમાં હોય તો પછી તેમના ભકતોના હૃદયમાં તો હોય જ અને તેમાં વળી જે અન્ય ભકતો હોય, જે તન્મય જ થઇ ગયાં હોય એવી ગોપીઓના હૃદયમાં હોય જ એમાં આશ્ચર્ય શું ? માટે જ હૃદયમાં સ્થિત પ્રભુને તેઓ યોગદષ્ટિથી જુએ છે અને તેની સાથે સાથે આલિંગનાદિ કરે છે. પ્રભુના રૂપને નેત્રના છિદ્રથી હૃદયમાં પ્રવેશ પમાડે છે વળી નેત્રનું મિલન પણ તે ગોપી કરે છે તેનું કારણ એ છે કે પ્રભુ સર્વ ગોપીઓને રસનું પ્રદાન એકી સાથે કરાવવાને જુદા જુદા રૂપે પ્રકટ થયા, તેથી દરેક ગોપીને તે પ્રત્યેક સ્વરૂપમાં પોતાના ભાગ તરીકે આસકિત થઇ. અહિંઆં આ ગોપીએ, તે સ્વરૂપને નેત્ર દ્વારા પોતાના હૃદયમાં સ્થાપન કર્યું એટલે હવે તેના ભાગનું સ્વરૂપ બહાર રહ્યું નથી એમ તેની પ્રતીતિ થઇ. સંપૂર્ણ સ્વરૂપને આ રીતે હૃદયપ્રદેશમાં સ્થિત જોઇને તેને અપૂર્વ આનંદ થયો. સર્વ રસાત્મક સ્વરૂપ પોતાના હૃદયમાં આવ્યું. આથી તેને આનંદ થયો. ઘણા આનંદમાં ડુબી ગયાં. એટલે બાહ્ય વસ્તુનું એમને કંઇ પણ જ્ઞાન રહ્યું નહિ. અન્ય વિષયની ચેતના પણ ચાલી ગઇ. પ્રભુ જે એમનો સર્વોપરિ વિષય બન્યો. તેમાં જ તન્મય જ થઇ ગયાં. જો જ્ઞાન અત્યારે રહે તો કાર્યનુ અનુસંધાન થાય, આથી રસાત્મક પ્રભુના ધારણમાં તે અંતરાય નીવડે. પણ અહિંઆં ગોપીને જ્ઞાન રહ્યું જ નહિ. માત્ર રસસ્વરૂપનું જે ચિન્તન થયું. અને તેને હૃદયમાં ધારણ કર્યું. પૂર્ણ રસસ્વરૂપ પ્રભુ પ્રત્યક્ષ પ્રાપ્ત થયા. તો પછી બીજો કામ શા માટે રહે ? ન જ રહે માટે તે આનંદમાં નિમગ્ન બની ગયાં એમ કહ્યું.

આ પ્રમાણે વિશેષ આકારથી કૃત્ય કહીને સર્વના સામાન્ય આકારથી પ્રયોજન કહે છે.

**मूलम्-** सर्वास्ताः केशवालोकपरमोत्सवनिर्वृताः ।
जहुर्विरहजं तापं प्रा प्राप्य यथा जनाः ।। ६ ।।

**अन्वयार्थ--** ભગવાનના દર્શનના પરમ આનંદથી સુખ પામેલી તે સર્વ ગોપીઓએ વિરહથી ઉત્પન્ન થયેલા તાપનો ત્યાગ કર્યો. જેમ સુષુપ્તિની સાક્ષી પરમાત્માને પ્રાપ્ત કરીને અગર બ્રહ્મવેત્તાને પ્રાપ્ત કરીને મનુષ્યો પોતાના તાપનું નિરાકરણ કરે છે તેમ અહિંઆં ગોપીઓએ તાપનો ત્યાગ કર્યો.

[**प्राज्ञ**ના બે અર્થ છે. (૧) સુષપ્તિના સાક્ષીરૂપ ભગવાન્ (૨) બ્રહ્મવેત્તા ડાહ્યો પુરુષ.]

**श्रीसुबोधिनीजी--** જે બલિષ્ઠ રજોગુણ અને તમોગુણથી વ્યાપ્ત છે તેમના સંપાદક પ્રભુ છે તેમનો, ક્ષુદ્ર ગુણ અને ક્ષોભથી યુકત આ ગોપીઓના ઉદ્ધારમાં શો પ્રયાસ છે, તો તે કહે છે. કેશવનો (ભગવાનનો) આલોક-આલોકન અથવા અન્તર્બહિ:પ્રકાશ તેજ પરમ આનંદ. જેમ લૌકિકોને મહાન રાજ્યની પ્રાપ્તિ થાય અગર પુત્રોત્સવ થાય ત્યારે પરમ સુખ મળે છે. તેમ અહિંઆં પ્રભુના આલોકથી તે સર્વ સુખી થયાં. આથી તેમની ઇષ્ટસિદ્ધિ કહી. હવે અનિષ્ટની નિવૃત્તિ કહે છે. તેમણે વિરહથી ઉત્પન્ન થયેલા તાપનો ત્યાગ કર્યો. શંકા-જો એમ હોય તો પછી તેઓ મુકત થાય. સંસારની નિવૃત્તિ થતાં, ભગવાનના સાક્ષાત્કારથી પરમ સુખ જો મળે તો ફરી બીજા કોઇ પુરુષાર્થને સાધવાનું (પ્રાપ્ત કરવાનું) રહેતું નથી. ઉત્તર-''પ્રાજ્ઞને જેમ પ્રાપ્ત કરીને'' એ શબ્દથી ઉત્તર કહ્યો છે. પ્રાજ્ઞ એટલે સુષુપ્તિના સાક્ષી સ્વાધ્યયમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે; અને તેમાં વાસનાસહિત જીવોનો પ્રવેશ પણ કહ્યો છે. તેને પ્રાપ્ત કરીને જેવી રીતે પુરુષો-અધિકારી (સંસારી) માણસો પાછા ફરે છે તેમ અહિંઆં પણ પાછા ફરશે એમ ભાવ છે. કારણ કે 'જન' એટલે 'જાયમાન' ઉત્પન્ન થતા ઉત્તમ અધિકારીની વાત નથી કહી. સ્વસંબંધનું સ્થાપન કરવાને ભગવાન પ્રકટ થયા.

**विवेचन--** જેમ દુનિયામાં કોઇ માણસને મહારાજ્યની પ્રાપ્તિ થાય અગર તેને ઘેર પુત્રનો પ્રસવ થાય છે ત્યારે તેને સુખ થાય છે તેમ અહિંઆં ગોપીઓને પ્રભુના આલોકનના ઉત્સવથી પરમ સુખ થયું. તેઓ પરમ ભાગ્યશાળી છે એમ તેમને ભાન થયું. પોતે ગોપીઓ હોવા છતાં પ્રભુએ જે તેમના ઉપર અત્યંત કૃપા કરી તેથી તેઓ પરમ સુખી તેમની જાતને માનવા લાગ્યાં. દુનિયામાં મુકત પુરુષોને પણ જે સુખ ન

મળે તે સુખ તેઓએ પ્રાપ્ત કર્યું. મુકતને તો બ્રહ્માનંદ જ મળે છે, જ્યારે અહિંઆં તો ભજનાનંદ (પરોક્ષ ભજન) તેમને પ્રાપ્ત થયો છે. બ્રહ્માનંદના હૃદયમાં જે મગ્ન થાય છે તે બહિર આવતો જ નથી, પણ આ ભજનાનંદથી તો તેમને ઈષ્ટસિદ્ધિ થઇ એટલું જ નહિ પણ અનિષ્ટની નિવૃત્તિ પણ તેમને સિદ્ધ થઇ. ફકત ઈષ્ટસિદ્ધિ થાય અને અનિષ્ટની નિવૃત્તિ ન થાય, તો તે સુખમાં ન્યૂનતા આવે છે, તે સુખ સંપૂર્ણ કહેવાય નહિ. પ્રભુને શ્રુતિ ભૂમા કહે છે તથા આનંદસ્વરૂપ કહે છે, આવા પ્રભુનો સાક્ષાત્કાર થાય તો પછી અનિષ્ટની નિવૃત્તિ શા માટે ન બને ? અનિષ્ટ તો એકદમ દૂર નાસી જાય. ગોપીઓને શું અનિષ્ટ હતું ? તેમને કોઇ લૌકિક દુઃખ કે કલેશની નિવૃત્તિ કરવાની નહોતી. સંસાર તો તેમને વિષમય જ લાગ્યો હતો. માટે જ પ્રભુની વેણુના નાદનું શ્રવણ કરતાં, સંસારનાં બંધન તોડી. સર્વ મર્યાદાનું ઉલ્લંઘન કરીને પ્રભુની નિકટ તે વનમાં ગયાં હતાં. એટલે લૌકિકની ગંધ સરખી પણ તેમનામાં રહી નહોતી. એટલે તેમને લૌકિક વિષયક કોઇ પણ અનિષ્ટ રહ્યું નહોતું. તેમના સર્વ ચિન્તનનો વિષય પ્રભુ જ હતો. તેજ તેમનું પરમ સુખ હતું. જ્યાં સુધી એ પ્રભુ તેમની પાસે નહોય ત્યાં સુધી તેઓ પરમ સુખનાં ભોકતા થઇ શકે નહિ. પ્રભુ જ્યારે અંતર્ધાન થયા, ત્યારે તેમને ઘણો જ વિરહ થયો, અને તે વિરહનો તાપ તેમનાં હૃદયને બાળવા લાગ્યો. આ વિરહતાપ તેજ તેમનું અનિષ્ટ હતું, આની નિવૃત્તિ થાય નહિ ત્યાં સુધી ઈષ્ટ સિદ્ધિ તેમને ફલ આપી શકે નહિ તે રુચે જ નહિ. માટે અહિંઆં કહે છે કે પ્રભુએ પ્રકટ થઇને ઈષ્ટસિદ્ધિ આપી એટલું જ નહિ-પણ અનિષ્ટની નિવૃત્તિ પણ કરી.

(સારપ્રદીપ) કેશવપદનો અર્થ સમજાવવા કહે છે કે તે બલિષ્ઠ રજોગુણ અને તમોગુણથી વ્યાતના ફલસંપાદક છે. અર્થાત્ બલિષ્ઠ રજોગુણથી વ્યાપ્ત=બ્રહ્મા, તમોગણુથી વ્યાપ્ત=શિવ તેમના ફલ-મોક્ષના સંપાદક કેશવ છે.

કેશવપદની વ્યુત્પત્તિ - **क + ईश + व = कश्व ईशश्व केशौ, केशयोः मोक्षात्मकं सुखं यस्मात**

**क** બ્રહ્મા અને ઈશશિવ તે બન્નેનું મોક્ષરૂપી સુખ જેનાથી છે તેવા ભગવાન 'કેશવ' કહેવાય છે.

આ પ્રમાણે તેમનાં કૃત્ય કહીને, તેમની સાથે ભગવાનનું કૃત્ય કેવું હતું તે કહે છે.

**मूलम्- ताभिर्विधूतशोकाभिर्भगवानच्युतो वृतः**

**व्यरोचताधिकं तात पुरुषः शक्तिभिर्यथा ।। १० ।।**

**अन्वयार्थ--** હે તાત (રાજા) ! જેમનો શોક દૂર થયો છે એવી ગોપીઓથી વીંટાયલા અચ્યુત ભગવાન જેમ પુરુષ શકિતથી શોભે તેમ અધિક શોભવા લાગ્યા.

**શ્રીસુબોધિનીજી--** પ્રાકૃત ગોપીઓના સંબંધથી ભગવાનમાં પણ પ્રાકૃતત્વની શંકા થાય તો તેનું નિવારણ કરે છે. નહિ તો સ્વને માટે (રમણાભાવને માટે) ભગવાનનું તિરોધાન થાય. તેમણે તે (તિરોધાન) કર્યું નહિ, તેથી તે એકલા રમતા નથી એ પ્રમાણે શ્રુતિ છે. લોક પણ કેવલ ભગવાન્‌ને જોઇને નિવૃત્ત (સુખી) થતો નથી પણ સર્વ શકિતથી યુકત ભગવાનને જોઇને થાય છે.

પૂર્વની માફક તે જો દુ:ખી હોય તો તેમની ઉત્તમતા ન રહે. માટે ''જેમનો શોક દૂર થયો છે એવી ગોપીઓની સાથે'' એમ કહ્યું છે. તે ગોપીઓના ગુણ પ્રથમ કહ્યા છે. તે સર્વ રીતે પ્રસન્ન થયેલાં હતાં, એટલે તેમનો શોક મધ્યમાં ઉત્પન્ન થયો. તે શોક નિવૃત્ત થતાં પૂર્વની સ્થિતિમાં પાછાં આવ્યાં. ભગવાન પણ છ ગુણ-ઐશ્વર્યાદિથી યુકત છે. જો પ્રાકૃતની માફક એ પરિછિન્ન કામ વાળા થાય તો વિલક્ષણતાથી શોભત નહિ. પણ ભગવાન તો પૂર્ણકામ છે માટે તેમને 'અચ્યુત' એમ કહ્યા છે, ગોપીઓથી ઘેરાયલા ભગવાન્ અધિક શોભ્યા. 'તાત' શબ્દ વિશ્વાસ સૂચવે છે. પિતાપુત્રનું જેમ સ્વ અર્થ માટે રક્ષણ કરે છે તેમ શ્રોતાવકતાનું રક્ષણ કરે છે. માટે જ આગળ અતિગુપ્ત અર્થના કથનથી વકતા શ્રોતાને સુખ આપે છે. નહિ તો અધિકારી નથી એમ માનીને આ અલૌકિક અર્થ કહેત નહિ. વળી આ પ્રકૃત અર્થમાં રાજાના વિશ્વાસને જોઇને અતિસંતોષથી તથા સ્નેહથી તેને પિતા તરીકે 'હે તાત' એમ કહીને સંબોધે છે. ભગવાનની કાન્તિમાં તારતમ્યને લીધે તેમાં સહજત્વ રહે નહિ માટે કહે છે. 'જેમ પુરુષ શકિતથી શોભે તેમ' જેમ આ પ્રાકૃત પુરુષનું સર્વ સામર્થ્ય લીન થાય તો પ્રતીતિને લીધે શોભતા નથી. ક્રિયાશક્તિ અને જ્ઞાન શકિતને પ્રકટ કરે છે ત્યારે તે અધિક શોભે છે. તેજ પ્રમાણે શોભતા ભગવાન પ્રકટ શકિત ગોપિકાની મધ્યમાં સર્વ પ્રતીતિથી ભાવુકોનાં પણ અંત:કરણથી અધિક શોભ્યા. અર્થાત્ અતિસૌંદર્ય પ્રાપ્ત કર્યું. પછી ભગવાન પરમાનંદયુકત થયા. શ્રુતિ પણ કહે છે 'એજ સર્વને આનંદ આપે છે.'

**વિવેચન--** પ્રભુનો સાક્ષાત્કાર થતાં પ્રેમના આવેશમાં ઘેલી બનેલી ગોપીઓએ પ્રભુનો સત્કાર કરવા તથા તેમના પ્રણયનું દાન પ્રાપ્ત કરવા પોતે શું શું કર્યું તે ઉપરના શ્લોકોમાં જણાવ્યું. હવે ભગવાને તે ગોપીઓના સંગમાં શું શું કર્યુ તે જણાવે છે. જો ફક્ત ગોપીઓના જ કૃત્યને (ક્રીડનને) દર્શાવે તો તેથી રતિક્રીડા એકદેશીય જ બને, અને તેથી તે રસની પૂર્ણતા ન બની આવે. રતિક્રીડામાં પરસ્પર નાયક અને નાયિકા ઉભયની-ચેષ્ટાઓ થાય છે. અને તેથી તે બન્નેનું નિરૂપણ કરવું જોઇએ, અહિંઆં ગોપીઓની ક્રીડા પ્રધાન છે અને ભગવાનની ગૌણ છે. ગોપીની અપેક્ષાએ જ પ્રભુ રમણ કરે છે. **સોશ્નુતે સર્વાન્**

**कामान्सह ब्रहणा विर्पाश्वता** તે બ્રહ્માની સાથે સર્વ ભોગ ભોગવે છે. એ શ્રુતિ પ્રમાણે ગોપીઓનો ભોગાસ્વાદ પ્રધાન છે, અને પ્રભુનો ગૌણ છે. છતાં પણ આ રમણમાં પ્રભુના આનંદનું પણ નિરૂપણ કરવું જોઇએ માટે અહિંઆં કહે છે કે ગોપીથી ઘેરાયલા ભગવાન્ અધિક શોભવા લાગ્યા. કેવી ગોપીઓની સાથે પ્રભુ શોભ્યા ? જેમના શોક દૂર થયા છે એવી ગોપીઓના સંગે પ્રભુ અધિક શોભ્યા. પ્રભુની શોભા અહિંઆં ગોપીઓ તરફથી છે.જો ગોપીઓ નિરાનંદ સ્થિતિમાં હોય તથા તેમનો શોક નિવૃત્ત પામે નહિ તો ત્યાં સુધી પ્રભુને પણ તે આનંદનો અનુભવ બરાબર થાય નહિ. તેમના આનંદનું કારણ ગોપીઓનો આનંદ છે, પણ જો તેમનો શોક દૂર ન થયો હોય તો પછી પ્રભુ શી રીતે આનંદનો અનુભવ કરે ? માટે પ્રથમ તો પ્રભુએ પ્રકટ થઇને તેમને આનંદનું પ્રદાન કર્યું. પ્રભુએ તેમના હૃદયના તાપને શાંત કર્યા. તેમના અપરિછિન્ન આનંદને પ્રત્યક્ષ નિહાળ્યો. પ્રભુની જયારે સંપૂર્ણ ખાત્રી થઇ કે હવે તેમના હૃદયમાં શોકનું કારણ રહ્યું નથી, ત્યારે પોતે પણ આનંદમગ્ન થયા અને તેમની મધ્યમાં અધિક શોભવા લાગ્યાં. અહિંઆં શુકદેવજી રાજાને 'તાત' શબ્દથી સંબોધે છે. તેમ કરવાનું કારણ માત્ર તેને વિશ્વાસ ઉત્પન્ન કરવાને છે. જેમ પિતા પોતાના પુત્રના વિશ્વાસ માટે 'તાત' શબ્દનો પ્રયોગ કરે છે તેમ અહિંઆં કહે છે. અર્થાત્ શુકદેવજી કહે છે 'હે રાજા ! અત્યાર સુધી હું બધી બાબતો ગુપ્ત રાખતો હતો અને તને તેમાં અશ્રદ્ધા તથા અવિશ્વાસ વગેરે રખેને થાય તે ભયથી કહેતો નહોતો. પણ હવે હું જે કહું છું તે તું ધ્યાનપૂર્વક શ્રવણ કર, અને તેની ગુપ્તતા જે છે, તે પણ ધ્યાનમા રાખ.' 'અચ્યુત' શબ્દ ભગવાનને માટે વાપર્યો છે. તેનું પ્રયોજન એવું છે કે જોકે ભગવાને આ ભકતોની સાથે રમણ કર્યું તો પણ હે રાજા, તારે એમ માનવું નહિ કે તેમણે પોતાના કામ પૂરવા આમ કર્યું છે. તે પ્રભુ તો સર્વદા અચ્યુત-પુર્ણ કામ છે જ. પણ પોતાના ભકતોને સુખ આપવાને રમણ કરે છે. એવા સર્વ ભાવથી સર્વથા પ્રભુને શરણ આવેલાની સાથે જ પ્રભુ અધિક શોભ્યા એમ કહેવાનો ઉદ્દેશ છે. ગમે તેવાં ગોપીજનથી (ભકતથી) તેમની શોભા નથી, પણ જેમના સર્વ અધ્યાસો તથા વાસનાઓ દૂર થઇને હૃદય પવિત્ર બન્યું છે અને પછી સર્વભાવે શરણ આવેલાં છે. તેમની સાથે જ, પ્રભુ સિવાય દુનિઆમાં તેમનું કોઇ પણ બીજું નથી એવો જયારે ભાવ થયો ત્યારે જ તેમની મધ્યમાં પ્રભુ બિરાજયા.

(સાર પ્રદીપ) આ શ્લોકની સુબોધિનીમાંથી નીચેનો સાર ખેંચી શકા

૧ ભગવાનનું રમણ અપ્રાકૃતની સાથે જ હોય છે, કારણ કે જો પોતે પ્રાકૃતની સાથે રમણ કરે તો પોતે પણ પ્રાકૃત થઇ જાય અને તેની સાથે તેમની અલૌકિક શોભાનું પણ તિરોધાન થાય. પોતાની શોભાના તિરોધાનથી ભગવાનનું જ તિરોધાન માનવું પડે. આથી જયાં સુધી ભગવાને જાણ્યું

કે આ ગોપિકાઓમાથી પ્રાકૃતત્વ દૂર થયું નથી ત્યાં સુધી પોતે તેમનાથી દૂર રહ્યા હતા.

૨ કેવલ ભગવાનના દર્શનથી અગર ભાવનાથી નિવૃત્તિ થતી નથી, પણ સર્વ શકિતયુક્ત ભગવાનના દર્શનથી તે થાય છે. દુઃખની જો નિવૃત્તિ કરવાની હોય તો તે થઇ શકે પણ રસોત્તમતા થઇ શકે નહિ. અહિંઆં નિવૃત્તિ એટલે રસોત્તમતા સમજવાની છે.

૩ જો કામ પરિચ્છિન્ન (અનિત્ય) હોય તો પ્રભુમાં પ્રપત્તિ (શરણભાવના) સિદ્ધ થતી નથી.

તેમનામાં (ગોપીઓને) આનંદ ઉત્પન્ન કરવાને પછી ભગવાને જે કર્યું તે કહે છે.

**मूलम्-** **ताः समादाय कालिन्द्या निर्विश्य पुलिनं विभुः ।**
**विकसत्कुन्दमन्दारसुरभ्यनिलषट्पदम् ।। ११ ।।**

**अन्वयार्थ--** તેમને સઘળાને લઇને જ્યાં ખીલતાં કુન્દ અને મંદારપુષ્પોની સુગંધવાળા પવનોથી ભ્રમર ઉડતા હતા તેવા શ્રીયમુનાજીના તટ ઉપર ભગવાન પધાર્યા.

**श्रीसुबोधिनीजी--** તેમને (ગોપીને) બરાબર સાથે લઇને સુંદર તટ ઉપર પધાર્યા અને ત્યાં બેઠા એટલે ભગવાન 'વિભુ' રૂપ થયા. કલિન્દની કન્યા. કલિન્દનો અર્થ કલિનું ખણ્ડન કરનાર થાય છે માટે તે તટ ઉપર તેમને પરસ્પર અગર ભગવાનની સાથે કલહ નહિ થાય એમ જણાવ્યું. બીજી લીટીમાં ક્રીડાની યોગ્યતા માટે તટનું વર્ણન કરે છે. પ્રથમ સર્વતઃ ઉપર અને નીચે એમ જણાવે છે. પ્રથમ સર્વતઃ સૌભાગ્ય કહે છે. જ્યાં ખીલેલાં કુંદ અને મંદરના પુષ્પોની સુગંધીવાળો પવન તથા ભમરાઓ છે એવો તટપ્રદેશ એમ વર્ણન કર્યું. વાયુના ત્રણ ગુણ સ્પષ્ટ છે. મકરંદ પણ પુષ્પોમાં અધિક (શ્રેષ્ઠ) છે. તેનાથી મત્ત ભમરાઓ પણ નાદના સાધન તરીકે ગાનાદિમાં ઉપયુકત થાય છે. વિકાસ એ વાયુનો અર્થ છે. કુંદગંધ શાન્ત હોય છે. મંદારગંધ પુષ્ટ હોય છે. તેથી ગુપ્ત અને અગુપ્ત કામના ઉદ્દબોધકનું સૂચન કર્યું. **विकसत्** એમ વર્તમાનકૃદંત જે વાપર્યું છે તેનો હેતુ એ છે પ્રભુના પ્રવેશ સમયે જ તે પુષ્પના વિકાસનો આરંભ થયો, નહિ કે તે પૂર્વે પણ હતો. નહિ તો **विकसित** ખીલેલું એમ જ કહેત. જો એમ હોય તો જે ક્ષણમાં જે અર્થનો ઉપયોગ થાય છે તેજ ક્ષણમાં તે કાર્ય હોય છે, બીજી વખતે નહિ. લીલામાત્રથી જ અગત્ય અને ઉપયોગિ છે એવું જણાવ્યું છે. નહિ તો સાડા ત્રણ અધ્યાયથી ઉકત લીલા કરતી વખતે ઘણી જ રાત્રિ પસાર થઇ એમ ધારીને હમણાં જ વિકાસમાં અન્ય હેતુના ભાવથી તે વિકાસ નહિ થાય, માટે તે પ્રમાણે

ન કહ્યું હોત. આમ હોવાથી આવા કુન્દાદિના સંબંધી તરીકે જે અનિલ અને ભ્રમર કહેવામાં આવ્યા છે તે પણ હમણાં જ પ્રવૃત્ત થયા, પૂર્વે નહિ એમ જાણવું. સ્વતંત્રતાથી પણ સૌરભ્ય પ્રતીતિ માટે સુરભિ અનિલ કહ્યું છે. આ પ્રમાણે જલ, સુગન્ધ, પુષ્પો, વાયુ, નાદ એ બધાં આજુ બાજુએ હતાં એમ નિરૂપણ કર્યું.

**વિવેચન--** પ્રભુએ, પોતાના આવિર્ભાવથી ગોપીઓને કેટલો આનંદ થયો તે પ્રત્યક્ષ નિહાળ્યો. હવે તે સર્વને અધિક આનંદ આપવા શ્રીયમુનાજીના તટ ઉપર તેમને લઇ ગયા. શ્રી યમુનાજીને માટે કલિન્દ કન્યા એમ શબ્દ વાપર્યો છે. કલિન્દ એટલે કલિન્દ એટલે કલિકલહનું ખણ્ડન કરે તે. આ રમણ ક્રીડામાં ગોપીઓને પરસ્પર તથા ભગવાન સાથે કલહ ન થાય તેટલા માટે કલહનિવર્તક શ્રીયમુનાજીના તટ ઉપર ભગવાન્ ગોપીઓને લઇ ગયા. અહિંઆં આ શ્લોકમાં શ્રીયમુનાજીના તટનું સર્વતઃ સૌંદર્ય વર્ણવે છે-એ તટ ઉપર સર્વત્ર અનુપમ સૌંદર્ય તે વખતે હતું. કુંદ અને મંદારનાં પુષ્પો ખીલી રહ્યાં હતાં. સુગન્ધિપવન મન્દમન્દ વાતો હતો. ભ્રમરો પણ મંજુલનાદથી ગુંજારવ કરી રહ્યા હતા. આવી અવર્ણનીય શોભા તે સ્થળમાં હતી. મંદાર અને કુંદના વિકાસનો આરંભ પ્રભુએ જયારે તે સ્થળમાં પ્રવેશ કર્યો ત્યારેજ થયો, તે પહેલા નહિ, માટે મૂળ શ્લોકમાં **विकसत्** 'ખીલતો' એમ શબ્દપ્રયોગ છે. અનિલ અને ભ્રમર પણ તેજ સમયે અનુકૂળ વાવા લાગ્યા, તે પૂર્વે નહિ. પ્રભુને તટ ઉપર પધારેલા જોઇને પુષ્પોને અનિલને, તથા ભ્રમરોને પણ આનંદનો અનુભવ થવા લાગ્યો.

તેથી પ્રભુના પ્રવેશ સમયે તટ અધિક શોભવા લાગ્યો. આ શ્લોકમાં તટ ઉપર પથરાયલા સૌંદર્યનું વર્ણન કરે છે.

આ શ્લોક વાંચતાં આપણને જણાશે કે અહિંઆં કોઇ પણ ક્રિયાપદનો પ્રયોગ કર્યો નથી; અર્થાત્ ક્રિયાપદ વગરનો આ શ્લોક છે. માટે ક્રિયાપદ સિવાયના, અધ્યાહારની અપેક્ષાએ સ્વરૂપધર્મ-જે વિભુત્વ છે તેના પ્રાકટયનું કથન કર્યું છે. વિભુશબ્દ એવું સૂચવે છે કે પ્રભુ આ સમયે સર્વની નિકટ ઉભા. પોતે વ્યાપક ધર્મવાળા હોવાથી સર્વની પાસે છે એમ દરેકને ભાન કરાવ્યું. પ્રથમ અધ્યાયમાં ગોપીજન સાથે રમણ કરવાને માટે પ્રભુ યમુનાજીના તટ ઉપર પધાર્યા તે વખતનું વર્ણન કરતી વખતે **'नद्याः पुलिनामाविश्य'** નદીના તટ ઉપર પ્રવેશ કરીને એમ શુકદેવજી કહે છે. અર્થાત્ ત્યાં યમુનાજીને માટે 'નદી' શબ્દનો પ્રયોગ કરે છે, અને અહિંઆં 'કાલિન્દી' શબ્દનો પ્રયોગ છે. તેનું તાત્પર્ય એવું છે કે કાલિન્દી એટલે કલિન્દની પુત્રી. કલિન્દનો અર્થ કલિનું-કલહનું ખણ્ડન કરે તે.

એટલે 'કાલિન્દી' નો ભાવાર્થ એવો છે કે તેમનો સ્વભાવ કલહને દૂર કરવાનો છે. આથી આ વખતે જયારે વ્રજસુંદરીઓ યમુનાના તટ ઉપર ગયાં ત્યારે તેમનામાં પરસ્પર, મદ, મત્સર, માન, ઈર્ષ્યા વગેરે ઉત્પન્ન થયાં નહોતાં એટલે તેઓ પ્રભુ સાથે રાસોત્સવનું સુખ મેળવી શકયાં હતાં. પણ પ્રથમ (પહેલા અધ્યાયમાં કહ્યા પ્રમાણે) તેમને મદ તથા માન થયેલાં અને તેથી અંદર અંદર તેમણે કલહ કરવા માંડ્યો હતો. આથી પ્રભુ તિરોહિત થયા હતા. પણ હવે તેમ થયું નહિ. એવો ભાવાર્થ કાલિન્દી શબ્દમાં મૂક્યો છે.

શ્લોકની બીજી લીટીમાં ખીલેલાં કુંદ પુષ્પો તથા ભ્રમરના ગુંજારવનું સંક્ષિપ્ત વર્ણન જે કર્યું છે તેનું કારણ યમુનાજીનો તટ ક્રીડાને યોગ્ય સર્વ રીતે છે એવું જણાવવા પૂરતું જ છે. આ વર્ણનમાં કુન્દ અને મન્દાર પુષ્પો આવે છે. કુન્દની ગંધ શાન્ત હોય છે અને મન્દારની ગન્ધ પુષ્ટ છે, અને અહિંયા વાયુનું કામ વિકાસ કરવાનું છે. અર્થાત્ તટ પ્રદેશમાં શાન્તતા, પુષ્ટત્વ તથા વિકાસતાના ગુણોનું સૂચન ત્રણ શબ્દોથી કર્યું છે.

ઉપર ઉત્તમતાને કહે છે ને વર્ણવે છે.

**मूलम्-** शरच्चन्द्रांशुसन्दोहध्वस्तदोषातमशिवम् ।
कृष्णाया हस्ततरलाचितकोमलवालुकम् ।। १२ ।।

**अन्वयार्थ** - શરદઋતુના ચંદ્રકિરણના સમુદાયથી રાત્રિનો અંધકાર દૂર થવાથી તે તટ સુંદર દેખાતો હતો. વળી શ્રીયમુનાજીના હસ્તની માફક ચંચલ તરંગોથી તે કિનારા ઉપર કોમલ રેતી પાથરી દીધી હતી.

**શ્રીસુબોધિનીજી-** શરત્કાલના ચંદ્રકિરણોના સમુદાયથી જયાં રાત્રિનો અંધકાર દૂર કરવામાં આવ્યો હતો એવો તે તટ હતો. આથી તે અત્યન્ત કલ્યાણરૂપ હતો. અંધકાર દૂર થયો છતાં પણ જો ભૂતાદિ ત્યાં રહેતા હોય તો તે યોગ્ય ન ગણાય, માટે કલ્યાણરૂપતા અહિંયા વર્ણવી છે. નિર્વિઘ્ન રીતે આગળ ઈષ્ટકાર્યના સંપાદકનું જ્ઞાન કરાવવા આમ કહ્યું છે. આજું બાજું પદાર્થો પાસે આવેલા છે, ઉપરિ અને અધોભાગમાં નહિં. અધોભાગના તટના ગુણ કહે છે. શ્રીયમુનાજીને કૃષ્ણા કહ્યાં છે. એટલે તેમનું નામ ભગવાનના નામની સદૃશ છે. માટે તેમણે ભગવાનના રમણને માટે ભૂસંસ્કાર કર્યા. કૃષ્ણના હસ્તરૂપ તરલ તરંગોથી ત્યાં કોમલ રેતીને પાથરી દીધી હતી. નહિ તો જો હાથની સમાન ન હોય તો સમતા ન સંભવે આથી શૈત્ય, કોમલત્વ અને સમતા કહી. તેવા તટ પ્રદેશમાં પ્રવેશ કરીને અગર ત્યાં જઈને સ્થિત થયા. ઉપવેશન આગળ કહેશે. ભાવથી જ ઉપવેશન છે.

**विवेचन-** શ્રી યમુનાજીના તટ ઉપરનું સૌંદર્ય કહે છે. તે સમય જો રાત્રિનો હતો તેથી સ્વાભાવિક રીતે ત્યાં અંધકાર હોય પણ શરદઋતુ હોવાથી તથા ચંદ્ર આકાશમાં બિરાજતો હોવાથી તેના કિરણોના સમુદાયથી રાત્રિનું અંધારું દૂર થયું હતું. એટલે તે તટ તે સમયે ક્રીડાને બરાબર યોગ્ય હતો. વળી અધોભાગના સૌંદર્યની વાત કરે છે. શ્રીયમુનાથજીનાં ચંચલ તરંગોએ કોમલ રેતીને કિનારા ઉપર પાથરી દીધી હતી, શ્લોક ૧૧ અને ૧૨ માં ઉદ્દીપન વિભાવ વર્ણવ્યા છે. શરદઋતુના ચંદ્રોદયથી રમણીય રાત્રિ, સુંદર યમુનાતટ, અનુકુળ પવન, મધુર ભ્રમરના ગુંજારવ, સુંદર પુષ્પોના પરિમલ એ સર્વ ઉદ્દીપન વિભાવો, ગોપીઓ અને શ્રીકૃષ્ણના હૃદયમાં રહેલા રતિ સ્થાયિભાવને અભિવ્યકત કરે છે. યમુનાને માટે કૃષ્ણા શબ્દનો પ્રયોગ કરીને, કૃષ્ણ સાથે તેમનું સાદૃશ્ય દેખાડ્યું છે અને તે સાદૃશ્યની યથાર્થતા માટે યમુનાના તરંગોને અહિંયા હસ્તની ઉપમા આપી છે.

પછી ગોપીકાના કૃત્યને કહે છે.

**मूलम् - तद्दर्शनाह्लादविधूतहृदरुजो मनोरथान्तं श्रुतयो यथा ययुः ।**
**स्वैरुत्तरीयैः कुचकुंकुमाङ्कितैः अचोक्लृपन्नासनमात्मबन्धवे ।। १३ ।।**

**अन्वयार्थ -** જેવી રીતે ભગવાનનાં દર્શનથી આહ્લાદથી શ્રુતિઓ તેના હૃદયમાં રોગનું નિવારણ થઈને મનોરથના અન્તને પામી, તેવી રીતે ગોપીઓએ પણ ભગવાનનાં દર્શન કરીને પરમ આહ્લાદથી પોતાના હૃદયનાં રોગોને દૂર કર્યા અને મનોરથનો પાર પામ્યાં અને પોતાની છાતી ઉપરના કંકુથી રંગાયલાં વસ્ત્રોથી આત્મબન્ધુ એવા ભગવાનને માટે આસન કરી આપ્યું.

**श्रीसुबोधिनीजी-** શોક દૂર થાય તો પણ તાપાત્મક કામ રહે છે તેથી સંબંધ રહેતો નથી. જયારે ફરીથી એવા સ્થળમાં તે માટે ગયા ત્યારે તેમના દર્શનથી તે અવસ્થાને પ્રાપ્ત થયેલા પ્રભુદર્શનથી આનંદ થયો. જેમના હૃદયરોગ દૂર થયા છે એવી ગોપીઓના દોષ નિવૃત્ત થયા પછી શું થયું તે કહે છે. તેઓ મનોરથનો અન્ત પામ્યાં. તેમની સાથે ગમે તે પ્રમાણે સંબંધની અભિલાષા કરી; પછીથી અનન્ત ગુણ સામગ્રીસહિત ઉત્પન્ન થયા. એટલે મનોરથનો જે પ્રમાણે અન્ત મળે તેમ તે પામ્યાં. શંકા-અભિલષિત કેવી રીતે પ્રાપ્ત કર્યું ? આ શંકાના નિરાસમાં કહે છે જેમ શ્રુતિઓએ પ્રાપ્ત કર્યું તેમ.

શ્રુતિઓ હમેશાં ભગવાન્‌ના ગુણવર્ણનમાં પરાયણ છે. તે ધર્મથી, વાણીના પૂર્વરૂપ મન તેનાથી પણ અગમ્ય જે ભગવાનનું સ્વરૂપ તેને પ્રાપ્ત કર્યું. ''જયાંથી

વાણી પ્રાપ્ત થયા વગર મનસહિત પાછી ફરે છે.'' ભગવાનનો આનન્દ તે મનોરથનો અન્ત છે. શ્રુતિઓ પણ તેનાં પ્રતિપાદક થયાં. જેમકે ''તે ઔપનિષદ પુરુષને પુછું છું.'' માટેજ લોક તથા વેદમાં હું પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું ''સર્વ વેદો જેના પદનું ચિન્તન કરે છે'' ઇત્યાદિ વાકયમાં બ્રહ્મવિષયમાં શ્રુતિઓ પ્રમાણ છે એમ નિશ્ચય થાય છે. વળી ન્યાયમાં પણ 'સર્વવેદાન્તપ્રત્યય' એમ કહ્યું છે. વેદના અર્થ અલૌકિક છે. વેદશબ્દો અલૌકિક છે. લોકમાં સંકેત હોતો નથી. તો પણ હમેંશા ભગવાનનું કાર્ય કહે છે એમ જાણીને લોકો તેના શ્રવણથી તેમનાં અંતઃકરણ શુદ્ધ કરે છે અને પોતે અલૌકિક વિષયમાં સામર્થ્ય માને છે. અને શ્રુતિ તેની પ્રતિપાદક ભગવદિચ્છાથી થાય છે, તેથી લૌકિક સાધન અગર યુકિતની અપેક્ષા રાખતી નથી. તથા એમના પણ મનોરથના અન્તની પ્રાપ્તિ છે. આ પ્રમાણે પરમ પુરુષાર્થના દાતા ભગવાનના અન્યત્ર અભિનિવેશમાં આધાર ધર્મના સંબંધથી પોતાની (ભગવાનની) કૃતાર્થના નહિ થાય એમ ધારીને પૂજાને માટે તથા આત્મનિવેદન માટે આસન કર્યું. સ્થળમાં સ્થિત ગોપીઓનાં ત્રણ વસ્ત્રો હોય છે. પરિધાનિક, કુચપટ્ટિકા અને ઉપરિવસ્ત્ર. સર્વ ગોપીઓએ પોતાનું ઉપરિવસ્ત્ર આસન માટે આપ્યું. ઉપરિવસ્ત્ર પણ બે પ્રકારનાં હોય છે. સર્વદા પહેરવાનાં તે વસ્ત્રો ઘણા સૂક્ષ્મ હોય છે. તેજ વસ્ત્ર ભગવાનને સોપ્યાં. એમ જણાવવાને કહે છે કે કુચ ઉપરના કંકુથી રંગાયેલા વસ્ત્રોનું આસન બન્યું. કંકુ હોય તોપણ ક્રીડાકાળે આર્દ્ર થાય છે, આથી તેનાથી અંકિત ઉત્તરીય વસ્ત્રોનું આસન કર્યું. શંકા-પોતાનું ઉપરિપરિધેય (ઉપર પહેરવાનું) વસ્ત્ર શા માટે નીચે મૂકયું ? ઉત્તર- ભગવાન્ આત્માના બંધુ છે. બંધુ એટલે રક્ષિતા. તેને માટે જ દેહ તથા પોતાનો આત્મા છે. આથી ઉપરિવસ્ત્ર પણ તેને માટે જ છે તેથી તેનું આસન બનાવવું ઉચિત છે.

**श्रीमती टिप्पणी--** ''શ્રુતિઓએ મનોરથના અન્ત પ્રાપ્ત કર્યા'' એનો અર્થ આ પ્રમાણે છે. શ્રુતિઓમાં બે અંશ છે. ભગવત્સ્વરૂપનો અનુભવ, અને તેની સંપત્તિમાં સાધનરૂપ. આમાં જો સ્વશકિતથીજ તેમને (શ્રુતિઓને) ભગવાનનો અનુભવ થતો હોત તો પછી 'જ્યાંથી વાણી પણ પ્રાપ્ત કર્યા સિવાય મનસહિત પાછી ફરે છે' એમ ન કહેત. ભગવાનના અનુગ્રહથી-અનુભવથી વેદ્યત્વના અભાવમાં શ્રુતિઓ વાકરૂપ હોવાથી આ પ્રમાણે કથન કરવામાં વદતોવ્યાઘાત થાય. વદતોવ્યાઘાત એટલે માણસ પોતે જે કંઇ બોલે તેમાં કોઇક પ્રકારનો વિરોધ હોય તે. કોઇ માણસ એમ કહે કે મારી મા કુંવરી છે આવી ઉકિતમાં વદતોવ્યાઘાત દોષ આવે છે. જો શ્રુતિઓને ભગવાનની પ્રાપ્તિ થઇ ન હોય તો આ પ્રમાણે તે ભગવાનના સ્વરૂગ તેમજ ગુણનું વર્ણન કદીપણ તે (શ્રુતિઓ) કરત નહિ. પણ

સતત ભગવાનના ગુણ વર્ણન કરવાથી તેમના અનુગ્રહથી પાછળથી ભગવદાનંદનો અનુભવ તેમને થયો.

વળી 'તે ઔપનિષદ પુરુષને પુછું છું' ઇત્યાદિ શ્રુતિથી અન્યને ભગવાનનું જ્ઞાન શ્રુત્યાદિથી જ થાય છે એમ નિશ્ચય છે શ્રુતિઓ વાકરૂપ હોવાથી 'જયાંથી વાણી પાછી ફરે છે.' એ અસંભવિત છે એમ હોય તો ઉભય વિરોધના પરિહાર માટે શ્રુતિએ કહેલા ભગવદ્ ધર્મના શ્રવણથી અને તેની કૃતિથી ભગવાનના આનંદની યોગ્યતા જાતે જ થાય છે એમ સમજવું. અહિંઆં પણ બન્ને અંશ એમ બોધન કરવાને કહ્યું છે. અહિંઆં એ દૃષ્ટાન્ત આપ્યું છે. તેથી સાડા ત્રણ અધ્યાયથી નિરૂપિત સ્નેહથી વશ કરાયેલા પ્રભુએ તેમના (ગોપીઓના) મનોરથના અન્તની પ્રાપ્તિ કરાવી-આથી વિશેષમાં એમ સૂચવ્યું છે કે જે બીજા પુણ્યશાળીઓ આ ઉકિતના શ્રવણકીર્તનાદિથી આ ભાવને અનુસાર ભજન કરે તો તેમને પણ ભગવાનના આનંદનો અનુભવ થાય છે. શ્રુતિ આ અર્થનાં પ્રતિપાદક થાય છે. પ્રતિપાદન કરે છે એટલે તેમના બોધક વાકયનું કથન કરે છે. અને બોધ શકિતગ્રહ વિના બનતો નથી. લોકોમાં તેના વાચક શબ્દની અપ્રસિદ્ધિથી તે પણ સંભવતું નથી. માટે તેનો અર્થબોધ ભગવાનની ઇચ્છાથી જ થાય છે.

માટે જ ગીતાજીમાં ભગવાનને કહ્યું છે 'આથી જ હું લોકમાં તથા વેદમાં પ્રસિદ્ધ છું' એ વાકય પ્રમાણે મુકિતના ઉચ્છેદના અભાવ માટે ઇચ્છા કરે છે. જે એમ કહેવામાં આવ્યું છે કે ભગવાન સર્વથા વાકના વિષય નથી તત્સંબંધ જણાવવાનું કે જીવોના સર્વ પુરુષાર્થની પ્રસિદ્ધિને માટે ભગવાને વેદને પ્રકટ કર્યા. તેમાં જે રૂપથી જે પુરુષાર્થ જે અધિકારીને પ્રાપ્ત થાય છે તે રૂપ, તે પુરુષાર્થ, અને તે અધિકારીનું શ્રુતિ મોક્ષપર્યત નિરૂપણ કરે છે. આમ કરવાથી સંતોષ પામેલા ભગવાને જે રૂપને પ્રકટ કરીને જે આનંદ આપ્યો તે રૂપ તથા તે આનંદ પૂર્વે જણાયા નહોતા. હજુ પણ મન અને વાણીના વિષય ભગવાન નથી તેથી એવી પણ ફલાત્મક વસ્તુ છે તે જણાવવાને કહ્યું. ''જયાંથી વાણી પ્રાપ્ત થયાસિવાય મન સહ પાછી ફરે છે. જે બ્રહ્મના આનંદને જાણે છે તે કદી પણ બ્હીતો નથી.'' અહિઆં પૂર્વાર્ધ આનંદનું વિશેષણ છે. વળી તેની પૂર્વે 'તે રસ છે. જે રસને પ્રાપ્ત કરીને આનંદ થાય છે' એમ કહ્યું છે. ત્યાં જે ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. તે સર્વાત્મભાવથી જ લભ્ય છે. બીજી કોઇ પણ રીતે નહિ એવું જણાવવાને તે સર્વાત્મભાવનું નિર્વચન અશકય છે. માટે તેને જણાવનાર ધર્મને ઉત્તરાર્ધથી કહ્યો છે. એવી રીતના આનંદને જે કોઇ જાણે છે અથવા પ્રાપ્ત કરે છે તેને કદી પણ કોઇ લોક તથા વેદથી ભય નથી, એટલું જ નહિ પણ

પરીક્ષાને માટે ભગવાનના વચનનું ઉલ્લંઘન કરવાથી માનાદિદશામાં તેનું અતિક્રમણ કરવાથી પણ ભય થતો નથી. મોક્ષસાધન સ્વકૃતિથી સાધ્ય છે અને તેમા શ્રવણાદિ સાધનો છે પણ અહિંઆં (ભગવાનના આનંદમાં) તો ફકત ભગવાનના અનુગ્રહથી જ તે આનંદલભ્ય બને છે. સ્વકૃતિથી તે સાધ્ય નથી.

**विवेचन--** શ્રીયમુનાજીના તટ ઉપર ભગવાન સર્વ ગોપીઓને લઇને પધાર્યા; આ સ્થળમાં શ્રીગોપીજનોના હૃદયમાં રોગનું નિવારણ થવાથી તેમના મનોરથના અન્તને તે પામ્યાં. તેમનો મનોરથ ભગવાદાનન્દનો અનુભવ કરવાનો હતો, અને તે તેમણે આ સ્થળે કર્યો. પ્રથમ ભગવાનના દર્શનથી જે આહ્લાદ થયો તેનાથી તેમનો હૃદયરોગ દૂર થયો. આટલાથી જે તેઓ કૃતકૃત્ય તો થયાં જ હતાં, પણ હજુ તેમના મનોરથ સંપૂર્ણ પાર પડયા નહોતા. તેમની ઇચ્છા રસાત્મક પ્રભુની સાથે રમણ કરવાની હતી. તેમણે પોતાની છાતી ઉપરના કુંકુમથી અંકિત થયેલા વસ્ત્રથી પોતાના આત્મબન્ધુ-ભગવાનને માટે આસન રચ્યું. કોમલ વાલુકાના તટ ઉપર પ્રભુને પધરાવવા માટે પોતાની ચુંદડીઓ દરેકે પાથરી. એક ગોપીએ નહિ પણ દરેકે, માટે ચુંદડીઓ કહી છે. જો ફકત એકજ ગોપી પોતાની ચુંદડીથી આસન બનાવે તો તેથી તેને જ આનંદ થાય, અન્યને નહિ. માટે સર્વને કહ્યું છે ભગવાનનો આનંદ સર્વને થવોજ જોઇએ. અહા ! આ સમયે ગોપીઓને કેટલો આનંદ થયો હશે!! તે આનંદની સીમા અગર અવધિ હોઇ શકે નહિ. અહિંઆં કોઇને શંકા થાય કે-ગોપીઓએ શા માટે પોતાની ચુંદડીઓ કાઢી નાખીને તેનાં આસન બનાવ્યાં ? એમાં મર્યાદાનો ભંગ થતો નથી ? ઉત્તર-આ શંકા આ અસ્થાને છે. ભગવાનતો આત્મબંધુ છે. આત્માના રક્ષક છે. ભગવાનને માટે જ ગોપીઓના દેહ તથા આત્મા હતા. તેઓ ચુંદડી પણ ભગવાનને માટે જ પહેરતાં હતાં. તો પછી આ સમયે સાક્ષાત્પ્રભુને પધરાવાને-આસન ઉપર બિરાજવાને પોતાની ચુંદડીઓ પાથરે તો તેથી અઘટતું કેવી રીતે ગણાય ? વાત્સ્યાયને પણ કહ્યું છે કે **रतिचक्रे प्रवृत्ते तु न विधिर्न निषेधः** જયારે રતિચક્ર પ્રવૃત્ત થાય ત્યારે કોઇ પણ વિધિનિયમ તથા નિષેધનો નિયમ રહેતો નથી. સ્ત્રીઓનાં ત્રણ પ્રકાનાં વસ્ત્રો હોય છે. એક કટિથી પગ સુધી પહેરવાનું વસ્ત્ર (ઘાઘરો), બીજું છાતી ઉપર પહેરવાનું (કાંચળી), અને શરીર ઉપર ઢાંકવાનું (ચુંદડી, સાડલો) તેમાં શરીર ઉપર ઢાંકવાના વસ્ત્ર બે પ્રકારનાં હોય છે. ગમે ત્યારે પહેરાય એવું, અને બીજું અમુક ભોગ સમયે જ પહેરવાનું. અહિંઆં શરીર ઉપર ઢાંકવાના વસ્ત્રને ગોપીઓએ નીચે પાથર્યું. પાથરવાનો ખાસ હેતુ એ હતો કે શ્રીયમુનાજીના તટ ઉપર પ્રભુના શ્રીઅંગને પધરાવતી વખતે રેતી વ્યથા ન આપે. જો કે તટ ઉપર કોમળ રેતી જ પથરાયેલી હતી એવું આપણે

ઉપર વાચ્યું છે. તો પણ રેતીની સ્વાભાવિક કર્કશતા ગોપીહૃદયોને શલ્યસમ સાલે છે, અને તેથી કદાચ પ્રભુના શ્રીઅંગને વ્યાથા પહોંચે એવા વિચારથી તેઓ પોતાની ચુંદડીઓ પાથરે છે. ચુંદડી વસ્ત્ર ઘણું સૂક્ષ્મ હોય છે. તેથી જો ફકત એક જ ચુંદડી પાથરે તો કદાચ એની સૂક્ષ્મતાને લીધે તે રેતી કોમળ છતાં પણ ખૂંચે, માટે તે ભય તેમના મનમાંથી દૂર કરવાને તે સર્વ પોતાની ચુંદડીઓ તટ ઉપર પાથરે છે. તે ચુંદડીવસ્ત્ર તેમના કુચ ઉપરના કુંકુમ વસ્ત્રથી અંકિત હતાં. તે એમ સૂચવે છે કે જેમ આ ચુંદડી કંકુના રંગથી ભીની હતી તેમ તેમનાં હૃદય પણ પ્રભુના પ્રેમથી રંજીત હતાં. પણ તેથી તેઓ માત્ર બાહ્ય દેખાવની ખાતર જ પ્રભુનું સન્માન કરવાને પાથરતાં નથી, ખરેખર હૃદયના પ્રેમથી આકર્ષાઇને જ પાથરે છે.તેમના હૃદયમાં પ્રભુ માટે અત્યન્ત પ્રેમ હતો એમ આથી વિશેષ સૂચવાય છે. ''છાતીના કંકુમથી'' ગોપીઓ પણ પ્રભુ સાથે રતિક્રીડાનાં અધિકારી છે એમ પણ સૂચવાય છે. કંકુમથી જે સ્ત્રીઓનું સૌભાગ્ય ગણાય છે. તે શૃંગારનું સૂચક છે. ગોપીઓનું સૌભાગ્ય પ્રભુથી જ છે. માટે પ્રભુ તેમને શૃંગારરસનું પાન કરાવશે.

(સારપ્રદીપ) ૧. વેદવચનો બ્રહ્મનું પ્રતિપાદન કરે છે અને તેમની પ્રાપ્તિ અનુગ્રહથી જ થાય છે અન્યથી નહિ.કારણ કે શ્રુતિ તો કહે છે કે વાણી તથા મન પણ પ્રભુને પહોંચી શકતાં નથી અર્થાત્ જયાં મનોરથની પણ ગતિ હોતી નથી તેવા બ્રહ્મનું પ્રતિપાદન શ્રુતિઓ કરે તે શી રીતે બને ? માટે તે પ્રાપ્તિ ભગવાનના અનુગ્રહથી જ બનશે.

૨. શ્રુતિના બે પ્રકાર છે-ભૌતિક (શબ્દાત્મિકા) અને આધિદૈવિક (વ્રજસુન્દરીઓ) આ બન્નેના મનોરથની સિદ્ધિની સરખામણી કરી છે. જેવી રીતે શબ્દાત્મિકા શ્રુતિઓના મનોરથો પ્રભુના અનુગ્રહથી થયા હતા. તેવીજ રીતે આધિદૈવિક વ્રજસુન્દરીઓના મનોરથો પણ અનુગ્રહથી સિદ્ધ થયા.

૩. વેદ અલૌકિક છે એટલે તેના શબ્દો પણ અલૌકિક છે. વેદમાં જે અગ્નિ, વાયુ, ઇન્દ્ર વગેરે શબ્દો છે તે તથા દધિ વગેરે જે શબ્દો છે તે બધા લૌકિક નથી. તે બધા હરિના જ નામરૂપ છે. વેદના અક્ષરો જો હરિરૂપથી અલૌકિક છે તો પછી શબ્દો હોય તેમાં શું આશ્ચર્ય ? વેદ ભગવાનના નિઃશ્વાસરૂપ છે; અને વેદ શબ્દરૂપ છે, આથી તે શબ્દો અલૌકિક હોવાથી લોકમાં તેનો સંકેત થઇ શકે નહિ. લૌકિક શબ્દની માફક સાદશ્ય જોઇને તેના અર્થમાં કલ્પના કરવી નહિ. લૌકિક શબ્દોમાં જેમ સંકેત છે તેવો વેદના શબ્દોમાં નથી. સંકેતના અભાવે વેદનું જ્ઞાન ભગવાનના અનુગ્રહથીજ થઇ શકે છે.

૪. જો ભગવાનને આસન માટે ગોપીઓ સ્વકીય વસ્ત્રો ન આપે તો ભગવાન્ પોતાના સંબન્ધ વગરની વસ્તુ ઉપર આસન કરે, તેથી તેટલા અંશમાં તેમની કૃતાર્થતા ન ગણાય. પુષ્ટિમાર્ગ આત્મનિવેદીનો છે. ઉત્તરીય વસ્ત્રનું પ્રદાન તે આત્મનિવેદનનું સૂચક છે.જે ક્ષણે જે વસ્તુથી અગર ઇન્દ્રિયથી ભગવાનની સેવાનો ઉપયોગ ન થાય તે ક્ષણે તે વસ્તુ તથા તે ઇન્દ્રિયની કૃતાર્થતા નથી, એવો નિરુદ્ધ પુરુષોનો સિદ્ધાન્ત છે. માટે નિરુદ્ધ ભકતો સર્વત્ર સર્વ પદાર્થમાં ભગવાન્‌ની સાથેના સંબંધની અભિલાષા રાખે છે. તે સંબંધ થતાં કૃતાર્થતા થાય છે; તે સંબંધના અભાવમાં અકૃતાર્થતા થાય માટે આસન આપ્યું છે.

પછીથી ભગવાન તેઓની મધ્યે સર્વત્ર દાખલ થયા એમ જણાવવાને કહે છે. તેમણે ગોઠવેલા આસન ઉપર બેઠા.

**मूलम्-** तत्रोपविष्टो भगवान स ईश्वरो योगश्वरान्तर्हृदि कल्पितासनः ।
चकास गोपीपरिषद्गतो र्चितस्त्रैलोक्यलक्ष्मयेकपदं वपुर्दधत् ।। १४ ।।

**अन्वयार्थ--** યોગેશ્વરના હૃદયમાં પ્રભુએ પોતાનું આસન કર્યું છે છતાં પણ ત્યાં (ગોપીઓએ રચેલા આસન ઉપર) તે બેઠા અને ત્રણ લોકની લક્ષ્મીની એક સ્થાનરૂપ શરીરને ધારણ કરનાર, તે માન પામેલા ભગવાન ગોપીની પરિષદમાં અધિક શોભ્યા.

**श्रीसुबोधिनीजी**--ભગવાન્ શબ્દ એ જણાવે છે કે પોતે તેમના કાર્ય સાધક છે. શંકા-ઉત્તરીય વસ્ત્રને ઉતારવામાં સભામાં રસાભાસ થાય તો શા માટે ભગવાન્ બેઠા? ઉત્તર - ઇશ્વર સર્વ કરવાને સમર્થ છે. માટે તેમનાં વસ્ત્રો દિવ્ય થયાં એમ જણાય છે. જલક્રીડાં વખતે પણ તેમનાં વસ્ત્રો આર્દ્ર બન્યાં નહોતાં માટે સર્વ કરવામાં સમર્થ એવા ભગવાન્ તેમની (ગોપીઓની) પ્રાર્થનાથી ત્યાં બીરાજ્યા. અથવા પ્રથમ વરદાનપ્રસંગે જયારે વસ્ત્ર દૂર કરવામાં આવ્યાં ત્યારે સર્વથા તે વસ્ત્રોના અભાવમાં જેનો રસાભાવ ન થયો તેના કેવલ ઉત્તરીય વસ્ત્રના અભાવમાં કેવી રીતે હમણાં પણ રસાભાસ થાય એ રીતે પણ શંકાનો ઉત્તર આ કહ્યો છે. ત્યારે અહિંઆં પુનઃ શંકા થાય કે વસ્ત્રહરણ સમયે પણ શા માટે રસાભાસ ન ગણાય ? તો કહે છે કે પ્રભુ ઇશ્વર છે. પોતાનામાં સર્વ કરવાનું સામર્થ્ય છે. તેથી જો રસાભાસ થાય તો તે પ્રમાણે થવા દેતા નથી. નહિ કરવાનું પોતે સામર્થ્ય ધરાવે છે તેથી રસાભાસનું કારણ હોય તોપણ ગોપીઓએ આપેલ આસનનો ત્યાગ કરવો અશકય છે. અન્યથા કરવાને પણ ભગવાન્ સમર્થ છે, અને તેથી રસાભાસનો પ્રકાર હોય તો પણ રસોત્પાદન કરવાને શકત છે. માટે આવા

ભગવાનમાં કંઇ પણ અનુચિત થતું નથી એટલે રસાભાસનો સંભવ અહિંઆં નથી.

શંકા- ભગવાન્ ભોગથી વિલેપયુકત અપવિત્ર આસન ઉપર શા માટે બેઠા ? ઉત્તર - ભગવાન્ તો યોગેશ્વરોના હૃદયની મધ્ય પોતાનું આસન કરીને બીરાજે છે. યોગેશ્વરનાં હૃદય શુદ્ધ હોય છે. તે તેમાં વળી અન્તર્હૃદય વધારે શુદ્ધ હોય છે. હૃદયના અંતર્ભાગમાં ભગવાને આસન કરેલું છે. તે આસન કલ્પિત છે. કલપ્ત નહિ. માનસમૂર્તિ ત્યાં સ્થિત હોય છે. કોઇ પણ સમયે જાતે ત્યાં (યોગીઓના હૃદયમાં) ઉપવિષ્ટ થતાં નથી તેથી આજ (ગોપીઓનું) આસન મુખ્ય છે માટે જ પરમ શોભા પ્રાપ્ત કરી. ગોપીથી વિરચિત આસન ઉપર બીરાજીને પહેલાંની માફક ગોપીઓની પરિષદ્‌માં ગયેલા. જેમાં ગોપિકાઓ આજુબાજુએ બેઠેલાંહતાં. તે પરિષદના સભાપતિ ભગવાન હતા. આથીજ તેઓએ ભગવાનનું અર્ચન કર્યું. પછીથી ભગવાને તેમને માટે ત્રણ લોકમાં જેટલા લક્ષ્મીના રૂપસમાન અંશવિલાસ હતા, તેવા રૂપને ધારણ કર્યું. આ અર્થમાં દેશકાલાદિ ભેદથી જેટલા ઉત્કૃષ્ટ અર્થની અપેક્ષા રખાય છે તે સર્વને પ્રભુએ પોતાના વપુધારણથી પ્રકટ કર્યા.

**વિવેચન--** ગોપીઓએ રચેલા આસન ઉપર જયારે ભગવાન બિરાજયા ત્યારે તેઓ અધિક શોભ્યા. જેમ પૂર્વે ગોપીઓનાં હૃદયમાં આહ્‌લાદ થયો, તેમ ભગવાનને પણ પરમ આહ્‌લાદ થયો. પ્રભુએ જોયું કે અહો ! આ ગોપીઓને મારે માટે કેટલો પ્રેમ છે ? તેઓએ મારા આસન માટે પોતાના ઉત્તરીય વસ્ત્ર ઉતારીને મને અહિંઆં બિરાજાવડાવ્યો. તેમના પ્રેમનું વર્ણન હું શી રીતે કરી શકું ? આ રીતે વિચારીને ભગવાનને પણ આનંદ થયો. પોતે મધ્યમાં, આસન ઉપર બેઠા અને ગોપીઓ આજુબાજુએ બેઠાં, એટલે ગોપીપરિષદના પોતે સભાપતિ થયા. ગોપીઓએ તેમને સભાપતિ બનાવ્યા અને તે રીતે તેમને જે માન આપ્યું તેથી ભગવાનની કાન્તિ વિશેષ દેદીપ્યમાન થઇ. ભગવાન ગોપીના અધિક પ્રેમને એટલા વશ થઇ ગયા હતા કે તેથી તેમને આસન ઉપર બેસવું કે નહિ તે પણ વિચાર થયો નહિ. ગોપીઓના પ્રેમનો બદલો આપવો જ જોઇએ. તેમના મનોરથને પૂર્ણ કરવા જોઇએ. તેથી આપ એકદમ આસન ઉપર બિરાજયા. પોતે ભગવાન એટલે સર્વ કરવાને, નહિ કરવાને, અને અન્યથા કરવાને સમર્થ હોવાથી, આમ આસન ઉપર બિરાજવાથી રસાભાસ થશે એમ એમને બિલકુલ જણાયું જ નહિ. કારણ કે રસાભાસ હોય તો પણ તેને દૂર કરવાને પોતે સમર્થ છે. રસાત્મક પ્રભુની આગળ રસાભાસ ટકી શકે નહિ. ગોપીઓનું આસન તેમને ઘણું જ વહાલું લાગ્યું હતું. એ આસનમાં એમણે કોઇ પણ જાતની અપવિત્રતા જોઈ જ નહોતી. પ્રેમ આગળ પવિત્રતા તુચ્છ છે. મોટા મોટા યોગેશ્વરો જેમણે યમ, નિયમ, શમ, દમ

વગેરેનાં સેવનથી પોતાનાં હૃદયોને શુદ્ધ કર્યું છે, તેઓના હૃદયના મધ્યભાગમાં પ્રભુ પોતાના આસનને કલ્પે છે, છતાં પણ તે માત્ર કલ્પનાજ થાય છે, ખરા પ્રેમથી નહિ. તેવા શુદ્ધ બનેલા હૃદયમાં પણ પ્રભુને ગોઠયું નથી, પણ જ્યાં પ્રેમ છે ત્યાં તો પ્રભુ ખાસ રહે છે એટલે અહિંઆં કોઇ પણ પ્રકારની અપવિત્રતા નથી. આસન ઉપર પોતે બીરાજ્યા પછી ગોપીઓને આનંદ આપવાને ત્રણ લોકમાં સર્વથી સુંદર એવું શરીર ધારણ કર્યું. પણ લોકની શોભા જેમાં એકત્રિત થઇ છે તેવું શરીર ધારણ કર્યું. શ્લોકમાં તે ''ઇશ્વર'' શબ્દ છે અને તે શબ્દનો અર્થ આ ઇશ્વર સર્વ કરવાને સમર્થ હોવાથી તેમના વસ્ત્રોને પણ દિવ્ય બનાવ્યાં એમ કહ્યું છે. આ વસ્ત્રો એટલાં દિવ્ય થયાં કે જલક્રીડામાં પણ તે આર્દ્ર બન્યાં નહિ. અથવા ઉપર જણાવ્યા પ્રમાણે રસાભાસનો અહિંઆં સંભવ હોય તો પણ તે દૂર કરવાને પ્રભુ સમર્થ છે એમ અર્થ જણાવવા 'તે' સર્વનામ છે.

આ પ્રમાણે ભગવાનને પ્રસન્ન જોઇને સ્વઅંતઃકરણના દોષને દૂર કરવા માટે પ્રથમ ભગવાનમાં સ્વકૃતઘ્નતાની કલ્પના કરી હતી. તેના નિરાકરણ માટે લોકદષ્ટિથી ભગવાનમાં કૃતઘ્નતાના લક્ષણવાળો દોષ છે કે નહિ તેના નિર્ણય માટે કંઇક પૂછવાને તે તૈયાર થયાં.

**मूलम्- समाजयित्वा तमनंगदोपनं सहासलीलेक्षणविभ्रमभ्रुवा ।**
**संस्पर्शनेनांककृताधिहस्तयोः संस्तुत्य ईषत्कुपिता बभाविरे ।। १५ ।।**

**अन्वयार्थ--** હાસ્ય તથા લીલા સાથે અવલોકનો કરવાથી વિલાસ કરતી ભ્રુકુટિ વડે, અને ખોળામાંથી લીધેલા ચરણ તથા હાથને ચાંપવા વડે, કામને ઉદ્દીપન કરનાર ભગવાનનો સત્કાર કરીને, તથા તેમની સ્તુતિ કરીને સ્હેજ કુપિત થયેલી ગોપીઓએ આ પ્રમાણે કહ્યું.

**श्रीसुबोधिनीजी--** પ્રશ્નને માટે પ્રથમ સ્તવન કર્યું. શંકા-અહિંઆં આ વિચાર કરવાની શી જરૂર છે ? હમણાં તો જે ફળ મળ્યું છે તે ભલે ભોગવો. ઉત્તર-ભગવાન અનંગનું નિરન્તર દીપન કરે છે એટલે અંગાભાવ ઉત્પન્ન કરે છે એવો ધ્વનિ ત્યાં છે. આથી એક જ ભોગથી કાર્યની નિષ્પત્તિ થતી નથી. વળી આ ભોગથી આગળ અધિક ખેદ થાય. તે જો સ્વદોષથી બને તો તે દોષને દૂર કરવો જોઇએ. ભગવદ્ધર્મથી જો થાય તો વાક્નિબન્ધ કરાવીને અથવા તેની પ્રાર્થના કરીને ફલનો અનુભવ કરવો જોઇએ એવો ભાવ છે. અનંગદીપનમાં સાધાન કહે છે. તે સાધન **સહાસ** વગેરેમાં કહ્યાં છે. અથવા સાધનના અભાવ માટે તેની પ્રાર્થના કરવી જોઇએ એવું સાધનનું કીર્તન (પ્રશંસા) અહિંઆં છે. હાસપૂર્વક જે

લીલેક્ષણ તેનાથી વિભ્રમ પામતી ભ્રુકુટિ તેનાથી અનંગનું દીપન કરે છે. અહિંઆં પાંચ સાધનો છે-હાસ, લીલા, ઈક્ષણ, વિલાસ, અને ભ્રૂ. જો આ પાંચ હેતુ હોય તો કાર્ય પણ અડચણ વગેરે પાર પડે. માયા (હાસ) વ્યામોહિકા હોય છે અને તે સ્મરણના વિસ્મરણ માટે બને છે. લીલા સ્વઆસકિતને સાધે છે. ઈક્ષણનું ત્યાં જ્ઞાન ઉત્પન્ન કરે છે. નહિ તો અન્ય જ્ઞાનથી તેનું નિરાકરણ થાય. વિલાસ પોષક હોય છે. ભ્રૂકુટિ યમ-નિયન્તા કાલ છે. અથવા જેટલા પ્રસાદ કરાવે તે બધાં છે. પ્રશ્નને માટે ઉપઢૌકત કરે છે. એક ભગવાનની અંધ્રિનું સ્થાપન કરીને તત્સંબંધિ બે હસ્તના સંસ્પર્શથી બરાબર રીતે ભગવાનનું લાલન કરે છે. પછી આભિમુખ્ય માટે સ્તવન કરીને ‘સર્વ ભાવથી શરણે આવેલાને ત્યજે છે’ એ પ્રમાણે ભગવાનમાં દોષદષ્ટિથી કંઇક કુપિત થયાં, સાધનથી દોષ નિવૃત્ત થયા તો પણ જ્યાં સુધી ભગવાન્ તેને નિવૃત્ત કરે નહિ ત્યાં સુધી તે દોષ નિવૃત્ત પામતો નથી. માટે વિવાદ જાણે કરતાં હોય તેમ ભગવાનને કહેવા લાગ્યાં.

**विवेचन--** હવે પ્રભુ જયારે આસન ઉપર બિરાજયા, ત્યારે તેમનું ચિત્ત પ્રસન્ન જોઇને ગોપીઓએ તેમની પરિષદની સભાપતિને કંઇક કોપ કરીને પૂછયું, તે હવે પછીના શ્લોકમાં કહેવામાં આવશે. કેવા પ્રભુને પુછયું તો કહે છે નંગનું દીપન કરનારને. અનંગનું દીપન કરનાર એટલે અંગાભાવનું સંપાદન કરે એવા ભગવાન છે. અનંગ દીપનનાં પાંચ સાધનો હાસ, લીલા, ઈક્ષણ, વિલાસ અને ભ્રૂકુટિ-હોય છે. આ પાંચ સાધનોથી પ્રથમ ભગવાનનું બરાબર સન્માન કર્યું. એટલે પ્રથમ તેમણે ભગવાન માટે પૂર્ણ પ્રેમ ઉત્પન્ન કર્યો અને પછી કંઇક કોપથી ભગવાનને પૂછયું. પ્રભુસેવાનાં ત્રણ ફળ હોય છે. અલૌકિક સામર્થ્ય, સાયુજય અને સેવાને ઉપયોગિદેહની પ્રાપ્તિ. તેમા સર્વથી શ્રેષ્ઠ અલૌકિક સામર્થ્ય છે ગોપિકાઓએ પોતાના અનન્ય પ્રેમભાવથી આ અલૌકિક સામર્થ્ય સંપાદન કર્યું હતું, અને તેથી જ તેઓ પ્રભુપર અત્યારે કોપ કરી શકયાં. અને પ્રભુ તેને શાન્તિથી શ્રવણ કરી રહ્યા. કોપ કરવાનું ખાસ કરાણ એ છે કે તે સ્વામિનીઓ સર્વાત્મભાવથી પ્રભુને પ્રસન્ન થયાં હતાં, છતાં પણ પ્રભુએ અંતર્ધાન કર્યું. આ રીતે તેમણે દોષ જોયો આથી દોષદષ્ટિથી તે કોપાયમાન થયાં છે. અહિંઆં ભાવાર્થ આ છે. ભગવાન ભાવાત્મક છે. પણ તે પ્રભુ, થયેલા દોષની નિવૃત્તિ શબ્દ દ્વારા-ગોપીઓના પ્રશ્નનો ઉત્તર આપીને કરશે; માટે તે પૂછે છે. અંતર્હિત થવાથી દોષાત્મક છે, આ દોષ તે રસસ્વરૂપનો સ્વભાવ છે. સ્વામિનીઓના ભાવના આવિર્ભાવમાં પ્રથમ વેણુનો શબ્દ હતો. એ શબ્દે જ તેમનામાં ભાવ ઉત્પન્ન કર્યો હતો, તો હવે પ્રભુ તરફ તેમનો પ્રશ્ન કહે છે

સારપ્રદીપ-(૧) અનંગનું ઉદ્દીપન કરનાર પાંચ સાધનો છે-હાસ, લીલા, ઈક્ષણ, વિલાસ અને ભ્રૂભંગ હાસનું સ્વરૂપ વ્યામોહ કરવાનું છે, તેથી તે માયારૂપ કહેવાય છે. તે ભકતના સ્વરૂપનું વિસ્મરણ કરાવનાર છે. લીલાથી તેમાં આસકિત થાય છે. ઈક્ષણ જોવાથી લીલામાં જ્ઞાન થાય છે. પ્રત્યક્ષ જોવાથી લીલા કેવી છે તે સમજાય છે. જુદા જુદા વિલાસો અનંગનું પોષણ કરે છે, અને ભ્રૂભંગ તે નિયમન કરે છે. તે ગોપીઓએ પ્રથમ હાસ્ય કર્યું ત્યાર પછી લીલાનો ભાવ દેખાડયો, પછી પ્રભુના તરફ દ્દષ્ટિપાત ફેકયો, ત્યાર પછી ભ્રૂકુટિવિલાસ તથા ભ્રુકુટિભંગ થયા. આ કરવાથી અનંગની વૃદ્ધિ થઈ.

(૨) આ શ્લોકમાં ક્રમ નીચે પ્રમાણે છે. પ્રથમ ગોપીઓ ભગવાનને આવકાર આપનાર સ્તોત્રનો ઉચ્ચાર કરે છે. 'હે પ્રભુ, આપ ભલે પધાર્યા' વગેરે, ત્યાર પછી તેમના ચરણ તથા હસ્તને સ્પર્શ કરે છે; પછીથી પાછી તેમની કૃપા માટે સ્તુતિ કરે છે.

**मूलम्-** भजतोऽनुभजन्त्येक एक एतद्विपर्ययम् ।
नोभयांश्च भजन्त्येक एतन्नो ब्रूहि साधु भोः ।। १६ ।।

**अन्वयार्थ--** હે પ્રભુ ! કેટલાક ભજનારાને ભજે છે, કેટલાક નહિ ભજનારાને ભજે છે.પણ કેટલાક ભજનારા અગર નહિ ભજનારા બેમાંથી એકેને ભજતા નથી. આનું કારણ શું તે આપ અમને બરાબર કહો.

**श्री गोधिनीजी--** ભજનથી અને અભજનથી ફલમાં અને સ્વરૂપે અહિંઆં ત્રણ પક્ષનાં સંદેહ કરવામાં આવ્યો છે. તેમાં પ્રથમ કેટલાક એવા છે કે જે જેવી રીતે ભજે છે તેમને તે પણ તેવી રીતે ભજે છે. કેટલાક નહિ ભજનારાને પણ ભજે છે. બીજા વળી ઉભયને ભજતા નથી. તે ત્રણમાંથી ઉભયના પ્રતિયોગિનું ફલ કહેવું જોઈએ. (તેમના ફલવિષય સંદહેનું નિવારણ થવું જોઈએ.) જે ભજનને અનુસાર ભજે છે તે કૃતઘ્ન ગણાય ? કે ધૂર્ત કે યોગ્ય ગણાય ? કોઈએ કોઈનું પાદપ્રક્ષાલન કર્યું અને જો બીજો પણ તે પ્રમાણે કરે તો તેથી શું ? ફલાર્થકરણમાં ફલ આપવું જોઈએ. તેણે પણ તે કરવું જોઈએ એટલે તેમ કરવામાં તેજ કરવું જોઈએ. નિરપેક્ષ રીતે કરવામાં તો સંદેહ છે જ, નહિ ભજનારાના ભજનમાં કદાચ દોષ થાય. જેમ નિષ્કામ પુરુષમાં કામિનીને દોષ થાય છે તેમ. કોઈ વખત ઉપકાર પણ તેમાં હોય છે. જો અર્થ અપેક્ષિત હોય તો, કદાચ સ્નેહ પણ છે, કદાચ ધર્મ છે; એક નિશ્ચિત ફલ કહેવું જોઈએ. અગર જે પૂર્વે ભજતો નથી તેને શું ફળ થાય છે ? અથવા જે ઉભયવિધને ભજના નથી તેમનું શું ફળ થાય છે ? કરેલા

સાધનનો ઉપયોગ કયાં હોય છે ? એ સર્વ કહો. અથવા સારૂ થાય તે પ્રમાણે કહો. 'હે' એ સંબોધન સાવધાનતાના અર્થમાં છે.

**શ્રીમતી ટિપ્પણી-**૧ ભજનને અનુસાર ભજનકર્તા પ્રથમ છે, નહિ ભજનારાને ભજનાર બીજો છે, અને ઉભયને નહિ ભજનાર ત્રીજો છે, બીજો જે નહિ ભજનારાને ભજે છે તે એક પ્રતિયોગી ત્રીજો જે ભજનારાને ભજતો નથી તે બીજો પ્રતિયોગિ

| | | |
|---|---|---|
| પ્રકાશ - | ૧ દોષ ઉદાહરણ | દિતિ-ઉપાખ્યાન. |
| | ૩ ઉપકારનું ઉદાહરણ | આગ્નીધ્ર-ઉપાખ્યાન. |
| | ૪ સ્નેહનું ઉદાહરણ | ઉર્વીશી-ઉપાખ્યાન |
| | ૫ ધર્મનું ઉદાહરણ | સુદર્શન-ઉપાખ્યાન (ભારતમાં) |

ચિત્રોપાખ્યાન (પદ્મપુરાણ વૈશાખ માહાત્મ્ય)

**વિવેચન--** અહિંઆં ગોપીઓ ભગવાનને ઉદ્દેશીને પુછે છે છતાં પણ પ્રશ્ન સામાન્ય રીતે કર્યો છે. 'હે ભગવાન, અમે આવાં પ્રેમવાળાં છીએ અમે આપને ભજીએ છીએ છતાં પણ તમે અમારા પ્રેમનો તિરસ્કાર કર્યો, માટે તમે કેવા કહેવાય ?' આવી રીતને પ્રશ્ન ગોપીઓએ પૂછવો જોઇતો હતો. પણ અહિંઆં જણાવવાનું કે જો એવી રીતનો પ્રશ્ન કરે તો ગોપીઓની ગ્રામ્યતા જણાઇ જાય. ગ્રામ્ય સ્ત્રીને જ એવા પ્રશ્ન છાજે ! ગોપીઓ ગ્રામ્ય ન હોતી.તેઓ વ્રજસીમન્તિની હતાં. ઉત્તમ નાયિકાઓ હતી, માટે તેમના મુખકમળમાંથી એવો પ્રશ્ન નજ નીકળે. માટે વ્યાજ સામાન્ય. રીતે કરવામાં આવ્યો છે. તેથી તેમના ભાવનું ગોપન થાય છે.

ગોપીઓ પૂછે છે કે દુનિઆમાં કેટલી વ્યક્તિઓ એવી છે જે પોતાના ભજનારનેજ ભજે છે; કેટલીક નહિ ભજનારને જ છે, ત્યારે કેટલાક ભજનારાને ભજતા નથી તો પછી નહિ ભજનારાને તો ભજે જ શા માટે ?

આ પ્રમાણે ત્રણ પ્રકારની વ્યક્તિઓ છે. આ દરેકના ભજન અભજનમાં તેનું ફળ શું છે, તથા સ્વરૂપ શું છે તે આપ સમજાવો. આવો પ્રશ્ન ગોપીઓએ પોતાની પરિષદના સભાપતિ બનેલા ભગવાનને પૂછ્યો.

ભજનારાને પાછળથી તદનુસાર કેટલાક ભજે છે. કેટલાક વળી ભજન સિવાય જ ભજે છે. આ ઉભય ભજનકર્તા છે. પણ બીજા ભજનરહિત છે જ, એમના ભેદ તથા ફલને ભગવાન્ ત્રણ શ્લોકથી કહે છે.

**मूलम्-** श्रीभगवानुवाच - मिथो भजन्ति ये सख्यः स्वार्थैकान्तोद्यमा हि ते ।
न तत्र सौहृदं धर्मः स्वार्थार्थे तद्धि नान्यथा ।। १७ ।।

**अन्वयार्थ--** શ્રી ભગવાન બોલ્યા ‘હે સખીઓ’ જે અરસપરસ ભજે છે તેમનો ઉદ્યમ ફકત સ્વાર્થમય જ છે, ત્યાં પ્રીતિ નથી, તેમજ ધર્મ નથી. તેઓ સ્વાર્થને માટે જ અન્યથા નથી.

**श्रीसुबोधिनीजी--** ત્યાં પ્રથમ પક્ષનો નિર્ણય કહે છે. જે અરસપરસ ભજે છે (ઉપકાર-પ્રત્યુપકારથી) તેમનો ઉદ્યમ ફકત સ્વાર્થમય જ છે. તેમના ઉદ્યમનું ફલ ફકત સ્વાર્થમય જ છે. તેઓ એકબીજાને જાણીને જ ભજે છે. નીચ ઉચ્ચ ભાવથી તેઓ ભજન કરે છે. માટે તેમાં અન્યોન્ય તરફ વચનનો પણ સંભવ નથી. માટે સ્વાર્થને માટે જ, લૌકિક અર્થને માટે જ તેમનો ઉદ્યમ છે. શંકા - બન્ને બ્રાહ્મણો હોય તો અન્યોન્યના ભજનમાં ધર્મ અગર સ્નેહ હોય, તો પછી સ્વાર્થ શી રીતે સંભવે ? આ શંકાના ઉત્તરમાં કહે છે ત્યાં સ્નેહ નથી. ક્ષણવાર પછી જ બીજાનું અભજન જાણીને (બીજો ભજતો નથી એમ જાણીને એમ જો જાણે તો), તેને ક્રોધ થાય છે, માટે તેમાં સ્નેહ નથી તેમ ધર્મ પમ નથી. ‘‘સંભોજની નામની પિશાચભિક્ષા પિતૃની પાસે તથા દેવોની પાસે જતી નથી. પણ અહિંઆં જ ફરે છે, અને તેના પુણ્યનો ક્ષય થતાં અન્ય ગોષ્ઠમાં બાંધેલી, અને જેનો વાછરડો મરી ગયો છે એવી ગાયના જેવી દશા પામે છે’’ આ પ્રમાણે ગુરુસેવામાં પણજો જોયેલો અર્થ હોય તો પણ તે ધર્મ નથી (અરસપરસ ભજનારાનો) શાસ્ત્રને અનુસાર થતો હોય એમ કહેતા હોય તો પણ પરસ્પર ભજનનો અભાવ છે. વિદ્યા તો ફલરૂપ છે. ‘સખીઓ’ એ સંબોધન અપ્રતારણ માટે છે. પ્રસિદ્ધ વણિકોની માફક સ્વાર્થમાં જ જે તેમની પ્રવૃત્તિ છે. જો કે ધર્માદિ પણ સ્વાર્થ છે, તો પણ અન્યોન્ય ભજનથી તે સિદ્ધ થતા નથી. સ્નેહ પણ જો અન્યની અપેક્ષા રાખે, તો તે સાધનના વિનિયોગ માટે કહે છે કે તેમનો ઉદ્યોગ સ્વાર્થને માટે જ છે. અન્યને માટે પણ પ્રતીયમાન સ્વાર્થ જ છે એ પ્રમાણે સેવાદિ દાનમાં પંણ સમજવું. તેનું ફલ દુઃખનિવૃત્તિ છે. આ અર્થમાં સર્વલોક પ્રમાણ છે એવું શબ્દથી સૂચવાયું છે નહિ તો પરોપકારને માટે નથી. કારણ કે અન્યના હૃદયમાં તેના પ્રતિકાર માટે ચિન્તા ઉત્પન્ન કરે છે. માટે તેઉં ફલ લૌકિક સ્વાર્થ સિદ્ધિ છે. ફકત નામથી જ તેઓને ધર્મ થાય છે, વસ્તુતઃ નહિ.

**विवेचन--** અહિંઆં કહે છે કે જેઓ અરસપરસ ભજનારા છે તેઓ સ્વાર્થી છે. તેમનું ભજન ધર્મરૂપ નથી-૧ અરસપરસ ભજે છે એટલે અન્યોઅન્ય ભજે છે.એક ભજે છે ત્યાર પછી બીજો ભજે છે. એકે ઉપકાર કર્યો હોય છે તેને બદલે

બીજો પ્રત્યુપકાર કરે છે. એટલે તેમાં પૂર્વાપરભાવ છે. એક સાથે લાગાં એકબીજાને ભજે તે અશકય. માટે તેમા યૌગપદ્યનો અભાવ અને પૂર્વાપરભાવ છે. પ્રથમ એક માણસે અન્યને ભજયો હોય (અન્ય ઉપર ઉપકાર કર્યો હોય) પછી તેની તુલ્ય બીજો માણ જો તેને ભજે (તેનો ઉપકાર પાછો વાળે) તો તે ઉપરથી બીજા-તેના અનુરૂપ જ્ઞાનનું અનુમાન થાય છે. પછીથી પ્રથમ માણસ જો તે પ્રમાણે ન કરે તો પ્રથમના પણ તત્સંબંધી જ્ઞાનનું અનુમાન થાય છે. જો વારંવાર એક બીજાને ભજે તો તે જ્ઞાનનું અનુમાન સુસ્પષ્ટ થાય જ. આ પ્રમાણે એક બીજાને નીચ ઉચ્ચના ભાવથી જે ભજન કરે છે તેમાં સ્વાર્થ ચોકખો જણાઇ આવે છે. જો સ્વાર્થ ન હોય તો તે પ્રમાણે તેમનું ભજન થઇ શકે નહિ. આ પ્રમાણે તેમનું ભજન થઇ શકે નહિ. આ તેમના ભજનમાં સ્વાર્થ ચોખ્ખો છે. તેમને ભજનમાં પ્રીતિ નથી. પણ કેવળ સ્વાર્થ માટેજ ભજન કરે છે. અન્યોઅન્યનું ભજન કરવામાં ધર્મ નથી, એકે ઉપકાર કર્યો તેના પ્રતિ બીજો પાછો ઉપકાર કરે તો તેમાં ધર્મ નથી. આના સમર્થનમાં પિશાચભિક્ષાનું દૃષ્ટાંત સુબોધિનીજીમાં આવ્યું છે.

ઉપર જણાવેલા અન્યોન્યના ભજનમાં ધર્મ નથી. અહિંઆ કોઇને શંકા થાય કે જયાં જયાં અન્યોઅન્યનું ભજન હોય ત્યાં ત્યાં ધર્મ નથી એવું તમે કહો છો પણ તે વ્યાપ્તિ ગુરુસેવાના દૃષ્ટાંતમાં ખોટી ઠરે છે. માટે અન્યોઅન્ય ભજનમાં ધર્મ નથી એમ જ તમે અનુમાન કર્યું તે ખોટુ છે અને તેથી તે બાધક છે એવી જો કોઇને શંકા થાય તો ત્યાં કહે છે કે એમાં (ગુરુસેવાના દૃષ્ટાંતમાં) પણ ધર્મત્વ નથી. કારણ કે જો તમે આવું અનુમાન કરતા હો કે-અન્યો અન્ય ભજન તે ધર્મ છે (પ્રતિજ્ઞા) અન્યોઅન્ય ભજન છે માટે, (હેતુ) ગુરુસેવાની માફક

તો તે અનુમાન સામે નીચેનું અનુમાન આપણે મૂકી શકીએ.

ગુરુસેવા ધર્મ નથી, વૃત્તિ પ્રતિષ્ઠાને માટે કરાય છે તેથી, વાણિજયની માફક આ બીજા અનુમાનથી ઉપરના અનુમાનનો નિરાસ થાય છે માટે તે ઉપરથી સિદ્ધ કરી શકાય છે કે ગુરુ સેવા એ પણ સ્વાર્થ જ છે, તેમાં ધર્મ નથી. અર્થાત્ શિષ્ય ગુરુની સેવા કરે છે તે ધર્મ નથી કારણકે ગુરુ તેને ઉપદેશ આપે છે માટે તે કરે છે. અહિંઆં પણ સ્વાર્થ ચોકખો જણાઇ આવે છે. ગુરુની સેવા કરવી તે ધર્મ છે એમ જાણીને તે ગુરુની સેવા કરતો નથી. પણ ઉપદેશરૂપી બદલાની અપેક્ષાએ કરે છે. અહિંઆં બદલાની અપેક્ષા હોવાથી તેમાં વાણિજય બુદ્ધિ છે.

કોઇ એમ કહે કે શાસ્ત્રને અનુસાર સેવા કરનાર શિષ્યની બાબતમાં ગુરુસેવા ધર્મ ન કહેવાય ? આના ઉત્તરમાં જણાવે છે કે, આનો ઉત્તર બે રીતે આપી શકાય. એક તો જો અહિયા વૃત્તિ વગેરેનું અભિસંધાન હોય તો, તેટલા

પ્રમાણમાં શાસ્ત્રનો અભાવ તેમાં હોવાથી તે દાંભિક ગણાય છે અને તે રીતે પાખણ્ડીપણું પણ થાય છે. માટે આથી હેતુ સાધારણ નથી. જો તેવું અભિસંધાન ન હોય તો, ત્યાં શાસ્ત્રનું પ્રયોજકત્વ હોવાથી તેમાં પરસ્પર ભજન જ નથી; પણ વિહિતપણુંજ છે, માટે તે રૂપથી વ્યાપ્તિનો બાધ નથી અને તેથી બાધકત્વની હાનિ પણ નથી.

જો વૃત્તિ મેળવવાની ખાતર ગુરુ સેવા કરતો હોય તો પણ ત્યાં એનો સ્વાર્થ સ્પષ્ટ જણાઇ આવે છે; કારણ કે ગુરુ સેવા કરવામાં એનો હેતુ આજીવિકા મેળવવાનો છે. આવા હેતુથી કરાયેલી ગુરુ સેવામાં શાસ્ત્ર માટે જણાતો આદર માત્ર આડંબર તથા પાખંડીપણું જ છે. જો વૃત્તિ પ્રાપ્ત કરવાનો હેતુ ન હોય તો પણ ગુરુ સેવા ધર્મ ગણાતો નથી, કારણ કે તે માત્ર શાસ્ત્રમાં ગુરુ સેવા કરવાની આજ્ઞા કરી છે માટે જ તે કરે છે, એટલે ખરી રીતે પરસ્પર ભજન જ નથી. શાસ્ત્રની આજ્ઞા એ જ કારણ છે.

શંકા-વૃત્તિ તથા પ્રતિષ્ઠાને માટે અન્યોઅન્ય ભજનરૂપ ગુરુસેવામાં ધર્મત્વનાં અભાવનું સાધન અસંગત છે. (અન્યોન્યનાં ભજનરૂપ ગુરુસેવામાં ધર્મ નથી એમ કહેવામાં જે સાધનને તમે ઉપયોગ કરો છો તે બરાબર નથી.) કારણ કે વિદ્યારૂપ દૃષ્ટાર્થ વૈદ્યની સેવામાં પણ હોય વિદ્યારૂપ દૃષ્ટાર્થ માટે વૈદ્યની સેવા કરવામાં ધર્મ છે, સ્વાર્થ નથી, તો પછી વૃત્તિ તથા પ્રતિષ્ઠારૂપ દૃષ્ટાર્થને માટે ગુરુની સેવા કરવામાં આવે તો તેમાં ધર્મ નથી એમ શા માટે કહો છો ?

ઉત્તર- ''એટલા માટે જીજ્ઞાસુએ ઉત્તમ શ્રેયને માટે ગુરુ પાસે જવું જોઇએ'' એ શ્રુતિવચનમાં જીજ્ઞાસુપદ છે. તેમ ''ચિત્રાથી પશુની કામનાવાળાએ યજન કરવું જોઇએ'' ઇત્યાદિમાં ''પશુકામ'' એ પદ છે. આ બન્ને પદ ''જીજ્ઞાસુ'' અને ''પશુકામ'' તેને ફલન બોધક થાય છે. તેજ પ્રમાણે વિદ્યા એ ફલ છે અને તેના બોધક વૈદ્ય છે. વિદ્યા એ ઇચ્છાનો વિષય છે. અને તે શાસ્ત્રમાં પ્રવેશ કરવાથીજ પ્રાપ્ત થાય છે, અને તે વૈદ્યથી ભિન્ન છે. તેથી ધર્મત્વના અભાવના સાધકહેતુમાં દોષ નથી.

શંકા-ધર્માદિ પુરુષાર્થમાં સ્વાર્થ હોવાથીજ અન્યોન્ય ભજન તથા નિંદા યોગ્ય નથી. ગીતામાં કહ્યું છે કે ''આનાથી દેવને પ્રસન્ન કરો અને તે દેવો તમને પ્રસન્ન કરશે. આ પ્રમાણે પરસ્પર પ્રસન્ન કરવાથી તમને કલ્યાણ મળશે,'' આ વાકયથી યજ્ઞની સિદ્ધિ છે. અન્યોન્ય ભજનમાં તો ધર્મ નથી, પણ ધર્મનો અભાવ છે તો પછી તેનું કેમ સમજવું ? અહિંઆં પણ અન્યોન્ય ભજન તે સ્વાર્થજ સમજવો ?

ઉત્તર- અહિંઆં (મૂળ શ્લોકમાં) લૌકિકપયોગિસ્વાર્થપૂર્વક જે એક બીજાનું ભજન કરે છે તેની નિંદા કરવામાં આવી છે. '**भजतोनुभजन्ति**' એ પ્રશ્નવાકયથી તેના સ્વરૂપનો નિશ્ચય થાય માટે ધર્માદિ જે પુરુષાર્થ સ્વાર્થ હોય તો પણ તેમાં દોષ નથી. વળી અન્યોન્ય ભજનથી તેમની (ધર્માદિ પુરુષાર્થની) કંઇ સિદ્ધિ થતી નથી. એમ હોય તો હવિર્ગ્રહણ કરવાને અહિંઆં દેવતાઓ આવીને ફલ આપે છે તેથી તેમને પણ તેથી ધર્મ થાય, પણ તેમને (દેવતાઓને) તેથી ધર્મ થતો નથી.

**“भजन्ति ये यथा देवान्देवा अपि तथैव तान् ।**

**छायेव कर्मसचिवाः साधवो दीनवत्सलाः । देवाः स्वार्था न साधवः”**

ઇત્યાદિમાં દેવોની નિંદા કરી છે, માટે જે ઉપર ભ. ગી. ના શ્લોકમાં પરસ્પર પ્રસન્ન કરવાનું કહ્યું છે તેમાં પણ સ્વાર્થજ છે, ધર્મ નહિ. “પરમ કલ્યાણ પ્રાપ્ત કરશો.” તે વાકયમાં પણ જો અમુક કરશો તોજ મળશે, અને નહિ કરો તો તેથી દોષ થાય છે એવો બોધ સમાયો છે.

અર્થાત્ - આ શ્લોકમાં ઉપર જે ત્રણ પ્રકારની વ્યક્તિઓ કહી તેમાંથી પ્રથમ પક્ષના સ્વરૂપનું નિરૂપણ કરે છે અને તેના ફળને કહે છે. જે ભજનારાઓને ભજે છે, એટલે એકે ઉપકાર કર્યો હોય તેનો પાછો પ્રત્યુપકાર જો બીજો કરે તો તેમાં કાંઇ ધર્મ નથી તેમ તેમાં સૌહાર્દ એટલે સ્નેહ નથી. તેમાં તો ચોકખો સ્વાર્થ જ છે. એકબીજાને સ્વાર્થની દષ્ટિથીજ ભજે છે. આનું ફળ દુઃખનિવૃત્તિ છે. જે નહિ ભજનારાને ભજે છે તે બે પ્રકારના છે એમ હવે કહે છે.

**मूलम्- भजन्त्यभजतो ये वै करुणाः पितरौ यथा ।**

**धर्मो निरपचादो त्र सौहृदं चं सुमध्यमाः ।। १८ ।।**

**अन्वयार्थ--** જે નહિ ભજનારાને ભજે છે તેઓ દયાળુ હોય છે અથવા માબાપની માફક હોય છે. હે સુંદરકટિવાળી સ્ત્રીઓ ! તેમનામાં નિર્દોષ ધર્મ હોય છે તથા પ્રીતિ હોય છે.

**श्रीसुबोधिनी--** જે નહિ ભજનારાને-શાન્તસ્થિતને ભજે છે તેમાં બે નિમિત્તો હોય છે-લૌકિક તથા વૈદિક, અગર સ્નેહ અને વિધિ. તેમાં પ્રીતિ અને ધર્મ એ ફળ ક્રમ પ્રમાણે હોય છે. જે પ્રથમ હોય છે (ભજનકર્તા) તેના સૌહાર્દમાં (નહિ ભજનારાએ) ઉપકાર અવશ્ય કરવો જોઇએ, નહિ તો કૃતઘ્ન ગણાય. ધર્મશેષ જો હોય તો (ભજનીયે) પ્રાયશ્ચિત કરવું જોઇએ. ધર્મશેષીય ધર્મ જ તેના દ્વારા (ભજનદ્વારા) તેઓમાં (ભકતોમાં) જાય છે. જયાં કર્મપ્રધાન હોય અથવા દેવતા હોય તો તે ધર્મમાં તે ઉભયની વિવક્ષા કરવામાં આવતી નથી. પ્રતિયોગિમાં

ભજનની શંકાનો અભાવ છે. વળી જયાં અસમાનતા હોય ત્યાં પણ ગાયના પંકોદ્ધારણની માફક તેમ જ છે વળી જયાં આધારમાં પ્રત્યયુપકારનો સંભવ છે ત્યાં પ્રવૃત્તિમાં પૂર્વના અભજનમાં અને પછીનાં ભજનમાં નિર્દોષધર્મ અને સૌહૃદ (પ્રીતિ) ફલ હોય છે. (ધર્મજનક ભજનકર્તામાં) અધિકારિ-વિશેષણ કરુણા છે, બીજે (પ્રીતિ-સૌહૃદજનક ભજનકર્તામાં) દેહનો સંબંધ છે માટેજ કહ્યું છે કે ''તેઓ કરુણ હોય છે અગર માબાપના જેવા હોય છે.'' અન્યત્ર પણ તે જોવામાં આવે છે. (કરુણા અને પ્રીતિરહિતમાં પણ અભજનનું ભજન હોય છે-જેમનામાં દયા હોતી નથી તથા પ્રીતિ નથી હોતી તેઓ પણ તેમને નહિ ભજનારાને ભજે છે. તે ધર્મના અતિદેશને કહે છે. સંસારીઓ ક્રૂર હોય છે તે પણ કોઈ વખત દીનને ભજે છે-સ્નિગ્ધની માફક તેમના તરફ વર્તે છે. તેમનો પણ આમાં સમાવેશ કરવાને **યથા** શબ્દ મૂળમાં મૂકયો છે ! તેમાં સંબંધ જન્માન્તરીય પણ હોય છે. (સ્નેહથી ભજન કરનારામાં જન્માન્તરીય સંબંધ પ્રયોજક હોય છે, તેમાં ધર્મસંભાવના નથી) તેથી ઉપમાન અને ઉપમેયની અભિન્નતા હોવાથી (અભજનકર્તાએ કરેલો પ્રત્યુપકાર) તે એકવિધ જ હોય છે. આના ઉપરથી તેનો અપવાદ થાય તેનો અભાવ તે નિરપવાદ. 'અત્ર' એટલે જયાં પ્રત્યુપકારની સંભાવના હોય ત્યાં પણ ધર્મ નથી એમ સૂચિત થયું. આથી કેટલાક ક્રિયામાણનો પણ અંગીકાર કરતા નથી. સૌહાર્દમાં પણ ધર્મ છે એવો અર્થ **ચ** સૂચવે છે. અહિંઆં 'હે સુંદર કટિવાળીઓ' એવું સંબોધન કર્યું છે તે ગોપીઓના ઉકત વિશ્વાસ માટે છે. ધર્મથી જ ઉત્તમતા અને મધ્યમતા હોય છે.

**श्रीमती टिप्पणी--** ધર્મશેષ-જે ધર્મને માટે ભજે છે તે તે ધર્મ જ મુખ્ય છે. આથી ભજનકર્તાને પાપ વગેરે દોષની સંભાવના હોય તો તે દોષની નિવૃત્તિ થવી જોઇએ. કૃતઘ્નતાના પરિહારને માટે કોઇ કહે કે પુણ્યથી જ પાપની નિવૃત્તિ થાય છે માટે અહિંઆ તેનો ઉપયોગ નથી. તો કહે છે ધર્મશેષીય જ ધર્મ ભજન દ્વારા ભકતોમાં જાય છે. શંકા-તેનું ભજન વિહિત હોવાથી અપૂર્વ જ ધર્મ તેનાથી ઉત્પન્ન થાય છે. ઉત્તર-ના, તેવા ફલના સાધક તરીકે તેના ભજન વિધાનમાં, ભજનીયનિષ્ઠ તાદૃક્ ધર્મ જ પ્રયોજક છે. ''તેજની ઇચ્છાવાળો, તેજસ્વી અગ્નિ પાસે સ્વભાવથી દોડે છે.'' આ શ્રુતિથી તેવો નિર્ણય કર્યો છે. નહિ તો અહિંઆં ''તેજસ્વી'' એ શબ્દપ્રયોગ ન કરત. વળી અમૂર્ત્તને બાધક ગણવા નહિ. જે અલૌકિક અર્થ છે તેનો લોકરીતિથી નિર્ણય કરવો અયોગ્ય છે, ''જે અલૌકિક ભાવો છે તેમની તર્કથી યોજના કરવી નહિ.'' એ પ્રમાણે શ્રુતિ કહે છે.

નિત્યકર્મ જયાં કર્તવ્ય તરીકે કરવામાં આવે છે ત્યાં તેજ પ્રધાન છે. જયાં દેવતાના આરાધન તરીકે ધર્મ હોય છે ત્યાં દેવતા પ્રધાન હોય છે. ઉકતમાં ધર્મનો અભાવ છે માટે તેની વિવક્ષા કરવામાં આવી નથી એમ સમજવું નહિ. અહિંઆં નિર્ણય ભગવાન કરે છે, અને તે સંદિગ્ધ બાબતમાં કરવો ઉચિત છે. પણ ઉકત બાબતમાં સંદેહ જ નથી તો પછી તેની વિવક્ષા શી રીતે થાય ?

પ્રકાશ-પાપની નિવૃત્તિ માટે શ્રીમતી ટિપ્પણીમાં કહ્યું છે. ત્યાં ફકત પાપ જ નહિ સમજવું. પણ લૌકિક અનિષ્ટનો પણ સમાવેશ થાય છે. ભજનીયે સ્વયં પ્રાયાશ્ચિત્તાદિક કરવું જોઈએ એવો આશય છે. આનું ઉદાહરણ પદ્મપુરાણમાં વૈશાખ માહાત્મ્યના પ્રથમ અધ્યાયમાં ચિત્રોપાખ્યાન છે. ત્યાં એક વૈશ્ય જાતિની વેશ્યા તરીકે જીવન ગાળનારી સ્ત્રીઓ જુદા જુદા સુરત ઉપચારથી અદૃષ્ટ બુદ્ધિથી તીર્થોમાં અટન કરનાર યસ્સુદેવ નામના બ્રાહ્મણની સેવા કરી. રેવા નદીમાં પછી વૈશાખ માસમાં સ્નાન કરીને તે સ્ત્રીની સાથે તેણે સ્નાન કર્યું, અને તેથી તેણે પોતાનો તથા તે સ્ત્રીઓ ઉદ્ધાર કર્યો. પોતે પાણ્ડ્ય દેશોનો અધિપતિ વીરસેન નામનો અન્ય જન્મમાં થયો, અને તે કાશીના રાજા ઉત્તમ વૈષ્ણવ દિવોદાસની દિવ્યાદેવી નામની પુત્રી થઈ; માટે પુણ્યથી જ પાપની નિવૃત્તિ થઈ શકે છે; એમ જે પૂર્વપક્ષ મૂકયો છે તેને સમજાવવાને આ દૃષ્ટાંત પ્રકાશમાં આપ્યું છે.

નિરપવાદ ધર્મનું દૃષ્ટાંત મહાભારના અનુશાસનપર્વમાં સુદર્શનોપાખ્યાન છે. એમાં ઓઘવતી નામની સ્ત્રી પોતાના પતિના ગૃહસ્થ ધર્મનું રક્ષણ કરતી હતી. તેણે પોતાના આત્માનું પ્રદાન કરીને એક બ્રાહ્મણ અતિથિની પૂજા કરી. ને બ્રાહ્મણે પોતે ધર્મ છે એવું પોતાનું સ્વરૂપ પ્રકટ કરીને સુદર્શનને કહ્યું ''આ બ્રહ્મચારિણી પોતાના તપથી સંયુકત થઈ છે માટે લોકોને પાવન કરવાને શ્રેષ્ઠ સરિત (નદી) એ બનશે. અર્ધ ભાગથી ઓઘાવતી નદી થશે, અને અર્ધ ભાગથી જયાં ગયા પછી પુનર્જન્મ નથી એવા પ્રદેશમાં તારી સાથે આવસે. અને આ દેહથી જ તું તે લોકને પ્રાપ્ત કરીશ.''

**વિવેચન--** પૂર્વે ભજનારાઓને ભજવાથી શું ફળ થાય છે તે કહ્યું. હવે બીજો પક્ષ એટલે નહિ ભજનારાને જે ભજે છે તેમના સ્વરૂપ તથા ફલનો નિર્ણય કરે છે. નહિ ભજનારાને ભજવામાં બે કારણો હોય છે લૌકિક અથવા વૈદિક, અગર સ્નેહ અને વિધિ એટલે કેટલાક દયાથી પ્રેરાઈને નહિ ભજનારાઓને પણ ભજે છે. તેમનાં હૃદય સ્વાભાવિક રીતે દયાથી યુકત હોય છે. એટલે બીજાનાં દુઃખ જોઈને તેમને દયા એકદમ થાય છે. અને તેમનું દુઃખનિવારણ કરવા તથા તેમને

જેથી સંતોષ થાય તેવું કરવા તે તેમને ભજે છે. આ પ્રકારના ભજનનું ફળ ધર્મ છે. બીજાઓ માતાપિતાના જેવા હોય છે. તેઓ દયાથીઅન્યને ભજતા નથી, પણ સ્નેહાળ વૃત્તિથી ભજે છે. બાળકો માબાપને ભજતાં નથી (તેમના ઉપર કંઇ ઉપકાર કરતાં નથી) છતાં માબાપો બાળકને ભજે છે. તેનું કારણ શું ? કારણ માત્ર એટલું જ કે માબાપના મનમાં નૈસર્ગિક પ્રેમાળ વૃત્તિ છે, અને તેથી તેને લીધે બાળકોને ચહાવાં તે એમની ફરજ સમજે છે. આ ઉભયના ભજનમાં સ્વાર્થ બિલકુલ નથી.

આ શ્લોકમાં નીચેનો સિદ્ધાંત ખાસ કહ્યો છે.

(સારપ્રદીપ) ૧ જે પરસ્પર સેવન કરે છે તે સ્વાર્થી છે, કારણ કે તેઓ જાણે છે કે તે જેમ ભજન (સેવન) કરે છે તેમ સામો પણ કરશે. તેઓ એમની ધારણામાં ઠગાતા નથી. કેવલ લૌકિક સ્વાર્થ માટે જ તેમનો ઉદ્યમ છે, તેઓ વણિકના જેવી બુદ્ધિવાળા છે.

૨ અન્યની અપેક્ષા સિવાય જ જો કંઇ થાય તો જ તેમાં સ્વાર્થની ગંધ નથી. ધર્માદિને પણ પોતાનો સ્વાર્થ જે સમજે છે, અને તેને માટે અન્યોન્યનું ભજન જે કોઇ કરે છે, તેનામાં પણ સૌહૃદ નથી, કારણ કે ભોજન તથા વસ્ત્ર વગેરેની માફક આ મારૂ ઈષ્ટ સાધે છે એવી એમાં અપેક્ષા છે. વસ્તુતઃ એ ધર્મ નથી ફકત નામથી જ ધર્મ ગણાય છે.

કેટલાક વળી સર્વથા ભજનને માટે ભજનારને, અગર સૌહૃદથી ભજનારને ભજતા નથી. તેમના ધર્માર્થમાં તો શંકા નથી-ઉભયને કેટલાક ભજતા નથી. નહિ ભજનાર દીન અને ધર્માધિકારિઓને પણ ભજતા નથી. તેમના સ્વરૂપને કહે છે.

**मूलम् - भजतो पि न वै केचिद् भजन्त्यभजतः कुतः ।**

**आत्मारामा ह्याप्तकामा अकृतज्ञ गुरुद्रुहः ।। १६ ।।**

**अन्वयार्थ--** જેઓ ભજનારાને પણ ભજતા નથી તો પછી નહિ ભજનારાને તો તે ત્યાં કયાંથી ભજે ? આવા પ્રકારની ચાર વ્યક્તિઓ હોય છે. આત્મારામ, આપ્તકામ, અકૃતજ્ઞ, અને ગુરુદ્રોહી.

**શ્રીસુબોધિનીજી--** કેટલાક મહાપુરુષો ભજનારાને ભજતા નથી તો નહિ ભજનારને તો ભજે જ શેના ? તે પૂર્વોકત ન્યાય પ્રમાણે ચાર પ્રકારના હોય છે. તેમાં બે સારા અને બે ખોટા છે. જે દયા અને ધર્મના અધિકારી છે તે અધમ છે, અને જેમનું અલૌકિક નિમિત્ત છે તે ઉત્તમ છે. સાંકર્યના અભાવ માટે તેમને

ગણાવે છે. ૧. આત્મારામ-આત્મામાંજ રમે છે તે. અન્યથી ભજનીય દેહાદિની અપેક્ષા નથી, માટે ભજનને માનતા નથી. ૨ આપ્તકામ જેમની કામનાઓ સિદ્ધ થએલી છે એવા. ભોજન કરેલા કોઇ માણસને બીજો કહે 'તું ખા, અગર તું ન ખા' એમ જે કહે તેના જેવા એ છે એક રીતે અપ્રવૃત્તિ જ નથી, અને બીજી રીતે જે સિદ્ધ છે તેના સાધન તરીકે એ અનુવાદ થાય છે. બન્ને રીતે તે વ્યર્થ છે. પ્રવૃત્તિ કરનારને ધર્મ થાય છે, અથવા અજ્ઞાન બન્ને અધર્મ છે એમ કહે છે. જે કરેલા ઉપકારને જાણતા નથી, તે પ્રત્યુપકાર સમર્થ હોય તો પણ ઉભયવિધને ભજતા નથી, તેમના અભજનમાં અજ્ઞાનજ હેતું છે. જાણીને ભજન ન કરે તો પછી ગુરુદ્રોહ ગણાય. જે કોઇ પોતાના પુરુષાર્થનો સાધક છે તે ગુરુ છે, તે પૂજ્ય છે. તેની વિપત્તિમાં પોતાની શકિત હોય છતાં પણ તેમની ઉપેક્ષા કરે તો તેમનો દ્રોહ કર્યો કહેવાય. આનાથી દ્રોહ કરાયો છે માટે તે ગુરુ દ્રોહ કર્યો ગણાય છે. આ પ્રમાણે સર્વના ગુણદોષનું નિરૂપમ કર્યું.

પોતાનામાં ભજન કરવાનું સામર્થ્ય છે છતાં પણ પોતે ભજન કરતા નથી માટે અન્યોન્ય ભજન કરનારના પક્ષમાં અગર નહિ ભજન કરનારના પક્ષમાં ભગવાન્ નથી, તો જે ચાર ગણાવ્યા તેમાં કયી કોટના ભગવાન્ છે એમ ગોપીઓના હૃદયમાં જીજ્ઞાસા ઉત્પન્ન થાય છે. શંકા-બીજા પક્ષમાં (ભજનારાને નહિ ભજનારના પક્ષમાં) ભગવાન્ મૂકી શકાય, કારણકે ગોપીઓના ભજનમાં સ્નેહથી ભજન થાય છે. આથી ભગવાન્ નિરૂપક તરીકે તેમની મધ્યમાં નથી. ઇશ્વર એમની મધ્યમાં નથી એમ વિચાર થાય તો ઉત્તરમાં કહે છે - ના, એ તો નિર્વિવાદ રીતે સત્ય છે કે ગોપિકાઓ ભોગ્ય છે, અને તેઓ ભોગ્યના સમર્પક તરીકે ઉપક્ષીણ હોય છે. માટે ભગવાનનોજ વિચાર કરવો જોઇએ. ઇશ્વર પણ જો ફલને માટે સેવ્ય છે એમ કહો તો પણ તે વિચાર્ય નથી. વ્યવહારમાં તેનો અર્થ જોયો હોય તો પણ આપવામાં આવતી વસ્તુના ગ્રહણથી જ તે વિચાર્ય છે. પ્રથમ ગ્રહણ કર્યું તેથી આત્મારામપણું નથી, તથા પૂર્ણકામપણું પણ નથી. પ્રથમ પ્રવૃત્તિથી તૃપ્તિ હોય તો પણ પરિત્યાગ યોગ્ય નથી માટે તૃતીય પક્ષમાં તેનો અભિનિવેશ કર્યો છે. તે પણ સર્વજ્ઞને અનુચિત છે.

**વિવેચન--** આ શ્લોકમાં ત્રીજા પક્ષના સંદેહનું નિવારણ કરે છે. ભજનારાને તેમ નહિ ભજનારાને નહિ ભજનાર વ્યક્તિઓ ચાર પ્રકારની છે. આત્મારામ, આપ્તકામ, અકૃતજ્ઞ અને ગુરુદ્રોહી, આ વ્યક્તિઓ તેમને ભજનારાને ભજતા નથી તો પછી નહિ ભજનારાને તો ભજે જ શેના ? અહિંઆં આ ત્રાણ શ્લોકનો નિષ્કર્ષ એ છે કે શાસ્ત્રીય ફલથી અતિરિકત લૌકિક ફલની અભિસંધિપૂર્વક જે અન્યોન્યનું

ભજન કરવામાં આવે છે તેમાં ધર્મ નથી. પિશાચભિક્ષાના ન્યાયે કરીને તેમાં ધર્મ નથી. તેમ તેમાં સૌહૃદ (પ્રીતિ) પણ નથી. કારણકે જો અન્યનું ભજન થાય નહિ (અન્ય ઉપકારને બદલે પ્રત્યુકાર કરે નહિ) તો તેથી ક્રોધ થવાનો સંભવ હોય છે. કદાચ ક્રોધ ન થાય તો પણ સૌહાર્દ શિથિલ થાય છે, અને તે લોકમાં પ્રસિદ્ધ છે, માટે તેમાં સૌહાર્દ (પ્રીતિ) નથી. સેવાદિદાનમાં તમે કદાચ કહેતા હો કે ધર્મ છે, પણ તેથી તો સેવા કરનારની દુઃખ નિવૃત્તિ એ જ ફળ છે, ધર્મ નથી (સેવા કરનારો અગર દાન કરનાર દુઃખનિવૃત્તિની ખાતર ભજન કરે છે એટલે તેમાંએ સ્વાર્થ રહેલો છે માટે ત્યાં ધર્મ નથી) એમ કહેવું વાસ્તવિક છે. એટલાજ માટે પુરાણોમાં એની નિંદા સંભળાય છે. આ કરનારા-અન્યોન્ય ભજન કરનારામાં વણિકબુદ્ધિ હોય છે. અને તેઓ સ્વાર્થથી પ્રેરાઇને જ ભજે છે. તેના સાધનનો ક્ષય સ્વાર્થમાં થાય છે માટે નામમાત્રથી જ તે ધર્મ ગણાય છે. વસ્તુતઃ તે ધર્મ છે એમ કહેવાય નહિ. નહિ ભજનારાને જ ભજે છે તેમાં લૌકિક અને વૈદિક એમ બે ભેદ છે. તેમાં જે સ્નેહપ્રયુકત છે તે લૌકિક કહેવાય છે. તેનું ફળ ભજનારા ઉપર સૌહાર્દ (પ્રીતિ) છે. તેમાં ધર્મ અલ્પ હોય છે. સૌહાર્દ પ્રયોજક સંબંધ ઐહિક અગર જન્માન્તરીય હોય છે. તેમા પણ જન્માન્તરીય સંબંધ દુર્જ્ઞેય છે (ન સમજી શકાય તેવો છે)

નહિ ભજનારાને જે ભજે છે, તેનો બીજો પ્રકાર વૈદકવિધિપ્રયુકત છે. અને તેમાં પણ ચાર પ્રકાર છે. કર્મપ્રધાન, દેવતાપ્રતિયોગિકાસમાન, પ્રતિયોગિકસમાન, અને પ્રતિયોગિક તેમાં પ્રથમ ત્રણ ભજનારાનો ધર્મ નિસ્સંદિગ્ધ છે. ચોથાના બે પ્રકાર છે. (૧) નિરપવાદ. (૨) સંભાવિતાપવાદ. આમાં આદ્યમાં નિઃસંશય ધર્મ છે. બીજામાં જો પ્રતિયોગિ કૃત પ્રત્યુપકારની સંભાવના રહિત હોય તો ભજનારને નિરપવાદ ધર્મ થાય છે. પણ સંભાવિતાપવાદમાં સંદિગ્ધ ધર્મ છે. નહિ ભજનાર પુરુષનું પ્રાયશ્ચિત ભજનારાએ કરવું જોઇએ. જો તે માટે એ એમ ન કરે તો આ ધર્મ ભજનારામાં જાય, અને તેથી કરીને તે પાપ ભાગી થાય છે. નહિ ભજનારા જો આત્મારામ, તથા આપ્તકામ હોય તો તે નિર્દોષ હોય છે. ગોપીઓ કહે છે ''હે પ્રભુ ! તમે, જે ત્રણ પક્ષ કહ્યા તેમાંના પ્રથમમાં તો આવતા નથી. કારણ કે અહિંઆં અન્યોઅન્ય ભજન નથી; ફકત અમે જ ભજીએ છીએ. બીજા પક્ષમાં પણ આપનો સમાવેશ થતો નથી કારણ કે આપનામાં પ્રીતિ નથી. ત્રીજો પક્ષ કદાચ આપને લાગુ પડે. પણ તેમાં આત્મારામ, અને આપ્તકામ આપને બરાબર ન લાગુ પડે. કારણ કે આપ ફકત આત્મારામ તથા આપ્તકામ નથી. આપે અમારી સાથે ઘણી વખત રમણ કર્યું છે. માટે તમે આત્મારામ તથા આપ્તકામ શી રીતે

કહેવાય ? એટલે આપની ગણત્રી અકૃતજ્ઞ અને ગુરુદ્રોહીમાં જ ગણાય, પણ આપ સર્વજ્ઞ છો એટલે અકૃતજ્ઞ પણ આપ કહેવાય નહિ. માટે આપ ગુરુદ્રોહી જ ગણાવ. એવું અનુમાન ગોપીઓએ પ્રભુને માટે લગાડયું. આ શંકાનો પ્રત્યુત્તર પ્રભુ પછીના શ્લોકમાં વધારે સ્પષ્ટ કરે છે.

ફલદાત ઈશ્વર (સમર્થ) ની બાબતમાં કદાચ એમ સંભવી શકે એવી શંકાનો પરિહાર કરે છે.

**मूलम्-** नाहं तु सख्यो भजतो पि जन्तून् भजाम्यमीषामनुवृत्तिवृत्तये ।।
यथाघनो लब्धधने विनष्टे तच्चिन्तयान्यन्निभृतो न वेद ।। २० ।।

**अन्वयार्थ--** હે સખીઓ, હું ભજનારાને પણ, તેમની મનની વૃત્તિ મારા તરફ રહે એટલા માટે ભજતો નથી. જેવી રીતે નિર્ધન માણસ પોતાને મળેલું ધન નષ્ટ થાય છે ત્યારે તેની ચિન્તાથી અન્ય કંઇ પણ તે જાણતો નથી.

**श्रीसुबोधिनीजी--** શ્લોકમાં 'તુ' શબ્દ ઉપર કહેલા પક્ષોનું વ્યાવર્તન કરે છે. ઈશ્વરના ભજનના પક્ષની શંકા કરવી જોઇએ માટે હે સખીઓ એમ કહ્યું છે. ગોપિકા એ સખીઓ છે, રસમાં તે તુલ્ય છે અને વળી તેઓનો અભિનિવેશ એક અર્થમાં છે. 'હું' એટલે ભગવાન, જીવ નહિ, તેથી આત્મારામ વગેરે પક્ષોનું વ્યાવર્તન કર્યું. હું રાસ છું, આત્મારામ નહિ. મારા આત્માથી વ્યતિરિકત કોઇ પદાર્થ નથી, માટે તેના અભાવમાં કંઇ પણ વ્યાવર્ત્ય નથી. કામનો અભાવ હોવાથી આપ્તકામ પણ નથી, માટે મારી વ્યવસ્થા જુદી છે. જીવ સાથે તુલ્યતા નથી. હે સખીઓ, ભજનારા જન્તુઓને હુ ભજતો નથી. તેમાં બીજો હેતુ કહે છે-તેમની મનોવૃત્તિ મારામાં રહે માટે હું તેમને ભજનતો નથી. જન્તુ એટલે પ્રાણિમાત્ર સમજવા. ભગવાન્નો કોઇનાથી ઉપયોગ નથી. ભગવાન્ કેવલ ફલરૂપ છે તેથી તે સર્વનો ઉપયોગ છે. તેમ હોય તો તેમનું ભજન જ ઇષ્ટ છે અગર ઇષ્ટનું સાધન છે. તેમાં હું જો સાધન તરીકે પ્રવેશ કરું તો ભજનનો જ નાશ કરું. આગળ ભજનનો પ્રતિબંધ હોવાથી, પ્રથમ ભજન વ્યર્થ જાય છે. ચાર રીતે ભગવાન્નો ઉપયોગ છે. ભગવાન્ ભોગ્ય અગર ભોકતા છે. ભોગ્ય પક્ષમાં કામનાના પૂરક અગર સ્વાતંત્ર્ય રીતે. ભોકતા પણ ભકિતથી ભકતદત્ત પદાર્થના સ્વીકારથી વિષય તરીકે અગર ભોગ તરીકે. પ્રથમમાં ભજન નહિ થાય. અલ્પ ફળનું દાન તેમાં હોવાથી. સ્વરૂપથી મહાન્ હોય તો પણ કાલપરિચ્છેદને લીધે તે ભજન નષ્ટ થાય. બીજામાં અતિભજનથી તે પ્રમાણે થાય છે. તે ગોપિકાનું નથી માટે તેની સિદ્ધિ

માટે ભજન કહ્યું છે. અપેક્ષાના અભાવમાં હું વિષયન્યાયથી ભોકતા નથી; ભકિતને માટે અભજન જ છે એવો સિદ્ધાન્ત સંગ્રહ છે. જેમ અભજનમાં અનુવૃત્તિ હોય છે તેમ પ્રકારને કહે છે. પ્રથમ નિર્ધન માણસ હોય અને તેને પાછળથી ધન મળે અને તે ધન જો નાશ પામે તો તેની ચિન્તાથી વ્યાપેલો (ચિન્તાવાળો) માણસ તેમાં જ નિમગ્ન હોવાથી અન્ય કશું પણ જાણતો નથી. આ ન્યાય લોકપ્રસિદ્ધ છે. તે જ પ્રમાણે ગોપિકાઓને પ્રથમ પ્રાપ્ત નહિ થયેલા ભગવાન્ પ્રાપ્ત થઇને જો તિરોધાન કરે તો તેમાં જ મગ્ન બનેલાં (ચિન્તાક્રાન્ત બનેલાં) તે પ્રપંચનું સ્મરણ કરતાં નથી, નિભૃતનું પ્રયોજન ઉપર કહ્યું છે.

**વિવેચન--** ભગવાન કહે છે કે હે ગોપીઓ, ઉપર જે મેં કંઇ પ્રકાર કહ્યા તેમાંના એકમાં પણ મારો સમાવેશ થતો નથી, હું મને ભજનારાને નથી ભજતો તેનું કારણ શું છે તે તમે એક ચિત્તે શ્રવણ કરો. જેમ કોઇ નિર્ધન માણસને ધન મળ્યું હોય અને જયારે તે ધન નષ્ટ થાય છે, ત્યારે તેને ઘણીજ મોટી ચિન્તા થાય છે, અને તે ચિન્તાને લીધે અન્ય સર્વ વ્યાપારનું તેને વિસ્મરણ થાય છે, તેમ પ્રથમ હું તમને પ્રાપ્ત થયો હતો, પણ પાછળથી જયારે હું અંતર્ધાન પામ્યો એટલે તમને મારે માટે ઘણી ચિન્તા થઇ. એટલી બધી ચિન્તા થઇ કે, તેથી કરીને તમને પ્રપંચની પણ વિસ્મૃતિ થઇ. જેટલી વખત હું તમારાથી દૂર રહ્યો ત્યાં સુધી તમારૂ ચિત્ત મારામાંજ રહ્યું; મારા ભકતોનું ધ્યાન મારામાં બરાબર રહે તેથી, મને ભજનારો જે હોય તેને પણ હું ભજતો નથી, મારૂ ભજન તમારામાં બરાબર સિદ્ધ થાય માટેજ હું તમારાથી અંતર્ધાન થયો હતો. જો મેં એમ ન કર્યું હોત તો અત્યારે તમે જે રસનું પાન કરો છો તે પણ તમે કરી શકત નહિ. દરેક જીવને માટે મારૂ ભજન તે આવશ્યક છે. અર્જુનને પણ મેં એ જ વાત કહી છે. ભજનનું ફળ જતું નથી. ભજનથી હું ભકતને વશ થઇ જવું છું. મને ભજનારાને હું ન ભજું તે બને જ કેમ ? પણ જયાં સુધી ભજનકર્તા નિ:સ્વાર્થ વૃત્તિથી જ મારૂ ભજન કરે છે એવી મારી ખાત્રી ન થાય ત્યાં સુધી હું તેને ન જ ભજુ (તેના ઉપર મારી પ્રીતિ ન જ દર્શાવું). આજે તમારા ભજનથી મારી ખાત્રી થઇ છે, અને તેથી જ હું તમારી ઉપર પ્રસન્ન છું. હું બરાબર જાણું છું કે તમે લોકવેદની મર્યાદાનો ભંગ કરીને તથા સંસારનાં બંધનો દૂર કરીને મારે માટે જ અહિં આવ્યાં છો, તો તમારૂ ચિત્ત મારામાં પરોવાયલું રહે તેટલા માટે હું અંતર્ધાન થયો. રસની નિષ્પત્તિ વિપ્રયોગદ્વારા જેટલી થાય છે તેટલી સંયોગમાં થતી નથી. વિપ્રયોગમાં તે રસને પોષણ બરાબર મળે છે. મારે તેમને તે રસનું પાન કરાવવું હતું અને તેટલા માટે

હું આમ તમારાથી દૂર થઇ ગયો. આ શ્લોકમાં પ્રભુએ ગોપિકાઓને 'સખીઓ' કહીને સંબોધી છે, તેનું કારણ એ છે કે રસમાં ઉચ્ચનીચતા હોતી નથી, એમાં તુલ્યતાં જ હોય છે. તુલ્યતા વગર રસક્રીડાનો આનંદ મળતો નથી. પ્રભુ ગોપીઓને પોતાની તુલ્ય સ્વીકારીને તેમને તેવા ભાવથી સંબોધે છે. અને જણાવે છે કે તેઓ એમ ધારતા હશે કે હું આત્મારામ છું તો તે ભૂલ છે. હું રામ જ છું. કારણ કે હું આત્મા સિવાય બીજો પદાર્થ જ નથી.

'આ સર્વ આત્મા છે. તે સર્વ બને છે.' વગેરે શ્રુતિઓ પણ ભગવાન આત્મા સિવાયબીજું કાંઇ પણ નથી એમ જણાવે છે. એટલે જે ન્યાય અન્ય જીવોને લાગુ પડે છે તે મને લાગી શકે નહિ. હું ભગવાન જ છું; જીવ નથી. એ તમારે બરાબર સમજવું જોઇએ. આવો ભાવાર્થ સૂચવવાને મૂળ શ્લોકમાં 'હું' શબ્દ છે.

આ પ્રમાણે પ્રભુના અભજનનું કારણ કહીને, પ્રસ્તુત બાબતમાં તેનો અભાવ છે એમ કહે છે.

**मूलम्-** **एवं मदर्थोज्झितलोकवेद-स्वानां हि वो मय्यनुवृत्तये बलाः ।**
**मया परोक्षं भजता तिरोहितं मासूयितुं माहर्थ तत्प्रियं प्रियाः ।। २१ ।**

**अन्वयार्थ--**હે અબલાઓ, આ પ્રમાણે મારે માટે તમે લોક વેદ અને સ્વનો ત્યાગ કર્યો છે તો તમારી મારામાં અનુવૃત્તિ રહે તેટલા માટે પરોક્ષ રીતે તેમને ભજતો એવો હું તિરોહિત રહ્યો. માટે હે પ્રિયાઓ ! તમને પ્રિય એવા મારા ઉપર અદેખાઇ કરવી એ તમને લાયક નથી.

**श्रीसुबोधिनीजी--** જે ગોપીઓએ કહ્યું હતું કે 'અરણ્યમાં સ્ત્રીઓનો રાત્રે કેવી રીતે ત્યાગ કરવો' તો તે માટે આ કહ્યું છે. અહિંઆં બે કર્તવ્ય છે. ભજનની અનુવ્યાવૃત્તિ રહે માટે અભજન અને રાત્રે રક્ષાને માટે ભજન. તે પરોક્ષ ભજનથી સિદ્ધ થાય છે તેથી તેમને પરોક્ષ રીતે ભજતો હું તિરોહિત થયો હતો. ભજનમાં હેતું કહે છે. તમે મારે માટે લોક વેદ અને સ્વનો ત્યાગ કર્યો છે. વૃથા પરિત્યાગની વૃત્તિને માટે અને મોક્ષાર્થ પરિત્યાગની વ્યાવૃત્તિ માટે-મારે માટે જ તમે ત્યાગ કર્યો છે એમ કહ્યું છે.

પ્રથમમાં ત્યાગનો હેતુ અનિષ્ટ છે. બીજામાં મારો ભાર છે. ત્રણ પદાર્થનો ત્યાગ કરવો જોઇએ. લોક દુરત્યાજય છે. આર્યમાર્ગ વૈદિક છે. નથી મે લોકમાં તે પ્રમાણે પ્રતીતિ કરાવી, પતિ પુત્રાદિ દુરત્યાજય છે. તેમાં પણ મારી પ્રાપ્તિ માટે નહિ પણ મારે માટે મારી કામનામાં (દુરત્યાજય છે) ''સર્વ ધર્મોનો ત્યાગ

કરીને એમ મારો ભાવ રહે છે. ત્રણના પરિત્યાગમાં મારૂ ભજન થાય છે.'' (વસ્તુતઃ સ્વપદ સ્વાત્મના અર્થમાં છે. નહિ તો પતિપુત્ર પણ લોકવેદમધ્ય હોવાથી તેનાથી જ તેની પ્રાપ્તિ થવામાં સ્વપદ નિરર્થક થાય છે. અને તેથી સ્વાત્મા તરીકે સ્નેહવિષયત્વના અભાવમાં જ તેનો ત્યાગ છે. એ ભગવદર્થ હોવાથી, આત્માદિના પ્રતિનો વિષય છે એમ સાર છે, અને આ અર્થ યુકત છે.) અનન્યનું રક્ષણ કરવુંજોઇએ માટે તમારી મારામાં અનુવૃત્તિ રહે તે એક ફલ છે. 'અબલા' સંબોધનથી એમ સૂચવે છે કે સત્પુરુષોથી માફક પ્રત્યક્ષ રીતે તમારૂ ભજન સિદ્ધ થતું નથી. અથવા પરોક્ષ ભજન કરવાથી અતિરોહિત છે; અથવા ભજવાથી તિરોહિત થયા આ પ્રમાણે અભજનના પ્રકારથી મદમાન પ્રકારથી ભજન અથવા ભોગ થાય છે. હું ભોકતા તિરોહિત થયો. તમે મને જોયો નહિ. એવો અર્થ છે. આથી અભજનપક્ષની વ્યાવૃત્તિ થઇ. તેમ હોવાથી અસૂયાનો સંભવ રહે છે, અકૃતજ્ઞત્વાદિ દોષના આરોપથી મારી ઉપર અસૂયા કરવાને તમે યોગ્ય નથી. કારણ કે પ્રિય છું. પ્રિય દુષ્ટ હોય તો તે પોતે પણ તેમ ખાસ કરીને થાય છે. ત્યાગ કરવો અશકય છે. કારણ કે તમે પ્રિય છો. પ્રીતિવિષયમાં કૃતજ્ઞત્વાદિ ધર્મો થતા નથી. કારણ કે તો ઔદાસીન્યના સમાનાધિકરણ હોય છે.

**વિવેચન--** આ શ્લોકમાં ભગવાન્ કહે છે હે ગોપીઓ, તમે તમારા મનથી એવું ન ધારશો કે હું તમને ભજતો નહોતો. મારી આગળ બે કર્તવ્ય હતાં. એક તો તમારા ભજનની વૃત્તિ મારામાંરહે તેટલા માટે તમને ભજવાં જોઇએ નહિ, એટલે તમને વિપ્રયોગ અવસ્થામાં મૂકવાં કે જેથી તમને ભજનનું સુખ મળી શકે. બીજુ કર્તવ્ય એ હતું કે તમે સ્ત્રીઓ-અબલાઓ હતી, અને રાત્રિસમયે અરણ્યમાં આવેલી તો, તેવે સમયે તમારો ત્યાગ મારે ન જ કરવો જોઇએ. આ બન્ને કર્તવ્ય કરવા માટે હું તમારાથી પરોક્ષ રહ્યો. પરોક્ષ રહીને પણ હું તમને ભૂલી ગયો ન હોતો, પણ તમને ભજતોજ હતો. ત્યાગ કર્યો નથી. જો ખોટો ત્યાગ હોય તો તે અનિષ્ટ ગણાય, વળી તમને મોક્ષની પણ દરકાર નથી, એટલે તમારો ત્યાગ મોક્ષને માટે છે એમ પણ ન કહી શકાય તમે ત્રણ દુસ્ત્યાજય પદાર્થોનો મારે માટે જ ત્યાગ કર્યો છે-લોક, વેદ અને સ્વાત્મા આવો ત્યાગ મોટા મુનિઓથી પણ બનતો નતી, પણ તે તમે કરી બતલાવ્યો, તોહું શું તે ત્યાગને ભૂલી જવું એવો કૃતઘ્ન છું ? હું એવો કૃતઘ્ની નથી. હું પરોક્ષ રીતે પણ તમને ભજતો જ હતો, એમ તમે નિશ્ચયપૂર્વક માનો.

મેં જે તિરોધાન કર્યું હતું તે વિપ્રયોગના દાન માટેજ છે, એ તમારે ચોક્કસ રીતે સમજી રાખવું. તમે કોઇ ફલ લેવાની ઇચ્છાએ મારૂ ભજન નથી કર્યું પણ શુદ્ધ પુષ્ટિની રીતે કર્યું છે, તેથી મેં પણ ફલદાનાદિ કર્યું નથી. તમે મને ઇશ્વર જ સમજયા નથી, માટે મે તમને સખીઓ ગણીને તમારી સાથે રમણ કર્યું છે, તો પછી મારા પ્રતિ ભજનની તમારે અપેક્ષા જ કરવાની નથી. ભગવદુપયોગ ચાર રીતે છે. પ્રથમ ભોગ્ય તરીકે કામનાઓ પૂરે છે. પણ ભગવાન્ કામનાઓ પૂરે છે માટે ભોગ્ય હોય તો અતીવ કામનાઓ અલ્પ હોવાથી, તે કામનાની પૂર્તિમાં આગળ કંઇ પણ પ્રયોજન નથી અને તેથી ભજન પણ થાય નહિ. આથી ભજન ત્યાં નાશ પામે. કામનાનું અલ્પફળ મળ્યું એટલે કામના દૂર થાય છે, અને તે જતી રહી એટલે ભજનની અનુવૃત્તિ પણ અટકી ગઇ. અર્થાત ભગવાન આપણી કામનાઓ પૂરે છે માટે આપણે ભગવાનને ભજવા જોઇએ, એમ જો ભકતો સમજે તો એમાં દોષ એવો આવે છે કે તે ભકતોથી ભજન થઇ શકતું નથી, કારણકે તેઓ તો કામનાઓની પૂર્ણતા માટે જ ભગવાનને ભજે છે. એટલે જયારે કામનાઓ પૂર્ણ થઇ ગઇ કે તુર્તજ તેઓ ભજન કરતા બંધ થઇ જાય છે; પણ ધારો કે કોઇ એમ કહે કે ભગવાન અગણિતાનંદ છે, અને કામનાની પૂર્તિ માટે પણ ભગવાનની સાથેના સંબંધથી પૂર્ણાનન્દનો અનુભવ કરાશે તો ત્યાં કહે છે કે જોકે ભગવાન સ્વરૂપે મોટા તથા તે પૂર્ણાનંદ છે તો પણ કામના વિષય રમણમાં કાલનો પરિચ્છેદ હોવાથી, એટલા રમણથી મનોરથની પૂર્તિમાં આગળ ભજનની અનુવૃત્તિ થશે નહિ. કામનાની પૂર્તિના કારણ સિવાય સ્વતંત્ર રીતે પણ પ્રભુ ભોગ્ય થાય છે. આ પક્ષમાં ભકત જેવી ઇચ્છા રાખે છે તે પ્રમાણે તેને સ્વરૂપાનંદનો અનુભવ થાય છે, પણ તે જયારે વિપ્રયોગ તથા સંયોગના ભેદોથી કરે તોજ બને. આમાં અધિક ભજનની અપેક્ષા રહે છે. આ સિવાય ભગવદુપયોગ ભોકતા તરીકે બે રીતે હોય છે. એકમાં ભકિતથી આપેલા પદાર્થના પોતે ભોકતા બને છે અર્થાત્ ભકિત માટે નિરન્તર ભકિતને સિદ્ધ કરવાને ભગવાને અભજન કર્યું છે. માટે જયારે નિરન્તર ભકિત થશે ત્યારે જ ભગવાન્ ભોકતા બનશે એમ એક પ્રકાશમાં સૂચવ્યું છે અને બીજા પ્રકારમાં વિષય તરીકે ભોગથી પોતે ભોકતા છે એમ જણાવ્યું.

આ પ્રમાણે તેમના મનોમાર્જનને કહીને, ભકિતમાર્ગના વિરોધનો પરિહાર કરવા તેમનું સ્તવન કરે છે.

**मूलम्-** न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।
या माभजन् दुर्जरगेहश्रृङ्खलाः संवृश्च्य तद्वः प्रतियातु साधु नः ।।२२।।

**अन्वयार्थ--** તમે મારી સાથે નિર્દોષ સંબંધમાં છો તેથી તમારા ઉપકારનો બદલો વિબુધની જીંદગીથી પણ હું વાળી શકવાનો સમર્થ નથી. તમે અભેદ્ય ગૃહની સાંકળોને તોડી નાખી અને મને ભજયાં તમારો ઉપકાર તમારા સાધુકૃત્યથી વળાય એવો છે.

**श्रीसुबोधिनीजी--** નિર્દોષ સંબંધવાળા એટલે નિર્દુષ્ટભજનથી યુકત અને સ્વસાધુકૃત્ય એટલે સ્વપ્રત્યુપકારકરણ-વિબુધની જીંદગીથી એટલે બ્રહ્માની ઝીંદગીથી અગર મન્વન્તરથી, જેમની ઝીંદગી પરિમિત છે તેનાથી અથવા વિશેષ બુધ-જ્ઞાનિઓની અનન્ત જીંદગીથી હું બદલો વાળવાને સમર્થ નથી. ભજન અને પ્રત્યુપકારમાં સાદશય નથી. તમારૂ ભજન નિષ્કપટ છે, અમારૂ (ભગવાનનું) ભજન સકપટ છે. અલ્પજલની તુલ્ય, ઘણું જલ હોય તો પણ મરૂસ્થળીનું જલ ગણાતું નથી સત્ય ભજન તો બ્રહ્માને પણ અશકય છે, કારણ કે ભજન તે જીવનો ધર્મ છે, તેમાં વળી વિશેષ કહે છે. અભેદ્ય જે ઘરની સાંકળોને પણ તમે તોડી છે, અને મને ભજયો છે. જેઓનાથી પહેલા સ્વઅર્થ માટે બદ્ધ હતાં, તેમના અર્થનું અને પોતાના આત્માનું મારામાં સમર્પણ કર્યું. બાહ્ય સાંકળને તોડવી શકય છે; પણ સર્વ બાજુએ ઘેરાયેલાથી ઘરની સાંકળને તોડવી શકય નથી. અલૌકિક સ્ત્રીઓનું જેવું ભજન હોય તેવું તમારૂ છે. સાધુ શબ્દથી (શ્લોકમાં) ભાવપ્રધાન નિર્દેશ કર્યો છે. સાધુત્વ તરીકે પ્રત્યુપકાર થાવ. સાધુઓ મહાન કાર્ય કરીને જાતે સંતોષ પામે છે. તેઓ પ્રત્યુપકારની અપેક્ષા રાખતા નથી. આથી મારામાં ભજન નથી. ભજન એ જીવધર્મ છે. આથી આગળ પણ જયારે જાતે જ સંતુષ્ટ થાવ ત્યારે તમે ભજો; નહિ તો મરજીમાં આવે તેમ કરો એવો ભાવ છે. જે અશકય છે તે કોઇપણ કરવાને શકત નથી.

**श्रीमती टिप्पणी--** અહિંઆં ભજન તે દાસ્યપ્રકાર છે અને તે ભકતનોજ ધર્મ છે. ભજન કરવું તે ભકતનો ધર્મ છે; માટે ઇશ્વરમાં તેની સંભાવના નથી. પણ અહિંઆં તોભગવાને એમ કહ્યું કે 'હે ગોપીઓ ! હું પરોક્ષ રીતે તમને ભજતો હતો' તો આ શી રીતે સંભવે ? ભજન કરવું તે તો જીવનો ભકતનો ધર્મ છે, ઇશ્વરનો નહિ. આ શંકા સમાધાનમાં કહે છે કે વાત ખરી છે કે જીવનો જ ધર્મ

ભજન છે, છતાં પણ જો ભગવાન પરોક્ષ ભજન કરે તો તેથી કોઇપણ પ્રકારનો વિરોધ આવતો નથી. તે માત્ર અનુકરણ મનાય છે. જેમ કોઇ મહારાજા હોય અને તે કદાચ અતિસંતોષથી પોતાના સેવકના અંગનું મર્દન કરે તો તેથી તે કંઇ તેનો દાસ ગણાતો નથી. તેમ અહિંઆં પણ રસને લધે માનિનીના ચરણકમળના રાગમાં અનુરાગ કરતા ભગવાન તેમનું પરોક્ષ ભજન કરે છે છતાં પણ તેમના પતિ જ છે, દાસ નથી, વળી ભગવાન રસાત્મક છે.

## શ્લોકાર્થ સૂચનિકા

૧ કામલીલાનો આરંભ, રસાત્મક અલૌકિક કામની અતિનિગૂઢતા તથા આનંદમયનું ભોકતૃત્વ

૨ ભગવાનના વાકયથી, અજ્ઞાનના પરિહારમાં તેના મૂળરૂપ વિરહથી ઉત્પન્ન થયેલા તાપની હાનિ

૩ નૃત્ય રસક્રીડાનો આરંભ, સ્રીરત્નોની સાથે ભગવાનનું સાદશ્ય

૪ બબે ગોપી વચ્ચે એક કહાન એવી યોજનાથી સોળ અન્યપૂર્વ વ્રજસુન્દરીઓના મધ્યમાં આઠ કૃષ્ણનું નિરૂપણ

૫ વિમાનનો આશ્રય લઇને જોવાની ઇચ્છાએ આવેલા દેવોને થયેલું આશ્ચર્ય.

૬ દુંદુભિના અવાજો, પુષ્પવૃષ્ટિ અને ગન્ધર્વોનું ગાન

૭ બાહ્ય આનંદના નિરૂપમ પછી રસમાં ઉપયોગિ નાદનું નિરૂપણ

૮ ભગવાનની શોભાનું વર્ણન તથા ગાઢ નૃત્યનું વર્ણન.

૯ નૃત્યની વચમાં ગાન, શ્રુતિરૂપ ગોપીજનમાં ભગવાને પૂરેલો નાદ, નાદ કરનારમાં ઐશ્વર્ય વીર્ય

૧૦ રાસથી પરિશ્રાન્ત કીર્તિરૂપ ગોપીઓનું ભગવાન ઉપર આલંબન

૧૧ શ્રીરૂપા ગોપીનું ભગવાનના બાહુને ચુંબન

૧૨ જ્ઞાનરૂપાને ભગવાને આપેલું તામ્બૂલચર્વિત.

૧૩ વૈરાગ્યાત્મિકા ગોપીની છાતી ઉપર ભગવાનના હસ્તનું નિધાન.

૧૪ સર્વની સાધારણ લીલાનું નિરૂપણ, દેહાદિની વિસ્મૃતિ, તથા મહારસનો અભિનિવેશ

૧૫ દેવોને પણ લીલાના પરિજ્ઞાનનો અભાવ.

૧૬ કુમારિકાના મનોરથની પૂર્તિ માટે જેટલી કુમારિકાઓ તેટલા સ્વરૂપનું પ્રાકટ્ય-રમણ.

૧૭ જલક્રીડાનું વર્ણન. પુષ્પાવચય ક્રીડા તથા લીલાનો ઉપસંહાર

૧૮ રાજાની લીલા સંબંધી શંકા.

૧૯ શુકદેવજીએ કરેલો શંકાનો ખુલાસો

૨૦ ધર્મવ્યકિતક્રમ ઈશ્વરમાં ભૂષણ છે.

૨૧ લીલાના શ્રવણનું ફળ.

૨૨ ભગવાનની માયાથી ગોપોમાં અસૂયાનો અભાવ.

૨૩ ફલશ્રુતિ-લીલાના શ્રવણથી હૃદયના રોગરૂપ કામની હાનિ.

## સંક્ષિપ્ત સાર

ગત અધ્યાયમાં ભગવાનને જે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા તેના સંતોષકારક ઉત્તરો શ્રવણ કરીને ગોપીઓએ વિરહના તાપને શાન્ત કર્યો. ત્યાર પછીથી ગોવિન્દ ભગવાને તેમની સાથે રાસક્રીડાનો આરંભ કર્યો. આ રાસક્રીડામાં તે સ્ત્રીરત્નો-ગોપીઓ એક બીજાના બાહુ ઉપર હાથ મૂકીને ફરતાં હતાં. બબ્બે ગોપીની વચ્ચે એક એક કહાન એ પ્રમાણે સોળ ગોપી અને આઠ કૃષ્ણનું એક મંડળ બન્યું અને એવાં અનેક મંડળો આ રાસ ખેલી રહ્યાં. તે સમયે રાસોત્સવનાં દર્શન કરવાને સ્વર્ગના દેવતાઓ પણ પોતાની પત્નીઓ સહિત સેંકડો વિમાનમાં બેસીને આવ્યા હતા. પછી દુદુંભિનાદ થવા લાગ્યા. તેમજ પુષ્પની વૃષ્ટિઓ પણ થઇ અને ગંધર્વો તેમની સ્ત્રીઓ સહિત કૃષ્ણના અમલ યશને ગાવા લાગ્યા. રાસમાં ફરતી સ્ત્રીઓના વલય તથા નૂપૂરની કિંકિણીઓનો તુમુલ અવાજ થયો. ભગવાન આ વખતે જેમ સુવર્ણમણિઓની મધ્યમાં મહામણિ શોભે તેમ શોભવા લાગ્યા તથા ગોપીઓ પણ મેઘચક્રમાં વિદ્યુત જે પ્રમાણે શોભે તે પ્રમાણે ગાન કરતાં શોભતાં હતાં. ઘડીકમાં નૃત્ય કરતાં અને ઘડીકમાં જૂદી જૂદી જાતનાં સ્વરજાતિના ભેદથી મિશ્રિત ગાન તે મંડળ કરતાં હતાં. જેમ બાળક પોતાના પ્રતિબિંબ સાથે રમે છે તેમ પ્રભુ પણ પોતાના પ્રતિબિંબરૂપ આ ગોપીઓ સાથે રમણ કરવા લાગ્યા. આ જોઈને દેવસ્ત્રીઓ તથા ચંદ્ર તો વિસ્મય પામી ગયાં. જ્યારે રાસથી તે ગોપી થાકી ગયાં એટલે ભગવાને કરુણાથી પોતાના કલ્યાણકારક હસ્તથી તેમનાં વદન ઉપરથી શ્રમજલને લૂછી નાખ્યા. આથી ગોપીઓ બહૂજ આનંદમાં આવી જઈને કૃષ્ણનું વધારે ગાન કરવા લાગ્યા. ત્યાર પછીથી તે બધાની સાથે જલક્રીડા કરી તથા પુષ્પાવચય ક્રીડા કરી. આ રીતે તે સત્યકામ ભગવાને પોતાના વીર્યને પોતામાં અવરુધ્ધ કરીને તે ગોપીઓની સાથે રાસલીલા કરી.

આ પ્રમાણે ભગવાનની લીલા શ્રવણ કરીને રાજાને શંકા થાય છે કે ભગવાનનો અવતાર ધર્મની સ્થાપના માટે તથા અધર્મની નિવૃતિ માટે છે તો શા માટે ભગવાને આ રીતે ધર્મમર્યાદાનો ઉચ્છેદ કર્યો ? શુકદેવજી તેનો ઉત્તર આપે છે કે જેઓ ઐશ્વર્યશકિત ધરાવનારા છે તેમની બાબતમાં ધર્મનું ઉલ્લંઘન કવચિત્ બને છે પણ સર્વનું ભક્ષણ કરનાર અગ્નિને જેમ કોઈપણ દોષ લાગતો નથી તેમ તે તેજસ્વી પુરુષોને દોષ લાગતો નથી પણ મોટાઓનું અનુકરણ જો બીજાઓ કરે તો તે નાશ પામે છે, જેમ રૂદ્ર સમાન પરાક્રમ વિનાનો સમુદ્રનું વિષ-કાલકુટનું ભક્ષણ કરે તો નાશ પામે છે. માટે મોટાઓના વચનને જ આપણે અનુસરવું તેમની કૃતિને નહિ. આ પ્રમાણે દુનિયામાં મોટા ગણાતા પુરુષોને માટે નિયમ હોય છે

તો પછી અખિલ સત્વોના-પશુ, પક્ષી, મનુષ્યો તથા દેવતાઓનાજ જે ઈશ છે એવા કૃષ્ણમાં તમે કહેલો દોષ શી રીતે સંભવે ? જે પ્રભુના ચરણકમલના પરાગથી જેઓ તૃપ્ત થયા છે, યોગના પ્રભાવથી જેમનાં સર્વ કર્મબંધનો તૂટી ગયાં છે તેવા તથા મુનિઓ પણ યથેચ્છ વર્તન કરે છે તો પછી સ્વેચ્છાથી ભોગ માટે તનુધારણ કરનાર ભગવાનમાં આ બાધ ક્યાંથી હોય ? કૃષ્ણ એ ભગવાન છે. ગોપીઓના તેમના પતિઓના તથા સર્વ દેહીઓના અન્તર્યામી છે અને તેજ ક્રીડા કરવાને પુરુષદેહ ધારણ કરે છે, તેથી આ લીલાનું શ્રવણ કરનાર ભગવત્પરાયણ બને તે હેતુથી આમ કર્યું છે અને આથીજ ગોપોએ પણ તેમની ભાર્યાઓની પોતાની પાસે તે વખતે જોવાથી તેમની અદેખાઈ કરી નથી. આ રીતે પ્રભાત થતાં વાસુદેવ ભગવાનની સંમતિથી ભગવાનને પ્રિય એવી ગોપીઓ પોતપોતાના ગૃહ તરફ ગયાં.

## સાર-સંચય

૧ જે ભગવાન ગોપિકાઓની સાથે રાસોત્સવ કરે છે તે યોગેશ્વર છે. યોગીઓના પણ ઈશ્વર છે, ઈન્દ્રિયનિગ્રહમાં તે મોટા મોટા યોગીઓના માનને પણ ખંડિત કરે એમ છે.

૨ આ રાસક્રીડામાં લૌકિક કામની વાસના નથી, એમ હોય તો દેવતાઓ પણ વિમાનમાં બેસીને નભમાંથી આ ક્રીડાનું પ્રેક્ષણ કરે છે તે કરેજ નહિ.

૩ દેવતાઓએ રાસપ્રેક્ષણ કર્યુ એટલું જ નહિ પણ તેને અભિનંદનવાને માટે દુન્દુભિ વગાડ્યાં તથા પુષ્પોનો વરસાદ વરસાવ્યો. વળી ગન્ધર્વ લોકોએ પણ તેમની સ્ત્રીઓસહિત તેમનાં યશોગાન કર્યા.

૪ રાસમંડળની ક્રીડા તે કેવલ નિર્દોષ ક્રીડા છે. જેમાં બહુ જન એકઠાં થઈને રસ પડે તેવી રીતે નૃત્ય કરે તેનું નામ રાસ છે. જેમ દુનિયામાં સંગીતના જલસાઓમાં એકઠાં થઈને લોક ગાય છે તેમ પ્રભુની ગોપીઓ સાથેની આ રાસક્રીડા છે.

૫ જેમ બાળક પ્રતિબિંબ સાથે રમે તે પ્રમાણે વ્રજસુન્દરીની સાથે કૃષ્ણે રમણ કર્યું. આ પ્રમાણે ભાગવતકાર શ્લોક ૧૭માં જણાવે છે, આથી પણ રાસલીલાની નિર્દોષતા જણાય છે. એ નિર્દોષતા જણાવવાનેજ બાળકનું દૃષ્ટાંત આપ્યું છે. ગોપીઓ એ પ્રભુના પ્રતિબિંબરૂપ છે. કારણ કે પ્રભુની તે શકિતઓ છે.

૬ કૃષ્ણની ગોપીઓની સાથેની રાસક્રીડા જોઈને આકાશમાં વિચરતા દેવતાઓની સ્ત્રીઓને પણ મોહ થયો. આમ થવાનું કારણ કે તે જીતેન્દ્રિય

નહોતા. પણ વ્રજસુન્દરીઓ જીતેન્દ્રિય હતાં તેથી તેમને બીલકુલ મોહ થયો નહિ.

૭ ભગવાન એક ગોપીની સાથે રમ્યા નથી, પણ અનેક સાથે એકી સાથે રમ્યા છે. તેથી પણ લૌકિક કામુકવત આ ક્રીડા નથી એમ સિદ્ધ થાય છે. લૌકિક કામુક એકનાજ તરફ પોતાનો પ્રેમ દેખાડે છે, અને તે અન્યથી છૂપાવવાનો પ્રયત્ન કરે છે, અહિંયા પ્રભુ સર્વના દેખતાં સર્વના તરફ એક સાથે લાગો પોતાનો પ્રેમ જણાવે છે.

૮ શ્લોક ૨૨ માં કહે છે કે આ વખતે ગોપીઓ ભગવાનના પુણ્યકર્મનું ગુણ ગાન કરતાં હતાં. આ શબ્દો પણ રાસક્રીડાની પવિત્રતાનું સૂચન કરે છે.

૯ શુકદેવજીએ ભગવાનને સત્યકામ કહ્યા છે આથી આ કામની નિર્મળતા સૂચવી છે.

૧૦ વળી રમણ કરતી વખતે ભગવાનનું સૌરત વીર્ય પોતાનામાંજ સ્થાપન કર્યું છે. કામી પુરુષો વીર્ય ઉપર અંકુશ રાખી શકતા નથી. પણ પ્રભુએ તો અનેક સ્ત્રીઓના યૂથમાં હોવા છતાં પણ તે વીર્યને પોતામાં અવરુદ્ધ કર્યું માટેજ તે યોગેશ્વર હતા.

૧૧ મોટા પુરુષો જે કંઈ કરે તે નાનાથી ના કરી શકાય. અગ્નિ સર્વ વસ્તુનું ભક્ષણ કરી શકે. તેમ જે તેજસ્વી પુરુષો છે તે ધર્મનો વ્યકિતક્રમ કરે તો પણ તે દોષરૂપ નથી. ભગવાનને સાધારણ જીવની સમાન ગણીને તેમની કૃતિમાં દોષ જોવા નહિ. આ કરવું તે ધર્મ છે અને આ નહિ કરવું તે અધર્મ છે એવા વિચારો જીવની બાબતમાં હોય છે, ભગવાનની બાબતમાં નહિ. ભગવાનને ધર્મ અગર અધર્મ સાથે કંઈ પણ લેવા દેવા નથી.

૧૨ મહાપુરુષોનાં વચનો જેમ સત્ય હોય છે તેમ તેમની કૃતિ પણ સત્ય હોય છે તો પછી પ્રભુની હોય એમાં આશ્ચર્ય શું ?

૧૩ જે ભગવાને ક્રીડન કર્યુ છે તે એકલી ગોપીઓના નહિ પણ તેમના પતિઓ તથા બીજા દેહીઓના પણ અન્તર્યામી છે.

૧૪ ભકતો ઉપર અનુગ્રહ કરવાને જ તે ભગવાને માનુષ દેહ ધારણ કરેલો છે અને તે લીલાના શ્રવણથી તે તે જીવો ભગવત્પરાયણ થાય માટેજ આ લીલાઓ કરી છે.

૧૫ ભગવાનની ક્રીડાની નિર્દોષતા વિશેષ રીતે પણ જણાય છે કે વ્રજવાસીઓએ પોતાનાં સ્ત્રીજનને પોતાની પાસેજ બેઠેલાં જોયાં હતાં, આથી ભગવાન ઉપર તેમને અસૂયા કે ઈર્ષ્યા થઈ નહિ.

## कारिका

त्रिशत्तमे हरिः प्रीतो लीलां कामकृतामपि । इन्द्रादिदुर्लभां चक्रे स्वानन्दार्थमितीर्यते ।। १ ।।
अस्याः सर्वोपकाराय फलश्रुतिरुदीर्यते । लौकिक्यपि यदा दृष्टिस्तदा सिद्धांत ईर्यते ।। २ ।।
रसात्मकस्तु यः कामः सोत्यन्तं गूढ एव हि । अतः शास्त्रं प्रवृतं हि तृतीयं भारतं तथा ।। ३ ।।
अतोत्र भगवांश्चक्रे नृत्यं कारितवांस्तथा । सर्वांगेषु तु यो लीनः स यथा व्यकतां व्रजेत् ।। ४ ।।
जलं वायुश्चश्रेः सामग्री श्रमात् शीताच्च जायते । अत्रैव लोके प्रकटमाधिदैविकमुत्तमम् ।। ५ ।।
कामाख्यं सुखमुत्कृष्टं कृष्णो भुंक्ते न चापरः ।

## કારિકા

૧ અધ્યાય ત્રીશમાં પ્રસન્ન થયેલા પ્રભુએ ઈન્દ્રાદિને પણ દુર્લભ એવી કામકૃત લીલાને સ્વાનંદ માટે કરી એમ કહે છે.

(લીલા કરી એટલે લોકમાં પ્રકટ કરી એમ સમજવું. જો કે આ લીલા અતિગોપ્ય હોવાથી લોકમાં તેનું કથન કરવું તે યોગ્ય નથી તે પણ પ્રભુએ લોકમાં તેને પ્રકટ કરી એ હેતુથી અહિંયા કથન કરાય છે એમ કહ્યું. નહિ તો રાસલીલા કહેવાય છે એમ કહેત. આ લીલાને કામકૃત કહી છે અને વળી એવી લીલા ભગવાને કરી કે જે ઈન્દ્રાદિને પણ દુર્લભ હોય. ઈન્દ્ર વિષયભોગથી અભિયુકત હોય છે, માટેજ તેના નામનું ગ્રહણ કર્યું છે. વસ્તુતઃ બ્રહ્માદિને પણ તે દુર્લભ છે. લોકને અનુસાર તે કામકૃત હોય છે. શ્રી. ટિ.

પ્રભુએ પોતે તે લીલા લોકમાં પ્રકટ કરી તે સ્વાનંદને માટે કરી છે. ભગવાન સ્વયં આનંદ સ્વરૂપજ છે, પણ આ લીલા પ્રકટ કરીને આનંદનો આવિર્ભાવ કર્યો. આ લીલા કામકૃત છે, છતાં પણ તેમાં કામનો અભાવ છે, એમ જણાવવાને માટે ઈન્દ્રાદિને તે લીલા દુર્લભ છે એમ કહ્યું. ઈન્દ્રાદિ વિષય કામથી સંતુષ્ટ થાય છે, પણ આમાં એ કામનો અભાવ છે, માટેજ તેની અલૌકિકતા સિદ્ધ થાય છે.

૨ એ (લીલા) સર્વને ઉપકારિ (ઉપયોગિ) થાય એટલા માટે એની ફલશ્રુતિ કહેવાય છે. લૌકિક પણ દૃષ્ટિ હોય ત્યારે સિદ્ધાંત કહેવાય છે.

(લોકમાં કામની કથાઓ સાંભળવાથી કામનું ઉદ્‌બોધન થાય છે, માટે જેને વૈરાગ્યની ઈચ્છા હોય તેણે એ કદી પણ શ્રવણ કરવી નહિ. તેજ પ્રમાણે ભકિતની ઈચ્છાવાળા માણસે પણ એવી વાર્તાઓ શ્રવણ કરવી નહિ. માતાની રહસ્ય વાર્તા (કામવાર્તા) શ્રવણ કરવી તે ઉચિત નથી. જો કોઈ તે શ્રવણ કરે, તો તેના ચિત્તની

વિષમતામાં મોટો દોષ થાય છે માટે તે શ્રવણ કરવી નહિ. આમ જો હોય તો વિષય નહિ પણ માત્ર વિષયીજ બાકી રહે છે, અને તેથી તે હિન અધિકારીનો વિષય બને, તો તેની ઉત્તમતા ન ગણાય. આવી શંકાના પરિહારમાં ફલશ્રુતિનું કથન કરે છે. વિષય વિષયીની પૂર્વે હોવાથી, તેના (વિષયના) શ્રવણથી પણ તેના સ્વભાવને લીધે દોષનિવૃત્તિ થાય છે અને પરમપુરૂષાર્થની પ્રાપ્તિ બને છે.

ભગવાને, પોતાને સંપૂર્ણ શરણે આવેલા ગોપીઓને જોઈને ન અપાય એવા પણ સ્વરૂપાનંદનું દાન કર્યુ એવી વસ્તુસ્થિતિ છે. ભગવાન રસાત્મક હોવાથી આ ગોપિકાઓનો પણ રસાત્મક સ્વરૂપની મધ્યમાં સમાવેશ થયો. શ્રી.ટિ.

૩. રસાત્મક જે કામ તે અત્યંત ગૂઢ જ છે. માટે ભરતનું ત્રીજું શાસ્ત્ર થયું છે.

૪. માટે જ અહિંયા ભગવાને નૃત્ય કર્યુ તથા કરાવ્યું, જેથી કરીને તેમના સર્વ અંગમાં લીન થયેલો રસ વ્યકત બને. (બહાર પ્રકટ થાય)નૃત્યબંધાદિથી ગૂઢ રસનું બહિ:પ્રાકટ્ય થાય છે. ભરતનાટ્યશાસ્ત્રનું પ્રયોજન એજ છે. નૃત્યાદિથી ભગવાનમાં લીન થયેલો રસ એકદમ પ્રકટ થયો, અને તે દ્વારા સર્વને આનંદ આપ્યો.

૫. જલ અને વાયુની સામગ્રી, શ્રમથી તથા શીતથી ઉત્પન્ન થાય છે. અહિંયા લોકોમાં ઉત્તમ આધિદૈવિક સર્વથી ઉત્કૃષ્ટ કામનામના સુખને કૃષ્ણ જ ભોગવે છે, અન્ય નહિ.

(જલ અને સ્થલના ભેદથી રમણ બે પ્રકારનું હોય છે. તેમાં આદ્યમાં જલસામગ્રી છે, બીજામાં અનિલ. આ બન્નેનો હેતુ સ્વામિની અને ભગવાનનો શ્રમ છે.)

શંકા : રસાત્મક કામ ગૂઢ હોવાથી ભરતનું ત્રીજું શાસ્ત્ર થયું, એમ જે કહ્યું, તે યોગ્ય લાગતું નથી. ભરતશાસ્ત્ર તો જીવોને માટે છે, ઈશ્વર માટે નથી. વાત્સ્યાયનના કામશાસ્ત્રનું પ્રયોજન પણ જીવોને માટે છે. તેમના શાસ્ત્રની રીતિ અનુસાર જીવ પ્રવૃત્ત થાય તો તેને પણ આનંદનો અનુભવ થાય છે. તો પછી અહિંયા જે આનંદનું દાન ભગવાને ગોપીઓને કર્યુ તેમાં વિશેષતા તમે શી કહો છો ?

ઉત્તર : ભગવાનનું રસાત્મક સ્વરૂપ ફકત તે રૂપે જ નથી, પણ ઉદ્‌બોધક વિશિષ્ટ પણ છે. નહિ તો એ રસાત્મક જ ગણાય નહિ, પણ એવા સ્વરૂપની પ્રતિતિ જીવોને તેમના અજ્ઞાનથી થઈ શકતી નથી. માટે જ ભરત અને વાત્સ્યાયન તે સ્વરૂપનું નિરૂપણ કરે છે કે ભગવાને આ પ્રમાણે નૃત્ય કર્યુ. આ બે શાસ્ત્રોનું પ્રયોજન જીવને તે લીલાનું જ્ઞાન કરાવવાનું છે. પણ જે જીવો આનું પ્રયોજન ઈશ્વર પર નહિ પણ જીવ પર છે એમ સમજે છે તે ઘણા કલેશ પામે છે.

નાટ્યશાસ્ત્રના મૂલ પ્રવર્તક આંજનેય અંજનીના પુત્ર હનુમાન છે. આ હનુમાન જનકતનયાના પ્રાણનાથ શ્રીરામચંદ્રજીના પરમ ભકત હતા. એમનો પ્રયાસ પણ ભકતને રસેશ પ્રભુનો અનુભવ કેમ થઈ શકે ? તે માટે હતો. નાટ્યશાસ્ત્રનો વિસ્તાર અને સંગ્રહ ભરત મુનિએ કર્યો, અને નાટ્યશાસ્ત્રના જ્ઞાતાને મોક્ષ પ્રાપ્ત થાય છે, એમ પણ કહ્યું છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે નાટ્યશાસ્ત્રનું પ્રયોજન લૌકિક નથી, પણ અલૌકિક છે. તો જો આ શાસ્ત્રનો ઉપયોગ અલૌકિક વસ્તુની પ્રાપ્તિમાં થાય તોજ તે જ્ઞાન સફળ થયું એમ ગણાય. ભરતમુનિએ નાટકમાં શૃંગારાદિ આઠ રસને વર્ણવ્યા છે. તેમાં મુખ્ય રસ શૃંગાર છે. એ શૃંગારને શ્યામરૂપ તથા વિષ્ણુદેવરૂપ કહ્યો છે, એટલે ઉપનિષદ્‌માં જે રસાત્મક બ્રહ્મનું વર્ણન વર્ણવ્યું છે તે સર્વથી શ્રેષ્ઠ છે એમ ભરતમુનિ પણ જણાવે છે. એટલે પણ એ શાસ્ત્રનું પ્રયોજન અલૌકિક છે.

વાત્સ્યાયનના કામશાસ્ત્રનો પણ એજ હેતુ છે. સાંપ્રયોગાધિકરણના **ऋचां दशत्रयीनां चतुःषष्टसंज्ञितत्वादिहापि तदर्थसंबंधात्पांचाल सबंधात् बह्वृचैरेषा पूजार्थसंज्ञा प्रवर्तितेत्येके**આ સૂત્રમાં સાંપ્રયોગના અંગરૂપ ચુંબનાદિ કહ્યા છે તે ઋગવેદના અર્થરૂપ છે એમ કહ્યું છે. કામશાસ્ત્ર પણ વેદની માફક પરોક્ષ રીતે લીલાસહિત ભગવત્સ્વરૂપ રસેશ્વરનું પ્રતિપાદન કરે છે. આ શાસ્ત્ર પણ લૌકિક નથી. એમ વાત્સ્યાયનના પોતાના શબ્દો ઉપરથી નક્કી થાય છે. **अस्य शास्त्रस्य तत्त्वज्ञो भवत्येव जितेन्द्रियः**અર્થાત્ કામસૂત્રના જ્ઞાનથી જીતેન્દ્રિય થઈને ભગવાન રસાત્મક કૃષ્ણના પ્રેમપુંજમાં તેનો વિનિયોગ થાય છે.

આ પ્રમાણે પૂર્વ અધ્યાયમાં સર્વભાવથી પ્રમાણથી (વચનથી) પ્રમેયથી (સ્વરૂપથી) દુ:ખને દૂર કર્યું. તે દુ:ખ જો અજ્ઞાનથી હોય તો તે તેજ વખતે દૂર કરાય છે નહિ તો ભગવાનથી એ દુ:ખ થાય. આથી ભગવાન ત્યાગ કરીને ગયા નાહે. એટલે ભગવાન દુ:ખમાં કારણ નથી, પણ અજ્ઞાન જ કારણ છે. આથી ભગવાનના વાક્યથી અજ્ઞાન જયારે દૂર થયું, એટલે તેનું મૂલ દુ:ખ પણ જતું રહ્યું.

ટિપ્પણ : શ્લોક - ૧. પ્રીત:-આનંદધર્મથી યુકત; કારણકે પ્રીતિનો ધર્મ આનંદ છે. લીલા અલૌકિકચંદ્રથી પ્રકાશ્ય રાત્રિમાં અલૌકિક પ્રકારની લીલા કરી એમ જણાવે છે. કાળથી કરાયેલી એટલે કામશાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે લૌકિકચંદ્રથી પ્રકાશ્ય રાત્રિમાં લૌકિક પ્રકારની લીલા હોય છે. અહિંયા બે પ્રકારની લીલા પ્રકટ કરી એમ કહે છે. આ અધ્યાયમાં અલૌકિક અને લૌકિક એમ બન્ને પ્રકારની લીલા કહેવામાં આવશે.

શ્લોક - ૩ રસાત્મક કામ રસાત્મક કામ બહુ જ ગૂઢ છે. દેવો વગેરે પણ કામથી રસની ઉપપત્તિ કરીને કામને અનુભવે છે, પણ તેમને રસાત્મક કામ નથી. ત્યાં પણ રસનો લેશ જ અનુભવાય છે; રસ નહિ. રસ શબ્દથી આનંદ સમજવાનો છે. આ આનંદની માત્રાથી અન્ય ભૂત-પ્રાણીઓ જીવે છે એમ શ્રુતિ વચન પણ છે. આથી ભગવાને કેવી રીતના રસનો અનુભવ કર્યો એમ કોઈને જીજ્ઞાસા થાય તો તેવા પ્રકારનો રસ સર્વત્ર હોતો નથી, માટે તેની ઉપમા ઘટી શકતી નથી. માટે ભગવાન જે રસનો ભોગ કરે છે તે અત્યંત નિગૂઢ છે. તે રસને એ શ્રુતિ સ્વરૂપથી પણ અભિન્ન આનંદ જણાવે છે. તે રસ ગૂઢ હોવાથી તેના જ્ઞાન માટે વાત્સ્યાયન અને ભરત વગેરે એ પ્રવૃતિ કરી હતી, પણ તે પ્રવૃત્તિઓ અલ્પ છે.

તૃતીય ભારત વાત્સ્યાયનપ્રણિત કામશાસ્ત્ર, ભારત એટલે ભરત મુનિએ બનાવેલાં સૂત્રો. આનંદરૂપ અલૌકિક રસ સર્વ અંગોમાં ગુપ્ત સ્થિત હોવાથી તેના પ્રાકટ્ય માટે ભગવાન નૃત્ય કરે છે તથા કરાવે છે.

શ્લોક - ૫. આધિદૈવિકરૂપ અર્થાત્ કામરહિત. લૌકિક વાસનાઓરૂપી લિંગથી રહિત; આનો અર્થ એવો છે કે જીવોનું આધિદૈવિક રૂપ આ લોકમાં જે રીતે પ્રકટ થાય તે રીતે કામનામનું ઉત્તમ ઉત્કૃષ્ટ સુખ કૃષ્ણ ભોગવે છે. ઉત્કૃષ્ટનો ભાવાર્થ મોક્ષનું સુખ પણ ઉત્તમ તો છે પણ અહિંયા તેથી પણ ફલની આધિકતા દેખાડવાને ઉત્કૃષ્ટ શબ્દનો પ્રયોગ કર્યો છે.

(સાર) (૧) પ્રભુ પ્રસન્ન થાય તો ભકતને સ્વઆનંદનું દાન કરવાને પોતે લીલા કરે છે.

(૨) આ લીલા અલૌકિક રીતિથી કરે છે તેમ લૌકિકી રીતિથી પણ કરે છે.

(૩) આ લીલાના ફળમાં ઈન્દ્રાદિનો પણ અધિકાર હોતો નથી, કારણકે ઈન્દ્ર વગેરે વિષય ભોગથી યુકત છે. માટે જ્યાં સુધી વિષયની યત્કિંચિત્ પણ વાસના હોય ત્યાં સુધી આ લીલાના શ્રવણમાં પણ અધિકાર પ્રાપ્ત થતો નથી.

(૪) આ લીલા કામકૃત છે અર્થાત્ કામશાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે છે. છતાં પણ અહિંયા લૌકિક કામની ગંધ સરખી પણ નથી એમ જણાવવાને કહે છે. ઈન્દ્ર વગેરેને પણ એ દુર્લભ છે. (૫) ભગવાન રસાત્મક છે, અને તે પણ કામનું સ્વરૂપ છે; પણ તે કામનું સ્વરૂપ મનુષ્યો સમજી શકે તેવું નથી. લૌકિક કામીઓની દૃષ્ટિથી એનું જ્ઞાન થઈ શકે તેમ નથી એવું તે ગૂઢ છે.

(૬) ભરતનું નાટ્યશાસ્ત્ર અને વાત્સ્યાયનું કામશાસ્ત્ર જો કે લૌકિક જીવોને માટે રચાયેલાં છે, તો પણ તેમના ઉદ્દેશો જીવોને અધમતાના ખાડામાં પાડવાના

નથી. જીવોને ભગવાનની લીલાનું જ્ઞાન કંઈક અંશે થાય તે માટે છે. આ શાસ્ત્રોનો વિનિયોગ પ્રભુ માટે કરવાનો છે એવું તે શાસ્ત્રો જણાવે છે. નૃત્યાદિ બંધો જે આ શાસ્ત્રમાં જણાવ્યા છે તે પ્રભુને પ્રસન્ન કરવા માટે જ છે, અને એ રીતે પ્રસન્ન કરીને જે આનંદ જીવને પ્રાપ્ત થાય તેના અનુભવ માટે છે. લૌકિક કોઈપણ વિષયો માટે નથી. એવું એ શાસ્ત્રોની ફલશ્રુતિમાં કહ્યું છે.

(૭) મોક્ષ કરતાં પણ ઉત્તમ સુખ ભકતને આપવાને માટે તથા તેના (જીવના) આધિદૈવિક રૂપના પ્રાકટ્ય માટે કામરૂપી ઉત્કૃષ્ટ સુખ કૃષ્ણ ભગવાન ભોગવે છે.

**श्रीशुक्र उवाच - इत्थं भगवतो गोप्यः श्रुत्वा वाचः सुपेशलाः ।**
**जहुर्विरहजं तापं तदङ्गोपचिताशिषः ।। १ ।।**

**अन्वयार्थ--** શ્રીશુક બોલ્યા - આ પ્રમાણે ભગવાનની સુકોમળ વાણી શ્રવણ કરીને, ભગવાનના અંગસંગથી જેણે આશિષ મેળવી છે એવી તે ગોપીઓએ વિરહથી ઉત્પન્ન થતા તાપનો ત્યાગ કર્યો.

**श्रीसुबोधिनीजी--** ભગવાનની વાણી સાંભળીને વિરહથી ઉત્પન્ન કરાતો તાપ દૂર થયો અને એમ સમજ્યાં કે અમને વિરહ ભ્રમથી થયો હતો. શંકા-વચન સાંભળીને જ શી રીતે અજ્ઞાન દૂર થાય ? તો કહે છે. અહિંયા ગોપી શબ્દ વિપરીત ભાવનાની નિવૃત્તિ માટે છે (નાગરીની માફક તેમની બુદ્ધિ કુતર્કથી હણાયેલી નહોતી.) શંકા - તો એ વાણીને શા માટે મનમાં સંદેહ ઉત્પન્ન ન કર્યો ? ઉત્તર - તે વાણી સુકોમળ હતી. ઘણી જ મનોહર હતી. વિચિકિત્સા (અરસપરસ વિરુદ્ધત્વનું અજ્ઞાન) હોય તો મનમાં સંદેહ રહે. શબ્દના સ્વભાવથી જ મનમાં સંદેહ ઉત્પન્ન થયો નહિ. આથી વિરહજન્ય તાપનો ત્યાગ કર્યો. અમને વિરહ થયો નથી એમ સમજ્યાં. જેવી રીતે સ્વપ્ન પછી જાગેલો માણસ સ્વપ્નના દુઃખને માનતો નથી. ગોપીઓને ભગવાનના અંગસંગથી આશિષો પ્રાપ્ત થઈ. ભગવાનના કાર્ય સિવાય જ ભગવાનના અવયવથી જ તેમના સર્વ મનોરથો પૂર્ણ થયા.

## ગોપીઓએ કરેલો તાપનો ત્યાગ

**विवेचन--** ગત અધ્યાયના અંતિ શ્લોકો દ્વારા ભગવાને જે પોતાની સ્થિતિ ગોપીઓને સ્પષ્ટ રીતે કહી તેથી તે ઘણાં જ પ્રસન્ન થયાં અને વિરહજન્ય તાપનો ત્યાગ કર્યો. તેમની હવે પ્રતીતિ થઈ કે તેમને જે વિરહજન્ય તાપ થયો છે, તે ભ્રમથી થયો છે. કારણકે તે સમયે પણ પ્રભુ પરોક્ષ રીતે શબ્દ શ્રવણ કરતા હતા. હવે તેમના સઘળા સંદેહો દૂર થયા અને અજ્ઞાનની નિવૃત્તિ થઈ. વાણી શબ્દરૂપ

હોવાથી તે જ્ઞાનને ઉત્પન્ન કરે છે. તે તાપની નિવૃત્તિ કરતી નથી. એવી શંકા દૂર કરવાને તેમનું દુઃખ પણ નિવૃત્ત થયું, એમ કહ્યું છે. શબ્દથી અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, તેનાથી વિરહરૂપ દુઃખની નિવૃત્તિ બને છે, અને પછીથી તાપ નિવૃત્ત થાય છે. ભગવાન પરોક્ષમાં ભજન કરતા હતા. તે વિષેનું તેમનું અજ્ઞાન દૂર થયું; કારણકે હું તમારું પરોક્ષમાં ભજન કરતો હતો. એવા શબ્દો ઉચ્ચારનાર ભગવાન તેમના આપ્ત હતા એવો તેમને નિશ્ચય થયો હતો. જ્યાં સુધી બોલનાર આપ્ત છે એવો નિશ્ચય ન થાય ત્યાં સુધી તેના વચનોમાં વિશ્વાસ આવતો નથી. તર્કશાસ્ત્રના ગ્રંથોમાં શબ્દ પ્રમાણનું લક્ષણ આપ્ત (પુરૂષ)નું વાક્ય એમ કહ્યું છે.

અહિંયા કોઈને શંકા થાય કે વિરહ શૃંગારરસના દ્વિતિય દલાત્મક છે; અને આથી તે ભગવદ્રુપ છે તો પછી તે કેવી રીતે ભ્રમથી ઉત્પન્ન થયો ગણાય ? (શંકાકારની શંકા આ રીતે મૂકી શકાય.) રસ એ ભગવાનનું સ્વરૂપ છે. પણ સર્વરસોમાં શૃંગારરસ શ્રેષ્ઠ છે, માટે ભગવાન પણ એ રસનું સ્વરૂપ છે. આ શૃંગારરસના સંયોગ અને વિપ્રયોગ એમ બે વિભાગો છે. સંયોગ શૃંગાર તે શૃંગારરસનું પૂર્વદલ છે અને વિપ્રયોગ-વિરહ તે ઉત્તર દલ છે આ બન્ને દલો પણ તે ભગવાનનું રૂપ જ છે. અને તે રીતે અહિંયા વિરહ થયો જે વિરહ ગોપીઓને થયો તે ભગદ્રૂપથીજ થયો ગણાય - ભ્રમથી તે થયો એમ કદી પણ કહી શકાય નહિ આનો ઉત્તર એવો છે કે અહિંયા જે વિરહ ભ્રમથી ઉત્પન્ન થયો એમ કહ્યું છે તે વિરહ જૂદી જાતનો છે, અને જે વિરહ ભગવદ્રૂપ છે તે પણ જૂદો છે. તે વિરહની નિવૃતિ થઈ શકતી નથી. કારણ કે તે રસરૂપજ છે. ભગવાન અમારો ત્યાગ કરીને જતા રહ્યા માટે અમને ભગવાનનો સંબન્ધ હવે થશે નહિ એવી બુદ્ધિ થાય છે ત્યાં આન્તર ભગવાનની સ્ફૂર્તિ નથી, તેમ ભગવાનનું રમણ પણ ત્યાં નથી, તથા લીલાનો સંભવ પણ નથી. પણ ઉલટું ભગવાન્ કૃતજ્ઞ છે એવી બુદ્ધિ અહિંયા થાય છે. આવી બુદ્ધિમાં ભગવાનનું પ્રાકટ્ય હોય તો પણ ત્યાં સંપૂર્ણ રીતે સુખનો અનુભવ નથી. આ પ્રકારનો વિરહ તે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો છે, અને તે ભગવાનના વચનોથી નાશ પામે છે. આ ગોપીજનને બે પ્રકારનો વિરહ છે. ભગવદ્રૂપજે વિરહ છે તે તો ભગવાનના આવિર્ભાવ વખતે તિરોભૂત થયો છે.

આ પ્રમાણે દુઃખાભાવ અને સુખના પ્રતિબંધકને વાણીથી નિવારણ કરીને સ્વકર્મનો આરંભ કરે છે.

**मूलम् - तत्रारभ गोविन्दो रासक्रीडामनुव्रतैः ।**
**स्त्रीरत्नैरन्वितः प्रीतैरन्योन्याबद्धबाहुभिः ।। २ ।।**

**અન્વયાર્થ** - પછી પોતાને અનુસરનાર, પ્રસન્ન થયેલા અને એકબીજાના હાથ ઝાલીને ઉભાં રહેલાં સ્ત્રીરત્નોથી વિંટાયેલા ભગવાને રાસક્રીડા શરૂ કરી.

**શ્રીસુબોધિનીજી** - ભગવાનને ગોવિંદ કહ્યા છે. એટલા માટે જ ઈન્દ્ર જન્મ્યા છે આથી આ ભોગ અસાધારણ છે અને તે આવશ્યક છે. પોતાને અનુસરતાં સ્ત્રીરત્નોથી વીંટાયેલા ભગવાને રાસક્રીડા કરી. રાસ એટલે જેમાં બહુ નર્તકીઓ હોય એવું એક પ્રકારનું નૃત્ય. જ્યાં રસની અભિવ્યકિત થાય છે તેનું નામ રાસ કહેવાય છે. નૃત્ય પણ રસના પ્રાદુર્ભાવ માટે જ છે. રાસમાં પ્રભુની જ ક્રીડા-લીલા હોય છે. ક્રીડા દરમ્યાન મનના રસનો ઉદ્‌ગમ થાય છે. નૃત્યમાં દેહનો કામ ભોકતામાં હોવાથી તેનું પ્રાધાન્ય છે. સમાજથી પણ રસોત્પાદન કરાય છે માટે રસ એમ એકવચન કહ્યું છે. ઈક્ષુરસ (શેરડીના રસની) માફક અગર ભકિતરસ માફક કામરસ ઉત્પન્ન થાય છે ગોપિકાઓની રસમાં યોગ્યતા કહે છે. તેઓ પ્રભુને અનુસરતી હતી. જેઓ અનુવ્રત છે તેમને પણ રસોત્પાદન આવશ્યક છે. જેટલો ભગવાનને અભિપ્રેત છે તેટલોજ છે. શંકા-આ રસ અલૌકિક છે, તે લૌકિકોમાં ઉત્પન્ન થતો નથી, માટે આ આરંભ વ્યર્થ છે. રેતીના ઢગલામાંથી તેલ ઉત્પન્ન થતું નથી. ઉત્તર-આ સામાન્ય સ્ત્રીઓ ન હોતી, પણ સ્ત્રીરત્નો હતાં. સ્વભાવથી લોકભેદે કરીને સ્ત્રીઓ ત્રણ પ્રકારની હોય છે તેમાં પણ મનુષ્યોમાં જન્મેલી સ્ત્રીઓના પદ્મિની ઈત્યાદિ ચાર પ્રકાર છે. વાસના ભેદ ચૌદ છે-અશ્વપ્રકૃતિ વગેરે. આ સર્વ રત્ન સમાન હતી. પોતાના અસાધારણ ધર્મોથી રત્નના ધર્મનાં પ્રકાશક હતાં. આથીજ સર્વભાવમાં રસોત્પત્તિની યોગ્યતા કહી છે. તેમનાથી અન્વિત એટલે સ્વયં નાયકમણિ છે. તેને યોગ્યજ આ મણિઓ છે. પ્રભુજ મણિઓને યોગ્ય છે, એકરસત્વને માટે આ મેલન છે. આથી રસપ્રાકટ્ય માટે અણમૂલી દાસીઓ ભગવાનને આપી એ પ્રમાણે જે કહેવામાં આવ્યું હતું, તેનું પણ સમર્થન કર્યું. શંકા-આ તો જીવો છે, અને ભગવાન તો આનંદમય છે, તો બન્નેમાં વિષમતા હોવાથી રસોત્પતિ શી રીતે થાય ? ઉત્તર - તે ગોપીઓ પણ પ્રીત (પ્રેમથી પ્રસન્ન થયેલી) હતી એટલે તે પણ ભગવાનના જેવાં થયાં. સર્વ રીતે પ્રીતિથી પ્રસન્ન થયાં હતાં માટે તેમના અભિનિવેશપ્રકારને કહે છે. તેઓએ એક બીજાના બાહુ ઉપર બાહુ મૂકેલા હતા. ભગવાનની સાથે નહિ પણ તેમની પોતાની સાથે એક બીજાના બાહુમાં પોતાના બાહુ મૂક્યા હતા.

## રાસ એટલે શું ?

**વિવેચન** ગોપીઓની ઉપર અત્યંત પ્રસન્ન થયેલા ભગવાને હવે તેમની સાથે રાસક્રીડાનો આરંભ કર્યો. ભગવાન ગોવિન્દે આ રાસક્રીડા શરૂ કરી. ગોવિન્દ એટલે ઈંદ્રિઓ ઉપર વિજય મેળવનાર - જીતેંદ્રિય ભગવાન્ તેમણે આ રાસક્રીડા શરૂ કરી.

જેમણે લૌકિક વિષયોને જીત્યા છે અને જે પૂર્ણ સંયમી છે એવા ભગવાને ગોપીઓને આનંદનું દાન કરવા રાસક્રીડા કરી. રાસ એટલે જેનાથી રસની અભિવ્યકિત થાય તે. ભગવાનનું સ્વરૂપ રસમય છે અને તે સ્વરૂપ જેનાથી પ્રકટ થાય છે સર્વને હૃદયગોચર બને છે તે રાસ. આ રાસની અંદર પ્રભુએ પોતાની ક્રીડા કરી. રાસમાં મુખ્યત્વે નૃત્ય હોય છે. અને ઘણી નર્તકીઓ હોય છે. ક્રીડામાં મનમાં રસનો ઉદ્‌ગમ થાય છે. નૃત્યથી દેહમાં તેનું સ્ફુરણ બને છે. જેમ ઈક્ષુરસ તેના યોગ્યસાધનો મળી આવતાં ઈક્ષુમાંથી બહાર નીકળે છે, તેજ પ્રમાણે આ કામરસ પણ તેના યોગ્ય આલંબન તથા ઉદ્દીપન વિભાવો મળી આવતાં, અનુભવ આદિથી પ્રકટ થાય છે. પ્રભુ જેવા રસેશની સાથે ગોપિકાઓની આ રાસક્રીડાની યોગ્યતા કહી છે, તે શી રીતે સંભવે એમ કોઈને શંકા થાય તેટલા માટે જ આ શ્લોકમાં કહ્યુ છે કે આ ગોપીઓ સામાન્ય નહોતી પણ સ્ત્રીરત્ન હતાં. માટે જ તેમની રાસક્રીડામાં રસેશ પ્રભુ સાથેની યોગ્યતા છે. અહિંયા ભગવાનને માટે ગોવિંદ શબ્દ યોજયો છે. ગોવિંદનો અર્થ ઈન્દ્રિયોને જીતનાર એવો થાય છે. આ જીતેન્દ્રિય ભગવાનની ક્રીડા હોવાથી તે નિર્દોષ છે.

(સારપ્રદીપ) આ શ્લોકમાં નીચેના મુદ્દાઓ ઉપર ખાસ વિચાર કરવામાં આવ્યો છે.

(૧) ગોપીઓ (ઉત્તમ ભકતો) નો અંગીકાર કરેલો હોવાથી - તેઓ નિર્ગુણ પ્રેમલક્ષણા ભકિતનું સ્વરૂપ હોવાથી તેમના ફલના દાન માટે રાસક્રીડા કરેલી છે.

(૨) રાસના બે લક્ષણો છે. (ક) જેમાં બહુ નૃત્ય કરનારા હોય તે રાસ (ख) અથવા જેમાં રસનો સમૂહ છે તે, પ્રથમ લક્ષણ રૂઢિપ્રયોગથી છે અને બીજું યૌગિકી વ્યુત્પતિ અનુસાર છે.

(૩) રાસલીલાથી ભકતને આનંદની સ્ફૂર્તિ થવી જોઈએ. આનંદની સ્ફૂર્તિ થતાં જીવ પોતે આનંદમય બ્રહ્મના અંશ તરીકે પોતાનું સ્વરૂપ પુનઃ પ્રાપ્ત કરે છે. રાસથી-નૃત્યથી દેહમાં આનંદ પ્રસ્ત્રવે છે અને ક્રીડાથી તેનો પ્રસ્ત્રાવ મનમાં થાય છે.

(૪) રાસક્રીડા કરનાર ભગવાન માટે ગોવિંદ પદનો પ્રયોગ કર્યો છે. ગોવિંદ એ પોતે ઈન્દ્રરૂપ થયા, ઈન્દ્રમાં ઈદ ધાતુ છે અને તેનો અર્થ પરમ ઐશ્વર્ય થાય છે, અર્થાત્ આ રાસક્રીડા કરવામાં - ભકતોને પરમ આનંદ આપવાને પોતે પરમ ઐશ્વર્ય યુકત તે વખતે હતા. અર્થાત્ ઈન્દ્રિયોનું વૈકલ્ય, લૌકિક કામથી થતા વિકારો, જેમ કામીઓની બાબતમાં દૃષ્ટિગોચર થાય છે તેમાંનુ કાંઈપણ અહિંયા નહોતું. ઉલટું પોતે આ ક્રીડામાં અજબ પ્રકારનો સંયમ પોતાના પરમ ઐશ્વર્યથી દર્શાવ્યો હતો.

(૫) આ ક્રીડા કોની સાથે કરી તો શ્રીશુકદેવજી કહે છે કે સ્ત્રીરત્નો સાથે ગોપીજનને સાધારણ સ્ત્રીઓ કહી નથી, પણ સ્ત્રીઓમાં રત્ન એવો શબ્દ શ્રીશુકદેવજીએ વાપર્યો છે, તેમાં પણ વિશાળ અર્થ રહેલો છે. આ શબ્દથી અન્ય સ્ત્રીઓની સમાન આ ગોપીજન ન હતાં પણ તેથી ભિન્ન હતાં. એટલું જ નહિ પણ તેમનાથી શ્રેષ્ઠ હતાં, જેમ કંકણ વગેરેમાં રત્નો હોય અને તે પોતાના ચાકચક્ય વગેરે અસાધારણ ધર્મથી પ્રકાશ આપે છે, તેમ જો કે ગોપીજનના દેહ સ્ત્રીઓના હતા છતાં તેઓ તેમના જ્ઞાન, તથા ભકિતની ઉત્તમતાથી અન્ય સ્ત્રીઓને પ્રકાશથી આંજી દેતા હતા. તેમનું જ્ઞાન ઉત્તમ કોટિનું હતું, પ્રભુ માટેનો તેમનો ભકિતભાવ પણ નિરુપધિ હતો. ઈન્દ્રિયો ઉપરનો તેમનો વિજય સંસાર તરફની તેમની અનાશકિત, પ્રભુને માટે વૈરાગ્ય તથા સંન્યાસ તેમનામાં અજબ રીતે સિદ્ધ થયેલાં હતાં, માટે તેઓ સ્ત્રીરત્નો હતાં. રત્ન શબ્દ સંસ્કૃતમાં નપુકસલિંગ છે, બ્રહ્મ પણ નપુંસકલિંગ છે, સ્ત્રીશબ્દને રત્ન સાથે જોડીને એવું સૂચવ્યું છે કે જો કે તે સ્ત્રીઓ હતાં પણ તેમણે બ્રહ્મમાં તન્મયતાની સ્થિતિ પ્રાપ્ત કરેલી હોવાથી તેઓએ રત્નની માફક તેમના જીવનને વિભૂષિત કર્યુ હતું.

વળી ભગવાન હસ્તમંડલમાંથી જેમ બહિ:સ્થિત સંબંધ મેળવે તેવી રીતેતેના સન્નિવેશનને કહે છે.

**मूलम्** -- रासोत्सवः सम्प्रवृत्तो गोपीमण्डलमण्डितः ।
योगेश्वरेण कृष्णेन तासां मध्ये द्वयोर्द्वयो : ।
प्रविष्टेन गृहीतानां कण्ठे स्वनिकटं स्त्रियः ।। ३ ।।
यं मन्येरन् नमस्तावद्विमानशतसंकुलम् ।
दिवौकसां सदाराणामौत्सुक्यापङ्गतात्मनाम् ।। ४ ।।

**अन्वयार्थ** -- કણ્ઠથી જેને આલિંગન કર્યુ છે એવી ગોપીઓની મધ્યમાં બબ્બેની વચ્ચે જેમણે પ્રવેશ કર્યો છે એવા યોગેશ્વર કૃષ્ણે ગોપીમણ્ડલથી સુશોભિત એવો રાસોત્સવ શરૂ કર્યો. અને સર્વ ગોપીઓ પ્રભુને નિકટ માનવા લાગી. તે સમયે સ્ત્રીઓ સહિત ઉત્સાહથી જેમના આત્માનું હરણ થયું છે એવો દેવોએ આકાશને પણ સેંકડો વિમાનોથી ભરી દીધું.

**श्रीसुबोधिनीजी** +- સર્વના ગુણભાવથી રસપ્રાધાન્યને લીધે સંપૂર્ણ રાસોત્સવ જ શરૂ થયો. ઉત્સવ એટલે મનનો સર્વવિસ્મારક આહ્લાદ. ઉત્સવત્વ સંપાદન કરવાને માટે સજાતીય અને રસોત્પાદન માટે વિશેષ કહે છે. તે રાસોત્સવ

ગોપીઓનાં મણ્ડલથી ભૂષિત હતો. ગોપીઓનાં અનેકવિધ મણ્ડલોથી તે સુશોભિત હતો. જેમ ઉત્સવ પણ અનેકવિધ બ્રાહ્મણાદિના મણ્ડલથી સુશોભિત થાય છે, તેમ અહિંયા પણ તુલ્યસ્વભાવના રસને માટે જ એકત્ર થયેલા પૃથક્ મણ્ડલમાં સ્થિત તેઓથી આ (રાસોત્સવ) સુશોભિત હતો, અને પોષક રસો તેમાં ઉત્પાદિત થાય છે એટલે ઉત્તરોત્તર મણ્ડલથી પૂર્વ પૂર્વરસને પોષણ મળે છે. તેથી આ રસ અન્યત્ર હોવાને યોગ્ય નથી. રાસોત્સવ સંપ્રવૃત્ત થયો. સંપૂર્ણ તેની પ્રવૃતિ થઈ. એટલે નિરંતર તેનો આવિર્ભાવ થયો. શંકા-કાલ, કર્મ અને સ્વભાવ પ્રતિબંધક હોવાથી અનેક સ્થળે ઉત્પન્ન થતો રસ કેવી રીતે આમ એકત્ર થાય છે ? તો તે કહે છે - ભગવાન યોગેશ્વર છે એટલે સર્વ ઉપાયના જાણનારા છે. સર્વ વસ્તુમાં વિદ્યમાન ભગવાનના ઐશ્વર્યાદિકને યોગમાં ખુલ્લાં કરે છે. તેથી સાધનોમાં યોગ પ્રધાન છે. તેમાં ઐશ્વર્યમાં સર્વત્ર મૂલભૂત રસ ઉત્પન્ન કરવાને શક્ય છે એમ સિદ્ધ છે. વળી એ કોણ છે ? પોતે જાતે આનંદ આપનાર છે. ઉદ્‌ગત અગ્નિ સર્વત્ર લીન અગ્નિને ઉત્પન્ન કરવાને સમર્થ હોય છે. ભગવાનના, ગોપીમધ્યમાં પ્રવેશના પ્રકારને કહે છે. તેઓની મધ્યમાં બંને બંને વચ્ચે તે સ્થિત થયા. જેટલી ગોપીઓ મણ્ડલમાં ગોઠવાયેલી હતી. તેમના બબ્બેના યૂથ ભિન્ન રીતે વિચારવા. આથી મણ્ડલની મધ્યમાં, જ્યાં બે હાથની ગ્રાંથ હોય છે ત્યાં ભગવાનનું ઉદર આવે તે પ્રમાણે ભગવાન ઉભા. તે પ્રમાણે ઉભા થયેલા ભગવાનનો ઉભયત્ર સંબંધ કહે છે. બબ્બેની વચમાં, પ્રવેશ પામેલા ભગવાને તેમનું કંઠમાં ગ્રહણ કર્યું. બે હાથથી પાસે ઉભા રહેલા ભગવાનનો ઉભયત્ર સંબંધ કહે છે. આ પ્રમાણે સોળ ગોપીઓમાં આઠ કૃષ્ણ થાય છે. નહિ તો રસાભાસ બને. કૃષ્ણમાં દ્વૈવિધ્યની પ્રતીતિ થાય. આ અર્થને કહે છે. સ્ત્રીઓથી તેમને નિકટ સ્થિત માનો. પોતાની જ નિકટ, ગોપીઓની નહિ. પોતાની સન્મુખ સ્થિત ગોપિકાના કણ્ઠથી આલિંગિત ભગવાનનું દર્શન પણ ભગવાનની ઇચ્છાથી તેમને થતું નથી. એવા પ્રયોજન માટે રૂપ કારણ છે. તે અર્ધ સંખ્યાથી કામ સરે છે, સમ સંખ્યાથી નહિ. 'જેટલી ગોપપત્નીઓ' એમ આગળ સમસંખ્યા કહેશે. 'સ્ત્રી સ્ત્રીની વચ્ચે માધવ' એ પ્રમાણે જે કહ્યું છે ત્યાં પણ પાઠ વિસર્ગ સહિત છે એમ જાણવું. અથવા તો એ અન્ય મણ્ડલ હશે જે ભાગવત પ્રમાણે નથી. મધ્યમાં વેણુનાદ કહ્યો છે. અહિંઆં રસને માટે નૃત્ય છે. ગાનને માટે અપેક્ષા હોય તો પણ દેવોથી જ તેની સિદ્ધિ છે. 'સુવર્ણના મણિઓની મધ્યમાં' એ જ કથન પ્રમાણે દર્શનને માટે અહિંઆં કહ્યું છે. ગોપીઓનાં અને દેવનાં દર્શન તે પ્રમાણે હોય છે, તેથી કંઇ અયોગ્ય થતું નથી.

આ પ્રમાણે રસને માટે સર્વ સામગ્રી કહી અને તેમાં તે રસનો સર્વને પ્રાદુર્ભાવ થયો, એટલે દેવ વગેરે સર્વ અલૌકિક જ્ઞાનયુકતી દર્શન માટે આવ્યા.

આકાશ પણ સેંકડો વિમાનોથી ભરાઇ ગયું હતું. મણ્ડળમાં પણ નૃત્ય રસજનક હોય છે. નહિ તો ઉપર વિચિત્રતા ન બને, તેટલા માટે સેંકડો વિમાનોથી ભરાઇ ગયું એમ કહ્યું છે, જેમ રસોત્પાદાન માટે સ્ત્રીઓ અને પુરુષો સંબદ્ધ થઇને નાનાબન્ધથી યુકત ચિત્રમાં સ્થાપિત કરવામાં આવે છે તે પ્રમાણે. તેટલા માટે ભગવાને તેમનું ચિત્રતુલ્ય સ્થાપન કર્યું. માટે જ આગળ 'ઔત્સુકયને લીધે જેમના આત્માનું હરણ થયું છે' એમ કહ્યું છે. પોતાની લીલાને માટે સર્વને તે પ્રમાણે પ્રેરે છે તેથી ઔત્સુકયથી અન્યથા સિદ્ધિ નથી. તેમનું રસગ્રહણ માટે આગમન છે, ભગવદિચ્છા તો ચિત્રને (આશ્ચર્ય) માટે છે. વિમાનમાં સ્થિત તેમના સંબંધીઓને વર્ણવે છે. તેમનું સ્થાન સ્વર્ગ છે. સ્વર્ગ સ્થિત રસાભિજ્ઞ તથા રસયોગ્ય બને છે, શંકા-ઈશ્વરલીલા કદી જોવી જોઇએ નહિ. તો શા માટે તેના દર્શન માટે તેમની પ્રવૃત્તિ થઇ ?તો કહે છે. તેમના આત્મા ઔત્સુકયથી અપહૃત થયા હતા. વિચારસહિત લીલાથી તેમનાં મન આક્ષિપ્ત થયાં હતા. આત્મા એટલે સ્વરૂપ અગર બુદ્ધિ. માટે સ્વધર્મથી જ પ્રવૃત્ત થયા, તેથી ભગવદ્ધર્મનો (ભગવાનના ધર્મનો) વિચાર ન કર્યો.

## રાસારંભ

**વિવેચન-** કણ્ઠથી આલિંગન કરેલી તે ગોપીઓની મધ્યમાં બબ્બે વચ્ચે એક એમ યોગેશ્વર કૃષ્ણે પ્રવેશ કર્યો, અને ગોપીઓના મણ્ડળથી વિભૂષિત તે રાસનો ઉત્સવ શરૂ થયો. ઉત્સવ મનને બીજી સર્વ બાબતનું વિસ્મરણ કરાવે છે અને આનંદ આપે છે. લોકમાં થતા ઉત્સવોમાં અનેક બ્રાહ્મણાદિનાં મણ્ડળો હોય છે, અને અનેક પ્રકારની આનંદજનક સામગ્રી તેમાં હોય છે. અહિંઆં ગોપીઓનો રાસોત્સવ એ અલૌકિક ઉત્સવ હતો. આ ઉત્સવનો હેતુ લૌકિક અલ્પકાળ સ્થાયિઆનંદ આપવાનો ન હતો, પણ રસેશ્વર આનંદઘન તેમનો પ્રત્યક્ષ અનુભવ કરાવવાનો હતો, એટલે આ રાસોત્સવ પણ અલૌકિક સામગ્રીથી યુકત હતો. ઉત્સવ એ મનન બીજી તમામ વસ્તુઓ ભૂલાવી દઇને ફકત પરમ આહલાદમાં લીન કરનારો હોય છે. લૌકિક ઉત્સવો પણ જયારે મનને અન્ય સર્વ ભૂલાવી દે છે તો પછી આ તો અલૌકિક ઉત્સવ છે, તે લૌકિકને ભૂલાવી હૃદયને શુદ્ધ આનંદથી પ્લાવિત કરે એમાં શું આશ્ચર્ય છે ? આમાં ગોપીઓનાં મણ્ડલો શોભી રહ્યાં હતાં. તે ગોપીઓ બબ્બેના જુથમાં વહેંચાઇ ગઇ, અને દરેક જુથમાં એક

એક કૃષ્ણ એ પ્રમાણે ભગવાને પોતાનું સ્થાન લીધું, કૃષ્ણ પોતે આનંદ સ્વરૂપ છે, એટલે આ અલૌકિક રાસોત્સવમાં તેમના સિવાય પરમાનંદનો અનુભવ ગોપીઓને થઇ શકે નહિ, માટે કૃષ્ણજ અહિંઆં સ્થિત રહ્યા. વળી કૃષ્ણને કહે છે યોગેશ્વર, જે યોગના પણ ઇશ્વર છે. પોતે યોગેશ્વર હોવાથી પોતાને કોઇ પણ ઇચ્છાઓ પૂર્ણ કરવાની હોતી નથી. એમને તો અષ્ટસિદ્ધિઓની આકાંક્ષા નથી, કારણ કે તે તો યોગેશ્વરની દાસીરૂપ છે. પોતે જીતેન્દ્રિય છે. આમ યોગેશ્વર છતાં પણ પરમાનંદસ્વરૂપ ભગવાન ગોપીઓને તે આનંદનો અનુભવ કરાવવા પ્રત્યક્ષ આ રાસોત્સવમાં ક્રીડા કરે છે અને પોતાની લીલા દાખવે છે. જે બાહર્મુખ લોકો ભગવાનની રાસક્રીડાનું રહસ્ય યથાર્થ સમજતા નથી, તેઓ ભગવાનને પણ વિષયી કહે છે અને ન છાજતા આક્ષેપો કરે છે. પણ જો તેઓ વ્યાસની ભાષાને બરાબર સમજે તો તેમને તે સંબંધી બિલ્કુલ સંભ્રમ થવાનો સંભવ નથી.

ભગવાન પ્રાકૃત જીવોના જેવા નથી. તે તો વિરુદ્ધધર્માશ્રયી છે. અહિંઆં પણ કહ્યું છે કે તે 'જીતેન્દ્રિય' અગર યોગેશ્વર ભગવાને રાસક્રીડા શરૂ કરી. ભગવાનને યોગેશ્વર શા માટે કહ્યા છે એ જ જો બરાબર સમજાય તો પછી જે લોકો ભગવાનની આ નિર્દોષ ક્રીડા ઉપર આક્ષેપો કરે છે તે કદી પણ ન કરે. એ યોગેશ્વર સર્વ ઉપાય જાણે છે. યોગેશ્વર અસાધારણ સામર્થ્ય ધરાવે છે; અને તેથી રસને ઉત્પાદન કરવાને માટે પણ તે જ સમર્થ છે એમ સૂચવ્યું છે. સર્વ ગોપીઓને ભિન્ન ભિન્ન સ્વરૂપથી રસદાન કરવાને ભગવાને પોતાનાં આઠ સ્વરૂપ પ્રકટ કર્યાં. બબ્બે ગોપીઓનાં જે જુથ હતાં, તે દરેકમાં એક એક કૃષ્ણ એ પ્રમાણે ભગવાન પ્રકટ થયા. કેટલાક કહે છે કે સોળ ગોપીઓ અને સોળ કૃષ્ણ એમ સમ સંખ્યા દરેક રાસમણ્ડળમાં હતી. આ પ્રમાણે બિલ્વમંગલને દર્શન થયાં હતાં. આ પ્રમાણે જે સમસંખ્યા કહી છે, તેમાં પાઠની ભૂલને લીધે સમજવામાં ગેરસમજૂતિ થઇ છે, અથવા તો તે મણ્ડળ ભાગવતમાં કહ્યું છે તે નહિ પણ અન્ય હોવું જોઇએ. કારણ કે ત્યાં મધ્યમાં વેણુનાદનો ઉલ્લેખ કર્યો છે પણ અહિંઆં તો વેણુનાદ નથી પણ રસને માટે નૃત્ય છે. જો ગાનને માટે ભગવાને વેણુનાદ કર્યો હોય એમ સંભવિત છે તો પછી વેણુનાદના ઉલ્લેખથી ત્યાં સોળ કૃષ્ણવાળું મણ્ડળ નહિ હોય એમ શી રીતે કહેવાય ? વાત ખરી છે કે રાસમાં ગાનની પણ જરૂર છે, અને તેટલા માટે ભગવાન્ વેણુનાદ કરે, પણ જો ગાનની અપેક્ષા હોય તો તે દેવોએ કર્યું છે, એમ આગળ કહે છે. તો પછી તેટલા માટેભગવાનને વેણુનાદ કરવાની જરૂર નથી. આ મણ્ડળ તે, સોળ કૃષ્ણનું નહિ. તેમ તે ચાર કૃષ્ણનું પણ નથી. કારણ કે એમ હોય તો શ્લોકમાં જે એમ કહ્યું છે કે 'ગોપીઓએ ભગવાનને પોતાની નિકટ સ્થિત રહેલા માન્યા' તે પ્રમાણે કહેત નહિ. માટે સોળ ગોપીઓ અને આઠ કૃષ્ણ હતા એમ માનવું

જોઇએ. જ્યારે રાસોત્સવ શરૂ થયો, ત્યારે તેનાં દર્શન કરવાને દેવો પણ ત્યાં વિમાનમાં બેસીને સેંકડોની સંખ્યામાં આવીને આકાશમાં ઉભા રહ્યા. તેઓ એકલા નહોતા. પણ તેમની પત્નીઓને લઇને આવ્યા હતા. તેઓ સમજયા કે અહો આ ગોપીઓ કેવી ભાગ્યશાળી છે કે રસેશ ભગવાન્ સ્વયં તેમની સાથે ક્રીડા કરે છે ? તેઓ ગૃહસ્થાશ્રમી હતાં છતાં પણ પ્રભુની તરફ તેમના અગાધ પ્રેમને લીધે આ પ્રમાણેનું સુખ તે પ્રાપ્ત કરી શકયાં. ધન્ય છે એમને ! જો આ રાસક્રીડામાં કંઇ પણ અનુચિતપણું હોય અગર જેમ બહિર્મુખો કહે છે તેમ અનીતિમય હોય તો શા માટે દેવો પણ તેમની પત્નીઓને લઇને તેનું નિરીક્ષણ કરવાને આવે ? આ ઉપરથી સિદ્ધ થાય છે કે અત્યંત પવિત્ર અને નિર્દોષ ક્રીડા છે. વળી દેવોના નિરીક્ષણમાં એક બીજી વાત સૂચવાય છે કે આ ક્રીડા સંસારી મનુષ્યો સમજી શકે તેમ નથી. દેવલોકોને પણ જોવાનો અધિકાર નથી તો મનુષ્ય શી રીતે તેનો અધિકારી થાય ? માટે દેવો પણ દુર રહીને એ ક્રીડા ભગવદ્ ઈચ્છાથી જુએ છે. ભગવાનની ઈચ્છાથી જે દેવો એ ક્રીડાનું નિરીક્ષણ કરે છે તેમને તેમની ઉત્તમ સ્થિતિ અને અધિકારનાં ગર્વનું ખણ્ડન થાય છે. દેવોને ભગવાને રાસોત્સવની લીલાનો સ્વયં લાભ આપ્યો નથી, પણ પ્રેમાળ ભોળી વ્રજની ગોપીઓને એ આપ્યો છે. માટે ગોપીઓ દેવો કરતાં ઉત્કૃષ્ટ સ્થાન ભોગવે છે.

પછી નૃત્યના આરંભમાં જે થવું જોઇએ તે થયું એમ કહે છે.

**मूलम्** ततो दुन्दुभयो नेदुर्निपेतुः पुष्पवृष्टयः ।
जगुर्गन्धर्वपतयः सस्त्रीकास्तद्यसोऽ मलम् ।। ५ ।।

**अन्वयार्थ--** પછીથી નગારાં વાગ્યાં. ફુલનો વરસાદ થયો ગન્ધર્વો સ્ત્રીઓસહ તેમના (ભગવાનના) નિર્મળ યશનું ગાન કરવા લાગ્યા.

**श्रीसुबोधिनीजी--** પ્રથમ દુંદુભિવાદન કહે છે. શ્રુતિમાં કહ્યું છે કે દુન્દુભિ (નગારા)માં જે વાણી (નાદ) છે તે ઉત્તમ છે. પછીથી પ્રથમ પુષ્પવૃષ્ટિ થાય છે, તે (આ પ્રસંગની) માંગલિકતા સૂચવે છે. પુષ્પાજંલિ પ્રસિદ્ધ છે. આવેલો રસ તથા તેના અધિષ્ઠાતા પૂજાય છે. જુદા જુદા પ્રકારનાં પુષ્પોની જુદી વૃષ્ટિ થઇ તેથી **पुष्पवृष्टयः** એમ બહુવચન પ્રયોગ કર્યો છે, પછીથી સાધારણ ગાન થયું એમ જણાવવાને કહે છે. ગંધર્વોએ ગાન કર્યું. ભગવાન શ્રવણ કરશે એવા હેતુથી ઉત્તમોનું ગાન હોય છે. અહિંઆં ગંધર્વોના પતિ વિશ્વાવસુ વગેરેએ ગાન કર્યું એમ કહ્યું છે, કારણ કે તે જ અધિકારી છે માટે નટોની માફક તેમનું દર્શન (નિરીક્ષણ) દોષયુકત નથી. નહિ તો ભગવાનના હસ્તમાં સ્થિત ઇન્દ્રાદિ પણ સદોષ થાય.

અર્થ અને દ્રવ્યનો વિરોધ હોય તો દ્રવ્ય બળવાન છે એ ન્યાયથી પણ તેમની અન્યથાબુદ્ધિની સંભાવના થાય એટલા માટે 'સ્ત્રીઓસહ' એમ વિશેષણ વાપરે છે. વિષયના દોષની વ્યાવૃત્તિને માટે કહે છે કે તેમણે ભગવાનના નિર્મળ યશનું ગાન કર્યું. એટલે ગંધર્વસ્ત્રીઓને તથા ગંધર્વ પતિઓને તે કાલના ઉપયોગિપદાર્થથી વ્યતિરિકતભાવ ઉત્પન્ન થયો નહોતો.

અન્યથા બુદ્ધિ-મર્યાદા રીતિને અનુસરણની બુદ્ધિ.

## ગંધર્વોએ ભગવાન્‌ના યશનું કરેલું ગાન

**વિવેચન**--જ્યારે રાસોત્સવ શરુ થયો, તે સમયે પ્રથમ દુંદુભિના નાદ શરૂ થયા. શ્રુતિ કહે છે દુંદુભિનો જ નાદ થાય દુંદુભિનો નાદ તે ભગવાનની વિભૂતિ સમાન છે, ત્યાર પછી આ પ્રસંગની માંગલતા સૂચવવાને પુષ્પની વૃષ્ટિઓ થઇ. જુદા જુદા પ્રકારના પુષ્પોની જુદી જુદી વૃષ્ટીઓ થઇ. 'પુષ્પવૃષ્ટિ' શબ્દથી એવું પણ સૂચન થાય છે કે આ રાસોત્સવમાં પુષ્ટિરસની વૃષ્ટિ થઇ રહી હતી. પુષ્કળ પુષ્ટિરસનું વર્ષણ થઇ રહ્યું હતું. પુષ્પના સૌરભમાં સુંદરતા તથા અલૌકિતતા હોય છે, તેમ આ રસમાં પણ સુંદરતા અને અલૌકિકત્વ જણાઇ આવતાં હતાં. તે સમયે ગાન પણ થતું હતું. ગાન કરનારમાં ગંધર્વો ઉત્તમ મનાય છે. તેમાં વળી શ્રેષ્ઠ ગંધર્વો અત્યારે ગાન કરતા હતા. આ પણ રાસોત્સવની ઉત્તમતા સૂચવે છે ગંધર્વલોકો દેવોના ગાયક મનાય છે. અહિંઆં તે ગંધર્વો જ ગાય છે, આથી પણ રાસોત્સવની અલૌકિકતા આપણને જણાય છે. આ રસમાં વિષયની ગંધ સરખી નથી, એમ સૂચવવાને કહે છે કે ગંધર્વપતિઓ એકલા નહોતા આવ્યા, પણ તેમની સાથે તેમની સ્ત્રીઓ પણ આવી હતી. આ ગંધર્વોએ ભગવાનના નિર્મળ યશનું ગાન કર્યું. જો કે ભગવાનની કીર્તિ સર્વદા છે જ કારણ કે યશ એ એમનો એક ધર્મ છે, છતાં પણ આજે ગોપીઓની સાથે તેમણે જે ક્રીડા કરી છે તેથી તેમની કીર્તિ અધિક જણાય છે. એમ ગંધર્વોને પ્રતીતિ થતાં તેમણે ગાન કર્યું. એટલે ભગવાને અનેક લીલાઓ ગોકુળ તથા વ્રજાદિ સ્થળમાં કરી છે; પણ તેમની પરમકીર્તિ તો રાસલીલાથીજ છે એમ આથી વિશેષ રીતે સ્ફુટ થાય છે. વળી યશોગાન કરવાનું બીજુ પણ કારણ છે, અને તે એ છે કે દેવોએ ભગવાનની લીલાનાં દર્શન કર્યાં, તેથી જો કે ભગવાનના પરિકરના વિષયના દોષની ઉત્પત્તિનો અભાવ હતો તો પણ સ્વભોગ્ય સ્ત્રીઓમાં કામનો ઉદ્‌બોધ તેથી થશે. એમ માનનીએ તેની નિવૃત્તિ માટે યશોગાન કર્યું.

રાસોત્સવમાં શ્રીકૃષ્ણને ગોપિકાઓ સહિત નૃત્ય કરતાં જોઇને ગંધર્વોને એમ લાગ્યું કે કદાચ આ નૃત્ય જોઇએ તેમની સ્ત્રીઓમાં કામનો ઉદ્‌બોધ થશે. જેમ ચિત્ર જોવાથી કામનો ઉદ્‌બોધ થાય છે તેમ આનાથી પણ થાય એ સંભવિત છે, માટે તેમણે તેની વ્યાવૃત્તિ કરવાને પ્રભુના યશનું કીર્તન કરવા માંડયું. પ્રભુના કીર્તનનું ગાન કરવાથી હૃદયમાં કોઇપણ અપવિત્ર વિચારો, વાસનાઓ અગર કામ વગેરે ઉદ્‌ભવતાં નથી. અહિંઆં મૂળમાં પોતાની 'સ્ત્રીઓ' સહ આ ગંધર્વોએ ગાન કર્યું એમ કહ્યું છે. તેમાં સ્ત્રીઓને પણ સાથે લાવવાનો હેતુ એ છે કે-જેમ ગંધર્વોએ દર્શન કરીને પોતાની જાતને કૃતાર્થ કરવાને ઇચ્છયું, તેમ તેમની પત્નીઓની પણ કૃતાર્થતા તેનાથી થવી જોઇએ. પ્રભુના માર્ગમાં કેવલ પુરુષનો જ અધિકાર નથી પણ સ્ત્રીઓનો પણ છે. તે માર્ગમાં આગળ વધવાને બને તેટલી રીતે દારા, પુત્ર, વિત્ત, વગેરેનો વિનિયોગ પ્રભુપ્રીત્યર્થ થવોજ જોઇએ. માટે આ ગંધર્વોએ પોતાની પત્નીઓને પણ સાથે આણી હતી, અને તેમને અન્યથા બુદ્ધિથી (મર્યાદામાર્ગીય રીતિ પ્રમાણે ) કામોદ્‌બોધ ન થાય એટલા માટે પ્રભુના વિમલ યશનું ગાન કર્યું.

**मूलम्-** बलयानां नूपुराणां किङ्किणीनां चयोषिताम् ।
सप्रियाप्राणामभुच्छब्दस्तुमुलो रासमण्डले ।। ६ ।।

**अन्वयार्थ--** તે રાસમણ્ડલમાં કૃષ્ણસહ તે સ્ત્રીઓનાં વલય, નૂપુર તથા કિંકિણીનો તુમુલ અવાજ થઇ રહ્યો.

**श्रीसुबोधिनीजी--** ત્રણ સ્થળમાં વાદિત્રની અપેક્ષા રખાય છે. ભૂમિની માફક નીચાં સ્થાનમાં, મધ્યમાં, અને ઉપર. તે જ પ્રમાણે તાલ ભેદ હોય છે. આથી અહિંઆં પણ વલયનો નીચે, ઉપર નૂપુરનો અને મધ્યમાં કિંકિણીનો શબ્દ કહ્યો છે. એક બીજાના હાથમાં બાહુ ગોઠવેલા હોવાથી વચ્ચમાં બે હાથને જોડે ત્યારે વલયનો શબ્દ થાય છે. અથવા આગળ શબ્દના ઉત્પત્તિપ્રકારને ''પાદન્યાસ'' થી કહેશે. પ્રિય સહ એટલે કૃષ્ણ સહ નૃત્ય કર્યું. માટે સર્વ લાસ્યની સંપત્તિ થઇ. ભગવાનના સંબંધને માટે સર્વનો વલયાદિનો શબ્દ કહ્યો. અને 'च' થી બીજા પણ કૂજીત શબ્દો તથા મુખ શબ્દોની ઉકિત કહી છે. સર્વ એકત્ર થઇને તે (અવાજ) તુમુલ થયો. દૂરસ્થને અવાન્તર ગ્રહણ (નાદનું ગ્રહણ ન થાય) ન થાય તે પ્રમાણે તે અવાજ થયો, અને કદાચ એમ થાય તો શું ? તો કહે છે. આ રાસમણ્ડલ હતું. રસોનું સમૂહ-મંડલ હતું. જેવી રીતે શુદ્ર અનધિકારી હોવાથી તે જો વેદનું શ્રવણ કરે તો તેનું અધ્યયન કરાવનારો તથા એ મંત્રની શકિતનો ક્ષય થાય છે, અને શૂદ્રમાં પાપનો સંભવ બને છે, તે જ પ્રમાણે જો ભકતોથી જુદા (અભકતો)

આનું શ્રવણ કરે તો તેના અધિકારના અભાવે અને આ રસ અલૌકિક હોવાથી, મણ્ડળમાં સર્વનો રસ જતો રહે. શ્રવણ થાય તો પછી તેને માટે અન્વેષણ બને, તે તેમને અનિષ્ટ કરનારે છે એટલે તે પાપરૂપ છે. ૨

## શબ્દોત્પત્તિથી જણાવેલ ઉદ્દીપન વિભાગ : પ્રભુભક્તોનોજ રાસોત્સવના શ્રવણનો અધિકાર

**विवेचन--** નૃત્યને ઉપયોગી ત્રણ પ્રકારનાં વાદિત્રો અહિંઆ કહ્યાં છે. વલય, નૂપુર, અને કિંકિણી, આ ત્રણનો અવાજ રાસ દરમ્યાન નિરન્તર ચાલતો હતો. સર્વ ગોપીઓનાં આભૂષણમાંથી અવાજ આવતો હતો, અને તેથી તે ઘણો તુમુલ થયો. વાદિત્રોનો અવાજ પણ સ્થાનમાં થવો જોઇએ. જમીનની ઉપર જાણે હોય તે પ્રમાણે નીચે, મધ્ય ભાગમાં અને ઉપર (આકાશમાં) આમ વાજીંત્રોની સાથે તાલ ભેદ પણ હોવા જોઇએ. વલયનો શબ્દ ઉપરથી સંભળાતો હતો, કારણ કે વલય એ હાથમાં પહેરવામાં આવે છે. પગ ઉપર નૂપુર પહેરેલાં હતાં, અને નૃત્ય વખતે તેનો પણ અવાજ થતો હતો. આ અવાજ નીચેના વાદ્યનો હતો. કટિભાગમાં કંદોરા પહેરેલા હોવાથી તેમની ઘુઘરીઓનો અવાજ પણ નૃત્યકાળે સંભળાતો હતો. આ અવાજ મધ્યભાગમાંથી હતો. વલયનો અવાજ, જ્યારે એકબીજા તરફ હાથ લંબાવતાં હતાં ત્યારે થતો હતો. આ નૃત્ય કરતી વખતે વલય, નૂપુર તથા કિંકિણીના અવાજોથી તુમુલ શબ્દ થયો. ફક્ત વલયાદિનાજ શબ્દ થયા એટલુંજ નહિ પણ કૂજનના તથા મુખોચ્ચારના પણ શબ્દો થયા હતા; તેનું સૂચન કરવાને મુળ શ્લોકમાં ‘અને (च)’ શબ્દ મૂકયો છે. અહિંઆં કોઇને શંકા થાય કે આ રાસમાં કૃષ્ણ અને ગોપિકાઓએ નૃત્ય કર્યું એ તો ઠીક, પણ સુંદર રીતે નૃત્ય કરવાને માટે તેનો અભ્યાસ કરવાની જરૂર છે. આ ગોપિકાઓ કુલાંગનાઓ હોવાથી તેમને નૃત્યલોકનું જ્ઞાન હોય તે અસંભવિત છે આના ઉત્તરમાં મૂળ શ્લોકમાં ‘પ્રિયસહિત’ એવો શબ્દ મૂકયો છે. અર્થાત્ તે ગોપિકાઓ એકલાં નૃત્ય કરતાં હતાં, તેનો અનુભવ આ ગોપિકાઓ કરતાં હતાં અને તે પ્રમાણે તેઓ નૃત્ય કરતાં હતાં. આ રીતે લાસ્યની (નૃત્યની) સર્વ સંપત્તિનો ઉપયોગ તેમણે પ્રભુ સાથેના સંબંધ માટે કર્યો. આ સમયે ઉત્પન્ન થયેલો શબ્દ ઘણોજ તુમુલ હતો તુમુલ કહેવાનો આશય આ પ્રમાણે છે. આપણે જાણીએ છીએ કે અનધિકારી શુદ્રને વેદ શ્રવણની મના કરી છે, છતાં જો કોઇ શ્રવણ કરે તો અધ્યેતાની આગળ વેદના મંત્રની શકિત સંકુચિત થઇ જાય છે, વલી તે શુદ્ર અધિકારી ઉલટો પાપી બને છે. એજ પ્રમાણે આ રાસલીલા એ રસની લીલા છે.

રસસ્વરૂપ પ્રભુની લીલા છે, અને તેથી તે અલૌકિક આમ હોવાથી ફકત પ્રભુના ભકતોજ તે રાસોત્સવસમયે થતા શબ્દો શ્રવણ કરવાને અધિકારી થઇ શકે છે તે સિવાય અન્ય કોઇ જો શ્રવણ કરે તો તેની બાબતમાં એ વિપરીત પરિણામ ઉત્પન્ન કરે છે. આ રીતે પ્રભુભકત સિવાયના અન્યને તે હિતકર નથી, એવું જણાવવાને 'તુમુલ' ભયાનક શબ્દનો પ્રયોગ કર્યો છે, અર્થાત્ એ શબ્દનું શ્રવણ પણ શુદ્ધ હૃદયવાળાજ કરી શકે પ્રભુભકત જ તેનો અધિકારી છે. અન્યથાબુદ્ધિવાળાને તેમાંથી વિપરીતતા જણાય છે.

આ રીતે નૃત્યની મધયમાં પ્રવિષ્ટ થયેલા ભગવાન ગૌણ હોવાથી કદાચ તે એટલા બધા નહિ પ્રકાશે એમ કોઇને શંકા થાય તો કહે છે કે ભગવાનની શોભા તે સમયે સાર્વજનીન (બધા જાણી શકે એવી) થઇ.

**मूलम्- तत्रातिशुशुभे ताभिर्भगवान्देवकीसुतः ।**
**मध्ये मणीनां हैमानां महामरकतो यथा ।। ७ ।।**

**अन्वयार्थ--** આ વખતે જેમ સુવર્ણના મણિઓની વચ્ચે રહેલા મહાનીલ મણિની માફક ભગવાન દેવકીના પુત્ર તેમનાથી (ગોપીઓથી) અતિશય શોભ્યા.

**श्रीसुबोधिनीजी--** સ્વભાવથી પ્રકાશતા હતા છતાં પણ આ સમયે અતિશય ભગવાન શોભ્યા તેથી કહ્યું છે કે શકિતઓ સહ અધિક શોભાને ભગવાન પ્રાપ્ત કરે છે. કદાચિત્ જાતે જ શોભાને પ્રકટ કરશે એવી વ્યાવૃત્તિને માટે કહે છે 'તેમનાથી' શોભ્યા. શંકા-સહજ શોભાથી યુકત ભગવાન્‌ની અતિશોભા શાથી કહી છે ? **ઉત્તર** : કારણ કે તે ભગવાન છે તેથી. તે જેમ ગુણથી શોભે છે, તેમ તેમનાથી-ગોપીઓથી શોભ્યા. શંકા-પણ ગુણો તો સર્વોત્તમ છે, ગોપીઓ તેમ નથી. ઉત્તર-ભગવાન દેવકીના પુત્ર છે, એટલે જેમ ભકિતથી દેવકીના પુત્ર થયા છે, તેમ સ્ત્રીઓનાજ ઉપકારને માટે તેમને પણ પોતાનું સામર્થ્ય આપીને શોભાને પ્રાપ્ત કરી. સહજ કૃતિઓથી શોભા બનતી નથી એવી શંકા કરીને દૃષ્ટાંત કહે છે. ''જેમ સુવર્ણમણિઓની મધ્યમાં મહાનીલમણિ શોભે છે તેમ'' મહાનીલમણિ ગરુડથી પ્રાપ્ત થયો છે, તે સહજ મણિ છે. સોનાના મણિઓ કૃત્રિમ છે. તો પણ તે જો આજુબાજુએ ગોઠવ્યા હોય તો સહજ મણિને પણ શોભાવે છે.

## સ્ત્રીઓના ઉપકાર માટે પ્રભુનું પ્રાકટ્ય

**विवेचन--** નૃત્યસમયે જયારે ભગવાને તે સર્વના મધ્યમાં પ્રવેશ કર્યો ત્યારે તે ગોપી ઓથી અતિશય શોભ્યા. જો કે ભગવાનમાં સ્વયં શોભા છેજ, છતાં પણ

જેમ અમુક સમયે ગુણોથી શોભે છે તેમ અત્યારે ગોપીઓ સહ શોભ્યા. ''ગોપીઓ સહ શોભ્યા'' એટલે ગોપીઓથી-ગોપીઓનીસાથે ક્રીડા કરવાથી તેમને અધિક શોભા પ્રાપ્ત થઇ. રસાત્મક બ્રહ્મ પોતાની શકિતથી જ શોભે છે એવું વચન પણ છે. અહિંઆં ગોપીઓ શકિતઓ છે. ભગવાનને અહિંઆં દેવકીસુત કહ્યા છે, જેમ દેવકીની ભકિતથી તેમના ઉપકારને માટે ભગવાન પ્રકટ થયા તેમ અહિંઆ પણ સ્ત્રીઓના ઉપકારને માટે પોતે પ્રકટ થયા છે, એવો આશય એમાંથી સૂચિત થાય છે. કોઇને શંકા થાય કે ભગવાનમાં સહજ શોભા છે, અને ગોપીઓમાં તે પ્રમાણે નથી તો પછી સહજની કૃત્રિમથી શોભા શી રીતે બને ? તેના પરિહારમાં અહિંઆ દૃષ્ટાંત આપે છે કે જો કે સોનાના મણિઓ કૃત્રિમ છે અને તેની મધ્યમાં મરકત (નીલમણિ) સહજ શોભાયુકત છે, છતાં આજુબાજુના કૃત્રિમ મણિઓ તેની શોભામાં વૃદ્ધિ કરે છે. તેમ અહિંઆં પણ સહજ શોભાયુકત ભગવાનની શોભાને ગોપીઓએ અધિક કરી ભગવાનની શોભા ગોપીઓથી વિશેષ થઇ. પ્રભુ સ્ત્રીઓના ઉપકાર માટે પ્રકટ થયા છે. પોતે પરબ્રહ્મ છતાં ભકિતથી દેવકીના પુત્ર થયા તેજ પ્રમાણે જો કે તે પોતે કોટિચંદ્રના સૌંદર્યને આંજી નાખે તેટલી શોભા ધરાવે છે છતાં ગોપીઓની નિર્ગુણ ભકિતને વશ થઇને તેઓના થકીજ પોતાની શોભા વૃદ્ધિ પામે એમ પોતે વર્ત્યા. માટે શ્લોકમાં ''તેમનાથી'' એવું કહ્યું છે; જો એમ ન હોય તો પુષ્ટિભકિતની પ્રમેયતા બનેજ નહિ તથા પ્રભુનું વિરુદ્ધર્માશ્રયત્વ પણ સમજાય નહિ. આથી પોતે તે અબળાઓમાં જો કે બળ નહોતું છતાં પણ તેનું દાન કર્યુ અને તેમની પાસેથી પોતે શોભા ગ્રહણ કરી.

આ રીતે પૂર્વપીઠિકા કહીને મુખ્ય નૃત્ય કહે છે --

**मूलम्-** पादन्यासैर्भुनविधुतिभिः सस्मितैर्भ्रूविलासैः
भज्यन्मध्यैश्वलकुचपटैः कुण्डलैर्गण्डलोलैः ।
स्विद्यन्मुख्यः कबररशनाग्रन्थयः कृष्णवध्वो।
गायन्त्यस्तं तडित इव मा मेधचक्रे बिरेजुः ।। ८ ।।

**अन्वयार्थ--** પાદન્યાસ, હસ્તવિધૂનન, હાસ્યયુકત ભ્રુકિટના વિલાસો, કેડની વક્રતા, કુચકંપ, તથા ગાલ ઉપર હાલતા કુણ્ડલોથી જેમના મુખ ઉપર પરસેવો વળેલો છે અને માથાના અંબોડાનાં તેમજ કટિમેખલાનાં જેમના બંધનો છુટી ગયા છે એવી તે ગોપીઓ ભગવાનના યશ ગાતાં ગાતાં મેઘચક્રમાં જેમ વિજળી શોભે તેમ શોભવા લાગ્યાં.

**શ્રીસુબોધિનીજી--** પાદન્યાસથી જેમ ફરવું હોય તેમ ફરી શકાય છે. હાથ હલાવીને તમામ હાથના પ્રકારનાં ચલન ભેદો કર્યાં. **'एव'** અવ્યયથી બાકીના અવયવો તે રીતે ચેષ્ટાઓમાં જોડાયા એમ જાણવું. મન્દહાસસહિત સર્વ જ કટાક્ષ કહેલા છે. ભ્રૂના ભેદો પણ છે. તે રસ જો હૃદયમાં આવિષ્ટ બને તો તે પ્રમાણે થશે. મધ્યભાગ ભંગયુકત હતો એટલે ઉપરનો ભાગ પરિવર્તન કરતો હતો. રસાભિનિવષ્ટ સર્વના અવયવોના અતિભ્રમણને લીધે તે રસ એકરૂપ થાય છે, અથવા પરિવર્તનાદિથી થાય છે. ચલિત કુચ ઉપર સર્વ વસ્ત્રો પણ કંપ કરતાં હતા. 'ગાલ ઉપર હાલતા કુણ્ડલથી' શિર ઉપરના સર્વ ભેદોનો (સર્વ ભૂષણોનો) સમાવેશ કરવામાં આવ્યો છે. જે શિરોભેદ કહેવામાં આવે છે. તેમા કુણ્ડલમાં જે ચલન (કંપ) છે તે વિદ્યુતની માફક શોભાને માટે છે. 'ગાલ ઉપર હાલતા' એ શબ્દથી એમ સૂચવ્યું છે કે સર્વ કાન્તિ ત્યાં જ ક્ષીણ થાય છે, એમ જણાવ્યું છે. ગણ્ડમાં કેવલ રસ જ છે. પેયરસ ત્યાંથી જ પીવાય છે. તેથી તેનું વિદ્યોતન ત્યાં તેની અભિવ્યક્તિ માટે છે.તેથી અન્ત:સ્થિત પુષ્ટરસ અભિવ્યકત થયો એમ જણાવવાને કહે છે. 'જેના મુખ ઉપર પરસેવો છે એવાં તે થયાં.' અંબોડો તથા કટિમેખલાની ગ્રન્થિઓ (બંધ) પણ છૂટી ગઇ, સર્વ અવયવમાં સ્થિત અને એકત્ર થયેલા રસનથી દેહ સૂક્ષ્મ થયો આથી કેશપાશમાં તથા રશનામાં ગ્રન્થિ શિથિલ થઇ ગઇ. શંકા- શાથી આ પ્રમાણે શ્રમ થયો ? **ઉત્તર**-તે ગોપીઓ સદાનંદ ફલને ભોગવનારાં છે માટે, છ ક્રિયામાં શ્રમ થાય છે જ. આવી ગોપીઓ પણ અંત:સંતોષથી ગાવા લાગી. આ રીતે કાયાદિ શ્રમથી પણ તેઓ શોભી. અતિશોભાથી યુકત ન થયાં. શંકા-લોકોની દર્શનસાપેક્ષ શોભા હોય છે, તો તે સર્વે જણાઓએ શી રીતે જોઇ ? તો કહે છે 'વિદ્યુતની માફક તે શોભી' તડિત્ બહુ કાલથી દર્શનને યોગ્ય થતી નથી. મેઘચક્રમાં પણ શોભાને સંપાદન કરે છે. તે રીતે કૃષ્ણસમૂહમાં ભગવાને તેમનું આચ્છાદન કર્યું. આજુબાજુએ કદાચિત્ ઉત્પન્ન થયાં. કંઇક અંશથી તે જોવાય છે આથી તેમની શોભા દોષની નિવારક થઇ નહિ પણ વિશિષ્ટ જ થઇ.

## રાસમાં શારીરિક ચેષ્ટા, શૃંગારરસના અનુભાવો.

**વિવેચન--** તે ગોપિકાઓએ કેવી રીતે નૃત્ય કર્યું તેનું વર્ણન અહિંઆં કર્યું છે. પ્રથમ તે કહે છે કે તે વખતે પગલાં ઉપાડતી વખતે તથા મૂકતી વખતે દરેક પ્રકારના ભાવો પ્રકટ કરતાં હતા. હાથ પણ તેઓ નૃત્યમાં હલાવતાં હતાં, અને તે રીતે ચારીકરણરૂપ પાદન્યાસાદિ સમયે સંગીતશાસ્ત્રમાં જણાવેલા પ્રકાર પ્રમાણે ભુજને હલાવવા લાગ્યાં. ભુજકંપન વ્યાપાર સાથે નેત્રવ્યાપારનો સંબંધ હોવાથી

મંદહાસ્યસહિત સર્વ કટાક્ષો દેખાડવા લાગ્યાં, અને નેત્ર વ્યાપાર પણ જુદી જુદી રીતે પ્રકટ કર્યો. આ રીતે એક અવયવની સાથે અન્ય અવયવોનું અપેક્ષિત અનુસંધાન પણ થવા લાગ્યું. તેની સાથે કેડથી નીચે લચીને કટિનો ભંગ પણ દેખાડતાં, તથા કુચપટને કંપાવતાં. આ સમયે વલી ગણ્ડસ્થળ (ગાલ) પાસેના કુંડલો પણ સુંદર રીતે હાલતા હતા. ગંડસ્થળમાં જે રસ છે તે કેવલ રસ છે. કારણકે તે રસ પાનનેજ પાત્ર છે. અધર વગેરેમાં જે રસ છે તે કામાદિ ધર્મથી યુક્ત છે, માટે માતા વગેરેને પણ જ્યારે પોતાના પુત્ર પર વહાલ થાય ત્યારે તે પુત્રના ગાલ ઉપર ચુંબન કરે છે, તેના અધર ઉપર ચુંબન કરતા નથી, માટે અધરમાં જે 'કામ' છે તે ગાલમાં નથી. અધર એ કાલનું વસતિસ્થાન છે, જ્યારે ગણ્ડસ્થળ સ્નેહશુદ્ધ પ્રેમનું સ્થાન છે. ગોપિકાઓના પ્રેમમાં કામ નહોતો. તેમના એ કામ વગરના રસની અભિવ્યક્તિ નૃત્ય કરતી વખતે થતી હતી. તે અભિવ્યક્તિ ગંડસ્થળના ભાગમાં જણાતી હતી. ગંડસ્થળ સર્વથી ભોગ્ય છે. સર્વ સ્નેહવાલીઓથી પણ સાધારણ છે. વળી આ નૃત્યમાં ભ્રમણને લીધે અતિશય પરિશ્રમ થવાથી મુખમાંથી પણ સ્વેદ (પરસેવો) નીકળવા લાગ્યો. અંબોડાની ગાંઠો પણ છૂટી ગઇ. સર્વ અવયવમાં સ્થિત રહેલો રસ તે એકત્ર થવાથી દેહો પણ સૂક્ષ્મ થઇ ગયા.

તેમના દેહ સચ્ચિદાનંદાત્મક હોવાથી અખિલ દેહમાં આનંદ વ્યાપ્યો. આ આનંદ દેહના સર્વ અવયવોમાંથી ફરતો ફરતો એક સ્થાનમા એકઠો થયો. આથી બીજા અવયવોમાંથી તે વહી ગયો. તે કૃશ થઇ ગયાં, આથીજ કેશપાશ તથા રશના-કંદોરામાં બાંધેલી ગ્રન્થિઓ પણ ઢીલી થઇ ગઇ. આ રસનું પાન તેઓ એટલું બધું કરવા લાગ્યાં કે ખરેખર તેમને અતિશય શ્રમ જણાય છે. શ્રમ જણાવાનું કારણ એ હતું કે તો સદાનંદ-કૃષ્ણના રસનાં ઉપભોકતા હતાં. ઉપભોગ કરવો તે પુરુષનો ધર્મ છે. પણ પોતે સ્ત્રીઓ હતાં. તે તેઓ જાણતાં હતાં તો પણ આ ઉત્સવમાં રસનુંપાન તેમને કરવાનું હતું. તેથી પુરુષધર્મ દર્શાવ્યા વગર તે બની શકે નહિ, માટે અધિક ક્રિયા કરી અને તેને પરિણામે તેઓ અતિ શ્રમિત્ત થયાં. પરિશ્રમ પડવા છતાં તેમને જે સ્થલની આકાંક્ષા હતી તે મળવાથી ઘણો સંતોષ થયો, આથી ગાન કરવા લાગ્યાં. આ રીતે અનેક રાસમંડળમાં તે ગોપિકાઓ શ્રીકૃષ્ણચંદ્ર સાથે નૃત્ય કરતાં હતાં-અને તેથી અધિક શોભવા લાગ્યાં. જો કે શોભા એવી વસ્તુ છે કે તેને લોકો જોઇ શકે છે, તો પણ તડિત્-વિજળીની શોભા એવી હોય છે કે તે બહુ કાળ સુધી જોઇ શકાતી નથી; છતાં મેઘચક્રમાં તે પરમ શોભા આપે છે; તેજ પ્રમાણે કૃષ્ણના સમૂહમાં તેમની પરમ શોભા વધારેને વધારે દીપવા લાગી.

ગાઢનૃત્ય વર્ણવીને મધ્યનૃત્ય કહે છે.

**मूलम्-उच्चैर्जगुर्नत्यमाना रक्तकण्ठयो रतिप्रियाः ।**
**कृष्णा मर्शमुदिता यद्गीतेनेदमावृतम् ।। ९ ।।**

**अन्वयार्थ--** નૃત્ય કરતાં કરતાં તે રતિપ્રિય અને રાગથી મધુર કંઠવાળી અને ભગવાનના અંગ સ્પર્શથી આનંદિત તે ગોપીઓ પોતાના ઉંચા સ્વરથી ગાવા લાગી. તેમનાં ગીતથી આખું વિશ્વ ઢંકાઇ ગયું.

**श्रीसुबोधिनीजी--** નાચતાં નાચતાં તેઓ ગાવા લાગ્યાં. અથવા પ્રથમ તાણીને ગાન કર્યું. પછીથી નૃત્ય કરવા લાગ્યાં. બન્ને રીતે હેતુ કહે છે. ''તે રતિપ્રિય અને રાગથી મધુર કંઠવાલા હતાં.'' રતિપ્રિય એટલે રતિ જ જેમને પ્રિય છે એવાં. ગાનથી વ્યામોહન કહ્યું છે, અને નૃત્યથી તો તે પ્રસિદ્ધ છે. શંકા-પહેલી વખતે તેઓને થાક લાગ્યો હતો. તો શાથી આ પ્રમાણે ફરીથી કર્યું ? ઉત્તર-તેમને ભગવાનના અંગસ્પર્શથી આનંદ થયો હતો. અંદરથી પૂર્ણ આનંદથી યુકત હતાં. બીજુ સર્વ ભૂલાવવાને નાદનું આધિકય કહે છે. જેના ગીતથી આ સર્વવ્યાપી છે. અથવા જે માટે આ નૃત્યાદિક છે તે સફલ થયું છે એમ કહે છે. લોકોથી (અનુગ્રહયુકતથી) કરાતા ગીતથી-આના પ્રકાશક રસથી, આ જગત, રસથી વ્યાપ્ત થાય છે એમ અર્થ છે. લોકમાં રસના પ્રાકટય ને માટે જ આ (નૃત્યાદિ) કર્યું છે. અને ઉત્પન્ન થયેલા નાદની અમૃતમયતાને માટે ભગવાને પણ નાદ કર્યો, અને તે મધુર કરવો જોઇએ. તેનાથી જગત્ ભરવું જોઇએ.

## રાગ એટલે શું ? : નાદના પ્રકાર : તેનાં પાંચ સ્થાનો

**विवेचन--** ત્યારપછી આ ગોપિકાઓએ મધુર કણ્ઠથી ગાન કર્યું એમ અહિંઆં કહે છે. નૃત્ય કરતી વખતે તેઓ ઉંચે ગાવા લાગ્યાં અથવા તો પ્રથમ ઉંચેથી ગાન કર્યું., અને ત્યાર પછી નૃત્ય કરવા લાગ્યાં. આ ગાન કરતી વખતે તેમનો કંઠ રકત (રંજક) હતો. સંગીતમાં અવાજ રંજક ન હોય તો તે બીજાને આકર્ષક બનતો નથી. જનનાં ચિત્તને રંજક ધ્વનિજ રાગ કહેવાય છે. આ ગોપિકાઓએ પણ રંજકધ્વનિથી ગાન કર્યું. કારણકે તેમને રતિ પ્રિય હતી તેથી રતિ કરનાર ભગવાનના વ્યામોહન માટે ગીત તથા નૃત્ય તેમણે કર્યાં. તેઓ આ વખતે કૃષ્ણના આનંદમાં મગ્ન બનેલાં હતાં, તેથી અન્ય સર્વનું વિસ્મરણ કરાવવાને માટે ઉચ્ચ અવાજે ગાન કર્યું. દરેક યુગલની નાયિકા ગાન કરવા લાગી. રાસનાં બધાં મંડળો ગોપિકાઓના ગીતથી ગાજી રહ્યાં. દરેક મંડળના જે યુગલો હતાં.

તે દરેકમાંની નાયિકાઓ ગોપિકાઓ નૃત્ય સાથે ગીત ગાવા લાગ્યાં. આ ગીત ગાતી વખતે પ્રત્યેકને એવો ભય થયો કે જો બીજા યુગલની ગોપિકાઓ વધારે ઉચ્ચ અને મધુર સ્વરે ગાશે તો પ્રભુ તેમના તરફ જતા રહેશે, આથી તેમનામાં અંદર અંદર હરિફાઇ થઇ, અને દરેક બીજાના ગીતને પ્રભુ ભૂલી જાય તેવી રીતે ઉચ્ચ સ્વરથી પણ મધુર કંઠથી ગાવા લાગ્યાં-એ ગીતના ધ્વનિઓ આખા જગતમાં પ્રસરી રહ્યા. પ્રભુએ પણ તેમને ગીત ગાતાં સાંભળીને તેમનામાં પોતા માટેનો ભાવ વધારેને વધારે થાય તેટલા માટે પોતે પણ ગીત ગાયું. જગતને તે રસથી ભરી દેવાને ભગવાને પણ ગાન કર્યું. તે ગાન લૌકિક ગાન જેવું નહોતું પણ અમૃતમય હતું. નાદના મુખ્ય બે ભેદો કહ્યા છે. (૧) આહત અને (૨) અનાહત, અનાહત નાદ એ પ્રાણઘોષાત્મક છે, મનને આનંદ આપતો નથી, આહતનાદ રંજક હોય છે, પણ તેની ઉત્પતિ આ પ્રમાણે હોય છે. તેની ઉત્પત્તિ આત્મામાંથી થાય છે, આત્મા તે નાદને બહાર પ્રકટ કરવાને પ્રથમ મનને પ્રેરણા કરે છે. મન ત્યારપછીથી દેહમાં રહેલા વન્હિને પ્રેરિત કરે છે, વન્હિ પવનને અને બ્રહ્મગ્રંથિમાં રહેલો પવન ધીમે ધીમે ઉંચે ચઢે છે અને તે નાભિ, હૃદય, કંઠ મૂર્ધન્ અને આસ્ય (મુખ)માં ધ્વનિને પ્રકટ કરે છે.

આ નાદ પાંચ સ્થાનમાં રહે છે, તેથી તે પાંચ નામોથી ઓળખાય છે, તે પાંચ નામ અતિસૂક્ષ્મ, સૂક્ષ્મ, પુષ્ટ, અપુષ્ટ અને કૃત્રિમ છે, વ્યવહારમાં આના ફકત ત્રણ નામ છે. હૃદયસ્થાનીય નાદ મન્દ્ર હોય છે, કંઠસ્થાનીય મધ્ય છે અને મૂર્ધનમાં તે તાર નામ પામે છે. ઉત્તરોત્તર તે બમણા થાય છે. વળી એના બાવીસ પણ ભેદો પડે છે. એ બધા ભેદો અહિંયા સમાવવાની જરૂર નથી. આ ભેદો જે દેખાડ્યા છે તે આહતનાદના છે. આ નાદ આસન્યાંશમાં હોવાથી અમૃતમય કહી શકાતો નથી. જ્યારે તે આસન્યાત્મા મૂલરૂપ પાપરહિત પૂર્ણ થાય છે ત્યારે તે જ અમૃતમય કહેવાય છે.

પ્રભુએ કરેલું ગીત પાપરહિત અને પૂર્ણ હતું માટે તે અમૃતમય કહેવાયું. આ ગાન સ્વામિનીઓના ઉકતભાવને અનુરૂપ ભગવદ્વિષયક ભાવવિશેષની ઉત્પત્તિમાં રસનો અનુભવ કરાવનાર બને છે. પ્રભુના ગાનથી સ્વામિનીઓના હૃદય માધુર્ય અને રસિકતાથી આર્દ્ર થયા અને ત્યાં ભગવદ્ભાવનું જે બીજ હતું તે એકદમ બહાર ખીલી નીકળ્યું; તે એટલે સુધી વધ્યું કે તેમાંથી રસાનુભવરૂપી ફળનો આસ્વાદ કરવાને તે ભાગ્યશાળી થયાં. આ કારણથી પ્રભુનું આ ગીત અલૌકિક હોવાથી અમૃતમય કહેવાયું. એ ગીતની રસરેલથી આખું જગત ઢંકાઈ

ગયું તો પ્રભુભકતોનું તો કહેવું જ શું ? ગીતની અમૃતમયતાએ તેમને કેવલ મોક્ષ જ આપ્યો એટલું નહિ પણ તેમને અલૌકિક દેહનું સંપાદન કરાવ્યું અને નિર્ગુણ ભકિતનું ફળ તેમણે અનુભવ્યું.

આ અઘટિત છે માટે તેને સારું કહે છે.

**मूलम् - काचित्समं मुकुन्देन स्वरजातीरमिश्रिताः ।**

**उन्निन्ये पूजिता तेन प्रीयता साधु साध्विति ।।**

**तदेव ध्रुवमुन्निन्ये तस्यै मानं च बहुदात् ।। १० ।।**

**अन्वयार्थ --** કોઈ ગોપીના સ્વરોની જાતિ ભગવાનના સ્વરોની સાથે મળી નહિ તેથી તે જ સમયે ધ્રુવ (સ્થાયી સ્વરે) કરીને પોતાના સ્વરને ઉંચા કર્યા. તે ઉપરથી ભગવાને પણ પ્રસન્ન થઈને શાબાશ શાબાશ એમ કહીને તે ગોપીઓનો સત્કાર કર્યો અને તેમને ઘણું માન આપ્યું.

**श्रीसुबोधिनीजी --** મુકુન્દની સાથે અમિશ્રિત સ્વરજાતિને કોઈ એકે ઉંચેથી કર્યો. કોઈએ એટલે જેને સંપૂર્ણ ભગવદ્ભાવ થયો છે તે. ભગવાનના નાદકરણમાં હેતુ શો છે તે કહે છે. મોક્ષદાનને માટે જ ઉપનિષદ્માં પોતાનો નાદ પૂર્યો. ઉભયની એકતા થઈ. નાદમાં તુલ્યતા છે. મોક્ષમાં બે કાર્યો છે. પૂર્વ સંઘાતમાંથી નિવૃત્તિ અને બ્રહ્મપ્રાપ્તિ. તેને માટે અને અન્યના નિવારણ માટે ઉપનિષદોનો ઉપયોગ છે. ૧. સ્વર એટલે ષડ્જ વગેરે; તેમના જાતિભેદો તે સ્વરજાતિ. જેમ મયૂર ષડ્જ બોલે છે, તેમ અન્ય પક્ષિઓ પણ બોલે છે. મનુષ્યો તથા અન્ય જીવો પણ ષડ્જ બોલે છે. તો પણ તેમની અન્ય જાતિ હોય છે. તે જો હોય તો ક્રમ પ્રમાણે જેમ રસની અભિવ્યકિત થાય છે, તેમ જે અભિપ્રાયથી સ્વરો સૃષ્ટિમાં ઉત્પન્ન કર્યો છે તે પ્રમાણે તેમનું આયોજન થયું હોય તો સ્વર જાતિઓ સાથે મળતાં આવતાં નથી. તે ભગવાનથી જ કરી શકાય છે, અન્યથી નહિ. જો તે (ગોપી) સ્વરને ઉંચો કરે તો તે સંતોષયુકત ગણાય માટે કહે છે. ભગવાને તેમને માન આપ્યું. પોતે બ્રહ્મ હોવાથી, પોતાના વિચારને અનુસાર તે ગાન હતું. તેથી તેમાં આશ્ચર્યનું કારણ નથી. અન્ય તો તે સ્વરૂપને જ જાણતા નથી, તો પછી કરે તો શી રીતે જ ? આથી ભગવાનથી તે પૂજીત ગણાયાં. **प्रीयता** એટલે પ્રસન્ન થયેલા ભગવાનથી સ્વરૂપથી અને ફલથી ભગવાન પ્રસન્ન થયા એમ જણાવવાને શાબાશ શાબાશ શાબાશ એમ ત્રણ વખત કહ્યું છે. પ્રીતિ તુલ્ય હોવાથી સર્વથા કાર્યને તે અનુગુણ (અનુકૂળ) છે. બીજી વળી ઉંચા કરેલા નાદને ભગવાન ગ્રહણ

કરે તે પ્રમાણે ઉંચો કરવા લાગી. તેનાદનું ધ્રુવનાદમાં યોજન કર્યું. ધ્રુવનાદ એ કારણનાદ છે. એ સ્થાયી સ્વર છે. જેમાં રાગ ઉપવિષ્ટ થાય છે તે સ્વર સ્થાયી કહેવાય છે. ભગવાને તે પ્રમાણે ગાન કર્યું. કેટલાંક કહે છે. ધ્રુવતાલાદિમાં તેની યોજના કરી તે વિચારવા જોગ નથી. આ પ્રમાણે ધ્રુવયોજનામાં ભગવાને તેને બહુ સન્માન આપ્યું, અને **(च)** થી અભીષ્ટનું પણ દાન કર્યુ એમ સૂચવ્યું છે. તો તેમના અંત:સામર્થ્યની તો વાત જ શી કહેવી એવો ભાવ છે. બહુ એટલે સર્વ ગોપીઓથી અધિક એમ કહ્યું છે. અહિંયા ઐશ્વર્ય અને વીર્યનું નિરૂપણ કર્યું. બીજા ચાર ક્રમ ઉપરથી સમજવા.

## નાદનો હેતુ.

**विवेचन** -- ગોપીજનોએ જે નૃત્ય સમયે ગાન કર્યુ તેના નાદથી અખિલ વિશ્વ વ્યાપ્ત થઈ ગયું. સર્વ વિશ્વ પણ એ નાદના રસમાં તરબોળ થઈ ગયું. આમ કહેવાનું પ્રયોજન એ છે કે જે નાદ ઉત્પન્ન થયો તે અમૃતમય છે; તેથી તે લૌકિક નાદ નહોતો, અગર પૂર્વ સિદ્ધ નહોતો, પણ તે અલૌકિક અને અપૂર્વ હતો. તે નાદનું શ્રવણ ભગવાનથી અન્ય જે ભાવ હોય તેની નિવૃતિ કરાવે છે. અને સ્વમાત્ર વિષયના જ ભાવની ઉત્પત્તિ કરે છે. અહિંયા ખાસ કરીને સ્વામિનીઓને પણ ઉપર કહ્યું તે પ્રમાણે ભાવની અનુરૂપ ભગવદ્વિષય ભાવની ઉત્પત્તિ થાય છે અને તેથી તે નાદ રસાનુભાવક બને છે. તે મૂલ કારણરૂપ હોવાથી સ્વામિનીનું ગાન પણ તેવું છે. આ પ્રમાણે આ નાદ બે કાર્ય ઉત્પન્ન કરે છે. ભગવાનથી અન્ય ભાવની નિવૃત્તિ અને ભગવાનમાં જ વિશેષ ભાવની ઉત્પત્તિ, માટે તે અર્થમાં તેને અમૃતમય કહ્યો છે. અમૃત મૃત્યુ-ભયનું નિવારણ કરે છે અને આત્માને આશ્વાસન આપે છે. તે જ પ્રમાણે આ નાદ બે કાર્ય ઉત્પન્ન કરે છે. સ્વામિનીએ પ્રધાન રીતે સ્વરજાતિનું ઉન્નયન કર્યુ અને ભગવાને ગૌણ રીતે કર્યુ. એમ જે કહ્યું છે તેનો હેતુ એવો છે કે સ્વામિનીઓથી જ આ ગાનનું માધુર્ય છે. નહિ તો ભગવાનનો સ્વર તો ઉચ્ચ છે, અને તેથી સ્વમિનીઓએ આ સ્વર જાતિને ઉન્નત કર્યો. એમ કહીએ તો તેથી રસાભાસ થવાનો સંભવ છે. ભગવાનના નાદ અને સ્વામિનીઓના નાદનું સામ્ય અહિં સૂચવ્યું છે. એમ જો કોઈ કહે તો કહે છે, જો એ પ્રમાણે હોય તો ભગવાન અને સ્વામિની તે પોતાનું ગાન સ્વતંત્ર રીતે કરે અને આથી એકબીજાનો સ્વરમાં મેળ બેસતો આવે નહિ. આથી તે રસમાં અનુપયોગી થઈ પડે. જાતે પણ નાદનું સ્વરૂપ જાણ્યા સિવાય ભગવાનનો નાદ સાંભળીને તે સ્વરૂપયુકત નાદ જો કરે તો તેથી પણ ઉપરનું દૂષણ

(રસાનનુપયોગિત્વ) પ્રાપ્ત થાય છે. માટે જ ભગવદિચ્છાને જાતે જાણીને જ સ્વામિનીએ તે નાદને ઉન્નત કર્યો. એમ સમજવું ભગવાનમાં પણ પૂર્ણ રસનો ઉદય થયો છે એમ જણાવવાને, તેમને આધીન તે છે એમ સૂચવવાને આ કથન કર્યુ છે. નાયિકાના પ્રાધાન્યમાં આ રસના સ્વભાવનું સ્વરૂપ છે. આમ હોય તો ઉચ્ચનાદથી સાધ્ય જગત મધુર નાદથી વ્યાપ્ત બનતું નથી. અન્ય ધર્મની જો નિવૃત્તિ થાય તો જ એનાથી તે વ્યાપ્ત બને. જગત્‌ની વ્યાપ્તિ માટે (જગત્ પૂરણ માટે) આ સ્વરૂપમાં આજ રસાભિજ્ઞ અને નિરૂપિકા હોય છે. જેમ **''तं त्वौपनिषदं पुरुषम्'** એ શ્રુતિમાં જે પ્રમાણે કહ્યું છે તે જ બ્રહ્મસ્વરૂપ હોય છે તે જ પ્રમાણે અહિંયા જે ધર્મયુકત પુરુષોત્તમના સ્વરૂપનું વર્ણન કર્યુ છે તે એ જ છે. આનાથી બીજા ધર્મથી યુકત નહિ. આ રીતે આ ગાનને ઉપનિષદ્‌વાક્યરૂપ માન્યું છે, અને તેના શ્રવણથી ભગવાન પ્રાકૃત ધર્મથી રહિત છે એવું જ્ઞાન થાય છે, અને પોતામાં પણ તેનો સંબંધ હોવાથી અન્ય ધર્મથી રહિત તેનું જ્ઞાન થાય છે. ત્યારપછી ભગવાનના આનંદનો અનુભવ થાય છે. આ પ્રભુના ગાનનું કાર્ય છે. આમ હોવાથી આ ગાનથી (નાદથી જ) જગત્ વ્યાપ્ત થાય છે એમ જે ઉપર કહ્યું છે તે અસત્ય નથી.

## ભગવાને કેવી રીતે નાદ કર્યો.

આ પ્રમાણે ઉપરના શ્લોકમાં સ્વામિનીઓના ગાન સાથે પ્રભુના ગાનની અમરતા કહી. હવે ગાન કેવી રીતે થયું અને તે સમયે પ્રભુએ શું કર્યુ તે જણાવે છે. એક ગોપિકાએ સ્વર જાતિને મિશ્રિત કર્યા વગર નાદ કર્યો. આ ગોપીને ભગવદ્‌ભાવ પ્રાપ્ત થયો હતો. તેથી તે એમ કરી શક્યાં. ભગવદ્‌ભાવ પ્રાપ્ત થયા વગર પ્રભુની તુલ્ય નાદ થઈ શકે નહિ. પ્રભુની સાથે તેમણે પણ હરિફાઈમાં નાદ કર્યો. આ નાદ કરતી વખતે જુદા જુદા નાદને મિશ્રિત કર્યા નહિ, પણ પ્રત્યેક નાદ શુદ્ધ રીતે બીજામાં મિશ્રિત કર્યા વગર ગાન કર્યુ. આથી તે ગાનમાં મધુરતા એટલી બધી વ્યાપી કે તેથી પ્રભુ પણ પ્રસન્ન થયા અને તે ગોપીની પોતે પ્રશંસા કરી, અને કહ્યું અરે ગોપી ! તમને પણ ધન્ય છે. તમે તો ખરેખર હદ કરી નાંખી. તમારા જેવાં સંગીતકળાનાં ઉસ્તાદ મેં કોઈને પણ નથી જોયા. તમે આ સર્વ ક્યાંથી શીખી લાવ્યાં ? તમે જે ગાન કર્યુ તેમાં દરેક સ્વરનો ઉચ્ચાર એવી રીતે કર્યો છે કે તે સ્પષ્ટ રીતે ઓળખી શકાય એમ છે. તેને બીજા સાથે ભેગો કર્યો નથી. આ તમારી અદ્‌ભૂત કળાથી હું પ્રસન્ન થયો છું; અને આને માટે હું તમારી જેટલી પ્રશંસા કરું તેટલી થોડી છે.

## સાત જાતનો સ્વર

સંગીતશાસ્ત્ર પ્રમાણે મુખ્ય સાત જાતના સ્વર છે. ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ. આ સાત સ્વરોને આપણે સા, રી, ગ, મ, પ, ધ, નિ થી ઓળખીએ છીએ. સંગીતકળાની ચાવી આ સારીગમ ઉપર ાયેલી છે. જેટલા પ્રમાણમાં આમાં પ્રવિણતા મળે તેટલા પ્રમાણમાં ઉચ્ચ સંગીતનું પ્રાવિણ્ય દાખવી શકાય. આ દરેક નાદનો કોણ સારો ધ્વનિ કરે છે તે માટેના દૃષ્ટાંતો સંગીતશાસ્ત્રમાં આપ્યાં છે. કોકિલ, ક્રૌંચ, ચાતક, દર્દુર, ગજ, બકરો, મયૂર વગેરે ઉપર જણાવેલા નાદ બરાબર નિયમસર કરી શકે છે.

## ભગવાને શાથી નાદ કર્યો ?

ભગવાને શા માટે ગાન કર્યુ તેનો ખાસ હેતુ અહિંયા જણાવ્યો છે. મોક્ષ માટે બ્રહ્મમાત્રની જ સ્ફૂર્તિ થવી જોઈએ. આ સ્ફૂર્તિ ફકત પ્રભુ માટેની આસકિત સંપાદન કરાવીને થઈ શકે, આ સ્ફૂર્તિ માટેનો પ્રભુ ઉપાય શોધતા હતા. ઉપાય શોધતાં ઉપર જણાવેલો નાદ એ જ ખરો ઉપાય છે એમ તેમને જણાયું, કારણકે નાદ પરમ આહલાદને ઉત્પન્ન કરે છે અને તેનાથી ભિન્ન સર્વનું વિસ્મરણ કરાવે છે. સંગીતનો રસ જ એવો છે કે સર્વ ભાન ભૂલાવી દે છે. સંગીતના શોખીનને દુનિયાની અન્ય વસ્તુઓનું ભાન રહેતું નથી. આ રીતે જો સંસારની વિસ્મૃતિ ગોપીજનને થાય તો તે શૃંગારરસાત્મક કૃષ્ણની સાથે અદ્વૈતથી સ્ફૂર્તિ કરી શકે. આનું નામ જ મોક્ષ છેઃ માટે એ ગોપીજનને મોક્ષદાન માટે પ્રભુએ ગાન કર્યુ. મુકુન્દનો અર્થ મોક્ષ આપવામાં સમર્થ એમ થાય છે. શ્રુતિમાં પણ કહ્યું છે કે ઉપનિષદ્‌માં પોતે નાદ પૂર્યો. અહિંયા વ્રજસિમંતિનીનો નાદ એ ઉપનિષદ્‌રૂપ છે. ઉપનિષદ્ એ ભગવાનના સ્વરૂપનો પ્રકાશ કરે છે. સ્વામિનીનો નાદ પણ તે સ્વરૂપનો પ્રકાશ છે. કારણકે તે નાદથી રસાત્મક પ્રભુના સ્વરૂપનું જ ગાન કરાય છે. જેટલું પ્રભુના સ્વરૂપને તે ગાય છે તેટલું જ તે સ્વરૂપ છે. આ નાદથી જ તે સ્વરૂપ પ્રકટ થઈ શકે છે. તેથી સ્વામિનીનાદરૂપ ઉપનિષદ્‌માં સ્વરને પ્રભુએ પૂર્યો એમ જણાવ્યું છે. આમ વ્રજસુંદરીએ કરેલા ભગવદ્‌ગુણગાનથી તે ગાનના શ્રોતાઓના પૂર્વ સંઘાતો (અધ્યાસો) દૂર થાય છે અને બ્રહ્મપ્રાપ્તિ બને છે. ઉપનિષદોનો પણ ઉપયોગ આ બે કાર્ય માટે જ છે, આ રીતે ઉપનિષદ અને સ્વામિનીનાદની એકતા તથા તુલ્યતા દર્શાવીને તે નાદની ઉપયોગિતા અહિંઆ જણાવી. જો કે જે પ્રમાણે મયૂરરવ ષડજનો નાદ કરે છે તે પ્રમાણે અન્ય પક્ષીઓ તથા મનુષ્યો વગેરે નાદ તો કરે છે તો પણ જેવો મયૂરનો નાદ છે તેવો તે નથી,

કારણ કે તેમા અન્ય ભેદો પણ આવી જાય છે. અર્થાત્ તે મિશ્રિત હોય છે. આવી રીતે અમિશ્રિત નાદ ભગવાન સિવાય બીજો કોઇ પણ કરી શકે એમ નથી, પણ આ ગોપીએ જ્યારે અમિશ્રિત સ્વરો સહિત ગાન કર્યું ત્યારે પ્રભુ તેના ઉપર પ્રસન્ન થયા, અને તેને ધન્યવાદ આપ્યા. પોતે જે પ્રમાણે ગાન કર્યું તેજ પ્રમાણે તે ગોપીએ કર્યું, આથી પ્રભુની તેને માટે પ્રીતિ થઇ. પ્રીતિનો સ્વભાવ તુલ્ય ગુણવાળો હોય છે. પ્રભુના કાર્ય જેવું તેમનું કાર્ય જોયું એટલે પ્રીતિનો વિષય બન્યો. આથી પોતે પ્રશંસા કરી.

બીજી ગોપીએ વળી ઉંચો સ્વર કર્યો. ધ્રુવનાદનું બીજું નામ સ્થાયી સ્વર છે. સંગીતશાસ્ત્રમાં ગાનક્રિયાને વર્ણ સંજ્ઞા કહે છે. તે વર્ણ ચાર જાતના છે. ''સ્થાયી, આરોહી, અવરોહી અને સંચારી, સ્થાયી વર્ણનું લક્ષણ એવું છે કે એક એક સ્વરનો પ્રયોગ સ્થિત થઇને થાય તો સ્થાયી વર્ણ કહે છે. સ્થાયી એટલે સ્થિતિવાળો. સ્વરન પણ વાદી, સંવાદી, વિવાદી અને અનુવાદી એવા ચાર પ્રકાર કહ્યા છે અને તે પ્રમાણે ભગવાનનો નાદ વાદી કહેવાય છે, અને આને ધ્રુવ કહેવાય છે. (પ્રકાશ)'' આ પ્રકારે પ્રભુને પ્રિય ધ્રુવનાદનું ગાન જ્યારે આ ગોપીએ કર્યું ત્યારે પણ પ્રભુ પ્રસન્ન થયા. અર્થાત્ સ્થાયી સ્વરયુકત ધ્રુવ રાગમાં તેણે ગાન કર્યું. કેટલાકો એવો અર્થ કરે છે કે તે નાદને ધ્રુવતાલ વગેરેમાં યોજ્યો, પણ વિચાર કરતાં આ અર્થ બંધ બેસતો નથી.

## નાદથી પ્રકટેલું અંતઃસામર્થ્ય

પ્રભુએ જ્યારે તેમની પ્રશંસા કરી તથા માન આપ્યું ત્યારે તેમનાં અંતઃકરણમાં ઘણુંજ સામર્થ્ય થતું. જો અંતઃસામર્થ્ય આટલું બધું થયું તો બહિઃ સામર્થ્યની તો વાત શું કરવી ? આ બન્ને ગોપીઓ જેમને પ્રભુએ માન આપ્યું તે ઐશ્વર્ય અને વીર્યરૂપ છે એમ સમજવું. પ્રથમ ગોપીએ ભગવાનથી ઉન્નેય સ્વરજાતિવાળો નાદ કરીને પોતાનું સામર્થ્ય પ્રકટ કર્યું. આથી ત્યાં ઐશ્વર્ય ગુણનું જ્ઞાપન કર્યું; કારણ કે તેમણે ઇશ્વરથી તુલ્ય કાર્ય કરી બતલાવ્યું અન્ય ગોપીએ ધ્રુવનાદ કર્યો. આ કરવામાં પોતાનો વીર્યગુણ જણાવ્યો. ઉન્નતનાદને ભગવાન ગ્રહણ કરે તે પહેલાં તેને ઉન્નત કર્યો. આ વીર્ય સિવાય થઇ શકે નહિ, ભગવાનના ઉન્નયન પહેલાં અન્યથી ઉન્નયન થઇ શકે નહિ, પણ ગોપીઓએ તે પ્રમાણે કર્યું, આથી તેમનામાં તે વખતે વીર્યગુણ હતો તે તેમણે જણાવ્યો, અર્થાત્ આ બે ગોપિકાઓએ પોતામાં રહેલા સામર્થ્યને પ્રકટ કરીને સ્વસામર્થ્યના કારણરૂપ ભગવાનના ઐશ્વર્ય તથા વીર્યનું યથાકામ સૂચન કર્યું છે. હવે પછી બાકીના ધર્મોનું નિરૂપણ કરશે.

કીર્તિ ભગવાનનું આલંબન કરે છે. આથી તે બન્નેના કાયિક વ્યાપાર કહે છે.

**मूलम्--** काचिद्रासपरिश्रान्ता पार्श्वस्थस्य गदाभृतः ।
जग्राह बाहुना स्कन्धं श्लथद्वलयमल्लिका ।। ११ ।।

**अन्वयार्थ--** કોઇ એક રાસથી થાકી ગયેલી અને તેથી જેનાં વલયાકાર મલ્લિકાનાં પુષ્પ છૂટાં થઇ ગયાં છે એવી ગોપીએ પાસે ઉભેલા ભગવાનનો સ્કંધ બાહુથી પકડયો.

**श्रीसुबोधिनीजी--** રાસથી પૂરેપૂરી થાકી ગયેલી એકે પોતાની એક બાજુએ ઉભેલા ભગવાનના સ્કંધનો પોતાના બાહુથી પકડયો. ભગવાનને 'ગદાભૃત્' કહ્યા છે. આથી એની સ્થિરતાનું સૂચન કરાય છે. અધિક પ્રયત્નથી અન્યથા જો કંઇ કરવામાં આવે તો રાસમાં ભંગ પડે. પરિશ્રમ રસાધિકયને લીધે છે. નહિ તો રસને માટે પણ પ્રવૃત્તિ ન થાત. મંડળના પરિત્યાગમાં મંડળની સિદ્ધિએ માટે ભગવાનનું પણ હસ્તગ્રહણ સંભવિત છે. આથી એક બાજુએ ભગવાન છે. બાજુએ સ્થિત ભગવાનનું કણ્ઠગ્રહણ વૃક્ષાધિરૂઢ આલિંગન થાય છે. ભગવાને પ્રથમ તેનું કણ્ઠથી ગ્રહણ કર્યું હતું, તેણે પણ ભગવાનનું ગ્રહણ કર્યું. આ રીતે મિત્રના જેવી સ્થિતિ થાય માટે તેની નિવૃત્તિ માટે કહે છે. ''તેમનાં કંકણાકાર મલ્લિકાના પુષ્પો'' છૂટાં થઇ ગયાં હતાં. કેશપાશમાં વલયાકારની મલ્લિકાની માલા બાંધેલી હતી. તે શિથિલ થઇ ગઇ. એવી રીતે વૈકલ્ય જણાવ્યું અને તેમની આપ્તતા પણ જણાવી.

### ભગવાન્‌ના ખભા ઉપર બાહુ મૂકવાનુ પ્રયોજન

**विवेचन--** હવે બીજી ગોપીએ શું કર્યું તો તે જણાવે છે. રાસથી થાકેલી એક ગોપીએ ભગવાનના સ્કંધપ્રદેશમાં પોતાના બાહુ મૂકયો. અહિંઆં કોઇને શંકા થાય કે જો થાકેલાં હોય તો, નીચે બેશી જવું જોઇએ, પણ તેમના સ્કંધ ઉપર બાહુ શા માટે મૂકે ? તેના નિવારણમાં કહે છે કે પોતાના થાકના નિવારણ માટે જો ગોપી અધિક પ્રયત્ન કરે તો, તેથી રસમાં ભંગાણ પડે, માટેજ ફકત પ્રભુના સ્કંધપ્રદેશ ઉપર પોતાના બાહુને અવલંબ્યો.

રસાધિકયથી પરિશ્રમ થાય છે, નહિ તો રસને માટે પણ કોઇને પ્રવૃત્તિ ન થાત. કારણકે પરિશ્રમ દેહને કલેશ ઉત્પન્ન કરે છે, તો તેથી સ્થિત રહેવાને બદલે તે ઉપવિષ્ટ થાત-સ્કન્ધગ્રહણ પણ કરત નહિ. ગોપી જો પરિશ્રમને લીધે પોતાના હસ્તને પ્રભુના સ્કંધ ઉપર મૂકે તો, તેથી હસ્તનો મણ્ડળમાંથી ત્યાગ થાય, અને તેને લીધે મણ્ડળનો ભંગ થાય અને એ ભંગથી રાસભંગ પણ બને-આવું ન બને એટલા માટે જણાવવામાં આવ્યું છે કે ભગવાને પણ પોતે હસ્તગ્રહણ કર્યું હતું.

રાસરમણના અતિશ્રમથી તે ગોપીએ પ્રભુના સ્કંધ ઉપર બાહુ ટેકવ્યો. પ્રભુને માટે અહિંઆં 'ગદાને ધારણ કરનારા' એમ વિશેષણ વાપર્યું છે. આ વિશેષણ પ્રભુની સ્થિરતા સૂચવે છે. આમતેમ ચરણ ખસી ન જાય તેમ તેમના ગૃહીત કરેલા સ્કંધથી પ્રથમની માફક પ્રભુ નૃત્ય કરાવશે એમ ધારીને તેમના સ્કંધ ઉપર હસ્ત ટેકવ્યો જો તે હસ્તને પ્રભુ સ્કંધનો આશ્રય ન આપે તો પોતે થાકી ગયેલ હોવાથી, મંડળમાં ફરનાર ગોપી એકદમ નીચે બેસી જાય. આ રીતે નીચે બેસતાં મંડળ પણ તૂટી જાય, અને મંડળ તૂટતાં નૃત્યનો ઉચ્છેદ થાય. અર્થાત્ આથી રાસનો આનંદ પણ એકદમ શોષાઇ જાય. માટે પરિશ્રમિત થવા છતાં પણ તેને ચાલુ રાખવાને પ્રભુના સ્કંધના આશ્રયની જરૂર હતી. ભગવાને તે ગોપીના કંઠનું પ્રથમ ગ્રહણ કર્યુ હતું, અને તેણે પણ ભગવાનનું કંઠથી ગ્રહણ-મિત્ર તરીકે કર્યું હતું. એવી રીતે આ પરસ્પર કંઠગ્રહણ, સમજવાનું નથી. આ ગ્રહણ કરતી વખતે માથાના અંબોડા ઉપર કંકણાકારમાં મલ્લિકાની જે માળા બાંધેલી હતી. તે પણ છૂટી થઇ ગઇ. આ ગોપી તે પ્રભુના શ્રીધર્મરૂપ છે. પ્રથમનાં બે ગોપીઓ ઐશ્વર્ય અને વીર્યરૂપ હતાં, આ ગોપી શ્રીરૂપ હતી. શ્રી એટલે કીર્તિ પ્રથમના બે ગોપીઓએ ગાન કર્યું. તેથી ત્યાં તેમનો વાચિક વ્યાપાર વર્ણવ્યો છે.

આ શ્લોકમાં તેમના કાયિક વ્યાપારનું વર્ણન છે.

**मूलम्-** तत्रैकांसगतं बाहुं कृष्णस्योत्पलसौरभम् ।
चन्दनालिप्तमाघ्राय हृष्टरोमा चुचुम्ब ह ।। १२ ।।

**अन्वयार्थ--** કોઇ ગોપી કમળના સરખી સુગંધીવાળા ચંદનથી લીપાયલા અને પોતાના ખભા ઉપર રહેલા શ્રીકૃષ્ણનાહાથને ચુંબીને રોમાંચિત થઇ અને ચુંબન કરવા લાગી.

**श्रीसुबोधिनीजी--** બીજી વળી પોતાના એક ખભા ઉપર આવેલાં કમળ કરતાં પણ અધિક પરિમલથી યુકત, ચંદનના લેપવાળા બાહુને સુંઘીને અત્યન્ત આનંદથી પૂર્ણ હોય તેમ રોમાંચિત થઇને ચુંબન કરવા લાગી. રૂપ અને સ્પર્શ પહેલેથી હતા, હવે ગન્ધ અને રસનો પણ અનુભવ કર્યો. '**तत्र** એટલે તે સમયે અગર તે ભગવાનમાં.' બન્ને બાજુએ ઉભેલી ગોપિકાનો તે પ્રમાણે હોવાથી વિનિયોગ કહ્યો છે. તેણે જ એ પ્રમાણે કર્યું -એમ કેટલાક કહે છે. પોતે સદાનંદસ્વરૂપ હોવાથી સર્વત્ર રસમાં સમાનતા છે. ઉત્પલ રાત્રે વિકાસ પામે છે; તે સ્ત્રીઓને મનોહર હોય છે. તેની સુગંધી લેવામાં ચંદનથી ઉત્પન્ન થતી સૌરભ તે જ હેતુ નથી; પણ તેનાથી જુદું જે સાધારણ જનોથી અવૈદ્ય છે તે છે. તેની

સરખામણીમાં સૌરભથી આ યુકત હોવાથી અતિ અલૌકિક ભાવવાળી તે સ્ત્રીઓથી જ તે વેદ્ય બને છે. સહજ સૌરભ તેમાં છે એવું જણાવવાને આ વિશેષણ છે. ચંદનનો લેપ વિવેક અને ધૈર્યના નાશને માટે છે. 'ધ્રાણથી' આના અંતઃકરણમાં એ પ્રવેશ પામે છે એમ જણાવ્યું છે. આ શ્રીરૂપ છે.

ભગવાનના બાહુને ચંદનનો લેપ કરવામાં આવ્યો હતો તેનું તાત્પર્ય એ છે કે તેનાથી વિવેક અને ધૈર્ય ઉભયનો નાશ થાય છે. અંગરાગ (ચંદનલેપ) તે અનુભાવક ગણાય છે, અને તે વિશેષ પ્રચુરભાવ (ગાઢભાવ) તે ઉત્પન્ન કરે છે. (બહાર જણાવે છે.) આ ભાવથી વિવેક અને ધૈર્યનો ધ્વંસ થાય છે બાહુમાં આવી કૃતિ લોકમાં પ્રસિદ્ધ નથી. (બાહુને ચુંબન કરવાની લોકમાં પ્રથા નથી) તો પછી સખીઓની સમક્ષ શા માટે મારે આ રીતે પ્રભુના બાહુને ચુંબન કરવું જોઇએ ? આ પ્રકારનો જે વિવેક તેનો ચન્દનલેપ ધ્વંસ કરે છે. એટલે એ વિવેકનો ત્યાગ કરીને ચુંબન કરવા પ્રેરાય છે, વળી એકાંત સમયમાં પ્રતિક્ષાની સ્થિતિ તે ધૈર્યનું કાર્ય છે. તેનો પણ અહિંઆં ધ્વંસ થયો છે. ચુંબનાદિ સખીઓની સમક્ષ ન થવું જોઇએ પણ એકાન્ત સમયમાં થવું જોઇએ પણ અહિંઆં તો આવા પ્રકારના ધૈર્યના કાર્યનો પણ ધ્વંસ થયો છે.

**વિવેચન--** અન્ય ગોપિકાએ અત્યન્ત હર્ષમાં આવવાથી રોમાંચિત થઇને ચંદનથી વિભૂષિત અને ઉત્પલના પરિમલયુકત તથા સ્કંધ ઉપર ટેકવેલા ભગવાનના બાહુને ચંબન કર્યું. અહિંઆં રોમાંચ સાત્ત્વિકભાવ છે. આઘ્રાણ તથા ચુંબન એ અનુભાવો છે. ભગવાનના બાહુને ઉત્પલના પરિમલથી યુકત કહ્યો છે. ઉત્પલ એ રાતનું કમળ છે અને તે રાત્રે વિકાસ પામે છે. રાત્રિના સમયે ચન્દ્રના સુધારસથી તે પ્રફુલ્લ થાય છે, એમ સૂચવવાને ઉત્પલની સૌરભથી યુકત બાહુને કહ્યો છે. વળી તે બાહુને ચંદનના લેપવાળો પણ કહ્યો છે, તેનો હેતુ ટિપ્પણીમાં સ્પષ્ટ કર્યો છે-ચન્દનો લેપ વિવેક અને ધૈર્યનો નાશ કરે છે. અન્ય સખી ઓની સમક્ષ ભગવાનના બાહુને ચુંબન ન કરાય તે વિવેક, તથા ચુંબન માટે એકાન્ત સમય જોઇએ માટે ધૈર્ય રાખી હમણાં ન થવું જોઇએ, એવું જે ધૈર્ય તે ઉભયનો ધ્વંસ ભગવાનના બાહુને જોતા થાય છે, વિવેક અને ધૈર્યનો ત્યાગ કરીને બાહુ ચુમ્બન કરે છે. બાહુને ચુંબન કરવાની લોકમાં પ્રથા નથી. અધરની માફક બાહુમાં ચુંબનથી રસ થતો નથી, એમ શંકા સ્વાભાવિક રીતે થાય જ, તેનો ઉત્તર આપવા કહે છે કે ચુંબન પણ ભગવાન કૃષ્ણરૂપ છે. કૃષ્ણ એટલે સદાનંદરૂપ છે. કૃષ ધાતુનો અર્થ સત્તાવાચક છે અને 'ણ' નિવૃત્તિ અગર આનંદવાચક છે, અને તેથી કૃષ્ણ એટલે સદાનંદ આથી ભગવાન અખિલ અંગે આનંદમય છે. ભગવાનના દરેક

અવયવમાં રસ છે. આમ હોવાથી બાહુ ઉપર પણ રસ હોવાથી ચુંબન ત્યાં થઇ શકે એમ છે તેથી ત્યાં ચુંબન કરવામાં રસની ક્ષતિ થતી નથી.

બીજીએ ભગવાને લીધેલા તાંબુલનું જ્ઞાનની માફક ગ્રહણ કર્યું એમ કહે છે.

**मूलम्+ कस्याश्चिन्नाट गविक्षिप्तकुण्डलत्विषण्डितम् ।**

**गण्डं गण्डं संदधत्या अदात्ताम्बूलचर्वितम् ।। १३ ।।**

**अन्वयार्थ--** કોઇ ગોપીનું ગણ્ડસ્થળ નૃત્ય સમયે ચલાયમાન થતાં કુણ્ડળની શોભાથી વિભૂષિત હતું. તેને તે કૃષ્ણના ગણ્ડસ્થળ સાથે લગાડતી હતી, અને ભગવાન તેને ચાવેલું પાન આપતા હતા.

**श्रीसुबोधिनीजी--** કોઇ એકને ચાવેલું પાન ભગવાને આપ્યું. પોતાના ગાલને ભગવાનના ગાલ સાથે જોડતી હતી. આ રીતે તેનુ અપેક્ષાલાધવ સૂચવાયું છે. સંમુખ નહિ છતાં લાધવથી તે આપ્યું. આથી તેને સ્વવિદ્યા આપી એમ જણાવ્યું, તેથી આ ભગવાનની ગેરહાજરીમાં સર્વને ઉપદેશ આપનારી થશે. તેની વિદ્યાની યોગ્યતા કહેવાને લૌકિકક્રિયા અને જ્ઞાનશકિતને જણાવે છે. નૃત્યથી ચલાયમાન થયેલા કુણ્ડળની શોભાથી ગણ્ડ ભૂષિત હતું. નૃત્યમાં ક્રિયાશકિત પ્રતિષ્ઠિત છે. કુણ્ડળમાં જ્ઞાનશકિત હોય છે. ક્રિયાશકિતથી વિક્ષેપ થાય છે એટલે અત્યાભ્યાસ (વારંવાર આવૃત્તિ) હોય છે. તે યોગત્મક હોવાથી અગર સાધન થાય છે. તેની કાન્તિ એટલે અનુભવ અને તેનાથી અલંકૃતા ભકિત છે. ભગવાનના પ્રેમથી જેવી રીતે તે સંબદ્ધ થઇ તે પ્રમાણે ભગવાનમાંતે રત બની. આ પ્રમાણે તેમાં પણ ભગવાન રત થયા. તેમાં પણ આ ગણ્ડ છે, ભકિત સાધ્યરૂપ કહેવાય છે. તે લક્ષ્મી એટલે દરેકના પર્યટન મૂળ તરફ છે. લક્ષ્મીવાળાની તરફ વારંવાર જાય છે માટે જ્ઞાન અને તામ્બૂલની તુલ્યતા છે. ચાવેલુ તાંબૂલ આપ્યું એટલે સાધનપ્રયાસનાં અભાવથી આ દાન સિદ્ધ થયું એમ કહ્યું છે.

**टिप्पण--** આ શ્લોકમાં વપરાયલા શબ્દની ભાષા ઘણી ગૂઢ છે અને તે રૂપાત્મક છે. તે નીચે પ્રમાણે સમજવી.

નાટય=ક્રિયાશક્તિ ૨ કુણ્ડળ=સાંખ્ય અને યોગ, જ્ઞાનશકિત વિક્ષેપ = આવૃત્તિ, અભ્યાસ ત્વિષ્=કાન્તિ=અનુભવ ગણ્ડ=ભકિત તાંબુલ=જ્ઞાન

કુણ્ડળનો અર્થ જો જ્ઞાન લઇએ તો એવો અર્થ કરાય કે જ્ઞાનપૂર્વક ભગવદ્વિચારિત રીત પ્રમાણે કર્મની આવૃત્તિ કરવાથી - વારંવાર કરવાથી યોગ્યતા પ્રાપ્ત થાય છે. જો યોગ અર્થ લઈએ તો યોગ એટલે **कर्मसु कौशलम्** કર્મમાં

કુશલતા તેનું નામ યોગ. કૌશલથી જે શમદામ કરવામાં આવે છે તેનુ નામ વિક્ષેપ છે. આ રીતે યોગપક્ષમાં તેવા સાધનના સમુદાયથી યોગ્યતા આવે છે. એવા પ્રકારનું કર્મ તે જ્ઞાનમાં પર્યવસાન પામે છે અને જ્ઞાન પ્રકાશક છે.આ રીતે યોગ્યતાની પરાકાષ્ઠાનું નિરૂપણ કર્યું. આ પ્રકારની યોગ્યતાથીજ ભગવાનની કૃપા થાય છે. આ પણ ભકિત તે ફલરૂપ નથી, પણ સેવા એટલે ચિત્તનું પરોવાવું, અને તેનું ફળ પણ સેવા છે એમ જે શ્રીમદાચાર્યચરણે કહ્યું છે તે પ્રમાણે આ સેવાજ સાધ્ય અગર ફલરૂપ થઇ શકે. ભગવાનના ગણ્ડ સાથે ગોપીના ગણ્ડ સંબધમાં જ્ઞાનની ક્ષીણતા થાય છે અને સાધ્યરૂપ ભકિત પ્રકટ થાય છે. આ પ્રમાણે રસનુ દાન કરવામાં યોગ્યતા તથા પ્રસાદને સ્ફુટ કર્યા. પછી દેવસ્વરૂપના નિશ્ચયનો પ્રકાર કહ્યો છે. ભગવત્સ્વરૂપનું જ્ઞાન તથા તેનો ઉપદેશ કૂર્મપુરાણમાં લક્ષ્મીને સિદ્ધ છે એમ કહ્યું છે, પણ અહિંઆં તો બ્રહ્માનંદમાં મગ્ન થયેલાં ગોપીઓનો ભગવાને ઉદ્ધાર કર્યો એમ જે વીસમા અધ્યાયની કારિકામાં કહ્યું છે તેથી જણાય છે કે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન આમને થયું છે, તેથી તેઓ લક્ષ્મીરૂપ હતી, તેથી પૂર્વોકત રીતિથી લક્ષ્મીપ્રતિ લક્ષ રાખીને વિદ્યામૂલ ભગવાનના મનની આજુબાજુએ આવૃત્તિ થાય છે.

## ચર્વિત તાંબૂલ આપવાનો ભાવાર્થ

**વિવેચન--** એક ગોપી પોતાના ગણ્ડસ્થળને ભગવાનના ગણ્ડસ્થળ સાથે લગાવતી હતી. ગોપીનો ગણ્ડસ્થળ એટલે સાધનરૂપ ભક્તિ એમ કહ્યું છે. અને ભગવાનના ગણ્ડસ્થલ એટલે સાધ્યભકિત. તે ગણ્ડસ્થળ કેવો હતો, તો તેનું વર્ણન કરતાં કહે છે કે તે નૃત્ય વખતે વિક્ષેપ પામેલા કુણ્ડળની કાન્તિથી શોભિત હતો. નૃત્ય એટલે ક્રિયાશકિત તેના વિક્ષેપ એટલે વારંવાર આવૃત્તિ-ક્રિયાની આવૃત્તિથી જ્ઞાનરૂપ કુણ્ડળની કાન્તિ પ્રકાશે છે-શોભે છે, એવા પ્રકાશથી સુશોભિત બનેલી સાધનરૂપ ભકિતથી સાધ્યભકિતનો (ભગવાનના ગણ્ડસ્થળ સાથેનો) યોગ થાય છે. આ પ્રમાણે સાધન અને સાધ્યભકિતનો યોગ થતા પ્રભુનો પ્રસાદ ભકત ઉપર થાય છે, અને તેથી શ્લોકમાં ભગવાને તે ગોપીને તાંબૂલ આપ્યું એમ કહ્યું છે. ચાવેલું તાંબૂલ આપવાનો આશય એવો છે કે પુષ્ટિમાર્ગમાં ભકતના સાધનથી પ્રભુકૃપા થતી નથી. શ્રુતિમાં પણ કહ્યું છે. આ આત્મા પ્રવચનથી (વેદથી) જ્ઞાનથી, બુદ્ધિથી, તપથી, તથા કશાથી પણ પ્રાપ્ત થતો નથી. તેના ઉપર ભગવાન કૃપા કરવા માટે તે સૂચવવાને કહે છે કે તાંબૂલને ભગવાન પોતે ચાવીને આપે છે. આ શ્લોકમાં દેખીતી રીતે શૃંગારરસની ભાષા છે પણ શ્રીવલ્લભાચાર્યજી સ્પષ્ટ

સમજાવે છે કે જો તે ભાષા બરાબર કાળજીથી સમજવામાં આવે તો તેમાં ભકિતનો અર્થ છે. અહિંઆં ગોપીએ પોતાના ગાલને ભગવાન્‌ના ગાલ સાથે સ્પર્શ કર્યો એમ કહ્યું છે. તેનો અર્થ એટલો જ છે કે ગોપીની સાધનરૂપ ભકિત સાથે ભગવાનની સાધ્ય ભકિતનો સુયોગ થયો. કેવો સુંદર અર્થ ? અહિંઆં વર્ણવેલી ગોપી તે જ્ઞાનરૂપા છે. અર્થાત્ જ્ઞાનથી ભકિતનું સુખ મેળવવાની અભિલાષાવાળા ભકતનો આનંદ વર્ણવ્યો છે.

બીજીએ વળી વૈરાગ્યાત્મક, ક્રિયારૂપ, અછિદ્ર, ભગવાનના હસ્તને જ્ઞાનમાં સહાય માટે સ્વહૃદય ઉપર સ્થાપન કર્યો.

**मूलम्-** नृत्यन्ती गायती काचित्कूजन्नूपुरमेखला ।
पार्श्र्वस्थाच्युतहस्ताब्जं श्रान्ताधात्स्तनयोः शिवम् ।। १४ ।।

**अन्वयार्थ--** એક ગોપી જે નૃત્ય કરતી હતી, ગાતી હતી તથા જેના નૂપુરની મેખલાઓ કૂજન કરતી હતી. તેણે થાકી જવાથી પાસે ઉભેલા ભગવાનના કલ્યાણકારી હસ્તકમળને પોતાના સ્તન ઉપર મૂકયો.

**श्रीसुबोधिनीजी--** તે નૃત્ય અને ગાન કરતી ઉભી રહી. અભિનયમાં જેમ અન્ય હસ્ત અગર સ્વહસ્તનું સ્થાપન કરવામા આવે છે તેમ ભગવાનના હસ્તનું સ્થાપન કર્યું. શબ્દગાન અને શબ્દના અર્થનું જ્ઞાન તેનામાં છે,એવું જણાવવાને નૃત્ય અને ગાનનું કથન કર્યું છે. ઉપર ગાનનું અભિનયન છે. પગમાં નૃત્ય. આથી જ નૂપુર અને મેખલાનો શબ્દ કહ્યો છે. તે ભાવનો ઉદ્દીપક છે. આથી તેની પૂર્વ સ્થિત સર્વ જ ક્રિયાશકિત સફલ થઇ છે એમ સૂચન કર્યું. ભગવાનની એક બાજુએ શ્રાન્ત થયેલી ગોપીએ પોતાના તાપને દૂર કરવાને છાતી ઉપર હસ્ત મૂકયો. કમળ તાપનું હરણ કરે છે એ પ્રસિદ્ધ છે માટે હસ્તકમળ કહ્યું છે. શ્રમ તે નિવૃત્તિ સૂચવે છે. પોતાની પૂર્વક્રિયાનો પરિત્યાગ બાહ્યથી જ હોય છે એમ ભગવાનના એક ભાગમાં સ્થિતિ કહી છે. ભગવાનની ક્રિયાશકિત અક્ષય છે એવું સૂચન કરવાને માટે 'અચ્યુત' એમ સંબોધન કર્યું છે. આગળ સંબન્ધ કરવાનો હોવાથી તે અવિધાતને માટે તેમ કર્યું છે. વળી તે કામાદિનું ઉદ્‌બોધન કરે છે તેથી તાપનો નાશ શી રીતે કરે એવી શંકા કરીને તે હસ્તને કલ્યાણકારી કહ્યો છે. ભગવાન આનંદરૂપ હોવાથી તે હસ્ત પણ કલ્યાણકારી છે.

**विवेचन--** અન્યા ગોપી વૈરાગ્યત્મક હતી, તેણે પણ નૃત્ય તથા ગાન કર્યું એમ આ શ્લોકમાં કહે છે. તે ગોપી નૃત્ય કરતી વખતે ગીત ગાતાં હતાં તેથી તેમના નૂપુર તથા મેખલા પણ અવાજ કરી રહ્યાં હતાં. આ રીતે નૃત્ય કરતાં

કરતાં થાકી ગયાં ત્યારે તેમણે પોતાની બાજુ ઉપર ઉભેલા અચ્યુત ભગવાનના હસ્તકમળને પોતાના હૃદય ઉપર મૂકયો, અને તે રીતે હૃદયના અગ્નિને શાન્ત કર્યો. ગાનમાં નૂપુર તથા મેખલાના અવાજ થવા જોઇએ, કારણ કે તે એક પ્રકારનો ગાનનો અભિનય છે. નૃત્ય પગથી કરાય છે માટે પગ ઉપર નૂપુરના અવાજ થાય તથા મેખલા (કેડનો કંદોરો) નો અવાજ થાય એ સ્વાભાવિક છે. આ રીતે એટલું બધું નૃત્ય કર્યું કે પોતાની સર્વ શકિતઓને તેમાં વાપરી નાખીને પોતાની સર્વ આશાઓના આશારૂપ અને મનોરથોના પણ મનોરથરૂપ-જેને પ્રાપ્ત કરવાને બ્રહ્મર્ષિ સરખાઓ સર્વ ભાન ભૂલી જઇને તપ આદિ સાધનોમાં પ્રવૃત્તિ થાય છે તે પ્રભુ પોતાની સમક્ષ સ્થિત હોય તે સમયે ભકતના આનંદની અવધિ હશે ખરી ? તેવી સ્થિતિમાં એ રસેશની સાથેના રાસ દ્વારા આનંદના આવિર્ભાવ માટે નૃત્ય અને ગાનમાં તલ્લીન બનીને ભાન ભૂલી જાય એ સ્વાભાવિક છે. એજ જીવનનું અન્તિમ લક્ષ્ય સિદ્ધ થવાથી, અને તે આનંદરૂપ બ્રહ્મને પ્રાપ્ત કર્યા પછી બીજું કંઇ પણ હવે મેળવવાનું બાકી રહેતું નથી એ વિચાર તેમને થતાં તેઓ આનંદને માણવાને પોતાનાથી બની શકે તેટલી ક્રિયાશકિતનો ઉપયોગ કરે છે. આખરે એમ કરતાં કરતાં થાકી જાય છે. આમ થતાં પણ તેમની રસ માણવાની ઇચ્છા નષ્ટ થતી નથી, તે તો ચાલુ જ છે. આથી તે પ્રભુના હસ્તકમળને પોતાના હૃદય ઉપર સ્થાપિત કરે છે. હૃદયમાં ઘણા સમયનો વિરહાગ્નિ તેમને પ્રભુ માટેના તાપથી બાળી રહ્યો હતો, પણ આજે તે પ્રભુનો મેળાપ થયો, એટલે શ્રમ થયો છતાં પણ શ્રીહસ્તને હૃદય ઉપર મૂકીને પોતે આશ્વાસન લીધું. '' હે પ્રભુ ! રસચંદ્ર ! ઘણે સમયે આપે આ ભકતના ઉપર કૃપા કરી અને તેના હૃદયના તાપને શાન્ત કર્યા છે. '' એવા ઉચ્ચારનો જાણે ધ્વનિ કાઢતાં હોય તેવી સ્થિતિમાં જણાયાં. '' અચ્યુત'' શબ્દનો પ્રયોગ નૃત્યરૂપ ક્રિયાશકિતની અક્ષયતા સૂચવે છે અર્થાત્ ભગવાનની ક્રિયાશકિત અખંડ છે તેમાં કોઇ પણ રીતની ક્ષતિ થતી નથી. તેથી જ કરીને તે ગોપી થાકી જાય છે. તેની ક્રિયાશક્તિ જતી રહે છે છતાં પણ અચ્યુત અખંડક્રિયાશકિતયુકત ભગવાનના હસ્તનો આશ્રય મેળવે છે, અને તેથી હૃદય ઉપર તેને ધારણ કરી શકે છે. અહિંઆં શ્રમ સમયે જો કે નૃત્યની અભિલાષા છે જ, સ્પર્શમાત્રથી તે અભિલાષાને પૂર્ણ કરે છે.

આ ગોપી વૈરાગ્યરૂપ છે. વૈરાગ્ય એટલે પ્રભુને માટેનો વિરહતાપ છે. જયારે પ્રભુને માટે અત્યન્ત વિરહતાપ થાય ત્યારે વૈરાગ્ય થયો છે એમ કહી શકાય. અહિંઆં આ ગોપીને પ્રથમ હૃદયનો તાપ એટલો બધો થયો હતો કે જયારે તે જ પ્રભુની સાથે પોતાને રમણનો અવસર આવ્યો એમ જાણ્યું એટલે તે ઘણાં

જ આનંદમાં ગરકાવ થઇ ગયાં. અને અત્યન્ત નૃત્ય અને ગાન કરવા માંડયું. પણ તેમ કરતાં થાકી ગયાં છતા પોતાના હૃદયની અભિલાષા પૂર્ણ થઇ નહિ એટલે હૃદયનો તાપ શમાવવાને પ્રભુના હસ્તકમળને પોતાના હૃદય ઉપર સ્થાપિત કર્યો. માટે આ ગોપીને વૈરાગ્યરૂપ કહ્યાં છે. પ્રભુના હસ્તને કમળ (અબ્જ) સાથે સરખાવ્યું છે. અબ્જ એટલે જે જળમાં થાય છે તે કમળ. પ્રભુનો હસ્ત પણ રસ (જળ) રૂપ જ છે. વળી જળ શીતળતા આપનાર છે. તેવી જ રીતે પ્રભુના હસ્તમાં પણ હૃદયના તાપ શમાવવાનો ગુણ છે.

આ રીતે ધર્મનું સ્વરૂપ કહીને ધર્મી સ્વરૂપથી સર્વની સાધારણ લીલાને કહે છે.

**मूलम्- गोप्यो लब्ध्वाच्युतं कान्त श्रिय एकान्तवल्लभम् ।**
**गृहीतकण्ठयस्तद्दोर्भ्या गायन्त्यस्तं विजाहिरे ।। १५ ।।**

**अन्वयार्थ-** ભગવાને જેમના કંઠને પોતાના બાહુથી આલિંગન કર્યું છે એવી ગોપીઓએ લક્ષ્મીનેજ પ્રિય એવા અચ્યુત ભગવાનને પોતાના પતિ તરીકે પ્રાપ્ત કર્યા અને ગાન કરવા તથા વિહાર કરવા લાગ્યા.

**श्रीसुबोधिनीजी+** અચ્યુત ભગવાનજ કાન્ત થાય છે. તે આંતર અને બાહ્ય નિત્ય આનંદ આપનાર છે. માટેજ સર્વ સ્ત્રીઓના મૂલભૂત લક્ષ્મીને તે એકલા પરમપ્રિય છે.તેવા ભગવાનને પ્રાપ્ત કરીને, તેમનુંજ ગાન કરતી, તે ગોપીઓએ ત્યાં વિહાર કર્યો. શંકા-પરમાનંદસ્વરૂપની પ્રાપ્તિ થતાં, ક્રિયાની નિવૃત્તિ થવી જોઇએ. ક્રિયાનો સંભવ રહેતો નથી, તો પછી અહિંઆં ગોપીઓએ વિહાર કર્યો એમ શા માટે તમે કહો છો ? **ઉત્તર**-અહિંઆ કહ્યું છે કે ભગવાનેજ પોતાના બાહુથી તેમના કણ્ઠને આલિંગન કર્યું હતું એટલે ભગવાનનીજ ક્રિયાથી તે વ્યાપ્ત હતાં, તેમાં સ્વક્રિયા નથી. (વિહાર પણ ભગવત્ક્રિયાથી છે, સ્વક્રિયાથી નહિ.) કણ્ઠમાં ભગવાને પોતાની ક્રિયાનું સ્થાપન કરેલું હોવાથી, ગાન અને ક્રિયા સંભવે છે, આ ક્રિયાશકિતરૂપ છે (ભગવાનના સામર્થ્યરૂપ છે ) તેથી તેમના સ્વાતંત્ર્યનું નિરૂપણ કર્યું.

**विवेचन--** અહિંઆં સર્વ ગોપીઓની સામાન્ય લીલાનું વર્ણન કરે છે. તે ગોપીઓએ હવે અચ્યુત ભગવાનને પોતાના પતિ તરીકે પ્રાપ્ત કરીને, ગાન કર્યું અને વિહાર કર્યો. ભગવાન જ આન્તર અને બાહ્ય નિત્ય આનંદદાયી હોવાથી સર્વ સ્ત્રીઓના મૂલભૂત શ્રીને તે પરમપ્રિય બને છે. શ્રીના (લક્ષ્મીના) જે પરમપ્રિય પતિને પોતે પતિ તરીકે પ્રાપ્ત કર્યા તેથી તેમના હર્ષનો પાર રહ્યો નહિ. લક્ષ્મી

એમ સમજે છે કે ભગવાન તો મને એકલીને જ પ્રિય છે, પણ હવે ગોપીઓને પણ તે આનંદનું દાન કરે છે અને તેમની સાથે વિહાર કરે છે એમ જાણીને તેના માનનું અપનોદન તથા ગર્વખંડન પણ આથી સૂચવાય છે.

વિહાર સમયે ભગવાને તેમના કંઠનું આલિંગન કર્યુ હતું, તેથી તેઓ ભગવાનની ક્રિયાથી જ વ્યાપ્ત હતાં, તેમાં સ્વક્રિયાનો લેશ પણ સંભવ નથી, એટલે પરમાનંદસ્વરૂપની અહિયા પ્રાપ્તિ થઈ છે તે સમયે વિહારરૂપી ક્રિયા સંભવતી નથી. તેમના પરમાનંદમાં ભગવાનનો પરમાનંદ પ્રવિષ્ટ હોવાથી તેમને હવે બ્રહ્મક્રિયાઓનું ભાન નથી. માત્ર ભગવાન જે પ્રમાણે વ્યાપાર કરાવે તે પ્રમાણે તે કરે છે. વિહાર પણ ભગવતક્રિયાથી વ્યાપ્ત છે. સ્વક્રિયાથી નહિ. સર્વ ગોપીઓએ વિહાર કર્યો. વિહાર શબ્દથી એવું સૂચવાય છે કે તે આટલા બધા આનંદમાં મગ્ન થઈ ગઈ કે તેમની ઈન્દ્રિયો મન, પ્રાણ, બુદ્ધિ અને આત્મા સર્વનું વિશેષ રીતે હરણ થઈ ગયું. લૌકિકમાંથી તે આકર્ષાઈને પ્રભુમાં જ તે સર્વ જોડાયાં. એટલે ઈન્દ્રિયો મન, પ્રાણ, બુદ્ધિ અને આત્મા એ સર્વના અધ્યાસો છૂટી ગયા, તેમના વ્યાપારો પણ બંધ થઈ ગયા, અને તે સર્વ ફકત પ્રભુ અર્થે ક્રિયા કરવા લાગ્યા; રસાત્મક પ્રભુની સાથેની લીલાનો અનુભવ કરવા લાગ્યા.

અહિંયા ગોપીઓમાં પ્રવિષ્ટ થઈને ભગવાને જાતે જ લીલા કરી છે એમ કહેલું હોવાથી ગોપીઓના ધર્મી સ્વરૂપનું વર્ણન છે.

પછીથી રાધાદામોદરની માફક ઉભયનું નૃત્ય કહે છે.

**मूलम् - कर्णोत्पलालकविटङ्क कपोलधर्म - वक्त्रश्रियो वलयनूपुरघोषवाद्यैः ।**
**गोप्यः समं भगवता ननृतुः स्वकेश-स्रस्तस्रजो भ्रमरगायकरासगोष्ठ्याम् ।।१६।।**

**अन्वयार्थ** -- કાનમાં પહેરેલાં કમળો, ગાલ ઉપર આવી રહેલા કેશો, તથા સ્વેદ બિંદુઓથી જેમના મુખની શોભા દેદીપ્યમાન બની છે એવી ગોપિકાઓ, વલય અને નૂપુરના ઘોષરૂપી વાદ્યથી ભગવાનની સાથે ભ્રમરરૂપી ગાયકની રાસગોષ્ઠીમાં નૃત્ય કરવા લાગ્યાં, તે સમયે તેમના કેશમાંથી પુષ્પમાળા ખરી પડવા લાગી.

**श्रीसुबोधिनीजी** -- રાસને માટે આ પણ વિશેષ હોય છે કે દરેકને રસ ઉત્પન્ન થવો જોઈએ; માટે અહિંયા ગોષ્ઠી માત્ર એમ શબ્દ કહ્યો છે. ઉભયના ગાઢ નૃત્યમાં વિનિયોગ કરવાથી ભ્રમર ગાયક હોય છે. વાદ્ય તો પૂર્વની માફક થશે માટે સ્વકેશમાંથી તેમની પુષ્પમાળાઓ ખરી પડી હતી. અથવા અહિંયા ભ્રમરનું ગાયક તરીકે નિરૂપણ કર્યુ છે, અને તેઓ મકરન્દના અર્થી હોય છે. મકરન્દ

પુષ્પમાં હોય છે. પુષ્પો પણ તેનાથી વિમુકત બને છે તેથી પોતાના નૃત્યને યોગ્ય ગાન કરવાથી અતિપ્રસન્ન થયેલાં તેમણે પુષ્પમાળાનું દાન તેમને કર્યુ છે, નહિ તો રસને માટે સ્વકેશમાં શોભાનું કારણ હોવાથી તે શ્રાન્ત ગોપીઓમાં ઉપેક્ષા ઉત્પન્ન થાય નહિ, આથી ભ્રમરોના ગાનમાં નિપુણતા અને પ્રભુપ્રિયાની તેનાથી અભિજ્ઞતાનું સૂચન થાય છે. નૃત્યના આરંભમાં તેમની શોભાને કહે છે. **कर्णेति** નહિ તો પૂર્વોકત નૃત્યથી શ્રાન્ત ગોપીઓના પુનર્નૃત્યનું વર્ણન અનુચિત બને; અગર રસાલ ન થાય. કર્ણમાં જે કમળ મૂક્યું છે તે (નૃત્ય વખતે) નીચે પડી જતું નથી, તેમાં (કમળ કર્ણ ઉપર મૂકવામાં) ચાતુર્ય દેખાડે છે. તેનાથી યુકત કેશ ભ્રમરની માફક રસને પીનાર છે, એવા કેશની શોભારૂપ બે કપોલ છે : ત્યાં નૃત્યના અભિનિવેશને લીધે ઉત્પન્ન થયેલા અંતરમાંથી બહાર નીકળેલાં શ્રમજલ, સ્વેદ, ઈત્યાદિથી મુખની શોભા અલૌકિક દીસવા લાગી. જેમ બે કપોલ મુકતાથી સુશોભિત થાય તેવી રીતે, આથી મુખ ઉપર શ્રમથી દૂર થયો છે. તેમની સાથેના ભગવાનના નૃત્યમાં તે અનુભાવક પણ થાય છે, અથવા આથી સ્વતઃ ક્રીડાનિવૃત્તિનું સૂચન કર્યુ છે. ગોપી શબ્દથી ભગવાનની તે ગોપીઓની આ સ્થિતિ કહી છે. તેમની સ્વતંત્ર રીતે નહિ. આથી જેમ જેમ ભગવાન નૃત્ય કરે છે તેમ તેમ તે પણ નૃત્ય કરે છે.

**श्रीमती टिप्पणी अने प्रकाश** -- નૃત્યાદિ રસને માટે છે, તેથી જયાં સુધી રસનો ઉદય થાય નહિ ત્યાં સુધી તેનો ત્યાગ કરવો તે સંભવિત નથી; માટે અહિંયા પુનઃ નૃત્યની વાત કરી છે, માટે અપૂર્વ રસને માટે જ અહિંયા અપૂર્વ નૃત્યનું વર્ણન કર્યુ છે. પૂર્વ નૃત્યનું ફળ ઉકતવિહારના જનક રસનો આવિર્ભાવ છે. પૂર્વે જે નૃત્ય કર્યુ તેથી રસનો આવિર્ભાવ થયો છે પણ તેથી ફકત ગોપીઓને વિહારનો પણ લાભ મળ્યો છે. અહિંયા જે નૃત્યનું વર્ણન કર્યુ છે. તેનાથી અપૂર્વ રસનો આવિર્ભાવ થયો છે. આ રીતે આ બન્ને નૃત્યના ફલમાં ભેદ છે. તેમ પ્રકારનો પણ ભેદ છે, માટે તેની પુનરુકિત અહિંયા કરી છે. તેથી કોઈ જાતની અનુપપત્તિ થતી નથી.

## ગોપીઓ સાથે ભગવાને કરેલું નૃત્ય

**विवेचन** -- આ શ્લોકમાં સમુદાયરમણ તથા પ્રત્યેકની સાથેના રમણનું કથન કરવામાં આવે છે. તે તે રમણને અનુકૂળ ભાવના ઉદ્દીપન માટે નૃત્ય પણ તે તે પ્રમાણે અહિંયા છે. શ્લોક ૧૫માં સમુદાય નૃત્યનું કથન કર્યુ, હવે આ શ્લોકમાં પ્રત્યેકની સાથે નૃત્ય કર્યુ એમ કહે છે. આ નૃત્યમાં ભગવાને દરેક ગોપીની સાથે

નૃત્ય કર્યુ - જેટલા ગોપી હતાં તેટલાં સ્વરૂપ પોતે બનાવ્યાં અને પછી દરેકની સાથે નૃત્ય કર્યુ. પ્રથમ જેમ રાધાની સાથે - સ્વામિનીજી સાથે કર્યુ હતુ તેવી રીતે દરેક ગોપીના મનોરથો સિદ્ધ કરવા પોતે ગોપીઓની સંખ્યા પ્રમાણે સ્વરૂપ ધારણ કર્યા, અને પછી તેમની સાથે નૃત્ય કર્યુ, પણ પ્રથમ અધ્યાયના અંતે સ્વામિનીજીની સાથે ગમન કરીને તેમને જે યુગલ રસનો અનુભવ કરાવ્યો, તેમાં અને અહિંયા આટલો ફેર છે; ત્યાં તો ફકત એકને જ રસનો અનુભવ કરાવવો છે. બાકી બીજાને વિરહનો અનુભવ થયો છે, પણ અહિંયા તે પ્રમાણે નથી. આ શ્લોકમાં જણાવ્યો પ્રમાણે સર્વને યુગલરસનો અનુભવ સિદ્ધ થયો છે.

આ નૃત્યમાં બધાં સ્વામિનીજીઓએ કર્ણમાં કમલ ધારણ કર્યા હતાં. કેશરૂપી ભમરાઓ તે રસનું પાન કરતાં હતા અને તેને લીધે કપોલ સુંદર શોભી રહ્યા હતાં. તે સમયે તેમના મુખ ઉપર શ્રમજલ જણાતા હતા અને તેથી મુખની કાન્તિ પણ અલૌકિક રીતે દેદીપ્યમાન બની હતી. જાણે કે મોતીથી તે શોભતું હોય તેમ દીસતું હતું. આવી રીતે તેઓ નૃત્ય કરતાં હતા. આ વખતે તેમની માળાઓ છૂટી જતી. વળી ભમરાઓ પણ મધુર અવાજ ગાઈ રહ્યા હતા. કંકણ અને નૂપુરના અવાજો વાદિંત્રની ગરજ સારતા હતા. આ રીતે ભમરાઓરૂપી ગાયકોના ગીત સહિત કંકણ તથા નૂપુરરૂપી વાદિંત્રોની સાથે તેઓ જેમ જેમ ભગવાન નૃત્ય કરતા હતા તેમ તેમ પોતે પણ કરતા હતા.

મૂળ શ્લોકમાં **भगवता समेन** શબ્દો છે. તેમાં સમનો અર્થ સહ = સાથે લેવાનો નથી પણ તે તુલ્યના અર્થમાં લેવાનો છે. આથી ભગવાનનું નૃત્ય તે પ્રધાન બને છે, ગૌણ નહિ. અર્થાત્ પ્રથમ ભગવાન નૃત્ય કરતા હતા, અને તે નૃત્ય નિહાળીને તેઓ નૃત્ય કરતાં હતાં. ભગવાન જાણે તેમને નૃત્ય કેમ કરવું તે શીખવાડતા હતા; અને તેઓ તે જોઈને તે પ્રમાણે નૃત્ય કરતાં હતાં. માટે ભગવાનના નૃત્યની અહિંયા મુખ્યતા છે.

આ રીતે રસ પ્રકટ થતાં તેની શાસ્ત્રની રીતિ પ્રમાણે ચેષ્ટાઓનું નિરૂપણ કરે છે.

**मूलम्- एवं परिष्वङ्गकराभिमर्श - स्निग्धेक्षणोद्दामविलासहासैः ।**
**रेमे रमेशो व्रजसुंदरीभिर्यथामर्कः स्वप्रतिबिम्बविभ्रमः ।। १७।।**

**अन्वयार्थ** - જેમ બાળક પોતાના પ્રતિબિંબની સાથે વિહાર કરે તેમ લક્ષ્મીપતિ ભગવાન પણ વ્રજસુંદરીઓની સાથે, આલિંગન, હસ્તસ્પર્શ, સ્નિગ્ધ-ઈક્ષણ, ઉત્તમ પ્રકારના વિલાસો તથા હાસ્ય કરવા લાગ્યા.

**શ્રીસુબોધિનીજી** -- અહિંયા આલિંગનાદિનું નિરૂપણ કર્યું છે. આ પ્રમાણે રસોદ્ગમને માટે આલિંગન છે. પછી હસ્તસ્પર્શ છે. એટલે જુદા જુદા અવયવોમાં ભગવાનનો હસ્તસ્પર્શ કહ્યો છે, પછીથી સ્નેહનું બહિ:નિ:સારણ કરનાર સ્નિગ્ધદૃષ્ટિ છે, પછી અમર્યાદ ભોગસૂચક ઉદ્દામવિલાસ છે, પછી હાસ્ય છે. પૂર્ણ મનોરથને માટે આ પ્રમાણે સર્વ છે. આલિંગનથી હાસ પર્યન્ત સર્વ ચેષ્ટાઓ સર્વ ગોપીઓમાં થઈ એમ જણાવ્યું - શંકા -આ ગોપીઓ સાથે ભગવાને શી રીતે રમણ કર્યું. ઉત્તર - ભગવાનને અહિંયા લક્ષ્મીપતિ કહ્યા છે. તેથી તે સર્વ ગોપીઓમાં ભગવાનની આજ્ઞાથી રમા-લક્ષ્મી નિર્વિષ્ટ થયેલી છે, તેઓ પણ અધિવેષ્ઠાને યોગ્ય છે એમ કહ્યું છે. શંકા-ભગવાન તો આત્મારામ છે તો પછી એમને રમણ શી રીતે સંભવે ? લક્ષ્મી તો બ્રહ્માનંદ છે તેથી તેની સાથે રમણ સંભવી શકે. આમની સાથે આવેશ પણ અનુચિત છે. કારણકે ત્યાં બ્રહ્મભાવનો અભાવ છે. ઉત્તર - જેમ બાળક પોતાના પ્રતિબિંબની સાથે રમે છે, તેમ ભગવાને અહિંયા રમણ કર્યું. બાળક દર્પણ જલ વગેરેને પોતાની આગળ મૂકીને તેમાં પોતાના સ્વરૂપને જુએ છે અને રમે છે, તે રીતે ભગવાને પણ સ્વસામર્થ્ય અગર સ્વરૂપને ત્યાં સ્થાપન કરીને બ્રહ્મ અને બ્રહ્માનંદનો આવિર્ભાવ કરીને રમણ કર્યું. શંકા - આમ હોય તો પણ તે અનુચિત છે. ઉત્તર - જેમ બાળક તરીકે બાળલીલા કરી તેમ અહિંયા પણ ભગવાને કર્યું અથવા કદાચિત્ પ્રકાર સામ્ય હોય તો પણ લક્ષ્મીમાં આ રસનો અનુભવ થવાનો યોગ્ય નથી. પણ આ ગોપીઓમાં જ તે યોગ્ય છે. એવું લક્ષ્મીપતિ વ્રજસુંદરીઓની સાથે એ પદથી જણાવે છે. રમાની સાથે રમણની દશામાં આ પ્રકારનો રસાનુભવ ઉભયને સંભવતો નથી. રસનું સ્વરૂપ તે પ્રકારનું છે એવો ભાવ છે. ઈશ્વરમાં આ ઉચિત નથી. એવી શંકાના ઉત્તરમાં અર્ભક-બાળકનું દૃષ્ટાંત આપ્યું છે.

તે પ્રમાણે અહિંયા પણ તે રસ છે એ શ્રુતિથી આ સર્વ રસથી મધ્યમાં સમાવેશ પામે છે. અને તેથી તે પણ સ્વરૂપાત્મક છે માટે તે પ્રમાણે કહે છે તો તેથી અહિંયા કોઈપણ જાતની અનુપપત્તિ થતી નથી. શંકાનો ઉદય જ થતો નથી, તેથી જેમ પ્રભુ અથવાતેમનો ભાવ હોય છે. તે પ્રમાણે વ્રજસુંદરીના ભાવનું પણ જ્ઞાપન થાય છે, તેથી પ્રતિબિમ્બના સ્વભાવથી એમ બને છે. અહિંયા બહુનું રમણ અને બંનેનું એક વખત થાય છે.

**શ્રીમતી ટિપ્પણી** ૧ વ્રજસુંદરીની સાથે સંબંધદ્વારાજ લક્ષ્મીને પણ પ્રભુ સાથેનો સંબંધ પ્રાપ્ત થયો છે. સ્વામિનીમાં પ્રભુનો અતિશય સ્નેહ જોઈને, પોતે તેમાં પ્રવેશ કરીને તે દ્વારા પ્રભુ સાથેનો સંબંધ પ્રાપ્ત કરવાને લક્ષ્મીની ઈચ્છા

થાય છે, પણ વ્રજસુંદરીઓની મહત્તાની સ્ફૂર્તિ થતા પોતે તેમાં પ્રવેશ કરી શકતાં નથી, આથી તેમને આર્તિ થાય છે, તે જોઇને તેની નિવૃત્તિ કરવા પ્રભુ રમાને આજ્ઞા આપે છે તેથી જ તે આવિષ્ટ થઇ શકે છે.

૨ બ્રહ્મભાવ થતાં બ્રહ્માનંદનો આવિર્ભાવ થાય છે. લક્ષ્મીને આ ભાવ પ્રકટ થયો છે તેથી તે બ્રહ્માનંદરૂપ છે. સ્વામિનીઓ તો તેથી પણ અધિક ભગવદ્રસ ભાવયુક્ત છે. માટે તેમની સાથેનો સંબંધ પણ અહિંયા અયુકત છે. બ્રહ્માનંદરૂપ રમાના ઇશનો વ્રજસુંદરીની સાથે સંબંધ અયુકત છે.

## કામશાસ્ત્રમાં વર્ણવેલા ભાવોનું ઉદ્‌બોધન

**વિવેચન** અત્યાર સુધી રાસક્રીડામાં માત્ર પરંપરાએ કામના ઉદબોધક થતાં નૃત્ય વગેરેનું વર્ણન કર્યું. હવે કામશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે આલિંગન વગેરે જે સાક્ષાત ઉદબોધક થાય છે તેનું વર્ણન કરે છે. પ્રથમ તો આ માટે રમાપતિ ભગવાને પોતાનું સ્વરૂપ વ્રજસુંદરીઓમાં સ્થાપ્યું. પછીથી ત્યાં બ્રહ્માનંદ પ્રકટ કર્યો, ત્યાર પછીથી આલિંગન, કરસ્પર્શ, કટાક્ષ, વિલાસ વગેરેથી તેમના મનોરથો પૂર્ણ કર્યા. આથી તેમના હર્ષનો પાર રહ્યો નહિ. જેમ બાળક દર્પણ વગેરે પોતાની પાસે રાખીને તેમાં દેખતા પોતાના પ્રતિબિંબને જુએ છે, અને પછી જેમ તેની સાથે ખેલે છે તેમ પ્રભુ પણ ખેલવા લાગ્યા.

અહિંયા કોઇને શંકા થાય કે આ પ્રાકૃત ગોપીઓ સાથે ભગવાને શા માટે આ રીતનું રમણ કર્યુ ? તેના ઉત્તરમાં જણાવે છે કે ભગવાન રમાના ઇશ છે અને તે સમયે તેમનામાં પણ રમાએ તે વખતે પ્રભુની ઇચ્છાથી પ્રવેશ કર્યો હતો એટલે તે ગોપીઓ પ્રાકૃત છતાં પણ પ્રભુ રમણ કરે એમાં કોઇ પ્રકારની અનુચિતતા નથી. અહિંયા ફરીથી શંકા થાય કે પ્રભુ તો આત્મારામ છે તો શી રીતે તેમની સાથે રમણ કર્યું ? કારણ કે લક્ષ્મી તો બ્રહ્માનંદરૂપ છે, અર્થાત્ લક્ષ્મી એકલે બ્રહ્માનંદ જો હોય તો, તે બ્રહ્માનંદનો આવિર્ભાવ બ્રહ્મભાવ પ્રાપ્ત થતાં થાય એ વાત ખરી છે, પણ સ્વામિનીઓને તો બ્રહ્મભાવ કરતાં પણ અધિક ભાવ પ્રાપ્ત થયો છે. ભગવદ્રસભાવ તે આનાથી પણ અધિક કહેવાય છે. જો એમ હોય તો ભગવદ્રસભાવવાળાં સ્વામિનીમાં (ગોપીઓમાં) બ્રહ્માનંદરૂપ લક્ષ્મી પ્રવેશ કરે અને પછી તેમની સાથે રમણ થાય એ બરાબર ગણાતું નથી ! આના ઉત્તરમાં બાળકનું દૃષ્ટાંત આપ્યું છે. જેવી રીતે બાળક દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જોતો હોય તે વખતે તે ઘર વગેરે બીજા પદાર્થોનું પણ પ્રતિબિંબ અંદર પડેલું જુએ છે. પણ પોતાના પ્રતિબિંબથી જેટલો હર્ષ થાય છે તેટલો બીજા પ્રતિબિંબથી નથી થતો. તે જ રીતે સ્વામિનીઓમાં (ગોપીઓમાં) રસનો સમાગમ થવા છતાં પણ પોતે રસરૂપ હોવાથી રસાત્મક ભાવોને

જયાં જુએ છે ત્યાં તેને અનુરૂપ ભાવ તથા ચેષ્ટા સહિત પોતે રમણ કરે છે. અહિંયા આ સ્વામિનીઓ તે વ્રજસુંદરીઓ છે. રસની શકિતરૂપ છે એમ જાણીને જ પ્રભુ તેમની સાથે રમણ કરે છે. તેમને બ્રહ્માનંદરૂપ - રમા તરીકે નહિં. એટલે રમા-ભાર્યા હોવાથી તે ગોપીઓના તરફ તે ભાવ નથી. એમ હોય તો પૂર્વ રસનો ઉચ્છેદ થઇ જાય; અને રસાભાસનો પણ પ્રસંગ આવે. આથી આ ગોપીઓ પ્રાકૃત ભાવવાળાં નથી. પણ અપ્રાકૃત છે કારણકે બ્રહ્માનંદરૂપ રમાનો તેમાં નિવેશ છે એટલું જ નહિ પણ રમા કરતાં ભગવદ્રસરૂપ ઉત્કૃષ્ટ ભાવવાળાં તે છે. વળી આ રમા બ્રહ્મભાવાત્મક સાધનથી આવિર્ભાવ પામતા બ્રહ્માનંદનું રૂપ નથી. જો તેમ હોય તો એ સાધનયુકત પુરુષોત્તમમાં જ નિષ્ઠ છે આ પુરુષોત્તમ રસાત્મક હોવાથી - પુરુષોત્તમ બ્રહ્મની જે શકિત તે રમા, અને તેને જ અહિંયા બ્રહ્માનંદ કહેવામાં આવે છે. આમ હોવાથી પુરુષોત્તમના (રસાત્મકના) આ બ્રહ્માનંદરૂપ રમાનો પ્રવેશ સ્વામિનીજીઓમાં યોગ્ય છે. આ રીતે સ્વામિની તથા પ્રભુનું રમાની સાથે અનુસંધાન નથી એ પક્ષ વિચારીને જણાવ્યું છે. પણ તેમની વચ્ચે અનુસંધાન હોય તો પણ પ્રભુ તો ઉદ્દીપક અનુભાવ વાકૃતિથી આવિર્ભાવ પામેલા તથા સંચારિભાવથી પુષ્ટ બનેલા મુખ્ય રસરૂપ અગર અવિકૃત નિત્ય રસરૂપ બ્રહ્મ તથા તે મુખ્ય રસનો પોષક પ્રથમ જણાવેલો રમાના આવેશથી ઉત્પન્ન થયેલો ભાવ એ ઉભયને પ્રકટ કરીને રમણ કરે છે.

વળી કોઇને એમ શંકા થાય કે સ્વામિનીઓ માટે જ આ લીલા કરવામાં આવેલી છે તો પછી રમાના આવેશથી રમણ કરવામાં સ્વામિનીઓને શું ફલ તેથી પ્રાપ્ત થવાનું છે ? આને માટે ઉપર આપેલું બાળકનું દૃષ્ટાંત છે. જેમ પ્રભુ જયારે બાળક હતા ત્યારે યશોદા તથા રોહિણીની સમક્ષ તેમના તરફના સંકોચને લીધે પોતે જાતે અતિ આર્ત વ્રજસુંદરીઓની આર્તિનું હરણ બાલભાવના કારણથી તેમની છાતી ઉપર વિવિધ જાતના વિહાર કરતા હતા ત્યારે તે વ્રજસુંદરીઓની રસરતિથી રસપૂર્તિ બનતી, તેમની આર્તિનું હરણ પણ થતું; પણ આ વખતે અન્ય જોનારાંનો તો પ્રભુ વિચિત્ર બાલચેષ્ટાઓ કરે છે એટલું જ ભાન થતું અને તે રીતે ફકત બાલલીલાના રસનો અનુભવ જ તે કરતાં, તે પ્રમાણે અહિંયા સ્વામિનીઓને પણ નિજ રસ તથા ભાવને અનુરૂપ જ રસાનુભાવ થાય છે; અર્થાત્ સ્વામિનીઓને ભગવદ્રસને અનુકૂળ ભાવ હોવાથી તે પ્રમાણે રસાનુભાવ થાય છે અને રમાને બ્રહ્માનંદરૂપ હોવાથી તે અનુભવ તે પ્રમાણે થાય છે.

અર્ભક એટલે બાળક. આ દૃષ્ટાંતથી પ્રભુની રમણલીલાની નિર્દુષ્ટતા જણાય છે. બાળકની લીલામાં કોઇ પણ દોષ હોતો નથી તેમ પ્રભુની લીલામાં પણ દોષ

નથી. કારણકે આ સ્વામિનીઓ પોતાની જ શકિતરૂપ છે. તે પોતાનું જ પ્રતિબિંબ છે. જેમ દર્પણમાં બાળક પોતાનું પ્રતિબિંબ જોઇને રાજીરાજી થાય છે. અને તેની સાથે ખેલ કરે છે, તેમ આ સ્વામિનીઓ તે પોતાની રસની શકિતઓ હતી, તે પોતા રૂપ જ હતા, આથી તેમને જોઇને પોતે ઘણા જ આનંદિત થયા અને બાળક પોતાના પ્રતિબિંબ સાથે ક્રીડા કરે તેમ એમની સાથે કરવા લાગ્યા આ રીતે આ લીલાની નિર્દોષતા પણ આ દ્દષ્ટાંતથી સમજી શકાય છે.

**रेमे** ક્રિયાપદ આત્મનેપદમાં છે, આથી તે એવું સૂચન કરે છે કે પ્રભુ જે રમણ કરતા હતા તે પોતાના માટે જ (આત્મા) માટે કરતા હતા. સ્વામિનીઓ પોતાથી અભિન્ન હતી. તે પોતાના આત્મારૂપ હતા. આથી આ રમણ પણ આત્માના માટે હતું.

આ રીતે સર્વભાવથી ભગવદ્ધર્મનો આવેશ થવાથી તે ગોપીકાઓના દેહાદિના વિસ્મરણપૂર્વક મહારસના અભિનિવેશને કહે છે.

**मूलम् - तदङ्गसङ्गप्रमदाकुलेन्द्रियाः केशान्दुकूलं कुचपट्टिकां वा ।**
**नांजः प्रतिव्योढुमलं व्रजस्त्रियो विस्रस्तमालाभरणाः कुरूद्वह ।। १८ ।।**

**अन्वयार्थ** હે કુરુકુલને વહન કરનારા ! ભગવાનના અંગસંગના આનંદથી જેની ઇન્દ્રિયો આકુલ થઇ છે અને જેમની માલાઓ તથા આભરણો તૂટી ગયા હતા તેવી તે ગોપીઓ પોતાના શિથિલ કેશને, ચુંદડીઓને તથા ચોળીઓને સ્વસ્થાનમાં બરાબર રાખી શકયાં નહિ.

**श्रीसुबोधिनीजी** તે ભગવાનના અંગસંગથી દેહાદિનુ વિસ્મરણ કરાવનાર પ્રકૃષ્ટ મદરૂપી ભાવ ઉત્પન્ન થયો, તેથી તેમની ઇન્દ્રિયો આકુલ થઇ. શું કરવું તે વિષયમાં સર્વ મૂઢ બની ગયાં આથી કેશપાશ, દુકૂલ (ચુંદડી) કુચપટ્ટિકા (ચોળીઓ) વગેરે સર્વને વિશેષ રીતે ધારણ કરવાને તે સમર્થ બન્યાં નહિ. વળી અલ્પથી તે એવાં થયા એમ જણાવવાને વ્રજસ્ત્રીઓ શબ્દ વાપર્યોછે. શ્રમ પણ થયો એ જણાવવાને કહ્યું કે તેમની માલાઓ તથા આભરણો પડી ગયાં. તેમની ઇન્દ્રિયો આકુલ થવાથી લૌકિક વિચાર પણ તેમને થયો નહિ. તે ગોપીઓ હોવાથી, પારમાર્થિક પણ વિચાર ત્યાં નહોતો. શ્રમથી દેહનો વિચાર ન રહ્યો, આથી આદિ અંત અને મધ્યમાં તે ભગવાને જ તેમનું ધારણ કર્યું, તેમનાથી ભગવાન ધારણ કરાયા નહિ એવો અર્થ છે જો કે અન્યની પ્રતીતિથી તે ધારણ કરાય છે, તો પણ સ્વતઃ (ગોપીઓથી) ધારણ નથી. કુરુકુલના ધારણ કરનાર એ સંબોધન અભ્રમને માટે તથા વિશ્વાસને માટે છે.

## ગોપીઓને સર્વાત્મ ભાવની સિદ્ધિથી થયેલી દેહાદિની વિસ્મૃતિ

**વિવેચન** ઉપરના શ્લોકમાં સર્વાત્મભાવની સિદ્ધિ ગોપીજનને થવાથી સર્વ ઐશ્વર્ય, વીર્ય વગેરે છ ધર્મોનો આવેશ થયો એમ કહ્યું છે અહિંયા તે આવેશ થતા તેમને દેહાદિની વિસ્તૃતિ કેવી રીતે થાય છે તથા મહારસની અંદર અભિનિવેશ કેવો કરે છે તે જણાવે છે ભગવાનના અંગસંગથી તેમને દેહાદિનું ભાન કરાવનાર ભાવ ઉત્પન્ન થયો, આથી તેમની ઇન્દ્રિયો વ્યાકુલ થઇ ગઇ એટલું જ નહિ પણ તેથી તેમનાં કેશ, વસ્ત્ર તથા કુચપટ્ટિકા પણ તેમના સ્થાન ઉપરથી ખસી ગયાં. વળી તેમની માલાઓ તથા ઘરેણાં પણ છૂટા થઇ ગયાં. તેઓ મહારસમાં અભિનિવેશ કરવાને પ્રભુના અંગને સ્પર્શ કરવા લાગ્યાં. અંગનો સ્પર્શ થતાં તેમને દેહ વગેરેનું સ્મરણ કરાવનાર પ્રકૃષ્ટ મદનો ભાવ થયો. આ ભાવથી તેમની ઇન્દ્રિયો અસ્થિર બની ગઇ. શું કરવું તે વિચારમાં પણ મૂઢ થઇ ગયાં. આમ શરીરની અસર ઇન્દ્રિયો અને તે દ્વારા મન સુધી પહોંચી ગઇ. એટલે કેશપાશ, દુકૂલ વસ્ત્ર તથા કુચપટ્ટિકા જે એમના શરીર ઉપર તેમણે ધારણ કર્યા હતા તેને પણ તેઓ ધારણ કરવાને અસમર્થ નીવડયાં. ન તેમને લૌકિક વિચાર થયો કે ન તો આ દેહને રહ્યો. તેમજ કોઇ પારમાર્થિક વિચાર પણ કરી શકયાં નહિ. વસ્ત્ર જો ખસી જશે તો લોકો કદાચ જોશે તો મારે શરમાવું પડશે એવો લૌકિક વિચાર પણ ન રહ્યો. તેમ જ માથાના વાળ છૂટા થઇ જવાથી અવયવોની વિપરીતતા દેખાઇ આવશે એવો દેહ વિષેનો વિચાર ન રહ્યો. અર્થાત્ લૌકિક, પારમાર્થિક તથા દૈહિક એમ સર્વ વિચારો નષ્ટ થઇ ગયા તેમને સર્વાત્મભાવની સ્ફૂર્તિ થઇ હતી, સર્વત્ર તેમણે પ્રભુને જોયા હતા અને તે જ સદાનંદ પ્રભુ અત્યારે પોતાની સમક્ષ રાસ કરતા હતા તેથી તે પ્રભુની સાથે જે કંઇ ક્રિયાઓ અગર ચેષ્ટાઓ કરવામાં આવે તે રસમય જ છે એમ માનતાં હતાં. તેઓ પ્રમેય માર્ગના પ્રવાસી હતા. તેમને તેથી પ્રમાણના નિયમો લાગુ પડતા નહોતા. સ્નેહમાર્ગમાં પ્રમાણની રીતિ ચાલતી નથી. આથી કેશપાશ વગેરે છૂટા થઇ જાય તે પ્રમાણના શાસ્ત્રનો દોષ તેમને સ્પર્શ કરતો નહોતો. ઇન્દ્રિયો પ્રભુના રસ માટે ઉન્મુખ હતી અને તેથી એ રસાત્મકના સ્પર્શથી વ્યાકુલ થાય અને વસ્ત્રાદિ ખસી જાય તો પણ ત્રપા થવાની જરૂર નથી. કારણકે તેમની ઇન્દ્રિયોનો વિષય કોઇ લૌકિક પદાર્થ નહોતો, પણ શ્રુતિપ્રતિપાદિત રસાત્મક સ્વરૂપ હતું.

રાજાને વિશ્વાસ બેસાડવાને માટે તથા તેના ભ્રમને દૂર કરવાને શુકદેવજી કહે છે કે હે કુરૂદ્વહ ! કુરુવંશનું ઉદ્વહન કરનારા પ્રભુના તરફ સર્વાત્મભાવ થવાથી જ આ ગોપિકાઓને ઇન્દ્રિયવકલ્યની સ્થિતિ પ્રાપ્ત થઇ છે તથા દેહાદિની

વિસ્મૃતિ થઈ છે. તે સિવાય અન્ય કોઈ કારણ નથી એમ તું નિશ્ચિતતાથી માન. આ રીતે સમુદાયલીલાનું નિરૂપણ કરીને તેનું (લીલાનું) પરિજ્ઞાન કેટલાંકને ન થયું એવું કહેવાને દેવસ્ત્રીઓને તથા ચંદ્રને પણ વિસ્મય થયો એમ કહે છે.

**मूलम्-** कृष्णविक्रीडितं वीक्ष्य मुमुहुः खेचरस्त्रियः ।
कामार्दिताः शशाङ्कश्च सगणो विस्मितोडभवत् ।। १६ ।।

**अन्वयार्थ --** કૃષ્ણની ક્રીડાને જોઈને દેવપત્નીઓ પણ કામાતુર થઈ અને મોહ પામી અને ચંદ્ર પણ પોતે તારકગણસહ વિસ્મય પામ્યો.

**श्रीसुबोधिनीजी --** કોઈનો પતિ પરમાનંદ થતો નથી. નિરાનંદ જે હોય છે તે આનંદનું દાન કરવાને શક્ય નથી. આજ આનંદનું દાન કરે છે. એમ શ્રુતિ છે. જ થી અન્યનો નિષેધ કર્યો છે. અહિંયા વિશેષ ક્રીડા કહી છે. જીવ વિશેષ ક્રીડા જાણતો નથી. દેવપત્નીઓના સર્વ દર્શન માટે ભગવાને આપેલા વરદાનનું નિરૂપણ કર્યુ છે. સ્ત્રીઓનું દર્શન તે દોષને માટે નથી. તેમનો મોહ જ ઉત્પન્ન થયો છે, જ્ઞાન અથવા રસ નહિ. લૌકિક ચંદ્રે પણ જોયું. તેનો દેહ સોમાત્મક છે. **सोमः प्रथम** એવી શ્રુતિ પણ છે. દેવપત્નીઓ પણ સાધારણ છે. તોપણ તેનું દર્શન તેને હિતકારી થતું નથી. તે જણાવવાને શશાંક શબ્દ ચંદ્રને માટે કહ્યો છે. ચંદ્ર કલંકી છે, આનંદમય પણ છે. નક્ષત્રસહિત તે હતો. તેના ઉદ્દીપનમાં પણ તેના ચિત્તનો સંભવ અન્યોમાં નથી. તે ચંદ્ર પણ મોહ પામ્યો. આથી મોહ પછી પુનઃ પુનઃદર્શન કરવાથી તેમના કામ જાગૃત થયા. અમે પણ અહિંથી જઈને કામરૂપ ક્રીડા કરીશું. એમ કામથી તે પીડિત થઈ. ચંદ્રે પણ ભગવાનમાં નિવેશન કરવાને યત્ન કર્યો. આથી તે કામાદિત થયો.

આથી આગળ નિસર્ગથી સુખ છે એવા પક્ષની ઉત્પત્તિ જણાવી. આજ ચંદ્રના અંશો ત્યાંથી નિવૃત્ત થશે એમ કહ્યું છે. નહિ તો સહસ્ત્રદર્શનથી મુકિત એવા સૂત્રનો વિરોધ આવે. કારણકે અહિંયા સહસ્ત્રગણનો અભાવ છે.

## પ્રભુની ક્રીડામાં દેવતાઓ તથા ચંદ્રનું સાક્ષ્ય

**विवेचन --** ઉપર જણાવ્યા પ્રમાણે કૃષ્ણને ક્રીડા કરતા જોઈને આકાશગામી દેવતાઓની સ્ત્રીઓ કામથી અર્દિત થયાં અને તેથી મોહ પામી ગયા. એટલું જ નહિ પણ ચંદ્ર પણ નક્ષત્રો સહિત વિસ્મય પામ્યો. શ્લોક ૧૮માં સમુદાયલીલા વર્ણવી પણ આ લીલાનું સંપૂર્ણ જ્ઞાન ગંધર્વ વગેરેને ન થયું. તેઓ તો આ લીલા સમજી શક્યા નહિ. પૂર્ણ પુરૂષોત્તમ રસાત્મક કૃષ્ણ શા માટે ગોપીઓ સાથે લીલા

કરે છે તે તેમનાથી સમજી શકાયું નહિ. કારણકે કૃષ્ણ સદાનંદરૂપપર છે. એ આનંદ સ્વરૂપ બ્રહ્મ જ સર્વને આનંદ આપે છે એમ શ્રુતિ કહે છે. અત્યારે શ્રુતિમાં પ્રતિપાદિત કરેલા આનંદસ્વરૂપ કૃષ્ણ ગોપીઓને આનંદનું દાન આપતા હતા; તે ગંધર્વાદિ જેવા સાધારણ જીવો શી રીતે સમજે ? વળી આ ક્રીડા સાધારણ નહોતી આ વિશેષરૂપ ક્રીડા હતી, એટલે તે સમજવામાં તો તેમનો અધિકાર જ ક્યાંથી હોય ? ખરેખર દેવોની સ્ત્રીઓ તો આ લીલા જોઈને કામથી પીડિત બન્યાં અને એકદમ મોહમાં પડી ગયાં. ચંદ્ર પણ તારાઓ સહિત વિસ્મય પામી ગયો. દેવસ્ત્રીઓને પણ આ લીલાનું રહસ્ય ન સમજાયું. તેમને પણ મોહ જ થયો. આ રસાત્મક પ્રભુના રસને પણ તે ન જ ઓળખી શકે, કારણકે ખેચર-આકાશમાં ફરનારાની સ્ત્રીઓ હતી. તેમનો સ્વભાવ ચરણશીલ હતો. તેઓ એક સ્થાનમાં રહેનારાં નહિ પણ ફરફર કરનારા દેવોની સ્ત્રીઓ હતા. એટલે બ્રહ્મના સ્વરૂપનો તથા તેની લીલાનો નિશ્ચય કરવાને માટે જે નિશ્ચિતધી થવી જોઈએ તે તેમનામાં નહોતી. આથી તેમને તે જ્ઞાન થઈ શક્યું નહિ. તેથી તેઓ મોહ પામી ગયાં. આ સમયે ચંદ્ર આકાશમાં સકળ નક્ષત્રના પરિકર સહિત બિરાજતો હતો, તે પણ કૃષ્ણની આ લીલા જોઈ રહ્યો, અને તે જોઈને વિસ્મયમાં ગરકાવ બની ગયો. ચંદ્રને માટે અહિંયા શશાંક શબ્દનો પ્રયોગ કર્યો છે; તેથી લૌકિક ચંદ્ર સમજાય છે. એ ચંદ્રે પણ દર્શન કર્યા. પણ કોઈને શંકા થાય છે કે રાસક્રીડામાં આવેલી રમણીઓના દર્શન કરવામાં સોમને દોષ ઉત્પન્ન થાય છે, તો શી રીતે તેણે આ સઘળું જોયું ? તો તેને માટે ખુલાસો કરવામાં આવ્યો છે કે **अग्निषोमात्मकं जगद्** આ જગત્ અગ્નિ અને સોમરૂપ છે એ શ્રુતિ અનુસાર દેહ સોમાત્મક છે અને તેથી બ્રહ્મથી તે ભિન્ન નથી. આમ હોવાથી તેનાથી કરાયેલું દર્શન દોષજનક નથી. તો સામે ફરીથી કહેવામાં આવે કે એમ જો હોય તો વ્રજસુંદરીઓના દેહ અલૌકિક છે. તો પછી તે સોમાત્મક શી રીતે કહેવાય ? આનો પણ ખુલાસો આપેલો છે. આ રાસની અંદર ગોપિકાઓથી પણ ભિન્ન ભિન્ન અન્ય સ્ત્રીઓ પણ આવ્યા હતાં. જો કે ભગવાનથી જ ભોગ્ય કૃષ્ણનાં વધુઓ વ્રજરમણીઓ જ રાસમાં રાસક્રીડારૂપ પૂર્ણ ફલની સિદ્ધિ માટે આવેલાં તોપણ રાસનાં દર્શન માટે ઘણી જ સાધારણ અંગનાઓ પણ હતી. તેમના દેહ લૌકિક હોવાથી સોમાત્મક છે.

ચંદ્રના દર્શનમાં દોષ શા માટે નથી તેનું કારણ આ પણ છે. જે અલૌકિક ચંદ્ર છે તે ભગવદ્‌ભાવાત્મક છે. પણ આ લૌકિક ચંદ્ર સ્વામિનીભાવવાળો છે અને તે આધ્યાત્મિકરૂપથી દેહમાં હોવાથી તેના દર્શનમાં દોષ નથી એવો ભાવાર્થ છે, અર્થાત્ આ ચંદ્ર સ્વામિનીભાવરૂપ હોવાથી દોષરહિત છે. પોતે જોકે શશાંક તરીકે કલંકી છે છતાં પણ ભગવાન તરફથી આનંદથી ઈચ્છા રાખે છે. કારણકે પોતે

સ્વામીનીભાવરૂપ છે. પોતે સ્વતઃ પૂર્ણ નથી. માટે પ્રભુનું રમણ પોતાને હિતકારક થાય એમ ઈચ્છે છે. શશાંક સ્વામિનીભાવરૂપ હોવાથી તેનું હિત પ્રભુનું સ્વામિનીના પ્રાધાન્યવાળા રમણમાં રહેલું છે. જેમ પૂર્વે જણાવ્યું તે રીતે દેવાંગનાઓ કામથી પીડિત થયાં તેમ અહિંયા ચંદ્ર પણ કામથી પીડિત થયો તે સમજવાનું છે. કામની પીડા બન્નેને થઈ પણ દેવાંગનાઓને તે પીડા થતાં મોહ પામ્યાં અને ચંદ્ર વિસ્મયમાં પડી ગયો કે આ બધું શું થઈ રહ્યું છે ? અથવા તો તેને પણ મોહ થયો એવો અર્થ પણ જોઈ શકાય. દેવાંગનાઓ તે લીલા જોઈને આ કોઈ કામુકની લીલા છે એમજ સમજ્યાં અને તેથી કામનાભાવ તેમનામાં ઉદ્‌બોધ પામ્યો. તેથી તેમણે નિશ્ચય કર્યો કે આ સ્થાનમાંથી પાછાં ફરીને અમે પણ અમારા પતિઓ સાથે આ પ્રમાણે ક્રીડા કરીશું, એમ કામને વિવશ થયાં ચંદ્ર પણ આ જોઈને કામથી પીડાયો, એટલે તેણે તે ક્રીડા કરવાને ભગવાનમાં પ્રવેશ કરવા યત્ન કર્યો. સોમ (ચંદ્ર) એ ભગવાનના રેતોરૂપ છે. શ્રુતિએ પણ તે રીતે વર્ણવેલું છે. આ ચંદ્ર રેતોરૂપ હોવાથી, અને તે આધ્યાત્મિકરૂપથી સ્વરૂપમાં અંતર્ગત હોવાથી તે રૂપથી પ્રવેશ કરવો આવશ્યક છે.

ચંદ્ર એકલો આ લીલા જોતો નહોતો પણ તે પોતાના તારકગણસહિત હતો. તેને આ લીલા જોઈને ખરેખર આશ્ચર્ય થયું. આથી તેને વિસ્મયરસની જ સ્ફૂર્તિ થઈ અન્ય નહિ. આ રીતે તેને પણ આ લીલાનું પરિજ્ઞાન બરાબર થયું નહિ.

આ શ્લોકનું તાત્પર્ય માત્ર એટલું છે કે રસાત્મક પ્રભુની આ લીલા સમજવી બહુ મુશ્કેલ છે. જે કેવલ પુરુષભાવવાળાઓ હોય છે તે સમજી શકતા નથી, પણ સ્ત્રીના જેવા ભાવવાળાં-પ્રેમભાવથી છલકાતાં હૃદયો હોય તે જ સમજી શકે છે. તેથી મૂળ શ્લોકમાં દેવાંગનાઓએ એ લીલા જોઈ, પણ આવાં ભાવવાળાઓ જો નિશ્ચિત ધીવાળાં ન હોય તો તેઓ તે લીલાને યથાર્થ રીતે સમજી શકતાં નથી, ઉલટી તેમને વિપરીત ભાવના થાય છે અને તેથી મોહને વશ થઈ જાય છે એ હકીકત ખેચરસ્ત્રીઓના મોહ પામવા ઉપરથી આપણે સમજી શકીએ છીએ. વળી ગમે તેટલા જ્ઞાનના પ્રકાશવાળા હોય પણ જો તેમનામાં કોઈપણ કલંક હોય-દોષ હોય તો તે પણ આ લીલા સમજી શકતા નથી. ઉલટું તેઓ આથી વિસ્મયને પ્રાપ્ત થાય છે. શુષ્ક જ્ઞાનીઓ તો આશ્ચર્યમાં પડી જાય છે. આ અર્થ ચંદ્રના વિસ્મય થવા ઉપરથી આપણે સમજી શકીએ છીએ.

આ પ્રકારે આધિભૌતિક અને આધિદૈવિકને ભગવત્‌ઉત્પાદિત અભિનિવેશ કહીને, હે દેવી, નંદગોપના સુતને મારા પતિ કરો. એમ પ્રત્યેક સ્ત્રીએ પ્રાર્થના સહિત વ્રત કર્યું હતું તેથી તેમની સાથેનું રમણ અહિયા કહે છે.

**मूलम्-** कृत्वा तावन्तमात्मानं यावतीगेपियोषितः ।
रेमे स भगवाँस्ताभिरात्मारामोऽपि लीलया ।। २० ।।

**अन्वयार्थ --** જેટલી ગોપીઓ હતાં તેટલાં પોતાનાં રૂપ કરીને આત્મારામ ભગવાને પણ લીલાથી તેમની સાથે રમણ કર્યું.

**श्रीसुबोधिनीजी --** ગોપ જ્ઞાતિની સ્ત્રીઓ જેટલાં હતાં તેટલાં પોતાનાં સ્વરૂપ કરીને માયાના ઉદ્‌ઘાટનથી તે તે રૂપમાં ત્યાં પ્રકટ થયા.

આ કરવામાં તેમનું સામર્થ્ય છે માટે તેમને ભગવાન કહ્યાં છે. તે ભગવાન એમ કહીને એવું જણાવ્યું છે કે એટલા માટે જ ભગવાનનો અવતાર છે. અહિંયા તેમના વ્રતને માટે તેમની સાથે ભગવાને રમણ કર્યું. અહિંયા પૂર્વની માફક આત્માની સાથે રમણ નથી, આ અર્થ જણાવવાને કહે છે કે ભગવાન આત્મારામ છે છતાં પણ તેમણે રમણ કર્યું. ચંદ્રના પ્રવેશથી રમણ સંભવે છે. આ દશામાં પણ આત્મારામત્વ છે. અધિકનો પ્રવેશ થયો. તેમાં તેની હાનિ નથી. આત્મરમણમાં પણ તેની મુખ્યતા છે. જેવી રીતે મહાન પણ લીલાને વિસદશ વર્તે છે. પોતે પદાતિની માફક મૃગયામાં જાય છે. જેમ અન્ય પણ અવતારલીલા હોય તેમ આ પણ કરી.

**विवेचन --** ગોપીઓએ કૃષ્ણને પોતાના પતિ બનાવવાને કાત્યાયની દેવીનું વ્રત કર્યુ હતું. અને વર પણ માંગ્યું હતું. તે પ્રાર્થના સિદ્ધ કરવાને હવે પોતે દરેક ગોપીની સાથે રમણ કર્યુ. અહિંયા રમણ માટે આવેલાં કુમારિકા હતાં એટલે તેઓ ગોપની યોષિત કહી શકાય નહિ. પણ શ્લોકમાં ગોપ યોષિત શબ્દ છે. તેનો અર્થ એવો કરવો કે તે ગોપરૂપ અર્થાત્ ગોપજાતિની સ્ત્રીઓ હતી તેમની સાથે રમણ કર્યુ. પોતે અનેક રૂપ થવાની પોતાની અતરંગશકિતરૂપ યોગમાયાને બોલાવી હતી, અને તે માયાને લીધે પોતે અનેકરૂપ થયા.

આ રમણ કરતી વખતે ચંદ્ર જે ભગવાનના રેતોરૂપ છે તેણે ભગવાનમાં પ્રવેશ કર્યો. પોતે જો કે આત્મારામ હતા છતાં પણ આમની પ્રાર્થના પૂર્ણ કરવાને અવતીર્ણ થયા હતા. તેથી આ પ્રમાણે રમણ કર્યુ. ખરી રીતે આ લીલા સ્વરૂપાત્મક છે તેથી તેમાં જે કંઈ થાવ છે તે આત્મારૂપ જ છે. ભગવાન તે આત્મા હોવાથી આ રમણ પણ આત્માનું રમણ છે એમ કહેવામાં કોઈ પણ સંશય હોય નહિ. પ્રથમ અધ્યાયમાં પોતે રમણ કરતા હતા પણ તેમાં પોતે ગોપીઓને જ એ રમણ કરાવતા હતા, અને પોતે આત્મારામ હોવાથી તેનાથી અલગ રહેતા હતા. પણ અહિંયા તો પોતે પણ રમણ કરે છે. પોતે તેમનાથી દૂર રહીને આ લીલા

નિહાળતા નથી. આ રીતે પણ તેમનું રમણ આત્મરમણ કહેવાય. કારણકે લીલા તે પ્રભુથી ભિન્ન નથી.પ્રભુમય જ આત્મમય જ છે. પ્રભુ મહાન હોવા છતાં પણ આ રીતે લીલા કરવા લાગ્યા. ઈશ્વર છતાં પણ નાયિકાઓને પ્રધાન રાખીને પોતે ગૌણરૂપે રહીને આ લીલા કરી. જેમ મહાન રાજા પોતે પગે ચાલીને મૃગયા કરવા જાય તેમ આ પ્રસ્તુત બાબતમાં પોતે ઈશ્વર છતાં તે ગોપીઓ સાથે રમણ કરવા લાગ્યા. જેમ અન્ય અવતાર લીલાઓ ભગવાને કરી તેમ અહિયા પણ કરી.

પછી તેમના સુરતનો અંત આવ્યો એવું જણાવે છે.

**मूलम्-** **तासामतिविहारेण श्रान्तानां वदनानि सः ।**
**प्रामृजत्करुणः प्रेम्णा शन्तमेनाङ्ग पाणिना ।। २१ ।।**

**अन्वयार्थ--** અતિવિહારથી થાકેલાં તે ગોપીજનનાં મુખને તે કરુણ ભગવાને પ્રેમસહિત કલ્યાણકારી હસ્તથી લૂછયાં.

**श्रीसुबोधिनीजी--** અતિવિહારથી એટલે અનેક બંધથી તે પૂરેપૂરાં થાકી ગયાં. તેથી આગળની લીલાને માટે તેમનાં વદન વગેરેને પોતાના હસ્તથી લૂછી નાંખ્યા. કારણકે કૃષ્ણે તેમને માટે જ અવતાર લીધેલો છે. સર્વત્ર તે પ્રમાણે થયું એમ જણાવવાને બહુ વચન વાપર્યું છે તેમ કરવાનો હેતુ કહે છે. ભગવાન કરુણાથી યુકત છે. તે કરુણા ઉદાસીન થતી નથી માટે પ્રેમથી એમ જણાવ્યું છે. માર્જન કરવામાં કલેશની નિવૃત્તિ કહી છે, એમ જણાવવાને કલ્યાણકારી એમ વિશેષણ વાપર્યુ છે. આ રીતે તેમના દુઃખના નિવારણપૂર્વક પરમાનંદની સ્થાપના કરી છે.

**विवेचन --** પ્રભુએ જેટલા ગોપી તેટલાં પોતાના સ્વરૂપ ધારણ કરીને તેમની સાથે રમણ કર્યુ. આમ કરતાં કરતાં તેઓ ઘણાં જ થાકી ગયાં. ત્યારે પ્રભુને તેમના ઉપર કરુણા આવી. કારણકે પોતે આર્તજનના દુઃખનું નિવારણ કરવાને અવતીર્ણ થયા છે, તો પછી આ રાસલીલામાં પોતાના જનને આર્ત થયેલાં શી રીતે જોઈ શકે ?

પ્રભુએ જોયું કે અતિશય શ્રમથી તેમના મુખ ઉપર શ્રમજલ સ્પષ્ટ જ થાય છે આથી જો તેમને કોઈપણ આશ્વાસન નહિ આપવામાં આવે તો કલેશને લીધે આ લીલાની પણ નિવૃત્તિ એકદમ થઈ જશે; આમ હોવાથી પોતે પોતાના હસ્ત તેમના મુખ ઉપર ફેરવ્યો અને ત્યાં દેખાતા શ્રમજલને લૂછી નાખ્યાં. કરુણાનો સ્વભાવ જ એવો છે કે તે અન્યની આર્તિ જોઈને ઉદાસીન રહી શકતી નથી. તેને આશ્વાસન આપી શકે તથા દિલાસો આપે એવું કંઈ કરે તો જ તે કરુણા કહી શકાય. નહિ તો કેવલ કરુણાનું કોઈપણ મૂલ્ય નથી. જો કરુણા કાર્યમાં ન

ઉતરે તો તે કરુણા કહી શકાય નહિ. માટે પ્રભુએ તેમના ઉપર કરુણા દેખાડી અને નવીન ઉત્સાહ પૂર્યો. લોકમાં આપણે જોઈએ છીએ કે માર્જનથી માત્ર કલેશની જ નિવૃતિ થાય છે તેથી કોઈ અધિક સુખ મળતું નથી, પણ અહિંયા તો પ્રભુએ તેથી પણ અધિક સુખ આપ્યું. આ રીતે તેમના દુઃખનું નિવારણ કરીને પરમાનંદની પ્રાપ્તિ કરાવી.

પછી અતિમુદિતનું કૃત્ય કહે છે.

**मूलम्- गोप्यः स्फुरत्पुरहकुण्डलकुन्तलत्विड् - गण्डश्रिया सुधितहासनिरीक्षणेन ।**
**मानं दधत्य ऋषभस्य जगुः कृतानि पुण्यानि तत्कररुहस्पर्शप्रमोदाः ।।२२।।**

**अन्वयार्थ --** ઉજજવલ સુવર્ણના કુણ્ડળ અને વાળની છટાથી શોભતા કપોલની કાન્તિથી, અને ભગવાનના અમૃતમય હાસ્યસહિત નિરીક્ષણ કરવાંથી માન ધારણ કરનાર શ્રીગોપીજન ભગવાનના નખસ્પર્શથી પ્રમોદ પામ્યાં અને ભગવાનના પુણ્યજનક કામોનાં ગુણગાન કરવા લાગ્યાં.

**श्रीसुबोधिनीजी--** માન ધારણ કરતી ગોપીઓએ તેના કૃત્યનું ગાન કર્યુ. ગાનમાં રજોગુણનો અભિનિવેશ હેતુ છે. તેને માટે એક સહજ અને ભગવત્કૃત એમ બે હેતુ કહે છે. પ્રથમ સહજનું નિરૂપણ કરે છે. સ્ફુરાયમાન અગ્નિમાં નાખીને ઉજજવલ કરેલા સુવર્ણના કુંડલ તથા વાળની કાન્તિ સહિત તેમની ગાલની શોભા હતી. ગાલની શોભા ઉજજવલ અગર પીતવર્ણી હતી. કેટલાંક કહે છે તે ઉજજવલ અને નીલ હતી. આ રીતે ત્રણ પ્રકારની કાન્તિ ગુણના કાર્યરૂપ છે. તેથી આમની સર્વોત્કર્ષની યોગ્યતા કહી છે. **સુધિત** એટલે સુધાની માફક પ્રાપ્ત થયેલું હાસપૂર્વક નિરીક્ષણ. આમાં પણ અંતઃસ્થિત રાગ, નિરીક્ષણ અને હાસ એ ત્રણ કહ્યાં છે. આ ભગવાનનાં છે. આથી સન્માન અને અભિમાન ધારણ કરતી તે ગોપિકાઓએ પોતાના હૃદયથી કરાયેલી વિપરીત બુદ્ધિ વડે, પોતાના દોષના નિરાકરણ માટે તેનાં કૃત્યોનું ગાન કર્યુ. તે કૃત્યો ફકત પાપના નિવર્તક નથી પણ પુણ્યરૂપ પણ છે; એવું જણાવ્યું છે. ભગવત્કૃત પાપનિવર્તક તથા પુણ્યજનક હોય છે. માટે તેમાં દોષનો અભાવ હોય છે. અગ્રિમ લીલામાં પુણ્યનો ઉપચય કહ્યો છે. પૂર્વકલેશના વિસ્મરણ માટે આનંદના આવિર્ભાવને કહે છે. તે ભગવાનના નખોના સ્પર્શથી તેમને પીડા ઉત્પન્ન થઈ અને તેથી સંભોગનું સ્મરણ થયું. આથી તેઓ આનંદિત થયાં. ગાનથી તેમનું અંતઃકરણ પૂર્ણાનંદવાળું થયું એમ સૂચન કર્યુ.

**વિવેચન** -- ગત શ્લોકમાં જણાવ્યા મુજબ જ્યારે પ્રભુએ કરુણાથી તેમના મુખને લૂછયું એટલે તેઓ અતિશય મોદ પામ્યાં. તે સમગ્ર સુવર્ણના કુણ્ડલથી ઉજ્જવલ અને કેશને લીધે નીલ કાન્તિ તેમના ગણ્ડસ્થળ ઉપર દેખાઈ. ગણ્ડસ્થળની કાન્તિ ઉજ્જવલ અને પીત એમ ઉભય પ્રકારની હતી એવો પણ અર્થ લેવાય છે અને તેનું કારણ એ હતું કે વ્રજસીમન્તિનીઓમાં કેટલાંક વિદ્યુતની માફક ગૌરવર્ણના હતાં, અને તેમની કાન્તિ ઉજ્જવલ હતી. કેટલાંક ચંપક, તથા કોરાકની માફક પીતવર્ણના હતા, અને તેમની કાન્તિ પીતવર્ણની હતી. આ રીતની કાન્તિ તે ભગવાનના ચાતુર્ય વગેરે જે મુખ્ય કારણરૂપ મૂળ ભગવદ્‌ગુણો છે તેમના કારણરૂપ હતા. અર્થાત્ ઉજ્જવલ, નીલ તથા પીત કાન્તિ ભગવાને પોતે જ નિર્માણ કરી હતી. તેમના સિવાય બીજા કોઈનાથી તે કાન્તિ થઈ નહોતી. આવું અનુપમ સૌન્દર્યના આપનાર ભગવાન જ હતાં. ભગવાનથી તેમને આટલું બધું માન મળ્યું તથા ભગવાને તેમને કૃપા કરીને અપૂર્વ આનંદ આપ્યો, એમ જાણતાં તેમના હૃદય ઘણાં જ પ્રફુલ્લિત થયાં. આથી તે તે અવયવોનું સૌન્દર્ય પૂર્ણ કળાથી ખીલી નીકળ્યું. જો કે વસ્તુતઃ પ્રભુએ જ સૌન્દર્યને ખીલવ્યું હતું. સુવર્ણના કુણ્ડલોનો ઉજ્જવલ પ્રકાશ સર્વત્ર ફેલાયો. કેશની નિલીમા પણ ઝળકી ઉઠી. અથવા ચંપકની માફક પીત્ત વર્ણવાળાની પીતકાન્તિ પણ તેટલી જ શોભવા લાગી. વળી તેઓ અમીમય દૃષ્ટિથી પ્રભુના તરફ જોઈ રહ્યા હતાં. પ્રભુના તરફ પોતાની અમીમય દૃષ્ટિઓ ઢાળતાં, અને નેત્રો દ્વારા પ્રભુના રસસ્વરૂપનું પાન કરતાં હતાં. પ્રભુના સૌન્દર્યના નિરીક્ષણમાં નેત્રોનો ઉત્સવ હતો. એ ઉત્સવનું પરમ સુખ પણ આજે તે મેળવી શક્યાં હતાં. વળી તે સમયે પ્રભુના કરકમળનો શીતલ સ્પર્શ થવાથી જે પ્રમોદ તેમને થયો તેથી પોતે માન મેળવતા હોય તેમ નિર્ભર હર્ષમાં ગરકાવ થઈને પોતાના રક્ષક પ્રભુના ગુણગાન કરવા લાગ્યાં. કારણકે પ્રભુનું ગુણગાન એજ પુણ્યકર્મ છે એમ તે સારી પેઠે સમજતાં હતાં. અગર સ્વહૃદયથી કરેલી કોઈ વિપરીત બુદ્ધિને લીધે કોઈપણ દોષ થયો હોય તો તેના નિવારણ માટે તેમના યશોગાન કર્યાં. પ્રભુના યશનું ગાન એ કેવલ પાપનું નિવર્તક છે એટલું જ નહિ પણ તે પુણ્યનું ઉત્પન્ન કરનાર પણ છે; આથી ગુણગાન કર્યુ એમ કહ્યું.

પછી પોતાની સમાન ગોપીઓ સાથે ભગવાને જળક્રીડા કરી તે કહે છે.

**मूलम्** **ताभिर्युतः श्रममपोहितुमङ्गसङ्ग घृष्टस्रजः स्वकुचकुङ्कमरञ्जितायाः ।**
**गन्धर्वपालिभिरनुद्रुतः आविशद्वाः श्रान्तो गजीभिरिभराडिव भिन्नसेतुः ।।२३।।**

**अन्वयार्थ** - થાકેલો ગજરાજ હાથિણીઓની સાથે જેમ પુલને તોડી નાખે અને પછી જલમાં પ્રવેશ કરે છે તે પ્રમાણે સર્વ ગોપીજનની સાથે શ્રમ દૂર કરવાને

માટે, જેમના અંગના સંગથી માળા દબાઈ છે અને ઉત્તમ ભમરાઓ તથા ગંધર્વો જેમની પાછળ ઉતાવળા દોડે છે એવા ભગવાને તેમની સાથે વ્રજાંગનાઓની છાતીના કુંકુમથી રંગાયેલા જલમાં પ્રવેશ કર્યો.

**શ્રીસુબોધિનીજી** -- તે બધાં ગોપીઓ સાથે મહારાત્રિ સમયે યમુનામાં જલક્રીડાને માટે ભગવાને પ્રવેશ કર્યો. ત્યાં પ્રયોજન કહે છે કે શ્રમને દૂર કરવાને માટે ગોપીઓના સર્વ અંગનો શ્રમ જલક્રીડાથી દૂર કરવાની ઈચ્છાથી ત્યાં પ્રવેશ કર્યો. ભગવાન જ્યારે તેમની સાથે ગયા તે સમયે શોભા ઉત્પન્ન થઈ તે જણાવવાને કહે છે. માળાના ભ્રમરો પણ ભગવાનની પાછળ ગયા. અથવા ગંધર્વ (ગંધર્વોના રક્ષકો) અને ભ્રમરો તેમની પાછળ ગયા. આ બધાની સાથે ભગવાને શીઘ્ર જલમાં પ્રવેશ કર્યો. આમોદના નિવારણ માટે તે પ્રમાણે કરવું જોઈએ. સંભોગથી શ્રમજલમાં પદ્મિનીનો કમલરૂપ ગંધ હોય છે.

અહિંયા ભ્રમરો એ ભગવદીય છે. અંગના સંગથી તેમની (ભગવાનની) અગર ગોપીની માલાનું ઘર્ષણ થયું. ભગવાનની જ માલા કુંકુમથી રંજીત હતી. કાલિન્દી પણ કુંકુમથી રંગાયા. અહિંયા દેહામોદ પુષ્પામોદ અને કુંકુમામોદ એ ત્રણની વાત કરી છે. સ્વકીય તરીકે તેનું અસાધારણ્ય છે. ભ્રમરો આધિદૈવિક છે. તેથી તે ગંધના ભોકતા છે.

શ્રાન્ત હાથીની માફક એ શબ્દોમાં શ્રાન્ત વિશેષણ લીલાથી ગમનના અર્થસૂચક છે. પ્રત્યેક સંભોગ સુધી ભગવાનના અન્ય ભાવનું નિરૂપણ કર્યુ, તેથી તેને દૂર કરવાને શ્રમલીલાનો પણ આવિષ્કાર છે. હાથીણીઓથી એમ કહીને અન્ય શ્રમનું નિવારણ કર્યુ છે. પુલ જલની રક્ષા માટે બાંધવામાં આવે છે. આવા હાથી તે પુલોને ભિન્ન કરે છે. ભગવાને પણ આત્મારામત્વરૂપ બ્રહ્મમર્યાદા તથા જીવોની મર્યાદાનું નિવર્તન કર્યુ.

પ્રથમ તેમને ભગવાનનો સ્પર્શ થયો. ભગવાનનો તેમને નહિ, માટે ભગવાનમાં કામનો અભાવ જણાવ્યો છે. દેશકાલની મર્યાદા પણ ભગ્ન થયેલી કહી છે. માટે શ્રેષ્ઠ હાથીની માફક જલક્રીડા માટે જલદેવતાને દૂર કરીને સ્વયં ત્યાં પ્રવેશ કર્યો એવો અર્થ છે.

**વિવેચન** -- ગોપીઓ ભગવાનના ગુણગાન કરી રહ્યાં એટલે તેમના શ્રમ દૂર કરવા માટે ભગવાને શ્રીયમુનાજીના શીતલ જળમાં પ્રવેશ કર્યો. જલનો સ્વભાવ છે કે તે માણસના શ્રમને દૂર કરે છે. લોકમાં આ વાત સર્વ પ્રસિદ્ધ છે.

દિવસના કામથી થાકી ગયેલો માણસ પોતાને ઘેર આવતાં થાક દૂર કરવાને માટે જળથી સ્નાન કરે છે, અને તેથી પોતાનો શ્રમ નિવારે છે. અહિંયા પણ રાસરમણથી ગોપીઓને પરિશ્રમ ઘણો જ થયેલો તેથી તેમની-વ્રજાંગનાઓની છાતીના કુંકુમથી રંગાયેલા યમુનાજીના જલમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતી વખતે ભગવાનની માળા તે વ્રજસુંદરીઓના અંગસંગથી ઘૃષ્ટ બનેલી હતી. જેમ ગજરાજ હાથિણીઓની સાથે શ્રમ દૂર કરવાને જલમાં પ્રવેશ કરે છે તેમ ભગવાને પ્રવેશ કર્યો એમ કહ્યું છે. ગજરાજ અને ભગવાન, હાથિણીઓ અને ગોપીઓની સાથે સામ્ય દેખાડ્યું છે. આ ગજરાજ જ્યારે જલમાં પ્રવેશ કરે છે ત્યારે જલના રક્ષણ માટે જો કોઈ પણ પુલ બાંધ્યા હોય તો તેને પણ તે તોડી નાખે છે. ભગવાન પણ તે રીતે પોતે આત્મારામ હોવાથી સર્વ પ્રકારની મર્યાદાઓને પણ તોડી નાખે છે. અહિંયા પોતે શૃંગારરસાત્મક અનેક વિકારોનો આવિર્ભાવ પ્રકટ કર્યો છે અને તેથી પોતાના અવિકૃત રૂપની મર્યાદા-બ્રહ્મમર્યાદાને તોડી નાખે છે.

વેદાંતમાં બ્રહ્મને અવિકૃત-વિકાર વગરનું કહ્યું છે. જો કે બ્રહ્મમાંથી જીવ-જગત વગેરેની ઉત્પત્તિ-સ્થિતિ તથા લયરૂપ ફેરફારો (પરિણામ) ઉદ્ભવે છે. છતાં પણ બ્રહ્મના સ્વરૂપમાં કોઈપણ જાતનો વિકાર નથી એમ ઉપનિષદ્ની શ્રુતિઓ તથા બ્રહ્મસૂત્રોનું તાત્પર્ય છે. દુનિયામાં જે કોઈ ફેરફાર થાય છે તે બે પ્રકારના છે. કેટલાંક વિકારવાળા ફેરફારો છે. અને કેટલાંક વિકાર વગરના છે. જે વિકારવાળો ફેરફાર છે તે વિકૃત પરિણામથી ઓળખાય છે. અને જેમાં વિકાર જ થતો નથી. તેનું નામ અવિકૃત પરિણામ છે. દૂધમાં દહીં તથા ઘી વગેરે ફેરફારો થાય છે પણ તે ફેરફાર મૂલરૂપમાં-દૂધના રૂપમાં ફરીથી પલટી શકાતા નથી, માટે તે વિકૃત પરિણામનો દાખલો છે. કોઈપણ કારણમાં ફેરફાર થઈને અમુક કાર્ય થાય અને તે કાર્ય પાછું મૂળ કારણરૂપ ન બને તો તેને આપણે વિકૃત પરિણામ તરીકે ઓળખીએ પણ તેથી ઉલટું જો કારણમાંથી અમુક કાર્યોરૂપી ફેરફાર થાય અને પાછા તે કારણની અવસ્થામાં મૂકી શકાતા હોય તો તે અવિકૃત પરિણામના દૃષ્ટાંતો ગણાશે. સોનું આજ પ્રકારનું દૃષ્ટાંત પૂરું પાડે છે. તેમાંથી અનેક પ્રકારના ઘાટ બનાવીએ તો પણ બધા ઘાટ મૂળ વસ્તુમાં પાછા આપણે પલટી શકીએ છીએ. અર્થાત આ ફેરફારમાં કોઈપણ જાતના વિકારો નથી. સાંખ્ય લોકો જગત વગેરેની ઉત્પત્તિ સમજાવતી વખતે વિકૃત પરિણામવાદને આગળ ધરે છે પણ શ્રીમદ્વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈતમાં અવિકૃત પરિણામવાદથી જગતની ઉત્પત્તિ વગેરે સમજાવી શકાય છે. અર્થાત્ બ્રહ્મ પોતાની ઈચ્છાથી લીલા કરવાને માટે અનેકરૂપ છે. જગત ઈત્યાદિની ઉત્પત્તિ કરે છતાં પણ એ બ્રહ્મના શુદ્ધરૂપમાં

કોઈપણ જાતનો ફેર પડતો નથી. બ્રહ્મના સ્વરૂપમાં વિકાર નથી. બ્રહ્મ તો છે તેનું તે જ છે, જગત ઈત્યાદિ બ્રહ્મથી ભિન્ન વસ્તુઓ નથી. તે પણ બ્રહ્મ જ છે, પણ તે કાર્યાવસ્થાને પ્રાપ્ત થયેલું બ્રહ્મ છે, બ્રહ્મ પોતે કાર્ય અને કારણ પણ છે. બન્ને સ્થિતિમાં પોતે જ છે. તેમના બ્રહ્મસ્વરૂપમાં કાંઈપણ પણ ન્યૂનતા અગર ક્ષતિ નથી. આવી બ્રહ્મની મર્યાદા છે.

આ બ્રહ્મ વિકાર વગરનું શ્રુતિઓએ પ્રતિપાદન કર્યું છે, પણ છતાં પોતે અહિંયા ગોપીઓની સાથે લીલા કરવાને માટે ગજરાજની માફક અનેક રસના ભાવો તથા વિકારો દેખાડ્યા છે અને તે રીતે પોતે બ્રહ્મની મર્યાદારૂપી પૂલનો તોડ્યો છે.

આમ કરવાનું કારણ એ જ છે કે પોતે વિરુદ્ધધર્માશ્રયી છે. પોતે કરવાનું કરે અને ન કરવાનું પણ કરે. બ્રહ્મ ન્હાનામાં ન્હાના છે અને વળી મોટામાં મોટા છે. તેમને હસ્ત કે પગ નથી છતાં દોડે છે તથા વસ્તુઓનું ગ્રહણ કરે છે. આવી રીતે બ્રહ્મનું વર્ણન કરવામાં આવ્યું છે. આ વર્ણનમાં તેમનામાં વિરુદ્ધ ધર્મો રહેલા આપણે જોઈ શકીએ છીએ. તે જ પ્રમાણે અહિંયા બ્રહ્મ મર્યાદાનો ભંગ કરીને પોતાનું વિરુદ્ધધર્માશ્રયત્વ રસરીતિએ પોતે દાખવ્યું છે.

આ બ્રહ્મમર્યાદા તથા આત્મમર્યાદાનો ધ્વંશ કરવાનું કારણ એ છે કે જયારે શૃંગારરસનો અત્યન્ત પરિપોષ થયો એટલે પોતામાં જે જ્ઞાનાંશ હતો તે તિરોભૂત થયો અને ફકત આનંદઅંશ જ પ્રકટ દેખાયો, જ્ઞાનાંશના તિરોધાનથી વ્રજસુન્દરીઓમાં આત્મત્વની સ્ફૂર્તિ પણ જતી રહી. હવે તો તેમના તરફ નાયિકાભાવના જ સ્ફૂર્તિ બાકી રહી. અર્થાત્ આત્મત્વની સ્ફૂર્તિ એ જ્ઞાનીઓને માટે છે. આ ગોપીજન જ્ઞાનીઓ કરતાં પણ ઉત્કૃષ્ટ ફળનાં અધિકારી હતાં, તેથી રસશાસ્ત્રની રીતિ પ્રમાણે નાયિકાભાવથી તેમને આનંદનું દાન કર્યું. આની સાથે દેશ તથા કાલની પણ મર્યાદા તોડી નાખી. અહિંયા દેશ એટલે સ્વામિનીઓના અવયવો સમજવાના છે. રસશાસ્ત્રમાં દરેક જગ્યાએ સ્પર્શાદિનું વર્ણન કર્યું છે. તે મર્યાદાને પણ તોડી નાખી. કારણ કે પોતે યથેચ્છ સ્પર્શાદિનું વિધાન કર્યું, અમુક જ પ્રકારથી આ નાયિકાને સંતોષ આપવો જોઈએ એવી જે કાલની મર્યાદા હતી તે પણ તોડી નાખી કારણકે તેમાં પણ મરજી આવે તે સમયે જ ક્રીડા કરી.

પ્રેમ ભકિતનું પ્રત્યક્ષ મૂર્તિમાન રૂપ તે જલ-રસ છે. તેમાં જે પ્રવેશ કરે છે તેની આગળ લોકનાં કે સમાજનાં અગર વેદનાં બંધનો રહેતાં નથી. તે બંધનોને તોડી નાખનાર જ તેમાં પ્રવેશ કરે છે. એ બંધનો તોડી નાખનારના આત્માને જ

ફલાત્મક સુખ મળી શકે. રાસથી-રસસમૂહથી થાકેલાંને રસમાં (જલમાં) સ્નાન કરવાથી જ શાન્તિ મળી શકે તેથી પ્રભુએ અહિંયા ગોપીઓની સાથે જલમાં પ્રવેશ કર્યો છે.

અને ત્યાં જલક્રીડા કરી એવું કહે છે.

**मूलम् सोऽम्भस्यलं युवतिभिः परिषिच्यमानः प्रेम्णेक्षितः प्रहसतीभिरितस्ततोऽङ्ग ।**
**वैमानिकैः कुसुमवर्षिभिरीड्यमानो रेमे स्वयं स्वरतिरत्र गजेन्द्रलीलः ।। २४ ।।**

**अन्वयार्थ** જલમાં યુવતિઓથી પૂરેપૂરી રીતે છંટકાવ કરાતા, હાસ્ય કરતી સ્ત્રીઓથી પ્રેમપૂર્વક જોવાતા, અને વિમાનવાળા દેવોથી ફુલની વૃષ્ટિથી સ્તુતિ કરાતા, પોતાના વિષે રતિવાળા, તથા ગજેન્દ્રલીલા કરતા ભગવાન્ સ્વયં રમણ કરવા લાગ્યાં.

**श्रीसुबोधिनीजी-** તે એટલે પૂર્વે જણાવેલી સ્ત્રીઓ સહિત ભગવાન્ જળમાં યુવતિઓથી સંપૂર્ણ રીતે સીંચાયા પછીથી પ્રેમપૂર્વક તે જોવા લાગી અને કૌતુકમાં આવેલી તે હાસ્ય કરતી આમ તેમ તેમના ઉપર સિંચન કરવા લાગી, અને પછી ભગવાન જેના તરફ જલમાં મુખ ફેરવતા તેની સાથે રમણ કરવા લાગ્યા. આથી તે સર્વની સાથે રમણ કર્યું. અહિંયા જેમ માહાત્મ્ય જ્ઞાનપૂર્વક નિર્ભય સ્નેહ તથા નિર્દોષ ભાવથી શુક વર્ણન કરે છે તેમ રાજા પણ શ્રવણ કરે છે, એવું જાણીને સ્નેહથી તેમનો પણ લીલાની મધ્યમાં પ્રવેશ છે. એમ સૂચવવાને ''અઙ્ગ'' એમ અવ્યય વાપર્યું છે. આથી તમને જ આ લીલાનું વર્ણન કરૂં છું એવો ભાવ છે. શંકા શા માટે દેવોએ તેનો નિષેધ ન કર્યો ? તેઓ વિમાનમાં બેસીને કુસુમની વૃષ્ટિ કરતા હતા અને ભગવાનનું સ્તવન કરવા લાગ્યા. સર્વ દેવતાઓ તેમનું અભિનંદન કરે છે, નિવારણ નહિ. નહિ તો લોકમાં કામરસ વ્યકત થશે જ નહિ. પરિષેક વખતે વીરરસ ન થાય એટલા માટે પ્રેમથી ઈક્ષણ કર્યું. સ્વયંપદથી એમ સૂચવે છે કે બલાત્કારે પણ તે પ્રમાણે કર્યું. તે વખતે ભગવાનમાં પણ રતિ થઇ, પોતે ગજેન્દ્ર લીલાનો સ્વીકાર કર્યો. જેમ જેમ જલનું સિંચન થવા લાગ્યું તેમ તેમ તે સુખ અનુભવવા લાગ્યાં. આટલા માટે ગજનું દૃષ્ટાંત છે. આથી મહાસુરતનો આનંદ એમને થયો.

**विवेचन** જલમાં પ્રવેશ કર્યા પછી કેવી રીતની ક્રીડા કરી તે હવે વર્ણવે છે. જલક્રીડાના પ્રારંભમાં તે સઘળી યુવતીઓએ જળને આજુબાજુએ ઉછાળવા માંડયુ. આથી જલબિંદુઓનો છંટકાવ તેમની ઉપર થઇ રહ્યો. વળી તેઓ પ્રેમપૂર્વક હાસ્ય

કરી રહ્યાં. કારણકે તેઓ ઘણા કૌતુકમાં આવી ગયા હતા. જલક્રીડામાં પ્રભુની ઉપર રસનો ખૂબ છંટકાવ કરી દેવો અને તેમને રસથી ઢાંકી દેવા. એવા તેમને મનોરથો થયા. તે ગોપીઓ યુવતી હતી. યુવાવસ્થામાં હતાં. એટલે તેમનામાં છંટકાવ કરવાનું બળ પણ હતું. યુવાવસ્થાના બળને લીધે પ્રભુને રસક્રીડામાં હરાવવાને તેમણે પરસ્પર સ્પર્ધા કરી.

એક જણે આ પ્રમાણે કર્યું એમ નહિ પણ તે બધાં સિંચન કરવા લાગ્યાં. આ જલક્રીડા નિર્દોષ છે એમ શુકદેવજી સારી પેઠે સમજે છે તેથી પોતે પણ પ્રભુના માહાત્મ્ય જ્ઞાનપૂર્વક નિર્ભર સ્નેહથી નિર્દોષતાથી તેનું કથન કરે છે, અને રાજા પણ તેટલા જ સ્નેહથી શ્રવણ કરે છે. માટે શુકદેવજીને રાજાપ્રતિ હેત થાય છે અને જણાવે છે હે રાજા, આ લીલાનું જે વર્ણન મેં તારી આગળ કર્યું તેનું કારણ એ છે કે તેની નિર્દોષતા તું સારી પેઠે સમજે છે. આમા કોઇ પણ જાતની વિપરીત લીલા નથી, નહિ તો હું સંસારથી વિરકત બનેલો મુનિ છતાં આ રીતની શૃંગાર રસના વર્ણનવાળી પ્રભુની લીલાનું ગાન કરું એ કદી પણ સંભવિત છે ? આ લૌકિક કામીઓની ક્રીડા નથી, પણ આનંદઘન રસાત્મક પ્રભુ તથા તેમની શકિતઓની અલૌકિક લીલા છે, તે મેં પહેલેથી જ જણાવ્યું છે. આ લીલાનું વર્ણન હું બીજા કોઇની આગળ કરતો નથી પણ તારીજ સમક્ષ કરું છું તેનું કારણ તું કલ્પી શકીશ કે તું તે શ્રવણ કરવાને મારી આગળ અધિકારી જણાયો છે. માટે આમાં અવિશ્વાસ કરીશ નહિ તથા અન્યથાભાવ દેખાડીશ નહિ. હે રાજા તારા જેવો શ્રવણ કરનાર મને મળેલો હોવાથી આ રહસ્યકથા કરતાં મને આનંદ થાય છે, કારણકે દુનિયામાં હૃદયની કથા જેની આગળ કહી શકાય એવા શ્રોતાઓ બહુ દુર્લભ છે. તું સાવધાનતાથી આ શ્રવણ કરજે. હું યથાર્થ રીતે તારી સમક્ષ આ લીલાનું વર્ણન કરું છું. આટલો અર્થ જણાવવાને મૂળ શ્લોકમાં **अग** શબ્દથી રાજાનું સંબોધન કર્યું છે.

જયારે આ યુવતીઓ પ્રભુના ઉપર જલનું સિંચન કરતાં હતાં તે સમયે આકાશમાં રહ્યાં વિમાનમાં બેસનારા દેવતાઓએ પણ અભિનંદન આપવાને માટે પુષ્પવૃષ્ટિ કરી. રાસકાળે ગીત અને વાદિત્રોનો ગેબી નાદ શ્રવણ કરતાંની સાથે જ દેવતાઓ વિમાનમાં બેસીને તેમની સ્રીઓ સહિત આવ્યા હતા અને દૂર રહ્યા રહ્યા જે કંઇ ચાલી રહ્યું હતું તે અવલોકતા હતા. તેમને પણ પ્રભુને યુવતીઓ સાથે જલક્રીડા કરતાં જોઇને આનંદ થયો. આથી તેમણે આનંદ પ્રકટ કરવાને પુષ્પનું વર્ષણ કર્યું. તેમનામાં એ લીલાનું દર્શન કરવાનું સામર્થ્ય નહોતું તો પછી

તેનું વર્ણન શી રીતે કરી શકે ? દેવતાઓ પણ જાણતા હતા કે પ્રભુ એ આધિદૈવિક કામરૂપ હોવાથી તેમની લીલા પણ આધિદૈવિક છે, અને તે લીલાનું પ્રાકટ્ય લોકમાં કરવાને માટે આ લીલાની જરૂર હતી, આથી અભિનંદન આપવાને તેમણે પુષ્પવૃષ્ટિ કરી. નહિ તો દુનિયામાંથી રસવસ્તુજ ચાલી જાય. અને જીવન પણ શુષ્ક થઇ જાય. જીંદગી જ કંટાળા ભરેલી લાગે. જીવનની રમણીયતા રસજીવનમાં છે. એ રસ જીવનની પરાકાષ્ઠા રસસ્વરૂપ બ્રહ્મની સાથે રસ લૂંટવામાં છે ; દરેક જીવનનું એજ લક્ષ્યબિન્દુ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વનો વિનિયોગ તે પ્રભુ માટેજ થાય તો તે ઈન્દ્રિયો તથા તેમનાં કાર્યોમાં સૌદર્યનું યથાર્થ દર્શન આપણે કરી શકીએ. કારણ કે પ્રભુજ નેત્રોનું નેત્ર છે, કર્ણના કર્ણ છે, સૌન્દર્યનું પણ સૌન્દર્ય છે. સર્વ મધુરિમા, રસિકતા તથા રમણીયતાનાં સરિત વહેણો પ્રભુના ધામમાંજ વહન કરે છે, અને ત્યાં વિચરનારના કર્ણને વ્યક્ત મંજુલ રવથી ભરી દે છે. પ્રભુના અંતરંગ ભકતોજ એ આધિદૈવિક જીવનની મઝા તથા મિઠાશ માણી શકે છે. બીજાઓ તો માત્ર સૂર્યના અખંડ તેજના અંબાર આગળ જેમ આંગણામાં મૂકેલા દીપકની અલ્પ જયોતિની માફક એની (રસાભાસની) પાછળ ફાંફાં મારે છે. પણ એવો આભાસ પણ તેમના જીવનને અનેક દુઃખોમાંથી બચાવવાને તથા આશ્વાસન આપવાને બસ થાય છે. આમ હોવાથી જો તે આભાસ સરખો ન હોય તો સંસારની ક્યારીઓ સૂકાઈજ જાત. માટે દેવતાઓએ પણ પ્રભુના-આધિદૈવિક કામના ક્રીડાને અભિનંદી.

યુવતિઓએ સિંચન કરતી વખતે પોતાના બળ અને ઉત્સાહ ખૂબ દેખાડ્યાં હતાં. છતાં પણ અહિંયા તેમણે વીરરસનું પ્રાકટ્ય કર્યું નથી. જો તેમહોય તો આ શૃંગારરસનું વર્ણન છે તેમાં જો વીરરસ મિશ્રિત થાય તો પછી શૃંગારરસને ગૌણ બનાવી દે, એટલુંજ નહિ પણ વીરરસ તે શૃંગારરસનો વિરોધી હોવાથી, તેના પરિપોષને પણ અટકાવી દે, આથી શ્લોકની બીજી લીટીમાં તેમણે પ્રેમપૂર્વક પ્રભુના તરફ જોયું હતું એમ જણાવ્યું છે. અર્થાત્ જલસિંચન ઈત્યાદિમાં બળ અગર ઉત્સાહ છે પણ તે વીરરસના ભાવો નથી, પણ અહિંયા શૃંગારરસના ઉપયોગિ ભાવો છે એમ જણાવ્યું છે.

યુવતિઓએ આ રીતે જલસિંચન કર્યું તો પણ પોતે પોતાના બાહુ ઉંચા કરીને સારો બદલો વાળવાને તે પ્રમાણે ભગવાને કર્યું નહિ. ઉલટું તેમના તરફ પોતાના બાહુનો પ્રસાર કહે છે. આ રીતે ગજેન્દ્રની માફક પોતે પણ લીલા કરી. જેમ હાથિણીઓ ગજેન્દ્રને જળનો છંટકાવ કરે છે પણ પોતે તેના પ્રતિકાર કરતો નથી, તેમ પ્રભુએ પણ કર્યું.

આ શ્લોક ઉપર વિવેચન કરતાં શ્રીહરિરાયજી એમ જણાવે છે કે પ્રથમના ચાર અધ્યાયોમાં ભગવાનને ગોપીઓનો સ્પર્શ છે તો પણ આત્મારામે પણ રમણ કર્યું એ વાક્યથી તેની સાથે આત્મરત આત્મારામે પણ રમણ કર્યું એમ કહ્યું છે. તેમની આગળ પ્રભુ પ્રકટ થયા વગેરે વાક્યો ઉપરથી જણાય છે કે તેમની ઇચ્છાથી જ ભગવાને રમણ કરેલું, પોતાના સ્વાર્થને માટે પોતાના સર્વ સામર્થ્યને પ્રકટ કરીને નહિ. માટે જ શ્રીમદાચાર્યજીએ આ અધ્યાયના પ્રારંભમાં કારિકાવિભાગમાં કહ્યું છે કે સ્વ આનંદ માટે આ લીલા કહેવામાં આવે છે. વળી પૂર્વના અધ્યાયોમાં રમણલીલા છે છતા ત્યાં શ્રમ નથી. ગોપીઓએ ભગવાન સાથે રમણ કરેલું જણાવ્યું છે. પણ તેમને શ્રમ થયો હતો તેવું જણાવ્યું નથી. આમ હોવાનું કારણ એ જ છે કે ગોપીઓની પોતાની જ ઇચ્છા રમણ માટે હતી. ભગવાનની નહિ. આ અધ્યાયમાં ઉલટું પ્રભુની ઇચ્છાથી આ રમણ થયું છે એમ આપણે સ્પષ્ટ જોઇએ છીએ. સ્વેચ્છાથી આ લીલા હોવાથી લૌકિક કામનો સજાતીય કામ તથા સુરતનું વર્ણન છે. લૌકિક કામ જેવો કામ થવાથી આત્મારામત્વ વગેરે મર્યાદાનો ભંગ કર્યો છે, તથા દેશકાલની મર્યાદાનો પણ ભંગ કર્યો છે. દેશ એટલે રસાનુભવ દેશ અને કાલ એટલે રસાવષ્ટમ્ભક કાલ સમજવા. આથી સ્વઇચ્છાએ કરીને રમણ કરવા માટે જલમાં પ્રવેશ કર્યો.

પછી પુષ્પાવચયની ક્રીડા વર્ણવે છે.

**मूलम्** **ततश्च कृष्णोपवने जलस्थलप्रसूनगन्धानिलजुष्टदिक्तटे ।**
**चचार भृंगप्रमदागणावृतो यथा मदच्युद् द्विरदः करेणुभिः ।। २५ ।।**

**अन्वयार्थ** પછીથી હાથિણીઓ સાથે ફરતા, મદ ઝરતા હાથીની માફક જલ અને સ્થળ ઉપર ઉગતાં ફુલની ગંધવાળા પવનથી જેમની તટદિશા સેવાયેલી છે તેવા શ્રીયમુનાની નજીકના ઉપવનમાં ભમરાઓ તથા પ્રમદાઓના ગણથી ઘેરાયેલા ભગવાન ત્યાં ફરવા લાગ્યા.

**श्रीसुबोधिनीजी-** જલક્રીડા કરી રહ્યા પછી જલ અને સ્થળનાં જે પુષ્પો હતા તેમની ગંધથી યુકત વાયુથી જયાં સર્વ દિશાઓ વ્યાપી ગઇ હતી, તેવા યમુના પાસેના વનમાં ફરીથી ફર્યા. તે સમયે ભૃંગો અને પ્રમદાનો ગણ તેમને આજુબાજુને ઘેરી લેતો હતો. ભૃંગ શા માટે ફરતા હતા તેનું કારણ દૃષ્ટાંતથી જણાવે છે. જેમ મદઝરતો હાથી હાથિણીઓ અને ભ્રમરની સાથે ફરે છે તેમ કૃષ્ણ પણ અહિંયા ફર્યા. આ સમયે સહજ અંતઃસ્થિત રસનો આવિર્ભાવ થયો. ભ્રમરો પણ પાછળ પાછળ ફરવા લાગ્યા. ફર્યા એટલે સર્વત્ર નાનાવિધ લીલાનું નિરૂપણ કર્યું. કવચિત

લતાનો ભંગ, અને કવચિત વૃક્ષશાખાઓ ભંગ કર્યો. આ પ્રકારની ત્રિવિધ લીલા ઘણી અલૌલિક છે. માટે સ્વચ્છન્દથી રમણ કરે છે, (પૂર્વ લીલામાં દેશ, કાલ, નાયિકા વગેરેના વિચાર વગર રમણ કર્યું. પછી નહિ.)

**વિવેચન** જલક્રીડા પૂર્ણ કર્યા બાદ પુષ્પના અવચયની (વીણાવાની) લીલા ભગવાને ગોપીઓની સાથે કરી. શ્રીયમુનાજીના કિનારા ઉપર અનેક વૃક્ષો તથા લતાઓ આવેલી હતી. તેમાં અનેક પ્રકારનાં પુષ્પો ખીલી રહ્યાં હતાં. વળી તે સમયે જલમાં તથા સ્થળ ઉપર પુષ્પનો ગંધ સર્વત્ર ફેલાતો હતો. અને મંદ મંદ વાતા પવનોમાં પણ તે ગંધ મિશ્રિત થતો હતો. ભગવાને આ સ્થાન ઘણું જ રમણીય જાણીને પુષ્પના અવચય માટે ગોપીઓને કહ્યું હે ગોપીઓ ! તમે જલક્રીડાથી તમારા મનને પૂર્ણ રીતે સંતોષ આપ્યો છે. હવે આપણે ચાલો પાછા સ્થળ ઉપર જઇએ. જુઓ તો ખરા ! અહિંયા કેવા મધુર પવનો તટ પ્રદેશમાંથી વાય છે, તથા તે સાથે પુષ્પોની સૌરભ પણ કેવી આહ્‌લાદજનક છે. તમને એ સૌરભ શું ગમતી નથી ? જો તમારી ઇચ્છા હોય તો ચાલો આપણે એ સૌરભ જેમાંથી આવે છે તે પુષ્પોને એકઠાં કરીએ. આ કિનારા ઉપર એટલાં પુષ્પો છે કે તમે વીણતાં પણ થાકી જશો. કેટલાંક ફુલો લતાઓ ઉપરથી ચુંટવા પડશે. કેટલાંક ફુલો વીણવાને વૃક્ષ શાખાઓ ઉપર ચઢવું પડશે. પણ એ સઘળું પુષ્પો માટે છે. એટલે તમને એમાં હું ધારું છું કે શ્રમ લાગશે નહિ. આ પ્રમાણે ગોપીઓને કહીને પોતે તેમની સાથે તટ ઉપર આવ્યા અને પછી પુષ્પો વીણવા લાગ્યા. આ સમયે જેમ હાથીની પાછળ હાથિણીઓ જાય તથા મદને લીધે ભમરાઓ પણ અવાજ કરતા પાછળ પાછળ જાય તેમ કૃષ્ણની સાથે ગોપીઓ પણ ચાલી અને તેમની પાછળ ભમરાઓ પણ દોડવા લાગ્યા. ભમરાઓએ જાણ્યું કે અહિંયા સહજ અંતઃસ્થિત રસ આવિર્ભાવ પામ્યો છે. તેથી રસનું પાન કરવા અવશ્ય દોડવુ જ જોઇએ. એટલા માટેતે પાછળ પાછળ ફરવા લાગ્યા. અને જે જે દિશામાં કૃષ્ણ તથા ગોપીઓ જતા તે તે દિશામાં જવા લાગ્યા. ભગવાન પુષ્પો વીણવાને માટે જુદી જુદી દિશામાં વિચરવા લાગ્યા. અને નાનાવિધ લીલા કરવા લાગ્યા. કેટલીક જગ્યામાં જતા જતાં માર્ગમાં જે લતાઓ આવે, તથા વૃક્ષો આવે તેમની ડાળીઓને પણ ભાગવા લાગ્યા. આ રીતે મર્યાદા તથા લૌકિક માર્ગનો સંપૂર્ણ ત્યાગ કર્યો.

આ રીતે સ્થલ ઉપર રાસ, જલમાં જલક્રીડા તથા પુષ્પાવચય - આ ત્રણે અલૌકિક કામની ક્રીડાઓ કરી.

જલક્રીડા એ રાસોત્તર લીલા છે. રાસમાં પ્રભુ જાતે ગોપીઓને આનંદ સંદોહમાં મગ્ન કરે છે. પણ ત્યાર પછીની લીલામાં ભકત એટલી બધી ઉચ્ચ સ્થિતિમાં મૂકાય છે કે તેઓ પ્રભુના આનંદમાં મગ્ન રહે છે. માટે આ પહેલાંના શ્લોકમાં જલક્રીડા કરવા માટે ગોપીઓએ ભગવાન ઉપર જલનું ચોગરદમ સિંચન કરવા માંડયું એમ કહ્યું છે. જલ એ રસનું રૂપક છે. જલ એટલે રસ સમજવાનો છે. આ રસના પ્રત્યક્ષ પ્રવાહિત રૂપમાં (સુક્ષ્મ રૂપમાં નહિ) આટલી સ્થિતિએ આવેલા ભકતો પ્રવેશ કરવાને અધિકારી બન્યા છે. આજ પુષ્ટિ ભકિતનું પરમ ફલ છે. પુષ્ટિ ભકિતનું ઉચ્ચ શૃંગ આજ છે. આમાં હવે ભકતો પ્રભુ પાસેથી રસ પ્રાપ્તિ કરતા નથી. પણ પોતે જ પ્રભુને રસ પ્રાપ્તિ કરાવે છે. રાસ પર્યન્ત પ્રભુ રસ પ્રાપ્ત કરાવતા હતા. હવે પ્રભુનો તે અધિકાર ગયો છે. અને ભકતો તેમને રસ પ્રાપ્ત કરાવનાર થયા છે. આ પ્રકારનું ભકત જીવન ધન્ય બને છે. તે જ જીવન દિવ્ય હોય છે. પુષ્પ એ ભગવદ્ધર્મનું સૂચક છે. ભગવાનના અશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણો આટલી સ્થિતિએ ચઢેલા ભગવદ્ ભકતમાં વિકસેલા છે. તે સૂચવવાને પુષ્પાવચય લીલા કરે છે. પુષ્પનું સૌંદર્ય તે શ્રીધર્મ છે. તેમાં રહેલી સૌરભ એ જ્ઞાન ધર્મ છે. હૃદયને પ્રફુલ્લ કરવું તે ઐશ્વર્ય ધર્મ છે. ઐશ્વર્ય એટલે સામર્થ્ય. પુષ્પ પણ હૃદયને પ્રફુલ્લ કરીને આનંદી બનાવે છે. આ રીતે હૃદયમાં શોક વગેરે લાગણીઓને દૂર કરે છે અને તેમાં સામર્થ્ય પૂરે છે, માટે તેને ઐશ્વર્ય ધર્મ કહ્યો છે. ગંધનું ઘણે દૂર સુધી ફેલાવું તે યશ ધર્મ છે. (યશનો સ્વભાવ વિસ્તાર કરવાનો છે.) વૈરાગ્ય સંચાર ઉપર અરુચિ કરે છે. પુષ્પમાં રહેલી રસિકતા મનને બીજા બધામાંથી ખેંચી લે છે. અને અન્ય વિષયો તરફ જયાં સુધી તે આપણી પાસે હોય ત્યાં સુધી અરુચિ ઉત્પન્ન કરે છે. તે પુષ્પોનો વૈરાગ્ય ધર્મ છે. પુષ્પના દળમાં રહેલી ઘટ્ટતા એ વીર્ય ધર્મ છે. આ રીતે ભગવાનના છ ધર્મોનું સૂચક પુષ્પ છે. ખીલેલાં પુષ્પોને આ ગોપીઓ વીણે છે એમ જે કહ્યું તેનો ભાવાર્થ એટલો છે કે હવે તેમનું જીવન સંપૂર્ણ બન્યું છે. હવે તેમના આત્માના આ સર્વ ધર્મો સંપૂર્ણ પણે પ્રકટ થવાથી તેમનામાં જીવત્વ હવે દૂર થયું છે અને તેઓ બ્રહ્મભાવને પ્રાપ્ત થયાં છે; હવે તેમનામાં બ્રહ્મનો આનંદ ધર્મ આવિર્ભૂત થવાથી તેઓ સામાન્ય કોટિના જીવો રહ્યા નથી.

આ રીતે લીલાનું વર્ણન કરીને હવે તેનો ઉપસંહાર કરે છે.

**मूलम् एवं शशाङ्कांशुविराजिता निशाः स सत्यकामोऽनुरतावलागणः ।**
**सिषेव आत्मन्यवरुद्धसौरतः सर्वाः शरत्काव्यकथासाश्रयाः ।। २६ ।।**

**अन्वयार्थ** - આ પ્રકારે સત્ય કામવાળા, પોતાના ઉપર પ્રેમ રાખનાર સ્ત્રીઓના ગણવાળા, પ્રભુએ પોતાના આત્મામાં સૌરતને (વીર્યને) સ્થાપન કર્યું અને ચંદ્રમાના કિરણોથી શોભતી, કાવ્ય કથાઓણાં વર્ણવેલી રસના આધારભૂત શરદઋતુની રાત્રિઓનું સેવન કર્યું.

**श्रीसुबोधिनीजी--** લૌકિક ચંદ્રનાં કિરણોથી શોભતી રાત્રિઓમાં આ રીતે રમણ કર્યું. પૂર્વોકત પ્રકાર તો સર્વદા લીલા રૂપ છે, માટે કોઇ પણ તેની સામે વિરોધ લઇ શકે નહિ. શંકા - આમ રમણ કરવાનો શો હેતું હશે ? ઉત્તર - ભગવાન તો સત્યકામ સ્ત્રીઓ સાથે પોતે પણ સત્યકામ છે. આ સત્યકામની પ્રાર્થના સત્યકામ સ્ત્રીઓને કહી હતી. માટે ક્રીડામાં પણ કામ સત્યજ સ્થિત હતો. એ ક્ષીણ અગર અસત્ય વિષયનો ન હતો. તે અબલાગણ પ્રભુની જ અનુરતિ ધરાવતાં ન હતાં. તેઓ સર્વથા પ્રભુની સાથે રત હતા. નિત્ય સંબદ્ધવાળાં હતા. તેમની સાથેજ વિવાહિત હતાં, માટે ભગવાનને સર્વ પ્રકારે પ્રસન્ન થયેલા (શરણે આવેલાં) તે ગોપીની બાબતમાં શંકા કરવી તે યુકત નથી. આગળ મર્યાદાનો ભંગ રસના પોષણને માટે કર્યો છે તે રસ શાસ્ત્રમાં કહ્યું છે. જયાં સુધી પુરુષોનો રસ મંદ હોય છે, ત્યાં સુધી શાસ્ત્રની મર્યાદા હોય છે. પણ રતિ ચક્રની પ્રવૃત્તિ થાય છે તે સમયે શાસ્ત્ર હોતું નથી. તેમ ત્યાં ક્રમપણ નથી. તો પણ તે ગોપીમાં સત્યકામનું સ્થાપન કર્યું જે કામ મોક્ષ પર્યન્ત રહે તે જ ભગવાનને પ્રાપ્ત કરાવશે. આ રીતે રાત્રિઓનું સેવન કર્યું. પછીથી પોતામાં પોતાના સૌરતનો અવરોધ કર્યો, એટલે તેમનામાં રતિની સ્થાપના કરી. તેમ જો થાય તો તેમને (ગોપીઓને) કૃષ્ણથી પુત્ર થાય. આ રીતે સર્વ રાત્રિઓ ગાળી. શરદ ઋતુને પણ ગાળી. કાવ્ય કથાનું પણ તે રીતે નિર્વહણ કર્યું, એટલે કાવ્ય શાસ્ત્રની રીતે અગર ગીતગોવિંદમાં જે રીતે વર્ણન કર્યું છે તે ન્યાયે પણ રતિ કરી. તેનો હેતુ રસાશ્રય શબ્દથી કહે છે. કામરસ તેમાં જ (કાવ્યમાં) પ્રસિદ્ધ છે. જયાં સુધી પુરુષ રસમાં ગૌણભાવ પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી તે રસિક થતો નથી. અથવા શરદના વર્ણનમાં જે કાવ્ય, તેમાં જે જે કથાઓ હોય તેમના રસના આશ્રય એમ પણ અર્થ કરાય. આ રાત્રિઓ લોક પ્રસિદ્ધ નથી, પણ કાવ્યમાં વર્ણવેલી હોય છે. તેમાં (કાવ્યમાં) નિયતિ - બ્રહ્માએ કરેલા સર્વ નિયમોનો ત્યાગ હોય છે. અને તે ફકત આનંદ પ્રચુરજ હોય છે. તે બીજાને આધિન નથી. તેનો પ્રાદુર્ભાવ સ્વયંકવિની પ્રતિભાથી જ થાય છે. તે કૃત્રિમ રીતે ઉત્પન્ન થયું નથી ! તથા બીજા પણ તેમાં ગુણો હોય છે તે જ રીતે ભગવલ્લીલાની રાત્રિમાં પણ તે ગુણ હતા.

પ્રકાશ - સર્વ ગોપીઓમાં પણ પ્રભુની અનુરતિ હતી. અહિયા પ્રથમ કુમારીઓ હતી. બીજી નિત્ય લીલાસ્થ શ્રુતિસિદ્ધ અંતર્ગૃહગત હતા. ત્રીજા દ્વારકાનાં લીલાસ્થ હતા. ચોથા ગોપગૃહના સંબંધવાળા હતા.

લૌકિક કાવ્યમાં પણ સરસ્વતી ભગવદીયનું જ વર્ણન કરે છે. પણ લૌકિકો તેને બીજી રીતે સમજે છે. માટે લૌકિક ગાથાઓમાં પણ જીવ સંબંધી શૃંગારનું વર્ણન નથી, પણ ભગવાનની લીલાનું જ વર્ણન છે. કાવ્યનો ઉત્તમ આશય ભગવાનની લીલાનું વર્ણન કરવામાં જ છે.

**ટિપ્પણ** (૧) લૌકિક નિશામાં કામ લીલાથી ચંદ્રના અંશની નિવૃત્તિ કરી રમણ પછી કર્યું (૨) નૃત્યાદિથી કેવલ રસાત્મક ગૂઢ ભાવને પ્રકટ કરે છે. પણ ભાવાત્મક રમણ તો ગૃહ ગમનાદિથી પણ અટકાવાતું નથી. તે તો સર્વદા ઘરમાં કે પરોક્ષ હૃદયમાં બનેજ જાય છે. નાટયમાં તો રસનો ઉદય થાય તો ભાવથી જ (૩) સ્વામિનીઓ નિત્ય લીલાનાં આશ્રય છે તો પછી કામ લીલાથી રમણ શી રીતે બને ? (૪) સ્વામિનીઓમાં તથા ભગવાનમાં સત્ય કામ હોવાથી તે પ્રમાણે રમણ કરવાથી લીલામાં ક્ષતિ આવતી નથી. આપણા ભગવાનની લીલા નિત્ય છે. પણ માત્ર ફેર આટલો કે જે અહિયા બાહ્ય પ્રાક્ટય પૂર્વક તાદ્દક ક્રિયાથી વ્યંજિત છે જયારે ત્યાં ભાવ માત્રથી વ્યંજિત થાય છે. (૫) કામ લીલાથી રમણના હેતુને અન્ય પ્રકારને અહિયા જણાવ્યો છે. પ્રથમ મારાં પ્રતિથાવ એ રીતે કામ લીલાના અનુભવના હેતુ તરીકે તેઓએ પ્રભુની પ્રાર્થના કરી હતી. કામિની ભાવને પ્રાપ્ત કરીને. ઈત્યાદિમાં પણ શ્રુતિરૂપાએ પ્રભુની પ્રાર્થના કરી એમ જણાવ્યુ હતું. આ રીતે ગોપીઓની પ્રાર્થના જ ભગવાનની કામ લીલામાં હેતુ રૂપ છે. (૬) ચંદ્રના અંશની નિવૃત્તિ કરીને જે કામ ક્રીડા કરી તેમાં પણ (૭) નિવૃત્તિ ચંદ્રના અંશમાં પણ ભગવાનમાં સ્થિત હતા એવો ભાવ છે માટે આગળ કહે છે પોતામાં સૌરતનો અવરોધ કર્યો. (૮) જો તે કામનો ક્ષય હોય તો તે સત્ય બને જ નહિ. સંસાર ક્ષયવાળો છે, માટે કોઇ તેને સત્ય કહેતું નથી. અહિયા કામના દ્રવણમાં તેના અંશની નિવૃત્તિમાં છે તો પણ ભગવાનમાં તેની સ્થિતિ હોવાથી તે ક્ષીણ નથી. જેમ એક પાત્રમાં સ્થિત નવનીત તાપથી દ્રવે છે અને ત્યાંજ સ્થિત થાય છે તેથી તેનો ક્ષય થયો એમ આપણે કહેતા નથી. તેવી જ રીતે અહિયા પણ ભાવ છે. જો કે સ્વામિનીમાં તે કામનો પ્રવેશ છે છતાં પણ લૌકિક કામની માફક આનો વિષય અસત્ નથી. કારણકે ત્યાં પણ ભગવાનનો જ કામ છે. તેની પૂર્તિમાં તે વિષયની સત્યતા બને છે, માટે જ શ્રી આચાર્ય ચરણે કહ્યું છે. તેમના (સ્વામિનીના) કામની પૂર્તિ નિષ્કામથી છે. માટે આમ કામક્રીડા કરી છતાં પણ

પુત્રાદિની ઉત્પત્તિ નથી. શ્રીમદાચાર્યચરણે કહ્યું છે કે કામના અભાવમાં તે પૂર્ણ છે. તેમનામાં લૌકિક કામ હોય તો પણ તેની ક્ષતિ નથી, કારણકે સર્વથા તે કામ ભગવત્પરત્વે છે. માટે તેનું બીજ દગ્ધ થઈ ગયું છે. અહીંયા ત્રણ ગણ છે. શ્રુતિરૂપા; અંતર્ગૃહગતા, અને કુમારિકા. આ સર્વ ગણમાં પ્રભુને સમ્યક્ રીતે શરણે જવા રૂપી ધર્મ સમાન છે. સર્વે ગણમાં પ્રભુ માટે અનુરતિ છે. શ્રુતિરૂપ ગણની અનુરતિ ભગવાનની રતિ પછી છે. અંતર્ગૃહગત ગણ તો લક્ષ્મીની માફક નિત્ય સંબંદ્ધવાળો છે. કુમારિકા ગણમાં પૂર્વધર્મ છે તો પણ પોતાનાથી જ તે પ્રકટ થાય છે. આ રીતે સર્વ પણ ભગવત્પરાયણ છે. સર્વભાવથી તે ભગવાનને જ શરણ ગયેલ છે. માટે તેમાં લૌકિક કામ છે. એવી શંકા પણ કરવી નહિ જોઈએ. શંકા- જો એમ હોય તો કામલીલા કરીને ગજરાજની માફક અહિંયા ભગવાને રસશાસ્ત્રની મર્યાદાનો ભંગ કેમ કર્યો ? એમ કરવું તેમને ઉચિત નથી. શાસ્ત્રોકત દેશ, કાલની મર્યાદાનો ભંગ કરવાથી કામરસનો તે રીતે અનુભવ કદી પણ થતો નથી. મર્યાદાનો ભંગ ગજના દૃષ્ટાંતથી જણાવ્યો છે. ગજની માફક સ્પર્શ કરવાથી સ્વામિનીઓના કામની નિવૃત્તિ કહી છે. કામની નિવૃત્તિ થવાથી કામશાસ્ત્રોકત દેશકાલની મર્યાદા રહેતી નથી. અથવા તેના અભાવે તે પ્રમાણે રમણ પણ સંભવતું નથી. જેમના કામ નિવૃત્ત થયા છે તેમની તે સ્થળમાં તેટલો કાલ પ્રભુની સાથે સ્થિત બને જ નહિ. આના ઉત્તરમાં કહે છે. કામલીલામાં જ આગળ મર્યાદાનો ભંગ કર્યો છે. અને કામની મર્યાદાનો ભંગ તે રસના પોષણ માટે છે, તેનાથી કામની નિવૃત્તિ સર્વથા થતી નથી. નહિ તો કામની નિવૃત્તિથી આ લીલાની નિત્યતા પણ સિદ્ધ નહિ બને. તો પણ સ્વામિનીઓમાં જે કામ છે તે લૌકિક નથી. તેમ હોય તો સંયોગરસની ઈચ્છા ઉદય પામે. પણ અહિંયા તો આત્યંતિક વિયોગ આપવાનો છે. અને તેમાં કામ ગૂઢ સ્થાયી ભાવ છે. માટે જ તે મોક્ષ સુધી ટકનાર છે. નિત્ય સુખના અનુભવના હેતુરૂપ માત્રની પ્રાપ્તિ બને છે. આ લીલાના શ્રવણનું ફળ લૌકિક કામની નિવૃત્તિ છે.

**વિવેચન** -- આ શ્લોકમાં લૌકિક રીતે કામ લીલા વર્ણે છે. તેમના તરફ પ્રેમ રાખનાર સ્ત્રીઓ સહિત ભગવાને તે શરદ ઋતુની રાત્રિઓનું સેવન કર્યું. તે વખતે એક સ્ત્રી ભગવાન સાથે નહોતી પણ અનેક સ્ત્રીઓ હતાં અને તે વળી તેમના ઉપર અત્યંત પ્રેમ રાખનારાં હતા.

આ પ્રેમ રાખનાર સ્ત્રીઓ ચાર પ્રકારના હતાં. કુમારિકાભાવવાળાં, નિત્યલીલાસ્થા, શ્રુતિસિદ્ધ, દ્વારકાલીલાસ્થ. ત્રીજા અને ચોથા ગોપગૃહના સંબંધવાળા હતાં. આ બધાં સ્ત્રીઓની સાથે તેમણે તે રાત્રિઓનું સ્થાપન કર્યું.

ભગવાનનો કામ સત્ય વિષયક હતો. એટલે આ સ્ત્રીઓ સાથે ક્રીડા કરવા છતાં પોતાને ડરવાનું કાંઈ પણ કારણ નહોતું. પોતે આધિદૈવિક કામનું રૂપ હતા. વળી તેમણે જે કામની લીલા અહિંયા કરી તેમાં સુરત (વીર્ય)ને પોતામાં જ અવરુદ્ધ કર્યુ હતું. એટલે પોતામાં કોઈપણ જાતની વિકૃતિનો સંભવ હતો નહિ. એ રાત્રિઓ એટલી બધી સુંદર હતી કે તેનું વર્ણન પણ થઈ શકે નહિ. ફકત કવિઓ જ કાવ્યમાં તેનું વર્ણન કરી શકે. કાવ્યની વ્યાખ્યા મમ્મટાચાર્ય જેવા કાવ્યશાસ્ત્રના ઉંડા અભ્યાસીઓએ તથા પ્રવકતાઓએ આપેલી છે અને તે મુજબ જેમાં કાવ્યની સૃષ્ટિના કોઈ પણ નિયમ લાગુ પડતા ન હોય, જે વાંચતા આનંદની જ લાગણીઓ ઉદ્ભવતી હોય, જેમાં શૃંગાર વગેરે નવરસ આવેલા હોય અને જેમાં કવિની સ્વયંસ્ફૂર્તિ હોય તે જ કાવ્ય કહેવાય. અર્થાત્ કાવ્યમાં આનંદ જ નિતરતો હોય છે અને તે રસના આધારરૂપ હોય છે. તેમાંથી રસ જ ટપકતો હોય છે. જેમાં રસ નિષ્પત્તિ તથા આનંદનો અનુભવ ન હોય તે કાવ્ય ન જ કહેવાય. જે રાત્રિઓના અનુપમ સૌંદર્ય કાવ્યો દ્વારા વાંચીને આનંદથી તથા રસથી હૃદય પ્લાવિત બનતું હોય તે ખરેખર અલૌકિક રાત્રિઓ છે. એવી રાત્રિઓનું પ્રભુએ લીલા કરવાને ગોપીઓ સાથે સેવન કર્યું.

**સાર :**

(૧) લૌકિક રાત્રિઓમાં કરેલી આ લીલા નિષેધ્ય નથી, કારણકે તે લીલા કરનારા ભગવાન હતા.

(૨) જેની સાથે લીલા કરવાની હતી તે ગોપીઓ પરમભકત હતાં. તેમને ભગવાન માટે ખરેખરી રતિ હતી. તેઓ કૃષ્ણને કામી તરીકે ઓળખતાં નહોતાં, પણ ભગવાન તરીકે ઓળખતાં હતાં. એ પ્રમાણે તેઓ જ્ઞાન ધરાવતાં હતાં એટલું જ નહિ પણ પ્રેમ ભકિત કરી જાણતાં હતાં અને તેમની પ્રાપ્તિ માટે પાછળ પાછળ ફરતાં હતાં.

(૩) ભગવાને જે જે લીલા કરી તેમાં કામ હતો પણ તે અસદ્વિષયક તથા અસત્ય કામ નહોતો, પણ સત્યવિષયક, આધિદૈવિક હતો.

(૪) વળી ભગવાને લીલા કરતી વખતે પોતાના વીર્યને પોતામાં જ અવરુદ્ધ કરી રાખ્યું હતુ. તેને બહાર બિલકુલ પ્રકટ કર્યુ નહોતું. મહાનમાં મહાન યોગીની માફક પોતાના વીર્યને અંકુશમાં રાખ્યો હતો. આથી લીલા કરવા છતાં કોઈપણ વિપરીતતા સંભવતી નહોતી.

(૫) કામી પુરુષ પોતે એક જ સ્ત્રી સાથે ગમન કરે છે, અને પોતાની કામનાઓ સંતોષવાને એકાંતતા સેવતો ફરે છે. ભગવાન અનેક નાયિકાઓની સાથે ફરે છે અને જે કાંઈ લીલા કરે છે તેથી કોઈપણ નાયિકાને ઈર્ષા વગેરેનું કારણ મળતું નથી.

આ રીતે લીલાનું શ્રવણ કરીને રાજાને સંદેહ ઉત્પન્ન થયો. તેનું નિવારણ કરવાને માટે પ્રથમ અહિંયા શંકા કરે છે.

**राजोवाच**

**मूलम्-- संस्थापनाय धर्मस्य प्रशमायेतरस्य च ।।**
**अवतीर्णो हि भगवानशेन जगदीश्वरः ।। २७ ।।**

**अन्वयार्थ --** જગતના ઈશ્વર ભગવાન ધર્મનું સ્થાપન કરવાને અને અધર્મનું નિવારણ કરવાને સ્વઅંશથી ખરેખર અવતરેલા છે.

**श्रीसुबोधिनीजी --** અહિંયા ભગવાને અવતાર વિરુદ્ધ, લોક વિરુદ્ધ અને પ્રમેય વિરુદ્ધ કર્યુ છે એમ કહે છે. તેમ કરવામાં અવશ્ય હેતુ કહેવો જોઈએ. તેના અભાવમાં (આમ ન કર્યુ હોત તો પણ લીલાની સિદ્ધિ છે. પ્રથમ અવતાર વિરોધ કહે છે. ભગવાનનો અવતાર ધર્મનું સંસ્થાપન કરવાને માટે છે. ધર્મ સ્થાપન કરવાને માટે એવું વાક્ય છે. વળી તે અવતારનો હેતુ અધર્મની નિવૃત્તિ માટે છે. આ બન્ને પ્રયોજન માટે ભગવાનનો અવતાર છે. અધર્મની નિવૃત્તિ માટે દૈત્યાદિનો વધ અને પૃથ્વીના ભારનું હરણ કરવાનો છે. આટલા માટે જ અવતાર છે. અન્ય અર્થને માટે નહિ એમ જણાવવાને. મૂળ શ્લોકમાં હિ = નક્કી એમ શબ્દ મૂકયો છે. ભગવાન શબ્દથી એમ કહે છે કે તેના સાધનરૂપ પૂર્ણ કામનો અવતાર જ બને નહિ. આનાથી જ (ધર્મ સંસ્થાપન અને અધર્મ નિવૃત્તિથી) લોકોનો ઉપકાર બને છે. અંશ કહેતા બળભદ્ર સહિત ભગવાન અવતાર છે. ભગવાનનું તેમ કરવાનું કારણ જણાવે છે. તેજ સર્વ રક્ષક છે. જગતના ઈશ્વર છે. માટે રક્ષણને વાસ્તે એ પ્રમાણે કર્યુ છે.

**विवेचन --** આ શ્લોક ઉપરનાં સુબોધિની સરળ હોવાથી વિવેચન લખ્યું નથી.

જો એ પ્રમાણે ભગવાન કરે તો શું થાય તો કહે છે.

**मुलम् -- स कथं धर्मसेतूनां वक्ता कर्ताभिरक्षितो ।।**
**प्रतीपमाचरद् ब्रह्मन् परदाराभिमर्शनम् ।। २८ ।।**

**अन्वयार्थ** --તો હે બ્રહ્મર્ષિ, ધર્મ મર્યાદાના વકતા, કર્તા તથા યોગરદમથી રક્ષક એવા ભગવાને પારકાની સ્ત્રીઓને સ્પર્શ કરવારૂપી વિપરીત આચરણ શા માટે કર્યુ હશે ?

**श्रीसुबोधिनीजी** -- ધર્મ મર્યાદાના પાલક નિર્માતા અને જાતે જ તેના વકતા ભગવાન છે, અને ધર્મના નાશ વખતે રક્ષણ કરનાર પોતે છે તો શા માટે આવું વિરુદ્ધ વર્તન કર્યુ ? ભગવાને ધર્મનો નાશ કર્યો અને અધર્મનું સ્થાપન કર્યુ. અધર્મ કર્યો, તેનો ઉપદેશ આપ્યો, અને તેનું રક્ષણ કર્યુ. આવું વિરુદ્ધ આચરણ ભગવાનને માટે અયોગ્ય છે. તો આમ કરવામાં હેતુ શો છે તે કહેવો જોઈએ. એમ બ્રહ્મન્ સંબોધન કરીને પૂછે છે. જે પાંચ પદાર્થો કહ્યા તેમનું સ્વરૂપ એકત્રજ છે તેનો નિર્દેશ પરસ્ત્રીના અંગરૂપી અધર્મમાં કર્યો છે.

**टिप्पण** -- પાંચ પદાર્થોમાં, ધર્મનો નાશ અને અધર્મનું સ્થાપન એ બે અધર્મ કરણ, અધર્મ ઉકિત અને અધર્મેક્ષણ એ ત્રણ મળીને કુલ પાંચ.

**विवेचन** -- આ શ્લોકથી રાજાને ભગવાનની લીલા વિષે જે શંકાઓ થઈ તે જણાવવામાં આવી છે. રાજા કહે છે કે ભગવાન ગોપીઓની સાથે લીલા કરે તે સંભવિત નથી. આ બાબતમાં ત્રણ વિરોધ આવે છે. એક અવતારનો વિરોધ, બીજો લોકથી વિરોધ અને ત્રીજો પ્રમેયનો વિરોધ. આ શ્લોકમાં અવતારનો વિરોધ કેવી રીતે છે તે જણાવે છે. એ તો સૌ જાણે છે કે ભગવાનનો અવતાર ધર્મનું સ્થાપન કરવા માટે છે. અધર્મનો ફેલાવો કરવાને ભગવાનનો અવતાર હોઈ શકે નહિ. ગીતામાં પણ સ્વમુખે ભગવાને જણાવ્યુ છે કે ભગવાનનો અવતાર ધર્મનું રક્ષણ કરવાને માટે છે. કૃષ્ણ ભગવાન એ પૂર્ણ પુરુષોત્તમ હોઈને તેઓ કદીપણ અધર્મનું કામ કરે નહિ. તે તો ધર્મનું જ રક્ષણ કરે અને અધર્મને દૂર કરે. તો પછી આ સ્ત્રીઓ સાથે શા માટે તેમણે રમણ કર્યુ હશે ? એવી શંકા રાજાને અહિયા થાય છે.

**विवेचन** -- અહિંયા રાજા વિશેષ શંકા કરે છે. ભગવાન તો ધર્મ મર્યાદાના રક્ષક છે. છતાં આવું વિરુદ્ધ વર્તન શા માટે તેમણે કર્યુ. તેમણે ધર્મનું સ્થાપન કરીને અધર્મને દૂર કરવો જોઈએ, પણ તેને બદલે તેમણે તો અધર્મ કર્યો, અધર્મને વચનથી જણાવ્યો, અને અધર્મનું રક્ષણ કર્યુ. માટે મૂળ શ્લોકમાં ભગવાનના આ આચરણને વિપરીત કહ્યું. બીજો ગમે તે વિરુદ્ધ આચરણ કરે તે કદાચ માની શકાય પણ આતો સાક્ષાત્ ભગવાન્ છે. પોતે જ ધર્મની મર્યાદા બાંધી છે અને પોતેજ તેનું ઉલ્લંઘન કરે છે. એ કેમ માની શકાય ? માટે

આ બાબતની મારી શંકાનું સમાધાન કરો. મારૂ મન આ પ્રશ્નથી બહુ મુઝવાઇ ગયું છે ? સામાન્ય મનુષ્યોની માફક ભગવાને પણ અમુક મર્યાદાનું પાલન કરવું જ જોઇએ, અને જો તેઓ તેમ ન કરે તો સમાજનું બંધારણ ઢીલું જ થઇ જાય માટે આ બાબતમાં મારે શું સમજવું ?

જો એમ કહેતા હો કે ભગવાને કામથી (કામને વશ થઇને) આ પ્રમાણે કર્યું તો તે માટે કહે છે.

**मलम्- आप्तकामो यदुपतिः कृतवान्वै जुगुप्सितम् ।।**
**किमभिप्राय एतं न, संशयं छिन्धि सुव्रत ।। २१ ।।**

**अन्वयार्थ--** આપ્તકામ, યાદવોના પતિ ભગવાને કયા અભિપ્રાયથી જુગુપ્સિત કાર્ય કર્યું તે વિષેની અમારી શંકાને હે શુભવ્રતવાળા મુનિ છેદો.

**श्रीसुबोधिनी--** ભગવાન આપ્તકામ કરે છે. સ્વતઃ જે એમના કામો પૂર્ણ થયેલા છે. વળી તે યદુપતિ છે, તેથી કામના વિદ્યમાન હોય તો પણ અનેક સ્ત્રીની પ્રાપ્તિ છે. ભગવાને એવા થઇને લોકમાં નિન્દિત કર્મ કર્યું છે. માટે તે કરવામાં શો અભિપ્રાય છે ? પરસ્પર અર્થ વિરુદ્ધ હોવાથી ઉભયનું ગ્રહણ બની શકતું નથી. વિરુદ્ધોની એકતા હોતી નથી. ભગવાનને વિરુદ્ધ ધર્માશ્રયી કહેતા હો તો તેમ કરવાનું પ્રયોજન (અહિંઆં) કહેવું જોઇએ. અન્ત કર્મ લોકને હિતકારક નથી. કારણ કે ભગવાન તો પૂર્ણ છે. લોકની મર્યાદા જ હિતકારક છે. તેમ ગોપિકાઓની પણ મર્યાદા કલ્યાણકારી છે. ઈશ્વર અન્તર્યામિ હોવાથી ભગવાને આ કર્યું. આ અમારા સર્વના સંશયનું આપ છેદન કરો. કારણ કે આપ સુવ્રત છો. સદ્દાચારી છો. જો આ અસંગત હોય તો આપ તેનું વર્ણન નજ કરત. જો અધર્મ હોય તો આપની રુચિ ન થાત. અહિંઆં તો વિપરીતતા છે. માટે આપે નિર્ણય કહેવો જોઇએ.

**विवेचन--** શ્લોક ૨૭ થી ૨૯ સુધીમાં રાજાને આ લીલાનું શ્રવણ થતાં જે પ્રશ્નો થાય છે, તે આપવામાં આવ્યા છે.

આ પ્રશ્નો નીચે મુજબ છે.

**प्रश्न-१** ભગવાન ધર્મ મર્યાદાની સ્થાપના કરવાને તથા અધર્મનો ત્યાગ કરીને પોતાના અંશથી અવતર્યા છે એ વાત ખરીકે નહિ ? ભગવાન જગત્‌ના ઈશ્વર છે. ઈશ્વર તો સર્વનું રક્ષણ કરે. આખા જગતનું જો રક્ષણ કરતા હોય તો જગતમા રહેનાર સર્વનું એ રક્ષણ કરે જ. જગત્‌માં જ્યાં જ્યાં અધર્મ દેખાય તેને

દૂર કરે અને તેની જગ્યાએ ધર્મને ફેલાવે એ ઇશ્વરનું કર્તવ્ય છે, અને તેટલા માટે તેમનો અવતાર છે. શ્રુતિ ભગવાનનું 'રસરૂપે' વર્ણન કરે છે પણ તે વર્ણન પૂર્ણ બ્રહ્મનું છે. જે ઇશ્વરરૂપે જગત્‌માં જગતના રક્ષણ માટે અવતાર લે છે તેનું નહિ. તે ઇશ્વર પૂર્ણ નથી, પોતાની સર્વ કળાઓ અને શકિતઓથી અવતાર લેતા નથી પણ અંશથી-થોડી કળા તથા શકિતઓથી અવતાર લે છે. કેમ આ વાત તો ખરી જ ને તો પછી હે મુને ! આ અવતારી કૃષ્ણને આવી રીતનું ધર્મ મર્યાદાનું ઉલ્લંઘન કરાવનાર વર્તન કરવાનું કારણ શું હશે તે કહેશો ?

**પ્રશ્ન-૨** ભગવાન તો ધર્મની મર્યાદાના વકતા છે. તેના કર્તા છે અને રક્ષણ કર્તા છે. દુનિઆમાં ધર્મ શું છે તેનો પોતે જ બોધ કર્યે છે. સમાજના બંધારણ માટે તથા જગત્‌ની અખિલ રચના માટે ધર્મનું અનુષ્ઠાન આવશ્યક છે એવું એમણે જાતે જણાવ્યું છે. એમણે જ એ ધર્મની પાળો બાંધી છે અને તેનું રક્ષણ કર્યું છે. તો આ મર્યાદાભંગનો ખૂલાસો કરશો. પારકાની સ્ત્રીઓની સાથે સ્પર્શ વગેરે કરવો તે શું હે મુનિ ! વ્યાજબી ગણાય ?

**પ્રશ્ન-૩** હે મુનિ ! અમે એટલું તો જાણીએ છીએ કે ભગવાન યદુપતિ છે. અને તેથી તેઓ અનેક સ્ત્રીઓના પતિ હતા. એટલે ધારો કે આ લીલા કામનાથી કરી એમ માનીએ તો પણ પોતાને અનેક સ્ત્રીઓ હોવાથી શા માટે અન્યની સાથે આ રીતે વિહાર કરે એ સમજાતું નથી ? હું તો માનું છું કે ભગવાનને કામના જ નથી, પોતે આપ્ત કામ છે. તો પછી એમ શંકા થાય છે કે આ પ્રમાણેની લીલા કરવાનું કારણ શું ? જેને કોઇ પણ જાતનો કામ નથી તે વગર પ્રયોજને આવું નિન્દિત કર્મ કરે નહિ. તો આમ કરવાનો કોઇ હેતુ હોય તો તે જણાવશો.

પ્રથમ અવતાર વિરુદ્ધ ભગવાને કર્યું છે એમ જે કહ્યું છે તેના ઉત્તરમાં કહે છે.

**શ્રીશુકઉવાચ**

**मूलम्- धर्मव्यतिक्रमो दृष्टः ईश्वराणां च साहसम् ।**
**तेजीयसां न दोषाय वह्नेः सर्वभुजो यथा ।। ३० ।।**

**अन्वयार्थ--** ધર્મનું ઉલ્લંઘન તથા સાહસ ઇશ્વરોમાં (ઐશ્વર્ય ધર્મવાળાઓમાં) જોવામાં આવે છે. સર્વ વસ્તુ ખાનાર અગ્નિની માફક તેજસ્વી પુરુષોની બાબતમાં કોઇ પણ દોષ હોતો નથી.

**श्रीसुबोधिनीजी--** શું મોટાઓનું આવું ચરિત્ર નથી એમ કહો છો ? અથવા અન્યને માટે અવતીર્ણ અન્યકાર્ય કરે છે. જે ધટનકાર્યને માટે (સુધારવાને) આવ્યો હોય તો તે તેનું વિઘટન કરતો નથી (બગાડતો નથી) તેમ અન્યને માટે આવેલો સ્વધર્મનો ત્યાગ કરતો નથી. પ્રકાશને માટે આણેલા દીપકને હાથથી સ્પર્શ કરવામાં આવે તો બાળી નાખે છેજ. માટે આ ઈશ્વરનો ધર્મ છે. નહિ તો ઈશ્વર ધર્મજ ન બને. વાણીઆઓની માફક ભગવાનને અમુકજ કરવું એવો સર્વ કર્મમાં નિયમ નથી. આ મોટાઓના (ઈશ્વરના) ધર્મો છે. માટે તેને ધર્મનું ઉલ્લંઘન, સાહસ ઈત્યાદિ ગણવામાં આવે છે. ધર્મવ્યતિક્રમ એટલે વિદ્યમાન ધર્મનું ઉલ્લંઘન, સાહસ એટલે અવિદ્યમાનનું કારણ (કરવું તે) આ ઉભય કર્મ ઈશ્વરમાં જોવામાં આવે છે. ''જે જોવામાં આવે છે, તેમાં તે નથી એમ કહેવું તે મનાય જ નહિ.'' શ્લોકમાં અને 'च' શબ્દ છે, તેનાથી, ઈશ્વરના સેવકો તથા વીર્યશાલી પણ સમજવાના છે. આ સાહસ સહસા કાર્ય કરવાથી છે. શંકા : જો એમ હોય તો, તે કર્મનું ફલ શાથી થતું નથી. ઉત્તર-તેજસ્વીઓને તે દોષાવહ નથી. વિધિ અને નિષેધ વાકયો નિયોજયના વિષય બને છે. જેમ લોકમાં તેમ વેદમાં પણ આ નિયમ છે. અતિ તેજસ્વી એટલે સર્વ કર્મને દહન કરવામાં સમર્થ જે પુરુષો છે તેમને તે દોષજનક થતું નથી. આને માટે દૃષ્ટાંત કહે છે. જેમ અગ્નિ સર્વ કંઇ ભક્ષણ કરે છે (તેમ તે લોકો સર્વ કંઇ કરે છે.) સર્વનું દહન કરનાર વહ્નિને વધનો દોષ લાગતો નથી. તે જ રીતે સર્વ પીનાર, સર્વત્ર પ્રવેશ કરનાર, સર્વની સાથે સંબન્ધ ધરાવનાર તે તે કર્મ કરે છે. તો પણ તે દોષ તેને લાગતો નથી. મિથ્યા જ્ઞાનરૂપી જલથી સિઞ્ચિત આત્મભૂમિમાં કર્મબીજ ધર્મઅંકુર ધારણ કરે છે. પણ જેમાં તત્ત્વજ્ઞાનરૂપી ગ્રીષ્મે જલને શોષી લીધું છે એવી મરુભૂમિમાં નહિ.

**विवेचन--** રાજાના પ્રશ્નનો ઉત્તર આપતાં શુકદેવજી તેને કહે છે, 'હે રાજા ! તું સાવધાન થા. મેં અત્યાર સુધી કલ્પના સરખી પણ કરી નહોતી કે તું આવા તર્કકુતર્ક કરીશ. મેં અત્યાર સુધી કૃષ્ણ કોણ છે અને શા માટે પ્રકટ થયેલા છે એ બધું તને સમજાવ્યું હતું. એટલે હું એમ સમજતો હતો કે આ કૃષ્ણના સ્વરૂપનું તને બરાબર જ્ઞાન થયેલું છે અને તેથી જ મેં કૃષ્ણે ગોપીઓ સાથે લીલાનું શ્રવણ કરવામાં તને અધિકારી ગણેલો, પણ હવે મને મારી ભૂલ જણાઇ છે. 'રાજાના અવિશ્વાસ માટે શુકદેવજીને તેના પ્રતિ એટલો બધો અનાદર થયો છે કે હવે તેના નામનું પણ સંબોધન કરતા નથી. તેની સાથે તેનું નામ અગર સંબોધન વિશેષણ તેને માટે યોજયા વગર પોતે તેના પ્રશ્નનો ઉત્તર આપે છે. અલબત

આથી શુકદેવજીનું હૃદય કંઇક ઉદ્દીર્ણ થયું જ છે.તેઓ સદાનંદ કૃષ્ણની લીલાનું દર્શન, તેનો અનુભવ તથા વર્ણન કરતા હતા અને તેમાં જે તેમની કૃતકૃત્યતા જણાઇ હતી તે બધું રાજાના પ્રશ્નથી નષ્ટ થઇ ગયું, એટલે પોતે એકાએક ખિન્ન થઇ ગયા. તો પણ રાજાએ પૂછેલા પ્રશ્નના ઉત્તર આપવા જ જોઇએ એમ વિચારીને હવે તે ઉત્તર આપે છે; પ્રથમ વ્યાવહારિક દૃષ્ટિએ ઉત્તર અપાય છે.

હે રાજા ! તું કહે છે કે મોટાઓ જે હોય છે-જેમનામાં ઐશ્વર્ય છે તેઓ તો ધર્મનું ઉલ્લંઘન કદી કરે જ નહિ. પણ આ માનવામાં જોઇએ તેટલું સત્ય નથી. અપૂર્વ શકિતશાલીઓને ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરવાને તથા સાહસ કર્મો કરવાને ઘણા પ્રસંગો બની આવે છે.

તેમ છતાં ધર્મ મર્યાદા ઉલ્લંઘન કરવાનો દોષ તેમને સ્પર્શ કરતો નથી. પ્રકાશ આપનાર દીવો કોઇ વખત ઘરને બાળે છે, તેથી કંઇ દીપકને દોષ લાગતો નથી. કારણ કે દીપક જાણી જોઇને દહનનું કામ કરતો નથી. તેમ ઐશ્વાર્યવાળા કદાચ ધર્મનું ઉલ્લંઘન કરે તો તેથી તેમને કોઇ પણ દોષ લાગતો નથી. ચંદ્ર પોતાના પ્રકાશથી આખા જગત્‌ને શીતળતા તથા આહ્‌લાદ આપે છે તથા તાપને શમાવે છે-એ ઉપકાર માટે જગત્ ચંદ્રનું ઉપકૃત છે. કોઇ તે ચંદ્રમાં આવેલા કલંકથી તેની નિન્દા કરતું નથી. એ ન્યાયે મહાન વ્યકિતો, (ઐશ્વર્યભાવવાળાઓ) સાધારણ રીતે તો ધર્માનુસાર કાર્ય કરે છે પણ કદાચ કોઇ અપવાદોમાં તેમનાથી ધર્મમર્યાદાનું ઉલ્લંઘન થઇ ગયું હોય તો તેનો દોષ તેમને લાગતો નથી. તેટલા માટે તે નિન્દિત ગણાતા નથી. કારણકે તેમણે પોતાની કલ્યાણ પરંપરાથી જગતમાં શાંતિ તથા સુખ ફેલાવ્યાં છે, તથા જગત્‌ના આંસુઓ દુ:ખની નિવૃત્તિ કરીને લૂછયાં છે. ઈશ્વરો માટે તેમને નિયમનમાં રાખનારા સમાજના અંકુશો હોઈ શકે જ નહિ. એમ જો હોય તો તેમનું ઈશ્વરત્વ મનાય નહિ. ઈશ્વર વહેપારીઓ જેવા નથી. વહેપારીઓ પોતાના ધંધામાં લાભ તથા અલાભ જોઇને પછી કામ કરે છે, ઇશ્વર તેવી રીતે વિચારીને કામ કરતા નથી. ધર્મનો વ્યતિક્રમ એ પણ ઇશ્વરોનો (ઐશ્વર્યવાળાઓનો) એક ધર્મ છે. તેમજ સાહસ કર્મ એ પણ એવા જ કરી શકે. વેદમાં જે વિધિ નિષેધ કર્યા છે અમુક કરવું અને અમુક ન કરવું તે સાધારણ જીવોને માટે છે. લોકોત્તર માટે નથી, તેમાં વળી ભગવાન માટે તો નથીજ કારણ કે વિધિ નિષેધવાળા વેદોના પ્રવકતા પોતે હોવાથી પોતાનું નિયમન તેના ઉપર ચાલે છે પણ તે વેદાદિનું ભગવાન ઉપર નથી, આ સમજાવવાને બીજુ દૃષ્ટાંત અહીંઆં આપે છે, અગ્નિ સર્વ. વસ્તુનું દહન કરે છે, તેથી કોઇ અગ્નિને દોષ આપી શકતું નથી, તેમ જે જે કોઇ સર્વ વસ્તુનું

ભક્ષણ કરે છે તેણે અમૂક અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કર્યું હોય તો તેને માટે આપણે પુછી શકીએ નહિ કે શા માટે તેણે ભક્ષણ કર્યુ ? કારણકે પોતે સર્વ વસ્તુનુ ભક્ષણ કરનાર હોવાથી તેને અભક્ષ્ય વસ્તુનુ ભક્ષણ કરવાની છૂટ છે, તેમ ઈશ્વર તરીકે સર્વ કરવાને ઐશ્વર્યવાળા ઈશ્વર સમર્થ છે. જગત્માં કોઇપણ કાર્ય અગર વસ્તુ એવી નથી કે જે ઈશ્વર કરી શકે એમ નથી. તો પછી તેમના માટે આવો પ્રશ્ન કરવો તે પણ મૌર્ખ્ય છે. એવી વ્યક્તિઓને તેમનાં કર્મનાં ફળ હોતાં નથી. કર્મના નિયમોનું બળ તેમના ઉપર નથી, કારણકે તેઓ કર્મને વશ નથી. આ રીતે અહિંઆં રાજાની શંકાનો વ્યાવહારિક દ્દષ્ટિથી ઉત્તર આપ્યો છે. જલથી આર્દ્ર થતી ભૂમિમાં-જે ભૂમિમાં જળનું વર્ષણ થાય છે અને તેથી તે ભીંજાઇને પોચી બનેલી છે તેમાં બીજ રોપ્યું હોય તો તેમાંથી છોડવો થઇને તે બીજનું ફળ આપણે જોઇએ શકીએ પણ જે મરુભૂમિ છે જે જમીન તદ્દન ઉજ્જડ છે, જેમાં કંઇ પણ વસ્તુ પાકવાનો સંભવ નથી જેમાં સૂર્યનો પ્રખર તાપ હમેશાં તપવાથી જમીન બળી બળી થઇ ગઇ હોય, અગર સૂકાઇ ગઇ હોય તેમાં કોઇ બીજ રોપીને આપણે પણ પાકની આશા રાખી શકીશું ? એવી જમીનમાં કરેલો શ્રમ તથા ખર્ચ વગેરે બરબાદ જાય છે. તેજ પ્રમાણે જેઓના આત્મા મિથ્યા જ્ઞાનની અસર નીચે છે, જેમને ખરૂ જ્ઞાન થયું નથી. તેવાઓનેજ કર્મના નિયમો લાગુ પડે છે. તેમને માટે વિધિ અને નિષેધ છે. તેમને માટે અમુક કર્મ કરવું ધર્મ ગણાય છે અને અમુક કરવું અધર્મ ગણાય છે. તેમણે તો દરેક કાર્ય બહુ સંભાળીને કરવાનું હોય છે. સમાજની સ્થિતિ જોઇને પોતાના વ્યાપારો અગર કાર્યો તેમણે કરવાનાં હોય છે. તેઓ સ્વતંત્રતાથી કંઇ પણ કરી શકે નહિ. તેમને તેમનાં કર્મનાં ફળ ભોગવવા પડે છે. શુભ કર્મનો સારો બદલો મેળવે છે અને અશુભ કર્મનો ખરાબ બદલો મેળવે છે. આ નિયમતેઓને માટે છે. પણ જો તેમને ખરૂ જ્ઞાન થયું હોય તો તેમને વિધિ નિષેધ નથી. કર્મશાસ્ત્રની માથાકૂટ તેમને માટે નથી. તેવા પુરુષો (જ્ઞાનસિદ્ધ) મરુભૂમિ જેવા છે. એ ભૂમિ સૂર્યના તાપથી તપેલી હોવાથી જળ ટકી શકતું જ નથી; મૂળમાં જલનો અભાવ હોય છે પણ છતાં જો જલ કદાચ પડ્યું હોય તો પણ જેવું પડ્યુ કે તુર્તજ તે શોષાઇ જાય છે. તેમ જેમને ખરૂ તત્ત્વજ્ઞાન થયેલું છે તેમને કર્મના પરિણામનો વિચાર કરવાનો હોતો નથી. આથી ઈશ્વરને ધર્મ મર્યાદાના ઉલ્લંઘનનો દોષ નથી.

**मूलम्-** नैतत्समाचरेज्जातु मनसापि ह्यनीश्वरः ।
विनश्यत्याचरेन्मौढयाद्यथारुद्रोडब्धिजं विषम् ।। ३१ ।।

**अन्वयार्थ--** જેનામાં ઐશ્વર્ય નથી તેણે મનથી પણ આવું કદી આચરણ કરવું નહિ. જો મૂર્ખતાથી આવું આચરણ કરશે તો જરૂરથી તેનો નાશ થશે. જેમ રુદ્ર જેવા સામર્થ્ય વગરનો માણસ સમુદ્રનું ઝેર પીવે તો નાશ પામે છે તેમ.

**श्रीसुबोधिनीजी--** ઈશ્વર જે કરી શકે છે તે અનીશ્વરે (અસમર્થ પુરૂષે) ન કરવું જોઇએ. ઐશ્વર્યના સમાધિકરણ જ આ અનિષ્ટ કરતા નથી. માટે કોઇ વખત ઔત્સુકયથી પણ આવું આચરણ કરવું નહિ. તો વિશેષ શું કહેવું ? મનથી પણ તેનું આચરણ ન કરવું. તેમનું કાર્ય ઐશ્વર્યની તુલ્ય છે. ઐશ્વર્યની કામનામા પણ અસમર્થ વધને લાયક છે. જેમ મહારાજ્યનો અનધિકારી તેવી ઇચ્છા કરે તો તે વધને લાયક છે માટે મનથી પણ તેવું આચરણ નહિ કરવું જોઇએ. વિપરીતતામાં બાધક શું છે તો કહે છે. એમ કરવાથી અસમર્થ પુરૂષનો નાશ થાય છે. મૂર્ખતાથી તે કર્મના ઐશ્વર્યના સહભાવને જાણ્યા વગર જે કેવલ કર્મનું આચરણ કરે છે, તેનો એ કર્મથી નાશ થાય છે. કર્મ સરખુ હોય પણ જો તે અમુક ધર્મવાળુ હોય તો શાથી તે નાશક નથી, અને બીજા ધર્મો વાળુ હોય તો નાશક બને છે ? એવો જો કોઇને શંકા થાય તો કહે છે. રુદ્રથી જુદો કોઇ માણસજેનામાં રુદ્રના જેવું પરાક્રમ કરવાનું સામર્થ્ય નથી ને જો કાલકૂટ વિષનું સેવન કરે તો તે નાશ પામે છે. નિન્દિત કર્મ પણ કાલકૂટની માફક નાશક હોય છે. તે ઈશ્વરને-રુદ્રનેશોભા આપનાર હોય છે, માટે તે નીલકણ્ઠ કહેવાય છે. તેજ પ્રમાણે ભગવાન ગોપીજન વલ્લભ છે.

**विवेचन--** આ શ્લોકનું તાત્પર્ય ભકતકવિ દયારામે નીચેના પદ્યમાં બરાબર રીતે ઉતાર્યું છે. માટે તે અહિંઆં આપવામાં આવે છે.

### મહોટા પુરુષોની કૃતિ ન કરવી

મોહોટાનું વચન સુખધામ કૃતિ રીતે કરીએ ;

તે કરે ચહાય સો કામ, આપણ તો મરિયે. મોટા ટેક.

પરનારી ક્રીડા કરી કૃષ્ણે, તે તો આપણે થાય રે;

ઉર્ધ્વરેત અગ્નિ પીવો, ગોવર્ધન કેમ ધરાય કૃતિ રીતે. ૧

શિવ અર્ધાંગે ઉમિયા રાખે, પણ આપણને બીહિવું રે;

ત્યમ કરિયે જો કામ બાળિયે, કયમ બને હળાહળ પીવું. કૃતિ રીતે. ૨

રુધિરમાંસને ભોગે ભવાની, આપણ હઠીયે ત્યાંથીરે;
સિંહ ચઢીને દાનવ દળવા, કાઢિયે તે બળ કયહાંથી. કૃતિ રીતે. ૩
ખરું ખોટું પણ પુત્રી લાંછન, બ્રહ્માને કહેવાયરે;
તે જોઇને ત્યમ કરીયે પણ આ સૃષ્ટિ કેમ રચાય. કૃતિ રીતે. ૪
ચંદ્ર ઈંદ્ર ગુરુ પત્ની રમિયા, ત્યમ કરવું તો સુલભરે;
અંડ પ્રકાશ અમીવૃષ્ટિ, નગપાંખ્યો છેદન દુર્લભ, કૃતિ રીતે. ૫
અગ્નિ ભક્ષણ સર્વ કરે પણ, કોઇ કહે નહિ મેલોરે;
તે જોઇને તું તેમ કરિશ તો, સરવે કહેશે ઘેલો. કૃતિ રીતે. ૬
કલેશ પ્રિય નારદને છે જોઇ, રખે તું ઘેલાં કહાડેરે,
તેહેનો સંગ ભવભય ભંજનને, તહારો સંગ ભવ પાડે. કૃતિ રીતે. ૭
અસુરપ્રતિગ્રહ સુરાપાન, શુક્રાચાર્ય નવ જોશોરે;
દિવ્ય દ્યુતિ મૃત સંજીવન વિદ્યા વેલા પછી રોશો. કૃતિ રીતે. ૮
ગંગા મધ્યે મુનિ પરાશર, ઢીમર કન્યા ભોગીરે;
વ્યાસ પ્રગટ મછગંધા મૃગમદગંધા કરી એ યોગી, કૃતિ રીતે. ૯
કુંતા કૃષ્ણા પંચપતિ પણ, સતી શિરોમણી કહાવેરે;
જેહેનું જોઇ સ્ત્રી અન્ય કરે તો, નિશ્ચે નર્કમાં જાવે. કૃતિ રીતે. ૧૦
શંકરસ્વામીનું જોઇ શિષ્યે, શ્વપચતા ટુકડા ખાધારે;
સીસુ નવ પીવાયું સંગે, થયા બહિર્મુખ બાધા. કૃતિ રીતે. ૧૧
પુત્રતણી બે પુત્રી કશ્યપ, થઇને પિતામહ વરિયારે;
તેહનો દોષ આપણે નવ જોવો, તે ઘર હરિ અવતરિયા. કૃતિ રીતે. ૧૨
યવની રાખી જગન્નાથ પંડિતે, તે તો સહજ બની આવેરે;
બાવન સીઢી ગંગા ચઢાવી, તે તો વેવલાં વિણાવે. કૃતિ રીતે. ૧૩
મેહેતે અનામિકને ઘેર ઓચ્છવ કીધો, તે આપણ નવ જોઇયેરે;

હરિએ હાર મેહેતાને આપ્યો, તે વેળા પત ખોઇયે, કૃતિ રીતે. ૧૪
માટે પ્રમાણ વાટે ચાલવું, ભજવા ગિરિવરધારીરે;
મ્હોટાની ગતિ મ્હોટા જાણે, દયા દીનતા સારી. કૃતિ રીતે. ૧૫

**मूलम्- ईश्वराणां वचः सत्यं तथैवाचरितं क्वचित् ।।**
**तेषां यत्स्ववचो युक्तं बुद्धिमाँस्तत् समाचरत् ।। ३२ ।।**

**अन्वयार्थ--** મોટાઓનાં વચન સત્ય હોય છે, તેમ તેમના આચરણ પણ તેવાં કોઇક વખત હોય છે. માટે તેમના વચનને યોગ્ય જે કર્મ હોય તે કરવું.

**श्रीसुबोधिनीजी--** મહાપુરુષોનાં વચન સત્ય હોય છે, આચરણ નહિ. આચરણ તો કવચિત વચન પ્રમાણે હોય છે. મહાપુરુષોમાં ઘણા ધર્મો હોય છે. જેમ ઐશ્વર્ય હોય છે. તેમ ધર્માત્મત્વ તથા દયા પણ તેમનામાં હોય છે. તેથી ઐશ્વર્ય જ્ઞાન અને વૈરાગ્યથી જે કરે છે તે સ્વચ્છન્દ આચરણ કહેવાય છે. બુદ્ધિમાને તે પ્રમાણે આચરણ કરવું નહિ. તેઓ અસત્ય બોલતા નથી. અન્ય અધિકારથી અન્યાર્થનું કથન કરે છે. માટે તેની વિરુદ્ધ કહેતા નથી.

**विवेचन--** મહાપુરુષોનાં વચન હંમેશા સાચા હોય છે, પણ ચરિત્ર જો આપણે જોઇએ તો તે જુદાં હોય છે. ચરિત્ર લોક સંગ્રહ માટે હોતાં નથી. તે તો ફકત નિરંકુશ ઐશ્વર્યના બોધન માટે છે. તેથી તે રૂપે સત્ય નથી. તેથી તેમના ચરિત્રોમાંથી જેટલા સત્ય અંશો છે તેજ આપણે લેવા જોઇએ. કેટલીક વખત તેઓ પોતાની વાણીથી જુદી રીતે વર્તે છે, તે સમયે આપણે તેમના વર્તન તરફ જોવું જોઇએ નહિ. માટે તેમની વાણીનેજ લક્ષ્યમાં રાખીને બુદ્ધિમાને આચરણ કરવું જોઇએ અર્થાત્ મોટાઓ કહે તે પ્રમાણે કરવું, નહિ કે કરે તે પ્રમાણે કરવું.

જો અન્યને કહેતા ન હોય તો જાતે પણ શા માટે તેમ કરતા નથી. એ શંકાના ઉત્તરમાં કહે છે.

**मूलम्- कुशलाचरितेनैषामिह स्वार्थो नैव विद्यते ।।**
**विपर्ययेण वान था निरहङ्कारिणां प्रभो ।। ३३ ।।**

**अन्वयार्थ--** તેમને (ઐશ્વર્ય ભાવવાળામોટાઓને) અહંકાર નહિ હોવાથી કુશલ ધર્મોના આચરણમાં ઇશ્વરને કોઇ પણ સ્વાર્થ નથી તેમજ વિપરીત કર્મ કરવામાં અનર્થ પણ નથી.

**श्रीसुबोधिनीजी--** આ મહાપુરુષોને શુભ કર્મ કરવામાં કોઇ પણ પ્રયોજન હોતું નથી. તેનાથી પણ અનંત ફલની પ્રાપ્તિ હોય છે, તેમ અશુભ કર્મથી તેમને અનર્થ પણ નથી. મહાપુરુષોને માટે નિષિદ્ધ કર્મથી અનિષ્ટનો અભાવ હોતો નથી. તેમજ જ્ઞાનીઓને માટે છે. જ્ઞાન અને વૈરાગ્યના તુલ્ય સ્વરૂપને કહે છે. અહંકાર રહિત જો વિપરીત કર્મ કરે ઓત અનર્થ થતો નથી, અહિંઆં ''પ્રભુ'' સંબોધન ઈશ્વરની લોકથી વિલક્ષણતા જણાવવાને માટે છે.

**विवेचन--** મહાપુરુષો જે કર્મ કરે છે તે સ્વાભાવિક રીતે કરે છે. કર્મનાં ફળની અપેક્ષાએ કરતા નથી. એટલે શુભ કર્મ કરવામાં તેમને કોઇપણ સ્વાર્થ નથી. મૂળમાં અહંકાર નથી તો પછી ત્યાં સ્વાર્થ કયાંથીજ હોય ? તેમજ વિપરીત કર્મમાં પણ અનર્થ પ્રયોજન નથી. અર્થાત્ જ્ઞાનથી કરેલું કર્મ અનિષ્ટ જનક હોતું નથી.

**मूलम्-** **किमुताखिलसत्त्वानां तिर्यङ्मर्त्यदिवौकसाम् ।।**
**ईशितुश्वेशितव्यानां कुशलाकुशलान्वयः ।। ३४ ।।**

**अन्वयार्थ--** તો પછી તમામ પ્રાણીઓ પક્ષીઓ મનુષ્યો તથા દેવતાઓના નિયામક કૃષ્ણના નિજ સેવકો સાથે કરેલાં કર્મોથી કુશલ તથા અકુશલનો સંબંધ શી રીતે બને ?

**श्रीसुबोधिनीजी--** સેવકોને મારવામાં તથા તેમને અન્યથા કરવામાં ઈશ્વરને કોઇપણ શંકા થતી નથી. જેમ લૌકિક બાબતમાં શંકા સંભવતી નથી, તેમ અલૌકિક બાબતમાં પણ શંકાનો સંભવ નથી. નિયામક હોય તો શંકા થાય. ભગવાનનું કોઇ નિયામક નથી. સર્વ જીવો, પશુ, માણસ અને દેવો, જીવ અને જડ પ્રાકૃત અને અપ્રાકૃત સર્વનના નિયામક પ્રભુ કૃષ્ણને ગુણ અને દોષથી પુણ્ય અને પાપનો સંબંધ શી રીતે થાય ? આત્મભૂત દાસીઓની સાથે સંબંધ કરવાથી અનિયમ્યના ઐહિક અને પાર લૌકિકમાં કોઇ પણ અપકાર સંભવતો નથી. અંતરંગો જ તે પ્રમાણે જાણે છે. માટે સુશ્લોકયતાની નિવૃત્તિ નથી. તેમ કર્મમાર્ગના વિચારથી કર્મના પ્રાધાન્ય પક્ષમાં પણ દોષની શંકા કરવી જોઇએ નહિ.

**विवेचन--** હે રાજા ! મેં ઉપર કહ્યું તે પ્રમાણે દુનિઆમાં મહોટા ગણતા પુરુષોને અન્યથા કર્મથી કોઇ પણ દોષ લાગતો નથી, કારણ કે તેઓ જે કંઇ કરે છે તે જ્ઞાનથી કરે છે. લોકમાં મોટા માણસો પોતાના સેવકોની સાથે ગમે તે રીતે વર્તે છે છતાં કોઇ તેમની નિન્દા કરતું નથી; કારણ કે તેઓ મોટા છે અને જ્ઞાની છે એમ લોક જાણે છે. તો પછી ભગવાન જો કંઇ કાર્ય કરે તો તેમાં શંકા શા

માટે થવી જોઇએ. જગત્‌માં સર્વ વસ્તુ ઉપર ઇશ્વરની સત્તા ચાલે છે. એવા ઇશ્વર (ભગવાન) પોતાના સેવકોની સાથે અમુક પ્રકારનું વર્તન કરે તો તેમાં આ કામ સારૂ કર્યું અગર ખોટું કર્યું એવા તર્કો તથા કુતર્કો શા માટે હે રાજા ! તને થવા જોઇએ ? તારે એટલું સમજવું જોઇએ કે કૃષ્ણ એ ઇશ્વર છે, ભગવાન છે. અને તેમણે જે કંઇ કર્યું છે તે જ્ઞાન પૂર્વક કર્યું છે. તો તેહેતુ સમજવા તું શંકા ન કરીશ

''પરમેષ્ઠીનો આ યજ્ઞ આગળ હતો'' ''આ બ્રહ્મ આગળ હતા'' ''તેણે આત્માને જ જાણ્યો'' ઇત્યાદિ શ્રુતિમાં જેમ જ્ઞાન અને કર્મથી ઉત્કર્ષ થાય છે, તેમ અપકૃષ્ટ જ્ઞાન કર્મથી અપકર્ષ પણ સંભવે છે માટે કહે છે.

**मूलम्+यत्पादपङ्कजपरागनिषेवतृप्ताः योगप्रभावविधुतासिलकर्मबन्धाः ।**
**स्वैरं चरन्ति मुनयो पि न नह्यमानाः तस्येच्छयात्तवपुषः कुत एव बन्धः ।।३५।।**

**अन्वयार्थ--** જેઓ ભગવાનના ચરણ કમળની રજના સેવનથી તૃપ્ત બનેલા છે, જેમના તમામ કર્મના બંધનો પોતાના પ્રભાવથી તુટી ગયા છે, જેઓ મુનિઓ છે તે પણ સ્વેચ્છાથી આચરણ કરે છે, તો પછી સ્વેચ્છાથી દેહ ધારણ કરનાર ભગવાનને બન્ધન કયાંથી રહે ?

**श्रीसुबोधिनीजी--** સર્વ જીવોને સમાન કર્મથી સમાન ફળ મળતું નથી. નહિ તો શાસ્ત્રનું વૈફલ્ય થાય છે. ઉત્કૃષ્ટ કર્મ વગેરેમાં પ્રવૃત્ત હોય તે કોઇ પણ વખતે અવકૃષ્ટ કર્મવાળા કોઇથી અપકૃષ્ટ બનતો નથી. ત્રણેમાં પ્રવૃત થનાર અપકૃષ્ટ થતો નથી. પ્રથમ ભકિત માર્ગમાં પ્રવૃત થનાર પુરુષનો કોઇનાથી અપકર્મ નથી. એમ કહે છે. જે ભગવાનના પાદપંકજના પરાગરૂપ સેવકો હોય છે તેમના નિષેવણથી તૃપ્ત થનારા મુનિઓ ભગવદ્ ભકતોની સાથે ભગવદ્‌ગુણના સ્મરણથી જે તેમને દેખાતા યત્કિંચિત્ સુખના આભાસનું સ્મરણ થયું હોય છે અને તે સ્વેચ્છા પ્રમાણે ફરે છે.તેઓને કર્મનો ઉત્કર્ષ કે અપકર્ષ સાધક કે બાધક નથી. કર્મમાર્ગમાં પણ તેમ હોય છે. યોગ એ મહાન ધર્મ છે. સ્મૃતિમાં પણ કહ્યું છે. આ પરમ ધર્મ છે. તેનો પ્રભાવ અણિમાદિ ઐશ્વર્ય સંપત્તિ છે. જ્ઞાનાદિનું વિશેષ ધૂનન છે. પૂર્વકર્મ જનિત અખિલ કર્મ બંધનો તેનાથી દૂર થાય છે. તે પણ સ્વેચ્છા પ્રમાણે ફરે છે. હવે જ્ઞાન માર્ગની વાત કરે છે. મુનિઓ પણ સર્વત્ર બંધનમાં આવતા નથી. જયાં ભગવાનના પ્રવર્તિત માર્ગમાં આવી વ્યવસ્થા હોય છે ત્યાં ભગવાન વિષે શું કહેવું તો ત્યાં કહે છે. ભગવાન તો ઇચ્છા પ્રમાણે દેહ ધારણ કરનાર છે. તો તેમને બંધન કયાંથી થાય ? જો ભગવાનનું રૂપ આવું છે. અને તે પોતાનું કાર્ય કરીને

તેનું આચ્છાદન કરે તો તેમને કયા કર્મથી બંધન થાય. કર્મ તો પ્રતિનિયત વ્યવસ્થિત છે. તેમાં જો જીવ જુદા જુદા હોય તો તે કર્મથી બન્ધ થાય. આકાશની માફક ભગવાનનાં રૂપ પ્રતિપદે અન્ય થાય છે. અહિંઆં પણ ભેદથી એક દેહનો વ્યવહાર છે. આ રીતે દેશ ભેદથી પણ ભગવાનના પાદ અને હસ્ત સર્વત્ર છે, તો ઇચ્છાથી તેવા પરિચ્છેદથી પ્રકટ થાય છે. આ રીતે પ્રમાણ અને પ્રમેયના વિચારથી પણ બન્ધનો સંભવ નથી. મૂળ શ્લોકમાં **आत्तवपुषः** છે. તેનો બીજો અર્થ ''સ્વામિનીઓના વપુને ધારણ કરનાર'' એમ પણ અર્થ સંભવી શકે છે.

**વિવેચન --** આ શ્લોકમાં શ્રીશુકદેવજી ઉપર પ્રમાણે રાજાના પ્રશ્નનું સમાધાન કરવાને માટે ઉત્તર આપીને વિશેષ ખુલાસો કરે છે. ઉપરના શ્લોકોમાં જણાવ્યું હતું કે જેઓ મહાન્ વ્યકિતઓ ગણાય છે, જગતમાં લોકોત્તર અગર મહાત્મા તરીકે પૂજાય છે, જેમનામાં અતુલ ઐશ્વર્ય અથવા સામર્થ્ય છે તેવા પુરુષોને શાસ્ત્રમાં જણાવેલા વિધિ તથા નિષેધના નિયમો લાગુ પડતા નથી. કારણકે તેઓ જે કંઇ કરે છે તે જ્ઞાનથીજ કરે છે. જો મહાપુરુષોને માટે કર્મના નિયમોનું બંધન નથી. તો પછી જેમણે પોતાની ઇચ્છાથી જ દેહ ધારણ કર્યો છે. એવા ભગવાનને તો શી રીતે હોય, સર્વ જીવોને સમાન કર્મથી સરખું ફલ થતું નથી - જો કોઇ નિષિદ્ધ કર્મ કરે તો પ્રાયશ્ચિત કરવાથી અનિષ્ટનું નિવારણ કરી શકે છે પણ જો કોઇ જ્ઞાની અથવા યોગી ભગવદભકત એવા નિષિદ્ધ કર્મ કરે તો પણ તેને અનિષ્ટ લાગતું નથી. માટે અમુક પ્રકારનું કર્મ કરવાથી દરેક જીવને સરખું ફળ ઉત્પન્ન થાય છે એમ આપણે કહી શકીએ નહિ. જો સાધારણજીવોની માફક જ્ઞાની પુરૂષો યોગીઓ અથવા ભગવદ ભક્તોનાં નિષિદ્ધ કર્મો બાધક નિવડે તો પછી શાસ્ત્રો ખોટા થઇ જશે. ગીતા શાસ્ત્રમાં કહ્યું છે કે જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોના બળને ભસ્મ કરી નાખે છે તેવી રીતે યોગથી તમામ પાપ બળી જાય છે એમ પણ જણાવ્યું છે તેમજ ભગવાનના નામનું ઉચ્ચારણ કરવામાં પણ સર્વ પ્રકારના પાપો બાળી દેવાની શકિત છે. આવી રીતે જ્ઞાન અને ભકિત, કર્મનો નાશ કરે છે એવું શાસ્ત્રોમાં આપણે શ્રવણ કરીએ છીએ. માટે આવા પુરુષોથી જો એવાં નિષિદ્ધ કર્મો થાય તો તેથી સાધારણ જીવોને જે અનિષ્ટ દોષ લાગે છે તે તેમને લાગતો નથી. જો આ રીતે જ્ઞાની, યોગી અને ભકતોને કર્મનાં બંધનો નથી તો પછી જે ભગવાન જીવતુલ્ય નથી પણ બ્રહ્મ જ છે, અને પોતાની ઇચ્છાથી જ દેહાદિ ધારણ કરે છે તેમને કર્મના બંધનો શી રીતે હોય ? કારણકે ભગવાનમાં સર્વ કર્મો છે જ. પોતે નિત્ય હોવાથી તેમનાં કર્મો પણ નિત્ય હોય છે જ. ભગવાન

વિરુદ્ધ ધર્માશ્રયી છે. દુનિયાના જીવોની માફક તેમનામાં અમુક પ્રકારના જ ધર્મો હોવા જોઇએ એવું નથી. અખિલ સૃષ્ટિની રચના પોતે કરવાને માટે ઇચ્છા કરી તો તે ક્રીડામાં અનુચિત કર્મો પણ જગતમાં હોય જ. એ સર્વ તેમની ક્રિયા શકિતનું જ પરિણામ છે, સર્વ પ્રકારનાં સ્થૂળ અને સૂક્ષ્મ કર્મો - શુભ અગર અશુભ બ્રહ્મનાં. જ્યારે બ્રહ્મ પોતાની આવિર્ભાવ શકિતથી જગતની ઉત્પત્તિ કરે છે ત્યારે તે તમામ કર્મોનો પણ આવિર્ભાવ થાય છે. એટલે ભગવાનની બાબતમાં કર્મોની ઉત્પત્તિ અગર તેમનો નાશ નથી. આથી કયું કર્મ તેમને બંધન કર્તા છે ? કોઇ પણ નહિ. મોચક કર્મો તે પણ પ્રભુમાં છે જ. મોચક કર્મ વગરનાં કર્મોનું સેવન પ્રાણીઓને રાખે છે. પણ જો તે કર્મો સામે મોચક કર્મોનો પ્રતિકાર હોય તો બંધન રહેતું જ નથી. પ્રભુમાં ઉભય પ્રકારનાં કર્મો છે. આથી બંધનત્વનો અભાવ સિદ્ધ થાય છે. ભગવાનને બંધન પણ નથી તેમ મોક્ષ પણ નથી.

કર્મની વ્યવસ્થા જીવને પ્રવૃત્તિમય રાખવાને માટે છે. કારણકે જો કર્મો કરવામાં ન આવે તો જગતની રચના તૂટી જાય, સમાજમાં અસ્તવ્યસ્તતા થાય, જીવનની સરણીઓ ઢીલી પડી જાય, તથા આશ્રમો પણ ઉજજડ થઇ જાય, માટે પ્રવૃત્તિ આવશ્યક છે. એટલા માટે દરેક જીવે શું કરવું જોઇએ તે વર્ણાશ્રમના નિયમને અનુસરીને નકકી કરવામાં આવ્યું છે. આ સઘળું જીવની બાબતમાં સંભવિત છે એમ ઘડીભર આપણે માનીએ. જો કે હમણાં જ જણાવ્યું છે કે જ્ઞાની, યોગી તથા ભકતોને માટે એટલે મોટાઓને માટે આ વ્યવસ્થા નથી, તો પછી જે પ્રભુ જીવાત્મા નથી પણ પરમાત્મા છે અને જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગોનું વ્યુચ્ચરણ થાય તેમ અગર કરોળીઓ મૂખમાંથી જાળનો વિસ્તાર કરે તેની માફક જેમાંથી આ સર્વ જીવો તથા જગતનો આવિર્ભાવ થાય છે તેવા બ્રહ્મને કર્મનું બંધન લાગુ પડે તેવું તું ઘડીભર પણ માનીશ કે ? હે રાજા ! તું કંઇક બુદ્ધિથી તો વિચાર કર ? જે કાયદો તારી પ્રજાને લાગુ પડે છે તે તને લાગુ પડે ખરો ? જીવોમાં જેમ ભિન્નતા છે તેમ જીવ અને બ્રહ્મમાં હોવી જ જોઇએ. એટલે જીવોના સમાજની વ્યવસ્થા માટે કરેલા નિયમો ભગવાનને લાગુ પડતા નથી. એ વાત તું હવે સમજી શકીશ. પણ પોતાની જાતે જ પોતાના શરીરના કોઇ ભાગને સ્પર્શ કરે તો તેમાં બીજાને વાંધો લેવા જેવો હોય જ નહિ. તો પ્રસ્તુત બાબતમાં હું તને જણાવીશ કે ભગવાને પોતાથી જુદાને સ્પર્શ કર્યો નથી, એમણે પોતાને જ કર્યો છે, તને કદાચ આ જાણીને વિસ્મય તથા, સંભ્રમ થશે. પણ તારે તેમ કરવાનું કારણ નથી. હું તને એ બાબતનો ખૂલાસો હમણાંજ આપું છું. તું કૃષ્ણને ઇશ્વર

તો માને છે જ. ને વળી એટલું તો માને છે કે તે ઈશ્વર દરેક પ્રાણીઓના હૃદયમાં નિવાસ કરીને અંતર્યામી સ્વરૂપે રહે છે ? જો દરેકના અંતરમાં તે વસતા હોય તો ગોપીઓ તથા તેમના પતિઓના અંતરમાં પણ છે. અર્થાત્ પ્રસ્તુત બાબતમાં ગોપીઓના અંતરમાં તે બ્રહ્મનું સ્થાન છે. એટલે ગોપીના અંતરમાં રહેલા ભગવાનને ગોપીના જીવરૂપ છે એમ કહેવું એ શું સત્ય નથી ? આ રીતે વિચાર કરતાં ગોપીઓના જીવ તે ભગવાન જ છે અને ગોપીઓનો દેહ તે ભગવાનનો દેહ છે. તો પછી ભગવાન પોતાના દેહરૂપ ગોપી દેહ સાથે સ્પર્શાદિ કરે તેમાં તને વાંધો શો આવ્યો ?

ક્રીડા કરવાને જ બ્રહ્મે દેહ ધારણ કર્યો છે. વસ્તુતઃ તો તે પુરુષ પણ નથી, તેમ સ્ત્રી પણ નથી તેમજ ષણ્ઢ પણ નથી એવું શ્રુતિ કહે છે. માટે એ રીતે વિચાર કરતાં પણ અહિંયા દોષ જણાતા નથી.

જો તેમ હોય તો પણ લોક મર્યાદાનો તો ભંગ થાય છે. જે જે શ્રેષ્ઠ કહે છે, તેનું ઈતરજન અનુકરણ કરે છે. એ ન્યાયથી શબ્દ બલના વિચારથી બન્ધ થાય છે. ઉપર જે ત્રણ જણાવ્યા તે પણ વ્યવહારના નિયામક નથી માટે જે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. તે વિષય છે એમ જો કોઈ કહેતો ત્યાં કહે છે.

**मूलम् - गोपीनां तत्पतीनां च सर्वेषामपि देहिनाम् ।**
**योन्तश्चरति सोडध्यक्षःस क्रीडनेनेह देहभाक् ।। ३६ ।।**

**अन्वयार्थ -** ગોપીઓ તથા તેમના પતિઓ તથા સર્વ દેહીઓના અંતરમાં જે વસે છે તે જ ભગવાન ક્રીડા કરવાને પુરુષ દેહ ધરે છે.

**श्रीसुबोधिनी--** પોતાને પોતાના સ્પર્શનો કદી પણ નિષેધ કરવામાં આવ્યો નથી. કારણકે ભગવાન્ ગોપીઓના અને તેમના પતિઓના આત્મા છે. સર્વે લૌકિક સગાંવહાલાં તેમ માનતાં નથી એમ જો કહેતા હો તો કહે છે કે સર્વ દેહિઓના ભગવાન આત્મા છે. ભગવાન દરેકનાં અંતઃમાં છે. અથવા જીવ આસન્ય છે. સર્વવાદિના સિદ્ધાંત સંગ્રહને માટે સામાન્ય વર્ણન કહે છે કે, દરેકના અંતઃકરણમાં વસે છે તે જ આ ભગવાન અધ્યક્ષ તરીકે ક્રીડા કરીને નટની માફક પુરુષના દેહનો ભોગ કરે છે. વસ્તુતઃ તો ભગવાન પુરુષ નથી તેમ સ્ત્રી નથી તેમ અન્ય કોઈ પણ નથી. શ્રુતિમાં કહ્યું છે. ભગવાન સ્ત્રી નથી, પુરુષ નથી તેમ ષણ્ઢ પણ નથી. આથી કોઈ પણ વિચારથી ભગવાનને દોષનો સંભવ નથી.

**मूलम्-** अनुग्रहाय भूतानां मानुषं देहमाश्रितः ।
भजते ताद्रशीः क्रीडाः याः श्रुत्वा तत्परो भवेत् ।। ३७ ।।

**अन्वयार्थ --** પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવાને માટે ભગવાને મનુષ્ય દેહ ધારણ કર્યો છે તેથી જેટલી ક્રીડાનું શ્રવણ કરીને જીવ તેમાં પરાયણ થાય તેટલી કરે છે.

**श्रीसुबोधिनी--** ભકતોના ઉપર અનુગ્રહ કરવાને જ ભગવાન ભકત સમાન રૂપ દેહને ધારણ કરે છે. જો જુદો દેહ ધારણ કરે તો ભકતોને વિશ્વાસ ન થાય. માટે જેમ મનુષ્ય ઉપર અનુગ્રહને માટે માણસના દેહનું પ્રદર્શન કર્યું. આ રીતે ગોપિકાઓ ઉપર પણ અનુગ્રહ કરવાને ગોકુળમાં સ્વાનંદનું દાન કરવાને તેવી ક્રીડાઓ કરે છે તેમાં ધર્મ પ્રવેશ સિવાય તે તે દોષની નિવૃત્તિ છે અથવા ભકતોની માનુષ દેહ માટે આસ્થા આવા દેહમાં જ થાય છે. માટે ભગવાન તેવો દેહ ધારણ કરે છે માટે આ નિરોધ પૂર્વક અન્યને અદેય લીલાનું જે કોઇ શ્રવણ કરશે તે સર્વથા ભગવત્પર થશે એવું ધારીને ભગવાને તે પ્રમાણે આચરણ કર્યું છે.

**विवेचन--** ભગવાને આ ક્રીડા શા માટે કરી તેનું કારણ હું તને કહું છું તે હે રાજા તું સાંભળ. ભગવાને ફકત પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવાને માટે દેહને ધારણ કર્યો છે. તેથી ભકતોના ઉપર અનુગ્રહ કરવાને તેમને અનુરુપ દેહથી ક્રીડા પોતે કરે છે. ભકતોની માફક પોતે દેહ ધરીને ભકત ભેગા પોતે વિચરે છે. જો આમ ન કરે તો ભકતોમાં ભગવાન માટે વિશ્વાસ ન રહે. ગોપીઓના ઉપર પણ અનુગ્રહ માટે જ આમ કર્યું છે, ધર્મદ્રષ્ટિથી નહિ.

આ શ્લોકમાં શ્રીશુકદેવજી એવું કહેવા માગે છે કે, હે રાજા તું આશ્ચર્ય તો જો કે ખૂદ જેમની પત્નીઓ વગેરે સાથે કૃષ્ણે ક્રીડન કર્યું તેમણે તો એ સઘળાને પોતાની પાસે જ સ્થિત રહેલા જોયા હતા. તેમની પત્નીઓ વગેરે તેમનાથી દૂર વ્રજ બહાર ગયેલા તેનો ખ્યાલ સરખો પણ તેમને આવ્યો ન હતો. તેથી તેમણે શોધવાનો પ્રયત્ન પણ કર્યો નથી, તો પછી ભગવાન તરફ તેમને અદેખાઇ તો શેની જ આવે, નહિ તો લોકમાં કોઇ પુરુષ અન્યની સ્ત્રીને લઇ જાય અને તેની સાથે યથેચ્છ વિહાર કરે તો તેથી તે સ્ત્રીનો પતિ પેલા અપર પુરુષની ઈર્ષ્યા કરે છે તે શું તું નથી જાણતો ? પણ અહિંયા એમાંનું કશું પણ બન્યું નથી. કારણકે કૃષ્ણની માયા શકિત વ્યામોહિકા નહિ પણ અંતરંગ શકિત જે યોગમાયા કહેવાય

છે અને જે સત્યરૂપા છે તેણે એવો ચમત્કાર દેખાડયો કે વ્રજવાસીઓએ તે સ્ત્રીઓને પોતાની પાસે જ જોઇ હતી.

જો તેમ હોય તો લોકવ્યવહારમાં સ્ત્રીઓ અન્યને આધીન હોય છે, માટે ગોપીના મનમાં ખેદ થશે, અને તેથી તેમની અપકીર્તિ પણ થાય એવી શંકાના ઉત્તરમાં કહે છે.

**मूलम्** - **नासूयन्खलु कृष्णाय मोहितास्तस्य मायया ।**

**मन्यमानाः स्वपार्श्वस्थान स्वान्स्वान्दारान्व्रजौक्सः ।। ३८ ।।**

**अन्वयार्थ** -- વ્રજવાસીઓએ ભગવાનની માયાથી મોહિત થયેલા હોવાથી પોતાની પાસે પોતાની પત્નીઓને બેઠેલાં જાણીને કૃષ્ણ ઉપર ઈર્ષા સરખી (અદેખાઇ સરખી) પણ કરી નથી.

**श्रीसुबोधिनी** -- ગોપોએ ભગવાનની અસૂયા (અદેખાઇ) કરી નહોતી. પહેલેથી જ તેમની પ્રવૃત્તિ તેમણે જાણી હતી તેથી ભગવાનની માયાથી મોહિત થયા હતા. વળી તેમણે માન્યું કે તેમની પત્નીઓ પોતાની પાસે ઉભા છે. કારણકે વ્રજવાસીઓને પૂર્વ અને અપરનું અનુસંધાન રહ્યું નહોતું. અથવા સર્વથા તેમનો અંગીકાર થયો હતો એવા ગોપો ભગવાનમાં દોષનો આરોપ કરે તે સંભવિત નથી. આ અર્થ સાર્વજનીન છે. માટે ખલુ શબ્દપ્રયોગ કર્યો છે. ભગવાનની સંનિધિમાં પણ મોહને માટે તેનું એમ કહ્યું છે. ભ્રમથી તેમની બુદ્ધિ તેવી થઇ હતી. ૨ મનન માત્રથી સર્વ દોષનો પરિહાર કર્યો છે. આથી તેમનામાં દોષના આરોપનું નિવારણ કર્યું છે.

**टिप्पण** -- ૧ અહિંયા માયાનો અર્થ બુદ્ધિ કરવાનો છે. **स्यात् माया शाम्वरी क्रिया दम्भो बुद्धिश्च ।** એમ અનેક અર્થમાં છે. ભગવાનની માયાથી ભગવાન સંબંધી ઉત્કૃષ્ટત્વની બુદ્ધિથી તેઓ મોહિત અતિ સ્નેહકલાથી પૂત થયા હતા અને તેથી તેમણે ઈર્ષ્યા કરી નહોતી. ૨. ગોપીઓ પોતાની પાસે જ છે, બહાર ગયેલી નથી એવું તેઓ માનતા હતા. આથી તેમણે ગોપીઓનું ઉલટું સન્માન કર્યું હતું.

આ રીતે પ્રાસંગિક વિષયનો પરિહાર કરીને ઉકત લીલાનો ઉપસંહાર કરે છે.

**ब्रह्मरात्र उपावृत्ते वासुदेवानुमोदितः ।। अनिच्छन्त्यो ययुर्गोप्यः स्वगृहान्भवत्प्रियाः ।।३६।।**

**अन्वयार्थ --** અરુણોદય થતાં વાસુદેવ ભગવાનની રજાથી, પોતાના ઘર તરફ જવાની ઇચ્છા નહિ છતાં ભગવત્પ્રિય ગોપીજન પાછા જ ઘર તરફ વળ્યાં.

**श्रीसुबोधिनी--** બ્રહ્મરાત્ર કહેતાં અરુણોદય. તે જયારે બરાબર થયો, ત્યારે ભગવાને તેમનામાં અંતર્યામી તરીકે પ્રવેશ કર્યો, તેથી હવે ઘેર જવું જોઇએ એવી ઇચ્છા કરી. તેથી ભગવાનની આજ્ઞાથી એમ કહ્યું છે. કારણકે ભગવાન મોક્ષ આપનાર છે. તે જો અસન્નિધિમાં અંત:સ્મરણ કરે તો મોક્ષનાં અધિકારી તેઓ થાય. માટે ભગવાને આ પ્રમાણે આજ્ઞા આપી. જો કે તેમની ઇચ્છા ત્યાં સ્થિત નહોતી, કારણકે સર્વના પરિત્યાગથી તેઓ ભગવાનનું જ ભજન કરતાં હતાં, તો પછી તેમને ગૃહની કે લોકની શી જરૂર હતી ? તો પણ તે ગોપીઓ હતી એટલે તેમનામાં વિપરીત બુદ્ધિ અને હઠબુદ્ધિ નહોતી, માટે તેઓ પોતાને ઘેર ગયા. તો પણ તેમને ગૃહ પ્રિય નહોતાં પણ ભગવાન જ પ્રિય હતા. તેમ તેમને સંસારનો ભય નહોતો કારણકે તે ભગવત્પ્રિય હતા.

[દિવસે વિપ્રયોગની આર્તિ થવાથી રાત્રે પ્રિયસંગમમાં જે આનંદ મળે છે તે હંમેશા દર્શનમાં નથી. એ અહિંયા મોક્ષપદથી સૂચન કરાય છે. અન્યપૂર્વા જ ઘેર ગઇ એટલું જ નહિ પણ કુમારિકા ગઇ.]

આ ચરિત્ર મોક્ષને માટે છે એવું જણાવવાને આ ઉપાખ્યાનના શ્રવણનું ફળ અહિંયા કહે છે.

**मूलम्- विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः श्रद्धान्वितो डनुश्रृणुयादथ वर्णयेद्यः।**
**भक्तिं परां भगवति प्रतिलभ्य कामं हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ।।४०।।**

**अन्वयार्थ--** વ્રજવધૂઓ સાથે વિષ્ણુએ જે આ રમણ કર્યું છે તે શ્રદ્ધાપૂર્વક જે કોઇ શ્રવણ કરશે તથા તેનું વર્ણન કરશે તો ભગવાનમાં તેની પરા ભકિત થશે તથા કામરૂપી હૃદયનો જે રોગ છે તેનાથી સત્વર તે ધીર પુરુષ મુકત બનશે.

**श्रीसुबोधिनी--** જે કોઇ પુરુષ (ગમે તે પુરુષ) વ્રજવધૂઓ સાથે ભગવાને કરેલાં આ વિશેષ ક્રીડનની કથાનું શ્રવણ શ્રદ્ધાપૂર્વક કરે. તથા પોતે તેનું વર્ણન કરે (કારણકે શ્રવણ પછી કીર્તન હોય છે )તો તે ભગવાનના માહાત્મય શ્રવણથી આ રીતે મોક્ષ મેળવશે.

ભગવાનમાં પરા ભકિતને પ્રાપ્ત કરનાર ભકિતએ કરીને અંત:સ્થિત હૃદયના રોગરૂપ જે કામ છે. તેને જલદી દૂર કરે છે. જે કામ પ્રથમ હૃદયના બાધક

તરીકે હતો, જલદી બાધ કરનાર હતો તેને સત્વર દૂર કરે છે. માત્ર શ્રવણથી આ પ્રમાણે કરે છે. પછીથી પૂર્વની વાસનાએ કરીને તેનો પુનઃ ઉદ્‌ગમ થાય તો થોડા વખત પછીથી જ તે ધીર થશે. માટે આ અભિપ્રાયપૂર્વક શ્રવણ કરવું. આ ફલપ્રકરણ હોવાથી અહિંયા જણાવ્યું છે.

**વિવેચન--** રાસ પંચાધ્યાયીના ઉપસંહારનો આ શ્લોક છે. તેથી કરેલા ભગવાનના ચરિત્રના વર્ણનના શ્રવણનું ફલ જણાવ્યું છે. આમાં નીચેનો અર્થ સંક્ષિપ્તમાં જણાવ્યો છે.

(૧) આ લીલા મોક્ષને માટે છે. (૨) કૃષ્ણનું વ્રજવધૂ સાથેનું ક્રીડન તે વિષ્ણુ રસાત્મક પુરુષોત્તમ તરીકે કહેલું છે (૩) આ લીલાનું શ્રવણ શ્રદ્ધાપૂર્વક કરવું જોઇએ, શ્રદ્ધા વગર કરે તો ફલમાં બાધક થાય છે. (૪) શ્રવણ જ બસ નથી, પણ તે લીલાનું અનુસંધાન સતત ચાલુ રહે માટે તેનું વર્ણન પણ અન્યની પાસે કરવું જોઇએ. (૫) શ્રવણ તથા કીર્તનથી બ્રહ્મ માટે પરાભકિત પ્રાપ્ત થાય છે. (૬) હૃદયનો રોગ રૂપ જે કામ છે તેનો પણ ધ્વંસ થાય છે.

## ફલપ્રકરણ શંખચૂડવધ અ. ૬ [ભા. સ્કં. ૧૦ અ. ૩૧]

૧. પ્રભુના આશ્રિત ભકતોના આશ્રયમાં દુઃખ ભોગવવાપણું તથા તેમનો હરિથી મોક્ષ.

૨. અંબિકાયાત્રાનું વર્ણન, તથા ત્યાં ગોપોએ કરેલું પૂજાનું વર્ણન.

૩. ધર્મસંપત્તિથી ભગવાનના ભાવના તિરોભાવના વિરોધ માટે સર્પે કરેલા નંદના ગ્રાસનું વર્ણન.

૪. કર્મના ક્ષય માટે ભગવાનથી સ્પર્શ કરાયેલા અજગરનો વિદ્યાધર તરીકે સ્વીકાર.

૫. ભગવાનના પ્રશ્નનો વિદ્યાધરે કરેલો ઉત્તર.

૬. ભગવાનની વિજ્ઞપ્તિ કરતાં વિદ્યાધરનું સ્વર્ગે જવું.

૭. કૃષ્ણના વૈભવના અનુભાવથી સર્વને થયેલી ભગવત્પરાયણતા.

૮. શબ્દબ્રહ્મના આનંદની પૂર્તિ માટે બલદેવસહિત કરેલી લીલાનું વર્ણન.

૯. પ્રમાણમાર્ગમાં દૈત્યનો ઉપદ્રવ અવશ્ય થશે એવી રીતે જણાવેલો લીલાનો ઉપસંહાર.

૧૦. શંખચૂડ નામના ધનદના પાખંડી અનુચરે કરેલું સ્ત્રીનું હરણ.

૧૧. તેમનો વિલાપ, તથા તેનું શ્રવણ કરીને કૃષ્ણ અને બલદેવ એ બે ભાઇઓનું આવવું.

૧૨. શંખચૂડના શિરોમણિનું લઇ લેવું,. અને મોટાભાઇને તેનું આપવું.

### અદ્યાયસારસંચય

(૧) અન્યાશ્રય ભકતને માટે મહાબાધક છે. જેઓને ભગવાનનું શરણ છે તેઓ અન્યાશ્રય કરે તો તેમનામાં ભગવાન માટે ભાવ સ્ફુરતો નથી, તેમજ સેવામાર્ગનું સુખ મેળવી શકતા નથી. અન્યાશ્રય કરનારનો ભાવ પુંશ્ચલીના ભાવ જેવો છે. પુંશ્ચલીનો ભાવ તે વસ્તુતઃ ભાવ નથી, એટલે તેને ભાવજન્ય સુખ નથી. એ સ્નેહવસ્તુ શું છે તે સમજી શકતી નથી. તે ભાવમાં અસ્થિરતા છે, ચંચળતા છે, અને અનિત્યતા તથા પારતન્ત્ર્ય છે. અવ્યભિચારિણી ભકિતભાવવાળી પત્નીના ભાવમાં જે નિઃસીમતા, વિશાળતા અને મધુરતા છે તે તેમાં નથી. ભકતોએ સ્વપત્નીના જેવો ભાવ રાખવો જોઇએ. માટે જ શ્રી ગુંસાઇજી એક સ્થળે કહે જે કે અન્યના સંબંધની ગંધ માત્ર પણ ગ્રીવાને બાધા કરનાર છે. માટે ભકિતમાર્ગના પ્રવાસીઓએ તો અન્યાશ્રયથી ખાસ ચેતતા રહેવું જોઇએ. અન્યાશ્રય એ નિરોધના બીજને ભસ્મ કરી નાખે છે, તેને કદી પણ બહાર ફુટવા અગર વધવા દેતો જ નથી.

(૨) આ અધ્યાયમાં કહેલી લીલા પ્રમાણમિશ્રિત પ્રમેયની છે. રાસપંચાધ્યાયીમાં પ્રમેયની લીલા હતી, શુદ્ધ પુષ્ટિની હતી. અહિયા મર્યાદાથી મિશ્રિત પુષ્ટિની છે. પુષ્ટિની મુખ્ય છે અને મર્યાદાની ગૌણ છે. મર્યાદામાર્ગવાળાને અન્યાશ્રયનો દોષ હોય છે. આ લીલા દોષયુકત હોવાથી શંખચૂડનો વધ અહિંયા વર્ણનવિષય છે. આ લીલા પ્રમાણરુપ-બલભદ્ર અને પ્રમેયરુપ કૃષ્ણે કરેલી છે. બલભદ્ર એ મર્યાદા અને કૃષ્ણ એ પુષ્ટિલીલાના કર્તા છે, પણ પુષ્ટિલીલા એ મુખ્ય છે અને મર્યાદા ગૌણ છે, માટે નંદજીને થયેલા અન્યાશ્રયદોષમાંથી કૃષ્ણે મુકત કર્યા, એ વાત પ્રથમ કહી છે, અને શંખચૂડનો વધ કરવામાં બળદેવજીની લીલા પછીથી વર્ણવી છે.

(૩) પુષ્ટિમાર્ગમાં સેવા એ પ્રભુને પ્રસન્ન કરવા માટે છે. અને તે ભાવપ્રધાન છે. મર્યાદામાં પૂજા, દાન, વ્રત, તીર્થયાત્રા વગેરે પૂજા માર્ગના અંગ મનાય છે. પુષ્ટિ - પ્રેમમાર્ગમાં પ્રભુની સેવાનું જ સુખ ભકિત ફળ તરીકે મેળવવાનું છે. સેવા એ સાધન તથા સાધ્ય ફલ ઉભયરુપે છે પણ પૂજામાર્ગમાં પૂજા સાધનથી પોતાની કામનાઓની સિદ્ધિ એ ફળ તરીકે મેળવાય છે, પ્રભુનું સુખ જોવાતું નથી. એટલે જે હૃદયની વિશાળતા અને નિ:સ્વાર્થતા સેવા માર્ગમાં છે. તેની સર્વાશે ઉણપ પૂજામાર્ગમાં જોવાય છે. આથી પૂજામાર્ગ માત્ર યાંત્રિક ક્રિયાવત્ બની જાય છે. ભકતનું હૃદય પ્રેમથી ભીંજાઇ શકતું નથી.

(૪) પૂજામાર્ગ એ મર્યાદામાર્ગ હોવાથી તેમાં મર્યાદાના સર્વ વિધિનિષેધ પાળવા પડે છે. વેદમાર્ગે જે પ્રણાલિકા દેખાડી હોય તેનું અક્ષરશઃ પાલન થવું જોઈએ. આ વિધિનો અલ્પ પણ વ્યુત્ક્રમ પૂજા કરનારને દંડને પાત્ર બનાવે છે. તીર્થયાત્રામાં ઉપવાસ કરેલો છતાં નંદરાયજીએ ઉપવાસદિને જાગરણ કરવું જોઈએ, તે નિયમનું ઉલ્લંઘન કર્યુ તેથી દંડ તેમણે ભોગવવો જ જોઈએ. એ વ્યુત્ક્રમના પરિણામ તરીકેજ સર્પના ભોગ તેમને થવું પડ્યું. મર્યાદામાર્ગનો તેમણે આશ્રય લીધો તો પછી મર્યાદાની વિધિને તેમણે અનુસરવું જોઈએ, પણ તે પ્રમાણે અનુસર્યા નહિ. આથીજ શિક્ષાનું પરિણામ તેમની બાબતમાં ઉદ્ભવ્યું. પૃષ્ટિભકતે મર્યાદાનો આશ્રય કરતાં બહુજ સાચવવાનું છે. (શ્લોક ૪)

(૫) અજગર-સર્પ તે કાળનું રૂપ પણ લેખાય. ભકિતવિમુખને કાળ ગળે છે જ. જેનું જીવન પ્રભુભકિતથી વિમુખ બન્યું છે, તેને કાળ કેમ કરીને ઝંપવા દે ? તેના જીવનની રમ્યતા તથા સુંદરતા તેને દીસતી નથી. તેનો આનંદ તિરોભૂત થાય છે. તે જીવનમાં અંધકાર વ્યાપી જાય છે, અને દરેક રીતે નિરાશા અને દુઃખથી તે ઘેરાય છે. પ્રભુનો આશ્રય છોડીને મર્યાદાના પાશમાં પડતાં નંદજીનું

જીવન દુઃખમય થાય એમાં શું આશ્ચર્ય ? અજગર-કાળ એકાએક તેમને ગળેજ એ સ્વાભાવિક છે.

(૬) અન્યાશ્રયના સંકટમાંથી રક્ષણ મેળવતા પહેલાં સાધનોની વિફળતા જાણીને નિઃસાધનમય બનાય તોજ પ્રભુ તેમને સહાયક થઈ શકે ને જ્યાં સુધી ઈતર સાધનોની અપેક્ષા રહે ત્યાં સુધી પ્રભુ દૂરજ રહે છે. (શ્લોક ૭)

(૭) પ્રભુ કરવાને, નહિ કરવાને અને અન્યથા કરવાને સમર્થ છે તો પોતાના ચરણસ્પર્શના માહાત્મ્યથીજ મહાઅજગરના પંઝામાંથી નંદજીને બચાવેજ. બીજા ગોપો બળતાં લાકડાંથી મારવા છતાં અજગરે નંદજીને મુકત કર્યા નહિ, પણ પ્રભુએ તો કેવલ ચરણસ્પર્શ કરીને પોતાના પમ્રેયબળનું માહાત્મ્ય દર્શાવ્યું. પ્રમેયબળ આગળ સર્વ બળ તુચ્છ નીવડે છે. (શ્લોક ૭-૮)

(૮) ચરણસ્પર્શનું માહાત્મ્ય એવું છે કે તે અધમ યોનિનો ત્યાગ તથા અન્ય જન્મના દોષોનું નિવારણ કરાવીને ઉત્તમ યોનિ પ્રાપ્ત કરાવનાર છે, લૌકિક દેહનો ત્યાગ કરાવીને તેને ભગવદીય બનાવવાનું અદ્ભૂત સામર્થ્ય ચરણસ્પર્શમાં છે. (શ્લોક ૯)

(૯) જે ભગવદીય બને છે, જેના જીવનમાં લૌકિકતા મટીને નૂતનતા ઉતરે છે - ઐહિક જીવનનો પલટો થઈને અલૌકિક દેહનું સંપાદન થાય છે. તેનું બાહ્ય તેમ આંતરજીવન પ્રકાશમય હોય છે. બાહ્યશુદ્ધિ સાથે હૃદયની શુદ્ધિ સર્વાંગે વ્યાપે છે. ભગવદીયતાનું ખાસ લક્ષણ બાહ્ય તથા આંતર દીપ્તિમત્તા (પ્રકાશ હોવાપણું) છેઃ તે પ્રકાશ-જ્ઞાન અને પવિત્રતામાં ફેલાય છે. (શ્લોક ૧૦)

(૧૦) ગમે તેટલી લક્ષ્મી પ્રાપ્ત થઈ હોય, ગમે તેવું રૂપ મળ્યું હોય, અથવા ગમે તેટલો વૈભવ મળ્યો હોય તો પણ સાધુ પુરુષોની અવગણના કરવી એ મોટામાં મોટો અનર્થ છે. સાધુ પુરુષોની અવગણના કરનાર નિંદનીય બને છે, તેનો આ લોક તથા પરલોક ઉભય વણસે છે. (શ્લોક ૧૨-૧૩)

(૧૧) મોટાઓનો-ઉદાત્ત ચરિત્રવાળા સાધુ પુરુષોનો શાપ પણ અનુગ્રહ માટે જ છે, માટે તે શાપથી પસ્તાવો કરવો નહિ; તથા સાધુપુરુષોને વિષે ખોટા તર્કો બાંધવા નહિ. (શ્લોક ૧૪)

(૧૨) જે પુરુષ એકવખત પણ શુદ્ધ અંતઃકરણથી પ્રભુને શરણે જાય છે, તેના સર્વ ભય દૂર થાય છે. અરે બ્રહ્મદંડ જેવું શાસન પણ હઠી જાય છે. (શ્લોક ૧૫-૧૭) જો નામગ્રહણથી આવું ફલ ઉપજે છે તો પછી ચરણસ્પર્શથી શું ફલ નહિ થતું હોય ? (શ્લોક ૧૫-૧૬-૧૭)

(૧૩) શંખચૂડ એ મોહનું રૂપ કહી શકાય. મોહ વસ્તુ જ અનીતિને પોષનાર છે તથા માણસને અધમતામાં ખેંચી જાય છે. પુરુષો અને સ્ત્રીઓની વચ્ચે વિક્ષેપ કરનાર મોહ છે. જો મોહ દૂર કરવામાં આવે તો પુરુષોને સ્ત્રીઓના સાહચર્યમાં કોઈપણ દોષ જણાશે નહિ. સ્ત્રીપુરુષમાં ભેદ ઉત્પન્ન કરનાર પર્વતસમ મોહ જ ખાડો છે. માટે એ મોહના પર્વતને તોડવો જોઈએ. એ પર્વતને તોડવો બહુ મુશ્કેલ છે; પણ પ્રભુ સર્વ કંઈ કરી શકે એમ છે. તેથી તેમણે તેને અહિંયા (શંખચૂડના વધમાં) દૂર કર્યો. પ્રભુ સ્ત્રીઓના સમૂહમાં બલદેવ સહિત ગાન કરતા હતાં, તે ગાનમાંથી મોહનું દૂષણ ઉદ્‌ભવ્યું. આ દૂષણનો જો ત્યાગ કરવામાં ન આવે તો તે અનેક અનર્થ ઉત્પન્ન કરે. માટે ક્રિયાશકિતરૂપ બધભદ્ર અને જ્ઞાનશકિતરૂપ કૃષ્ણે તે મોહાત્મક શંખચૂડને દૂર કર્યો.

(૧૪) શંખચૂડનું બધું બળ તેના મણિને લીધે છે. તે મણિ લઈ લેવામાં આવે તો જ તે નિસ્તેજ, માનહીન થાય. અને તેમે થવાથી તેનું બળ કશા પણ ખપનું રહે નહિ, તેથી જ શંખચૂડના શિરનું રત્ન લેવાને કૃષ્ણ ઈચ્છા કરે છે. શંખચૂડને મોહરૂપ સમજતાં, તેના માથાનો મણિ એટલે મોહનો વિલોભન ઉત્પન્ન કરવાનો ગુણ સમજવાનો છે. આથી વિલોભનને લીધે મોહ અનર્થ કરનાર થાય છે, એવો અર્થબોધ સ્પષ્ટ સમજાય છે.

(૧૫) જ્ઞાનથી તે મોહ હણાય છે, માટે જ્ઞાનશકિતરૂપ કૃષ્ણ અહિંયા શંખચૂડની પાછળ દોડે છે અને ક્રિયાશકિતરૂપ બળદેવ તે સ્ત્રીઓનું રક્ષણ કરે છે. (શ્લોક ૩૦) જ્ઞાનશકિતરૂપે કૃષ્ણે મોહમાંથી તેના વિલોભન ગુણને દૂર કર્યો અને પોતાની ક્રિયાશકિતવાળા રૂપને (બલભદ્રને) આપ્યો. અર્થાત્ મોહ વગેરેનું નિવેદન તથા વિનિયોગ ભગવાન માટે જ થવાં જોઈએ એવું સૂચન કર્યુ.

### અધ્યાય - ૬

**कारिका + एवं रूपप्रपञ्चस्य पंचधा रसवर्णनम् । निरूप्य नामलीलातो रसार्थमिदमुप्यते ।। १ ।।**

**एवमद्भूतमक्तास्तु, यद्यन्यं समुपासते । दुःखभाजो भवन्त्येव मुच्यन्ते हरिणैव तु ।। २ ।।**

**एकत्रिंशे सर्वभावान्निवृत्तानां तु पूर्ववत् गानेन रमणं चक्रे प्रमाणानन्दसिद्धये ।। ३ ।।**

**बलभद्रण सहितो वेदरूपेण सर्वथा । तद्दोषं नाशयामास हरिरित्युच्चते स्फुटम् ।। ४ ।।**

ભાવાર્થ - આ રીતે રૂપપ્રપંચનું પાંચ રીતે રસવર્ણન ભકતોમાં સ્વરૂપાનંદના વિસ્તાર માટે કર્યુ અને હવે નામલીલાથી રસને માટે આ કહેવાય છે. આ રીતે જેમાં ઉદ્ધાર કર્યો છે એવા ભકતો જો અન્યની ઉપાસના કરે તો તે દુઃખના ભોકતા થાય છે જ, પણ હરિ જ તેમને મુકત કરે છે. એ વસ્તુ ૩૧મા અધ્યાયમાં જણાવી

છે. વળી અહિંયા પૂર્વની માફક સર્વભાવથી નિવૃત થયેલાંના પ્રમાણાનંદની સિદ્ધિ માટે ગાનથી રમણ કર્યુ. વેદરૂપી બલભદ્ર સાથે રમણ કર્યુ અને હરિએ તેમના દોષનું નિવારણ કર્યુ એ હકીકત સ્ફુટ રીતે કહેવાય છે.

આ અધ્યાયથી આ તામસ ફલપ્રકરણમાં જણાવવાની નામલીલા શરૂ થાય છે. પ્રથમ ભાગની કારિકામાં જણાવ્યું હતું કે ભગવાને નિરોધની સિદ્ધિ માટે વ્રજસ્થોની સાથે બે પ્રકારની લીલા કરી હતી. એક રૂપલીલા અને બીજી નામલીલા, રૂપલીલાનો વિષય રાસપંચાધ્યાયી હતો. અર્થાત્ ૧-૫ અધ્યાયમાં કર્યો છે; અને તેની સમાપ્તિ યુગલગીતમાં (હવે પછીના અધ્યાયમાં) થશે. રૂપલીલા પોતે આત્મા, પ્રાણ, વાક્, મન, અને ઈન્દ્રિયો એ પાંચથી કરી હતી. અને એ રીતે રસનું વર્ણન અર્થાત્ સ્વરૂપાનંદનો ભકતોમાં વિસ્તાર કર્યો. નામલીલાથી પણ રૂપલીલાની માફક રસનો અનુભવ જ કરવાનો છે. જેમ રૂપલીલા સ્વતંત્ર છે. તેમ નામલીલા પણ સ્વતંત્ર છે. કારણકે તે બ્રહ્મની જ છે. પણ આ લીલાની સિદ્ધિ માટે અન્યના ભજનની નિવૃત્તિ અવશ્ય થવી જ જોઈએ. જો રસાત્મક સ્વરૂપમાં ચિત્ત લગાડતી વખતે અન્ય દેવતા સ્વરૂપમાં ભકતની ઈન્દ્રિયો ખેંચાયેલી રહે તો પછી અનુભવ સિદ્ધિ બની શકતી નથી, માટે અન્યનું ભોજન દોષરૂપ છે અને તેથી જ ભકતોએ સાવધાન રહેવાની ખાસ જરૂર છે એવું જણાવવા માટે આ પ્રકરણનો આરંભ છે. જે ભકત ભગવાનને મૂકીને અન્ય દેવતાનું આરાધન કરે છે, તેને ભગવાનના માહાત્મ્યનું સંપૂર્ણ જ્ઞાન થતું નથી, અને ભગવાનના માહાત્મ્યજ્ઞાન વગર તેમનામાં ભાવભકિત થઈ શકતી નથી. તેથી એ માહાત્મ્ય જ્ઞાન પણ કરાવવું જોઈએ. નંદરાય તથા અન્ય ગોપો જેમનો ભગવાને ઈન્દ્ર વગેરેના ભજનમાંથી નિવૃત્તિ કરીને ઉદ્ધાર કર્યો. તેમનામાં જો અન્ય ભજનની વાસના પુનઃ રહી જાય તો તેઓને પાછા નીચે પડવું પડે. માટે તેમને તેમાંથી બચાવી લેવાની ખાસ જરૂર છે. અહિં વર્ણવેલી નામલીલા અને પૂર્વ અધ્યાયની રૂપલીલામાં એટલો ભેદ છે કે ત્યાં (રૂપલીલામાં) વૈષ્ણવ તરીકેના ધર્મોનો ત્યાગ લીલાનું અંગ ગણાતું પણ આ નામલીલામાં અન્ય દેવતાના ભજનમાંથી નિવૃત્તિ અંગરૂપ મનાય છે. અહિંયા શાસ્ત્રોએ દર્શાવેલા વિધિવત્ ભદવદ્ધર્મનો ત્યાગ કરવાનો નથી. વિધિ એ નામલીલાનું અંગ છે. આથી મર્યાદા અને પુષ્ટિ એવા તેના પણ બે ભેદ છે; આ અધ્યાયમાં પ્રથમ મર્યાદા મિશ્રિત પુષ્ટમાર્ગીય વિધિ છે અને હવે પછી (યુગલગીતમાં) શુદ્ધ પુષ્ટમા વિધિ છે. શુદ્ધ પુષ્ટમાર્ગની સરખામણીમાં મર્યાદામાર્ગ દોષરૂપ છે તે જણાવવાને શંખચૂડના વધનો પ્રસંગ પણ આ અધ્યાયમાં છે.

શબ્દથી પણ આનંદનું નિરૂપણ કરવાને પ્રથમ ગોકુલવાસીઓની અન્ય તરફની આસકિતને નિવારણ કરે છે.

एकदा देवयात्रायां गोपाला जातकौतुकाः । अनोमिरनड्युक्तैः प्रययुस्तेम्बिकावनम् ।।१।।

**अन्वयार्थ** -- એકદિવસે દેવયાત્રાના પ્રસંગે કૌતુક જેમને ઉત્પન્ન થયેલું છે એવા ગોપો બળદથી જોડેલાં ગાડાં લઈને અંબિકાવનમાં ગયા.

**श्रीसुबोधिनीजी** -- લોકન્યાયથી પણ અન્યત્ર ગમન કરવામાં અનિષ્ટ થાય છે. તેથી તેમની યાત્રાનો પ્રસંગ કહેવાય છે. એકદા એટલે શિવરાત્રીના કાળે દરવર્ષે તે જતાં નથી. માટે એ એકદા એમ કહ્યુ છે. દેવયાત્રા તો નિત્ય હોય છે અને ગોપો સાધારણ ધર્મમાં અભિયુકત થયેલા છે. તેમાં પણ ધર્મબુદ્ધિ પ્રાસંગિક હોય છે. વસ્તુતઃ તો તેમને કૌતુક ઉત્પન્ન થયું. માટે તેઓ પગથી ચાલીને ન ગયા. પણ ગાડાં સહિત ગયા. તેમાં પણ ઘોડાઓને અડ્યા નહિ, પણ બળદોને બરાબર રીતે જોડીને ઘણાં જ મોટાં સમારંભથી ઘરમાં પુરુષોને નિયુકત કરીને ગયા. અંબિકાવન મથુરાથી પશ્ચિમ દિશામાં અર્બુદાચલની પાસે આવેલું છે. અને તે એક તીર્થ છે. ત્યાં તે ગયાં

**विवेचन** -- એક દિવસે શિવરાત્રીનું પર્વ હતું. ત્યારે બધાં ગોપોને કૌતુક થવાથી બળદથી જોડેલા ગાડાંમાં મોટા સમારંભપૂર્વક અંબિકાવનમાં યાત્રા માટે ગયા. શા માટે આ ગોપોની આવી બુદ્ધિ થઈ ? તો તેનું કારણ અહિંયા જણાવે છે કે દેવયાત્રા એ નિત્ય છે. ધર્મ બે પ્રકારનો છે. કામ્ય અને નિત્ય. કામ્ય ધર્મનો ત્યાગ કરવો ઉચિત છે, પણ નિત્ય ધર્મનો નહિ એવી તેમની બુદ્ધિ થઈ. આ ગોપાલોની બુદ્ધિ સાધારણ ધર્મમાં નિષ્ઠ હતી. તેઓ પ્રમાણધર્મમાં આસકત હતા. મુખ્ય સ્વામિનીની માફક પ્રમેય ધર્મમાં નહિ પ્રમાણધર્મ એ સાધારણ ધર્મ છે, અને પ્રમેય અસાધારણ છે. પ્રમાણમાં વેદવિધિ અવશ્ય કરવાની હોય છે. પ્રમેયમાં ફકત લોકજ નહિ પણ વેદનોએ ત્યાગ હોય છે. કેવળ પ્રભુ સિવાય બીજો કોઈ વિચાર તેમાં હોતો નથી. તો પણ જોકે નિત્ય કર્મ હોય છતાં જો તે અન્ય દેવતાઓને પ્રસન્ન કરવાનું જ હોય તો શરણમાર્ગમાં આવેલાઓએ તેનો ત્યાગ કરવો જ જોઈએ. કારણકે વૈદિક મંત્રમાં કહેલા દેવતાઓ તો નારાયણના અંગમાંથી ઉત્પન્ન થયેલાં હોવાથી ભગવાનના અવયવરૂપ છે. તેથી તેમની સ્વતંત્ર આરાધના કરવાની કશી જરૂર નથી. એ મંત્રમાં કહેલાં કર્મ પણ ભગવાને જ વિષે હોવા જોઈએ. જો વૈદિક કર્મ કરવાથી ભગવાન પ્રસન્ન કરાતા હોય તો તે કર્મો કરવાની બિલકુલ જરૂર નથી. એજ પ્રમાણે સ્મૃતિમાં કહેલા ધર્મોનું સમજવું. શ્રાદ્ધ, તીર્થસ્નાન, દાન વગેરે વિષ્ણુને પ્રસન્ન કરવાને માટે જ સંકલ્પથી કરવાં જોઈએ. કોઈપણ અન્ય કામનાઓની લાલચે જયાં વિષ્ણુની પ્રીતિનો સંકલ્પ નથી. તેવા વ્રત તથા વિધિને શરણમાર્ગવાળાઓએ ત્યજવાં જ જોઈએ, એવો સિદ્ધાંત છે.

સ્વમાર્ગીય સિદ્ધાંત હોવા છતાં કૌતુકને વશ થયેલા ગોપોએ શિવરાત્રીના દિવસે અંબિકાવનમાં ગમન કર્યું.

ત્યાં જઈને તેમણે કેવી રીતની પૂજા કરી તો તે કહે છે.

**तत्र स्नात्वा सरस्वत्यां देवं पशुपतिं प्रभुम् । आनर्चुरर्हणैर्भक्त्या देवीं च नृपतेम्बिकाम् ।। २ ।।**

**अन्वयार्थ** -- ત્યાં સરસ્વતીમાં સ્નાન કરીને તથા પશુપતિ દેવનું તથા દેવી અંબિકાનું પૂજાની સામગ્રીથી, હે રાજા, તેમણે અર્ચન કર્યું.

**श्रीसुबोधिनीजी** -- સરસ્વતી ત્યાં પ્રાદુર્ભાવ પામી હતી. આથી તેમાં તેમણે સ્નાન કર્યું. તેઓ પશુઓના પાલક હોવાથી, પશુઓના અધિપતિ શિવ જે સર્વ દાનમાં સમર્થ છે તેમનું પૂજાની સામગ્રીથી અર્ચન કર્યું. પામરની માફક ફકત ગમન કર્યું નહોતું. એટલું જ નહિ દેવી અંબિકા એટલે પાર્વતીનું પણ અર્ચન કર્યું. **च** અને શબ્દથી આવરણ દેવતાઓનું આવરણ પણ કર્યું એમ સૂચવાયું છે. હે રાજા એવું સંબોધન કરવાનું કારણ એવું છે કે યાત્રામાં તે પરિજ્ઞાનથી વિશ્વાસ માટે તેમ કર્યું.

**विवेचन** -- મર્યાદામાર્ગમાં સ્થિત રહેનારા પૂજામાં આસકત બને છે. ગોપોએ મર્યાદામાર્ગનો અંગીકાર કર્યો. એટલે પૂજાવિધિથી અર્ચન કરવા માંડ્યું.

પૂજાને જણાવીને દાન પણ કહે છે --

**गावो हिरण्यं वासांसि मधुमध्वन्नमादृताः । ब्राह्मणेभ्यो ददुः सर्वे देवो नः प्रीयतामिति ।। ३ ।।**

**अन्वयार्थ** -- દેવ અમારા ઉપર પ્રસન્ન થાઓ એમ વિચાર કરીને તે સર્વેએ ગાયો, વસ્ત્ર, મધ અને મધુર અન્ન બ્રાહ્મણોને આપ્યાં.

**श्रीसुबोधिनीजी** -- આ સઘળાં દાન કામ્ય છે. હિરણ્ય એટલે સોનું, નાના પ્રકારનાં વસ્ત્રો અને મધ તથા મીઠું અન્ન (આપ્યાં) ગ્રામ્ય અને અરણ્યની સિદ્ધિ માટે મધ અને મીઠાં અન્નનું દાન કર્યું. રુદ્ર દેવતા ગાયોથી પ્રસન્ન થાય છે; અને અગ્નિ હિરણ્યથી. અગ્નિ પણ રુદ્ર જ છે. વસ્ત્રો સર્વ દેવને માટે અગર સોમ દેવતાને માટે છે. ઉમાની સાથે પણ (શિવ) તેનાથી પ્રસન્ન થાય છે. આ રીતે પાંચ દાનનો આદર કર્યો. હવે પાત્રસંપત્તિ જણાવે છે, તે દાન બ્રાહ્મણોને કર્યું. સર્વ શબ્દથી સંગદોષની પણ વ્યાવૃત્તિ કરી છે. કામનાની પણ વ્યાવૃત્તિ દેવ અમારા ઉપર પ્રસન્ન થાવ એવા શબ્દોમાં જણાવી છે. દેવ એટલે મહાદેવ, અથવા તો જે દેવ એમ સાધારણ વચન છે. તે અમારા ઉપર પ્રસન્ન થાવ, આ સિવાય બીજી કોઈપણ કામના નથી. (દેવની પ્રસન્નતા માટે બ્રાહ્મણોને દાન આપ્યું. પૂજાની માફક દાન પણ મર્યાદામાર્ગનો વિધિ છે.)

**ऊषुः सरस्वतीतीरे जलं प्राश्य धृतव्रतः । रजनीं तां महाभागा नन्दसुनन्दाकादयः ।**

**अन्वयार्थ** --તે મહાભાગ્યશાળી નંદ, સુનંદ વગેરેએ વ્રત ધારણ કરીને જલનું પાન કરીને તે રાત્રિ સરસ્વતીના તીર ઉપર કાઢી.

**श्रीसुबोधिनीजी** -- અંતઃશુદ્ધિ માટે જલનું પ્રાશન કરીને સરસ્વતીના તીર ઉપર રાત રહ્યા. રાત્રે કંઈપણ કર્યુ નહિ. આટલો ધર્મ સિદ્ધ થયો. આગળ તેમનું અનિષ્ટ જતું રહેશે તે જણાવવાને તથા શ્રોતાઓના સંદેહનું નિવારણ કરવાને મહાભાગ્યશાળી પદથી સૂચવાયું છે. ગોપોમાં નંદ અને સુનંદ મુખ્ય હતાં. અથવા નંદ એ મુખ્ય નામથી સર્વનો વ્યપદેશ કર્યો છે. સુનંદ જેમાં પ્રથમ છે તે બધા ગોપો પણ નંદની તુલ્ય છે. ભગવાનના સંબંધથી સુનંદક અતિ આનંદથી યુકત છે અથવા અન્ય ઉપનંદ છે. અગર નંદ જ ધર્મપ્રાધાન્યથી કહ્યા છે.

**टिप्पण** -- ગોપોની આગળ મહાભાગ્યશાળી પદ યોજવાનું કારણ એ છે કે આગળ તેમના અનિષ્ઠની નિવૃત્તિ થવાની છે. એકવખત તેમનો પરિગ્રહ થયેલો હોવાથી અન્યનું ભજન કરવાથી દુઃખનો સંબંધ રહે છે. માટે અન્ય દેવોની ઉપેક્ષા કરે તો જ સુખ થાય એવો ભાવાર્થ સૂચવાયો છે. વ્રત પણ મર્યાદામાર્ગમાં અવશ્ય કરવાનાં છે. આ શ્લોક પરથી જણાવ્યું છે.

આ પ્રમાણે સર્વ રીતે ધર્મસંપત્તિથી યુકત ગોપોને ભગવદ્‌ભાવ તિરોભૂત પામતા તેમના નિરોધની હકીકત કહેવી જોઈએ. તેથી શકટભંગની માફક ભગવાને સર્પ પાસે નંદજીને ગળાવ્યા એવું કહે છે.

**कश्चिन्महानहिस्तस्मिन् विपिनेऽतिबुभुक्षितः । यदृच्छयागतो नन्दं शयानमुरगोऽग्रसत् ।।५ ।।**

**अन्वयार्थ** - તે જ વનમાં ઘણો ભૂખ્યો થયેલો કોઈ એક મહાસર્પ એકાએક આવ્યો અને સુતેલા નંદને ગળવા લાગ્યો.

**सुबोधिनीजी** -- મહાસર્પ એટલે અજગર તે ભૂખ્યો જ હોય છે. કોકવખત તેને અન્ન મળે છે. ત્યાં દૈવગતિથી તે વનમાં આહારના અભાવે ઘણો જ ભૂખ્યો તે થયો. એકાએક તેને નંદજી મળી આવ્યા. એકાએક તે નંદજીની પાસે આવ્યો. નંદ પણ દૈવ ગતિથી ઉંઘતા હતાં. ખરી રીતે તો તેમણે જાગરણ કરવું જોઈએ, માટે ખાસ કરીને ઉંઘતા નંદને જેનું આગમન જાણવું અશક્ય છે એમ સર્પે ગળવા માંડ્યું.

**टिप्पण** -- ઉપવાસ કરેલો હોય તે દિવસે ખાસ કરીને જાગરણ કરવું જોઈએ. એવો શાસ્ત્રનો વિધિ છે. પણ નંદજીએ આ શાસ્ત્રવિહિત વિધિનું ઉલ્લંઘન કર્યુ અને નિદ્રાને વશ થઈ ગયા. આથી શાસ્ત્રની મર્યાદા પાળવામાં મગ્ન બનેલાં નંદજીને એ મર્યાદાના અતિક્રમનો દંડ થવો જોઈએ. માટે ભગવાને ઘણા દિવસથી ભૂખ્યા પડી

રહેલા એક અજગરને તે સ્થાનમાં મોકલ્યો અને નંદજીને તેના ભોગ બનાવ્યા.

આ શ્લોકનું તાત્પર્ય એવું છે કે શાસ્ત્રની મર્યાદાનું પાલન અક્ષરશઃ વિધિપૂર્વક થવું જોઈએ. તેનું ઉલ્લંઘન કરનાર દંડને પાત્ર બને છે. આ મર્યાદાનો વિધિ છે.

પછીથી જે બન્યું તે કહે છે.

**स चुक्रोशाहिना ग्रस्तः कृष्ण कृष्ण महानयम् । सर्पो मां ग्रसते तात प्रपन्नं परिमोचय ।।६।।**

**अन्वयार्थ +-**સર્પ ગળતા તેમણે બુમ પાડી હે કૃષ્ણ હે ! કૃષ્ણ ! આ મોટો સાપ મને ગળી જાય છે. હે તાત, શરણે આવેલા મને મુકત કર. (બચાવ)

**શ્રીસુબોધિનીજી --** કંઠથી નીચેના ભાગમાં સાપે ગળવા માંડ્યું. પ્રથમ કેવળ બૂમ પાડી પછીથી માહાત્મ્યનું સ્મરણ કરીને હે કૃષ્ણ, હે કૃષ્ણ એ પ્રમાણે આદરથી અગર ભયથી સંબોધન કરીને પોતાનું અનિષ્ટ જણાવે છે કે આ મહાસર્પ મને ગળે છે. તાત સંબોધન સ્નેહથી વૈકલવ્યને માટે છે. પરિમોચનમાં હેતુ કહેતાં પ્રાર્થના કરે છે. શરણાગતને બચાવો.

**विवेचन +-** ભકત અન્યથા શ્રમ કરે પણ પ્રભુ તેને કરવા દેતા નથી. એકવખત શરણે આવેલા ભકતોને પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન નથી હોતું એમ નથી, તે હોય છે જ. પણ માયાએ કરીને તે જ્ઞાન તેઓ ભૂલી જાય છે, પણ જયારે પ્રભુ તેમને અટપટા અનુભવમાં નાખે છે ત્યારે તેમને તે જ્ઞાન સાંભળી આવે છે. સર્પ એ કાળનું સૂચન પણ લેવાય. પ્રભુને ભૂલીને અન્યનું સ્મરણ કરનારને કાળરૂપી સર્પ ગળી જાય છે. કાળ તેનો નાશ કરે છે. આવી સ્થિતિમાં આવી પડેલા શરણની યાચના કરે છે; અને શરણાગતનો પ્રભુ મોક્ષ કરે છે જ.

પછીથી ભગવાનના બચાવતાં પહેલાં પ્રથમ બીજા ગોપો બચાવવાને માટે તૈયાર થાય તે કહે છે.

**तस्य चाक्रन्दितं श्रुत्वा गोपालाः सहसोत्थिताः ग्रस्तं च दष्ठा विभ्रान्ताः सर्पँ विव्यधुरुल्मुकैः ।**

**अन्वयार्थ –** તેઓનું આક્રન્દ સાંભળીને ગોવાળીયા એકદમ ઉભા થયા અને નંદજીને ગળાયેલા જોઈને, ભ્રાંત થઈ, સાપને બળતા લાકડાંથી મારવા લાગ્યા.

**શ્રીસુબોધિનીજી --** નંદજીની બેભાન તથા અન્યોની બેભાન અવસ્થા જણાવવાને પ્રાર્થના અને પ્રતિક્રિયાનું નિરૂપણ કરે છે. તે નંદજીનું આક્રંદ સાંભળીને એકદમ વિચાર કર્યા વગર ભગવાનને પૂછયા વગર જ તેઓ જાતે ઉભા થયા. નંદને સર્પથી ગળાયેલા જોઈને ખાસ કરીને તેઓ ગભરાયા, અને શીતલતા માટે (શાંતિ માટે) બળતાં

લાકડાંથી સાપને મારવા લાગ્યા. આ ઉપાયથી નંદ પણ મરી જાય તોપણ અજ્ઞાનથી ભગવાન હોવાછતાં પણ યાત્રાની માફક આ પણ તેમણે કર્યુ.

**વિવેચન** -- કાળના સંકટથી પીડા પામનારને ભગવાન તેની પરીક્ષા કરવા એકદમ તેને એ સંકટમાંથી મુકત કરતા નથી. તેની પાસે અન્ય ઉપાયો યોજાવે છે. અને તે સાધનોની વિફલતાનું જ્ઞાન કરવીને તેને નિઃસાધનતાનો પાઠ શીખવાડે છે. ભકતો જયારે નિઃસાધન થાય છે ત્યારે જ તેમને મુકત કરવાને પ્રભુ સાક્ષાત્ આવે છે. આથી પ્રથમ કૃષ્ણ મુકત કરવાને ન ગયા પણ અન્ય ગોપોને લાકડીઓ લઇને તેમને બચાવવા દોડાવ્યા.

તો પણ તે ઉપાય નહિ હોવાથી તેનું ફળ આવ્યું નહિ (નંદને બચાવી શકયા નહિ) એવું કહે છે.

**अलातैर्दह्यमानोऽपि नामुञ्चत्तमुरंगमः तमस्पृशत्पदाभ्येत्य भगवान्सात्वतां पतिः ।। ८ ।।**

**अन्वयार्थ** -- બળતા લાકડાંથી બળવા છતાં પણ સાપે નંદજીને છોડયા નહિ, ત્યારે વૈષ્ણવોના પતિ ભગવાને ચરણથી સ્પર્શ કર્યો.

**श्रीसुबोधिनीजी** -- આ સાપ ભક્ષણ કરવાનું જ જાણે છે, ત્યાગ કરવાનું નહિ. આથી નંદને તેણે છૂટા કર્યા નહિ. આથી તેને લાયક જ ઉપાય હતો તે ભગવાને કર્યો એમ કહે છે. પોતે જાતે જઇને ચરણથી તેનો સ્પર્શ કર્યો. તેના કર્મનો ક્ષય કરવો જોઇએ. તે કર્મ ક્ષય જ્ઞાનથી અગર ભકિતથી થાય છે. જ્ઞાનમાર્ગમાં અધિકારી શરીરની અપેક્ષા રહે છે. ભકિત પણ અહિઆં પ્રમેયથી પ્રાપ્ત થાય છે. આથી તેની ભકિતસિદ્ધિને માટે અને ભગવદીય શરીરની પ્રાપ્તિ માટે ચરણથી તેનો સ્પર્શ કર્યો. ''જાતે આવીને'' એ શબ્દોથી તેના પણ સાધનની અપેક્ષાનો અભાવ સૂચવાયો છે. તેનામાં તે પ્રમાણે કરવાનું સામર્થ્ય ખાસ છે. તેવું તે વૈષ્ણવોના પતિ વિશેષણથી જણાવ્યું છે. ભગવાન વૈષ્ણવોના પતિ છે તેથી વૈષ્ણવોના હિતને માટે તે પ્રમાણે કર્યું.

**विवेचन** +- કાળરૂપી સર્પ જેને ગ્રસે છે તેનું તે ભક્ષણ જ કરે છે. તેના પંજામાં સપડાયેલો કદી બચી શકતો નથી. માત્ર પ્રભુ દયા લાવી તેને બચાવે તો જ તે બચી શકે એવું આ શ્લોકનું તાત્પર્ય છે.

પછીથી જે બન્યું તે કહે છે.

**स वै भगवतः श्रीमत्पादस्पर्शहताशुभः । भेजे सर्पवपुर्हित्वा रूप विद्याधरार्चितम्** ।।६।।

**अन्वयार्थ** -- ભગવાનના શ્રીથી યુકત પાદના સ્પર્શથી તેના અશુભનો નાશ થવાથી, સર્પદેહનો ત્યાગ કરીને તેણે વિદ્યાધરોથી પૂજતા રૂપને ધારણ કર્યુ.

**सुबोधिनीजी** -- નિશ્ચયથી સર્પદેહનો ત્યાગ કરીને વિદ્યાધરના રૂપને અંગીકાર કર્યુ. પણ પૂર્વ કરતાં જુદી જાતનો દેહ ધારણ કર્યો. કારણકે તે ભગવદીય હતો, તે જણાવવાને કહે છે કે વિદ્યાધરોથી પૂજાતા વિદ્યાધરોમાં એ દેવરૂપ થયો. સર્વથી અધમ સાપની યોનિ હોય છે. અને સર્વથી ઉત્તમ ભગવદીયની છે. આ પ્રમાણે ચરણનો પ્રભાવ છે. તે સર્વથી અધમ છતાં સર્વોતમ બને છે, તેમાં પ્રમેયબલ એ હે હેતુરૂપ છે. દેહમાત્રમાં ઉપપત્તિ કહી, લોકમાં તેને સર્વોત્તમ કરવાને માટે ચરણને શ્રીમત શ્રીવાળું એવું વિશેષણ યોજે છે. ચરણના સ્પર્શથી તેના અશુભ જતાં રહ્યાં, સર્પદેહના પરિત્યાગમાં પાપનો નાશ એજ હેતુ છે, ગુણના આધાનમાં પણ તેનો સ્પર્શ જ હેતુ છે, તથા તે સામગ્રીનું સંપાદક બને છે. શંકા થાય કે અનુચિત પાત્રમાં-સર્પમાં ભગવાને ઉપકાર કર્યો છે તે ઠીક કર્યુ નથી, તેના ઉત્તરમાં કહે છે કે તેના ઉપર ભગવાને કરેલા ઉપકારનું જ્ઞાન પણ છે તે જણાવવાને ભગવાન તેને પૂછે છે.

**तमपृच्छद् हृषीकेशः प्रणतं समवस्थितम् । दीप्यमानेन वपुषा पुरुषं हेममालिनम् ।।१०।।**

**अन्वयार्थ** -- હૃષીકેશ ભગવાને, દેદીપ્યમાન શરીરવાળા સુવર્ણમાળાથી શોભતા, વંદન કરતા અને સમીપ ઉભેલા તે પુરુષને પૂછયું.

**श्रीसुबोधिनीजी-** જો કે પોતે તેનું અંતઃકરણ સર્વ જાણે છે, કારણકે પોતે હૃષીકોના (ઈન્દ્રિયોના) ઈશ છે. તો પણ ત્યાં શાસ્ત્રીય સામર્થ્ય સ્થાપિત કરવાને ભાષણપૂર્વક તેને પ્રણામ કરેલા છે. તો પછી કેવી રીતે પ્રથમ અન્યથા તેણે કર્યુ એવી શંકામાં સમીપ ઉભેલા વિશેષણ છે. પહેલી તેની સ્થિતિ સમ્યક નહોતી; હવે તો નમ્રભાવથી જણાવવાને બાહ્યરૂપનું વર્ણન કરે છે. ભગવદીય ઉપરથી લક્ષિત થાય છે, ઉચ્ચ યોનિમાં પણ જો ભગવદીય હોય તો પણ ત્યાં ઉચ્ચ નીચનો ભેદ હોય છે. કોઈ વખત તે જંતુઓના રૂપમાં હોય છે, કોઈ વખત સ્ત્રી તરીકે હોય છે. વગેરે આશંકાનું નિવારણ કરવાને અહિયા પુરુષ શબ્દ કહેલો છે. તેમાં પણ સર્વ ગુણની પૂર્ણતા જણાવવાને સુવર્ણમાળાથી શોભિત એ વિશેષણ કર્યુ છે. તેથી મહાન્ વિભૂષિત બને છે.

તમે કોણ છો એવો પ્રશ્ન કહે છે :-

**को भवान् परया लक्ष्म्या रोचतेऽद्भुतदर्शनः । कथं जुगुप्सितामेतां गतिं वा प्रापितोऽवशः ।।**

**अन्वयार्थ** - તમે કોણ છો ? ઉત્તમ કાન્તિથી તમે શોભો છો. તમારૂ દર્શન અદ્ભૂત છે. અને પરવશ થઈને આનંદિત ગતિને પ્રાપ્ત થાવ છો. ૧૧

**श्रीसुबोधिनी-** કોણ છે એવો જાતિ અને નામનો પ્રશ્ન છે. સ્વભાવથી પણ હલકા માણસને એકદમ સાધનમાં મહત્તા મળતી નથી માટે ભગવાન પણ તું ઉત્તમ કાન્તિથી શોભે છે એમ કહે છે. વળી સર્વ દેવો વગેરે આવ્યા છે. તેઓ બહુ રીતે જોયા છે. પણ તમારૂં દર્શન તો અદ્ભૂત છે, અર્થાત્ આવો કોઈપણ તેજસ્વી જોયો નથી એવો અર્થ છે. આ પૂર્વના પુણ્યસંચય સિવાય બની શકતું નથી. આમ હોવા છતાં તમારી ગતિ આવી નિન્દનીય શાથી થઈ ? ખાસ કરીને કોઈએ આવી ગતિ કરી હશે, અને તેમાં શાપજ કારણ હોવું જોઈએ, તેમાં વળી આવા વનમાં કોણ લાવ્યું એવું પૂછે છે.

આ પહેલાં પણ સાપ જ હતો. ભગવાનની કૃપાથી તે વિદ્યાધર થયો હતો. પછીથી એ સર્પ થયો. માટે અહિંયા સર્પ બોલ્યો એમ કહ્યું છે. સર્પ પોતાનું પહેલાનું વૃત્તાંત કહે છે.

**अहं विद्याधरः कश्चित् सुदर्शन इति श्रुतः। श्रिया स्वरूपसंपत्या विमानेनाचरन्दिशः ।।१२।।**
**ऋषीन्विरूपानाङ्गिरसः प्राहसं रूपदर्पितः । तैरिमा प्रापितो योन प्रलब्धैः स्वेन पाष्मन ।।**

**अन्वयार्थ** -- હું કોઈએક સુદર્શન નામનો વિદ્યાધર હતો. લક્ષ્મી અને સ્વરૂપની શોભાથી વિમાનમાં બેસીને દિશાઓમાં ફરતો હતો, અને મારા રૂપથી અહંકાર લાવીને અંગિરસ કુળના વિરૂપ (બેડોળ) ઋષિઓની મેં મશ્કરી કરી. તેઓએ મને મારા પાપને લીધે આ યોનિમાં લાવી મૂક્યો.

**श्रीसुबोधिनीजी** - વિદ્યાધર એક જાતના દેવો છે. કોઈએક પ્રસિદ્ધ સુદર્શન નામનો વિદ્યાધર હતો. આ વૈષ્ણવ નામથી ભગવાનની કૃપા થઈ એવું જણાવવાને માટે પ્રસિદ્ધ હતો એમ કહ્યું છે. તેના દેહની કાંતિ ધન અને અદ્ભૂત બળ એ ત્રણે ગુણો પહેલાં હતાં એવું કહ્યું છે. દિશાઓ એટલે દશ દિશાઓમાં આજુબાજુ બિલકુલ અટકાવ સિવાય ફર્યો. આ પ્રમાણે સ્વરૂપને જણાવી અપરાધ અને તેના ફલનું નિરૂપણ કરે છે. અંગિરસનાં ગોત્રમાં ઉત્પન્ન થયેલાં અષ્ટાવક્રના જેવા બે માનવ ઋષિઓ હતા. તેમને રૂપથી ગર્વમાં આવી ગયેલો હસવા લાગ્યો. જેમ સાધારણ બાળક હસે છે તેમ હસ્યો. તેમાં પછી તેમના શાપને લીધે આ સર્પની યોનિમાં હું પ્રાપ્ત થયો. સર્પની યોનિમાં પ્રાપ્ત થવામાં બીજું બાહ્ય કારણ કહે છે. વક્રોકિતએ ઋષિઓને ઉદ્વિગ્ન કર્યા હતાં. સ્વરૂપથી કારણ વગર સર્પ ક્રીડા કરનાર હોય છે. માટે આ યોનિમાં પ્રાપ્ત થયો. શંકા-થોડા અપરાધને માટે શાથી આટલો મોડો દંડ આપવામાં આવ્યો ? ઉત્તર - તેને પોતાના પાપને લીધે. પ્રથમ બ્રાહ્મણોની વૃત્તિ એટલે (આજીવિકા) તેણે લઈ લીધી હતી, માટે તે નિભાવીને ઋષિઓએ આ પ્રમાણે કર્યુ.

આ પ્રમાણે અપરાધ અને શાપનું નિરૂપણ કરીને તેની વૈષ્ણવતાની નિર્મત્સરતા જણાવે છે.

**शापो मेऽनुग्रहायैव कृतस्तैः करूणात्मभिः। यदहं लोकगुरूणा पदा स्पृष्टो हताशुभः ।।१४।।**

**अन्वयार्थ-** તે કરુણાવાળાઓએ મારાં અનુગ્રહ માટે શાપ આપ્યો છે. કારણકે લોકના ગુરુ એવા આપે ચરણથી મને સ્પર્શ કર્યો અને મારાં અશુભ દૂર થયાં.

**सुबोधिनीजी-** પ્રથમ વિદ્યાધર તરીકે કદાચ મુકિત થાય, કારણ કે આ શાપ અનુગ્રહને માટે જ છે. જો કે લોકમાં તે અનિષ્ટરૂપ છે, તો પણ મને અનુગ્રહરૂપ છે. આથી તેઓ કરૂણાવાળા છે. કરૂણાવાળાઓના શાપ અન્યથા બનતા નથી. તેમાં ખાસ કરીને પ્રસિદ્ધ પુરુષોના શાપ અન્યથા બનતા નથી ; તેના અનુગ્રહના દર્પને કહે છે. લોકમાં ગુરૂ એવા આપે ચરણથી સ્પર્શ કર્યો શંકા-શાપ પહેલેથી સિદ્ધ હતો, તે દોષરૂપ જ છે તેથી શી રીતે ઈષ્ટની સિદ્ધિ થાય ? ત્યાં કહે છે. આ શાપ તેમણે અપૂર્વ કર્યો. ભગવાનનું દર્શન ઋષિઓના અનુગ્રહથી થાય છે, તે અહિંયા શાપથી થયું છે એ રીતે તેનો અનુગ્રહ જણાવ્યો છે. કારણ કે લોકમાં ગુરુ અર્થાત્ જ્ઞાનોપદેશ કરનાર ભગવાને મને ચરણથી સ્પર્શ કર્યો છે. ગુરુની સેવાથી જ જ્ઞાન સિદ્ધ થાય છે. તે સેવા ત્યારે જ પુષ્ટ થાય છે કે જો ગુરુ જાતે ચરણથી સ્પર્શ કરે. તો અતિવિશ્વાસુ અને પ્રીતિવાળાને પોતે ચરણથી સ્પર્શ કરે છે. તેનાથી અપરાધપૂર્ણ પાપ દૂર થયું.

આ રીતે ભગવાનના ચરણસ્પર્શને અભિનંદન કરીને તેનાથી થયેલા ફળની પ્રાર્થનાના બહાનાની પ્રસંસા કરે છે.

**तं त्वहं भवभीतानां प्रपन्नानां भयापहम् । आपृच्छेऽहं शापनिर्मुत्कः पादस्पर्शादमीवहन्**
**प्रपन्नोऽस्मि महायोगिन् महापुरुष सत्पते। अनुजानीहि मां देव सर्वलोकेश्वरेश्वर**
**।।१६।।**

**ब्रह्मदण्डाद्विमुक्तोऽहं सद्यस्तेऽच्युतदर्शनात्। यन्नाम गृहणन्नखिलान्श्रोतनात्मानमेव च**
**।।१७।।**

**सद्यः पुनाति किंभूयस्तस्य स्पृष्टः पदा हि ते ।**

**अन्वयार्थ-** હે પાપના નાશ કરનાર ! આપના ચરણના સ્પર્શથી નિર્મુકત થયેલો હું, સંસારથી ડરેલાના અને આપને શરણે આવેલાઓના ભય દૂર કરનાર એવા આપની સાથે સંભાષણ કરૂ છું. હે મહાયોગી, હે મહાપુરૂષ, હે સત્પતિ ! હું આપને શરણે આવેલો છું. હે દેવ, તે સર્વ લોકના ઈશ્વરના ઈશ્વર, અને આપનો સેવક જાણીને જવાની આજ્ઞા આપો. હે અચ્યુત. આપના દર્શનથી તરત બ્રાહ્મણોના શાપમાંથી મુકત

થયો છું. જેનું નામ લેનાર સર્વ શ્રોતાઓને તથા પોતાની જાતને પવિત્ર કરે છે તો પછી ચરણથી સ્પર્શ પામેલો પવિત્ર થાય એમાં શું આશ્ચર્ય ?

**સુબોધિનીજી-** પ્રથમ ફલની અનુજ્ઞાની પ્રાર્થના કરે છે. તે એટલે સર્વ ફલના દાતા. જે કોઈ પણ દુર્લંઘ્ય સંસારથી ડરેલા છે. તેમના પણ ભયને આપ શરણમાત્રથી દૂર કરો છો. ભગવાનની સેવાને માટે સંસારમાં ઉત્પન્ન કરાય છે. તે બધા સંસારની માયાથી વિપરીત થાય છે. તો પણ હે કૃષ્ણ ! હું તમારો છું એ પ્રમાણે કહેવાથી સર્વ ભય દૂર થાય છે. આથી અમારો ભય પણ દૂર કરો અમે અપરાધી છીએ. કારણ કે નંદજીનો ગ્રાસ કર્યો, તો હવે શું કરશે એ શંકા દૂર કરે છે. આથી સંપૂર્ણ રીતે સંભાષણ કરૂં છું. મધ્યમાં આવેલો ઉપદ્રવ નાશ પામ્યો. આકસ્મિક દોષ પણ નથી. તેથી શાપથી મુકત થયેલો એમ કહે છે. તો પણ સહજ પાપ તો રહે છે તો પછી શીરીતે સંભાષણથી યોગ્યતા રહે ? એવી શંકા શરૂ કરવા માટે પાપથી દૂર કરનાર એવું સંબોધન કર્યુ છે. તો પણ અન્યની પ્રેરણાથી દંડ ના આપો એમ ડરેલો શીઘ્ર ગતિની પ્રાર્થના કરતો ફરીથી પ્રાર્થના કરે છે કે હું શરણે છું શરણે આવેલાઓના અપરાધો દૂર થાય છે. આપ મહાયોગી છો. આ કંઈ આપના પિતા વગેરે નથી, પણ અતિયોગથી તે પ્રમાણે વિડંબન કરો છો છતાં આપને કોણ ઓળખતું નથી ? એ જણાવવાને મહાયોગીપણું કહ્યું છે. વળી ક્ષુદ્રના અપરાધને અલ્પ માનો છો. આપ તો મહાપુરુષ છો, એટલું જ નહિં પણ સત્પુરુષોના પતિ છો. સત્પુરુષો તિતિક્ષાવાળા (સહનશીલ) હોય છે. તેમના પતિ તો ખાસ કરીને વધારે સહનશીલ હોય છે. આથી સર્વ રીતે મારા અપરાધને સહન કરવો યોગ્ય છે. એવો ભાવાર્થ છે. માટે આપ હવે રજા આપો. હું સેવક છું માટે રજા આપો. દેવ સંબોધનથી દેવયોનિવાળાનો વિદ્યાધર માટે પક્ષપાત હોય છે માનવ માટે નહિ, એવું જણાવ્યું છે. શંકા - હું રજા આપું છતાં કેવી રીતે યમ વગેરે તરફથી પીડા નહિ થાય ? કાલ વગેરે પણ મારા ભકતના અપરાધ માટે દંડ કરશે જ. આના ઉત્તરમાં કહે છે સર્વ લોકના જે ઈશ્વરો છે તેમના પણ આપ ઈશ્વર છો. માટે આપની કૃપા થતાં કોઈપણ ચિંતા રહેશે નહિ. એવો ભાવાર્થ છે. શંકા-હું તો સર્વત્ર ઉદાસીન છું. મારે કોઈપણ શત્રુ નથી, તેમ કોઈ પ્રિય પણ નથી. આથી નિષિદ્ધના આચરણમાં કાલ વગેરે બાધક થાય. ઉત્તર-આપના દર્શનથી બ્રાહ્મણોના દંડમાંથી મુકત થયો છું. જો કે આપ ઉદાસીન છો, તો પણ આપના ધર્મો ઉદાસીન નથી. નહિ તો દર્શનથી જ બ્રહ્મદંડમાંથી મોક્ષ ન થાય, તેમજ જલ્દી મોક્ષ કદી ન થાય. અને તે વળી દર્શનથી. અચ્યુત સંબોધનથી ભગવાનના ધર્મો અમુક વખત જોવામાં આવતા નથી. જેથી જેનું નિવારણ થયું છે તે નિવૃત થયા

છે જ. શંકા-ભલે તેમનો ઉપયોગ દૂર થાવ. પણ શાથી સર્વ અનિષ્ટની નિવૃતિ થઈ ? ત્યાં કહે છે. મારા સર્વ પાપના નિવારણમાં કોઈપણ સંદેહ નથી. જેના નામગ્રહણમાત્રથી જ જે શ્રોતાઓ તથા પોતાના આત્માને પાપરહિત કરે છે ત્યાં અધિકારીનો વિચાર નથી, પણ સર્વને પાપરહિત બનાવે છે. અહિંયા આત્મશબ્દ જીવ અર્થમાં સમજાય છે. માત્ર દેહના દોષો દૂર થતા નથી. પણ અજ્ઞાન વગેરે સર્વ જ દૂર થાય છે. અને થી શ્રોતાઓ પણ સમજાય છે. સત્ત્વશુદ્ધિથી શુદ્ધિના હેતુરૂપ દેશ વગેરેની નિરપેક્ષતા જણાવે છે. તો પણ વારંવાર ઉચ્ચાર કરતાં તેને પવિત્ર કરે છે એમાં શું કહેવું ? જ્યાં નામનું જ આટલું માહાત્મ્ય છે, તો તેના સ્વરૂપનું માહાત્મ્ય શું કહેવું ? ચરણનો સ્પર્શ સર્વથા દુર્લભ છે. તેમાં ભગવાને કરેલો અને તેમાં તેમના ચરણે કરેલો ખાસ દુર્લભ છે કારણકે ચરણથી ગંગાદિ તીર્થરૂપ રેણું છે, ભકતોરૂપી અમૃતરસ છે. આ રીતે સર્વની સન્નિધિને લીધે સર્વદા દોષ તે દૂર કરી શકે એમ છે એવો અર્થ છે. તેમાં વળી આપનું ચરણ સર્વ દોષના નિવારણ માટે જ પ્રકટ થયું છે.

ભગવાનને બોલવાનું નહોતું તેથી પોતે શાન્ત રહ્યા. આથી તેનો અંગીકાર થયો છે એમ માનીને ભગવાનની અનુજ્ઞા મેળવીને પોતે ત્યાંથી ગયો એવું કહે છે.

**इत्यनुज्ञाप्य दाशार्हे परिक्रम्याभिवाद्य च। सुदर्शनो दिवं यातः कृच्छान्नन्दच्छ मोचितः ।।१८।।**

**अन्वयार्थ-** આ રીતે સેવવાને યોગ્ય પ્રભુની રજા મેળવીને તથા તેમની પ્રદિક્ષણા કરીને તેમજ વંદન કરીને સુદર્શન સ્વર્ગમાં ગયો અને નંદજી બહુ મુશ્કેલીથી છુટા થયા.

**सुबोधिनीजी-** દાશાર્હ એટલે ભગવાન સેવ્ય. આ ભાવમાં સ્વામી સેવ્ય હોય છે. સર્વ પુરુષાર્થની સિદ્ધિને માટે સાધન પણ કર્યુ એમ કહે છે. સર્વ પુરુષાર્થો તેનાથી વીંટાયેલા છે. તેથી તેમની સિદ્ધિ પણ ભગવાનને આધીન છે. અભિવાદનથી સ્વતંત્ર રીતે પોતે મુકત કરેલા પુરુષાર્થોનું અતિશય આધિકય સૂચવાય છે. અને થી સ્તુતિ કરીને, અને ભગવાનની રજા પામીને, તે પ્રમાણે કર્યુ છે. જે મને જે ભાવે શરણે આવે છે. તેમને હું તે ભાવથી ભજું છુ. એ ન્યાયથી સર્વ પુરુષોર્થોનું દાન તેણે કર્યુ. આથી સુદર્શન નામ હતું. પછી તે સ્વર્ગમાં ગયો. વિદ્યાધરોના લોકમાં તે ગયો. ઘણીજ મુશ્કેલીથી સર્વ દોષમાંથી તે મુકત કરાયો, અને નંદ પણ મુશ્કેલીથી મુકત કરાયા. અને તેથી વૈભવ પણ જાણ્યો.

પછીથી તે ગોપો દરેક રીતે ભગવત્પરાયણ થયા એવું કહે છે.

**निशम्य कृष्णस्य तदात्मवैभवं व्रजौकसो विस्मितचेतसस्ततः ।**
**समाप्य तस्मिन्नियमं पुनर्व्रजं नृप ययुस्तत्कथयन्त आदृताः ।। १६ ।।**

**अन्वयार्थ-** ત્યારે કૃષ્ણનો તે આત્મવૈભવ સાંભળીને વ્રજવાસીઓનાં ચિત્ત વિસ્મયમાં ગરકાવ થયાં અને પછી તે કર્મની સમાપ્તિ તેમના વિષે કરી અને આદર સહિત તેમની કથા કરતા કરતા વનમાં પાછા ફર્યા.

**सुबोधिनीजी--** કૃષ્ણના તે વૈભવને જાણીને સર્વે વ્રજવાસીઓનાં ચિત્ત વિસ્મયમાં ગરકાવ થયાં કારણકે કૃષ્ણે અલૌકિક સામર્થ્ય પ્રકટ કર્યુ હતું.અહિંયા કંઈપણ કૃતિથી સાધ્ય નહોતું કે જેથી પૂર્વની સાથે તેના અર્થની સિદ્ધિ થાય. આ વૈભવ અનુભવરૂપ છે. નહિ તો બળતા લાકડાથી મારવા કરતાં પાદસ્પર્શ સૂક્ષ્મ હોવાથી તેનાથી એ કાર્ય શી રીતે બને ? પરમાનંદ સ્વતઃ અનુભવથી સિદ્ધ છે. એટલે ધર્મીનો ઉત્કર્ષ ત્યાં છે. આ વૈભવ આત્માનો જ છે, શકિતનો નહિ. આથી જયાં ક્રિયા જ્ઞાન વગેરેનો અભાવ હોય ત્યાં તે રીતે સ્વરૂપનોજ અંગીકાર કરવો જ જોઇએ. વ્રજવાસીઓ અત્યંત વિશ્વાસવાળા હતા આથી ક્રિયાથી વિસ્મય થયો. આથી તે ભગવાનમાં પોતાનો નિયમ સમાપ્ત કરીને ફરીથી વ્રજમાં ગયા. તે આરંભેલું કર્મ કૃષ્ણને જ નિવેદન કર્યું. નહિ તો તેનાથી બંધ જ બને. વ્રજમાંજ ગયા. ત્યાં સર્વ સિદ્ધિ થશે. એમ મનથી પણ અન્યગમનની ઇચ્છા ન કરી. ''હે નૃપ'' એ સંબોધન વિશ્વાસને માટે છે. જયારે કંઇ જોવામાં આવે છે ત્યારે બીજાઓને વિશ્વાસ થાય છે. ''આદરવાળા બનીને તેમની જ કથા કરતા'' એ શબ્દોથી ચિત્તમાં ભગવાનના અનુભાવનો અભિનિવેશ કહેલો છે.

આ રીતે અન્યભજનમાટે ભગવાનના અનુભવનું નિરૂપણ કર્યું અને ગોપિકાદ્વારા સર્વમાં બ્રહ્માનંદ પૂરવા માટે ફરીથી ગોપિકાઓની સાથે શબ્દરૂપ બલભદ્રની સાથે ક્રીડાનું નિરૂપણ કરે છે.

**कदाचिदथ गोविन्दो रामश्चाद्भुतविक्रमः । विजह्रतुर्वने रात्र्यां मध्ये गोव्रजयोषिताम् ।।२०।।**

**अन्वयार्थ :** કોઇ એક વખતે ગોવિન્દ અને અદ્ભુત પરાક્રમવાળા બળરામ ગો અને વ્રજની સ્ત્રીઓની મધ્યમાં રાતની વખત વનમાં વિહાર કરતા હતા.

**सुबोधिनीजी--** આ લીલા કાલપ્રધાન છે. આથી અહિંયા દૈત્યો બાધક છે. બાધનમાં ભગવાનના સામર્થ્યથી તેનું નિરાકરણ કરીને શબ્દનું જ માહાત્મ્ય જણાવ્યું છે. માટે મોટાભાઈ બળભદ્રને મણિદાન કર્યું છે. ૧ લૌકિક અને અલૌકિક માહાત્મ્ય જાણવામાંજ વેદનું સ્વતઃ પ્રમાણ્ય સિદ્ધથાય છે. નહિ તો ભ્રાન્ત મીમાંસકોની માફક સર્વ વેદ કલ્પનામય બની જશે. એક વખતે એટલે શીતકાલ નહોતો ત્યારે.

''અથ'' શબ્દથી જૂદો ઉપક્રમ છે. અર્થાત્ પહેલાં જણાવેલી ગોપીઓ સિવાય બીજાની સાથે ક્રીડા કરી. પ્રથમ શાસ્ત્રમાં આસકત હતાં, તેમનાં પણ અનુભવદર્શનથી સર્વ પણ તેને આધીન છે એવા જ્ઞાનથી ભગવાન અને બલભદ્રની સાથે રમણને માટે ઇચ્છા થઇ. ભગવાન તેમના ગોવિંદ હોવાથી તે ગોપીઓના પણ ઈન્દ્ર (ઇશ) છે. આથી પોતે ક્રિયાશકિતવાળા મુખ્ય હોવાથી રમણ કર્યું. બલરામે પણ રમણ કર્યું. તેમની સાથે રમણ કરવામાં ચિત્તને પ્રસન કરવાને અદ્‌ભૂત પરાક્રમવાળા તે હતા. ''અને'' થી આવેશવાળા એમ જણાવ્યું છે. આથી મધ્યમ અધિકારીઓની વેદમાં આસકિત, દોષને માટે નથી એવું નિરૂપણ કર્યું છે. નહિ તો પ્રમાણવાળાઓનો અનન્યભાવ ભગ્ન થઈ જાય. ''અદ્‌ભૂત પરાક્રમ'' એ શબ્દથી કેવલ અર્થમાં મગ્ન બનેલાઓનો આ ઉપયોગ સૂચવાયો છે. નહિ તો બીજાનું નિરાકરણ અને પોતાના અર્થનું નિરૂપણ અથવા ભગવાન વેદમાં બમણીવૃત્તિ થાય. અર્થયુકત જ શબ્દની લીલા એમ કહીને રાતના વખતે વનમાં તે જણાવી છે. બન્ને જણાઓએ વિહાર કર્યો. બન્નેના વિહાર માટે પ્રથમ ગોપિકાની સરખામણીએ તે ઉતરતાં છે માટે ગાયો અને વ્રજની સ્ત્રીઓની મધ્યમાં એમ કહ્યું છે. વ્રજમાં ગાયો મુખ્ય છે, અહિંયા તેમનાં સંબંધી સ્ત્રીઓ કહી છે.

**ટિપ્પણ** - તે, લૌકિક એટલે શંખચૂડનો વધ તથા ચરણારવિંદના સ્પર્શમાત્રથી બ્રહ્મશાપથી થયેલા સર્પદેહનો નાશ, અને અલૌકિક એટલે અપૂર્વરૂપ સંપત્તિ, જો લૌકિક અને અલૌકિક માહાત્મ્યનો અનુભવ કરવામાં ન આવ્યો હોત તો ફલશ્રુતિમાં પ્રત્યક્ષ બાધ આવત એટલું નહિ પણ તે બધી કલ્પનાથી ભરેલી છે એવું લોકો જાણત. લૌકિક પ્રમાણોથી જો વેદની શ્રુતિઓ અવલોકવામાં આવે તો તે બાધક બને છે, કારણકે લૌકિક પ્રમાણ અલૌકિકમાં સમર્થ નીવડતાં નથી, માટે શ્રુતિઓનું શ્રુતિ તરીકે જેવી રીતે શ્રવણ કરવામાં આવે છે. તેવી રીતે જ તેમનું પ્રમાણ ગણવું જોઈએ. (૨) પ્રમાણરૂપ બલદેવનો જેમણે આશ્રય કર્યો છે - જેઓ પ્રમાણમાં જ છે, તેમનો પણ એકી સાથે અંગીકાર કર્યો. માટે આવા અધિકારવાળાઓની અનન્યતામાં ભંગ અહિંયા નથી. (૩) અદ્‌ભૂત એટલે લૌકિક ઉપપત્તિથી રહિત મનને ઉલ્લાસ કરનાર થાય છે. અહિંયા વેદરૂપ રામનું પરાક્રમ ક્રિયાશકિતના ફલરૂપ વિચિત્ર સ્વર્ગાદિ છે. તેનું નિરૂપણ કરનાર વેદની શ્રુતિનું તાત્પર્ય જાણનારા જે પ્રમાણે શ્રવણ કરે છે તે રીતે તેનો ઉપયોગ કરે છે. ખરી રીતે તો સ્વર્ગ શબ્દનો અર્થ તત્ત્વદીપનિબંધમાં શ્રીમદાચાર્યચરણે એવો કર્યો છે કે જે દુ:ખથી જુદું છે વગેરે જણાવ્યો છે અર્થાત્ તે વાક્ય પ્રમાણે આત્મસુખ એજ સ્વર્ગ છે. માટે વેદનું તાત્પર્ય સમજનારાઓએ અન્યનું ભજન કર્યા સિવાય પ્રભુનું

ભજન કરવું જોઈએ. વેદપક્ષનો કેવલાર્થપરાયણનો અર્થ શ્રુતિના અર્થપારાયણ લેવાનો છે, અને ભગવત્પક્ષમાં સ્વપ્રયોજન પરાયણ કરવાનો તે નિરુપધિ ભગવત્પરાયણ નહિ. અહિંયા સ્વની રક્ષા અને કામનું સુખ એ પ્રયોજન છે. આ રીતે અધિકારીના ભેદથી ફલમાં પણ ભેદ હોય છે. તેની ઉત્પત્તિ માટે બન્ને રૂપે ક્રીડા કરી છે. ઉભય રૂપથી જો આ લીલા કરવામાં ન આવે તો શંખચૂડનો વધ, સ્ત્રીઓનું સ્વપ્રયોજન સમર્પણ.આ બે કાર્ય એકરૂપથી સંભવે નહિ; માટે તેમના રક્ષણને માટે અન્ય રૂપ પ્રકટ કરવું જોઈએ. નામલીલામાં શબ્દનું પ્રાધાન્ય માનીને અન્ય અથવા વેદમાં એમ કહ્યું છે.

ત્યાં શબ્દનું પ્રાધાન્ય જણાવવાને કહે છે.

**उपगीयमानौ ललितं स्त्रीजनैर्वद्धसौहृदः। अलंकृतानुलिप्ताङ्गौ स्रग्विणौ विरजाम्बरौ ।।२१।।**

**अन्वयार्थ** -- બન્નેએ અલંકાર પહેર્યા હતા, અંગ ઉપર લેપ પણ કર્યો હતો, માળાઓ પણ ધારણ કરી હતી, તેમજ સ્વચ્છ વસ્ત્રથી સુશોભિત બન્યા હતા, અને સખ્યભાવવાળા સ્ત્રીઓ તેમનું ગાન કરતાં હતાં.

**सुबोधिनीजी** -- અંતઃસ્નેહથી બંધાયેલાં સર્વ સ્ત્રીઓ ભગવાનનાં ગુણગાન ગાવા લાગ્યાં. તેમનો આભ્યંતર (અંદરનો) તેમજ બાહ્ય ભાવ જણાવ્યો. આવી સ્ત્રીઓની સાથે પોતાનો સર્વ શ્રેષ્ઠભાવ યોગ્ય છે. તેથી બન્નેના છ ગુણોનું નિરૂપણ કરે છે. પ્રથમ સર્વ આભરણથી ભૂષિત હતાં. શબ્દમાં શિક્ષા વગેરે અને અર્થમાં દેશાદિ ઉત્તમ અલંકાર હોય છે. તેના અભાવમાં ત્યાં રતિ થતી નથી. પછીથી ચંદન વગેરેથી અંગ ઉપર લેપ કર્યો. સદ્વાસના સિવાય બન્ને સ્થળે પણ રતિ થતી નથી. સર્વ અંગોમાં પણ સદ્વાસનાના અર્થમાં અંગપદનો પ્રયોગ છે. માળાપણ પહેરી હતી, તેની સહાયમાં હોવાથી ઉભયમાં તેની અપેક્ષા છે. વસ્ત્રો સ્વચ્છ હતાં. સર્વ દોષનો અભાવ અને શુદ્ધ માયાની અપેક્ષા છે.

**टिप्पण** -- (૧) વેદમાર્ગમાં બે પ્રકારની પ્રવૃત્તિ છે. એક પ્રકારમાં માત્ર કર્મ કર્મની ખાતર કરવાના હોય છે. આમાં રજોગુણ તથા તમોગુણનું પ્રાધાન્ય હોય છે. કેવલ જડની માફક કર્મ કરવા પડે છે. બીજા પ્રકારમાં ભગવાનની ઈચ્છા જાણીને ભગવત્પરાયણ બનીને કર્મ કરવાનાં હોય છે. આમાં રજોગુણ અગર તમોગુણ નથી. આ ઉભયમાં માયાની જરૂર હોય છે. માયા આ બન્ને પ્રકારની પ્રવૃત્તિમાં સહકારિણી છે.

**निशामुखं मानयन्तावुदितोडुपतारकम्। मल्लिकागन्धमत्तालिजुष्टं कुमुदवायुना ।।२२।।**

**अन्वयार्थ** -- સાયંકાળનો સમય આવ્યો હતો, ચંદ્ર અને તારા ઉદય પામ્યા હતા. કુમુદમાંથી આવતો વાયુ વાતો હતો અને અને મલ્લિકાના પુષ્પની ગંધથી ભ્રમરો મત્ત બનેલા હતા.

**सुबोधिनीजी--** કર્મ માટે રાત્રિ જ મુખ્ય છે. માટે સંધ્યામાંજ સંધ્યાકાળના અગ્નિહોત્ર વગેરે હોય છે. તેથી સંધ્યાકાળને સન્માનિત કરી છે. પ્રકૃત વિષયના ઉપયોગ માટે તે ગુણયુકત કાલનું વર્ણન કરે છે. ચંદ્ર તથા તારાઓ ઉદય પામ્યા. ચંદ્રોદય પર્વનું સૂચન કરે છે; અને તારાઓનો ઉદય મેઘના અભાવનું સૂચન કરે છે, ચંદ્ર પ્રમાણ છે અને તારાઓ ફલરૂપ છે માટે તેનું વર્ણન પણ કર્યુ છે. કુમુદ સંબંધી વાયુ શીતલ અને મંદ હોય છે. કુમુદ સંબંધી વાયુ શીતલ અને મંદ વાય છે. તે રાત્રી સંબંધીનું હોય છે. વિશેષણને ઉત્તમ અધિકારીઓએ પણ તેનું સેવન કર્યુ હતું તે જણાવવાને કહે છે કે મલ્લિકાના પુષ્પના ગંધથી મત્ત બનેલા ભમરાએ તેનું સેવન કર્યુ હતુ. મલ્લિકાની ગંધ સારી વાસના રૂપ છે. તેનાથી મત્ત થયેલા એટલે અન્યને ભૂલાવનારા ભમરાઓ-ષટ્પદ હોવાથી સર્વજ્ઞ છે. તેમણે એ સંધ્યાનું સેવન કર્યુ. આ રીતે ત્રણ પ્રકારે કાળનું વર્ણન કર્યુ. તેવા કાલની સ્તુતિ કરતા - આ યોગ્ય છે. એમ વખાણ કરતા હતાં. આની ફલશ્રુતિ યુકત છે એમ જણાવ્યું.

**टिप्पण** -- (૧) અહિંયા ભાવાર્થ આવો છે. આ સ્થળે બલરામ અને શ્રીકૃષ્ણની લીલાનું વર્ણન છે. આ લીલા પ્રમાણરૂપ તથા ફલરૂપ છે. બલદેવની લીલા તે પ્રમાણરૂપ છે, કારણકે બલદેવ તે વેદાત્મક છે. વેદ એ પ્રમાણ ગણાય છે, કૃષ્ણની લીલા ફળરૂપ છે. માટે આ લીલાની સર્વ સામગ્રી પણ તે રૂપ હોવી જોઈએ. આ સ્થળે ચંદ્ર તે રસનો પ્રમાપક હોવાથી પ્રમાણરૂપ છે. **सुकृतं वा एतानि ज्योतिषि यन्नक्षत्राणि**એ શ્રુતિ સુકૃતના ફળને અનુભવ સમયના તેજોરૂપ તારાઓ છે એમ કહે છે. તેથી તેમના ઉદયથી ફલનો ઉદય થયો છે એમ કહેવાય છે. અર્થાત્ બલરામ અને કૃષ્ણ પ્રમાણ તથા ફલરૂપ લીલા કરે છે. આ લીલાની સામગ્રી પણ તે રૂપવાળી હોવી જોઈએ. માટે ચંદ્ર તે પ્રમાણરૂપ છે અને તારાઓ તે ફળરૂપ છે. (૨) ભમરાઓ માટે ષટ્પદ શબ્દ છે, જે છ પગથી ગતિ કરે છે તે ગતિવાચક ધાતુઓ જ્ઞાનના અર્થનો બોધ કરે છે : માટે છ પગથી ગતિ કરનાર તે જ્ઞાની સમજવાનો છે. છ પગ એટલે જ્ઞાન. જ્ઞાનના શમ, દમ, ઉપરતિ, સાધનસંપતિ, તિતિક્ષા વગેરે છ સાધનો તેના પગ ગણાય છે. માટે ભમરાઓને અહિંયા જ્ઞાની કહ્યા છે, આ જ્ઞાન દર્શનરૂપ હોવાથી તે (ભ્રમર) સર્વજ્ઞ છે એમ સુબોધિનીમાં કહ્યું છે.

**जगतुः सर्वभूतानां मनः श्रवणमङ्गलम् । तौ कल्पयन्तौ युगपत्स्वरमण्डलमूर्छितम् ।।२३।।**

**अन्वयार्थ** -- સર્વ ભૂતના મન અને શ્રવણને કલ્યાણકારક સ્વરસમૂહની મૂર્છના કરતા તે બે જણા ગાવા લાગ્યા.

**सुबोधिनीजी** -- અત્યારે સર્વ પ્રાણીઓના મન અને કાનને કલ્યાણકારક ગાન કર્યું. તેનું પર્યવસાન ઉત્તમ હોવાથી મનને મંગલરૂપ હતું. સ્વરૂપે તે ઉત્તમ હોવાથી કાનને પણ મંગલરૂપ હતું. ત્યાં ગાનમાં વિશેષ કહે છે. સાથે લાગા સ્વરમંડલના એટલે સ્વરસમૂહથી તે મૂર્છનાયુકત હતું. મૂર્છનાની કલ્પના કરતા એમ કહીને તે બન્નેની એકરૂપતા વર્ણવી છે. મૂર્છના સિવાય મન લીન થતું નથી. લય સિવાય સર્વ રીતે તત્પરતા થતી નથી માટે તે પ્રમાણે કર્યુ છે.

પછીથી તેનું ફલ થયું તે કહે છે.

**गोप्यस्तद्गीतमाकर्ण्य मूर्छिता नाविदन् नृप । स्रंसद्दुकूलमात्मानं स्रस्तकेशस्रजं ततः ।।२४।।**

**अन्वयार्थ** -- ગોપીઓ તે ગીત સાંભળીને હે રાજા, મૂર્છામાં પડી ગયાં, અને પોતાના દુકૂલ વસ્ત્ર પડી ગયાં હતાં તે તથા કેશ ઉપરના હાર પણ નીચે પડી ગયા તે પણ તેમણે જાણ્યું નહિ.

**सुबोधिनीजी** -- તે બન્નેનું તે પ્રમાણેનું ગીત સાંભળીને તે મૂર્છા પામ્યાં અને પોતાની જાતની તેમને ખબર પડી નહિ. મૂર્છામાં પણ વાસના હોય છે. તેથી તેમને ખબર ન પડી એ શબ્દો વાસનાના અભાવ માટે કહેવાય છે. હે નૃપ એ સંબોધન ગીતરસના જ્ઞાન માટે છે. જે ભાવનું સર્વથા વિસ્મરણ થયું નહિ તેનું વર્ણન કરે છે. દુકૂલ કહેતાં નીચેના વસ્ત્ર તે પણ ખસી ગયા. છૂટા થયેલા કેશમાંના હાર પણ પડી ગયાં. દેહમાં વિસ્મરણ જણાવ્યું છે.

પ્રમાણ બલવાળા માર્ગમાં દૈત્યનો ખાસ ઉપદ્રવ થાય છે. તેથી તેના નિરૂપણ માટે લીલાનો ઉપસંહાર કરે છે.

**एवं विक्रीडतो : स्वैरं गायतोः सम्प्रमत्तवत् । शङ्खचूड इति ख्यातो धनदानुचरोम्यगात् ।।२५।।**

**अन्वयार्थ** -- જયારે આ પ્રમાણે સ્વચ્છન્દથી તે ક્રીડા કરતા હતાં તથા ઉન્મત્તની માફક ગાન કરતા હતાં ત્યારે શંખચૂડ નામનો કુબેરનો અનુચર ત્યાં આવ્યો.

**सुबोधिनीजी** -- સ્વછંદતાથી ખાસ કરીને ક્રીડા કરતા હતાં. મૂર્છિત થયેલા જેવાની પ્રમત્ત થયેલા જેવાની સાથે ક્રીડા ઘણી જ સ્વચ્છન્દ બને છે. મધ્યમાં ક્રીડા હતી, અને મધ્યમાં ગમન હતું. તેથી તે બન્નેનું નિરૂપણ કરે છે. સ્ત્રીઓની સાથે સમાનધર્મતાની સિદ્ધિ માટે ઉન્મત્તવત્ થયાં. આવેશ અને અવતારની

આવેશદશામાં તુલ્યતા હોય છે તે જણાવવાને બન્નેનું સામાન્ય નિરૂપણ છે. આ પ્રમાણે સર્વ વિકલ હતું ત્યારે શંખચૂડ નામનો કોક કુબેરનો અનુચર સ્ત્રીની કામનાથી ભગવાનને પ્રાકૃત માનીને જાતે તેમને (સ્ત્રીઓને) લઈ જવાને ત્યાં આવ્યો. આથી નારદના દોષને પણ દૂર કર્યો. જેવી રીતે તે બે જણ પ્રથમ ધનથી મત્ત બનેલા હતા. તેવી રીતે આ પણ ધન મળવાની મત્ત બન્યો હતો. ધનદ નામથી સર્વ સામગ્રી શ્રી અને મદરૂપ છે એમ જણાવ્યું છે. જ્યાં ધન હોય છે ત્યાં જ સ્ત્રીઓ ઉચિત છે. વળી સર્વ શ્રુતિઓ લૌકિક કરવી જોઈએ. એવી પાખંડીઓની બુદ્ધિ હોય છે. પછી જે કર્યુ તે કહે છે.

**तयोर्निरीक्षतो राजन् तन्नाथं प्रमदाजनम् । कोशन्तं कालयामास दिश्युदीच्यामशक्दितः ।। २६ ।।**

**अन्वयार्थ --** તેઓ જ્યારે જોતા હતા તે વખતે તે બે જેના રક્ષક હતા તેવી તથા આક્રન્દ કરતી સ્ત્રીઓના સમૂહને ઉત્તર દિશામાં નિઃશંક થઈને તે કાળની માફક હરી ગયો.

**सुबोधिनीजी --** હે રાજા એ સંબોધન શક્ષુઓને માટે સ્ત્રીઓનું હરણ કરવું તે સ્વાભાવિક હોય છે અને તેમાં સહજ દોષ છે તે જણાવવાને માટે છે. તે બન્ને તેમના રક્ષક હતા. સામાન્ય શબ્દસમૂહ દેખાડે છે. જો તે વિશેષ અર્થમાં હોત તો ગમન કરત નહિ એમ જણાવવાને સામાન્ય વચન છે. તેમની અનિચ્છા અને તેના (શંખચૂડના) ભયનો અભાવ સૂચવાયો છે. જેમ કાલ કોઈપણ જાતના રોધ સિવાય સર્વને હરે છે, તેની માફક તેણે સ્ત્રીઓનું હરણ કર્યુ. સ્વગૃહમાં બલાધિક્ય માટે શંકા સિવાય હરણ કર્યુ. ભગવાન શું કરશે એવી શંકા વગર હરણ કર્યુ.

પછીથી તે બન્ને ભગવાનોએ (બલભદ્ર અને કૃષ્ણે) જે કર્યુ તે કહે છે.

**कोशन्तं कृष्णरामेति विलोक्यस्वपरिग्रहम् । यथा गा दस्युना ग्रस्ता भ्रातरावन्वधावताम् ।। २७ ।।**

**अन्वयार्थ --** જેમ ચોરથી પકડાયેલી ગાયો બૂમો પાડે તેમ હે કૃષ્ણ, હે રામ એવી રીતે બૂમો પાડીને રડતાં પોતાનાં ગોપીજનની પાછળ તે બન્ને ભાઈઓ દોડ્યાં.

**सुबोधिनीजी --** જો તેઓ હે કૃષ્ણ, હે રામ ! એ પ્રમાણે બૂમ ન પાડે તો તેનું નિવારણ ન કરે. ભગવાન જાતે અન્યના ચિત્તનું નિવારણ કરતા નથી. તેથી જો બીજાનું હોય તો ન જ નિવારણ કરે. પણ આ તો પોતાનાં ગોપીજન હતાં. પોતે જાતે પ્રથમ તેમનો સ્વીકાર કર્યો હતો, આથી બૂમ પાડતાં પોતાનાં જનને જોઇને પાછળ દોડયાં. ''બંને ભાઈઓ'' એ શબ્દથી બંનેએ સ્વીકાર કરેલો

હોવાથી તે બંનેએ રક્ષણ કરવું જોઇએ. તેણે તેમનું ગ્રહણ કર્યું કે તુર્તજ તેમની પાછળ તે દોડયા.

દૂર લઇ જતી વખતે તેમને દૂરથી આશ્વાસન આપ્યું તે કહે છે.

**मा भैष्टेत्यभयारावौ शालहस्तौ तरस्विनौ । आसेदतुस्तं तरसा त्वरितं गुह्यकाधमम् ।। २८ ।।**

**अन्वयार्थ** -- તમે ડરશો નહિ એમ અભય વચન આપતાં, હાથમાં શાલના ઝાડ લઈને ઘણી ઝડપથી તેઓ ઉતાવળી ગતિથી ચાલનાર તે અધમ પાસે આવી પહોંચ્યા.

**सुबोधिनीजी** -- તમે ડરશો નહિ એવી બૂમ ભયને દૂર કરે છે. તેમણે હાથમાં શાલનાં ઝાડ લીધાં. આ રીતે દૂરથી જ મહાસામર્થ્ય દેખાડ્યું. જો કે તે ઝાડનો કોઈ ત્યાં ઉપયોગ નથી. તે વેગથી દોડવા લાગ્યાં. એકને પણ લઈને તે ન જાય, અથવા તેમનો સ્પર્શ ન કરે એમ ધારીને જલ્દીથી તેઓ નજીક ગયા. (અથવા અહિંયા **आसेधतुः**પાઠ લેવો એટલે તેમનું નિવારણ કર્યુ) મનુષ્યની સરખામણીએ દેવ મહાબળવાન હોય છે એવો વિચાર પ્રાપ્ત થયો. તે યક્ષોમાં અધમ યક્ષ હતો માટે પલાયન કરતો હતો; તે આવ્યો હતો તેનું કારણ તે યક્ષ હતો. અને હવે દોડતો હતો તેનું કારણ તે અધમ હતો.

પ્રથમ તેમની સહિત જલ્દી દોડતો ઉભો રહ્યો. હવે જાતે જ દોડવાનો વિચાર કર્યો તે કહે છે.

**स वीक्ष्य तावनुप्राप्तौ कालमृत्यु इवोद्विजन् । विसृज्य स्त्रीजनं मूढः प्राद्रवज्जीवितेच्छया ।।२९।।**

**अन्वयार्थ** -- તે બન્નેને કાલ અને મૃત્યુ જેવા આવેલા જોઈને ઉદ્વિગ્ન થતો તે મૂઢ સ્ત્રીઓને છોડી દઈને જીવવાની ઈચ્છાથી દોડ્યો.

**सुबोधिनीजी** -- ભગવાનને આવેલા જોઈને તે અલ્પબુદ્ધિવાળો સ્ત્રીઓને છોડી દઈને દોડી ગયો એવો સંબંધ છે. તેમ કરવામાં તેની બુદ્ધિ કેવી હતી તો કહે છે કે તેણે તેમને કાળ અને મૃત્યુ જેવા જોયા. એકને કાલરૂપ પોતાના નાશકકાલ તરીકે જોયા. બીજા મારક છે એમ જાણ્યું. એક અનિવાર્ય છે તો પછી બન્ને જણાવવાની શી જરૂર છે ? પલાયનમાં જીવવાની ઈચ્છા એ હેતુ છે. જીંદગી હોય તો ભોગ હોય છે. શંકા - શરણે કેમ ન આવ્યો ? જો તેમ કરે તો તે જીવતાં - દોડવાથી જીંદગીનો ઉપાય નથી. ઉત્તર - તે મૂઢ હતા માટે શરણરૂપી અર્થ તેણે જાણ્યો નહિ.

અનુપાયમાં પ્રવૃત્ત થનારનું કાર્ય સિદ્ધિ પામતું નથી તે કહે છે.

**तमन्वधावद् गोविन्दो यत्र यत्र स धावति । जिहीर्षुस्तच्छिरोरत्नं तस्थौ रक्षन्स्त्रियो बलः ।। ३० ।।**

**अन्वयार्थ** -- જયાં જયાં તે દોડ્યો ત્યાં ત્યાં ગોવિંદ તેના માથાના મણિને લેવાની ઈચ્છાથી દોડયા અને બળદેવ સ્ત્રીઓનું રક્ષણ કરતા ઉભા રહ્યાં.

**सुबोधिनीजी** -- તેમના રમણ માટે વિનિયોગ આવશ્યક છે. નહિ તો પોતાની ક્રિયાનું ઈન્દ્રત્વ બને નહિ. વળી રક્ષા એ દોષના મૂલ ઉચ્છેદમાં છે. માટે જયાં જયાં તે દોડે છે ત્યાં ત્યાં તેની પાછળ દોડ્યા.

શંકા - ભગવાન તો દૂરથી પણ મારી શકે તો પછી દોડવાનું કારણ શું ? ઉત્તર - તેના માથાનો મણિ લેવાની ઈચ્છાથી પોતે દોડ્યા. દૂર રહીને જો મારે તો તેના યક્ષો તેને લઈ જાય, અને મરાય નહિ. મણિ હોય ત્યાં સુધી મણિની માફક શસ્ત્રથી પણ અવધ્ય છે. માટે જાતે જ ગમન કહ્યું છે. જીવોને અવધ્ય છે. બળદેવજીએ સ્ત્રીઓનું રક્ષણ કર્યુ નહિ તો બીજો તેમને હરી જાય. તેના ઘણા સેવકો હતા. તે કદાચ મારી પણ નાખે (સ્ત્રીઓને) માટે એક જણે રક્ષણ કરવું જોઈએ. બળ શબ્દ બહુ જણા આવે તો પણ પોતે રક્ષા કરી શકે છે. માટે વાપર્યો છે. તે અર્થ જણાવવા સ્ત્રીઓનું વળી રક્ષણ કરવું જોઈએ.

પછીથી ભગવાને શુ કર્યુ તે કહે છે :-

**अविदूर इवाभ्येत्य शिरस्तस्य दुरात्मनः । जहार मुष्टिनैवाङ्ग सह चूडामणिं विभु : ।।३१।।**

**अन्वयार्थ** -- નજીક આવીને તે દુષ્ટના માથા ઉપર મુક્કીનો પ્રહાર કરી ગોવિંદે ચૂડામણિ સહિત તેને લઈ લીધું.

**श्रीसुबोधिनीजी** -- કેટલુંક દોડ્યા પછી તેને પકડ્યો. ખરી રીતે તે દૂર ગયો હતો, પણ કાલના વિલંબના અભાવથી નજીકની માફક તેની પાસે જઈને તેના માથા ઉપર પ્રહાર કર્યો. શંકા-દોડનારનો વધ ન કરવો જોઈએ. તો શા માટે ભગવાને આવું કિલષ્ટ કામ કર્યુ ? ઉત્તર : તે દુષ્ટ હતો માટે તેનો સંહાર કરવો જોઈએ. ત્રયીના શત્રુઓને મારવામાં આવે છે. અહિંયા નિમિત્ત સ્ત્રીઓને હરણ કરવારૂપી હતું, નહિ તો પહેલાં જ ઘાત કરે. હાલમાં પરિત્યાગકાળે ફરીથી આવે. અથવા કેવળ બળભદ્રની ક્રીડામાં આવીને ઉપદ્રવ કરે. કારણકે તેનું અંતઃકરણ દુષ્ટ હતું. માટે તે વધને લાયક હતો. આથી તેનું માથું જ્ઞાન-શકિતવાળું હતું. તેથી મુક્કીનો પ્રહાર કર્યો, તેનો ભેદ ન કર્યો. (વિંધી ન નાંખ્યુ) પણ જેમ ચોખાના ઢગલામાંથી મુઠી ચોખા લઈ જાય તેમ ઢગલારૂપ થયેલા તેના અવયવોને

મુક્કીના પ્રહારથી લઈ લીધા. જયારે તેણે ગોપિકાઓના અપહરણ માટે ઉદ્યમ કર્યો ત્યારે જ સંયોજક દેવતાઓ અવયવોમાંથી બહાર નીકળ્યા. કેવલ મણિના પ્રભાવથી અવયવી સ્થિત થયો. ભગવાને ફરી ચૂડામણિ સહિત તેના શિરનું હરણ કર્યુ. પોતાના કર્મોથી ટુકડા થઈ ગયો. આથી ભગવાનનું કર્મ અકિલષ્ટ છે. કારણકે ભગવાન વળી વિભુ કહેતાં સમર્થ છે. મણિનું પણ સામર્થ્ય દૂર કરવાને પોતે સમર્થ છે.

આમ કરવાથી તે હણાયો તે કહે છે :-

**शंखचूडं निहत्यैव मणिमादाय भास्वरम् । अग्रजायाददत्प्रीत्या पश्यन्तीनां च योषिताम् ।। ३२ ।।**

**अन्वयार्थ** -- શંખચૂડને મારીને અને તેજોયુકત મણિ લઈને સ્ત્રીઓ જોતાં હતાં તે વખતે મોટા ભાઈને પ્રીતિપૂર્વક તે આપ્યો.

**श्रीसुबोधिनीजी** -- આ રીતે તેને માર્યો, બીજી રીતે નહિ. તેની મુકિતના નિરાકરણ માટે હણીને એમ કહ્યું છે. મરેલાનું દ્રવ્ય લેવું ન જોઈએ, માટે ભાસ્વર કહ્યું છે. અસ્થાનમાં હોય પણ મણિ ઉત્તમ છે. એ મણિનું ગ્રહણ કરવાથી તેના દેવતાનું પણ ગ્રહણ થયું. તેમની કામના કરે છે. એ પક્ષમાં કામના પણ સફળ કરી. મણિના ગ્રહણથી તેને મુકિત આપવી જોઈએ એવી શંકાના નિવારણમાં મોટાભાઈને મણિનું દાન આપ્યું એમ કહે છે. ત્યાં રહીને દેવતાઓનો ઉપભોગ પણ થાવ એવા વિચારથી પ્રીતિથી જ તે આપ્યો તેને માટે યાચના કરવામાં આવી ન હતી. સ્ત્રીઓની પ્રાર્થનાના અભાવ માટે કહે છે કે તે જોતાં હતાં તે વખતે અને શબ્દથી સર્વને દેખાડીને તેમના સ્પર્શ પછીથી તે સ્ત્રીઓ તથા અન્ય દેવતાઓ જોતા હતા ત્યારે તે મણિ આપ્યો. પ્રમાણની સિદ્ધિને માટે જે કંઈ કરે છે તે સર્વ તેના અધિષ્ઠાતાને જ આપે છે એવું જણાવ્યું. અહિં આ પ્રમાણબળ જ મુખ્ય છે આથી પ્રમેયના વિચારથી કોઈપણ અર્થની શંકા કરવી જોઈએ નહિ.

## ફલપ્રકરણ - શ્રીયુગલગીત (ભા,સ્કં ૧૦ અ. ૩૨)

## શ્લોકાર્થવિભાગ સૂચનિકા

૧. અંત:પ્રવિષ્ટ ભગવાન ગાન દ્વારા મુખમાંથી બહાર નીકળીને શ્રવણમાં જ્યારે સ્વ.આનંદનું સ્થાપન કરે છે ત્યારે જ આનંદ સુસ્થિર થાય છે માટે યુગલગીતનું નિરૂપણ કર્યુ છે.

૨. બબ્બે શ્લોકના યુગલથી બાર માસની લીલાનું વર્ણન કર્યુ છે, અને પુરુષોત્તમ માસ લેતા તેર માસના છવ્વીસ શ્લોકનું વર્ણન છે.

૩. શરૂઆતમાં દુઃખ પણ અંતમાં સુખનું નિરૂપણ, પ્રથમ તેમના દુઃખનું વર્ણન.

૪. વેણુવાદનમાં રસજ્ઞોના યુગલોત્તર શ્લોકનું નિરૂપણ - સ્ત્રીત્વ ધર્મવાળા દેવસ્ત્રીઓ, ગાયો અને નદીઓ રાજસી છે. બ્રહ્માદિ, ગોપી અને હરિણી તામસ, દેવગંધર્વ પ્રકીર્ણ કોટિવાળા છે અને બે પ્રકારે નાદ તથા રસના અભિજ્ઞ ભગવાન પોતે છે.

૫. સ્ત્રીની પ્રધાનતાથી દેવસ્ત્રીઓ મુખ્ય હોવાથી, તેમનામાં પ્રથમ પ્રકટ કરવામાં આવેલ વેણુનાદનો પ્રભાવ.

૬. મોક્ષના અધિકારીઓને વેણુવાદની કામની સફળતા.

૭. ગાયોમાં વેણુવાદના પ્રભાવ માટે અન્ય પ્રકારે વેણુનાદનો ઉદ્‌ભવ. યુગલ ગાનાર ગોપિકા રાજસ, સાત્ત્વિક તથા તામસના મિશ્ર ભાવથી નવ પ્રકાર અને ગુણાતીતના કર્મજ્ઞાન તથા ભકિતના ત્રણ પ્રકાર મળીને કુલ બાર પ્રકારનાં ગોપીઓ. ૪-૫

૮. નિત્ય ગતિ કરનાર નદીઓનું પણ વેણુનાદથી થંભી જવું. ૬-૭

૯. વૃંદાવનમાં સાત્ત્વિક લતા તથા પાદપોનો પ્રેમરસ ૮-૯

૧૦. મુનિરૂપ પક્ષિઓની પણ ભજનસિદ્ધિ. ૧૦-૧૧

૧૧. સર્વહિત મેઘે પણ ભગવાનનું કરેલું પૂજન તથા આત્મનિવેદન માટે દર્શાવેલી તત્પરતા. ૧૨-૧૩

૧૨. ઉત્તમ પણ તામસ બ્રહ્માદિને કશ્મલની પ્રાપ્તિ. ૧૪-૧૫

૧૩. ગોપીઓને પણ વેણુનાદથી સ્થાવરની પ્રાપ્તિ. ૧૬-૧૭

૧૪. આરણ્યકોના પણ ઉદ્ધારક પ્રભુનું હરિણીઓએ કરેલું ભજન ૧૮-૧૯

૧૫. ઉપદેવગણ નિર્ગુણ બંદીઓની રસોત્પત્તિમાં અનુકૂલતા. ૨૦-૨૧

૧૬. તેમણે કેવલ ભગવાનના ચરિત્રનું કરેલું વર્ણન. ૨૨-૨૩

૧૭. સાધારણ લીલાનો ઉપસંહાર કરીને ગોપીઓમાં વેણુકૃત ભગવજ્જનિત લીલાનું દશ પ્રકારે વર્ણન.

૧૮. નિરોધ નિરૂપણ પછીનો ઉપસંહાર, ગોપીઓના ભાગ્યની કરેલી પ્રશંશા. ૨૬

## યુગલગીત સારસંચય

(૧) વિપ્રયોગ સ્થિતિમાં ચિત્ત પ્રભુની લીલાઓનું ગુણહાન કરવામાં જ મગ્ન થાય છે, અને તેમાં જ એ પોતાનો લય કરી દે છે - સૂક્ષ્મભાવને તે પ્રાપ્ત થાય છે. આ સ્થિતિમાં માનસદુ:ખ અતિશય હોય છે, તેથી દિવસો પણ દુ:ખમાં નિર્ગમન થાય છે.

(૨) પ્રભુના વિપ્રયોગમાં પ્રભુના ગુણનું ગાન તે જ હૃદયને સાંત્વન આપી શકે છે. જયારે ચિત્ત પ્રભુની સન્મુખતાથી દૂર હોય ત્યારે પ્રભુના ગુણગાનમાં જ સમય વ્યતીત કરવા જોઈએ.

(૩) પ્રભુનો વેણુનાદ તે બ્રહ્માનંદનો નાદ છે, અર્થાત્ પ્રભુ વિષેનું જ્ઞાન છે. ભકતોને વિપ્રયોગ દશામાં મૂકીને પ્રભુ શું કરતા હશે વગેરે જ્ઞાનમાં-લીલાસ્મરણમાં સમય ગાળવો જોઈએ.

(૪) જયાં સુધી મનની વૃતિઓ તથા વિકારોનો નિરોધ ન થાય ત્યાં સુધી પ્રભુપ્રતિ પ્રેમભાવ થતો નથી; (૨-૩) શુદ્ધ હૃદયમાં જ પ્રેમ, વિકારી હૃદયમાં કામ, દેવસ્ત્રીઓમાં કામ પ્રેમ નહિ.

(૫) પ્રભુભજનના રાસનું પરિણામ લૌકિક વ્યાપારની શાંતિ તથા ક્રિયાની નિવૃત્તિમાં છે. ગાયો વગેરેએ વેણુનાદના શ્રવણથી કવલ વગેરેનો ત્યાગ કર્યો.

(૬) વનલતા તથા તરુઓની માફક હૃદયમાં પ્રેમભાવ થવો જોઈએ. દૈન્ય તથા નમ્રતા આવવા જોઈએ, તથા બીજાઓની સાથે સંભાષણ વગેરેમાં મધુરતા ભરવી જોઈએ. જેનામાં આટલું સિદ્ધ થયું છે, તેજ ભગવાનના બ્રહ્મનાદનો અધિકારી બન્યો છે. (૮-૯)

(૭) સારસ-રસની માફક ચિત્ત ભગવદ્ગુણ ગાનમાં વશ થાય, અને નેત્ર પ્રભુ સિવાય અન્ય રૂપથી લલચાય નહિ, તેમજ હરિના સેવનનો જ રસ લાગે તો જ ભગવત્પરાયણતા સમજાય. (૧૦-૧૧)

(૮) મેઘ સર્વનું કલ્યાણ કરે છે તેમ સર્વનું કલ્યાણ કરવામાં પ્રીતિ થાય એટલું જ નહિ પણ પ્રભુ તરફ સખ્ય તથા આત્મનિવેદન ભાવ દેખાડે તો પણ તે બ્રહ્મનાદનો અધિકારી થાય છે. (૧૨-૧૩)

(૯) બ્રહ્માદિ દેવો પણ પ્રભુનું માહાત્મ્ય યથાર્થ રીતે સમજી શકતાં નથી, તો આપણે શી રીતે સમજી શકીએ ? તો પણ તેમની માફક નમ્રતા રાખવી જ ઈષ્ટ છે. (૧૪-૧૫)

(૧૦) કૃષ્ણનું લાવણ્ય કોટિકંદર્પ તુલ્ય છે. તેમના મનોહર સ્વરૂપના દર્શનથી પ્રેમની દશવિધ અવસ્થાઓનો અનુભવ પ્રભુ ભકતોનો થાય જ. એ સુંદર મૂર્તિનું ચિંતન અગર દર્શનનું પરિણામ લૌકિક-મર્યાદા વગેરેનો ત્યાગ જ હોઈ શકે. (૧૬-૧૭)

(૧૧) પ્રભુ એજ પતિ છે તે ભાવ સિદ્ધ ગૃહાદિની આશાનો ત્યાગ થવામાં ભગવત્પરાયણતા બને છે. (૧૮-૧૯)

(૧૨) બ્રહ્માનંદ તથા પ્રેમભકિત તેમજ તેથી થતી રસસાક્ષાત્કારતા પ્રભુકૃપા હોય તોજ બની શકે છે. આવી કૃપા થવામાં જ પ્રભુની ખરી કીર્તિ છે, પ્રભુ નિજ ભકતો ઉપર એવી કૃપા કરે છે એવું વેદાંત જણાવે છે તથા ભગવાનની સ્તુતિ કરે છે.(૨૦-૨૧)

(૧૩) ભકતોને ભજનાનંદનું દાન કરવાની પ્રભુ ઈચ્છા કરે છે. પોતે આનંદમય હોવાથી પોતાના સુહૃદ ભકતોને સુખ આપે છે. આ સુખ ભજનાનંદનું દાન કરીને આપે છે.(૨૨-૨૩)

(૧૪) ભગવાનની કૃપા એટલે ભકતોના તાપની નિવૃતિ તથા તેમની પ્રસન્નતા છે. કૃપાનું ફળ મોક્ષ નથી, પણ તેથી પણ તેની એ અધિકાર છે. (૨૪-૨૫)

(૧૫) પ્રભુમાં જ ચિત્ત, તથા મન રાખીને હમેશા, પ્રભુની લીલાનું ગાન કરનાર સદાનંદ રસરૂપ બ્રહ્મ સાથે રમણ કરે છે. (૨૬)

**द्वात्रिंशेडन्तर्गोपिकानां स्वानंद भगवान् हरिः । पूरयामास येनैव पूर्णानंद इतीर्यते ।।१।।**

**अंतःप्रविष्टो भगवान् मुखादुदुत्य कर्णयोः। पुनर्निविश्यते सम्यक् तदा भवति सुस्थिरः ।।२।।**

**शद्वार्थयोर्मुख्यतात्र युग्माः श्लोकास्त्वतोत्र हि । सर्वेषु चैव मासेषु यत्करोत्युच्यते हि तत् ।।३।।**

**अतोत्र मासयुग्मा हि प्रकमः फलमेव च । आद्यन्ते चापरं युग्मं त्रयोदश भवन्ति तद् ।।४।।**

**ભાવાર્થ** - બત્રીસમા અધ્યાયમાં ભગવાન હરિએ ગોપીઓના અંતરમાં સ્વાનંદ પૂર્યો જેથી પૂર્ણાનંદ કહેવાય છે. જેથી અંદર પ્રવેશ પામેલા ભગવાન મુખમાંથી બહાર પ્રગટ કરીને કર્ણમાં ફરીથી નિવેશન કરે છે. ત્યારે જ તે સુસ્થિર થાય છે. અહિંયા શબ્દ અને અર્થની મુખ્યતા હોવાથી બબ્બે શ્લોકોના યુગ્મ છે.

શ્લોકની સંખ્યા સર્વ માસમાં જે કરે તે કહેવાને છે. માટે આ યુગ્મો માસ પ્રમાણે છે. શરૂઆત અને અંતના બે શ્લોકોનું યુગ્મ તે પ્રકરણ અને ફલ છે. એટલે કુલ તેર યુગ્મો છે.

યુગલ ગીતનો વિષય શો ? - આ કારિકાઓમાં શ્રીમહાપ્રભુજીએ સંક્ષેપમાં શ્રીયુગલગીતના વિષયનું નિરૂપણ કર્યુ છે. ભગવાને ગોપીઓના હૃદયમાં સ્વાઆનંદ પૂર્યો એટલા માટે પોતે પૂર્ણાનંદ કહેવાય છે. એ વિષયનું કથન આ અધ્યાયમાં કર્યુ છે. જો કે આનંદ સર્વત્ર હૃદયમાં અનુભવાય છે. છતાં બાહ્ય રમણ હોય તો શરીર અને ચેષ્ટાઓનું પ્રાધાન્ય હોવાથી અને સ્વરૂપમૂર્તિ હોવાથી તેનો આનંદ પણ મૂર્ત છે. તેથી શરીર તથા ઈન્દ્રિયાદિમાં સ્વરૂપથી સ્થાપિત કરેલા આનંદનો મનથી અનુભવ થાય છે. પણ અહિંયા તો અંતઃસંગથી આનંદ પ્રકટ થાય છે. રમણ બાહ્ય રમણ તથા આંતર રમણ એ બે પ્રકારના ભેદ છે. બાહ્ય રમણમાં શરીરની ચેષ્ટાઓ મુખ્ય હોય અને તેથી જ આનંદ પ્રકટ થાય છે. તેનો અનુભવ મનથી જ કરાય છે. પણ જે ભાવાત્મક સ્વરૂપ હોય છે. તેમાં શરીરની ચેષ્ટાઓ નથી. તે ભાવરૂપે હૃદયમાં રમણ કરે છે એટલે તેનો અનુભવ હૃદયમાં થાય છે. આ અધ્યાયમાં તે આંતર રમણ ભગવાને કર્યુ અને ગોપિકાઓના હૃદયમાં આનંદ પૂર્યો. ભગવાન શબ્દથી ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ ષડ્ગુણયુકત ભગવાન સમજવાના છે. તેમને માટે વળી હરિ શબ્દનું વિશેષણ વાપર્યુ છે. હરિ એટલે દુઃખના હર્તા. કૃષ્ણ એ ધર્મી છે. તેમના વિરહનું દુઃખ આ વ્રજસુંદરીને થયું છે. તે દુઃખના નિવારણ માટે ગુણગાન તેઓ કરે છે. એટલે પ્રભુ તેમને દુઃખ નિવારણ કરીને આનંદનું દાન કરે છે. માટે તેમને હરિ કહ્યા છે. અહિંયા રૂપલીલા તથા નામલીલા ઉભય છે. ભાવાત્મક સ્વરૂપથી આનંદનું દાન કર્યુ માટે રૂપલીલા છે; અને ગોપીજન પ્રભુનું ગુણગાન કરે છે માટે તે નામલીલા છે. જેમ પ્રભુનું સ્વરૂપ પૂર્ણાનંદ છે તેમ તેમની નામલીલા પણ પૂર્ણાનંદરૂપ છે. જો કે અહિંયા પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ એ ધર્મીરૂપ છે અને એ ધર્મરૂપ છે. છતાં ભાવની સ્થિરતા માટે ગુણગાન છે. એટલે ગુણગાનનો અંતઃપાત ભાવરૂપમાં છે. ગાન એ ભાવનું કાર્ય છે, અને તે ભગવદ્રૂપ હોવાથી ભગવાને આનંદ પૂર્યો એમ કહ્યું છે. એ આનંદનું પૂરણ કેવી રીતે કર્યુ તો કહે છે કે હૃદયમાં પ્રવિષ્ટ ગાન દ્વારા મુખમાંથી પ્રકટ થયા અને પછી કર્ણમાં પુનઃ પ્રવેશ કર્યો. આમ થવાથી એ ભાવની સ્થિરતા થઈ. આ ગીતમાં તે આનંદનું પૂરણ કેવી રીતે થયું તે સમજાવવામાં આવ્યું છે.

**યુગલગીતનો અર્થ :** યુગલ એટલે બે. આમાં બીજા અધ્યાયોની માફક એક એક શ્લોક આપેલ નથી પણ બબ્બેનાં જોડકાંથી શબ્દ અને અર્થ એમ ઉભયની મુખ્યતા જણાવી છે. શબ્દ એટલે નામલીલા અને અર્થ એટલે રૂપલીલા. એ

ઉભયનો સમન્વય આમાં કરેલો છે. પ્રથમ વેણુગીતમાં માત્ર નામલીલા હતી. ત્યાં કેવલ ભગવાનની વેણુના નાદની સુધાનો જ અનુભવ આ ગોપીઓને હતો; પણ અહિંયા તો પ્રભુના સ્વરૂપનો પણ અનુભવ છે. આ રીતે એ ઉભયના સમન્વયથી સુધારસનું જ્ઞાપન કરાવવાને બબ્બે શ્લોકોનાં જોડકાં લીધા છે. જો કે નામલીલા અને રૂપલીલા એ બે એકબીજાથી ભિન્ન છે તોપણ તેમની એકતા જણાવવાને અહિંયા બબ્બે શ્લોકોનું એક વાક્ય કર્યુ છે.

**યુગલગીતમાં શ્લોકોની સંખ્યા :** આ ગીતમાં એકદંરે ૨૬ શ્લોકો છે. તેમાં પ્રથમ અને બીજો શ્લોક જુદા રાખતાં બાકીના ૨૪ શ્લોકો છે. આ ૨૪ શ્લોકોનાં ૧૨ જોડકાં યુગ્મો થાય છે. વર્ષના મહિના ૧૨ હોવાથી અહિંયા ૧૨ યુગ્મ લીધા છે. વર્ષમાં પ્રભુ સ્વામિનીઓ સાથે જેટલી લીલા કરે છે તેટલી સર્વ લીલા સ્વામિની ગાય છે. વર્ષના ૧૨ માસમાં જે લીલાઓ કરે છે તેનું વર્ણન બાર યુગ્મોથી કર્યુ છે. વર્ણન કરનારા ગોપીઓ પણ બાર પ્રકારનાં હોય છે. તામસ રાજસ અને સાત્ત્વિકના પણ તામસ રાજસ અને સાત્ત્વિક ભાવના મિશ્રભેદથી નવ પ્રકાર થાય છે અને નિર્ગુણના કર્મ, જ્ઞાન અને ભકિત ભેદથી ત્રણ પ્રકાર બને છે. એ રીતે કુલ ૧૨ ભેદો થાય છે. આ બાર યુગ્મોના ૨૪ શ્લોકો થયા. બાકીના બે શ્લોકો રહ્યા. એક શ્લોક અધ્યાયના પ્રારંભમાં છે અને બીજો ઉપસંહારમાં છે. પ્રથમ શ્લોક અધ્યાયમાં પ્રક્રમ કરે છે બીજો તેનું ફલ જણાવે છે. આ બન્નેનું પણ એક યુગ્મ સમજવાનું છે. આ યુગ્મ દ્વારા અધિકમાસ પુરુષોત્તમ પ્રભુ જે લીલા કરે છે. તેનું ગુણગાન સ્વામિનીઓ કરે છે. આ રીતે કુલ ૧૩ યુગ્મો આ યુગલગીતમાં છે.

**સાર** - આ યુગલગીતનો સાર માત્ર એટલો જ છે કે પ્રભુ જયારે દિવસે ગાયો વગેરેને ચારવાને માટે વૃંદાવનમાં જાય છે ત્યારે પ્રભુના વિયોગનું દુઃખ ગોપિકાઓથી સહન થતું નથી. એટલે હૃદયના તાપને શાંત કરવાને પ્રભુનું ગુણગાન કરે છે. એ ગુણગાનમાં એટલાં બધાં લીન થઈ જાય છે કે પ્રભુની જુદી જુદી લીલાઓનું ગુણગાન કરતાં તેઓ હૃદયથી તેનો સાક્ષાત્કાર પણ કરે છે અને આ રીતે પૂર્ણાનંદ-મહારસને હૃદયમાં અનુભવે છે.

વર્ષના દરેક માસમાં પ્રભુએ કરેલી લીલાને તેઓ દરરોજ સાંભળે છે. અર્થાત્ દરરોજ પોતાનું જીવન પ્રાતઃકાળથી આરંભીને તે સાયં પર્યંત ગૃહકાર્યમાં વ્યગ્ર હોવા છતાં પણ પ્રભુની જ લીલાઓનું અનુસંધાન કરે છે અને રસાત્મક પ્રભુના પૂર્ણાનંદનો સાક્ષાત્કાર કરવાને તે મહારસથી જીવન ભરવાને પ્રભુની તે તે લીલાઓના ગુણગાન કરે છે.

આ રીતે ભગવાનની સાથે રાત્રે ક્રીડાનું કથન કરીને, દિવસે તેમને સંસારની પ્રવૃત્તિ થશે એવી શંકા કરીને દિવસોમાં ભગવાનના ગુણના વર્ણનમાં મગ્ન તેઓ બન્યાં એવું કહેતાં, ગુણ વર્ણનની આવશ્યકતા માટે પ્રારંભમાં દુઃખ હોય છે પણ અંતમાં સુખ થાય છે એવું જણાવતા, પ્રથમ પ્રવૃત્તિમાં ગોપિકાઓને દિવસોમાં પરમ દુઃખ થયું એવું કહે છે.

**गोप्यः कृष्णे वनं याते तमनुद्रुतचेतसः । कृष्णलीलाः प्रगायन्त्यो निन्युर्दुःखेन वासरान् ।।१।।**

**अन्वयार्थ** -- કૃષ્ણ જ્યારે વનમાં ગયા ત્યારે તેમની પાછળ જેમનું ચિત્ત દ્રવ્યું છે એવાં ગોપીજન કૃષ્ણની લીલા પ્રકર્ષથી ગાતાં ગાતાં બહુ જ દુઃખે દિવસો પસાર કર્યા.

**श्रीसुबोधिनीजी** -- ગોપી એવા કેવલ શબ્દથી પૂર્વે જણાવેલી ગોપીઓ સમજવી. સદાનંદ (કૃષ્ણ) વનમાં ગયા એટલે તેમની પાછળ તેમના (ગોપીના) ચિત્ત દ્રવિત થયાં. અન્ય વસ્તુનું ગ્રહણ કરવામાં અસમર્થ નીવડ્યાં. આથી કૃષ્ણની લીલાનું પ્રકર્ષથી ગાન કરવા લાગ્યાં. જેવું સ્વરૂપ સદાનંદરૂપ છે. તેજ પ્રમાણે લીલાની તદાત્મકતા જણાવવાને ફરીથી નામનું ગ્રહણ કર્યુ. નહિ તો કૃષ્ણની લીલા એમ કહેત. તેમ હોવાથી માત્ર તેના સંબંધનું જ જ્ઞાન થાત, કૃષ્ણના સદાનંદનું નહિ. આ લીલા ખાસ કરીને કહેવી જોઈએ. કારણકે સ્વરૂપના વિયોગમાં તે સિવાય જીવનનો કોઈપણ હેતુ નથી, કારણકે સ્વરૂપથી અતિરિકત એ હીન છે. માટે ગમે તે રીતે અતિશય માનસ દુઃખથી દિવસો ગાળ્યા. જ્યારે વળી તેમનું ચિત્ત પ્રકીર્ણ ભગવાનના ચરિત્રમાં વિલીન થઈને એકભાવથી પ્રાપ્ત થશે, ત્યારે જ તેમના મનોરથો પૂર્ણ થશે. હમણાં તો સઘળી સામગ્રી ચૂર્ણ થઈ છે. માટે દુઃખથી દિવસ ગાળે છે. વાસર (દિવસ) શબ્દથી રાત્રિને માટે ઘણી જ મુશ્કેલીથી પ્રાણને ધારણ કરેલા હોય એમ જણાય છે.

**विवेचन**- હવે યુગલગીતની શરૂઆત થાય છે. કૃષ્ણ જ્યારે વનમાં ગયા તે સમયે ગોપીઓનાં ચિત્ત એકદમ દ્રવી ગયાં, અને તેથી તે સ્થિતિમાં શું કરવું એ કંઈપણ તેમને સૂઝ નહિ પડવાથી તેઓ વિકલ થઈ ગયાં, પછીથી કૃષ્ણના વિરહમાં જીવનને ટકાવી રાખવાને તેમની લીલાઓનું અનુસંધાન કરવા મંડ્યાં. કારણકે વિરહીને પ્રભુના ગુણગાન સિવાય અન્ય કંઈ પણ સુખ આપી શકતાં નથી, માટે તે ગુણગાન કરવા લાગ્યાં. આ ગુણગાન પ્રકર્ષ ભાવથી કર્યુ છે. સાધારણ રીતે જેમ નવધા ભકિતમાં કીર્તનભકિત છે. અને તેમાં જેમ ગાન કરવામાં આવે છે તેવી રીતનું આ ગાન નથી. પણ આ ગાન ફલાત્મક છે. કારણ કે તેથી તેમને

પ્રભુની સર્વ લીલાનો સાક્ષાત્કાર થતો હતો અને તે રીતે પ્રભુ તેમની સમીપ હતા. આ ગુણગાન પ્રભુનું નિકટતમ સાન્નિધ્ય કરાવે તેવું અત્યુત્કટ રતિભાવથી ભરેલું હતું, માટે પ્રકર્ષથી ગાન કર્યુ એમ કહ્યું છે. આ ગાન કરતી વખતે તેમની ઈન્દ્રિયો વગેરે સર્વે પ્રભુની સન્મુખ હતાં એટલું જ નહિ પણ પ્રભુમાં જ લીન બનેલાં હતાં. અરે જયાં ચિત્ત દ્રવી ગયું હોય તો ત્યાં ઈન્દ્રિયો રહેજ ક્યાંથી ? જલમાં સૈન્ધવ (મીઠું) નો કકડો નાખ્યો હોય અગર તેમાં શર્કરા મિશ્રિત કરી હોય તો તે જેમ અંદર ઓગળી જાય તે તેમ પ્રભુને વનમાં પધારેલા જાણીને તેમનું ચિત્ત પણ ઓગળી ગયું. જળમાં ઓગળી ગયેલો પદાર્થ જેમ આપણે જૂદો ઓળખાવી શકતા નથી તેમ ચિત્તની સ્થિતિ થઈ. જયાં ચિત્તની આ પ્રમાણે સ્થિતિ થાય તો પછી ઈન્દ્રિયોનું તો કહેવું જ શુ ? આ વિરહાવસ્થામાં હૃદયના તાપને બહારથી શાન્ત કરવાને ગુણગાન કર્યું, તેથી મહાકષ્ટે દિવસો ગુજારવા લાગ્યાં.

અહિંયા વકતા ગોપીઓ છે. ગોપીજન માટે કેવલ ''ગોપી'' એવો શબ્દ વાપર્યો છે. તેની પૂર્વે શ્રી શબ્દ યોજેલો નથી. તેનું પ્રયોજન એ છે કે એ રીતે રાસમંડલસ્થ જે ગોપીજન છે તેમનો માત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વળી બીજું પણ કારણ એ છે કે શ્રી સૌભાગ્યસૂચક છે, પણ આ ગોપીજન અત્યારે વિપ્રયોગદશાનો અનુભવ કરી રહ્યાં હતાં, માટે તે સ્થિતિમાં તેમનું સૌભાગ્ય સંપૂર્ણ નહોતું એ સૂચવવાને શ્રી વિશેષણ વગર કેવલ ગોપીપદનો પ્રયોગ કર્યો છે.

કૃષ્ણપદનો અર્થ સદાનંદ સમજવાનો છે અને કૃષ્ણલીલા શબ્દથી પણ સદાનંદ પ્રભુની લીલા એમ સમજવું અર્થાત્ પ્રભુના રસાત્મક સ્વરૂપની લીલાનું ગાન વગેરે કર્યું. પૂર્વ અધ્યાયમાં જે કૃષ્ણ છે. તેમની લીલા નહિ, પણ રસાત્મક સ્વરૂપે બિરાજતા રસાનંદસ્વરૂપની જ લીલાનું કારણકે પ્રભુ જેવા રસસ્વરૂપ છે તેમ આ ગોપીજન તેમની રસશકિતઓ છે. આત્માની સાથે જેમ આત્માની શકિતો સંબંધ ધરાવે છે તેમ રસની સાથે તેની શકિતઓ સંબંધ ધરાવે છે. જેમ આત્મા વગર શકિતઓ નકામી થઈ પડે છે તેમ રસના વિયોગમાં તેની શકિતઓ પણ મન્દ પડી જાય એ સ્વાભાવિક છે. માટે તે શકિતઓ પોતાના વિકાસ અને રસયોગ ન બને તે માટે રસલીલાનું અનુસંધાન કરે છે એ આ શ્લોકનું તાત્પર્ય છે.

**सर्वोत्तमा हरेलीला वेणुनादपुरःसरा । हेतुः सर्वत्र वाच्येर्थे प्रथमेषु निरूप्यते ।। १ ।।**
**देवस्त्रियस्तथा गावः सरितः पादपा लताः । पक्षिणश्च तथा मेघा ब्रह्माद्या गोपिकास्तथा ।। २ ।।**
**हरिण्यो देवगन्धर्वा द्विधा च भगवान्हरिः । उत्तरेषु निरूप्यन्ते रसज्ञा वेणुवादने ।। ३ ।।**
**जानाति भगवानेव जानात्येव हरिः स्वयम् । अनोन्ते भगवानुक्तो वारद्वयमनन्यधीः ।। ४ ।।**

अनुभावस्तु नादस्य स्त्रीषु पर्वमुदीर्यते । त्रिविधास्तु ततः पुंसु ब्रह्मा गोपी तथा मृगी ।।५।।

त्रयोत्र त्रिविधा प्रोक्ताः प्रकीर्णाः सकलाः सुराः । सर्व एवानभिज्ञा हि वस्तुसामर्थ्यसंयुताः ।।६।।

एवं वेणुद्वार्दशधा फलतीति निरूपितः ।

**ભાવાર્થ** - ૧ સર્વત્ર વાચ્ય અર્થમાં હરિના સર્વોત્તમ વેણુનાદપૂર્વક લીલા હેતુ છે તેનું પ્રથમ નિરૂપણ કરવામાં આવે છે.

૨-૩ રસજ્ઞ દેવસ્ત્રીઓ, ગાયો, નદીઓ, વૃક્ષો, લત્તાઓ, પક્ષિઓ, મેઘો, બ્રહ્મા વગેરે, ગોપિકા, હરિણીઓ, દેવગન્ધર્વો અને દ્વિવિધ ભગવાન હરિનું વેણુનાદ પછીના શ્લોકમાં નિરૂપણ કર્યું છે.

૪ ભગવાન જ જાણે છે, માટે અન્તમાં બે વખત અનન્યધીવીળા ભગવાન કહેવામાં આવ્યાં છે.

૫ નાદનો અનુભવ સ્ત્રીઓમાં પ્રથમ જણાવ્યો છે. પછીથી ત્રણ પ્રકારનાં સ્ત્રીઓમાં પછી પુરૂષોમાં તેમજ બ્રહ્મા, ગોપી તથા મૃગી એ ત્રણ ત્રણ રીતે જણાવ્યાં છે તથા બધા પ્રકીર્ણ સુર પણ કહ્યા છે. વસ્તુના સામર્થ્યથી યુકત તે સઘળા અનભિજ્ઞ છે. આ રીતે વેણુ બાર રીતે ફલે છે એવું નિરૂપણ કર્યું છે.

**વિવેચન**- આ કારિકાઓમાં એવું જણાવવામાં આવેછે કે આ યુગલગીતનો મુખ્ય વિષય ભગવાનની વેણુનાદની લીલા છે. આ લીલા સર્વ લીલાઓમાં ઉત્તમ છે. આ લીલા ભગવાનના નિર્દોષ ભાવનું કથન કરે છે. માટે તે સર્વથી ઉત્તમ લીલા છે વેણુને પોતાના હસ્તમાં લઈને નટની માફક નૃત્ય કરીને સુધારસને પ્રકટ કરે છે, તેમાં જે રસાસ્વાદન છે, તેમાં જે ભાવની કમનીયતા તથા કોમલતા છે, તે અન્ય લીલામાં નથી. માટે તેને સવોત્તમ લીલા કહી છે. વેણુનાદના શ્રવણથી જ કર્ણમાં સુધારરસનું સિંચન પ્રવેશ પામે છે. અને તે હૃદયપ્રદેશમાં વહે છે, અને ત્યાંની સર્વ મલિન વૃત્તિઓ, ભાવો તથા વિકારોને પોતાના પ્રવાહમાં ઘસડી જાય છે. આ લીલા સર્વવ્યાપી છે, કારણકે વેણુનાદ એટલે બ્રહ્માનંદનો નાદ છે અને જેમ બ્રહ્મ સર્વવ્યાપી છે તેમ તેમનો બ્રહ્માનંદ પણ સર્વવ્યાપી બને છે. દેવતાઓથી માંડીને તે પૃથ્વીઉપરના ક્ષુદ્ર જંતુઓ તથા વનસ્પતિ તે નાદરસની વ્યાપ્ત બને છે, તે જણાવવાને જુદાં જુદાં સત્ત્વો ઉપર તેની શી અસર થઈ તે જણાવવામાં આવે છે, એકંદરે જે જે સત્ત્વો છે તે રાજસ, સાત્ત્વિક અને તામસ એ ત્રણ પ્રકારના છે. તે દરેકના રાજસ, સાત્ત્વિક તથા તામસ ગુણોને લીધે ઉપભેદો બનીને એકંદરે ગુણયુકત સત્ત્વોના નવ વિભાગો છે. આ સત્ત્વોમાંથી તેમના વર્ગમાં વિભૂતિરૂપ

ઉત્તમ સત્ત્વો લીધાં છે; અને તેમના ઉપર વેણુનાદની શી અસર થઈ તે જણાવે છે. આ સત્ત્વદ્વારા સમસ્ત વિશ્વનાદને વશ થઈ ગયું એટલો અર્થબોધ ફલિત થાય છે. તેમાં દેવસ્ત્રીઓ, ગાયો તથા નદીઓ એ રાજસ છે. વનલત્તા, પક્ષીઓ તથા મેઘ સાત્ત્વિક છે અને બ્રહ્માદિ, ગોપી તથા હરિણી તામસ છે. પ્રથમના રાજસગણમાં દેવસ્ત્રીઓ સજીવની ઉત્તમ યોનિનાં છે. ગાયો મધ્યમ યોનિના છે, અને સરિતા એ કનિષ્ઠ યોનિનાં પણ નિર્જીવ સત્ત્વો છે. આ સ્ત્રીગણ ઉપર વેણુનાદની પ્રથમ અસર થઈ એમ કહીને એમ જણાવે છે કે સ્ત્રીઓ સ્ત્રીઆત્માઓ જ પ્રભુના આત્માને જાણી શકે છે. જ્યાં સુધી જીવમાં પુરુષનો ભાવ રહે ત્યાં સુધી બ્રહ્મના આનંદને સમજવો તેના માટે અશક્ય છે. માટે પ્રથમ રાજસ ગણમાં ત્રણે સ્ત્રીલિંગવાચક સત્ત્વોને જે અસર થઈ તે જણાવી, ત્યાર પછી પુલ્લિંગવાચક સાત્ત્વિક ગણ તે આનંદનો અનુભવ ગૌણતાથી જ કરી શકે છે. એવું સૂચવવાને પાદપ (લતાનો અન્તર્ભાવ પાદપમાં કર્યો છે.) પક્ષી તથા મેઘના ઉપર વેણુનાદની અસર જણાવી છે. ત્યાર પછી ઉત્તમ સત્ત્વોમાં બ્રહ્માદિ દેવતાઓ, પ્રેમલક્ષણા ભકિતનાં મૂર્તિરૂપ ગોપિકા તથા ભગવત્પરાયણ થયેલાં હરિણીઓની તામસગણમાં ગણના કરી છે અને તેના ઉપર વેણુનાદની અસર જણાવી છે. આ ત્રિવિધ સત્ત્વોએ જયારે વેણુનાદનું શ્રવણ કર્યું ત્યારે તેની સુધાના રસને જાણતા થયા અને પછીથી તેને અનુભવવા લાગ્યા. સ્થાયીભાવની અભિવ્યકિત થતી વખતે, ઉદ્દીપન વિભાવોથી જયારે સ્થાયિભાવનું ઉદ્દીપન થાય છે, ત્યારે શરીરનાં ગાત્રોમાં જે પરિણામ કાર્ય અનુભવાય છે તેને કાવ્યશાસ્ત્રમાં અગર રસશાસ્ત્રમાં અનુભાવ કહે છે. પ્રભુની વેણુનો નાદ તે ઉદ્દીપન વિભાવ છે. તે શ્રવણ કરતી વખતે તે તે સત્ત્વોના દેહમાં તેમજ ચિત્તમાં વિવિધ અસરો ઉત્પન્ન થઈ. દેવસ્ત્રીઓને મુકુન્દ ભગવાનની વેણુના નાદથી લજ્જા, કામોદ્રેક તથા ચિત્તની અસ્તવ્યસ્તતા જણાઈ. વૃન્દાવનનાં વૃષભો તથા ગાયોના ચિત્તનું હરણ થયું એટલું જ નહિ પણ ક્રિયાનિવૃત્તિ, સ્થિરતા તથા ચિત્રાલેખનવત્ તેમની સ્થિતિ થઈ ગઈ. નદીઓની ગતિમાં પણ ભંગ થયો અને સચેતન પ્રાણીઓ માફક ભગવચ્ચરણની સ્પૃહા, તરંગકંપન તેમજ જલસ્થૈર્ય તેમને જણાવવા લાગ્યાં. તરુઓ તથા વનલતાઓ પણ પ્રેમની નિર્ભરતાથી શાખાઓને નમાવા લાગ્યાં, અને રોમાંચોદ્ગમનો અનુભવ કરવા લાગ્યાં, એટલું જ નહિ પણ મધુધારાનું વર્ષણ પણ કર્યું. સારસ, હંસ તથા અન્ય પક્ષીઓ પણ ચિત્તની ભગવદ્દ્વશ્યાતા, નેત્રનિમીલન, માનધારણ તથા હરિસેવનમાં મગ્ન બન્યાં. સર્વનું હિત કરનાર મેઘ પણ ગર્જના કરવા લાગ્યો અને પ્રભુને છાયા આપવા લાગ્યો, એ રીતે પ્રભુપ્રતિ પોતાના સખ્ય તથા આત્મનિવેદનને જણાવવા

લાગ્યો. શિવ, બ્રહ્મા તથા શક્ર દેવો પણ તે અલૌકિક નાદની સ્વરજાતિ બરાબર રીતે પિછાની નહિ શકવાથી પ્રભુના માહાત્મ્યનાં યશોગાન કરવા લાગ્યા; અને છેવટે મૂર્છામાં પણ પડી ગયા. સાયંકાળે ગાયો ચારી રહ્યા પછી પ્રભુ જયારે પોતાના કરકમળમાં વેણુને ધારણ કરીને લલિતગતિએ ગોકુળમાં પાછા પધારતા હતા તે સમયે ગોપીઓ સવિલાસ નેત્રથી સ્તબ્ધ થઇ ગયાં તથા તેમની મર્યાદાનો પણ ભંગ થયો. પ્રભુની મનોહરતા તથા કોટિકંદર્પતુલ્ય લાવણ્યથી ગોપીઓ મુગ્ધ બની ગયાં, અને પ્રેમનો વ્યાપાર તેમના ઉપર થવા લાગ્યો. પ્રેમની દશ દશાઓનો અનુભવ પણ તેમને થયો. હરિણીઓ તો કૃષ્ણ એ કૃષ્ણસાર-હરિણ છે એમ પ્રભુને માનીને તેમની પાસે દોડયાં અને વેણુનાદથી મન્ત્રમુગ્ધ થઇને તેમની નિકટ બેસી રહ્યાં. ગૃહગમનની આશાનો ત્યાગ કરીને ભગવત્પરાયણ થઇને ત્યા બેઠા. આ રીતે રાજસ, સાત્વિક અને તામસ ભાવથી વેણુનાદની વિવિધ અસર અનુભાવોત્પતિદ્વારા વર્ણવી છે. ત્યાર પછીથી ગુણાતીત પ્રકારથી વેણુનાદની અસર જણાવી છે. તેમા પ્રથમ ભગવાનની સામાન્ય લીલાનું વર્ણન કંરે છે. ભગવાન વેણુવાદન ક્રીડા, નૃત્ય ક્રીડા તથા જલક્રીડાને કરતી વખતે કેવા શોભે છે તે જણાવ્યું છે. વેણુવાદન એટલે બ્રહ્માનંદ; નૃત્યક્રીડા એટલે પ્રેમભકિત અને જલક્રીડા એટલે રસનો સાક્ષાત્કાર. આ ત્રણ ક્રીડા કરતી વખતે પ્રભુના સ્વરૂપની કાન્તિ અવર્ણનીય બને છે. બ્રહ્મજ્ઞાન તથા પ્રેમભકિતથી થતો રસસાક્ષાત્કાર પ્રભુ અનુગ્રહ કરીને કરાવે તો જ થઈ શકે છે. ભકતો ઉપર આવી કૃપા કરવામાં જ પ્રભુની કીર્તિ છે, એવો આ શ્લોકનો તાત્પર્ય અર્થ છે. ત્યારપછી કૃષ્ણનું ચંદ્ર સાથે સાદૃશ્ય કરીને તે દ્વારા તેમની આનંદમયતા જણાવી છે છતાં દેવકીના પુત્ર અને સાથેનું વૈલક્ષણ્ય ત્યાં છે જ. દિવસના તાપની નિવૃત્તિ કરીને રસનું દાન ભગવાન જ કરી શકે એમ છે. તેમના રસનું દાન કરવાનું ભગવાન જ જાણે છે, ચંદ્ર નહિ, એવું આ ઉપરથી તે સૂચવાયું છે. ભજનાનંદનું દાન પ્રભુ જ કરે છે. આ રીતે ભગવાનના ચરિત્રનું વર્ણન સામાન્ય રીતે કરીને અંતમાં કૃષ્ણની કૃપાથી ભકતોના તાપની નિવૃત્તિ તથા પ્રસન્નતા થાય છે એવો અર્થવિશેષ (વેણુનાદની) લીલાના વર્ણનથી અહિંયા કરે છે. અર્થાત્ ગુણાતીત રીતે પણ ત્રણ રીતે પ્રભુની લીલાનું વર્ણન કર્યુ છે. આ રીતે ઉપરના ગુણોએ કરીને નવભેદને છેલ્લા ગુણાતીતના ત્રણ ભેદ મળીને કુલ બાર ભેદો છે. વેણુનાદનું અંતિમ ફલ પણ રસાત્મક પ્રભુની પ્રાપ્તિ જ કરાવે છે એવો અર્થ ગર્ભિત સૂચવાયો છે.

શ્લોક ૨ થી ૨૫ સુધી ગુણવિભાગ પ્રમાણે વેણુનાદવર્ણન કોષ્ઠક :

| રાજસ સ્ત્રીઓ | સાત્ત્વિક પુરુષો | તામસ | ગુણાતીત |
|---|---|---|---|
| દેવસ્ત્રીઓ ૨-૩ | વનલતા (૮-૯) પાદપ | બ્રહ્માદિ દેવ ૧૪-૧૫ | દેવગંધર્વ ૨૦-૨૧ |
| ગાયો ૪-૫ | પક્ષીઓ ૧૦-૧૧ | ગોપી ૧૬-૧૭ | ભગવાન ૨૨-૨૩ સામાન્ય લીલાકર્તા |
| નદીઓ ૬-૭ | મેઘ ૧૨-૧૩ | હરિણી ૧૮-૧૯ | હરિ ૨૪-૨૫ વિશેષ લીલાકર્તા |

ત્યાં પ્રથમ સ્ત્રીનું પ્રાધાન્ય હોવાથી દેવસ્ત્રીઓ મુખ્ય છે એમ માનીને તેમનામાં વેણુનાદના પ્રભાવને જણાવવાને, જે પ્રકારથી વેણુનાદ ઉત્થાન પામે છે (પ્રકટ થાય છે) તે પ્રકારને કહે છે.

**वामबाहुकृतकपोलो वल्गितभ्रुरधरार्पितवेणुम् ।**
**कोमलांगुलिमिराश्रितमार्ग गोप्य ईरयति यत्र मुकुन्दः ।। २ ।।**
**व्योमयानवनिताः सह सिद्धैर्विस्मितास्तदुपधार्य सलज्जाः ।।**
**काममार्गणसमर्पितचिताः कश्मलं ययुरपस्मृतनीव्यः ।। ३ ।।**

**अन्वयार्थ --** હે ગોપીઓ ! જ્યાં વામ બાહુ પર વામ કપોલ મૂકનાર, ઉચ્ચ ગતિયુકત ભ્રકુટિવાળા, મુકુન્દ ભગવાન કોમલ અંગુલિઓ જેમના રંધ્રો ઉપર મૂકી છે તેવી અધર ઉપર મૂકેલી વેણુને વગાડે છે ત્યારે આકાશમાં વિમાનમાં ફરનાર દેવતાઓની સ્ત્રીઓ સિદ્ધ જનની સાથે લજ્જીત થઈને વિસ્મય પામે છે. વળી કામના બાણથી ચિત્ત વિવશ થવાથી તેમનાં નીવિબંધન છુટી જવાથી મૂર્છામાં પડી જાય છે.

**सुबोधिनीजी --** જ્યાં મુકુંદ અધર ઉપર મૂકેલી વેણુને પ્રેરે છે ત્યાં તે ક્ષણે વિમાનમાં બેસનાર દેવતાઓની સ્ત્રીઓ મૂર્છા પામે છે એવો સંબંધ છે. વેણુનાદ પાંચ રીતે થાય છે. મુખની આજુબાજુ સમાન તેમજ ઉપર તથા નીચે ધારણ કરવાથી તેમાં સ્ત્રીઓના કામનો ઉદ્‌બોધક વામ પરાવૃત છે. સ્ત્રીઓ તથા પુરુષોનો દક્ષિણ (જમણો) છે. દેવોનો ઉંચે છે. ક્ષુદ્ર પ્રાણીઓને નીચે હોય છે. સર્વ અચેતનોનો સમાન હોય છે. તેમાં દેવસ્ત્રીઓના કામનો ઉદ્‌બોધક વામ બાહુ છે. માનુષભાવથી દેવભાવ મહાન છે. તેથી માનુષનાદથી દેવસ્ત્રીઓને ભ્રમ થશે નહિ એવી શંકા કરીને પરમાત્માનો ભ્રુવિન્યાસ બ્રહ્મનું સ્થાન છે. એ વાક્યથી

ભ્રૂવિલાસને નાદમાં યોજ્યો. તે કહે છે. અહિંયા જમણી ભ્રૂ સમજવાની છે. તે પ્રમાણે તેના અભિનય છે. વલ્ગિત ભ્રૂ એટલે ઉચ્ચ ગતિથી યુકત અધર પૂર્વે જણાવેલો લોભાત્મક છે. ત્યાં જો તે સમર્પિત હોય તો પરમાનંદનું પ્રદાન ન કરે. કામનો જ ઉદ્‌બોધ કરે. કારણકે શ્રવણ કરીને પણ વિરહથી ઉત્પન્ન કરાયેલા કલેશને જ પ્રાપ્ત કરે છે; પરમાનંદને નહિ. તેમાં પણ જો ક્રિયાશકિત પુષ્ટ હોય તો લોભી પાસેથી પણ ફળની સિદ્ધિ થાય. તે પણ નથી એમ કહે છે. તે વેણુનાં છિદ્રોનો આશ્રય કોમલ અંગુલિથી થયો હતો. પ્રથમ વેણુનાદ મંદ પ્રકારથી ઉચિત છે. તેમના ગાઢ ભાવથી દાબવાથી તાર (ઉંચો) નાદ થાય છે. મધ્યભાવમાં મધ્યમ નાદ હોય છે. કોમલભાવમાં મંદ હોય છે. ગોપીઓ એવું સંબોધન સર્વ અનુભવના સાક્ષી તરીકે છે એમ જણાવવાને છે. ઈરણ એટલે અહિંયા વાદન છે. પ્રયોજન જણાવવાને મુકુંદ શબ્દનો પ્રયોગ છે. વેણુનાદથી જો જગત શુદ્ધ થાય તો હું મોક્ષનું દાન કરીશ. આમ સત્ય અર્થમાં પણ વેણુનાદમાં, જે મોક્ષના અધિકારીઓ નથી તેમને કામ જ થયો છે એવું જણાવવા વિમાનમાં બેસનારની સ્ત્રીઓ શબ્દ કહ્યો છે. અધિકારી હોવાથી તથા સ્ત્રીપણું હોવાથી તેમજ તે ભોગ્ય હોવાથી મોક્ષનાં તે અધિકારી નથી. સિદ્ધની સાથે છે તો પણ,ભગવાન સિવાય સર્વ દાન કરવાને સમર્થ છે. પોતે ગાનમાં અત્યંત નિપુણ છે. પ્રથમ વેણુનાદ સાંભળીને વિસ્મિત થયા. પછી અલ્પ કામના ઉદ્રેકમાં તે વેણુનાદનું ઉપધારણ કરીને ભર્તાઓ જાણશે એમ જાણીને લજ્જાયમાન થયાં. પછીથી અવ્યકત ઉદ્રેક થતાં પોતાના આત્માના રક્ષણ માટે કામથી મરણની શંકાને લીધે કામનાં બાણથી જેમનું ચિત્ત સમર્પિત થયું છે તેવા થયાં. જેમ મારણની પહેલાં ભીરુ થયેલાં મરનારની શરણે જાય છે તેમ પછીથી કામની પીડા પામતાં તે મૂર્છા પામ્યા. તે મૂર્છા અત્યંત વિસ્મરણ કરનાર હતી. તેમનાં કટિવસ્ત્રની નીવિ (ગાંઠ) પણ ભૂલી ગયાં. આ રીતે વેણુનાદ અત્યંત કામનો બોધક છે માટે અમારી મૂર્છા વગેરેમાં શું આશ્ચર્ય ?

**विवेचन +-** વનમાં પ્રભુ જયારે વ્રજની બહાર ગોકુલમાં પધારે છે ત્યારે વેણુને અધરોષ્ઠ ઉપર મૂકીને કેવી રીતે વગાડે છે તે સમયની લીલાનો સાક્ષાત્કાર ગોપીજન અહિંયા કરે છે અને તેનું વર્ણન ગાનમાં કરે છે. વર્ણન કરનાર ગોપી બીજાને કહે છે - હે ગોપીઓ, આપણા પ્રિય ભગવાન વનમાં પધાર્યા છે. તે ત્યાં શું કરે છે, તે તેમને ખબર છે ? તે અત્યારે ત્યાં પોતાની પ્રિય વેણુને અધરોષ્ઠ ઉપર મૂકીને સુંદર અને મનોહર રીતે વગાડી રહ્યા છે, તે તમે સાંભળો છો ? હું અહિંયા રહી રહી તે વેણુના નાદ શ્રવણ કરૂં છું, એટલું જ નહિ મારાં ચક્ષુ આગળ તે પ્રભુની મનોહર મૂર્તિને માનસ પ્રત્યક્ષ કરૂં છું ? અહો, તે વખતે તેમણે કેવો સુંદર સ્વાંગ ધર્યો છે

? વળી કેવી સુંદર રીતે પોતે ઉભા છે ? આ વેણુ વગાડતી વખતે તેમણે પોતાના વામ કપોલ (ગાલ)ને વામ બાહુ ઉપર બહુ ટેકવ્યા છે. તમે કદાચ પૂછશો કે શા માટે પ્રભુએ વેણુ વગાડતી વખતે પોતાના વામ કપોલને વામબાહુ ઉપર ટેકવ્યા હશે ? તેનું કારણ હું તમને સ્પષ્ટ જણાવીશ. પણ તમે તે બરાબર ચિત્ત રાખીને સમજજો. પ્રભુ જયારે વેણુ વગાડે છે ત્યારે પાંચ રીતે વગાડે છે. કોઈ વખત પોતે મુખને ડાબી તરફ રાખીને વેણુનાદ કરે છે, કોઈ વખત દક્ષિણ બાજુએ રાખીને, અને કોઈ વખત મુખની સમતા જાળવીને. તેમજ કોઈ વખત મુખને ઉંચુ તથા નીચું રાખીને વગાડે છે; અને આ પાંચ જુદી જુદી સ્થિતિમાં વેણુનાદથી જે નાદ પ્રકટ થાય છે તે દ્વારા વેણુની સુધાને પોતે વર્ષાવે છે. મુખને વામ બાજુએ રાખીને વાદન કરવાથી સ્ત્રીઓને કામનો ઉદ્‌બોધ થાય છે. દક્ષિણ (જમણી) તરફ રાખવાથી સ્ત્રીઓ અને પુરુષોને તે કામનો ઉદ્‌બોધ થાય છે. મુખ ઉંચુ રાખીને વેણુવાદન કરવાથી દેવતાઓને કામનો ઉદ્‌બોધ થાય છે અને તેને નીચું રાખવાથી પશુપક્ષીઓને થાય છે, અને સમાન રાખવાથી સર્વ અચેતન સૃષ્ટિને તે ઉદ્‌બોધ થાય છે. આમ જુદી જુદી સ્થિતિમાં વેણુવાદન કરવાથી જુદા જુદા સત્વો ઉપર તેની અસર થાય છે. અને તેથી દેવતાઓની સ્ત્રીઓને એકદમ કામ થઈ આવે છે. હે ગોપીઓ જો દેવતાઓની સ્ત્રીઓને કામ થાય છે તો બીજાની તો વાત જ શું કરવી ? બીજાને પણ કામ થઈ આવે તે સ્વાભાવિક છે. દેવતાઓની સ્ત્રીઓએ જયારથી પ્રભુની વેણુમાંથી નીકળતી નાદસુધાનું પાન પોતાની કર્ણેન્દ્રિયથી કર્યું ત્યારથી તેમનામાં પ્રભુ માટે પ્રીતિ ઉત્પન્ન થઈ છે. હે ગોપીઓ, ખરેખર આપણા કમનસિબ છે કે આપણે તે સાંભળવાને ત્યાં હાજર નથી ! વેણુવાદન સમયે તેમનાં ભવાં ઉંચે રાખ્યા છે અર્થાત્ ઉર્ધ્વ દૃષ્ટિ કરીને પોતે વગાડે છે અને વેણુમાં સુધા પૂરે છે, કેવળ તેમણે વાદન કર્યું એટલું જ નહિ પણ સાથે સાથે પોતાના ભ્રૂને પણ તે નાદમાં જોડ્યાં. વેણુને અધર ઉપર મૂકવાથી કામની ઉત્પત્તિ થવાનું કારણ એટલું છે કે અધર લોભાત્મક છે. અધર વેણુની સુધાના રસનું પાન કરવાને લોભી છે. અધરને સુધાનો જેટલો રસ આપવામાં આવે તે બધો ઓછો પડે છે. તેને વધારેને વધારે તેની કામના થાય છે. લોભી માણસને સંતોષ થતો નથી; તેમ આ અધરને પણ સંતોષ થતો નથી. આથી લોભીને આપેલા રસનું પરિણામ પરમાનંદ ન હોય પણ કામની ઉત્પત્તિ જ હોય. અધરસના પાનમાં સ્વાર્થ રહેલો છે તેથી તે પરમાનંદ આપી શકતો નથી. પ્રભુએ અધર ઉપર વેણુનું વાદન કરવાથી, તેમાંથી જે નાદ ઉત્પન્ન થયો તેથી દેવતાઓની સ્ત્રીઓને પણ કામ જ થયો. આથી તે નાદ શ્રવણ કરનારને ઉલટું દુઃખ થાય છે, કલેશનો જ અનુભવ થાય છે. જેમ જેમ વેણુના નાદ તે શ્રવણ કરે છે તેમ તેમ તેમના હૃદયમાં કામના વિરહનું દુઃખ વધતું જાય છે, તેમને તેથી પરમાનંદની

પ્રાપ્તિ થતી નથી. આ કારણથી દેવતાઓની સ્ત્રીઓને તે દુ:ખ એટલું બધું થયું કે તેઓ છેવટે કામની પીડાથી કલેશને સહન નહિ કરી શકવાથી મૂર્છાવસ્થાને પ્રાપ્ત થયાં, વ્યસનની સ્થિતિનો અનુભવ કરવા લાગ્યાં. વિશેષ આવું પરિણામ આવવાનું કારણ એ છે કે જો અહિંયા તે નાદને ઉંચા સ્વરથી કાઢવામાં આવ્યો હોત તો કદાચ વિરહજન્ય કલેશ ઓછો થઈ શકત. પણ તેવું પ્રસ્તુત બાબતમાં નથી. પ્રભુએ તે વેણુ એવી રીતે ગ્રહણ કરી હતી કે તેનાં છિદ્રો ઉપર પોતાની અંગુલિઓને બહુ કોમલતાથી પોતે ફેરવતા હતા. ધીમે ધીમે કોઈપણ જાતના બળ સિવાય તે અંગુલિઓને ગતિ આપતા હતા. અંગુલિઓથી કોઈપણ જાતની ક્રિયાશકિતનું બળ અજમાવવામાં આવ્યું નહોતું. ક્રિયાશકિત પણ મંદ હતી, અને તેથી અધરમાંથી જે નાદ નીકળતો હતો તે પણ મંદ અને મનોહર હતો, અને તે નાદે ગોપીઓનાં હૃદયને વીંધી નાંખ્યા હતાં. લોભી માણસો ઉપર જો કોઈક બળનો ઉપયોગ કરવામાં આવે તો તેની પાસેથી આપણે વસ્તુ (ધન) મેળવવાની આશા રાખી શકીએ, એ વાત ખરી છે અને તેથી અહિંયા જો કે પ્રભુનો અધર તે સુધારસનું પાન કરવાને લોભી બનેલો છે અને તેની ઉપર જો કંઈક દબાણ કરવામાં આવે-વેણુનાં છિદ્રો જેમાંથી નાદ પ્રકટ કરવાનો છે તેને જોરથી દબાવવામાં આવે-તો કદાચ દેવતાઓની સ્ત્રીઓને સુખ કરે તેવો નાદ પ્રકટ થાય કે જે નાદથી તેમના હૃદય પીડિત નહિ થતાં વિરહની વેદના ભોગવે નહિ. પણ અહિંયા તો પ્રભુએ બહુ જ કોમલતાથી અંગુલિઓને વેણુનાં છિદ્રો ઉપર ચલાવી હતી. આથી તેના નાદ કામજનક જ થયા હતાં. હે ગોપીઓ, તમે મને પૂછશો કે શા માટે પ્રભુએ આ પ્રમાણે વેણુનું વાદન કરવાનું ઈષ્ટ ગણ્યું ? તેનો હેતુ એટલો જ છે કે વેણુમાંથી પ્રકટ થતી સુધાનું પાન કરીને જે કોઈ શુદ્ધ થાય છે તે મોક્ષ મેળવી શકે છે. પ્રભુ મોક્ષના આપનાર છે માટે તે મુકુન્દ કહેવાય છે. વેણુનો અર્થ આ પ્રમાણે કરવામાં આવે છે. વ એટલે અમૃત અને ઈ કામનું સુખ તેને પણ અણુ તુચ્છ કરે તે વેણુનો નાદ કામના સુખને તથા દેવો તરફથી મળતાં અમૃતના સુખને પણ તુચ્છ બનાવે છે. વેણુ એ પ્રભુનું નામાત્મક સ્વરૂપ છે. શબ્દરૂપ બ્રહ્મનું તે સ્વરૂપ છે. **नामरूपे व्याकरवाणि** હું નામ અને રૂપ એવાં રૂપ પ્રકટ કરૂં એવી બ્રહ્મની ઈચ્છા થતાં પોતે નામસૃષ્ટિ પણ કરી, અને વેદાદિ એ સર્વ પ્રભુની નામસૃષ્ટિ છે એ રૂપી અહિયા પ્રભુની વેણુનો નાદ છે. તેમાંથી ઝરતી સુધાનું પાન કરવાથી મોક્ષ મળે, રસનું પાન કરવાથી જરૂર મોક્ષ મળે છે. એ સૂચવવાને વેણુવાદન કરે છે. પ્રભુ વનમાં પધારતાં આપણને એમ જણાવે છે કે હે ગોપીઓ, જે કોઈ ભકિતરસરૂપી સુધાનું પાન કરશે તેનું હૃદય શુદ્ધ થશે એટલું જ નહિ પણ મોક્ષ પ્રાપ્ત કરશે. એનો દાખલો જોવો હોય તો, આ દેવતાની સ્ત્રીઓનો છે, તેઓ કામભાવવાળી છે છતાં પણ આ

નાદની સુધાથી તેઓ મુકિત પ્રાપ્ત કરી શક્યાં છે તો પછી તમારા જેવાં, જેમને કોઈપણ જાતની કામનાઓ નથી, અને મારાં જ (પ્રભુની) નિર્ગુણ પ્રેમભકિતમાં હરહંમેશ છક્યાં રહો છો તેમને મોક્ષ મળે એમાં શું આશ્ચર્ય છે. માટે હું તમારાથી દૂર જતો રહ્યો છું. એવો લેશ પણ વિચાર તમે કરશો નહિ. તમે મારી ભકિતરસનું પાન કરો, તો તમને નિરોધસિદ્ધિ થશે, ને તેનું ફલ પ્રાપ્ત કરશો. દેવતાઓની સ્ત્રીઓના ઉપર આ સુધાની એવી પ્રબળ અસર થઈ છે કે તેઓ સર્વ ભાન ભૂલી ગયાં તેમનાં નિવીબંધનો પણ તેઓ ભૂલી ગયાં અર્થાત્ તેમને જે ઉપાધિઓ હતી તે બધી છુટી ગઈ અને સુધારસના પાનનું ફળ પ્રાપ્ત કરવાને યોગ્ય થયાં. વળી જેમ કોઈ ભીરુ માણસ, તેના મારનારના હાથમાં સપડાયો હોય, અને તે મારક જયારે તેને પ્રહાર કરે છે તે વખતે, તે તેને શરણે જાય છે તથા પોતાની પાસે જે કાંઈ હોય તે તેને સોંપી દે છે. તેમ આ દેવતાઓની સ્ત્રીઓએ વેણુનાદ દ્વારા જે કામના બાણ ભોંકાયા તે પહેલાં પોતે કામને શરણે ગયાં. અર્થાત્ કામને વિવશ થયાં અને મૂર્છાની દશા ભોગવવા લાગ્યા. હે ગોપીઓ ખરેખર પ્રભુની વેણુ કેટલી દુઃખ કરનારી છે. હું એ વેણુનાદને અહિં રહ્યાં રહ્યાં શ્રવણ કરૂં છું. એટલું જ નહિ પણ તેથી દેવતાઓની સ્ત્રીઓની જે સ્થિતિ થઈ છે તે પણ મનથી નિહાળી શકું છું, આથી મને પણ અહિંયા ચેન પડતું નથી. મારૂં ચિત્ત પણ વિહવળ થઈ ગયું છે.

ગાયોને પણ વેણુનાદથી તેમ થયું એવું અન્ય પ્રકારથી જણાવવાને વેણુરવના ઉદ્ગમને કહે છે.

**हस्त चित्रमबलाः शृणुतेदं हारहास उरसि स्थिरविद्युत् ।**
**नन्दसूनुरयमार्तजनानां नर्मदो यहिं कूजितवेणुः ।। ४ ।।**
**वृन्दशो व्रजवृषा मृगगावो वेणुवाद्यहृतचेतस आरात् ।**
**दन्तदष्टकबला धृतकर्णा निद्रिता लिखितचित्रमिवासन् ।। ५ ।।**

**अन्वयार्थ** -- અરેરે ! હે અબલાઓ, આ આશ્ચર્ય તો સાંભળો, હાર જેવા હાસવાળા, ઉર ઉપર વિદ્યુત્ સ્થિર છે જેમની એવા નંદના પુત્ર, પીડિતજનોને સુખ આપનાર જયારે વેણુને વગાડે છે; ત્યારે વ્રજના વૃષભો, મૃગ તથા ગાયોનાં ચિત્ત વેણુના નાદથી હરાઇ જાય છે અને તેથી દાંતમાં લીધેલા કોળીઆઓ તેમને તેમ રહી ગયા છે, અને કાનને ધારણ કરીને નિદ્રામાં પડી જાય છે અને જાણે ચિત્રમાં આલેખેલા હોય તેવાં તે જણાય છે.

**श्रीसुबोधिनीजी** -- હે અબલા, આ આશ્ચર્ય, સાંભળો જયારે નન્દના પુત્ર કૃષ્ણે વેણુ વગાડી ત્યારે વૃષભો તથા ગાયો જે દાંતથી કોળીઆ ચાવતાં હતાં તે નિદ્રિત થયા એવો સંબંધ લેવાનો છે. કામ સજાતીય પશુઓમાં હોય છે, પોતાથી

અધિક તેમ હીન તરફ નહિ. ખચ્ચર વિષે બીજી અવસ્થા હોય છે. હીન તરફ મોટાઓનો રમણ માટેનો સંબંધ પણ રસાભાસને ઉત્પન્ન કરનાર છે. માટે સંભોગલક્ષણ નામના કામનું નિરાકરણ કરીને પશુઓ તરફ અત્યન્ત જરૂરના ભક્ષણનો નિરોધ બતાવે છે. પ્રથમ જણાવેલા વામબાહુ ઉપર ટેકવેલા વામકપોલની અહિંઆં અનુવૃત્તિ છે. ત્યાં અન્યભેદ કહેવો જોઇએ. 'હસ્ત' શબ્દ ખેદ જણાવે છે. જયાં ગાયોની પણ સર્વ ક્રિયામાંથી નિવૃત્તિ બને છે ત્યાં અમારી બાબતમાં નથી એ ખરેખર આશ્ચર્ય છે. પૂર્વની સરખામણીએ પણ આ ઉત્કૃષ્ટ છે. દેવની સ્ત્રીઓ તો પુરુષોત્તમમાં કામનાવાળાં થાય છે : આ તો ઘણું જ આશ્ચર્ય છે. ''અબલા'' સંબોધન ગમન કરીને દર્શનના અભાવ માટે છે. આ હું જે કહું છું તે સાંભળો. અહિંઆં નવ પ્રકારનાં ગોપીઓ છે. ગુણાતીતના કર્મ, જ્ઞાન અને ભકિત એવા ત્રણ ભેદ છે. તે ગોપીઓની વ્યવસ્થા આ પ્રમાણે છે.

પ્રથમ રાજસીઓ છે. આ રાજસરાજસી છે. દરેક સ્થળે સર્વ અપેક્ષિતની અનુવૃત્તિ થાય છે. પ્રથમ ભગવાનનું સ્વરૂપ શ્રવણ કરે છે. તેનું ચાર રીતે વર્ણન કરે છે. પ્રભુનો હાર હાસનો જેવો છે. છાતી ઉપર પણ વિદ્યુત્ છે. પોતે નંદના પુત્ર છે. સર્વ આર્તજનને સુખ આપનાર છે. ત્યાં હેતુ આ છે. નહિ તો હમણાં આગળ તે પ્રકટ થશે નહિ. બીજા મૂહૂર્તમાં ગતિ કરનાર ભગવાનને લક્ષિત કરીને ગોપીઓનું કહેવું છે. ત્યારે દરેક મૂહૂર્તમાં યુગલો હોય છે. સંધ્યા અને સંધ્યાના અંશની વચ્ચે બાર મુહુર્ત હોય છે. એ પ્રકારે સોમોત્પત્તિમાં નિર્ણય હોય છે. બીજાનું હાસ રજજુની પેઠે કિર્મીડિત છે. દાંતની કાન્તિથી વિભકત થયેલું ભગવાનનું હાસ મુકતાહારની પેઠે થાય છે. જેમ રત્નોથી મુકતાફળો શોભે છે તેમ આથી જગતનું પ્રપંચમાં મોહ ઉત્પન્ન કરવાપણું સ્થિર કર્યું. સ્નેહકલાથી માયા વિભકત થાય છે એવી શ્રુતાર્થાપત્તિ અર્થનિરૂપણના મૂળમાં છે. જેમ દૃષ્ટ અર્થમાં કોઇપણ પ્રકારની અનુપપત્તિ નથી, (તેમ અહિંઆં પણ નથી). દૃષ્ટને અનુસરીને જ સર્વ વ્યવસ્થા કરવામાં આવી છે. દૃષ્ટને વિષે કોઇ વિરોધ નહિ હોવાથી ત્યાં અનુચિત કશું નથી.

લૌકિકોની આ અવસ્થા છે. સર્વથા દૃષ્ટમાં પદાર્થવિરોધ અંગીકાર કરવામાં આવતા નથી. તે પ્રમાણે વૈદિકોને માટે પણ શ્રુતિ છે. જેટલો બુદ્ધિમાન પદાર્થ સ્થિર થાય છે ત્યાં સુધી તે પ્રમાણે તે પદાર્થ કહેવાય છે. આવી વ્યવસ્થા દરેક જગ્યાએ છે. ભગવાન કેવલ સંસારમાં જ પુત્રાદિ-આસકિતને સ્થિર કરે છે એવું નથી પણ ધનાસકિતને પણ કરે છે. ભગવાનના ઉરમાં વિદ્યુતલક્ષ્મી સ્થિર છે. આ પ્રમાણે પ્રમાણબલનું નિરાકરણ કરવાને માટે બે વિશેષણ કહ્યાં. હવે પ્રમેયબલના નિરાકરણ માટે બે વિશેષણ કહે છે. પોતે નંદજીના પુત્ર થયા છે.

આર્ત્ત લોકોને જાતે આવીને સુખ આપે છે એ પ્રમાણે જ જોવામાં પણ આવે છે. આથી તે પ્રમાણ છે. કોઇ વખત મહાન આવું કરતા નથી. આ આશ્ચર્ય છે. આ અર્થને પ્રકટ કરવાને વેણુને પોતે કૂજન કરે છે. અથવા પૂર્વ શ્લોકમાં કહેલી લીલાની સરખામણીથી નીચું મુખ રાખીને લીલાથી વેણુનું વાદન કરે છે. હારની માફક છાતી ઉપર હાસ્ય છે. તે તેની સ્થિરતા અને વિભાગથી જ આશ્ચર્ય છે. શ્રીવત્સ પણ ઉત્કૃષ્ટ હોવાથી શોભાને માટે તેની સ્થિરતાનું વર્ણન કરે છે. ભગવાન નંદના પુત્ર હોવાથી સ્નેહ વધે છે. તેમાં પણ તે સ્નેહ ભગવાનને ઉપકારક છે. કૂજન કરવું તે વાદનનો ખાસ ધર્મ છે. તે સર્વની અંદરના પ્રાણધર્મને પણ આકર્ષે છે. જયાં પશુઓના પણ પ્રાણ વગેરે ધર્મનું હરણ કરે છે ત્યાં અન્યનું તો શું જ કહેવું ? આ પ્રમાણે પશુઓનું નિરૂપણ કરે છે. એકલો તે પ્રમાણે જ અન્ય હેતુથી સિદ્ધ થાય માટે પશુઓનો સમૂહ કહેલો છે. જયાં વેણુનાદ પ્રવેશ પામે છે ત્યાં સર્વનું તે જ પ્રમાણે હોય છે. (સર્વના આન્તર ધર્મનું આકર્ષણ કરે છે.) વ્રજમાં રહેનાર વૃષભો મત્ત હોય છે તેમ ગાડાંને ખેચનારા પણ છે. તેઓ વ્રજની પાસે ઉભા છે. એવી રીતે ગ્રામ્ય પશુઓના ઉપલક્ષણને માટે વ્રજપદ મૂકયું છે. મૃગ અને ગાયો અરણ્યમાં એકઠાં મળે છે. અરણ્યનાં અને ગામનાં પશુઓ એકઠાં થાય છે એ જણાવવાને મૃગપદ મૂકયું છે. એથી વિશેષ શું કહેવું ? બધાં જ પશુઓનાં ચિત્ત વેણુવાદનથી હરાઇ જાય છે. ભગવાનની સમીપ જવાને પણ તે સમર્થ નથી. ઉલટું ચિત્ત હરાઇ જવાથી દૂર ઉભાં રહે છે. આથી વેણુનાદનો આ સ્વાભાવિક ધર્મ જ છે. ભગવાનના સામીપ્યથી કરાએલો નહિ એવું સૂચવાયું છે. કવલ એટલે ઘાસના કોળીઆ. તેને પણ ફકત દાંતથી ગ્રહણ કરે છે. તેનો ત્યાગ કરવાને તેમ ભક્ષણ કરવાને પણ સમર્થ નથી. દાંતના દંશમાત્રથી પ્રયત્ન નિવૃત્ત થાય છે તેથી નાદ દાંતના અન્ય કાર્યને પણ દૂર કરે છે. પૂર્વ ક્રિયા બહુ જ આવશ્યક છે માટે કવલ પદ મૂકયું છે. દેવોની સ્ત્રીઓની માફક મૂર્છાની નિવૃત્તિ કરવાને માટે અન્ય સર્વનો પરિત્યાગ કરીને કાન એ જ સાધનને ધારણ કર્યા એવું કહ્યું છે. પછી બહારથી પણ નિવૃત્ત થયા એવું જણાવવાને તેમને નિદ્રિત કહ્યા છે. ત્યારપછીથી નાદથી સર્વત્ર વ્યાપેલા ચિત્રમાં દોરેલી ગાયોની માફક તે પાછળથી થયા. સ્થાવરોની સરખામણીએ પણ સ્થિર થયા. આ શ્લોકમાં જણાવેલા અર્થ કરતાં અહિંઆં અધિક અર્થ છે માટે આશ્ચર્ય જણાવ્યું છે.

**વિવેચન** -- હવે અન્ય ગોપી પોતાની સખીઓને કહે છે. હે સખીઓ ! તમે સઘળાં એ વેણુના નાદથી દેવાંગનાઓ મૂર્છિત થઇ ગયાં, એ દુઃખની કહાણી સાંભળી, પણ હું તમને હવે એક આશ્ચર્યની વાત કહું છું તે સાંભળો. પ્રભુની મુરલી

શું શું આશ્ચર્ય કરતી નથી ? જો કે તે એક કાષ્ઠનો ટુકડો છે-પણ તે પ્રભુની વેણુ છે. પ્રભુ તેના રન્ધ્રોમાં સ્વનાદની સુધા પુરે છે અને તેથી અનેક જાતના ચમત્કારો તે કરી રહી છે. પ્રભુની વેણુનો નાદ સાંભળતાંની સાથે વ્રજના વૃષભો-ગ્રામ્ય પશુઓ, મૃગ અને ગાયો જ અરણ્યમાં એકઠાં થાય છે તે સઘળાંના ચિત્ત હરાઇ જવાથી, તેમણે ખાવાને માટે જે ઘાસના કોળીઆ દાંતમાં ગ્રહણ કરેલા તે તેમના તેમ રહી જાય છે. વેણુના વેધક નાદથી તે ગ્રાસનો ત્યાગ કરી શકતાં નથી તેમ જ તેનું ભક્ષણ કરી શકતાં નથી. તેમની સર્વ શકિત પણ હરાઇ ગઇ છે. આથી તેઓ પોતાના કર્ણને ઉંચા રાખીને સ્વસ્થિતિમાં નિશ્ચેષ્ટ થઇને હલનચલનની ક્રિયા કર્યા વગર રહે છે. દૂરથી જોનારને જાણે ચિત્રમાં આલેખલાં હોય તેવાં જણાય છે. ચિત્રામણમાં ચિત્રો નિશ્ચેષ્ટ ગતિરહિત સ્થિત રહે છે. તેમ આ પશુઓ સઘળાં પણ વેણુનાદના રસથી એટલાંબધાં મુગ્ધ થઇ ગયાં કે ન તો મોઢામાં ગ્રહણ કરેલા ઘાસના કોળીઆ અંદર ઉતારી શકયાં કે ન તો તેમને બહાર પાછાં મૂકી શકયાં. વેણુની સુધા તેમના શરીરના સર્વ અંગોમાં વ્યાપી ગઇ હતી, અને તેથી તેમના ચિત્તની સ્થિરતાને પણ હરી લીધી. જેમ કોઇ ઘરમાં દાખલ થઇને પેટી વગેરે સ્થળમાં મૂકેલા ખજાનાને હરી જાય છે તેમ વેણુનો નાદ તેમનાં શરીરમાં પ્રવેશ પામ્યો અને ચિત્તરૂપી ખજાનામાં આવેલા ભાનરૂપી ખજાનાને હરી ગયો.

હે સખીઓ ! આ વૃત્તાન્તથી તમને આશ્ચર્ય જણાતું નથી ? તમે કદાચ અહિંઆં મને પૂછશો કે શા માટે તેમને કામ થયો નહિ ? પહેલાં તો એવું કહ્યું કે વેણુનાદથી દેવતાઓની સ્ત્રીઓને કામપીડા થઇ હતી અને તેથી તેઓ મૂર્છાની અવસ્થામાં પડયાં હતાં ? તમારી આ શંકા બરાબર છે. પણ અહિંઆં વેણુના નાદને સાંભળનાર ગાયો વગેરે છે. અર્થાત્ પશુઓ છે. પશુઓને માટે એવો નિયમ છે કે તેમને તેમના સજાતીયના તરફ જ પશુઓ તરફ જ કામ હોય છે. તેમનાથી અધિક પ્રાણીઓ અગર ઉતરતાં તરફ હોતો નથી. દેવતાઓની બાબતમાં એવો નિયમ હોતો નથી. તેમનો તેમનાથી હીન તરફ પણ કામ હોય છે. દેવોની સ્ત્રીઓને પ્રભુ માટે કામ હોય તે સંભવિત છે. પણ પશુઓમાં તે નથી. પશુઓને પણ પ્રભુના વેણુનાદથી કામ થયો એવું જો અહિંઆં કહેવામાં આવે તો આ સ્થળે રસાભાસ જ સંભવે. માટે તેમને કામની ઉત્પત્તિ થઇ એવું કહેવામાં આવ્યું નથી. અર્થાત્ અહિંઆં એવું જણાવ્યું છે કે જેમ પ્રથમ દેવાંગનાઓને સંભોગરસનો અનુભવ ન થયો તેવી રીતે અહિંઆં આ પશુઓને ભક્ષણરસનો અનુભવ ન થયો. કેવલ યંત્રને વશ થયેલાં પ્રાણીઓ અગર ચિત્રમાં આલેખેલી આકૃતિઓની માફક શુનમૂન થઇને ઉભાં રહ્યાં.

હે સખીઓ ! પ્રભુએ જયારે આ રીતે વેણુનું કૂજન કરીને પશુઓને પણ વશ કર્યા. ત્યારે તેમનું સ્વરૂપ કેવું શોભતું હતું તે તમે જાણો છો ? તે વખતની તેમની શોભા ઓર તરેહની હતી. તેમણે શરીરે અતિ દેદીપ્યમાન હાર ધારણ કર્યો હતો. તે હાર એટલો બધો ઉજ્જવલ હતો કે જાણે તે હાંસનો બનેલો ન હોય એવો જણાતો હતો. પ્રભુનું હાસ્ય હારના જેવું હતું. જેમ મુકતાહારની મધ્યમાં રત્નો ગોઠવેલાં હોય અને તે કેવો સુંદર લાગે છે તેવી રીતે પ્રભુનું હાસ્ય ઝળકી રહ્યું હતું. સુવર્ણની મુદ્રિકામાં નીલમ મૂકવાથી તે સુવર્ણ અધિકપ્રકાશયુકત બને છે તેમ પ્રભુનું હાસ અધિક શોભ્યું. બીજાઓનું હાસ્ય દાંતની કાન્તિથી વિભકત થવાથી-વહેંચાઇ જવાથી મુકતાહારના જેવું શોભતું હતું. વળી તે સમયે તેમની છાતી ઉપર વિદ્યુત પણ સ્થિર હતી. વિદ્યુતનો અર્થ લક્ષ્મી થાય છે. તે કેવલ સંસારમાં પુત્રાદિની આસકિત કરે છે એટલું જ નહિ પણ ધનાસકિત પણ સ્થિર કરે છે. તે લક્ષ્મી પણ સ્થિર ત્યાં થઇ ગઇ હતી. પ્રથમ પોતે વામકપોલ ઉપર વામ બાહુ ટેકવીને વેણુવાદન કર્યું હતું. પણ અહિંઆં પોતાનું મુખ નીચે રાખીને કરેલું હોવાથી તે પ્રમાણેની લીલાનું વર્ણન કરવાને પ્રભુએ પોતાના હારના જેવું હાસ્ય કર્યું એમ આપણે સમજીએ તો પ્રભુનો હાર છાતી ઉપર સ્થિર રહ્યો અને વળી તેના વિભાગની સ્થિરતા પણ થઇ એવો અર્થ છે. તે ખરેખર આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું હતું. તે અગર હાર જેવી છાતી ઉપર જે હાસ્ય હતું તેની શોભા (પ્રભા) સ્થિર થઇ ગઇ હતી. અર્થાત્ પ્રભુનું હાસ્ય તે સમયે તદ્દન અલૌકિક હતું. આ પ્રભુ નંદના પુત્ર હોવાથી ફકત નંદની જ આર્તિને હરતા નથી પણ સર્વની હરે છે. જગત્ ઉપરનાં સર્વ મનુષ્યો તથા પ્રાણીઓને પોતે સુખ આપે છે. નંદના પુત્ર હોવાથી સર્વને આનંદ-સુખ આપવું તો પોતાનો ધર્મ સમજે છે; છતાં હે સખીઓ ! અહિંઆં તો તેમણે આ બીચારાં મૂઢ પશુઓને મુરલીના નાદથી એવા વશ કરી દીધાં છે કે તેઓ કશું પણ કરી શકતાં નથી. સર્વને સુખ આપનાર નંદના પુત્ર આ પશુઓને તેવું સુખ આપતા નથી. તેમણે ભક્ષણરસનો અનુભવ થવા દેતા નથી એ ઓછું આશ્ચર્ય છે ? નંદજીના પુત્ર સર્વને સુખ-કલ્યાણ કરનાર હોવાથી તેમના તરફ સ્નેહ થાય એ સ્વાભાવિક છે. તેથી આ પશુઓ પણ તેમની વેણુના કૂજનથી આકર્ષાયા છે. વેણુનું કૂજન પ્રાણધર્મનું આકર્ષણ કરે છે. જયાં પશુઓની આ સ્થિતિ છે ત્યાં આપણું શું થશે તેનો વિચાર હે સખીઓ આપણે કરવો જોઇએ. પશુઓને સાધારણ રીતે બહુ લાગણીઓ હોતી નથી. હૃદય જેવું તેમનામાં બહુ હોતું નથી. તેઓ પ્રેમ વગેરે ભાવો ધરાવતાં નથી. છતાં તેમની આ સ્થિતિ છે. પ્રભુના રાગમાં ગરક થઇ ગયાં છે તો આપણા જેવાંની સ્થિતિ તો ખરેખર વિષમ થાય જ એમાં કાંઇ અસંભવિત નથી. ખરેખર હે સખીઓ,

તે પશુઓની આ સ્થિતિથી મને ઘણો ખેદ થાય છે, કોઇ પણ કાર્ય કરવાને અશક્ત થવાથી કેવલ પોતાના કર્ણને જ ધારણ કરી રહ્યા છે. તેઓ ઉભા કાન રાખીને ઉભાં જ રહ્યાં છે. (મૂળ શ્લોકમાં ''**हन्त**'' શબ્દ છે અને તે ખેદનો સૂચક હોય છે સ્થાવર વૃક્ષો વગેરેની સરખામણીએ પણ તે સ્થિર થઇ ગયાં છે.

૧ પ્રભુને માટે આ શ્લોકમાં ચાર નામો યોજયા છે.

૧ **हारहासः**; ૨ **उरसिस्थिरविद्युत्**, ૩ **नन्दसूनुः**; ૪ **आर्तजनानां नर्मदः**; તેમાંનાં ૧-૨, પ્રમાણબલનું સૂચન કરે છે, અને ૩-૪ પ્રમેયબલનું સૂચન કરે છે. ભગવાન પરબ્રહ્મ હોવા છતાં નંદજીના પુત્ર થયા તથા આર્તજન સાધન વગરનાં હોવા છતાં તેમની પીડા હરનાર બન્યા છે; માટે એ પ્રમેયનાં કાર્ય છે.

૨ ગોપીઓના નવ પ્રકાર છે. સાત્ત્વિક, રાજસી અને તામસી. એ દરેકના સત્ત્વ, રજ: અને તમઃ ગુણભેદથી નવ-ગુણાતીતના પણ કર્મ, જ્ઞાન અને ભકિતથી ત્રણ ભેદ છે. આની પહેલાંના શ્લોકમાં રાજસસાત્ત્વિકી છે. આ શુદ્ધ રાજસી છે અને આગળ રાજસ તામસી છે.

વેણુનાદની અતિજડ નદીઓને પણ સ્પૃહા થઈ તે જણાવવાને ફરીથી વેણુનાદનું વર્ણન કરે છે.

**बहिर्णः स्तबकधातुपलाशैर्बद्धमल्लपरिबहविडम्बः ।**
**कर्हिचित्सबल आलि सगोपैर्गाः समाह्वयति यत्र मुकुन्दः ।। ६ ।।**
**तर्हि भग्नगतयः सरितो वै तत्पदाम्बुजरजोनिलनीतम् ।**
**स्पृहयतीर्वयमिवाबहुपुण्याः प्रेमवेपितभुजाः स्तिमितापः ।। ७ ।।**

**अन्वयार्थ** - જયાં મુકુન્દ ભગવાન મોરનાં પીછાંના ગુચ્છાઓ, ગેરુ વગેરે ધાતુ તથા પાંદડા વડે નટના વેષનું અનુકરણ કરીને, કોઈ વખત બળદેવની સાથે, હે સખી, ગોપો સહિત ગાયોને બોલાવે છે ત્યારે નદીઓની ગતિ પણ બંધ પડી જાય છે; અને પ્રેમથી પોતાના તરંગરૂપી ભુજથી કંપિત બનીને તથા સ્તબ્ધ જલવાળાં બનીને પવનથી લવાતી પ્રભુના ચરણકમળની રજ લેવાને આપણી માફક મન્દભાગ્યવાળાંને સ્પૃહા કરવા લાગે છે.

**सुबोधिनीजी-** આવેશ તથા દેવવેશ પ્રથમ જણાવ્યા છે. હવે લીલાવેશનું નિરૂપણ કરે છે નદીઓ હંમેશાં ક્રિયાજ કરે છે. ચેતન પ્રાણીઓની ક્રિયા નિદ્રા અગર મૂર્છાની સ્થિતિમાં જણાતી નથી. નદીઓની બાબતમાં તો કદાપિ તે ક્રિયાની

નિવૃત્તિ સંભવતી જ નથી. તેમાં ખાસ કરીને મોટી મોટી નદીઓની બાબતમાં તેમ છે. તેમને બંધ પણ થઈ શકતો નથી. પણ વેણુનાદથી ક્રિયાની નિવૃત્તિ થઈ છે. પ્રભુએ મોરનાં પીંછાનાં ગુચ્છો, ગૈરિકદાતુ તથા પાંદડાં વડે મલ્લનો વેષ, ધારણ કર્યો છે. જાતે પિચ્છગુચ્છોથી જે મલ્લના વેશને ધારણ કર્યો છે તેનું વિડંબન કરે છે, અથવા વિડંબ બાંધેલો છે. અસ્વાભાવિક વિડંબન જ થાય છે. નટમલ્લની માફક. આથી આ નાદ-નૃત્યનો ઉપયોગ જ કહેવાયો. તેથી ઉદ્‌ગત થયેલી નાદમાં સ્થિત થતી ક્રિયા શકિતનું નિરૂપણ કર્યું. આ ક્રિયાશકિત નદીને આકર્ષવામાં હેતુ થાય છે. કદાચિત્ એટલે જયારે ક્રિયાશકિતમાં ઉત્સાહ હોય ત્યારે, માટે જ બલભદ્રસહિત છે. હે સખી એ સંબોધન આ બાબત ગુપ્ત રાખવા જેવી છે એવા અર્થમાં છે તેમ જ અપ્રતારણ માટે છે. ઘણું કરીને આ તે સમયે સ્નાનાદિના કારણથી દર્શન માટે ત્યારે ગયેલી. આ પ્રકારે સામગ્રી બનાવીને આપણા ભોકતા વસ્તુતઃ હતા અગર થયા, એવા પ્રભુ ગોપોની સાથે પણ ગયા. આથી અહિંયા વૈકુંઠમાં સ્થિત લીલાનું સૂચન કર્યું. અહિંયા પણ લક્ષ્મી રાત્રે અમારી સાથે છે, દિવસે ગોપીઓની સાથે રમે છે એમ જણાવ્યું. માટે આ સંબોધન રહસ્યનું સૂચક છે. ગાયોને વેણુનાદ પ્રકરણનો વિષય હોવાથી તેનાથી બોલાવે છે તેવું આગળ કહેશે. વેણુની તુલ્ય નિરૂપણ કરવાને માટે અગર વેણુનું અગ્રહણ કરે છે. ગાયોને બોલાવવાનો હેતુ મુકુન્દ પદમાં છે. મોક્ષ તેમને આપવો જોઈએ માટે પોતે તેમનામાં સાધનનો અભાવ હોવાથી બોલાવીને આપે છે. અથવા સ્વરસનું ત્યાં સ્થાપન કરવાને કરે છે. ઉદ્‌ગત થયેલી ક્રિયાશકિત મહત્કર્મ જ કરે છે માટે ગાયોને બોલાવે છે એમ કહ્યું છે. ત્યાં નદીઓ પણ નિત્ય ગમન કરે છે એવો યોગનો અર્થ જાણીને કહે છે. તે પણ સ્થિર થઈ ગયાં. તેજ ક્ષણે તેમની ગતિમાં ભંગ થયો. ભગવાનની આજ્ઞા કોઈથી ઉલ્લંઘી શકાય એમ નથી સરિત શબ્દથી તેનો સ્વભાવ પ્રવાહિત થવાનો છે એમ જણાવ્યું. તેમનામાં વૈષ્ણવત્વની કામના છે. તેમનો પણ સમુદ્ર અધિપતિ છે. ભગવાન પતિ થાય તે માટે તેમના ચરણકમળના રજની સ્પૃહા કરવા લાગ્યાં. રજના સંબંધ માટે ઉપાય કહે છે. તે રજ પવનથી આણવામાં આવી હતી. તેની સાથે તેનો નિકટ સંબંધ હતો. તે (વાયુ) જલનો અર્થી છે. ભગવદીયો જ ભગવાનના સંબંધને પ્રાપ્ત કરે છે. આથી રજની કામના આવા ગૂઢ અભિપ્રાયથી છે. અહિંયા કામ જ ઉદ્દેશ્ય છે. કારણ કે નદીઓ દેવતારૂપ છે. માટે જ આગળ કાલિન્દી પણ તે પ્રમાણે બનશે, હમણાં તેમ હોવાથી ભાગ્ય નથી એવું કહેવાને બહુ પુણ્ય વગરનાં એમ વિશેષણ છે. જે દિવસે શીઘ્ર ગાય રૂપથી, ગોપાલ રૂપથી અને રાત્રે સ્ત્રી રૂપથી ભગવત્સંબંધ છે તે પુણ્ય વિના

સમીહિત અર્થની સિદ્ધિના અભાવે શી રીતે હોય ? શી રીતે જાણ્યું કે તેમને આવો ભાવ છે. તો ત્યાં કહે છે અમે મન્દ પુણ્યવાળા છીએ. નહિ તો દિવસે ગાયો અગર ગોપ અમે થઇએ. માટે પોતાના દષ્ટાન્તથી સ્પૃહાજ કરે છે એમ જણાય છે. તેમના કાર્યની સિદ્ધી થતી નથી. વળી તેમને સાત્વિક ભાવ હોવાથી હૃદયનો ભાવ લક્ષિત થાય છે. પ્રેમથી જ ભુજનું વેપન છે; વાયુને લીધે નહિ. માટે વિરહના સંતાપવાળાં તે લક્ષિત થાય છે. વળી તેમને સ્તમ્ભ પણ થયો. તેમનાં જલ સ્તબ્ધ થઇ ગયાં આ રીતે રજના પણ ત્રણ ભેદ જણાવ્યા.

**વિવેચન**+-જયારે બીજી ગોપી બીજા યુગલનું વૃત્તાન્ત કહી રહી ત્યારે ત્રીજી ગોપી બોલી ઉઠયાં-અરે હે સખીઓ, તમે મારી હકિકત સાંભળશો ? તમે તો સચેતન-સજીવ સૃષ્ટિ ઉપર પ્રભુની વેણુની શી અસર થાય છે તે કહી, પણ હું તો તમને અચેતન ઉપર જે અસર થાય છે તે કહી બતાવું છું. નદીઓ જેવાં જળને પણ પ્રભુની વેણુનો નાદ સાંભળીને સ્પૃહા થાય છે. એવું તમે કોઇ દિવસ નહિ સાંભળ્યું હોય પણ મેં તો એ સઘળું જોયું છે તેનું યથાર્થ વર્ણન હું તમારી આગળ કરી શકું તેમ નથી. હું ત્યાં ગઇ ત્યારે પ્રભુ નદીના ઉપર નટનો વેષ ધારણ કરીને ઉભા હતા. મોરપિચ્છના ગુચ્છા માથા ઉપર મૂકયા હતા. ગેરુની ધાતુનો લેપ કર્યો હતો, તથા વૃક્ષનાં પાંદડાં પણ ધારણ કર્યા હતાં. બરાબર નટનો સર્વ વેષ ધારણ કરીને પોતે જાણે વેણુ હાથમાં લઇને નૃત્ય કરતા હોય તેમ પ્રભુ શોભતા હતા. આપણી સખીએ પ્રભુના વેષનું જુદી રીતે વર્ણન કર્યું છે, કારણ કે તેમણે તે રીતે તેમનાં દર્શન કરેલાં. એકે પ્રભુને પોતાના વામ બાહુ ઉપર ટેકવેલી તથા ઉચ્ચ ભ્રૂ દષ્ટિ ફેંકતા નિહાળેલા, અને બીજીએ પ્રભુ ક્રીડા કરતી વખતનો વેષ ધારણ કરેલો હોય તેમ ઉપર હારના જેવા સુંદર હાસ્યને ચળકતું જોયું હતું. આથી તે બન્નેએ તે પ્રમાણે આપણી આગળ વર્ણન કર્યું છે. પણ મેં તો તેમને નૃત્ય કરતા હોય તે રીતે નટ અગર મલ્લના જેવો વેષ ધારણ કરીને કોઇ વખત બલદેવની સાથે અને કોઇ વખત ગોપીની સાથે તે મુકુન્દ ભગવાન ગાયોને વેણુનાદથી બોલાવતા હોય તે રીતે જોયા છે. પોતે મોક્ષના દાતા છે અને તેથી સાધન વગરનાં પશુઓને-ગાયોને મોક્ષ આપવાને માટે વેણું વગાડીને તેમને બોલાવે છે. જાતે બોલાવીને તેમને મોક્ષ આપે છે. એવી તેમની કૃપાલુતા તથા પ્રમેયતા છે. મૂઢ ગાયોએ કોઇ પણ સાધન કર્યાં નથી; છતાં તેમને મોક્ષ આપવાને માટે વેણુથી તેમને બોલાવે છે, કારણ કે તે ગાયો પ્રભુને પ્રિય છે. આ વેણું વગાડતી વખતે કોઇ વખતે બલદેવજી સાથે હોય છે તો કોઇ વખત અન્ય ગોપો હોય છે. પોતાને નૃત્ય કરવું છે, પણ નૃત્યમાં તો તાર નાદ હોય છે. એ નાદ

કરવાને ક્રિયાશકિતનો વિશેષ ઉપયોગ કરવો જોઇએ માટે જ્યારે ક્રિયાશકિત માટે ઉત્સાહ હોય છે ત્યારે અંગુલિથી વિશેષ શકિત ઉત્પન્ન કરવાને ક્રિયાત્મક બળદેવને પોતાની પાસે રાખે છે, અને પછી વેણુ વગાડે છે. પોતે નટની માફત થનથન નાચતા જાય છે અને વેણુ વગાડે છે. તે વખતે હે સખીઓ, જડ નદીઓની શી સ્થિતિ થઇ તે જાણો છો ? નદીઓની ગતિ એકદમ મન્દ પડી ગઇ. તેમનાં પાણી જે ગતિ કરતાં કરતાં વહેતાં હતાં તે પણ એકાએક બંધ થઇ ગયાં. નદીઓનો સ્વભાવ ગતિ કરવાનો હોય છે. તેમનાં જલ સતત વહન જ કરે છે. કોઇ વખતે પણ તે અટકતાં નથી. એ રીતે તેમની ક્રિયા હમેશાં ચાલુ જ રહે છે.તેમાં મોટી નદીઓનાં પાણી તો હમેશાં ઉછળતાં જ હોય છે. એમની ગતિ કદી પણ મંદ પડી નથી. તેમના પાણીને અટકાવવાને પાળ બાંધવામાં આવે તો તેથી તે બંધ થઇ શકે નહિ. આ રીતે નદીઓના સ્વભાવમાં અને પશુઓ તથા મનુષ્ય વગરેમાં ફેર છે. પશુઓ તથા મનુષ્ય જો કે કામ કરતાં જ હોય છે. કોઇને કોઇ ક્રિયા કરવી તે એમનો સ્વભાવ છે; છતાં નિદ્રા વખતે તથા મૂર્છામાં પડયાં હોય ત્યારે તેમની ક્રિયા બંધ પડી જાય છે, પણ નદીની ક્રિયા કદી પણ બંધ પડતી જ નથી છતાં અહિંઆં આશ્ચર્ય તો એ છે કે તે નદીઓનાં જળ પણ પ્રભુની વેણુના નાદથી સ્તબ્ધ થઇ ગયાં. તેમની ગતિ પણ બંધ પડી ગઇ. પાણી જે વહેતાં હતાં તે પણ ત્યાંને ત્યાં થંભી જ ગયાં. જેમ શિઆળાની અતિ ઠંડીને લીધે નદી તથા સરોવરનાં જળ ઠરી જાય છે અને પત્થરરૂપ બની જાય છે તેમ આ નદીઓના જલનું થયું. પાણીનું એક પણ મોજું હાલી શકયું નહિ. પવન જો કે તે સમયે વાતો હતો, પણ તેની અસર બિલકુલ ન હતી. જો કે નદીના તરંગોમાં કંપ હતો પણ તે કંપ વાયુનો ન હતો પણ પ્રભુને માટે નદીઓને થયેલા પ્રેમનો હતો. પ્રેમથી તેના તરંગરૂપી ભુજને તે હલાવતાં હતાં. તો પ્રભુ જ્યારે તટ ઉપર ઉભા રહીને મુરલિકા વગાડતા હતા ત્યારે તેમના ચરણકમળને વાયુ સ્પર્શ કરતો હતો અને તે વાયુ ચરણકમળની રજને લઇ જતો હતો. ત્યારે તે રજ તેમને મળે તે ઇચ્છાથી તે નદીઓ પ્રેમથી પોતાના તરંગ રૂપી ભુજને હલાવતાં હતાં. તે સિવાય તેમના તરંગના કંપનું બીજું પ્રયોજન નહોતું. તેમને પણ વિરહનો સંતાપ થયો. નદીઓએ જ્યારથી પ્રભુને વેણુનાદ કરતાં સાંભળ્યા, તથા પોતાના તટ ઉપર તે સ્થિત થયેલા હતા તેથી તેમના દર્શન કર્યાં ત્યારે તે ભગવાનની સુંદરતાથી એટલાં બધાં મુગ્ધ બની ગયાં કે તેમને પણ પ્રભુ માટે કામના થઇ. પોતે નદીઓ હતી; એટલે તેઓ દેવતારૂપ હતાં તેથી તેમને કામ થાય એ સ્વાભાવિક છે. તે દેવીઓની ઇચ્છા પ્રભુ સાથે સંબંધ કરવાની થઇ. તેમનો જો કે સમુદ્ર હતો છતાં પ્રભુ અમારા પતિ

થાય એવી તેમનામાં ઇચ્છા ઉદ્‌ભવી. પણ ભગવદીયો જ ભગવાનની સાથે સંબંધ મેળવી શકે છે જેમણે ઘણાં પુણ્ય કરેલાં હોય તેજ ભગવદીયનો દાવો કરી શકે. પણ આ નદીઓએ તેવા પુણ્ય કરેલાં ન હોતાં તેથી તેમનું ભાગ્ય મન્દ હતું. આમ હોવાથી તેઓ તો માત્ર ઉત્કટ ઇચ્છા જ કરી શકયાં. તે દેહ મેળવવાને માટે ચરણરજની પ્રાપ્તિ ઇચ્છવા લાગ્યાં. ભગવદીય દેહ ભગવત્સંબંધ વગર બનતો નથી. અને તે વખતે તેમને લાગ્યું કે ખરેખર આ ગાયો તથા ગોવાળો જે દિવસે પ્રભુની સાથે રહે છે અને જે સ્ત્રીઓ રાત્રે પ્રભુની સાથે છે તેઓએ ખરેખર ઘણું જ પુણ્ય કર્મ કર્યું હશે. નહિ તો તેમને પ્રભુનો સંબંધ થાય જ નહિ. એમ વિચારીને તથા પોતાના ભાગ્યની મન્દતાનું ચિન્તન કરતાં હોય તેમ નિઃશ્વાસ નાખવા લાગ્યા અને જડની માફક તદ્દન સ્તબ્ધ થઇ ગયાં. હે સખીઓ ! આ સર્વ દશ્ય મેં પ્રત્યક્ષ જોયું છે કારણ કે મેં તમને પ્રથમથી કહ્યું છે કે હું તે વખતે નદીમાં સ્નાન કરવાનું બહાનું કાઢીને પ્રભુ વનમાં ગાયો તથા ગોવાળીઆ સાથે શું કરે છે તે ખાસ જાણવાની જીજ્ઞાસાથી જ તથા તેમનાં દર્શન કરવાને જ ત્યાં ગઇ હતા. આ હકિકત તમે મારાં વિશ્વાસુ છો માટે જ કહી છે. તો તમને જણાવવાનું કે તમારે બીજા કોઇને પણ આ વૃત્તાન્ત કહેવો નહિ. હે સખીઓ ! મને તો આ વૃત્તાન્ત જાણીને એવો વિચાર થાય છે કે શું આપણે પણ મન્દભાગ્યવાળાં હઇશું કે આપણને પ્રભુના સંબંધનું સુખ મળતું નથી. પશુઓ તો જડ છે-મૂર્ખ છે, જ્ઞાનરહિત છે. પણ આ નદીઓ તો તેથી પણ વિશેશ જડ છે. છતાં પ્રભુની વેણુની આટલી બધી અસર તેમના ઉપર થઇ છે, તેઓ પણ વિરહથી સંતાપ કરતાં હતાં. તો શું આપણે તે અતિજડ કરતાં પણ ગયાં, કે પ્રભુનું જ્ઞાન ધરાવવા છતાં પણ પ્રભુ માટે જે પ્રેમ તથા વિરહ જોઇએ તેનો અનુભવ આપણે કરી શકતાં નથી. આથી હું તો બંસીને પણ આ પ્રમાણે કહું છું :-

બંસી મેરી પ્યારી દીજે પ્રાણ પ્રાણ પ્રાણ. યહિ ઠૌર કાલ્હ ભૂલ્યોરી સુખ દાન દાન દાન

નહિ કામકી તિહારી દીજે આન આન આન, જાતે કરૂ મૈં તેરો રી ગુન ગાન ગાન ગાન,

બિનતિ સુનો હમારી દે કાન કાન કાન, કૃપા રસિકપેં કીજે જન જાન જાન જાન.

સત્ત્વના ભેદોનું નિરૂપમ કરવાને ભગવાનનું પણ તે પ્રમાણે ત્રણ વિશેષણોથી વર્ણન કરે છે. લતા પક્ષીઓ અને મેઘ સાત્ત્વિક છે. આ વેણુનાદથી ભકિત પૂર્ણ થાય છે. ત્યાં પ્રથમ વૃંદાવનનાં લતા તથા વૃક્ષો વૈષ્ણવો છે અને વેણુનાદથી તેમનામાં પ્રેમરસ ઉત્પન્ન થાય છે માટે તેને માટે અન્ય પ્રકારે વેણુનાદ

કહે છે. માટે અન્ય પ્રકારથી પણ ભગવાનનું વર્ણન કરવું જોઈએ. અને તે ભકિત અનુસાર તથા લોક વેદને અનુસરીને વર્ણન થવું જોઈએ. તેમાં ભકિત અનુસાર પ્રથમ પ્રકાર કહે છે.

**अनुचरैः समनुवर्णितवीर्य आदिपूरुष इवाचलभूतिः ।**
**वनचरो गिरितटेषु चरन्तीर्वेणुनाह्वयति गाः स यदा हि ।। ८ ।।**
**वनलतास्तरव आत्मनि विष्णुं व्यञ्जयन्त्य इव पुष्पफलाढयाः ।**
**प्रणतभारविटपा मधुधाराः प्रेमहृष्टतनवः ससृजुः स्म ।। ९ ।।**

**अन्वयार्थ+**-પુરુષોત્તમની માફક સેવકો જેમના અલૌકિક કાર્યોનું વર્ણન કરે છે, આદિ પુરુષની માફક વેદ જેમના જગત્કર્તૃત્વ વગેરેનું વર્ણન કરે છે,-પુરુષોત્તમની માફક જેમની લક્ષ્મી અચલ છે એમ જેમના અનુચરો વર્ણન કરે છે; એવા પ્રભુ વૃંદાવનમાં ફરતી વખતે પર્વતની તળેટી ઉપર ચરતી ગાયોને વેણુથી બોલાવે છે. તે વખતે વૃંદાવનની લતાઓ તથા વૃક્ષો પોતાનામાં વિષ્ણુને પ્રકટ કરતાં હોય તેમ પુષ્પ અને ફલથી ભરપૂર બને છે. તેમની શાખાઓ ભારથી નીચી નમે છે. પ્રેમથી તેમને રોમાંચ થાય છે; અને મધુધારાની વૃષ્ટિ કરે છે.

**સુબોધિનીજી+**-અનુચરથી સેવક ગોપથી તેમના વીર્યનું બરાબર વર્ણન કરવામાં આવ્યું છે. તેમ જ આદિ પુરુષ પુરુષોતમની માફક વેદોથી બરાબર રીતે સર્વોત્તમ તરીકે તેમનું જગત્‌ના કર્તૃત્વ વગેરેમમાં વીર્ય છે તેનું વર્ણન કર્યું છે. લોકને અનુસાર માહાત્મય કહે છે. તેમની વિભૂતિ-લક્ષ્મી અચલ છે. સર્વ અનુચર તેના દેવોથી તે પ્રમાણે કહેવાયા છે. લૌકિકો સ્વથી વ્યવહાર્ય હોવાથી પુરુષોત્તમની તુલ્ય છે. માટે દષ્ટાંત છે. ભિન્ન રીતે વર્ણન કરવામાં હેતુ કહે છે કે તે વનચર છે, સાત્ત્વિક ભાવને પ્રાપ્ત થયેલા વૃંદાવનમાં ફરનાર હોવાથી સત્ત્વભૂમિમાં પ્રતિષ્ઠિત થાય છે. ગિરિના તટોમાં-ગિરિના છેડા ઉપર ફરતી ગાયોને વિષમ સ્થાનમાંથી પશુહિત સમ દેશમાં લાવવાને માટે ત્યાં સ્થિતિ કરીને ગાયોને બોલાવે છે. લૌકિકત્વના અભાવને માટે વેણુથી બોલાવે છે. વેણુદ્વારા ત્યાં પ્રવેશ પામ્યા છે એવું અગ્રિમ ચરિત્રથી જણાય છે. નહિ તો વૃક્ષો તે રીતનાં બને નહિ. જે વનપ્રદેશોમાં પોતે રમણ કર્યું ત્યાં જયારે ગાયોને બોલાવી ત્યારે જ મધુધારાને છોડી, એવો સંબંધ છે અને આ અર્થ યોગ્ય છે. નહિ તો વેણુનાદથી અનભિજ્ઞતા તથા ત્યાં સ્વનામનો સંકેત બને નહિ. માટે તેમના દ્વારા ભગવાન પ્રવેશ પામ્યા છે માટે આગળ પણ તે પ્રમાણે યોગ્ય છે.

વનની લતાઓ પણ ભગવાન અમારી પાસે ફરે છે અને પોતાનાં સંબંધીને બોલાવે છે એમ જાણીને તેમના ભોગની સિદ્ધિ માટે પોતામાં વિદ્યમાન આનન્દને પ્રગટ કરે છે.જેવી રીતે ભગવદીય પુરુષો તથા સ્ત્રીયો ભગવાન તથા ભગવદીયોના આવવાથી આનન્દયુકત થાય છે, અને ભોગને માટે સ્વકીય વસ્તુ આપે છે તે પ્રમાણે આ વૃક્ષો પણ કરે છે. શંકા-આ ધર્મ તો જંગમ પ્રાણીઓનો છે સ્થાવરોનો નહિ. ઉત્તર-જ્ઞાનશકિતનો આવિર્ભાવ છે; અને સત્-ચિત્ અને આનંદરૂપપણું ક્રમ પ્રમાણે આવિર્ભાવ પામે છે. આ સર્વ નિવિષ્ટ ભગવાનમાં હોય છે. શંકા-તે પણ જો નિવિષ્ટ હોય છે. ઉત્તર-તો તે પ્રકટ થાય છે માટે યોગ્ય છે. તે વૃક્ષો પાંચ ધર્મવાળાં હોય છે, અને પોતામાં વિષ્ણુ છે એવું પ્રકટ કરે છે ત્યાં પ્રથમ ક્રિયાશકિતથી આવિર્ભાવ કહે છે. તે પુષ્પ અને ફલથી પૂર્ણ હતા. જયાં ભગવાન નિવેશન કરે છે ત્યાં અન્યફલ તથા પરમફલ હોય છે. માટે કાર્યથી તેમને (ભગવાનને) વ્યકત થતી હોય તેવી તે લતાઓમાં થઇ પુષ્પો જ અવાન્તર ફલરૂપ હોય છે. પરમફલરૂપ તો ફલો છે. તે સર્વથી સમૃદ્ધ થયાં. ભગવાનને માટે સત્નું આધિકય કહે છે. તેમની શાખાઓ ભારથી ઘણી જ નમી હતી. ભારથી પણ નમન સંભવે છે માટે તેના નિરાસ વગેરેમાં તે નીચે અત્યન્ત નમ્યા એમ કહ્યું છે. તેમનાં શરીર પ્રેમથી પ્રફુલ્લ થયાં. માટે ચિત્નો ઉત્કર્ષ-જ્ઞાનરૂપ ઉત્કર્ષનું નિરૂપણ કર્યું. ભકતોના જ રોમાંચ પ્રેમથી હર્ષિત થાય છે. પોતાની મધુધારા તથા પોતામાં રહેલા આનન્દને ભગવાન માટે બહાર પ્રકટ કર્યાં. આ સર્વ પરિજ્ઞાન જ તે જ્ઞાનશકિત છે.

**વિવેચન+**-હવે ત્રીજી ગોપી પ્રભુની વેણુનો પ્રભાવ પોતાની સખીઓ આગળ વર્ણવી બતાવે છે. તે કહે છે હે સખીઓ ! તમે આપણી ત્રણ સખીઓએ જે વર્ણન કર્યું તે સાંભળ્યું પણ હવે હું જે વર્ણન કહુ છું તે સાંભળો. વેણુના નાદથી જેમ દેવસ્ત્રીઓ કામ અને મૂર્છામાં પડી ગયાં. વૃષભો તથા ગાયોએ ઘાસના કોળીઆ મોઢામાં જ રાખી મૂકયા અને નદીઓ પણ એકદમ વહેતાં થંભી ગઇ. તેમ પ્રભુની વેણુએ વૃન્દાવનની લતાઓ પક્ષીઓ તથા મેઘ ઉપર પણ અસર કરી છે. હું લતાઓ ઉપર શી અસર થઇ તે તેમને કહું છું. વૃંદાવન એ વૃંદા કહેતાં ભકિતનું વન હોવાથી તેમાં ઉગેલી તમામ વનસ્પતિ વૈષ્ણવ છે. વિષ્ણુના સંબંધવાળી છે તે વનસ્પતિએ જયારે ભગવાનની નાદસધાના રસનું પાન કર્યું ત્યારે તેમાંથી ભકિતનો રસ કેવો બહાર પ્રકટ થયો તે તમને હું જણાવીશ.

હે સખીઓ ! આપણા ભગવાનનું વીર્ય-પરાક્રમ કેવું છે તે તો તમે સર્વ જાણો છો ? તેમના સર્વ સેવકો તથા ગોપોએ તે વીર્યનું વર્ણન ઘણી વખત કર્યું

છે એ ઉપરથી આપણે જાણીએ છીએ કે જે ભકતો છે તે પ્રભુના વીર્યનું વર્ણન હમેશાં કરે છે. તેમ જ આદિપુરુષ કહેતાં તે પુરુષોત્તમ છે અને પોતે જગત્‌ના કર્તા છે. એ રીતે વેદોએ પણ તેમના પરાક્રમનું વર્ણન કર્યું છે. તેમ તેમની વિભૂતિ પણ-લક્ષ્મી પણ ઘણી છે. તે લોકમાં જાણીતું જ છે. આ રીતે લોકમાં-વેદમાં તથા તેમના ભકતોમાં પણ તેમનાં વીર્યની ઘણી જ પ્રશંસા તથા વર્ણન કરેલાં છે. તો પ્રભુનું વર્ણન હું શી રીતે તમારી આગળ યથાર્થ રીતે કરૂ ? આવા આપણા પ્રભુ વનમાં જયારે ગાયો લઇને જાય છે ત્યારે ત્યાં ફરતાં ફરતાં શું કરે છે તે તમે જાણો છો ? પોતે વૃંદાવનની ભૂમિમાં જે નિકુંજો છે ત્યાં બેસીને સર્વને કૃતાર્થ કરે છે અને પહેલાં જે સ્થાનમાં આપણી સાથે રમણ કર્યું હતું તે સંકેત સ્થળમાં પોતે ઉભા રહે છે અને પછી પર્વતની તળેટીમાં ચરતી ગાયોને વેણુથી બોલાવે છે. આ વખતે વેણુનાદમાંથી ઝરતી સુધા આજુબાજુએ આવેલાં સઘળાં વૃક્ષોમાં પ્રવેશ પામે છે. વૃક્ષોની શાખા પત્ર ફલ વગેરેમાં તે સુધાનો રસ વ્યાપી જાય છે, અને તેથી એ સઘળાં આ રસનો અનુભવ કરે છે. વનની લતાઓને પણ ભગવાન તેમની પાસે નિકુંજમાં ફરતાં ફરતાં ગાયોને બોલાવે છે એમ જાણીને આનંદ થાય છે કારણકે વૃક્ષોની માફક આ લતાઓ પણ વૈષ્ણવ છે. વિષ્ણુની સાથે તેમનો સંબંધ છે એટલે આજે પ્રભુ પોતાની વેણુની સુધા દ્વારા જે ધર્મોનું પ્રાકટય કરે છે તેથી તેમને પણ આનંદ થાય છે. તેઓ એમ માને છે કે અહો અમારાં ધન્યભાગ્ય છે કે પ્રભુ અમારી પડોશના સ્થાનમાં બિરાજેલા છે અને પોતાની વેણુના રસથી અમને આનંદ આપે છે. જોકે તે સ્થાવર હતાં છતાં પણ તેમને અહિંઆં રસાનુભાવ થાય છે, કારણકે કે શુદ્ધસત્ત્વાત્મક વૈષ્ણવ છે. વન એ સાત્ત્વિક છે. જ્ઞાનથી વિશુદ્ધ હૃદયોવાળા જેમને સંસારના રાગદ્વેષ નથી. જેમની તમામ વાસનાઓનો ક્ષય થયેલો છે. તેવા ઋષિમુનિઓ જેવા પણ વનનું સેવન કરે છે. વનનો આવાસ સાત્ત્વિક વૃત્તિઓને સતેજ કરે છે, અને દુનિઆના લોભ વેર, કામ વગેરે દુર્ગુણોને શમાવી દે છે. આ વૃક્ષો તથા લતાઓ એવા સાત્ત્વિક સ્થાનમાં હતાં. વળી તેઓનું જીવન અન્યનો પરોપકાર કરવામાંતે ગાળતાં હતાં. તેમનાં પુષ્પ ફુલ વગેરે સ્વઉપયોગ માટે નહોતાં. આથી તે પણ સાત્ત્વિક હોવાથી વૈષ્ણવ છે અને તેથી વિષ્ણુના નિકટ સંસર્ગથી આનંદનો ભોગ આજે કરતાં હતાં. તે પણ સુધારસથી પ્રફુલ્લિત થયાં હતાં. તમે પૂછશો કે શી રીતે જાણ્યું કે તેમને પણ રસનો અનુભવ થયો ? આના ઉત્તરમાં હું કહીશ કે તે વખતે તેમનાં પુષ્પો પણ અલૌકિક પરિમલ આજુબાજુએ પસારવા લાગ્યાં, અને તેમનો દિવ્ય પ્રકાશ સિંચવા લાગ્યાં; એટલું જ નહિ પણ તેમને નૂતન ફલનો પણ ઉદ્‌ગમ થયો. તેમની

શાખાઓ નીચે નમવા લાગી, અને પ્રેમરસ એટલો બધો તેમનામાં ભરાઇ ગયો કે અંદર નહિ માવાથી રસને મધુધારાદ્વારા બહાર વહેવડાવવા લાગ્યાં. વૃક્ષોનાં પત્ર અને પુષ્પો પ્રભુની લીલામાં હોય છે તેથી તેમનામાં પણ પ્રભુએ પોતાની ક્રિયાશકિતનો આવિર્ભાવ કર્યો. તે સમયે પ્રભુને વંદન કરવાને પોતે પોતાની શાખાઓને નીચે નમાવી. (આભારની લાગણી પ્રદર્શિત કરવાને.) સન્ત (સાધુઓ) હરિનાં દર્શન કરીને નમે છે, એ નિયમ આપણે સર્વત્ર જાણીએ છીએ. આ રીતે નમન દ્વારા આ વૃક્ષો તથા લતાઓએ પોતામાં રહેલા સત્ધર્મને પ્રકટ કર્યો, અને ખરા ભકતો હોય તેમને જ પ્રેમથી હર્ષયુકત રોમાંચ થાય છે, અને તે નિયમ પ્રમાણે તેમને પણ તેવો અનુભવ થયો. આથી તેમનામાં ચિત્ધર્મ પણ પ્રકટ થયો અને રસને બહાર ધારાઓથી વહેવડાવ્યો-અર્થાત્ તેમનામાં આનંદ છે તેનું પણ ભાન તેમણે કરાવ્યું. આ રીતે પ્રભુએ પોતાની જ્ઞાનશકિતથી તેમનામાં સત્, ચિત્ અને આનંદધર્મો પ્રકટ કર્યા. પ્રથમ વેણુનો નાદ કરીને પોતાની ક્રિયાશકિતનો આવિર્ભાવ કર્યો પણ જયારે તેમને જ્ઞાન થયું કે આનંદ તો પ્રભુની વેણુનો છે, એ રીતે જયારે પ્રભુનું તેમને જ્ઞાન થયું એટલે પ્રભુના ત્રણ ગુણો સત્ ચિત્ અને તે પણ તેમનામાં પ્રકટ થવા લાગ્યા પ્રભુએ વેણુનાદ દ્વારા તેમનામાં પ્રવેશ કર્યો એટલે પ્રભુના ધર્મો પણ ત્યાં પ્રવેશ પામ્યા. હે સખી ! આ વૃક્ષોને તથા આ લતાઓને ધન્ય છે. તેઓ ખરેખર ભકતો છે. પ્રભુના માહાત્મયનું જ્ઞાન થયા પછી જે નિરુપધિ અને નિઃસીમ પ્રેમ થાય છે તે ભકિત કહેવાય છે અને આ વૃક્ષો તથા લતાઓને તેવું જ્ઞાન થયું છે એટલું જ નહિ પણ પ્રભુને માટે પ્રેમ પણ થયો છે. એ પ્રેમ કંઇ દેવસ્ત્રીઓની માફક કામરૂપ નથી, પણ આ શુદ્ધ સ્નેહ છે. તેથી ખરેખર તેમનામાં પ્રભુની ભકિત ચોકખી જણાઇ આવે છે. તેમણે નાદ સાંભળતાની સાથે પોતાનાં પુષ્પો તથા ફળો પ્રભુના ચરણમાં સમર્પિત કર્યા. આથી તેમણે પ્રભુની અર્ચનભકિત પ્રકટ કરી. પોતાની શાખાઓને નીચે નમાવવાથી, વંદન તથા દાસ્યભકિત પ્રકટ કરી. હે સખીઓ ! વૃન્દાવનનાં ભકતો-વૃક્ષો તથા લતાઓને હું ધન્યવાદ આપું છું. તેમના ભકતજીવનની હું જેટલી પ્રસંશા કરું તેટલી થોડી છે. પ્રભુએ તે સ્થાવરોને પોતાની નાદસુધાના રસનુંપાન કરાવીને ભાગ્યશાળી કર્યા છે, પણ આપણને તે કરતા નથી તે દુઃખ મને તથા તમને થાય એ સ્વાભાવિક છે. શું પ્રભુ આપણને એ સુધાનું પાન નહિ કરાવે ?

પક્ષીઓને પણ વેણુનાદનું કાર્ય થયું માટે ત્યાં ઉપયોગી વેણુનાદનું વર્ણન કરે છે. જોકે પક્ષીઓ મુનિઓ છે, અને તેમને ગીતથી ભગવદ્ભાવ થતો નથી; પણ સ્વભાવથી જ થાય છે તો પણ લોક દષ્ટિથી કદાચિત્ અન્યથાબુદ્ધિ થાય માટે નાદ તથા રૂપથી તેમની ભજનસિદ્ધિનું નિરૂપણ કર્યું છે. ત્યાં રૂપનું વર્ણન કરે છે.

दर्शनीयतिलको वनमालादिव्यगन्धतुलसीमधुमत्तैः ।
अलिकुलैरलधुगीतमभीष्टमाद्रियन्यार्हि कूजितवेणुः ।। १० ।।
सरसि सारसहंसविहंगाश्चारुगीतहृतचेतस एत्य ।
हरिमुपासत ते यतचित्ता हन्त मीलितदृशो धृतमौनाः ।। ११ ।।

**अन्वयार्थ+**--જ્યારે દર્શનીય પુરુષોના તિલકરૂપ ભગવાને વનમાલાની દિવ્યગન્ધયુકત તુલસીના મકરન્દથી મત્ત બનેલા અલિકુલના અબીષ્ટ તીવ્રગીતનો આદર કરતાં વેણુનું કૂજન કર્યું ત્યારે સરોવરમાં સારસ, હંસ અને પક્ષીઓ, પ્રભુના સુંદર ગીતથી તેમના ચિત્તનું હરણ થયેલું હોવાથી હરિ ભગવાન પાસે તે આવ્યાં અને ચિત્તનું નિયમન કરીને, નેત્રોને મીંચીને તથા મૌનધારણ કરીને હરિનું સેવન કરવા લાગ્યાં.

**श्रीसुबोधिनीजी+**--દર્શનીય પુરુષોમાં ભગવાન તિલકરૂપ એટલે અતિસુંદર છે. પક્ષીઓ રૂપપ્રધાન છે-રૂપના ભેદોને તે જાણે છે. વળી જે વેણુનાદ છે તે સ્વનું હિત કરનાર છે. સ્વકીયોના અપરાધને માનતા નથી તે કહે છે. વનમાલા વગેરે દિવ્યગન્ધયુકત તુલસી મધુથી મત્ત બનેલા અલિકુલોએ કરેલા તીવ્ર ગીતનો આદર કરીને પોતે પણ વેણુનું કૂજન કર્યું. જેવી રીતે ભમરાઓ ઝંકાર કરે છે, તેવી રીતે તેના નાદનું અનુકરણ કરતાં જ વેણુનાદ કરે છે. પક્ષીઓમાં ભમરાઓ હીન તથા નિકૃષ્ટ છે. તેઓમાં પણ નાનાપ્રકારના જાતિના ભેદો છે. તેમણે તીવ્ર રીતે ગાન કર્યું. તેનો પણ આદર કરતા, તેમાં પણ અહિંઆં મત્ત બનેલા ભમરાઓ છે. મદ પણ જેનાથી અનુચિત હતો. તુલસી અન્ય પુષ્પની માફક માદનો હેતુ નથી, તેમાં દિવ્ય ગન્ધવાલી તો નથી જ. તેમાં પણ આ તો ભગવાનની વનમાલામાંની તુલસી હતી. તેમનો જો આદર કરે તો પછી સરોવરમાં જે સરસ-ક્ષીર અને નીરનો વિવેક જાણનારા રસિકો છે તેમનો આદર કેમ ન કરે ? ભમરાઓ વનમાલાની જે દિવ્યગન્ધવાલી તુલસી હતી તેના મકરન્દ (રસ) થી મત્ત બનેલા હતા. વળી ભ્રમરો પણ ઇચ્છા પ્રમાણે વનમાલામાં આવેલા હોવાથી તેમને દૂર કરતા નથી. પણ તેઓ જે રીતે ઉપદ્રવવાળા ન થાય તે પ્રમાણે આદર કરે છે; કારણ કે આદર કરતી વખતે વેણુનું કૂજન કરે છે, ત્યારે સરોવરમાં આવેલા જલવાસી સારસો જે રસવાલા ભકતોના સંબન્ધી છે તે, હંસો જે ક્ષીર અને નીરનો વિવેક સમજે છે તે, ઉત્કૃષ્ટ ગતિવાળાં પક્ષીઓ પુરુષની સરખામણીએ તે વળી ભગવાનના ભજનના અધિકારી છે માટે તેમનું વિશેષણ આપે છે-કે તેમનું ચિત્ત સુંદર ગીતથી હરાયું હતું એવાં તે હતાં. 'આ પણ ભજન ભકિતમાર્ગને અનુસરીને જ છે. સ્થાન ઉપર સ્થિત થએલાઓના અન્તર્યામિરૂપમાં અગર જ્ઞાનરૂપમાં નથી તે ભજન

કહે છે. તેઓ પણ આવીને હરિની પાસે સેવા કરતા ઉભા. માટે તેઓ ભગવાનથી ઉકત મુનિઓ છે.ભજનમાં ભ્રમરથી વિશેષ જણાવે છે. તેમનાં ચિત્તનું નિયમન થયું હતું. ચિત્તના નિયમનથી 'ભગવાનનું ભજન મુખ્ય' છે, ચિત્તની વિક્ષિપ્તતાથી નહિ. વળી અહિંઆં ''હન્ત'' હર્ષનો સૂચક છે. આ ભાગ્ય તેમનુંજ હોય છે.

બહારના વ્યાપારથી રહિત ભજનમાં સર્વોત્તમ હોય છે. બહારના વ્યાપારોમાં નેત્રો તથા વાણીનું નિયમન થવું જોઇએ. તેમણે આ બન્નેનું નિયમન કર્યું છે, તેમની વાણી અન્ય બોલતી નથી. નેત્રો અન્ય જોતાં નથી. આ રીતે તેમણે મૌન ધારણ કર્યું છે. હમણાં તે નાદમાં મગ્ન છે, માટે દષ્ટિથી અન્યમાં ચિત્ત ન પરોવાય માટે નેત્રોને ઢાંકયા છે. આ પ્રમાણે સાત્ત્વિક હોવાથી તેમનાં ભાગ્યનું નિરૂપણ કર્યું.

**श्रीमत्प्रभुचरणनी टीका--** આ શ્લોકનું રહસ્ય આ પ્રમાણે છે. અહિંઆં જે પક્ષીઓ છે તે બધા પ્રથમ અતિરસિક અને મુનિઓ હતા પણ પોતે પુરુષ હોવાથી લીલામાં તેમનો ઉપયોગ નહિ થાય એમ માનીને પોતે પક્ષી થયા હતાં. વૃંદાવનની અલૌકિક ભૂમિમાં પોતે વિવિધ પ્રકારના પોતાના કૂજનથી ભગવાન તથા ભકતોના રસનું ઉદ્દીપન કરવા લાગ્યાં, અને એ રીતે પોતાની કૃતાર્થતા માની. શબ્દ એ જ અભીષ્ટ તેમણે માન્યો. માટે શબ્દ જેમાં પ્રધાન છે એવી કીર્તિરૂપી વનમાલાના ધર્મો જ અહિંઆં કહેવાય છે. ''જેમ સારા પુષ્પવાળા વૃક્ષની દૂરથી ગન્ધ આવે છે તેમ પુણ્યકર્મની પણ ગન્ધ દૂરથી આવે છે.'' એ શ્રુતિથી કીર્તિ ગન્ધની સમાન હોવાથી તેનું નિરૂપણ કર્યું છે. વનમાલા કીર્તિરૂપ છે. માટે કીર્તિને જણાવનાર ગીત પણ આવશ્યક છે, અને તે ગીત તેમના રસાસ્વાદ વગર સંભવિત નથી, માટે ગુણાતીત ભકિતરૂપ ગન્ધવાળી તુલસી અહિંઆં છે. તેમ જ તેનું મધુ અતિ અલૌકિક ભકિતરસથી યુકત હોવાથી અન્યનું વિસ્મારક છે. માટે અતિમત્ત થયેલા તે સ્વદેહ વગેરેના અનુસંધાન રહિત ઈશ્વરધર્મના અનુસંધાન વગરના પણ તેમની નજીક તીવ્ર ગાય છે. ખરી રીતે તો ભમરાઓ આ જ મોટામાં મોટું પ્રભુનું સમારાધન કરે છે. માટે જ પ્રભુને જેમ પસંદ પડે તે રીતે તેમણે ગાયું.

ચારુ શબ્દને બદલે તુલસીની ગન્ધ પૂર્વે ''दिव्य'' શબ્દ યોજયો છે તેનું કારણ એ છે કે દિવ્ય શબ્દનો સંબંધ દિવ ધાતુ સાથે છે અને તેનો અર્થ ક્રીડા કરવી થાય છે. એટલે સ્વામિનીઓ સાથે ભગવાને ક્રીડા કરી તે વખતે આ ગન્ધ ઉત્પન્ન થઇ હતી. આ કેવલ અન્તરંગતમ લીલાપ્રપંચમાં સ્થિત કરનારા ભકતો જ સમજી શકે, અન્ય નહિ એવો અર્થ તુલસીગંધની પહેલા મૂકેલા 'દિવ્ય' પદમાં રહેલો છે. તેનાથી પ્રભુના ભાવનો ઉદ્‌બોધ થયો તે જણાવવાને પ્રભુનું કૂજન કહ્યું

છે. કારણ કે વનમાલાનાં પુષ્પોનો મધુ-મકરંદ જણાવ્યો નથી પણ તુલસીના મકરન્દને જણાવ્યો છે. પહેલા તુલસીની ગન્ધને 'દયિત' પણ કહી છે. આ તુલસીની ગંધ-તેના મકરન્દને પ્રભુ જ જાણે છે. અન્ય કોઇ તે જાણી શકતું નથી. છ રસના ભોકતા ભમરાઓ પણ સાધારણ નથી. પણ અન્યથી જુદા જ છે. આથી તેઓ ઉત્તમ છે તેવું જણાવવાને 'કુલ' પદ મૂકયું છે.

ભમરાઓ માટે અલિ શબ્દ મૂકવામાં પણ ખાસ પ્રયોજન છે. એ શબ્દ 'અલ્' ધાતુની સાથે સંબંધ ધરાવે છે, અને તે પૂર્ણતાના અર્થમાં છે.જેનામાં પૂર્ણતા છે તે 'અલિ' કહેવાય છે. જેના રસનો લય થતો નથી નાશ પામતો નથી તેનું નામ અલિ છે.

તેમનું ગીત તાર તથા બહુ હતું એમ કહેવાને બદલે તે અલઘુ કહ્યું છે તેનું પ્રયોજન એ જણાવવાનું છે કે આ ગીતના રસનો ભાર પ્રભુ વિના અન્ય કોઇ પણ વહન કરવાને શકિતવાળું નહોતું. મહત્તામાં હદ નથી એવું પણ જણાવવાને આ પ્રમાણે કહ્યું છે. આમ હોય તો તેનો આદર શા માટે ન કરે ? ''જયારે'' (**यर्हि**) એ પદ એવું સૂચવે છે કે તે ગીતના રસપાનથી પરવશ બનીને ચિરકાળ સુધી શાન્ત ઉભા રહે છે કદાચિત્ તે રસના ભારથી જ વેણુનું કૂજન કરે છે અર્થાત્ જયારે પૂર્ણરસ થયા ત્યારે ગાન કર્યું એવું જણાવ્યું છે. 'દર્શનીયતિલક' થી એમ જણાવે છે કે જેમ કપાલમાં તિલક અતિસુન્દર શોભે છે એમ અહિંઆં પણ આ સ્વરૂપ પરમ ભાગ્યવાળામાં છે એવો ધ્વનિ તેમાંથી નીકળે છે. આ રીતે પ્રભુની અતિસુન્દરતા જણાવી છે. સ્વામિનીનાં હૃદયમાં પ્રિય પ્રભુ સિવાય બીજા કોઇના તરફ દર્શનીયતા સિવાય સ્ફુર્તિ નથી. અહિંઆં જો ઉભય મુખ્ય હોય તો પણ નાદમાં વિશેષનું નિરૂપણ કરે છે. નહિ તો દષ્ટિ નમી એમ કહે નહિ. ત્યાં હેતુ આ છે.

સરોવરમાં આવેલાં પક્ષીઓએ વેણુના ગીતનું શ્રવણ કર્યું હતું. તે સુંદર હોવાથી તેનો સ્વભાવ જ મનનું હરણ કરનાર છે માટે નાદને વશ થયેલાં તે નિકટ આવ્યાં. પ્રથમ જ નાદના કારણરૂપ સ્વરૂપ સૌન્દર્યના નિરૂપણથી નાદરસ જ સ્વરૂપરસનો અનુભવ કરે છે એવું જણાય છે. આ પણ અતિ આશ્ચર્ય ભરેલું છે કારણ કે મત્ત ભમરાઓના ગીતના ધ્વનિ પ્રમાણે ગાવાથી ચિત્ત નિયત થાય છે અને સર્વ ઇન્દ્રિયની વૃત્તિઓનો પણ નિરોધ બને છે. તેમની આ ગીતના રસપાનની દશા આ રીતની છે માટે તે રસનું ઉપપાદન છે. ભમરાઓની પણ તુલસીના મકરન્દના પાનની દશા પક્ષીની તુલ્ય છે. પક્ષી મુનિઓ હોવાથી તેમની પણ આ રસમાં મત્તતા નહિ પણ રસમયતા છે. પ્રથમ સ્વરૂપસૌન્દર્ય ને જણાવ્યું. તેથી પોતામાં પ્રભુના દર્શનની તીવ્ર ઇચ્છા થઇ. તેથી તે પક્ષીઓને પ્રભુની

પ્રાપ્તિદશામાં નડતા પ્રતિબન્ધોનું સ્મરણ થવાથી ખેદ થાય છે માટે અહિંઆં 'હન્ત' પદ છે.

**વિવેચન--** પાંચમી ગોપીએ હવે પ્રભુની વેણુના નાદનું જે કાર્ય જોયું હતું. તેનું વર્ણન કરવા માંડયું. તે કહે છે ''હે સખીઓ ! હવે મારી વાત તમે સાંભળશો. જુઓ સાંભળો. આ આપણા પ્રભુએ સરોવરનાં પક્ષીઓ સારસ હંસ અને બીજાને કેવા વશ કરી દીધાં છે તથા પોતાની વેણુથી કેવાં મન્ત્રમુગ્ધ કરી દીધાં છે તે તમે જાણો છો ? વૃન્દાવનની કુઞ્જોમાં જયારે પ્રભુએ વેણુ વગાડી તે સમયે આજુબાજુએ પુલિન ઉપર આવેલા વૃક્ષો તથા લતામણ્ડપો ઉપરનાં પક્ષીઓ તથા સરોવરનાં સારસ હંસ વગેરે પક્ષીઓનાં ચિત્ત વેણુનાં મધુર ગીતથી હરાઇ ગયાં. જો કે આ પક્ષીઓ જાતે મુનિ છે. તેથી તેમને સ્વભાવથી ભગવાનના માટેનો ભાવ બને. એમને પ્રભુ માટે ભાવનો ઉદ્‌બોધ થાય તે માટે ગીતના પ્રયોજનની જરૂર નથી. આમ છતાં એટલું જણાવવું પડે છે કે ઘણી વખત લોકોમાં એવું બને છે કે ભગવાન માટે ભાવ હોય તો પણ અન્ય વિષયમાં જો દૃષ્ટિ ખેંચાયલી બને તો પછી થોડી ઘણી પણ અન્ય પદાર્થ માટેની ચિન્તા થઇ જાય, અને આમ થવાથી ભાવની સ્થિરતા જે રીતે બનવી જોઇએ તે પ્રમાણે બની શકતી નથી. પણ જો પ્રભુનાં સાક્ષાત દર્શન થાય અગર નાદનું શ્રવણ થાય તો અલ્પ વિકાર પણ ચિત્તમાં દાખલ થઇ શકતો નથી માટે આ પક્ષીઓને પણ રૂપના દર્શનથી તથા વેણુનાદથી ભજનભાવ સિદ્ધ થયો. પ્રભુ જયારે વેણું વગાડતા હતા તે વખતે તો પ્રથમ એ સારસ વગેરે પક્ષીઓને આશ્ચર્ય થયું કે અહો ! આવો સુંદર નાદ આવ્યો કયાંથી ? અને તેનો પ્રેરનાર કોણ હશે ? આમ વિચાર કરતાં કરતાં તેઓએ સરોવરના જલમાંથી પોતાનાં માથાં બહાર કાઢયાં. અંતે જુએ છે તો રૂપરૂપના અંબાર સાક્ષાત્ પ્રભુને ત્યાં આગળ ઉભેલા જોયા. જેમ કપાલ તિલકથી સુંદર શોભે તેમ પ્રભુ તે વખતે શોભતા હતા. આ રીતે પ્રથમ તો પ્રભુના તેજમાં તે અંજાઇ ગયાં. તે સમયે પ્રભુનું વેણુકૂજન તો ચાલતું જ હતું. પ્રભુએ પોતાના કંઠમાં વરમાલા પહેરેલી હતી. તેમાં બીજાં પુષ્પો સાથે અંદર અલૌકિક ગન્ધયુકત તુલસી પણ માળામાં હતી. તે તુલસીના ગન્ધના મધુમકરંદની સુવાસ લેવાને ભમરાઓના ટોળેટોળા તે સ્થાનમાં એકઠાં થઇ ગયાં હતાં અને રસમાં મસ્ત બનીને ગુંજારવ કરતાં હતાં. આ જોઇને પ્રભુએ પણ ગમત કરવાને ભમરાઓના ગુંજનના અનુકરણમાં પોતાની વેણુનો નાદ કર્યો.

પ્રભુનાં દર્શન અને નાદનું શ્રવણ એ બન્નેની પ્રબળ અસર આ પક્ષીઓ ઉપર થઇ. સારસ પક્ષીઓ તો મૂળથી રસયુકત હોવાથી આ જ્ઞાનની રસિકતા

સમજી ગયા હતા. હંસો દૂધ અને જળ મિશ્રિત હોય તો તેનો એકદમ વિવેક કરી જાણે છે. તેમણે પણ અત્યારે આ ગાન શ્રવણ કરીને ખરેખર આ ગાન અલૌકિક છે, એના સમાન દુનિયામાં બીજું કોઇ પણ ગાન નથી એમ મનથી નિશ્ચય કર્યો. અન્ય પક્ષીઓને પણ તેવો નિશ્ચય થયો આ નિશ્ચય થતાંની સાથે તેઓ એકદમ જળની બહાર નીકળ્યાં અને જે સ્થાનમાં પ્રભુ બિરાજેલા હતા, ત્યાં આગળ આવ્યાં અને પ્રભુની સેવા કરવાને બેઠા. વળી યોગીની માફક ધ્યાનથી પ્રભુનું ભજન-સેવન કરવા લાગ્યા. યોગીઓ જેમ પોતાની સઘળી ઇન્દ્રિયો વગેરેનો નિરોધ કરે છે તેમ તેમની ઇન્દ્રિયો જે બાહ્ય વ્યાપારના કામમાં ગુંથાએલી હતી ત્યાંથી તેમને પાછી ખેંચી અને પ્રભુના ગીતનું શ્રવણ કરવામાં તલ્લીન બન્યાં. અર્થાત્ ઇન્દ્રિયોનો વિનિયોગ પ્રભુના ગીતશ્રવણમાં કર્યો. આ રીતે નિરોધની સિદ્ધિ કરી. વળી નેત્રો તે સમયે અન્ય પદાર્થ તરફ ના ખેંચાય માટે પોતે મીંચી દીધાં અને યોગીઓ જેમ સમાધિ કરે તેવી રીતે ચિત્તને પ્રભુમાં પરોવીને, નેત્રોનું નીમીલન કરીને, પ્રભુના સૌન્દર્યનું પાન કરવા લાગ્યાં તથા તે સમયે વાણીને પણ મૂક બનાવી. આ રીતે પ્રભુ માટે તેમની પ્રીતિ થઇ. હે સખીઓ ! આ પક્ષીઓનું શું થોડું ભાગ્ય છે ? શું આપણે એ પક્ષીઓથી પણ ગયાં કે પ્રભુએ તેમનો તો એટલોએ ભાગ્યોદય કર્યો પણ આપણને તો તદ્દન વિરહની અગ્નિમાં જ બળતાં રહેવા દીધાં. ખરેખર પ્રભુને શું કહીએ ? આ રીતે અન્ય ગોપીઓ પ્રતિ કહ્યું.

મેઘ સર્વનું હિત કરનાર છે તેને પણ પહેલાની માફક વેણુનાદથી જે ભાવ ઉત્પન્ન થાય છે તે કહે છે.

**सहबलः स्रगवतंसविलासः सानुषु क्षितिभृतो व्रजदेव्यः ।**
**हर्षयन्यर्हि वेणुरवेण जातहर्ष उपरभ्भति विश्वम ।। १२ ।।**
**महदतिक्रमणशङ्कितचेता मन्दमन्दमनुर्गजति मेघः ।**
**सुहृदमभ्यवर्षत्सुमनोभिरछायया च विदधत्मतपत्रम् ।। १३ ।।**

**अन्वयार्थ--** હે વ્રજની દેવીઓ (ગોપીઓ) ! જ્યારે ભગવાન બળદેવજીની સાથે કાનમાં પુષ્પગચ્છના આભરણ ધારણ કરી પવર્તના શિખરો ઉપર હર્ષમાં આવીને વેણુરવથી વિશ્વને હર્ષિત કરીને વેણુરવથી પૂરે છે ત્યારે મોટાના અતિક્રમણની શંકાથી યુકત જેનું ચિત્ત છે એવો મેઘ મન્દ મન્દ ગર્જના કરે છે. અને પોતાના સુહૃદ-ભગવાન ઉપર બિન્દુઓ રૂપી પુષ્પોની વૃષ્ટિ કરે છે તથા છત્ર ધરે છે તથા છાયાથી આત્મનિવેદન કરે છે.

**श्रीसुबोधिनीजी +--**હે વ્રજની દેવીઓ, ગોપીઓ ! વ્રજના દેવતારૂપ ! આનાથી વિશ્વાસ થશે એમ જણાવ્યું. જ્યારે વેણુરવથી વિશ્વને ભરી દે છે ત્યારે

મોટાના અતિક્રમથી જેમના ચિત્તમાં શંકા થઈ છે એવા મેઘે પોતાના સુહૃદ્-ભગવાના ઉપર વૃષ્ટિ કરી, અને પોતાના દેહની છાયાથી છત્ર ધરવા લાગ્યો, અથવા તે પ્રમાણે કરવા વૃષ્ટિ કરવા લાગ્યો. આ નાદ મહાબલથી યુકત હતો. વિશ્વમાં આવેલા સર્વ ધર્મોને દૂર કરીને પોતે જ પૂર્ણ થયો. તેના આભાસરૂપ પણ ધૂમાદિના સમૂહરૂપ મેઘે વિશ્વને ભગવાને કૃતાર્થ કર્યુ છે એમ જાણીને પોતે ઉપચરિત અર્થવાળો હોવા છતાં પણ સ્વજન્મના સાફલ્ય માટે ભગવાન પર વૃષ્ટિ કરી. ત્યાં જેટલાં વેણુનાદથી આ થાય છે તેટલાંના કર્તા ભગવાનનું વર્ણન ચાર વિશેષણોથી કરે છે. નહિ તો ઉપારંભ અર્થવાદરૂપ બને. ત્યાં ક્રિયાશકિત સંપૂર્ણ છે એવું કહેવાને તે સમયે બલદેવજી સાથે હતા. એમ કહ્યું છે. સૃષ્ટિ કારણ ક્રિયાની સરખામણીએ પણ આ ક્રિયા મહાન છે એવું જણાવવાને કહ્યું છે. પુષ્પગુચ્છરૂપી જે કર્ણનું આભરણ તેના વિલાસની લીલા પણ જણાવી છે. માલા કીર્તિમયી છે. દશ દિશાઓ શ્રોત્ર (કાન) છે. કીર્તિ જેનાથી દિશામાં પૂરાય છે (ફેલાય છે) તે સર્વોત્તમ હોય છે. અથવા ભગવાનની કીર્તિના પ્રતિપાદક અગર ભાગવતાદિ શાસ્ત્ર સર્વ વેદોમાં આભરણરૂપ છે. ત્યાં વિલાસયુકત અને તેની પ્રતિપાદિકા તે છે. આ રીતે ક્રિયાનું સ્વરૂપ તથા ગુણથી માહાત્મ્ય જણાવ્યું. તેની સહકારિણી ઈચ્છાનું માહાત્મ્ય કહે છે. પોતામાં હર્ષ થવાથી સર્વને હર્ષિત કરતા હતાં. આ રીતે વેણુનાદના કારણરૂપ ક્રિયાનો ઉત્કર્ષ કહીને દેશથી પણ ઉત્કર્ષ કહે છે. સર્વના આધારરૂપ પૃથ્વીને જે ધારણ કરે છે તેવા પર્વતોના પણ ઉચ્ચ સ્થાનોમાં તે નાદ ઉત્પન્ન થાય છે. તો શા માટે વિશ્વને ન પૂરે ? અનુરણનરૂપ અતિ ગંભીર રવનાદથી પૂરે છે માટે મેઘથી પણ અધિક ક્રિયા નિરૂપિત કરી છે, ત્યારે જ મહાન વાસુદેવના ઉપર ગતિ કરતાં ભગવાનનું અતિક્રમણ થશે એમ મેઘનું ચિત્ત શંકાશીલ થાય છે, તેથી ઉપર સ્થિત રહીને આગળ ગમનને માટે તૈયાર થઈને નીલમેઘના જેવા શ્યામ વિશ્વના જીવનરૂપ ભગવાનને પોતાના મિત્ર સમજીને તે મિત્ર ઉપર સ્વબિંદુઓથી પુષ્પરૂપી વૃષ્ટિ કરી. અર્થાત્ પુષ્પોથી પૂજન કર્યુ. કેવલ પૂજા જ કરી એવું નહિ પણ રાજય પણ આપ્યું. એમ જણાવવાને કહે છે કે છત્ર પણ ધર્યુ. અરે કેવલ રાજય જ આપ્યુ નહિ પણ આત્મનિવેદન સુદ્ધાં કર્યુ તેવું કહેવાને સ્વદેહથી છાયા કરી એમ કહ્યું. સૂર્ય નીચો હોય ત્યારે જો મેઘ ઉપર હોય તો છાયા થતી નથી માટે પૃથ્થક્ છાયાનો નિર્દેશ કર્યો. ૧૨-૧૩

**विवेचन** -- હવે છઠ્ઠી ગોપી કહે છે. હે સખીઓ, મારી હકિકત તમે સાંભળો. તમે વ્રજની દેવીઓ છો વ્રજના દેવતારૂપ છો અને તેથી ક્રીડા કરનાર આપણા પ્રભુ વ્રજના દેવની લીલાઓ તમે શ્રવણ કરવાને અધિકારી છો માટે હું કહું છું. આપણા પ્રભુની વેણુનું કામણ તમે જેમ જેમ સાંભળશો તેમ તેમ વિસ્મય

પામી તલ્લીન થઇ જશો. કેવલ પૃથ્વી ઉપરના સ્થાવર તથા જંગમાત્મક પદાર્થો પ્રભુની વેણુથી મુગ્ધ થયા છે એટલું જ નહિ, પણ ગગનમાં વિહાર કરનાર મેઘ પણ મુગ્ધ થયો છે. જ્યારે બળદેવજીની સાથે પુષ્પગુચ્છનું કર્ણાભરણ પહેરીને પ્રભુ પર્વતના શિખરો ઉપર ફરે છે તે સમયે આજુબાજુ પ્રકૃતિનું સૌન્દર્ય જે પોતાનું જ સૌન્દર્ય છેઃ અને તે રસના ઉદ્દીપન માટે સર્વ સામગ્રી ત્યાં પ્રકટાવી છે એમ જાણીને પોતે આનંદિત થાય છે. ત્યારે પોતે હર્ષમાં આવીને જાણે પોતાના યશનો વિસ્તાર કરવો હોય તેવી ઇચ્છાથી વેણુનો નાદ ઉત્પન્ન કરે છે અને આ વિશ્વને અર્થાત્ શ્રવણ કરનાર સર્વના શ્રોત્રમાં નાદની સુધા પૂરે છે. તે સમયે મેઘ પણ જોકે આકાશમાં ઉભો છે છતાં પણ તેને ભય રહે છે કે રખેને મારાથી પ્રભુનું ઉલ્લંઘન થશે તો મોટો અપરાધ બનશે. આથી તે એકદમ ગતિ કરતો થંભી જાય છે અને ધીમે ધીમે ગર્જના કરે છે. એટલું જ નહિ પણ પ્રભુને જોતાં મેઘમાં સખ્યભાવ ઉત્પન્ન થાય છે, કારણ કે મેઘનો જેવો નીલ વર્ણ છે તેવો જ આપણા કૃષ્ણ પ્રભુનો છે. મેઘ જેવી રીતે વિશ્વનું જીવન મનાય છે (કારણ કે મેઘ ન વર્ષે તો જલ જ ન મળે અને જલ ન હોય તો અન્ન ન પાકે, અને અન્નાદિ ન પાકે તો જગત્નાં સર્વ પ્રાણીઓ જીવી ન શકે.) આપણા કૃષ્ણ પણ જગતનું જીવન છે. જગતનું રક્ષણ કરવા પોતાનું પ્રાકટ્ય છે. આ રીતે મેઘ અને કૃષ્ણમાં સામ્ય હોવાથી મેઘે કૃષ્ણ એ પોતાના સખા છે એમ ધારી લીધું, અને પોતે પણ હર્ષમાં આવીને તેમને આવકાર આપવાને પોતાનાં બિન્દુરૂપી પુષ્પોની વૃષ્ટિ કરે છે, એટલું જ નહિ પણ પોતે તેમને જગત્ના રાજા તરીકે સ્વીકારવાને પોતાની છાયાથી છત્ર ધર્યું, અને એ રીતે પ્રભુ પ્રતિ પોતાની આત્મનિવેદનરૂપ ભક્તિ પ્રકટ કરી.

પ્રભુએ જ્યારે આ વેણુરવ કર્યો ત્યારે પોતે બળદેવજીને સાથે રાખ્યા હતાઃ કારણ કે પોતાને વેણુથી મેઘ જેવાની ગર્જનાનો પણ ગર્વ ઉતારે તેવો અતિબલયુક્ત નાદ કરવાનો હતો, અને તેટલા માટે ક્રિયાશક્તિની સ્વાભાવિક રીતે અપેક્ષા રહે જ. બલદેવજી ભગવાનની ક્રિયાશક્તિરૂપ છે. જ્યારે જ્યારે કોઇ મહાબળનું પરાક્રમ કરવાનું હોય ત્યારે પોતાની આ ક્રિયાશક્તિથી જ કરે છે. અહિ જે ક્રિયાશક્તિ હતી તે કીર્તિરૂપા હતી એવું સૂચવવાને પોતે પોતાના કર્ણમાં પુષ્પગુચ્છ ધારણ કર્યા હતાં (કીર્તિ દિશાઓમાં ફેલાય છે. અને અહિઆં કર્ણ એ દિશાઓ રૂપ છે અને તેની ઉપર મુકેલા પુષ્પગુચ્છ એ કીર્તિરૂપ છે) પ્રભુએ જગતનો આવિર્ભાવ કર્યો - સૃષ્ટિરચના કરી તે જો કે કીર્તિરૂપ છે છતાં પણ તેના કરતાં વેણુરવથી પ્રભુને વધારે કીર્તિ મળવાની હતી. કારણ કે તેનાથી આખા વિશ્વને પોતે રસમાં મગ્ન કરવાના હતા. એટલા માટે તેમને આનંદનું કારણ બને

છે એ અર્થ જણાવવાને પ્રભુને તે સમયે હર્ષ પણ થયો હતો. હે સખીઓ ! પ્રભુના વેણુરવ સાંભળી મેઘે પણ પુષ્પથી તેમની પૂજા કરી, એટલું નહિ પણ પ્રભુ માટેની સખ્યભકિત અને આત્મનિવેદન ભકિત પણ તેને થઈ.

**विविधगोपचरणेषु विदग्धो वेणुवाध उरुधा निजशिक्षा :**
**तव सुतः सति यदाधरबिम्बे दत्तवेणुरनयत् स्वरजातीः**
**सवनशस्तदुपधार्य सुरेशाः शक्रशर्वपरमेष्टिपुरोगाः**
**कवय आनतकन्धरचिताः कश्मलं ययुरनिश्चिततत्वाः**

**अन्वयार्थ** - હે સતિ યશોદા ! ગોપોના વિવિધ ચરિત્રમાં નિપુણ એવા તમારા પુત્ર, વેણુને સૂર્યવત્ પ્રકાશક અધર ઉપર મુકીને જયારે અનેક રીતે વેણુવાદ્યમાં પોતે જ શીખવેલા અનેક નૂતન સ્વરજાતિને પ્રકટ કરે છે ત્યારે ઈંદ્ર, શિવ અને બ્રહ્મા જેમાં મુખ્ય છે એવા જે સ્વરશાસ્ત્રની કર્તા ત્રણે કાલમાંથી આવીને પોતાની ડોક તથા ચિત્તને નીચાં નમાવે છે તથા તે નાદના તત્વનો નિશ્ચય નહિ કરી શકવાથી મૂર્છામાં પડી જાય છે.

**श्रीसुबोधिनीजी** -- લોકમાં ઉત્પન્ન થતો અલૌકિક પ્રકાર તો સંદેહ ઉત્પન્ન કરે છે. શંકા-વેદમાં ઈશ્વરનું રૂપ ન હોય તો તે ઈશ્વરનું રૂપ નથી માટે સર્વે વિદ્યાના સ્થાનોના બ્રહ્મા બરાબર જ્ઞાતા છે, તો પછી તેમને શી રીતે સંદેહ થાય ? ઉત્તર - સુશિર ભેદવાળી વેણુના પ્રકારો શાસ્ત્રમાં નિરૂપ્યા છે તે બ્રહ્મા જાણે છે. પણ આ પ્રકારો અનેક રીતે છે. તે બધાની અભિવ્યકિત પોતે જ પોતાના શિક્ષણથી કરી છે. આથી નાદબ્રહ્મની નિત્યતા જણાવી ત્યાં ક્રિયાશકિત સાધન રૂપ છે. માટે તેના લૌકિકપણામાં શી રીતે અલૌકિકનાદ થશે ? એવી શંકા કરીને તેના પણ લૌકિક તત્વ માટે કહે છે. ગોપીના વિવિધ ચરિત્રોમાં પ્રભુ પ્રવિણ છે. ગોપનો સંસાર (ગતિ વગેરે) વેદમાં જણાવેલો નથી, પણ તે લૌકિક છે અન્ય બ્રહ્માંડમાં તે સ્થિતિવાળા હોય છે. લોકમાં અન્યત્ર પ્રસિદ્ધિ નથી તેમ વેદમાં પણ નથી. ભગવાન સર્વત્ર પ્રવિણ છે. માટે આ બ્રહ્મા જે પ્રકારને જાણતા નથી તેજ પ્રકાર કર્યો શંકા-બ્રહ્મ સૃષ્ટિમાં આર્વિભાવ પામેલા શી રીતે બ્રહ્માને પણ અજ્ઞાત હોય તેવું કરે ? ઉત્તર - યશોદા તરફ તેના ઉત્તર આપતા કહે છે (કારણકે સ્ત્રીમંડળમાં યશોદા આવેલા છે અને તેથી અહિયા કામાદીની વાર્તા નથી, પણ અનિષિધ ઉત્કર્ષ જ નિરૂપણ કર્યું છે.) જેવી રીતે તમારા પુત્ર હોવા છતાં પણ તમે મનથી જેની કલ્પના ન કરી શકો તેવું અશકય કૃષ્ણ કરે છે, તે રીતે બ્રહ્માની કલ્પના પહોંચી

ન શકે તેવું તે કરે છે. સતી સંબોધન વિશ્વાસને માટે છે અજ્ઞાનમાં હેતું કહે છે ભગવાને પોતાના અધર બિંબ ઉપર વેણુ મૂકી છે. અધર એ લોભાત્મક છે. તે પ્રથમ જણાવ્યું છે માટે તે લોકમાં પ્રસિદ્ધ નથી તેનો રસ ભગવાને આપ્યો નહિ. તેમાં પણ તે બિંબ રૂપ સૂર્યની માફક તે પ્રકાશ હતો. જે પ્રકાશ્ય છે (અન્યથી પ્રકાશિત થાય છે) તે પ્રકાશકના સ્વરૂપને જાણતા નથી ત્યાં વળી તે વેણુંનું સ્થાપન કરવામાં આવ્યું હતું. તેનાથી પણ ઉત્તમત્વને પણ જણાવ્યું સ્વરજાતિ એટલે ષડ્જ વગેરે સ્વરજાતિના ભેદોને નવા તરીકે ઉત્પન્ન કર્યા આ પ્રમાણે કર્યું ત્યારે તેના પરિજ્ઞાન માટે ત્રણ ગુણ જેમનામાં મુખ્ય છે એવા દેવો પણ ત્રણ કાલમાં આવ્યા તે કાલ આધિદૈવિક છે. એવું જણાવવાને સવનથી ઉપધારણ કરીને સાત્વિક ઈન્દ્ર, તામસ, શિવ અને રાજસ બ્રહ્મા જેમાં મુખ્ય છે તેવા બધા દેવતાઓ - ત્રણ ગુણ યુકત થાય છે તેઓ નાદમાં નિપુણ છે. ઈન્દ્ર ત્રણ લોકના અધિપતિ છે. અને તે હંમેશા નાદપરાયણ હોય છે. શિવ નાદશાસ્ત્રના કર્તા છે. બ્રહ્મા તેમના પણ ગુરૂ છે. માટે અહિયા બ્રહ્મા માટે પરમેષ્ટિ પદ છે. તેમના ચિત્તના અન્ય તરફ અભાવ માટે કહે છે. તેમના ખભા તથા ચિત્ત નીચે નમેલા હતા. તેમને પણ તત્વનો નિશ્ચય થયો નહિ. ઔદાસીન્યથી કેટલોક સમય વિચાર કરીને અજ્ઞાનમાં શાંત થયાં એમ પણ માનવું નહિ. કારણકે તે મૂર્છામાં પડી ગયા, અથવા વેણુ નાદથી મોહિત થયા. માટે આભાસત્વના પક્ષનું પણ નિરાકરણ કર્યું, કારણકે અલૌકિક રસ ઉત્પન્ન કર્યો.

**विवेचन--** હવે બીજી ગોપી કહે છે. સાંભળનાર ગોપીઓમાં યશોદા આ વખતે આવેલા હતાં. એટલે ખાસ કરીને તેમને ઉદ્દેશીને કહેવા લાગી. યશોદાને કહેતી વખતે પ્રભુ માટેના સ્નેહનો સંકોચ થાય છે. તેથી સખીઓમાં જે રહસ્યવાર્તા અત્યાર સુધી કરતાં હતાં તે કરી નહિ. માત્ર પ્રભુની મ્હોટાઇની વાત કરવા માંડી. કારણકે માતાની આગળ પુત્રની મ્હોટાઇની અગર પ્રશંસાની વાત કરવામાં આવે તો તેથી માતાનું મન પણ હર્ષિત થાય છે. આથી યશોદાજીને હર્ષોદ્રમ થાય તેવી રીતે આ ગોપીએ કહ્યું. હે સતી યશોદા! તમારા પુત્રના પરાક્રમ સાંભળો. તમારા પુત્ર વનમાં જાય છે ત્યારે અનેક પ્રકારની લીલા કરે છે તેમાંની કેટલીક તમે જાણતાં હશો. પણ આજે હું તમને એક વાત કહું તે સાંભળીને ખશુસ તમારું ચિત્ત પ્રસન્ન થશે. તમારા પુત્ર કૃષ્ણ અનેક પ્રકારના ગોપચરિત્રો જાણે છે. ગોપોની સાથે કેવી રીતે વર્તવું તથા શી શી લીલા કરવી એ સર્વમાં તે પ્રથમથી નિપુણ છે. એટલું જ નહિ. પણ વેણુવાદનથી પોતે નવીનકળા અને ચાતુરીથી સ્વરશાસ્ત્રમાં નહિ જણાવેલા તેવા અનેક ભેદો તથા પ્રભેદો વાળા સૂર કાઢે છે. જ્યારે સૂર્યના

જેવા પ્રકાશક અધર ઉપર વેણુને મૂકે છે ત્યારે અનેક સ્વરો તેમાંથી ઉત્પન્ન કરે છે. એ બધા સ્વર સાંભળતાંની સાથે ઇન્દ્ર, શિવ અને બ્રહ્મા જેઓ રજોગુણ, તમોગુણ અને સત્વગુણના અનુક્રમે અધિષ્ઠાતા છે તથા સંગીતના સર્વ નાદનું જ્ઞાન ધરાવે છે. તે પણ એકદમ દિઙમૂઢ થઇ જાય છે. પ્રભુની વેણુમાંથી નીકળતા નાના પ્રકારક સ્વરજાતિના ભેદોને તે પીછાણી શકતા નથી. જો કે તેઓ કવિઓ છે. નાદમાં નિપુણ છે. આથી તેઓ કેવલ એક ચિત્તથી શ્રવણ કરવાને પોતાની કંધરાને તથા ચિત્તને નીચા નમાવે છે. આજુબાજુએ જો તે નજર નાખે તો રખેને ચિત્ત અન્ય વસ્તુમાં પરોવાતાં નાદનું સાવધાનતાથી શ્રવણ ન બની આવે માટે વિશેષ રીતે કન્ધરા અને ચિત્તને નમાવે છે. આમ છતાં પણ તે નાદના તત્વનો તે નિશ્ચય કરી શકતા નથી. આમ હોવાથી તેઓ મૂર્છામાં પડી જાય છે. હે યશોદા ! જોયું આ તમારા પુત્રનું પરાક્રમ ? તમે જાણતા હશો કે એ તો માત્ર વનમાં ગાયો ચારવા જાય છે. પણ માત્ર ત્યાં ગોચારણ જ કરતા નથી. આવી અનેક લીલાઓ ત્યાં કરે છે. બ્રહ્મા, ઇન્દ્ર અને શિવ જેવા નાદના જ્ઞાતા પણ તેમના વેણુનાદનું રહસ્ય જાણી શકતા નથી. તેઓ આથી પ્રભુના માહાત્મ્ય જ્ઞાનથી વિસ્મય પામી જાય છે. હે યશોદા ! એટલું સારૂ છે કે તમે વેણુનાદ શ્રવણ કર્યો નથી, નહિ તો તમને માહાત્મ્યનું જ્ઞાન થતાં, જે અપત્યસ્નેહ છે તે રહી શકશે નહિ.

યશોદાને સતી કહીને સંબોધન કર્યું છે. તેનો આશય એ છે કે જેમ યશોદાજી સતી કહેતાં પતિ-પરાયણ પોતાના પતિ નંદરાયની આજ્ઞામાં રહેનાર તથા સેવા કરનાર છે, તથા તેમના સિવાય અન્યનું મનથી પણ ચિંતન કરતાં નથી તેમ આ ગોપિકાઓ પણ સતીઓ જ છે. અર્થાત પ્રભુ સિવાય બીજો કોઇ તેમનો પતિ નથી. આમ હોવાથી પ્રભુ માટે પ્રેમની અગર માહાત્મ્યની વાર્તા યશોદાજી આગળ જ તે કરે છે. સતી જ સતીના મનનું દુઃખ કળી શકે. પણ યશોદાજી તો પ્રભુના માતા હોવાથી તેમના આગળ સ્નેહની વાત છે, પણ વ્યંગ્યાર્થથી તો ઉપર જણાવેલા તેમના પ્રીતિના વિષયને જ પ્રકટ કર્યો.

બીજાની વાત ગમે તે કહો. વેણુનાદ અમારામાં અન્યથાભાવ ઉત્પન્ન કરે છે તે યુગ્મથી કહે છે.

**निजपदाब्जदलैर्ध्वजवज्रनीरजाकृतिविचित्रललामैः ।**
**व्रजभुवः शमयन्खुरतोदं वर्ष्मधुर्यगतिरीरितवेणुः ।। १६ ।।**
**व्रजति तेन वयं सविलासवीक्षणार्पि तमनोभववेगाः ।**
**कुजगति गमिता न विदामः कश्मलेन कबरं वा ।। १७ ।।**

**અન્વયાર્થ** ધ્વજ, વજ્ર, કમલ તથા અંકુશના જુદા જુદા ચિન્હોવાળા પોતાના ચરણરૂપ કમળપત્રથી વ્રજની ભૂમિને, પશુની ખરીઓથી થતી પીડા શમાવતા મોટી ખાંધવાળા બળદની માફક મન્થર ગતિથી ચાલતા તથા વેણુ વગાડતા જયારે પાછા ફરે છે. ત્યારે વિલાસસહિત દ્રષ્ટિપાતથી કામદેવનો વેગ અમારામાં અર્પણ કરવાથી અમારી સ્થિતિ વૃક્ષના જેવી થાય છે. (વૃક્ષની માફક અમે સ્તબ્ધ બનીએ છીએ) તથા મૂર્છાને લીધે વસ્ત્ર તથા અંબોડાનું પણ ભાન અમને રહેતું નથી.

**શ્રીસુબોધિનીજી** – જયારે વેણુ વગાડતા ગતિ કરે છે ત્યારે તે નાદથી અમે સઘળા ગોપીઓ તે વૃક્ષની માફક સ્તબ્ધ થઇ જઇએ છીએ અને મૂર્છાથી વસ્ત્ર અગર કેશપાશનું પણ ભાન રહેતું નથી એવો સંબંધ છે. આ વેણુનાદ અમારા માટે જ ઉત્પન્ન થાય છે માટે તેની ચેષ્ટાથી તથા અનુભવથી તે જણાય છે. ચેષ્ટા ગોકુલવાસીઓના અર્થ માટે થાય છે. તેનાથી વ્યાપ્ત શી રીતે અન્ય કાર્ય કરે ? માટે પ્રથમ ગોકુલના હિતકર્તા છે એમ કહે છે. પોતાના બે ચરણકમળના દલથી દશ આંગળીઓ અથવા તલભાગથી નિરંતર પશુના આક્રમણથી પીડીત થયેલી વ્રજની ભૂમિના ખરીઓથી થયેલા દુ:ખને શમાવતા ધીમે ધીમે ભગવાન ગતિ કરે છે. એમ જણાવ્યું. ભૂમિને થયેલા ક્ષતનો અંશ ગતિવિલાસથી તથા પાદસ્પર્શથી દૂર કર્યો. આધ્યાત્મિક અંશ ધ્વજ વગેરેથી દૂર થાય છે. તામસ અંશ (ભૌતિક અંશ) ધ્વજથી દૂર થાય છે. રાજસ આધ્યાત્મિક વજ્રથી, અને સાત્વિક આધિદૈવિક કમળની આકૃતિના ચિન્હથી દૂર કરે છે, તે બધાં ચિન્હો પદમાં જુદા જુદા શોભે છે. આથી લૌકિક તથા અલૌકિક પ્રકારથી વ્રજભૂમિને પશુઓની ખરીઓથી થયેલી વેદનાનું પ્રશમન કરે છે. વ્રજમાં ત્રણ મુખ્ય હોય છે - ભૂમિ, ગાય તથા ગોપીઓ. ભૂમિના દુ:ખની નિવૃત્તિ ગતિથી જણાવીને ગતિથી તથા કૃતિથી ગાયોના દુ:ખનું નિવારણ કરે છે. તે પ્રમાણે પ્રભુ ગતિ કરતાં કરતાં ગાયોના દુ:ખનું હરણ કરે છે. પછીથી વેણુનાદથી કામ થવાથી આપણી ગોપીઓની પણ દશા સ્થાવર જેવી થઇ. વેણુનાદથી સ્વભાવે કરીને જ કામ ઉત્પન્ન થયો. તેમાં પણ વિલ્લાસપૂર્વક જોવાથી કામના વેગનું તેમાં અર્પણ કરે છે. આથી વેગથી સ્તમ્ભ થયો અને વૃક્ષની ગતિ મળી. તેમને અન્તર્જ્ઞાન છે માટે તે જણાવવાને કહે છે. અમે જાણતાં નથી. સુષુપ્તિમાં પણ તે જાણતાં નથી તેથી તેની વ્યાવૃતિ કરવા કહે છે કે તેઓ મૂર્છામાં પડયા વળી સ્ત્રીઓને વસ્ત્રનું જ્ઞાન તથા કેશપાશનું જ્ઞાન તો ખાસ જરૂરનું હોય છે. વેણુનાદના પ્રસ્તાવમાં આ થયું તે માટે ગતિ અને દ્રષ્ટિ વગેરેથી પણ તે કરાયું છે. એમ અહિંયા જણાવાય છે.

**વિવેચન** -- હવે વેણનાદની અસર ગોપિકાના પોતાના ઉપર કેવી થાય છે તેનું વર્ણન આ યુગલમાં કર્યું છે. આ વર્ણનં કરતી વખતે યશોદાજી જતા રહે છે. પોતાના પુત્રના માહાત્મ્યનું શ્રવણ કરીને પ્રસન્ન થઇને ત્યાંથી સ્વઆવાસમાં તે ગયાં, એટલે ગોપીઓ એકલી રહી, અને તે પોતાની કામવાર્તા - રહસ્યવાર્તા કહેવા લાગી. તે બધાને પ્રભુના વેણુના નાદથી શી અસર થઇ તે એક જણ કહેવા લાગી. હે સખીઓ ! આપણે બીજાની શા માટે વાત કરીએ ? આપણી પોતાની જ સ્થિતિ જુઓને ! આ પ્રભુ જયારે ગાયો ચારીને વ્રજની ભૂમિમાંથી ગોકુલમાં પાછા ફરે છે ત્યારે અર્થાત્ સાયંકાલે પોતે કેવી મનોહર રીતે, પોતાની વેણુ વગાડે છે ? કેવલ તે વેણુ વગાડે છે એટલું જ નહિ પણ તેમાં વિલાસયુકત દ્રષ્ટિપાત પણ જોડે છે. આથી તે નાદનું શ્રવણ કરતાં જ આપણે વૃક્ષની માફક સ્તબ્ધ થઇ જઇએ છીએ, મૂર્છામાં પડી જઇએ છીએ. અને તે સ્થિતિમાં ઘરમાં કુટુમ્બીજન હોવા છતાં, પણ વસ્ત્ર તથા કેશપાશનું ભાન રાખી શકતા નથી.જો કે પ્રભુ તો આપણા દુ:ખ ટાળવાને માટે જ આ વેણુનાદ કરે છે. કારણકે પોતે એમ સમજે છે કે મારા વિરહને લીધે બિચારી ગોપીઓની શી દશા થતી હશે ? તેમનો વિરહાગ્નિ બહુ જ દુ:ખ આપનાર છે તેઓ મારો વિયોગ નહિ સહન થવાથી રડી રડીને ઝુરી મરશે. મારે તેમનું તે દુ:ખ ટાળવું જોઈએ માટે પોતે આપણને સુખ આપવાને તથા પોતે હવે પાછા પધારે છે એમ જણાવવાને વેણુનાદ કરે છે. પણ તે નાદ આપણું ભાન જ હરી લે છે. પ્રભુનું પ્રાકટય ગોકુલના હિતને માટે છે. તેમાં ત્રણ જણનું હિત કરવાનું છે. ભૂમિ, ગાયો અને ગોપીઓનું. વ્રજની ભૂમિ ગાયો વગેરે પશુઓની ચરતી વખતે ખરીઓથી તેમ બીજા કારણથી પીડિત થયેલી હોવાથી તેને વ્યથાને ટાળવી જોઇએ. તે ટાળવાને પોતે પોતાની લલિત ગતિ કરે છે. પોતાના ચરણને ધીમે ધીમે ભૂમિ ઉપર મૂકે છે અને તેના તાપનું શમન કરે છે. એ ભૂમિના ત્રણ પ્રકારણના - આધિ-ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક તાપનો નાશ કરવાને ગતિ કરતી વખતે ચરણના, ધ્વજ, વજ્ર અને કમળનાં ચિન્હો ધીમે ધીમે મૂકે છે. ધ્વજ નિર્ભયતાનું સૂચન કરનાર હોવાથી ભૂમિને દૈત્ય વગેરેના ત્રાસથી જે કોઈ પીડા થઈ હોય તેનું નિવારણ કરે છે. વજ્ર એ પર્વતોનું પણ નિકંદન કરનાર છે તેથી પાપરૂપી પર્વતો જે વ્રજભૂમિને કલેશથી પીડા આપી રહ્યા છે. તેનો પણ નાશ ચરણના વજ્રચિન્હથી પણ કરે છે. કમળ એ સુખથી સેવ્ય હોવાથી, તેનાથી સેવામાં જે દુ:ખની સંભાવનાથી પીડા હોય તેને દૂર કરે છે. આમ આધિભૌતિક - તામસ, આધ્યાત્મિક-રાજસ અને આધિદૈવિક-સાત્વિક એ ત્રણે પ્રકારનાં ભૂમિનાં દુ:ખનું હરણ મંથર ગતિથી પોતે કર્યુ છે. તેજ પ્રમાણે ગાયોનાં દુ:ખનું નિવારણ ગતિ અને કૃતિથી કરે છે. મોટી ખાંધવાળા વૃષભની માફક મંથર ગતિથી ચાલતી ગાયોનાં દુ:ખનું હરણ કર્યું. તેવી રીતે આપણા પણ દુ:ખનું નિવારણ

કરવું જોઈએ. કારણકે જેવી ભૂમિ તથા ગાયો સ્ત્રીઓ છે તેવા આપણે પણ સ્ત્રીઓ છીએ. પણ ભૂમિ તો પોતાના દુઃખને સહન કરવાની શકિત ધરાવે છે, કારણકે તે જડ છે (નિર્જીવ)છે, તેમ ગાયો પશુ હોવાથી તેમને દુઃખ હોય છે છતાં તેનું જ્ઞાન હોતું નથી, માટે તેઓ પણ પોતાના દુઃખનો બહુ ખેદ દેખાડી શકતાં નથી, પણ આપણે તો સજીવ મનુષ્ય હોવાથી આપણને આપણાં દુઃખનું જ્ઞાન થાય છે, અને તે જ્ઞાન થતાં અબલા હોવાથી તે સહન કરી શકતાં નથી. માટે પ્રભુ આપણા ઉપર કૃપા કરીને આપણું દુઃખ દૂર કરવાને વનમાંથી સહસા પાછા પધારે છે, અને તે કાળે વેણુનો નાદ કરે છે. પણ આપણે એ નાદથી કામને વશ થઈને મૂર્છામાં પડી જઈએ છીએ, અને વસન તથા કેશપાશનું ભાન રાખી શકતાં નથી. અર્થાત્ પ્રભુની વેણુના નાદનો રસ (બ્રહ્માનંદનો રસ) શુદ્ધ ભકતોને અહંતામમતાત્મક અવિદ્યાની ઉપાધિમાંથી મુકત કરે છે. સંસારના સર્વ પદાર્થોમાંથી ચિત્તને ખેંચી લઈને પ્રભુ તરફ પ્રેમ ઉત્પન્ન કરાવે છે.

વેણુનાદની હરિણીઓ ઉપર જે અસર થઈ તે જણાવવાને પ્રથમની માફક વેણુનાદનું વર્ણન કરે છે.

**मणिधरः क्वचिदागणयन्गा मालया दयितगन्धतुलस्याः ।**
**प्रणयिनोडनुचरस्य कदांसे प्रक्षिपन्भुजमगायत यत्र ।। १८ ।।**
**क्वणितवेणुरववञ्चितचित्ताः कृष्णमन्वसय कृष्णगृहिण्यः ।**
**गुणगणार्णमनुगत्य हरिण्यो गोपिका इव विमुक्तगृहाशोः ।। १६ ।।**

**अन्वयार्थ** -- મણિઓ ધારણ કરનાર ભગવાન, કદાચ ગાયોની ગણત્રી કરે છે; તથા દિવ્ય ગંધથી યુકત તુલસીની માળાને પણ ધારણ કરે છે, અને કદાચ પોતાના પ્રિય અનુચરના ખભા પર હાથ મૂકીને ગાન કરે છે. આમ જયારે કરે છે ત્યારે વેણુના રવથી જેમનાં ચિત્ત વંચિત થયાં છે એવાં હરિણીઓ કૃષ્ણની ગૃહિણીઓ થઈને કૃષ્ણની પાસે બેસે છે, અને ગુણનાં સમુદ્ર ભગવાન પાસે આવીને આપણી-ગોપિકાઓની માફક ગૃહ તરફ જવાની આશા સરખી પણ કરતાં નથી.

**श्रीसुबोधनीजी** -- મણિઓ ગાયોનું આધિદૈવિક રૂપ છે. ભગવાન તે મણિઓને ધારણ કરે છે; માટે તેમનું નામ મણિધર છે અથવા તો મણિઓ પોતાની પ્રિયાઓના અભિજ્ઞાપક હોવાથી તેમની સાથે કોઈ વખત ભગવાન ગણત્રી કરે છે. આથી ગાયોમાં રહેલાં ધર્મો ભગવાનમાં આવે છે અને તેમ હોવાથી તેમનામાં સંસારનો અભાવ સૂચવાય છે. ગોપિકાઓનાં પણ સંસારનો અભાવ આથી સૂચવાયો છે. પ્રભુ ગામમાં રહેનાર પશુઓના ઉદ્ધારક છે, તેટલા માટે તેમની કૃષ્ણપરાયણતા જણાવી છે. ભગવાન પ્રિય ગંધવાળી તુલસીની માલાથી ઉપલક્ષિત

છે. જેમ નીલરૂપ, સ્ત્રીઓનો સ્પર્શ, વેણુનો શબ્દ તથા નવનીતનો રસ, એમને પ્રિય છે તે રીતે તુલસીનો ગંધ પણ તેમને પ્રિય છે, કોઈ સાત્વિક તેમની ઉત્તમતાને અનુભવ સિદ્ધ કરે છે. તુલસી તેવા પ્રકારની હોવાથી તેની માળા પોતે ધારણ કરે છે. હરિણીઓને વિચાર થાય છે કે જ્યારે અમે પ્રિય થઈશું ત્યારે ભગવાન પણ અમારા ધર્મને ધારણ કરશે. એવા હેતુથી કાલીયાર મૃગની સ્ત્રીઓની પ્રવૃતિ છે. કાલિયાર મૃગનો વેદમાં ઉપયોગ છે. તેમની પ્રવૃત્તિ ભકિતમાં વિનિયોગને માટે છે. પોતાના ઘણા પ્રેમી ભકતોના ખભા ઉપર હાથને ધારણ કરતાં ગાન કરે છે. સ્નેહ અને સેવાધર્મના અસ્તિત્વથી આ પ્રમાણે બને છે. માટે ગોપિકાઓની તુલ્ય હરિણીઓની બાબતમાં પણ ભજન સ્નેહથી છે. દેહસ્ફુરણા નથી, અને વિજાતીયતાને લીધે કામ પણ નથી.

ભગવાનના ગાન વખતે ઉત્પન્ન થયેલો વેણુનાદ-શબ્દ એકાએક મનનું હરણ કરે છે. બીજા શબ્દો પણ તેના સંબંધી થાય છે. તેથી તે પણ ચિત્ત હરે છે. મૃગો શબ્દથી વશ થાય છે. આ કારણથી વેણુનાદથી જેમનું ચિત્ત છેતરાયું છે, એવી કૃષ્ણસાર (કાળીયાર)ની સ્ત્રીઓ કૃષ્ણની પાસે બેસવા લાગી. જેવી રીતે ઉપવાસ કરનાર બેસે છે તેમ આ પણ કૃષ્ણની પાસે બેઠી. શંકા - અન્યની સ્ત્રીઓ કૃષ્ણની પાસે શા માટે બેઠી? તેમનું ચિત્ત છેતરાયું હતું, આથી તેમને રૂપનું વિસ્મરણ થયું, વેણુના શબ્દમાં તે અભિનિવિષ્ટ થઇ ગયાં; અથવા તો અનુભવવાળા વેણુનાદથી કૃષ્ણસાર મૃગના વિષે પણ કૃષ્ણની બુદ્ધિ તેમને થઇ, અને આથી ત્યાં તે બેઠાં. શંકા-કૃષ્ણસારમાં કૃષ્ણ શબ્દ હોવાથી ત્યાં ભ્રમ છે તો તેમનો (કૃષ્ણસારનો) ત્યાગ કરીને શા માટે ત્યાં બેઠાં ? ઉત્તર-કૃષ્ણસારમાં એક અથવા બે ગુણો છે. ભગવાન તો અનેક ગુણના પાત્ર છે. આથી ભગવાન પાસે તે આવ્યાં. અને ઘરની પણ આશા છોડી દીધી. નજીકમાં ભગવાનના રસનું પાન કરવાથી તેનો સ્વાદ પ્રાપ્ત થાય છે, આથી તે પણ ગોપિકાઓની માફક ભગવત્પરાયણ થયાં, ઘેર જઇશું એ આશા પણ છોડી દીધી.

**વિવેચન--** હરિણીઓ પણ વેણુનાદથી વિવશ થઇ ગયાં હતાં તે વાત અહિંઆં જણાવી છે. વર્ણન કરનાર ગોપી પોતાની સખીઓને આ વાત કહે છે. હે સખીઓ! આપણા પ્રભુએ વળી જ્યારે પોતે વેણુનો નાદ કરવા માંડયો ત્યારે હરિણીઓ પણ એકદમ ચકિત થઇ ગયાં અને પ્રભુની નિકટ આવ્યાં અને શ્રવણપરાયણ થયાં. તમે જાણો છો કે મૂળથી હરિણીઓને ગીત ખાસ પ્રિય હોય છે. જો કોઇ તેને ગીતરસનો આસ્વાદ કરાવે તો તે મૃત્યુની પણ દરકાર કરતાં નથી, આથી પારધિઓને જ્યારે મૃગ તથા મૃગલી પકડવાં હોય છે ત્યારે તેઓ

બીન વગેરે વાદ્યનો ઉપયોગ કરીને તેમને સંગીતના રસમાં મુગ્ધ બનાવી દે છે અને પછી તેમને પકડે છે. એક સાધારણ માણસના વાદ્યની હરિણી તથા હરિણો ઉપર આટલી બધી અસર થાય છે તો પછી સાક્ષાત્પ્રભુ જ્યારે તે વેણુમાં સ્વનાદ પૂરે તો પછી હરિણીઓ વશ થાય એમાં આશ્ચર્ય જેવું શું છે ? આ વિચારી હરિણીઓ નાદ સાંભળીને પ્રભુ તરફ દોડી આવી, અને પ્રભુના રૂપ તથા સૌન્દર્યને નિહાળી રહ્યાં. પ્રભુની કાન્તિ હરિણીઓને તેમના મૃગના જેવી-કૃષ્ણસાર (કાળીયેર) જેવી જણાઇ. આથી પ્રભુમાં પોતાના પતિની બુદ્ધિ તેમને થઇ. પ્રભુની વેણુનાદનું વશીકરણ એવું અજબ તરેહનું હતું કે ગમે કરીને તે પ્રભુની પાસેથી ઉઠી શકયા નહિ. જેમ જેમ તે વેણુનાદ શ્રવણ કરતા ગયા તેમ તેમ પ્રભુ તરફનો ભાવ તે અનુભવતાં ગયાં. આથી પોતાના પતિઓની પાસે જવાનું છોડી દઇને પ્રભુની સન્નિધિમાં તેઓ રહ્યાં. પ્રભુની સન્નિધિમાં અલૌકિક રસનું પાન કર્યું. તેથી તે રસ માટે તેમને પ્રીતિ થઇ, આથી પ્રભુની પાસે જ તે બેઠાં. તેમને આ સમયે એવું ભાન થયું કે તેમના પતિ કૃષ્ણસાર પાસે જવાની જરૂર નથી. કારણ કે તેમનામાં બહુ ગુણો નથી, પણ પ્રભુમાં તો ઘણા ગુણો છે. ગુણના અર્ણવ સમુદ્ર છે; માટે એવા અનેક ગુણથી શોભતા પ્રભુની સન્નિધિમાં જે સુખ મળે છે તે અન્ય કશાથી મળતું નથી. માટે કૃષ્ણને જ પતિ તરીકે સ્વીકારવાને નિશ્ચયી ત્યાં બેઠાં. આ સમયે પ્રભુએ પોતાના કણ્ઠમાં મણિની માળા ધારણ કરી હતી. મણિઓ એ ગાયોનું આધિદૈવિક સ્વરૂપ છે, કારણ કે ગાયો એક પ્રકારનું ધન ગણાય છે, અને મણિ પણ એક પ્રકારનું ધન છે. માટે ગાયોનાં જેટલાં વિવિધ રૂપો હતાં તેટલાં મણિઓ કણ્ઠમાં ધારણ કર્યા હતા. એટલુ જ નહિ પણ જ્યારે ગાયોની ગણત્રી કરવી હોય તો તે મણિઓથી જ કરતા. આ મણિઓને પોતે ધારણ કરતા હોવાથી, અને તે ગાયોનું આધિદૈવિક સ્વરૂપ હોવાથી, ગાયોના ધર્મો પણ ભગવાનમાં હતા. આથી તેમના સંસારના અભાવનું પણ સૂચન થયું. વળી તે સમયે પોતે દિવ્યગંધથી યુકત તુલસીની માલા ધારણ કરી હતી. જેમ ભગવાનને રૂપમાં નીલરૂપ પ્રિય છે (આનંદનો વર્ણ નીલ હોવાથી), સ્પર્શ સ્રીઓનો (તે સુધાના આધાર હોવાથી) શબ્દ વેણુનો રસ નવનીતમાં તેમ ગન્ધમાં તુલસીની ગન્ધ પ્રિય છે. ગન્ધથી યુક્ત તુલસીમાલા ધારણ કરીને પોતાની સાથેના પ્રિય અનુચરના ખભા ઉપર હાથ મૂકીને પોતે ગાન કરતા હતા. આવી રીતે કંઠમાં મણિની માળા ધારણ કરીને તથા ગન્ધયુકત તુલસીની માલાથી સેવકના ખભા ઉપર હાથ મૂકીને વેણુનો નાદ કર્યો કે તે સાંભળતાંથી સાથે જ એકદમ વનમાં ફરતાં બધી હરિણીઓ ત્યાં આવી પહોંચ્યાં. તેઓ ખરેખર સ્વભાથી નાદપ્રિય

હોવાથી વેણુના રવથી આકર્ષાઇ પ્રભુની પાસે બેઠાં, અને તે નાદની સુધાનું પાન કરવા લાગ્યાં. હે સખીઓ ! ખરેખર જેમ આપણે પ્રથમ રાસસમયે પ્રભુની વેણુ સાંભળતાંની સાથે ગૃહ વગેરેનો ત્યાગ કર્યો હતો તેમ આ હરિણીઓ પણ સ્વસ્થાનનો વિચાર પણ કરતાં નહોતાં.

આ રીતે નવ પ્રકારથી વેણુનાદનું નિરૂપણ કર્યું. ગુણાતીત પ્રકારથી ત્રણ રીતે જણાવતા વેણુનાદથી જગત્‌ને વશ કર્યું એમ કહે છે.

**कुदन्ददामकृतकौतुकवेशो गोपगोधनवृतो यमुनायाम् ।**
**नन्दसूनुरनघे तव वत्सो नर्मदः प्रणयिनां विजहार ।। २० ।।**
**मन्दवायुरुपवात्यनुकूलं मानयन्मलयजस्पर्शेन ।**
**बन्दिनस्तमुपदेवगणा ये वाद्यगीतबलिभिः परिवव्रुः ।। २१ ।।**

**अन्वयार्थ** -- હે પાપરહિત યશોદા ! નંદના પુત્ર અંએ તમારા બાળક કુન્દફુલની માળાઓથી કૌતુક વેશ ધારણ કરનાર, ગાયો તથા ગોપોથી વીંટાયલા, તથા પ્રાણીઓને સુખ આપનાર કૃષ્ણે યમુનામાં વિહાર કર્યો તે સમયે ચંદનના સ્પર્શથી સન્માન કરતો મન્દ વાયુ પણ અનુકૂલ વાવા લાગ્યો, અને ગન્ધર્વો તથા ઉપદેવતાના ગણો, વાદ્ય, ગીત તેમજ બલિ સહિત તેમની આજુબાજુ ઘેરાઇ વળ્યા.

**सुबोधिनीजी** -- જયારે ભગવાન યમુનામાં રમે છે ત્યારે ગન્ધર્વ વગેરે વાદ્ય, ગીત અને પૂજાની સામગ્રી લઇને ભગવાન પાસે આવે છે. અહિંઆં વેણુનાદસહિત રમણ છે કારણ કે પ્રકરણ વેણુનું છે પ્રકાર તો એકનો એક જ છે. તેથી જુદો કહ્યો નથી. તાપમાં ગાયો તથા ગોવાળીયાઓ જળની પાસે ઉભા રહે છે. તે વખતે ગોવાળો સાથે જળક્રીડાનો વિહાર કરે છે. તથા ગાયોનું પ્રક્ષાલન કરે છે. વેણુનાદ ઉદ્‌વેગને શાન્ત કરવામાં સહાયભૂત છે. આ સમયના ભગવાનના અલંકારોનું વર્ણન કરે છે. કોઇને શંકા થાય કે અલંકાર તો વસ્ત્ર તથા આભરણ વગેરેના જ હોય, ફકત પુષ્પના ન હોય, તો તે શંકાને દૂર કરવાને અહીંઆં ફકત પુષ્પના જ અલંકારનું વર્ણન કરે છે. કુંદપુષ્પની માલાથી વિશેષ અદ્‌ભુત જણાય તે રીતે ધારણ કર્યો છે. ભગવાનનો વેશ જે રીતે હાસ્યરસ ઉત્પન્ન થાય તે રીતે હોય છે. શંકા)શા માટે ભગવાન્ આ પ્રમાણે પ્રાકૃત લીલા કરે છે ? ઉત્તર - જેવી રીતે લીલાવડે ભગવાન નંદજીના પુત્ર થયા, તે રીતે લીલાએ કરીને પ્રાકૃત લીલાનું પણ અનુકરણ ભગવાન કરે છે 'અનઘે' એ સંબોધન ક્રોધનો અભાવ તથા વિશ્વાસનું સૂચન કરે છે. ભગવાન તમારા પુત્ર થયા એમ કહી સૂચન કરે છે. તેમ સર્વ રસ જાણો છો. નહિ તો તમે ખાંણીયામાં ભગવાનને બાંધત નહિ. ભગવાનની ઇચ્છા પ્રાકૃત લીલા કરવાની ન હોત તો પોતે ઉલૂખલલીલા કરત

જ નહિ. ભગવાન પ્રણયીને સુખ આપનાર છે તેથી પ્રણયિજન જેમ તેમના તરફ સ્નેહવાળા થાય તે રીતે સુખ આપવાને ભગવાન લીલા કરે છે. બધી લીલાઓમાં સ્નેહ એ હેતુ છે. લીલામાં જ્યારે આસક્તિથી ક્રીડા થાય ત્યારે તે વિહાર કહેવાય છે. તે વિહાર જળક્રીડા, નૃત્યક્રીડા, તથા વેણુવાદની ક્રીડા છે. આવું નહોય તો વાદ્ય વગેરનો ઉપયોગ બને નહિ. ખરેખર વિદ્યાવન્ત વશ કરવાને યોગ્ય છે. વિદ્યાનો ઉત્પાદક વાયુ છે. દેવતાઓ તેમના આધાર ગણાય છે. તેમાં ગંધર્વ અને બંદીજન વિદ્યાને બહાર પ્રકટ કરે છે. માટે બીજાની સરખામણીએ તેમાં એટલી વિશેષતા છે. પ્રથમ કારણરૂપ વાયુ જણાવે છે. મંદવાયુ જેવી રીતે અનુકૂળ બને તે રીતે વાય છે. યમુનાના કિનારા પાસે તે વાય છે, માટે તેમની શીતળતા જણાવી છે. મલયાચલ પર્વતની સાથે સ્પર્શ થવાથી તે સુગન્ધી છે એમ જણાવ્યું. આથી આ વાયુ દક્ષિણ વાયુ છે તેમ કહ્યું. અથવા ભગવાનના સ્વરૂપમાં અર્પણ થયેલો અને મલયપર્વતનો સ્પર્શ હોવાથી તેમાં (વાયુમાં) શીતતાં અધિક છે. અથવા મલયમાં ઉત્પન્ન થયેલા ચંદનના સ્પર્શવાળો વાયુ વાય છે. આ ઉપરથી એવું સૂચવાયું છે કે તે જગ્યાએ રહેનાર સર્વને ભગવાન માટે ભાવ ઉત્પન્ન થશે. વાયુ સન્માન મળે તે રીતે વાય છે માટે તે વશ્ય બને છે. ગંધર્વ વગેરે ઉપદેવનાં ગણ પ્રભુની કીર્તિનું વર્ણન કરવા લાગ્યા. ગાન કરનાઓ ગાયક ઉપરાંત ભગવદીય હોવાથી તેમના વાદ્ય, ગીત તથા પૂજાનાં સાધનો અર્થાત્ તામસ, રાજસ અને સાત્ત્વિક પદાર્થો સહિત ભગવાન પાસે સમયાનુકૂલ કાર્યો કરવા લાગ્યાં.

**વિવેચન--** આ સમયે પાછાં યશોદાજી ગોપીજન ભેગાં આવીને પોતાના પુત્ર વિષેની હકિકત સાંભળવા બેસે છે; તે વખતે એક ગોપી આ પ્રમાણે વર્ણન કરે છે. ''હે યશોદાજી ! તમે તમારા પુત્રની હકિકત સાંભળવા આવ્યાં છો ? હમણાં અમારી એક સખીએ તમારા પુત્રનું કેટલું માહાત્મ્ય છે તે કહી બતલાવ્યું હતું. ઇંદ્ર, બ્રહ્મા તથા શિવ જેવા નાદશાસ્ત્રના જ્ઞાતા પણ તમારા પુત્રની તારીફ કરતા હતા, તે તમને કહેવાયું છે જ. ખરેખર તમારા પુત્રની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે કારણ કે તેમણે આ જગતને પણ વેણુનાદથી વશ કરી લીધું છે. પોતે કુન્દપુષ્પની માળાઓ રૂપી જ અલંકારથી ભલભલાઓને પણ કૌતુક ઉત્પન્ન થાય એવો વેશ ધારણ કર્યો છે; અને ગોપ તથા ગાયોથી વીંટાઇને યમુનામાં તે નન્દના પુત્ર-નન્દના પુત્ર હોવાથી સર્વને આનંદ આપનાર છે. તેથી આનંદનું દાન કરવાને માટે - હે યશોદા ! તમારા પુત્રે ત્યાં વિહાર કર્યો. પોતે ગોપોની સાથે જલક્રીડા કરી અને તે રીતે તેમની સાથે વિહાર કરીને તેમને આનન્દ આપ્યો તેમજ ગાયો તેમને અત્યન્ત પ્રિય હોવાથી તે ગાયોને આનંદ-સુખ આપવાનો યમુનાજીના શીતળ

જળમાં તેમને સ્નાન કરાવ્યું. જળથી તેમના દેહ ઉપરના થાકને ઉતારી નાખ્યો અને તેથી તેમને પણ સુખ આપ્યું. પ્રભુ આનંદસ્વરૂપ હોવાથી સર્વેને સુખજ આપે છે. માટે અહિંઆં ગોપને તથા ગાયોને આ રીતે સુખ આપ્યું. હે યશોદાજી ! આ જે વૃત્તાન્ત કહું છું તે સત્ય છે, તેમાં અવિશ્વાસ કરશો નહિ તમે અઘ (પાપ) રહિત છો માટે આ તમને કહું છું. જેઓ અઘવાળાં (પાપવાળા) છે તેઓ તો આટલું પણ નહિ માની શકે. તેઓ તો કહેશે કે પ્રભુ તો વળી આવી રીતે ગાયોનું પ્રક્ષાલન ન કરે ? પણ એમાં કશું શંકા કરવા જેવું નથી. પ્રભુ પોતાના પ્રિયને માટે સર્વ કંઇ કરે છે જ. કારણ કે પોતે પ્રણયીને સુખ આપનાર છે. તે સમયે વાયુ પણ મન્દ મન્દ વાતો હતો. તે પોતાની મન્દતા, શીતળતા તથા સૌરભથી પ્રભુનું સન્માન કરતો હતો. અરે ખૂદ ગન્ધર્વ વગેરે ઉપદેવના ગણો પોતાનાં વાદ્યો, ગીત તથા બલિ લઇને પ્રભુનું અભિનંદન કરવાને માટે ત્યાં આગળ વિંટાઇ વળ્યાં. તેઓ ભગવાનની કીર્તિ ગાવા લાગ્યા. કારણ કે ભગવાન જે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યરૂપી ધર્મોવાળા હોવા છતાં પોતે ધર્મીરૂપ છે એટલું જ નહિ, પણ એમની શકિતઓ અચિન્ત્ય છે. પરાત્પર પરમોત્કૃષ્ટ તત્ત્વ પોતે છે. અને ગોપ તથા ગાયો પોતાના અંશભૂત જીવો છે. તો પણ પોતે અંશી છે તેથી તે સેવ્ય છે અને ગોપ તથા ગાયો અંશ હોવાથી પ્રભુની સેવા કરવાને પાત્ર છે; તો પણ પ્રભુએ તેમની સાથે વિહાર તથા પ્રક્ષાલનાદિ કાર્ય કર્યું. મોટા નાનાની સેવા કરે તેમાં પણ મોટાની કીર્તિ છે. માટે પ્રભુની આ કીર્તિનું ગાન કરવાને ગન્ધર્વો વગેરે ત્યાં આવ્યાં.

ગુણાતીત પ્રકીર્ણતા જણાવીને યુગલથી કેવલ ભગવાનનું ચરિત્ર કહે છે.

**वत्सलो व्रजगवां यदगध्रो वन्द्यमानचरणः पथि वृद्धैः ।**
**कृत्स्नगोधनमुपोह्य दिनान्ते गीतवेणुरनुगेडितकीर्ति : ।। २२ ।।**
**उत्सवं श्रमरुचापि दृशीनामुन्नयन्सुररजश्छुरितस्रक् ।**
**दित्सयैति सुहृदाशिष एष देवकीजठरभूरुडुराजः ।। २३ ।।**

**अन्वयार्थ--** વ્રજની ગાયો ઉપર વત્સલતા રાખનાર, ગોવર્ધન પર્વતને ધારણ કરનાર, વૃદ્ધ (જ્ઞાનીઓ) માર્ગમાં જેમના ચરણને વન્દન કરે છે તેવા પ્રભુ બધી ગાયો એકત્ર કરીને કાયંકાળે વેણુ વગાડે છે તે વખતે તેમના સેવકો (ગોપો) પ્રભુની કીર્તિ ગાય છે; અને ગાયોની ખરીઓની રજથી જેમની પુષ્પમાળા વ્યાપ્ત થઇ છે તેવા દેવકીના પુત્ર પ્રભુ શ્રમકત કાન્તિથી દૃષ્ટિને આનંદ, સુહૃદને આશિષ આપવાની ઇચ્છાથી ચંદ્રવત્ શોભાથી પધારે છે.

**સુબોધિનીજી--** ભગવાન જે ગાયોને ગોકુલમાં લઇ જાય છે તે કૃપાથી જ છે. જો એમ ન હોય તો એકાદ પણ લીલામાં ગાયો વ્યાપ્ત થઇ હોય તો તે યુકત જ થાય. (મોક્ષને જ મેળવે) ગોપિકાનું પણ તેમ બને. પછી પ્રભુ ભજનાનન્દના અનુભવ વડે કૃપાથી તેમ કરે છે. ભગવાન તે ભજનાનન્દના અનુભવ માટે જ તે પર્વતને ધારણ કરે છે. આ ભગવાનનું એ માહાત્મ્ય સર્વ જાણે છે. તે જણાવવાને કહે છે કે સર્વ વૃદ્ધ પુરુષો રસ્તામાં ભગવાનના ચરણમાં વંદન કરે છે. બહુ જાણનારાથી પ્રભુ સેવ્ય છે. તેથી અહિંઆં સર્વમાં નિપુણ વૃદ્ધો કહ્યા છે. દિવસનો અન્ત આવે છે ત્યારે તમામ ગાયોરૂપી ધનને પોતાની પાસે એકઠું કરે છે, પછીથી વનમાં તે વખતે રહેવું તે યોગ્ય નથી તેથી અન્ય લીલા કરવાની ઇચ્છાથી શ્રમનિવારણ માટે તથા વ્રજસ્થને પોતાનું આગમન જણાવવા ભગવાન વેણુનો નાદ કરે છે. આ નાદનું કાર્ય આગળ જણાવશે. કેવલ ગોપિકાઓ જ ભગવાનથી કૃતાર્થ છે એવું નથી, પણ ગાયો પણ કૃતાર્થ થાય છે. તેથી સેવકોએ ભગવાનની કીર્તિનું ગાન કર્યું છે. જેમ દિવસમાં ગોપિકાઓ ગાન કરે છે તેમ રાત્રિના કાલમાં ગોપ પણ ગાન કરે છે. જો એમ ન હોય તો તેમનો પણ નિરોધ બને નહિ. આ ભગવાન પોતે જ પોતાનું કાર્ય જાણે છે અને તે પ્રમાણે કરે છે. શ્રમયુકત કાન્તિથી વ્રજસ્થજનની દષ્ટિને આનંદ આપી, ઇષ્ટફળ આપવાની ઇચ્છાથી ત્યાં આવે છે ભગવાનની કાન્તિ શ્રમયુકત છે. જો ભગવાનને શ્રમ નથી એવું કબૂલ કરીએ તો શ્રમનું માત્ર કે અહિંઆં પ્રદર્શન છે શ્રમ નથી. ભકતો ધ્યાન વગેરેથી ભગવાનનું ધારણ કરે છે તેથી ભગવાન પોતે પોષક હોવા છતાં ભકતનું પોષણ કરે છે. આ રીતે ક્રીડા કરનાર દેવ પોતે અનેક રીતે પ્રવિષ્ટ થાય છે જયારે ભાર ધારણ કરવાને પોતે શ્રમયુકત થાય છે ત્યારે તે ભારનું સ્થાપન કરીને પોતે તિરોહિત થાય છે, ''એ શ્રુતિથી ભગવાન સર્વ વિરુદ્ધ ધર્મોના આશ્રય હોવાથી શ્રમ છે. જો આ શ્રમયુકત કાન્તિ નાયકમાં હોય તો તે સ્ત્રીઓને હિતકારી નથી, તોપણ તે કાન્તિ અમને તો હિતકારી થઈ છે એમ કહેવામાં આવે છે; કારણ કે ભગવાન શ્રાન્ત ન હોય તો જલ્દી ગમન કરે છે અને તેમ થવાથી દષ્ટિ પરમાનંદનો વિસ્તાર કરે નહિ. સંધાતમાં દષ્ટિનો જે આનંદ છે તેની સરખામણીએ ભગવાન અધિક આનંદ આપવા લાગ્યા. ભગવાનની કીર્તિ સર્વ પુરુષાર્થને માટે છે. તેનો પ્રકાર જણાવતી વખતે શ્રમ જણાવવામાં આવે છે. પ્રભુની માળા ગાયોની ખરીઓના રજથી વ્યાપેલી હતી. વાયુથી જે રેણુ ઉડે છે તે સ્થિર નથી તેમ નિયમિત પણ નથી. ખરીઓથી ઉત્પન્ન થએલી રજ પણ તેવા પ્રકારની છે. અહિંઆં મૂળમાં ''ખુર'' શબ્દ છે. ગાય શબ્દ નથી, છતાં પણ અહિંઆં ગાયનો વિષય હોવાથી

ગાયનું ગ્રહણ કર્યું છે. ગાય ધર્મરૂપ છે, રજ અર્થ છે, અને વ્યાપ્તિ તે કામરૂપ છે. આગમનનું કાર્ય જણાવે છે. બધાં સંબંધીઓને સર્વ આશિષો આપવી જોઇએ; માટે ગોપીજનદ્વારા સર્વમાં તે આનંદ પ્રવેશ પામે છે. આ પ્રકાર જણાવીને ગોપિકાઓ કહે છે કેમકે પોતાની લીલા વિષે પ્રકટ થયેલા ભગવાન પોતે જ ઉડુરાજ થાય છે. ઉદયાદ્રિને વિષે પ્રકટ થયેલો ચંદ્ર જેમ નક્ષત્રનો પતિ થાય છે તેમ ભગવાન દેવકીને વિષે પ્રકટ થયા છે, તો પણ સુખ તો અમને જ છે. આ સર્વ કાર્ય પ્રસ્તુત હોવાથી વેણુનાદથી તે સાધ્ય છે એમ સમજવું.

**વિવેચન** -- આ યુગલથી ભગવાનના ચરિત્રનું વર્ણન કરવામાં ભગવાનના સ્વરૂપનું વર્ણન કરે છે. આ ભગવાન વનમાં અત્યારસુધી ગાયોને સુખ આપીને હવે ગોકુલમાં પાછા ફરે છે તે સમયે ગાયોને પોતે ગોષ્ઠમાં લઇ જાય છે; કારણ કે ગાયોને પણ ભજનનું દાન કરવાની પ્રભુની ઇચ્છા છે. નહિ તો ગાયો એ નાદથી વશ થઇને ગતિ કરી શકે જ નહિ, છતાં પણ પ્રભુની કૃપાથી ગાયોની ગતિ સંભવે છે. માટે પ્રભુ ગાયોની ઉપર વત્સલતા રાખનાર છે. જેમ પોતે ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો તેમ અહિંઆં ભજનાનન્દનું દાન કરવાની ઇચ્છા ધરાવે છે. ગોવર્ધન ધારણ કરતી વખતે પણ ગોપ તથા ગાયો ઉપર પ્રભુને કૃપા કરવી હતી. તે કૃપા કરીને પોતાના માહાત્મ્યનું જ્ઞાન કરાવ્યું. તેમ અહિંઆં પણ ગાયોને અત્યાર સુધી વેણુનાદની લીલા કર્યા પછી પાછી ગોકુલમાં આણી તેમાં પણ પોતાનું માહાત્મ્ય રહેલું છે. જો પ્રભુનું માહાત્મ્ય ન હોય તો પછી ગાયો એક જ લીલામાં વ્યાપૃત થવાથી મોક્ષને પામત લીલાનું અલ્પ પણ ફળ મોક્ષ હોય છે પણ મોક્ષનું ફળ તો બ્રહ્મજ્ઞાનીઓને માટે છે, જે પ્રભુની નિકટ રહે છે અને પ્રભુનો સાક્ષાત સંબંધ થયેલો છે. તેમને તો મોક્ષ કરતાં પણ અધિક ફળ હોવું જોઇએ. અર્થાત્ ભજનાનંદ તે મોક્ષ કરતાં અધિક ફળ છે. માટે તે ફળ આપવાની ઇચ્છાથી પ્રભુ તેમને પાછા ગોકુળમાં લાવ્યાં. જેમ વેણુનાદ વગેરે લીલા તે પણ પ્રમેય અનુસાર કરે છે તેમ આ લીલાઓ પણ પ્રમેય અનુસાર કરે છે. પ્રભુના એ માહાત્મ્યને વૃદ્ધો જ્ઞાનીઓ જાણીને જયારે પ્રભુ ગમન કરે છે ત્યારે તેમની પ્રશંસા કરે છે. પ્રભુના ચરણ કમળમાં તે તેમના શિર ઝુકાવે છે. આ રીતે તેમનાથી વંદન કરાતા પ્રભુ પોતાની સઘળી ગાયોને એકઠી કરીને સાયંકાળનો સમય થાય છે ત્યારે વ્રજમાંથી ગોકુળ તરફ પાછા પધારે છે. પાછા પધારવાનું કારણ એ છે કે દિવસે અત્યાર સુધી તેમણે ગોપ વગેરે સાથે લીલા કરી તો રજનિ થતાં તે લીલા બીજાઓ સાથે કરવી જોઇએ, અર્થાત્ અન્ય લીલા કરવાને માટે અગર દિવસમાં જુદી જુદી લીલાઓ કરતાં જે પરિશ્રમ પડયો છે તેને દૂર કરવાને પોતે પાછા પધારે છે. પ્રભુ

સર્વ જીવોના નિરોધ સિદ્ધ કરે છે, હે ગોપીઓ ! જેમ દિવસે પોતે આપણને વિરહનો તાપ ઉત્પન્ન કરીને ગુણગાન દ્વારા નિરોધ સિદ્ધ કરાવે છે, અને રાત્રે પાછા આનંદ આપે છે તેમ ગોપોને પણ રાત્રે વિરહથી તાપ ઉત્પન્ન કરીને ગુણગાન દ્વારા નિરોધ સિદ્ધ કરાવે છે. પ્રભુ આનંદરૂપ હોવાથી વિરહતાપ ફલરૂપ છે-વિરહતાપ સિવાય એ આનંદ -ફલની પ્રાપ્તિ થતી નથી, અને તે પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નિરોધ સિદ્ધ થતો નથી. ભકિતમાર્ગની-પ્રેમભકિતની ચાવી નિરોધ છે. ફકત પ્રભુના ઉપર જેમને પ્રેમ હોય છે તેજ એ નિરોધનું સ્વરૂપ સમજી શકે છે. માટે તે ગોપ વગેરેને પણ નિરોધ સિદ્ધ કરાવવાને પ્રભુ પોતે સાયંકાલનો સમય થતાં ગોકુલમાં પાછા પધારે છે. તે વખતે પ્રભુના કંઠમાં નાખેલી માલા પણ ગાયોની ખરીઓની રજથી ઢંકાઇ ગયેલી હોય છે, અને તેથી પોતાને શ્રમ થયેલો હોય એમ જણાય છે. જો પ્રભુની કાન્તિમાં શ્રમનાં ચિન્હ જણાય તો તે આપણે માટે હિતકર્તા નથી, તોપણ પ્રભુને શ્રમ થાય છે તે આપણા સારા માટે છે, કારણ કે જો શ્રમ ન થાય તો પછી પ્રભુ કદી પણ વ્રજમાંથી પાછા ફરે જ નહિ. અને જો પાછા ન ફરે તો આપણી સાથે જે લીલા કરવાની છે તે પણ કરે નહિ. માટે અહિંઆં પ્રભુને શ્રમ થાય છે તે પણ આપણા હિત માટે છે. એમની શ્રમયુકત કાન્તિથી આપણી દૃષ્ટિને આનંદ (ઉત્સવ તથા આશિષ) આપવાની ઇચ્છાથી દેવકીના જઠરમાં ઉત્પન્ન થયેલા પ્રભુ ચંદ્રની માફક આપણાં હૃદયને શાન્ત કરે છે. દેવકીના દુઃખને સહન નહિ કરવાથી તેમની તપશ્ચર્યાના ફળ તરીકે પ્રભુ પ્રકટ થયા હતા. તેમ આપણા વિરહનું દુઃખ ઘણું જ તીવ્ર છે માટે વધારે વિલંબ કરવો એ ઠીક નથી એમ જાણીને જ પોતે એકદમ પાછા પધારે છે; અને તે રીતે આપણને આનંદના સમાચાર આપે છે. વળી જેમ ચંદ્ર સર્વના તાપને દૂર રહ્યાં રહ્યાં નિવૃત્ત કરે છે. પણ તે નક્ષત્રોનો પતિ હોવાથી તેમની પાસે રહે છે, તેજ પ્રમાણે આ પ્રભુ બીજા બધાના તાપની નિવૃત્તિ દૂર રહીને કરે છે, પણ પતિ તરીકે તો આપણી પાસે રહે છે. વળી જેમ ચંદ્ર નક્ષત્રોની મધ્યમાં શોભે છે તથા બીજાનાં તાપને દૂર કરે છે તેમ પ્રભુ પણ આપણા મંડળમાં સ્થિત રહીને કરે છે.

સાધારણ લીલા કહીને ગોપિકાઓમાં જે વેણુથી કરેલી લીલા કહે છે.

**मदविघूर्णितलोचन ईषन्मानदः स्वसुहृदां वनमाली ।**
**वदरपाण्डुवदनो मृदुगण्डं मण्डयन्कनककुण्डललक्ष्म्या ।। २४ ।।**
**यदुपतिर्द्विरदराजविहारो यामिनीपतिरिवैष दिनान्ते ।**
**भुदितवक्त्र उपयाति दुरन्तं मोचयन्व्रजगवां दिनतापम् ।। २५ ।।**

**अन्वयार्थ--** મદથી જેનાં લોચન વિઘૂર્ણિત થયાં છે, જે પોતાનાં સુહૃદોને કંઇક માન આપનાર છે, જેમણે વનમાલા ધારણ કરી છે, જેમનું વદન બોરના જેવું અર્ધ રકત છે, જેમના કનકકુણ્ડલની શોભા કોમળ ગાલને શોભિત કરે છે, જે યદુઓના પતિ છે, જે મોટા હાથીની માફક વિહાર કરનાર છે, અને ચંદ્રના જેવા છે એવા પ્રભુ સાયંકાલ થતાં વ્રજ તથા ગાયોના દિવસના તાપને મુકત કરતા, આનંદિત વદનથી સમીપ આવે છે.

**सुबोधिनीजी--** આનંદયુકત મુખવાળા યદુપતિ પાસે આવે છે. અહિંઆં પણ પ્રથમનો વેણુનાદ સમજવો. પ્રથમ દશ લીલા જણાવી છે. તે સર્વ અમારે માટે હોવાથી ભગવાનની લીલા પણ દશ પ્રકારે વર્ણવી છે. એકજ ભગવાન ઉભય સ્થાનમાં છે. દરેક સ્થાનમાં વેણુનાદમાં રજોગુણ મુખ્ય છે. તે અમારે માટે ફલિત છે એમ તેઓ કહે છે. તેમનાં લોચન મદવડે વિઘૂર્ણિત છે. અહિંઆં સ્વાનંદની સ્થિતિથી પૂર્ણ અવબોધ જ્ઞાન એ મદ છે. તે જ્ઞાનમાર્ગમાં છે તે પ્રકટ કરવાને સર્વ કરવાને લોચનને વિઘૂર્ણિત કહ્યાં છે. સ્વરૂપની સ્થિતિ માટે ભગવન્નિષ્ઠ આ ધર્મ નિરૂપિત તેવા છે છતાં ત્રણે સ્વ સુહૃદોને કંઇક માન આપે છે, અથવા જ્ઞાનને પ્રકટ કરીને માનનું છે. ત્રણે અર્થમાં માન થોડું છે. શંકા-ભગવાન તો પૂર્ણ છે તો પછી તેમના વિષે એમ કહેવામાં

ઉત્તર-પોતાના સુહૃદજનને ભગવાન માન આપે છે. મોટાઓએ પણ સુહૃદનું કાર્ય કરવું જોઇએ. ભગવાન પોતાની કીર્તિવાળી વનમાલા પ્રકટ કરીને સાધારણ કાર્ય કરે છે. બદરના ફળ જેવું પાંડુ છે. તે ફળ ક્ષણે ક્ષણે ધર્મવડે કાન્તિને અસદશ બનાવે છે. પકવ થતા તેઓનો વર્ણ પણ પાંડુ (ફિક્કો) બને છે. પછીથી તેની કાન્તિ લાલ બને છે. કાન્તિ પણ આ સમયે અર્ધ રકત હતી અને આગળ અત્યંત રકત થશે. ભગવાન અલ્પ માન હોવાથી તેમનું વિશેષ સાધન કીર્તિ છે માટે મધ્યમાં બીજું વિશેષણ વનમાલી મુકવામાં અથવા અહિં પાંડુ શબ્દ વડે ચોગરદમ રકત ગુણ હોય છે અને તેથી મુખને વિષે પાન લક્ષિત થાય છે. વનવાસીને એ ઉપભોગ્ય હોવાથી વનમાં જઇને તેનો ઉપભોગ કરવો એમ સર્વ જણાવે છે. સોનાના કુંડળની શોભાથી કોમલ ગાયને ભગવાન શોભાવે છે. ઉગવાથી ભગવાન આનંદનું નિધાન છે તેટલા માટે મૃદુતા જણાવી છે. ગાલને વિષે જ રસ સમાપ્ત

ગંડનો બીજો વર્ણ મૂળમાં 'કનક' પદથી જણાવ્યો છે. ભગવાન ઉત્કૃષ્ટ પરમાનંદ અમારે માટે કામરસને જ ઉત્પન્ન કરે છે. તેટલા માટે જ નક્કી ભગવાન વનમાંથી આવે ભગવાન મહાન છે તો પણ બાળક છે તેથી અસાધારણ લીલા શી રીતે કરશે ? ઉત્તર-તે પતિ છે. તે ઘણી સ્ત્રીઓવાળા છે. અમર્યાદા

માટે બીજું વિશેષણ છે. મહાસુરતમાં મોટા ગજ વિહારવાળા છે. તેમના વગર વિહારની પૂર્તિ નથી એમ જણાવ્યું તેની સરખામણીએ તાપ દૂર કરશે. વળી સંપૂર્ણ રાત્રિના આ પતિ છે. માટે તેમાં આવેલાને ખાસ કરીને શંકા-ભગવાન દિવસના પણ પતિ છે તો શા માટે રાત્રિના પતિ જ કહો છો ? ઉત્તર-કારરૂપ હોવાથી ત્યાં સ્થિતિ કરે છે. હમણાં તો શ્રાન્ત જેવા છે. દિવસના પતિ ચંદ્ર માફક દૂરથી જ તાપનો હમણાં નાશ કરનાર છે. આગળ તો રાત્રિના પતિની માફક આ અર્થ જણાવે છે એવું લક્ષિત થાય છે. માટે આનંદિત મુખથી સમીપ આવે છે. આ ભાવ તેમને જ હિત કર્તા છે. માટે પ્રથમ સાધારણતા જણાવી છે. અન્તમાં ફરીથી કહે છે. સંપૂર્ણ ગાયોને જે તાપ છે તે સઘળાને છોડાવે છે.

**વિવેચન** -- હવે પ્રભુ જયારે ગોકુલમાં પધાર્યા તે વખતે તેમના સ્વરૂપનું વર્ણન એક ગોપી કરી બતાવે છે. [હે સખીઓ ! આ આપણા પ્રભુ જેમને માટે આપણે અત્યાર સુધી આખો દિવસ ઝંખી રહ્યાં હતાં, તે હવે પધાર્યા છે. જો તમારે દર્શન કરવા હોય તો આવો આપણે અહીં રહ્યાં રહ્યાં એમનાં દર્શન કરીએ. જુઓ તો ખરા ! પ્રભુ કેવી ગતિ કરતાં આવે છે. તેમનાં નેત્રો મદથી વિઘૂર્ણિત થાય છે. સ્વાનન્દની સ્થિતિના પૂર્ણાવ બોધનું તે સૂચન કરે છે, તે પણ મદ તો જ્ઞાન માર્ગમાં જ પ્રકટ કરવો જોઈએ, પણ આપણે તેમના ભકતોને માટે નથી. માટે સર્વ વિષયોની વ્યાવૃત્તિ કરવાને માટે તે લોચનને વિઘૂર્ણિત કરે છે; વળી આપણું માન કરવાને ઉદ્દીપ્ત રસ ભાવનું કંઈક પ્રાકટ્ય કરે છે, અર્થાત્ હવે તે આપણાથી ગમ્ય થશે; માટે આપણે કોઈ જાતની ચિંતા કરવી નહિ. આપણા વિરહતાપની શાંતિનો સમય હવે નજીક છે; અથવા તો હવે તે આપણા અભિમાનનું ખંડન કરશે. રસલીલામાં આપણા માન ઉતારશે. પ્રભુ પોતાના સંબંધીઓનો હંમેશા સત્કાર જ કરે છે, તેમાં ખાસ કરીને જેમના તરફ સુંદર ભાવવાળું હૃદય છે, તેમનો તે સત્કાર કરે જ. તેમનો તો તે ચાહે જ. કારણકે આ રીતે પોતાના સખા અગર સંબંધીઓનો સત્કાર કરવામાં પ્રભુની ખરી કીર્તિ છે તે જણાવવાને કહે છે, હે સખીઓ ! જુઓ તો ખરાં, તેમણે વનમાલા પણ ધારણ કરી છે. પણ પ્રભુનું મુખારવિન્દ પાંડુઅર્ધ રકત કે લાગતું હશે ? હોં, હાં મને તેનું કારણ સમજાયું. જુઓ સાંભળો ! આ આપણા પ્રભુનું મુખારવિન્દ એ બદર (બોરના) ફળ જેવું છે. તે બોર એ એક જાતનું ફળ છે તેમ પ્રભુનુ મુખારવિન્દ એ ફળરૂપ છે. ચરણની ભકિત કરતાં મુખારવિંદની ભકિત અધિક ફલદાયિની ભકિતમાર્ગમાં મનાય છે, કારણકે ચરણારવિંદની ભકિત એ હાસ્ય ભકિત જ છે, પણ મુખારવિંદની ભકિત એ પ્રેમભકિત છે. ભકિતમાર્ગનાં બે ફળ

છે. હાસ્ય ભકિત એ એક ફળ, અને મુખારવિંદ ભકિત તે બીજું ફળ. પ્રથમની સરખામણીએ બીજું અધિકતર છે. પહેલાંનું નામ સ્વરૂપાસક્તિ છે. વળી, જેમ બદર (બોર) વનમાં ઉપભોગ્ય બને છે તેમ પ્રભુનું મુખ પણ તેવું છે; અર્થાત્ મુખ દ્વારા પ્રભુ પણ ઉપભોગ્ય છે. ભોગ કર્યા સિવાય બદરના ફળમાં રહેલા રસની ખબર પડતી નથી. તેમ પ્રભુની બાબતમાં પણ રસનો આસ્વાદ કરવા માટે તેમના મુખારવિંદની ભકિત કરવી જોઈએ. પ્રભુના કોટિકંદર્પના લાવણ્યને પણ આંજી નાખે તેવા મુખના સૌંદર્યનું નેત્રોથી પાન કરવું જોઈએ. પણ જ્યાં સુધી પ્રભુ પોતે સંયોગ સ્થિતિમાં તે રસનું દાન કરે નહિ ત્યાં સુધી તે રસની આસ્વાદ્યતા યથાર્થ સમજી શકાય નહિ. માટે તે સૂચવવાને પ્રભુનું બદરવત્ મુખારવિંદ પણ પાંડુ જણાય છે. હે સખીઓ ! પેલા કનકના કુંડળો પણ શ્રી મુખની શોભાને કેવા વધારી રહ્યાં છે. તેમની શોભા પણ પ્રભુના મૃદુગંડ પર કેવી દીપી ઉઠી છે. ગંડ એ સાધ્યરૂપ ભકિત છે. (જુઓ ૧૦-૩૦-૧૩) અને કુંડલ એ પ્રભુની જ્ઞાન શકિત છે. અર્થાત્ પ્રભુના કનકના અતિ કુંડળની શોભા અતિ શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ ફલરૂપ સાધ્ય ભકિતને (ગંડને મૃદુ કહ્યા છે, અર્થાત્ કોમળ પ્રેમ ભાવવાળી ભકિતને) મંડિત કરી રહ્યો છે. પોતાના જ્ઞાનનો પ્રકાશ ફેંકતા અને પ્રેમ ભાવની મૃદુતા પાથરતા પ્રભુ પધારે છે. પોતે યદુઓના પતિ છે. યદુઓ બહુ સ્ત્રીઓવાળા હોય છે. પ્રભુ પોતાના પણ પતિ હોવાથી તેમને અનેક સ્ત્રીઓ હોય છતાં તેઓ અનેક નાયિકાઓનું રસનું દાન કરવાને સમર્થ છે. જેમ ગજ અનેક હાથિણીઓની સાથે વિહાર કરે છે. તેમ પ્રભુ કરી શકે એમ છે. વળી તે યામિની (રાત્રિના) પતિ છે. અર્થાત્ ચંદ્ર જેમ શીતળતા આપે છે તેમ તે પણ આપણા હૃદયના તાપ શાંત કરે છે. પોતે આપણા તાપનું નિવારણ કરવાને પધારે છે. અર્થાત્ આપણને રસનો આસ્વાદ કરાવી પોતે પણ રસનો આસ્વાદ લેવાની ઈચ્છા રાખે છે; માટે તેમના મુખ પર મોદ (આનંદ) છવાઈ રહ્યો છે. હે સખીઓ ! હવે આપણા પ્રભુ પધાર્યા છે. માટે આપણે ચિંતા છોડવી જોઈએ.

### રાગ - પૂરબી

૧

નાચત ગાવત બનતે આવત લાલે ટિપારૌ સિઅ રહ્યો ફબિ,
ધનતન વસન દામિની માનોં કુંડલ કિરન નિરખ મોહે રવિ,
હિત હરિવંશ ઔર શોભા નિધિ ગૌરજ મંડિત અલકનકી છબિ,
શ્યામદાસ સરસ્વતી સંકુચ રહી યા બાનક વર્ણનકોકો કવિ,

૨

ધરે ટેઢી પાગ ટેઢી ચંદ્રિકા ટેઢે ત્રિભંગીલાલ.
કુંડલ કિરણ માનો કોટિ રવિ ઉદે હોત ઉર રાજત વનમાલ,
સાંમરે વરણ પીતાંબર ઓઢે બજાવત મુરલી મધુર રસાલ,
નંદદાસ પ્રભુ વન તે બનઠન આવત સંગ લિયે વ્રજલાલ.

આ રીતે નિરોધનું નિરૂપણ કરીને, સ્ત્રીઓના નિરોધનો ઉપસંહાર કરતાં પ્રકરણસ્થ સર્વના નિરોધનો તેમના દ્વારા ઉપસંહાર કરે છે.

## मूलम्

**श्रीशुक उवाच-**

**एवं व्रजस्त्रियो राजन् कृष्णलीलानुगायतीः ।**
**रेमिरेडहःसु तच्चित्तास्तन्मनस्का महोदयाः ।। २६ ।।**

**अन्वयार्थ** - હે રાજા ! આ પ્રમાણે મહાભાગ્યશાળી વ્રજની સ્ત્રીઓએ કૃષ્ણની લીલા ગાતાં ગાતાં દિવસે પ્રભુમાં ચિત્ત તથા મન પરોવીને રમણ કર્યુ.

**श्रीसुवोधिनी---** રાજન્ સંબોધન વિશ્વાસને માટે છે. વ્રજમાં આવેલાં પણ સ્ત્રીઓ આ પ્રકારે દિવસોમાં ભગવાન સાથેની સંબંધરહિત દશામાં પણ કૃષ્ણની લીલા જ અનુક્રમે બહુકાલની અનુવૃત્તિ માટે અનુક્રમથી ગાતાં ગાતાં રમણ કરવા લાગ્યાં. આપોઆપ આનંદરૂપ કીર્તિ તેમના પ્રતિ થઈ; માટે તેમના ક્રિયાશકિત તથા જ્ઞાશકિત ભગવાનમાં જ નિષ્ઠ થઈ એમ કહે છે. ચિત્ત એ જ્ઞાનપ્રધાન છે અને મન કર્મ પ્રધાન છે. આ રીતે સર્વ પ્રકારે પ્રપંચની વિસ્મૃતિ તથા ભગવાનની આસકિત જણાવી.

**શંકા** - આ પ્રકારે કેવી રીતે તેમનો વિરહ ફલિત થયો ? ત્યાં ઉપપત્તિ કહે છે. તેમના ભાગ્યનો રાશિ મહાન્ હતો. માટે સઘળું બરાબર છે.

**विवेचन --** આ યુગલ ગીતનો વિષય નિરોધ છે. તે નિરોધની સિદ્ધિ પ્રભુના અનુગ્રહથી થઈ શકે છે, તેમાં જ્ઞાનનો ગર્વ બાધક છે. સર્વ સત્ત્વો તે નિરોધનો પાત્ર છે. માટે પ્રભુએ અનુગ્રહથી વેણુનાદરૂપી પ્રમેયલીલાના દાનથી પશુ, પક્ષીઓ, દેવાંગના તેમજ વૃક્ષાદિ સ્થાવર સત્ત્વો, તથા ગોપો વગેરેની ઈન્દ્રિયોને પ્રભુ વિષયક કરી. અને તે રીતે તેમને નિરોધ સિદ્ધ કર્યો, અને તેમના દ્વારા પ્રભુના વિયોગથી તાપનો અનુભવ કરનાર ગોપીઓને પણ નિરોધ સિદ્ધ કરાવ્યો. પ્રભુના વિયોગમાં ગુણ ગાન એ જ વિરહના ઝખમને રુઝાવી ન કરી શકે. ગોપીઓ-નિર્ગુણ

ભકતોને આ દરદ હતું. તેનું નિવારણ કરવાનો ઉપાય પ્રભુના ગુણગાનથી કર્યો. ગુણગાન જ હૃદયને એ સ્થિતિમાં ધારણ કરાવી શકે છે. તે સિવાય જીવન પણ અસંભવિત બને છે.

આ ઉપદેશ શુકદેવજી પરીક્ષિતને કહી બતલાવે છે. તેને કહે છે કે હે રાજા તું આમાં અવિશ્વાસ ન કરીશ. પ્રથમ રાસલીલાના શ્રવણમાં જેવો તે અવિશ્વાસ દેખાડ્યો હતો તેવો અહિંયા દેખાડીશ નહિ. નહિ તો તને શ્રવણનું ફળ મળશે નહિ. માટે સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક આ વૃત્તાંત શ્રવણ કરજે. વિશ્વાસ માટે તેને ''રાજન્'' એવા શબ્દથી સંબોધે છે. આ વ્રજની સ્ત્રીઓ આ રીતે ગુણગાન કરતાં હતાં. તે ગુણગાન તેમણે વિરહની દશામાં કરેલું છે. તે વખતે પણ પ્રભુની લીલાના ગુણગાન કરવા જોઈએ; નહિ તો સ્નેહભાવની વૃદ્ધિ થાય નહિ, માટે તેમણે આ રીતે ગુણગાન કર્યુ હતું. અને તે રીતે તેમણે આનંદરૂપ કીર્તિ સંપાદન કરી. આનંદરૂપને પાછું પ્રાપ્ત કર્યુ. અર્થાત્ વિસ્મૃત આનંદરૂપને પાછું પ્રાપ્ત કર્યું, અને તેથી બ્રહ્મભાવને પુનઃ પ્રાપ્ત કર્યો. અત્યાર સુધી જીવભાવને લીધે આનંદનું તિરોધાન હતું. તેને બદલે તે આનંદ પ્રકટ થતાં, પુનઃ બ્રહ્મની સાથે પોતાનો સંબંધ ઓળખ્યો. પ્રભુ અંશી છે અને પોતે અંશ છે તે સંબંધ જાણ્યો અને એ જાણીને તે આનંદ મેળવ્યો. તેમની ક્રિયાશકિત તથા જ્ઞાનશકિત પ્રભુમાં નિષ્ઠ બની. ચિત્ત જ્ઞાન પ્રધાન હોવાથી તેમનું ચિત્ત પ્રભુમાં જ પરોવાયું. તેમજ મન કર્મ પ્રધાન હોવાથી, તે પણ પ્રભુમાં જ ગુંથાયા અર્થાત્ ચિત્ત તથા મનથી પ્રભુને જ વિષય બનાવ્યો, અને તદનુસાર જ્ઞાન તથા ક્રિયાના વ્યાપારો કરવા માંડ્યા. ચિત્ત દુનિયાના બીજા કોઈપણ પદાર્થોમાં ચોંટ્યું નહિ. પણ પ્રભુના જ જ્ઞાનમાં જ તેમનું સ્વરૂપ આનંદમય છે એવો નિર્ધાર કરવામાં જ ચોટ્યું. મન પણ બીજી કોઈપણ ક્રિયા હવે કરવા ન લાગ્યું. કેવલ પ્રભુની સેવા ઈત્યાદિમાં જ રોકાયું. આમ કરવાથી પોતાના આનંદસ્વરૂપને પાછું મેળવ્યું. શ્રુતિમાં तत्त्वमसि श्वेतकेतो એ વાક્યથી જણાવેલો બ્રહ્મભાવ આત્મા અને પરમાત્માનો સંબંધ પ્રાપ્ત કર્યો. ટૂંકમાં પ્રપંચને ભૂલી ગયાં અને ભગવાન તરફ આસકિતવાળાં થયાં. ખરેખર તે ગોપીજનનું ભાગ્ય બહુ જ મહોટું હતું. માટે આ ફલની સિદ્ધિ તેમને સત્વર થઈ. હે રાજા, આ ગોપીજનનું એવું પરમ ભાગ્ય હતું કે તેમની પ્રશંસા કરવાને પણ હું સમર્થ નથી. મારા જેવા જન્મથી જ સંન્યાસનું ગ્રહણ કરનાર પણ તેમની (ગોપીઓની) પ્રેમભકિત આગળ નમી પડે છે તો તે ઉપરથી સમજવું કે ખરેખર તે મારા કરતાં પણ પરમ સંન્યાસિનીઓ છે. માટે હે રાજા ! તું અન્ય સર્વ સાધનોનો ત્યાગ કરીને તેમની પ્રેમભકિતને માર્ગે જા.

# શ્રી મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં, નયનં મધુરં, હસિતં મધુરમ્,
હૃદયં મધુરં ગમનં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્. ॥૧॥
વચનં મધુરં ચરિતં મધુરં, વસનં મધુરં વલિત મધુરમ્,
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્. ॥૨॥
વેણુ-ર્મધુરો રેણુ-ર્મધુરઃ, પાણિ-ર્મધુર; પાદૌ મધુરૌ,
નૃત્યં મધુરં સખ્યં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્. ॥૩॥
ગીતં મધુરં પીતં મધુરં, ભુક્તં મધુરં સુપ્તં મધુરમ્.
રૂપં મધુરં તિલકં મધુરં, મધુરાધિપતે-રખિલ મધુરમ્. ॥૪॥
કરણં મધુરં તરણં મધુરં, હરણં મધુરં રમણં મધુરમ્,
વમિતં મધુરં શમિતં મધુરં, મધુરાધિપતે-રખિલ મધુરમ્. ॥૫॥
ગુંજા મધુરા માલા મધુરા, યમુના મધુરા વીચી મધુરા,
સલિલં મધુરં કમલં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્. ॥૬॥
ગોપી મધુરા લીલા મધુરા, યુક્તં મધુરં મુક્તં મધુરમ્,
દષ્ટં મધુરં શિષ્ટં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્. ॥૭॥
ગોપા મધુરા ગાવો મધુરા, યષ્ટિ-ર્મધુરા-સૃષ્ટિ-ર્મધુરા,
દલિતં મધુરં ફલિતં મધુરં, મધુરાધિપતે-રખિલં મધુરમ્. ॥૮॥